# બ્રહ્મસ્વરૂપ
# શ્રી પ્રમુખસ્વામી મહારાજ

ભાગ ૨





## આવરણ કથા

ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી અને વિશ્વવંદનીય સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવનસાગરનું આચમન કરાવતી ગ્રંથશ્રેણીનું આ દ્વિતીય આચમન-પુષ્પ છે. સન ૧૯૭૧ થી સન ૧૯૭૪ સુધીનાં તેમનાં જીવનવર્ષોનાં શ્રેયસ્કારી ચરિત્રોનું આ દ્વિતીય ભાગમાં અમૃતપાન કરાવવામાં આવ્યું છે.

સન ૧૯૭૧માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અંતર્ધાન થયા અને તેમના સ્થાને લાખો ભક્તોના ગુરુપદે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ બિરાજ્યા પછી થોડા જ સમયમાં ગોંડલમાં તેઓની એક સ્મૃતિછબિ લેવામાં આવી હતી.

સદા જ્ઞાનગંભીર રહેતા પ્રમુખસ્વામી મહારાજની ગુરુપદે આવ્યા પછીની આ પ્રથમ છબિનું અહીં મુખપૃષ્ઠ પર દર્શન થાય છે.

આ છબિમાં ૫૦ વર્ષીય પ્રમુખસ્વામી મહારાજની કરુણાસભર આંખો અને મર્માળું મંદ હાસ્ય તો નીરખી શકાય છે, પરંતુ ગુરુ શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી અટલાદરામાં ચૂનો પીસવાની સેવા કરવાથી તેમના શરીરે ગરમી નીકળી હતી - તેની સ્મૃતિ કરાવતી નાસિકાની લાલાશ પણ નીરખી શકાય છે, જે પ્રમુખસ્વામી મહારાજની ગુરુભક્તિની એક ગાથા સુણાવે છે.

આ દ્વિતીય ગ્રંથમાં સમાવાયેલાં પ્રમુખસ્વામી મહારાજનાં ચરિત્રો પણ તેઓની એ જ અવિચળ ગુરુભક્તિનું ગાન કરે છે.



# બ્રહ્મસ્વરૂપ

# શ્રી પ્રમુખસ્વામી મહારાજ

(વિસ્તૃત જીવનચરિત્ર : સન ૧૯૭૧ થી ૧૯૭૪)

પ્રકાશક

**સ્વામિનારાયણ અક્ષરપીઠ**

શાહીબાગ રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી

# બ્રહ્મસ્વરૂપ
# શ્રી પ્રમુખસ્વામી મહારાજ

(વિસ્તૃત જીવનચરિત્ર : સન ૧૯૭૧ થી ૧૯૭૪)

## ભાગ : ૨




લેખક

સાધુ આદર્શજીવનદાસ

**Brahmaswarup Pramukh Swami Maharaj, Part 2**

(Biography of Brahmaswarup Pramukh Swami Maharaj)

By Sadhu Adarshjivandas

**Inspired by:** HH Mahant Swami Maharaj

**Presented by:**
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

**Publishers:**
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

**1st Edition:**
Guru Purnima, July 2019

**Copies:** 30,000

**Copyright:** © SWAMINARAYAN AKSHARPITH

All rights reserved. No part of this book may be used or reproduced in any form or by any means without permission in writing from the publisher, except for brief Wluotations embodied in reviews and articles.

**ISBN:** 978-81-7526-921-7

**રજૂકર્તા :** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

**પ્રેરણામૂર્તિ :** પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

**કોપીરાઈટ :** © સ્વામિનારાયણ અક્ષરપીઠ

આ પુસ્તકના અંશો કોઈ પણ સ્વરૂપે રજૂ કરવા માટે પ્રકાશકની લેખિત પૂર્વ પરવાનગી મેળવવી અનિવાર્ય છે.

**પ્રથમ આવૃત્તિ :** ગુરુપૂર્ણિમા, જુલાઈ ૨૦૧૯

**પ્રત :** ૩૦,૦૦૦

**કિંમત :** રૂા. ૨૦૦-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત રૂા. ૨૫૦-૦૦માંથી ઘટાડેલી કિંમત)

**મુદ્રક અને પ્રકાશક :**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ**
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪

## પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના

# આશીર્વાદ[૧]

આ ગ્રંથ સુંદર રીતે લખાયો છે. આદર્શજીવન સ્વામીએ ખૂબ અંદર દિલ રેડ્યું છે. તમે વાંચશો તો ખાલી ભાષામાંય ન્યાલ થઈ જશો. ખરેખર, એમની મીઠી ભાષા અને અક્ષર-અક્ષર દિલથી લખ્યો છે, એટલે આ ગ્રંથ બધા વસાવશો. આ સામાન્ય નાનું પુસ્તક કે એવું નથી; આ ગ્રંથ છે. વચનામૃતનો જેમ આપણે કેટલો આદરભાવ રાખીએ છીએ! એટલે એવી રીતે આ ગ્રંથ છે. એટલો આદરભાવ રાખીએ. તમને જ્યારે સમય મળે ને અંદર ગમે એ પાનું ખોલશો તોય માલંમાલ થઈ જશો. સળંગ તો વાંચવાનું જ છે, પણ અમથા અમથા ખોલ્યું તોય ખૂબ માલ નીકળશે. આપણું ઘર છે તે અક્ષરધામ તુલ્ય બનાવશે તે ગેરંટી વાત છે; શંકા વિનાની વાત છે. આપણું ઘર ભર્યું ભર્યું દિવ્ય લાગશે. આ મોટી પ્રાપ્તિ થઈ છે.

આપણે ગ્રંથ ખાલી વસાવવો નહીં, ખાલી પધરાવવો નહીં, પણ વાંચવું. અભ્યાસ કરવો. સારી રીતે મનન-ચિંતન કરવું, તો તમે બ્રહ્મરૂપ થઈ જશો. મહિમા સહિત, આદરભાવ સહિત આ ગ્રંથનો ઉપયોગ કરીશું તો બ્રહ્મરૂપ થઈ જઈશું (એ) ચોક્કસ વાત છે. ગ્રંથનો એટલો પ્રતાપ છે!!

બાપા આખું જીવન આપણા માટે જીવ્યા છે. એમણે પોતાની એકપણ સેકન્ડ પોતાના માટે વાપરી નથી, જે દૈહિક ક્રિયા હોય તે પણ! તેમાંય કેટલાનું કલ્યાણ કરી નાખ્યું છે. સમગ્ર જીવન આપણા માટે જ જીવ્યા છે, એટલે એ રીતે આપણે મહિમા સમજી કરશું તો આપણે બ્રહ્મની સ્થિતિ આવશે.

જેને અનુકૂળતા હોય તેણે ગ્રંથ બીજાને આપવા. જેટલી આપણી અનુકૂળતા, શક્તિ હોય એ પ્રમાણે આપણે બીજાને આપવો તે મોટી સેવા થશે. એ રીતે ૫-૨૫-૫૦ જેટલી તમારી શક્તિ હોય તે પ્રમાણે રાખી મૂકવા ને બીજાને આપતાં રહેવું. (તા. ૨૦/૧૨/૨૦૧૮, મુંબઈ)

---

૧. આશીર્વાદનો આ ભાવાનુવાદ વીડિયોમાંથી સંકલિત કરાયો છે. મૂળ આશીર્વાદ સાંભળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

# પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી અને વિશ્વવંદનીય સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય જીવનની વિસ્તૃત ગાથા વર્ણવતી આ ગ્રંથશ્રેણી આપના હાથમાં મૂકતાં આનંદ અનુભવાય છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે જન્મજાત સાધુતાનું ગૌરીશિખર, જીવનભર અકિંચન રહી નિરંતરના પરિવ્રાજક ઓલિયા, પરાભક્તિ અને ગુરુ-ભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ, કરુણા અને પરહિતની અવિરત વહેતી ગંગા, બીજાના સુખ માટે જીવનની આહુતિ આપનાર, નિઃસ્વાર્થ ભાવનાની સાક્ષાત્ મૂર્તિ, સમત્વથી સૌ પર વરસતી સ્નેહની અનરાધાર વર્ષા અને ભારતીય સંસ્કૃતિના અજોડ જ્યોતિર્ધર. એમની ફોરમતી પવિત્રતામાં ભગવદ્‌ગીતાનું ગુણાતીતગાન ગુંજ્યા કરે. એમના સાન્નિધ્યમાં પરમાત્માની સુવાસ સહેજે મઘમઘે. કોઈ અધિકાર કે કંઈક હોવાનો કોઈ દાવો નહીં, કોઈ હક્ક કે માલિકીનો ભાવમાત્ર નહીં, ‘હું કંઈક છું કે હું કંઈક કરું છું’ એવા અસ્તિત્વની સભાનતા એમની નજીક પણ ફરકે નહીં. સદા સરળ. સદા સહજ. દંભ કે કોઈ દોર-દમામનો અંશમાત્ર નહીં. એક વિલક્ષણ અજોડ આર્ષદ્રષ્ટા અને અદ્વિતીય સર્જક-લોકસેવક હોવા છતાં અહંશૂન્યતાની જીવતી જાગતી પરાકાષ્ઠા. તેમના જીવનની પ્રત્યેક ક્ષણ ભગવાન સ્વામિનારાયણને ચરણે લોકહિત કે જનકલ્યાણ માટે સમર્પિત. શરીરની કોઈ ખેવના નહીં. હૃદય ઋજુતાથી અહોરાત્ર ધબકે, છતાં સહનશીલતાનો એમનાથી મોટો કોઈ પર્યાય નહીં. સૌમ્ય અને પ્રિય હિતકારી વાણી, પ્રેમ અને કરુણા વર્ષાવતી એમની નિર્મળ આંખો, રોમરોમમાં સદા પ્રફુલ્લિત એમની નમણી કાયા.

આ બધું આજે સાંભરે છે ત્યારે હૃદય ગદ્‌ગદ થઈ જાય છે. આ પૃથ્વી અને પૃથ્વી પર વસતા કરોડો લોકો સતત ૯૫ વર્ષ સુધી તેમના સાન્નિધ્યથી ધન્ય થતા રહ્યાં. આવા શબ્દાતીત-સમયાતીત-ગુણાતીત મહાપુરુષનું જીવનચરિત્ર શબ્દોમાં કંડારવું એનાથી મોટું કોઈ કપરું કામ નથી. આમ છતાં, આવનારી અનેક પેઢીઓને આ ગુણાતીત મહાપુરુષના દિવ્ય જીવનમાંથી સતત પ્રેરણા મળતી રહે તે માટે આ ગ્રંથશ્રેણી પ્રકાશિત કરતાં હર્ષ અનુભવાય છે.

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની રોજનીશી લખનાર સંતોએ લખેલાં હજારો પૃષ્ઠો, હજારો હરિભક્તો અને સંતો દ્વારા લખાયેલા સ્વાનુભવોનાં હજારો પૃષ્ઠો, સ્વામિનારાયણ પ્રકાશનાં સામયિક વર્ણનો તેમજ અન્ય અનેક દૃશ્ય-શ્રાવ્ય માધ્યમોમાંથી મળતી સામગ્રીનું સંકલન કરીને આ ગ્રંથ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામીએ કર્યું છે. એ વાતનો આનંદ છે કે વરિષ્ઠ સંતોના માર્ગદર્શન અને અન્ય સહાયક સંતોની મદદથી અનેક ભાગોમાં વહેંચાયેલું આ વિસ્તૃત જીવનચરિત્ર ખૂબ ઝડપથી આકાર લઈ રહ્યું છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી જ આ ગ્રંથ-શ્રેણીનું પ્રથમ પુષ્પ પ્રકાશિત થઈ રહ્યું છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ પર્વે આ ગ્રંથશ્રેણી તેમને સૌથી મોટું અર્ઘ્ય બની રહેશે.

આ ગ્રંથશ્રેણી માત્ર પ્રમુખસ્વામી મહારાજના જીવનની ઝાંખી નથી કરાવતી, પરંતુ ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સિદ્ધાંતો અને અક્ષરપુરુષોત્તમ દર્શન, સંપ્રદાયની અજોડ પરંપરા, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સુદીર્ઘ ઇતિહાસનું આચમન કરાવે છે. આ ગ્રંથશ્રેણી ભગવાન સ્વામિનારાયણ તેમજ ગુણાતીતાનંદ સ્વામીથી લઈને ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ પર્યંત વહેતી ગુણાતીત પરંપરાને એક વિનમ્ર ભાવાંજલિ છે. ભારતની વૈદિક ઋષિ-પરંપરાને એક ભાવવંદના છે. કારણ કે પ્રમુખસ્વામી મહારાજ એટલે એ બધાનો સાક્ષાત્ સરવાળો !!

આ ગ્રંથના સર્જનમાં ભક્તિપૂર્વક ખૂબ જહેમત લેનાર પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામી, વરિષ્ઠ સંતો, સ્વામિનારાયણ અક્ષરપીઠના સંચાલક સંતો અને કાર્યકરો સહિત સૌનો હૃદયપૂર્વક આભાર. એ સૌ પર ભગવાન સ્વામિનારાયણ અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની કૃપા નિરંતર વરસતી રહે એ જ અભ્યર્થના.

આવો, ભગવાન શ્રી સ્વામિનારાયણ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં ચરણે પ્રાર્થના કરીએ કે આ પરમ પવિત્ર જીવનગાથા યુગે યુગે સૌને પ્રમુખસ્વામી મહારાજના શાશ્વત અસ્તિત્વનો અનુભવ કરાવતી રહે.

– **સ્વામિનારાયણ અક્ષરપીઠ**

શરદ પૂર્ણિમા, સન ૨૦૧૮.

# અનુક્રમણિકા

**વિષય** | **પૃષ્ઠ**

**અમૃતધારા-૪ :**
**યોગી વિચરે છે નારાયણસ્વરૂપમાં**

- **સન ૧૯૭૧**


સરિતા સાગર બને છે ........ ૧
બાપા આપણી સાથે જ છે ........ ૨
એક રહેણી-કહેણી ........ ૩
પ્રમુખસ્વામી યોગીજીનું મુખ છે ........ ૩
અમદાવાદમાં અસ્થિ-વિસર્જન ........ ૪
પ્રેમનો પુરાવો ........ ૫
સ્તુતિના શાશ્વત સૂર ........ ૭
સન્માન કરતાં સત્સંગી અધિક ........ ૮
તમે સૌ હીરાનું ધ્યાન રાખશો ........ ૯
પ્રમુખસ્વામી મહારાજની જય ! ........ ૧૦
આદેશ ઝીલે તેને બાપા નજીક જ છે ........ ૧૧
યુવાહૈયાંનો ધબકાર ........ ૧૩
જીવનનું અભિન્ન અંગ ........ ૧૪
ઉત્સવોના ઉદ્ધારક ........ ૧૬
તારે વીંટ્યો સૂર્ય ! ........ ૧૭
મને થાય છે કે... ........ ૧૮
નવ જોઈ તેં નાત ને જાત રે ........ ૧૯
દરસ હિત તરસત હૈ મોરે નૈન ........ ૨૦
પ્રગટની પ્રતીતિનું પારાયણ ........ ૨૧
અધિવેશનનાં દર્શનથી અક્ષરધામ ........ ૨૨
પરોપકારનાં પ્રતીકો ........ ૨૩

વિશ્વવિક્રમી કાર્યનો શિલાન્યાસ ........ ૨૪
મારો પ્રત્યક્ષ અનુભવ ........ ૨૫
મહારાજ પધાર્યા ! ........ ૨૬
એક પધરામણીનો પ્રતાપ ........ ૨૭
વિલક્ષણ નિરીક્ષણ ........ ૨૮
આ કીર્તન બંધ કરો ........ ૨૯
કળિયુગમાં સત્‌યુગ ........ ૩૦
યૌવનના સુહૃદ ........ ૩૧
અંતરમાં શોભા થઈ એ મોટામાં મોટું ઈનામ ........ ૩૨
કલ્પજીવી કાર્યની પ્રસ્તાવના ........ ૩૩
કેરીના રસથી અધિક રસ ........ ૩૪
પ્રથમ શિખરબદ્ધ મંદિર ........ ૩૫
શ્રીગોવિંદ ઠાકુર તિહારો ચાકર ........ ૩૭
પૂર્ણ જ્ઞાની છતાં નિત્ય વિદ્યાર્થી ........ ૩૮
પાઠ્યપુસ્તકમાં શ્રીજીનું 'વચનામૃત' ........ ૩૮
બોચાસણમાં ઇતિહાસનું પુનરાવર્તન ........ ૩૯
મેઘવર્ષા પર પ્રેમવર્ષાનો વિજય ........ ૪૦
પ્રમુખસ્વામી મારું સ્વરૂપ છે ........ ૪૧
સ્પર્શે આતમદીપ ચેતે ........ ૪૨
યુવાશક્તિને આકર્ષતી સંતશક્તિ ........ ૪૪
પંડને પલટી નાંખો ........ ૪૫
ભાવગ્રાહી જનાર્દન ........ ૪૭
દેહબુદ્ધિ તજ કે ........ ૪૮
અસાધારણ આકર્ષણ ........ ૪૯
સાધુને આવાં સન્માન ન શોભે ........ ૫૧
જીવે હરિની મૂરતિ જોઈ ........ ૫૨
બેવડો લાભ કે બેવડો ભીડો ? ........ ૫૩
અતિ વિશાળ મન, અતિ ઉદાર દિલ ........ ૫૫
પડદો પાડી દીધો ........ ૫૬
બધે માથાં મારીએ તો રહી જઈએ ........ ૫૭
રવિસભાના 'સેલ્સમેન' ........ ૫૮

પુનિત સ્પર્શનો પ્રતાપ ........ ૬૦
ગુણાતીતની ગાદી કદી ખાલી ન પડે ........ ૬૧
નેતૃત્વનો નરવો-ગરવો નમૂનો ........ ૬૨
આગ્રહ રાખીશું તો સત્સંગ વધશે ........ ૬૪
મોજ અને મુક્તિ મફતમાં ........ ૬૫
પરિશ્રમના પારસમણિ ........ ૬૬
કાળજાના કાગળ પર હેતના હસ્તાક્ષર ........ ૬૮
સ્વામીશ્રીની દુનિયા ........ ૬૯
ક્રાંતદર્શી કદમ ........ ૭૧
અમર અધ્યાયનો આરંભ ........ ૭૩
નાણું મળે પણ ટાણું ન મળે ........ ૭૪
એ લાકડું ફેંકી દેજો ........ ૭૫
સેવાની સોનેરી સવાર ........ ૭૬
જાણે જન્મજયંતી ઊજવાઈ જ નથી ! ........ ૭૭
પીવત પ્રેમ પિયાલા ........ ૭૯
તેહી સમ ઔર ન કોઈ ........ ૭૯
ઉત્કંઠા, ઉલ્લાસ અને ઉજાશની ત્રિવેણી ........ ૮૧
સોળ સવારનું સરવૈયું ........ ૮૨

**અમૃતધારા-૫ :**
**પ્રમુખસ્વામીના પગલે પગલે**

- **સન ૧૯૭૨**

મેરુદંડ મુકાયો ........ ૮૫
પ્રથમ પુણ્યતિથિએ પ્રેરક અંજલિ ........ ૮૬
વૈદિક સંસ્કૃતિના પુરસ્કર્તા ........ ૮૮
જીવને સુખિયા કરવા એ ધ્યેય ........ ૯૦
અંત્યોદયનો આરંભ ........ ૯૧
જેમ પાળે જનની પુત્રને ........ ૯૨
જેટલો સંગઠનભાવ વધારે તેટલો વધારે વિકાસ ........ ૯૪
કૌતુકભરી કાર્યશૈલી ........ ૯૫
અતિ દીન સાથે જોડ્યો સનેહ ........ ૯૬

સત્યવચન દૃઢ નિયમ અભંગી.......................................૯૮
અંતર્યામી અમૃત આત્મા.......................................૯૯
નેતા અને જનેતા.......................................૧૦૦
એવું બીજું કોણ દયાળ.......................................૧૦૧
પ્રતિમા રોજ થાળ જમે છે.......................................૧૦૨
એ છોકરામાં હીર હતું.......................................૧૦૩
શ્રદ્ધાનું સાકાર સ્વરૂપ.......................................૧૦૪
કહેતાં આવે કેમ પાર રે.......................................૧૦૫
મધરાતનાં સામૈયાં.......................................૧૦૬
લોકોપકારક કથા-સંમેલનો.......................................૧૦૭
સમતા અને સામર્થ્યની સુવાસ.......................................૧૦૮
દર્શનથી દુઃખ દૂર જ થાશે.......................................૧૦૯
માનનીયના સન્માનનીય.......................................૧૧૦
જેનું સ્મરણ કરતાં સંકટ શમે.......................................૧૧૨
પ્રવર્તન પહેલાં પરિવર્તન.......................................૧૧૪
ખબર ન રહી !.......................................૧૧૫
ભીડાની ભઠ્ઠીમાં ફોરમતું ગુલાબ.......................................૧૧૬
છેક સુધી મૂકી જઈશું.......................................૧૧૭
આજે પણ નહીં, ભવિષ્યમાં પણ નહીં.......................................૧૧૮
સાચા સંત સગાં સહુ જનનાં.......................................૧૧૯
બદલપુરમાં પ્રેમનાં પૂર.......................................૧૨૧
આ કાર્ય જબરજસ્ત ચાલશે.......................................૧૨૨
પ્રેમનો પ્રભાવ.......................................૧૨૩
સ્નેહનો સ્વાદ.......................................૧૨૪
તુમ સ્વામી હું ચેરો.......................................૧૨૫
અશરણશરણ !.......................................૧૨૫
માનવ-શિલ્પના ઘડવૈયા.......................................૧૨૬
શાંત ક્રાંતિના પ્રણેતા.......................................૧૨૮
बालदेवो भव ।.......................................૧૨૯
त्वमेव सर्वं मम देवदेव !.......................................૧૩૦
હૂંફ પ્રેમાળ હૈયાની.......................................૧૩૧

અમોઘ આર્ષવાણી........................................................................૧૩૩
ગીતાસાર એક જ શ્લોકમાં ! ........................................................૧૩૪
ચીકણા નહીં, ચોક્કસ....................................................................૧૩૬
ધર્મ-ભક્તિની જાળવણી..................................................................૧૩૬
સત્સંગ પરીક્ષાનો શાનદાર પ્રારંભ.................................................૧૩૭
અતોલ અને અમોલ .....................................................................૧૩૮
એની રીતે રીત..............................................................................૧૩૯
ભક્તવત્સલ તમે નાથ કા'વ્યા .......................................................૧૪૨
મોટી સેવા.....................................................................................૧૪૩
હિતકારી છે સહુના સનેહી............................................................૧૪૪
ગજબનું ઘેલું.................................................................................૧૪૫
પવિત્રતાનો પ્રતાપ .......................................................................૧૪૬
ભક્ત મનોરથ પૂરણકામ................................................................૧૪૭
સન્માન્ય છતાં સામાન્ય ...............................................................૧૪૯
સમતા અને સ્થિરતાનું શિખર.......................................................૧૫૦
સત્સંગની શક્તિ ...........................................................................૧૫૦
નામ ન બદલાય ............................................................................૧૫૨
ઑટોમેટિક રક્ષા ...........................................................................૧૫૩
ષડરિપુ કો બસકર રંગ મેં રહે.......................................................૧૫૩
પરિવર્તનનો પવન ફૂંકતો પ્રેમ......................................................૧૫૫
માથે લઈએ તો ભારે પડે ને !.......................................................૧૫૬
જે સેવા કરે તે લાભ ખાટે.............................................................૧૫૬
ટળવળતા અને તરવરતા ...............................................................૧૫૯
ગાઉં શું હેત તમારાં.......................................................................૧૫૯
...एतावानस्य महिमा ! (આટલો તેઓનો મહિમા !) ........................૧૬૦
તાળાં ખોટકેલ ખોલે .....................................................................૧૬૨
પ્રમુખસ્વામીનો દાખડો તો જુઓ ...................................................૧૬૩
ભક્ત માટે ભોજનનો ભોગ ............................................................૧૬૪
ગ્રહી બાંય છોડો નહીં ગિરધર.......................................................૧૬૫
ભગવાન ભજવાની આંટી પાડવી...................................................૧૬૬
યુવકોએ સાત સમેલિયા થવું.........................................................૧૬૭

રાય ને રંક કોઈ દષ્ટ આવે નહીં..........................................૧૬૮
દેહધારી છતાં દેહાતીત..........................................૧૬૯
અભય કર મુજ શિર પર સ્થાપો..........................................૧૭૦
ટ્રેનયાત્રાનું મહાપ્રસ્થાન..........................................૧૭૧
સૌની લે સંભાળ..........................................૧૭૨
તીર્થે જવું તે તપને જ કાજે..........................................૧૭૩
સેવા થશે તો સ્વભાવ બદલાશે..........................................૧૭૫
સરકતા ઘરમાં વસતું વિરાટ કુટુંબ..........................................૧૭૬
ભજન-ભોજનનાં સમતોલ પલ્લાં..........................................૧૭૭
LEADER EATS LAST (છેલ્લે જમે તે નેતા)..........................................૧૭૮
બીજાના ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ..........................................૧૭૯
એકાદશીનો અલૌકિક જ્ઞાનયજ્ઞ..........................................૧૮૦
આપણું મંદિર મૂર્તિમાન કરી લેવું..........................................૧૮૨
જડભરતની જાતના જોગી..........................................૧૮૩
જાળવીશ મારા જનને..........................................૧૮૩
વ્રજમાં વિચરણ..........................................૧૮૪
સ્વામીશ્રીનો સ્વધર્મ..........................................૧૮૬
ચાર ટોપલા જમરૂખ રાખી મૂકજો..........................................૧૮૭
મુખ્ય નિશાન છપૈયા તીર્થ..........................................૧૮૭
ભક્તિનો ભેદ ખૂલે છે..........................................૧૮૮
ચરન પનૈયાં ગ્રહી કર..........................................૧૮૯
વંદું સહજાનંદ ચરણરજ..........................................૧૯૧
કાશીમાં કલ્યાણયાત્રા..........................................૧૯૩
સોનાર બાંગ્લામાં સોનેરી સવાર..........................................૧૯૪
પૂર્વમાં ઉપાસનાનો સૂર્યોદય..........................................૧૯૫
હવે તમારી જવાબદારી વધી ગઈ..........................................૧૯૭
પ્રેમ-નેમનું સંતુલન..........................................૧૯૮
માહાત્મ્ય મધ્યે શુભ હોય જ્ઞાન..........................................૧૯૯
નિજ જન ટેક ધરેલી તે ન ટાળે..........................................૨૦૦
અક્ષરધામનાં પક્ષીઓ..........................................૨૦૨
સૌની સાથે, સૌની જેમ..........................................૨૦૪

ખજાનાના તળિયે..........................................................૨૦૫
કોટિ સૂરજનું તેજ ભર્યું આપમાં......................................૨૦૭
સંતોના સુહૃદ..........................................................૨૦૮
શ્રદ્ધાનું સીમારહિત વિશ્વ..............................................૨૧૦

**અમૃતધારા-૬ :**
**ગુણાતીત રહી હરિગુણ ગાવત**

- **સન ૧૯૭૩**

નવા વર્ષે નવું નવું !..................................................૨૧૧
વાત્સલ્યનો અનુપમ દાખલો.............................................૨૧૨
ગુણાતીત રીત-પ્રીતનું અનોખું દર્શન .................................૨૧૩
સન્માનમાં સામેલગીરી...................................................૨૧૪
સ્વરૂપદર્શન સ્પેશિયલ ટ્રેન...............................................૨૧૫
અનંતલોચનમાં લીન યુવાની.............................................૨૧૬
એવા એક જ હોય...........................................................૨૧૭
ભક્તોની કરે રખેવાળી....................................................૨૧૮
પંદર દિવસ ઓછા છે?....................................................૨૧૯
સત્તાના ચૂરેચૂરા............................................................૨૨૦
પાવકપંથ પર પગલાં.......................................................૨૨૧
રામ અમલ મતવારે........................................................૨૨૩
માળીની માવજત...........................................................૨૨૩
ગુરુ કરીએ તો જ્ઞાની કરીએ...........................................૨૨૪
પીડ પરાઈ જાણે ...........................................................૨૨૬
કલ્પવૃક્ષનું રે રૂડું ઝાડવું.................................................૨૨૭
મારા જનમોજનમનાં પુણ્ય ફળ્યાં.....................................૨૨૮
નિર્મળ અને નિખાલસ ....................................................૨૨૯
શિશુ-સિદ્ધનું સખ્ય ........................................................૨૩૧
રાખે સહુ પર એ સરખી પ્રીતિ.........................................૨૩૩
શિશુ-સન્માન એકસમાન ................................................૨૩૫
ભોગ તને ભાવે નહીં રે...................................................૨૩૬
ઝીલતાં રહેવું, ખીલતાં રહેવું ...........................................૨૩૭

સત્‌કરમ કરે ઔર ચૂપ રહે ..............................................૨૩૮
શ્રીજીમહારાજનો 'પાવર'................................................૨૪૦
રૂડું કોણ વ્હાતું?......................................................૨૪૦
ગુણાતીત રહી હરિગુણ ગાવત..............................................૨૪૧
ક્ષુલ્લક બને અમૂલક ....................................................૨૪૨
પંચામૃતનો પ્રસાદ .....................................................૨૪૩
લેખું ન આવે લેખતાં...................................................૨૪૪
યુવકોની 'પાર્લામેન્ટ'માં સંબોધન.........................................૨૪૫
ભાવના અને ખેવના......................................................૨૪૬
દેહ નહિ સત્ય માને ....................................................૨૪૭
પરાભક્તિનાં પ્રબળ પૂર ..................................................૨૪૮
વગડાની વિકટ વાટે.....................................................૨૪૯
બંને સત્ય છે, કોઈ મિથ્યા નથી............................................૨૫૨
બધે પ્રમુખસ્વામી, પ્રમુખસ્વામી જ........................................૨૫૩
દ્વાર તો આ રહ્યું .......................................................૨૫૪
સહજ સ્વભાવિક પ્રકૃતિ..................................................૨૫૫
જગથી જુદેરી એની જાત રે..............................................૨૫૬
કોહિનૂર કોડી બને છે ..................................................૨૫૮
શુકનિયાળ સ્વામીશ્રી ...................................................૨૫૮
અરબી સમુદ્રને કાંઠે મહાસુખનાં મોજાં......................................૨૬૦
બોલત બ્રહ્મખુમારે.....................................................૨૬૨
નિરમાની જ્ઞાની અતિ નીકે ..............................................૨૬૩
વેદનાને વલૂરી નાંખી ..................................................૨૬૩
તર્કનો પનો ટૂંકો પડે છે ................................................૨૬૪
તનસુખ ત્યાગવા તાન જી................................................૨૬૫
આગવો અભિગમ.......................................................૨૬૬
પૈસાનો વરસાદ થાય છે ................................................૨૬૭
શું ગાવું, પાર ન પાવું ..................................................૨૬૮
પ્રેમનાં પાસાં..........................................................૨૬૯
યોગીબાપા આખા મારી પાસે છે .........................................૨૭૧
પ્રાસંગિક પ્રસ્તુતિની કમાલ..............................................૨૭૨

ચરણચિહ્ન ઘસાઈ ગયાં....................૨૭૩
મૂંગું ચાલકબળ....................૨૭૩
ઝાકળનાં ટીપાં અને વરસાદનું બુંદ....................૨૭૪
કલ્પનાતીત....................૨૭૫
તળાવની પાળે પથારી....................૨૭૬
હરિભક્તો રાજી થાય તેમ કરવાનું....................૨૭૭
વરસાદી વિચરણની વાતો....................૨૭૮
પ્રેમની પરાકાષ્ઠા....................૨૭૯
દરિયાવ દિલ ને હેતાળ હૈયું....................૨૮૧
મહારથીઓને પણ અલભ્ય સેવા....................૨૮૨
બાળકો માટે ભીખ માંગીશ....................૨૮૩
પર્યટનનો 'પીરિયડ'....................૨૮૪
ડાહ્યો ડા'પણમાં દુઃખ પામે....................૨૮૫
ભુજમાં ભક્તિની ભરતી....................૨૮૭
ખોળે મુમુક્ષુઓને સંત કેરા વેશમાં....................૨૮૯
આવા માંગનારા નહીં મળે....................૨૮૯
કર્ણાવતીમાં કલ્યાણનો કળશ....................૨૯૧
માથા સાટે વર્યા મેં માવ....................૨૯૩
સૌ આશીર્વાદ આપજો....................૨૯૪
લાખગણું, કરોડગણું વધી જશે....................૨૯૫
આજ એકાદશી અમર થઈ....................૨૯૬
સભાની 'સિક્સર'....................૨૯૮
ક્યારે જમ્યા હશે ?....................૨૯૯
રહે વે અલમસ્ત ફકીરી મેં....................૩૦૦

**અમૃતધારા-૭ :**
**નવખંડ ધરતીમાં**

- **સન ૧૯૭૪**

સાર્વજનિક સંત....................૩૦૩
યજ્ઞપુરુષ સ્મૃતિમંદિરનું ખાતમુહૂર્ત....................૩૦૪
कोटि कर्म के पुण्य जब.......................૩૦૫

કામ કામને શીખવે......................................................૩૦૬
સાધુતાસભર સૌજન્ય ..................................................૩૦૬
एषा ब्राह्मी स्थितिः (આ છે બ્રાહ્મીસ્થિતિ)...................................૩૦૭
અપમાનયાત્રા કે આનંદયાત્રા ?.........................................૩૧૦
બ્રહ્મ હોય પરબ્રહ્મ ઉપાસત...............................................૩૧૨
ચકલી સારુ બ્રહ્માંડ બોળ્યું ?!.........................................૩૧૩
આવા સંત નથી જગમાંય ..............................................૩૧૩
લોભ લહરનો લેશ ન લાગે.............................................૩૧૭
સાચી બાત કહી છોડાવત................................................૩૧૮
...તે મારા સંતની દાસી.................................................૩૧૯
આજ્ઞાથી લઈ વાંચીએ તો ફાયદો......................................૩૧૯
બુઝાયેલી જ્યોતમાંથી જ્ઞાનનો પ્રકાશ.................................૩૨૦
ભક્તિના એમાં ભરિયા છે ભંડાર.......................................૩૨૧
બાવન અક્ષર બાહેરો રે.................................................૩૨૨
એવું ન બોલવું ...........................................................૩૨૨
અમે સનાતન બ્રહ્મ........................................................૩૨૩
'વક્રકુંડ'ની વ્યુત્પત્તિ......................................................૩૨૪
'હું કોણ છું?' તે ઓળખે છે?.........................................૩૨૫
અમારે હાથ જોવાનું ન હોય............................................૩૨૬
મોટામાં મોટી સેવા.......................................................૩૨૭
પહેલાં તો ધૂળમાં આળોટતા.............................................૩૨૮
ધારાપુરીમાં અમૃતધારા...................................................૩૨૯
મૂર્તિમાં આરામ ..........................................................૩૩૧
સોળના સમુદાયમાં સત્સંગ-સભા.......................................૩૩૨
રકમ મામૂલી, સ્મૃતિ અણમૂલી.........................................૩૩૨
યુવા-ઉપનિષદ ...........................................................૩૩૩
એવું ન લખવું.............................................................૩૩૬
આ રમકડું ક્યાંથી મૂક્યું?..............................................૩૩૭
અક્ષર અનંત કળાએ ખેલે................................................૩૩૮
પ્રસાદી પાયખાનામાં......................................................૩૩૯
સાક્ષાત્ શાસ્ત્રીજી મહારાજ .............................................૩૪૦

રસ્તાની વાતો ....................................................................૩૪૧
ઈશક સવા શેર જોઈએ ........................................................૩૪૨
જ્યાં જુએ ત્યાં રામજી...........................................................૩૪૩
દેહાભિમાનીને જ્યાં જાય ત્યાં દુઃખ.......................................૩૪૪
એક દાણો પણ બગડવા દેવો નહીં.........................................૩૪૫
થોડું કરવું પણ સારું કરવું....................................................૩૪૬
દયા આણી અતિ આકળા થાય ..............................................૩૪૭
વાત એક રાતની ..................................................................૩૪૯
આજે પણ સાથે ને સાથે........................................................૩૫૦
દીનબંધુ દયાના છો સાગર.....................................................૩૫૧
નહીં ઉધારાની એકે વાત રે ...................................................૩૫૨
સદા સરળ............................................................................૩૫૩
રસપ્રદ અને સંદેશપ્રદ .........................................................૩૫૪
નવખંડ ધરતીમાં ...................................................................૩૫૫
ભજનનું જોર રાખવું.............................................................૩૫૬
દુઃખ ગયું બહુ દનનું.............................................................૩૫૭
પ્રમુખસ્વામી પાસે જાઓ........................................................૩૫૮
મન અભિમાન તેનો લેશ ન આણે..........................................૩૫૯
પ્રેમરસનું પાન.......................................................................૩૬૦
જંગલમાં મંગલ ....................................................................૩૬૧
સહુ જનને સુખ આપિયું રે....................................................૩૬૨
મેલ્યા મોક્ષના છોડી વાવટા રે ..............................................૩૬૫
ભગવાનની નોકરી ................................................................૩૬૬
વધારાની મૂર્તિ કાઢી નાંખો...................................................૩૬૭
ન માને નિજ દેહ જી .............................................................૩૬૭
સાધુને સાદું સારું ................................................................૩૬૯
સાકર-શેલડીના સ્વાદ સમો સહવાસ .......................................૩૬૯
મોમ્બાસામાં મહાસંમેલન.......................................................૩૭૦
જોગીને જોયા નારાયણસ્વરૂપમાં ..........................................૩૭૧
વીસરતું નથી વળી વિસારતાં.................................................૩૭૨
કરામતની વાત અને વાતની કરામત.......................................૩૭૨

મૈં હૂં દાસી ચરણ ઉપાસી....................................................................૩૭૪
મોહામોહ મિલે નિજ પ્રીતમ....................................................................૩૭૫
જેટલું સંભારીએ એટલું વધારે સુખ ....................................................૩૭૬
'શાંભા'માં સુખની સીમા ........................................................................૩૭૭
સર્વે રહે અમારાં વચનમાં ....................................................................૩૭૮
આ અમારી વિનંતી છે.............................................................................૩૭૯
જેહિ કે જેહિ પર સત્ય સનેહુ ...............................................................૩૮૦
આચરણ અને આત્મીયતાનું જોર............................................................૩૮૨
આપણું ગમતું કીધું એણે......................................................................૩૮૩
સુખિયા રે કરવા સૌને, દેહથી દમે ....................................................૩૮૪
મ્હારું 'પણ' મેલ્યું પ્રેમી પાસળે .........................................................૩૮૬
My Guruji ! (મારા ગુરુજી !) ..................................................................૩૮૭
પ્રદેશ નહીં, પુરુષાતનના પુરસ્કર્તા ......................................................૩૮૯
જમપુરીમાં મેળાપ...................................................................................૩૯૦
વીર નહીં, મહાવીરની દિશા.....................................................................૩૯૧
ચૈતન્યરૂપ આપકું સમજત .......................................................................૩૯૨
આજ સદાવ્રત મોટું રે .............................................................................૩૯૪
સોયે ટચના સદાય.....................................................................................૩૯૫
સો ગુરુ ઘેર ઘેર નહીં...............................................................................૩૯૬
રમે નિરંતર રામ મેં..................................................................................૩૯૮
શાસ્ત્રીજી મહારાજે બધું શિખવાડ્યું છે ..................................................૩૯૯
સો વાતની એક વાત છે .........................................................................૪૦૧
શાંતિદૂતને શાંતિદાતાની અંજલિ ..........................................................૪૦૧
નેતાની નીતિ અને જનેતાનું જતન .........................................................૪૦૨
કરુણાની પરાકાષ્ઠા...................................................................................૪૦૩
ભક્તિ શિશતણું સાટું ..............................................................................૪૦૪
કરતા પ્રીત હેતે પળે પળે......................................................................૪૦૬
પરોપકારીમાં પ્રથમ ................................................................................૪૦૭
વનમાં વનમાળી.......................................................................................૪૦૭
બે કારણ ! ................................................................................................૪૦૮
પરોણાગતની 'ફી' !...................................................................................૪૦૯

સૂત્રમાં શાસ્ત્ર......................................................................૪૧૨
સ્નેહ એનો હું શું કહું ! ....................................................૪૧૩
ખોટા માટે શું ખોટું કરવું ?..............................................૪૧૪
નથી લાગતું એ એને સારું રે...........................................૪૧૪
ચાંદ-સિતારાની વચ્ચે.......................................................૪૧૫
મહારાજ-સ્વામી સાથે છે ..................................................૪૧૭
ત્રિકાળજ્ઞાની .......................................................................૪૧૮
અક્ષરધામની સભા ...........................................................૪૧૯
ઈંગ્લેન્ડમાં ઇન્ડિયા ...........................................................૪૨૦
સદા રહે મૂર્તિમાંઈ .........................................................૪૨૨
દૂરથી રળિયામણા, સમીપથી સોહામણા ..........................૪૨૩
મહિમા અતિ ભારી ...........................................................૪૨૪
आषाढस्य प्रथमदिवसे..........................................................૪૨૫
સ્વામી મારા રહ્યા સઘળે....................................................૪૨૬
ભલી ભક્તિ પ્રભુ તણી કરે................................................૪૨૭
અવર્ણનીય છતાં અનુસરણીય...........................................૪૨૮
પશ્ચિમમાં સૂર્યોદય..............................................................૪૨૮
અમેરિકામાં પ્રથમ અમૃતધારા..........................................૪૩૧
પ્રીત પૂરવની જાગી ..........................................................૪૩૨
અદૃશ્ય આધારશિલાઓ....................................................૪૩૪
મંદિર-નિર્માણના મહાયજ્ઞનો આરંભ...............................૪૩૪
એક નહીં, હજારો દિવસ ...................................................૪૩૬
ભાગ્ય તણો નહીં પાર.......................................................૪૩૮
ચાંદ-સૂરજની સંગાથ ........................................................૪૪૦
મનશુદ્ધિનો સાબુ................................................................૪૪૩
ગુરુ છતાં સ્વયંસેવક ........................................................૪૪૪
વિશિષ્ટ આદેશ....................................................................૪૪૫
પરચો થશે પણ મનાશે નહીં............................................૪૪૬
અમારે તમારું કાંઈ નથી જોઈતું .....................................૪૪૭
સરોવરમાં સંતવર .............................................................૪૪૮
ભારતનાં શાન-સન્માન વધે છે.........................................૪૫૦

અજાયબીના ઓવારે અજાયબી ........................................ ૪૫૧
ટોરોન્ટોમાં મંદિરની આગાહી ........................................ ૪૫૫
મૂઠી ઊંચેરા મહાત્મા........................................ ૪૫૬
અમેરિકામાં આવી બિરાજ્યા ........................................ ૪૫૭
ગુરુનો સંકલ્પ સિદ્ધ થયાનો આનંદ........................................ ૪૬૦
બધા સભ્ય, સેક્રેટરી ને પ્રમુખ ! ........................................ ૪૬૧
હાર્વર્ડ યુનિવર્સિટી પાવન બને છે........................................ ૪૬૨
વે'લા વળજો વા'લા મારા........................................ ૪૬૩
મંદિર આવો માણીગર માવા ........................................ ૪૬૬
વેલિંગબરોમાં ફૂલી-ફાલી સત્સંગવેલી........................................ ૪૬૭
સમર્થ છતાં સરળ........................................ ૪૬૮
મિડલેન્ડમાં મંદિરોનાં મંડાણ ........................................ ૪૬૯
મોહનવરને હાથે મોજ મળી રે........................................ ૪૭૦
'અધિક'માં અધિક........................................ ૪૭૧
પરોપકારીઓને પણ પાઠ ........................................ ૪૭૩
કોમળતા અને કર્મઠતા ........................................ ૪૭૫
ભાષા-ભૂષાની માવજત ........................................ ૪૭૭
સેવા એ જ સેજ ........................................ ૪૭૮
આ ધૂન નહીં, બીજી ગાવ........................................ ૪૭૯
નથી આપ અરથે ઉદ્યમ રે........................................ ૪૮૦
જે વચનથી વિપત્તિ વિરમે........................................ ૪૮૨
આવા પુરુષ નહીં મળે ........................................ ૪૮૩
પર-ઉપકારે પળપળમાં રે........................................ ૪૮૪
ઘેરે ચાલી આવ્યા બ્રહ્મમો'લવાસી રે ........................................ ૪૮૫
મહિમા વધ્યો સમુદ્ર કો........................................ ૪૮૬
ભગવાન આજે આવ્યા છે ........................................ ૪૮૮
સામશ્રાવણીનું વેદગાન........................................ ૪૮૯
વહાલ અને વૈરાગ્યનો દરિયો ........................................ ૪૯૦
વિદ્યાખાણ પુરાણ જાણ સર્વે ........................................ ૪૯૧
યુરોપમાં પ્રથમ બાળ-યુવક અધિવેશન........................................ ૪૯૧
સગા સૌના શીતળતા અપાર ........................................ ૪૯૩

વસંત સમા સંત ....................................................૪૯૪
પરદેશમાં પ્રયાગની પવિત્રતા ....................................................૪૯૬
દેવ-અદેવ રહે છે ડરતા રે ....................................................૪૯૭
કોઈ પાછો પડે તેવું કરવું નહીં ....................................................૪૯૮
લાગ્યો સંસારીડો આગ જી ....................................................૪૯૯
ONLY FOR YUVAK (ફક્ત યુવકો માટે) ....................................................૫૦૧
સ્વતંત્ર વિભૂતિ ....................................................૫૦૨
શુભ સમાચાર આવ્યા ....................................................૫૦૪
સહુ જનને સુખ દેવા રે ....................................................૫૦૫
અમારે તો બધું સરખું છે ....................................................૫૦૬
તોરી મોરી પ્રીત ન તૂટે રે ....................................................૫૦૭
મેરો હી ધ્યાન રટન મુખ મેરો ....................................................૫૦૯
નામ-કામનો જાદુ ....................................................૫૧૦
અ-માઇક સભામાં અમાયિક સંત ....................................................૫૧૨
કરે ભક્તિ હરિની ભાવે ભરી ....................................................૫૧૩
કોમળ દિલડાં ઠરતાં રે ....................................................૫૧૩
અવળો-સવળો વિચાર ....................................................૫૧૪
આજ વાધી આનંદ કેરી વેલડી રે ....................................................૫૧૬
રાખ્યું બ્રહ્મચર્ય અષ્ટ-અંગ ....................................................૫૧૭
મારે ઉમંગ અંગ ન માય રે ....................................................૫૧૮
નથી પ્રભુ મૂર્તિ પાષાણ રે ....................................................૫૨૦
સત્યના પ્રયોગોની ભૂમિ પર સત્યસ્વરૂપ ....................................................૫૨૧
સ્નેહ કરવામાં ચતુર શામળિયો ....................................................૫૨૨
દક્ષિણમાં દિવાળીના દીવા ....................................................૫૨૪
भक्तिसम्पोषकाय नमः ....................................................૫૨૫
આતશબાજીની અનેરી સ્મૃતિ ....................................................૫૨૬
સરળચિત્ત ....................................................૫૨૭
બંને દેશમાં એક-એક પગ ....................................................૫૨૮
પરાવાણીના પ્રકાશમાં પીગળતા પૂર્વગ્રહ ....................................................૫૨૯
એકાંતિક મળે તો ભજનનું સુખ આવે ....................................................૫૩૦
રહે પરવતપ્રાયજી ....................................................૫૩૧

શ્રેષ્ઠ મિત્ર........................................................................................૫૩૨
શાકદાન દે હટરી બેઠે............................................................................૫૩૩
લાવો, શાક ફોલી આપીએ........................................................................૫૩૪
પરઠ્યું હતું તે વેણે પળિયા.....................................................................૫૩૫
અજોડ દર્શન......................................................................................૫૩૭
આપણ શું એણે અતિશય હેત કર્યું જી.......................................................૫૩૮
'છોટા ભારત'નાં ભાગ્ય મોટાં..................................................................૫૩૯
પ્રવૃત્તિ ગુરુની, વૃત્તિ સેવકની..................................................................૫૪૦
વડાપ્રધાન સાથે પ્રથમ મુલાકાત...............................................................૫૪૧
વાણી અને વિદ્યાની બલિહારી..................................................................૫૪૨
સાગર અને સત્સંગના તીરે.....................................................................૫૪૪
તેહ સારુ નથી ધર્યો દેહ.........................................................................૫૪૫
તીર્થોદકમાં તીર્થોત્તમ............................................................................૫૪૭
WELCOME AT MID–NIGHT (મધરાતે સ્વાગત)......................................૫૪૮
બધા દૃઢતા કરીને આવ્યા છે..................................................................૫૫૦
રાસ રમ્યા સુખદાઈ...............................................................................૫૫૧
તેથી દુઃખાયે કોણ દિલમાં......................................................................૫૫૨
અમે તમારી રાહ જ જોતા હતા.................................................................૫૫૩
અમે ઋણી ગુરુજી તમારા છીએ..............................................................૫૫૪
રહો અવિચળ અનંત કલ્પ સુધી................................................................૫૫૫
મને કહ્યું હોત તો..................................................................................૫૫૮
ભગવાનને ધાર્યા છે તેથી મોટપ...............................................................૫૫૮
ટાઢક કરવા આવ્યા છીએ......................................................................૫૫૯
શ્રીજીમહારાજ સાચા સગા......................................................................૫૬૧
સાગરકાંઠે સદ્‌ગુણ-સાગર.......................................................................૫૬૨
યુવાશિલ્પના ઘડવૈયા.............................................................................૫૬૩
પરિષદો નહીં, માત્ર પગલાં જ.................................................................૫૬૪
રાષ્ટ્રપ્રમુખ અને ધર્મપ્રમુખનું યાદગાર મિલન..............................................૫૬૫
આજ પ્રકટાવ્યો છે પ્રતાપ.......................................................................૫૬૮





ભગતજી મહારાજ | શાસ્ત્રીજી મહારાજ | યોગીજી મહારાજ | પ્રમુખસ્વામી મહારાજ | મહંત સ્વામી મહારાજ

## શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
## (પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી)
## તથા તેમની ગુણાતીત ગુરુપરંપરા

જેનું વહન કરીને
બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ભગવાન શ્રી સ્વામિનારાયણના
દિવ્ય પ્રગટ સાંનિધ્યનો અસંખ્ય લોકોને અનુભવ કરાવ્યો હતો...



*શાસ્ત્રીજી ગુરુ યોગીજી ઉભયની કૃપાતણું પાત્ર છો....*

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના આધ્યાત્મિક ઉત્તરાધિકારી પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ.

યોગીજી મહારાજે પ્રમુખસ્વામીના અધ્યક્ષ પદે દ્વિતીય યુવક અધિવેશનનું આયોજન કર્યું હતું
તે યથાર્થ ઠર્યું. યુવક અધિવેશનના મંચ પર અધ્યક્ષીય સ્થાને
યોગીજીના વારસદાર ૫૦ વર્ષીય પ્રમુખસ્વામી મહારાજ. (ગોંડલ, ૧૯૭૧)



ગુરુપદે પ્રથમ યુવા અધિવેશનના વિજેતા વૃંદ સાથે (ગોંડલ, ૧૯૭૧)



ગુરુપદે બિરાજ્યા બાદ પ્રથમ શિખરબદ્ધ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા (સાંકરી, ૧૯૭૧)



પ્રમુખસ્વામી મહારાજના હસ્તે મૂર્તિમાં પરમાત્મા સાક્ષાત્ બિરાજ્યા તેની પ્રતીતિ રૂપે ભગવાનની દિવ્ય દૃષ્ટિનાં તેજકિરણોથી ફૂટી ગયેલ અરીસા સાથે સ્વામીશ્રી (સાંકરી, ૧૯૭૧)




ગામડે ગામડે ઘૂમતા સ્વામીશ્રીએ ગાડાં, ટ્રેક્ટર જેવાં વાહનોમાં મુસાફરી કરી અને ઠેર ઠેર એમની ભાવપૂર્વક શોભાયાત્રાઓ યોજાઈ (ઘોઘંબા, ૧૯૭૩)



ગુરુપદે બિરાજ્યા બાદ ઊજવાયેલા પ્રથમ જન્મજયંતી સમારોહમાં
આશીર્વર્ષા વહાવતા સૌના લાડીલા પ્રમુખસ્વામી મહારાજ (ધર્મજ, ૧૯૭૧)



સ્વામીશ્રીની ૫૧મી જન્મજયંતીએ ઊમટેલો ભક્ત મહેરામણ
(ધર્મજ, ૧૯૭૧)



ભક્તોના ભાવ પૂરા કરવા એમની નાની-નાની દુકાનોમાં સ્વામીશ્રીએ પધરામણીઓ કરી...
ત્રાજવે અનાજ તોલી હરિભક્તોના મનોરથ પૂરા કરતા સ્વામીશ્રી (ભાવનગર)



ભક્તની ભાવનાને પૂરી કરવા કાપડની નાની દુકાનમાં કાપડ પાવન કરી આપતા સ્વામીશ્રી
(ભાવનગર)



ઉજ્જૈનમાં મહાકાલેશ્વરનું પૂજન
(ઉજ્જૈન, ૧૯૭૨)



લક્ષ્મણઝૂલા પાસે ઠાકોરજીને ગંગાસ્નાન
(ૠષિકેશ, ૧૯૭૨)



પ્રયાગરાજમાં ગંગા-યમુનાના સંગમમાં ભક્તિ કરતાં કરતાં જળવિહાર (૧૯૭૨)



સ્પેશિયલ ટ્રેનયાત્રામાં સરકતી ટ્રેનમાં પ્રાતઃપૂજાની મંગલતા (૧૯૭૨)




ક્યારેક રેલવેના પ્લેટફોર્મ પર પણ પ્રાતઃપૂજા કરીને ભક્તિ અદા કરી (૧૯૭૨)



ટ્રેનયાત્રા દરમ્યાન વિશિષ્ટ પાલખામાં બિરાજી કથામૃત પીરસતા (૧૯૭૨)



ભગવાન સ્વામિનારાયણની બાળલીલાઓના મહિમાગાનમાં ગુલતાન (અયોધ્યા, ૧૯૭૨)



ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્યસ્થાનમાં ભક્તિપૂર્વક દર્શન (છપૈયા, ૧૯૭૨)



બનારસ(કાશી)માં સ્વામીશ્રીની શાનદાર શોભાયાત્રા



સેવક એ સદાના
(કન્યાકુમારી, ૧૯૭૨)



સગવડ-અગવડ ક્યારેય ન જોયાં. ક્યારેક રેલવેના પ્લેટફોર્મ પર પણ ભોજન લીધું (૧૯૭૨)



નીલકંઠવર્ણીના પ્રાસાદિક સ્થાને ભક્તિઅર્ઘ્ય (શ્રીરંગક્ષેત્ર, ૧૯૭૨)



નીલકંઠવર્ણી ટ્રેનયાત્રાની પૂર્ણાહુતિએ સન્માનયાત્રા (મુંબઈ, ૧૯૭૩)



૫૩મી જન્મજયંતીના અવસરે અમદાવાદના રાજમાર્ગો પર અભૂતપૂર્વ શોભાયાત્રા.
વિનમ્ર નયને બિરાજેલા ભજનલીન સ્વામીશ્રી (અમદાવાદ, ૧૯૭૩)



*'વા'લા લાગો છો વિશ્વઆધાર રે, સગપણ તમ સાથે;*
સ્વામીશ્રીનાં ચરણે સમર્પિત ૫૯ સુશિક્ષિત નવયુવાનોનો દીક્ષા સમારોહ (અમદાવાદ, ૧૯૭૩)




સ્વામીશ્રીના ૫૩મા જન્મજયંતી સમારોહમાં આશીર્વાદની વર્ષા
(અમદાવાદ, ૧૯૭૩)



જન્મદિવસનાં અભિવંદન. દેશ-વિદેશના લાખો હરિભક્તો વતી
૫૩મી જન્મજયંતીએ સ્વામીશ્રીને વધાવતા મહંત સ્વામી (અમદાવાદ, ૧૯૭૩)



શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો સંકલ્પ પૂર્ણ થયો. અમદાવાદમાં શાહીબાગના શિખરબદ્ધ મંદિર પર સ્વામીશ્રીના હસ્તે કળશ ચઢી ગયા (અમદાવાદ, ૧૯૭૩)



ભીડા-ભક્તિની અમર નિશાની (વાસદ, ૧૯૭૩). એકાદશીના નિર્જળ ઉપવાસ અને ૧૦૨ ડિગ્રી તાવમાં સ્વામીશ્રીએ કરેલી ૧૨૨ પધરામણીઓ પૈકીની એક યાદગાર પધરામણી...



*બ્રહ્મસ્વરૂપમાં રહે નિત્ય નહાયા...*
આફ્રિકાથી પરત ફર્યા બાદ આપેલા ઐતિહાસિક આશીર્વાદની પ્રસન્નમુદ્રા (મુંબઇ, ૧૯૭૪)



*નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો...*
(મુંબઇ, ૧૯૭૪)



સેવામાં હંમેશાં અગ્રસર. ઠાકોરજી અને સંતો-ભક્તો માટે રસોઈ કરવાની હોય
કે તેમને ભાવપૂર્વક રસોઈ જમાડવાની હોય... (મુંબઈ, ૧૯૭૪)



યોગીજી મહારાજના અનુગામી તરીકે પ્રમુખસ્વામી મહારાજે પ્રથમ વિદેશયાત્રામાં
નૈરોબીની ધરતી ઉપર પદાર્પણ કર્યું ત્યારે ભવ્ય સ્વાગત... (૧૯૭૪)




પૂર્વ આફ્રિકામાં વિષુવવૃત્ત રેખા પર ચરણચિહ્ન (નાન્યુકી, કેન્યા, ૧૯૭૪)



વિશ્વ-પ્રસિદ્ધ બિસ્માર્ક રોકને સત્પુરુષનું સાંનિધ્ય (મ્વાન્ઝા, ટાન્ઝાનિયા, ૧૯૭૪)



ન્યગેઝી હીલ પાવન થાય છે (મ્વાન્ઝા, ટાન્ઝાનિયા, ૧૯૭૪)



શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પૂજાલીન (દાર-એ-સલામ, ટાન્ઝાનિયા, ૧૯૭૪)



બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની જયંતી ઉત્સવ સભા (એન્ડોલા, ઝામ્બિયા, ૧૯૭૪)



ઠાકોરજીને સરિત્સ્નાન (કફુએ નદી, ઝામ્બિયા, ૧૯૭૪)



ઝાંબેઝી નદીના કિનારે વન-મહોત્સવ (લિવિંગ્સ્ટન, ઝામ્બિયા, ૧૯૭૪)



*જમો જમો રે મારા જીવન જુગતે...*

ઝાંબેઝી નદીના કિનારે વન-મહોત્સવ (લિવિંગ્સ્ટન, ઝામ્બિયા, ૧૯૭૪)



વનમાં વાગી વાણીની વાંસળી (આફ્રિકા યાત્રા, ૧૯૭૪)



શ્યામ સંત્રીઓને મોક્ષના મેવા



વિક્ટોરિયા ધોધ આગળ કૃપાનો ધોધ
(લિવિંગ્સ્ટન, ૧૯૭૪)



અંતરિક્ષમાંથી આલ્પ્સ પર્વતમાળા પર ઠાકોરજીની અમીદૃષ્ટિ (૧૯૭૪)



જગપ્રસિદ્ધ એલેક્ઝાન્ડ્રા પેલેસમાં સ્વામીશ્રીનો ભવ્ય સ્વાગત સમારોહ
(લંડન, ૧૯૭૪)



રોયલ એરફોર્સના બેન્ડની સૂરાવલીઓ દ્વારા એલેક્ઝાન્ડ્રા પેલેસમાં સ્વામીશ્રીનો
દબદબાભર્યો સ્વાગતવિધિ (લંડન, ૧૯૭૪)



એલેક્ઝાન્ડ્રા પેલેસમાં સ્વામીશ્રીને સત્કારવા ઊમટેલી ભક્ત મેદની
(લંડન, ૧૯૭૪)




યુ.કે.માં સર્વધર્મ આદરનો સંદેશ. બાઈબલ સોસાયટીમાં પધરામણી
(લંડન, ૧૯૭૪)



અમેરિકામાં પ્રથમ આગમન નિમિત્તે સ્વાગતસભા (ન્યૂયોર્ક, ૧૯૭૪)



અમેરિકામાં પ્રથમ પારાયણ નાના મકાનમાં (ન્યૂયોર્ક, ૧૯૭૪).
બી.એ.પી.એસ. સત્સંગના આરંભના દિવસોની વિરલ સ્મૃતિ.



ન્યૂયોર્કમાં પ્રથમ બી.એ.પી.એસ. મંદિરના પ્રાંગણમાં પારાયણ



સ્ટીવન્સ ઈન્સ્ટિટ્યૂટમાં દિવ્ય સભાપતિરાય (હોબોકેન, ન્યુજર્સી, ૧૯૭૪)



અમેરિકાની રાજધાની કેપિટલ હિલને આંગણે કલ્યાણગંગા (વૉશિંગ્ટન, ૧૯૭૪)



'કી ટુ ધ સીટી' બહુમાનથી સન્માનિત (સિનસિનાટી, ૧૯૭૪).
શહેરના ઉપમેયર શ્રી વિલિયમ જે. ચેનોલ્ટ સાથે સ્વામીશ્રી...



'કી ટુ ધ સીટી'નું બહુમાન (ક્લીવલેન્ડ, ૧૯૭૪).
મેયર શ્રી રાલ્ફ જે. પર્ક દ્વારા સ્વામીશ્રીને અપાઈ રહેલું બહુમાન...



મિશિગન સરોવરમાં વિહાર (શિકાગો, ૧૯૭૪)



નાયગ્રા ધોધમાં પ્રાસાદિક પુષ્પવૃષ્ટિ (કેનેડા, ૧૯૭૪)



નાયગ્રા ધોધ પાસે કથામૃતની હેલી (કેનેડા, ૧૯૭૪)





'કી ટુ ધ સીટી'થી અભિવાદન (રોચેસ્ટર, ૧૯૭૪)
મેયર શ્રી થોમસ પી. રાયન સાથે સ્વામીશ્રી. (સાથે હર્ષદભાઈ ત્રિ. દવે)



અમેરિકામાં પ્રથમ મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા
નિમિત્તે યજ્ઞનારાયણને આહુતિ
(ન્યૂયોર્ક, ૧૯૭૪)



યોગીજી મહારાજના સંકલ્પને પૂર્ણ કરતાં સ્વામીશ્રીએ અમેરિકામાં પ્રથમ મંદિર પ્રતિષ્ઠિત કર્યું
તે અવસરે તેઓની ગુરુભક્તિમય આનંદવિભોર મુદ્રા (ન્યૂયોર્ક, ૧૯૭૪)



અમેરિકામાં પ્રથમ મંદિરમાં ઐતિહાસિક પ્રાણપ્રતિષ્ઠા કરી રહેલા સ્વામીશ્રી (ન્યૂયોર્ક, ૧૯૭૪)
આ પ્રથમ મંદિર યુ.એસ.એ.ના વિરાટ બી.એ.પી.એસ. સત્સંગની ગંગોત્રી બન્યું...



મૂર્તિપ્રતિષ્ઠાની સભામાં આશીર્વાદ (સાથે મહામંડલેશ્વર સ્વામી શ્રી ચિન્મયાનંદજી)



અમેરિકામાં સત્સંગ શિક્ષણ પરીક્ષાઓનો પ્રારંભ કરતા સ્વામીશ્રી
(સ્ટીવન્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, હોબોકેન, ન્યુજર્સી ૧૯૭૪)



ઇંગ્લેન્ડના ખ્રિસ્તી ધર્મવડા આર્ક બિશપ ઑફ કેન્ટરબરી ડૉ. રામસે સાથે સ્નેહમુલાકાત
(લંડન, ૧૯૭૪)



ઇંગ્લેન્ડના યહૂદી ધર્મના વડા રબાઈ ડૉ. ઇમેન્યુઅલ જેકોબોવીટ્સ સાથે ભાવસભર મુલાકાત
(લંડન, ૧૯૭૪)



થેમ્સગંગાને કાંઠે પ્રતીક જળઝીલણી ઉત્સવ (રીચમન્ડ પાર્ક, લંડન, ૧૯૭૪)



ઇઝલિંગ્ટનમાં મંદિરની મૂર્તિઓની પુનઃ પ્રતિષ્ઠા ઉપક્રમે નગરયાત્રામાં
વિનત-નયને બિરાજેલા સ્વામીશ્રી (લંડન, ૧૯૭૪)




સ્વામીશ્રીના હસ્તે લંડનમાં પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે લંડનના પીકાડેલી સર્કસ, ટ્રફાલ્ગર સ્કવેર વગેરે
વિસ્તારોને પાવન કરતી સવા કિલોમીટર લાંબી શોભાયાત્રા (લંડન, ૧૯૭૪)



લંડનમાં ઇઝલિંગ્ટન વિસ્તારમાં યોગીજી મહારાજે સ્થાપેલા મંદિરમાં પુનઃ પ્રતિષ્ઠા (૧૯૭૪)



સુબ્રહ્મણ્યમ્ મંદિરમાં મૂર્તિઓને પૂજોપચાર (લેનેસિયા, દક્ષિણ આફ્રિકા, ૧૯૭૪)



ભારત હોલમાં ધર્મલાભ (ડર્બન, દક્ષિણ આફ્રિકા, ૧૯૭૪)



ટોલ્સ્ટોય ફાર્મમાં પધરામણી (દક્ષિણ આફ્રિકા, ૧૯૭૪)



'કોટ ઓફ આર્મ્સ' – અતિ વિશિષ્ટ વ્યક્તિઓને અપાતું આ સન્માન
સ્વામીશ્રીને અર્પણ કરતા જોહેનિસબર્ગના મેયર શ્રી એચ. એફ. ડેનિસ (દક્ષિણ આફ્રિકા)



સેવામૂર્તિ (મોરેશિયસ, ૧૯૭૪)



મોરેશિયસના વડાપ્રધાનશ્રી ડૉ. શિવસાગર રામગુલામને આશીર્વાદ (પોર્ટ લુઈ, ૧૯૭૪)



બ્લેક રિવરની ખીણ પાસે એક વિરલ સ્મૃતિ (મોરેશિયસ, ૧૯૭૪)



આફ્રિકામાં ઠેર ઠેર બહુમાન. ઉપમેયરની કચેરીના આદરણીય અતિથિ (નૈરોબી, ૧૯૭૪)



કેન્યાના રાષ્ટ્રપિતા અને રાષ્ટ્રપ્રમુખ શ્રી જોમો કેન્યાટાને આશીર્વાદ (મોમ્બાસા, ૧૯૭૪)



વિદેશીઓના વાલેશરી (મોમ્બાસા, ૧૯૭૪)



વિદેશયાત્રામાં સાથી સંતવૃંદ વચ્ચે બિરાજેલા સંતોના હૃદયસમ્રાટ સ્વામીશ્રી (નૈરોબી)



મૂર્તિ મનોહર તારી, શોભે છે અતિ સારી...



નેરોબીમાં ધામધૂમપૂર્વક ઊજવાયેલો પ્રમુખસ્વામી મહારાજનો ૫૭મો જન્મજયંતી મહોત્સવ...
મંચ પર શોભાયમાન આસન પર બિરાજમાન સ્વામીશ્રીનાં એક દિવ્ય મનોહર દર્શન...



# યોગી વિચરે છે નારાયણસ્વરૂપમાં

## સન ૧૯૭૧

### સરિતા સાગર બને છે

પૂરપાટ વહેતી સરિતા વાંસપૂર હોય તોય સીમિત. તેનો તાગ કાઢવો અઘરો, પણ મુશ્કેલ નહીં. તારો-તરવૈયો તેના તળિયે તાળી દઈ આવી શકે. પરંતુ એ સરિતા સાગર બને એટલે વિશ્વના આંગણે રમવા લાગે. હાથ વીંઝવાથી તટ કે તળિયું, કશું હાથમાં ન આવે.

સરિતા ધસમસતી હોય તોય તેની ઉપર બંધ બાંધી શકાય, પણ સમુદ્ર તો નિર્બંધ. તેના પર બંધ બાંધવાનો વિચાર કયા એન્જિનિયર-આર્કિટેક્ટના ભેજામાં આવે ?

ગમે તેવા પહોળા પટવાળી સરિતાનો સામો કિનારો નરી-નરવી આંખે જોઈ શકાય, પણ સાગરના સામા તટ-પટને દેખવાનું દૂરબીન ક્યાંથી કાઢવું ?

સરિતા ભરવેગ હોય તોય તેને સરહદ ખરી, પણ સાગર તો શાંત તોય અનહદ.

ગુરુપદે બિરાજમાન થયા પછીની સ્વામીશ્રીની જીવનગાથા પણ આવી જ છે –

શબ્દોના બંધથી બંધાય નહીં તેવી અફાટ,

હાથમાં કલમનાં હલેસાં હલાવ્યાં કરવાથી પાર ઉતરાય નહીં તેવી અપાર,
નાંખી નજર પહોંચે નહીં તેવી અનહદ.
ચાલો, તેમાં ડૂબકી મારીએ, કારણ કે તેમાં જે ડૂબ્યો તે તર્યો જ સમજો.

## બાપા આપણી સાથે જ છે

યોગીજી મહારાજના ધામગમન બાદ સત્સંગ-સમુદાય યોગીની યાદમાં ખોવાયેલો હતો. હજીયે યોગીજી મહારાજનો ખોંખારો, ધબ્બો, ઘેરો સ્વર, તાળીઓના પડકારા, હાથનાં લટકાં, હસતું મુખારવિંદ યોગીના વિયોગને ઘેરો બનાવતા હતા. તે વખતે વિરહાગ્નિથી સંતપ્ત હૈયાંઓ પર સ્વામીશ્રીના શીતળ સંજીવની સમા આ શબ્દો વરસી રહ્યા કે –

‘પૂજ્ય સ્વામીબાપા અક્ષરધામ પધારતાં આજ આપણે સર્વે મહાન દુ:ખનો આંચકો અનુભવીએ છીએ. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ જતાં જે દુ:ખ સર્વેને થયેલું તે કરતાં પણ વિશેષ આ વખતે પૂજ્ય સ્વામીબાપા પધારતાં સર્વને થયું છે. શ્રીજીમહારાજ અને શાસ્ત્રીજી મહારાજ પધારતાં તેઓ પોતે પોતાની પાછળ સર્વે માટે મહાન કાર્ય અને જવાબદારી મૂકી ગયા હતા. અને દરેકે એકમના થઈ, એક રુચિ રાખીને કાર્ય કર્યું હતું. તેમ જ પૂજ્ય બાપા પણ આપણા માટે મહાન જવાબદારી ને વિશાળ કાર્ય મૂકી ગયેલ છે. તે જવાબદારી ને કાર્ય ઉપરોક્ત વાત ધ્યાનમાં રાખી કરીશું તો પૂજ્ય બાપા આપણી સાથે જ છે અને પોતાનાં કાર્ય તે પોતે જ પૂરાં કરશે.’

સંસ્થાકીય સામયિક ‘પ્રકાશ’માં રેલાયેલી સ્વામીશ્રીની આ વાણીથી સમગ્ર સત્સંગ પુનઃ ચેતનવંતો બની ગયો. ગુણાતીતાનંદ સ્વામીએ પૂજેલા જે શ્રીહરિકૃષ્ણ મહારાજની સેવા અત્યાર સુધી યોગીજી મહારાજ કરતા, તે સેવા હવે સ્વામીશ્રીએ સ્વીકારી લીધી અને પોતાના પ્રાણપ્રિય એ ઠાકોરજીની સાથે તેઓ તા. ૫/૨ના રોજ ‘સૌરાષ્ટ્ર મેલ’ દ્વારા મુંબઈ જવા નીકળી પડ્યા.

ટ્રેનમાં સૂવાની સુવિધા તો હતી, પરંતુ સ્વામીશ્રીની મુસાફરી ઉજાગરામાં જ વીતી, કારણ કે લગભગ કલાકે-કલાકે આવતાં સ્ટેશનોએ ભક્ત-સમુદાય દર્શનાર્થે ઊમટતો જ રહ્યો. દરેક સ્ટેશને સ્વામીશ્રી જાગ્રત થઈને ટ્રેનના દરવાજે કે પ્લૅટફૉર્મ પર પધારે. સૌને દર્શન-સાંનિધ્યનું સુખ આપે. ભક્તોને ગુરુના સ્પર્શનો રોમાંચ અનુભવવાનો ઉમળકો હોય. તેથી ચરણસ્પર્શ માટે પડાપડી થાય. છતાંય સ્વામીશ્રી સ્વસ્થતાપૂર્વક સૌને સંતોષે. રોકાણ અલ્પ હોય પણ

સ્મૃતિ કાયમની આપીને તેઓ વિદાય લે, ત્યારે અડધી રાતેય ગુરુ માટે જાગતા શિષ્યો અને શિષ્યો માટે જાગતા ગુરુને જોઈ સૌને આ સંપ્રદાયના ગુરુ-શિષ્ય સંબંધનો પરિચય મળતો જતો.

## એક રહેણી-કહેણી

તા. ૬/૨ની સવારે ટ્રેન મુંબઈ પહોંચવાની હતી. મુંબઈના હરિભક્તો તો સ્વામીશ્રીને વધાવવા થનગની રહેલા, કારણ કે ગુરુપદે બિરાજ્યા બાદ તેઓ પ્રથમ વાર મુંબઈને પાવન કરવાના હતા. એક પખવાડિયા પહેલાં યોગીજી મહારાજના પાર્થિવ શ્રીવિગ્રહને લઈને આ જ મુંબઈથી સ્વામીશ્રી નીકળેલા. આજે એ જ યોગીજી મહારાજને પોતાના અંગોઅંગમાં ધારણ કરીને તેઓ આવી રહેલા. તેથી સ્વાગતની તૈયારીઓનો દબદબો પ્રથમ આગમન પ્રમાણે જ હતો. સૌ ફર્સ્ટ ક્લાસનો ડબ્બો જ્યાં થોભવાનો હતો ત્યાં પ્રતીક્ષા કરતાં ઊભા હતા.

થોડી વારમાં જ વ્હીસલ વગાડતી ટ્રેન આવી. ધીમી પડતી-પડતી પ્લૅટફૉર્મ પર ઊભી રહી. 'સ્વામીશ્રી પધારી ગયા...' એ વિચારથી સૌ બુલંદ જયનાદો ગજાવવા લાગ્યા. હમણાં સ્વામીશ્રી નીચે ઊતરે અને હારતોરાથી સત્કારીએ – એમ ચિંતવતાં સૌ ઉપરતળે થઈ રહ્યા.

પરંતુ આ શું ? ફર્સ્ટ ક્લાસના સઘળા મુસાફરો ઊતરી ગયા, છતાં સ્વામીશ્રીનાં દર્શન ન થતાં સૌ અવઢવમાં અટવાવા લાગ્યા. 'સ્વામીબાપા ક્યાં ?' એ પ્રશ્ન સૌના હોઠે ઘુમરાવા લાગ્યો.

એટલામાં સ્વામીશ્રી તો થર્ડ ક્લાસના ડબ્બામાંથી ઊતરતા દેખાયા ! આ જોતાં જ સૌ શબ્દશૂન્ય થઈ ગયા ! હજારોના જીવનપ્રાણ થયા પછી પણ તેઓની સાદગી અને નિર્માનીતા એવાં ને એવાં જ જોઈને ભક્તો તો ઓવારી ગયા !

જેમ પ્રમુખપદ સ્વામીશ્રીની જીવનશૈલીમાં કોઈ ફર્ક પાડી શક્યું નહોતું, તેમ ગુરુપદ પણ તેઓની જીવનશૈલી રંચમાત્ર બદલી શક્યું નહીં.

## પ્રમુખસ્વામી યોગીજીનું મુખ છે

મુંબઈમાં તા. ૬/૨ની રાત્રે ૮ થી ૧૦ વાગ્યા દરમ્યાન પોદાર કૉલેજના સભાગૃહમાં યોગીજી મહારાજની શ્રદ્ધાંજલિ સભા યોજાઈ હતી. આ સમારોહમાં

ભાગવત-રસજ્ઞ શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રીજીએ જણાવેલું કે 'હવે યોગીજી જે બોલવા ઇચ્છે છે તે પ્રમુખસ્વામી દ્વારા બોલશે. પ્રમુખસ્વામી એ યોગીજીનું મુખ છે. યોગીજીના સ્પર્શથી જે સુખ મેળવતા તે પ્રમુખસ્વામી દ્વારા મેળવવાનું છે. યોગીજી મહારાજ અંતર્ધાન નહીં, પણ પ્રમુખસ્વામીમાં અંતર્નિહિત થયા છે.'

પંડિત-પ્રવર શ્રીગોપાલાચાર્યજી પણ આવી જ અનુભૂતિ સાથે બોલેલા કે 'પ્રમુખસ્વામી એ યોગીજી મહારાજનું પ્રતિબિંબ છે. 'પ્રતિમુખ સ્વામી !' સ્વામી પ્રતિ જેનું મુખ છે તેવા પ્રમુખસ્વામી દ્વારા હવે યોગીજી મહારાજ બધું કાર્ય કરશે !'

આમ, સ્વામીશ્રીના મુખ પર ચમકી રહેલી બ્રહ્મતેજની આભામાં વિદ્વાનો ખરેખરા ખેંચાઈ ગયા.

આ પ્રસંગે સ્વામીશ્રીએ પણ ભક્તિભીના કંઠે ભાવાંજલિ આપી કે 'આજે અહીં પધારેલા પૂજનીય સંતોએ યોગીજી મહારાજના જે ગુણો ગાયા તે સાંભળીને લાગ્યું કે આપણે યોગીજી મહારાજને જાણતા હતા તે કરતાં પણ તેઓ વધારે મહાન હતા. આપણે તેઓને સમજવામાં બાકી હતું તેમ લાગ્યું. યોગીજી મહારાજની શક્તિનો અનુભવ અત્યારે થાય છે. તેઓ મહાન હતા છતાં નાનામાં નાના જ રહ્યા. અમે ઘણા જ નાના છીએ, બાળકો છીએ. આપ સર્વેનો આશીર્વાદ છે તો તે કાર્ય ઉપાડવાની શક્તિ આપો તે પ્રાર્થના.'

સ્વામીશ્રીનાં આ વચનોમાં રહેલી નમ્રતા સૌને પ્રભાવિત કરી ગઈ. ગુરુપદના ભાવ અને ભારથી મુક્ત આ ગુરુ પ્રત્યે સૌનાં હૈયે અહોભાવ જાગી ગયો.

## અમદાવાદમાં અસ્થિ-વિસર્જન

મુંબઈના નિવાસ દરમ્યાન સ્વામીશ્રી કથાવાર્તા દ્વારા સૌને તૃપ્તિ પમાડતા. પધરામણીઓ કરી સૌના મનોરથો પૂરા કરતા. ગુરુપદે બિરાજ્યા પહેલાં તેઓ જેમ સૌ સાથે હળતા-મળતા એ તેઓનો ક્રમ આજે પણ ચાલુ હતો. પરંતુ હરિભક્તોની આંખોમાં હવે મહિમાનાં આંજણ અંજાઈ ગયાં હતાં. તેથી સૌ દોડી-દોડીને લાભ લેવા ઊમટતા. સ્વામીશ્રી પણ સૌને રાજી કરતા.

આ રોકાણ દરમ્યાન જ્ઞાનપ્રિયદાસ સ્વામી[1] અક્ષરવાસી થતાં, પવઈની

---

૧. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના પૂર્વાશ્રમના મોટાભાઈ.

અક્ષરવાડીમાં તેઓનો અંત્યેષ્ટિવિધિ કરી, સ્વામીશ્રી તા. ૧૪/૨ની સવારે અમદાવાદ આવી પહોંચ્યા.

અત્રે યોજાયેલી યુવાસભામાં આશીર્વાદ આપતાં તેઓએ જણાવ્યું કે 'યુવકો યોગીજી મહારાજનું હૃદય છે. જેમ હૃદય આખાયે શરીરમાં લોહી પહોંચાડવાનું કામ કરે છે, તેમ પરમ પૂજ્ય યોગીજી મહારાજનો આદર્શ દેશ-વિદેશમાં પહોંચાડવાનું કામ યુવકોએ કરવાનું છે.'

આ જ દિવસની સાંજે સાબરમતીના પ્રાસાદિક જળરાશિમાં યોગીજી મહારાજના અસ્થિ-વિસર્જનનો કાર્યક્રમ ગોઠવવામાં આવેલો. તે માટે લગભગ છ હજાર જેટલા ભક્તો-ભાવિકો બપોરે ત્રણ વાગ્યે મંદિરના પરિસરમાં એકત્રિત થઈ ગયેલા. સ્વામીશ્રીએ બૅન્ડ-વાજાંના ઘોષ અને વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે અસ્થિકુંભનું પૂજન કર્યું. ત્યારબાદ અસ્થિકુંભની યાત્રા નીકળી. શહેરની શાળાઓનાં બૅન્ડની સુરાવલિઓ તથા આસપાસનાં ગામોની ભજનમંડળીઓની રમઝટ સાથે સૌ ભક્તો ધૂન-ભજન કરતાં કરતાં નારાયણ ઘાટે પહોંચ્યા. અહીં વેદોક્તવિધિપૂર્વક પૂજન-આરતી કરીને સ્વામીશ્રીએ જ્યારે અસ્થિફૂલોનું વિસર્જન કર્યું ત્યારે ગગનભેદી જયનાદોથી ઘાટ ગુંજી ઊઠ્યો.

અસ્થિ-વિસર્જન બાદ નારાયણ ઘાટ પર આવેલા સ્વામિનારાયણ મંદિરે દર્શન કરી સ્વામીશ્રી તા. ૧૫/૨ની સાંજે ભાવનગર આવી પહોંચ્યા.

## પ્રેમનો પુરાવો

જેમ છત્ર-ચામર રાજાનાં અને દંડ-કમંડળુ સંન્યાસીનાં અવિભાજ્ય અંગ ગણાયાં છે, તેમ પધરામણી સ્વામીશ્રીનું અવિભાજ્ય અંગ ગણી શકાય તેમ હતી. તેઓ જ્યાં જાય ત્યાં પધરામણીનું આયોજન તો હોય જ. દુનિયાના કોઈ મહાપુરુષે હાથમાં નહીં ઝાલ્યું હોય એવું આ આયોજન સ્વામીશ્રીએ હાથ ધરેલું. અને હા, આ પધરામણી એ કોઈ ઔપચારિક સંપર્ક કે મુલાકાત માત્ર નહોતી, પરંતુ તે સ્વામીશ્રીના ભક્તો પ્રત્યેના પ્રેમના પુરાવારૂપ હતી.

આમ જુઓ તો પધરામણીઓ એટલે અગવડોના અધ્યાયો. તેમાં ક્યારેક વ્યક્તિ-વાહનની અગવડ વેઠવાની આવે, તો ક્યારેક માર્ગ-મકાનની મુશ્કેલી સહન કરવાની હોય! ક્યારેક સમય-સંજોગની પ્રતિકૂળતાના ખૂણા વાગે, તો ક્યારેક શરીર-સ્વાસ્થ્યને રગડવાનું હોય! અને આ બધું હંગામી ધોરણે નહીં પણ કાયમનું! કષ્ટ ભોગવવાની અવધિ ખબર પડી જાય તો કષ્ટ

સહેવાનું સહેલું બની રહે; પરંતુ પધરામણીઓનો દોર તો ક્યાં સુધી લંબાય તેનાં કોઈ વાર-મૂરત નહીં. તેમ છતાં કષ્ટદાયક પધરામણીને જીવનના કાયમી ક્રમ તરીકે સ્વામીશ્રીએ અપનાવી લીધેલી, કારણ કે પ્રેમમાં કષ્ટની વાત કેવી?

સ્વામીશ્રી પધરામણીમાં જાય ત્યારે જે તે ઘર-પરિવારની અશુદ્ધિનું સબોળ સ્નાન થઈ જાય. આહારથી લઈને ઉપાસના સુધીની શુદ્ધિ તેઓ કરે. જીવનમાં વ્યસન-દૂષણ પ્રવેશ્યાં હોય કે ઘર-ગળામાં દોરા-ધાગા – સ્વામીશ્રી બધું દૂર કરે. દબાણથી નહીં, પણ પ્રેમના દાવે. કુટુંબીઓમાં પરસ્પર વૈમનસ્ય વકર્યું હોય તો તેનું નિરાકરણ કરીને સંબંધોને પણ સુમેળભર્યા કરે.

પધરામણીમાં પશુથી પુત્ર સુધીનાં સૌનું જતન થાય, કારણ કે પધરામણી કરાવનાર પોતાના ઘર જ નહીં પણ ઘરની આગળ-પાછળ આવેલી ગમાણ સુધી સ્વામીશ્રીને લઈ જાય. ત્યાં બાંધેલાં ઢોર-ઢાંખર પર પણ સ્વામીશ્રીનો હાથ મુકાય, પુષ્પ વેરાય. આમ કરવામાં સ્વામીશ્રી લેશપણ પ્રતિષ્ઠાભંગ ન અનુભવે, કારણ કે પ્રેમમાં પ્રતિષ્ઠાભંગનો પ્રશ્ન ક્યાંથી?

પધરામણીઓ ભરચક હોય તેથી સ્વામીશ્રી તે કરવામાં ઝડપ જરૂર રાખે, પણ ઉલાળિયું બિલકુલ ન થવા દે. દરેકનું પૂજન પ્રેમથી સ્વીકારે. સ્વામીશ્રીને ચાંદલા કરવામાં બાળક-બૂઢા સૌ હોય! તેઓને ભાલમાં વચ્ચોવચ્ચ ચાંદલો કરવામાં આઘું-પાછું થાય જ. તેથી પધરામણીનું એક સત્ર પૂરું થાય ત્યારે સ્વામીશ્રીનો ભાલપ્રદેશ કંકુવર્ણો થઈ જાય. પરંતુ તેનો લેશ કંટાળો તેઓના મુખ પર ન જણાય, કારણ કે પ્રેમમાં કંટાળાને અવકાશ ક્યાંથી?

આવી રીતે થતી તેઓની પધરામણીનો કોઈ નિશ્ચિત નકશો પણ ન હોય. '*પગલે પગલે પંથ ફૂટે*'ની જેમ પધરામણીએ પધરામણીએ નવી કેડીઓ ખૂલતી જાય. હરિભક્તના ઘેર પધરામણીએ આવેલા સ્વામીશ્રીને જોઈને પાડોશીને પણ તેઓને પધરાવવાનો ઉમંગ જાગી જાય. ભલે તે અજાણ્યો હોય તોય સ્વામીશ્રી ત્યાં જાય. પ્રેમમાં પરિચયની પળોજણ કેવી?

આમ, પ્રેમથી પગલાં પાડતાં, પ્રેમનાં પગલાં પાડતાં સ્વામીશ્રી પધરામણીઓ કરતા રહેતા.

ભાવનગરના બે દિવસના રોકાણમાં તેઓએ પચાસ જેટલા ભક્તોનાં ખોરડાં-ઓરડાં પાવન કર્યાં. આ પધરામણીઓની તડામારીમાં જ તેઓ સિહોરમાં એક ઔદ્યોગિક સંકુલનું ઉદ્‌ઘાટન પણ કરી આવ્યા.

ત્યારબાદ તા. ૧૮/૨ની રાત્રે ઢસા થઈને ગઢડા પધારેલા સ્વામીશ્રીના

આગમનથી અહીંના મંદિરનો પથ્થર-પથ્થર પુલકિત થઈ ગયો! કારણ કે, આ મંદિરના એકેએક પથ્થરને તેઓ સાથે પૂરવની પ્રીત! મકરાણાની ખાણમાં પડેલા તેને દર્શનીય બનાવનાર જ સ્વામીશ્રી! તેથી પોતાના આ ઉદ્ધારકને એક-એક કણ-કાંગરા વધાવી રહ્યા!

## સ્તુતિના શાશ્વત સૂર

સ્વામીશ્રીને સંપ્રદાયનું સુકાન સંભાળ્યાને હજી મહિનો પણ વીત્યો નહોતો, પરંતુ આ અલ્પ સમયમાં જ સૌનાં હૈયાં તેઓમાં યોગીજી મહારાજની આભાને અનુભવવા લાગેલાં. આ અનુભવમાં યોગીજી મહારાજે વખતોવખત આપેલી સ્વામીશ્રીની ઓળખના શબ્દોમાં વિશ્વાસ તો કારણભૂત હતો જ, પરંતુ સાથે સાથે સ્વામીશ્રીના સદ્‌ગુણોનો પ્રભાવ પણ નાનો-સૂનો નહોતો. યોગીજી મહારાજના જ જીવનનો પડઘો પાડતું તેઓનું વ્યક્તિત્વ સૌ માટે સત્પુરુષના પ્રાગટ્યની પ્રતીતિ કરાવનારું હતું.

આ જ પ્રતીતિમાંથી તા. ૧૯/૨ના રોજ સંપ્રદાયના બે વિદ્વાન સંતોનાં હૈયેથી સ્તુતિના શાશ્વત સૂરો ફૂટી નીકળ્યા કે –

*'શોભો સાધુગુણે સદા સરળ ને, જક્તે અનાસક્ત છો,*
*શાસ્ત્રીજી ગુરુ યોગીજી ઉભયની, કૃપાતણું પાત્ર છો;*
*ધારી ધર્મધુરા સમુદ્ર સરખા, ગંભીર જ્ઞાને જ છો,*
*નારાયણસ્વરૂપદાસ ગુણીને, સ્નેહે જ વંદું અહો!'*

દોઢ દાયકા સુધી અતિ નિકટથી યોગીજી મહારાજનું સાંનિધ્ય પામનાર કોઠારી સ્વામી અને નારાયણ ભગતના આ પ્રતીતિજન્ય સૂરો વહેતા જ રહ્યા અને સ્વામીશ્રીના ગુણાષ્ટકનો ઉપહાર સૌને પ્રાપ્ત થયો![2]

ગુરુપદે બિરાજ્યાના માત્ર મહિના-દા'ડામાં જ સ્વામીશ્રી લાખોનાં હૈયે આવી પ્રતીતિ જન્માવી શક્યા તે ઘટનાથી જ તેઓની ગુણાતીત સ્થિતિનું પ્રમાણ મળી રહે છે. વીસ-વીસ વર્ષથી યોગીજી મહારાજમાં ગળાડૂબ થયેલો સંત-ભક્ત સમાજ, માત્ર ત્રીસ દિવસમાં જ સ્વામીશ્રીમાં આવો ગુલતાન થઈ જાય, એ વાત એના એ જ ગુણાતીત સત્પુરુષના અખંડ પ્રાગટ્ય વિના કેવી રીતે સંભવે!

---

૨. સ્વામીશ્રીની પ્રતિભાનું વર્ણન કરતી આ સ્તુતિ આજે વિશ્વભરમાં લોકજીભે રમતી થઈ ગઈ છે.

## સન્માન કરતાં સત્સંગી અધિક

ગઢડાથી બોટાદ થઈને સારંગપુર આવી પહોંચેલા સ્વામીશ્રી તા. ૨૦/૨ના રોજ રોહીશાળા જવા નીકળ્યા. શ્રીજીમહારાજે આ ગામના પાદરે વહેતી નદીના કિનારે બેસીને ગામવાસીઓને આશીર્વાદ આપેલા. આ શ્રીજી-ચરિત્રની ચિરંતન સ્મૃતિ રહે તે માટે અહીં ઓટો અને છત્રી કરવામાં આવ્યાં હતાં. ત્યાં શ્રીજીમહારાજનાં ચરણારવિંદની પ્રતિષ્ઠા કરવા જઈ રહેલા સ્વામીશ્રીએ રસ્તામાં લાઠીદડ અને લાખિયાણીને લટકાંનો લાભ આપ્યો. ત્યારબાદ રોહીશાળામાં વેદ-મંત્રોના ધ્વનિ વચ્ચે પ્રતિષ્ઠા કરીને આરતી ઉતારી. બાજુમાં હનુમાનજી પણ પધરાવ્યા.

શ્રીજીમહારાજે નદીકિનારે સભા ભરેલી એ લીલાની સ્મૃતિ કરવા ભક્તોએ આજે અહીં જ સભાનું આયોજન કરેલું. તે મુજબ સ્વામીશ્રીએ નદીના રેતાળ તટ પર હેતાળ વચનો કહી સૌને શ્રીજી-સંનિધિનું સુખ આપ્યું. આવું જ સુખ આપવા તેઓ વિચરણ કરતાં કરતાં ખેડા પધાર્યા.

અહીં તા. ૨૧/૨ના દિવસે એકાદશી હતી. વ્રત-તપમાં પર્વતપ્રાય સ્વામીશ્રીને આજે મોંમાં જળ-કણ પણ મૂક્યા વિના નિર્જળા ઉપવાસ હતો. છતાં તેઓના કાર્યક્રમની ભરમારમાં કોઈ કાપ નહોતો. સવારે પ્રાતઃપૂજાથી પરવારીને તેઓએ પ્રાતઃકથા પછી પધરામણીઓ ચલાવી. ખેડાની પધરામણી પૂરી થઈ એટલે બાજુમાં વસેલા સોખડા ગામે પધરામણીઓ કરી. ત્યાંથી બપોરે દોઢ વાગ્યે ખેડા પરત ફરી, બપોરે ત્રણ વાગ્યે મહેળાવ પધારી ગયા.

અહીં સ્વામીશ્રીના સ્વાગતની અપૂર્વ તૈયારીઓ કરવામાં આવેલી. ધ્વજધારી હરિભક્તો, ભજન-મંડળીઓ, બેન્ડ, સકળશ મહિલાવૃંદ વગેરેથી સત્કારનો રસાલો ખરેખરો શોભી રહેલો.

સ્વામીશ્રી પધારતાં જ ગગનભેદી જયનાદો થયા. પુષ્પો વરસ્યાં. ધ્વજ ફરક્યા. ઢોલ ઢબૂક્યાં. કરતાલો રણઝણી ઊઠી. બેન્ડની સુરાવલીઓ વહી રહી. તે સાથે જ સ્વાગતયાત્રાનો શુભારંભ થયો. મકાનોનાં છત-છાપરે અને ગોખલે-ઓટલે ચઢીને સૌ સ્વામીશ્રીને નીરખી રહ્યા. ગલીએ ગલીએ માંગલિક દ્રવ્યો ઊછળતાં રહ્યાં. મહિલાઓ દૂરથી આંગળીઓના ટચાકા ફોડતી ઓવારણાં લઈ રહી; પરંતુ સ્વામીશ્રી તો નિમિલિત નયને માળા ફેરવતાં શ્રીજીમાં એકતાર થઈ બિરાજેલા. સન્માનના સૂર તેઓના કર્ણપટલ સુધી જાણે

પહોંચ્યા જ નથી તેવી નિર્લેપતા તેઓના મુખારવિંદ પર તરી રહેલી.

મહેળાવનું આ સ્વાગત સ્વીકારીને સ્વામીશ્રી ઉતારે ન જતાં એક બીમાર હરિભક્તનાં ખબર-અંતર પૂછવા સીધા જ બોચાસણ પધાર્યા. સન્માન કરતાંય સત્સંગી અધિક વહાલાં થયાં હોય, તો જ સન્માનના શોર વચ્ચે પીડિતનો પોકાર સાંભળી શકવાની આવી સંવેદનશીલતા સંભવી શકે.

બોચાસણથી રાત્રે સવા નવ વાગ્યે પુનઃ મહેળાવ પહોંચીને સ્વામીશ્રીએ સત્સંગ-સભામાં અગિયાર વાગ્યા સુધી કથામૃતનું પાન કરાવ્યું. ત્યારબાદ આવતીકાલના આયોજનને આકાર આપીને, ચેષ્ટાગાન કરીને તેઓ પોઢવા પધાર્યા ત્યારે ઘડિયાળના કાંટા બરાબર બાર વાગ્યાનો સમય બતાવી રહેલા.

સભાઓ, પધરામણીઓ, મુસાફરીઓ અને નગરયાત્રાના ભીડાએ આજની નિર્જળા એકાદશીનો પૂરેપૂરો કસ કાઢી નાંખેલો. સૌ સહપ્રવાસીઓ પણ થાકીને લોથ થઈ ગયા હતા. પરંતુ સ્વસ્થ હતા એકમાત્ર સ્વામીશ્રી! તેઓનું રોમરોમ ગાઈ રહેલું : *'આજ એકાદશી સુફળ ફળી...'*

## તમે સૌ હીરાનું ધ્યાન રાખશો

મહેળાવ એટલે યોગીજી મહારાજને પ્રાણ કરતાંય પ્રિય ભૂમિ. ગુરુની આ રમણભૂમિમાં પારાયણ કરવાનો તીવ્ર સંકલ્પ યોગીજી મહારાજને હતો. તેઓએ મલાવીમાં રહેતા હરમાનભાઈ અને તેઓના સુપુત્રોને કહેલું પણ ખરું કે 'તમે ફેબ્રુઆરીમાં મહેળાવ આવજો. તમારે ત્યાં પારાયણ કરીશું.'

યોગીજી મહારાજના આ સંકલ્પને પરિપૂર્ણ કરતા પારાયણનું ભવ્ય આયોજન સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલું. તે માટે ગામની શાળાના વિશાળ ચોગાનમાં કલાત્મક સભામંડપ રચવામાં આવેલો. સભામંડપની શોભાના શિખર સમો સુશોભિત મંચ જાપાનીઝ સુશોભન પદ્ધતિ મુજબ કલાત્મક રીતે શણગારાયેલો. ઠાકોરજીનું સુંદર સિંહાસન, વક્તાની વ્યાસપીઠ અને સ્વયં-સંચાલિત ચક્રની પાર્શ્વભૂ ધરાવતું સ્વામીશ્રીનું ઉચ્ચ આસન અદ્‌ભુત શોભી રહેલાં! તે આસન પર બિરાજેલા સ્વામીશ્રીને જોતાં જ *'દિવ્ય સભાપતિરાય બૈઠે...'* પંક્તિઓ સૌના મુખમાંથી અનાયાસે ફૂટી નીકળતી હતી.

ગુરુપદે બિરાજ્યા બાદ સૌપ્રથમ વાર આવા જાહેર પારાયણનો લાભ સ્વામીશ્રીના મુખે મળવાનો હતો. આ પારાયણનું પ્રમુખ આકર્ષણ જ આ હતું. તેથી સ્વામીશ્રીના સ્વરની મધુરતા, શબ્દોની પવિત્રતા અને શૈલીની સરળતાના

ત્રિવેણી સંગમમાં સ્નાન કરવા પ્રથમ દિવસથી જ જબરજસ્ત માનવપ્રવાહ મહેળાવની વાટે વહેવા લાગ્યો. રોજ સવારે નવથી અગિયાર વાગ્યા સુધી સ્વામીશ્રી અસ્ખલિતપણે 'સત્સંગિજીવન'ના અધ્યાયો નિરૂપીને સૌને બ્રહ્માનંદ પમાડતા. સાંજે પાંચથી સાડા છ વાગ્યા સુધી સંતો શાસ્ત્રીજી મહારાજના જીવનચરિત્રનું રસપાન કરાવતા. રાત્રે યોજાતી જાહેર-સભામાં પણ સ્વામીશ્રી વરસતા. આમ, વહેલી સવારથી મોડી રાત સુધી કથારસની એવી છોળ્યો ઊછળતી કે યોગીજી મહારાજના સાંનિધ્યમાં જ પારાયણ યોજાયું છે – તેવી પ્રતીતિ સૌ પ્રત્યેક પળે કરી રહ્યા.

પારાયણની આ ભરચકતામાં જ સ્વામીશ્રીએ ડભાણ, બોચાસણ, બાંધણી અને ચાંગાની વાટો ખેડી નાંખી. સાથે સાથે મહેળાવમાં સો ઉપરાંત પધરામણીઓ અને પ્રાસાદિક સ્થળોની દર્શનયાત્રા પણ કરી.

પરંતુ આ પારાયણના બીજા દિવસે એક અનેરી ઘટના બની ગઈ. તે સમયે સ્વામીશ્રીની કથા બાદ સંત સ્વામીના હાથમાં કથાનો દોર આવતાં, તેઓએ ગાંડિવના ધનુષટંકાર સમી વાણી વહાવતાં કહ્યું –

"રામાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને નાની વયમાં ધર્મધુરા સોંપી ત્યારે જે દૈવી જીવ હતા તે એમાં ભળી ગયા; પણ રુચિ બહારનો રઘુનાથ નોખો પડ્યો, પણ આપણે સમજી લેવું જોઈએ કે સત્સંગના ધણી આપણને નથી કર્યા; પ્રમુખસ્વામીને કર્યા છે. માટે તેમાં ભળી જવું, તેમાં હેત કરવું, તેમને સાથ આપવો એ જ જ્ઞાન છે. કોઈએ વાડા બાંધવા નહીં ને કોઈ બાંધે તેને પ્રોત્સાહન આપવું નહીં. યોગીજી મહારાજે કહ્યું : 'નારાયણ સ્વામી (પ્રમુખસ્વામી) દ્વારા મારા સંકલ્પો પૂરા થશે.' આપણે સૌ ગુણાતીતના છીએ, તો તેમ સમજવું ને સંપીને રહેવું. જે કોઈ જુદા પડે છે તે અસમાસ કરે છે. *'સોના સાગર રેલિયો, માંહી હીરા તણાતા જાય; કરમહીણાના હાથમાં, શંખલાં વીણાતાં જાય.'* તેમ તમે સૌ હીરાનું ધ્યાન રાખશો. રુચિ સારી કેળવશો. સત્સંગની વૃદ્ધિ કરતા રહેશો."

તાળીઓના પ્રચંડ ગડગડાટથી સૌએ આ ઉદ્‌ઘોષણાને વધાવી લીધી.

## પ્રમુખસ્વામી મહારાજની જય !

સંત સ્વામીના વેધક ઉદ્‌બોધનની વધામણીમાં વરસતો તાળીઓનો નાદ હજી તો વિરમે તે પહેલાં જ તેઓએ પોતાના પ્રવચનના અંતે ઊંચા

અવાજે 'પ્રમુખસ્વામી મહારાજની જય!' બોલાવી. આ જયનાદમાં પોતાના બુલંદ સ્વરની મિલાવટ કરતાં હજારો કંઠે પ્રતિઘોષ પાડ્યો : 'પ્રમુખસ્વામી મહારાજની જય!'

આ જયનાદ કેટલીયે ઘડી સુધી વાતાવરણને ભરતો રહ્યો, કારણ કે હજારો હૈયાંની લાગણીને આજે ખુલ્લેઆમ વાચા મળી હતી.

પરંતુ આ જયકાર એકને ગમ્યો નહીં! તે હતા સ્વયં પ્રમુખસ્વામી મહારાજ! *'કાળ સમાન સન્માનકું જાનત...'*ની રીતિથી જ રહેવા ટેવાયેલા તેઓ હાથ જોડીને સંત સ્વામીને કહેવા લાગ્યા : 'આપણી જય હોય નહીં. જય તો મહારાજ, સ્વામી અને શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજની હોય!'

આ વખતે સંત સ્વામીએ નમ્રતાપૂર્વક હાથ જોડીને કહ્યું : 'પ્રમુખસ્વામી! આપ સંપ્રદાયના જીવનપ્રાણ છો! અનેકના મોક્ષદાતા છો. તમ સરખા સંત ક્યાંથી હાથ આવે? તમે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિથી પૂર્ણ છો. અમે તમારી જય કેમ ન બોલાવીએ?'

તેઓના આ શબ્દોને સમગ્ર સત્સંગનું સમર્થન હતું. 'प्रत्यक्षे गुरवः स्तुत्याः ...' – ગુરુની સ્તુતિ તે પ્રત્યક્ષ હોય ત્યારે કરવી એ શાસ્ત્રવચન પણ સંત સ્વામીના પક્ષમાં હતું. તેથી 'પ્રમુખસ્વામી મહારાજની જય'નો નાદ ઊઠી ગયો, જે આજેય અવની-આકાશથી માંડીને જન-જનનાં હૈયાંને અનેરા રસ-રોમાંચનો અનુભવ કરાવી રહ્યો છે.

સ્વામીશ્રીની 'જય'નો આરંભ કરાવતો પારાયણનો આ દ્વિતીય દિન ઇતિહાસમાં અદ્વિતીય બનીને કોતરાઈ ગયો!

## આદેશ ઝીલે તેને બાપા નજીક જ છે

પારાયણના ચોથા દિવસે નર્મદાના નીરમાં યોગીજી મહારાજના અસ્થિ-વિસર્જનનો કાર્યક્રમ ગોઠવાયેલો. તે માટે તા. ૨૫/૨ની સવારે વડોદરાથી રવાના થનાર દસ ડબ્બાની અસ્થિ-વિસર્જન સ્પેશિયલ ટ્રેન, તોરણો અને ધજાપતાકાથી શણગારવામાં આવેલી.

સ્વામીશ્રી અને સંતો સવારે ૭:૪૫ વાગ્યે મહેળાવથી વડોદરા આવી પહોંચ્યા ત્યારે પોલીસ બૅન્ડે સલામી આપી તેઓનું સ્વાગત કર્યું. અસ્થિકુંભ માટે ટ્રેનમાં ખુલ્લી બોગી જોડવામાં આવી હતી. તેમાં રખાયેલા ચાંદીના માહ્યરામાં શ્રી ફતેહસિંહ ગાયકવાડના હસ્તે કુંભ પધરાવાયો. સ્વામીશ્રીએ

ગદ્ગદભાવે કુંભને દંડવત કર્યા અને ૮:૧૫ વાગ્યે જયઘોષ સાથે એક હજાર ભક્તોને લઈ ટ્રેને પ્રયાણ કર્યું. સ્ટેશને સ્ટેશને ભાવિકો, સ્ટેશન માસ્તરો અને રેલવે કર્મચારીઓ કુંભના પૂજનમાં જોડાતા હતા.

૧૨:૪૫ વાગ્યે ટ્રેન શિનોર પહોંચી ત્યારે અહીં સ્થળે-સ્થળે કમાનો, ધજાપતાકા અને સ્વાગત-સૂત્રોથી સૌએ પોતાનો ભક્તિભાવ દર્શાવ્યો. પુષ્પ, અક્ષત અને પૈસાના સિક્કાથી કુંભને વધાવતાં સૌ ભાવાર્દ્ર બની રહ્યાં. સવા કલાકે નગરયાત્રા સ્ટેશનેથી રેવા નદીના ગણપતિ ઘાટે પહોંચી.

અહીં પણ હજારો મુમુક્ષુઓની ભીડ જામી હતી. સભા શરૂ થઈ ત્યારે દૂર દૂર સુધી પથરાયેલી જનમેદનીની આંખો ક્યારેક કુંભ તરફ તો ક્યારેક સ્વામીશ્રી તરફ મંડાયેલી રહેતી, કારણ કે સૌને જોગીની ઝાંખી તેઓમાંથી મળતી હતી. વીસેક હજાર જેટલા ભાવિકો તડકામાં બેસીને પણ આ લાભ લઈ રહ્યા હતા. વાતાવરણની દિવ્યતા આંકવા શબ્દો સાચે જ ટાંચા પડે એવું ભાવાવરણ સમગ્ર સમૂહને આવરી રહેલું.

અસ્થિ-વિસર્જનની આ સભાના અંતે આશીર્વચન વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'હજારો મનુષ્યો નદીમાં આવી પાપમુક્ત થાય છે. તે નદીને પવિત્ર કરવા મહાન પુરુષનાં અસ્થિ તેમાં વિસર્જન કરીએ છીએ. પશુ-પંખી પાણી પીશે, સ્નાન કરશે તેનું સારું થવાનું છે. આપણા ગુરુ હતા તે ગયા એટલે દુ:ખ થાય, પણ તેમનો આદેશ જે સમજે છે, તેને જે સંપૂર્ણ ઝીલી લે છે, તેને બાપા નજીક જ છે.'

આ આશીર્વાદની સમાપ્તિ બાદ સ્વામીશ્રી અસ્થિ-વિસર્જન માટે પધાર્યા. ઘાટના છેક નીચેના પગથિયે પાંચ હોડી સુંદર રીતે શણગારીને રાખી હતી. કુંભની સાથે ઠાકોરજી સહિત સ્વામીશ્રી બિરાજ્યા અને હોડી મધ્ય પ્રવાહ તરફ સરકવા લાગી. બપોરે ૨:૨૦ વાગ્યાનો સમય થયો હતો. આકાશમાંથી ફ્લાઇંગ ક્લબનું હેલિકૉપ્ટર ક્યારનું પુષ્પવૃષ્ટિ કરી રહ્યું હતું. મધ્ય પ્રવાહે આવી પહોંચેલી પાંચેય હોડી પર તેણે ફૂલોનો અભિષેક કર્યો. પ્રાસાદિક ભસ્મ અને પુષ્પોની આ વર્ષાએ હજારો ભાવિકોને ઉત્તેજિત કરી મૂક્યા. તેઓની ભક્તિનાં પૂર પાસે આજે નર્મદાનાં પૂર શરમિંદા બની શાંત ભાસતાં હતાં. ૨:૫૫ વાગ્યે બૅન્ડનાં અભિવાદન, વૈદિક મંત્રોચ્ચાર અને ગગનભેદી જયઘોષ સાથે સ્વામીશ્રીએ અસ્થિ-વિસર્જન કર્યું. ત્યારબાદ પુનઃ મહેળાવ આવી પહોંચ્યા.

અહીં તા. ૨૮/૨ની સવારે તેઓના વરદહસ્તે, શાસ્ત્રીજી મહારાજે કરેલી મહાભારતની કથાના પ્રાસાદિક સ્થળે રચાયેલા ઓટા પર ચરણારવિંદની પ્રતિષ્ઠા થઈ. આ જ દિવસે પારાયણની પૂર્ણાહુતિ કરી સ્વામીશ્રી સાંજે પીપલગ પધાર્યા.

## યુવાહૈયાંનો ધબકાર

પીપલગમાં સ્વામિનારાયણ મંદિરે આરતી અને સભાનો લાભ આપીને સ્વામીશ્રી ગામમાં પધરામણીઓ કરવા નીકળ્યા.

બારી-બારણાં ગમે તેટલી ચુસ્ત રીતે બંધ કર્યાં હોય, છતાં ઝીણી રજ ઘરમાં ઘૂસી જ જાય છે; તેમ સ્વામીશ્રીનો કાર્યક્રમ ગમે એટલો વ્યસ્ત હોય છતાં પધરામણી તો તેમાં ઘૂસ મારી જ દેતી. સ્વામીશ્રી પણ તેને કદી જાકારો આપતા નહીં. તેથી સ્વામીશ્રી સાથે હળી ગયેલી તે, સ્વામીશ્રી જ્યાં જાય ત્યાં હાજર જ હોય ! તે મુજબ પીપલગમાં માત્ર કલાક પૂરતું જ રોકાવાનું હતું અને સભા પણ ગોઠવાયેલી, છતાં સ્વામીશ્રીએ પધરામણીઓ કરી. ત્યારબાદ તેઓ વરતાલ પહોંચ્યા.

શ્રીજીમહારાજ અને શાસ્ત્રીજી મહારાજના સંબંધવાળું આ તીર્થ સ્વામીશ્રી માટે અણમૂલું હતું. અહીં હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરતાં તેઓને જોવા એ પણ એક દર્શન બની રહેતું. શ્રીજીમહારાજે સ્વયં પધરાવેલી પોતાની આ મૂર્તિનો સ્વામીશ્રીને અત્યંત મહિમા. ઠાકોરજીનાં દર્શન કરતી વખતે માથે ધારણ કરેલી પાઘને હાથમાં પકડીને અનિમેષ નયને તેઓ દર્શનમાં તલ્લીન થઈ જાય. સૌ સંતો-સત્સંગીઓની અને સમગ્ર વિશ્વની સુખાકારીના સંકલ્પો સાથે ધૂન કરે. દેશ-વિદેશમાં ચાલી રહેલાં અને નજીકના ભવિષ્યમાં આવી રહેલાં સત્સંગલક્ષી કાર્યો નિર્વિઘ્નપણે અને સત્વરે સંપન્ન થાય તેની પ્રાર્થના પણ અવશ્ય કરે.

અહીં શ્રીજીમહારાજની પ્રાસાદિક વસ્તુઓનું સંગ્રહાલય જુએ ત્યારે પણ બે હાથે જાળી પકડીને જે તે વસ્તુનાં દર્શનની એવી કુતૂહલતા બતાવે કે વારી જવાનું મન થાય ! તેઓ સદાય ભક્તિસંબંધી જ પ્રવૃત્તિ કરતા, છતાં સ્થૂળ ભક્તિની આવી સઘળી વિભાવનાઓ તેઓમાં પૂરેપૂરી વર્તાતી. દરેક સ્થળે દંડવત-પ્રદક્ષિણા અચૂક કરવાનાં. મંદિરના પૂજારી-સેવક જે હાજર હોય તેની સાથે સમય ગાળે. પરિસરમાં અન્ય જ્યાં જ્યાં પ્રસાદીનાં સ્થાન, વસ્તુ વગેરે

હોય ત્યાં પણ જવાનું જ. વિદાય લે ત્યારે ઠાકોરજીના થાળની ભેટ હરિભક્ત પાસે અવશ્ય મુકાવે.

આ જ રીતે આજે સ્વામીશ્રીએ વરતાલમાં દર્શનનો લહાવો લીધો અને રાત્રે પોણા નવ વાગ્યે વિદ્યાનગરના આંગણે આવી પહોંચ્યા.

વિદ્યાનગર એટલે ગંગાસાગર. અહીં સરિતા સમી થનગનતી યુવાની સાગર-શા સ્વામીશ્રીમાં લયલીન થાય તે દૃશ્ય જોવા જેવું. છાત્રાલયમાં ગુરુની આજે પ્રથમ પધરામણી હોવાથી તેઓને વધાવવા માટે સૌ યુવાનોનો ઉત્સાહ અદમ્ય હતો. સમગ્ર છાત્રાલયને મીણબત્તીની રોશનીથી શણગારવામાં આવેલું. જેવા સ્વામીશ્રી પધાર્યા કે બૅન્ડનાં એકેએક વાદ્યો યુવાનોની ધડકનની જેમ ગુંજવાં લાગ્યાં. યુવાનોએ આતશબાજી કરીને આકાશમાં પણ રંગોળીઓ પૂરી.

અતિ આનંદ-ઉલ્લાસભર્યા વાતાવરણમાં સૌ સ્વામીશ્રીને મુખ્ય માર્ગેથી મંદિર સુધી લઈ આવ્યા. અહીં આયોજિત સભામાં વિદ્યાનગરની કૉલેજોના ઘણા પ્રાધ્યાપકો ઉપસ્થિત હતા. તેઓ તો સ્વામીશ્રીના પગલે-પગલે નાચતી આ યુવાનીને જોઈ આશ્ચર્યમુગ્ધ બની રહ્યા. સ્વામીશ્રી જ જાણે આ યુવા-હૈયાંઓનો ધબકાર બની ગયા હોય તેમ તરવરતું જોબન તેઓને વશ વર્તી રહેલું ! શિક્ષકોને સ્વામીશ્રીમાં યુવાનોના મિત્ર અને માર્ગદર્શક દેખાઈ રહ્યા !

## જીવનનું અભિન્ન અંગ

તા. ૧/૩ની સવારે વિદ્યાનગરથી કરમસદ પધારેલા સ્વામીશ્રીએ, અહીં સૂર્ય માથે આવ્યો ત્યાં સુધી પધરામણીઓ કરી. પરંતુ પધરામણીનો વેલો એવો કે પડ્યો પડ્યો પણ પાલવ્યા વિના રહે નહીં! તેથી સ્વામીશ્રી જમવા માટે બિરાજ્યા તે સમય દરમ્યાન બીજી છ-સાત પધરામણીઓ ઊભી થઈ જતાં, ભોજન બાદ ભરબપોરે સ્વામીશ્રીએ પુનઃ પધરામણીઓ ચલાવી. બપોર આખી તેમાં જ વીતી અને સ્વામીશ્રી ચારેક વાગ્યે વિદ્યાનગર પરત ફર્યા.

ચાર કલાક બાદ મુંબઈ જવા નીકળવાનું હતું, પણ તે પહેલાં તેઓએ આણંદને આનંદ આપી દીધો. તેઓ અહીંના મંદિરે પધાર્યા અને હરિભક્તોને મળ્યા.

પધરામણીઓની જેમ વ્યક્તિગત મુલાકાત પણ સ્વામીશ્રીના જીવનનું અભિન્ન અંગ. સ્વામીશ્રી એક-એકને મળતા. પ્રેમથી મળતા; શાંતિથી મળતા; રસપૂર્વક મળતા. શણિયા-શેતરંજીથી માંડીને પાટ-પલંગ સુધીનાં આસનો પર

બેસીને તેઓ મળતા. મુલાકાતમાં સંખ્યા-સમય-સગવડ કશું ન જોતા. એક બેઠકે બબ્બે હજાર સુધીનાને મળેલાના દાખલા તેઓના જીવનમાં નોંધાયા છે. સતત ત્રણ-ત્રણ, ચાર-ચાર કલાક સુધી મુલાકાતોનો દોર લંબાયાના પ્રસંગો બનેલા છે.

મુલાકાતમાં વ્યક્તિએ-વ્યક્તિએ પ્રશ્ન બદલાય. પ્રશ્ન પૂછનારની પ્રકૃતિ બદલાય, પ્રવૃત્તિ બદલાય, પૂર્વ-પાર્શ્વભૂમિકા બદલાય. કો'ક ચિઠ્ઠી કાઢે તો કો'ક નકશા ખોલે; કો'ક નામ પડાવે તો કો'ક લટ લેવડાવે; કો'ક માંડવાનાં મૂરત જોવરાવે તો કો'ક કેસ-કૂવાનાં કાગળિયાંમાં સલાહ માંગે. વિવિધામાં ફેલાયેલી દુવિધાઓ લઈને, ચીંથરેહાલથી ચમરબંધ સુધીના સૌ આવે; પરંતુ સ્વામીશ્રીને જાણે ચોવીસ નહીં પણ ચોસઠ કળા હાથવગી હોય એમ દરેકનું સુખદ સમાધાન આપતા જાય! 'પ્રાર્થના કરશું... મહારાજ (ભગવાન સ્વામિનારાયણ) સારું કરશે... આશીર્વાદ છે...' જેવા એમના શબ્દો સંતપ્તને ચંદનલેપ ચોપડતા જાય. સૌને હૈયે ધરપત વળી જાય કે 'સ્વામીબાપાને મળી આવ્યા... હવે વાંધો નહીં આવે...'

આમ, રોજના સરેરાશ બસોને મળતા રહ્યા હશે તેઓ!! વખતે આ સંખ્યા વધી જાય પણ ઘટાડો તો ભાગ્યે જ જોવા મળે.

મુલાકાતનું સત્ર પૂરું થાય ત્યારે એક મેળો વીખરાયો હોય તેવો આનંદ અને અવાજ દેખાય-સંભળાય. જંગલમાં જઈને પલાંઠી વાળી બેસવા કરતાં, સૌની સમસ્યાને સુલઝાવવા આમ આસન જમાવવું એ ખરેખર કપરું છે – એ અનુભવ તેઓ સમક્ષ ઠલવાતો મુલાકાતીઓનો પ્રવાહ જોનારા સૌનો!

આણંદમાં સમી સાંજથી આવી ગયેલા સ્વામીશ્રી આ રીતે રાત્રે આઠ વાગ્યા સુધી સૌને મળતા રહ્યા. તેમાં વાળુ-ચળું પણ વિસારી દીધું અને સ્ટેશને પહોંચ્યા. મહંત સ્વામી વગેરે જે 'સૌરાષ્ટ્ર જનતા' ટ્રેનમાં અમદાવાદથી આવી રહેલા તે જ ગાડીમાં સ્વામીશ્રી ચડ્યા. આ મુસાફરીમાં રાત્રિ હતી પણ આરામ નહોતો, કારણ કે માર્ગમાં આવતાં સ્ટેશનોએ સ્વામીશ્રી હરિભક્તોને મળતા રહ્યા.

આવા આ પ્રવાસમાં સુરત સ્ટેશને ટ્રેન વધુ સમય થોભવાની હતી. આ વધુ રોકાણનો લાભ સ્વામીશ્રીએ ઉમદા રીતે ઉઠાવી લીધો. અહીં ૩૫-૪૦ હરિભક્તો રાત્રે દોઢ વાગ્યે દર્શન માટે દોડી આવેલા. તેઓને જોઈ સ્વામીશ્રી મધરાતે રેલવે પ્લૅટફૉર્મ પર સભા ભરી કથામૃત પીરસવા લાગ્યા. દિવસભરની

ભરચક પ્રવૃત્તિ પછી, ઓછી-આછી સંખ્યામાં ઉપસ્થિત શ્રોતાઓ સામે, રાત્રે દોઢ વાગ્યે રેલવે પ્લેટફૉર્મના બાંકડા પર બેસીને, મુસાફરો-ફેરિયાઓની ચહલ-પહલ વચ્ચે, ઉમંગથી કથા કરતા સ્વામીશ્રીને જેણે જેણે જોયા તે સૌ પોકારી ઊઠ્યા : *'ગાવત રહત સદા હરિ કે ગુન, જગકૃત સે અલસાને... સોઈ સંત સયાને...'*

પધરામણીઓ અને મુલાકાતની જેમ કથા-વાર્તા કરવી અને સાંભળવી – આ પણ સ્વામીશ્રીની જીવનશૈલી હતી. સમય મળે ત્યારે નહીં, પણ સમય કાઢીને તેઓ કથા-વાર્તા કરતા રહેતા.

## ઉત્સવોના ઉદ્ધારક

મુંબઈમાં ત્રણ દિવસ રોકાઈને 'દહેરાદૂન એક્સપ્રેસ' દ્વારા ગુજરાત તરફ આવવા નીકળેલા સ્વામીશ્રી અટલાદરા, વાસદ, બોચાસણ, આણંદ, વિદ્યાનગર વગેરે સ્થળોને પાવન કરતાં સારંગપુર પધાર્યા. અહીં તેઓના સાંનિધ્યમાં તા. ૧૧/૩ના રોજ પ્રાગજી ભક્ત જયંતીનો ઉત્સવ ઊજવાયો. આ ઉત્સવ-સભામાં સવારે ૯:૦૦ થી ૧૦:૪૫ સુધી ભગતજી મહારાજના જીવનચરિત્રનું વાંચન કરવામાં આવ્યું. ત્યારબાદ સંતો-ભક્તોનાં પ્રાસંગિક પ્રવચનો પછી સ્વામીશ્રીએ આશીર્વાદ રેલાવ્યા.

તા. ૧૨/૩ના દિવસે પુષ્પદોલોત્સવની સભા પણ યોજાઈ. આ ઉત્સવનો લાભ લેવા સૌરાષ્ટ્ર અને ચરોતરના મળીને આશરે બે હજાર હરિભક્તો આવી પહોંચેલા. ઉત્સવ-સભા બાદ સ્વામીશ્રીએ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી તે સૌને ફગવાનો પ્રસાદ વહેંચ્યો.

સ્વામીશ્રીના કાર્યકાળના પ્રારંભિક સમયમાં, કદ અને કાર્યક્રમ – બંને રીતે ઉત્સવોનું સ્તર આવું સામાન્ય હતું; પણ અડધા દાયકાથીયે ઓછા સમય બાદ, સ્વામીશ્રીના કાર્યકાળનાં અંતિમ વર્ષોમાં, આ જ પુષ્પદોલોત્સવ લાખ - દોઢ લાખની જંગી મેદની વચ્ચે અતિ રંગે-ઉમંગે ઊજવાતો થયેલો. જે ઉત્સવમાં એક સમયે આસપાસનાં ગામડાંના જૂજ લોકો આવતા, તે ઉત્સવમાં દેશ-દુનિયાના ખૂણેખૂણેથી લોકો ઊમટવા લાગેલા. સંસ્કારનું ધોરણ લેશ પણ નીચું લાવ્યા સિવાય, સ્વામીશ્રી ભારતીય ઉત્સવો પ્રત્યે જનસમુદાયમાં જે અભિરુચિ જગાવી ગયા તે બાબત તેઓના વ્યક્તિત્વની સમાજ પર પડેલી વ્યાપક અસરને સમજાવે છે. જે સમયે સરેરાશ ભારતીયજન પાશ્ચાત્ય

તહેવાર-વહેવાર પ્રત્યે ખેંચાઈ રહ્યો હતો, તે જમાનામાં ભારતીય ઉત્સવોમાં સામેલ થવા માટે અમેરિકા, ઈંગ્લૅન્ડ, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ, આફ્રિકા, અખાતી દેશો વગેરેમાં વસતા લોકોને સારંગપુર જેવા નાનકડા ગામ સુધી આકર્ષવા, તે વાત જ સ્વામીશ્રીની ઉત્સવોના ઉદ્ધારક તરીકેની છબીને વધુ આકર્ષક બનાવનારી છે. જો તેઓ ન પ્રગટ્યા હોત તો ઊર્જા, ઉજાશ અને ઉલ્લાસ પ્રસરાવતા ભારતીય ઉત્સવોના દીવાની જ્યોત જરૂર ઝાંખી થઈ ગઈ હોત !

## તારે વીંટ્યો સૂર્ય !

સારંગપુરથી નીકળેલા સ્વામીશ્રી તા. ૧૩/૩ના રોજ ઘેલામાં યોગીજી મહારાજનાં અસ્થિફૂલોનું વિસર્જન કરી, એ જ દિવસની રાત્રે રાજકોટ પહોંચ્યા.

અહીં એક હરિભક્તના ઘેર જમ્યા બાદ રાત્રિ-વિરામ માટે મંદિરે જવાનું હતું; પરંતુ સ્વામીશ્રીને ખબર મળી કે 'મંદિરમાં પચાસેક જેટલા હરિભક્તો દર્શનની વાટ જોઈ રહ્યા છે.' તેથી તેઓએ કહ્યું : 'મોટર મંદિરે લઈ લો.'

સ્વામીશ્રીએ કાચી સેકન્ડમાં વિચારી લીધેલું કે 'પોતે જમીને મંદિરે જશે તો દર્શને આવેલા હરિભક્તોને તેટલો વધુ સમય રાહ જોવી પડશે. માટે પહેલાં મંદિરે જઈ આવીએ તો હરિભક્તોને બેસી રહેવું ન પડે.' આ વિચારથી તેઓએ ગાડીનું સુકાન ફેરવાવી દીધું.

પહેલો વિચાર બીજાનો કરવો – એ સ્વામીશ્રીની જીવનશૈલી હતી. તેને અનુસરતાં તેઓ મંદિરે પધાર્યા ત્યારે ઠાકોરજીને ભક્તિભાવથી મળ્યા અને હરિભક્તોને પ્રેમભાવથી! ત્યારબાદ જ્યારે તેઓએ રાત્રિભોજનનો પહેલો કોળિયો મુખમાં મૂક્યો ત્યારે ઘડિયાળનો કાંટો સાડા દસના સમયને પણ વળોટી ગયેલો.

તા. ૧૪/૩ના રોજ રવિવાર હતો. આજની સવારે રાબેતા મુજબ વડીલોની સભામાં 'વચનામૃત'ની કથા કરીને સ્વામીશ્રી બાળસભામાં પધારેલા. અહીં બાળકો તો માત્ર દસ-બારની સંખ્યામાં જ હતા, પરંતુ એ ટમટમતા તારલિયાઓ વચ્ચે જાણે ઝળહળતો સૂર્ય આસન માંડીને બેસી ગયો! છતાં આશ્ચર્ય! તારલાઓ ઝાંખા નહીં પણ તેજસ્વી બની રહ્યા !!

બાળકોની કાલીઘેલી રજૂઆતો સ્વામીશ્રી તલ્લીનતાપૂર્વક સાંભળવા લાગ્યા. પ્રતિસાદ મળતાં પ્રેમ અને પ્રસ્તુતિ વધતાં જાય છે – એ ન્યાયે

સ્વામીશ્રી તરફથી હકારાત્મક પ્રતિભાવ મળતાં બાળકો વિશેષ ગેલમાં આવતાં ગયાં અને જે શીખ્યા હતાં તે બધું જ સ્વામીશ્રી આગળ ઠાલવવા લાગ્યાં. સ્વામીશ્રીએ પણ ઘણી વાર સુધી તે 'સ્વતંત્ર' મુક્તોને પોતાના સ્નેહ, સહવાસ અને સદુપદેશની ત્રિવેણીમાં ઝબકોળાવા દીધા.

અંતે સૌ બાળકોને મીઠી 'પરસાદી' આપીને સ્વામીશ્રીએ બાળસભામાંથી વિદાય લીધી ત્યારે વિશ્વના વાલીઓ માટે સંતતિ-ઉછેરનો માર્ગ વધુ ઉજાગર બની ગયેલો !

## મને થાય છે કે...

રાજકોટથી તા. ૧૫/૩ના રોજ ભાદરા પધારેલા સ્વામીશ્રી, અહીં ગાડીમાંથી ઊતરીને ગાડામાં બિરાજ્યા ! કારણ કે, યોગીજી મહારાજના અસ્થિ-વિસર્જન નિમિત્તે હોડી આકારે શણગારેલા ગાડામાં અસ્થિકુંભ પધરાવવામાં આવેલો. સૌ ધૂન-ભજન અને બૅન્ડવાદન કરતાં કરતાં ઊંડ નદીના ઘાટે પહોંચ્યા.

અહીં થોડા સમય પહેલાં નદીનાં નીર સુકાઈ ગયેલાં, પણ સ્વામીશ્રીની કૃપાને કારણે ઉપરવાસથી પાણીની આવક થતાં અસ્થિ-વિસર્જનની સાનુકૂળતા થઈ ગયેલી. વરુણદેવ પણ આવો મોકો શાથી છોડે ! સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા વિસર્જન-વિધિ સંપન્ન થતાં ઊંડવતી પુણ્યવતી બની રહી.

વિધિ બાદ શ્રીજીના પ્રાસાદિક વટવૃક્ષની છાયામાં જ આશીર્વાદ પાઠવી, સ્વામીશ્રી ધ્રોળ, રાજકોટ થઈને તા. ૧૬/૩ના રોજ ગોંડલ પધારી ગયા.

અહીં બે દિવસનું ટૂંકું રોકાણ કરીને તેઓ તા. ૧૮/૩ના રોજ લીંબડી જવા વિદાય લઈ રહેલા. તે નિમિત્તે યુવક મંડળે બૅન્ડ-વાજાં ગગડાવીને વિદાયમાન આપ્યું. તે સ્વીકારી સાંજના પોણા પાંચ વાગ્યે સ્વામીશ્રીની મોટર અક્ષર મંદિરના દ્વારેથી બહાર નીકળી જમણી બાજુ વળી. પરંતુ હજી તો મોટર માંડ સો મીટર પણ આગળ નહીં વધી હોય ત્યાં સ્વામીશ્રીએ ડ્રાઇવરને સૂચના આપી : 'ગાડી ગુરુકુળમાં લો.'

આ સાંભળી પાછળ બેઠેલા સેવકોએ કહ્યું : 'સ્વામી ! ગુરુકુળમાં કોઈ કાર્યક્રમ નથી.'

'મને થાય છે કે છોકરાઓને મળી આવીએ.' સ્વામીશ્રી બોલ્યા. અને ગાડી ગુરુકુળના પ્રાંગણમાં આવીને ઊભી રહી.

અહીં સ્વામીશ્રી નીચે ઊતર્યા અને જેવા તેઓ દેખાયા કે સમગ્ર સંકુલમાં આનંદનાં પૂર ફરી વળ્યાં! આગોતરી જાણ વિના પ્રીતિપાત્ર વ્યક્તિ આંગણે આવીને ઊભી રહે ત્યારે ફૂટી નીકળતો આનંદ અવર્ણનીય હોય છે. ગુરુકુળના તરુણો આજે સુખની આ સીમા માણી રહ્યા. જેમ વાછરડાં ગાય ભણી દોડી જાય તેમ ગુરુકુળના વત્સમાત્રે ગુરુ તરફ દોટ મેલી. કો'ક મેદાનમાંથી રમતાં રમતાં દોડ્યા, તો કો'ક ઓરડાંમાંથી વાંચતાં વાંચતાં. સ્વામીશ્રીનો ચરણસ્પર્શ કરવામાં પણ, જેમ દરિયાની લહેરો, તટે ઊભેલાના પગની આજુબાજુ ભરડો લઈ લે, તેમ સૌ વિદ્યાર્થીઓ ચારેકોર ફરી વળ્યા. સ્વામીશ્રી પણ હસતાં હસતાં સૌનાં મસ્તકે અભયહસ્ત પ્રસારતા રહ્યા. સાથે સાથે અભ્યાસમાં પ્રગતિ કરવાના, મા-બાપની સેવા કરવાના અને સત્સંગમય જીવન જીવવાનાં પ્રેરણા-બીજ પણ તરુણોની મનોભૂમિમાં વાવતા ગયા. સાચો પણ સ્વપ્નું લાગે તેવો લાભ આપીને સ્વામીશ્રીએ વિદાય લીધી, ત્યારે એકેએક વિદ્યાર્થી લેલૂમ આનંદમાં મસ્ત બની ગયેલો.

સૌને લાગી રહેલું કે 'સ્વામીશ્રી કાર્યક્રમ બદલીને ગુરુકુળમાં જઈ આવ્યા.' પણ ઊગતી પેઢીનું ઘડતર કરવું એ જ તો તેઓનો એક મુખ્ય કાર્યક્રમ હતો. તેથી દળી નાંખે તેવી વ્યસ્તતામાંથી પણ સમય કાઢીને સ્વામીશ્રી તરુણો વચ્ચે પહોંચી જતા.

## નવ જોઈ તેં નાત ને જાત રે

ગોંડલથી લીંબડી પધારેલા સ્વામીશ્રી અત્રે તા. ૨૦/૩ના રોજ હરિજનવાસમાં પધરામણીઓ કરવા માટે પહોંચેલા. તે વખતે તેઓએ હરિજનોના ઝૂંપડે-ઝૂંપડે જઈને પલાંઠી વાળી. સળી-વળીથી બનેલાં એ ખોરડાંમાં સગવડો તો કેવી? તેથી સ્વામીશ્રીને બેસવા માટે ક્યાંક લીંપણ પર કોથળા પથરાતા, તો ક્યાંક ગાભા જેવી ગોદડીઓ! છતાં ટટ્ટાર ઊભા રહેવા ન મળે એવાં નીચા એ ઝૂંપડાંઓમાં પણ સ્વામીશ્રીએ પ્રેમથી પગલાં પાડ્યા.

સૂર્યને શું હરિજન કે શું મહાજન ! તે તો બારી ખૂલે એટલે તરત અજવાળું લઈને આવી પહોંચે. અલબત્ત, અહીં તો સ્વામીશ્રીરૂપી સૂર્યે જાતે જ બારીઓ ખોલેલી અને ઉજાશ પણ તે જ ફેલાવી રહેલા.

હરિજનના એક-એક ઝૂંપડે જઈને સ્વામીશ્રીએ ઘણાને વ્યસનમુક્ત કર્યા. સદાચારી જીવનની પ્રતિજ્ઞા લેવરાવી. કંઠીઓ પહેરાવી. પાઠ-પૂજાઓ

આપી અને 'હરિ'જનવાસ નામ સાર્થક કરી આપ્યું. તે વખતે એક-એક ઝૂંપડામાંથી નાદ ઊઠી રહ્યો : *'અવગુણ અમારા જોયા નહીં રે, નવ જોઈ તેં નાત ને જાત રે; વારે વારે જાઉં વારણીયે...'*

પધરામણીઓ બાદ હરિજનોની સભા કરી જ્યારે સ્વામીશ્રીએ વિદાય લીધી ત્યારે એ સૌ હરિજનબંધુઓ ભ્રમરો તાણી-તાણીને અતીતમાં ડોકિયાં કરી રહેલા કે 'છેલ્લે આપણાં ખોરડાં આમ પાવન કરવા માટે કુણ સાધુ-મા'ત્મા આયેલા ?' આમ વિચારતાં તેઓની સાંભરણમાં સ્વામીશ્રી મોખરે જણાયા.

સમાજ પર ચોંટેલું અસ્પૃશ્યતાનું કલંક નિવારવા માટે સ્વામીશ્રીએ આવાં નક્કર પગલાં ભરેલાં. જાહેરાતોનો દેખાવ નહીં, સમારંભોનો ઊહાપોહ નહીં, સરઘસોનો ઘોંઘાટ નહીં; પણ મૂળગામી (grass root level) પ્રયત્ન અને સીધું પરિણામ જ. આ હતી તેઓની પદ્ધતિ.

## દરસ હિત તરસત હૈ મોરે નૈન

લીંબડીથી ચોકી, ઊંટડી, પાંદરીને પાવન કરતાં મોજીદડ પહોંચેલા સ્વામીશ્રીને તા. ૨૧/૩ના રોજ અડવાળ સુધીની મજલ કાપવાની હતી, પરંતુ તેઓ સીધા જ ત્યાં ન પહોંચ્યા. પ્રથમ નારાયણ ધરે રોકાણ કર્યું. આ સ્થળે શ્રીજીમહારાજ ભાદરવા વદ અમાસે પધારેલા અને પાંચસો પરમહંસો સહિત સ્નાન કરેલું. ધરાની સમીપમાં નાનું મંદિર કરીને દેવાનંદ સ્વામીએ હનુમાનજી પણ પધરાવેલા છે. શ્રીજીમહારાજની આ લીલાની સ્મૃતિમાં શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજ અહીં વર્ષો સુધી ભાદરવા વદ અમાસનો ઉત્સવ કરતા. આવા પ્રાસાદિક સ્થાનમાં સ્વામીશ્રીએ દર્શન-દંડવત કર્યાં.

અહીંથી તેઓ કંથારિયા પધાર્યા. શ્રીજીમહારાજ આ ગામમાં એક દરબારનો શોક દૂર કરવા આવ્યા ત્યારે જ્યાં ઘોડી બાંધી હતી ત્યાં ઓટો કરીને ચરણારવિંદ પધરાવવામાં આવ્યાં છે. તે સ્થળે સ્વામીશ્રીએ દર્શન, દંડવત, પ્રદક્ષિણા કર્યાં.

આમ, ઇષ્ટદેવ અને ગુરુદેવનાં પ્રાસાદિક સ્થળોનાં દર્શન માટે તેઓની આંખો હંમેશાં તરસતી રહેતી. વિચરણની અસાધારણ ઝડપ પણ આ દર્શનમાં કાપ મૂકી શકતી નહીં. ઘણી વાર અંધારું જામી ગયું હોય તો બેટરીના અજવાળે પણ ધારી-ધારીને સ્વામીશ્રી દર્શન કરતા.

દર્શન કરતી વખતે પણ જબ્બર નિરાંત રાખતા. જે તે પ્રાસાદિક સ્થાન

અને તે સ્થળે બનેલાં લીલાચરિત્રોનું ગાન કરવાનો તેઓનો ઉમંગ કદી ઓસરતો નહીં. સાથે જે હોય તેની સમક્ષ ઊલટથી મહિમાગાન કરે. તેઓનો આ આસ્તિકભાવ જ જૂનાં સ્થાનોને જીર્ણ થવા દેતો નહીં અને ભક્તિને ઘરડી થવા દેતો નહીં.

આમ, મોજીદડથી નીકળેલા સ્વામીશ્રી દર્શન કરતાં કરતાં રાત્રે પોણા નવ વાગ્યે અડવાળ પહોંચ્યા. અહીં સારંગપુરથી સંતવલ્લભ સ્વામી પણ પધારી ચૂકેલા. આ બંને મહાપુરુષોનું મિલન હંમેશાં દર્શનીય બની રહેતું. સ્વામીશ્રી અને સંત સ્વામી જ્યારે મળે ત્યારે પરસ્પર દંડવત્-પ્રણામ કરીને એકબીજા માટેનો પૂજ્યભાવ પ્રગટ કરતા. બંને ખાસ્સા વયોવૃદ્ધ થયા છતાં આ પ્રણાલી તેઓએ ચાલુ રાખેલી. જેણે જેણે એ દર્શનનો લહાવો લૂંટ્યો હોય તેને એ ઘડીઓ ઉઘાડી આંખે પણ સ્મૃતિપટ પર તરી આવે.

આવા ભાવભર્યા મિલન બાદ અડવાળમાં તળાવના કાંઠે ઝૂમતી શ્રીજી-મહારાજની પ્રાસાદિક આંબલી નીચે બ્રહ્માનંદ રેલાવી સ્વામીશ્રી, તા. ૨૪/૩ની સાંજે ટ્રકમાં બેસીને ખસતા પધાર્યા.

અહીંથી હવે તેઓને ચરોતરની વાટ પકડવાની હતી. છેલ્લા પંદર દિવસમાં તેઓએ કાઠિયાવાડ, સોરઠ અને ઝાલાવાડનાં પંદર ગામોમાં વિચરણ કરી દીધું. કાર્યકાળના પ્રારંભથી જ સ્વામીશ્રીએ જાણે વિચરણનો ગીઅર(gear) ટૉપ(top)માં નાંખી દીધો! અલબત્ત, આ તો હજી મંગલાચરણ જ હતું. તેઓની વિચરણકથાના અલૌકિક અધ્યાયો તો હવે ખૂલવાના હતા.

## પ્રગટની પ્રતીતિનું પારાયણ

ખસતાથી સ્વામીશ્રી ખેડા, માતર, ત્રાજ, બોચાસણ થઈને તા. ૨૬/૩ની સાંજે ભાદરણ આવી પહોંચ્યા.

અહીંના ભક્તોનો સંકલ્પ હતો કે 'યોગીજી મહારાજની ઉપસ્થિતિમાં ભવ્ય પારાયણ કરવું.' તે માટે સૌએ જરૂરી ભંડોળ પણ ભેગું કરી રાખેલું, પરંતુ યોગીજી મહારાજે દેહલીલા સંકેલી લેતાં આજે સ્વામીશ્રીની સંનિધિમાં આ પારાયણનું આયોજન કરવામાં આવેલું. સૌને પ્રતીતિ હતી કે 'સ્વામીશ્રી દ્વારા યોગીજી મહારાજ પ્રગટ જ છે.' પ્રગટની આ પ્રતીતિમાંથી અહીં પારાયણનાં પડઘમ વાગવાનાં શરૂ થઈ ગયેલાં.

ભાદરણની જે શેરીઓ નાનકડા નારાયણસ્વરૂપ સ્વામીની આહ્લેકથી

ગુંજતી, તે શેરીઓ આજે વિરાટ બનેલા સ્વામીશ્રીની પરાવાણીથી ગાજવાની હતી તેનો આનંદ સૌને અનેરો હતો. તેથી સ્વાગતમાં જોશ, ઘોષ અને હોંશ – ત્રણેય જોરદાર હતાં.

શણગારેલી ખુલ્લી મોટરમાં સ્વામીશ્રીને બિરાજમાન કરવામાં આવ્યા. બોરસદથી આવેલા બૅન્ડ-વૃંદે શેરીઓ ગજવી. આ બૅન્ડવાદન કરનારાઓને સ્વામીશ્રીની પ્રતિભા એવી સ્પર્શી ગઈ કે તેઓએ પોતાનો 'ચાર્જ' લેવાનો જતો કર્યો. સ્વામીશ્રીના વૈરાગ્યે આજે બૅન્ડ-વાજાંવાળાના ભીતરમાં પણ અપરિગ્રહ જન્માવી દીધો. તેઓના સંગનો રંગ લાગ્યા વિના રહેતો નહીં.

તા. ૨૭/૩થી પારાયણનો પ્રારંભ થયો. પરંતુ મોભને માથે વધુ ખીલા, તેમ સ્વામીશ્રી સવાર-સાંજ પારાયણની સાથે પધરામણીઓનો પણ લાભ આપતા. સવારે નવ વાગ્યે શરૂ થતા પારાયણ માટે તેઓ સવારે સવા આઠથી સવા નવ વાગ્યા સુધીમાં પધરામણીઓ કરી લેતા. એ જ રીતે સાંજે પાંચ વાગ્યે શરૂ થતા પારાયણમાં ઉપસ્થિત રહેવા માટે તેઓ ચારથી સવા પાંચ વાગ્યા સુધીમાં પધરામણીઓ પૂર્ણ કરી લેતા. આમ, પારાયણ અને પધરામણીના બંને મોરચા બરાબર સંભાળતા સ્વામીશ્રીએ, સાત દિવસમાં સવાસો પધરામણીઓ કરી, છતાં કથાવાર્તામાં પણ સોપો પડવા ન દીધો. પારાયણના પાંચમા દિવસે તો તેઓ સીસવા સુધી પધરામણી કરી આવ્યા!

આ પરિશ્રમના પરિપાકરૂપે અઢીસોથી વધુ મુમુક્ષુઓએ વર્તમાન ધરાવીને સત્સંગ સ્વીકાર્યો. સ્વામીશ્રીના કથામૃતનો આસ્વાદ પણ સૌને એવો ભાવ્યો કે પારાયણના પ્રારંભના દિવસે પાંચસોની સંખ્યાથી શરૂ થયેલી જન-મેદની પૂર્ણાહુતિના દિવસે ચાર હજારની સંખ્યાએ પહોંચી.

આ પારાયણ દરમ્યાન મુંબઈથી મહંત સ્વામી તથા ગુજરાતનાં ગામોગામથી હજારો હરિભક્તો લાભ લેવા આવી ગયેલા. સાત દિવસમાં તો સૌને સ્વામીશ્રીનો એવો નેહડો લાગી ગયો કે તા. ૨/૪ની સાંજે તેઓને વિદાયમાન આપવા માટે પાંચ હજાર મુમુક્ષુઓથી ભાદરણનું પાદર ઊભરાઈ ગયું.

## અધિવેશનનાં દર્શનથી અક્ષરધામ

ભાદરણથી વાસણા, નિસરાયા, બોચાસણ, આણંદ, ખેડા થઈને સ્વામીશ્રી તા. ૩/૪ની રાત્રે નવ વાગ્યે અમદાવાદ પધાર્યા. મે મહિનામાં

ગોંડલ ખાતે યોજાનારા યુવક અધિવેશનને હવે ગણતરીના દિવસો જ બાકી રહેલા. આ અધિવેશનમાં વધુમાં વધુ યુવકો ભાગ લે તે માટે સ્વામીશ્રીએ અહીંથી સમગ્ર સત્સંગ પ્રત્યે એક પ્રેરણાપત્ર પાઠવતાં લખ્યું કે –

*'પૂજ્ય બાપાની આજ્ઞા છે, માટે દરેક યુવક ભાગ લે તે ખાસ જરૂરી છે. છતાં કોઈથી તૈયારી ન થઈ હોય તો પણ ભવિષ્યના લાભ માટે - ભવિષ્યમાં થનાર અધિવેશનમાં તેવી તૈયારી થાય તે હેતુ માટે અને પૂજ્ય બાપાની આજ્ઞા પળે જેથી અંતરમાં શાંતિ વર્તે તે માટે પણ દરેકે ભાગ લેવો અને તે અધિવેશનનાં દર્શન થશે તો અંતે અક્ષરધામના અધિકારી થવાશે.'*

યોગીજી મહારાજે પ્રજ્વલિત કરેલા યુવા-ઘડતરના વિરાટ યજ્ઞની જ્યોતને બુઝાવા ન દેવી તેને પણ સ્વામીશ્રીએ ગુરુભક્તિ જ માનેલી. તેથી તેઓ યુવક અધિવેશનની સફળતા માટે આમ સાબદા થઈને મંડેલા.

આવી જ ધગશ સાથે તેઓ તા. ૬/૪ના દિવસે એકાદશીના નિર્જળા ઉપવાસમાં પધરામણીઓ કરવા નીકળી પડ્યા. આજે ભોજન લેવાનું ન હોવાથી તેઓએ બપોરે દોઢેક વાગ્યા સુધી પધરામણીઓ ચલાવી.

તે વખતે ચૈત્રી તાપમાં ગરમીનો પારો ઘણો ઊંચે ચઢેલો. ઉપવાસના લીધે અનુભવાતો કંઠશોષ પણ તીવ્રતાએ પહોંચેલો, પરંતુ તેથીયે ઊંચે ગયેલો સ્વામીશ્રીનો ઉત્સાહ! તીખો તાપ કે તીવ્ર તપ તેઓના પધરામણી કરવાના ઉત્સાહને હેઠે લાવી શક્યા નહીં. બપોરે બે વાગ્યે તેઓ સૂર્યને માથે લઈને મંદિરે પરત ફર્યા ત્યારે તેઓના રોમરોમમાંથી પ્રસ્વેદગંગા વહી રહેલી. તેમાં સ્વામીશ્રીની શ્રમસભર સાધુતા ઝળકી રહેલી!

## પરોપકારનાં પ્રતીકો

ખેતરમાં ખેડૂત ખેડે છે, વાવે છે, ખીલવે છે અને લણે છે. તા. ૭/૪ના રોજ અમદાવાદથી વિદાય લઈને ત્રાજ પહોંચેલા સ્વામીશ્રીએ પણ તેમ જ કર્યું. પ્રથમ તો તેઓએ અહીં ત્રીસેક પધરામણીઓ કરીને ખેતર ખેડ્યું. બાદ પચાસેક મુમુક્ષુઓને કંઠીઓ પહેરાવી બીજ વાવ્યાં. વાવેલાંને ખીલવતાં હોય તેમ સત્સંગ મંડળની સ્થાપના પણ કરી. હવે અહીં સત્સંગ દ્વારા સુખ-શાંતિના ફાલ-ફસલ ઊતરશે તે લણશે આખું ગામ! ખેતરમાં તો જે ખેડે તે જ લણે; પરંતુ ખેડતાં, વાવતાં, ખીલવતાં સ્વામીશ્રી લણવાનો લાભ બીજાને સોંપી દેતા.

*'ઓલ્યાં ઝાડવાં પોતાનાં ફળ નથી ખાતાં રે, ઉપકારી એનો આતમા...'*ની રીત મુજબ વિચરતા સ્વામીશ્રી, સત્સંગની જમાવટ માટે અપાર જહેમત ઉઠાવતા, પણ લાભનાં ખાતાં બીજાના નામે લખાય તેમ પ્રયાણ કરી જતા. આજે ગામોગામ કાર્યરત બી.એ.પી.એસ. સત્સંગ મંડળો સ્વામીશ્રીના આવા પરોપકારનાં જ પ્રતીકો છે.

ત્રાજથી બોચાસણ પધારેલા સ્વામીશ્રી અહીં ચૈત્રી પૂનમનો સમૈયો ઊજવી તા. ૧૧/૪ના રોજ સપ્તસિંધુના સંગમમાં યોગીજી મહારાજનાં અસ્થિફૂલોનું વિસર્જન કરવા માટે આવી પહોંચ્યા. સાબરમતી, હાથમતી, વાત્રક, શેઢી, મેશ્વો, ખારી અને ચંદ્રભાગા – આ સાત નદીઓનો જ્યાં સંગમ થાય છે, તે વૌઠા શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનું પ્રાસાદિક સ્થાન.

અહીં નદીના તટમાં બપોરે સાડા બાર વાગ્યે સ્વામીશ્રીએ ષોડશોપચારથી પૂજન કરીને અસ્થિફૂલોને જળમાં પધરાવ્યાં ત્યારે હજાર ઉપરાંતની મેદનીએ જયજયકાર દ્વારા ગગન ગજવી મેલ્યું.

## વિશ્વવિક્રમી કાર્યનો શિલાન્યાસ

વૌઠાથી ગામોગામ ઘૂમતાં સ્વામીશ્રીએ તા. ૧૬/૪ની સવારે વલાસણમાં વેદોક્તવિધિ અનુસાર નૂતન મંદિરનું ખાતમુહૂર્ત કર્યું ત્યારે આ અવસરને સૌએ હર્ષનાદથી વધાવી લીધો. ગુરુપદે બિરાજ્યા બાદ સ્વામીશ્રીના વરદહસ્તે મંદિરનો સૌપ્રથમ ખાતવિધિ અહીં થયો. એક હજારથી વધુ હરિભક્તો આ ક્ષણના સાક્ષી બન્યા.

આ રીતે એક સીમાચિહ્નરૂપ કાર્ય કરી, સ્વામીશ્રી આસોદર થઈને કોસીન્દ્રા પહોંચ્યા. અહીં પણ સૌના આનંદની અવધિ નહોતી, કારણ કે ગુરુપદે બિરાજ્યા બાદ સ્વામીશ્રીના હસ્તે સૌપ્રથમ મૂર્તિપ્રતિષ્ઠાવિધિ આ ગામમાં થવાનો હતો.

તા. ૧૭/૪ની સવારે આ ઐતિહાસિક અવસર સંપન્ન થયો ત્યારે સૌએ હર્ષોલ્લાસથી ગામ-ગગનને ભરી દીધું. ભવિષ્યમાં સર્વાધિક ધર્મસ્થાનોનાં નિર્માણનો વિશ્વવિક્રમ જે સ્વામીશ્રીના નામે નોંધાવાનો હતો અને દીર્ઘકાળ સુધી તેઓના જ નામે જે વિક્રમ ઝૂલતો રહેવાનો હતો, તેવા કાર્યનો આજે શિલાન્યાસ થઈ ગયો! યોગીજી મહારાજે તેઓની હાજરીમાં નક્કી કરેલો આ

પ્રતિષ્ઠા મહોત્સવ, સ્વામીશ્રીના સાંનિધ્યમાં પૂર્ણ થયો, પણ કોઈને યોગીજી મહારાજની ખોટ જણાઈ નહીં.

## મારો પ્રત્યક્ષ અનુભવ

કોસીન્દ્રાથી સ્વામીશ્રી જોષીકૂવાના ચોકમાં સત્સંગ-સભાનો લાભ આપીને તા. ૧૮/૪ની સાંજે બામણગામ પહોંચી ગયેલા. યોગીજી મહારાજની ઉપસ્થિતિમાં ભવ્ય પારાયણ કરવાનો અહીંના રહીશોનો સંકલ્પ પૂરો કરવા પધારેલા તેઓએ તા. ૧૯/૪થી પારાયણનો શાનદાર પ્રારંભ કર્યો.

પારાયણની સાથે સાથે સૌને સ્વામીશ્રીની પધરામણીની પણ ઘણી તાણ હતી. તેથી તેઓએ ગામમાં લગભગ દરેક ઘેર પધરામણી કરી. સવારે સાડા આઠથી અગિયાર વાગ્યા સુધી અને સાંજે પણ બે-ત્રણ કલાક સુધી તેઓ પધરામણીએ નીકળી પડતા. આ ગામની ભૌગોલિક રચના એવી કે જુદા જુદા ટેકરાઓ પર સૌનાં ઘર. તેથી ટેકરાની ચડ-ઊતર ઘણી થતી. વીસ-ત્રીસ વર્ષનો નવયુવાન પણ કલાકમાં તો ધમણની જેમ હાંફવા માંડે, તેવી આ પધરામણીઓમાં સ્વામીશ્રી પચાસમા વર્ષે ચપળતાથી ઘૂમતા.

આ પધરામણી દરમ્યાન તેઓને એક ફળિયામાંથી બીજા ફળિયામાં લઈ જવા માટે ટ્રોલી વગરના ટ્રેક્ટરની વ્યવસ્થા કરવામાં આવેલી! તે પર બેસીને તેઓ અંતર કાપતા. આમ વિચરતાં સ્વામીશ્રી પાટણવાડિયાઓની ઝૂંપડીઓમાં પણ પગલાં પાડી આવ્યા. સરિતાને વેરો-વાંતરો કેવો? તેમ સ્વામીશ્રીની અમૃતધારાને પણ કોઈ પાળા-નાળા નહોતા. તે જન-જનને પાવન કરતી વહેતી રહેતી.

સતત ત્રણ-ત્રણ કલાકની આવી પધરામણીઓના થાક પછી તેઓ જ્યારે પારાયણમાં પરાવાણી રેલાવતા ત્યારે તેઓના સ્વરભારની મૃદુતા અને મીઠાશ લેશ પણ તરડાતી-ખરડાતી નહીં. તે વખતે તેઓની દેહાતીત દશાનાં દર્શન સૌને આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકતા.

એ સમયની સ્વાનુભૂતિ વર્ણવતાં મહંત સ્વામીએ લખ્યું છે :

*"બામણગામના વિચરણની વાત છે. સખત તાપમાં સ્વામીશ્રી બપોરે ત્રણ વાગ્યે પધરામણીઓ કરી રહ્યા હતા. વિચરણમાં હું સાથે હતો. એ ગામ ઊંચાણ-નીચાણના ઢોળાવોવાળું છે. પધરામણીઓમાં ઢોળાવો ચઢવા-ઊતરવામાં કસ નીકળી જતો. સ્વામીશ્રી એક ટેકરો ચઢી*

*રહ્યા હતા. હાંફ ચડ્યો હતો. પગની પિંડીઓમાં કળતર થતું હોય તેવું મને લાગ્યું. એટલે મને દયા આવી કે 'આટલો ભીડો શા માટે ? હવે એમણે આરામ કરવો જોઈએ...'*

*ત્યાં તો તરત સ્વામીશ્રીએ મારી સામું જોયું અને જરા હસ્યા. મને થયું : 'આ કાંઈ હસવાની વાત છે ?' એવામાં સ્વામીશ્રી કહે : 'અહીં બધે યોગીબાપાએ પધરામણી કરેલી છે !!'*

*લો, હવે આપણે શું કહેવું ? ગુરુ સામે જ એમની નજર છે. એમને રાજી કરી લેવાનો જ એમનો વિચાર છે. પોતાના દેહની કોઈ દયા જ નથી ! નોકરની જેમ કસ કાઢે છે. આખા સત્સંગમાં દરેકની સેવા કરી છૂટ્યા છે એ મારો પોતાનો પ્રત્યક્ષ અનુભવ છે."*[3]

આમ, જોનારાનાં હૈયાં વલોવાઈ જાય એ રીતે સ્વામીશ્રી વિચરતા રહેતા.

## મહારાજ પધાર્યા !

પારાયણ દરમ્યાન તા. ૨૧/૪ની રાત્રિએ સ્વામીશ્રીએ બામણગામને વધુ એક દિવ્ય સ્મૃતિમાં તરબોળ કરી દીધું.

તે વખતે રાત્રિના નવેક વાગ્યાના સમયે ગામના એક બારૈયા હરિભક્ત તેઓના ઝૂંપડા બહાર ખાટલો ઢાળીને બેઠેલા. તેવામાં અચાનક તેઓએ આકાશમાં એક દિવ્ય વિમાન જોયું. સફેદ પુષ્પોથી લદોલદ ભરેલું આ વિમાન દિવ્ય તેજથી ચમકતું હતું. તેમાં બેઠેલા ભગવાંધારી સંતો પણ આ ભક્તની નજરે ચઢ્યા. તે વિમાન ગામની ફરતે ત્રણ આંટા મારીને મંદિરની પાસે તૈયાર કરેલા સભામંડપમાં જ્યાં વડનું વૃક્ષ હતું ત્યાં ઊતરીને અદૃશ્ય થઈ ગયું !

બીજે દિવસે ખબર પડી કે 'આ દિવ્ય દર્શન કેવળ એ બારૈયા હરિભક્તને જ નહોતું લાધ્યું પણ કેટલાયે ગ્રામજનો આ દુર્લભ દૃશ્યના સાક્ષી બનેલા !' સૌને પ્રતીતિ થઈ કે 'સ્વામીશ્રીના આ પારાયણમાં મહારાજ-સ્વામી તથા શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ પણ હાજરાહજૂર બિરાજે છે.'

પારાયણમાં બનેલા આ દૈવી પ્રસંગની વાતો વાયુવેગે આખા પંથકમાં ફરવા લાગી. તેથી આસપાસનાં ગામોના થોકબંધ હરિભક્તો પારાયણમાં ઊમટવા લાગ્યા. તા. ૨૫/૪ના પૂર્ણાહુતિ દિને તો લગભગ ૮,૦૦૦ની ભક્ત-મેદનીએ લાભ લીધો ! પારાયણની આ ભવ્યતા-દિવ્યતા જોઈને ગામના

---

૩. 'જેવા મેં નીરખ્યા રે...' ભાગ - ૪; પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ.

સરપંચ મનુભાઈ સહિત સૌ બોલી ઊઠ્યા કે 'આ ગામમાં પારાયણો તો ઘણાં થયાં પણ આવું પારાયણ હજુ સુધી ક્યારેય થયું નથી.'

## એક પધરામણીનો પ્રતાપ

ગુરુપદે આરૂઢ થયા બાદ તબક્કાવાર એક-એક પ્રદેશને લાભ આપતા જતા સ્વામીશ્રીએ હવે દક્ષિણ ગુજરાતને દૃષ્ટિમાં લીધો હતો. પરંતુ તેઓના વિચરણમાં પ્રકાશની ગતિ અને પવનની રીતિ જોવા મળતી. પ્રકાશના વેગથી વિચરતા અને પવનની જેમ ચારેબાજુ ફરી વળી આગળ ધપતાં સ્વામીશ્રી માર્ગમાં આવતાં કેન્દ્રોને લાભ આપતાં જતા.

તે મુજબ બામણગામથી જીપમાં નીકળેલા તેઓએ, પ્રથમ તો ગામની બહાર આવતાં જ ખેતરોમાં પધરામણીઓ કરી. હરિભક્તોનાં ખોરડાં પછી ખેતરાંને પણ પાદસ્પર્શથી પુલકિત કરીને તેઓ, નવાખલી, કિંખલોડ, વડોદરા થઈને 'ગુજરાત એક્સપ્રેસ' દ્વારા વલસાડ પહોંચ્યા.

અહીંથી સેલવાસ જઈ ત્યાં જીર્ણોદ્ધાર પામેલા રામમંદિરમાં તા. ૨૭/૪ની સવારે પ્રતિષ્ઠાવિધિ કર્યો. ત્યારબાદ સાંજે સ્વામીશ્રી વાપીની ઔદ્યોગિક વસાહતમાં પધાર્યા. શ્રમનો બોજો હળવો કરવા શ્રમજીવીઓને વ્યસન એક સદ્ધર સહારો લાગે છે. તેથી વ્યસનોનું પ્રમાણ આવા વર્ગ-વસાહતમાં વિશેષ હોય. સ્વામીશ્રીએ પણ તે પર જ તોપમારો ચલાવતા હોય તેમ, અહીંની કચેરી-કારખાનાંઓની પધરામણીઓમાં કૈંકને વ્યસનમુક્ત કર્યા અને રાત્રે પુનઃ સેલવાસ આવી પહોંચ્યા.

અહીં તા. ૨૮/૪ની સવારે તેઓ આદિવાસી છાત્રાલયમાં પહોંચ્યા. ત્યાં ભોળા છાત્રોએ તેઓને ઉમળકાભેર વધાવ્યા. પણ વિદ્યાર્થીઓ કરતાં સ્વામીશ્રીનો ઉમંગ વેંત ચઢે એમ હતો. તેઓએ આ આદિવાસી બાળકો વચ્ચે દોઢ કલાક ગાળ્યો. આહારથી લઈને અભ્યાસ અને સ્વાસ્થ્યથી લઈને સંસ્કાર સુધીનું માર્ગદર્શન આપ્યું ત્યારે એ વિદ્યાર્થીઓ પોતાના વાલીને પણ વીસરી ગયા ! તેઓનું આવું ધ્યાન તો માતા-પિતાએ પણ રાખ્યું નહોતું.

સ્વામીશ્રીની આ એક જ પધરામણીના પ્રતાપે એ આદિવાસી વિદ્યાર્થીઓમાં જે આમૂલ પરિવર્તન આવ્યું તેની વિગત આપતો પત્ર સ્થાનિક કાર્યકર્તાએ થોડા દિવસ બાદ સ્વામીશ્રી પર લખી મોકલેલો. તેમાં તેણે જણાવેલું કે –

*'આપની પધરામણી બાદ આદિવાસી છાત્રાલયના વિદ્યાર્થીઓ સભામાં આવે છે. ગઈ સભામાં ૮૦ વિદ્યાર્થી હતા. વિદ્યાર્થીઓ ધર્મ-નિયમ સારા પાળે છે. એમને રસોડે કેટલીક અભક્ષ્ય વસ્તુઓ પહેલાં બનતી. હવે તે લેવાની વિદ્યાર્થીઓએ સાફ 'ના' પાડી છે.'*

આમ, કૈંકને પાવન કરતી સ્વામીશ્રીની અમૃતધારા વહેતી રહેતી.

## વિલક્ષણ નિરીક્ષણ

સેલવાસથી પુનઃ વાપી પહોંચેલા સ્વામીશ્રી અહીં બાલમંદિરના પ્રાંગણમાં સભાનો લાભ આપી, તા. ૨૯/૪ના રોજ ચલા ગામે પધાર્યા. અત્રે ગામના એક મંદિરમાં તેઓએ આરતી અને સભા કર્યા. ત્યારબાદ પચાસથી વધુ મુમુક્ષુઓને વર્તમાન ધરાવી સત્સંગના માર્ગે વાળ્યા.

સ્વામીશ્રીની આ પણ એક અનોખી શૈલી હતી. સંબોધન બાદ વક્તા વક્તાના માર્ગે અને શ્રોતાઓ શ્રોતાના રસ્તે એવું તેઓની સભામાં નહોતું બનતું. તેઓ સભા બાદ કલાકો સુધી શ્રોતાઓને મળવા માટે બેસતા. તે મિલન શ્રોતાઓ માટે પરિવર્તનની છડી પોકારનારું બની રહેતું. આ મુલાકાતમાં સ્વામીશ્રી વ્યસનીઓનાં વ્યસનો છોડાવતા. તેઓને વર્તમાન ધરાવી ભગવાનના ખોળે મૂકતા. એક-એકના માથે-ખભે આશીર્વાદનો અભય હસ્ત પ્રસરાવતા રહેતા. સભામાં બેઠેલી છેલ્લામાં છેલ્લી વ્યક્તિ આવી ન જાય ત્યાં સુધી પલાંઠી છોડતા નહીં. શ્રોતાઓ સાથે આવો સીધો સંવાદ સાધનાર તેઓ જેવા સંત મળવા દુર્લભ !

આ રીતે વિચરતાં તેઓ ચલાથી દમણ, ડુંગરી, નવસારી, ઈટારવા અને મોટી ચોવીસીના હરિભક્તોને સુખ આપતાં આપતાં, તા. ૩૦/૪ની રાત્રે સાડા બાર વાગ્યે અટલાદરા પધાર્યા. તેઓના વિચરણમાં ઘડિયાળના કાંટા તો ઠીક તારીખિયાંનાં પાનાં પણ ફરી જતાં !

આવા વિચરણમાં સ્વામીશ્રી સાથે સામેલ ડૉક્ટર સ્વામીએ દવાઓની એક પેટી તૈયાર કરેલી. તેમાં તાત્કાલિક પ્રાથમિક સારવાર પૂરી પાડતી દવાઓ એકસરખી શીશીમાં મૂકેલી. તેનાં ઢાંકણાંઓ પર શીશીઓમાં રાખેલી દવાઓ-ગોળીઓનાં નામ લખેલાં; જેથી પેટી ઉઘાડતાં જ ક્યાં કઈ દવા પડેલી છે તે તરત જ જણાઈ આવે.

આવી રીતે આ પેટી તૈયાર કરીને તેઓ તેને પ્રસાદીભૂત કરાવવા માટે

સ્વામીશ્રી પાસે લઈ આવ્યા. તેઓએ સ્વામીશ્રી સમક્ષ તે પેટી મૂકીને જ્યાં ઉઘાડી કે ત્યાં જ પહેલી નજર નાંખતાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'ઢાંકણાં ઉપર જ નામ લખ્યાં છે ?'

'હા.'

'પણ કદાચ ઢાંકણું બદલાઈ જાય તો ?'

'તો તો મહાગોટાળો ઊભો થઈ જાય...!' ડૉક્ટર સ્વામીને મનમાં આમ વિચાર આવ્યો. તેઓને ગફલત સમજાઈ અને તરત જ શીશીઓ ઉપર પણ દવા-ગોળીનાં નામ લખી દીધાં.

એક જ નજરમાં સ્વામીશ્રીએ આટલી સૂક્ષ્મ બાબત તરફ જે રીતે ધ્યાન દોર્યું તે જોઈને ડૉક્ટર સ્વામી તો તેઓના વિલક્ષણ નિરીક્ષણ આગળ નતમસ્તક જ થઈ ગયા !

## આ કીર્તન બંધ કરો

અટલાદરાથી વિદાય લઈ સ્વામીશ્રી તા. ૧/૫ની સવારે બોચાસણ પહોંચ્યા. નિમિત્ત હતું – એક અક્ષરવાસી ભક્તની પુણ્યસ્મૃતિમાં યોજાયેલા પારાયણની પૂર્ણાહુતિ.

બોચાસણને લાભ આપી સ્વામીશ્રી દાવોલ, આણંદને પાવન કરતાં તા. ૩/૫ના રોજ નેનપુર પધાર્યા. પ્રયોજન હતું – એક હરિભક્તના મકાનનું વાસ્તુ અને એક અક્ષરવાસી ભક્તના સંતપ્ત કુટુંબીઓને સાંત્વન આપવું.

નેનપુરથી નીકળેલા સ્વામીશ્રી ખેડા, ગઢડાને ખેડીને તા. ૫/૫ની સાંજે સારંગપુર આવ્યા. કારણ હતું – એક સત્સંગીના પુત્ર-ભાણેજને લગ્ન પ્રસંગે આશીર્વાદ પાઠવવા.

સારંગપુરથી પ્રસ્થાન કરી ગયેલા સ્વામીશ્રીએ તા. ૭/૫ની સાંજે પાળિયાદને પાવન કર્યું. હેતુ હતો – માતુશ્રીના અવસાનથી શોકમગ્ન ઉન્નડ બાપુને આશ્વાસન આપવું.

આમ, પરણથી મરણ સુધીના પ્રત્યેક પ્રસંગે સ્વામીશ્રી સૌની પડખે ઊભા રહેતા. ભક્તોના મોક્ષની માવજત સાથે તેઓના વ્યવહારની ખેવનાને પણ તેઓએ પોતાનું એક કર્તવ્ય જ માનેલું. ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણે આપેલી 'योगक्षेमं वहाम्यहम्' – યોગક્ષેમનું વહન કરવાની બાંયધરી કળિયુગમાં સ્વામીશ્રી નિભાવતા હતા.

આ રીતે વિચરતાં તેઓ તા. ૮/૫ના રોજ ગોંડલના મંદિરનો પાટોત્સવ ઉજવી એક વાર પ્રાતઃપૂજા કરવા બિરાજેલા. તેઓની નિત્યપૂજા એટલે સૂર, સ્વર અને સંગીતની ત્રિવેણીમાં સ્નાન કરવાનો અદ્‌ભુત લહાવો. પોતાની સન્મુખ પધરાવેલા ઠાકોરજીનાં એકદૃષ્ટ દર્શન કરતાં કરતાં સ્વામીશ્રી જપમાળા ફેરવતાં હોય, તે વખતે સંતો-ભક્તો સવાદ્ય કીર્તનભક્તિ રેલાવતા. તેથી પ્રાતઃકાળના શાંત વાતાવરણમાં ભક્તિ-સંગીતનો એવો અનોખો માહોલ સર્જાતો કે સૌને નેત્રો મીંચ્યાં વગર સમાધિસદૃશ સુખનો અનુભવ હાથ લાગી જતો.

અહીં ગોંડલમાં પણ આવા જ દિવ્ય વાતાવરણમાં સ્વામીશ્રીનાં કરકમળોમાં માળા ફરી રહી હતી. તે સમયે એક સંતે પ્રભાતી ઢાળનું ભજન ગાવાનું શરૂ કર્યું. કો'ક નવોદિત કવિની એ રચનામાં સ્વામીશ્રીનાં ચરિત્રોનું વર્ણન ગૂંથેલું. પણ જેવું એ શરૂ થયું કે સ્વામીશ્રીની ભ્રકુટી તંગ થઈ. તેઓ ગાયકને કહેવા લાગ્યા : 'આ કીર્તન બંધ કરો. શ્રીજીમહારાજનું કીર્તન આવડે છે ? તે ગાઓ.'

સ્વામીશ્રીના શબ્દો અને સ્વરભારમાં પોતાનાં કીર્તન વિષેનો અણગમો સ્પષ્ટ જોઈ શકાતો હતો. તેથી પેલા ગાયક સંત તો સૂનમૂન જ થઈ ગયા. તેઓની બાજુમાં બેઠેલા સંતો-પાર્ષદોના સંગીત શિક્ષક અનુપમ ભગતને પણ સ્વામીશ્રીએ જણાવ્યું કે 'આવાં કીર્તન ગાવાની તમારે 'ના' કહી દેવી. આગળથી જોઈ લેવું કે શું ગાવાના છે ! પછી જ ગાવા દેવા.'

પોતાનો જશ ઝેર જેવો લાગતો હોય તેમ સ્વામીશ્રી આ ટકોર કરી રહ્યા.

## કળિયુગમાં સત્યુગ

ગોંડલથી સ્વામીશ્રી સારંગપુર, કુંડળ, નાવડા, પોરડા, અમદાવાદ, લીંબડી, રાજકોટ વગેરે સ્થળે વિચરતાં, તા. ૧૬/૫ની બપોરે યુવક અધિવેશન માટે પુનઃ ગોંડલ પધાર્યા હતા.

કુલ તેર સ્પર્ધાઓ ધરાવતા આ અધિવેશનમાં સો યુવક મંડળોના ૧,૨૦૦ જેટલા યુવકો એકત્રિત થઈ ગયેલા. ભારત ઉપરાંત આફ્રિકા, લંડનના યુવકો પણ ઉમેરાતાં આ અધિવેશન ખરેખર આંતરરાષ્ટ્રીય યુવક અધિવેશન બની રહ્યું. અધિવેશનમાં ભાગ લેનારા સ્પર્ધકોનો ધસારો એવો થયો કે ત્રિદિવસીય અધિવેશન પાંચ દિવસ સુધી લંબાવવાની જરૂર પડી. આ

અધિવેશનની સ્પર્ધાઓમાં યુવતીઓ સંમિલિત નહોતી. છતાં અધિવેશનની કાર્યવાહી નિહાળવા ઘણી યુવતીઓ અધિવેશનના અવસરે ઉપસ્થિત હતી.

એકસાથે આટલા બધા યુવાનો એકત્ર થયા હોવા છતાં અહીં શિસ્ત, સંયમ, સેવા અને સૌહાર્દની રંગોળી રચાઈ રહેલી. અત્રે ક્યાંય પાનની પિચકારી વાગતી નહોતી કે બીડી-સિગારેટના ધુમાડા નીકળતા નહોતા. યુવાનોની આ ગિરદીમાં ક્યાંય અટકચાળા કે કાંકરીચાળા નહોતા. અપશબ્દોની આપ-લે તો દૂરની વાત રહી, વ્યર્થ વાદ-વિવાદ પણ નહોતા સંભળાતા. તેથી અધિવેશનમાં આવનારા સૌ કળિયુગમાં સત્‌યુગની ઝાંખી કરી રહ્યા.

તા. ૧૭/૫ના રોજ અધિવેશનનો વિધિવત્ પ્રારંભ થતાં જ સૌ સ્પર્ધકો પોતાનું કૌશલ્ય દાખવવા લાગ્યા. કો'ક ખૂણે કીર્તનની રમઝટ બોલવા લાગી, તો કો'ક ખૂણે પ્રવચનોની ધણધણાટી થવા માંડી. કો'ક ખૂણે શાસ્ત્ર-શ્લોકોના કડકડાટ મુખપાઠ તપોવનકાળની સ્મૃતિ કરાવવા લાગ્યા, તો કો'ક ખૂણે સ્પર્ધકોની પીંછી-પેનમાંથી ચિત્ર-નિબંધો કાગળ પર ઊતરવા માંડ્યા. સ્પર્ધકોની પ્રસ્તુતિ એવી છટાદાર રહેતી કે નિર્ણાયકો મીઠી મૂંઝવણમાં મુકાઈ જતા. રાત્રિસત્રમાં રાસ, સંવાદ જેવી મનોરંજક સ્પર્ધાઓ થતી. તેનાં સ્તર સુઘડ અને સંસ્કારી, વિચારવસ્તુ રસપ્રદ અને સંદેશપ્રદ તથા રજૂઆત વૃત્તિઓ બહેલાવે તેવી નહીં, પણ હૈયાં હલાવે તેવી રહેતી.

આમ, ચોમેર અધિવેશનનો માહોલ એવો જામ્યો કે સ્વયં સ્વામીશ્રીએ તા. ૨૨/૫ના રોજ લખેલા આશીર્વાદ-પત્રમાં જણાવ્યું : *'આ વખતે જેઓ ભાગ ન લઈ શક્યા તેઓને પસ્તાવા જેવું લાગશે.'*

## યૌવનના સુહૃદ

ગોંડલના આ અધિવેશનમાં નહીં આવનારને પસ્તાવા જેવું લાગવાનું બીજું એક કારણ હતું – સ્વામીશ્રીના સ્નેહ અને સાંનિધ્ય. તેઓએ જાણે પોતાના અતિ અમૂલ્ય જીવનના આ પાંચ દિવસ યુવાનો માટે જ આરક્ષિત કરી રાખ્યા હોય તેમ અધિવેશનના એકેએક સત્રમાં હાજર રહેતા. તમામ સ્પર્ધાઓ તેઓ સમક્ષ રજૂ થતી. સ્વામીશ્રી યુવાનોની એકેએક પ્રસ્તુતિ રસ-પૂર્વક નિહાળતા અને બિરદાવતા. વૈશાખની બળબળતી બપોર પણ તેમાં બાધક નીવડતી નહીં.

આ અધિવેશન દરમ્યાન તા. ૧૮/૫ના રોજ યોગીજી મહારાજની

૩૦૦ છબીઓનો સુંદર ગ્રંથ 'યોગીદર્શન'નું ઉદ્‌ઘાટન મહંત સ્વામીએ સ્વામીશ્રીના વરદહસ્તે કરાવ્યું. પણ આ છબીસંપુટ, ન કમાતાં યુવાનો પણ વસાવી શકે તે હેતુથી, સ્વામીશ્રીએ તેની કિંમત પડતરભાવ કરતાં પણ ઓછી રખાવેલી. તેથી સૌ માટે આ ગ્રંથ વસાવવાનું સુલભ બન્યું. જે યુવકો આ ગ્રંથ ખરીદતા તેઓ સ્વામીશ્રીના હસ્તાક્ષર લેવા માટે પડાપડી કરતા. તે વખતે સ્વામીશ્રીએ અધિવેશનના ચાર દિવસ સુધી ટાણે-કટાણે પોતાની પાસે આવી પહોંચનાર સૌ યુવકોને તેઓના ગ્રંથમાં આશીર્વાદ લખી આપીને રાજી કર્યા.

ખરો પ્રેમ કદર, આદર અને સંભાળ દ્વારા અભિવ્યક્ત થતો રહે છે. પ્રેમની આ ત્રિવેણીમાં એકેએક યુવકને ઝબકોળીને સ્વામીશ્રીએ આ અધિવેશન સ્મરણીય બનાવી દીધું.

## અંતરમાં શોભા થઈ એ મોટામાં મોટું ઈનામ

સ્વામીશ્રીના સથવારે અધિવેશનના પાંચ દિવસ તો પલકારામાં વીતી જતાં, તા. ૨૧/૫ના રોજ આ અધિવેશનનું સમાપન સત્ર પણ આવી ગયું. આ સત્રમાં સૌનાં હૈયાં અધિવેશનમાં સહભાગી થવાના આનંદ અને પૂર્ણાહુતિની પળ આવી ગયાના વિષાદની મિશ્ર લાગણીઓથી ધબકી રહેલાં. 'સ્વામીશ્રીનું આ સાંનિધ્ય, અક્ષર દેરીની આ શીળી છાયા અને સહૃદયીઓનો આ સહવાસ હવે ફરી ક્યારે મળશે ?' – આ વિચાર સૌનાં હૈયાં વલોવી રહેલો. તે વખતે જ સ્વામીશ્રી સભામાં પધારતાં સૌને શાતા વળી.

તેઓના સાંનિધ્યમાં શરૂ થયેલા ઈનામ-વિતરણ સમારંભમાં કુલ ૫૦૫ ઈનામોની જાહેરાત થઈ. ઉપસ્થિત યુવામેદની સૌ વિજેતાઓને તાળીઓના ગડગડાટથી વધાવી સૌજન્ય દાખવતી ગઈ. તમામ હરિફાઈઓમાં શહેરી વિભાગના શ્રેષ્ઠ મંડળ તરીકે નડિયાદ અને ગ્રામ્ય વિભાગમાં બદલપુર મંડળે ઈનામ મેળવ્યાં. અંતે સૌ યુવાનો પર આશીર્વર્ષા વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે – 'તમારું એટલું પુણ્ય હશે ત્યારે તમે બીજાં કામકાજ છોડી આ અક્ષર-પુરુષોત્તમના દરવાજામાં દાખલ થયા! ઈનામ વહેંચાઈ ગયાં પણ સમજી લેવું કે સૌએ જે ઇનામ મેળવવાનું છે તે તો અક્ષરધામ છે. એમાં દોડ નથી, હરીફાઈ નથી. આજે ૫૦૫ ઇનામો વહેંચ્યાં છે પણ અંતરમાં જે શોભા થઈ તે મોટામાં મોટું ઇનામ છે. ઝાઝું હોય ત્યારે કોઈને અગવડ પડી હોય તો એની ક્ષમા આપજો ને જે મોટો લાભ થયો છે તે સંભારજો.'

સ્વામીશ્રીના આ આશીર્વાદ સાથે અધિવેશન પૂર્ણ થયું ત્યારે પારિતોષિકો અમુક પાસે હતાં, પરંતુ પરિતોષ સૌ પાસે હતો. અધિવેશનની આ જ ખરી ફલશ્રુતિ હતી.

આશીર્વાદ બાદ શરૂ થયેલાં વ્યક્તિગત દર્શનના કાર્યક્રમમાં, એક પછી એક યુવાનો સ્વામીશ્રીનાં દર્શને આવી રહેલા. તે વખતે સ્વામીશ્રી ઢોલિયા પર બિરાજેલા અને બાજુના સોફા પર સંત સ્વામી તથા બાલમુકુંદ સ્વામી બેઠેલા.

દર્શનના આ કાર્યક્રમ દરમ્યાન જ મહંત સ્વામી પણ આવી પહોંચ્યા; પરંતુ તેઓને બેસવાની કોઈ જગ્યા બચી નહોતી. તેથી સ્વામીશ્રીએ મહંત સ્વામીને પ્રેમથી પાસે બોલાવ્યા અને પોતાની બાજુમાં જ ઢોલિયા પર બેસાડી દીધા ! જ્યાં સુધી વ્યક્તિગત દર્શનનો કાર્યક્રમ ચાલ્યો ત્યાં સુધી સ્વામીશ્રીએ તેઓને પોતાના ઢોલિયા પર જ બેસાડી રાખ્યા. તેઓએ એટલી સાહજિક રીતે આ ક્રિયા કરી કે એ દૃશ્યને નજરોનજર નિહાળનાર સૌ યુવાનોને થયું: 'સ્વામીશ્રી ખરા દિલથી અને વિના સંકોચે અન્યને માન આપી શકે છે, અને એમને મન ગાદીની કોઈ જ મહત્તા નથી !'

## કલ્પજીવી કાર્યની પ્રસ્તાવના

અધિવેશનની સમાપ્તિ બાદ સ્વામીશ્રીએ 'પ્રકાશ' માટે એક ઐતિહાસિક આશીર્વાદ-પત્ર લખી મોકલ્યો. તેમાં સંસ્થાના એક કલ્પજીવી કાર્યની પ્રસ્તાવના માંડતાં હોય તેમ તેઓએ જણાવ્યું કે –

*'ગોંડલમાં પૂજ્ય બાપાની ઇચ્છા મુજબ યુવક અધિવેશન સર્વોપરી થઈ ગયું. તમામ કાર્યક્રમો ધાર્યા કરતાં સુંદર અને સફળ બન્યા. યુવકો પણ જે રીતે અધિવેશન માટે તૈયારી કરી કાર્ય કરેલ છે તે રીતે પોતાને ગામે તથા આજુબાજુના ગામે તેવા પ્રોગ્રામ કરે.*

*પૂજ્ય ડૉક્ટર સ્વામીએ તે વખતે પોતાના પ્રવચનમાં કહેલ હતું કે 'ગામેગામ કાર્યકર્તાઓ તૈયાર કરવાની જરૂર છે', જે વરસમાં અમુક માસ આ અંગેનું કાર્ય કરે અને પોતાનો ભોગ આપે તો કાર્યને ખૂબ વેગ મળે. અને જે યુવકો પણ આ અંગે તૈયાર છે કે પ્રચાર કરી શકે તેવા છે અને પોતાનો ભોગ રજાઓમાં કે બીજા ટાઈમે આપી શકે તે યુવકોએ આ અંગે તૈયાર થઈ યાદી બનાવી મોકલવી, જેથી કાર્યને વેગ મળશે.'*

આમ, આ પત્ર દ્વારા સ્વામીશ્રીએ સંસ્થાની શાન બનેલા કાર્યકર-દળની

નિયુક્તિનાં પગરણ માંડી દીધાં. તે વખતે નાનકડા લાગતા આ પગલાએ આજે તો આખા વિશ્વને સર કરી લીધું છે.

યુવા અધિવેશનની સમાપ્તિ બાદ તા. ૨૨/૫ના રોજ આવેલા 'યોગી જયંતી મહોત્સવ'માં પણ અધિવેશનના પડઘા જ ગુંજતા રહ્યા. અધિવેશન બાદ સૌને યુવા-પ્રવૃત્તિની દિશામાં વિશેષ કાર્યવાહી કરવાની જરૂર જણાઈ હતી. તેથી અગ્રણી હરિભક્તોએ તો ત્યાં સુધીનું સૂચન ધર્યું કે 'એક અલગ કમિટી દ્વારા યુવક-પ્રવૃત્તિનો વિકાસ કરવો અને તે કામ માટે જુદું ભંડોળ એકઠું કરવું.'

આ સૂચન સૌએ એક અવાજે આવકાર્યું અને યુવા-પ્રવૃત્તિને વેગવંતી બનાવવા માટે જોતજોતાંમાં માતબર રકમનું ભંડોળ નોંધાઈ ગયું. યુવા અધિવેશનની સફળતાનો આ પણ એક પુરાવો હતો.

## કેરીના રસથી અધિક રસ

અધિવેશન બાદ પણ ઉનાળાની રજાઓના દિવસો હોવાથી ઘણા યુવકો સ્વામીશ્રી સાથે લાભ લેવા માટે રોકાયેલા. તેમાં સવારે સ્વામીશ્રીને સ્નાન કરાવવાનો લહાવો કોઈ છોડે નહીં. સ્વામીશ્રી પણ તે વખતે ગમ્મતનો ધોધ વહેવડાવતાં સૌને સ્મૃતિઓમાં ગરકાવ કરતા જાય. સાથે કંઈક ને કંઈક પ્રેરણા પણ આપે. તેમાં વિશેષ તો વ્રત-તપ સંબંધી વાત હોય. કો'કને પૂજા, તિલક-ચાંદલો કરવા સંબંધી કે વચનામૃત, સ્વામીની વાતો ઈત્યાદિ સાંપ્રદાયિક શાસ્ત્રો વાંચવા સંબંધી દૃઢતા પણ સીંચે.

આ ક્રમમાં એક વાર સ્વામીશ્રીએ યુવકોને કહ્યું: 'બધાએ અલગ-અલગ ત્રણ દિવસ નિર્જળા ઉપવાસ કરવા.'

યુવકોએ સહર્ષ આ વાત ઝીલી લીધી. પરંતુ યોગાનુયોગ એ દિવસે જ રસ-પૂરીની રસોઈ હતી. તેથી યુવકો વતી વડીલ હરિભક્તોએ સિફારિશ કરી કે 'સ્વામી ! આજે રસ-પૂરીનું જમણ છે તો આ યુવકોને જમવા દો.'

પણ ત્યારે સ્વામીશ્રીએ – 'કેરીના રસ કરતાં ઉપવાસમાં વધુ રસ આવશે' કહી, યુવકોને ઉપવાસમાં કોઈ છૂટછાટ આપી નહીં.

*'જૈસે હિ હેમ હુતાશ મેં ડાર કે, ધોય વિકાર સોનાર તપાવે;*
*યૂં શિષ્ય કું ગુરુદેવ સુધારત, સો બ્રહ્માનંદ આનંદ પાવે.'*

જેમ સુવર્ણને અગ્નિમાં તપાવીને સોની અશુદ્ધિ દૂર કરે છે, તેમ

સ્વામીશ્રી પણ યુવાનીને તપના તેજાબમાં ઝબકોળી તેને ઝળહળતી બનાવતા.

## પ્રથમ શિખરબદ્ધ મંદિર

અધિવેશન દ્વારા ચૈતન્ય-મંદિરોની માવજત લીધા બાદ, સ્વામીશ્રીની ભક્તિ હવે ગામડે-ગામડે મંદિરોરૂપે ખીલવા લાગેલી.

ઝારોળા તે પૈકીનું એક હતું. અત્રે સ્વામીશ્રીએ તા. ૨૬/૫ના રોજ નવનિર્મિત મંદિરમાં પ્રતિષ્ઠાવિધિ સંપન્ન કર્યો. પ્રતિષ્ઠા બાદ સાંજે વીસેક પધરામણીઓ કરીને તેઓ વાસદમાં લાભ આપી વાઘોડિયા પધાર્યા.

અહીં પણ તા. ૨૭/૫ના રોજ નૂતન મંદિરમાં વેદોક્તવિધિપૂર્વક અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી, ગામમાં જ વીસેક પધરામણીઓ કરીને સ્વામીશ્રી જેસંગપુરા, સયાજીપુરા વગેરેને પાવન કરતાં, તા. ૨૮/૫ની રાત્રે પોણા દસ વાગ્યે સાંકરી પહોંચ્યા.

અહીંના આગમનનો હેતુ પણ મંદિરની પ્રતિષ્ઠા જ હતો.[૪] તે નિમિત્તે તા. ૨૯/૫ થી ૪/૬ દરમ્યાન યોજાયેલા પારાયણમાં સ્વામીશ્રી પ્રાસંગિક લાભ આપતા.

દરેક પ્રસંગની જેમ અહીં પણ પારાયણ સાથે પધરામણીઓ ચાલતી રહેલી. તદનુસાર, સાંકરી ઉપરાંત તા. ૩૧/૫ના રોજ બુટવાડા, તા. ૧/૬ની સવારે બારડોલી, રાયમ અને નાદીડા તથા તા. ૨/૬ની સાંજે દેલોદ મુકામે સ્વામીશ્રી પધારેલા. આમ, પારાયણ, પ્રતિષ્ઠા અને પધરામણીનો ત્રિવેણી સંગમ સાંકરી મુકામે સર્જાઈ રહ્યો.

તેમાંય પારાયણનો છઠ્ઠો દિવસ અમરપટ્ટો લઈને આવેલો. તા. ૩/૬ની

---

૪. સાંકરી ગામના સોમાભાઈ પટેલ સન ૧૯૭૦માં લંડન મુકામે યોગીજી મહારાજનાં દર્શન માટે આવેલા, ત્યારે તેઓએ ગ્રામજનો દ્વારા ગામમાં તૈયાર થતાં મંદિર વિષે ઉલ્લેખ કરેલો. તે સાંભળી યોગીજી મહારાજે તે મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ પધરાવવા સોમાભાઈને આજ્ઞા કરેલી. સોમાભાઈને સત્સંગ નવો-સવો જ હતો, પરંતુ યોગીજી મહારાજ વિષે અપાર હેત અને વિશ્વાસ. તેથી તેઓએ પ્રતિષ્ઠાનું વચન ઝીલી લીધું અને ભારત પરત ફરી ગ્રામજનોને અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા માટે સંમત કર્યા. તેઓનો આ પ્રયત્ન જોઈ યોગીજી મહારાજ રાજી થયેલા અને પ્રતિષ્ઠા માટે પધારવાનું વચન સોમાભાઈને આપેલું. આ મુજબ એક શિખરનું મંદિર થતાં, સ્વામીશ્રી પ્રતિષ્ઠાવિધિ કરવા માટે આવી પહોંચ્યા.

એ સવારે સ્વામીશ્રીના વરદહસ્તે પ્રથમ વાર શિખરબદ્ધ મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજ્યા. આ વખતે સ્વામીશ્રીએ ભગવાનને મુખદર્શન કરાવવા માટે તેઓ સમક્ષ ધરેલો અરીસો, ભગવાનની દૃષ્ટિનાં તેજકિરણો પડતાં જ ફૂટી ગયો. આ પ્રસંગને સૌએ હર્ષોલ્લાસ સાથે વધાવી લીધો.[૫]

ત્યારબાદ સ્વામીશ્રી તા. ૫/૬ના રોજ વાંકાનેરમાં ત્રીસ પધરામણીઓ કરી ઉકાઈ પહોંચ્યા.

અત્રે કાર્યવાહક એન્જિનિયરોએ ગોઠવેલા કાર્યક્રમ મુજબ તા. ૬/૬ની બપોરે તેઓ ઠાકોરજી જમાડીને ઉકાઈ બંધ પર દૃષ્ટિ કરવા પધાર્યા. અહીં ગઈકાલથી જ બંધમાં પાણી ભરવાનો પ્રારંભ થયો હોવાથી પાણીની માત્રા સારા પ્રમાણમાં હતી. સ્વામીશ્રીએ તે જળમાં ઠાકોરજીને સ્નાન કરાવ્યું અને બંધની બાકી કાર્યવાહી ઝડપથી પૂર્ણ થાય તથા આ કાર્યમાં સહયોગ આપનાર સૌનું કલ્યાણ થાય તે માટે ધૂન આદરી. સાથે સાથે ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનાનું કામ પણ વહેલી તકે શરૂ થાય તે માટે પ્રાર્થના કરી.

ઉકાઈથી સ્વામીશ્રી તા. ૬/૬ના રોજ વ્યારા પધાર્યા ત્યારે રાત્રિના નવ વાગી ચૂકેલા. ઠાકોરજી જમાડીને પરવાર્યા ત્યારે તો ઘડિયાળ સાડા નવનો સમય બતાવી રહેલી. પરંતુ તે દિવસ રવિવારનો હતો. તેથી સ્વામીશ્રીએ રાત્રે સાડા નવ વાગ્યે રવિસભા યોજવાનું જણાવ્યું. તેઓના ઉતારે જ તે સભા યોજાઈ, જે રાત્રે સાડા અગિયાર વાગ્યે પૂર્ણ થયેલી.

યોગીજી મહારાજની આજ્ઞા પાળવાની તેઓની આ ખટક સૌના મનમાં વસી ગઈ !

વ્યારાથી તા. ૮/૬ની સવારે મઢી પધારેલા સ્વામીશ્રીએ, અહીં યોજાયેલી જાહેર સત્સંગ-સભામાં સો જેટલા મુમુક્ષુઓને કથાવાર્તાનો લાભ આપ્યો. પરંતુ તેઓને કામચલાઉ બહુ ખપે નહીં. તેથી કાયમી ધોરણે અઠવાડિક સભા થતી રહે તે માટે તેઓએ અહીં સત્સંગ મંડળની સ્થાપના કરી દીધી.

આમ, પોતાનાં જીવન અને કાર્ય દ્વારા યોગીજી મહારાજનું અઠવાડિક સભાનું અભિયાન પૂરા વેગથી આગળ ધપાવતાં સ્વામીશ્રી, મઢીથી સુરત

---

૫. સ્વામીશ્રી દ્વારા નિર્માણ પામેલા આ પ્રથમ શિખરબદ્ધ મંદિરની મૂર્તિપ્રતિષ્ઠાના ઐતિહાસિક અવસરની ઝાંખી મેળવવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વિડિયોને માણો.

થઈને 'ફ્લાઇંગ રાણી' ટ્રેન દ્વારા તા. ૯/૬ની સવારે મુંબઈ પધારી ગયા.

## શ્રીગોવિંદ ઠાકુર તિહારો ચાકર

મુંબઈમાં શિખરબદ્ધ મંદિર થયું તે પહેલાં, 'અક્ષર ભુવન'ના કાષ્ઠના સિંહાસનમાં પધરાવવામાં આવેલી મૂર્તિઓમાં શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી બિરાજમાન હતા. આ મૂર્તિઓની બંને બાજુ ઉપરના ભાગમાં શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની મૂર્તિઓ હતી. તેની નીચે શ્રીજીમહારાજનાં ચરણારવિંદની છાપ મૂકવામાં આવેલી.

આ સિંહાસનમાં એક સંતે પ્રેમવશ થઈને 'गुरुः साक्षात् परं ब्रह्म ...' મુજબ, સ્વામીશ્રીની પણ નાની છબી ગોઠવી દીધેલી.

જ્યારે સ્વામીશ્રી દર્શન માટે પધાર્યા ત્યારે તેઓની નજરમાં આ નોંધાઈ ગયું. તેથી તેઓ તરત જ સામે ઊભેલા કોઠારી સ્વામીને કહેવા લાગ્યા: 'કોઠારી! તમારે આ બાબતે ધ્યાન રાખવું જોઈએ. જે મૂકે તેને સમજાવીને 'ના' પાડવી જોઈએ. આ બધું કઢાવી નાંખજો...' એમ કહેતાં ઘણી નારાજગી બતાવી.

પરાભક્તિ અને ગુરુભક્તિ એ સ્વામીશ્રીની જીવનસરિતાના બે કિનારા હતા. તેને તેઓએ કદી ઓળંગ્યા નહોતા. તેઓના કણકણમાંથી આ જ સૂર સદા ઊઠતો: *'શ્રીગોવિંદ ઠાકુર તિહારો ચાકર...'*

આવા ભક્તિભાવથી તેઓએ તા. ૨૫/૬ના દિવસે રથયાત્રા ઊજવી. આ ઉત્સવમાં મહંત સ્વામીએ સંતોને સાથે રાખી પોતાની આગવી કલાસૂઝથી ચાર-ચાર અશ્વ જોડેલા બે સુવર્ણરંગી રથ બનાવેલા. તેમાં પધરાવેલા રથારૂઢ ઠાકોરજીની આરતી ઉતારી સ્વામીશ્રીએ સૌની ભક્તિ સાર્થક કરી.

ગોંડલમાં યોજાયેલા યુવક અધિવેશન પ્રસંગે જે કાર્યક્રમો રજૂ થયેલા તે પોતાનાં ગામોમાં રજૂ કરવા માટે સૌ મંડળોને સ્વામીશ્રીએ આજ્ઞા કરી હતી. તે મુજબ તા. ૨૭/૬ના રોજ પોદાર કૉલેજના સભાગૃહમાં મુંબઈનાં બાળ-યુવક મંડળે અદ્ભુત પ્રસ્તુતિ કરી હતી. આ રજૂઆતે એવી કમાલ કરી કે કાર્યક્રમમાં ઉપસ્થિત એક સેવાભાવી સજ્જને કાર્યક્રમમાં ભાગ લેનાર તથા અભ્યાસમાં ઝળહળતી ફતેહ મેળવનાર સૌને ચંદ્રકો આપવાનું સેવા-સૌજન્ય દાખવ્યું હતું. સ્વામીશ્રીના વરદહસ્તે આ તેજસ્વી તારલાઓને ચંદ્રકો એનાયત કરી સન્માનવામાં આવ્યા.

આમ, એક પછી એક વિશિષ્ટ કાર્યક્રમોની શૃંખલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં ચાલતી રહી. તેને કારણે મોહમયી નગરી ઉત્સવમયી બની રહી.

## પૂર્ણ જ્ઞાની છતાં નિત્ય વિદ્યાર્થી

મુંબઈ-નિવાસ દરમ્યાન એક વાર સ્વામીશ્રીએ પીઢ સત્સંગી શ્રી હર્ષદભાઈ દવેને પોતાના ઓરડામાં બોલાવ્યા. તેઓ આવ્યા ત્યારે મધ્ય પ્રકરણનું નવમું વચનામૃત ખોલીને બેઠેલા સ્વામીશ્રીએ તેમને જણાવ્યું: 'મારે તમારી પાસેથી આ વચનામૃત સમજવું છે.'

હર્ષદભાઈ તો આ સાંભળતાં જ ચકિત થઈ ગયા અને સંકોચાઈ પણ ગયા. તેઓએ સ્વામીશ્રીનાં ચરણોમાં માથું ટેકવતાં કહ્યું: 'સ્વામી! આપ મારી પરીક્ષા ન કરો. આપ પોતે જ જ્ઞાનનું મૂર્તિમાન સ્વરૂપ - અક્ષરબ્રહ્મ છો. આપને સમજાવવાવાળો હું કોણ?'

પરંતુ સ્વામીશ્રીએ આ વચનામૃતના આધારે અમુક તાત્ત્વિક વિગતો જાણવાનો આગ્રહ જારી રાખ્યો ત્યારે હર્ષદભાઈ બોલ્યા: 'મારા જ્ઞાનને પાવન કરવા માટે આપ આ સેવા મને આપવા માંગતા હો, તો આપની આજ્ઞાનો લોપ હું નહીં કરું. પણ આપને વચનામૃત સમજાવવાથી, 'હું જ્ઞાની છું' એવો ભ્રમ મારા મનમાં ક્યારેય પેદા ન થાય એટલી કૃપા કરજો.' એમ કહી તેઓએ તથા સ્વામીશ્રીએ દોઢ - બે કલાક સુધી આ વચનામૃતના આધારે ગોષ્ઠી કરી.

તે વખતે, પૂર્ણ જ્ઞાની હોવા છતાં હંમેશા વિદ્યાર્થી થઈને રહેલા સ્વામીશ્રીની નમ્રતા અને નવું શીખવાની વૃત્તિ જોઈ હર્ષદભાઈ આભા જ બની ગયા.

## પાઠ્યપુસ્તકમાં શ્રીજીનું 'વચનામૃત'

તા. ૪/૭ની રવિસભા બાદ, સ્વામીશ્રી મુંબઈથી સુરત જવા માટે દાદર સ્ટેશને આવી પહોંચ્યા. છવ્વીસ દિવસ સુધી તેઓનો લાભ લીધા પછીયે હજી કોઈને તૃપ્તિ થઈ નહોતી. તેથી રેલવે સ્ટેશને પણ મોટો માનવ સમુદાય સ્વામીશ્રીને વિદાય આપવા દોડી આવેલો. 'सन्ततगमनाद् अनादरो भवति ।' – 'સતત સંપર્ક અનાદરનું કારણ બને છે' – આ ઉક્તિ સ્વામીશ્રીના સંસર્ગમાં સદંતર ખોટી પુરવાર થતી. તે કારણે રાત્રે 'વિરમગામ જનતા' ટ્રેન ઉપડી નહીં ત્યાં સુધી સૌ સ્વામીશ્રીનાં દર્શનનો લહાવો લૂંટતા રહ્યા.

તા. ૫/૭ની સવારે સુરતના સ્ટેશન પર પણ સેંકડો હરિભક્તોએ જયનાદો અને પુષ્પહારોથી તેઓનું સ્વાગત કર્યું.

સૂર્યોદય અને સૂર્યાસ્તની જેમ, સ્વામીશ્રીના જીવનમાં સ્વાગત અને વિદાયની લીલા સતત ચાલતી રહેતી. એક તરફ અશ્રુભીની આંખોની વિદાય લેવાની તો બીજી તરફ હર્ષાશ્રુથી ઊભરાતી આંખોનું સ્વાગત સ્વીકારવાનું! બેય પ્રસંગો ભક્તોના ભાવ અને સ્વામીશ્રીના પ્રભાવનો પરિચય આપનારા બની રહેતા. ગઈકાલે મુંબઈ અને આજે સુરત – આ ઘટનાના સાક્ષી બન્યા.

સુરતમાં ત્રણ દિવસના રોકાણ દરમ્યાન, સ્વામીશ્રીએ પધરામણીઓ અને સત્સંગ-સભાઓનો લાભ આપી સૌને કૃતાર્થ કર્યા. તે ક્રમમાં તા. ૫/૭ની સાંજે આઇ. સી. ગાંધી હાઈસ્કૂલમાં આયોજિત સભામાં સ્વામીશ્રીના આશીર્વાદ પામી વિદ્યાર્થીઓ પણ ધન્ય બન્યા. આ અરસામાં, એસ.એસ.સી.ના ગુજરાતી ભાષાના પાઠ્યપુસ્તકમાં, સરકાર તરફથી ગઢડા પ્રથમ પ્રકરણના બાવીસમા વચનામૃતનો સમાવેશ કરવામાં આવેલો. તે વચનામૃતનું નિરૂપણ સંત સ્વામીએ કરી વિદ્યાર્થીઓની જિજ્ઞાસાના સંતોષકારક ખુલાસા આપ્યા. તે દ્વારા શ્રીજીનું જ્ઞાન વિદ્યાર્થીઓની ગળથૂથીમાં ઊતર્યું.

## બોચાસણમાં ઈતિહાસનું પુનરાવર્તન

સુરતથી ભરૂચ થઈને જ્યારે સ્વામીશ્રી બોચાસણ પધાર્યા ત્યારે હજારો હરિભક્તો મુખ્ય રસ્તા પર સ્વાગત માટે તત્પર ઊભા હતા. સુશોભિત ગજરાજ પણ તેઓના સત્કાર માટે થનગની રહેલો.

સૌએ સ્વામીશ્રીને તે ગજરાજ પર બિરાજવા વિનંતી કરી; પણ તેઓને આ સન્માન રુચ્યું નહીં, તેથી નામરજી બતાવી. અંતે સૌના અતિશય આગ્રહને વશ થઈને છેવટે તેઓ હાથી પર બિરાજ્યા ત્યારે ઈતિહાસ ફરી એક વાર પુનર્જીવિત થયો. સન ૧૮૬૧માં ગુણાતીતાનંદ સ્વામીની ગજસવારી બોચાસણમાં નીકળેલી. ત્યારબાદ આજે એ જ ગુણાતીત સંતને આ રીતે નીરખવાનું સદ્‌ભાગ્ય ગામને ફરી પ્રાપ્ત થયું!

અહીં તા. ૮/૭ના રોજ ગુરુપૂર્ણિમાનો ઉત્સવ અદ્‌ભુત ઊજવાયો. તેમાં સ્વામીશ્રીએ દૃઢ નિષ્ઠા રાખીને સત્સંગ-પ્રધાન જીવન જીવવાનો અનુરોધ સૌને કર્યો. તેઓના ગુરુપદે બિરાજમાન થયા બાદ, ગુરુપૂજનનો લાભ આજે પ્રથમ વાર સૌને મળી રહેલો. તેથી મોટો ભવ્ય હાર સ્વામીશ્રીને અર્પણ

કરવામાં આવ્યો. ઠાકોરજી સાથે તેઓની ૧૦૧ દીવા દ્વારા આરતી પણ ઉતારવામાં આવી. ત્યારપછી હજારો હરિભક્તોએ ક્રમશઃ આવીને સ્વામીશ્રીના આશીર્વાદ મેળવ્યા.

ઉત્સવની આટલી ભરચક પ્રવૃત્તિમાંયે સ્વામીશ્રીએ ગામમાં ત્રણ દિવસમાં જ ૧૨૦થી વધુ પધરામણીઓ કરી હતી. અત્યાર સુધીમાં એક સાથે આટલી પધરામણીઓ બોચાસણમાં ક્યારેય થઈ નહોતી. સ્વામીશ્રીના પગલે પગલે ઘણી નવી શરૂઆતો થતી રહેતી.

## મેઘવર્ષા પર પ્રેમવર્ષાનો વિજય

તા. ૧૬/૭ની સાંજે સ્વામીશ્રી બોચાસણથી વિદાય લઈ પીજ પહોંચ્યા.

આ ગામ શ્રીજીમહારાજના સમયથી સત્સંગના રંગે રંગાયેલું. તેથી સ્વામીશ્રીને વધાવવાનો અનહદ ઉમંગ સૌનાં હૈયે ઊછળતો હતો. સ્વામીશ્રી પધાર્યા ત્યારે બે ઘોડાની બગીમાં તેઓને પધરાવી, સૌ ધૂન, ભજન, જયનાદો, બૅન્ડ-વાજાં અને દારૂખાનાંના ગગનભેદી અવાજોથી વાતાવરણને ગજવતાં સ્વામિનારાયણ મંદિરે આવ્યા. અહીં દર્શન કરીને વળી નગરયાત્રા આગળ વધી અને ગામની ધર્મશાળામાં યોજાયેલી સ્વાગત-સભામાં વિરમી. તેમાં સૌએ પ્રવચનો અને પુષ્પહારો દ્વારા સ્વાગતોર્મિઓ વહાવી.

આ સભા બાદ સ્વામીશ્રી ઉતારે પધાર્યા અને સૌ ભોજન લેવા વીખરાયા. કલાકેકના વિરામ બાદ ધર્મશાળામાં જ રાત્રે નવથી અગિયાર વાગ્યા સુધી જાહેર સત્સંગ-સભા યોજાયેલી. તેમાં પધારીને પણ સ્વામીશ્રીએ સૌને દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું.

આમ, દિવસ દરમ્યાન ઉપરાછાપરી સભાઓ, નગરયાત્રાઓ અને પધરામણીઓના દોર ચાલતા રહેતા. તેમાં સ્વામીશ્રી અતિ સ્વસ્થતાથી સૌને રાજી કરતા. તેઓનું આવું વિચરણ જીવમાત્ર પ્રત્યેની તેઓની કરુણાનો પડઘો પાડતું રહેતું.

બીજા દિવસે સવારે પણ કથાવાર્તાનો લાભ આપ્યા બાદ, સ્વામીશ્રીએ ગામમાં ૪૫ પધરામણીઓ કરીને સૌના મનોરથ પૂર્ણ કર્યાં. સાથે સાથે પ્રભુ-પદરજના પ્રેમી તેઓ શ્રીજીનાં પ્રાસાદિક સ્થાનોનાં દર્શન પણ કેમ ચૂકે? તેથી આ ગામમાં શ્રીજીમહારાજ જ્યાં બિરાજેલા અને જે સ્થળે માણકી ઘોડી બાંધેલી ત્યાં તથા સત્સંગના મહારથી સમા સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામીના ઘેર દર્શનાર્થે

જઈ આવ્યા. દર્શનના આ દોરમાં તેઓ વૈષ્ણવોની હવેલીમાં પણ પધાર્યા. તેઓની આવી ક્રિયાઓ દ્વારા આંતરધર્મ સંવાદિતા આપોઆપ વિસ્તરતી રહેતી. તે માટે તેઓને પ્રવચનો કે સમારંભો યોજવાની જરૂર પડતી નહીં.

પીજથી વસો પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૧૮/૭ની સવારે સત્સંગ મંડળના ૧૮મા વાર્ષિક દિનની ઉજવણી ધામધૂમથી થઈ. અગિયાર વાગ્યે આ વિશિષ્ટ સભા પૂરી કરીને સ્વામીશ્રી ૪૫ ઘેર પધરામણીઓ કરતાં પલાણા પહોંચ્યા.

તે વખતે સાંજના પાંચેક વાગ્યાનો સમય થયેલો. તેમાંય આષાઢની હેલી શતધારે વરસી રહેલી. તેથી સંધ્યાનું અંધારું વધુ ઘેરું બનેલું. પણ તે વખતે જ હરિભક્તોએ કહ્યું : 'સ્વામી ! ગામમાં થોડી પધરામણીઓ ગોઠવી છે.'

વરસતા વરસાદમાં આ પ્રસ્તાવ ઝીલવો ખરેખર અઘરો હતો. વળી, હજી ડભાણમાં સભા કરીને નડિયાદ સુધીનો પંથ કાપવાનો હતો. છતાં હરિભક્તોની રજૂઆત સાંભળીને સ્વામીશ્રી તરત જ પધરામણીએ જવા તૈયાર થઈ ગયા.

તેથી હરિભક્તોએ છત્રીઓ ખોલી પરંતુ વરસાદની ઝાપટમાં તે છત્ર તો કેવળ નામનાં જ પુરવાર થયાં. વરસાદનાં ફોરાં સ્વામીશ્રીને પલાળતાં-પખાળતાં રહ્યાં. તેમાં જ તેઓએ પધરામણીઓ પૂરી કરી વિદાય લીધી ત્યારે આકાશની સાથે હરિભક્તોની આંખો પણ વરસી રહેલી – સ્વામીશ્રીનો પ્રેમ પામીને !

## પ્રમુખસ્વામી મારું સ્વરૂપ છે

પલાણાથી નડિયાદ પહોંચ્યાના બીજા જ દિવસે પલાણાના અંબાલાલ પટેલ સ્વામીશ્રીને શોધતાં શોધતાં ઉતારે દોડી આવ્યા. તેઓની એક આંખ પશ્ચાત્તાપથી રડી રહેલી તો બીજી પ્રાપ્તિથી ચમકી રહેલી. આ મિશ્ર લાગણી સાથે તેઓ સ્વામીશ્રીનાં ચરણોમાં પડતું મૂકતાં બોલવા લાગ્યા : 'દયાળુ ! ક્ષમા કરો. આપ સાક્ષાત્ યોગીજી મહારાજ જ છો.'

તેઓના શબ્દોમાં પણ પશ્ચાત્તાપનું દર્દ અને પ્રાપ્તિનો આનંદ પડઘાતા હતા.

ગઈકાલે સ્વામીશ્રી પલાણામાં પધરામણીઓ કરી રહેલા તે દરમ્યાન કો'કે તેઓને પૂછેલું : 'તમારે પ્રમુખસ્વામીની પધરામણી નથી કરાવવી ?'

ત્યારે અંબાલાલભાઈએ સાફ શબ્દોમાં સુણાવી દીધેલું કે 'મારા ગુરુ યોગીજી મહારાજ હતા. તેઓ ધામમાં ગયા. હવે મારા ગુરુ કોઈ બીજા નહીં.'

પ્રથમ શિવધર્મી એવા આ અંબાલાલને નોર્થમ્પ્ટન(આફ્રિકા)માં સત્સંગ થયો ત્યારથી યોગીજી મહારાજમાં દૃઢ પ્રતીતિ બેસી ગયેલી. એ યોગીજી મહારાજનું ધામગમન થતાં ઉદાસ થઈ ગયેલા તેઓએ, સ્વામીશ્રીની પધરામણી કરાવવા અંગે ઘસીને 'ના' કહી દીધેલી, પરંતુ તે જ રાત્રિએ યોગીજી મહારાજે અંબાલાલને દર્શન આપીને કહેલું: 'પ્રમુખસ્વામી મારું સ્વરૂપ છે. તમે તેઓના દર્શને કેમ જતા નથી?'

યોગીજી મહારાજના આ શબ્દોથી અંબાલાલ સફાળા જાગી ગયા. તેઓના હૃદયમાં પશ્ચાત્તાપ અને પ્રાપ્તિનાં પૂર એકસામટાં ઊમટવાં લાગ્યાં. 'ક્યારે પરોઢ થાય અને સ્વામીશ્રી પાસે પહોંચું?'ના જ વિચારોમાં તેઓ પડખાં ફેરવતાં રાત વિતાવી આજે સ્વામીશ્રી પાસે આવી પહોંચેલા. તેઓએ ગદ્‌ગદ કંઠે સ્વામીશ્રીની માફી માંગી, તેઓ સાથે યોગીજી મહારાજની જેમ જ બ્રહ્મ-સંબંધની સાંકળ જડી દીધી.

આમ, ધામગમનના છ-છ મહિના બાદ પણ યોગીજી મહારાજ અવઢવમાં અટવાતા મુમુક્ષુઓને પથદર્શન કરાવતા રહેલા.

## સ્પર્શે આતમદીપ ચેતે

નડિયાદમાં ત્રણ દિવસના રોકાણમાં સ્વામીશ્રીએ ૧૮૩ પધરામણીઓ કરીને સૌના કોડ પૂરા કરેલા.

પધરામણીઓના આ ક્રમમાં તેઓ તા. ૨૧/૭ના રોજ એક મુમુક્ષુ મનુભાઈના ઘેર પધારવાના હતા. તેઓને સવારે સાડા આઠ વાગ્યાની આસપાસનો સમય પધરામણી માટે ફાળવવામાં આવેલો. પરંતુ તેના દોઢેક કલાક પહેલાં જ આ ઘરમાં બનેલી દુર્ઘટનામાં યજમાનનો દીકરો 'કરંટ' લાગતાં ઊછળીને પડ્યો ચોકડીમાં! તેનું શરીર સાવ કાળી મેશ જેવું થઈ ગયું! તે ન હાલે કે ન ચાલે. તે જોઈ સૌ કહેવા લાગ્યા: 'આ મરી ગયો લાગે છે.' તાબડતોબ તબીબને બોલાવ્યા. તેઓએ પણ નિરાશાજનક અભિપ્રાય આપ્યો કે 'શરીરમાં કાંઈ બચ્યું લાગતું નથી.' આ સાંભળી સૌ હતપ્રભ થઈ ગયા.

એક તરફ સ્વામીશ્રી પધારવાની ઘડીઓ ગણાઈ રહેલી, તો બીજી તરફ દીકરાના મરણની મોકાણ બેઠી. પરંતુ તે વખતે દીકરાની માતાએ કહ્યું કે

'આ છોકરાને અંદરના ઓરડામાં સુવાડી દઈએ પણ સ્વામીબાપાનાં પગલાં તો ઘરમાં કરાવીએ જ.' તેથી જેના અસ્તિત્વ વિષે સૌ સાશંક હતા તે છોકરાને ઓરડામાં સુવાડીને ઘરના સભ્યો સ્વામીશ્રીની પ્રતીક્ષા કરવા લાગ્યા.

સ્વામીશ્રી સાડા અગિયાર વાગ્યાની આસપાસ પધાર્યા. પધરામણીની આરતી, પૂજન વગેરે વિધિ થતો હતો ત્યારે કો'કે સ્વામીશ્રીને સવારે જ બનેલી આકસ્મિક ઘટનાની વાત કરી. તે સાંભળીને તેઓએ કહ્યું: 'તે છોકરાને અહીં લઈ આવો તો.'

આ આદેશ થતાં બે-ત્રણ જણા તેને ઊંચકીને લઈ આવ્યા અને સ્વામીશ્રી સમક્ષ સુવડાવ્યો. તે વખતે સ્વામીશ્રી તે કિશોર પર દૃષ્ટિ કરતાં તેનો હાથ પોતાના હાથમાં લઈને તપાસવા લાગ્યા. તેઓની અમીદૃષ્ટિ અને અમૃત-સ્પર્શના પ્રભાવથી જાણે કિશોરના શરીરમાં ચેતન આવ્યું હોય તેમ, કાષ્ઠવત્ બની ગયેલો તે સળવળવા લાગ્યો. તેનું શ્યામ પડી ગયેલું શરીર રતૂમડું થવા લાગ્યું અને થોડી વારમાં તો તે હાલતો-ચાલતો થઈ ગયો!

સ્વામીશ્રીનો આ પ્રતાપ જોઈ ઘરનાં સૌ કૃતકૃત્ય થઈ ગયાં અને ભેગો થયેલો સમૂહ આશ્ચર્યચકિત! દીકરાની માને તો લાગ્યું કે 'મારો લાડકવાયો પાછો આપવા જ જાણે સ્વામીશ્રી મારા ઘેર પધાર્યા કે શું!?' આ ઉપકારથી ગદ્‌ગદ થઈ ગયેલી તે, સજળ નયને પાલવ પાથરીને સ્વામીશ્રીની પદરજથી પાવન થયેલી ભૂમિ પર ક્યાંય સુધી માથું ઘસતી રહી!

મહાભારતમાં કથાનક આવે છે કે મૃત પરીક્ષિતને લઈને કલ્પાંત કરતાં કુંતી, દ્રૌપદી, સુભદ્રા વગેરે કૃષ્ણ પાસે તે મૃત શિશુને જીવતું કરવાની કાકલૂદી કરે છે. તે સમયે કૃષ્ણ કહે છે: 'જો હું મજાકમાં પણ અસત્ય ન બોલ્યો હોઉં, જો હું યુદ્ધમાંથી ભાગી ન ગયો હોઉં અને સત્ય તથા ધર્મ જો મારામાં સદાય રહ્યા હોય તો અભિમન્યુનો આ મૃત બાળક જીવતો થાય.'[૬] કૃષ્ણના મુખે આ શબ્દો ઉચ્ચારાયાની ગણતરીની પળોમાં પરીક્ષિત સચેતન થઈ ગયેલો.

કોઈને આ પરચો કે ચમત્કાર લાગે પણ આ બાબત પરચા કે ચમત્કારથી વિશેષ, આજીવન અણિશુદ્ધ આચરણના પુરાવારૂપ છે. જે નખ-શિખ પવિત્ર છે તેના શબ્દો અને સાંનિધ્યમાં આગવી શક્તિ પ્રગટે છે, જે અશક્યને શક્ય બનાવતી રહે છે. આજે એ શક્તિનું દર્શન સ્વામીશ્રીમાં જોઈને સૌનાં નેત્રો વિસ્ફારિત થઈ ગયાં!

---

૬. आश्वमेधिकपर्व (महाभारतम्) – ६८/१९,२२.

## યુવાશક્તિને આકર્ષતી સંતશક્તિ

તા. ૨૧/૭ની સાંજે સ્વામીશ્રી નડિયાદથી કાવિઠા પહોંચ્યા. તે વખતે ધોધમાર વરસાદ વરસતો હોવા છતાં, ગામના બસ-સ્ટેન્ડ પાસે પાંચસો ભાવિકો હાથમાં છત્રીઓ લઈને સ્વામીશ્રીને સત્કારવા ઊભા રહેલા. સ્વામીશ્રી પધારતાં જ વસ્ત્રભીનાં ભક્તોએ ભાવભીનું સ્વાગત કર્યું અને ધૂન-કીર્તનની રમઝટ બોલાવતાં તેઓ સ્વામીશ્રીને રેવનદાસભાઈના ઘેર ઉતારે લઈ આવ્યા. ત્યાં રાત્રે સાડા અગિયાર વાગ્યા સુધી સ્વામીશ્રીએ સભા કરી. ઋતુઓની ફરતી રૂખ તેઓના ઇશકને મોળી પાડી શકતી નહીં.

સ્વામીશ્રીની આ વાતો અને દર્શનથી સૌને એવો ભાવ થયો કે ગામમાં મુઠ્ઠીભર હરિભક્તો હોવા છતાં ૬૬ પધરામણીઓ થઈ. કેટલાયે સ્વામીશ્રી સમક્ષ વ્યસનો છોડ્યાં, કંઠીઓ ધારણ કરી, પૂજા-પાઠના નિયમો લીધા અને જીવન સન્માર્ગે વાળ્યું. આમ, ગામમાં સ્વામીશ્રીનું આગમન આશીર્વાદ સમું બની રહ્યું.

આવી ધન્યતા તા. ૨૨/૭ની સાંજે વિદ્યાનગરે પણ અનુભવી. અહીં સરદાર પટેલની પ્રતિમા પાસે સ્વામીશ્રીના દબાદબાપૂર્વક સ્વાગત બાદ નગરના પાદરથી છાત્રાલય સુધી તેઓની ભવ્ય શોભાયાત્રા યોજાયેલી. સૌરાષ્ટ્ર કોલોની, મોટા બજાર, પોલિટેકનિક કૉલેજ, જુનારકર હૉસ્ટેલ, વિંધ્ય હૉસ્ટેલ, ભાઈકાકા ગ્રંથાલય, નાના બજાર, યુનિવર્સિટી ક્વાર્ટર્સ કૉલોની અને કેન્દ્રીય શાળાએથી પસાર થઈને છાત્રાલય સુધી પહોંચેલી આ નગરયાત્રાએ સમગ્ર વિદ્યાનગરને ઘેલું કરી મૂક્યું. ગલીએ ગલીએ અનેક મુખે એક જ ઉદ્‌ગાર ઊઠી રહ્યો કે 'વિદ્યાનગરના ઇતિહાસમાં આવી નગરયાત્રા આ પ્રથમ જ હશે.'

અહીંના નિવાસ દરમ્યાન સ્વામીશ્રીએ એમ. યુ. પટેલ હાઈસ્કૂલ, વી. પી. સાયન્સ કૉલેજ, પોલિટેકનિક કૉલેજ, લીબર્ટી હૉસ્ટેલ વગેરે વિદ્યાસંકુલોમાં પધારીને બ્રહ્મવિદ્યાની રસલહાણ કરાવી. આ દરેક જગ્યાએ સેંકડોની સંખ્યામાં વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો ઊમટ્યા.

તેઓને જીવનની ઉન્નતિ કરવા, ખોટી શરમ છોડીને ધર્મ-નીતિના સંસ્કારો અપનાવવાનો અનુરોધ કરતાં સ્વામીશ્રીએ કહ્યું: 'જેટલો સમય દેહની સજાવટમાં, સિનેમા જોવામાં કે અન્ય પ્રવૃત્તિઓમાં ગાળવામાં આવે છે,

તેમાંથી થોડો જ સમય બચાવી જો આધ્યાત્મિક પ્રવૃત્તિ તરફ લક્ષ્ય આપવામાં આવે તો પોતાના જીવનના, કુટુંબના અને સમાજના ઘણા પ્રશ્નો હલ થઈ જાય.'

આ રોકાણ દરમ્યાન સંસ્થાની યુવા-પ્રવૃત્તિને વિશેષ વેગવંતી બનાવવા માટે સ્વામીશ્રીના સાંનિધ્યમાં 'ઍડવાન્સ લીડરશિપ' શીર્ષક હેઠળ એક દિવસીય યુવા-શિબિર યોજાયેલી. છાત્રાલયમાં આયોજિત આ શિબિરમાં સ્વામીશ્રી, મહંત સ્વામી, ડૉક્ટર સ્વામીએ સૌને બળભરી વાતો કરીને માર્ગદર્શન આપ્યું.

આમ, વિદ્યાનગરમાં યુવાવિકાસના નકશા આંકી આપતાં સ્વામીશ્રી બોચાસણ, ધર્મજ થઈને પેટલાદના કારાવાસમાં દર્શનદાન આપવા પધાર્યા.

આવેગ અને આક્રોશમાં અઘટિત પગલું ભરી બેસનારા મનુષ્યો અહીં હતા. તે સૌ સ્વામીશ્રીનાં દર્શનથી પરમ શાંતિ અનુભવી રહ્યા. બંધનમાં પડેલા તે સૌનો મુક્તિમાર્ગ મોકળો કરતાં સ્વામીશ્રી સોજિત્રા, પેટલાદ, મહેળાવ, પીપલગ થઈને તા. ૩૦/૭ની સાંજે માતર પહોંચ્યા.

## પંડને પલટી નાંખો

માતરમાં સ્વામીશ્રીનો ઉતારો જ્યાં રાખવામાં આવેલો તે ઘરની બાજુમાં જ સભામંડપ તૈયાર કરેલો. ત્યાં નગરયાત્રા વિરમી અને સ્વાગત-સભા શરૂ થઈ. તે પૂર્ણ થયા બાદ ભોજન અને ભોજન બાદ પુનઃ બીજી સભા આરંભાઈ, તે રાત્રે સાડા નવથી સાડા અગિયાર વાગ્યા સુધી ચાલી.

સ્વામીશ્રીના વિચરણમાં મોટે ભાગે આવો જ ક્રમ રહેતો. તેઓ જે તે ગામમાં સાંજે પહોંચે ત્યારથી રાત્રે પોઢે ત્યાં સુધીમાં સ્વાગત-સભા અને સત્સંગ-સભા – એમ બે સભાઓ યોજાતી. સ્વામીશ્રી બંનેમાં પધારતા. કથાવાર્તા કરવામાં તેઓને કદી તૃપ્તિ થતી જ નહોતી.

તેઓની કથાવાર્તા પણ જાણે ગંગામાં ડૂબકી! ગંગાની શીતળતા, પવિત્રતા અને નિર્મળતા – બધું એમના વાણીપ્રવાહમાં વહેતું. એવી મૃદુ અને મીઠી વાણી કે કોઈનેય ગળા હેઠે ઉતારવી અઘરી ન પડે. તેમાંય માર્મિક દૃષ્ટાંતો, લોકબોલીમાં ઊછળતા રૂઢિપ્રયોગો અને સામાજિક રીત-રસમોમાંથી ટપકેલી કહેવતોનો તેઓ આબાદ ઉપયોગ કરી જાણતા. તેથી સ્વામીશ્રીની કથાવાર્તા રાત્રે બાર વાગ્યે પણ રોચક લાગતી.

આવી રોચકતા સાથે, પંડને પલટવાની વાત કરતાં તેઓએ આ વિચરણની એક કથામાં કહેલું કે –

"ગામથી ત્રણ ગાઉ દૂર એક જૂનું દેવાલય હતું. વર્ષમાં એક વાર એનો દિવસ ઊજવાતો ત્યારે લોકો એને યાદ કરતા. ખાસ કરીને વ્યવસાયી લોકો ત્યાં જઈને ઉજાણી કરતા અને મિત્રો મેળામાં મોજ કરતા.

એક વાર મેળામાંથી પાછા ફરતી વેળા લોકોનું ધ્યાન ગયું કે 'રસ્તામાં કોઈ નવા સાધુએ મુકામ નાંખ્યો છે.' પીપળાના ઝાડ ફરતો ચોતરો હતો ત્યાં એમણે ધૂણી કરેલી અને જે લોકો મળવા-પૂછવા આવે તેમને કહેતા: 'દ્રવ્ય તો સૌને જોઈએ છે પણ એ કહો કે મળે તો શું કરશો ?'

એક બ્રાહ્મણભાઈ આ ગામથી તે ગામ રોજ લોટ માગતાં ફરે. એમણે ઝટ કહ્યું: 'આ મારો ખડિયો મેલો ને ફાટેલો છે. એ લઈને ફરતાં મને લાજ આવે છે. જો દ્રવ્ય મળે તો એક મજાનો જરિયાની ખડિયો કરાવી લઉં. એમાં જે લોટ નાખશે તે ચપટી વધારે જ નાંખશે !'

એમની વાત સાચી માની બધા હસ્યા અને એ જ ચીલે ચાલવા બીજા તૈયાર થયા. વાળંદભાઈને અધીરાઈ ઘણી હતી. એમણે કહ્યું: 'દ્રવ્ય મળે તો જરિયાની કોથળી તો કરું જ અને અસ્ત્રાનો હાથો પણ સોનાનો કરાવું. એટલે મોટા મોટા માણસો પણ મને જ મૂંડવા બોલાવે.'

પડખે પ્રજાપતિ ભાઈ બેઠેલા. હાંલ્લાને ટકોરો દેતા હોય તેમ ચોતરા ઉપર ટપ કરીને કહેવા લાગ્યા: 'કોથળી નહીં, આખો ચાકડો જ સોનાનો કરી દઉં, એના ઉપર જે ઠામ ઊતરશે તેના ઘરાક શોધવા નહિ ફરવું પડે. સૌ આગળ લાઇનમાં ઊભા રહેશે.' એમ સુતારે એના વાંસલાને અને કણબીએ એના હળને સોનાનું કરી લેવા મનસુબા કર્યા. પછી બધા સાધુ મહારાજ તરફ જોવા લાગ્યા કે 'આમ થતાં કેટલી વાર લાગશે ?'

સાધુએ તો ધૂણીમાં બે-ચાર ફૂંકો મારી. વળી ચીપિયો ખખડાવ્યો. પછી પીપળા ભણી ઊંચે જોયું અને ઝોળીમાં હાથ નાખી મૂઠી વાળીને બહાર કાઢી. સૌ જોઈ રહ્યા. 'શું ખરેખર સૌના મનોરથ ફળશે ?' એમ વિચારી રહ્યા.

પછી એમણે મૂઠી ખોલી નાંખી તો અંદર કંઈ નહોતું. સાવ ખાલીખમ. સાધુ કહે: 'તમે જે જે માગ્યું તે આપવા ભગવાનને મેં કહ્યું તો ખરું, પણ એ કહે છે – આ સૌને તો જેવા છે તેવા જ રહેવું છે. થોડો રુઆબ કરવો છે પણ જાતને બદલવા કોઈ તૈયાર નથી. પ્રારબ્ધથી જે ધંધો એમને મળ્યો છે તે જ કરવો હોય તો એમાં દ્રવ્ય ઉમેરવાની જરૂર નથી. એમને માયાનો મોહ છે. મારી જરૂર નથી. જ્યારે કોઈમાં મારા નામનો જ વેપાર કરવાની સૂઝ જણાય

ત્યારે મને કહેજો.''

આમ, લોકકથાઓનાં આવાં ગળચટ્ટાં પડ ચડાવીને સ્વામીશ્રી સૌનાં ગળે જીવનનો બોધ ઉતારી દેતા.

## ભાવગ્રાહી જનાર્દન

કથાની સમાંતર ચાલતા પધરામણીના દોરમાં, તા. ૩૧/૭ના રોજ સ્વામીશ્રીએ પાંત્રીસ પધરામણીઓ દ્વારા માતરની ગલીઓને પાવન કરી.

આ પધરામણીઓમાં ઘેર-ઘેર બધું બદલાતું રહેતું. કો'ક ઘેર લીંપણ તો કો'ક ઘેર પથરાના કટકા જડેલી ઊબડ-ખાબડ ફર્શ, તો કો'ક ઘેર ટાઇલ્સ જડેલી ભોંય ! બેસવામાં ક્યાંક ગાદલું, તો ક્યાંક શેતરંજી, તો ક્યાંક ગાલીચા ! કો'ક ઘેર લાઇટ-પંખા હોય, તો કો'ક ઘેર 'બફા સો નફા'ની પરિસ્થિતિ ! ક્યાંક ઘાસની, ક્યાંક નળિયાંની, ક્યાંક પતરાંની છત તો ક્યાંક કોંક્રીટ ભરેલું ધાબું ! દીવાલોમાં પણ એવી જ 'વેરાઇટી' મળે.

ઘેર-ઘેર સ્વાગતની રીત બદલાય, સ્વાગતની સામગ્રી બદલાય, પણ એક ન બદલાતા સ્વામીશ્રી ! તેઓ પ્રત્યેક ઘરમાં એકસરખા ઉત્સાહ અને પ્રેમથી પગલાં પાડતા.

આ રીતે વિચરતાં તેઓ, માતરથી વિદાય લઈ તા. ૧/૮ની સાંજે પાળજ જવા નીકળ્યા. ત્યાં જતાં રસ્તામાં ત્રાજ આવ્યું. અહીં ગામને પાદર આવેલી દૂધ સહકારી મંડળીના મકાનમાં સ્વામીશ્રીને પધરાવી સૌએ સમૂહ આરતી અને હારતોરાનો લાભ લીધો.

ત્રાજથી આગળ વધતાં થોડી વારમાં લીંબાસીનું પાટિયું આવ્યું. અત્રે એક દુકાનમાં સૌએ સ્વામીશ્રીનું સ્વાગત કરવાનો તખ્તો ઘડી રાખેલો. તેથી સ્વામીશ્રી તે દુકાનમાં બેઠા અને આરતી, હારતોરા વગેરેનું સ્વાગત સ્વીકાર્યું.

લીંબાસીથી તેઓ પાળજ પધાર્યા ત્યારે ગામની ભાવિક જનતાએ શણગારેલી ખુલ્લી મોટરમાં સ્વામીશ્રીને પધરાવી નગરયાત્રા કાઢી. ગામના રસ્તાઓ પર ઠેર ઠેર કમાનો અને આસોપાલવનાં તોરણો શોભી રહેલાં. જયનાદો, બૅન્ડ-વાજાં અને ભજન-મંડળીઓનાં કરતાલિયાઓથી વાતાવરણ સતત ગુંજતું રહ્યું.

આમ, ગામે-ગામે સ્વાગતના ઉપચારો બદલાતા; પરંતુ દુકાન-મકાન, ગાડી-ગાડાં, બગી-ટ્રેક્ટર વગેરે જેમાં પધરાવવામાં આવે તેમાં બેસીને

સ્વામીશ્રી સૌને રાજી કરતા. તેઓને મન માન-મોભો કે સુખ-સુવિધા નહીં, પણ ભક્તોનો ભાવ જ મહત્ત્વનો હતો. તેથી પાળજમાં પચાસ પધરામણીઓ કરીને સૌના મનોરથો પૂર્ણ કર્યા.

એ જ રીતે, તા. ૨/૮ના રોજ ગાડા ગામને પણ નગરયાત્રા, સભા અને પચાસેક પધરામણીઓનો લાભ આપ્યો.

## દેહબુદ્ધિ તજ કે

તા. ૩/૮ના રોજ ગાડાથી તારાપુર પધારેલા સ્વામીશ્રી અત્રે બે દિવસના રોકાણ દરમ્યાન પાંત્રીસ પધરામણીઓ કરી લીંબાસી પહોંચ્યા. અહીં તા. ૬/૮ના દિવસે ચંદ્રગ્રહણ થવાનું હતું. તેનો વેધ સવારે નવ વાગ્યે બેસી જતો હોવાથી સ્વામીશ્રીએ સવારે અલ્પાહાર કર્યો એટલું જ. પછી તો રાત્રે સાડા નવ વાગ્યે ગ્રહણનો સ્પર્શ થતો હતો ત્યાં સુધી પાણી સિવાય કંઈ જ ગ્રહણ કર્યું નહીં. છતાં વીજળીની ગતિથી દોડતા વિચરણમાં તેઓએ કોઈ કમી આવવા દીધી નહીં.

એ દિવસે સવારે અલ્પાહાર બાદ વીસેક પધરામણીઓ કરીને સ્વામીશ્રી બોચાસણ પધાર્યા. અહીં શ્રાવણી પૂર્ણિમા નિમિત્તે એકત્રિત થયેલા હરિભક્તોને દર્શન-કથાવાર્તાનો લાભ આપી, બપોરે સવા ત્રણ વાગ્યે તેઓ ડભાણ પહોંચ્યા. અત્રે ત્રીસ પધરામણીઓ કરીને ધર્મશાળામાં ગોઠવાયેલી ગ્રહણની સભામાં સવા નવ વાગ્યે ઉપસ્થિત થઈ ગયા.

ગ્રહણનો સ્પર્શ તો રાત્રે સાડા નવ વાગ્યે થતો હતો, પરંતુ ગ્રહણ પાળવાનો સ્વામીશ્રીને ખૂબ ખટકો રહેતો. તેથી ગ્રહણ-સ્પર્શની દસ-પંદર મિનિટ વહેલા આવીને તેઓ સભામાં બેસી જાય અને ગ્રહણમુક્તિની પાંચ-દસ મિનિટ બાદ જ સભામાંથી ઊઠે. વસ્ત્ર-વસ્તુના સ્પર્શવિવેકનું પણ એટલું જ ધ્યાન રખાવે. હરિભક્તો ગ્રહણના સમય અને શુદ્ધિથી સભાન રહે તે માટે અગાઉથી સભામાં જાહેરાતો કરાવે. જીવનના છેક છેલ્લા ગ્રહણ સુધી તેઓની આ ખટક અબાધિત રહેલી. તે મુજબ અહીં ડભાણમાં પણ તેઓ સભામાં બિરાજી ગયા.

રાત્રે સવા નવથી વહેલી સવારે સવા ત્રણ વાગ્યા સુધી ચાલેલા ગ્રહણના આ સમૈયામાં સ્વામીશ્રી એકધારું બેઠા. આગલા આખા દિવસે તેઓને ઉપવાસ કર્યા જેવી જ પરિસ્થિતિ હતી. તેમાં વળી તેઓએ ૮૦

કિ.મી.ની મુસાફરી ઉપરાંત પચાસેક પધરામણીઓ પણ કરેલી. છતાં રાત્રિના એ છ કલાકની સભા દરમ્યાન તેઓએ એક ઝોકું કે એક બગાસું ખાધું નહીં! મુખ પર થાક-ઉજાગરાની કોઈ એંધાણી નહીં! મનુષ્ય ઊગતા પ્રભાતે જેટલો સતર્ક-સજાગ ન જણાય તેટલા જાગ્રત તેઓ અડધી રાત્રે પણ હતા!

ગ્રહણમોક્ષ બાદ પ્રાસાદિક તળાવમાં સ્નાન કરીને, પૂજાથી પરવારી સ્વામીશ્રી સાડા ચાર - પાંચ વાગ્યાની આસપાસ આરામ માટે આડે પડખે થયા, પણ બીજા દિવસે સવારે તો સમયસર જાગી-પરવારીને સાડા આઠ વાગ્યાથી પધરામણીઓ શરૂ કરી દીધી! એ પધરામણીઓનો દોર બપોરે સાડા બાર વાગ્યા સુધી ખેંચાયેલો, પણ પધરામણીમાંય આગલી રાત્રિના ઉજાગરાની લેશ અસર તેઓની ચાલ કે ચહેરા પર વર્તાતી નહોતી.

તેઓના આવા દૈનિક ક્રમ જોઈને સૌના મુખમાંથી પંક્તિઓ સરી પડતી કે *'દેહબુદ્ધિ તજ કે, સબ દિન રહત સુખાલા; જન સોઈ મતવાલા...'*

શરીર-ઘડિયાળ(body-clock)ના જાણે બધા જ કાંટા ખરી પડ્યા હોય તેમ સ્વામીશ્રી વિચરતા. સમયે સમયે મનુષ્યના શરીરમાં ભૂખ-તરસ, થાક-ઊંઘ વગેરે જે સંવેદનાઓ જાગે તેવું કશું જ તેઓના જીવનમાં જોવા મળતું નહીં. સમયે સમયે ઉત્સર્ગાદિ ક્રિયાઓ માટે મનુષ્યને જે જૈવિક વિરામ(bio-break)ની જરૂર રહે તે પણ સ્વામીશ્રીમાં જણાતી નહીં. તે સમયે સૌને દેહ-આત્માની નોખી વિક્તિ, શાસ્ત્રો વાંચ્યા વિના આપોઆપ સમજાઈ જતી.

## અસાધારણ આકર્ષણ

ડભાણથી નીકળીને સ્વામીશ્રી 'સૌરાષ્ટ્ર જનતા' ટ્રેન દ્વારા મુંબઈ પધાર્યા.

અહીં ભાટિયા હૉસ્પિટલના જે રૂમમાં યોગીજી મહારાજે જીવનલીલા સંકેલેલી ત્યાં તેઓનું તૈલચિત્ર પધરાવવાનો નિર્ણય હૉસ્પિટલના ટ્રસ્ટી મંડળે લીધેલો. તે રૂમની બહાર પણ આરસની તકતી ચોડીને તેમાં આ વિગતનો ઉલ્લેખ કરવાનું કાર્યવાહકોએ નક્કી કરેલું. એટલું જ નહીં, સંસ્થાને જ્યારે જરૂર પડે ત્યારે, હૉસ્પિટલની આ પ્રાસાદિક રૂમમાં નિઃશુલ્ક સારવાર આપવાનો ઠરાવ પણ ટ્રસ્ટીઓએ કરેલો.

તે અનુસાર તા. ૮/૮ના રોજ યોજાયેલા સમારંભમાં ખ્યાતનામ ડૉક્ટરો, હૉસ્પિટલના ટ્રસ્ટીઓ તથા પચાસેક જેટલા અગ્રણી હરિભક્તોની ઉપસ્થિતિમાં સ્વામીશ્રીએ હૉસ્પિટલની રૂમ નંબર ૨૦૮માં યોગીજી મહારાજની

છબી પધરાવીને આરતી-પૂજન કર્યાં. આ પ્રસંગે તેઓએ સંસ્થા વતી માતબર રકમનું આર્થિક અનુદાન હૉસ્પિટલને આપી સવાયું સૌજન્ય દાખવ્યું. સામેની વ્યક્તિએ દાખવેલી સુજનતાની શત-સહસ્રગણી ફેડ કરવી એ તેઓનો કાયમનો ગજ રહેલો.

આવા સૌજન્ય-સંપન્ન સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શનનો લાભ લેવા તા. ૯/૮ની સવારે મોટી સંખ્યામાં હરિભક્તો ઊમટેલા. આજે રાત્રે 'દહેરાદૂન એક્સપ્રેસ' દ્વારા સ્વામીશ્રી વિદાય લેવાના હતા. તેથી રાત્રે પણ મંદિર હરિભક્તોથી ઊભરાઈ ગયું. સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન કરીને નીકળ્યા ત્યારે સમગ્ર ભક્ત-સમુદાય તેઓની પાછળ પાછળ દાદર સ્ટેશને પહોંચ્યો. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે 'હું મંદિરમાં રહું ત્યારે કોઈ બાર્ય જાય નહીં અને હું બાર્ય જાઉં ત્યારે કોઈ મંદિરમાં રહે નહીં.'[૭] આ વાત આજે અક્ષરશઃ સત્ય થઈ રહી.

સ્ટેશન પર ટ્રેન આવવાને હજી વાર હતી. તેથી સ્વામીશ્રી પ્લૅટફૉર્મ પર ખુરશીમાં બિરાજ્યા. સૌ ભક્તો આસપાસ ગોઠવાઈ ગયા અને ચાતક નજરે દર્શન કરવા લાગ્યા.

થોડા સમયમાં ટ્રેન આવતાં સ્વામીશ્રી ગાડીમાં ચડ્યા ત્યારે સૌ હરિભક્તો ડબ્બા આગળ ગોઠવાઈ ગયા. સ્વામીશ્રી ગાડીના દરવાજે ઊભા રહી સૌને દર્શનદાન આપી રહ્યા. સમય થતાં ગાડીએ ગતિ પકડી, છતાં હજી સ્વામીશ્રીનાં દર્શનના લોભે સૌ ગાડી સાથે દોડવા લાગ્યા.

'न विवेद यः सततमेनमीक्षते न वितृष्णतां व्रजति खल्वसावपि।'[૮] – જે તેઓને સતત જોયા કરે છે તે પણ તૃષ્ણારહિત થતા નથી. આ અનુભવ સૌ સ્વામીશ્રી વિષે કરી રહેતા. તેઓનું આવું અસાધારણ આકર્ષણ મુસાફરોની ચર્ચાનો વિષય બની રહેતું.

વડોદરામાં પણ આ જ દૃશ્ય જોવા મળ્યું. સ્વામીશ્રીને લઈને આવતી ટ્રેન તા. ૧૦/૮ની સવારે સાડા પાંચ વાગ્યે વડોદરા સ્ટેશન પર પહોંચી ત્યારે તેઓને આવકારવા માટે ઘણા હરિભક્તો આવી પહોંચેલા. સ્નાન-પૂજા વગેરેથી પરવારીને પાંચ વાગ્યે સ્ટેશન પર આવી ગયેલા એ ભક્તો કેટલા વાગ્યે જાગ્યા હશે ?!

---

૭. સ્વામીની વાતો : ૫/૩૫૩.

૮. शिशुपालवधम् – १३/४६.

વડોદરાથી સ્વામીશ્રી અટલાદરા મંદિરે આવી પહોંચ્યા ત્યારે અહીં પણ સવારના પહોરમાં છ વાગ્યે સભા ભરાઈને બેઠી હતી. તે સભામાં લાભ આપી સ્વામીશ્રી સ્નાનાદિક વિધિ માટે પધાર્યા.

અટલાદરામાં તા. ૧૩/૮ના રોજ જન્માષ્ટમીનો ઉત્સવ આવી રહેલો હોવાથી સ્વામીશ્રી ત્યાં સુધી અહીં જ રોકાવાના હતા. પરંતુ ત્રણ દિવસના આ રોકાણમાં તેઓએ સો પધરામણીઓ કરી દીધી! પાદરા અને કરખડી સુધી પણ લાભ આપી આવ્યા. જેમ માનવી શ્વાસ લીધા વિના રહી ન શકે, તેમ સ્વામીશ્રી સેવા વિના ક્ષણ વિતાવી ન શકતા.

## સાધુને આવાં સન્માન ન શોભે

અટલાદરામાં જન્માષ્ટમી ઊજવીને સ્વામીશ્રી તા. ૧૫/૮ના રોજ અમદાવાદ પહોંચ્યા. અહીં દિલ્હી દરવાજા પાસે આવેલી નૂતન હાઈસ્કૂલથી મંદિર સુધી નગરયાત્રાનું આયોજન કરવામાં આવેલું.

સ્વામીશ્રી બપોરે સાડા ત્રણ વાગ્યે નગરયાત્રાના પ્રારંભ સ્થળે પધાર્યા ત્યારે શહેરના મેયર સહિત અગ્રણી નાગરિકોએ તેઓને હારતોરા અર્પણ કરીને સત્કાર્યા. ત્યારબાદ ચાર ઘોડાની બગીમાં સ્વામીશ્રીને પધરાવીને નગર-યાત્રાનો શુભારંભ કરવામાં આવ્યો. સ્થાનિક વર્તમાનપત્રોમાં આ શોભાયાત્રા સંબંધી સમાચાર છેલ્લા બે દિવસથી પ્રસારિત થતા હતા. તેથી શ્રીપુરમાં ચારેકોર ઉત્સાહનાં પૂર ફરી વળેલાં. તેની પર તરતાં તરતાં સૌ મંદિરે આવી પહોંચ્યા.

અહીં આઠ દિવસના રોકાણ દરમ્યાન મંદિરને ઉત્સવોનું પ્રાંગણ બનાવી સ્વામીશ્રી તા. ૨૪/૮ની સવારે સાડા દસ વાગ્યે ગાંધીનગર પધાર્યા. અત્રે બે દિવસના રોકાણ દરમ્યાન તેઓએ ચાર જાહેર-સભાઓ અને પચાસ પધરામણીઓ કરી પાટનગરને 'સ્વામિનારાયણ' નામથી ગાજતું કરી દીધું.

ગાંધીનગરથી મણિનગર આવેલા સ્વામીશ્રી તા. ૨૭/૮ની સાંજે વરતાલ જવા નીકળ્યા. આ આખા પ્રવાસમાં તેઓએ સહપ્રવાસીઓને વરતાલ અને અમદાવાદના પુરાણા પ્રાસાદિક પ્રસંગો કહીને ખૂબ આનંદ કરાવ્યો.

સ્વામીશ્રી સ્વયં સંપ્રદાયના હરતા-ફરતા વિશ્વકોશ સમાન હોવાથી, જેમ કૉમ્પ્યૂટરને આદેશ આપીને ચાંપ દબાવતાં જ, જે તે વિષયની અથથી ઇતિ માહિતી સ્ક્રીન પર ઝબકવા માંડે, તેમ સ્વામીશ્રીના મુખેથી ઇતિહાસ સરતો

રહેતો. તે વર્ણનમાં ઐતિહાસિકતા, આબેહૂબતા અને આધ્યાત્મિકતાની ત્રિવેણી રચાતી. આ પ્રયાગમાં સ્નાન કરતાં કરતાં આજે સૌ વરતાલ આવી પહોંચ્યા.

આ પ્રસંગે ગામના હરિભક્તોને ધામધૂમથી નગરયાત્રા યોજવાનો સંકલ્પ હતો, પરંતુ સ્વામીશ્રીએ તેઓને અગાઉથી જ પત્ર લખીને જણાવેલું કે *'આ તો વડતાલ દેશ. ગાદીનું સ્થાન. તેમાં પણ પૂજ્ય આચાર્ય મહારાજ બિરાજતા હોય ત્યાં સાધુને આવાં સન્માન ન શોભે. માટે બેન્ડ-વાજાં, હાથી, ભજન-મંડળીઓ વગેરેનો જે નિર્ણય આપે કર્યો છે તે બંધ રાખશો. આપ રાજી રહેશો.'*

પણ નમ્રતાના નમૂના સમા આ પત્રે જ સૌના અંતરમાં તેઓ માટે અતિ આદર અને અહોભાવ ઉપજાવેલા. તેથી મુમુક્ષુઓનાં ટોળેટોળાં વરતાલમાં ઊમટી પડેલાં. તે સૌ પાદરમાં પ્રતીક્ષા કરતાં ઊભાં હતાં. સ્વામીશ્રીએ પણ તેઓને જોયા, પરંતુ સન્માનના સકંજામાંથી છટકવામાં કુશળ સ્વામીશ્રી આ સન્માનને 'બાયપાસ' કરીને સીધા જ મંદિરે દર્શન માટે ગયા.

સ્વામીશ્રી પધારતાં જ સંધ્યા આરતીની ઝળહળ જ્યોત પ્રગટી ઊઠી. ભાવથી આ દર્શન કરીને સ્વામીશ્રી બાલમંદિરમાં યોજાયેલી સભામાં પધાર્યા.

શ્રીજીમહારાજ જ્યારે પ્રથમ વાર વરતાલ પધારેલા ત્યારે આ જ સ્થળે તેઓ બે-ત્રણ દિવસ સુધી રહેલા. તે સમયે અહીં માતાજીનું સ્થાનક હતું. એ જ પ્રાસાદિક સ્થાનમાં આજે સ્વામીશ્રી બિરાજ્યા. શ્રીજી-સંનિધિનું સુખ ફરી વાર મળતાં આ સ્થાનની રજેરજ રાજી રાજી થઈ ગઈ! અહીં સ્વામીશ્રીએ વરતાલ દેશ, શ્રીજીમહારાજ અને શાસ્ત્રીજી મહારાજના મહિમાની અદ્‌ભુત વાતો કરીને સૌની નજર સમક્ષ તેઓને રમતા કરી દીધા. ત્યારબાદ ઉતારે પધાર્યા. વરતાલમાં સ્વામીશ્રીનું આજે સૌપ્રથમ વાર રાત્રિરોકાણ થતું હતું.

## જીવે હરિની મૂરતિ જોઈ

તા. ૨૮/૮ના રોજ પ્રાતઃપૂજા-પ્રાતઃકથાથી પરવારીને સ્વામીશ્રી વરતાલનાં પ્રાસાદિક સ્થાનોની દર્શનયાત્રાએ નીકળ્યા. મંદિરમાં લક્ષ્મીનારાયણ દેવ અને હરિકૃષ્ણ મહારાજનાં ગદ્‌ગદભાવથી દર્શન કરી, અક્ષર ઓરડી, સભામંડપ, પરમહંસોનાં આસનો[૯]; નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી અને શાસ્ત્રીજી મહારાજનાં આસનો; શ્રીજીમહારાજ પંગતમાં પીરસીને જ્યાં

---

૯. રહેવા-સૂવાની જગ્યા.

બેસતા તે સ્થાન; આચાર્ય મહારાજનો મેડો કે જ્યાં 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથના સર્જનનો પ્રસંગ બનેલો વગેરે દરેક સ્થળે સ્વામીશ્રી પધાર્યા અને જે તે સ્થળે બનેલી શ્રીજીલીલા સાથે ફરતા સંતો-ભક્તોને સમજાવી.

શ્રીજીમહારાજ પ્રત્યક્ષ દર્શન દેતા હોય તે સમયે આપણા અંતરમાં જે ઊર્મિઓ ઊછળે, તેવી જ ઊર્મિઓ સ્વામીશ્રીને શ્રીજીના સંબંધવાળાં સ્થાનો અને વસ્તુઓનાં દર્શન કરતાં પણ ઊછળતી. તેથી પ્રાસાદિક સ્થાનોનાં દર્શન કરતા સ્વામીશ્રીનાં દર્શન પણ એટલાં જ સ્મૃતિદાયક અને સુખદાયક બની રહેતાં.

મંદિરમાં દર્શન કરીને સ્વામીશ્રી ગોમતીજીના કાંઠે આવેલી ઉગમણી બેઠકે પધાર્યા અને 'મહારાજ ના'વ... સ્વામી ના'વ...' રટતાં રટતાં ગોમતીજીનું જળ મસ્તકે ચઢાવ્યું. અહીંથી પાછા વળતાં લક્ષ્મીનારાયણ હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓને ધર્મલાભ આપી, ગામમાં પધરામણીઓ કરતાં આચાર્ય મહારાજના નિવાસસ્થાને પધાર્યા. અહીં ઔપચારિક વાર્તાલાપ બાદ ઉતારે આવી પહોંચ્યા.

વરતાલથી સાંજે સાડા ચાર વાગ્યે સારંગપુર તરફ પ્રયાણ કરવાનું હતું; પરંતુ તે પૂર્વે સ્વામીશ્રીએ ગાડી મંદિર તરફ લેવડાવી. સૌને આશ્ચર્ય થયું કે 'હવે મંદિરમાં શું કામ હશે?' ચોવીસ કલાકમાં બે વાર તો સ્વામીશ્રી મંદિરે પધારેલા જ અને દરેક વખતે શાંતિથી દર્શન પણ કરેલાં; છતાં અત્યારે તેઓ વિદાય માંગવા ફરી એક વાર મંદિરે જઈ પહોંચ્યા!

સાંપ્રદાયિક ભક્તિપ્રણાલી છે કે 'જ્યારે મંદિરમાંથી બહાર જઈએ ત્યારે ઠાકોરજીનાં દર્શન કરીને, તેઓ પાસેથી વિદાય માંગીને નીકળવું.' જો કે અહીં તો સ્વામીશ્રી મંદિરમાં રોકાયા ન હોવાથી આવા કોઈ આચારની જરૂર નહોતી; પરંતુ તેઓની ભક્તિના ભરપૂર પ્રવાહમાં તર્કનાં તણખલાં તો ક્યાંય તણાઈ જતાં. તેથી સ્વામીશ્રી ચોવીસ કલાકમાં ત્રીજી વાર મંદિરે પધાર્યા, દર્શન-દંડવત કર્યાં અને વિદાય થયા. સૌ તેઓની આ દાસત્વ-ભક્તિને વંદી રહ્યા!

## બેવડો લાભ કે બેવડો ભીડો?

વરતાલથી સારંગપુર પધારેલા સ્વામીશ્રી, તા. ૨૯/૮ની સાંજે પોણા પાંચ વાગ્યાના સુમારે ગઢડા જવા નીકળ્યા, પરંતુ બોટાદ પહોંચ્યા ત્યાં જ

ખબર મળી કે 'વરસાદને કારણે રસ્તાની નદીઓ પાણીથી ઊભરાય છે અને શેવરોલેટ મોટર જઈ શકે તેમ નથી.' પણ સ્વામીશ્રીએ માર્ગ શોધી કાઢ્યો. તેઓએ સારંગપુર પરત ન ફરતાં બોટાદમાં જ રાતવાસો કરવાનું રાખ્યું.

તે દિવસ રવિવારનો હોવાથી રાત્રે નવ વાગ્યાથી બાર વાગ્યા સુધી રવિસભા કરી. એકબાજુ વર્ષાની હેલી જામેલી તો સ્વામીશ્રીએ પણ સામે કથામૃતની હેલી વરસાવી દીધી!

બીજા દિવસે સવારે ગઢડા જવાની સાનુકૂળતા થયાના સમાચાર આવતાં તેઓ તા. ૩૦/૮ના રોજ ગઢડા પહોંચી ગયા.

અહીં સર્વ પ્રાસાદિક સ્થાનોનાં દર્શન કરીને, વળતે દિવસે તા. ૩૧/૮ના રોજ સ્વામીશ્રી સારંગપુર આવવા નીકળ્યા, પરંતુ ઉપરવાસના ભારે વરસાદને કારણે ગઢડાની સમીપવર્તી સોનલ નદી બે કાંઠે ઉછાળા મારી રહેલી. આ પાણીમાં મોટર નાંખવી તે જોખમી તો હતું જ; પરંતુ સ્વામીશ્રીના કહેવાથી મોટર પાણીમાં ઉતારી સૌ માંડ માંડ સામે પાર પહોંચી ગયા. સૌને હાશ થઈ.

પણ થોડા આગળ વધતાં બીજી નદી આવી. તેય છલોછલ અને પૂરપાટ વહેતી હતી. તેનો ઘુઘવાટ જોઈ, મોટરને પાણીમાં જવા દેવાની વાત મુનાસિબ ન લાગતાં, મોટરને પાછી ગઢડા તરફ વાળવામાં આવી. પરંતુ પાછા વળતાં અગાઉ ઓળંગેલી સોનલ નદીએ પોતાનો મિજાજ બદલેલો. તેથી કેડસમાં પાણીમાં મોટર ફસાઈ ગઈ. ન આગળ વધાય, ન પાછળ જવાય! જો વહેણનો વેગ વધે તો તો મોટર સાથે ખંભાતની ખાડી ભેગા થવાય! તેથી સૌ મોટરમાંથી ઊતરી ગયા.

એક સેવક અને એક હરિભક્ત ગઢડાથી ટ્રેક્ટર લાવવા તે તરફ ચાલ્યા. તે દરમ્યાન સ્વામીશ્રીને શૌચ જવાનું થતાં તેઓએ વરસતા વરસાદમાં શૌચ-સ્નાનની ક્રિયા આટોપી. તેટલામાં મંદિરથી ટ્રેક્ટર આવી જતાં તે વડે ફસાયેલી મોટર કાઢીને સ્વામીશ્રી ગઢડા આવી ગયા અને બીજા દિવસે તા. ૧/૯ના રોજ તેઓના સાંનિધ્યમાં જળઝીલણી એકાદશીનો ઉત્સવ ઊજવવાનો લાભ ગઢડાને અનાયાસે મળી ગયો!

સૌએ સવારે ઘેલા નદીમાં સ્નાન કર્યું. ત્યારબાદ એક કલાક સુધી ઉત્સવ-સભા થઈ. સભા પછી ઠાકોરજી અને ગણેશજીને પાલખીમાં પધરાવી સૌ ધૂન-ભજન કરતાં કરતાં ઘેલા નદીએ પહોંચ્યા. અહીં ઠાકોરજીના

ષોડશોપચાર પૂજન પછી, પાંચ વાર જળવિહાર અને આરતીનો વિધિ સંપન્ન થયો. આમ, ગઢપુરમાં જળઝીલણીનો ઉત્સવ ઊજવી, સ્વામીશ્રી સારંગપુર જવા વિદાય થયા.

આ વખતે અનુકૂળ વાતાવરણ હોવાથી બાર વાગ્યે સારંગપુર પહોંચી ગયા. અહીં તેઓનાં દર્શન થતાં જ સૌને આનંદના ઓઘ વળ્યા. પ્રતીક્ષાનો સુખદ અંત આવતાં સૌએ બુલંદ જયનાદોથી વાતાવરણ ગજવી મેલ્યું. સ્વામીશ્રીએ પણ સૌને ઉત્સવનું અપાર સુખ આપ્યું.

આમ, એક જ દિવસે બે તીર્થધામમાં સ્વામીશ્રીએ જળઝીલણી એકાદશીનો ઉત્સવ ઊજવ્યો. સહવાસીઓને બેવડો લાભ હતો, પણ સ્વામીશ્રીને બેવડો ભીડો !

## અતિ વિશાળ મન, અતિ ઉદાર દિલ

જળઝીલણીના ઉત્સવ બાદ એક અઠવાડિયા સુધી સારંગપુરમાં રોકાયેલા સ્વામીશ્રી, તા. ૬/૯ના રોજ વીસ સંતો સાથે ખાંભડા જઈ આવ્યા. ત્યારબાદ તેઓના ઝાલાવાડના વિચરણનો દોર શરૂ થયો.

તેના પ્રથમ સોપાનરૂપે લીંબડી આવેલા સ્વામીશ્રી તા. ૯/૯ના રોજ ખત્રીની વાડીમાં પધાર્યા. અહીં જ્ઞાતિ તરફથી ભાગવતનું પારાયણ ચાલતું હતું. જ્ઞાતિજનોની ઇચ્છા હતી કે – 'સ્વામીશ્રી આ પારાયણમાં પધારે.'

કોઈનાં ટહેલ-ટાણાંને સાચવવા એ સ્વામીશ્રીની કાર્યશૈલી હતી. તેથી પોતાના નિશ્ચિત કાર્યક્રમોને આગળ-પાછળ કરીને તેઓ આ પારાયણમાં જઈ પહોંચ્યા.

અહીં પારાયણના આયોજકો તેઓનું પૂજન કરવા આવ્યા ત્યારે સ્વામીશ્રીએ ઠાકોરજીને આગળ ધર્યા. પહેલું અર્ચન હરિકૃષ્ણ મહારાજનું કરાવ્યું. તે વખતે સૌને ભાગવતકથિત ભક્તિ સ્વામીશ્રીમાં જીવંત જણાઈ. પૂજન બાદ સ્વામીશ્રીએ અડધો કલાક સુધી ભાગવતનો જ વિષયતંતુ પકડીને પ્રેરક પ્રવચન દ્વારા સૌની શ્રદ્ધાને સંકોરી આપી.

'यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति ।
तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥'[૧૦]

– જે જે મનુષ્ય જે જે સ્વરૂપની (ભક્તિ) શ્રદ્ધાપૂર્વક કરવા ઇચ્છે છે

૧૦. श्रीमद्भगवद्गीता - ७/२१.

તેની તે તે સ્વરૂપ વિષેની શ્રદ્ધાને હું દૃઢ કરું છું. સ્વામીશ્રીની આ રીત હતી.

પ્રત્યેક ધર્મશાસ્ત્ર, ધર્મગુરુ અને ધર્મસ્થાન વિષે તેઓને આદર હતો. તેથી તેઓ દ્વારા સૌની શ્રદ્ધાની પુષ્ટિ જ થતી. કોઈનીયે શ્રદ્ધાને ઠેસ પહોંચે તેવો એક શબ્દ પણ તેઓના મુખેથી કદી નીકળ્યો નહોતો. અતિ વિશાળ મન અને અતિ ઉદાર દિલ હોય તો જ આવા ઉમદા આચાર - વિચાર શક્ય બને. સ્વામીશ્રીનાં દિલ - દિમાગની સફાઈ અને ઊંચાઈ આવા પ્રસંગોએ જણાતી રહેતી.

## પડદો પાડી દીધો

લીંબડીથી સ્વામીશ્રી નવાગામ(સેજકપુર) અને મોજીદડને લાભ આપતાં તા. ૧૬/૯ની સવારે ચૂડા પધાર્યા.

આ ગામમાં શ્રીજીમહારાજના સમય બાદ ગુણાતીત ગુરુઓનો યોગ ઓછો રહેતાં સત્સંગની જમાવટ ખાસ કંઈ નહીં. છતાં હિલોળતું સરોવર પરદેશી પંખીઓને પણ તાણે, તેમ સ્વામીશ્રીના આગમન ટાણે સોથી વધુ ભાવિકો ગામની ભાગોળે એકત્રિત થઈ ગયેલા.

ચૂડાના આ રોકાણ દરમ્યાન એક મુમુક્ષુ નગીનભાઈ કપાસી સ્વામીશ્રીનાં દર્શને આવી ચડ્યા. તેઓ હતા તો જૈન મતના અનુયાયી, પણ સ્વામીશ્રીનો ઉતારો જેઓના ઘેર હતો તે સુંદરભાઈને આ મુરબ્બી સાથે મિત્રાચારી. તેથી તેઓએ આ ભાવિકને રસોઈની વ્યવસ્થામાં રાખી દીધેલા.

રસોઈમાં અતિથિઓની અંદાજિત સંખ્યા મુજબ એક મણ બટાટાનું શાક બનાવવાની સૂચના યજમાન હરિભક્તે રસોઈયાને આપેલી; પણ તે રસોઈયાએ માત્ર અધમણનું જ શાક બનાવ્યું અને બીજું અધમણનું શાક ચૂલે ચડાવવાનું ભૂલી ગયો! નગીનભાઈને આ જોઈ પ્રશ્ન થયો કે 'અડધા મણ શાકમાંથી બધા કેમ જમશે ?'

ભોજન શરૂ થયું ત્યારે મોટા વાસણમાંથી શાક કાઢીને આપવાની જવાબદારી તેઓ જ સંભાળતા હતા. પણ આશ્ચર્યની વાત એ બની કે વાસણમાં શાક ઓછું થાય જ નહીં! આ જોઈ તેઓને થયું કે 'નક્કી આ પ્રમુખસ્વામીનો જ પ્રતાપ છે! હું મારા હાથે તબાસરાં ભરી ભરીને શાક કાઢું છું તોય તે તલભાર ઓછું થયેલું જણાતું નથી!'

આ નજરે દીઠેલી વાતથી તેઓને સ્વામીશ્રી પ્રત્યે અત્યંત સદ્‌ભાવ થઈ

ગયો અને વર્તમાન ધરાવી કંઠી ધારણ કરી લીધી. પણ તેઓને આશ્ચર્ય તો ત્યારે થયું કે જ્યારે તેઓએ સ્વામીશ્રીને આ વાત જણાવી ત્યારે સ્વામીશ્રી તો તે તરફ બિલકુલ લક્ષ્ય જ ન આપતાં બોલ્યા: 'આ તો બધું ભગવાનનું કર્તવ્ય છે. આપણાથી કશું થતું નથી. જીવને સત્સંગ કરાવવો હોય એટલે આવું કંઈક દેખાડે પણ આપણે તો કલ્યાણ માટે જ સત્સંગ કરવો.'

જે વાત લોકો ઢોલ-નગારાં વગડાવીને જાહેર કરાવે તે પર સ્વામીશ્રીએ તો પડદો જ પાડી દીધો! તેઓની આ રીત જોઈને પેલા જૈન ભાવિકનો સાક્ષી ભેદાઈ ગયો.

આમ, અનેકના સંશય છેદતાં સ્વામીશ્રી ચૂડામાં સાંજે અઢી કલાકમાં પચીસ પધરામણીઓ કરીને, રાત્રે સાડા આઠથી અગિયાર વાગ્યા સુધી સત્સંગ-સભામાં બિરાજ્યા. હજી તેઓને મોજીદડ પહોંચવાનું હતું, પરંતુ તે માટેની કોઈ ઉતાવળ સ્વામીશ્રીને નહોતી.

તેઓએ તો સભા બાદ પણ ગામના આગેવાન ગુણભાવીઓને એકત્રિત કર્યા. સાથે ત્યાં વસતાં ગણ્યા-ગાંઠ્યા સત્સંગીઓને પણ બેસાર્યા. તે સૌને દર રવિવારે નિયમિત સભા કરવા માટે પ્રેરણા આપી. પધરામણીઓ અને સભા દરમ્યાન સ્વામીશ્રીની નજરમાંથી બાળ-યુવા પેઢી પણ છટકી નહોતી. તેથી સત્સંગ મંડળની સાથે સાથે, બાળ મંડળ અને યુવક મંડળની પણ અલગ-અલગ સભા કરવા માટે સ્વામીશ્રીએ સૌને સંમત કર્યા. સૌએ રાજી-ખુશીથી તેઓની વાત સ્વીકારી બાળ, યુવા તથા વડીલ મંડળની સભાઓ નિયમિત કરવાનું વચન આપ્યું.

આમ, નવા-સવા ગામમાં માત્ર એક દિવસના રોકાણમાં જ સત્સંગની ત્રણેય પાંખો સક્રિય કરીને સ્વામીશ્રી મોજીદડ આવીને પોઢ્યા ત્યારે ઘડિયાળ રાત્રિના એક વાગ્યાનો સમય બતાવી રહેલી! સત્સંગની ફૂલવાડીના એક-એક ફૂલને ખીલવવા માટે સ્વામીશ્રીએ કરેલો પુરુષાર્થ અકલ્પનીય છે.

## બધે માથાં મારીએ તો રહી જઈએ

આ અરસામાં, થોડા દિવસ બાદ આવી રહેલા નૂતન વર્ષ નિમિત્તે સ્વામીશ્રીએ સંસ્થાકીય સામયિક 'પ્રકાશ'માં છાપવા માટે મોજીદડથી એક આશીર્વાદ-પત્ર લખી મોકલ્યો. તા. ૧૮/૯ના રોજ લખેલા તે પત્રમાં તેઓએ જણાવ્યું કે –

*'મહારાજ, સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ સર્વેને સદા સુખી રાખે તેવા નૂતન વર્ષના શુભ આશીર્વાદ છે. આપણે આશરો દૃઢ રાખવો. એક આશરો હોય તો મહારાજ રક્ષા કરે. માટે તેમાં પોલ રાખવી નહીં. બધે માથાં મારીએ તો રહી જઈએ.*

*એક ગુરુકા આશરા, એક ગુરુકી ટેક,*
*ઈતને સે રાજી રહીએ, ઓરન સે ઉદાસ.*

*વહાણના શઢ ઉપર કાગડો બેઠો હતો. મધદરિયે ગયા પછી તો નાવના શઢ સિવાય બીજો આધાર નહીં. તેમ આપણે સ્વામી, મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ સિવાય બીજી ટેક, આધાર રાખવો નહીં. તો અંતે મહારાજના અક્ષરધામમાં જવાય. શાસ્ત્રીજી મહારાજે અક્ષર-પુરુષોત્તમનું સાચું જ્ઞાન આપેલ છે. તે જ્ઞાનની દૃઢતા કરવી, જેથી બીજી કોઈ ઈચ્છા ન રહે. ગુણાતીત જ્ઞાન વગર સાર નહીં કશામાં. માટે આજ્ઞા, ઉપાસના, સદ્‌ભાવ ને પક્ષ દૃઢ રાખવાં.*

*પૂજ્ય યોગીબાપાની આજ્ઞા મુજબ દરેક ગામે સત્સંગ-સભાઓ થાય છે. જ્યાં ન થતી હોય ત્યાં શરૂ કરવા પ્રયત્ન કરવો. બાળ મંડળ, યુવક મંડળની પ્રવૃત્તિ વધે તે માટે દરેકે સહકાર આપવો. આવકનો દશાંશ વિશાંશ કાઢીએ તો વહેવારે સુખી થવાય તેમ આવરદાનો ધર્માદો કાઢીએ તો જીવનો સત્સંગ દૃઢ થાય, આત્મા-પરમાત્માનું જ્ઞાન દૃઢ થાય. જેને આ જ્ઞાન છે અને નિવૃત્તિપરાયણ છે તેઓએ સત્સંગ વધે, સત્સંગની સેવા થાય તે માટે તૈયાર થવું ને સત્સંગની સેવામાં જેઓને જેટલા માસની અનુકૂળતા તે મુજબ સત્સંગનું સેવાકાર્ય કરવા સહકાર આપવો, તો સત્સંગ વધે અને બાપાએ સાતસો સંતો કરવા પણ સંકલ્પ કરેલ છે. તો તેમાં બાપા કહેતા કે ત્રણ દીકરાએ એકનો સંકલ્પ કરવો, તો તે પણ મહાન સેવા થશે અને 'પ્રકાશ-પત્રિકા'ના આજીવન સભ્ય થવું તે પણ સેવા છે. જે સભ્ય હોય તેમણે બીજાને સભ્ય કરવાનો પ્રયત્ન કરવો. પાંચ હજાર સભ્યો કરવા છે, તો મંડી પડવું.'*

## રવિસભાના 'સેલ્સમેન'

મોજીદડથી અચારડા પધારેલા સ્વામીશ્રીએ તા. ૧૯/૯ના રોજ ભાદરવી

અમાસના સમૈયે નારાયણ ધરામાં[11] યોગીજી મહારાજનાં અસ્થિપુષ્પોનું વિસર્જન કર્યું. અહીં સ્વામીશ્રી આવ્યા તે દિવસ રવિવારનો હતો. તેથી તેઓએ સભા પછી તક ઝડપતાં સૌને કહ્યું : 'આજે રવિવારના દિવસે ઠાકોરજી ગામમાં પધાર્યા. સંતો આવ્યા. માટે હવેથી દર રવિવારે ભેગા થવું અને સભા કરવી.'

સ્વામીશ્રીએ રવિસભાના અચ્છા વેચાણકાર(સેલ્સમેન)ની અદાથી વાત મૂકી. સૌ તે બાબતે કબૂલ થયા અને સ્વામીશ્રીએ બાળ મંડળ તથા વડીલ મંડળની સ્થાપના કરી દીધી. હજી ગઈકાલે તો તેઓએ નૂતન વર્ષના આશીર્વાદ-પત્રમાં લખેલું કે *'જ્યાં સત્સંગ-સભા ન થતી હોય ત્યાં શરૂ કરવા પ્રયત્ન કરવો. બાળ મંડળ, યુવક મંડળની પ્રવૃત્તિ વધે તે માટે પ્રયત્ન કરવો...'* અને આજે પોતે જ તેનો અમલ કરી બતાવ્યો.

તેઓ 'પરને કહેવા પ્રવીણ' નહોતા, પરંતુ Charity begins at home મુજબ પોતાથી કાર્ય શરૂ કરવામાં માનનારા હતા.

તે અનુસાર તેઓ અચારડાથી ચચાણા થઈને ટ્રેક્ટર દ્વારા લીંબડી પધાર્યા. લીંબડીથી ટ્રેનમાં બેસીને બલદાણા રોડ સ્ટેશને ઊતર્યા અને ત્યાંથી ગાડામાં બિરાજીને તા. ૨૧/૯ના રોજ ખારવા પહોંચ્યા.

એક જ દિવસમાં ટ્રેન, ટ્રેક્ટર અને ગાડાં 'પ્રસાદી'નાં થઈ ગયાં !

વિચરણમાં વિષમતા છતાં આચરણમાં સમતા – સ્વામીશ્રીના જીવનમાં આ બે દર્શનીય પાસાં ગામોગામ જોવા મળતાં.

ખારવામાં વીસેક પધરામણીઓ કરીને સ્વામીશ્રી તા. ૨૨/૯ની સાંજે ટ્રેક્ટર દ્વારા મેમકા પધાર્યા. અત્રે ગાડામાં ઊંચું સિંહાસન બનાવીને નગરયાત્રાનું આયોજન કરેલું. આખું ગામ રંગબેરંગી તોરણોથી શણગાર્યું હતું. રસ્તાની બંને બાજુ જુવારના છોડ રોપ્યા હતા. આમ, ભોળું પણ ભાતીગળ સ્વાગત સ્વીકારતાં સ્વામીશ્રી, ગામને સભાનો લાભ આપી સુરેન્દ્રનગર પહોંચ્યા. અત્રેથી જ તા. ૨૩/૯ની સાંજે તેઓ વઢવાણ, જોરાવરનગરમાં વીસેક પધરામણીઓ તથા સત્સંગસભાનો લાભ આપીને રાત્રે પુનઃ સુરેન્દ્રનગર પધારી ગયા.

---

૧૧. શ્રીજીમહારાજ ભાદરવા વદ અમાસના દિવસે આ ધરામાં સ્નાન કરવા માટે સંતો સહિત પધારેલા. તે વખતે, પૂર્વજન્મમાં બાઈ હતી એવી નાગણ તેઓના પગે વીંટળાઈ ગયેલી. શ્રીજીમહારાજે આ સ્થળે તેનો મોક્ષ કરેલો. આ ચરિત્રની સ્મૃતિમાં અહીં દર વર્ષે ભાદરવી અમાસના રોજ સમૈયો થાય છે.

આમ, એક દિવસમાં ત્રણ-ચાર ગામોની સરેરાશથી વિચરતા સ્વામીશ્રી સુરેન્દ્રનગરથી તા. ૨૪/૯ની રાત્રે સાડા નવ વાગ્યે ભાવનગર પધાર્યા.

## પુનિત સ્પર્શનો પ્રતાપ

ભાવનગરમાં ઉતારે જતાં પહેલાં, સ્વામીશ્રી જ્યાં પ્રતિષ્ઠા થવાની હતી તે નવનિર્મિત મંદિરે પહોંચ્યા. અહીં મૂર્તિઓ, યજ્ઞકુંડ, સિંહાસન વગેરેનું નિરીક્ષણ કરીને જરૂરી સૂચનો કર્યાં.

સ્વામીશ્રીની આ ખાસિયત હતી – પહેલાં કામ, પછી આરામ. ઉત્સવ-સમૈયા કે પ્રતિષ્ઠા જેવા પ્રસંગોએ પહેલાં તેઓ ઉત્સવના સ્થળ પર પધારતા. તે પછી ઉતારાનું સ્થળ આવતું. અહીં પણ આ જ ક્રમ રહ્યો.

તે મુજબ ઉતારે પહોંચેલા સ્વામીશ્રી સ્નાનવિધિ, ઉકાળા-પાણી કરીને રાત્રે અગિયાર વાગ્યે પત્રલેખનના કાર્યમાં પરોવાયા. સામાન્ય રીતે રોજ તો તેઓને સૂવાનો સમય લગભગ બાર વાગ્યા પછીનો જ રહેતો; પરંતુ અહીં ભાવનગરમાં આગામી ત્રણ દિવસ યજ્ઞ, નગરયાત્રા અને પ્રતિષ્ઠા મહોત્સવના કાર્યક્રમો ગોઠવાયેલા. તેથી આગમનના દિવસે રાત્રે કોઈ સભા રાખવામાં આવી ન હોવાથી, અગિયાર વાગ્યે સ્વામીશ્રી દૈનિક ક્રમથી પરવારી ગયા, છતાં તેઓ વહેલા સૂતા નહીં. એકાદ કલાક પત્ર-વ્યવહારની સેવા કરીને સૂતા તો બાર વાગ્યે જ! આળસ કે 'એક્સ્ટ્રા' આરામને તેઓના જીવનમાં કોઈ જ અવકાશ નહોતો.

આવા કર્મઠ સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨૫/૯ના રોજ પ્રતિષ્ઠા નિમિત્તે યજ્ઞ યોજાયેલો.

સામાન્ય રીતે યજ્ઞના અગ્નિ ત્રણ રીતે પ્રગટ કરવામાં આવે છે: એક રીતમાં દીવાસળી ચાંપીને કે બહારથી બીજો અગ્નિ લાવીને કુંડમાં અગ્નિ પેટાવવામાં આવે છે. આ રીત સામાન્ય કક્ષાની ગણાય છે. અગ્નિપ્રાગટ્યની બીજી રીતમાં કાચ વડે સૂર્યકિરણો ઝીલીને અગ્નિ પેટાવવામાં આવે છે, જે મધ્યમ કક્ષાની રીત ગણાય છે. પરંતુ ખીજડાના વૃક્ષમાં ઊગેલા પીપળાનું કાષ્ઠ(अश्वत्थोत्थः शमीगर्भः) અને અરણીના કાષ્ઠનું મંથન કરીને પ્રગટ કરેલો મંથનાગ્નિ ઉત્તમ ગણાય છે. આ મંથનાગ્નિ પ્રગટાવવામાં અરણી કાષ્ઠ એક હાથનું અને પીપળાનું મંથન કાષ્ઠ એક વેંતનું રાખવામાં આવે છે. પરંતુ મંથનાગ્નિ પ્રગટાવવાની આ રીત કઠિન પણ એટલી જ છે. કેટલીક વાર તો

ચાર-પાંચ કલાક સુધી સતત કાષ્ઠમંથન કરવામાં આવે ત્યારે અગ્નિ પ્રગટ થાય. તેટલા સમયમાં તો યજ્ઞનું યોગ્ય મુહૂર્ત પણ વીતી જાય.

પરંતુ અહીં પ્રતિષ્ઠા ઉપક્રમે યોજાયેલા યજ્ઞમાં આ ઉત્તમ રીત મુજબ અગ્નિ પ્રગટ કરવાની અનુમતિ ભૂદેવોએ સ્વામીશ્રી પાસે માંગેલી. સ્વામીશ્રીએ પણ આ વિષે સંમતિ આપેલી. તેથી જ્યારે તેઓ યજ્ઞમાં પધાર્યા ત્યારે ત્યાં મંથન માટે લવાયેલી સામગ્રી તૈયાર હતી. તેને સ્વામીશ્રીના પીયૂષપાણિનો સ્પર્શ કરાવવામાં આવ્યો અને મંથનકાર્ય શરૂ થયું. પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે અહીં માત્ર બે જ મિનિટમાં મંથનાગ્નિ પ્રજ્વલિત થઈ ગયો! યજ્ઞનારાયણ જાણે સ્વામીશ્રીનાં દર્શન માટે આતુર હોય તેમ તરત જ પ્રગટ થઈ ગયા! અગ્નિના આવાહન માટે વેદની ઋચાઓનું ગાન તો દરેક યજ્ઞવિધિ વખતે થતું જ હોય છે; પરંતુ 'અહીં અગ્નિદેવ તત્કાળ પ્રગટ થયા તે તો સ્વામીશ્રીના પુનિત સ્પર્શનો જ પ્રતાપ છે' તેમ સૌ ભૂદેવો કહેવા લાગ્યા.

## ગુણાતીતની ગાદી કદી ખાલી ન પડે

યજ્ઞની પૂર્ણાહુતિ બાદ, તે જ દિવસે યોજાયેલી રાત્રિસભામાં બાળકો-યુવકોએ વિવિધ ભાષામાં પ્રવચનો તથા પ્રતિષ્ઠાને અનુલક્ષી રસપ્રદ સંવાદની પ્રસ્તુતિ કરી હતી. રાત્રે પોણા બાર વાગ્યે આ કાર્યક્રમ પૂરો થયા બાદ સ્વામીશ્રીએ ઉપસ્થિત શ્રોતાસમૂહને આશીર્વાદ પાઠવ્યા.

પ્રતિષ્ઠા પૂર્વેની અતિ વ્યસ્ત કાર્યવાહીમાં પરોવાયેલા હોવા છતાં, તેઓ મોડી રાત સુધી બાળકો-યુવકોની રજૂઆતો નિહાળતા રહ્યા – એ વિગત ઊગતી પેઢીના હિતચિંતકોને ઘણું કહી જાય એમ છે. દુનિયાનો કયો મહાપુરુષ આટલી ઊંચાઈએ પહોંચ્યા પછી, બાળકો-યુવાનોની રજૂઆતો નિહાળવા રાત્રે પોણા બાર વાગ્યા સુધી જાગ્યો હશે?! બાળકો, યુવાનોને પ્રોત્સાહિત કરવા માટે સ્વામીશ્રીએ કદી ઘડિયાળ સામે જોયું નહોતું.

આવા સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા તા. ૨૭/૯ના દિવસે નવનિર્મિત મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા થઈ તે ઘડી ભાવનગરના ઇતિહાસમાં તામ્રપત્ર પર મઢાઈ ગઈ. આ અવસરે સ્વામીશ્રીએ ઠાકોરજીની પ્રથમ દૃષ્ટિ ઝીલવા દર્પણ ધર્યું ત્યારે નેત્રમાંથી નીકળેલા તેજપ્રવાહની સાક્ષી પુરાતી હોય તેમ તે દર્પણના ટુકડા થઈ ગયા. આ ધન્ય ક્ષણને સૌએ હર્ષોલ્લાસથી વધાવી લીધી. પ્રતિષ્ઠિત મૂર્તિઓની સૌપ્રથમ આરતી સ્વામીશ્રીએ ઉતારી ત્યારે યોગીજીની આર્ષવાણી

સાકાર થઈ રહી.

તા. ૩૧/૮/'૭૦ના રોજ આ મંદિરના ખાતવિધિ વખતે યોગીજી મહારાજ બોલેલા કે 'એક વર્ષમાં મંદિર થશે અને પ્રમુખસ્વામીના હાથે પ્રતિષ્ઠા થશે.' તેઓના આ શબ્દો આજે સત્ય થતાં 'સ્વામીશ્રી દ્વારા યોગીજી મહારાજનું કાર્ય ચાલુ છે' એ પ્રતીતિ દરેકના હૃદયમાં વધુ દૃઢ થઈ.

મૂર્તિપ્રતિષ્ઠાના આ શુભ અવસરે ચારેક દિવસ સુધી ભાવનગરમાં રોકાયેલા મહંત સ્વામી એક વાર બાળ મંડળ તથા યુવા મંડળની ખાસ સભામાં પધારેલા. અહીં તેઓએ પ્રેરક ઉદ્‌બોધન કરતાં કહેલું કે 'તમે હજી નાના છો. પૂજ્ય સ્વામીબાપાના મહિમાની તમને બધી ખબર ન હોય. પણ મનમાંથી સંશય કાઢી નાંખશો તો સમજાશે કે શ્રીહરિ સત્સંગમાં સદા પ્રગટ જ છે અને હાલ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી દ્વારા આપણી સમક્ષ છે. ગુણાતીત ગાદી કદી ખાલી પડે જ નહીં. આજે શ્રદ્ધાસહિત પ્રમુખસ્વામીનો મહિમા સમજીને એમને ચાંદલો કરશે તે કરોડો પ્રકાશવર્ષ છેટે રહેલા શ્રીહરિને સાક્ષાત્ થઈ જવાનો ને વળી ગુણાતીત સ્વામી તેમ જ યોગીબાપાને પણ થઈ જવાનો. તમે અહીં બાળ મંડળ ને યુવા મંડળને ખૂબ ખીલવજો. ભાવનગરમાંથી ૫૦૦ યુવકો તૈયાર કરવા છે.'

## નેતૃત્વનો નરવો-ગરવો નમૂનો

ભાવનગરનો ભાવ પૂરો કરીને મહુવા પહોંચેલા સ્વામીશ્રીને અહીંથી હવે રાજુલા જવાનું હતું; પરંતુ વરસાદના વિઘ્નને કારણે તે કાર્યક્રમ રદ થતાં ગોંડલ જવાનું નક્કી થયું. તેથી બાઢડા, સાવરમાં લાભ આપતાં તેઓ તા. ૨૮/૯ની રાત્રે અગિયાર વાગ્યે કુંડલા પધાર્યા.

અત્રે મંદિર માટે સંપાદિત થયેલી ભૂમિ પર પુષ્પો છાંટીને અમરેલી જવા વિદાય લીધી, પણ વરસાદને કારણે તે રસ્તાઓ પણ જળબંબાકાર બની ગયા હોવાથી પાછા કુંડલા આવવું પડ્યું. અહીં રાત્રે એક વાગ્યે સ્વામીશ્રી આરામમાં પધાર્યા અને બીજા દિવસે વાહન-વ્યવહારની સાનુકૂળતા થતાં, કુંડલાથી અમરેલી થઈને ગોંડલ પહોંચ્યા.

અત્રે તા. ૪/૧૦, શરદ પૂનમના દિવસે સ્વામીશ્રીના વરદહસ્તે 'યોગી સ્મૃતિમંદિર'નો ખાતમુહૂર્તવિધિ થયો. વેદમંત્રોના ઘોષ વચ્ચે જ્યારે તેઓએ ભૂમિપૂજન કરીને કળશ પધરાવ્યો ત્યારે યોગીજી મહારાજ અને સ્વામીશ્રીના

જયનાદથી ગોંડલની ગલીઓ ગાજી રહી. યોગીજી મહારાજનું આ સ્મારક અત્યંત આકર્ષક અને કલાત્મક બને તે માટે યોજાયેલી ભારતભરના આર્કિટેક્ટ્સની એક સ્પર્ધામાં, નિષ્ણાત સ્થપતિઓએ પોતાની ઉત્તમોત્તમ કલાસૂઝથી ભરપૂર રચનાઓ તૈયાર કરીને મોકલેલી. તેમાંથી જે આર્કિટેક્ટ્સની રચનાઓ પ્રથમ ચાર ક્રમાંકમાં પસંદગી પામેલી તેઓને ખાતમુહૂર્તના સમારંભમાં પારિતોષિકો એનાયત થયાં.

આ પ્રસંગે સ્વામીશ્રીએ સારંગપુરમાં 'યજ્ઞપુરુષ સ્મૃતિમંદિર'ના નિર્માણની પણ જાહેરાત કરાવી. સૌએ આ નૂતન પ્રકલ્પને સંપૂર્ણ અનુમોદન આપતાં તાળીઓના ગડગડાટથી વધાવી લીધો.

આમ, પોતાના બંને ગુરુઓની સ્મૃતિને, यावच्चन्द्रदिवाकरौ પૃથ્વી પર રાખવાનાં કદમ સ્વામીશ્રીએ ભરી લીધાં !

આ ક્રમમાં 'યોગી સ્મૃતિમંદિર'ના નિર્માણમાં સૌ સહયોગ આપી શકે તે હેતુથી આકર્ષક દાનપત્રિકા તૈયાર કરવામાં આવેલી. હિંદી, ગુજરાતી અને અંગ્રેજી – એમ ત્રણ ભાષામાં તૈયાર થયેલ આ દાનપત્રિકાનું મૂલ્ય કેટલું રાખવું તેનો જ્યારે વિમર્શ ચાલી રહેલો ત્યારે સ્વામીશ્રીએ સૂચન કરેલું કે 'એક રૂપિયાની દાનપત્રિકા રાખો.'

તેઓની આ વાત સાંભળી ઘણાને મનમાં થયું: 'એક રૂપિયાની દાન-પત્રિકા ?!'

પણ સૌની આ શંકાનું સમાધાન કરતાં સ્વામીશ્રીએ જણાવેલું કે – 'યોગીજી મહારાજ પ્રત્યે નાનામાં નાની વ્યક્તિને પ્રેમ અને સદ્ભાવ છે. તેથી તેઓના સ્મૃતિમંદિરમાં સેવા કરવાની ઇચ્છા નાનામાં નાની વ્યક્તિને પણ હોય. માટે તેઓ પણ યોગદાન આપી શકે તે માટે એક રૂપિયાની દાન-પત્રિકા રાખો.'

સ્વામીશ્રીનો આ ખુલાસો સાંભળીને સૌ દંગ રહી ગયા !

રામનું કામ એવું હોય કે જેમાં નલ-નીલ જેવા જોરાવર જનાવરથી માંડીને ખિસકોલી જેવા પણ સહભાગી બની શકે. તેમ સ્વામીશ્રી પણ એ રીતે કામ ઉપાડતા કે જેમાં મજૂરથી માલેતુજાર સુધીના સૌને ભળવાનો અવકાશ મળે, કારણ કે તેઓને સૌના કલ્યાણની ખેવના હતી. તેઓની આ કાર્યશૈલીનો હિંદમાં તો શું આખા વિશ્વમાં હરીફ મળે એમ નથી.

'યોગી સ્મૃતિમંદિર'ના ખાતમુહૂર્ત પ્રસંગે સ્વામીશ્રીની ગુરુભક્તિ જેમ

સૌનાં આશ્ચર્ય અને અહોભાવનો વિષય બની રહી, તેમ તેઓનો આ માનવીય અભિગમ પણ સૌ માટે વિસ્મયકારી બની રહ્યો.

'Leadership is people more than projects.' – નેતૃત્વ એ છે કે જેમાં કામથી વિશેષ વ્યક્તિની ગણતરી હોય. સ્વામીશ્રી આવા નેતૃત્વના નરવા-ગરવા નમૂના સમાન હતા.

## આગ્રહ રાખીશું તો સત્સંગ વધશે

યોગી સ્મૃતિમંદિરના ખાતવિધિની સાંજે ગુણાતીત જન્મોત્સવ પણ ધામધૂમથી ઊજવાયો. તે સમયે અક્ષર મંદિરના ચોકમાં પૂર્વ દિશા તરફ ઠાકોરજીને પધરાવેલા. પાંચ આરતીનાં અર્ઘ્ય, કીર્તન-સંવાદોની પ્રસ્તુતિ, દૂધ-પૌંઆના પ્રસાદ અને સ્વામીશ્રીના આશીર્વાદને માણતી દસ હજારની ભક્ત-મેદનીએ આ ઉત્સવની દિવ્યતા માણીને એક જ અનુભવ ઉચ્ચાર્યો કે 'યોગીબાપા ગયા જ નથી.'

આ અનુભવ વિશેષ દૃઢ કરાવતાં, સ્વામીશ્રી તા. ૭/૧૦ની સવારે ગોંડલથી ઘોઘાવદર પહોંચ્યા. અહીં તેઓએ મંદિરમાં મૂર્તિઓની પુનઃપ્રતિષ્ઠા કરી. ત્યારબાદ ગામમાં વીસેક પધરામણીઓનો લાભ આપી ગુણાતીતાનંદ સ્વામીએ જ્યાં પાંચ વચનામૃતો[૧૨] વંચાવેલાં તે પ્રાસાદિક જગ્યાએ દર્શનાર્થે પધાર્યા.

ઘોઘાવદરથી બંધિયા પહોંચેલા સ્વામીશ્રીએ અહીં પણ પ્રાસાદિક વડ, વાવ, ડોસા વાણિયાનું ઘર, માઢ, મેડી, દુકાન વગેરેનાં દર્શન કરીને ગામના મંદિરમાં આરતી કરી. ત્યારબાદ અડધો કલાક સુધી સૌને કથાલાભ આપીને રાત્રે સાડા આઠ વાગ્યે ગોંડલ પધારી ગયા.

અહીંથી તેઓએ 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા'માં છાપવા માટે નૂતન વર્ષના આશીર્વાદ વરસાવતો પત્ર લખતાં સૌ સત્સંગીઓને જણાવ્યું કે –

*'મહારાજે નામાનું વચનામૃત લખેલ છે તો તે મુજબ આપણે નામાનો તપાસ કરવો કે ગઈસાલ કેટલા વધ્યા છીએ અને આ વરસે આટલું કરવું છે તેવો દૃઢાવ કરવો. પૂજ્ય બાપા રવિવારની સભાનો આગ્રહ રાખતા, તો તે મુજબ સભા કરવી અને બીજો દિવસ અનુકૂળ*

---

૧૨. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૩; ગઢડા મધ્ય પ્રકરણ ૩૦, ૪૫; અમદાવાદ પ્રકરણ ૨,૩.

*હોય તો તે મુજબ કરવું અને એક સ્થળે અગર ફરતાં અનુકૂળ હોય તો તે મુજબ ફરતી સભા કરવી પણ તે મુજબ ઠરાવ કરી પ્રયત્ન કરવો.*

*આપણે આગ્રહ રાખીશું તો સત્સંગ વધશે. જેને મહારાજે વહેવારિક કાર્યથી નિવૃત્ત કર્યા હોય તેઓએ તો આ કાર્ય ખાસ કરવું. એકાદ મહિનો પણ આ માટે ટાઈમ કાઢવો, અગર છૂટક છૂટક ટાઈમ કાઢીને પણ આ કાર્યને વેગવંતું કરીશું તો પૂજ્ય બાપાએ ધારેલ સંકલ્પ મુજબ યુવક-પ્રવૃત્તિ તેમ જ સંતો વધારવાની પ્રવૃત્તિને વેગ મળશે. 'પ્રકાશ-પત્રિકા'ના આજીવન સભ્ય બનવું અને બનાવવા. પૂજ્ય બાપાના સ્મારકનો ખાત-વિધિ હજારો હરિભક્તોની હાજરીમાં ઊજવાયો છે, તો હવે તે કામ ચાલશે ને તેમાં દરેકને અને નાનામાં નાની વ્યક્તિને લાભ મળે તે માટે દાનપત્રિકા એક રૂપિયાની કાઢી છે તો તે સર્વે લે ને બીજાને આપે એ જ પ્રાર્થના.'*

આ વર્ષે 'પ્રકાશ' અને 'પત્રિકા'માં સ્વામીશ્રીએ લખેલા આશીર્વાદમાં સંતો, સત્સંગ મંડળો, બાળ-યુવા મંડળો, પ્રકાશ-પત્રિકાના ગ્રાહકો વધારવાનો અને સત્સંગ માટે સમય ફાળવવાનો સૂર સામાન્યપણે જોવા મળેલો. ગુરુના સંકલ્પો એ જ મારું કર્તવ્ય મુજબ, યોગીજી મહારાજના સંકલ્પોની પરિપૂર્તિ માટે મંડી પડેલા સ્વામીશ્રીની ધગશનું જ દર્શન તેઓના આ પત્રોમાં થાય છે.

## મોજ અને મુક્તિ મફતમાં

સૌને રમાડી-જમાડીને રાજી થવાની યોગીજી મહારાજની રીત સ્વામીશ્રીમાં પણ જોવા મળતી. તેથી તા. ૮/૧૦ની સાંજે મંદિરની વાડીમાં મગફળીના ઓળાનો ઉત્સવ યોજવામાં આવેલો.

આઘે આકાશમાં ભગવી ઝાંય પાથરતો સૂરજ ઢળતો હોય, વગડાના વાની ઠંડક ધીમે ધીમે જામતી હોય, સમી સાંજે માળામાં પાછાં ફરેલાં પંખીઓના કલરવથી ઝાડવાં ગૂંજતાં હોય, ગામડાંનાં ખેતરાંની નીરવતા ચારેકોર પ્રસરતી હોય, તેવે ટાણે યોજાતા આવા ઓળા-ઉત્સવોની લિજ્જત-રંગત, ઝગમગતા ઝુમ્મરોવાળી અને લાલ જાજમો બિછાવેલી શહેરી 'પાર્ટી'ઓનેય ટપી જાય એવી રહેતી, કારણ કે પ્રકૃતિના ખોળે થતા આવા ઉત્સવોમાં, ઔપચારિકતાની એંઠથી અભડાયા વિનાની સાહજિકતા અને ચિત્તને ચકડોળે ચડાવતા વિલાસથી ખરડાયા વિનાની સાત્ત્વિકતા રહેતી.

તેમાંય દૂધપાકમાં કેસરની છાંટ પડતાં રંગ, સ્વાદ, સુગંધ વધુ નીખરી ઊઠે, તેમ સ્વામીશ્રીનો સહવાસ સાંપડતાં આવા ઉત્સવો કલ્યાણકારી બની જતા. તેની સ્મૃતિ પણ ભક્ત માટે મોક્ષનું ભાથું બની જતી. તેથી જ સ્વામીશ્રી આવા ઉત્સવમાં ભળતા. તેમાં મગફળી સાથે મોજ અને મુક્તિ મફતમાં મળતાં.

આવા પ્રસંગોએ સ્વામીશ્રી પોતે તો અલ્પ જમતા, પણ આસપાસ બેઠેલાનું ધ્યાન રાખતા-રખાવતા જાય. મગફળી જમતાં-જમાડતાં સત્સંગની મમળાવવા જેવી વાતો કહેતા જાય. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો મહિમા, સત્સંગની સેવાની રીતિ, સાંપ્રદાયિક ઇતિહાસ વગેરેનાં પાનાં સ્વામીશ્રી એવી સાહજિકતાથી ઉઘાડતાં જાય કે ઉત્સવની હળવાશને હડસેલો વાગ્યા વિના સૌની નસેનસમાં સત્સંગનો સંદેશ દોડતો થઈ જાય.

## પરિશ્રમના પારસમણિ

દિવાળીના દિવસોને હજી થોડી વાર હોવાથી સ્વામીશ્રી શરદ પૂનમ અને દિવાળીના વચગાળામાં વિચરણ અર્થે નીકળી પડ્યા.

તે ક્રમમાં, રાજકોટ મુકામે બાઈઓના સભામંડપનો ખાતવિધિ કરી તેઓ તા. ૧૦/૧૦ના રોજ ભાદરા પધાર્યા, ત્યારે તેઓની અપ્રતિમ સેવાના સાક્ષી સમા અહીંના મંદિરના બત્રીસે કોઠે દીવા પ્રગટી ગયા હોય, તેમ તે વીજદીપકોથી ઝળહળી રહેલું. સ્વામીશ્રીની પધરામણી થતાં ગામવાસીઓને પણ દિવાળી આઠ દિ' વહેલી આવી ગયા જેવું થઈ ગયું. જેમ રામ પધારતાં નગરવાસીઓએ આખી અયોધ્યા શણગારેલી, તેમ અહીં પણ સ્વામીશ્રીના સત્કારમાં ઠેર ઠેર કેળના સ્તંભ ઊભા કરવામાં આવેલા. સૌનાં ઝૂમતાં હૈયાંના પ્રતીકરૂપ ઝૂલતાં તોરણો શેરીઓની શોભાને વધારતાં હતાં. ઢોલ-ત્રાંસાંના ગડગડાટ રોમ-રોમ વ્યાપેલા આનંદને અભિવ્યક્ત કરતા હતા. શણગારેલાં ગાડે જોડેલા બળદો પણ પોતાનાં ભાગ્યોદયને વધાવતા હોય તેમ થનગની રહેલા.

સ્વામીશ્રી પધાર્યા તે સમય તો હતો – રાત્રિના સાડા દસ વાગ્યાનો; પણ તોય બહાર-ભીતર બધે જ અજવાળું અજવાળું થઈ ગયું. સૌએ સ્વામીશ્રીને ગાડામાં પધરાવીને સામૈયું કાઢ્યું. તારાનાં તેજ જેમ ચાંદનીમાં વિલીન થઈ જાય તેમ મંદિરે આવતાં આ સામૈયાની શોભા મંદિરની શોભામાં લય પામી ગઈ.

સ્વામીશ્રી પધાર્યા ત્યારે ઠાકોરજી તો પોઢી ગયેલા પણ સ્વામીશ્રીની

ભક્તિ જાગતી હતી. તેથી તેઓએ માથે પહેરેલી પાઘ ઉતારીને દંડવત કર્યાં, ભાવપૂર્વક ઠાકોરજીને શીશ નમાવ્યું, સંતો-સેવકોને મળ્યા અને રાતના સાડા અગિયાર વાગ્યા સુધી સભામાં બિરાજ્યા.

બીજે દિવસે સવારે સ્વામીશ્રી નિર્માણાધીન અતિથિ ભુવનનું ખાતમુહૂર્ત કરીને સાંજે પ્રાસાદિક ઘાટે સ્નાન કરવા પધાર્યા. અહીં તેઓએ સૌને ઘણી વાર સુધી જળક્રીડાનું સુખ આપ્યું. તે વખતે,

*'આવ્યા હરિ ઊંડને તીરે, ધીરે ધીરે, ગૌર શરીરે, સુંદર શ્રીઘનશ્યામ;*

*પ્રભુ તેમાં માંડ્યા છે તરવા, ચારેકોર ફરવા, મનને હરવા, શોભે શ્રીપૂરણકામ...'* પંક્તિઓ પોથીમાંથી પુનર્જીવિત થઈ ઊઠી.

આ અરસામાં, ભાદરાના જે ખેતરમાં વશરામ ભક્તે સંકલ્પ કરતાં અસંખ્ય કીડીઓ ચતુર્ભુજરૂપ ધારણ કરીને મુક્તિ પામેલી, તે જગ્યાએ ઓટો કરીને શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પધરાવવાનાં હતાં. આ કામ તો ઘણું નાનું કહેવાય, છતાં સ્વામીશ્રીએ તા. ૧૨/૧૦ના રોજ ઠાકોરજીને પધરાવી તેનું વિધિવત્ ખાતમુહૂર્ત કર્યું. ભક્તિ અને સંસ્કૃતિના પ્રખર પુરસ્કર્તા સ્વામીશ્રી, ચાર ફૂટ ઊંચા ઓટાથી માંડી ૧૪૧ ફૂટ ઊંચા અક્ષરધામ સુધીનાં નિર્માણમાં વૈદિકવિધિને અનુસરતા અને ઠાકોરજીને પ્રથમ પધરાવતા.

પ્રાસાદિક સ્થાને ઓટાનું ખાતમુહૂર્ત કરીને ધ્રોળ, બાણુંગાર અને મજોઠ ગામોમાં પધરામણીઓ કરવા ગયેલા સ્વામીશ્રી, ત્યાં સભાનો લાભ આપી રાત્રે સાડા બાર વાગ્યે ભાદરા પરત ફરેલા.

તેઓના આવા વિદ્યુતવેગી વિચરણમાં આરામ-ભોજનના કોઈ સમય જળવાતા નહીં. જળવાતાં કેવળ ભક્તોનાં મન અને ભાવ. આ બેને જાળવવાં સ્વામીશ્રી પોતાનાં શરીર, સમય અને સુવિધાઓને ઠોકરે ચડાવતાં ફરતા.

આ જ ક્રમ બીજા દિવસે પણ પુનરાવર્તિત થયો.

એ દિવસે પ્રાસાદિક સ્થાને નિર્મિત ઓટા પર ચરણારવિંદની પ્રતિષ્ઠા સ્વામીશ્રીએ કરી. ત્યારબાદ વાડીમાં મગફળીના ઓળાનો ઉત્સવ ઊજવીને તેઓ મંદિરે પધારેલા. અહીં મંદિર-સંકુલના વિકાસ માટે એક મકાન ખરીદવું પડે એમ હોવાથી, સ્વામીશ્રી બપોરે ભોજન બાદ તે મકાનના માલિક સાથે વાટાઘાટો કરવા બેઠા. વાદળ અને સંતનું લેવું એ અનેકગણું આપવા માટે જ હોય છે, તેમ સ્વામીશ્રી બજારભાવ કરતાં પણ વધુ વળતર આપીને મકાન ખરીદવાની વાત મકાન-માલિકને કહી રહેલા; પરંતુ આ અમૃતઘૂંટ પણ એ

મકાન-ધારીને ગળા હેઠે ઉતારવો અઘરો પડતો હતો. તેથી છેક બપોરે ત્રણ વાગ્યે આ કામ પૂરું થયું.

એક-એક મંદિરના વિકાસ માટે સ્વામીશ્રીએ કરેલા પુરુષાર્થની આ તો ઝાંખીમાત્ર છે. આજે વિશ્વના આંગણે રમતાં મહાલય સમાં બી.એ.પી.એસ. મંદિરોના પાયામાં ઈંટો નથી પણ સ્વામીશ્રીના પરિશ્રમના પારસમણિ પડેલા છે.

## કાળજાના કાગળ પર હેતના હસ્તાક્ષર

ભાદરાથી ગોંડલ પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૧૮/૧૦ની સવારે સૂરો ગુંજતા હતા કે –

*'સખી હૈડે તે હરખ ન માય, આજ દિવાળી રે;*
*હું તો મગન થઈ મનમાંય, ભૂધર ભાળી રે...'*

હા, યોગીજી મહારાજની આજ્ઞા અનુસાર[૧૩] સ્વામીશ્રી સૌપ્રથમ વાર ગોંડલમાં દીપોત્સવી પર્વ ઊજવી રહ્યા હોવાથી, આ પંક્તિઓ ગાનાર-સાંભળનાર સૌનાં હૈયે હરખ સમાતો ન હતો. અક્ષર મંદિર તથા અક્ષર દેરીએ પણ દિવાળીને અનુરૂપ સાજ-શણગાર સજી દીધેલા. મંદિરના કળશ-કાંગરાથી લઈને દેરી-દરવાજા સઘળું રોશનીથી ઝળહળી રહેલું. ભાતીગળ રંગોળીઓ મોકાના સ્થાન પર ખીલી ઊઠેલી. રોશની-રંગોળીથી શોભતા આ મંદિર-માહોલમાં સ્વામીશ્રી સાંજે ચાર વાગ્યે અક્ષર દેરીમાં ચોપડા-પૂજનના વિધિ માટે બિરાજ્યા. નિયત સમયે મહાપૂજાની ઘંટડી રણકતાં જ પૂજનવિધિ શરૂ થયો.

ચોપડા-પૂજન કરતાં સ્વામીશ્રીને જોવા એ પણ એક લહાવો હતો. તે સમયે તેઓની આસ્તિકતા, એકાગ્રતા, ચપળતા અને ચોકસાઈનો ચંદરવો રચાઈ રહેતો. વિધિમાં તેઓ જે કંઈ કરતા તે પરમ શ્રદ્ધાથી કરતા. તે વખતે એવા તો એકતાર થઈ જતા કે ખભેથી ગાતરિયું, યજ્ઞોપવીત સરી-સરકી જાય તોય તે સરખું કરવાની તમા રાખતા નહીં. ચપળતા પણ એવી દાખવતા કે વિધિ કરાવનારને ઘડીયે થોભવું ન પડે અને વિધિમાં ચોકસાઈ એવી રાખે કે પૂજાનું કોઈ ઉપચારદ્રવ્ય તેઓના હાથે આમ-તેમ ન થાય. ઠાકોરજીને પંચામૃતથી સ્નાન કરાવે કે ચાંદલા-ચોખા ચોડે તેમાંય કશું લેશ ખરડાવા ન દે.

વર્ષના અંતિમ દિવસની અંતિમ ઘડીઓ તેઓનાં આવાં દર્શનથી સ્મૃતિપટ પર કાયમ માટે અંકાઈ જતી. માથે ભગવી પાઘ ધારણ કરીને બેઠેલી

---

૧૩. જુઓ, બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ : ૧/૫૭૩.

એ મૂર્તિ એવી ભાવસભર અને પ્રભાવશાળી લાગતી કે વર્ષોનાં વર્ષો પસાર થવા છતાં તે છબી ભૂંસાતી-ભુલાતી નહીં. પ્રથમ જ વારનાં આવાં અલૌકિક દર્શનથી આજે અક્ષર દેરી પણ હરખાઈ રહેલી.

તે વર્ષોમાં પ્રણાલી એવી હતી કે ચોપડા-પૂજનમાં જેટલા ચોપડા મુકાયા હોય તે સૌમાં સ્વામીશ્રી આશીર્વાદ લખી આપતા. તે માટે વિધિ બાદ સૌ પોતાના ચોપડા તેઓ પાસે લઈ આવતા.

આ ક્રમમાં આજે ભાવનગરથી આવેલો તેર વર્ષનો બાળક વિનોદ પણ સ્વામીશ્રી પાસે આવી ચઢ્યો. સ્વામીશ્રીએ તેનો ચોપડો પોતાના ખોળામાં મૂકતી વખતે ઊંચે જોતાં પૂછ્યું : 'કોની સાથે આવ્યો ?'

'મારા પડોશી સાથે.'

'રોકાવાનો છે ?'

'હા.'

આ સાંભળી – 'કેટલા દિવસ રોકાવાનો છે ? પાછો કેવી રીતે જઈશ ? ક્યાં રોકાયો છે ?' વગેરે પ્રશ્નો એકસાથે સ્વામીશ્રીએ પૂછી લીધા.

આમ તો આ પૂછપરછ સાધારણ હતી, પરંતુ તેમાંથી ટપકતો પ્રેમ માની યાદ અપાવે એવો હતો. દૂર દેશથી પાછા ફરેલા દીકરાને જોઈને માતા એટલું જ બોલતી હોય છે કે 'દીકરા ! આવી ગયો ?' પણ આ શબ્દો દીકરાની આંખોમાં દરિયો છલકાવી દે છે. સ્વામીશ્રીની પૂછપરછમાં પણ પેલો બાળક કંઈક આવું જ અનુભવી રહ્યો. 'દિવાળીના સપરમા દા'ડે સેંકડો ચોપડાઓમાં આશીર્વાદ લખી આપવાના હોય ત્યારે મારા જેવા સામાન્ય બાળકની આવી ઝીણી પૂછપરછ !!'

સ્વામીશ્રીનો આ સ્નેહ તે બાળકને સીમાઓ ઓળંગી જતો લાગ્યો. સ્વામીશ્રીએ તેના ચોપડામાં તો આશીર્વાદ લખી આપ્યા પણ તેઓના હેતના હસ્તાક્ષર પેલા બાળકના કાળજાના કાગળ પર કોતરાઈ ગયા ![૧૪]

## સ્વામીશ્રીની દુનિયા

સ્વામીશ્રીના સાંનિધ્યમાં પહેલી જ વાર ગોંડલમાં અન્નકૂટોત્સવનો લાભ મળવાનો હોવાથી હરિભક્તો ઘણી સંખ્યામાં અત્રે આવી ચૂકેલા.

---

૧૪. આ હેતનાં કામણ એ બાળકને એવાં સ્પર્શ્યાં કે તેણે સ્વામીશ્રીનાં ચરણોમાં જીવન સમર્પિત કરી દીધું. તેઓનું દીક્ષિત નામ સાધુ આનંદજીવનદાસ રાખવામાં આવ્યું.

સ્વામીશ્રી પણ સવારે પાંચ વાગ્યે નિત્યપૂજા કરવા માટે બિરાજી ગયા. ત્યારબાદ અક્ષર દેરીમાં પધારીને અથથી ઇતિ સુધીની મહાપૂજા પોતે જ કરી. આ અવસરે હરિભક્તોએ નૂતન વર્ષની મહાપૂજાઓ નોંધાવી. સ્વામીશ્રીએ મહાપૂજા દ્વારા સૌના સંકલ્પ સિદ્ધ થાય તેવા આશીર્વાદ આપ્યા.

આજે અન્નકૂટ હોવાથી તેઓએ પૂજા બાદ જલપાન પણ કર્યું નહોતું. ઠાકોરજી અન્નકૂટ જમે પછી જ મોંમાં જલ-કણ મૂકવાનો નિયમ તેઓ નવા વર્ષના પ્રથમ દિને દૃઢતાથી પાળતા. આવી તો કેટકેટલીયે સૂક્ષ્મ ભક્તિ તેઓ કરતા રહેતા. છતાં આજના દિવસની સવારે સ્વામીશ્રી ગોંડલમાં ૩૫ પધરામણીઓ કરી આવ્યા.

ત્યારબાદ પોણા બાર વાગ્યે ઠાકોરજી સમક્ષ થાળગાન માટે બિરાજમાન થયા. અઢીસો વાનગીઓનો સુંદર અન્નકૂટ ઠાકોરજી આગળ ધરવામાં આવેલો. સ્વામીશ્રી પ્રેમપૂર્વક આ રસથાળ ઠાકોરજીને જમાડવા લાગ્યા. થાળગાન વખતે તેઓની તલ્લીનતા – ન કેવળ દર્શનીય પણ મનનીય બની રહેતી. થાળના તાલ સાથે પોતે તાળી પાડતા જાય; ક્યારેક નેત્રો મીંચીને તો ક્યારેક ઠાકોરજી સમક્ષ એકદૃષ્ટ થઈને થાળ ગાતા જાય; વાનગીઓની ગોઠવણીમાં જરૂર જણાય તો સૂચના આપીને યોગ્ય કરાવતાં જાય; આસપાસ બેઠેલા અતિથિઓ અને હરિભક્તોની વ્યવસ્થા પણ જોતાં-સાચવતાં જાય.

આ રીતે થાળગાન પછી સ્વામીશ્રીએ ગોવર્ધનપૂજા કરી. આ વિધિ વખતે પણ તેઓ માટીના ડુંગરા પર અબીર, ગુલાલ, કંકુ વગેરે પૂજાદ્રવ્યો એવી રીતે પધરાવતા કે ડુંગરો દીપી ઊઠે. કળા અને કાળજી તો તેઓની નાની-શી ક્રિયામાં પણ ઊડીને આંખે વળગે તેવા રહેતાં. ગોવર્ધનની ટોચ પર પુષ્પ પણ એવી ખૂબીથી ગોઠવે કે મંદિર પર કળશ ચઢ્યા જેવું લાગે! જે કાર્ય થોડી જ મિનિટોમાં પ્રલય પામી જવાનું હોય તે કાર્યમાં પણ તેઓ ચોકસાઈ કદી ન ચૂકે.

આવી રીતે ગોવર્ધનપૂજા કર્યા બાદ સ્વામીશ્રી અન્નકૂટની આરતી ઉતારી અક્ષર દેરીમાં પધાર્યા. અહીં પણ થાળગાન કરીને આરતી ઉતાર્યા બાદ સભામાં બિરાજી સૌને આશીર્વાદ પાઠવ્યા.

સભા સમાપ્ત કરીને સ્વામીશ્રી સીધા પહોંચેલા રસોડામાં. નવા વર્ષે સૌને જમાડવાનો તેઓને ખૂબ ઉમંગ. તેમાં દરેકની મર્યાદા મુજબ વ્યવસ્થા સચવાય તેવો ખટકો રાખે-રખાવે. જાતે ઊભા રહીને પીરસે-પીરસાવે. આ

રીતે સૌને જમાડીને સ્વામીશ્રી જ્યારે આજે સાંજે ચાર વાગ્યે જમવા માટે બિરાજ્યા ત્યારે હરિભક્તો તો ભોજન જમ્યાની તૃપ્તિના ઓડકાર ખાઈ રહેલા.

ભોજન બાદ પણ રાત્રિસભા સુધી સ્વામીશ્રી સૌને મળતા રહ્યા અને આશીર્વાદ આપતા રહ્યા. આવા શુભ દિવસે સૌની ઇચ્છા હોય કે 'સ્વામીશ્રીને મળીને જઈએ.' તેથી સવારે વહેલા જાગ્યા હોવા છતાં સ્વામીશ્રી આ દિવસે બપોરના આરામને ઠેલ મારી દેતા. ભક્તો પ્રત્યે તેઓની આવી લાગણી એ નવા વર્ષના પ્રથમ દિવસની ઔપચારિકતા નહોતી, પણ આ તેઓનો કાયમી ક્રમ રહેતો.

તેઓની ક્રિયાઓમાં ભગવાન અને ભક્તની સેવા સિવાય બીજું કાંઈ આવતું જ નહીં. આ જ હતી સ્વામીશ્રીની દુનિયા !

## ક્રાંતદર્શી કદમ

દીપોત્સવી-અન્નકૂટ પર્વ બાદ, સ્વામીશ્રી તા. ૨૦/૧૦ના રોજ નૂતન વર્ષના[૧૫] આશીર્વાદ પાઠવી લાભ પાંચમ સુધી ગોંડલમાં જ રોકાયેલા.

અહીંથી તેઓએ ધારી પધારી તા. ૨૭/૧૦ની સવારે મંદિરનું મંગલાચરણ કરતો ખાતમુહૂર્તવિધિ સંપન્ન કર્યો. તેની ઉત્સવ-સભા બાદ સ્વામીશ્રી યોગીજી મહારાજનાં પ્રાસાદિક સ્થાનો – નિશાળ, પાતળિયો ધૂનો, જૂનું સ્વામિનારાયણ મંદિર વગેરે જગ્યાએ દર્શન કરીને વિદાય થયા ત્યારે તેઓએ નવા વર્ષે ગુરુભક્તિનું એક નવું સોપાન સર કરી દીધેલું.

ધારીથી સ્વામીશ્રી લાઠી, ગઢડા, બોટાદ, સારંગપુર, ખાંભડા અને ધંધુકાને લાભ આપતાં અમદાવાદ પહોંચ્યા.

અહીં તા. ૩૦/૧૦ના રોજ સાંજે સાડા પાંચથી અગિયાર વાગ્યા સુધીમાં તેઓએ ત્રણ સભાઓમાં લાભ આપ્યો. પ્રથમ કલાકમાં સ્વામીશ્રી બાળ મંડળની સભામાં પધાર્યા. ત્યારબાદ સાડા સાતથી સાડા આઠ દરમ્યાન યુવક સભામાં ઉપસ્થિત રહ્યા. બાળકો-યુવકોની રજૂઆતમાં સ્વામીશ્રી માટે તો નવું શું હોય ? તેમ છતાં તેઓ રસપૂર્વક જે તે પ્રસ્તુતિને માણતા અને પ્રતિસાદ આપતા.

આ ભીડો જેવો તેવો નથી હોતો. માથે અનેક કામ ઝળૂંબતાં હોય, દિવસ આખાના શ્રમથી શરીર થાકેલું હોય, રજૂઆત સામાન્ય હોય અને વિગત જાણીતી હોય, ત્યારે પણ તેમાં રસ દાખવવો તે ઘણું કઠણ છે. પરંતુ ઊગતી

---

૧૫. વિ.સં. ૨૦૨૮નો પ્રારંભ થયો.

પેઢીમાં સત્સંગના સંસ્કારો સિંચાય તે માટે સ્વામીશ્રી આ ભીડાની પીડા પણ પ્રેમથી વેઠતા. અલબત્ત, એમને પીડા જણાતી જ નહીં.

બાળ-યુવા પેઢીને આમ પોષણ આપીને તેઓએ રાત્રે નવથી અગિયાર વાગ્યા સુધી વડીલ સભામાં પધારી સૌને કથાવાર્તાનો આનંદ પમાડ્યો. જેઓના સાંનિધ્યમાં સમાજની ત્રણેય પેઢીઓ ખીલી ઊઠે એવા સર્વદેશી સંત સ્વામીશ્રી હતા.

આ હેતુસર જ તેઓ તા. ૩૧/૧૦ના રોજ અમદાવાદથી હરિયાળા ગામે પધાર્યા. નિમિત્ત હતું – દૂધની ડેરીનું ઉદ્‌ઘાટન!

સમાજનો કોઈપણ વર્ગ હોય કે સમાજનું કોઈ પણ કામ હોય – સૌનો માંહ્યલો સ્વામીશ્રીને ઝંખતો. તેઓની પ્રતિભા અને પ્રતિમા જન-જનનાં હૈયાંમાં કેવી બિરાજી ગઈ હશે!

પોતાની ઉપસ્થિતિથી હરિયાળામાં હરિયાળી ફેલાવીને સ્વામીશ્રી વસો, પલાણા, ડભાણ, નડિયાદને લાભ આપતાં તા. ૧/૧૧ના રોજ બોચાસણ પધાર્યા. અહીં હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં કાર્તિકી પૂર્ણિમાનો સમૈયો ભવ્યતાથી ઊજવાયો.

ઉત્સવ બાદ બોચાસણથી નીકળેલા સ્વામીશ્રી તા. ૩/૧૧ના રોજ સુંદરણામાં પંદર પધરામણીઓ કરીને, તા. ૪/૧૧ની રાત્રે મહીજડા આવી પહોંચ્યા. અહીંના બે દિવસના રોકાણમાં તેઓએ સાઠ પધરામણીઓ કરી.

તા. ૭/૧૧ના રોજ મહીજડાથી વસઈ જતાં, રસ્તામાં એક સરકારી બોરનું ઉદ્‌ઘાટન કરી, વસઈમાં પણ એક દિવસમાં સાઠ પધરામણીઓ કરીને સ્વામીશ્રી નાજ, જેતલપુર, નવાગામ, ધરોડા, ચિત્રાસર, શ્રીજીપુરા, નાયકા, પુરુષોત્તમપુરા, ઈશ્વરપુરા, રઢુ, ખેડા, પીપળાતા, મહેળાવ વગેરે ગામોમાં વિચરણ કરતાં કરતાં તા. ૧૫/૧૧ની સાંજે ધર્મજ પધાર્યા. વિચરણના આ સપાટામાં તેઓએ દૂર રહીને પણ દૂરોગામી અસર નિપજાવનારું એક પગલું ભરી દીધું.

આ વર્ષે 'પ્રકાશ' અને 'પત્રિકા'માં પાઠવેલા નૂતન વર્ષના આશીર્વાદમાં યુવા-પ્રવૃત્તિને વેગવાન બનાવવા માટે સ્વામીશ્રીએ હાકલ કરી હતી. તેઓ જે સત્સંગ-કેન્દ્રમાં પધારે ત્યાં યુવાનો પાછળ સમય કાઢીને આ પ્રવૃત્તિને ઉત્તેજન આપી રહેલા. સમૈયા-ઉત્સવમાં પણ તેઓ યુવાનો તરફથી રાસ, સંવાદ, પ્રવચન વગેરે રજૂ થાય તેવી ગોઠવણ કરતા. સમૈયાના વિવિધ સેવા-

વિભાગોમાં યુવાનોને જવાબદારી સોંપતા. તેથી યુવાનોની શક્તિને વિકસવા માટે જરૂરી 'પ્લેટફોર્મ' મળી રહેતું. વિચરણમાં જ્યાં શક્યતા દેખાય ત્યાં સ્વામીશ્રી સ્વયં રસ લઈને યુવકો મંડળો પણ સ્થાપવા માંડેલા. આમ, શક્ય હોય તે તમામ રીતે યુવા-પ્રવૃત્તિના સંવર્ધન માટે તેઓ પુરુષાર્થ કરી રહેલા. તેના ફળસ્વરૂપે યુવક મંડળો અને યુવકોની સંખ્યા તેજ ગતિથી વધી રહેલી.

પરંતુ એકસમાન આદેશ મુજબ કૂચ કરતું લશ્કર જ આગળ વધી શકે, તેમ એકસમાન દોરવણી હેઠળ કાર્યરત પ્રવૃત્તિ જ કાઠું કાઢી શકે. તેથી સ્વામીશ્રીએ યુવા-પ્રવૃત્તિ સંબંધી કોઈપણ કાર્યવાહી, પૂછપરછ, માહિતી, માર્ગદર્શન, નવાં મંડળોની સ્થાપના વગેરે માટે યુવા-પ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલયનો પ્રારંભ તા. ૮/૧૧ના રોજ મુંબઈથી કરી દીધો. કોઠારી સ્વામી દ્વારા ઉદ્ઘાટિત થયેલા આ કાર્યાલયને સ્વામીશ્રીએ તથા મહંત સ્વામીએ પત્રો પાઠવીને આશીર્વાદ આપેલા.

આમ, સ્વામીશ્રી દ્વારા મુકાયેલા આ એક ક્રાંતદર્શી કદમથી યુવાનોના સર્વાંગી વિકાસ માટેની કાયમી કૂચનો વ્યવસ્થિત પ્રારંભ થઈ ગયો.

## અમર અધ્યાયનો આરંભ

તા. ૧૫/૧૧ની સાંજે સ્વામીશ્રી ધર્મજ પધાર્યા ત્યારે ઇતિહાસના એક અમર અધ્યાયની શરૂઆત કરવાનું સદ્ભાગ્ય મળતાં, આ ગામ, ગામની એક-એક ગલી અને ગલીના એક-એક ઘરનો આનંદ આકાશને આંબતો હતો. ગુરુપદે બિરાજ્યા બાદ, સ્વામીશ્રીને તેઓની જન્મજયંતીએ વધાવવાનો પ્રથમ મોકો ઝડપતાં, આખા ગામમાં ૫૧ આકર્ષક કમાનો ઊભી કરવામાં આવેલી. ૫૧ સ્વાગત-સૂત્રો લગાવવામાં આવ્યાં હતાં. ગામની એક-એક શેરીમાં ધજા-પતાકાં ફરફરી રહેલાં. પચીસ હજાર હરિભક્તો બેસી શકે તેવો વિશાળ સભા-મંડપ બનાવવામાં આવેલો. મંચ અને સિંહાસનની શોભા પણ મનોહર હતી.

સ્વામીશ્રી પધારતાં જ આ સમગ્ર શોભા સજીવન થઈ ઊઠી. સ્વાગત માટે ઊભેલા હજારો હરિભક્તોએ જયનાદોથી ધરા-ગગન ગજવી દીધાં. વધામણીનાં વાજાંની સૂરાવલિઓએ વાતાવરણને ઉત્સવની ઘેરી અસર નીચે મૂકી દીધું.

સ્વામીશ્રીને પધરાવવા શણગારેલી જીપમાં કલાત્મક આસન તૈયાર કરવામાં આવેલું; પરંતુ તેમાં સ્વામીશ્રી એકલા ન બેઠા, પોતાની સાથે સંત

સ્વામી અને મહંત સ્વામીને પણ બેસાડ્યા. સન્માનને વહેંચી દેવામાં તો તેઓને કોઈ પહોંચી શકે એમ નહોતું !

સ્વામીશ્રી બિરાજમાન થતાં જ નગરયાત્રાનો દબદબાભર્યો પ્રારંભ થયો. ઓટલા-અટારીઓએ ઠઠ જામી. પુષ્પ-અક્ષતના વરસાદ વરસ્યા. એક કલાક સુધી શોભાયાત્રાનો માહોલ જામી રહ્યો. ત્યારબાદ આ નગરયાત્રા સભાના રૂપમાં ફેરવાઈ ગઈ ત્યારે પચીસ હજારની ક્ષમતા ધરાવતો સભામંડપ પણ સાંકડો સાબિત થઈ રહ્યો.

આ સભામંડપમાં જન્મજયંતી મહોત્સવ નિમિત્તે દસ દિવસ સુધી યોજાયેલા પારાયણ અને પ્રવચનમાળાના આયોજનનો આરંભ તા. ૧૬/૧૧થી થયો. તેમાં વિવિધ મહંતો-મંડલેશ્વરોએ વહાવેલી સ્વામીશ્રીની ગુણગંગામાં સ્નાન કરવા, દિવસે દિવસે ભાવિકોની સંખ્યા સુદ પક્ષના ચંદ્રની જેમ વધતી ગઈ.

## નાણું મળે પણ ટાણું ન મળે

જન્મજયંતી નિમિત્તે એકત્રિત થયેલા ભક્તસમૂહને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ પણ તા. ૨૧/૧૧ની રાત્રિસભામાં જણાવ્યું કે –

''કરોડ કામ બગાડીને મોક્ષ સુધારવો. કરોડને બદલે એક કામ બગાડવા તૈયાર ન હોય તો પછી મોક્ષની ક્યાં વાત રહી? કોઈનાં કામ બગડતાં નથી. એની રીતે ચાલ્યાં કરે છે. ઊલટું, ભગવાન તેની રક્ષા કરે છે. નાણું મળે પણ ટાણું ન મળે. માન મૂકે ત્યારે સત્સંગ થાય. માન હોય તો પાછળથી ધૂળ ચાટવા જેવું થાય.

એક ગામ હતું. મુસલમાન જમાદાર હતા. શેરડીના પાકનો સમય હતો. શેરડી તૈયાર થઈ ગયેલી. તે ગામની અંદર એવો રિવાજ કે શેરડી તૈયાર થાય એટલે ખેડૂત પોતે ગામના જે મોટા મોટા માણસો – જમાદાર, સરપંચ, મોટા પટેલ કહેવાતા હોય, તેવા માણસોને પોતાની વાડી ઉપર શેરડી ખાવા માટે બોલાવે અને શેરડી ખાતાં ખાતાં વાતો કરી આનંદ કરે. એમ પાર્ટી ગોઠવે.

તે પ્રમાણે એ ખેડૂતને શેરડીનો વાઢ તૈયાર થયો એટલે તેણે વાડી ઉપર પાર્ટી ગોઠવી ને બધા મોટા મોટા માણસોને આમંત્રણ આપ્યું. પરંતુ જમાદારના મનમાં માન હતું. તેમણે વિચાર કર્યો કે 'હું આખા ગામનો જમાદાર અને આ સામાન્ય ખેડૂતને ત્યાં શેરડી ખાવા જઉં?' એમ માન લાવીને ન ગયા. ખેડૂતે

ફરી વાડી ઉપર આવવા આગ્રહ કર્યો પણ માન હતું એટલે તે ન ગયા.

થોડો સમય ગયો એટલે શેરડીમાંથી ગોળ બનાવવાનો સમય આવી ગયો ને ગોળ તૈયાર કરતા હતા ત્યારે પટેલે ફરી બધાને આમંત્રણ આપ્યું ને તાજો તાજો ગોળ જમવા માટે બોલાવ્યા. બધા આવી ગયા. આ વખતે પણ જમાદારને આમંત્રણ આપેલું પણ માનમાં ને માનમાં તે ન ગયા. પછી તો બધું પતી ગયું. ગોળ પણ ઘેર પહોંચી ગયો ને શેરડીનાં ખેતર ખાલી થઈ ગયાં.

જમાદાર એક દિવસ સવારે જંગલ જવા માટે નીકળ્યા. રસ્તામાં પેલી વાડી આવી અને ખેતર પણ જોયું. પછી વિચાર કરે કે 'શેરડી સારી હોય છે. ગોળ કેવો હશે?' એમ વિચાર થયો એટલે ખેતરમાં શેરડી કાપી લીધા પછી જમીનમાં શેરડીનો નીચેનો ભાગ ભોથાં રહેલાં તે ભોથાં નીચા વળીને ચાટવા માંડ્યાં. એમાં સ્વાદ ક્યાંથી આવે? ધૂળ જ મોઢામાં આવે.

આ જ વખતે પટેલે જમાદારને ભોથાં ચાટતાં જોયા, એટલે કહ્યું : 'હવે ભોથાં ચાટ્યે શું મળવાનું છે? ભોથામાં ધૂળ છે તો ધૂળ ચાટો.'

પછી જમાદાર તો શરમાઈને ત્યાંથી ઘેર જતા રહ્યા. માનમાં ને માનમાં લાભ લેવાનો હતો તે રહી ગયો.

...માટે આ લોકના મનસૂબા મૂકવા ને પરલોકના મનસૂબા કરવા. ભગવાન ભજવાનું ટાણું આવ્યું છે. અત્યારે મોટરો, ગાડીઓ બધી સગવડ છે. પહેલાં તો મહારાજના વખતમાં હરિભક્તો સમાગમ કરવા માટે ચાલતાં-અથડાતાં જતા હતા. આવો ખપ હતો! અત્યારે તો રહેવા, ખાવા-પીવાની બધી જ જાતની સારી સગવડ છે, છતાં જીવની અવળાઈ મટતી જ નથી."

## એ લાકડું ફેંકી દેજો

ગુરુપદે બિરાજ્યા પછીની સ્વામીશ્રીની પ્રથમ જન્મજયંતીમાં હાજર રહેવાના ઉમંગ સાથે મુંબઈના ત્રણ યુવકો આવેલા. તેઓનો ઉતારો સ્વામીશ્રીના નિવાસસ્થાનની નજીકમાં જ હતો. તેથી આ યુવકોના મનમાં વિચાર ઝબક્યો કે 'સ્વામીશ્રીએ કરેલા દાતણની ચીરી આપણે પ્રસાદી તરીકે લેવી.'

આ મનસૂબા સાથે એક દિવસની સવારે તેઓ ટાંપીને બેઠેલા. એ સવારે રોજના ક્રમ મુજબ સ્વામીશ્રી જાગ્યા અને દાતણ-પાણી કરવા બેઠા.

પરંતુ તેઓને ક્ષણેક્ષણનો કસ કાઢવા જોઈએ. તેથી સવારે દાતણ કરતી વખતે પણ પત્ર-પરિચારકની સેવામાં જોડાયેલા ડૉક્ટર સ્વામીને સાથે બેસાડે.

તેઓ એક પછી એક પત્રો વાંચતા જાય. સ્વામીશ્રી તેના જવાબ આપતા જાય. સવારના પહોરમાં ઊઠતાંવેંત, ભક્તોની ભીડ ભાંગવાની આવી ખેવના-ભાવના અન્ય કોણે રાખી હશે? પણ આ મુજબ દંતધાવનની વિધિમાં પરોવાયેલા સ્વામીશ્રી થોડી વારે ઊલ ઉતારી સ્નાનવિધિ માટે પધાર્યા.

જેવા તેઓ ઊભા થયા અને સેવક બધું આટોપવા આવે તે પહેલાં તો પેલા ચકોર યુવકો આવી ગયા. તેઓએ પ્રાસાદિક દાતણની ચીરીઓ સેવક ઉપાડે તે પહેલાં પોતે લઈ લીધી. એક અમૂલ્ય જણસ હાથ લાગ્યાનો આનંદ તેઓનાં મોં પર ઝળકી રહ્યો...

પણ આ આનંદ અલ્પજીવી નીવડ્યો. પ્રસાદીનું દાતણ મળવાની વાત એ યુવકો દ્વારા કો'કને કહેવાઈ અને તે ઊડતી-ઊડતી પહોંચી સ્વામીશ્રીના કાને.

તેથી તેઓએ તરત જ એ યુવકોને બોલાવી કહ્યું: 'તમે જે લાકડું લીધું છે તે ફેંકી દેજો.'

સ્વામીશ્રીએ પોતે વાપરેલા દાતણ માટે પ્રયોજેલો 'લાકડું' એવો ઊણો-ઊતરતો શબ્દપ્રયોગ જ તેઓના અણગમાને ઉઘાડો કરી રહેલો. પણ યુવકો શબ્દાર્થ ન સમજ્યા એટલે તેઓએ સ્પષ્ટતાથી કહ્યું કે 'તમે દાતણની જે ચીરી લીધી છે તે ફેંકી દેજો.'

સ્વામીશ્રીની આ આજ્ઞા થતાં યુવકોના હાથમાંથી 'પ્રસાદી' ચાલી ગઈ, પણ તેઓનાં હૈયાંમાં સ્વામીશ્રીની અહંશૂન્યતા અને દાસભાવ સજ્જડ રીતે ચોંટી ગયાં!

## સેવાની સોનેરી સવાર

શ્રીજીમહારાજ જ્યારે બુધેજ જતા હતા ત્યારે તેઓએ ધર્મજના પાદરમાં આવેલી આંબા તલાવડીના કિનારે આરામ કરેલો. આ શ્રીજીચરિત્રને ચિરંતન કરવા સ્વામીશ્રીએ તા. ૨૪/૧૧ની સવારે સાત વાગ્યે નિર્માણાધીન છત્રીનું ખાતમુહૂર્ત કર્યું. ત્યારબાદ વડદલા, વીરસદ થઈને સભામાં પધારેલા તેઓના વરદહસ્તે 'ગુણાતીતાનંદ સ્વામીના વિસ્તૃત જીવનચરિત્ર'નું ઉદ્ઘાટન થયું.

આમ, નવાં નવાં પ્રકલ્પ, પ્રકાશન અને પ્રવચનોના સંગે જન્મજયંતી મહોત્સવના દિવસો વીતતા ગયા અને તા. ૨૬/૧૧ની સવાર આવી પહોંચી.

ઉત્સવના કળશ-કલગી સમા આ દિવસની પ્રતીક્ષા સૌને હતી. ગુરુપદે આરૂઢ થયા બાદ આજે સ્વામીશ્રીની પ્રથમ જન્મજયંતી ઉજવાવાની હતી. સૌ

આ ઇતિહાસના સાક્ષી બનવા તલપાપડ હોવાથી સમય કરતાં વહેલા ચાલી રહેલા. દેહક્રિયા પણ ઉતાવળે જ આટોપતા હતા. તેથી દાતણની એઠી ચીરીઓ પણ અહીં-તહીં ફેંકીને સ્નાનાદિક માટે પ્રયાણ કરી ગયેલા.

જ્યારે સ્વામીશ્રી નિયત સમય મુજબ જાગીને દેહક્રિયામાં પરોવાયા ત્યારે પેલી વીખરાયેલી એઠી ચીરીઓ તેઓની નજરે ચઢી. તે જોઈ તરત જ તેઓ ઊલ ઉતારેલી એ ચીરીઓ પોતાના હાથે ઉપાડીને ખૂણામાં પડેલી કચરાપેટીમાં નાંખી આવ્યા. સેવક હજી તો સ્વામીશ્રીને વારવા જાય તે પહેલાં તો 'સ્વામી'એ સેવકધર્મ બજાવી દીધો! તે જોઈ સેવકોએ કહ્યું પણ ખરું કે 'આજે તો આપનો જન્મદિવસ કહેવાય. આ દિવસે આવું કામ ન થાય.'

ત્યારે સ્વામીશ્રી સહજભાવે બોલ્યા: 'આપણે તો સેવા કરીએ એ જ જન્મદિવસ ઊજવ્યો ગણાય.'

જન્મજયંતીએ સન્માનની નહીં, પણ સેવાની સોનેરી સવાર ઊગી નીકળી!

આગળ જતાં જે જન્મજયંતી સમારંભોમાં બબ્બે – ત્રણ-ત્રણ લાખ માણસો ઊમટતા, દોઢસોથી વધુ દેશોમાં જેનું જીવંત પ્રસારણ થતું, લાખ-લાખ દીવડાઓની આરતીથી જે સમારંભો સંપન્ન થતા, એવા દુનિયાને દંગ કરનારા, અદેખાના મોંમાંથી પણ 'વાહ'ના ઉદ્ગારો બોલાવનારા આવા સમારંભોનો શુભારંભ આવી સેવાથી થયો છે તે કોણ માની શકશે!

'उष्णत्वमग्न्यातपसंप्रयोगाच्छैत्यं हि यत्सा प्रकृतिर्जलस्य।'[૧૬] – શીતળતા એ પાણીનો સ્વાભાવિક ગુણ છે; અગ્નિના સંયોગે તે ગરમ થાય પણ અંતે ઠંડું પડ્યા વિના રહે નહીં. તેમ સેવા અને અહંશૂન્યતા એ સ્વામીશ્રીના સ્વાભાવિક ગુણો હતા. સન્માનના અવસરે તેઓને ઊંચા આસને બેસવું પડતું, પણ અંતે તો તેઓ સેવકના સ્થાને આવ્યા વિના રહી શકતા જ નહીં.

તેઓની આ જન્મજયંતીમાં આંખોને આંજી નાંખનારી કોઈ ભવ્યતા નહોતી, છતાં સ્વામીશ્રીની સેવાભાવના અને નમ્રતાએ આ જન્મજયંતીને ભપકાદાર સમારંભો પર સરસાઈ ભોગવે તે રીતે યાદગાર બનાવી દીધી!

## જાણે જન્મજયંતી ઊજવાઈ જ નથી!

જન્મજયંતીના શુભ દિવસે સૌની વિનંતી સ્વીકારીને સ્વામીશ્રીએ 'પ્રકાશ'માં છાપવા માટે એક આશીર્વાદ-પત્ર લખી મોકલ્યો. તેમાં તેઓએ

---

૧૬. रघुवंशम् – ૫/૫૪.

જણાવ્યું કે –

*શ્રીજીમહારાજે ‘ધર્મસ્ત્યાજ્યો ન ...’[૧૭] એ શ્લોકમાં પોતાનો સિદ્ધાંત કહેલ છે. માટે તે સિદ્ધાંત જીવમાં ઉતારી મહારાજને રાજી કરવા તાન રાખવું. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ, પૂજ્ય યોગીજી મહારાજ આપણને મળ્યા છે. માટે આપણાં ભાગ્યનો પાર નથી.*

આમ, જન્મજયંતીની સવારે સ્વામીશ્રી તો ગુરુજનોમાં જ રાચી રહેલા. આ ભાવમાં નિમગ્ન રહીને તેઓએ બાર પાર્ષદોને ભાગવતી દીક્ષા આપી.

આજે એકાવન પ્રકારની મીઠાઈઓનો અન્નકૂટ ઠાકોરજી સમક્ષ ગોઠવવામાં આવેલો. સ્વામીશ્રીનું સ્તવન કરતા એકાવન શ્લોકોની ‘સુવર્ણ-માલિકા’ પુસ્તિકા પણ સ્વામીશ્રીને અર્પણ કરવામાં આવી. જન્મદિનનું શુભેચ્છા-પત્ર મહંત સ્વામીએ ભેટ ધર્યું. સંતો-ભક્તોએ આરોપેલા હારતોરાથી સ્વામીશ્રીનો કંઠ ભરાઈ ગયો. સમૂહ આરતીનો પ્રકાશ પણ પ્રસરી રહ્યો. આવું વિધવિધ અભિવાદન બપોરે સાડા બાર વાગ્યા સુધી સ્વામીશ્રી પર વરસતું રહ્યું.[૧૮]

જન્મોત્સવની આવી ઉજવણી બાદ તેઓ ધર્મજથી બોચાસણ, દાવોલ થઈને રાત્રે સાડા આઠ વાગ્યે ભૂમેલ પધાર્યા. અહીં ભાવિકો સમી સાંજના પાંચ વાગ્યાથી તેઓની પ્રતીક્ષા કરી રહેલા. સ્વામીશ્રી પધારતાં જ નગરયાત્રા યોજાઈ. ત્યારબાદ સભામાં આશીર્વચનોનો લાભ આપીને સ્વામીશ્રી રાત્રે સાડા દસ વાગ્યે પધરામણીઓ કરવા નીકળ્યા !

ગમે તેટલો વિલંબ થયો હોય તોય તેઓ ભક્તોએ ગોઠવેલા કાર્યક્રમમાં ભાગ્યે જ કાપ મૂકતા. તેઓ કાપ મૂકતાં પોતાના આરામ કે ભોજન પર, પણ હરિભક્ત કચવાય નહીં તેનો પૂરો ખ્યાલ રાખતા. તેથી અહીં સ્વામીશ્રી રાત્રે સાડા આઠ વાગ્યે પધાર્યા તોય તેઓએ પધરામણીનું આયોજન યથાવત્ જ રાખ્યું અને તે મુજબ સાડા દસ વાગ્યે શરૂ થયેલી આ પધરામણીઓ પૂર્ણ કરીને તેઓ દાવોલ મુકામે આરામમાં પધાર્યા ત્યારે રાત્રિના બાર વાગી ચૂકેલા.

---

૧૭. શ્રીસત્સઙ્ગિજીવનમ્ – ૫/૫૫/૨૮.

૧૮. ધર્મજમાં ઊજવાયેલી સ્વામીશ્રીની ૫૧મી જન્મજયંતીના આ દિવ્ય પ્રસંગને નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વિડિયોને માણો.

જન્મજયંતીના સપરમા દા'ડે પણ તેઓ ચાર ગામ ખૂંદી વળ્યા. તેઓના જીવનસંગાથી સમા સેવા અને પધરામણીઓ આ દિવસેય સવારથી રાત સુધી તેઓની સાથે જ રહ્યા! જાણે જન્મજયંતી ઊજવાઈ જ નથી એ રીતે સ્વામીશ્રીએ જન્મજયંતી દિન પૂર્ણ કર્યો.

## પીવત પ્રેમ પિયાલા

દાવોલમાં ત્રણ દિવસના પારાયણ માટે વિશાળ સભામંડપ તૈયાર કરવામાં આવેલો. સવાર, સાંજ અને રાત્રિ – એમ ત્રણ સત્રમાં થતા આ પારાયણના બીજા દિવસે રવિવાર અને મોક્ષદા એકાદશીનો સંગમ થયેલો. તેથી આજુબાજુનાં ગામોમાંથી ઘણા હરિભક્તો જ્ઞાનયજ્ઞનો લાભ લેવા આવેલા. તે સૌને કથામૃત પીરસી પધરામણીઓ કરવા નીકળેલા સ્વામીશ્રીએ નિર્જળા ઉપવાસના એ દિવસે સો ઉપરાંત પધરામણીઓ કરી! શારીરિક સ્વાસ્થ્ય સારું હતું ત્યાં સુધી તેઓ શ્રીજીમહારાજની આજ્ઞા અનુસાર નિર્જળા એકાદશીના દિવસે બપોરે ક્યારેય આરામ કરતા નહીં. તેથી સો પધરામણીઓના થાક પછી પણ તેઓએ આડે-પડખે ન થતાં, બપોર આખી કામકાજમાં વિતાવી. આ ઉપવાસને હજી વધુ કચરવો હોય તેમ, સ્વામીશ્રી આજની સાંજે સૈજપુરમાં નગરયાત્રા, સભા અને પધરામણીઓનો લાભ આપી આવ્યા.

પાણીનું ટીપું પણ મોંમાં મૂક્યા સિવાય તેઓએ આજે ખૂબ પરિશ્રમ વેઠ્યો હતો. છતાં તેઓના મુખારવિંદ પરની તાજગી લેશ કરમાઈ નહોતી. તે જોઈ સૌને સ્વામીશ્રી *'પીવત પ્રેમ પિયાલા અવધૂત... ચકનાચૂર રહત નિત્ય છાકે, ગગન મગન મતવાલા...'* સમા સંત લાગ્યા. ભગવાનના સુખમાં અખંડ રમમાણ તેઓના આનંદમાં ખાન-પાનનો અભાવ કોઈ ઓટ લાવી શકતો નહોતો.

## તેહી સમ ઔર ન કોઈ

દાવોલમાં પારાયણની પૂર્ણાહુતિ બાદ સ્વામીશ્રીએ તા. ૩૦/૧૧ના રોજ બોરિયાના નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કર્યા. અહીંથી તેઓ બોરસદ, નાપા, વિદ્યાનગર, આણંદ થઈને તા. ૧/૧૨ની બપોરે અમદાવાદ પધાર્યા.

અત્રે ભોજન ગ્રહણ કર્યા બાદ સ્વામીશ્રીને કાળી ગામે પહોંચવાનું હતું

ત્યાં પ્રતિષ્ઠા મહોત્સવના કાર્યક્રમો આજે સાંજથી જ શરૂ થવાના હતા. તેથી સેવકો સ્વામીશ્રી વહેલા આરામમાં જાય તે ગણતરી મુજબ તૈયારીઓ કરી રહેલા. પણ ત્યાં જ એક સજ્જને આવીને સ્વામીશ્રી સમક્ષ પધરામણીનો પ્રસ્તાવ મૂક્યો. તે કરવામાં સ્વામીશ્રીના આરામનો ખુરદો બોલી જાય તેમ હોવાથી સેવકો પધરામણી મુલતવી રાખવાનું કહેવા હજી વિચાર કરે, ત્યાં જ સ્વામીશ્રી માથે પાઘ મૂકી પધરામણી માટે તૈયાર થઈ ગયા. તેઓએ આરામને કચડીને પણ એક મુમુક્ષુના હૈયાની કાળજી લીધી.

જનકલ્યાણની આવી ભાવના સાથે વિચરતા તેઓ, સાંજે મૂર્તિઓની નગરયાત્રા નીકળવાના સમયે કાળી ગામે પણ પધારી ગયા. અહીં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓ અને સ્વામીશ્રીની એક સાથે જ નગરયાત્રા નીકળી. આ શોભાયાત્રા આખા ગામમાં ફરીને નવનિર્મિત મંદિરના પ્રાંગણમાં સભારૂપે ફેરવાઈ ગઈ. તે સભા બાદ સ્વામીશ્રી રામજી મંદિરમાં પધાર્યા, કારણ કે તેઓનો ઉતારો અહીં રાખેલો. ત્યાં નિત્યકર્મથી પરવારીને સ્વામીશ્રી ગામની શાળામાં પધાર્યા, કારણ કે ઠાકોરજી જમાડવાનું આયોજન અહીં હતું.

ક્યારેક સગવડના અભાવે તો ક્યારેક લાભના લોભે સ્વામીશ્રીનાં સ્થળો આમથી તેમ ફરતાં રહેતાં. સભા એક ઠેકાણે હોય, ઉતારો બીજે ઠેકાણે અને જમવાનું ત્રીજે! છતાં તેઓ લેશ કચવાટ વિના જે વ્યવસ્થા હોય તેમાં ભળી જતા.

તેઓની આવી ઉમદા વૃત્તિનું દર્શન પ્રતિષ્ઠાના દિવસે પણ થયું.

તા. ૨/૧૨ના એ દિવસે પ્રતિષ્ઠાની સાથે સાથે ૫૦ પધરામણીઓ પણ ગોઠવાયેલી. વળી, આગામી કાર્યક્રમ ઘડાઈ ચૂક્યો હોવાથી, આ બંને પ્રસંગો સાંજે પાંચ વાગ્યા સુધીમાં આટોપીને સ્વામીશ્રીને અમદાવાદ તરફ નીકળી જવાનું હતું. તેઓને કાયમ આમ સમયની કટોકટીમાં જ કામ કરવાનાં આવતાં, કારણ કે દરેક સ્થાનમાં, દરેક પ્રસંગે, દરેક વ્યક્તિને તેઓની જ તાણ રહેતી. છતાં ડાયરીઓમાં કામની નોંધો ટપકાવ્યાં વિના, કોઈ સચિવ કે કચેરી વિના, કોઈ વ્યક્તિગત વાહન કે ફોન વગેરે યંત્ર વિના તેઓ સઘળે પહોંચી વળતા. 'કેવી રીતે?' – આ કોયડો કાયમનો રહ્યો છે!

કાળી ગામમાં પણ આજે પ્રતિષ્ઠા અને પધરામણીના સકંજામાં આવી ગયેલા સમયને સ્વામીશ્રીએ સાચવી લીધો. તેઓએ એવો તોડ કાઢ્યો કે 'પ્રતિષ્ઠા પહેલાં વીસ પધરામણીઓ કરવી અને પ્રતિષ્ઠા પછી ત્રીસ

પધરામણીઓ.' પરંતુ સ્વામીશ્રીએ શોધેલા ઉપાયમાં, ભાર તો તેઓની કેડ પર જ આવવાનો હતો. છતાં આ આયોજન મુજબ પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રી ઘરોઘર ઘૂમવા લાગ્યા અને સાડા દસ વાગ્યા સુધીમાં વીસ પધરામણીઓ પૂરી કરી સીધા જ પ્રતિષ્ઠાવિધિમાં પધાર્યા. પ્રતિષ્ઠા બાદ સભામાં ગ્રામજનોને દર્શન-આશીર્વાદ આપી તેઓએ બાકીની ત્રીસ પધરામણીઓ પૂરી કરી!

આમ, પરિશ્રમનાં પાણી વડે 'કાળી'ને ઊજળી બનાવી સ્વામીશ્રી સાંજે સાબરમતી પધાર્યા ત્યારે ત્યાં પંદર પધરામણીઓ પ્રતીક્ષામાં ઊભેલી! તેને સંતોષ આપીને રાત્રે સાડા નવ વાગ્યે અમદાવાદ પહોંચ્યા ત્યારે ત્યાં સભા વાટ જોઈ રહેલી! એ સભામાં સાડા અગિયાર વાગ્યા સુધી બિરાજીને સ્વામીશ્રીએ સૌને રાજી કર્યા.

આમ, વહેલી સવારથી મોડી રાત સુધીના તેઓના દિવસમાં જ્યારે હાંફવાનો વખત રહેતો નહીં ત્યારે વર્ષોનાં વર્ષો સુધી તેઓએ કરેલાં આવાં સખત - સતત વિચરણની કલ્પના પણ રૂંવાડાં ખડાં કરી દે તેવી છે! ખરેખર, સ્વામીશ્રી *'તેહી સમ ઔર ન કોઈ...'* જેવા સંત હતા.

## ઉત્કંઠા, ઉલ્લાસ અને ઉજાશની ત્રિવેણી

અમદાવાદથી તા. ૩/૧૨ની સવારે નીકળેલા સ્વામીશ્રીની પધરામણી રાજપુર ગામના પાદરે થઈ ત્યારે ત્યાં એકત્રિત થયેલા ગામવાસીઓએ થોકબંધ હારતોરા અને જયનાદોથી તેઓને સત્કાર્યા. નિશાન-ડંકા, ઊંટ પર ઢોલ-ત્રાંસાં, ઘોડેસવારો, બેન્ડ-વાજાં, ભજન-મંડળીઓ, પગપાળા હરિભક્તો વગેરેનો સાજ, શણગારેલી ટ્રકમાં બિરાજમાન સ્વામીશ્રીની અગુઆની કરી રહેલો. ગામના રસ્તે-રસ્તે કમાનો અને કાગળનાં તોરણો સત્કારમાં ઝૂલી રહેલાં. જ્યાંથી નગરયાત્રા પસાર થવાની હોય ત્યાં ઉત્કંઠા, જ્યાંથી નગરયાત્રા પસાર થઈ રહી હોય ત્યાં ઉલ્લાસ અને જ્યાંથી નગરયાત્રા પસાર થઈ ગઈ હોય ત્યાં ઉજાશ – આમ ઉત્કંઠા, ઉલ્લાસ અને ઉજાશની ત્રિવેણીમાં આખું ગામ ઝબકોળાઈ રહ્યું. ગામની ગલી-ગલી આ અનુભવમાંથી પસાર થઈ ત્યાં સુધી શોભાયાત્રા ચાલી. અંતે તે 'યોગીજી મહારાજ સાર્વજનિક હાઈસ્કૂલ'ના વિશાળ પ્રાંગણમાં વિરમી.

અહીં સ્વામીશ્રીના વરદહસ્તે આ વિદ્યામંદિરનું ઉદ્‌ઘાટન થયું ત્યારે ઉપસ્થિત મેદનીએ હર્ષનાદથી એ ધન્ય ઘડીને વધાવી લીધી. એ જ નાદ-

નિનાદની સંગતમાં સ્વામીશ્રીએ યોગીજી મહારાજની વિરાટ પ્રતિમાનું પૂજન પણ કર્યું. આ દબદબાભર્યા ઉદ્‌ઘાટન-સમારંભ બાદ, ત્રિદિવસીય પારાયણનો પ્રારંભ થયો. તેની સાથે સ્વામીશ્રીએ સવાસોથી વધુ ઘરોને પણ પાવન કર્યાં.

રાજપુરથી વિદાય થયેલા સ્વામીશ્રી, તા. ૬/૧૨ના દિવસે સુજાણપુરમાં મંદિરનું ખાતમુહૂર્ત કરીને સિદ્ધપુર, ઊંઝા, મહેસાણા, કલોલ, અમદાવાદને લાભ આપતાં ખાત્રજ પધાર્યા. અહીં શ્રીજીમહારાજના પ્રાસાદિક સ્થાન પર ઓટાનું ખાતમુહૂર્ત અને ૩૫ પધરામણીઓ કરી, તેઓ મહેમદાવાદ, ભાલિયાપુરા (યોગીપુરા), સાંખેજ, સમાદરા થઈને ડુંગરીટીંબા લાટમાં આવ્યા.

અત્રે તા. ૧૨/૧૨ની સવારે તેઓએ એક હરિભક્તના કૂવાકાંઠે દસથી સાડા બાર વાગ્યા સુધી રવિસભા કરી! ગામોગામ અઠવાડિક સભાના પ્રેરક સ્વામીશ્રી સંખ્યા, સ્થળ, સમય વગેરે પરિબળોથી નિરપેક્ષ રહીને ગુરુનું આ વચન પાળી લેતા.

ડુંગરીટીંબાથી તેઓ માતર, બોચાસણ, અટલાદરા, વાસદને પાવન કરતાં, તા. ૧૪/૧૨ની રાત્રે આઠ વાગ્યે હાડેવા પહોંચ્યા. દરેક ગામની જેમ અહીં પણ પધરામણીની પરંપરા ચાલી. તે વખતે ઘરોઘર પધરામણી કરતાં સ્વામીશ્રીનાં દીદાર ગામના એક મુસ્લિમ બિરાદરને થતાં તેની નિગાહ સ્વામીશ્રીમાં ચોંટી ગઈ. તેના દિલમાં અરમાન જાગ્યા કે 'આ ફકીરનાં પાક કદમો મારા દર(ઘર) પર લાવું.'

તેણે સ્વામીશ્રી પાસે આવી અરજ ગુજારી. સ્વામીશ્રી પણ તેનો ભાવ જોઈ એ મુસ્લિમ બિરાદરના ઘેર ગયા. આ પાક ઇન્સાનને તો પધરામણીમાં શું કરવું તેનો કોઈ જ ખ્યાલ નહીં! તેથી સ્વામીશ્રીએ જ તેને બધું શીખવાડ્યું. તેઓ કહેતા ગયા તેમ તે મુસ્લિમ કરતો ગયો. છેલ્લે સ્વામીશ્રી પાસે એ બંદાએ રહેમ નજરની દુઆ માંગી. તે આપી સ્વામીશ્રી વિદાય થયા ત્યારે એ બિરાદરની આંખો સ્વામીશ્રીની મહેરથી ભીની થઈને તગતગી રહેલી.

## સોળ સવારનું સરવૈયું

હાડેવામાં બપોરે એક વાગ્યે ઠાકોરજી જમાડી, સ્વામીશ્રી વીરોજા, સાયલા, પૂનાજ થઈને ત્રાજ પધાર્યા. તેઓએ જે વર્ષે ધર્મધુરા ધારી તે સન ૧૯૭૧ના વર્ષને આથમવાને હવે સોળ સવાર ઊગવાની બાકી હતી; પણ આ સોળ સવાર સ્વામીશ્રીના સ્વરૂપનો નવો ઉઘાડ આપનારી બની રહી.

તા. ૧૬/૧૨ના રોજ ત્રાજમાં સત્તાવીસ અને માતરમાં બે પધરામણીઓ કરીને સોખડા પધારેલા સ્વામીશ્રી, તા. ૧૭/૧૨ના દિવસે ખેડા થઈને સાંજે સવા છ વાગ્યે ડભોઈ પહોંચ્યા. અહીં તા. ૧૮/૧૨ના રોજ તેઓએ છેલ્લા ત્રણ દિવસથી ચાલતા પારાયણની પૂર્ણાહુતિ કરી એ એક જ દિવસમાં ૧૦૨ પધરામણીઓ દ્વારા આખું ગામ ધમરોળ્યું !

તા. ૧૯/૧૨ના રોજ મલાતજમાં ૪૫ પધરામણીઓ કરીને સંજાયા ગામે પહોંચેલા સ્વામીશ્રી, અહીં તા. ૨૦/૧૨ના દિવસે પચીસ પધરામણીનો લાભ આપી ઉત્તરસંડા પધાર્યા. અત્રે સેંકડોનું સ્વાગત ઝીલીને તેઓએ યુવક મંડળની સ્થાપના સાથે તા. ૨૧/૧૨ના રોજ ૯૮ પધરામણીઓ કરી.

તા. ૨૨/૧૨ના દિવસે ચકલાસીમાં ૫૦ પધરામણીઓ કરીને નીકળેલા સ્વામીશ્રી ભૂમેલનો મેલ ધોઈને બોરીઆવી આવી પહોંચ્યા.

અત્રે તા. ૨૩/૧૨ના રોજ ૩૫ ઘરને પાવન કરી અડાસ આવ્યા. અહીં તા. ૨૪/૧૨ના દિવસે ૮૨ પધરામણીઓ કરીને પામોલ પધાર્યા. આ ગામમાં તા. ૨૫/૧૨ના રોજ ૫૦ પધરામણીઓનો લાભ આપી દેહમી, સિંગલાવ થઈને નાપાડ મુકામે આવી ગયા.

અત્રે તા. ૨૬/૧૨ થી ૨૯/૧૨ દરમ્યાન 'સત્સંગિજીવન'ની કથાની સાથે સાથે, ચાર દિવસમાં ૧૫૧ પધરામણીઓનો ચાંદલો સ્વામીશ્રીના ભાલમાં ચોંટ્યો. તેમાં તા. ૨૮/૧૨ના રોજ નાવલીની ૨૪, ખડોલીની ૧૬, હળધરીની ૬ અને આસોદરની ૧ પધરામણી ઉમેરો તો આ ચાર દિવસનો પધરામણી-આંક ૧૯૮ના પૂર્ણાંક પર પહોંચે !

નાપાડથી વાંસખીલિયા થઈને આશી-આણંદને લાભ આપતાં, સ્વામીશ્રી તા. ૩૧/૧૨ની સવારે ગુણાતીત દીક્ષાતિથિ નિમિત્તે 'પાથેય પર્વ'નો લાભ આપવા ડભાણ પહોંચ્યા. અહીં ત્રણ હજાર હરિભક્તોના ડાબરામાં સ્મૃતિનાં ભાથાં ભરીને, તેઓ નડિયાદમાં પંદર, વાસદમાં ત્રણ અને કોયલીમાં વીસ પધરામણીઓ કરતાં તા. ૩૧/૧૨ની રાત્રે પોણા બાર વાગ્યે અટલાદરામાં પોઢવા પધાર્યા, ત્યારે છેલ્લા સોળ દિવસમાં ૨૯ ગામોનું વિચરણ કરતાં સ્વામીશ્રી ૭૦૦ જેટલી પધરામણીઓ કરી ચૂકેલા !

દેવોનું ટાણું સાચવવા દધીચિને તો એક વાર અસ્થિ આપીને છૂટકો થઈ ગયેલો, પણ આ સોળ સવારનું સરવૈયું સમજાવે છે કે સ્વામીશ્રીને તો રોજેરોજ આમ ને આમ હાડ ગળી જાય એવી હાડમારીઓ વેઠવાની રહેતી.

આ બાબતે, પ્રાચીનથી અર્વાચીન કાળ સુધી તેઓ જેવા કોઈ ઋષિ પાક્યા નથી – એમ કહેવામાં ખોટા પડવાનો ડર રાખવા જેવો નથી.

સ્વામીશ્રીએ ધર્મધુરા ધારીને પ્રવચનો-પારાયણો દ્વારા કેવળ સભાઓ જ ગજવવાનું પસંદ ન કરતાં, પ્રવાસ-પધરામણીઓ કરીને જન-મન જગાવવાનું પણ પસંદ કરેલું. તેઓએ ધર્મધુરા ધારીને મહેલ-મંદિરનાં ગાદી-તકિયે કે પાટ-ખાટ પર બેસીને પૂજાવાનું પસંદ ન કરતાં, જન-જનનાં ખોરડાં-ખેતરમાં પહોંચીને પામરને પરમ સુધી પહોંચાડવાનું પસંદ કરેલું.

તેઓએ ઘેર-ઘેર જઈ સૌની વેદના-સંવેદના વાંચી, તેઓનાં કક્ષા-નકશા સમજ્યા અને પ્રીતની રીત એવી અપનાવી કે આ અમૃતધારાનું આચમન કરનારને લાગ્યું: "યોગીજી મહારાજ ગયા જ નથી... સંસ્કૃતિનો મોભ તૂટ્યો જ નથી... સત્સંગ સુકાયો જ નથી..."

સ્વામીશ્રીએ ગુરુપદે બિરાજ્યાના એક જ વર્ષમાં જે કાર્ય કરી બતાવ્યું તે જોઈને એક લબ્ધપ્રતિષ્ઠ લેખકની[૧૯] કલમમાંથી અનુભૂતિ સરી પડી કે –

*'વિષ્ણુ, કૃષ્ણ કે રામને લોકોએ ઉદ્ધારક માન્યા પણ માનો કે એ કથા પૂરી નથી થઈ. એ તક આજે મોજૂદ છે. હજી તો એક જ વર્ષ વીત્યું છે. એ વર્ષ દરમ્યાન સંસ્થાની પ્રગતિના હિસાબ જોવાયા ત્યારે સૌ આશ્ચર્યમાં ડૂબી ગયા કે પ્રમુખસ્વામી પામ્યાથી સંસ્થા કેવી બડભાગી બની છે!*

*પાંચ હજાર કરતાં વધારે માણસો પ્રમુખસ્વામીને પોતાને ઘેર પધરામણીએ લઈ ગયા. તેઓ જ્યાં બોલાવે ત્યાં હોંશથી પધાર્યા અને જે પૂછે તેના ખુલાસા આપી શાંતિ કરી આપી. યુવકોના હાથ પોતાના હાથમાં લઈને અને એમનાં મોં ભગવાન તરફ વાળીને, નવી પેઢીને સદાચારને પંથે વાળી લેવા આ 'હરિનો લાલ' ગામડે ગામડે ફરી રહ્યો છે.*

*ગુજરાતનાં અહોભાગ્ય છે કે બહુ નમ્ર, સાદા, વિવેકી, સરળ હૃદયના, કાર્યકુશળ ને જ્ઞાની એવા પુરુષ એની અખંડ સેવા કરે છે. આ તો પહેલું પગલું છે. ત્યાં તો હરણફાળ જોઈને સૌ ઘણો હર્ષ પામ્યા છે અને એથી પ્રત્યેક પ્રણામમાં શ્રદ્ધા-ભક્તિનું પ્રમાણ વધતું જાય છે. અક્ષર-પુરુષોત્તમની ધજા ઊંચે ચઢે છે. એનો જય હો! જય હો પ્રમુખસ્વામીનો! જય હો પ્રગટ બ્રહ્મસ્વરૂપનો!'*

આમ, સૌનો જયકાર ઝીલતાં સ્વામીશ્રીનો ધર્મરથ આગળ વધી રહ્યો.

---

૧૯. શ્રી નાનુભાઈ દવે.



# પ્રમુખસ્વામીના પગલે પગલે

## સન ૧૯૭૨

### મેરુદંડ મુકાયો

ખુરશી પર બેઠાં બેઠાં સડસડાટ વાંચવું સહેલું છે, પરંતુ દોડતાં દોડતાં વાંચવું અઘરું છે. મેજ પર કાગળ રાખીને ધડધડાટ લખી નાંખવું સહેલું છે, પરંતુ ચાલતાં ચાલતાં લખવું અઘરું છે. એ જ રીતે શાંતિ અને સાનુકૂળતા હોય ત્યારે મૌલિક વિચારો સ્ફુરવા સહેલા છે, પરંતુ ભીડ, ઘોંઘાટ અને અવિરત અગવડના ત્રિભેટે ઊભા રહીને નવી દિશા ચીંધે તેવા આવિષ્કારો આપવા અઘરા છે.

જો કે સ્વામીશ્રીએ સન ૧૯૭૨ના પ્રારંભમાં આવું કરી બતાવ્યું. આ સમયે તેઓએ પોતાની દીર્ઘદૃષ્ટિથી, સંસ્થા અને સમાજના વિકાસમાં પાયાનો પથ્થર બની રહે તેવા એક આયોજનને આકાર આપતાં, દરેક યુવક મંડળનું સુવ્યવસ્થિત સંચાલન થાય તે માટે ચૌદ સભ્યોની એક કેન્દ્રીય સમિતિની રચના કરી. આ સમિતિને તેઓએ યુવક મંડળોમાં યુવક-પ્રવૃત્તિ સિવાય બાળ મંડળ, સ્વયંસેવક દળ, સંમેલન (અધિવેશનો અને શિબિરો), નિરીક્ષક દળ, પરીક્ષા (કિશોર કક્ષા અને કાર્યકર કક્ષા) અને પ્રકાશન – આ છ પ્રવૃત્તિઓ હાથ ધરવાનું સોંપ્યું.

યુવક મંડળોને મુખ્યત્વે ગુજરાત, ભારત, આફ્રિકા, ઈંગ્લૅન્ડ અને અમેરિકા – એમ પાંચ વિભાગોમાં વહેંચી દીધાં.

ગુજરાતમાં પણ સુરત, ભરૂચ, વડોદરા, ખેડા[૨૦], અમદાવાદ, સાબરકાંઠા, મહેસાણા અને બનાસકાંઠા, સુરેન્દ્રનગર, ભાવનગર અને અમરેલી, રાજકોટ અને જૂનાગઢ, જામનગર – એમ અગિયાર વિભાગો પાડ્યા. આ દરેક વિભાગોમાં એક-એક મુખ્ય નિરીક્ષક અને બીજા સહાયક નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવી, જે પોતાના વિભાગનાં મંડળોને નિયમિત માર્ગદર્શન આપતા રહે.

સન ૧૯૭૨ના જાન્યુઆરીથી જ દરેક નિરીક્ષક તેના પ્રત્યેક મંડળની મુલાકાત લઈને તે મંડળોનાં માહિતી-પત્રકો તૈયાર કરે, શક્ય હોય ત્યાં નવાં મંડળોની સ્થાપના પણ કરે તથા દરેક મંડળ મુંબઈ સ્થિત કાર્યાલયના પરિપત્રો મુજબ કાર્યક્રમને અનુસરે અને ત્રિ-માસિક પ્રગતિ-પત્રક તૈયાર કરીને કાર્યાલય પર મોકલે, તે કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી.

આમ, આ વર્ષના પ્રારંભથી સ્વામીશ્રીએ સંસ્થામાં 'કાર્યકર દળ'ના શ્રીગણેશ કરી દીધા. જાણે સંસ્થાનો મેરુદંડ મુકાઈ ગયો !

આજે સ્થાનિક કે સંસ્થાકીય ઉત્સવ-સમૈયાઓ, વ્યાપક સામાજિક સેવાઓ, અંતરિયાળ આદિવાસી ગામોથી માંડીને મેટ્રોપોલિટન શહેરો સુધી ધબકતી સત્સંગ પ્રવૃત્તિ, ધમધમતાં સંકુલો વગેરે દરેક સ્થળે કાર્યકરોનું યોગદાન નજર બહાર કરી શકાય એમ નથી. 'કાર્યકર દળ'ની આવી પ્રવૃત્તિના બીજારોપણ દ્વારા સ્વામીશ્રીએ નવા વર્ષે નવું કરી બતાવ્યું !

'કાર્યકર દળ'ની નિમણૂક કરવાની સાથે તેઓએ કાર્યકરોને કાર્યનો નકશો આંકી આપતાં આશીર્વાદ-પત્રમાં જણાવ્યું કે –

*'આ કાર્ય કેવળ બાપાને રાજી કરવા ને પોતાના આત્મશ્રેય માટે કરવું છે તેવો વિચાર રાખી કરશે તો કોઈ અભિમાન નહિ આવે. અને પોતાને લાભ થાય તેની સાથે કુટુંબને થશે, સમાજને અને દેશને પણ થશે.'*

## પ્રથમ પુણ્યતિથિએ પ્રેરક અંજલિ

સંસ્થા તથા સમાજને વિકાસલક્ષી આયોજનોની ભેટ આપતાં

---

૨૦. આ વિભાગને વિદ્યાનગર, બોચાસણ, નડિયાદ, બદલપુર ઉપવિભાગોમાં વહેંચેલો.

સ્વામીશ્રીના વિચરણનો દોર તો અતૂટપણે ચાલુ જ હતો. તે દોર પર સરકતાં સ્વામીશ્રી તા. ૧/૧ની સવારે વડોદરાથી સોખડા પહોંચ્યા.

અહીં ગામની શાળામાં તેઓનો ઉતારો રાખવામાં આવેલો. ગુરુપદે બિરાજ્યા પછી પણ સ્વામીશ્રીના ઉતારા હજીયે આવાં સાર્વજનિક સ્થળોમાં ગોઠવાતા. શાળાના સંકુલમાં રહેઠાણની સુવિધાઓ તો ક્યાંથી હોય? પણ સૌને કાં તો સગવડ નહોતી, કાં તો સૂઝ નહોતી અને સ્વામીશ્રીને પણ સુવિધાઓની કોઈ તમા નહોતી. તેથી તેઓ એ શાળામાં પણ શાંતિથી સૂતા.

બીજે દિવસે પ્રાતઃપૂજા બાદ પંદર પધરામણીઓ કરીને તેઓ સભામાં પધાર્યા ત્યારે સભામંડપમાં હજાર ઉપરાંત હરિભક્તો લાભ લેવા ઊમટી પડેલા. તળ સોખડા ગામમાં તો ગણ્યા-ગાંઠ્યા સત્સંગીઓ જ હતા, પણ સ્વામીશ્રીનું સત્ત્વ-તત્ત્વ એવું હતું કે સૌ દૂર-દૂરથી ખેંચાઈને આવતા. ન કોઈ ચોપાનિયાં વહેંચાયાં હોય કે ન જાહેરાત કરતાં વાહનો ફર્યાં હોય; ન તો છાપાંમાં જાહેરાતો છપાઈ હોય કે ન તો સભામાં આવવા લોભામણાં ઈજન અપાયાં હોય! છતાં સ્વયંભૂ રીતે જ માનવમેળો સ્વામીશ્રી હોય તે તરફ ધસી આવતો.

આ હકડેઠઠ સમુદાયને આશીર્વર્ષાથી ભીંજવતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે – 'ભગવાન તો મૂર્તિમાન જ છે તેમ માની ભક્તિ કરવી. તેજમાં તેજ મળ્યું એમ જે માને છે, તે એમ નથી પૂછતા કે તે તેજ આવ્યું ક્યાંથી? કેટલાક ભક્તિ કરતા હોય પણ તેમાં દેખાડવા માટે કરતા હોય છે. બહારથી જ આટાટોપ! દુકાનમાં જોઈએ તો બહારથી 'શૉ' કર્યો હોય, જેથી માણસો આકર્ષાય, વધુ છેતરાય. બધા પાપમાંથી મુક્ત થવા અહીં આવીએ છીએ અને અહીં આવ્યા પછી છળકપટ રાખીએ તો ક્યાંથી છુટાય? મનુષ્યો છેતરાય પણ ભગવાન છેતરાય તેવા નથી.'

આમ, સોખડામાં જ્ઞાનનાં સુખડાં આપીને સ્વામીશ્રી ટુંડજ, અંજેસર, આસોજ, સમા, રસૂલાબાદ થઈને ભીલુપુર પહોંચ્યા.

અહીં ભજન-કીર્તનના મહાવરાવાળા ઉદા ભક્તો, સ્વાગતયાત્રામાં ભજનોની રમઝટ બોલાવતાં સ્વામીશ્રીને મહાદેવજીના મંદિરે લઈ આવ્યા. ત્રણ દિવસના પારાયણ દરમ્યાન સ્વામીશ્રી આ મંદિરમાં રોકાયેલા. મંદિરના આંગણાંમાં કરેણનું ઝાડ હતું. તેમાંથી એક કરેણનું ફૂલ લઈ તેઓ મહાદેવજી પર નિત્ય ચડાવતા. સર્વ દેવો પરબ્રહ્મના વિભૂતિસ્વરૂપ છે. તેથી તેનો આદર

કરવાનું સ્વામીશ્રી કદી ચૂકતા નહીં.

તા. ૭/૧થી શરૂ થયેલા પારાયણમાં, સમુદાયને સદે તેવી વાતો કરતાં તેઓએ જણાવ્યું કે "જ્યારે આપણે જગતમાં આવીએ છીએ ત્યારે આપણે રડીએ છીએ અને બધા લોકો હસે છે. હવે એવું વર્તન કરવું કે હસતાં હસતાં આપણે જઈએ અને જગત રડે, તેના અંતરમાં દુ:ખ થાય. *'એસી કરણી કીજીએ, તુમ હસે જગ રોય...'* ઘર બળતું હોય ત્યારે તેમાંથી જેટલું ઊગર્યું તેટલું કામનું! તેમ આ જગત બળે છે; તેમાં કથાવાર્તા, સત્સંગ કરીએ તે જ કામનું છે. વરસાદ થાય છે પણ પાણી બધું દરિયામાં જાય છે. જેટલું ખેતરમાં રહ્યું તેનું અનાજ થવાનું."

સ્વામીશ્રીની આવી સરળ વાણીથી સૌ ખૂબ પ્રભાવિત થયા. કબીરનાં પદોમાં આવતી કડીઓ – *'સાહિબકા ઘર સંતનમાંહી, સંત સાહિબ કછુ અંતર નાંહી...'*થી આ ઉદા ભક્તો પરિચિત હતા; પરંતુ એવી પ્રતીતિ આજે સ્વામીશ્રીમાં થતાં સૌને સ્વામીશ્રી જુદા લાગ્યા!

ભીલુપુરથી અંટોલી, કલાલી, ભાયાપુરા, વણાદરા થઈને સ્વામીશ્રી કાવિઠા પધાર્યા ત્યારે તા. ૧૨/૧ના દિવસે પોષ વદિ એકાદશી આવેલી. યોગીજી મહારાજની આ પ્રથમ પુણ્યતિથિએ સ્વામીશ્રીએ યોગીજી મહારાજનો મહિમા ગાઈ સૌને તેઓની સ્મૃતિમાં લીન કરી દીધા. ત્યારબાદ ફાંટા, હરેશ્વર (સુવાચારી), આનંદપુરા ગામોમાં વિચરતાં રાત્રે સાડા નવ વાગ્યે સાઠોદ પહોંચેલા તેઓએ, રાત્રે બાર વાગ્યા સુધી સભામાં કથાવાર્તાનો આનંદ પમાડ્યો.

એકાદશીના નિર્જળા ઉપવાસમાં પાંચ ગામ, પચીસ પધરામણીઓ અને ત્રણ જાહેર-સભાઓ કરીને રાત્રે બાર વાગ્યા સુધી સેવારત રહેનાર સ્વામીશ્રીએ, 'અમારે તો સત્સંગ વધે એ જ આરામ' કહેનાર યોગીજી મહારાજને તેઓની પ્રથમ પુણ્યતિથિએ યથાર્થ અંજલિ આપી દીધી!

## વૈદિક સંસ્કૃતિના પુરસ્કર્તા

તા. ૧૩/૧ના રોજ પ્રાત:પૂજા-પારણાંથી પરવારી સ્વામીશ્રી સાઠોદ ગામમાં જ ચાલીસ પધરામણીઓ કરતાં અચિસરા પહોંચ્યા. અહીં બપોરે ઠાકોરજી જમાડ્યા બાદ વીસ પધરામણીઓ કરી તેઓએ બપોરના આરામનો દાટ વાળી દીધો.

જ્યારે દિવસ સવારે છ વાગ્યાથી આરંભાઈ જતો હોય અને રાત્રે સાડા

બાર વાગ્યા પહેલાં સૂવાનો મેળ ન પડતો હોય ત્યારે, સમગ્ર દિવસ દરમ્યાન તન-મનનો લોથ વાળી દે તેવી તરેહ-તરેહની પ્રવૃત્તિઓનો મારો રહેતો હોય ત્યારે, માનવીય શરીરને બપોરે એકાદ કલાકનો પોરો ખાવાની આવશ્યકતા રહે. પરંતુ સ્વામીશ્રીના જીવનમાં 'આ જોઈએ જ' એવું વલણ કદી કોઈ વસ્તુ, વ્યક્તિ, વિગત બાબતે રહ્યું જ નહોતું. તેઓ એટલી સાહજિકતાથી ભીડો વેઠતા કે વ્યક્તિના મનમાં 'તેઓને આરામ આપીએ' તેવો વિચાર પણ ઊગવા ન પામે. તેથી જ આવા કસમયના કાર્યક્રમો ગોઠવાઈ જતા.

અચિસરાથી સ્વામીશ્રીને ચાંદોદ પહોંચવાનું હતું. પણ રસ્તામાં આવતાં સૌને અજવાળતું ન જાય તો તે સૂર્યકિરણ નહીં, તેમ રસ્તામાં આવતાં સૌને લાભની લહાણ કરતા ન જાય તો તે સ્વામીશ્રી નહીં! તેથી અવાખલ અને મોટા કરાળાને પાવન કરતાં તેઓ સાંજે પોણા છ વાગ્યે ચાંદોદ પધાર્યા ત્યારે બે ઘોડાવાળી ચાંદીની બગી અને બૅન્ડ સાથે હરિભક્તો સ્વામીશ્રીને વધાવવા સજધજ થઈને ઊભા હતા. દરેક મોં પર ખુશાલી હતી, દરેક દિલમાં દીવાળી હતી અને શેરીએ શેરીએ રંગોળી હતી.

સ્વામીશ્રી જે જે ગામમાં જતા ત્યાં ત્યાં આમ જ કમાનો ઊભી થતી. સ્વાગતમાં સૂત્રો લગાવાતાં. તોરણો બંધાતાં. ધજાઓ ફરકતી. રોશની થતી. માંડવા નંખાતા. આ તો બધું જોઈ શકાય એવું. પણ લોકહૈયે ચઢેલી ભરતીને માપવાના માપદંડ ક્યાં? સ્વામીશ્રી રોકાય ત્યાં સુધી ગામમાં મોજનાં મોજાં પ્રસરતાં રહે. તે પર ગામ સહેલ કરતું જાય. વરસે-દા'ડે સરેરાશ બસો-પાંચસો ગામોને આ રીતે સ્વામીશ્રી આનંદમાં હિલોળતાં કરી મૂકતા. અને હા, તેઓના સહવાસથી ગામમાં નૈતિકતા-ધાર્મિકતાનો પ્રાણવાયુ પ્રસરતાં, ગામ સ્વસ્થ-સુખી રહે તે મોજનાં તો મૂલ જ નહીં!!

ખરેખર, સ્વામીશ્રીનું વિચરણ વરસાદથીયે વધુ ઉપકારક હતું. આજે તીર્થધામ ચાંદોદ આ ઉપકારવર્ષા ઝીલવા સદ્ભાગી બન્યું.

અહીં તા. ૧૪/૧ના રોજ જાંબુ બ્રાહ્મણોની 'કણ્વ સંસ્કૃત પાઠશાળા'માં અક્ષર-પુરુષોત્તમ મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની પટ-પ્રતિમાઓનો પ્રતિષ્ઠાવિધિ કરી, સ્વામીશ્રીએ વૈદિક પાઠશાળામાં સનાતન વૈદિક જ્ઞાન મૂર્તિમાન કરી આપ્યું!

આ પ્રતિષ્ઠાની સભામાં તેઓનાં કરકમળો દ્વારા પાઠશાળામાં અભ્યાસ કરતા છાત્રોને પ્રમાણપત્રો એનાયત કરવાનો કાર્યક્રમ હતો. પરંતુ સ્વામીશ્રીએ

તેમાં સંસ્થા વતી દક્ષિણા આપવાનું ઉમેરાવ્યું અને આ પાઠશાળામાં પાણીની ટાંકી માટે માતબર રકમનું દાન પણ હરિભક્ત દ્વારા કરાવ્યું.

સ્વામીશ્રી વૈદિક સંસ્કૃતિના પ્રખર પુરસ્કર્તા હતા. તેથી તેઓ પોતાની સંસ્થામાં તો વેદવિદ્યાના અધ્યયનનો પ્રબંધ કરાવતા જ, પરંતુ જ્યાં જ્યાં વૈદિક સંસ્કૃતિના ઉત્કર્ષની પ્રવૃત્તિ દેખ્યામાં આવે તેને પણ નિયમિત વર્ષાસન બાંધી આપી કે અન્ય જરૂરિયાતો પૂરી પાડી ઘણો ટેકો દઈ દેતા.

પાઠશાળાના આ કાર્યક્રમ બાદ સ્વામીશ્રી સ્વામિનારાયણ મંદિરે દર્શન કરીને ઉત્તરાયણની પુણ્યપર્વણી નિમિત્તે નર્મદાસ્નાન માટે પધાર્યા. અહીં પ્રથમ ઠાકોરજીને સ્નાન કરાવ્યું. ત્યારબાદ પ્રસાદીજળનો છંટકાવ સૌ ભક્તો પર કરવા લાગ્યા. તેઓની આ ચેષ્ટા પણ અલૌકિક રહેતી. છેક છેલ્લે ઊભેલા હરિભક્ત પર જળનાં બુંદ પડે તે માટે ખોબે-ખોબે પાણી ભરીને સ્વામીશ્રી હાથને વેગથી ફંગોળતા. કોણ પલળ્યું ને કોણ કોરું રહ્યું તે તેઓની નજર નોંધતી જતી. તેથી પોતાની ચારેકોર ઊભેલા ભક્તો પર વારાફરતી જળ પધરાવતા જાય. આ રીતે સૌને લાભ આપીને સ્વામીશ્રીએ સ્નાન કર્યું.

## જીવને સુખિયા કરવા એ ધ્યેય

ચાંદોદથી તેનતળાવ થઈને રાત્રે ડોરમાર આવી પહોંચેલા સ્વામીશ્રી, તા. ૧૫/૧ની બપોરે તાપને માથે અને આરામને પોટલામાં લઈને બોડેલી જવા નીકળ્યા. જો કે આ તેઓનું ગંતવ્ય સ્થળ નહોતું. બોડેલીમાં પધરામણીઓનો લાભ આપીને તેઓ કોસિન્દ્રા પધાર્યા. અહીં પણ દિવસનો છેડો આવતો નહોતો. અત્રે પધરામણીઓ કરીને ચિખોદરા આવ્યા. સ્વામીશ્રી અહીં આવ્યા ત્યારે સંધ્યા ઢળી ચૂકેલી પણ આ સ્થળે તેઓની રાત પડવાની નહોતી. ચિખોદરામાં કથાવાર્તા, સંધ્યા આરતી અને પધરામણીઓ કરીને તેઓ રાત્રે સાડા આઠ વાગ્યે ભાટપુરા પહોંચ્યા.

અત્રે દવાખાનાંના પ્રાંગણમાં સ્વાગત થયા બાદ શોભાયાત્રા શરૂ થઈ. પોષ માસની એ કડકડતી ઠંડીમાં રાત્રે પોણા નવ વાગ્યે ખુલ્લી જીપમાં સ્વામીશ્રી નગરયાત્રા માટે બિરાજ્યા. આખા ગામમાં સ્વામીશ્રીનો સત્કાર કરતાં કરતાં સૌ રામજી મંદિરે આવ્યા. અહીં સભાની શરૂઆત થઈ ત્યારે સમય થયેલો – રાત્રિના સવા દસ! આ સભામાં રાત્રે બાર વાગ્યા સુધી કરેલી કથાવાર્તામાં સ્વામીશ્રીએ કહ્યું :

"દરેકને જીવનો સત્સંગ કરવાનો છે. મોક્ષ સારુ અહીં આવીએ તો જીવ ક્યારેય પાછો ન પડે. પણ મન એવું છે કે સત્પુરુષને વિષે એવા સંકલ્પ કરે કે 'આમ કેમ કર્યું?' પ્રીતિ તોડાવવાં, બંધન તોડાવવાં, નિર્વાસનિક કરવા એ જે કરતા હોય તે આપણા સારા માટે જ કરતા હોય છે. આપણને ખબર ન પડે તેથી શંકા-કુશંકા થયા કરે.

યોગીજી મહારાજે દેહનું જતન કર્યું? એંશી વર્ષ સુધી ફર્યા. દેહને ઘસી નાંખ્યું. ક્યાંય સગવડ મળી - ન મળી પણ હરિભક્તોને રાજી રાખ્યા. શાસ્ત્રીજી મહારાજને આણંદમાં સ્ટેશનેથી જ ત્રણ વખત ગામમાં જવું પડ્યું! કોઈ ભાડું દેનારા હરિભક્ત મલ્યા નહીં. પણ હજારો હરિભક્તોને તેમણે સુખિયા કર્યા. માથે પોટલાં મૂકીને ચાલીને જતા. આવું કષ્ટ સહન કર્યું!

ઝાડ તડકો સહન કરીને પણ આપણને સુખ આપે છે, છાંયડો આપે છે, તેમ આવા પુરુષને માન આપો કે તેમનું અપમાન કરો, પરંતુ જીવને સુખિયા કરવા એ તેમનું ધ્યેય છે. આવા પુરુષ છે તે દેહના સુખ સારુ કાંઈ જતન કરે જ નહીં. પોતાને માટે બંગલા બંધાવ્યા હોત તો કોણ ના પાડત? પરંતુ તેમણે તો હરિભક્તોનાં જ સુખ-સગવડનો સદા વિચાર કર્યો છે."

સ્વામીશ્રીના મુખમાંથી આજે જે જે શબ્દો નીકળતા હતા તે તેઓના રોમ-રોમમાં પ્રગટ થયેલા સૌ અનુભવી રહેલા. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના પગલે ચાલીને તેઓ પણ ભીડાભક્તિનો ઇતિહાસ રચતા જતા હતા.

## અંત્યોદયનો આરંભ

તા. ૧૬/૧ની સવારે ભાટપુરામાં પચાસ પધરામણીઓ કરી સ્વામીશ્રી કુંદનપુર પધાર્યા. અત્રે રોકાણ તો હતું માત્ર કલાક - દોઢ કલાકનું જ; પરંતુ તેમાંય પંદર પધરામણીઓ અને એક સભાનું આયોજન ગોઠવાઈ ગયેલું!

જે ગાય શિંગડું મારે નહીં, નોંઝણું માંગે નહીં અને ટાણું-કટાણું જોયા વિના દૂધ આપ્યા જ કરે, તેના દૂધના પ્યાલા ભરવાનું કોણ છોડે? તેમ સ્વામીશ્રી કદી કોઈ સુવિધા માંગે નહીં, આડેધડ આયોજન હોય તોય અકળાય નહીં અને ટંક-ટાણાં જોયા વિના સભા, પધરામણી, નગરયાત્રા વગેરે જે લાભ ઇચ્છો તે આપ્યા કરે ત્યારે તેવા લાભ કોણ જતા કરે? તેથી કાર્યક્રમ ગોઠવવામાં સમય, શક્તિ વગેરેની મર્યાદાનો વિચાર ભક્તોને બહુ ઓછો

રહેતો અને કાર્યક્રમ આકાર પકડી લેતા. સ્વામીશ્રી પણ તે આકારને ખંડિત કર્યા વિના તેમાં રંગ પૂરી આપતા.

આ રીતે કુંદનપુરમાં અલ્પ રોકાણમાં મોટો લાભ આપીને તેઓ રાત્રે બોડેલી આવી પહોંચ્યા. અત્રે દાલિયા ઓઇલ મિલમાં કથાવાર્તા કરી તેઓએ રાત્રે બાર વગાડ્યા.

સામાન્ય રીતે માનવીય વૃત્તિ-પ્રવૃત્તિ સરભર કરવાની હોય છે. જો બપોરના ભોજનમાં ખાડો પડ્યો હોય તો માનવી રાત્રે તેનો ખાંગો વાળે અને બમણું દાબે. આગલા દિવસના ઉજાગરાને પહોંચી વળવા તે પછીના દિવસે ઊંઘનો 'ક્વૉટા' વધારી દે. પરંતુ સ્વામીશ્રી આવી રીતે ક્યારેય ખોટનાં ખાતાં વાળતા નહીં. જે આરામ કે ભોજન ગયું તે ગયું, તેને સરભર કરવાની કોઈ તજવીજ નહીં! રાત્રે મોડા સૂતા તેનો ઠેલ આગલા દિવસને કદી ન લાગે. રાત્રે બે વાગ્યે સૂઈને પણ તે સવારે સમયસર તૈયાર હોય અને બપોરે ન સૂતા હોય તોય રાત્રે સૂવામાં બાર તો વગાડે જ!

આ રીતે તા. ૧૭/૧ની સવારે બોડેલીમાં પધરામણીઓ કરતાં તેઓ કડીપાણી પહોંચ્યા. અહીંની નવ પધરામણીઓમાં છેલ્લી પધરામણી જે ફૅક્ટરીમાં હતી, ત્યાં જ સત્સંગ-સભા યોજાયેલી. તેમાં સ્વામીશ્રી પોણો કલાક વરસ્યા. સભા બાદ ગામના સત્સંગીઓ અને અગ્રણીઓને એકત્રિત કરીને સત્સંગ મંડળની સ્થાપના કરી.

આ સભામાં આદિવાસી ભાઈઓ પણ આવીને બેઠેલા. તે સૌનેય સ્વામીશ્રીએ વર્તમાન ધરાવી, કંઠી પહેરાવી, પૂજા-પાઠ શરૂ કરાવ્યાં. આમ, આ પંથકના આદિવાસી વિસ્તારોમાં સત્સંગની સરિતાનાં વહેણ વાળી, તેઓએ અંત્યોદયનો આરંભ કરી દીધો.

કડીપાણીથી પાનવડ થઈને છોટાઉદેપુરમાં ચાલીસેક પધરામણીઓ કરતાં સ્વામીશ્રી, તા. ૧૮/૧ની સાંજે પાંચ વાગ્યે અટલાદરા જવા વિદાય થયા ત્યારે વર્ષના પ્રથમ અઢાર દિવસમાં જ તેઓ એકત્રીસ ગામો ઘૂમી વળેલા. આ વિચરણના પનામાં વેદિયા બ્રાહ્મણોથી લઈને આદિવાસી સુધીના સૌ સમાઈ ગયેલા.

## જેમ પાળે જનની પુત્રને

છોટાઉદેપુરથી રાત્રે દસેક વાગ્યે અટલાદરા મંદિરે આવી પહોંચેલા

સ્વામીશ્રી, શાસ્ત્રીજી મહારાજના ઓરડામાં દર્શન કરતા હતા ત્યાં જ તેઓને ખબર મળ્યા કે 'તારાપુરવાળા કાશીભાઈની તબિયત વધુ નરમ થઈ ગઈ છે.' આ સાંભળીને સ્વામીશ્રી તરત જ તેઓની ખબર-અંતર પૂછવા માટે વડોદરા જવા નીકળી પડ્યા.

હરિભક્તોનાં સુખ-દુઃખમાં સહભાગી બનવા તેઓ પળનોય વિલંબ ખમી ન શકે! અઢાર દિવસના ભરચક વિચરણ પછી મંદિરે પધારેલા સ્વામીશ્રી પોતાના ઉતારાથી પચાસ પગલાંય દૂર નહોતા; છતાં ઉતારામાં જઈને બેસવાનું પસંદ ન કરતાં તેઓ માંદા હરિભક્તના ખાટલે જઈને બેઠા.

ભક્તો પ્રત્યેના વાત્સલ્યની આ ધારા જ તા. ૧૯/૧ના રોજ તેઓને અટલાદરાથી અમદાવાદ સુધી ખેંચી લાવી.

આ દિવસે સંસ્થાના સચિવ તરીકે સેવા કરનાર રસિકભાઈને ઘેર લગ્નપ્રસંગ હતો. આ મંગલ અવસરે તેઓએ સ્વામીશ્રી પાસે આશીર્વાદની યાચના જરૂર કરેલી; પણ તેઓને એ તો સ્વપ્નેય ખ્યાલ નહોતો કે આશીર્વાદ આપવા માટે સ્વામીશ્રી હાજરાહજૂર આવી પહોંચશે! કારણ કે, એક દિવસ પછી જ આવી રહેલા વસંત પંચમીના ઉત્સવ માટે સ્વામીશ્રીને અમદાવાદથી તરત જ અટલાદરા પરત ફરવું પડે તેમ હતું. પરંતુ સત્સંગી અને સમૈયા – બંનેને સાચવી જાણવાનું સ્વામીશ્રીને ક્યાં શીખવાનું હતું? એ કળા તો તેઓને જન્મજાત વરેલી હતી. તેથી તેઓ સમયસર અમદાવાદમાં કાશી વિશ્વનાથના મંદિરે જઈ પહોંચ્યા. પ્રભુતામાં પગલાં પાડવાના સમયે જ પ્રભુ પધારી જતાં સૌ રાજી રાજી થઈ ગયા.

*'જેમ પાળે જનની પુત્રને, બહુ બહુ કરી જતન;*
*એમ જાળવે નિજ જનને, બહુ ભાવે કરી ભગવન...'*નો અનુભવ સૌને સ્વામીશ્રીમાં તીવ્રતાથી થતો રહેલો.

આ જ વખતે ગુજરાતના રાજ્યપાલ શ્રી શ્રીમન્નારાયણ તરફથી સ્વામીશ્રીને રાજભવનમાં પધારવાનું નિમંત્રણ આવેલું. તે સ્વીકારતાં તેઓ તા. ૨૦/૧ના દિવસે રાજ્યપાલને પણ મળ્યા. આ રાજ્યપાલ સ્વામિનારાયણના એક સત્સંગીની ટેકથી ખૂબ પ્રભાવિત થયેલા. તે વાત આ પ્રસંગે તેઓએ સ્વામીશ્રીને જણાવી આવા સત્સંગીઓ બદલ ખૂબ અભિનંદન પાઠવ્યાં.

તાજેતરમાં જ ભારત-પાકિસ્તાન વચ્ચે ખેલાયેલા ભીષણ સંગ્રામમાં દેશનો વિજય થાય તે માટે સ્વામીશ્રીએ સંસ્થાના પ્રત્યેક મંડળો-મંદિરોમાં

ધૂન-પ્રાર્થના કરવાની આજ્ઞા કરેલી. આ વિષે પણ રાજ્યપાલે અહોભાવ પ્રગટ કર્યો. વિદાય લેતી વખતે સ્વામીશ્રીએ રાજ્યપાલના સંરક્ષણ ફાળામાં સંસ્થા વતી માતબર રકમનું દાન આપ્યું.

## જેટલો સંગઠનભાવ વધારે તેટલો વધારે વિકાસ

તા. ૨૧/૧ના રોજ હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજનો જન્મોત્સવ ધામધૂમથી ઊજવ્યો. આ સમયમાં પૂજ્ય નારાયણ ભગતે શ્રીજીપ્રબોધિત અને શાસ્ત્રીજી મહારાજ પ્રવર્તિત અક્ષર-પુરુષોત્તમ સિદ્ધાંતનું રહસ્ય સમજાવતો, પ્રસ્થાનત્રયી-સમર્થિત મહાનિબંધ લખીને વાચસ્પતિની પદવી પ્રાપ્ત કરી હતી. સંસ્થાના પ્રથમ વાચસ્પતિ બની સંસ્થાનું ગૌરવ વધારવા બદલ સ્વામીશ્રીએ તેઓને ખૂબ આશીર્વાદ પાઠવ્યા.

પોતાના પ્રવચનમાં પણ તેઓએ જણાવ્યું કે 'નારાયણ ભગતે આજે થીસિસ તૈયાર કરી છે. એમના જેવા બીજા સંતો પણ હવે જલદીથી શાસ્ત્રી તથા આચાર્ય થઈ જાય અને આવી થીસિસો લખે. યુવક-પ્રવૃત્તિ ખૂબ જ વિકસાવવાની છે. શાસ્ત્રીજી મહારાજે જેને માટે અવતાર લીધો છે તેમનું ભગીરથ કાર્ય પૂરું કરવાનું છે. તે માટે સાતસો સંતો પણ થાય તેવી પ્રાર્થના.'

યુવાશક્તિ અને સંતશક્તિની તાકાત સ્વામીશ્રી ઘણી સમજી ગયા હતા. તેથી સંસ્થામાં આ બે પ્રવૃત્તિ વિકસે તે માટે તેઓની પ્રાર્થના અને પુરુષાર્થ સદાયનાં રહેતાં.

આ માસમાં 'પ્રકાશ'ના ૪૦૦મા અંકના પ્રકાશન સમયે પણ તેઓએ આશીર્વાદ-પત્ર લખતાં જણાવ્યું કે –

*આજ ચોત્રીસ વરસથી પૂજ્ય શાસ્ત્રીજી મહારાજના આદેશ મુજબ કોઈનું પણ ખંડન કર્યા સિવાય પોતાના ઈષ્ટદેવનો મહિમા અને પ્રગટની વાત એકધારી ચાલી આવે છે તે જ આ 'પ્રકાશ'ની મહત્તા અને વિશેષતા છે. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજે આજ્ઞા, ઉપાસના, સદ્ભાવ ને પક્ષ એ ચાર વાત ઉપર ભાર મૂકેલ અને તે મુજબ 'પ્રકાશ'માં વાતની પુષ્ટિ કરતા લેખો લખવામાં આવે છે. જેટલો સંગઠનભાવ વધારે તેટલો વધારે વિકાસ થશે. યુવક-પ્રવૃત્તિ અંગે પણ હવે 'પ્રકાશ'માં સમાચાર આવતા રહેશે. તો તે મુજબ દરેક યુવકો ગામેગામ પ્રયત્ન કરે અને વડીલો સહકાર આપે એ જ વિનંતિ.*

અહીં પણ યુવા-પ્રવૃત્તિના વિકાસ અંગેની વાત સ્વામીશ્રીની કલમ દ્વારા વહી નીકળી છે. કયા ધર્મગુરુએ યુવાનોને આટલા ચાહ્યા હશે ?

## કૌતુકભરી કાર્યશૈલી

અટલાદરાથી મહીજડામાં લાભ આપી રામોલ પહોંચેલા સ્વામીશ્રી અહીં તા. ૨૪/૧ની સવારે ૭૦ પધરામણીઓ કરીને ડેમોલ પધાર્યા.

તા. ૨૫/૧ની સવારે આ ગામમાં પણ ૮૦ પધરામણીઓ થઈ. ત્યારબાદ તેઓ પેટલી, ગંગાપુર, વસો, નડિયાદ થઈને રાત્રે અટલાદરા પધાર્યા ત્યારે એ એક દિવસમાં ૬ ગામ અને સો ઉપરાંત પધરામણી વિચરણ ખાતે નોંધાઈ ચૂકેલાં.

નડિયાદથી સ્વામીશ્રીને આણંદ જ જવાનું હતું, પરંતુ નડિયાદથી આણંદ તેઓ વાયા(via) અટલાદરા થઈને પહોંચ્યા ! કારણ કે, અટલાદરાના એક હરિભક્તને પોતાના કારખાનાના ખાતમુહૂર્ત પ્રસંગે સ્વામીશ્રી પધારે તેવી ઇચ્છા હતી.

સ્વામીશ્રીના જીવનમાં આવું તો વલોણાવારે બનતું રહેતું કે જેમાં તેઓને એક-એક વ્યક્તિના એક-એક કામ માટે કિલોમીટરોના પ્રવાસ ખેડવા પડતા. તેઓ સમક્ષ પડેલો કાર્યનો પથારો અને ઘડિયાળના કાંટોકાંટ રહેતું તેઓનું નિયમિત-વ્યવસ્થિત જીવન જોતાં, આમ વર્તવું ખરેખર અઘરું થઈ પડે; છતાં તેઓ કદી કોઈને 'ના' પાડતા નહીં.

આજના 'ટાઈમ મેનેજમેન્ટ'નાં સૂત્રો છે :

- 'Learn to say NO...' ('ના' પાડતાં શીખો.)
- ...Remember that you do have the right to say NO. (યાદ રાખો કે તમને 'ના' પાડવાનો અધિકાર છે.)
- ...Don't give people free access to your time. (તમારા સમયમાં કોઈને બેરોકટોક દખલગીરી ન કરવા દો.)
- ...To stay organized and to save time each day, you have to learn to say yes less often and no more often. (જીવનમાં સુવ્યવસ્થિત રહેવા માટે અને રોજેરોજ સમય બચાવવા માટે તમારે 'હા' ઓછું કહેવું અને 'ના' વારંવાર કહેવું.)

આ તમામ સિદ્ધાંતોને ચાર વેંત ચઢે એવી સ્વામીશ્રીની કાર્યશૈલી હતી.

તેઓએ કદીયે કોઈને જાકારો આપ્યો નહોતો. છતાં તેઓ એક-એક કલાકમાં પાંચ-પાંચ કલાકનું કામ કરતા રહેલા. તેઓની આવી કૌતુકભરી કાર્યશૈલીમાં આધુનિક મેનેજમેન્ટના ખેરખાંઓ જો ઊંડા ઊતરે તો જરૂર તેઓને ઘણું નવું શીખવા મળે એમ છે.

તા. ૨૬/૧ના રોજ સ્વામીશ્રીએ અટલાદરામાં કારખાનાનું ખાતમુહૂર્ત કર્યું, પણ મધ સાથે મધમાખીઓ આવે જ, તેમ સ્વામીશ્રી પધાર્યા એટલે પધરામણીઓ પણ ઊભી થઈ ગઈ!

તે કાર્ય પૂરું કરીને તેઓ ટ્રેન દ્વારા સાંજે ૪:૩૫ના સુમારે આણંદ સ્ટેશને ઊતર્યા ત્યારે એ સ્ટેશન જાણે મંદિર થઈ ગયેલું! ત્યાં બે હજાર હરિભક્તો સ્વાગત માટે ઊમટેલા. આ વખતે નીકળેલી નગરયાત્રાએ એવું આકર્ષણ જમાવ્યું હતું કે સ્ટેશનથી મંદિર સુધીનો બે કિલોમીટરનો માર્ગ કાપતાં અઢી કલાકનો સમય થયો!!

## અતિ દીન સાથે જોડ્યો સનેહ

આણંદથી કરમસદ, વિદ્યાનગર, લાંભવેલમાં લાભની વેલી ખીલવતાં સ્વામીશ્રી, તા. ૩૦/૧ના રોજ ભરૂચ પધાર્યા.

અહીં એક વાર તેઓએ આયોજકોને ચકલા વિસ્તારના શેઠ ફળિયામાં રહેતા મગનભાઈ વાળંદની ભાળ કાઢવાનું જણાવ્યું. આ નામ સૌ માટે અપરિચિત હતું, પરંતુ સ્વામીશ્રીએ આપેલી એંધાણી મુજબ હરિભક્તો એ અજાણ્યા આદમીને તેઓ પાસે લઈ આવ્યા.

તેઓને જોતાં જ સ્વામીશ્રીએ એમના ઘેર પધરામણીએ જવા અંગે વાત કરી. આ સાંભળી મળવા આવેલા મગનભાઈ આશ્ચર્યચકિત થઈ ગયા. ગત વર્ષે ભરૂચમાં નોકરી અર્થે આવી વસેલા આ આગંતુકે, ભાડાના મકાનમાં જે દિવસથી વસવાટ કર્યો તે દિવસથી ઘરમાં બીમારીએ ઘેરો ઘાલ્યો હતો. કુટુંબમાં કો'ક ને કો'ક સભ્યની તો પથારી પડેલી જ હોય! આ મુશ્કેલીથી છૂટવાનો કોઈ આરો-કિનારો નજરે ચઢતો નહોતો. આ સમયે સત્સંગી મહિલા સરલાબહેને તેઓને કહેલું: 'પ્રમુખસ્વામી બહુ મોટા સંત છે. તેઓના આશીર્વાદ લઈ લો તો આ મુશ્કેલીમાંથી છુટકારો થશે.' આ સાંભળી, ડૂબતો માણસ તરણોપાય કરે તેમ તેઓએ સ્વામીશ્રીને પત્ર લખીને પોતાની વીતક કથા જણાવેલી અને પોતાના અપશુકનિયાળ ઘરમાં પધારવા વિનંતી કરેલી.

દિવસો પહેલાં મળેલા આ પત્રના અનુસંધાનમાં આજે સ્વામીશ્રીએ કાર્યવાહી ચલાવેલી. આવનાર મુરબ્બીને કલ્પના જ નહોતી કે આવા મોટા ધર્મગુરુ મારા જેવા એક સામાન્ય માણસ કે જે તેઓનો આશ્રિત પણ નથી, તેના દ્વારા દિવસો પહેલાં લખાયેલ પત્રનો આવો પ્રતિભાવ આપશે! કો'ક સ્વામીશ્રીની યાદશક્તિ તો કો'ક તેઓની કાર્યશક્તિ તો કો'ક તેઓની કરુણા પર ઓવારી ગયું! સૌના મોંમાંથી ઉદ્‌ગારો નીકળી ગયા: 'ઓહ! પ્રમુખ-સ્વામી!'

નિશ્ચિત સમયે સ્વામીશ્રી મગનલાલના ઘેર પધાર્યા. પૂજન બાદ તેઓએ સામેથી જ મકાનના એકેએક ઓરડામાં જવાની મરજી બતાવી. આ વખતે યજમાન ફરી એક વાર આંચકો ખાઈ ગયા કે 'આ સંત તો ગજબ છે! રોજેરોજ ઠલવાતા કૈંક પત્રોમાં આવતી અનેક વિગતોમાંથી મારો પ્રશ્ન પણ તેઓને ખબર છે!'

મકાન ત્રણ માળનું અને સાત ઓરડાનું હતું. સ્વામીશ્રી દરેક માળ ચઢવા લાગ્યા અને એકેએક ઓરડામાં પ્રસાદીભૂત પુષ્પો પધરાવવા લાગ્યા. આ ક્રમમાં તેઓ જ્યારે ત્રીજે માળે પહોંચ્યા ત્યારે ત્યાં એક નાની ઓરડી સાંકળથી બંધ કરેલી હતી. તેમાં થોડા દિવસ પહેલાં જ આણેલી પાંચ મણ ડુંગળી ભરેલી. સ્વામીશ્રીએ જાતે જ સાંકળ ખોલી તે ઓરડીમાં પુષ્પો પધરાવ્યાં. તે વખતે યજમાન તો હેબતાઈ જ ગયા. તેઓને એટલો ખ્યાલ તો ખરો કે 'સ્વામિનારાયણના સત્સંગી ડુંગળી-લસણ ખાતા નથી,' અને અહીં તો ડુંગળીનો ડુંગરો ખડકાયેલો હતો. તેઓને મનમાં દ્વિધા થઈ કે 'સ્વામીશ્રીને આ કેવું લાગશે અને શું કહેશે?' પણ સ્વામીશ્રી કશું જ બોલ્યા વગર નીચે આવ્યા. ઘરના મુખ્ય ઓરડામાં બેસી સૌ કુટુંબીઓને આશીર્વાદ આપ્યા, સુખાકારી માટે ધૂન કરી અને બધાને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી. છતાં ડુંગળી બાબતે અહીં પણ હરફ સુધ્ધાં ઉચ્ચાર્યા સિવાય વિદાય લીધી.

પરંતુ સ્વામીશ્રીની વિદાય સાથે જ આ પરિવારમાં વિચારોનાં વમળ શરૂ થયાં. ઘરનો એક-એક સભ્ય સ્વામીશ્રીનાં ઉપકાર અને ઉદારતાથી ઘાયલ અને પાગલ બની ગયેલો. સૌએ વિચાર્યું કે 'સ્વામીશ્રી જેવા સંત સામે ચાલીને આપણા પર આટલી કરુણા વરસાવી ગયા તો આપણે આજથી જ ડુંગળી ન ખાવાનો નિયમ રાખીએ.' આમ, તે જ ક્ષણથી તે ઘરમાં આહારશુદ્ધિ આવી વસી.

સમય જતાં તે ઘરમાં સત્સંગ દૃઢ થઈ ગયો. બીમારીઓ પણ પોબારા ભણી ગઈ. એ આખા ઘરમાં એક જ ગાન ગુંજવા લાગ્યું: *'કાપ્યાં બંધન સર્વ કર્મનાં રે, અતિ દીન સાથે જોડ્યો સનેહ; વારે વારે જાઉં વારણિયે...'*

## સત્યવચન દૃઢ નિયમ અભંગી

ભરૂચથી બોચાસણ પધારેલા સ્વામીશ્રીએ, અહીં નીલકંઠવર્ણી જ્યાં દૂધ-ભાત જમેલા ત્યાં કલાત્મક ઓટો કરીને તા. ૩/૨ના દિવસે ચરણારવિંદની પ્રતિષ્ઠા કરી. શ્રીજીમહારાજનાં અનેક પ્રાસાદિક સ્થાનોને તેઓ દ્વારા આવું અમરત્વ પ્રાપ્ત થતું હતું.

આજે પુરાતન સ્થાનોમાંથી થોડી-ઘણી ભાંગી-તૂટી ઈંટો કે ધાતુનાં થોડાં-ઘણાં વાસણો મળી આવતાં તે સ્થાનો જોવા લોકોનાં ટોળાં ઊમટે છે અને સરકાર પણ અમૂલ્ય વિરાસત(heritage property)નાં સ્થાનો હેઠળ તેને મૂકીને, માવજત પાછળ લાખોનો ખર્ચો કરે છે. એ જ રીતે સ્વામીશ્રીએ ઠેર ઠેર ઊભાં કરેલાં આવાં પ્રાસાદિક સ્થાનો પણ વર્ષો પછી સંપ્રદાયની અમૂલ્ય વિરાસત બનીને રહેશે. તે વખતે સૌ શ્રીજીમહારાજને તો યાદ કરશે પણ આવા વારસાને સાચવી આપવા બદલ સ્વામીશ્રીને પણ ઋણભાર સાથે ગદ્‌ગદ કંઠે યાદ કરતાં માથાં નમાવશે. સ્વામીશ્રીના જીવનની જેમ તેઓનાં કાર્યો પણ સરકતા સમય સાથે વધુ ને વધુ મહાન અને મહત્ત્વપૂર્ણ બની રહે તેવાં છે.

બોચાસણથી સ્વામીશ્રી ભાવનગર, ગઢડા, પુરુષોત્તમપુરા, નાયકા, ડભાણ, વિદ્યાનગર થઈને અટલાદરા આવી પહોંચ્યા. અહીં સત્સંગનું શિક્ષણ આપતી પુસ્તક-શ્રેણીમાં 'પ્રારંભ' પરીક્ષાનાં ત્રણ પુસ્તકોનું ઉદ્‌ઘાટન તા. ૯/૨ના રોજ તેઓના વરદહસ્તે થયું. આ રીતે સંપ્રદાયમાં સૌપ્રથમ વાર પદ્ધતિસરનાં પાઠ્ય-પુસ્તકો અને પરીક્ષાઓ દ્વારા સત્સંગનું જ્ઞાન પીરસવાનો પ્રયાસ શરૂ થયો.[૨૧]

સ્વામીશ્રી ખોખલો અને છીછરો વિકાસ નહીં, પણ સુદૃઢ અને સુદીર્ઘ વિકાસ કરનારા વિરલ નેતા હતા. તેથી એક તરફ તેઓ બાળ-યુવા-પ્રવૃત્તિ વિકસાવતા જતા, તો બીજી તરફ તે પેઢીને આવાં આયોજનો દ્વારા જ્ઞાનસંપન્ન

---

૨૧. આજે આ પરીક્ષાનો વિસ્તાર પ્રારંભ, પ્રવેશ, પરિચય, પ્રવીણ, પ્રાજ્ઞ – ૧,૨,૩ એમ સાત સ્તર સુધી થયો છે. દર વર્ષે હજારો સત્સંગીઓ આ પરીક્ષામાં ઉમંગભેર જોડાઈને સત્સંગનું જ્ઞાન પ્રાપ્ત કરે છે.

પણ કરતા જતા.

આ શુભ શરૂઆત બાદ સ્વામીશ્રી અટલાદરાથી આમોદ, નાહિયેર અને નીણમને પાવન કરતાં કરતાં, તા. ૧૨/૨ના રોજ જંબુસર પધાર્યા.

અહીં નગરયાત્રા બાદ જ્યારે તેઓ ઈશ્વરભાઈ લાતીવાળાના ઘેર સ્નાનાદિકથી પરવાર્યા ત્યારે સંતોએ કહ્યું: 'સ્વામી! થાળ થઈ ગયો છે. ચાલો જમવા.'

'નથી જમવું.'

'કેમ ?'

'નગરયાત્રામાં એક નાની છોકરી નજીક આવીને અડી ગઈ હોય એમ લાગે છે.'

'સ્વામી! એવું બન્યું જ નથી. અમે આપની સાથે જ હતા.' સૌએ કહ્યું.

પરંતુ સ્વામીશ્રી પ્રાયશ્ચિત્તરૂપે શંકાનો ઉપવાસ કરવા મક્કમ જ રહ્યા. જેઓના ઘેર જમવાનું હતું તે યજમાન પણ કરગર્યા, છતાં તેઓએ નમતું ન જોખ્યું.

છેવટે ચારે બાજુથી ખૂબ વિનંતીઓ થતાં તેઓ શ્રીજીમહારાજના આદેશ અનુસાર[૨૨] સાથે ફરતા એક સંતને પોતા વતી ઉપવાસ કરવા જણાવી જમવા માટે બિરાજ્યા, પરંતુ મનમાંથી તો ઉદાસી ટળી નહોતી. તેથી અતિ અલ્પ અંગીકાર કરીને તરત જ ઊભા થઈ ગયા.

તેઓની આ ધર્મ-નિયમની દૃઢતા જોઈ સૌના મનમાં *'સત્યવચન દૃઢ નિયમ અભંગી...'*ની તેઓની છબી અંકિત થઈ ગઈ.

## અંતર્યામી અમૃત આત્મા

તા. ૧૩/૨ના રોજ મહાશિવરાત્રિ હતી. પરંતુ જંબુસરવાસીઓ માટે માત્ર રાત્રિ જ નહીં, આજનો આખો દિવસ 'શિવત્વ'ને વરેલો રહ્યો. દિવસ દરમ્યાન સ્વામીશ્રીએ ૮૫ પધરામણીઓ કરી સમગ્ર ગામને પાવન કર્યું.

ત્યારબાદ આમોદ, ઉબેર થઈને તા. ૧૪/૨ની સાંજે સાત વાગ્યે નોંધણા પધારેલા તેઓ અહીં રાત્રિસભા બાદ કાંતિભાઈના ઘેર આરામમાં ગયા. તે

૨૨. ભગવાન સ્વામિનારાયણે 'નિષ્કામશુદ્ધિ' ગ્રંથના ૪૦મા શ્લોકમાં કહ્યું છે કે 'નિષ્કામ વ્રતના ભંગનો ઉપવાસ કરનારા બાળક, વૃદ્ધ અને રોગીને દયાએ કરીને જે વારે તે વારનારો પોતે તેમની શુદ્ધિને અર્થે ઉપવાસ કરે.'

સમયે સહપ્રવાસી જયકૃષ્ણ ભગત ઠંડીથી રક્ષણ મેળવવા માટે શરીર ફરતું ગાતરિયું વીંટીને તેની ગાંઠ બાંધવાનો પ્રયત્ન કરી રહેલા, પરંતુ તેમાં તેઓ ફાવતા નહોતા. એ વખતે તેઓને મનમાં વિચાર આવ્યો કે 'સ્વામીશ્રી ગાતરિયું બાંધી આપે તો !'

તેઓને જેવો આ સંકલ્પ સ્ફુર્યો કે ત્યાં જ બાજુના ઓરડાનું બારણું ઊઘડ્યું અને તેમાંથી સ્વામીશ્રી બહાર પધાર્યા ! તે જોઈને ભગત તો અવાક્ થઈ ગયા.

તેટલામાં તો સ્વામીશ્રીએ તેઓની નજીક આવતાં પૂછ્યું : 'શું કરો છો ?'

'બાપા ! ગાતરિયું બાંધવા દાખડો કરું છું પણ આવડતું નથી.'

'આમ ન બંધાય. લાવો, શીખવાડું.' એમ કહેતાં સ્વામીશ્રીએ જાતે તે ભગતના શરીર ફરતું ગાતરિયું વીંટાળીને વ્યવસ્થિત ગાંઠ બાંધી આપી.

પલકારામાં આ ક્રિયા પતાવી સ્વામીશ્રી તો બાથરૂમમાં પધારી ગયા. તેઓ લઘુશંકા કરીને બહાર આવ્યા ત્યાં જ સેવકે પૂછ્યું : 'ક્યાં ગયા હતા ?'

'લઘુ કરવા.'

'હમણાં તો લઘુ કરીને સૂતા હતા.'

સેવકના આ વાક્યનો ઉત્તર કેવળ સ્મિત ફરકાવતાં આપીને સ્વામીશ્રી પોઢવા પધાર્યા ત્યારે ગાતરિયાની ગાંઠ સાથે પેલા ભગતની સ્વામીશ્રી સાથેની સ્નેહગાંઠ પણ વધુ મજબૂત રીતે બંધાઈ ગયેલી.[૨૩]

'स त आत्मान्तर्याम्यमृतः ।'[૨૪] મુજબ સ્વામીશ્રી અંતર્યામી અમૃત આત્મા હતા. જો તેઓ સર્વ-અંતર્યામી અને સર્વવ્યાપક અક્ષરબ્રહ્મનું સ્વરૂપ ન હોય તો તેઓ દ્વારા આ એક પાર્ષદ જ નહીં, દૂર-દૂર રહેલા હજારોના મનોરથો એકસાથે કેવી રીતે પૂરા થઈ શકે ?

## નેતા અને જનેતા

નોંધણાથી સ્વામીશ્રી કાવી, નહાર, ટુંડજ, ભોદર, વાવલી થઈને તા. ૧૭/૨ના રોજ અણખી પધાર્યા.

અત્રે ૫૦ પધરામણીઓ કરીને તેઓને વરણામા જવાનું હતું, પણ સ્વામીશ્રીએ ત્યાં જતાં પૂર્વે છેક અટલાદરા સુધીનો ચકરાવો માર્યો. અહીંના

---

૨૩. તેઓ સમય જતાં સાધુ સાધુજીવનદાસ તરીકે સ્વામીશ્રી દ્વારા દીક્ષિત થયેલા.

૨૪. बृहदारण्यकोपनिषद् – ૩/૭/૩૦.

એક હરિભક્તને પોતાના નવા મકાનમાં તેઓની પધરામણી કરાવવાની ઈચ્છા હોવાથી આ મનોકામના પૂરી કરવા સ્વામીશ્રી અણખીથી અટલાદરાનો ફેરો ખાઈને તે જ દિવસે વરણામા પહોંચી ગયા !

કોઈનાય મનના ચોકઠામાં ન બેસે એવી સાવ બેહૂદી માંગણીઓનો પણ સ્વામીશ્રી 'ના' કહીને છેદ ઉડાડતા નહીં, કારણ કે તેઓ નેતાની સાથે જનેતા પણ હતા.

આ જ ભાવથી સ્વામીશ્રી, તા. ૧૮/૨ના રોજ વરણામામાં રમણભાઈના ખેતરમાં ઠાકોરજી જમાડીને પોરને પાવન કરતાં ધાવટ આવી પહોંચ્યા. અહીં ૬૦ પધરામણીઓ કરીને નટુભાઈના કૂવે ઠાકોરજી જમાડીને કરજણને લાભ આપતાં કંડારી પધાર્યા.

આમ, હરિભક્તોના ખેતરના શેઢે કે કૂવાના કાંઠે પણ સ્વામીશ્રી પ્રેમથી ભોજન કરવા બિરાજતા. જ્યાં જે વ્યવસ્થા ગોઠવાય તે તેઓને મંજૂર રહેતી. હરિભક્તો માટે જાત ઘસી નાંખવા છતાં તેઓએ હરિભક્તો પાસેથી રંચમાત્ર અપેક્ષા રાખી નહોતી. કોઈ હક-દાવો નોંધાવ્યો નહોતો. 'उपकृत्य निसर्गतः परेषामुपरोधं न हि कुर्वते महान्तः ।'[૨૫] – ઉપકાર કરીને ઉપરોધ(હક) ન કરતાં તરત ત્યાંથી ચાલી નીકળવું એ મહાન પુરુષોનો સહજ સ્વભાવ હોય છે. આ સ્વભાવનું દર્શન સ્વામીશ્રીમાં ક્ષણે-ક્ષણે જોવા મળતું.

## એવું બીજું કોણ દયાળ

તા. ૨૦/૨ના રોજ કંડારીમાં ૫૬ પધરામણીઓ બાદ સ્વામીશ્રી શાહપુરને લાભ આપતાં સલાડ પહોંચ્યા.

અહીં રાત્રિસભા બાદ તેઓ ઉતારે પધાર્યા ત્યારે સાડા અગિયાર વાગેલા. તે સમયે પણ તેઓની કર્મઠતા હજી જાગતી હતી. તેથી પત્રવ્યવહારની સેવા સંભાળતાં પાર્ષદને કહ્યું : 'લાવો, પત્ર વાંચી લઈએ.'

તે વખતે ઓરડામાં એક હરિભક્ત દૂર બેસીને દર્શન કરી રહેલા. પત્ર વાંચતાં વાંચતાં જ સ્વામીશ્રીએ અચાનક તે ભક્તને પૂછ્યું : 'લીંબુ હશે ?'

'જોઈ આવું.' એમ કહીને તે તપાસ કરી આવ્યા અને હાથ જોડીને કહ્યું : 'બાપા ! લીંબુ ઘેર તો નથી પણ વાડીએથી મળી રહેશે.'

'તો જાઓ, લઈ આવો.'

---

૨૫. शिशुपालवधम् – ૨૦/૭૪.

આ વાત સાંભળી પત્ર-પરિચારક પાર્ષદને આશ્ચર્ય થયું કે 'સ્વામીશ્રીએ આટલી મોડી રાતે લીંબુ કેમ મંગાવ્યાં હશે?!'

પણ તેટલામાં જ સ્વામીશ્રીએ પેલા હરિભક્તને કહ્યું: 'લીંબુ લાવીને આ ભગતને આપજો. એમને ઉપવાસ છે તે કાલે પારણાં કરવા થાય ને!'

આ સાંભળતાં જ પાર્ષદ તો દિગ્મૂઢ બની ગયા! તેઓને અત્યારે ખ્યાલ આવ્યો કે સ્વામીશ્રી તેઓ માટે અડધી રાત્રે હરિભક્તને દોડાવી રહ્યા છે! તેથી તેઓએ કહ્યું: 'બાપા! મારે તો ચાલશે. હું છાશ પી લઈશ.'

'ના, એમ ન ચાલે. પારણાંમાં લીંબુનું શરબત સારું પડે.' સ્વામીશ્રીના શબ્દે શબ્દે સ્નેહ અને સંભાળ નીતરી રહ્યાં.

હરિભક્ત તો આજ્ઞા થતાં મધરાતે વાડીએ પહોંચ્યા. લીંબુ લઈને પોણો કલાકે પાછા આવ્યા ત્યાં સુધી સ્વામીશ્રી પત્રલેખન કરતા રહ્યા. હરિભક્તે લીંબુ લાવીને પેલા ભગતના હાથમાં મૂક્યા ત્યારે પત્રલેખન સમેટતાં સ્વામીશ્રી બોલ્યા: 'ચાલો, હવે આરામમાં જઈએ.'

આમ કહી તેઓ તો નિદ્રાધીન થયા પરંતુ આ દૃશ્ય જોનારા સૌની ઊંઘ ઊડી ગઈ. તેઓ ક્યાંય સુધી સ્વામીશ્રીના પ્રેમપ્રદેશમાં વિહરતા જ રહ્યા! તેમાં સતત પડઘા પડી રહેલા કે – *'વળી સમે સમે સંભાળ, જાણો કરે હરિજનની રે; એવું બીજું કોણ દયાળ, કાં રે મનાય નહીં મનને રે...'*

બેસુમાર પ્રવૃત્તિઓમાં પણ સ્વામીશ્રી – કોણ જમ્યું? કે કોને ઉપવાસ છે? – જેવું ઝીણું અનુસંધાન રાખી શકતા. તેઓની પ્રતિભા તેઓના પ્રેમની જેમ જ અસીમ અને અગાધ હતી.

## પ્રતિમા રોજ થાળ જમે છે

તા. ૨૧/૨ના દિવસે સલાડમાં પચાસ પધરામણીઓ તથા શાળાસભા કરીને સ્વામીશ્રી રૂંવાદ પધાર્યા. અત્રે તેઓએ યુવક મંડળની સ્થાપના કરીને ગામના ભવિષ્યને ઉજ્જ્વળ કરી આપ્યું.

કાનમના આ વિચરણમાં જ સ્વામીશ્રી એક વૈષ્ણવના ઘેર પધરામણીએ ગયેલા. અહીં પૂજનની ઔપચારિક વિધિ બાદ તેઓએ તે ભક્તને પટપ્રતિમા આપતાં કહ્યું: 'આ તમારા ઘરમંદિરમાં રાખજો. ઠાકોરજીની પ્રતિમાને થાળ ધરાવવો, આરતી કરવી.'

આ સાંભળી પેલા સદ્‌ગૃહસ્થ બોલ્યા: 'સ્વામી! હું મારા મંદિરમાં થાળ

ધરાવું છું તે પ્રતિમા રોજ જમી જાય છે!'

આ વાતથી સૌને આશ્ચર્ય થયું. તેથી સ્વામીશ્રીએ કહ્યું: 'ક્યાં છે તમારી પ્રતિમા? ચાલો, તેનાં દર્શન કરીએ.'

આ સાંભળતાં જ તે ભાવિક ઓરડામાં ગયા અને તેઓની નાની દીકરીને બાવડું પકડીને લાવતાં દેખાયા! આ દૃશ્ય એક હરિભક્તે જોયું. તેથી તેઓ તરત જ ઊભા થઈ ગયા અને પેલા વૈષ્ણવને અંદરના ઓરડામાં જ રોકી દીધા. તે વખતે તેઓ કહેવા લાગ્યા: 'અરે, આ છે મારી પ્રતિમા! તે રોજ થાળ જમી જાય છે. તેને મહારાજને પગે લગાડવા દો.' પણ તેઓને હરિભક્તે વિગત વાર સાધુ-મર્યાદાની વાત સમજાવી ત્યારે તેઓ અટક્યા.

સ્વામીશ્રીના વ્યસ્ત વિચરણમાં આવા દાધારંગા માણસો ભટકાય ત્યારે નિર્દોષ રમૂજની છોળ્યો ઊછળતી. સૌ સાથે સ્વામીશ્રી પણ તેમાં સ્નાન કરતા.

## એ છોકરામાં હીર હતું

કાનમના વિચરણ દરમ્યાન સ્વામીશ્રી અજિતપુરા, મંડાળા, છત્રાલ થઈને તા. ૨૩/૨ના રોજ બારીપુરા પધાર્યા.

તેઓની સાહજિક શૈલી હતી કે જે ગામમાં તેઓ જાય તે ગામના મંદિરમાં જો કોઈ સંત-મહંત મળે તો તેઓને ઝૂકીને ભાવથી વંદન કરે. તેઓ સાથે સમય પણ ગાળે.

આ મુજબ અહીં બારીપુરામાં તેઓનો મેળાપ હરિદાસ નામના એક બાવાજી સાથે થઈ ગયો. તેઓ સાથેના વાર્તાલાપમાં હરિદાસજીને ખબર પડી કે 'સ્વામીશ્રી હાલમાં શાસ્ત્રીજી મહારાજની ગાદી શોભાવે છે.'

આ સાંભળી તે બાવાજીએ પુરાણી યાદ તાજી કરતાં કહ્યું: 'હું ચાણસદમાં હતો ત્યારે શાસ્ત્રીજી મહારાજ ત્યાં આવતા. એ ગામમાં શાંતિલાલ નામનો છોકરો હતો. એ છોકરામાં હીર હતું. શાસ્ત્રીજી મહારાજ રત્નપારખુ. તે એને સાધુ બનાવી દીધો. તમારે ત્યાં એ હોય તો મારી યાદ આપજો.'

તે વખતે સ્વામીશ્રીએ ઘટસ્ફોટ કર્યો કે 'તે છોકરો એ પોતે જ છે,' ત્યારે તો હરિદાસજીના આનંદનો પાર ન રહ્યો.

તેઓની નજર સમક્ષ ચાણસદની હનુમાનમઢીમાં આવીને ભાવપૂર્વક દર્શન કરતા, પલાંઠી વાળીને રામકથા સાંભળતા, શંખ ફૂંકતા, શ્રીફળની શેષ જમતા શાંતિલાલની એક પછી એક છબીઓ તરવરવા લાગી. ગોકુળની

ગલીઓમાં રમતા કૃષ્ણ સીધા જ દ્વારકાધીશરૂપે નજરે ચઢે તે વખતે જે આશ્ચર્ય, અહોભાવ અને આનંદ થઈ આવે, એ ત્રિવેણીમાં આજે હરિદાસ ઝબકોળાઈ ગયા. સ્વામીશ્રી સાથે ફરતાં સંતો-ભક્તોને પણ ઈતિહાસનું એક પાનું આમ અચાનક ઊઘડી જતાં સ્વર્ણિમ સ્મૃતિ પ્રાપ્ત થઈ ગઈ.

## શ્રદ્ધાનું સાકાર સ્વરૂપ

બારીપુરાથી સ્વામીશ્રી વખતપુરા, ડોરમાર, નડા, પાલેજ થઈને તા. ૨૫/૨ના રોજ દોરા ગામે પધાર્યા.

અહીં ગામના પાદરે શાળાના બેન્ડ દ્વારા સ્વાગત થયું. ત્યારબાદ પ્રાથમિક શાળામાં ખૂણેખૂણે પધરામણી કરીને સ્વામીશ્રી નગરયાત્રા માટે ટ્રેક્ટરમાં બિરાજ્યા. આ શોભાયાત્રાના માર્ગમાં સ્વામિનારાયણ મંદિર, રામજી મંદિર, રણછોડજીનું મંદિર તથા શિવાલય આવતાં હતાં. આ મંદિરોમાં દર્શન કરવા માટે સ્વામીશ્રી ચારેચાર જગ્યાએ ટ્રેક્ટરમાંથી નીચે ઊતર્યા. સનાતન સંસ્કૃતિના પ્રત્યેક ઉપાસ્ય સ્વરૂપો વિષે તેઓને આવો પૂજ્યભાવ હતો!

આ નગરયાત્રા દોરાની માધ્યમિક શાળાના પ્રાંગણમાં વિરમી ત્યારે વિદ્યાર્થીઓએ બે હરોળમાં ઊભા રહીને લાકડીઓ ધરી સ્વામીશ્રીનું વિશિષ્ટ સ્વાગત કર્યું. ત્યારબાદ સ્વામીશ્રીના હસ્તે જ આ માધ્યમિક શાળાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ઉદ્‌ઘાટનવિધિ બાદ પ્રાસંગિક સભા થઈ.

આ સામાજિક કાર્યક્રમ પૂરો કરીને સ્વામીશ્રી પધરામણીએ નીકળ્યા. પધરામણીઓ બાદ ગામના મંદિરમાં પધારી હરિભક્તોને કથાલાભ આપ્યો. કથા બાદ ભોજન કરીને રાત્રિસભા સાડા નવ વાગ્યે શરૂ થઈ તે રાત્રે સાડા બાર વાગ્યે વિરામ પામી. આમ, દિવસના છેલ્લા છ કલાકમાં સ્વામીશ્રીએ ત્રણ સત્સંગ-સભાઓ કરી. આ હતી તેઓની કથાવાર્તા કરવાની બેનમૂન શ્રદ્ધા.

બીજા દિવસે એવી જ શ્રદ્ધાથી તેઓએ ૬૦ પધરામણીઓ કરી ત્યારે સૌ બોલી ઊઠ્યા: 'श्रद्धामयोऽयं पुरुषः।'[૨૬] શ્રદ્ધાનું સાકાર સ્વરૂપ એટલે સ્વામીશ્રી! તેઓને દેવો-અવતારોમાં શ્રદ્ધા; કથાવાર્તા કરવા-સાંભળવામાં શ્રદ્ધા; પધરામણીઓ કરવામાં શ્રદ્ધા.

આવી શ્રદ્ધાથી દોરાતાં તેઓ, તા. ૨૬/૨ના રોજ દોરાથી સીમલિયા પધાર્યા. અહીં પણ તેઓ પ્રાથમિક શાળામાં બાળકોને આશીર્વાદ આપવા માટે

---

૨૬. श्रीमद्‌भगवद्‌गीता – १७/३.

ગયા. પ્રાથમિક-માધ્યમિક શાળાઓમાં પધારવાનું આમંત્રણ જ્યારે પણ સ્વામીશ્રીને મળતું ત્યારે તેઓ સમય કાઢીને અવશ્ય ત્યાં પધારતા. તેઓ સમજતા કે નદીના ઉદ્‌ગમસ્થાનમાં જો અમૃત રેડવામાં આવે તો આખી નદી અમૃતમય બની જાય અને ત્યાં જો ઝેર રેડાય તો આખી નદી વિષમય બની જાય. તેથી જીવનસરિતાના ઉદ્‌ગમસ્થાન સમાન બાળ-યુવાવસ્થાને તક મળે ત્યારે અમૃતપાન કરાવવાનું તેઓ ચૂકતા નહીં. તેઓની આવી અમૃતધારાનું આચમન કરીને ઊછરેલો ફાલ સમાજની શોભારૂપ બની રહેતો.

## કહેતાં આવે કેમ પાર રે

સિમલિયામાં ત્રીસ પધરામણીઓ કરીને સ્વામીશ્રી ઠીકરિયા પધાર્યા.

અહીં મણિભાઈના નવા મકાનના ઉપલા માળે જમવા બિરાજેલા તેઓએ નોંધ્યું કે 'પત્રવ્યવહારની સેવામાં રહેતા પાર્ષદ જમવા માટે બેઠા નથી.' તેથી તેઓએ એ પાર્ષદને બોલાવી લાવવા એક હરિભક્તને જણાવ્યું.

તે આવ્યા એટલે સ્વામીશ્રીએ પૂછ્યું: 'કેમ, જમવું નથી ?'

'ના, સ્વામી ! ભૂખ નથી.'

'કેમ ભૂખ નથી ? સવારે તમે નાસ્તો નથી કર્યો. આજે સુદ તેરસ છે એટલે ઉપવાસ પણ ન હોય.[૨૭] તો કેમ જમવું નથી ? પત્તર લાવો. એમ ન ચાલે. જમી લ્યો.' સ્વામીશ્રીએ માની મમતાથી વાત મૂકી.

પરંતુ તે પાર્ષદને જમવાની ઇચ્છા જ નહોતી. તેથી કહ્યું: 'પત્તર પોટલામાં છે અને પોટલું ગાડીની ઉપર બાંધેલું છે.'

આ સાંભળી સ્વામીશ્રીએ તરત જ ડ્રાઇવરને બોલાવ્યા અને કહ્યું: 'આ ભગતનું પોટલું લઈ આવો.'

પોટલું આવ્યું. પત્તર નીકળ્યું. પેલા પાર્ષદ જમવા બેઠા પણ રુચિ ન હોવાથી થોડું જમીને પત્તર ધોવા ગયા. પરંતુ મકાન નવું, તેથી ઉપલા માળે નળ કે બાથરૂમની વ્યવસ્થા થઈ નહોતી. તે વખતે ગૅલેરીમાં રહેલી એક ચોકડી તે પાર્ષદના ધ્યાનમાં આવી. ત્યાં પડેલી બાલદીમાં પાણી પણ હતું. તેથી તેઓ ત્યાં પત્તર ધોવા જવા લાગ્યા. બરાબર તે જ વખતે સ્વામીશ્રી બહારથી અંદર આવી રહેલા. તેઓએ પાર્ષદને જોતાં જ પૂછ્યું: 'જમી લીધું ?

---

૨૭. દર સુદ તેરસના દિવસે સંતો મુંડન કરાવતા હોય છે અને જે દિવસે મુંડન થાય તે દિવસે ઉપવાસનો નિષેધ ભગવાન સ્વામિનારાયણે કર્યો છે.

પત્તર ધોઈ લીધું ?'

'ના, સ્વામી ! તે ધોવા માટે જ જઉં છું.'

સ્વામીશ્રી તો આટલું સાંભળી અંદર જતા રહ્યા. પેલા પાર્ષદે એક હરિભક્તને પત્તર ધોવડાવવા વાત કરી. પરંતુ તેટલામાં તો સ્વામીશ્રી જાતે જ અંદરથી પાણી ભરેલો લોટો લઈ આવ્યા. પાર્ષદને એમ કે 'તેઓને કોગળા કરવા હશે.' પણ સ્વામીશ્રી કહે : 'ચાલો ભગત ! પત્તર ધોવડાવું.'

આ સાંભળી પેલા પાર્ષદ ચોંકી ગયા. તેઓ કહે: 'આપ રહેવા દો સ્વામી ! આ હરિભક્ત ધોવડાવી દેશે.'

'ના, ચાલો. હું ધોવરાવી દઉં. એટલા માટે તો પાણી ભરીને લાવ્યો છું.'

'બાપા ! અમારે આપની સેવા કરવાની હોય. તે તો થતી નથી ને આપ સેવા કરો તે મને કેવી રીતે ગમે ?'

'તેમાં શું ? આ તમે ભેગા ફરો છો, ટપાલ લખો છો, કથાવાર્તા-કીર્તન કરો છો એ સેવા જ છે ને ! માટે વાંધો નહીં...'

એમ કહેતાં સ્વામીશ્રીએ તે પાર્ષદને તેઓનું પત્તર ધોવરાવ્યું. તે વખતે ધોવાતા પત્તરમાંથી ઢળતા પાણીની સાથે આ દૃશ્ય જોનારાની આંખોમાંથી પણ પાણી ઢળવા લાગ્યું. એ પાણીના પ્રત્યેક ટીપા કહી રહેલા કે *'હેતે પ્રીતે નિત્યે સુખ આપિયાં, તે તો કે'તાં આવે કેમ પાર રે...'*

## મધરાતનાં સામૈયાં

ઠીકરિયામાં ઠાકોરજી જમાડ્યા બાદ સ્વામીશ્રીને અહીંથી ઠેઠ ખેડા જિલ્લામાં આવેલા સીંજીવાડા ગામે જવાનું હતું. તે માર્ગે તેઓ પાલેજ અને વડોદરા થઈને બોચાસણના પાદરે આવ્યા ત્યારે રાત્રિના અગિયાર વાગી ગયેલા. આ સમયે ઠાકોરજી તો પોઢી ગયા હોય, છતાં તેઓએ ગાડી મંદિર તરફ લેવડાવી. રસ્તે આવતાં મંદિરોને તેઓ કદાપિ ઓળંગતા નહીં. તે મુજબ મંદિરના સભામંડપમાં પધરાવેલી મૂર્તિઓનાં દર્શન-દંડવત કર્યાં. સ્વામીશ્રીની પધરામણીના સમાચાર મળતાં જ, એકત્રિત થઈ ગયેલા સંતો-ભક્તોને સુખ આપીને તેઓ નીકળ્યા અને રાત્રે સાડા બાર વાગ્યે સીંજીવાડા પહોંચ્યા.

તે વખતે અહીં તો સ્વામીશ્રીના સ્વાગતમાં ૭૦૦ હરિભક્તો તત્પર ઊભેલા. સ્વામીશ્રી પધારતાં જ ઢોલ-ત્રાંસાં ગગડી ઊઠ્યાં, જયનાદો ગુંજી રહ્યા અને કિટ્સન લાઇટના અજવાળે નગરયાત્રાનો પ્રારંભ થયો. રાત્રિનું નીરવ

વાતાવરણ 'સ્વામિનારાયણ' મહામંત્રના મધુર નાદથી ગાજવા લાગ્યું. આખા ગામમાં ફરીને રાત્રે એક વાગ્યે તે નગરયાત્રા સ્વામિનારાયણ મંદિરે વિરમી ત્યારે ત્યાં સ્વાગત-સભાનો તખતો ગોઠવાઈ ગયેલો. તેથી સ્વામીશ્રી તે સભામાં બિરાજ્યા, સૌના હારતોરા સ્વીકાર્યા અને આશીર્વાદ પાઠવી દોઢ વાગ્યે આરામમાં પધાર્યા.

ભક્તોનાં જીવન અજવાળવાં તેઓ આમ મધરાતના ઉજાગરા વેઠીને પણ વિચરણ જારી રાખતા. રાત્રે મોડું થયું હોવા છતાં તેઓ બીજા દિવસની સવારે તો સમયસર પરવારી ગયા અને સીંજીવાડામાં ૬૫ પધરામણીઓ કરી ત્રાજ, માતર, ખેડા, રઢુને પાવન કરતાં સારંગપુર આવી પહોંચ્યા.

## લોકોપકારક કથા-સંમેલનો

સારંગપુરમાં તા. ૧/૩ના રોજ ફૂલદોલોત્સવ ઊજવી સ્વામીશ્રી તાજપુર, બોટાદ, મૂળી થઈને વઢવાણ પધાર્યા. અહીં તા. ૫/૩ની સવારે નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પ્રતિષ્ઠિત કરી તેઓ મેમકા પહોંચ્યા.

અત્રે ગામના થોડા પણ નિષ્ઠાવાન ભક્તોથી પારાયણનો માહોલ સારો જામેલો. તેમાં આત્યંતિક કલ્યાણ માટે જરૂરી મુદ્દાઓને આચરણના જોરે અને અનુભવના બોલે સ્વામીશ્રીએ સમજાવ્યા ત્યારે શ્રોતાગણ મંત્રમુગ્ધ થઈ ગયો. પૂર્ણાહુતિ ટાણે તો સ્થાનિક ઉપરાંત આસપાસનાં ગામોમાંથી ૮,૦૦૦ હરિભક્તો-ભાવિકો લાભ લેવા દોડી આવેલા. તે વખતે ગામધુમાડો બંધ રાખીને આખા ગામને જમાડવામાં આવ્યું. સર્વત્ર જયજયકાર થઈ ગયો.

સ્વામીશ્રીના સાંનિધ્યમાં ગામોગામ થતાં આવાં કથા-સંમેલનો અનેક રીતે ઉપકારક બની રહેતાં. પ્રથમ તો તેના આયોજન માટે ગામમાં કાર્યરત વિવિધ ધાર્મિક-સામાજિક મંડળો ભેગાં મળતાં. તેથી સંઘનિષ્ઠાને પુષ્ટિ મળતી. સૌ નાની-મોટી સેવામાં જોડાતા. તેથી સેવા-સહકારના સદ્‌ગુણો સીંચાતા. આખા ગામની શેરીઓ સ્વચ્છ અને સુશોભિત થતી. કથાવાર્તા અને પધરામણીઓથી કેટલાંયનાં વ્યસનો દૂર થતાં અને જીવનમાં પૂજા-પાઠ, દેવ-દર્શન વગેરે સ્થાન પામતાં. આમ, ગામની આંતર-બાહ્ય શુદ્ધિ થતી. સમૂહ ભોજનના કાર્યક્રમો દ્વારા સૌ એકમેકની નજીક આવતા અને પરસ્પર ભાઈચારાની ભાવના કેળવાતી. સનાતન ધર્મના આવા ભવ્ય મેળાવડાઓથી અધર્મીઓના હાથ હેઠા પડતા અને ગામમાં સંસ્કૃતિની સુગંધ અકબંધ રહેતી.

ગામોગામનાં સત્સંગ મંડળો આવાં પારાયણો નિમિત્તે એકબીજાનાં ગામોમાં જતા. તેથી સત્સંગમાં પણ એકતાના તાણાવાણા મજબૂત બનતા. મુખ્ય તો સ્વામીશ્રીના શબ્દો અને સાંનિધ્યથી જીવના આત્યંતિક કલ્યાણનો માર્ગ મોકળો બનતો. સમાજમાં પ્રાણવાયુનું પ્રમાણ જાળવી રાખવા વૃક્ષોનાં વાવેતર જેટલાં જરૂરી છે, તેમ સમાજમાં સદ્‌ગુણોની માત્રા ટકાવી રાખવા આવાં કથા-સંમેલનો પણ એટલાં જ જરૂરી ખરાં તે સૌને સમજાઈ જતું.

## સમતા અને સામર્થ્યની સુવાસ

મેમકાના પારાયણ બાદ સ્વામીશ્રી વઢવાણમાં આચાર્યશ્રીને મળીને ભલગામડા પધાર્યા. અત્રે તા. ૧૪/૩ની સવારે બાઈઓના મંદિરમાં મૂર્તિ-પ્રતિષ્ઠા કરી ભાદરા પહોંચ્યા.

અહીં તેઓ તા. ૧૫/૩ની સવારે ગુણાતીતાનંદ સ્વામીના જન્મસ્થાને ઊભેલા ઓટાની બાજુમાં પ્રાતઃપૂજા માટે બિરાજેલા. ગણ્યો-ગાંઠ્યો ભક્ત-સમુદાય આસપાસ ગોઠવાઈને તેઓનાં દર્શનમાં મગ્ન બનેલો. તે સમયે સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સારું; તેથી તપની માળા, પ્રદક્ષિણા, દંડવત વગેરે બધી ક્રિયા કરતા. હરિભક્તો તે દરેક ક્રિયાનાં દર્શનનો આનંદ માણતા. પૂજા બાદ સ્વામીશ્રી પ્રાસાદિક પુષ્પો પણ હરિભક્તો પર નિશાન સાંધીને ઉછાળતા.

આજે પણ આ ક્રમ ચાલ્યો. તે જોઈને ત્યાં બેઠેલા સાત-આઠ વર્ષની ઉંમરના રમેશ ખોલિયાને ઓશિયાળો વિચાર આવ્યો કે 'અહીં તો મોટા મોટાને જ લાભ મળે છે. આપણને તો સ્વામી ઓળખતાંય નથી તે શું ફૂલ આપે ?!'

એ નાનકડા બાળકના મનમાં વીજળીની ગતિથી આ વિચાર ઝબકી ગયેલો. પણ સ્વામીશ્રીએ તે પકડ્યો હોય તેમ તે જ સમયે તે બાળક પર દૃષ્ટિ ઠેરાવીને તેની પર પડે તેમ પુષ્પ ઉછાળ્યું. એ બાળકને તો આવા ત્વરિત પ્રતિસાદની કોઈ કલ્પના જ નહીં, એટલે ફૂલ ઝીલવાની પણ સજ્જતા નહોતી. તેથી ફૂલ તેના ખોળામાં જઈને પડ્યું. તે જોઈને એ બાળક ખુશ થઈ ગયો. તેણે એ ફૂલને હરખાતાં હરખાતાં હાથમાં લીધું. ગોળ ગોળ ફેરવતાં તેને જોવા લાગ્યો. એ ફૂલની પાંખડીએ પાંખડીએથી છૂટતી ફોરમ જાણે સમજાવતી હતી કે 'સ્વામીશ્રીથી કશું અજાણ્યું નથી અને તેઓને નાના-મોટાના કોઈ ભેદ પણ નથી.'

સ્વામીશ્રીના સામર્થ્ય અને સમતાની સુવાસ પ્રસરાવતું એ ફૂલ તે

બાળક માટે અમૂલ્ય મૂડી બની ગયું. એ ફૂલથી બાળકના જીવનમાં સત્સંગ એવો પાંગર્યો કે વયસ્ક થતાં તેણે ઘર-ઘરેણાં સહિત પોતાનું સર્વસ્વ સ્વામીશ્રીને સમર્પિત કરી દીધું; પોતાના બેય દીકરાઓ પણ !!

## દર્શનથી દુઃખ દૂર જ થાશે

ભાદરાથી ગોંડલ પધારેલા સ્વામીશ્રીની વૈશ્વિક પ્રતિભામાં આ વખતે બે પરદેશી અંજાઈ ગયેલા. નામ એમનાં – હન કૉપ અને પૉલ કૉપ.

હૉલેન્ડથી પોતાની જીપ લઈને વિશ્વપ્રવાસે નીકળેલા આ બંને ભાઈઓ મોમ્બાસા પહોંચ્યા ત્યારે અહીંના એકેએક ધર્મસ્થાનોની મુલાકાતે ગયેલા. મુલાકાતના એ ક્રમમાં એક સાંજે મોમ્બાસા સ્થિત આપણું મંદિર હન કૉપની નજરે ચઢ્યું અને એ પવિત્ર સંકુલની સાદગીએ જાણે કામણ કર્યું. આ વિદેશીને મંદિરમાંથી તેજકિરણો છૂટતાં હોય તેમ જણાયું. તેથી તે મંદિરમાં પ્રવેશ્યા. ત્યાં બિરાજેલી યોગીજી મહારાજની ચિત્રપ્રતિમામાં, વિશેષ તો યોગીજી મહારાજની આંખોમાં તેઓએ એવું અદમ્ય આકર્ષણ અનુભવ્યું કે તેઓને મળવાનું મન આ ડચ યુવાનને થઈ આવ્યું. પરંતુ જ્યારે ખબર પડી કે 'યોગીજી મહારાજ તો પરલોક સિધાવી ગયા છે', ત્યારે હન કૉપની નિરાશાનો પાર ન રહ્યો.

આ જ સમયે તેઓ હરિભક્ત શ્રી સી. ટી. પટેલના સંપર્કમાં આવ્યા. તેઓ દ્વારા સ્વામીશ્રીનો મહિમા સમજાતાં વિશ્વપ્રવાસનો કાર્યક્રમ મોકૂફ રાખી બંને ભાઈઓ દરિયાઈ માર્ગે પોતાના વાહન સાથે સીધા મુંબઈ આવી પહોંચ્યા. અહીં દાદરમાં આવેલા 'અક્ષર ભુવન'માં તેઓને મહંત સ્વામીનો ભેટો થઈ ગયો. તેઓ દ્વારા સ્વામીશ્રીનો વિશેષ મહિમા સમજી આ બંને ભાઈઓ સ્વામીશ્રીને મળવા ગોંડલ દોડી આવ્યા. જો કે, તેઓ ગોંડલ પહોંચ્યા ત્યારે મુસાફરીનાં થાક અને ભૂખથી સખત પીડાતા હતા.

પરંતુ અહીં સ્વામીશ્રીનાં દર્શન થતાં જ હન કૉપને 'My hunger vanished, my tiredness vanished, my apprehensiveness vanished, my doubt vanished, all of these in a single moment...' એક જ ક્ષણમાં થાક-ભૂખ અને ભય-શંકા શમી ગયાનો આશ્ચર્યકારી અનુભવ થયો ! તન અને મનની પીડાના આ શમન સાથે જ અંતરમાં અવર્ણનીય શાંતિ પણ વ્યાપી વળી. સાક્ષાત્કારની ક્ષણ તરીકે જાણે આ ઘડી તેઓના અંતરમાં

જડાઈ ગઈ. મોમ્બાસામાં નીરખેલી યોગીજી મહારાજની મૂર્તિની ઝાંખી પણ તેઓને સ્વામીશ્રીમાં મળી આવતાં, યોગીજી મહારાજને મળવાની ઇચ્છા શમી ગઈ.

તેથી સ્વામીશ્રી સાથે હન કોપને એવી સુવાણ થઈ ગઈ કે તેઓએ કંઠી પહેરી નિત્યપૂજા શરૂ કરી દીધી! એક તબક્કે તો તે 'શું હું સાધુ બની શકું?' એમ પોતાનો મનોરથ પણ સ્વામીશ્રી સમક્ષ વ્યક્ત કરી બેઠા.

મોગરાની મહેંક દેશી-પરદેશી સૌને એકસરખી જ અનુભવાય; તેમ સ્વામીશ્રીની સાધુતાની સુગંધ કેડિયું-ચોયણો ચઢાવનારા કે ટી-શર્ટ, જીન્સ પહેરનારાને સરખી જ અનુભવાતી. તેથી આ પરદેશી બંધુઓ સ્વામીશ્રી સાથે ઘણા દિવસો સુધી રોકાયા. તેઓ રોજ પોતાની 'ગિટાર' અને વાંસળી પર સ્વામિનારાયણની ધૂન વગાડ્યા કરે. મંદિરમાં થતી આરતીમાં પણ જાય. ભલે ગુજરાતી ન સમજાય છતાં કથા-વાર્તામાંય બેસે.

થોડા સમય બાદ સ્વામીશ્રીએ જ આ હૉલેન્ડવાસી ભાઈઓને ગુજરાતનાં મંદિરોની યાત્રાએ મોકલી આપ્યા. તે પ્રવાસ પૂરો કરીને બંને પુનઃ સ્વામીશ્રી પાસે આવી ગયા. સ્વામીશ્રી સાથે જ તેઓ સ્વામિનારાયણ જયંતીના સમૈયા પર અમદાવાદ આવી પહોંચ્યા.

## માનનીયના સન્માનનીય

સ્વામિનારાયણ જયંતી નિમિત્તે અમદાવાદ પધારેલા સ્વામીશ્રીનો લાભ લૂંટવા તા. ૨૩/૩ની સાંજે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ઘનશ્યામભાઈ ઓઝા આવેલા. તેઓએ પ્રાસંગિક વાર્તાલાપમાં પોતાના નિવાસસ્થાને પધરામણી કરવા સ્વામીશ્રીને વિનંતી કરી. આ આમંત્રણને સ્વીકારી સ્વામીશ્રી તા. ૨૭/૩ની સવારે તેઓના ઘેર પધાર્યા ત્યારે મુખ્યમંત્રીએ ઠાકોરજી અને સ્વામીશ્રીના પૂજન-આરતી કરીને સુશાસન માટે આશીર્વાદ માંગ્યા. અધ્યાત્મ અને સમાજસેવાના માધ્યમથી રાજ્યની સેવા કરી રહેલા સ્વામીશ્રીની પણ ઘણી પ્રશંસા કરી. સ્વામીશ્રી આ તમામ યશના અધિકારી શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજને ગણાવી જ્યારે વિદાય થયા ત્યારે મુખ્યમંત્રી તેઓને વિદાયમાન આપવા માટે છેક દરવાજા સુધી આવેલા અને પોતાનો આદર પ્રગટ કરેલો.

અહીંથી સ્વામીશ્રી સેક્ટર-૨૨માં ચાલતી સત્સંગ-મંડળની સભામાં

સંભારણું આપી, ન્યૂ સિવિલ હૉસ્પિટલમાં પધાર્યા. અત્રે ગુજરાતના મૂક લોકસેવક શ્રી રવિશંકર મહારાજને મોતિયો ઉતરાવેલો. તેઓના ખબર-અંતર પૂછીને સ્વામીશ્રી ખેડા પહોંચ્યા. અહીંના કલેક્ટરશ્રીને પણ કોડ હતા – તેઓની પધરામણી પોતાના ઘેર કરાવવાના. તેઓનો મનોરથ પૂર્ણ કરી સ્વામીશ્રી સોખડા, મહુધા થઈને તા. ૨૮/૩ના રોજ નડિયાદ પધાર્યા.

અહીંના એક નામાંકિત સોલિસિટરને ઓરતા હતા કે 'સ્વામીશ્રીના પગલાં મારે ઘેર થાય.' તેઓએ આ પ્રસંગે પાંચસો જેટલા મિત્રો-સંબંધીઓને પણ બોલાવેલા. ધામધૂમથી તેઓએ સ્વામીશ્રીને સત્કાર્યા, પૂજ્યા અને ધન્યતા અનુભવી.

આમ, ગામોગામ અને શહેરે-શહેરે માનનીયના સન્માનનીય થઈને વિચરતા સ્વામીશ્રીએ બોચાસણમાં તા. ૨૯/૩ના રોજ હજારો હરિભક્તોની હાજરીમાં ચૈત્રી પૂનમનો સમૈયો ઊજવ્યો. ઉત્સવ-સભા બાદ સૌ હરિભક્તોએ દર્શનનો લાભ લીધો. કેટલાકે પૂજન કરીને ધોતિયાં ઓઢાડ્યાં.

દુનિયાના કોઈ આગેવાનમાં ભાગ્યે જ જોવા મળે એવી આ પણ એક આગવી રીત સ્વામીશ્રીએ અપનાવેલી – સભામાં ઉપસ્થિત ભાવિકોને વ્યક્તિગત દર્શન આપવાની ! એકનું એક સ્થળ હોય પણ ત્યાં દિવસમાં ત્રણ સભા થાય તો ત્રણેય સભા પછી સ્વામીશ્રી મંચની ધારે આવીને બેસતા અને જેટલા ઉપસ્થિત હોય તે સૌને વ્યક્તિગત મળવાની તક આપતા. કો'કને કંઠી પહેરવાની હોય, કો'કની લટ લેવાની હોય, કો'કને વ્યસન છોડાવવાનું હોય ! આશીર્વાદનો હાથ તો દરેકની પીઠ કે માથે મૂકવાનો જ હોય, કારણ કે તો જ આવનારને સંતોષ થાય. કો'ક તો એ વખતે સીધી ચિઠ્ઠી જ સ્વામીશ્રીના હાથમાં મૂકીને સમાધાન પૂછે. સ્વામીશ્રી પણ અનુકૂળ હોય તો ત્યાં જ વાંચીને ત્યાં જ ખુલાસો કરી દે. અનુકૂળતા ન હોય તો પછી પ્રત્યુત્તર મોકલાવે. સભા પછી ક્યારેક તો સતત ત્રણ-ત્રણ કલાક સુધી તેઓ પલાંઠી વાળીને બેસી રહે ! ધીરજ, પ્રેમ, કરુણા, સંયમ વગેરે કેટકેટલા સદ્‌ગુણોનો સરવાળો થાય ત્યારે આમ બેસી શકાય ! પ્રયોગ કરવા ખાતર પણ હજાર - બે હજાર વાર હાથને ઉપર-નીચે કરવાનો અખતરો કરીએ તો જ સ્વામીશ્રીની આ કરુણા કે આ પ્રેમ કે આ ધીરજ કે આ ભીડાને સમજી શકાય એમ છે. તોય સંપૂર્ણ તો નહીં જ, કારણ કે આપણે તો આ કસરત પ્રાયોગિક; પણ સ્વામીશ્રીને તો આ કાયમી ક્રમ !

## જેનું સ્મરણ કરતાં સંકટ શમે

ચૈત્રી પૂનમના સમૈયા બાદ સ્વામીશ્રી ત્રણ-ચાર દિવસ સુધી બોચાસણમાં રોકાવાના હતા. અહીંથી જ હવે પેલા પરદેશી બંધુઓ હન કૉપ અને પૉલ કૉપ આગળ પ્રસ્થાન કરવાના હતા. વિદાયની આ વેળાએ સ્વામીશ્રીએ તેઓને ભાથું બંધાવતાં કહ્યું: 'અમને ભૂલશો નહીં.'

સ્વામીશ્રીનું આ ટચૂકડું વાક્ય હન કૉપ માટે જીવનદોરીરૂપ બની રહેવાનું છે તેનો ખ્યાલ એ વખતે તો કોઈને નહોતો. પરંતુ સ્વામીશ્રીથી વિખૂટા પડીને જ્યારે આ બંધુબેલડી કરાચીના દરિયાકિનારે પહોંચી ત્યારે તેઓને એક દિલધડક અનુભવ થયો.

અહીંના રેતાળ તટ પર તંબૂ ખોડીને રોકાયેલા આ બંને ભાઈઓ વાજિંત્રવાદન, સમુદ્રસ્નાન, ખરીદી, સાહિત્યવાંચન વગેરે પ્રવૃત્તિઓમાં પોતાનો સમય વ્યતીત કરી રહેલા. તે વખતે એક દિવસ કેટલાંક બાળકો દરિયાના છીછરા પાણીમાં પોતાની ટ્યૂબ સાથે રમવા આવી ચડ્યાં. પરંતુ થોડી વારમાં જ દરિયાનાં મોજાંની થપાટે કેટલીક ટ્યૂબો પાણીમાં સરકી જતાં બાળકો બેબાકળાં થઈ બૂમાબૂમ કરવાં લાગ્યાં. તે જોઈ મદદરૂપ બનવાના હેતુસર હન અને પૉલે ટ્યૂબો લઈ આવવા દરિયામાં ઝંપલાવ્યું, પણ આજનાં ઊંચાં મોજાં અને સુસવાટાબંધ પવન આ બંને ભાઈઓના તરણ-કૌશલ્યની પરીક્ષા કરનારા નીકળ્યાં. છતાં બાવડાં વીંઝતાં હને દરિયામાં ઘણે અંદર જઈ એક ટ્યૂબને તો હાથવગી કરી જ લીધી અને તેમ કરવામાં પડેલા સખત શ્રમને હળવો કરવા ટ્યૂબ પર સહેલવાનું શરૂ કર્યું.

તેઓ આ મજા માણવામાં મસ્ત હતા ત્યાં જ આજુબાજુનું પાણી ઊકળતું હોય તેમ ઉછાળા મારવા લાગ્યું. હન કૉપે કારણ જાણવા આજુબાજુ જોયું તો તેઓના હોશકોશ ઊડી ગયા! એક ભયંકર શાર્ક માછલી વીજળીની ઝડપે તેઓની ચારેબાજુ જડબું ફાડીને ઘૂમી રહી હતી. જાણે મૃત્યુ જ મંડરાઈ રહેલું!

તે જોઈ હન કૉપે દૂર રહેલા પોતાના ભાઈને ઇશારા દ્વારા ચેતવવા પ્રયત્ન કર્યો. એટલામાં તો મૃત્યુનું પેલું ખુલ્લું જડબું ફક્ત દસ ફૂટ દૂર જ આવી ગયું! તેથી છટકવા હન કૉપે બૂમો પાડતાં પાડતાં પાણી પર પોતાના હાથ પછાડવાનું શરૂ કર્યું, કારણ કે તેણે તેના કાકા પાસેથી જાણેલું કે 'શાર્કને અવાજ પસંદ નથી હોતો.'

પરંતુ સામે આવીને ઊભેલી શાર્ક જાણે બહેરી નીકળી! તેની પર હનના ધમપછાડાની લેશ અસર ન થઈ હોય તેમ તે ઘૂમરાતી જ રહી. કાંઠે ઊભેલાં બાળકો નજર સામે દુઃસ્વપ્ન સમો આ ખેલ બિલકુલ લાચાર અને નિઃસહાય થઈને જોઈ રહેલાં.

બરાબર એ સમયે હન કોપને અનાયાસે સ્વામીશ્રીના શબ્દો યાદ આવ્યા – 'અમને ભૂલશો નહીં.'

આ શબ્દોની સાથે જ હનના માનસપટ પર સ્વામીશ્રીની છબી પણ ઉપસી આવી. આ તસવીર જ જાણે તેઓના માટે સુરક્ષાકવચ બની ગઈ હોય, તેમ તે જ ક્ષણે આ હૉલેન્ડવાસી હન સંપૂર્ણ ભયમુક્ત બની ગયા. ગોંડલમાં સ્વામીશ્રીનાં દર્શનનો જાદુ અનુભવનાર તેઓને આજે સ્વામીશ્રીના સ્મરણ-માત્રમાં પણ કેટલી તાકાત છે તેનો પરિચય થઈ રહ્યો!

*'જેનું સ્મરણ કરતાં સંકટ શમે...'* એવા સ્વામીશ્રીના કેવળ સ્મરણથી જ હન જાણે પોતાની જાત, ઉપર ચમકતો સૂર્ય, ચોપાસ ઊછળતાં પ્રચંડ મોજાં – સઘળું વીસરી ગયા. તેઓને જીવલેણ શાર્કની હાજરી અને ભય પણ નજરમાં ન રહ્યાં. સ્વામીશ્રીની સ્મૃતિથી તેઓના શરીરમાં એવું તો જોશ પ્રગટી ગયું કે તેઓ ગજબનાક ગતિથી તરતાં તરતાં કિનારે આવી ગયા. અહીં હેમખેમ પહોંચતાં જ તેઓ સ્વામીશ્રીને મનોમન ઝૂકી પડ્યા અને જોરદાર નાદ ગજવતાં પોતાના તારણહાર સ્વામીશ્રીનો આભાર માનવા લાગ્યા.

સ્વામીશ્રીનું સ્મરણ તેઓના માટે આજની હોનારતમાં જ નહીં, પણ જિંદગીમાંયે અસાધારણ વળાંક લાવનારું બની રહ્યું. આ ક્ષણથી તેઓની શ્રદ્ધા વધવા લાગી, સ્વામીશ્રી વિશેનું જોડાણ દૃઢ થવા માંડ્યું અને શ્રીજીમહારાજ વિશેનો લગાવ તો આસમાનની બુલંદીએ પહોંચી ગયો! આ જ હન કોપ માટે મોટો ચમત્કાર બની રહ્યો. તેઓના શબ્દોમાં કહીએ તો 'The real miracle, however, is not that He saved me from shark 's teeth. He saved me from going astray.' – પ્રમુખસ્વામી મહારાજે મને શાર્કના મોંમાંથી બચાવ્યો તે કરતાંય તેઓએ મને અવનતિના માર્ગેથી બચાવ્યો એ જ ખરો ચમત્કાર છે.

આ રીતે પોતાના અલ્પ સંસર્ગમાં આવનારની પણ *'તુરત ઉતારે તીર, પીર સબ જારી હૈ'*ની જેમ સ્વામીશ્રીએ રક્ષા કરી. તેઓના સ્મરણ-સહવાસથી માનવીના આ લોક અને પરલોક, બેય સુધરતા.

## પ્રવર્તન પહેલાં પરિવર્તન

બોચાસણથી નીકળેલા સ્વામીશ્રી ભાદરણ, વિદ્યાનગર, આણંદ, સારસા, ખંભોળજ, પંડોળીને લાભ આપતાં વાસણા જવા નીકળેલા. તે રસ્તે પુનઃ બોચાસણ આવતાં તેઓએ વાહન મંદિર તરફ લેવડાવ્યું અને ઠાકોરજીનાં દર્શન કર્યાં. બોચાસણથી વિદાય લીધે હજી તો એક અઠવાડિયું પણ પૂરું થયું નહોતું, છતાં *'નેણાં રોક્યાં નથી રહેતાં રે...'*ની જેમ તેઓ પધારી ગયા. રોમ-રોમ શ્રીજીમહારાજ બિરાજતા હોવા છતાં તેઓને મૂર્તિનાં દર્શનની તાણ સદાય રહેતી.

આવા ભક્તિભરપૂર સ્વામીશ્રી તા. ૭/૪ના દિવસે વાસણામાં પાંત્રીસેક પધરામણીઓ કરીને બોરસદ, નીસરાયાને પાવન કરતાં તા. ૮/૪ની સાંજે પાદરાના પાદરમાં પહોંચ્યા.

આ ગામ તેઓની વિદ્યાભૂમિ! તેથી સાડા ત્રણ દાયકા પૂર્વેના શાંતિલાલ આજે જગત આખાના લાલ બનીને પધારી રહ્યા છે તે જોવા પાદરાની ગલીએ ગલીએ ભીડ મચી રહી. વિદ્યાર્થીમાંથી મહારથી બનેલા સ્વામીશ્રીને સૌએ પુષ્પ, અક્ષત વગેરે માંગલિક ઉપચારોથી વધાવ્યા.

અહીંથી તા. ૯/૪ના રોજ તેઓએ સૌ સત્સંગીઓને પત્ર દ્વારા એક અનેરો આદેશ આપતાં જણાવ્યું કે –

*મહાન પુરુષોનું જીવન એ જ ઉપદેશ છે. થોડું બોલીને પોતાના વર્તન દ્વારા હજારોને ધર્મને માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે. સ્વામીશ્રી યોગીજી મહારાજે આધ્યાત્મિક ક્ષેત્રમાં જે કાર્ય કર્યું તેમાં તેમના અતિ પવિત્ર અને વિશુદ્ધ જીવનની જ અસર જણાય છે. તેમની જન્મજયંતી પ્રસંગે સર્વને એ જ આદેશ કે આપણે આપણું જીવન એવું બનાવવું જેથી બોલ્યા વિના પણ શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો મહિમા દેશ-પરદેશમાં પ્રવર્તે.*

શ્રીજીમહારાજની જેમ સ્વામીશ્રી પણ 'વર્તન વાતો કરશે' સિદ્ધાંતના જ હિમાયતી હતા. પંડના પરિવર્તનથી સત્સંગનું પ્રવર્તન – આ હતી તેઓની પ્રચાર-પ્રસારની પદ્ધતિ!

આ રીતે વિચરતાં તેઓ પાદરાથી નીકળીને ઘાયજ, ગોરિયાદ, સેજાકૂવા,

આમળા, રાજુપુરા થઈને તા. ૧૦/૪ની સાંજે સરસવણી જવા નીકળ્યા.

## ખબર ન રહી !

રાજુપુરાથી સરસવણીના માર્ગે મોટર જઈ શકે તેમ ન હોવાથી સ્વામીશ્રી, ડૉક્ટર સ્વામી, નારાયણ ભગત વગેરે ગાડામાં ગોઠવાયેલા.

આ પ્રદેશ આખો દડ(ધૂળ)નો; તેથી મજલ પૂરી થયે ગાડેથી નીચે ઊતરીને ધોતિયાં-ગાતરિયાં ખંખેરો તો ખોબો ભરીને ધૂળ ભેગી થાય ! તેમાંય સ્વામીશ્રીને ગાડું હાંકનારાની બાજુમાં બેસવાનું થતું. તેથી તેમને 'ડબલ' લાભ મળતો ! એક તો ગાડું દોડે ત્યારે બળદના પાદસંચારથી ઊડતી ધૂળ સીધી જ તેઓનાં આંખ-મોં અને વસ્ત્ર ભરતી. બીજું, બળદ ચાલતાં થાકે ને પેશાબ કરે ત્યારે તેનું પૂંછડું વીંઝે ! તેથી તે 'અભિષેક' પણ સ્વામીશ્રી પર અનેક વાર થયા કરતા !

આજે આ રીતે ચાલી રહેલી મુસાફરી દરમ્યાન ધીરે ધીરે સંધ્યા ઢળી રહેલી. છતાં આછાં અજવાળે સ્વામીશ્રી ગાડામાં બેઠાં બેઠાં પત્રવાંચન કરી રહેલા ! ગાડાના હડદોલાં ખાતાં ખાતાં પત્રો વાંચનારા તેઓ જેવા બીજા કોઈ નહીં હોય ! સંધ્યા થઈ હોવાથી સ્વામીશ્રીના પત્રવાંચનમાં વિક્ષેપ ન થાય એ રીતે સહપ્રવાસીઓએ ધીમે સાદે 'ગોડી'[૨૮] ગાવાનું શરૂ કર્યું; પરંતુ તે પદોના શબ્દો કાને પડતાં જ સ્વામીશ્રી પત્ર સમેટી લેતાં પોતે પણ મંજુલ સ્વરે ગાવા લાગ્યા. 'ગોડી'નાં પદો પૂરાં થયાં એટલે આરતી અને આરતી બાદ અષ્ટકો પણ સ્વામીશ્રી ભગવાનમાં એકતાર થઈને નેત્રો મીંચી એકધારા બોલ્યે જતા હતા.

તેમાં છેલ્લે *'શોભો સાધુગુણે...'* એ તેઓની સ્તુતિ શરૂ થઈ. સ્વામીશ્રી ભજનમાં એવા તલ્લીન થઈ ગયેલા કે આ સ્તુતિ પણ સ્વયં ગાવા લાગ્યા. તેથી સહપ્રવાસીઓ ધીરે ધીરે પોતાનું ગાવવું બંધ કરી, બ્રહ્મની સ્તુતિ બ્રહ્મના મુખે સાંભળવાનો આ અલભ્ય લહાવો લૂંટવા લાગ્યા. પરંતુ એ સ્તુતિમાં છેલ્લી પંક્તિ *'નારાયણસ્વરૂપદાસ ગુણીને...'* આવતાં જ સ્વામીશ્રીની સમાધિ તૂટી ! તેઓને ખ્યાલ આવ્યો કે 'આ તો પોતાની જ સ્તુતિ ગવાઈ રહી છે !'

---

૨૮. સ્વામિનારાયણ સંપ્રદાયમાં સંધ્યા આરતી શરૂ થાય તે પહેલાં *'સંત સમાગમ કીજે...', 'સંત પરમ હિતકારી...', 'હરિ ભજતાં સુખ હોય...', 'યૂં હી જન્મ ગુમાત...'* એ ચાર પદો ગાવાની પ્રણાલિકા છે. તે 'ગોડી'નાં પદો ગણાય છે.

તેથી તેઓએ સાથે બેઠેલા સંતો સામે જોયું. તે સૌ હસી પડ્યા ત્યારે સ્વામીશ્રી પણ ક્ષોભમિશ્રિત હાસ્ય વેરતાં બોલ્યા: '...આવું લોલેલોલમાં ચાલ્યું ગયું! ખબર ન રહી!' એમ કહી ઘણી રમૂજ કરી.

તે વખતે તેઓના હાસ્યની એ લાલિમાથી સંધ્યા સમયનું આકાશ પણ લાલ થઈ ગયું! 'બ્રહ્મ'નો આનંદ અવની-આકાશમાં સર્વત્ર છવાઈ ગયો!

## ભીડાની ભઠ્ઠીમાં ફોરમતું ગુલાબ

બ્રહ્મના આનંદમાં તા. ૧૨/૪ની સાંજે સરસવણી ગામ તરબોળ થયેલું.

અહીં ૩૫ પધરામણીઓ કરીને સ્વામીશ્રી વીરપુર, મેઢાદ, તાજપુરા, લુણા, જાસપુર, લતીપુરા, સારીંગ, શાહપુર, ભરથાણા વગેરે ગામોને પાવન કરતાં માત્રોજ પધાર્યા.

અત્રે તા. ૧૮/૪ના રોજ પ્રાથમિક શાળાના સંકુલનું ઉદ્ઘાટન કર્યા બાદ, તેઓ કરજણ, કારવણ વગેરે ગામોમાં પધરામણીઓ કરતાં કરતાં કુનપુરા પહોંચ્યા ત્યારે તા. ૧૮/૪ના દિવસે સ્વામીશ્રીએ ખેડેલું એ છઠ્ઠું ગામ હતું! છતાં અહીં આરામમાં જતાં પહેલાં તેઓએ રાત્રે પોણા બાર વાગ્યા સુધી જાહેર-સભામાં બિરાજીને લાભ આપ્યો!

પોલાદને પણ પિગાળી નાંખે એવી ભીડાની ભઠ્ઠીમાં સ્વામીશ્રી ગુલાબની જેમ ફોરમતા રહેલા એ આશ્ચર્ય પૃથ્વી રહેશે ત્યાં સુધી રહેવાનું!

આ આશ્ચર્યમાં સૌને ગરકાવ કરતાં તેઓ સારસા પધાર્યા ત્યારે આ ગામ પારાયણના માહોલમાં ઝૂમી રહેલું.

અહીં પારાયણ યોજવાનો સંકલ્પ યોગીજી મહારાજનો હતો, પરંતુ તેઓનું ધામગમન થતાં ગામના સૌ ભક્તોએ સ્વામીશ્રીને તેઓની અનુકૂળતા મુજબ પારાયણનો લાભ આપવાની પ્રાર્થના કરેલી. સત્પુરુષની રુચિ અનુસાર આયોજન કરવાની ગામની આ ભાવના જોઈને પ્રસન્ન થયેલા સ્વામીશ્રીએ, રાજીપાના ફળરૂપે પવિત્ર અધિક માસમાં જ પારાયણનો કાર્યક્રમ ગોઠવી આપેલો. તે મુજબ તા. ૨૦/૪થી અત્રે પારાયણનો પ્રારંભ થવાનો હતો. આ પ્રસંગે સ્વામીશ્રીએ મુંબઈથી મહંત સ્વામી વગેરે આઠ સંતોને પણ આવવા આજ્ઞા કરી હતી.

પારાયણના પ્રાતઃસત્રમાં નારાયણ ભગત 'હરિલીલાકલ્પતરુ'ના આધારે તથા મહંત સ્વામી 'વચનામૃત'ના આધારે કથાલાભ આપતા. સાયં-

સત્રમાં 'હરિલીલામૃત' તથા 'સ્વામીની વાતો'નું પારાયણ થતું. તેમાં ડૉક્ટર સ્વામી અને અન્ય સંતો લાભ આપતા. રાત્રિસત્રમાં પણ વિવિધ કાર્યક્રમો યોજાતા. આ સૌમાં સ્વામીશ્રીના આશીર્વાદનો લાભ દૂધપાકમાં કેસરની જેમ ઘોળાતો. દિવસ દરમ્યાન તેઓ પધરામણીઓ પણ કરતા. આમ, પારાયણ અને પધરામણીના બે કિનારા વચ્ચે સારસા સરવા લાગ્યું !

## છેક સુધી મૂકી જઈશું

સારસાના પારાયણના મધ્યમાં એક દિવસ પૂરતો કડીનો કાર્યક્રમ એકાએક ગોઠવાયેલો. ત્યાં જવા માટે રાત્રે નવ વાગ્યે સ્વામીશ્રીની ગાડી ભાગોળે આવી ત્યારે રાત્રિના અંધારામાં એમની નજર વિદ્યાનગરના છાત્રાલયમાં રહેતા યુવકો કિરીટભાઈ અને રાજેન્દ્રભાઈ પર પડી. તેઓ સ્વામીશ્રીનો લાભ લઈને વિદ્યાનગર પરત પહોંચવા વાહનની રાહે ઊભા હતા. તેઓને જોતાં જ સ્વામીશ્રીએ ગાડી ઊભી રખાવી. યુવકો પણ તેઓ પાસે દોડી આવ્યા. વિગત જાણી સ્વામીશ્રીએ પૂછ્યું: 'તમે વિદ્યાનગર કેવી રીતે જશો ?'

'કાંઈક વાહન મળી જશે !'

પણ ત્યારે – 'તમે અમારી સાથે બેસી જાઓ, તમને વિદ્યાનગર છોડીને આગળ જઈશું;' એમ કહેતાં સ્વામીશ્રીએ એ બેય યુવકોને પોતાની ગાડીમાં બેસાડી દીધા. તેઓને વિદ્યાનગર સુધી મૂકવા માટે સ્વામીશ્રીને હાઇ-વે પર દોડનારી પોતાની ગાડીને શહેરના અંતરિયાળ રસ્તાઓ પર લાવવી પડી. તેને કારણે ગાડીની ગતિમાં આવેલી મંદતા સ્વામીશ્રીનું કડી પહોંચવાનું વિલંબમાં નાંખે તેમ હતી. છતાં સ્વામીશ્રીને એ અવરોધ પસંદ હતો, પણ યુવકો વાહનની રાહ જોતાં બસ સ્ટેન્ડ પર ઊભા રહે તે મંજૂર નહોતું.

પેલા બે યુવાનો સ્વામીશ્રીની આ મમતાને મમળાવી રહેલા ત્યાં જ આણંદનો ટાઉનહૉલ આવી ગયો. તેથી યુવકોએ કહ્યું: 'બાપા ! હવે અમે જતા રહીશું. આપ આગળ પધારો.'

'એમાં વાંધો નહીં. છેક સુધી મૂકી જઈશું.' આમ કહેતાં સ્વામીશ્રીએ ગાડીને છાત્રાલયના ઝાંપે લાવી ઊભી રખાવી. યુવાનો નીચે ઊતર્યા. સ્વામીશ્રીને પગે લાગ્યા. સ્વામીશ્રીએ પણ પોતાનો પ્રેમાળ હાથ તેઓના નીચે નમેલા મસ્તક પર પસવાર્યો અને 'હવે શાંતિથી સૂઈ જાઓ' કહેતાં વિદાય

લીધી. પણ સ્વામીશ્રીના પ્રેમપાશમાં જકડાઈ ગયેલા આ યુવાનો તો સ્વામીશ્રીની ગાડી પાછળ ઝબકતી લાલ બત્તી દેખાતી બંધ ન થઈ ત્યાં સુધી પોતાના પગ જ ઉપાડી ન શક્યા. તેઓ 'છેક સુધી સાથે રહેનારા' સ્વામીશ્રીને નિહાળી જ રહ્યા.

## આજે પણ નહીં, ભવિષ્યમાં પણ નહીં

વિદ્યાનગરથી ખેડા થઈને સ્વામીશ્રી રાત્રે સાડા બાર વાગ્યે કડી પહોંચ્યા.

અહીં તા. ૨૩/૪ની સવારે નગરપાલિકા દ્વારા આમ જનતા માટે મુકાનાર ઠંડા પાણીના મશીનનું ઉદ્‌ઘાટન સ્વામીશ્રીએ કર્યું ! તેઓના હાથે કેવાં કેવાં કાર્યો સંપન્ન થયાં છે તેની યાદી કોઈ બનાવશે ત્યારે તેમાં 'અક્ષરધામ'ના ઉદ્‌ઘાટનની સાથે સાથે આ વૉટર કૂલરના ઉદ્‌ઘાટનને પણ સ્થાન આપવું પડશે. તે વખતે આ બે અંતિમો સ્વામીશ્રીના હાથનો ખરો પરિચય આપતાં સૌને સમજાવશે કે જે સ્વામીશ્રી સૂર્ય બનીને વિશ્વને ઝળાંહળાં કરી શકતા, એ ટમટમિયું બનીને ઝૂંપડું પણ અજવાળી શકતા !

વૉટર કૂલરનું ઉદ્‌ઘાટન કરીને સ્વામીશ્રીએ 'આરોગ્ય નિકેતન' હૉસ્પિટલનું ઉદ્‌ઘાટન કર્યું. અહીંના કાર્યક્રમમાં કોઈ પધરામણી ગોઠવાઈ નહોતી, પરંતુ માળામાં જેમ દરેક મણકામાં દોરો હોય જ, તેમ સ્વામીશ્રીના જીવનમાં પણ દરેક કાર્યક્રમમાં પધરામણીઓ તો આવી જ જતી ! તે અનુસાર વીસ પધરામણીઓ કરી તેઓ કુંડાળને પાવન કરતાં અમદાવાદ પધાર્યા. અહીં સત્સંગ મંડળ તરફથી ન્યાયમૂર્તિ શ્રી અરુણ સુરતીના સત્કાર સમારંભમાં આશીર્વાદ આપી ડભાણ પધાર્યા.

અત્રે બીમારીમાં કણસતા બેચરભાઈનો આર્તનાદ અંતર્યામી સ્વામીશ્રી સુધી પહોંચી ગયેલો. તેથી વિચરણની વ્યસ્તતામાં પણ તેઓને આશ્વાસન અને આશીર્વાદ આપવા માટે તેઓના ઘેર જઈ પહોંચ્યા !

કામકાજમાં કદાચ માતા સંતાનની સૂધ લેવાનું ભૂલી જાય એમ બને, પણ સ્વામીશ્રી અણથક વિચરણમાંય હરિભક્તોની કાળજી લેવાનું ભૂલતા નહીં.

ડભાણથી નીકળેલા સ્વામીશ્રી રાત્રે નવ વાગ્યે સારસા આવી ગયા ત્યારે એક દિવસમાં છ ગામો-શહેરો તેઓની પદરજથી પાવન થઈ ચૂકેલાં.

આ અને આવા કેટલાય પ્રસંગોના સાક્ષી બનનાર મહંત સ્વામીએ લખ્યું છે :

*'જ્યારે જ્યારે હું સ્વામીશ્રીનાં દર્શન કરું છું ત્યારે ત્યારે એ જ દેખાઈ આવે છે કે એમણે શરીરના કૂચા બોલાવી નાંખ્યા છે. કાંઈ રહ્યું જ નથી. હું ઘણી વાર દેશ-વિદેશમાં પધરામણી અને વિચરણમાં એમની સાથે રહ્યો છું. બધાને સ્વામીશ્રીને જ મળવું હોય. બધી જવાબદારી એમના શિરે! દૈહિક અને માનસિક બંને ભીડા તેમણે વેઠવાના! દરેકનું મન સાચવીને કામ કરવાનું. વિચિત્ર માણસો - જડ અને દાવો કરનાર પણ આવે. હક જમાવનાર અને ફરજ પાડનાર પણ આવે. આપણા શબ્દોમાં કહીએ તો ત્રાસ જ લાગે. સંતો-હરિભક્તોની જવાબદારી, સંસ્થાકીય વહીવટની જવાબદારી! રાત હોય કે દિવસ, ગમે તેવી તબિયત હોય કે ગમે તેવી ઋતુ હોય, પ્રવૃત્તિઓ તો એકધારી ચલાવ્યા જ કરવાની! આવું તો કેટકેટલુંય આંખ સામે તરવરે. એ વિચાર કરતાંય ધ્રૂજી જવાય. આશ્ચર્યમાંથી ઊંચા જ ન અવાય. છેલ્લા કેટલાય સમયગાળામાં સંપ્રદાયમાં કે સંપ્રદાય બહાર, વિપરીત સંજોગોમાં અને મુશ્કેલીઓમાં આવો ભીડો વેઠનાર બીજા કોઈ નહીં હોય કે ભવિષ્યમાં પણ કોઈ વેઠશે નહીં!'*[૨૯]

ખરેખર, સ્વામીશ્રી 'न तत्समो नाभ्यधिकश्च ।'ની જેમ એક અને અદ્વિતીય હતા.

## સાચા સંત સગાં સહુ જનનાં

તા. ૨૬/૪ના રોજ સારસામાં પારાયણની ભવ્ય પૂર્ણાહુતિ કરી, ઓડ, આણંદ, ભાદરણ થઈને બામણગામ પધારેલા સ્વામીશ્રી, અહીં રાત્રિસભામાં લાભ આપી આરામમાં ગયેલા, પણ થોડા સમયમાં વીજળી ગુલ થઈ ગઈ. વીજળીના ધાંધિયાને લીધે પંખા વગેરે ઉપકરણો શોભાના ગાંઠિયા જેવા બની રહ્યાં. વળી, એ દિવસોમાં સૂરજદાદાની કૃપા ઘણી વરસી રહી હોવાથી ઘરમાં ગરમીનો પ્રકોપ વધુ લાગતો હતો. તેથી સ્વામીશ્રીએ વિચાર્યું કે 'અગાશી પર જઈને સૂઈએ.'

તે માટે તેઓ પથારીમાં બેઠા થયા. આજુબાજુ જોયું તો સેવકો ઘસઘસાટ સૂતા હતા. આખો દિવસ સ્વામીશ્રીની તેજ ગતિ સાથે તાલ મિલાવવામાં

---

૨૯. 'જેવા મેં નીરખ્યા રે...' ભાગ - ૪; સાધુ કેશવજીવનદાસ, પ્રકા. – સ્વામિનારાયણ અક્ષરપીઠ.

હાંફતા રહેતા સેવકોનાં શરીર અત્યારે થાકનો બદલો બરાબર વાળી રહેલાં. એટલે સ્વામીશ્રીએ તેઓને જગાડ્યા નહીં. પોતે જ ગાદલું ઉપાડ્યું અને કોઈને ખલેલ ન પહોંચે તેમ હળવે પગલે દાદરા ચઢીને અગાશીમાં જઈ સૂઈ ગયા.

બીજા માટે પાર વિનાની તકલીફો ઉઠાવનાર સ્વામીશ્રી પોતા તરફથી બીજાને કોઈ તકલીફ ન પડે તેની આટલી હદ સુધી તકેદારી રાખતા! આ વિગત જ તેઓને દુનિયાદારીથી નોખા તારવતી રહેતી.

આવા જગથી નિરાળા સ્વામીશ્રીએ બામણગામમાં શ્રીજીમહારાજના પ્રાસાદિક સ્થાન પર તૈયાર થયેલી છત્રીમાં તા. ૨૮/૪ની સવારે ચરણારવિંદની પ્રતિષ્ઠા કરી. તેઓના વરદહસ્તે વધુ એક સાંપ્રદાયિક સ્થાન ચિરંજીવ થયું! વધુ એક શ્રીહરિ-ચરિત્ર અમર બન્યું!

આ પ્રતિષ્ઠાવિધિ બાદ ગંભીરા પહોંચેલા સ્વામીશ્રી તા. ૨૯/૪ના રોજ ઘરોઘર ઘૂમી સૌને સત્સંગ તથા સંસ્કારની દીક્ષા આપવા લાગ્યા. આ ગામમાં તે સમયે માછી અને હરિજન જ્ઞાતિની વસ્તી પણ હતી. તે સૌનો મનોરથ હતો કે 'સ્વામીશ્રીનાં ચરણ આપણાં ઝૂંપડામાં આવે.' ઘરના આંગણામાં શોભાસ્પદ અને સ્વાસ્થ્યપ્રદ તુલસીક્યારો કોને ન ગમે?! તેમ તીર્થોત્તમ સ્વામીશ્રીનાં પગલાં કોણ ન ઇચ્છે? તેથી આ માછી અને હરિજનભાઈઓએ સ્વામીશ્રીને પોતાના ઝૂંપડે પધારવા અરજ કરેલી. સ્વામીશ્રીએ તે માન્ય રાખતાં સૌ અત્યંત ગેલમાં આવી ગયેલા.

તેઓએ પોતાનાં ઝૂંપડાં પાસે મંડપો ખોડી દીધા. સજાવટ તો તેઓ શું કરે? પણ માછીવાસ, હરિજનવાસ આખો સ્વચ્છ કરી દીધો. તેમાં ફાવે એમ રંગોળીઓ પૂરી. પાંદડાંનાં તોરણો લટકાવ્યાં. જ્યારે સ્વામીશ્રી પધાર્યા ત્યારે સૌએ આ અધમોદ્ધારકને ઉમંગથી વધાવ્યા અને સ્વામીશ્રીનાં ચરણ ઝૂંપડે-ઝૂંપડે ફરવા લાગ્યાં. તે વખતે એકેએક માછીનું મન અને હરિજનનું હૈયું ગાઈ રહેલું: *'સાચા સંત સગાં સહુ જનનાં રે, ઉદાર છે અપાર મનના રે...'*

જ્યારે સ્વામીશ્રી આ વાસમાં પધાર્યા ત્યારે ઘર અને ગલીઓ સ્વચ્છ હતાં, પરંતુ જ્યારે તેઓએ વિદાય લીધી ત્યારે ઘર અને ગલીઓ શુદ્ધ પણ હતાં. ક્યાંકથી દારૂ તો ક્યાંકથી તમાકુ, ક્યાંકથી અંધશ્રદ્ધા તો ક્યાંકથી ચોરી-છિનાળીએ ચાલતી પકડેલી. તે વખતે અંત્યોદયના ઝંડાધારીઓથીયે કંઈક અધિક દૈવત આ ભગવાંધારીમાં સૌ જોઈ રહ્યા.

## બદલપુરમાં પ્રેમનાં પૂર

ગંભીરામાં ૮૫ પધરામણીઓ કરીને સ્વામીશ્રી સૈજપુરને લાભ આપતાં તા. ૩૦/૪ની સાંજે બદલપુર પધાર્યા ત્યારે તેઓના જીવનનું ૫૧મું વર્ષ ચાલી રહેલું. તેથી સ્વાગતમાં સર્વત્ર ૫૧નું સામ્રાજ્ય દેખાતું હતું.

નગરયાત્રામાં શ્વેત સાફામાં સજ્જ થયેલા ૫૧ હરિભક્તો, હોમગાર્ડ્ઝના ૫૧ સભ્યો, મસ્તકે કેસરી ફેંટા વીંટાળેલા ૫૧ ભાલાધારી હરિભક્તો, ગાડાંઓને આગળ વધારી રહેલી ૫૧ બળદોની જોડી, ૫૧ સાઇકલધારી, ૫૧ કમાનો – આમ, એકાવનની આણ સર્વત્ર ફેલાયેલી હતી. કળશધારી મહિલાવૃંદ, બૅન્ડ-વાજાં, પોલીસ બૅન્ડ વગેરે પણ નગરયાત્રાના ભાગરૂપે હતાં. નગરયાત્રાના પ્રાણરૂપ સ્વામીશ્રી માટે હંસાકાર આસન ગાડામાં બનાવેલું.

આવી વૈવિધ્યસભર નગરયાત્રાનું આરંભબિંદુ હતું – ખડોધી. ત્યાંથી હરિપુરા, રાવપુરા ગામો વટાવીને નગરયાત્રા બદલપુરમાં વિરમી ત્યારે બે માઇલનો પંથ કપાઈ ચૂકેલો.

ઠેર ઠેર થતાં સ્વામીશ્રીનાં આવાં સ્વાગતમાં નર્યો ભક્તિભાવ નીતરતો.

શહેરની શેરીઓ કે ગામની ગલીઓને ધમરોળતાં વરઘોડાઓ અને રેલીઓ-સરઘસોમાં ક્યાંક છાને-છપને કે ક્યાંક તો ઉઘાડેછોગ સ્વાર્થની ગંધ પરખાતી રહે છે. ક્યાંક તો સામેથી જ આવાં જુલૂસ કાઢવાના આદેશો અપાય છે. આવી શોભાયાત્રામાં આવનારા અને વધાવનારા – બંને અપેક્ષાઓની અંબાડી પર બેઠેલા હોય છે. ક્યારેક તો સરઘસોને ભરાવદાર બનાવવાં આયાત કરાયેલા ટ્રકબંધ માણસો બટાટાની ગૂણીઓની જેમ ઠલવાય છે. બટાટાની જેમ તેઓ પણ અમુક 'ભાવે' ખરીદાયેલા હોય છે.

આવાં કૈંક દૂષણોથી જોજનો દૂર હતી સ્વામીશ્રીની નગરયાત્રાઓ!!

પ્રથમ તો આ યાત્રાઓ સ્વયંભૂ રહેતી. બીજું કે, તે સાર્વજનિક રહેતી. વરઘોડામાં ઘોડે ચડેલાનાં સગાં-વહાલાં જ હોય કે નેતાની યાત્રામાં પોતાના પક્ષના જ હોય તેવું અહીં નહોતું. સ્વામીશ્રીની નગરયાત્રામાં તો દરેક વર્ગ-વર્ણના મનુષ્યો ઉમટતા.

આ યાત્રાને વધાવવા ઊભેલામાં ગૌરવ હોય, ગર્વ નહીં. ખુમારી હોય, ઘમંડ નહીં. ભક્તિ હોય, અંધશ્રદ્ધા નહીં. સરળતા દેખાય, ભોળપ નહીં. વિલંબ થાય તોય અધીરાઈ ખૂટે નહીં. કીડિયારાની જેમ માણસો ઊભરાય

તોય સમ ખાવા પૂરતો કાંકરીચાળો થાય નહીં.

ગાંઠના પૈસા ખર્ચીને લોકો હાર પહેરાવે, પુષ્પો વરસાવે, તોરણો લટકાવે, મંડપો બાંધે. સ્વામીશ્રીનાં આસન-વાહનને ભાડૂતી કોન્ટ્રાક્ટરો દ્વારા નહીં પણ જાતે જ સજાવે. એ સજાવટમાં અજાણતાં કંઈક ભાંગે-તૂટે તો જીવ કકળી જાય. જ્યાં જુઓ ત્યાં આપસૂઝ, જાતમહેનત અને ભક્તિભાવથી તૈયારી થતી દેખાય.

જ્યારે સ્વામીશ્રી પધારે ત્યારે કોઈ જયનાદ કરે, કોઈ ધૂળમાં દંડવત કરે, કોઈ આરતી ઉતારવા લાગે, બાઈઓ છેટે બેસી પાલવ પાથરે, ઓવારણાં લેતી આંગળીઓના ટચાકા ફોડે. ...અને આ બધું ગામોગામ. એકના એક ગામમાં પાંચમી વાર સ્વામીશ્રી પધારે તોય...!!

ખરેખર, એકેએક પાસાથી અસાધારણ હતી એ નગરયાત્રાઓ!!

વર્ષો પહેલાં[૩૦] ભગવાન સ્વામિનારાયણ પ્રત્યેના પ્રજાપ્રેમને જોઈ બિશપ હેબરના હૈયેથી હાયકારો નીકળી ગયેલો કે '...how long a time elapse before any christian teacher in India can hope to be thus loved and honoured !' – ભારતમાં કોઈ ખ્રિસ્તી પાદરીને આવો પ્રેમ અને આદર મેળવવા ન જાણે કેટલો લાંબો સમય રાહ જોવી પડશે !

સ્વામીશ્રીની નગરયાત્રામાં ઊભરાતાં પ્રેમનાં પૂર જોઈને પણ કેટલાંય હૈયેથી આવા જ નિસાસા નીકળી જતા.

આ રીતે બદલપુરમાં પધારેલા સ્વામીશ્રીએ પારાયણ દરમ્યાન હરિપુરા, રાવપુરા, ખડોધી, ધુવારણ વગેરે ગામોમાં પધરામણીઓ અને નરસિંહપુરામાં શ્રીજીમહારાજના પ્રાસાદિક સ્થાને ચરણારવિંદની પ્રતિષ્ઠા પણ કરી હતી.

આમ, તેઓની જે-તે ગામની એક ખેપમાં ઘણું બધું ખેડાઈ જતું, વવાઈ જતું અને લણાઈ જતું.

## આ કાર્ય જબરજસ્ત ચાલશે

આ અરસામાં સ્વામીશ્રીના પ્રેમ-પુરુષાર્થથી યુવા-પ્રવૃત્તિ ઘટાદાર વટવૃક્ષની જેમ ખીલી રહેલી. તેની વિશેષ વૃદ્ધિ-શુદ્ધિ માટે સંસ્થામાં સૌપ્રથમ વાર 'યુવક સ્નેહ સંમેલન'નું આયોજન થયું હતું.

તે માટે બદલપુરથી ગાના પહોંચેલા સ્વામીશ્રીના વરદહસ્તે તા.

---

૩૦. સન ૧૮૨૫.

૬/૫ની સાંજે પાંચ વાગ્યે સંમેલનનો મંગલ દીપ પ્રગટી ગયો. ૭૫ ગામોના ૧,૦૦૦ યુવાનોએ આ ઐતિહાસિક ક્ષણને તાળીઓના પ્રચંડ ગડગડાટથી વધાવી લીધી.

તે સમયે સૌ પર આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'પૂજ્ય યોગીબાપાની દૃષ્ટિ છે તો આ કાર્ય જગતભરમાં જબરજસ્ત ચાલશે. સ્વામીનો સંકલ્પ જ કામ કરે છે. આપણે તો ટેકા કરવાના છે. યુવકો દ્વારા પણ આ કાર્ય થશે અને સંતો દ્વારા પણ આ કાર્ય વૃદ્ધિ પામશે...' આમ, ઉદ્‌ઘાટન પ્રવચનમાં સ્વામીશ્રીના મુખેથી અદ્‌ભુત આર્ષવાણી સરી પડી.

આ સંમેલનમાં ગોઠવાયેલાં પ્રશ્નોત્તર-શૈલીનાં બે સત્રો પૈકી, પ્રથમ સત્રમાં 'આદર્શ સંત' વિષયક મહંત સ્વામીએ લખેલ નિબંધનું વાંચન થયું. ત્યારબાદ તે મુદ્દાના આધારે મહંત સ્વામી અને યુવાનો વચ્ચે પ્રેરક પ્રશ્નોત્તરી પણ યોજાઈ.

## પ્રેમનો પ્રભાવ

'પરિચય-સત્ર' રૂપે યોજાયેલી આ સ્નેહ સંમેલનની દ્વિતીય સભામાં યુવક મંડળોના મુખ્ય કાર્યકરોનો વ્યક્તિગત પરિચય સ્વામીશ્રી સમક્ષ રજૂ થવાનો હતો. આ પરિચય-વિધિમાં મુંબઈના યુવાન નિરન્ન દવેને પણ હાજર રહેવાનું જણાવાયેલું, પણ તેઓ તો આ સભા વખતે ઉતારે જઈને સૂઈ ગયેલા. તેથી બીજા દિવસે તેઓનો પરિચય અપાયો. તેઓ જ્યારે આશીર્વાદ લેવા ગયા ત્યારે સ્વામીશ્રીએ આત્મીયતાથી પૂછ્યું: 'કાલે રાત્રે ક્યાં હતા?'

'થાકને લીધે સૂઈ ગયેલો.'

'બે-ત્રણ દિવસ ભીડો વેઠી લેવો. બધી સભામાં હાજર રહેવું.' સ્વામીશ્રીએ વહાલપૂર્વક શીખ આપી પણ ગેરહાજર રહેવા બાબતે કોઈ ઠપકો નહીં. મુખ પર પણ અણગમા-ઉપેક્ષાના કોઈ ભાવ નહીં. અપરાધભાવનો અહેસાસ કરાવે તેવી કોઈ ક્રિયા નહીં.

આ અનુભવથી એ યુવાનને સ્વામીશ્રી વિષે વિશેષ આકર્ષણ થયું.

પરંતુ આ યુવાનને અહીંનું ભોજન અનુકૂળ ન આવતાં, તેઓ રાત્રે જમવાને બદલે રસોડામાંથી ખાંડ માંગી ગામની ડેરીનું દૂધ પી લેતા. એક બપોરે તો તેઓ બીજા કેટલાક યુવાનો સાથે બસમાં બેસીને ખાસ જમવા જ આણંદ ગયેલા. તે વખતે સભા ચાલુ હતી. સભા-સ્થળેથી બસ-સ્ટેન્ડ

સ્પષ્ટતાથી જોઈ શકાય એમ હોવાથી સ્વામીશ્રીએ આ યુવાનને બસમાં ચઢતાં પણ જોયા હશે! છતાં તેઓએ એ યુવાનને માફ કરી દીધા. આ ઉદારતાએ નિરન્નના દિલ પર ચોટ લગાડી દીધી. તેઓને થયું: 'આ જ સાચો પ્રેમ.'

True love is an act of endless forgiveness.[૩૧] – સાચો પ્રેમ માફ કરવામાં છે. સ્વામીશ્રીના આ પ્રેમમાં પાગલ થયેલા તે યુવાને સમય જતાં પોતાનું જીવન તેઓનાં ચરણે સમર્પિત કરી દીધું.[૩૨] પરિચય-વિધિમાં ગેરહાજર રહેનાર એ યુવાન માટે સ્વામીશ્રી ચિરપરિચિત બની ગયા! આ હતો તેઓના પ્રેમનો પ્રભાવ!

## સ્નેહનો સ્વાદ

આ સ્નેહ-સંમેલનમાં મુંબઈથી આવેલા યુવાન વિનોદ મહેતા પણ અગવડની આંટીએ ચડી ગયેલા. ગુજરાતની ગરમી મુંબઈના સમશીતોષ્ણ વાતાવરણમાં ઊછરેલા આ યુવાનને કઠતી હતી. ગામડાંની ઊડતી ધૂળથી પણ તેઓ પરેશાન હતા. ધૂળ-ધૂપના આ બેવડા ભીડાના ભરડામાંથી ઊગરવા તેઓ બપોરે જમવાની પંગતમાં ન બેસતાં દૂર એક ઝાડના છાંયે જઈને બેઠા હતા. અહીં તેઓ કંઈક રાહતનો શ્વાસ લઈ રહેલા.

ત્યાં જ સ્વામીશ્રીની ગાડી નીકળી. તેઓએ આ યુવકને જોયા એટલે ગાડી ઊભી રખાવી. તે યુવક પણ તરત જ ઊભા થઈને સ્વામીશ્રી પાસે જઈ પહોંચ્યા. સ્વામીશ્રીએ તેઓને આમ એકલા અને એકાંતમાં બેસવાનું કારણ પૂછ્યું ત્યારે તેઓએ યથાતથ વિગત જણાવી દીધી.

તે સાંભળી સ્વામીશ્રીએ ગાડીનું બારણું ખોલ્યું અને તેઓને પોતાની સાથે લઈ લીધા. તેઓ એક હરિભક્તને ઘેર ભોજન અંગીકાર કરવા જ જઈ રહેલા. તે ઘેર સ્વામીશ્રીએ વિનોદને પણ પોતાની સાથે જ જમાડ્યા. અને હા, માત્ર આ એક ટાણાં પૂરતા જ નહીં, પણ એ યુવક જ્યાં સુધી રોકાયા ત્યાં સુધી સ્વામીશ્રી તેઓને પોતાનું ભોજન જ્યાં ગોઠવાયું હોય ત્યાં લઈ જઈને તેઓની ભોજન-વ્યવસ્થા કરતા રહ્યા! સ્વામીશ્રીના આ સ્નેહનો સ્વાદ તે યુવાનની દાઢમાં નહીં, દિલમાં વસી ગયો. જે હૃદયમાંથી નીકળે તે સીધું હૃદયમાં જ પ્રવેશે ને!

---

૩૧. Sir Peter Alexander Ustinov.

૩૨. તેઓનું દીક્ષિત નામ સાધુ આનંદસ્વરૂપદાસ રાખવામાં આવ્યું.

## તુમ સ્વામી હું ચેરો

સ્નેહ-સંમેલન દરમ્યાન સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનું આકર્ષણ યુવકોને ઘણું રહેતું. પરંતુ તેની વ્યવસ્થા હતી હરિભક્ત પુરુષોત્તમદાસના ઘરમાં! વળી, એ ઓરડામાં બંને બાજુની દીવાલોને અડીને અનાજનાં પીપડાં અડધાથી એક ફૂટ ઊંચી પાળી પર મૂકવામાં આવેલાં. તેથી જગ્યાની સંકડાશ સારી એવી રહેતી. છતાં સૌ ભાથામાં તીર ભર્યાં હોય એમ ગોઠવાઈ જતા.

એક સવારે યુવકો આમ દર્શનસુખ માણી રહેલા. થોડી વારમાં પૂજા સમાપ્ત થતાં સ્વામીશ્રીના સેવક કોઈ હરિભક્તની નિત્યપૂજા પ્રસાદીની કરાવવા લઈ આવ્યા. તે વખતે પૂજામાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની છબીઓ રહેતી; પરંતુ આ પૂજામાં સ્વામીશ્રીની છબી પણ હરિભક્તે મૂકેલી. તેથી કુલ ચાર છબીઓની થપ્પી સેવકે સ્વામીશ્રીને આપી.

સ્વામીશ્રીએ ઉપરની ત્રણેય છબીઓને થપ્પીમાંથી એક પછી એક અલગ-અલગ કાઢીને પ્રસાદીભૂત કરી. પણ છેલ્લે પોતાની છબી જોતાં જ જોરથી ઘા કરીને એવી ફેંકી કે તે છબી દીવાલે અડાડીને મૂકેલા પીપડાની છેક પાછળ જઈને પડી!

દર્શન માટે બેઠેલા સૌ સ્વામીશ્રીની આ ક્રિયા જોઈને સ્તબ્ધ જ થઈ ગયા!

ગુરુપદે બિરાજ્યાને દોઢ-દોઢ વર્ષ વીતી ગયાં છતાં સ્વામીશ્રીના જીવનમાંથી તો આ જ સૂર ઊઠતો હતો કે *'યહ લોક પરલોક, જહાં રાખો તહાં, તુમ સ્વામી હું ચેરો...'* તેઓના જીવનમાં સેવકભાવની સીમા એવી સજ્જડ હતી કે ગુરુભાવ તેઓમાં જીવનપર્યંત પ્રવેશી જ શક્યો નહોતો!!

### અશરણશરણ!

તા. ૭/૫ના રોજ સ્નેહ-સંમેલનની પૂર્ણાહુતિ બાદ પારાયણ નિમિત્તે તા. ૧૦/૫ સુધી ગાનામાં જ રોકાયેલા સ્વામીશ્રી ત્યારબાદ ખાંધલી, મહેળાવ, બોચાસણ થઈને વિદ્યાનગર પધાર્યા.

અહીં એક સવારે પ્રાતઃપૂજા બાદ તેઓ સામે બેઠેલા હરિભક્તોને પ્રાસાદિક પુષ્પો આપી રહેલા. તે વખતે જ તેઓએ અચાનક પાછું વળીને

જોયું અને દૂર બારણામાં ઊભેલી એક વ્યક્તિને બોલાવી.

આ જોઈ સૌને આશ્ચર્ય થયું કે 'તે વ્યક્તિ બારણે ઊભી છે તે સ્વામીશ્રી કેવી રીતે જાણી ગયા ?!' સ્વામીશ્રી પ્રાત:પૂજા માટે બેસી ગયા પછી તે વ્યક્તિ આવેલી અને સ્વામીશ્રી જે રીતે બેઠા હતા ત્યાંથી આ વ્યક્તિ કોઈ રીતે નજરે ચઢે એમ નહોતી. છતાં સ્વામીશ્રીએ તેને બોલાવેલી અને તે આવતાં જ અનેક હરિભક્તોની હાજરીમાં તેની સાથે પ્રેમથી પૂછપરછ કરવા લાગ્યા.

પેલી ગરીબ વ્યક્તિ વ્યાવહારિક ભીંસમાં હતી. તે કહી રહેલી કે 'હું ખેતી કરું છું. સાધારણ બળદની જોડ છે. તેમાંથી પૂરું થતું નથી.'

આ સાંભળી સ્વામીશ્રી કરુણાપૂર્વક બોલ્યા : 'સ્વામિનારાયણ ભગવાનની પાંચ માળા રોજ કરજો. ભગવાન સુખી કરશે.' એમ કહી માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા અને પ્રસાદીનું પુષ્પ પણ !

સ્વામીશ્રીનાં સત્ય અને સહાનુભૂતિથી સભર આ વચનોમાં તે ગરીબને શ્રદ્ધા બેઠી. તેને સંતોષ થઈ જતાં તે શાંતિથી ચાલી નીકળ્યો. પરંતુ એ કંગાલ સાથે સ્વામીશ્રીનો પ્રેમપૂર્વકનો વર્તાવ જોઈ સૌનાં હૈયે પંક્તિઓ સ્ફુરી આવી કે –

*'તુમ પ્રભુ અશરણ શરણ કહાયે,*
*જાકો કોઈ નહીં આ જગમેં, તાકે હો તુમ નાથ સહાયે...'*

## માનવ-શિલ્પના ઘડવૈયા

વિદ્યાનગરથી તા. ૧૨/૫ના રોજ સ્વામીશ્રી ૮૦ સંતો, યુવકો સાથે 'ગુજરાત એક્સપ્રેસ' દ્વારા મુંબઈ આવી પહોંચ્યા.

અહીં તેઓએ પવઈની 'અક્ષરનિકુંજ' વાડીમાં તા. ૧૫/૫, અખાત્રીજના રોજ અક્ષર-પુરુષોત્તમ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા કરી. પ્રતિષ્ઠા-ઉત્સવ બાદ પણ તેઓ સાંજ સુધી વાડીમાં જ રોકાયા. તે દરમ્યાન વાડી પાસે આવેલા ઊંચા ટેકરા પર પધારી તેઓએ ખૂબ આનંદ કરાવ્યો.

ત્યારબાદ દાદર મંદિરે પહોંચ્યા. ત્યાં તેઓને મળવા શામજી ભગત આવ્યા. મુંબઈમાં યોગીજી મહારાજની આજ્ઞાથી સંસ્કૃતનો અભ્યાસ કરતા આ પાર્ષદની સ્થિતિ 'આવી ફસ્યા ભ'ઈ, આવી ફસ્યા' જેવી હતી. તેથી તેઓએ સ્વામીશ્રીને પત્ર લખેલો કે 'સંસ્કૃત ભણી શકાય તે પ્રકારની બુદ્ધિ કે ગોખણ-શક્તિ મારી પાસે નથી. માટે બીજી કોઈ પ્રવૃત્તિ-સેવામાં કે ગામડે ફરવામાં

જોડાઈ જવું તે વધારે યોગ્ય લાગે છે.'

શબ્દે શબ્દે કંટાળો અને હતાશા લઈને આવેલા આ પત્રનો પ્રત્યુત્તર પાઠવતાં સ્વામીશ્રીએ લખેલું કે *'આપ બળ રાખશો. આચાર્ય થવાનો સંકલ્પ રાખવો અને તમોને યાદશક્તિ વધશે. અત્રે દર્શન કરી પ્રાર્થના તમારી કરી છે, તો રાજી રહેશો.'*

વ્યક્તિએ પોતા પરથી વિશ્વાસ ગુમાવી દીધો હોય છતાં સ્વામીશ્રી એ વ્યક્તિ પરનો વિશ્વાસ ગુમાવતા નહીં.

પરંતુ સ્વામીશ્રીનો જવાબ વાંચી પેલા પાર્ષદની મૂંઝવણ તો ઓર વધી ગયેલી! તેઓને અભ્યાસમાંથી છટકવું હતું, જ્યારે સ્વામીશ્રીએ તો નાઠાબારી બંધ કરીને આગળનું નિશાન પણ રોપી આપતાં તેઓએ નક્કી કરી રાખેલું કે 'સ્વામીશ્રી મુંબઈ આવે ત્યારે આ અંગે રૂબરૂ વાત કરીશ.'

તે મુજબ આજે લાગ જોઈને સ્વામીશ્રી પાસે પહોંચી ગયેલા એ પાર્ષદે વ્યથા ઠાલવતાં કહ્યું: 'આ જમાનામાં સંસ્કૃતના અભ્યાસથી કંઈ જ લાભ નથી. સંસ્કૃતને બદલે અંગ્રેજી અથવા સંગીત શીખીએ કે બીજી કોઈ પ્રવૃત્તિ કરીએ તો વધારે લાભ થાય.'

જમાનાની માંગનો ઢોળ ચડાવીને તે પાર્ષદે પોતાની પલાયનવૃત્તિ આમ રજૂ કરી. પરંતુ સ્વામીશ્રીએ તે ઢોળને ઘસતાં કહ્યું: 'આપણે જમાનાનું શું કામ છે? જમાનાને ગમે કે ન ગમે, આપણે બીજા કોઈ માટે થોડા સંસ્કૃત ભણીએ છીએ? બાપા રાજી થાય એ જ મોટો લાભ છે.'

'પણ સંસ્કૃત ભણવાને અનુરૂપ બુદ્ધિશક્તિ નથી તેનું કેમ કરવું?' પાર્ષદે ફરી ઢીલાશ બતાવી. પ્રોત્સાહકના ઉમંગ પર ટાઢું પાણી ફરી વળે એ રીતે તેઓ પાણીમાં બેસી ગયેલા.

પરંતુ સ્વામીશ્રીએ કહ્યું: 'આપણે એવું ક્યાં કહીએ છીએ કે અમુક પ્રકારનું જ ભણો! પણ જેટલી શક્તિ છે તેટલું, જેટલું ને જેવું ફાવે તેવું ભણવું; (યોગી)બાપા માટે ભણવું પણ અભ્યાસ મૂકવો નહીં.'

સ્વામીશ્રીએ આમ એ પાર્ષદના બુઝાતા દીવા આડે એવા હાથ રાખ્યા કે કોઈ વિચારોના વાયરા તેને ઓલવી શક્યા નહીં. સમયે સમયે દીવેટ-દિવેલનું પણ સ્વામીશ્રી એવું ધ્યાન રાખતા ગયા કે અંતે હામ હારી બેઠેલા એ પાર્ષદ પીએચ.ડી. થઈને રહ્યા![૩૩]

---

૩૩. તેઓનું દીક્ષિત નામ સાધુ પરમપુરુષદાસ રાખવામાં આવ્યું.

'मन्दोऽप्यमन्दतामेति संसर्गेण विपश्चितः।'[૩૪] – મહાન પુરુષોના સંસર્ગમાં મંદ માણસ પણ તેજ રફતારથી આગળ વધી જાય છે. સ્વામીશ્રીના સહવાસમાં અવાર-નવાર આ જોવા મળતું. સંતાનોને વિકસાવવા ઇચ્છતા વાલીઓ અને વિદ્યાર્થીઓને વિકસાવવા ઉત્સુક શિક્ષકો સ્વામીશ્રીના ચરિત્રમાંથી ઘણું શીખી શકે એમ છે.

## શાંત ક્રાંતિના પ્રણેતા

સ્વામીશ્રીના મુંબઈના રોકાણ દરમ્યાન પારાયણનો તાર સદા લાગેલો જ રહેલો. પણ તેમાં ધ્યાનાકર્ષક વિગત બની – તા. ૨૬/૬ થી ૨૮/૬ દરમ્યાન.

આ દિવસોમાં યુવકો દ્વારા પારાયણ યોજાયેલું. તેમાં યોગદાન અને આયોજન બધું જ યુવાનોનું હતું. જે જમાનામાં વ્યસન, વિલાસ અને નાટારંગ પાછળ યુવાનો પોતાનાં ગજવાં ખાલી કરતાં રહે છે, તે જમાનામાં કથા-વાર્તા માટે યુવાપેઢી ધનને ન્યોછાવર કરે તેમાં તે યુવાનોનો તો મહિમા છે જ; પરંતુ તે યુવાનોને આવા સર્જનાત્મક માર્ગે વાળનાર સ્વામીશ્રીની શક્તિનો પણ ખ્યાલ આ ઘટના આપે છે.

યુવાનો પાર્ટીઓ તરફ નહીં, પરંતુ પારાયણો તરફ વળે એ સ્વામીશ્રીએ સર્જેલી ક્રાંતિ જ હતી. લાઠીઓ વીંઝાય, તલવારોની ઝીંકાઝીંક થાય, લોહી રેડાય, જેલો ભરાય, સરઘસો નીકળે, સૂત્રોચ્ચારો પોકારાય ત્યારે જ ક્રાંતિ થાય તેવું નથી હોતું. કેટલીક શાંત ક્રાંતિઓ હોય છે કે જે માનવીને મારતી નથી, પણ બદલે છે. સ્વામીશ્રી એવી ક્રાંતિના પ્રણેતા હતા.

આ ક્રાંતિકૂચ કરતાં તેઓ મુંબઈના નિવાસ દરમ્યાન તા. ૩૧/૫ના રોજ નાસિક પધાર્યા. અહીં તેઓએ ગોદાવરીના જળમાં હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવ્યું. ત્યારબાદ નાસિક સ્ટેશન પાસે આવેલા 'મુક્તિધામ'નાં દર્શન કરી, રાત્રે બાર વાગ્યે પૂના પહોંચ્યા. અત્રે તા. ૧/૬ના એક જ દિવસમાં સૌને સંતોષ આપી, તેઓ તા. ૨/૬ના રોજ લોનાવલા, પનવેલ અને પાર્લામાં પધરામણીઓ કરતાં કરતાં રાત્રે આઠ વાગ્યે મુંબઈ મંદિરે પધારી ગયા.

અહીંથી સુરત, સાંકરી, અકોટીને લાભ આપતાં તા. ૫/૬ના રોજ વ્યારા આવેલા સ્વામીશ્રીના હસ્તે નૂતન મંદિરનું ખાતમુહૂર્ત થયું.

તે પછી બારડોલી, ભરૂચ, અડાસ, નડિયાદ થઈને યોગી જયંતીનો

---

૩૪. मालविकाग्निमित्रम् – ૨/૭.

ઉત્સવ ઊજવવા તેઓ ગોંડલ પધાર્યા.

## बालदेवो भव ।

સ્વામીશ્રીના ગોંડલ-નિવાસ દરમ્યાન તેઓના સાંનિધ્યમાં વેકેશન માણવા માટે ભાવનગરથી વિનોદ વગેરે પાંચ-સાત બાળકો આવી ચડેલા. તેઓ સવારથી રાત સુધી સ્વામીશ્રીની સાથે જ હરે-ફરે અને જ્યાં અવકાશ મળે ત્યાં સેવા કરતા રહે. તેને કારણે તે સૌને સ્વામીશ્રી સાથે મજબૂત સ્નેહસૂત્ર બંધાઈ ગયેલું. 'सतां सङ्गतं मनीषिभिः साप्तपदीनमुच्यते ।'[૩૫] – સત્પુરુષ સાથે તો સાત ડગલાં ચાલતાં જ મૈત્રી થઈ જાય છે. ત્યારે અહીં તો રાત-દિવસનું સાંનિધ્ય મળવાથી સ્વામીશ્રી સાથે એક મિત્રની જેમ આ બાળકો વાર્તાલાપ કરતાં ફરતા.

એક દિવસ તે સૌ દર્શન કરી રહેલા ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું: 'તમે બધા બાળસભામાં જાઓ છો?' આમ પૂછી સ્વામીશ્રીએ હેતનો હેતુ સિદ્ધ કરવા તરફ કદમ ઉપાડ્યું.

તેઓની આ વાત સાંભળી બાળકોએ કહ્યું: 'અમે દર ગુરુવારે બાળસભા કરીએ છીએ. પણ આ વખતે સભા પડશે.'

'કેમ પડે?'

'અમે અહીં છીએ તેથી!'

'તે સભા અહીં ન કરાય?'

'પણ બાપા! અમે થોડા છીએ.'

'થોડા તો થોડા. સભા તો થોડા હોય તો પણ થાય. તમે કરજો.'

'પણ સભા ક્યાં કરીએ?'

'શાસ્ત્રીજી મહારાજની રૂમમાં કરજો. ક્યારે કરશો?' આટલું કહી પોતે જ સમય આપતાં કહ્યું: 'ચાર વાગ્યે કરજો.'

'તમે આવશો?' બાળકો તો આંગળી આપતાં પોંચે વળગ્યા.

ત્યારે 'હા, હું આવીશ' કહી સ્વામીશ્રીએ વિલંબ વિના સંમતિ આપી દીધી.

...અને એ દિવસે સાંજે ચાર વાગ્યે શાસ્ત્રીજી મહારાજના પ્રાસાદિક ઓરડામાં ૫-૭ બાળકોની બાળસભા શરૂ થઈ. *'સ્વામી અને નારાયણ...*

---

૩૫. कुमारसम्भवम् – ૫/૩૯.

*અક્ષર અને પુરુષોત્તમ...*'ના કલનાદથી ઓરડો ગુંજ્યો.

ધૂન પછી જ્યાં પ્રાર્થનાનું ગાન શરૂ થયું ત્યાં જ સ્વામીશ્રી ઉપલા માળે આવેલા પોતાના ઓરડામાંથી નીચે બાળસભામાં પધાર્યા. પણ બાળકોએ સ્વામીશ્રી માટે આસન જેવું કાંઈ જ પાથર્યું નહોતું. એટલે એક બાળક દોડ્યો અને સભામંડપમાંથી ગાદી લઈ આવ્યો. તે પર જ્યારે સ્વામીશ્રી બિરાજ્યા ત્યારે એક સમયે સ્વામીશ્રીની ગુરુભક્તિ જોઈને[૩૬] ગદ્‌ગદ થઈ ગયેલો આ ઓરડો, આજે સ્વામીશ્રીની બાલભક્તિ જોઈને પુલકિત થઈ ઊઠ્યો!

'गुरुदेवो भव' 'ગુરુને દેવ સમાન જાણો'ની જેમ સ્વામીશ્રીએ 'बालदेवो भव' 'બાળકોને દેવ સમાન જાણો' સૂત્ર પણ પચાવ્યું હતું. જો તેમ ન હોય તો યોગી જયંતીના સમૈયામાં પાંચ હજારની મેદની વચ્ચે સિંહાસન પર બેસનાર સ્વામીશ્રી આમ પાંચ-દસ બાળકોની વચ્ચે કેવી રીતે પલાંઠી વાળી શકે ?!

તેઓએ બાળસભામાં પૂરેપૂરો સમય ફાળવ્યો. બાળકોની વાતો સાંભળી અને તેઓને વાતો સંભળાવી પણ ખરી! બાળકોને જીવનના અમૂલ્ય પાઠ ભણાવીને તેઓએ જ્યારે બાળસભામાંથી વિદાય લીધી ત્યારે વડલાની ડાળે પંખીઓ કિલ્લોલ કરતાં હોય તેવો આનંદ બાળકોમાં છવાઈ ગયેલો.

## त्वमेव सर्वं मम देवदेव !

તા. ૯/૬ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં બટુકોનાં યજ્ઞોપવીત-ધારણનો કાર્યક્રમ યોજાયેલો. આ વિધિ માટે આવેલા જયંતભાઈ ભટ્ટ અને તેઓના ચિરંજીવી હરિકૃષ્ણનું હૈયું હરખથી ઉછાળા મારી રહેલું.

સન ૧૯૭૦માં જ્યારે યોગીજી મહારાજ મહુવા પધારેલા ત્યારે આ બાળકની ઉંમર પાંચેક વર્ષની હતી. તે વખતે તેણે યોગીજી મહારાજને લાગલું જ કહેલું કે 'બાપા! મને જનોઈ દો ને! હું પાંચ વરસનો થઈ ગયો છું.'

ત્યારે યોગીજી મહારાજે જણાવેલું: 'હજી વાર છે. તું સાત વર્ષનો થા. પછી ધામધૂમથી તને જનોઈ દેશું. તને જનોઈ અમારે જ દેવી છે.'

યોગીજી મહારાજની આ ખાતરી સાંભળી તે બાળક તો દિવસો ગણવા માંડેલો!

...પણ આ વાત થયાના ગણતરીના દિવસોમાં જ ઉલ્કાપાત થયો! યોગીજી મહારાજ ધામમાં પધારી ગયા! તેથી પેલો બાળક નિરાશ થઈ

૩૬. જુઓ, બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ: ૧/૩૯૪

ગયેલો. 'તને જનોઈ અમારે જ દેવી છે,' એ યોગીજી મહારાજના વચનનું 'હવે શું ?' એમ વિચારતાં બાળકના પિતા પણ કંઈક અવઢવમાં પડી ગયેલા.

પરંતુ જ્યારે તેઓના બાળકની ઉંમર સાત વર્ષની થઈ ત્યારે તેઓ પર સ્વામીશ્રીનો પત્ર આવ્યો. તેમાં લખેલું કે 'યોગી જયંતીના બીજા દિવસે તમારા દીકરાને જનોઈ આપવાની છે, તો બધી તૈયારી સાથે આવશો.'

સ્વામીશ્રીની આ લીટીઓ વાંચતાં જ જયંતભાઈ અને તેઓના પરિવારનો એકેએક સભ્ય શરીરમાં વીજળી દોડી ગઈ હોય તેમ હલબલી ગયેલો! યોગીજી મહારાજે આપેલું વચન સ્વામીશ્રી નિભાવી રહેલા, વગર યાદ કરાવ્યે!! સૌ વિચારી રહ્યા કે 'બે વર્ષ પહેલાં યોગીજી મહારાજ સાથે થયેલા વાર્તાલાપ વખતે સ્વામીશ્રી ત્યાં હાજર હતા?' કોઈને કાંઈ સૂઝ્યું નહીં.

કદાચ સ્વામીશ્રી હાજર હોય અને તેઓએ આ વાર્તાલાપ કાનોકાન સાંભળ્યો હોય તોપણ શું? વરસે-દા'ડે બસો-ત્રણસો ગામડાં ખૂંદી નાંખતા અને અડધા દા'ડામાં સાઠ-સિત્તેર ઘરો ઘૂમી વળતા સ્વામીશ્રી તો કેટકેટલાના સંપર્કમાં આવતા રહ્યા હોય! છતાં આવી નાની વાત તેઓના મગજમાંથી ચસકી નહોતી!

આખા વિશ્વને ઝળહળાવતો સૂર્ય દુનિયાના કો'ક ખૂણે ઊગેલા દ્રાક્ષનાં ઝૂમખાંની દરકાર કરવાનું ચૂકતો નથી. તેમ આખા મલકનું કામ કરતા સ્વામીશ્રી ભક્તોની નાની-શી વિગતને ભૂલતા નહીં. આ વિશેષતા તેઓને પરાત્પરની પંગતમાં બેસાડી દે તેમ છે.

યજ્ઞોપવીત ધારણ કરાવતી વખતે માતા, પિતા અને ગુરુ – એમ ત્રણેયનાં કાર્ય આજે સ્વામીશ્રીએ કરી આપ્યાં ત્યારે નાનકડા હરિકૃષ્ણનું હૈયું ગાઈ ઊઠ્યું: 'त्वमेव माता च पिता त्वमेव... त्वमेव सर्वं मम देवदेव!' – તમે જ માતા, તમે જ પિતા, તમે જ મારું સર્વસ્વ!

આ શ્લોક સ્વામીશ્રીએ સૌ સત્સંગીઓને સાકાર કરી આપેલો. તેઓની છત્રછાયામાં હરિભક્તોનાં કોઈ કામ અધૂરાં રહેતાં નહીં.

## હૂંફ પ્રેમાળ હૈયાની

સમૂહ યજ્ઞોપવીતનો કાર્યક્રમ પૂર્ણ કરીને સ્વામીશ્રી ગોંડલથી ભાદરા પહોંચ્યા. અહીં તા. ૧૦/૬ની સવારે તેઓએ ગુણાતીતની નિર્મલકીર્તિ દિગંતમાં પ્રસરાવવા મંદિર પર સુવર્ણકળશ ચઢાવ્યા ત્યારે સેંકડો હરિભક્તોએ

જયનાદો ગુંજાવીને આનંદની ધજા પણ ફરકાવી દીધી !

આ જ દિવસે ગામની પ્રાથમિક શાળાના સંકુલનું ઉદ્‌ઘાટન કરી, સ્વામીશ્રી ધ્રોળ, ડાંગરા, મોવૈયા, રાજકોટ થઈને ગોંડલ પધાર્યા.

અહીંથી તેઓએ બસો સંતો-ભક્તોના સમુદાય સાથે તા. ૧૨/૬થી સોરઠની પંચતીર્થીનો પ્રારંભ કર્યો.

આ યાત્રાના પ્રથમ ચરણમાં સ્વામીશ્રી જેતપુર, ધોરાજી, ફણેણી, ઉપલેટા થઈને ભાયાવદર પધાર્યા. અહીં લોહાણા વાડીમાં રાત્રે સાડા દસ વાગ્યા સુધી સભા થઈ.

આ રાત્રિસભા બાદ સ્વામીશ્રી ઉતારાની અગાશીમાં બેસીને સંતો સાથે હળવી ગોષ્ઠિ કરી રહેલા. સાથે થોડા યુવકો પણ બેઠેલા. રાત્રે બાર વાગ્યા પછી આ ગોષ્ઠી પૂરી કરી સ્વામીશ્રી ઊભા થયા અને પેલા યુવાનોએ ત્યાં અગાશીમાં જ મોદ ઉપર સૂવા માટે લંબાવ્યું. પણ તેઓને આ રીતે સૂતેલા જોઈને સ્વામીશ્રીએ પૂછ્યું : 'ગાદલું-રજાઈ નથી ?'

યાત્રિકો માટે પાગરણની વ્યવસ્થા તો પૂરતા પ્રમાણમાં કરેલી; પરંતુ કો'ક કારણસર યુવકો માટે પાગરણ બચ્યું નહોતું. યુવકોને તેનો કોઈ રંજ પણ નહોતો, છતાં યુવાનો મોદ પર સૂતેલા તે સ્વામીશ્રીને ખૂંચ્યું. 'शरीरार्धं ममार्जुनः ।'[૩૭] કહેનાર કૃષ્ણે અર્જુનને પોતાનું અડધું શરીર ગણાવ્યા છે; તેમ યુવાનોને પણ સ્વામીશ્રી પોતાનું આગવું અંગ ગણતા. તેથી તેઓએ યુવકોને કહ્યું : 'હવે આપણે જે ગામ જઈએ ત્યાં તમારે સૌએ પોતા માટે ગાદલાં અને રજાઈ અલગ રાખીને પછી જ અમારો લાભ લેવા આવવું.'

ત્યારપછીના દિવસે સ્વામીશ્રી વરજાંગ જાળિયા, ગણોદ, કુતિયાણા થઈને માણાવદર પધારેલા. અહીં પટેલ સમાજમાં સૌનો ઉતારો હતો. ત્યાં પેલા યુવકો ગાદલાં-રજાઈ આરક્ષિત કરીને જ્યારે સ્વામીશ્રી પાસે પહોંચ્યા ત્યારે સ્વામીશ્રીએ પ્રસન્નતા બતાવી. પણ તે વખતે આ યુવકોને આશ્ચર્ય થયું કે 'સ્વામીશ્રી તો ક્યારેય પોતાના માટે કશું અનામત રાખતા નથી અને કથામાં પણ જ્યાં-ત્યાં, જેવું-તેવું ચલાવી લેવાની વાત કરે છે. છતાં આપણી આટલી કાળજી લીધી !'

પોતે જે વિચારે છે, બોલે છે અને કરે છે તે પ્રમાણે જ વર્તાવવાનો આગ્રહ દરેકને રહે છે; પરંતુ સ્વામીશ્રી આ કુટેવથી મુક્ત હતા. તેઓ સૌને

૩૭. द्रोणपर्व (महाभारतम्) – ૫૬/૩૦.

સમજણ અને વર્તનની ઉચ્ચ કક્ષા સુધી જરૂર પહોંચાડતા; પણ દાબ-દબાણથી નહીં, સ્નેહ-સંભાળથી !

તેથી જ આજે ગાદલાં-રજાઈ આરક્ષિત કરીને આવેલા આ યુવાનો, સમય જતાં સ્વામીશ્રીના હસ્તે દીક્ષા લઈ સંતપંક્તિમાં ભળી ગયેલા. મોદની જગ્યાએ ગાદલાં પર સુવડાવીને પણ સ્વામીશ્રીએ તે યુવાનોને ત્યાગના માર્ગે વાળી દીધા ! પરિવર્તન પ્રેરવાની પદ્ધતિ કેવી આગવી અને અલૌકિક !

*'આજ્ઞા કે ધમકી માત્ર, નહીં કોઈને સુધારતી;*

*હૂંફ પ્રેમાળ હૈયાંની, સંગે રહી સુધારતી...'* – આ સિદ્ધાંત વડે સ્વામીશ્રી કામ લેતા. યુવાપેઢીને નાથવા ઇચ્છનારે તેઓના જીવનનો અભ્યાસ કર્યા વિના નહીં ચાલે.

## અમોઘ આર્ષવાણી

તા. ૧૪/૬ના રોજ મેઘપુર, પીપલાણા અને આખાની તીર્થત્રિવેણીનો લાભ સૌએ લીધો. પીપલાણામાં પૂજ્ય ધર્મવલ્લભ સ્વામી (જોગી સ્વામી) અને સ્વામીશ્રીનું મિલન પણ ભાવસભર બની રહ્યું. અહીંથી ચાલતાં ચાલતાં જ આખો સંઘ આખા ગામે પહોંચ્યો. ત્યાં દર્શન કરીને સૌ પુનઃ પીપલાણા પરત ફર્યા. ત્યારબાદ આ દિવસની સાંજે સ્વામીશ્રી ગામની બહાર વાડીએ દેહક્રિયા માટે પધારેલા. અહીં શૌચ બાદ એક નળ નીચે સ્નાન કરવા બેઠેલા તેઓ પાણીનો જોરદાર વેગ જોઈ બોલ્યા : 'યોગીબાપાના વખતમાં આ રીતે ન્હાયેલા. ત્યારપછી આજે આવો લાભ મળ્યો.'

તેઓના અંતરમાં વહેતા ગુરુસ્મૃતિના અખંડ પ્રવાહની એક છાલક આમ ઊછળી આવી.

આ વખતે યુવકો સ્વામીશ્રીને નવરાવવા લાગેલા, પરંતુ સ્વામીશ્રીના શરીર પર પડતાં પાણીનાં બુંદ તે યુવકો પર પડવાથી તેઓ પણ ઘણાખરા ભીંજાઈ ગયા. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું : 'તમારે કહેવા થશે કે સ્વામી ભેગા અમે ના'યેલા.'

આમ, યુવકો સાથે ગમ્મત કરતાં તેઓ સ્નાન બાદ થોડે છેટે પતરાંના એક બાંધકામ નીચે વસ્ત્રપરિધાન માટે ગયા. અહીં વસ્ત્રના કોરા કટકા વડે પોતાનું શરીર લૂછતાં સ્વામીશ્રીની દૃષ્ટિ સામે ઊભેલા યુવકો પર પડી. તેઓનાં મોં પર બાઝેલાં પાણીનાં ટીપાં જોઈ સ્વામીશ્રીએ તે સૌને નજીક

બોલાવ્યા અને એ યુવકોનાં મોં પોતાના વસ્ત્રથી લૂછ્યાં. જાણે યુવા-ચહેરા પર કાંતિનું લેપન ન કરતા હોય!

ત્યારબાદ બાજુમાં આવેલી નાની લૉન પર પધારી વિવિધ સંકલ્પોની પરિપૂર્તિ માટે ધૂન કરવા લાગેલા સ્વામીશ્રી એમ બોલ્યા કે 'લંડનમાં આરસનું મંદિર થાય અને સો સંતો તેની પ્રતિષ્ઠામાં જાય એ સંકલ્પ સિદ્ધ થાય...'

આ સાંભળી સૌ ચકિત થઈ ગયા! પરંતુ સ્વામીશ્રીના મુખેથી વજ્ર સમાન અમોઘ વાણી સરી પડી, જેને હવે વિશ્વવિધાતા પણ મિથ્યા કરી શકે એમ નહોતો.[૩૮] જે જમાનામાં સ્વામીશ્રીને વિચરણ માટે પોતાના કોઈ અલાયદા વાહનનો મેળ પડતો નહોતો, ગામની શાળા કે ધર્મશાળામાં તેઓના ઉતારા ગોઠવાતા, દેશમાંયે નૂતન શિખરબદ્ધ મંદિર કરવાના કોઈ સગડ-સગવડ નહોતા, તે વખતે તેઓએ કરેલો આ સંકલ્પ તેઓના અપ્રતિમ ઐશ્વર્ય અને અલૌકિક આર્ષદૃષ્ટિનો પુરાવો છે.

## ગીતાસાર એક જ શ્લોકમાં!

પીપલાણાથી વિદાય લઈ સ્વામીશ્રી તા. ૧૫/૬ના રોજ બોડકા, વંથળી, અગતરાઈ, પંચાળા, લોજ, દિવાસા અને માંગરોળ એમ સાત તીર્થનાં દર્શને પધાર્યા. તે વખતે માંગરોળના અમૃતબાગમાં ઊતરેલા તેઓએ શ્રીજીમહારાજનાં પ્રાસાદિક સમુદ્રનું જળ સૌના મસ્તકે ચડાવીને ચિરંજીવ સ્મૃતિ આપી.

તેઓ સાથે તીર્થસ્થાનોની યાત્રા કરવાનો આ જ લાભ રહેતો. સમયે સમયે સ્વામીશ્રી સ્મૃતિઓની સંદૂક ભરતા રહેતા. જમવામાં જો કંઈ વિશિષ્ટ વાનગી હોય તો પીરસવા નીકળે. જ્યાં જ્યાં પ્રાસાદિક કૂવા, તળાવ, નદી, દરિયા આવે ત્યાં સૌને શિરે જળ છાંટે. જે તે સ્થળનો ઈતિહાસ, મહિમા વગેરે એવું સુંદર રીતે સમજાવે કે તે વાતો દૃશ્યસ્વરૂપ પકડીને આંખ સામે તરવરવા લાગે. નહાતાં-ધોતાં, ચાલતાં-બેસતાં રોજેરોજ બનતી ઘટનાઓમાંથી નિર્દોષ ગમ્મતના તાર એવા કાઢે કે ચારેકોર હાસ્યની ચાદર પથરાતી જાય. સૌ તે પર બેસીને આનંદના ગોટા વીણતાં રહે. સાથે સાથે સૌની જ્ઞાન-ગઠરિયાં પણ ભરતાં જાય. પ્રસંગોપાત્ત કથારસ એવો રેલાવે કે જગત સાંભરે નહીં. દેવ-

---

૩૮. સ્વામીશ્રીનું આ વચન તા. ૨૦/૮/૧૯૯૫ના રોજ અક્ષરશઃ સિદ્ધ થયેલું. આ દિવસે તેઓના વરદહસ્તે લંડનમાં સો સંતોની ઉપસ્થિતિમાં આરસના મંદિરની પ્રતિષ્ઠા થયેલી.

દર્શન, દંડવત, પ્રદક્ષિણા વગેરે એવી ભાવસભર રીતે કરે કે નાસ્તિકતાની મરૂભૂમિ પર પણ આસ્તિકતાનાં અંકુર ફૂટી નીકળે. તેઓને દર્શન કરતા જોઈને 'મૂર્તિમાં ભગવાન છે જ' એવી પ્રતીતિ આવ્યા વિના રહે નહીં.

જેણે જેણે સ્વામીશ્રી સાથે તીર્થસ્થાનોમાં દર્શનનો લહાવો લૂંટ્યો હોય તેને એ યાત્રા વિસારતાં પણ વીસરાતી નહીં.

માંગરોળથી વેરાવળ થઈને સોમનાથ પધારેલા સ્વામીશ્રીએ અહીં પણ સમુદ્રનું જળ માથે ચડાવ્યું. ત્યારબાદ પ્રભાસપાટણના ત્રિવેણી સંગમમાં સ્નાન કરી, તેઓ ગીતામંદિરમાં દર્શને પધાર્યા. આ મંદિરની દીવાલ પર 'धर्मक्षेत्रे कुरुक्षेत्रे ...'થી શરૂ કરીને 'यत्र योगेश्वरः कृष्णो यत्र ...' સુધીના ૭૦૦ શ્લોકો કલાત્મક રીતે કોતરવામાં આવેલા. સૌ આ દર્શનથી આનંદ પામ્યા.

તે વખતે એક સંતે સ્વામીશ્રીને પૂછ્યું: 'બાપા! ગીતાના આ ૭૦૦ શ્લોકોનો સાર આવી જાય એવો એક શ્લોક ક્યો?'

'सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ... આ એક શ્લોકમાં 'ગીતા'નો સારમાત્ર આવી જાય છે.'[૩૯] સ્વામીશ્રી તરત જ બોલ્યા.

જે ત્વરાથી તેઓએ આ ઉત્તર આપ્યો તે જોઈ સૌ દંગ જ રહી ગયા. સૌને અનુભવ થયો કે 'સ્વામીશ્રીને શાસ્ત્રો હસ્તામલકવત્ છે. એટલું જ નહીં, આત્મસાત્ પણ છે.'

ગીતાસાર સંભળાવીને સ્વામીશ્રીએ ભાલકા તીર્થ કરી વેરાવળમાં રાત્રિ-મુકામ ઠરાવ્યો અને તા. ૧૭/૬ના રોજ કાલવાણી થઈને જૂનાગઢ આવી પહોંચ્યા.

અહીં તા. ૧૮/૬ના રોજ બ્રહ્મકુંડ પાસે મળેલી જગ્યામાં સ્વામીશ્રીએ નૂતન મંદિરનું ખાતમુહૂર્ત કર્યું. જે જૂનાગઢમાંથી અક્ષર-પુરુષોત્તમના જ્ઞાનનો ઉદ્ઘોષ થયો તે સ્થાનમાં અક્ષર-પુરુષોત્તમની મૂર્તિઓ મધ્યમાં પધરાવવાની ગતિવિધિ શરૂ થઈ ગઈ. સ્વામીશ્રીનું આ જ કાર્ય હતું – શાસ્ત્રોના સિદ્ધાંતોને પોતાના જીવન અને કાર્ય દ્વારા મૂર્તિમાન કરી આપવા!

આમ, પંચતીર્થીના સમાપનમાં નવા તીર્થસ્થાનને જન્મ આપતાં

---

૩૯. सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज। अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥ (૧૮/૬૬) – તું તારા મનના માનેલા બધા ધર્મો છોડીને એક મારા જ શરણે આવ. હું તને સર્વ પાપોથી મુક્ત કરીને મોક્ષ આપીશ. તું કોઈ ચિંતા કરીશ નહીં.

સ્વામીશ્રી જેતપુર પાસે ભાદર નદીના પ્રાસાદિક ખળખળિયામાં સ્નાન કરી, રાત્રે અક્ષર દેરીના આંગણે આવી ગયા.

સૌ માટે સોરઠનું આ સપ્તાહ સોનેરી સંભારણું બની રહ્યું.[૪૦]

## ચીકણા નહીં, ચોક્કસ

પંચતીર્થી બાદ બે-ચાર દિવસ સુધી સ્વામીશ્રી ગોંડલમાં જ રોકાયેલા. તે દરમ્યાન ભક્તિકિશોરદાસ સ્વામીએ તેઓને વાત કરી કે 'બાપા! યાત્રા સારી થઈ ગઈ. કોઈ તકલીફ પડી નહીં. બધી વસ્તુઓ પણ આવી ગઈ.'

તે સંત જ્યાં આમ બોલ્યા ત્યાં જ સ્વામીશ્રીએ કહ્યું: 'કેમ? ગોંડલ મંદિરનો એક ઝારો ખોવાઈ ગયો છે ને!'

'હા, બાપા! એ હાથ આવ્યો નહીં.'

'તો બધી વસ્તુ આવી ગઈ એમ કેમ બોલ્યા? એક વસ્તુ તો ખોવાઈ જ કહેવાય ને!' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓ ચીકણા નહીં, પણ ચોક્કસ જરૂર હતા. સમય આવ્યે હીરા ખાંડી દેતાં ન ખચકાતા તેઓ વસ્તુ-વિનિયોગની વાત આવે ત્યારે એક ઝારાની ગણતરી કરવાનું પણ ચૂકતા નહીં!

## ધર્મ-ભક્તિની જાળવણી

તા. ૨૪/૬ના રોજ સ્વામીશ્રી ગોંડલથી શાપુર, કોડીનાર થઈને રાત્રે દસ વાગ્યે ઊના પધાર્યા. અહીંના નાના પણ ઉત્સાહી મંડળે ત્રિદિવસીય પારાયણનું આયોજન કરેલું.

આ પારાયણ દરમ્યાન કેસરબાગમાં ઊતરેલા સ્વામીશ્રી એક બપોરે પ્રેમજીભાઈ ગોહિલના ઘેર ઠાકોરજી જમાડવા બિરાજ્યા. તે વખતે મહિલા વર્ગ મર્યાદા મુજબ દૂર બેઠાં બેઠાં દર્શન કરી રહેલો. તેમાં કેટલાંકને ઉત્સાહનો ઊભરો ચઢતાં તેઓ થાળ ગાવા લાગ્યા. એ અવાજ ભોજન કરી રહેલા સ્વામીશ્રીના કાને પહોંચતાં તેઓએ તરત જ એક હરિભક્તને કહ્યું: 'આ થાળ

---

૪૦. સ્વામીશ્રીના સાંનિધ્યમાં ગોઠવાયેલી સોરઠની આ પંચતીર્થીનો આસ્વાદ માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વિડિયોને માણો.

ગાવાનું બંધ કરાવો. જ્યારે શ્રીજીમહારાજને જમાડીએ ત્યારે થાળ ગવાય. અત્યારે નહીં.'

સ્વામીશ્રીએ ઋજુતાથી એવું સચોટ કારણ આપીને 'ના' કહેવડાવી કે સૌએ રાજી થઈને આજ્ઞા શિરે ચઢાવી.

'हितं च मनोहारि च दुर्लभं वचः।'[૪૧] – હિતકારી અને મનોહારી વચનો બોલવા અઘરાં છે, પરંતુ સ્વામીશ્રીને તેની ફાવટ હતી. આજે તે દ્વારા તેઓએ સાધુનો ધર્મ પણ સાચવ્યો અને શ્રીજીમહારાજની ભક્તિ પણ ગૌણ થવા ન દીધી.

આ રીતે ધર્મ-ભક્તિના માર્ગે ચાલતાં સ્વામીશ્રી ઊનાથી દેલવાડા, ગુપ્તપ્રયાગ થઈને તુલસીશ્યામ જવા નીકળ્યા; પણ રસ્તામાં ભાચા ગામ પાસે નદી છલકાઈ જતાં ઊના પાછા ફરવું પડ્યું. પછી બીજે દિવસે તા. ૨૮/૬ના રોજ સામતેર, ટીંબી, ચોતરા, ભટવદર, રાજુલા, ભાદરા, મહુવા, બાઢડા, આંબરડીને પાવન કરતાં સાવરકુંડલા પધાર્યા.

અહીં તા. ૩/૭ના દિવસે શાસ્ત્રોક્તવિધિ અનુસાર મંદિરનું ખાતમુહૂર્ત કરી, ખાંભા, ધારી, અમરેલી, લાઠી, ચાવંડ, ગઢડા, બોટાદ થઈને સારંગપુર આવી પહોંચ્યા.

## સત્સંગ પરીક્ષાનો શાનદાર પ્રારંભ

શ્રીજીમહારાજે કહ્યું છે કે 'પોતાના ઇષ્ટદેવનાં જે જન્મથી કરીને દેહ મૂકવા પર્યંત ચરિત્ર તેનું જે શાસ્ત્ર તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે.'[૪૨] આ શાસ્ત્રોમાં સૌ ઊંડાણ પ્રાપ્ત કરી શકે તે હેતુસર, સ્વામીશ્રીની પ્રેરણાથી તા. ૯/૭ના રોજ સત્સંગમાં એક નૂતન પ્રારંભ થઈ રહેલો. આ દિવસે દેશ-વિદેશમાં વિસ્તરેલાં ૬૩ માન્ય કેન્દ્રોમાં યોજાયેલી સત્સંગ પરીક્ષામાં ૨,૫૬૮ પરીક્ષાર્થીઓએ ઉમેદવારી નોંધાવેલી.

આ જ દિવસે સારંગપુરથી ભાવનગર જઈ રહેલા સ્વામીશ્રી માર્ગમાં વલ્લભીપુર મુકામે રોકાયા. અહીં સત્સંગ પરીક્ષાના કેન્દ્રમાં જઈને તેઓએ પ્રશ્નપત્રોના પેકેટને ચાંદલા કરી, સૌ પરીક્ષાર્થીઓને આશીર્વાદ આપી ભાવનગર જવા વિદાય લીધી.

---

૪૧. किरातार्जुनीयम् – १/४.

૪૨. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૮.

ભાવનગરમાં સનાતન હાઈસ્કૂલ ખાતે પરીક્ષા-કેન્દ્ર રાખવામાં આવેલું. સ્વામીશ્રી ત્યાં પધાર્યા ત્યારે યુવક મંડળે બૅન્ડવાદન દ્વારા સ્વાગત કર્યું. શાળાના મુખ્ય દરવાજેથી સૌ સ્વામીશ્રીને પરીક્ષાખંડ સુધી લઈ આવ્યા. અહીં તેઓએ જ્યારે વિધિવત્ પૂજન કરીને પ્રશ્નપત્રો ઠાકોરજીના પ્રસાદીભૂત કરાવ્યાં ત્યારે તાળીઓના ગડગડાટથી સૌએ આ પ્રારંભને વધાવી લીધો. ત્યારબાદ સ્વામીશ્રીએ શાળાની સાવ સાદી લાકડાંની ખુરશી પર બિરાજી સ્વહસ્તે જ સૌ પરીક્ષાર્થીઓને પ્રશ્નપત્ર, ઉત્તરવહી અને આશીર્વાદ – ત્રણેય આપ્યાં.

આ જ રીતે, દેશ-વિદેશમાં સર્વત્ર એક ઉત્સવની જેમ 'સત્સંગ શિક્ષણ પરીક્ષા'નાં વધામણાં થયાં. ક્યાંક સદ્‌ગુરુ સંતોના હસ્તે, તો ક્યાંક હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓ દ્વારા; ક્યાંક યુનિવર્સિટીઓના વિભાગીય અધ્યક્ષો દ્વારા, તો ક્યાંક સત્સંગના શ્રેષ્ઠીઓ દ્વારા પરીક્ષા ખુલ્લી મુકાઈ. સૌએ પરીક્ષાર્થીઓને નવાજ્યા. પ્રસાદ જમાડીને તેઓની કાળજી લીધી. ક્યાંક તો ભોજન કરાવીને પરીક્ષાર્થીઓની સંભાવના કરવામાં આવી.

આ રીતે ગળથૂથીથી જ સત્સંગના સંસ્કારો સીંચાતા રહે તે માટેની એક દૂરંદેશી વ્યવસ્થા સ્વામીશ્રીએ ઊભી કરી દીધી. વિશ્વના ધાર્મિક ઇતિહાસમાં નોખી ભાત પાડતો આ કદાચ પ્રથમ પ્રયોગ હશે!

## અતોલ અને અમોલ

સત્સંગ શિક્ષણ પરીક્ષાનો પ્રારંભ કરાવીને ભાવનગરના વડવા વિસ્તારમાં પધરામણીએ નીકળેલા સ્વામીશ્રી, જ્યારે 'યોગી ક્લૉથ સેન્ટર' નામની દુકાનમાં પધાર્યા ત્યારે ત્યાં દુકાનદાર હરિભક્તનો ચૌદેક વર્ષની ઉંમરનો દીકરો નરેન્દ્ર પણ હાજર હતો. પધરામણીનાં પૂજન-આરતી બાદ તેની બાળસહજ ચંચળતા સળવળી. તેથી તેણે સ્વામીશ્રીને કાપડ વેતરી આપવાનું કહેતાં તેઓના ખોળામાં કાપડનો તાકો પણ મૂકી દીધો. સૌએ બાળકના આ અવિવેક જોઈને કહ્યું: 'સ્વામી! કાપડ પ્રસાદીનું થઈ ગયું. કાપવું રહેવા દો. આ તો છોકરો છે તે એમ જ બોલ્યો છે.'

પણ સ્વામીશ્રી કશું જ ન સાંભળતાં તે બાળકનો મનોરથ પૂરો કરવા તત્પર થયા. તે વખતે સાથે ઊભેલા સુરેશ રાજ્યગુરુએ કહ્યું: 'બાપા! સવા બે મીટર કાપડ કાપો અને એ કાપડ મને પ્રસાદીરૂપે આપો.'

એક સાથે અનેકની મનોકામનાઓ પૂરી કરવામાં નિષ્ણાત સ્વામીશ્રીએ

હાથમાં મીટરપટ્ટી લીધી. જાતે જ સવા બે મીટર કાપડ માપ્યું અને પેલા બાળકે આપેલી કાતર વડે સરરરર... કરતું કાપી સુરેશભાઈને આપતાં કહ્યું: 'કાપડની રકમ ચૂકવી દો. આમાં ઉધારી ન ચાલે.'

સૌ કુશળ વેપારીની અદાથી કામ કરતા સ્વામીશ્રીને જોઈ જ રહ્યા!

તે વખતે હજી બાકી હોય તેમ પેલો બાળક સ્વામીશ્રીને પહોંચપોથી (બિલ બુક) આપતાં બોલ્યો: 'બાપા! આ કાપડનું બિલ બનાવી દ્યો.'

બાળકનો આ ભાવ પણ પૂરો કરી સ્વામીશ્રી વિદાય થયા ત્યારે *'શ્રીમુખે એમ કહ્યું, ભક્ત-આધીન છું...'* પંક્તિ તેઓમાં સાકાર થતી જણાઈ.

આ રીત રાખી વિચરતાં સ્વામીશ્રીએ આજે આગળની પધરામણીઓમાં દાસભાઈની દુકાને દાળિયા, લાભુભાઈ દૂધવાળાની દુકાને ઘી અને શિવાભાઈને ત્યાં હીરા જોખી આપ્યા. આ એક-એક સ્થળે સ્વામીશ્રીનાં પ્રેમ, સરળતા અને નિર્માનીતા છલકાતાં ગયાં. પરંતુ તેને તોલવાનું ત્રાજવું કોઈ દુકાનમાં નહોતું! તેને મૂલવવા એ પણ સૌની 'પહોંચ' બહારની વાત હોવાથી તેની કોઈ પહોંચ બનાવી ન શકાઈ! અતોલ અને અમોલ સ્વામીશ્રીને બસ! સૌ નીરખતા જ રહ્યા.

## એની રીતે રીત

ભક્તો સાથે ઓતપ્રોત સ્વામીશ્રી ભાવનગરથી વિદાય લઈ ધોલેરા, સારંગપુર થઈને જાળીલા પહોંચ્યા. અહીં તા. ૧૫/૭ના રોજ મંદિરનું ખાતમુહૂર્ત કરી ગોંડલ પધારી ગયા.

અત્રેથી તેઓ તા. ૧૮/૭ના એક દિવસ માટે રાજકોટ પહોંચેલા. ત્યાં રાત્રે સભામાં વરતાલ પ્રકરણના પહેલા વચનામૃતનું રસપાન કરાવતાં તેઓના મુખેથી જોશ, જોમ અને જુસ્સાની ત્રિવેણી પ્રગટી ગયેલી. પરાવાણીના આ પ્રયાગમાં સૌને સ્નાન કરાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

''આપણે નક્કી કર્યું કે 'આ આંબાનું ઝાડ છે,' પછી સંશય થાય? એમ આપણે એવા પુરુષને સેવ્યા છે. પછી મતિમાં ડગમગાટ કેમ થાય? નાના-મોટા તમામે સંતો-હરિભક્તોને દિવ્યભાવની જ વાત કરવાની હોય. મોળી વાત તો મોઢામાંથી નીકળવી જ ન જોઈએ. હવે પહેલાં જેવો ભીડો ક્યાં છે? અત્યારે ભજન, ભક્તિ, કથા-વાર્તા, આરતી, સેવા વગેરે કરીને આનંદમાં દિવસો પસાર કરવાના છે. આવું સાનુકૂળ છે તોય દુનિયાપારના વિચારો

આવે, અંદર-અંદર મેળ ન રહે, સંપ-સુહૃદભાવ રાખીને ભગવાન ભજાય નહીં. ટૂંકા વિચાર કરીને બેસી રહીએ તે કેટલી ખોટ કહેવાય? મહારાજને રાજી કરવા એક જ નિશ્ચય રાખવો કે આ ધડ જુદું થાય તો પણ આ મળ્યા છે તેને મૂકવા નથી.

શાસ્ત્રીજી મહારાજના વખતમાં પણ સંતોએ મનમુખી ક્રિયા બંધ કરી દીધી હતી. શાસ્ત્રીજી મહારાજ કહે તેમ જ તેમનો દેહ વળતો. બોચાસણના ભક્તિવલ્લભદાસે કોદાળો અને ત્રિકમ લઈને કારખાનામાં પણ સેવા કરી. વળી, કોઠાર પણ કર્યો, ભંડાર કર્યો, ઝોળી માંગી, ગામડે ગામડે ફર્યા, પણ એમ નહીં કે 'મને કોઠારી કર્યો ને હવે ઝોળી માંગવી પડશે?' એવા તો શબ્દોય ન નીકળ્યા.

કોઠારી અક્ષરસ્વરૂપદાસનું પણ એકધારું જીવન. ખાવાનું મળ્યું - ન મળ્યું, ભૂખ-તરસ, ટાઢ-તડકો, સુખ-દુઃખ બધું વેઠીને પણ શાસ્ત્રીજી મહારાજને રાજી કરવા એવો જ એક વિચાર. અહીં ગોંડળમાં કોઠારી તરીકે મૂક્યા તો પૂજારીનું કામ કરે, શણગાર કરે, કોઠારમાં સેવા કરે, વાસણ ઘસે, રસોડામાં રોટલા કરવા પણ જાય, અને પછી નવરા પડે ત્યારે કોઠારની ઑફિસમાં પણ જાય. સાત કામમાં કડીતોડ સેવા કરે. એ જ રુચિ કે 'સ્વામી કેમ રાજી થાય?'

આ તો એક સેવા કરતા હોય ને બીજી બતાવીએ તો કહે: 'મારાથી આમ નહીં થાય, ફલાણું નહીં થાય, ઢીકણું નહીં થાય, આ કામ કરું છું, અહીં જવાનું છે.' એવાં હજાર બા'નાં કાઢે; તો પછી જોગી મહારાજને સેવ્યા કે તેમની ભેગા રહ્યા, તેમની વાતો સાંભળી તેમાં શું સમજ્યા? તેમના જેવું આપણું જીવન થવું જ જોઈએ.

જોગી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજ જો આપણી જેમ ટૂંકા વિચારો કરી બેસી રહ્યા હોત, એક ઝૂંપડામાં રહ્યા હોત, તો તેમને કાંઈ મોક્ષમાં અધૂરું હતું? એમને કલ્યાણમાં કાંઈ ખામી આવવાની હતી? પરંતુ તેમના તો મહાન વિચારો. 'આ જગતમાં આ સત્સંગ પ્રવર્તાવવો છે' એમ ધારી મંડી જ પડ્યા અને મહેનત કરી તો કેવાં ભવ્ય મંદિરો થઈ ગયાં!

આજે ખૂણે ખૂણે જોગી મહારાજનું નામ ગાજતું થયું છે. એમનો ઝંડો ભારતના કયા ખૂણામાં નથી? તેમના આપણે બધા શિષ્યો. આપણા મોઢામાંથી મોળી વાત તો નીકળવી જ ન જોઈએ. એમાં તો જોગી મહારાજને ઝાંખપ આવે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો જોટો ભારતમાં તો શું,

પણ દુનિયાના કોઈ ખૂણે મળવાનો નથી. તેમના સંબંધનો કેટલો કેફ હોવો જોઈએ!

જોગીબાપા પાછળ બધું ગયું? ના, બધું જ છે. કેટલું બધું ખેડી ગયા છે! તેમને સંભારીને, સાચવીને બેસી રહેશું તોય બસ છે. તમારે ક્યાં નવો ખેલ ખેલવાનો છે? જે છે એને જાળવી રાખવાનું છે અને સૌને સમાસ થાય, બળ મળે, ટકી રહેવાય તેવી જ વાત કરવાની છે. એ સિવાય નવરાશ મળે તો માળા ફેરવો, વચનામૃત વાંચો, ભજન-ભક્તિ, સેવા, કીર્તન કર્યાં કરો ને! પણ બેસીને ગપ્પાં મારવાં, અલક-મલકની વાતો કરવી, 'આ આવો, ફલાણો આવો,' એમ બીજાની પંચાત કરવાની આપણે શી જરૂર છે? આપણે આપણું સંભાળવું. આપણા ઉપર જ બધી વાત લાવો, તો દુઃખમાત્ર ટળી જશે.

જગતમાં કેટલાય જન્મોમાં મા-બાપ અને દીકરી વગેરે કુટુંબીઓ માટે નાક-કાન કપાવ્યાં છે અને તેમના સારુ સુખ-દુઃખ વેઠીને કેટલાય જન્મો ધર્યા, તો આ વખતે આ દેહ ભગવાન સ્વામિનારાયણ લેખે, શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજ લેખે કરી નાંખવો એમ નક્કી જ રાખવું. કામ થાય, સેવા થાય તેટલી કરો, પણ જો ન થાય તો બેસી જગતનાં ગપ્પાં મારી બીજાના અંતરમાં જગત ઘાલશો નહીં. બીજાને આ માર્ગેથી મોળા પાડશો નહીં. તેમાં જોગીબાપા રાજી નહીં થાય અને ઊલટું આપણા જીવનું બગડશે. જોગી મહારાજ અને શાસ્ત્રી મહારાજના કાર્યને ઝાંખપ લાગે એવું કાર્ય કોઈ કરશો નહીં, એવી વાત કોઈ કરશો નહીં, એવો સંકલ્પ પણ ન થવો જોઈએ. ત્યારે આપણે જોગી મહારાજના શિષ્ય સાચા!

એમના દિવ્ય કાર્યને આપણે બધા ભેગા મળીને શોભાડીશું તો જગતમાં સૌને સત્સંગ સમજાશે. આજે ભારતભરમાં 'યોગીજી મહારાજ' 'યોગીજી મહારાજ' એમ થઈ રહ્યું છે, તો આપણે કૂબામાં બેસીને ખોદવાનું? એવી ક્ષુલ્લકતા છોડી દો. જાઓ, ફરો, મોટાપુરુષની આજ્ઞાએ દરેક કાર્ય કરો. આ સત્સંગ વાતોથી અને સેવાથી વધ્યો છે. યોગીબાપાએ પહેલાં યુવક મંડળો સ્થાપવાની પત્તાં લખવાથી શરૂઆત કરી. પણ જો તેમણે મોળું ધાર્યું હોત કે 'આમાં શું યુવક મંડળો થાય? શું સત્સંગ થાય?' તો આ કાર્ય વધત? અત્યારે તેનું કેટલું વિશાળ સ્વરૂપ થયું છે! કેટલા યુવકો થઈ ગયા! કેટલાં યુવક મંડળો સ્થપાઈ ગયાં! આઠ દિવસ પહેલાં પરીક્ષા પણ લેવાઈ ગઈ. અમો ભાવનગર ગયા હતા. ત્યાં જોયું તો પરીક્ષામાં પંચાવન વરસનો એક ડોસો પણ બેઠો હતો.

તો આપણે શૂરાતન નથી આવતું ? સાધુ થયા, સત્સંગી થયા પછી વિચારો બદલાઈ જ જવા જોઈએ.

મોટાપુરુષોએ જે મર્યાદા બાંધી છે તે રસ્તે આપણે ચાલવું જોઈએ. ભલે ને જગત બદલાય, પણ આપણે ન બદલાવું. *'એની રીતે રીત, બીજી રીતે બાધ.'* માટે સૌએ એક જ નિશ્ચય કરી નાંખવો. એક જ રુચિ રાખવી કે સંપથી સેવા કરવી છે તો જ આ કાર્ય ઊપડશે.''

સ્વામીશ્રીની વાણી શાંતિનો ઝરો અને સ્ફૂર્તિનો ધરો હતી. અહીં પીરસેલા ઉપદેશનો એક-એક શબ્દ તેમાં ઝબોળાયેલો જણાય છે.

## ભક્તવત્સલ તમે નાથ કા'વ્યા

આ અરસામાં અક્ષર મંદિરની સામે વસેલા કપૂરિયા વિસ્તારનું નામ 'યોગીનગર' રાખવાનો નિર્ણય ગોંડલની નગરપાલિકાએ સર્વસંમતિથી કરેલો. તે અંગે તા. ૨૧/૭ના રોજ યોજાયેલા સમારંભમાં સ્વામીશ્રીએ 'યોગીનગર' લખેલા બોર્ડનો અનાવરણ-વિધિ કર્યો. સૌએ આ ક્ષણને હર્ષનાદથી વધાવી લીધી.

ત્યારબાદ યોજાયેલી સભા શરૂ થાય તે પહેલાં તો વરસાદ શરૂ થઈ ગયો. પણ એ વરસતો વરસાદ સ્વામીશ્રીના આકર્ષક વ્યક્તિત્વનો પરિચય આપનારો જ સાબિત થયો. વરસાદ પડવા છતાં સૌએ પલળતાં પલળતાં અને ઊભાં ઊભાં સ્વામીશ્રીના આશીર્વાદનો લાભ લીધો ! તેઓની વાણીની આ બલિહારી હતી. સભા બાદ વરસાદી વાતાવરણમાં જ 'યોગીનગર'માં બાર પધરામણીઓ કરી સ્વામીશ્રીએ જાણે એ વિસ્તારનું વિધિસર ઉદ્‌ઘાટન પણ કરી દીધું !

ઉત્સાહના આ ચડતા પારા સાથે તેઓ ગોંડલથી વિદાય લઈ તા. ૨૩/૭ની સાંજે વીરમગામ પધાર્યા. અહીં સારંગપુરના કોઠારીપદે રહેલા હરિકૃષ્ણદાસ સ્વામીના પૂર્વાશ્રમના ભાઈ ત્રણ મહિનાથી પથારીવશ હતા. તેઓને દર્શન આપવા માટે જ સ્વામીશ્રીએ આ માર્ગ લીધેલો.

રસ્તામાં વખતે હિમાલય આવે તો તેને પણ ઓળંગી જનારા સ્વામીશ્રી ભક્તોની ભાવનાને કદી ઓળંગી શકતા નહીં. તેનો નાનામાં નાનો સંકલ્પ પણ તે પૂરો કરીને જ રહેતા.

આવા સ્વામીશ્રીનાં દર્શન થતાં જ પેલા બીમાર હરિભક્ત તો ભાવવિભોર બની ગયા. જાણે દર્દનું દુઃખ ગાયબ થઈ ગયું હોય તેવી શાંતિ

તેઓના અંતરમાં વ્યાપી ગઈ. સ્વામીશ્રીએ એ ભક્તના શરીરે હાથ ફેરવતાં ફેરવતાં પ્રાર્થના કરી.

પણ આમ એક સત્સંગીને શાતા પમાડી અમદાવાદ પહોંચતાં સ્વામીશ્રીને રાતનો એક વાગી ગયો. છતાં અહીં દર્શનઘેલા ભક્તો આટલી મોડી રાત્રે પણ તેઓની પ્રતીક્ષા કરતાં ઊભા હતા! '*મોહન તારી મૂરતિ જોઈને, ભૂલી છું તન ભાન...*' જેવો ઘાટ સ્વામીશ્રી જ્યાં જતા ત્યાં સર્જાતો. ભરતાપ કે મધરાત – તેઓનાં દર્શન માટે સૌને સઘળું સહ્ય હતું.

રાત્રે એક વાગ્યે ભક્તોએ આરતી ઉતારી સ્વામીશ્રીને વધાવ્યા. ઉપસ્થિત સૌ ભક્તોને સંતોષ આપીને સ્વામીશ્રી રાત્રે દોઢ વાગ્યે નિદ્રાધીન થયા.

પરસ્પર એકબીજાને રાજી કરવા તત્પર ગુરુ-શિષ્યનાં અનેક હૃદયંગમ દૃશ્યો અહીં એક દિવસમાં સર્જાતાં રહેતાં.

## મોટી સેવા

અમદાવાદથી બોચાસણ પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨૬/૭ના રોજ ગુરુપૂનમનો સમૈયો શાનદાર રીતે ઊજવાયો. આ પવિત્ર પર્વે તેઓએ સમગ્ર સત્સંગ-સમુદાય પર શુભ આશીર્વાદ વરસાવતાં પત્રમાં જણાવ્યું કે –

> *'આ લોકમાં શરીરમાં દુઃખ આવે, વ્યવહારમાં મુશ્કેલીઓ આવે પણ જો ગુરુને ભૂલે નહીં અને ગુરુને ઓશિયાળા ન કરે તો ગુરુ રાજી થઈ જાય. ગુરુ રાજી થાય એટલે ભગવાનની કૃપા થાય અને જીવ સુખિયો થઈ જાય. આપણું વર્તન એવું રાખવું કે તે જોઈ બીજાને ગુણ આવે. એ મોટી સેવા થાય. આપણી નિષ્ઠા અને નિયમ-ધર્મમાં જેટલી કચાશ રહે છે તેટલો રાજીપો ઓછો રહે છે અને દરેક વાતે કસર રહી જાય છે. માટે અંતર્દૃષ્ટિ કરી કસર દૂર થાય તેવો પ્રયત્ન કરવો. ગુરુપૂનમના શુભ આશીર્વાદ છે તો દરેકને સુખ શાંતિ થશે, લાભ થશે.'*

સ્વામીશ્રીને મન શુદ્ધ વર્તન રાખવું એ પણ એક સેવા જ હતી. તેથી તેઓનાં પ્રત્યેક કથન-લેખનમાં વર્તનશુદ્ધિની વાતનો દોર સતત સધાયેલો રહેતો.

તેની સાથે ગુરુપૂર્ણિમાના આ અવસરે સ્વામીશ્રીએ શૈક્ષણિક ઉત્કર્ષનું પણ એક પ્રેરક પગલું માંડી દીધું. તેજસ્વી બાળ-યુવા પ્રતિભાઓ આર્થિક અગવડના કારણે ઓલવાઈ ન જાય, તે માટે તેઓએ શાળા-કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓને પુસ્તકો તથા શાળાશુલ્કની સહાય આપવાનો નિર્ણય આજે

લીધો. તે માટે તેઓએ સંસ્થામાં વાર્ષિક શૈક્ષણિક ભંડોળની વ્યવસ્થા કરાવી. આમ, આ વર્ષથી સમાજ-સેવાની એક વધુ અમૃતધારાને સ્વામીશ્રીએ વહેતી કરી દીધી, જે આજેય અનેકની કારકિર્દીને ઉજ્જ્વળ બનાવી રહી છે.

## હિતકારી છે સહુના સનેહી

તા. ૨૮/૭થી બોચાસણમાં પારાયણનો પ્રારંભ થતો હોવાથી સ્વામીશ્રી અહીં જ રોકાવાના હતા. પરંતુ તે દિવસો દરમ્યાન તા. ૧/૮ના રોજ રૂંદેલ અને તા. ૨/૮ના દિવસે ઉમલાવ તથા સીસવા ગામોમાં તેઓ પધાર્યા. આ બે દિવસોમાં પચાસથી વધુ પધરામણીઓ તથા ત્રણેય ગામમાં નગરયાત્રાઓ અને સભાઓનાં આયોજનો થયાં. બોચાસણના પારાયણની સાથે સાથે જ સ્વામીશ્રીએ આ કાર્યક્રમો પણ આટોપ્યાં. એક સાથે અનેક ઠેકાણે રેલાઈ-ફેલાઈ જવાની તેઓની કુશળતા અનેરી હતી.

આ કુશળતાથી જ તેઓ તા. ૩/૮ના રોજ બોચાસણની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થી આલમને પોષણ આપી વાસણા પહોંચ્યા. આ ગામના એક હરિભક્ત આફ્રિકાથી વૅકેશન ગાળવા પોતાના વતનમાં આવેલા. તેઓની ઇચ્છા હતી કે 'મારા રોકાણ દરમ્યાન સ્વામીશ્રી ગામમાં પધારે.'

તા. ૪/૮ના રોજ સ્વામીશ્રીને બોચાસણની પડખે જ વસેલા ભારેલ ગામે પધારવાનું હતું; પરંતુ મુંબઈની એક ટ્રાન્સપોર્ટ કંપનીની નવી કચેરી આણંદમાં ખૂલવાની હતી, તે કાર્યાલયના ઉદ્‌ઘાટન માટે સ્વામીશ્રી જ પધારે – તેવો આગ્રહ એક સત્સંગીનો હોવાથી સ્વામીશ્રી પહેલાં આણંદ પધાર્યા અને ત્યાંથી ભારેલ આવી પહોંચ્યા.

આમ, ભક્તોનો ભાવ એ જ પોતાનો માર્ગ હોય તેમ સ્વામીશ્રી વિચરતા.

તેથી જ તા. ૫/૮ના દિવસે તેઓ મહેળાવ, પાડગોલ, પીપલગ, ડભાણ થઈને રાત્રે દસ વાગ્યે અમદાવાદ પધાર્યા. અહીં બબુભાઈ કોઠારીએ ધર્મવરાનો પ્રસંગ યોજેલો અને આ અવસરે સ્વામીશ્રી પધારે એવી તેઓની ઇચ્છા હતી. સ્વામીશ્રી જાણે એક કુટુંબી હોય તેમ સૌ તેઓને ઇચ્છતા.

આ સમારંભ પૂર્ણ કરીને સ્વામીશ્રી તા. ૬/૮ના રોજ સિવિલ હૉસ્પિટલમાં બે બીમાર ભક્તોને આશીર્વાદ આપી ગીતામંદિર ગયા. અત્રે અસ્વસ્થ તબિયત ધરાવતા પૂજ્ય સદાનંદજી મહારાજને મળીને શુભકામના વ્યક્ત કરી.

સારા-માઠા પ્રસંગે સૌની પડખે ઊભા રહેવાની સ્વામીશ્રીની એક ખાસિયત હતી. ક્યારેક રૂબરૂ પહોંચી જાય, ક્યારેક પત્ર લખી દે, ક્યારેક ફોન કરે. આજે એવાં હજારો ઘર હશે કે જ્યાં તે ઘરના શુભ-અશુભ પ્રસંગે સ્વામીશ્રીએ પાઠવેલા પત્રો તે ઘરની અમૂલ્ય મૂડી બનીને સંગ્રહાયેલા હશે! એવા હજારો ફોન હશે કે જેમાં સારા-નરસા અવસરે વહેલી તેઓની ધ્વનિ-મુદ્રિત વાણી આજેય હેત અને હૂંફનો અનુભવ કરાવતી હશે!

સ્વામીશ્રીનું જીવન *'હિતકારી છે સહુના સનેહી, જાણો પર ઉપકારી એહી રે...'* પંક્તિને અદલ બંધ બેસે તેવું હતું.

## ગજબનું ઘેલું

સૌના હમદર્દ બનીને વિચરતા સ્વામીશ્રી, તા. ૭/૮ના રોજ અમદાવાદથી જેતલપુર થઈને નવાગામ પધાર્યા. અહીં રાત્રે અગિયાર વાગ્યા સુધી કથાવાર્તા કરીને નાયકા પહોંચ્યા. ત્યાં પૂર્ણાહુતિ શ્લોક બોલવાના સમયે તેઓએ મંગલાચરણ લલકાર્યું! રાત્રે સાડા અગિયાર વાગ્યે શરૂ થયેલી એ કથા બરાબર બારના ટકોરે વિરમી! સ્વામીશ્રીના કથાવાર્તાના ઇશકને યથાર્થ વર્ણવવા માટે શબ્દકોશમાંથી કોઈ શબ્દો પ્રાપ્ત થાય તેવા નથી.

નાયકાથી રાત્રે સવા બાર વાગ્યે સ્વામીશ્રી બોચાસણ જવા નીકળ્યા ત્યારે રસ્તામાં માતર ગામની ભાગોળે મધરાતે હરિભક્તો દર્શનની રાહે ઊભેલા!

ભગવાન સ્વામિનારાયણ માટે એક અંગ્રેજ લેખકે[૪૩] નોંધ કરી છે કે – 'Sahajanand was loved beyond belief by their disciples comprising men of talents, of station and of wealth; the poor, the ignorant, the rude who would have sacrified life itself for their precepetor.' – 'સહજાનંદને તેઓના આશ્રિતો કલ્પનામાં પણ ન આવે એટલી હદે ચાહતા હતા. તે આશ્રિતોમાં જાગીરદારો હતા, ધનવાનો હતા, ગરીબો હતા, નિરક્ષરો પણ હતા! પણ તેઓએ તેઓના આ માર્ગદર્શક પર જીવન કુરબાન કરી દીધેલું.'

શ્રીજીનું આ આકર્ષણ સ્વામીશ્રીમાં પણ અનુભવાતું. તેઓની બે-પાંચ મિનિટની ઝાંખી માટે લોકો કલાકો સુધી ઊભા રહીને પગે પાણી ઉતારતા. ઉજાગરાઓ વેઠીને આંખોને ચણીબોર જેવી લાલઘૂમ કરી મૂકતાં. ઘરડેરાં

---

૪૩. H. G. Briggs.

ડંગોરા લઈને ડગુમગુ થતાં ખડાં રહેતાં. બાઈઓ ધાવણાં છોકરાં કેડે તેડીને ઊભી રહી જતી. વાતાનુકૂલિત ઘર-કચેરીમાં રહેનારા પરસેવે રેબઝેબ થઈ જાય તોય ચીટકી રહેતા. અને આ બધું જ થતું સ્વતઃ, સદાયને માટે, સર્વત્ર ! સૌને ગજબનું ઘેલું લાગ્યું હતું સ્વામીશ્રીનું !

આ રીતે રાત્રે સાડા બાર વાગ્યે માતરના ભક્તોને 'માતરમ્'(માતા)ના પ્રેમનો અનુભવ કરાવી, સ્વામીશ્રી રાત્રે દોઢ વાગ્યે બોચાસણ પહોંચી આરામમાં પધાર્યા ત્યારે બે વાગી ચૂકેલા !

## પવિત્રતાનો પ્રતાપ

તા. ૮/૮ના રોજ બોચાસણથી સંદેસર અને પેટલાદનાં મંડળોને લાભ આપીને સુરત જવા નીકળેલા સ્વામીશ્રી રસ્તામાં ભરૂચ પધાર્યા. અહીં હરિભક્તો વરસતા વરસાદમાં સવા બે કલાકથી તેઓની રાહ જોઈને ઊભા હતા. સ્વામીશ્રી પધારતાં જ સૌને અમૃતની હેલીનો અનુભવ થયો ! સ્વામીશ્રી પણ વીસ મિનિટ સુધી રોકાઈને સૌનો દાખડો સુફળ કરતાં સુરત પધાર્યા.

અહીં સ્થપાયેલી સુમૂલ ડેરીના સંચાલનમાં પ્રારંભિક કાળે ઘણી મુશ્કેલીઓ આવી હતી. તે વખતે આશીર્વાદ લેવા આવેલા ડેરીના વ્યવસ્થાપકોને સ્વામીશ્રીએ જણાવેલું કે 'બે વર્ષમાં બધી મુશ્કેલીઓ ટળી જશે.' તેઓનાં આ વચનો અનુસાર ભાગ્યચક્ર ફરતાં ડેરીના વિકાસે ગતિ પકડી લીધેલી.

સ્વામીશ્રીની આ કૃપાથી અભિભૂત થયેલા સૌએ તેઓને સુમૂલ ડેરીમાં પધારવાની વિનંતી કરતાં, તા. ૧૦/૮ના દિવસે સ્વામીશ્રીનાં પગલાં ડેરીમાં પડ્યાં. તે વખતે તેઓનાં દર્શન માટે ઘણી ભીડ જામી હતી. સ્વામીશ્રીના આશીર્વાદથી પોતાની આજીવિકા ટકી ગયાની કૃતજ્ઞતા સાથે ડેરીના કર્મચારીઓ પોતાના આ તારણહારને વધાવવા તલસી રહેલા. સ્વામીશ્રીએ પણ ડેરીમાં બધે ફરીને પુષ્પો છાંટ્યાં, પ્રાર્થના કરી અને સૌને આશીર્વાદ આપી વિદાય લીધી.

અહીંથી તેઓ એક થિયેટરમાં પગલાં પાડવા જઈ રહેલા. સુરતમાં ચાર-પાંચ થિયેટરોની માલિકી ધરાવતા કેશવલાલ શહેરનું મોટું માથું ગણાતા. એ મોટા માથાના એકેએક કોષમાં નાસ્તિકતા ભરાયેલી; પરંતુ ધર્મને ધતિંગથી વિશેષ નહીં માનતા અને સાધુ-સંતોમાં લેશ શ્રદ્ધા ન ધરાવતા તેઓ એક વાર સ્વામીશ્રીના પ્રસંગમાં આવતાં જ પારસ સ્પર્શી ગયો ! તે જ ક્ષણથી તેઓ સ્વામીશ્રીના ગુણાનુરાગી બની ગયેલા.

'One man's perfection still can save the world.'[૪૪] – એક વ્યક્તિની પરિપૂર્ણતા આખી દુનિયાને ઉગારવા અને સુધારવા માટે પૂરતી છે – આ વિધાન સ્વામીશ્રીના સાંનિધ્યમાં સદા સાચું અનુભવાતું.

નવો અવતાર પામેલા કેશવલાલના ઓરતા હતા કે 'સ્વામીશ્રીની પધરામણી મારાં સંકુલોમાં કરાવવી.' તેઓએ દુનિયાનું સૌપ્રથમ મિરર સ્ક્રીન (mirror screen) થિયેટર 'દર્પણ' બનાવેલું. તેમાં સ્વામીશ્રીને પધરાવ્યા. ત્યારબાદ 'નટરાજ' થિયેટરમાં પણ સ્વામીશ્રીને લઈ ગયા. પધરામણી દરમ્યાન તેઓ વારંવાર સ્વામીશ્રી પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરતા રહ્યા. સ્વામીશ્રીએ પણ તેઓને ધર્મ-નિયમયુક્ત જીવન જીવવાની પ્રેરણાઓ આપીને વિદાય લીધી.

જીવતરનાં પોત બદલતી આવી પવિત્રતા સાથે સ્વામીશ્રી સુરતથી વિદ્યાનગર પધારેલા. સૂર્ય ઊગતાં સૂર્યમુખી ખીલી ઊઠે, તેમ સ્વામીશ્રી પધારતાં જ છાત્રાલયના યુવકોનાં મુખ ખીલી ઊઠ્યાં. પોતાના જીવનમાં આનંદના સૂરો રેલાવનાર સ્વામીશ્રીનું સ્વાગત સૌએ બૅન્ડ-વાદનના સૂરો રેલાવીને કર્યું. પોતાના જીવનમાં પ્રકાશ પાથરનાર સ્વામીશ્રીનો સત્કાર આ છાત્રોએ મશાલો પ્રગટાવીને કર્યો.

આ આનંદના સૂરો વચ્ચે જ સ્વામીશ્રીએ તા. ૧૧/૮ના રોજ પાટોત્સવ ઊજવી, તા. ૧૨/૮ની સવારે આણંદમાં બાઈઓના મંદિરનું ખાતમુહૂર્ત કર્યું. ત્યારબાદ બોરીઆવી, નરસંડા, મહમદપુરા, વરતાલ, ભૂમેલ, ઉત્તરસંડા, ભાદરણ થઈને તા. ૧૪/૮ના રોજ તેઓ વાલવોડ પધાર્યા.

અહીં સ્વામીશ્રી રાતના બાર વાગ્યે પોઢવા જતા હતા ત્યાં જ ઉત્તરસંડાના એક હરિભક્ત ટ્રેક્ટરનું પૂજન કરાવવા આવી પહોંચ્યા. સ્વામીશ્રીએ મધરાતે તેઓનો ભાવ પૂરો કર્યો.

આમ, વહેલી સવારથી મોડી રાત સુધી તેઓની કલ્યાણની કચેરી ચાલુ રહેતી.

## ભક્ત મનોરથ પૂરણકામ

તા. ૧૬/૮ના દિવસે વાલવોડથી ભાદરણિયા થઈને ભાદરણ પધારેલા સ્વામીશ્રી અહીં કથાપ્રસંગમાં પરાવાણી રેલાવી રહેલા કે – 'બગાસું ખાતાં

---

૪૪. મહર્ષિ શ્રીઅરવિંદ.

મોઢામાં સાકરનો ગાંગડો કોઈ મૂકી જાય એવી પ્રાપ્તિ થઈ છે. અણચિંતવ્યું સુખ આવ્યું. આ લોકનું સુખ તો નાશ થઈ જાય પણ સત્સંગનું સુખ અવિનાશી છે...'

આમ આશીર્વાદ ચાલી રહેલા ત્યાં જ વીજપ્રવાહ ખોરવાયો. તેથી પંખા, બત્તી, માઈક વગેરે ઠપ થઈ ગયું. તે જોઈ પ્રાસંગિક વાત કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'માણસે ઊભું કરેલું સુખ આમ ગમે ત્યારે ટળી જાય; પણ ભગવાનનું સુખ મળે પછી ટળી ન જાય. આ લોકના પદાર્થનું સુખ નકલી છે. ભગવાનનું સુખ અસલી છે. મોટાપુરુષ બ્રહ્મજ્ઞાન કેવી રીતે આપે છે તે કાંઈ ખબર પણ ન પડે. ઉપનિષદમાં સત્યકામ જાબાલિનું દૃષ્ટાંત છે. ગાયો ચરાવીને તેને જ્ઞાન આપ્યું. આમાં ગુરુની આજ્ઞાનું મહત્ત્વ છે. ગુરુ રાજી થાય તો બધું બને. પણ એક દિવસમાં ન થાય. આજે આંબો વાવે ને કાલે કેરી ન થાય. મોટાપુરુષની આજ્ઞામાં શંકા ન કરવી. 'संशयात्मा विनश्यति' શંકાશીલ હોય તે નાશ પામી જાય...'

આમ, સચોટ વાતો કરી સૌનાં અંતર ભેદતાં સ્વામીશ્રી ભાદરણથી પીપલગ પધાર્યા. અહીં એક દિવસ રોકાઈને તા. ૧૮/૮ના રોજ તેઓ વિદાય લેવા તૈયાર થયા ત્યારે આખું ગામ મુખ્ય રસ્તા સુધી વળાવવા ઊમટી પડ્યું!

એ વખતે જ નડિયાદના એક હરિભક્ત પોતાની મોટર પ્રસાદીભૂત કરવા લઈ આવ્યા. સ્વામીશ્રીએ તે ગાડીનું પૂજન કર્યું ત્યાં જ તેઓએ મનોરથ વ્યક્ત કર્યો કે 'સ્વામી! ગાડીમાં બેસીને તેને પ્રસાદીની કરી આપો.' તેઓની આ ભાવના પૂરી કરવા માટે સ્વામીશ્રી હાઈ-વે સુધી તે ગાડીમાં બિરાજીને પહોંચ્યા. ત્યાંથી જે મોટરમાં તેઓને જવાનું હતું તેમાં બેઠા.

*'બહુ જીવ જેમ ઉદ્ધરે, મારે કરવું તર્ત તેમ...'*ની રીત હતી સ્વામીશ્રીની. તે મુજબ તેઓ પીપલગથી આંકલાવ પધાર્યા.

ગુણાતીત સંતની પદરજથી આ ગામ પ્રથમ વાર જ પાવન થતું હોવાથી અહીં સ્વાગતયાત્રાનો ઉત્સાહ અનેરો હતો. 'આવી નગરયાત્રા કોઈ સંતની નીકળી નથી' એવાં ઉદ્‌ગારો ગામવાસીઓનાં મોંમાંથી નીકળતાં હતાં.

આ નગરયાત્રા બાદ અહીંના 'કૃષ્ણ' થિયેટરમાં સભાનું આયોજન ગોઠવાયેલું. આ થિયેટરના માલિકને સ્વામીશ્રી વિષે ખૂબ ભાવ થતાં તેઓએ બે 'શો' બંધ રાખીને પોતાના થિયેટરમાં આગ્રહપૂર્વક સભા રખાવેલી. ખોટ ખાઈને પણ સ્વામીશ્રીનો લાભ લેવા સૌ તલપાપડ રહેતા, કારણ કે તેઓનાં

દર્શન, સ્પર્શ, કથાવાર્તા વગેરેના લાભ આગળ ખોટનાં ખાતાં સરભર થઈ જતાં અને અસલી શાશ્વત નફાનો માર્ગ હાથ લાગી જતો.

અહીં સભામાં *'માણસનો અવતાર મોંઘો નહીં મળે...'* કીર્તન ગાઈને સદ્‌બોધ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'ભગવાનની કૃપાથી આ મનુષ્યદેહ મળ્યો છે તે દુર્લભ છે. આખી પૃથ્વીની સંપત્તિ આપીએ ને મળે તે સુલભ કહેવાય, પણ આખી પૃથ્વીની સંપત્તિ આપતાં ન મળે તે દુર્લભ ગણાય. આ દેહે ભક્તિ થાય એટલી તેની સાર્થકતા.'

## સન્માન્ય છતાં સામાન્ય

આંકલાવથી ઉમેટા થઈને સ્વામીશ્રી તા. ૧૯/૮ની સાંજે બોરસદ પધાર્યા.

અહીં સૌએ તેઓની ગજ-સવારીનું આયોજન ગોઠવેલું; પણ સ્વામીશ્રીએ તે બાબતે સ્પષ્ટ 'ના' પાડી. વડીલ હરિભક્તોએ ઘણી અરજ કરી છતાં તેઓએ મચક ન જ આપી. છેવટે સ્વામીશ્રીએ હાથી પર ઠાકોરજી સાથે બે હરિભક્તોને બેસાડ્યા અને પોતે સંતો સાથે ટ્રેક્ટરમાં જ બિરાજી આખા ગામમાં વિચર્યા.

સન્માન્ય હોવા છતાં સ્વામીશ્રી સગવડથી સન્માન સુધીનું સઘળું સામાન્ય જ પસંદ કરતા.

આ રીતે તા. ૨૦/૮ના રોજ તેઓએ બોરસદમાં પચાસ પધરામણીઓ કરી ત્યારે બપોરના સવા બે વાગ્યાનો સમય થઈ ગયેલો. તેઓ પધરામણી કરતા ત્યારે વચ્ચે પાણી પણ પીતા નહીં. આવા સંજોગોમાં બપોરનું ભોજન ઠેલાય તે ઘણું વસમું પડે. છતાં તેઓ હરિભક્તોએ ગોઠવેલા કાર્યક્રમ મુજબ ચાલતા. પોતાની સગવડ-અગવડ વિષે કશું જણાવતા નહીં.

તે મુજબ પધરામણીઓ બાદ ઠાકોરજી જમાડીને સ્વામીશ્રી પરવાર્યા ત્યારે ત્રણ વાગી ચૂકેલા. તેથી સૌએ આરામ કરવા માટે વિનંતી કરી.

પરંતુ સ્વામીશ્રીને બે દિવસ પહેલાં જ અક્ષરવાસી થયેલા ભાદરણના ભાઈલાલભાઈને ઘેર જવું હતું. સ્વામીશ્રી જ્યારે ભાદરણમાં ભણતા ત્યારે આ હરિભક્ત તેઓ પ્રત્યે ઘણો હેતભાવ રાખતા. તેથી તેઓએ આરામને ઠેલી અક્ષરવાસી ભક્તના ઘેર જઈને તેઓનાં કુટુંબીઓને આશ્વાસન આપ્યું. સદ્‌ગતની સેવાઓને સંભારીને અંજલિ આપી. સ્વામીશ્રીની આ લાગણી જોઈ સૌ કુટુંબીઓ ગદ્‌ગદ થઈ ગયાં.

આમ, સ્વામીશ્રીના વિચરણની હડફેટમાં આરામ-ભોજન તો ક્યાંય લથડિયું ખાઈ જતા અને સ્વામીશ્રી હરિભક્તો સુધી પહોંચી જતા.

## સમતા અને સ્થિરતાનું શિખર

ભાદરણથી સ્વામીશ્રી પાળજ પધાર્યા ત્યારે અહીં સૌનાં અંતરમાં ઘૂઘવતા ઉમંગનો વિસ્ફોટ થયો હોય તેમ તેઓનો જયઘોષ આખા ગામ-ગગનમાં ફરી વળ્યો. તે સાથે જ ધામધૂમપૂર્વક નગરયાત્રાનો પ્રારંભ થયો. તેના માર્ગમાં પ્રથમ બાલ ક્રીડાંગણ આવ્યું. ત્યાંથી આગળ વધતાં કુંભારવાડો ડોકાયો. તેમાં રહેતા હીરા કુંભારે જેવા સ્વામીશ્રીને જોયા કે તરત જ એ પોતાનું વ્યાવસાયિક કર્મ પડતું મૂકીને નીકળ્યો સ્વામીશ્રી પાસે જવા! મેલાં-ઘેલાં લૂગડાં, ગારાવાળા પગ કે ખરડાયેલું શરીર તેને નગરયાત્રામાં જવા માટે કશો ક્ષોભ ઉપજાવી શક્યું નહીં. આવો જ તે આવીને પડ્યો સ્વામીશ્રીનાં ચરણોમાં!

નગરયાત્રામાં જ્યારે સેંકડો માણસો પોતાનાં દર્શન કરી રહ્યા હોય, પુષ્પો વરસાવી રહ્યા હોય, પ્રતિષ્ઠિતો પોતાની અડખે-પડખે ચાલી રહ્યા હોય, ત્યારે આ પ્રકારનો બનાવ મનુષ્યને પોતાના મોભાના ભંગ સમાન લાગે. તે વખતે પોતાના અણગમાને શિસ્તભંગના ઓઠા નીચે સંતાડીને પણ વ્યક્તિ પેલા કુંભારને વહેલી તકે રવાના કરી દે. પરંતુ સ્વામીશ્રી આવી પ્રતિક્રિયાથી અલિપ્ત હતા. તેઓએ તો એ કુંભારને પ્રેમથી આવકાર્યો અને પીઠ પર ધબ્બો મારીને આશીર્વાદ આપ્યા.

તેથી હરખાયેલા એ કુંભકારે પોતાની સાથે આવેલા ગધેડાને કાન ઝાલીને આગળ કરતાં તેને પણ આશીર્વાદ આપવા સ્વામીશ્રીને જણાવ્યું! આ સમયે તો તે મનુષ્ય અને તેની સાથે આવેલ પ્રાણીમાં કોઈ ફેર ન જણાય. તેથી જ સૌ કુંભારની આ હરકતથી અકળાઈ ગયા. પરંતુ સ્વામીશ્રીએ પોતાની સ્વાગતયાત્રા દરમ્યાન એ ગધેડાની પીઠ થાબડી તેને પણ આશીર્વાદ આપ્યા! તે વખતે સંતની સમતા અને સ્થિરતાનું એક નવું શિખર ખડું થઈ ગયું!!

## સત્સંગની શક્તિ

સમતા અને સ્થિરતા સાથે વિચરતા સ્વામીશ્રી, પાળજથી સોજિત્રા, માતર, ત્રાજ, લીંબાસી, બોચાસણ, સુંદરણા, અટલાદરાને લાભ આપતાં

તા. ૨/૯ની સાંજે કીમ પહોંચ્યા.

અહીં આયોજિત સભામાં એકત્રિત થઈ ગયેલા બસો મુમુક્ષુઓમાં નવા ભાવિકોની સંખ્યા વધુ હતી. તે સૌને સ્વામીશ્રીના હસ્તે વર્તમાન ધારણ કરી કંઠી પહેરવી હતી. સ્વામીશ્રીને હજી આગળ સુરત સુધી પહોંચવાનું હતું, પરંતુ જીવને ભગવાનના શરણે પહોંચાડવાનું કામ પણ એમનું આગવું. તે કેમ ચુકાય? તેથી સ્વામીશ્રીએ પ્રથમ સૌ પર જળ છાંટીને સમૂહ વર્તમાન ધરાવી દીધાં અને ત્યારબાદ વારાફરતી સૌને કંઠી પહેરાવી.

એક-એક જીવને ઉગારવા માટે તેઓનો પરિશ્રમ અનન્ય રહેતો.

તેનું વધુ એક દર્શન તેઓ કીમથી નીકળીને રાત્રે પોણા અગિયાર વાગ્યે સુરત પધાર્યા ત્યારે થયું. અહીં મોડી રાત્રે અનેક હરિભક્તો તેઓની રાહ જોતાં ઊભા હતા. સ્વામીશ્રીને હજી રાત્રિભોજન લેવાનું બાકી હતું. તે પહેલાં શૌચ-સ્નાનની વિધિ પણ આટોપવાની હતી. છતાં તેઓએ કહ્યું: 'લાવો, કથા કરી લઈએ.' એમ કહી ઉપસ્થિત ભક્ત-સમુદાયને આશીર્વાદનો લાભ આપ્યો. ત્યારબાદ સૌને વ્યક્તિગત દર્શન આપી તેઓ સ્નાનાદિક માટે પધાર્યા અને રાત્રે સાડા અગિયાર વાગ્યે ભોજન કરવા માટે બિરાજ્યા!

સુરતના આ રોકાણ દરમ્યાન નાણાવટની વિઠ્ઠલવાડીમાં તા. ૩/૯ થી ૭/૯ સુધી પારાયણ યોજાયેલું. આ કથાની સાથે સ્વામીશ્રીએ સો પધરામણીઓ કરી સત્સંગ-ગંગાને ઘરોઘર પણ પહોંચાડી.

આ અરસામાં સુરતના હરિભક્ત આશાભાઈને મૌલિક વિચાર આવેલો કે 'બૅંક અને સરકાર પાસેથી કંઈ પણ આર્થિક સહાય(લૉન) લીધા સિવાય કેવળ વેપારીઓના સહકારથી કાપડ બજારનું સંકુલ તૈયાર કરવું.' તેઓના આ વિચારે વેગ પકડતાં જોતજોતાંમાં ત્રણ કરોડ રૂપિયાના ખર્ચે સુરત ટેક્ષટાઇલ માર્કેટ અસ્તિત્વમાં આવી ગયેલું. એક હજાર ઉપરાંત દુકાનો અને ફરતી હૉટલ ધરાવતું આ સંકુલ સમગ્ર ભારતમાં અદ્વિતીય બનેલું. તેના ઉદ્ભવ માટેનું શ્રેય સ્વામીશ્રીના સત્સંગીને ફાળે જતું હતું. તેથી તેનું ઉદ્ઘાટન તા. ૪/૯ના રોજ સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા કરવામાં આવ્યું.

આ પારાયણ દરમ્યાન સુરતના સમીપવર્તી ડભોલી ગામના એક હરિભક્તે પણ સ્વામીશ્રીને પોતાને ગામ પધારવાનું આમંત્રણ આપતાં સ્વામીશ્રી તા. ૫/૯ની સાંજે ત્યાં પહોંચ્યા.

પરંતુ એ એક હરિભક્ત નીવડેલો રાઈનો દાણો! તેણે એકલે હાથે

જહેમત ઉઠાવીને ગામ આખાને ઉત્સાહનો ચેપ લગાડી દીધેલો. તેથી સ્વામીશ્રી પધાર્યા ત્યારે ગામને ગોંદરે ત્રણસો ભાવિકોએ બેન્ડ-વાજાં સાથે તેઓને ઉમંગભેર વધાવ્યા. એક પધરામણીમાંથી પંદર પધરામણીઓ થઈ. સમયના અભાવે અન્ય આમંત્રણ મુલત્વી રાખવાં પડ્યાં. ૮૦ મુમુક્ષુઓ કંઠીબદ્ધ સત્સંગી થયા અને ગામમાં સત્સંગ મંડળની સ્થાપના પણ થઈ ગઈ!

ગઈકાલે એક સત્સંગીને કારણે ભારતમાં અવ્વલ દરજ્જાનું અદ્યતન માર્કેટ અસ્તિત્વમાં આવ્યું. આજે એક સત્સંગીને કારણે સત્સંગ મંડળનો જન્મ થયો. સમાજમાં બંનેની જરૂર હતી. આ બંને ઘટનામાં સત્સંગની શક્તિનો પરચો જોઈ શકાય છે. *'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત'*ની જેમ *'જ્યાં જ્યાં વસે એક સત્સંગી, ત્યાં ત્યાં સત્સંગ વિકાસ'* કહી શકાય એવું સ્વામીશ્રીએ કરી દેખાડેલું!

એ વિકાસનું વધુ એક કદમ ઊઠાવતાં તેઓએ તા. ૬/૯ના રોજ રાંદેર ગામમાં પણ સભા, પધરામણીઓ કરીને સત્સંગ મંડળની સ્થાપના કરી દીધી.

## નામ ન બદલાય

સુરતમાં ભવ્ય પારાયણ સંપન્ન કરીને સ્વામીશ્રી 'સૌરાષ્ટ્ર એક્સપ્રેસ' દ્વારા તા. ૭/૯ની રાત્રે મુંબઈ પધાર્યા.

આ વખતે તેઓનું રોકાણ માત્ર ત્રણ દિવસ પૂરતું જ હતું, પરંતુ આ અલ્પ રોકાણનો ફાયદો એ થયેલો કે સૌમાં તેઓનો લાભ લૂંટવાની તત્પરતા અને એકાગ્રતા વધી ગયેલાં. સૌ સમય કાઢીને લાભ લેવા દોડી આવતા. તેમાં સવારનો પ્રથમ 'પિરિયડ' મોટેભાગે કિશોરો-યુવકો આરક્ષિત કરી લેતા.

સ્વામીશ્રી સ્નાન કરતા હોય ત્યારથી જ આવી ગયેલા તેઓ સ્નાનની સાથે સ્વામીશ્રી સાથે મિત્રભાવે વાતો કરતા જાય અને સ્મૃતિઓનો ઢગલો ખડકાતો રહે.

એક વાર આ રીતે જ સ્નાનનો લાભ લેતાં લેતાં એક યુવકે કહ્યું: 'બાપા! યોગીજી મહારાજના વખતમાં 'યોગી યુવક ઉપવાસ કૉલેજ(YYUC)' ચાલતી. તેમાં યોગીજી મહારાજ સ્નાન કરાવવાનો લાભ લેવા આવતા યુવકોને ઉપવાસની આજ્ઞા કરી સ્મૃતિ આપતા. તો હવે આપણે 'પ્રમુખ યુવક ઉપવાસ કૉલેજ(PYUC)' શરૂ કરીએ. તેમાં આપ પણ યુવકોને ઉપવાસની સ્મૃતિ આપજો.'

આ સાંભળી સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા: 'કૉલેજમાં પ્રિન્સિપાલ બદલાય એટલે કૉલેજનું નામ ન બદલાય.'

આ તાર્કિક અને માર્મિક દલીલ સાંભળી સૌ યુવકો ખુશ ખુશ થઈ ગયા. તેમાં સ્વામીશ્રીની બુદ્ધિકક્ષાની સાથે સાથે તેઓની ગુરુભક્તિ અને તેઓ યોગીજી મહારાજના વારસદાર છે એ સંકેત પણ જાણવા મળી ગયો.

## ઑટોમેટિક રક્ષા

સ્વામીશ્રીની સ્નાનવિધિ દરમ્યાન યુવકો વિવિધ મુખપાઠ રજૂ કરીને તેઓનો રાજીપો લૂંટતા. તે ક્રમમાં એક યુવાન માર્કંડ[૪૫] 'સ્વામીની વાત'નો મુખપાઠ રજૂ કરતાં બોલ્યા કે 'જેમ પાંપણ આંખની રક્ષા કરે છે ને હાથ કંઠની રક્ષા કરે છે ને માવતર છોકરાંની રક્ષા કરે છે ને રાજા પ્રજાની રક્ષામાં છે, તેમ જ ભગવાન આપણી રક્ષામાં છે.'[૪૬]

આ સાંભળી સ્વામીશ્રીએ તે યુવકને જ પૂછ્યું: 'પાંપણ આંખની રક્ષા કેવી રીતે કરે છે?'

ત્યારે તે યુવકે કિંચિત્ નિદર્શન સાથે કહ્યું: 'જેમ આંખમાં કંઈપણ પડવા આવે તો આંખ ઑટોમેટિક બંધ થઈ જાય. એમ...!'

તે વખતે સ્વામીશ્રી બોલ્યા: 'હં! એમ જ ભગવાન અને સંત પણ આપણી રક્ષા ઑટોમેટિક જ કરે છે.'

સ્વામીશ્રીના મુખેથી સૌ ભક્તો માટે એક શાશ્વત હૈયાધારણ અનાયાસે સરી પડી! સ્વામીશ્રી સાથેનું સ્નાનસત્ર યુવકો માટે આમ અનોખું જ્ઞાનસત્ર પણ બની રહેતું.

## ષડરિપુ કો બસકર રંગ મેં રહે

મુંબઈના રોકાણ દરમ્યાન એક વાર સ્વામીશ્રી સ્નાનવિધિ બાદ શરીર લૂછીને તૈયાર થયા ત્યારે અચાનક તેઓની નજર પાણીના નળ પર ગઈ. તે નળમાંથી આવતાં પાણીને બાલદીમાં ભરીભરીને સ્વામીશ્રીને સ્નાન કરાવવામાં આવેલું. પણ અત્યારે તેઓએ જોયું તો તે નળ પર ગળણું નહોતું. તેથી તેઓ અતિશય આકળા થઈને સેવકને ઠપકો દેવા લાગ્યા કે 'કેટલા

૪૫. તેઓએ સ્વામીશ્રીના વરદહસ્તે દીક્ષા લઈ સાધુ યજ્ઞચરણદાસ નામ ધારણ કરેલું.

૪૬. સ્વામીની વાતો: ૧/૨૨.

વખતથી ભેગા ફરો છો તોય હજી સમજ્યા નથી ? અત્યાર સુધી આવાં અણગળ પાણીથી જ મને નવરાવ્યો છે ?...' એમ કહેતાં સ્વામીશ્રીએ સેવકની રીતસર ઝાટકણી કાઢી નાંખી.

જે યુવકો સ્નાન કરાવવાનો લાભ લેવા આવેલા તે તો સ્વામીશ્રીનું આવું રૌદ્ર રૂપ જોઈને ડઘાઈ જતાં એક કોરે ખસી ગયા. ત્યાં ઊભાં ઊભાં તેઓ અણગળ પાણીથી સ્નાન થઈ ગયાના જે ખેદ અને બળતરા સ્વામીશ્રીના મુખારવિંદ પર હતાં તે જોઈને ત્રિરાશિ મૂકવા લાગ્યા કે 'જે સ્વામીશ્રીને આટલો નાનો નિયમ પાળવાનો આવો આગ્રહ રહે છે તેઓને શ્રીજીમહારાજની અન્ય આજ્ઞાના પાલનમાં તો કેવી દૃઢતા હશે !'

આ સમયે એ યુવકોને શ્રીજીમહારાજનાં વચન યાદ આવી ગયાં કે 'જેને પરમેશ્વરના વચનની ખટક રહે અને નાનું-મોટું વચન લોપી શકે નહીં, એવી રીતનો જેનો સ્વભાવ હોય તેને ગમે તેઓ આપત્કાળ આવે તોય પણ એ ધર્મ થકી પડે જ નહીં...'[૪૭]

ભગવાનનું નૃસિંહ સ્વરૂપ જોઈને કોઈ તેઓની નજીક જવાની હિંમત કરી શક્યું નહીં – એવું વર્ણન ભાગવતમાં આવે છે. અણગળ પાણીથી સ્નાનના મામલે સ્વામીશ્રીના મુખારવિંદે જે રતાશ પકડેલી તે જોઈને યુવકોની દશા પણ કંઈક એવી જ થયેલી.

...પણ તે જ વખતે એક ઘટના એવી બની કે સૌને સ્વામીશ્રીને ભુજામાં ભીડી લેવાનું મન થઈ આવ્યું.

સેવક પર પ્રકોપ ઠાલવ્યા બાદ સ્વામીશ્રી હજી તો પાંચેક ડગલાં ચાલીને બાથરૂમની બાજુમાં આવેલા ઓરડામાં પ્રવેશ્યા હશે ત્યાં જ ત્રણ વ્યક્તિઓ તેઓને મળવા આવી પહોંચી. એ ત્રણેય કલાકારો હતા. સ્વામીશ્રીએ તેઓને જોતાં જ એકદમ પ્રેમથી આવકાર્યા. તે વખતે યુવકોએ તેઓની આંખોમાંથી અમી નીતરતું અનુભવ્યું. સ્વામીશ્રીનું મુખારવિંદ પણ મૃદુ જણાયું. સૌ તેઓ સામે તાકી જ રહ્યા કે 'માત્ર વીસ-ત્રીસ સેકન્ડમાં જ આ ફેરફાર કેવી રીતે શક્ય બને ?'

ખીંટીએ ભરાવેલાં ટોપી કે ડગલાંને માણસ ઉતારીને પહેરે અને કામ પતે એટલે તેને કાઢીને પાછો ખીંટીએ ટીંગાડી દે, એટલી સહેલાઈથી અંતરમાં વ્યાપેલા કામ, ક્રોધાદિક સ્વભાવોને અળગા કરી શકાતા નથી. તે તે સ્વભાવોની

---

૪૭. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૪.

અસર માનવીની કાયા અને ક્રિયાઓ પર અમુક સમય સુધી રહીને ધીરે ધીરે ઓસરે છે.

પરંતુ અહીં તો ચિત્ર સાવ જ જુદું હતું! તે જોઈ યુવકોને થયું કે 'સ્વામીશ્રી સ્વભાવને વશ નથી. હકીકતે તેઓમાં સ્વભાવ જ નથી. બીજાના શ્રેય માટે તેઓ સ્વભાવ અંગીકાર કરે છે અને ચાહે ત્યારે તેને અળગા કરી શકે છે.'

## પરિવર્તનનો પવન ફૂંકતો પ્રેમ

તા. ૧૦/૯ની સવારે સ્વામીશ્રી પ્રાતઃકથાથી પરવારીને પત્રવ્યવહારની સેવામાં પરોવાયેલા. તે વખતે મુંબઈના એક યુવાન અશ્વિન દવે તેઓને મળવા માટે આવી પહોંચ્યા. તેઓનો ચહેરો અંતરમાં વ્યાપેલા ઉદ્વેગની ચાડી ખાતો હતો. જો કે, તેઓના જીવનમાં ઘટેલી દુર્ઘટનામાં મનની સમતુલા હાલકડોલક થઈ જાય એમ જ હતું. એકત્રીસ વર્ષની ભરયુવાન અવસ્થામાં તેઓ વિધુર બની બેઠેલા. બે નાનાં સંતાનોના ઉછેરની જવાબદારી, વ્યાવસાયિક દાયિત્વ, વયસ્ક થતાં એકલવાયા જીવનની કલ્પનાથી છૂટતી કમકમાટી, અવસ્થાના આવેગ વગેરે સામે ઝઝૂમવાની તાકાત તેઓ ખોઈ બેઠેલા. જિંદગીનો સૂર્ય મધ્યાહ્ને પહોંચતાં પહેલાં અસ્ત થઈ જાય તેવી નોબતો વાગી ગયેલી.

આ સઘળી હકીકતથી તે યુવાને સ્વામીશ્રીને વાકેફ કર્યા. બે મિનિટ વાત કરવામાં ચાર વાર તો તેઓના ગળે ડૂમો ભરાઈ આવ્યો. પણ સ્વામીશ્રી સાંત્વન આપતાં છેલ્લે બોલ્યા : 'યુવક મંડળની સભામાં આવતા રહેજો. શાંતિ થઈ જશે.'

તે વખતે એ યુવાને સ્વામીશ્રીને પૂછ્યું: 'સંબંધીઓ બીજાં લગ્ન કરવાની વાત કરે છે. તો મારે શું કરવું?'

'ભગવાન ભજી લો. બીજો વિચાર કરવો નહીં.' સ્વામીશ્રીએ એક જ વાક્યમાં જિંદગીનો નકશો દોરી આપ્યો. તે યુવાને પણ આ નકશેકદમ ચાલવાનો નિર્ધાર કરી લીધો.

સ્વામીશ્રીએ યુવાન-હૈયાં પર કેવો કબજો જમાવ્યો હશે કે એકત્રીસ વર્ષની મદમાતી યુવાની સંસારનાં સુખનો વીંટો વાળીને સીધી વાનપ્રસ્થની વાટે ચાલવા લાગે! સ્વામીશ્રીનો પ્રેમ પરિવર્તનનો કેવો પવન ફૂંકતો તેનું આ એક ઉદાહરણ છે.

## માથે લઈએ તો ભારે પડે ને !

તા. ૧૧/૯ની સવારે સ્વામીશ્રી 'ગુજરાત મેલ' દ્વારા મુંબઈથી અમદાવાદ આવી પહોંચ્યા.

અહીં તેઓના શ્રીમુખે 'સત્સંગિજીવન' ગ્રંથની સપ્તાહનું આયોજન કરવામાં આવેલું. ઘણા વખત પછી અમદાવાદના આંગણે આવું આયોજન આકાર લઈ રહેલું. સ્વામીશ્રીએ પણ કથામાં એવો રસ મૂકેલો કે મંદિર આખું ચિક્કાર થઈ જતું. વળી, પારાયણની સાથે પધરામણીઓ પણ સમાંતર ચાલતી રહેતી. મીટિંગો, મુલાકાતોનો દોર પણ તૂટતો નહીં. આમ, સ્વામીશ્રી આખો દિવસ અતિ વ્યસ્ત રહેતા. છતાં રાત્રે સંતો સાથે ચેષ્ટાગાન કરીને અગિયાર - સાડા અગિયાર વગાડતા. આહ્નિક બાદ સંતો સાથે હળવી ગોષ્ઠી પણ કરતા. આમ, નવરાશ લગીરેય નહીં, તોય હળવાશ પૂરેપૂરી. સ્વામીશ્રીની આવી જીવનશૈલી ભલભલાંને હેરત પમાડતી.

તે આશ્ચર્ય અનુભવતાં એક સંતે તા. ૧૫/૯ની રાત્રે પૂછ્યું: 'સ્વામી ! તમને પધરામણીમાં, કથામાં થાક કે આળસ નથી લાગતા ? અમને તો તરત જ આળસ થાય, થાક લાગે.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'આવું સરસ સુખેથી ભજન થતું હોય તો થાક કે આળસ ક્યાંથી આવે ?'

આટલી મુદ્દાની વાત કરીને તેઓએ આગળ જણાવ્યું: 'આવાં મંદિરો છે, આવું સર્વોપરી રહેવાનું, સેવા કરવાની, તેમાં દુઃખ શેનું ? મનને નવરું પડવા દઈએ તો ચગડોળે ચડે. નવરું બેઠું મન ખોતર્યા જ કરે. જ્ઞાને કરીને, વિચારે કરીને મુશ્કેલી ટાળી નાંખવી જોઈએ. ભગવાનને અને સંતને કર્તા-હર્તા સમજી સેવા કરવી. આપણે માથે ટોપલો લઈએ તો ભારે પડે ને !'

આજે એક સાથે અનેક જવાબદારી પાર પાડવાના પડકાર ઝીલતો મનુષ્ય થાક, કંટાળો, તાણ વગેરેનો અનુભવ કરતો રહે છે. પરંતુ તેને પીડતી કાર્યભારની સમસ્યાનું સમાધાન આજે સ્વામીશ્રીના મુખેથી સરી રહ્યું.

## જે સેવા કરે તે લાભ ખાટે

અમદાવાદના પારાયણના છઠ્ઠા દિવસે તા. ૧૬/૯ના રોજ સંસ્થાના વાચસ્પતિ સંતોનો સન્માન સમારંભ મુખ્યમંત્રીશ્રી ઘનશ્યામભાઈ ઓઝાની

ઉપસ્થિતિમાં સંપન્ન થયેલો. આ આખા સમારંભની ફિલ્મ ગુજરાત રાજ્યના માહિતી ખાતા તરફથી લેવાયેલી અને બીજા દિવસનાં અખબારોમાં પણ આ સમાચારનું વ્યાપક પ્રસારણ કરવામાં આવેલું.

આવા જયકારી કાર્યક્રમ બાદ, તા. ૧૭/૯ની સવારે પારાયણની પૂર્ણાહુતિ કરીને સ્વામીશ્રી બાવળા, કુંડળને લાભ આપતાં સારંગપુર આવી પહોંચ્યા. અહીં તા. ૧૯/૯ના દિવસે જળઝીલણી એકાદશી ઊજવી.

આ ઉત્સવદિનની બપોરે સંતો મંદિરની પાછળ આવેલા શ્રીજી-મહારાજના પ્રાસાદિક કુંડમાં સ્નાન કરી રહેલા ત્યારે સ્વામીશ્રી પણ ત્યાં આવી પહોંચ્યા. તેઓ પધારતાં જ સંતોના ઉત્સાહમાં જબરજસ્ત ઉછાળો આવ્યો. સૌ પોતાની તરણકળા તેઓ સમક્ષ પાવન કરવા લાગ્યા. તેથી કુંડનું જળ વિશેષ ખળકવા લાગ્યું. જાણે તે પણ ઊછળી-ઊછળીને સ્વામીશ્રીને જળક્રીડા માટે કુંડમાં પધારવાનું આમંત્રણ ન આપતું હોય!

તે વખતે કો'કે સ્વામીશ્રીને કહ્યું: 'બાપા! આ ઘનશ્યામ ભગત ડાઈવિંગ સરસ કરે છે.'

'એમ? તો તો તમારી કલા બતાડો.' આશ્ચર્ય વ્યક્ત કરતાં સ્વામીશ્રીએ તે ભગતને કહ્યું.

આજ્ઞા થતાં તે પાર્ષદે ૩-૪ સમરસૉલ્ટ[૪૮] મારીને ડાઈવિંગ કર્યું. તે જોઈ પ્રસન્નતા બતાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'જબરું ઊલટ-સૂલટ થઈને પડો છો!'

કોઈપણ કળાની કદર કરવામાં તેઓને લેશ કંજૂસાઈ નહીં અને વિલંબ પણ નહીં. જેમ માલ ખરીદાય અને વેપારી તરત જ પાવતી ફાડી દે, તેમ સ્વામીશ્રી કંઈક સારું જુએ કે તરત જ પ્રશંસાની પહોંચ આપી દે! અહીં વાત સામાન્ય હતી, પણ સ્વામીશ્રીએ તેને બિરદાવી જાણી.

તેઓ તરફથી આવો પ્રતિભાવ મળ્યો એટલે પેલા પાર્ષદનો ઉત્સાહ બેવડાયો. તેઓએ સીધું સ્વામીશ્રીને જ કહ્યું: 'બાપા! આપ ડાઈવ મારો.'

'એટલે ઊંચેથી ના ફાવે. આ વચલા પગથિયેથી મારીએ.' એમ કહીને સ્વામીશ્રી ગાતરિયું એક કોરે મૂકી, ધોતિયાનો કછોટો વાળી, વચલા પગથિયે આવી ઊભા રહ્યા.

સૌ સાથે હળી-મળીને તેને હેત કરવાની-કરાવવાની તેઓની કળા આગવી હતી. અત્યંત સ્થિર-ધીર હોવા છતાં, જેની જે કક્ષા હોય ત્યાં તેઓ

૪૮. ઊંચેથી ગુલાંટ ખાતાં ખાતાં જળમાં ખાબકવાની એક કળા.

સહેલાઈથી ઊતરી શકતા અને તેના આત્મીય બની જતા.

તે મુજબ અહીં પણ સ્વામીશ્રી તરવા માટે તૈયાર થઈ ગયા. સૌ સંતો થોડે દૂર ઊભા રહી આ ચરિત્રને નજરમાં ભરી લેવા તત્પર બની રહ્યા.

સ્વામીશ્રીએ જોરથી ઠેક લગાવીને જળમાં ઝંપલાવ્યું. પણ શીર્ષાસનની જેમ પડવાને બદલે પીઠનો ભાગ પાણી પર પછડાય તે રીતે પડ્યા. સ્વામીશ્રીના કેવળ ચરણસ્પર્શ નહીં પણ તેઓને આખેઆખા વીંટળાઈ વળવાનો લાભ મળતાં કુંડનું જળ હિલોળે ચડી ગયું !

થોડી વારે તરતાં તરતાં જળની બહાર પધારેલા સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા: 'ગુલાંટ મરાઈ ગઈ, કેમ ? આપણને કશું અવળ-હવળ ફાવે નહીં. બધું સીધેસીધું કરવાનું જ ફાવે !'

આમ, ગમ્મતમાં પણ પોતાની જીવનશૈલીનો ઘટસ્ફોટ કરતાં તેઓ કુંડની બહાર પધારીને કોરાં વસ્ત્રોથી શરીર લૂછવા લાગ્યા. તે વખતે સેવકનું ધ્યાન સ્વામીશ્રીના કંઠ તરફ ગયું. તેમાં ઝૂલતી કંઠી ન જોતાં પૂછ્યું: 'બાપા ! કંઠી ક્યાં ગઈ ?'

જળમાં ઝંપલાવતી વખતે કંઠી કંઠમાંથી બહાર નીકળી ગયેલી, તે અત્યારે ધ્યાનમાં આવેલું. તેથી તેને શોધવા સંતોએ તળિયા સુધી ડૂબકીઓ લગાવી, પણ જાણે વરુણદેવ આ પ્રસાદી તાણી ગયા હોય તેમ, તે કંઠી કોઈના હાથમાં ન આવતાં સેવક બીજી કંઠી લેવા ગયા.

તે વખતે સામે ઊભેલા ઘનશ્યામ ભગતે સ્વામીશ્રીને કહ્યું: 'બાપા ! મેં કંઠી માંગી તો આપે આપી નહીં અને આ કુંડમાં જવા દીધી !'

આજે સવારે જ સ્વામીશ્રી પ્રાતઃપૂજાથી પરવાર્યા ત્યારે એમની કંઠી તૂટી ગયેલી. તે પ્રસાદીભૂત કંઠી આ ભગતે માંગેલી. પણ સ્વામીશ્રીને પોતાની પ્રાસાદિક વસ્તુઓ કોઈ સંઘરે તે બાબતે સખત અરુચિ. તેથી તેઓએ તૂટેલી કંઠી તે ભગતને નહોતી આપી.

ત્યારે સ્વામીશ્રીએ જે નવી કંઠી પહેરી તે તરફ નિર્દેશ કરીને પેલા ભગતે ફરી કહેલું: 'આ નવી કંઠી મને આપો અને આપ બીજી પહેરો.'

પણ તે વખતેય સ્વામીશ્રીએ 'ના' પાડતાં જણાવેલું: 'એ બધું આપણે ભેગું કરીને શું કરવાનું ?'

સવારે બનેલા આ પ્રસંગના સંદર્ભમાં અત્યારે પેલા ભગતે 'મને કંઠી આપી નહીં' એમ કહ્યું ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'આ કુંડે કેટલી સેવા કરી છે

એ ખબર છે? શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની ખૂબ સેવા કરી છે, તે લઈ જાય. એ તો જે સેવા કરે તે લાભ ખાટે!'

સ્વામીશ્રીના મુખેથી લાભ ખાટવાનો કીમિયો સરી પડ્યો. જડ હોય કે જીવ – જે જેટલી સેવા કરે તેને તેટલો લાભ સમય આવ્યે સત્પુરુષ આપી જ દે છે તે રહસ્ય તેઓએ જણાવી દીધું.

## ટળવળતા અને તરવરતા

જળઝીલણીના ઉત્સવ બાદ સ્વામીશ્રી પારાયણ નિમિત્તે એક અઠવાડિયા સુધી સારંગપુરમાં જ રોકાયેલા.

તે અરસામાં અહીં કાળા તલની ખેતી ખૂબ સફળ થઈ હતી. આશરે ત્રણસો મણ તલ ખળામાં એકઠા થઈ ગયેલા. હવે તેને સાફ કરવાની સેવા તરત જ ઉપાડવી પડે તેમ હોવાથી સૌ સંતો તે સેવામાં જવા લાગ્યા. સ્વામીશ્રીની નજરમાં આ વાત આવતાં તેઓ પણ તક ઝડપી સૌ સાથે ખળામાં પહોંચી ગયા.

તલ સાફ કરવા માટે હલર ફેરવવું પડે. તે માટે સ્વામીશ્રી જાતે જ ખળામાં નીચે બેસી જાય અને તલને ધક્કો મારતા જાય. અન્ય સંતો તેઓની પાછળ હલર ફેરવતા જાય. તે સંતો સ્વામીશ્રીને સેવા કરતાં વારે અને કહે: 'અમે કરી નાંખશું. આપ રહેવા દો.' પરંતુ સ્વામીશ્રીએ નમતું ન જોખતાં બપોર સુધી એકધારી સેવા કરી.

સેવા માટે ટળવળતા અને સેવામાં તરવરતા સ્વામીશ્રીની છબી, જે કોઈ એમના સંસર્ગમાં આવ્યા હશે તે કોઈનીયે આંખથી ઓઝલ થાય તેવી નથી. સેવાના સુમધુર સૂરો રણઝણાવતી રહેલી તેઓની જીવનવીણા હજીયે સૌના કાનમાં ગુંજી રહી છે.

## ગાઉં શું હેત તમારાં

તા. ૨૬/૯ના રોજ સારંગપુરમાં પારાયણની પૂર્ણાહુતિ થયેલી. તે જ દિવસે શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વનો સમૈયો પણ ઊજવાયો.

હવે સ્વામીશ્રી ઝાલાવાડમાં વિચરણ માટે પધારવાના હતા. તે માટે વિદાય લેવાની ઘડીઓ ગણાઈ રહેલી. સહપ્રવાસીઓનો સરસામાન ગાડીમાં ગોઠવાઈ ચૂકેલો. બરાબર તે વખતે તેરેક વર્ષની ઉંમરના એક સંત મુકુંદજીવન-

દાસે કહ્યું : 'બાપા ! મારે તમારી જોડે આવવું છે.'

સ્વામીશ્રી સાથે વિચરણ કરવાનો લોભ સંતોને રહેતો, કારણ કે પોતાનો પરિવાર પરહરીને આવેલા સંતો માટે આ લાભ જ મૂડી-મિલકત સમો ગણાય. તેથી સ્વામીશ્રી જ સમયે-સમયે દર્શન-પ્રસાદી-વાતું-મળવું વગેરે સુખ આપી સૌનાં ખાતાં ભરપૂર રાખતાં.

પણ અમૃતપાનમાં તો કોણ ધરાય? એટલે જ, સ્વામીશ્રી સાથે છેક મુંબઈથી અહીં સારંગપુર સુધી સાથે રહેવાનો લાભ મેળવનાર પેલા સંત હજી ગોંડલ સુધી સાથે આવવાની વાત કહી રહેલા.

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : 'હમણાં સાથે જ ફર્યા છે તો અહીં રોકા.'

પણ તે સંતે તો 'ના, બાપા ! મને લઈ જાવ. મારે આવવું છે...' એમ કહી જાણે બાળહઠ પકડી.

તેઓની આ વાત સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'સારું જા. તૈયાર થઈ જા.'

બીજાને વાળવા કરતાં તેઓ પોતે વળી જવાનું વધુ પસંદ કરતા.

પેલા નાનકડા સંત તો સ્વામીશ્રીની 'હા' સાંભળી આનંદની પણછનો ઠેલ વાગતાં, પોતાનું પોટલું તૈયાર કરવા તીરના વેગે ઊપડી ગયા. થોડી જ વારમાં તેઓ આવી ગયા. પણ જોયું તો ગાડી ઠાંસોઠાંસ ભરેલી.

એટલામાં સ્વામીશ્રી પધાર્યા. તેઓ આગળની બેઠક પર બિરાજ્યા. પેલા નાના સંતને થયું : 'ખરેખર, મેં ખોટો આગ્રહ કર્યો છે.'

તેઓ જ્યાં આમ વિચારી રહેલા ત્યાં જ સ્વામીશ્રીએ તેઓને કહ્યું : 'આવી જા...' એમ કહી પોતે અંદર ખસ્યા, સંકોચાયા અને પોતાની બાજુમાં તે સંતને બેસાડી દીધા. સ્વયં અગવડ વેઠીને બીજાને રાજી રાખવાનું સ્વામીશ્રીને ખરેખરું ગોઠી ગયેલું.

અંતે ગાડી ઉપડી અને થોડી વારમાં તો પિતા પુત્રની સાથે રમૂજ કરે તેમ સ્વામીશ્રી પેલા સંત સાથે ઓતપ્રોત થઈ ગયા ત્યારે એ સંતનું રોમ રોમ ગાઈ રહ્યું : *'આજ ગાઉં શું હેત તમારાં, સ્વામી ! ગાઉં શું હેત તમારાં...'*

## ...एतावानस्य महिमा ! (આટલો તેઓનો મહિમા !)

સારંગપુરથી નીકળેલા સ્વામીશ્રી રતનપુર, ધાંગધ્રા, ખારવા, ગોમેટા, દેવળિયા, ડોળી તલાવડી, તાવી, શિયાણી, ઊંટડી, અણંદપુર વગેરે ગામોને પાવન કરતાં કરતાં તા. ૮/૧૦ના રોજ ચૂડા પહોંચ્યા.

અહીં એક વર્ષ પહેલાં તેઓએ ગામમાં સભા અને પધરામણીઓ કરી બાળ, યુવા, સત્સંગ મંડળની સ્થાપના કરેલી. તેઓએ વાવેલાં એ બીજ એક વર્ષમાં સુંદર મંદિરરૂપે કોળી ઊઠેલાં. સ્વામીશ્રીનું ગામોગામ ઘૂમવું એ કોઈ વ્યર્થ રઝળપાટ નહોતી, તે આવાં મીઠાં ફળ ચાખવા મળે ત્યારે અનુભવાતું. વિચરણમાં તેઓનાં પ્રસ્વેદબિંદુઓ જ્યાં જ્યાં પડેલાં ત્યાં ત્યાં અત્યારે સત્સંગનાં સઘન વન ખીલી ગયાં છે.

આ રીતે ફૂટી નીકળેલા મંદિરમાં તા. ૯/૧૦ના દિવસે સ્વામીશ્રીના વરદહસ્તે પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થતાં, ચૂડા-મણિ જેવું સ્થાન સૌ માટે ખુલ્લું મુકાઈ ગયું.

પ્રતિષ્ઠા બાદ સ્વામીશ્રી ચાચકા થઈને મોજીદડ પધાર્યા. અહીં પારાયણની સાથે સાથે સ્વામીશ્રી આજુબાજુનાં ગામોનો પ્રવાસ પણ ખેડી લેતા. તે મુજબ પારાયણના ત્રીજા દિવસની સાંજે તેઓએ ભૃગુપુરને લાભ આપી જોબાળા ભણી વિદાય લીધી.

અહીંના સત્સંગી બચુભાઈ મિસ્ત્રીએ યોગીજી મહારાજને પ્રાર્થના કરેલી કે 'બાપા ! અમારે ગામ પધારો.' ત્યારે યોગીજી મહારાજે સ્વામીશ્રીને બોલાવીને કહેલું : 'આપણે હવે ઝાલાવાડનો કાર્યક્રમ ગોઠવાય તો જોબાળાનો ગોઠવી દેજો.' સ્વામીશ્રીએ પણ 'ભલે, બાપા !' કહી સંમતિ આપેલી.

પરંતુ આ પ્રસંગ બન્યાના થોડા સમયમાં જ યોગીજી મહારાજ ધામમાં પધારી જતાં બચુભાઈ નિરાશ થઈ ગયેલા. યોગીજી મહારાજના ધામગમનને પોણા બે વર્ષ વીતી ગયાં છતાં હજી તેઓનો સંકલ્પ અધૂરો હતો. પરંતુ તેઓ ચૂડાના મંદિરની પ્રતિષ્ઠામાં લાભ લેવા ગયા ત્યારે સ્વામીશ્રીએ સામેથી તેઓને બોલાવી કહેલું : 'તમારે ગામ આવવાની વાત આપણે થયેલી. તો અમે પાંચમ(તા. ૧૨/૧૦)ની સાંજે આવીશું અને સભા કરીને રાત્રે આગળ જઈશું.'

આ વાત સાંભળી બચુભાઈ તો ચકિત થઈ ગયા ! બે વર્ષ પહેલાં ઊભડક પગે બેસીને થયેલી વાત પણ સ્વામીશ્રીના મનમાં હજી સચવાયેલી હતી ! બે ઘડી માટે તો એ હરિભક્ત ચકરાવે ચડી ગયા કે 'નહીં કોઈ ચિઠ્ઠી-ચબરખી... નહીં કોઈ આગામી કે બાકી કાર્યક્રમોની જાણ કરતા સચિવ-સેવકોનો સાથ... રોજના બબ્બે - ચાર-ચાર ગામડાંના હિસાબે ચાલતી કદી ખૂટે નહીં તેવી વિચરણની વણઝાર... તેમાં જોબાળા ગામમાં જવાની વાત સ્વામીશ્રીને યાદ છે !'

સ્વામીશ્રીની શક્તિ, સૂઝ અને શૈલી કોઈને પણ અહોભાવ અને આશ્ચર્યના સમંદરમાંથી બહાર જ નીકળવા ન દે તેવાં હતાં ! પળ-વિપળથી લઈને પ્રકાશવર્ષ અને તરણાથી લઈને તારામંડળ સુધીની ગણતરી તેઓનું મગજ એકકાળાવિચ્છિન્ન કરી શકતું. एतावानस्य महिमा। આટલો તેઓનો મહિમા ! આવા મહિમાવંત સ્વામીશ્રી યોગીજી મહારાજની ઇચ્છા પૂરી કરવા જોબાળા પધારવાના હતા. આ પધરામણી પાછળ છુપાયેલી તેઓની પ્રતિભા હવે કેવી વિરાટ દીસે છે !

બસ, આ જ હતી તેઓની વિશેષતા. તેઓનું હરવું-ફરવું સામાન્ય જણાતું, પણ જો કોઈ તે ક્રિયામાં ઊંડો ઊતરે તો સ્વામીશ્રીના વ્યક્તિત્વની એક વિરાટ દુનિયા ખૂલી જતી.

## તાળાં ખોટકેલ ખોલે

સામાન્ય વેશમાં વિચરતા અસામાન્ય સ્વામીશ્રી તા. ૧૨/૧૦ની સાંજે જોબાળાના આંગણે આવી પહોંચ્યા ત્યારે જોબાળાને જોબનની મસ્તી ચડી હોય તેમ તે અંગડાઈ લઈ રહેલું. ઢોલ, ત્રાંસાં અને બંદૂકોના બારથી સ્વામીશ્રીનું સ્વાગત થયું અને નગરયાત્રા નીકળી.

કોઈપણ ગામમાં તેઓનો ક્રમ રહેતો કે 'માર્ગમાં જે કોઈ દેવમંદિર આવે ત્યાં દર્શને જવું.' ગાડાં, ટ્રેક્ટર, જીપ, બગી કે હાથી – કોઈપણ વાહનમાં સ્વામીશ્રી બિરાજ્યા હોય તોય તેમાંથી ઊતરીને તેઓ દર્શન કરવા પધારતા. વિવિધ ધર્મોને જોડતા સેતુ સમાન તેઓનું વ્યક્તિત્વ ! આ જ શૈલી અનુસાર અહીં તેઓએ રામજી, શિવજી અને હનુમાનજીનાં મંદિરે દર્શન કર્યાં.

આગળ જતાં જૂનું સ્વામિનારાયણ મંદિર આવ્યું. સ્વામીશ્રી ત્યાં પણ દર્શને જવા વાહનમાંથી ઊતર્યા; પણ જોયું તો મંદિરની જાળીએ તાળું લટકતું હતું. તે જોઈ યજમાન હરિભક્ત મંદિરના સ્થાનિક વ્યવસ્થાપકને ઘેર ચાવી લેવા માટે દોડ્યા; પણ ત્યાંથી જવાબ મળ્યો કે 'ફલાણાભાઈ ચાવી લઈ ગયા છે.' એટલે હરિભક્તે તે વ્યક્તિના ઘર તરફ દોટ મૂકી; પરંતુ ત્યાંય જવાબ મળ્યો કે 'ભાઈ વાડીએ ગયા છે.'

આ સાંભળી મૂંઝાયેલા હરિભક્તે સ્વામીશ્રીને સઘળી વિગત જણાવી.

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'તમે એ લોકોને જાણ કરેલી ?'

'હા, બાપા !'

'તો પછી જુઓ તો ખરા. તાળું ખુલ્લું છે કે નહીં ?'

'બાપા ! બે વાર ખેંચીને જોયું છે. તાળું બંધ છે.'

'ચાલો, ત્યાં જઈએ. જાળીમાંથી દર્શન કરી લઈએ.'

આમ કહેતાં સ્વામીશ્રી જાળી પાસે પહોંચ્યા અને જ્યાં તાળાનો સ્પર્શ કર્યો ત્યાં જ તે નવતાલ તાળું ખૂલી ગયું !! તે જોઈને બંધ તાળું ખેંચી ખેંચીને તપાસ કરનારા તો દંગ જ રહી ગયા !

સ્વામીશ્રી મંદિરમાં પ્રવેશ્યા. દર્શન-દંડવત કર્યાં. આરતી પણ ઉતારી. ત્યારબાદ તેઓ તો પધરામણીઓ કરવા નીકળી પડ્યા.

પણ મંદિરના કારભારીઓમાં ચર્ચા ઊઠી કે 'પ્રમુખસ્વામીને દર્શન કરવા ચાવી કોણે આપી ?' આ પ્રશ્નમાં કુતુહલ તો હતું જ; સાથે સાથે મંદિર બંધ રાખવાનો પ્રબંધ પોકળ સાબિત થયો તેની અકળામણ પણ હતી. પરંતુ મૂઢતાને વરેલા જીવો એટલું ન સમજી શક્યા કે 'સ્વામીશ્રીને શ્રીજીમહારાજનાં દર્શનની જેટલી તાલાવેલી હતી તે કરતાં વિશેષ તો 'આવા સંતનાં દર્શનને અમે પણ ઈચ્છીએ છીએ'[૪૯] એમ કહેનાર શ્રીજીમહારાજને સ્વામીશ્રીનાં દર્શનની અધિક તાણ હશે ! તેથી તેઓએ જ આ તાળું ખોલી નાંખ્યું હશે કે શું ?'

આ બાજુ સ્વામીશ્રી તો ગામમાં ત્રીસ પધરામણીઓ કરી, સભા બાદ વિદાય લઈ, રાત્રે સાડા અગિયાર વાગ્યે મોજીદડ પધારી ગયા, પણ જોબાળામાં તેઓની પધરામણી દંતકથાનો વિષય બનીને ચોરે-ચૌટે, ઘરે-બાહિરે ચર્ચાતી રહી. સ્વામીશ્રીનો પ્રૌઢ પ્રતાપ વાગોળતાં ગામ આખું રાતભર જાગતું-ગાજતું રહ્યું ! આ પ્રતાપે પૂર્વગ્રહનાં કૈંક કટાયેલાં તાળાં ખોલી નાંખ્યા.

## પ્રમુખસ્વામીનો દાખડો તો જુઓ

મોજીદડમાં પારાયણની પૂર્ણાહુતિ કરીને તા. ૧૫/૧૦ના રોજ નવાગામ (સેજકપુર) પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે આ ગામમાં વિદ્યુત્સંચાર કરવામાં આવ્યો. ગામમાં આવેલા વીજળીના જોડાણની ચાંપ તેઓના હાથે દબાતાં જ આખું ગામ ઝળહળવા લાગ્યું. અંતરમાં દીવા પ્રગટાવનાર સ્વામીશ્રીએ બહાર પણ અજવાળું ફેલાવી દીધું !

આ અરસામાં સત્સંગ-પ્રવૃત્તિને સુગ્રથિત કરતી એક મીટિંગ તા. ૧૫/૧૦ના રોજ વિદ્યાનગર મુકામે યોજાયેલી. તેમાં ઉપસ્થિત ગુજરાતભરના

---

૪૯. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૭.

કાર્યકરોને ઉદ્‌બોધન કરતાં મહંત સ્વામીએ જણાવેલું કે –

'પ્રમુખસ્વામીનો દાખડો તો જુઓ! દોઢ જ વર્ષમાં કેટલું બધું કામ કર્યું! આપણને તો પ્રમુખસ્વામીનું જ સર્ટિફિકેટ જોઈએ. માન લેવું નથી, આપવું છે. અનંત ગુણ હોય પણ હરિભક્તોના તો દાસ જ થવાનું છે. પ્રમુખસ્વામી કેવા નિર્માની છે! લાખો માણસો તેમને માને છે છતાં પણ માન નથી. આપણે પણ આ જ કરવાનું છે.

આપણે બધા જ અત્યારે પ્રમુખસ્વામીનો રાજીપો લેવા માટે કાર્ય કરી રહ્યા છીએ. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અત્યારે પ્રમુખસ્વામીમાં પ્રગટ જ છે. આપણે સૌએ પ્રમુખસ્વામીમાં દૃઢપણે જોડાઈ જવું, તો અક્ષરધામની પ્રાપ્તિ છે. આપણે તો પ્રમુખસ્વામીને રાજી કરવા છે. બીજા કોઈ પણ તત્ત્વને આગળ રાખવું નહીં. માટે તેમનો રાજીપો થાય તેમ કરવું. એ જ મોટું ઇનામ છે.

અત્યારે પ્રમુખસ્વામી દ્વારા મહારાજનું પ્રગટપણું છે. શાસ્ત્રીજી મહારાજ અને પ્રમુખસ્વામીમાં એક રોમમાત્રનો ફેર નથી. મોટાપુરુષના વચનમાં વિશ્વાસ રાખવો પણ બીજા કોઈની વાત ન માનવી કે સાંભળવી.'

## ભક્ત માટે ભોજનનો ભોગ

નવાગામથી કંથારિયા પહોંચેલા સ્વામીશ્રીના વરદહસ્તે અહીં તા. ૧૬/૧૦ના રોજ અક્ષર-પુરુષોત્તમ મહારાજ તથા શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજની મૂર્તિઓની પ્રતિષ્ઠા થઈ. ગામને આમ ભગવાનની ભેટ આપી તેઓ ખાંડિયા, ચોટીલા થઈને રાજકોટ પધાર્યા.

અત્રે તા. ૧૭/૧૦ની સવારે બાઈઓના સભામંડપનું ઉદ્‌ઘાટન કરીને ૬૦ પધરામણીઓ કર્યા બાદ સ્વામીશ્રીએ ગાડી કોઠારિયા ટી.બી. હૉસ્પિટલ તરફ લેવડાવી. ત્યાં એક હરિભક્ત બીમારીમાં કણસતા હતા. સ્વામીશ્રીને તે સમાચાર મળ્યા ત્યારથી તેઓ અહીં પહોંચવા આતુર હતા; પરંતુ સમયની કટોકટી એવી હતી કે જો સ્વામીશ્રી હરિભક્તને મળવા હૉસ્પિટલ જાય તો ગોંડલમાં ઠાકોરજી પોઢી જાય તે પહેલાં પહોંચવું અશક્ય બની જાય. તેથી સ્વામીશ્રીને બપોરે જમવાનું પણ શક્ય ન બને. આ કારણસર સૌએ હૉસ્પિટલે જવાનું માંડી વાળવા સ્વામીશ્રીને વિનંતી કરી.

પરંતુ *'પ્રાણ થકી મુને વૈષ્ણવ વ્હાલા...'*ની રીતે જીવતા સ્વામીશ્રીને

ગળે આ વાત કેમ ઊતરે? તેઓ સૌની વિનંતી અવગણીને પેલા રુગ્ણ હરિભક્તની ખબર-અંતર પૂછવા હૉસ્પિટલે પહોંચ્યા અને તેઓને શાતા-શાંતિ પમાડી વિદાય થયા.

જ્યારે સ્વામીશ્રી ગોંડલ પહોંચ્યા ત્યારે બપોરનો એક વાગી ગયો હોવાથી ઠાકોરજી પોઢી ગયેલા. તેથી દર્શન ન થતાં સ્વામીશ્રી પણ જમ્યા વિના ભૂખ્યા પેટે આરામમાં પધાર્યા. એક બીમાર ભક્તને મળવા જવામાં તેઓના ભોજનનો ભોગ લેવાઈ ગયેલો. જો કે સ્વામીશ્રીને તો તેનો બિલકુલ ખેદ નહોતો. તેઓને તો આનંદ હતો એક હરિભક્ત રાજી થયા તેનો!

## ગ્રહી બાંય છોડો નહીં ગિરધર

ગોંડલ મુકામે સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨૧/૧૦ના રોજ ગુણાતીત જન્મોત્સવનો લાભ લેવા ઊમટેલા હજારો હરિભક્તોમાં જોબાળાના ગોપાલભાઈ પણ આવેલા. જો કે આ ખેડુ માટે 'આવેલા' કહેવું તે કરતાં તેઓને સ્વામીશ્રીએ 'ખેંચેલા' એમ કહેવું વધુ યોગ્ય ગણાય તેમ હતું.

સ્વામિનારાયણ સંપ્રદાયની એક શાખામાં શ્રદ્ધા ધરાવતા આ મુમુક્ષુના ઘેર સ્વામીશ્રી પધારેલા ત્યારે તેઓએ – 'શરદ પૂનમે ગોંડલની અક્ષર દેરીમાં દર્શન કરવા આવજો' એમ કહેલું. આ વાત શરદ પૂનમની આગલી રાત્રે સત્સંગીઓએ પણ ગોપાલભાઈને યાદ કરાવેલી. છતાં આ ભાવિકનું મન ગોંડલ જવા માટે માન્યું નહોતું. પરંતુ તે મધરાતે બે વાગ્યે તેઓને સ્વામીશ્રીએ દર્શન આપી કહ્યું: 'અમે તમારે ઘેર આવ્યા અને તમે અમારે ત્યાં આવવાની કેમ 'ના' પાડો છો? માટે તૈયાર થાઓ અને દર્શન કરવા ગોંડલ આવો.'

આ સ્વપ્નદર્શનથી ગોપાલભાઈ સફાળા જાગી ગયા. તેઓને સ્વામીશ્રીએ પોતાના ઘેર કરેલી પધરામણીની સ્મૃતિ થઈ આવી: 'એ દિવસે સ્વામીશ્રીએ ઘણો શ્રમ વેઠેલો... સભામાં જવાની તેઓને ઉતાવળ હતી... સભા બાદ મોજીદડ સુધીનો પ્રવાસ ખેડવાનો હતો... રાત્રે બાર વાગ્યા પહેલાં સૂવાનો મેળ પડવાનો નહોતો... છતાં દોઢ કલાકમાં ત્રીસ પધરામણીઓ કરનારા સ્વામીશ્રીએ મારા ઘરનેય પાવન કરેલું... હું તેઓનો આશ્રિત નહીં તોય કંસારમાં ઘીની જેમ મારે ઘેર પુત્રજન્મ થાય તે માટે તેઓએ ધૂન પણ કરેલી...'

આમ, એક પછી એક દશ્યાવલિઓ ગોપાલભાઈની આંખો આગળથી પસાર થવા લાગી. 'આવો ઉપકાર કરનાર પ્રમુખસ્વામીની જીભ હું કચરું તો

મારા જેવો નગુણો કોણ?' આમ વિચારતાં તેઓ ખાટલામાંથી બેઠા થઈ ગયા. ન્હાઈ-ધોઈ, પાઠ-પૂજા કરીને નીકળી પડ્યા ગોંડલની વાટે.

અહીં પહોંચતાંવેંત તેઓની આંખો સ્વામીશ્રીને શોધી રહેલી. પણ સમૈયામાં સ્વામીશ્રીને શોધવા પડે? ગુરુ હોવા છતાં હરિભક્તોની સરભરા માટે તેઓ આમતેમ ઘૂમતા જ હોય. થોડી વારમાં તેઓ આવતા દેખાયા. જેવા તેઓ નજીક આવ્યા કે ગોપાલભાઈએ ચરણસ્પર્શ કરીને માથું ઊંચું કર્યું ત્યાં જ સ્વામીશ્રી મર્માળું હાસ્ય વેરતાં બોલ્યા: 'આવી ગયા ને!'

'ના. હું નથી આવ્યો. તમે મને લઈ આવ્યા છો.' ગોપાલભાઈને આમ બોલવાનું મન થઈ આવ્યું. પણ મોંમાંથી શબ્દો નીકળી ન શકે એ હદે તેઓ સ્વામીશ્રીની કરુણાથી ભીંજાઈને થીજી ગયેલા! સ્વામિનારાયણ મંદિરમાં સાંભળેલી પંક્તિઓ તેઓના મનમાં ગુંજી રહેલી:

*'ગ્રહી બાંય છોડો નહીં ગિરિધર, અવિચળ ટેક તમારી રે;*
*અધમઉદ્ધારણ અવિનાશી તારા, બિરુદની બલિહારી રે...'*

તેઓ પુનઃ સ્વામીશ્રીનાં ચરણોમાં લળી પડ્યા તે લળી જ પડ્યા. ત્યારબાદ તેઓએ આ ચરણ-શરણ કદી છોડ્યાં નહીં, કારણ કે એક જીવને ઉગારવા માટે જાગ્રત અવસ્થા તો ઠીક, સ્વપ્ન અવસ્થામાં પણ આટલો પરિશ્રમ કરનાર સ્વામીશ્રી જેવા બીજા કોઈ તેઓની નજરે ચઢ્યા નહીં.

## ભગવાન ભજવાની આંટી પાડવી

શરદ પૂનમ બાદ નૂતન વર્ષનો પ્રારંભ થવાના દિવસો હવે નજીક સરકી રહેલા. આવા માંગલિક અવસરે સ્વામીશ્રીએ સૌ સત્સંગીઓ પ્રત્યે મોકલેલા આશીર્વાદ-પત્રમાં જણાવ્યું કે –

*'આપણે સૌએ મહારાજને રાજી કરવાનું મન રાખવું. તેમાં સ્વભાવ આડા આવે કે દેહ આડું આવે તેને ગણવું નહીં. સાધુ સાથે કે હરિભક્ત સાથે આંટી ન પાડવી પણ ભગવાન ભજવાની આંટી પાડવી. સ્ત્રી, પુત્ર, મિત્ર, પરિવાર, ભાઈ એ બધા માટે કાંઈ ભગવાન મૂકી દેવાય? આ તો ભગવાન મળ્યા, તેના ઘેર જવું છે ને તેના માટે સ્વભાવ ન મુકાય તે કેવી વાત?'*

નવા વર્ષનો આ સંદેશ આપી સ્વામીશ્રી ભાદરા આવી પહોંચ્યા.

અહીં તા. ૩૦/૧૦ની સવારે તેઓ ઊંડ નદીએ પધાર્યા ત્યારે દુષ્કાળની

પરિસ્થિતિને લીધે નદી ઘણી ખરી સુકાઈ ગયેલી. રેતાળ પટમાં વચ્ચે વચ્ચે વહેતી પાણીની ધારાઓ સૂકલકડી શરીરમાં ઊપસી આવતી લીલી નસો જેવી દેખાતી હતી. સ્વામીશ્રીએ વરસાદ સારો થાય, દેશકાળ સુધરે, સ્પેશિયલ ટ્રેન-યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થાય વગેરે સંકલ્પોની પરિપૂર્તિ માટે ધૂન કરી. પ્રાસાદિક જળ પોતાના અને સૌનાં મસ્તકે ચડાવ્યું.

આ સમયે તેઓની નજર સાથે ફરતા એક યુવક પર પડી. તેને તેઓ કેટલાક સમયથી સાધુ બનવાની પ્રેરણા આપી રહેલા. તેથી તેને જોતાં જ પોતાની પાસે બોલાવીને પૂછ્યું: 'સાધુ થવાનું પાકું છે ને?'

'નક્કી છે પણ ઘેરથી રજા મળે તેની રાહ જોઉં છું.'

'આજે મામા ખબર લાવ્યા છે કે બધાની રજા છે – રાજીખુશીથી. ભલે મોક્ષના માર્ગે ચાલે... લાવ, તારા માથે પાણી નાંખું.'

આમ, ઉત્સાહમાં વાત કરી સ્વામીશ્રી તેના મસ્તકે લોટે લોટે પાણી નાંખતાં 'બોલ, મા મરી ગઈ. બાપ મરી ગયો. દેહ બળી ગયો. ઘર સળગી ગયું. સગાં-સંબંધી બળી ગયાં. હવે હું આત્મા છું. સાધુને સગું-વહાલું ન હોય. હું બ્રહ્મ છું. મને કાંઈ અડે નહીં. મારે હવે કોઈ સગપણ રહ્યું નહીં...' એમ બોલતા ગયા. પેલા યુવક પાસે પણ બોલાવતા ગયા. આ રીતે લગભગ દસ-બાર લોટા જળ તે યુવાનના માથે પધરાવી દીધું. તે યુવાન તો નાહી જ રહ્યો – સ્વામીશ્રીના પ્રેમમાં. તેઓનો આ સ્નેહ જ યુવાનોને સંસારનાં દુર્ભેદ્ય બંધનો કમળના તંતુ જેટલી સરળતાથી તોડવામાં સહાયરૂપ થતો.

## યુવકોએ સાત સમેલિયા થવું

ભાદરાથી નીકળેલા સ્વામીશ્રી તા. ૩૧/૧૦ના રોજ જાયવામાં શ્રીજી-મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીની ચિત્રપ્રતિમાઓ વિધિવત્ પ્રતિષ્ઠિત કરી રાત્રે પોણા બાર વાગ્યે ગોંડલ પધાર્યા.

અત્રે દિવાળીના વૅકેશનમાં સ્વામીશ્રીનો લાભ લેવા ઘણા યુવાનો આવી ગયેલા. સ્વામીશ્રી તે સૌનું દરેક રીતે ધ્યાન રાખતા. દૈહિક જરૂરિયાતો તો સાચવે પણ તેના આંતરિક વિકાસ બાબતે પણ ખટકો રાખે-રખાવે. તે માટે અવકાશ આવે ત્યારે જ્ઞાનવાર્તા પણ કહે.

તે જમાનાના યુવાનોમાં વાળ વધારવાની અને ચુસ્ત પાટલૂન પહેરવાની 'ફેશન' ચાલેલી. આવા નાટારંગ કો'ક કો'ક યુવાનોમાં સ્વામીશ્રી

જોઈ ગયા હશે. તેથી તા. ૨/૧૧ના રોજ રાત્રે ચેષ્ટાગાન પછી તેઓએ વાત ઉપાડી કે –

'યુવકોએ સાત સમેલિયા થવું. સાત સમેલિયા એટલે ? જે બળદ હળે જૂતે, ગાડે જૂતે, ચક્કીએ જૂતે, કોશે જૂતે... એમ બધુંય કરે તે સાત સમેલિયા બળદ કહેવાય. તેમ આપણે બધી ક્રિયા કરતાં શીખવું. પણ નવાં નવાં ટાઈટ કપડાં પહેરીને ફર્યા ન કરવું. બાબરી ન વધારવી. રજોગુણ ન કરવા. શું કહ્યું ? બાબરી ન વધારવી. વાળ બહુ ચડી ગયા છે. ઓછા કરજો. તમને બધાને કહું છું. બધી સેવામાં ભાગ લેવો. ઑલરાઉન્ડર(સર્વકુશળ) થવું. અપ ટુ ડેટ થઈને ફર્યા ન કરવું. મંદિરનો ચોક વાળવો. જાજરૂ પણ સાફ કરવાં. હરિભક્તોની સેવા કરવી. મંગળા આરતીમાં ઊઠીને તરત પહોંચી જવું. દર્શન કરીને ઝટ પરવારીને સેવામાં લાગી જવું.'

આટલું સ્વામીશ્રી એકશ્વાસે બોલી ગયા. તેનું ધાર્યું પરિણામ પણ આવ્યું. આધુનિકતાથી અંજાઈ ગયેલા યુવાનોની આંખો ખૂલી ગઈ અને તેઓ આધ્યાત્મિકતા બાજુ વળી ગયા. સ્વામીશ્રી એવાં હેત અને હળવાશથી વાત વહેતી કરતા કે યુવાહૃદયને ચોટ લાગી જાય, પણ કોઈને ઈજા ન પહોંચે.

## રાય ને રંક કોઈ દૃષ્ટ આવે નહીં

સ્વામીશ્રીના સાંનિધ્યમાં દિવાળી-અન્નકૂટના ઉત્સવો ભવ્યતાથી ઊજવાયા. તા. ૭/૧૧ના રોજ નૂતન વર્ષ[૫૦] નિમિત્તે હજારો હરિભક્તોને આશીર્વાદ આપી, સ્વામીશ્રી ભાઈબીજના દિવસે ગોંડલના અગ્રણીઓના ઘેર અન્નકૂટનો પ્રસાદ આપવા માટે પધારવાના હતા. આ પધરામણીઓનો કાર્યક્રમ ગોઠવાતો હતો તે વખતે જ બટુક નામના એક મજૂરે વ્યવસ્થાપક કાર્યકરોને વિનંતી કરેલી કે 'બાપાને મારે ઘેર લાવ્વાના છે, હોં કે ! ભૂલતા નંઈ.'

પરંતુ સમયની ખેંચમાં તેનું ઘર કાર્યક્રમમાં સમાવવું અઘરું લાગતાં તેને 'ના' કહેવામાં આવી. તે જોઈ સ્વામીશ્રીએ બટુકને કહેલું : 'એ લોકો ભલે 'ના' પાડે, પણ અમે આવીશું, જા.'

સ્વામીશ્રીના મુખેથી જ આમ બાંયધરી મળતાં બટુકને તો ઘી-કેળાં થઈ ગયા. તે ખુશ થતો ઊપડી ગયો.

તા. ૮/૧૧ની સવારે પ્રસાદ વહેંચવા નીકળેલા સ્વામીશ્રીની છેલ્લી

---

૫૦. વિ.સં. ૨૦૨૯નો પ્રારંભ થયો.

પધરામણી ગોંડલના રાજમહેલમાં થયેલી. અહીં રાજવી પરિવારે તેઓને સત્કાર્યા. સ્વામીશ્રીએ પણ રાજપરિવારનો ગુણાતીતાનંદ સ્વામીથી યોગીજી મહારાજ સુધીનો નાતો યાદ કરી આશીર્વાદ પાઠવ્યા.

ત્યારબાદ વિદાય થયેલા તેઓને મોડું થયું હોવાથી કાર્યકરોએ અક્ષર મંદિરના દ્વારમાં જ ગાડી વાળી લેવા ડ્રાઈવરને ઈશારો કર્યો. પણ તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'આપણે બટુકને વચન આપેલું છે, તો ત્યાં ગાડી લઈ લો.'

'બાપા ! અમે તેને સમજાવી દઈશું.'

પણ સ્વામીશ્રીએ કશું કાને ધર્યા વિના ગાડી આશાપુરા માતાના મંદિર તરફ લેવડાવી અને એ ગરીબના ઝૂંપડાંમાં પધાર્યા !

ત્યાં બેસવાના આસન તરીકે શણિયું હતું. તે પર બિરાજી પૂજન ગ્રહણ કર્યું. તે વખતે બે રૂપિયા ભેટ ધરનાર બટુકની બેય આંખના ચારેય ખૂણા ભીના હતા ! મજૂરથી મહારાજા સુધી એકસમાન ભાવે વિચરતા સમતાના સુમેરુ સ્વામીશ્રીને વધાવવા તેની આંખો હીરા ખેરવી રહેલી !

## દેહધારી છતાં દેહાતીત

દીપોત્સવી પર્વ બાદ તા. ૯/૧૧ના રોજ ગોંડલથી વિદાય લઈ, સ્વામીશ્રી કમરકોટડા, ખોખરી, દેવચડી, વાંદરા, રાજકોટ, ગઢડા, બોટાદ, સારંગપુરને નવાં વર્ષનું દર્શનદાન દેતાં, તા. ૧૧/૧૧ની સાંજે સવા છ વાગ્યે પચ્છમ પહોંચ્યા. લાભ પાંચમના શુભ દિવસે જ આ પધરામણી થઈ હોવાથી સૌનાં આંગણે શુભ-લાભનાં તોરણો ઝૂલી રહ્યાં !

અહીં પંચદિવસીય પારાયણનો માંડવો નંખાયેલો. પારાયણ ઉપરાંત સ્વામીશ્રીએ પાંચ દિવસમાં ૬૦થી વધુ પધરામણીઓ કરીને ઘરોઘરમાં પણ અમૃતધારા વહેવડાવી દીધી. આ પારાયણ-પર્વ દરમ્યાન જ તેઓએ તા. ૧૪/૧૧ના રોજ ગોરાસુ અને તા. ૧૫/૧૧ના દિવસે ગાંફને પાવન કર્યાં.

ત્યારબાદ તા. ૧૬/૧૧ની સવારે પારાયણની પૂર્ણાહુતિ કરી, પ્રબોધિની એકાદશીનો સમૈયો કરવા અમદાવાદ આવી પહોંચ્યા.

અહીં તા. ૧૭/૧૧ના રોજ એકાદશીનો નિર્જળા ઉપવાસ હતો, પણ તે જ દિવસે સ્વામીશ્રીએ ભરચક કાર્યક્રમ ગોઠવી દીધેલો. સવારે કથા બાદ તેઓ કાલુપુરના સ્વામિનારાયણ મંદિરે તથા વઢવાણ ગાદીના મંદિરે દર્શન કરવા પધાર્યા. ત્યાંથી વી.એસ. હૉસ્પિટલમાં એક બીમાર ભક્તના ખબર-અંતર

પૂછવા ગયા. ત્યારબાદ વાસણા, વટવા અને મણિનગરમાં પધરામણીઓ કરી. સાંજે ચાર વાગ્યે મુખ્યમંત્રી સ્વામીશ્રીનાં દર્શન માટે મંદિરે આવવાના હોવાથી તેઓ શાહીબાગ પરત ફર્યા. મુખ્યમંત્રી સાથેની મુલાકાત પૂર્ણ કરી સિવિલ હૉસ્પિટલમાં વધુ એક બીમાર મુમુક્ષુને મળવા પહોંચ્યા. ત્યાંથી મંદિરે આવીને રાત્રે સાડા અગિયાર વાગ્યા સુધી કથા ચલાવી.

આમ, મોંમાં પાણીનું ટીપું પણ મૂક્યા સિવાય સવારથી રાત સુધી સ્વામીશ્રી પ્રવૃત્તિશીલ રહ્યા. જેમ ગરમી વરસે તેમ ગુલમહોર રંગ પકડે, એ રીતે ઉપવાસમાં જેટલો વધુ ભીડો પડે તેટલા સ્વામીશ્રી વધુ રાજી થતા. તે જોઈ સૌ તેઓનાં ચરણોમાં *'દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત, તેવાં સદ્ગુરુ-ચરણમાં વંદન હો અગણિત...'* કહીને નમી પડતા.

સ્વામીશ્રીની આવી ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિ જોઈને જ મુખ્યમંત્રીને પણ તેઓનું જાણે ઘેલું લાગેલું. હજી તો ગઈકાલે જ તેઓ સ્વામીશ્રીને મળેલા. છતાં તેઓએ સ્વામીશ્રીને પોતાના ભવનમાં પધારવા વિનંતી કરતાં સ્વામીશ્રી તા. ૧૮/૧૧ની સવારે નવ વાગ્યે મુખ્યમંત્રીના નિવાસસ્થાને પધરામણીનો લાભ આપી વસો પહોંચી ગયા.

## અભય કર મુજ શિર પર સ્થાપો

વસોમાં તા. ૧૯/૧૧ની સવારે નવથી બાર વાગ્યા સુધી રવિસભા કરી, સ્વામીશ્રી પલાણા, અલીન્દ્રા, ખાંધલી, દાવડા, ડભાણ, પીપલગ, કણજરી થઈને બોચાસણ પધાર્યા ત્યારે આ એક જ દિવસમાં તેઓ નવ ગામો ઘૂમી વળેલા ! વધતી ઉંમર સાથે તેઓનો શ્રમ ઘટવાને બદલે વધી રહેલો !

બોચાસણમાં તા. ૨૧/૧૧ના દિવસે બાઈઓના હરિમંદિરમાં વૈદિક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરીને સ્વામીશ્રી વટાવને લાભ આપતાં પોરડા પહોંચ્યા. આ ગામમાં તેઓએ તા. ૨૩/૧૧ની સવારે આડો આંક વાળી દેતાં સો પધરામણીઓ કરી. આ પધરામણીઓ બૅન્ડ-વાજાંના નાદ સાથે થતી હોવાથી આખું ગામ ગાજતું રહ્યું.

પોરડાથી સ્વામીશ્રીને નડિયાદ જવાનું હતું; પરંતુ તેઓએ મહેળાવ અને વરતાલને વિચરણમાં સામેલ કર્યું. આ બંને તીર્થસ્થાનોમાં તેઓને મુખ્ય તો નીલકંઠવર્ણી સ્પેશિયલ ટ્રેનયાત્રા માટે વિદાય માંગવા અને પ્રાર્થના કરવા જવું હતું. સ્વયં વિઘ્નવિનાયક હોવા છતાં તેઓ શ્રીજીમહારાજનું કર્તાપણું કદી

ભૂલતા નહીં. આ જ હેતુથી તેઓ મહેળાવ થઈને વડતાલ પધાર્યા ત્યારે સંધ્યા આરતી થઈ ચૂકેલી. તેથી શયન આરતી થાય ત્યાં સુધી મંદિર પરિસરમાં આવેલ પ્રાસાદિક સ્થાનોમાં દર્શન કરી લીધાં. શયન આરતી વખતે હરિકૃષ્ણ મહારાજનાં દર્શન-પ્રાર્થના કરીને સ્વામીશ્રીએ વિદાય માંગી. ગોમતીના કાંઠે તો અંધારું સારું એવું ફરી વળેલું. છતાં બેટરીના અજવાળે દર્શન કર્યાં. પ્રાસાદિક જળ મસ્તક પર ચડાવતાં પ્રાર્થના કરી.

આમ, પળે પળે અને પગલે પગલે *'અભય કર મુજ શિર પર સ્થાપો...'*ના સૂરો તેઓ વહાવતા રહ્યા.

## ટ્રેનયાત્રાનું મહાપ્રસ્થાન

સ્વામીશ્રીના સાંનિધ્યમાં તીર્થયાત્રા માણવા માટે દેશ-વિદેશના ભક્તોમાં ખૂબ ઉત્સાહ પ્રવર્તેલો. જેની રાહ જોવાતી હતી તે ઘડીઓ હવે આવી જતાં યાત્રાળુઓનો પ્રવાહ વડોદરા તરફ વહી રહેલો. પરંતુ અહીંથી પ્રસ્થાનની પૂર્વવેળાએ સ્વામીશ્રીએ યાત્રાનો નકશો આંકી આપતાં આશીર્વાદ-પત્રમાં જણાવ્યું કે –

> *"આજે યાત્રામાં જઈએ છીએ. ૮૦૦ સંતો-હરિભક્તોનો વિશાળ સમુદાય યાત્રાપ્રવાસમાં સાથે છે. તીર્થમાં જઈએ પણ સ્વભાવ ન ટળે તો જવાનું સાર્થક ન ગણાય. આપણે એટલા માટે જ જઈએ છીએ તે ન ભૂલવું જોઈએ. દરેકનો મહિમા સમજી સેવા કરવી. યાત્રાપ્રવાસની સ્મૃતિ અક્ષરધામનું ભાથું બની રહેશે. કલકત્તામાં પ્રતિષ્ઠા થશે એટલે બંગાળમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજનો ડંકો વાગશે. આ બ્રહ્માંડનું આયુષ્ય દશ હજાર વર્ષ વધશે."*

આ આશીર્વાદ દ્વારા સ્વામીશ્રીએ મોજ માણવામાં મુદ્દો માર્યો ન જાય તેનું જાણપણું આપી દીધું.

આ રીતે સર્વે યાત્રાળુઓને સતર્ક કરતાં તેઓ તા. ૨૫/૧૧ની સાંજે ચાર વાગ્યે વડોદરા સ્ટેશને પધાર્યા ત્યારે આખું રેલવે મથક ગગનભેદી જયઘોષથી ગાજી ઊઠ્યું. આ જયનાદમાં દરબાર બૅન્ડની સૂરાવલિઓ ભળતાં વાતાવરણ ઉત્સવમય બની ગયું. સ્ટેશન પર યાત્રાળુઓ સહિત તેઓને વળાવવા આવેલા ૫,૦૦૦ ભક્તોની ભરચક ભીડ હતી. તેને વીંધતાં સ્વામીશ્રી અડધા કલાકે તો પુલ વટાવીને પ્લેટફોર્મ પર પહોંચ્યા. અહીં ટ્રેનમાં બેસતાં

પહેલાં તેઓએ પ્લૅટફોર્મ પર ફરીને સર્વે યાત્રાળુઓના ખબર-અંતર પૂછી લીધા. તેઓની આ સંભાળથી સૌ યાત્રાળુઓ ઝૂમી ઊઠ્યા. પ્રારંભ પૂર્વે જ સૌના અંતરમાં એક પ્રતીતિ ઊભરી આવી કે *'આગળ સુખ છે અતિ ઘણું...'*

સૌને દર્શનદાન આપીને સ્વામીશ્રી પોતાના ડબ્બામાં ચઢ્યા. સૌ યાત્રાળુઓ પણ પોતપોતાના સ્થાને ગોઠવાઈ ગયા અને તા. ૨૫/૧૧ની સાંજના સાડા પાંચ વાગ્યે લીલી ઝંડી ફરકી જતાં સોળ ડબ્બાની ટ્રેન પાટા પર સરકવા લાગી. પ્રત્યેક ડબ્બામાં લાઉડ-સ્પીકર ગોઠવ્યાં હતાં. તેથી યાત્રાના મહાપ્રસ્થાન વખતે સ્વામીશ્રીએ માઇક પર સૌ યાત્રાળુઓને 'જય સ્વામિનારાયણ' કહ્યા. આ બ્રહ્મનાદનો સૌ યાત્રાળુઓએ પ્રચંડ પ્રતિઘોષ પાડ્યો.

આમ, 'સ્વામિનારાયણ' મહામંત્રને ગજાવતી એક અવિસ્મરણીય ટ્રેનયાત્રા શરૂ થઈ. એક ઐતિહાસિક તવારીખના ભાગરૂપ બનેલા સૌ યાત્રાળુઓનાં અંતર અકથ્ય આનંદની અનુભૂતિથી ઊછળી રહ્યાં.

## સૌની લે સંભાળ

સ્પેશિયલ ટ્રેનયાત્રામાં જોડાયેલા સૌ યાત્રિકોની શક્ય એટલી વધુ સગવડ સચવાય એ સ્વામીશ્રી માટે આ યાત્રાનો મુખ્ય મુદ્દો હોય તેમ તેઓ સૌની સંભાવનામાં જ ગૂંથાયેલા રહેતા. યાત્રાળુઓનાં ભોજન, આરામ, સ્નાન, ઉતારા, દર્શનીય સ્થળો જોવાની વ્યવસ્થા વગેરેનું ઝીણવટપૂર્વકનું ધ્યાન રહે તે માટે તેઓએ ડબ્બા-કમિટીઓ બનાવડાવેલી. તે કમિટીના સભ્યો પોતાના ડબ્બાના સૌ યાત્રિકોને જમાડીને જમે અને આખી ટ્રેનનું ભોજનકાર્ય આટોપી લેવાય તે પછી સ્વામીશ્રી પ્રસાદ લેતા !

ન કેવળ દૈહિક સંભાળ પણ યાત્રાળુઓના આત્માની માવજત થાય તે માટે સમયે-સમયે કથાવાર્તાનું આયોજન પણ તેઓએ વિચારી રાખેલું. આ વખતે કેન્દ્રીય ધ્વનિપ્રસારણ વ્યવસ્થા(સેન્ટ્રલ સાઉન્ડ સીસ્ટમ)ને કારણે ચાલુ ટ્રેનમાં પણ કથાવાર્તા કરવાનું શક્ય હતું. આ વ્યવસ્થાનો સૌથી વધુ આનંદ સ્વામીશ્રીને હતો. ક્યારેક ક્યારેક સૂચનાઓ આપવા માટે પણ તેઓ તેનો ઉપયોગ કરતા. જ્યાં ન ઊભી રહેવાની હોય ત્યાં ટ્રેન ઊભી રહે ત્યારે યાત્રિકો ઊંચા-નીચા થવા લાગે. પણ તે વખતે જ સ્વામીશ્રીનો અવાજ સ્પીકરમાં સંભળાય કે 'કોઈએ ચિંતા કરવી નહીં. કારણ અમસ્તું છે. તેનો ઉપાય થઈ રહ્યો છે...' સ્વામીશ્રીના આ સ્વર સંભળાતાં જ સૌનો ઉચાટ

ઉમંગમાં ફેરવાઈ જતો.

આમ, સૌનાં તન-મનની પૂરતી કાળજી સ્વામીશ્રી રાખતા. તેનું એવું તીવ્ર તાન તેઓને હતું કે ટ્રેન હજી વડોદરાથી ગોધરા પહોંચી ત્યાં સ્વામીશ્રી ડબ્બે-ડબ્બે ફરી વળ્યા અને કહેતા જાય : 'જે અગવડ હોય તે અગ્રેસરને કહેજો એટલે એનો ઉપાય થશે.'

આ રીતે ટ્રેનમાં ઘૂમતા સ્વામીશ્રી એક ડબ્બામાં પ્રવેશ્યા ત્યારે ત્યાં સૌ જાગતા હતા પણ મુંબઈના યુવાન યોગેશ કામદાર વહેલા સૂઈ ગયેલા. સ્વામીશ્રી પધાર્યા એટલે સૌએ તેઓને જગાડવાનો પ્રયત્ન કર્યો પણ તેઓની નિદ્રા ન જ ઊડી. તેટલામાં તો સ્વામીશ્રી તે યુવકની પાસે આવીને ઊભા રહ્યા અને બોલ્યા : 'આ તો સૂઈ ગયા છે.'

જ્યાં તેઓ આ બોલ્યા ત્યાં જ યોગેશ અચાનક જાગી ગયા. પણ તે નિદ્રામાંથી તંદ્રા અવસ્થા સુધી પહોંચેલા. તેથી તેઓએ સૂતાં સૂતાં જ સ્વામીશ્રી સમક્ષ પોતાનો હાથ લંબાવ્યો. સ્વામીશ્રીએ પણ પોતાનો હાથ લાંબો કરી તે હાથ ઝાલી લીધો ! પરંતુ જ્યાં સ્વામીશ્રીએ તેઓનો હાથ પકડ્યો ત્યાં તો તે યુવાન પાછા સૂઈ ગયા ! તેઓને કદાચ વિચાર આવી ગયો હશે કે 'સ્વામીશ્રીએ હાથ ઝાલ્યો. હવે શું ફિકર ?!'

તે યુવાન સૂઈ જતાં સ્વામીશ્રી પણ ધીરે રહીને તેઓનો હાથ નીચે મૂકતાં આગળ વધી ગયા. પરંતુ સવારે નાગદા સ્ટેશને પેલા યુવાન જાગ્યા અને ગઈકાલે બનેલા પ્રસંગની સ્મૃતિ સૌએ કરાવી ત્યારે તેઓના પસ્તાવાનો પાર ન રહ્યો – 'સ્વામીશ્રી સામે ચાલીને પધાર્યા અને સ્વાગતમાં અન્ય ઉપચાર તો ઠીક પણ 'જય સ્વામિનારાયણ' પણ મેં ન કહ્યા !'

પોતાના આ અવિવેકને ભૂલી જનાર સ્વામીશ્રીના સ્નેહમાં તે એવા તો ખોવાઈ ગયા કે જિંદગીભર બહાર નીકળી ન શક્યા. તેઓએ આ પ્રસંગ બન્યાના બીજા જ વર્ષે સ્વામીશ્રીનાં ચરણોમાં પોતાનું જીવન સમર્પિત કરી દીધું ![૫૧]

## તીર્થે જવું તે તપને જ કાજે

તા. ૨૬/૧૧ની સવારે સ્પેશિયલ ટ્રેન પૌરાણિક નગરી ઉજ્જૈન પહોંચી. અહીં આવતાં પહેલાં નાગદા સ્ટેશને પૂરતા સમય સુધી રોકાણ થતાં

૫૧. તેઓનું દીક્ષિત નામ સાધુ નારાયણમુનિદાસ રાખવામાં આવ્યું.

સૌ ત્યાં જ સ્નાનાદિક વિધિથી પરવારી ગયેલા. સ્વામીશ્રી માટે ટ્રેનમાં જ સ્નાનની સુવિધા ઊભી કરવામાં આવેલી. તેથી યાત્રિકો ઉજ્જૈન પહોંચ્યા ત્યારે પ્લૅટફૉર્મ નંબર ૫ પર જ પ્રાતઃપૂજા માટેની વ્યવસ્થા કરી દેવામાં આવી. ખાસ તૈયાર કરાવેલી પાટ પર સ્વામીશ્રી પૂજા કરવા બિરાજ્યા. ૫૬ સંતો અને ૭૬૦ હરિભક્તો આ દર્શનનો દુર્લભ લાભ લેવા ગોપીઓની પેઠે ગોઠવાઈ ગયા. સંતોએ સુમધુર કંઠે પ્રભાતીના સૂરો વહેતા કર્યા. સવારની શીતળતા અને સૂર્યની લાલિમામાં આ સૂરોની મિલાવટ થતાં વાતાવરણની દિવ્યતામાં અદ્‌ભુત જમાવટ થઈ ગઈ. જે ગવાતું હતું તે સૌ અનુભવી રહ્યા કે –

*'શોભા સાગર શ્યામ તમારી, મૂરતિ પ્યારી રે;*
*મૂરતિ પ્યારી રે, નાંખું મારા પ્રાણ વારી રે...'*

યાત્રાની આ પ્રથમ પ્રાતઃપૂજા સૌનાં અંતરમાં ઊતરી ગઈ.

પ્રાતઃપૂજા બાદ યાત્રાના પ્રથમ આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે – 'આપણે સૌ યાત્રાનું સુખ લેવા નીકળ્યા છીએ તો એક ધ્યેય રાખવું. દર્શન કરવાં. *'તીર્થે જવું તે તપને જ કાજે...'* આપણે સ્પેશિયલમાં નીકળ્યા છીએ. જમવાનું વહેલું-મોડું થાય તે તપ કહેવાય. ઘેર બેઠાં તપ ન થાય તે અહીં સહેજે થાય. તપે કરીને મહારાજ રાજી થાય છે. તો બધા રાજી રહેશો.'

આશીર્વાદ બાદ સ્વામીશ્રી ટ્રેનના ડબ્બે-ડબ્બે ફર્યા અને સૌને 'જય સ્વામિનારાયણ' પાઠવ્યા. છેલ્લા ડબ્બામાં રસોડાની વ્યવસ્થા હતી. ત્યાં જઈને પણ સૌને મળ્યા અને યાત્રાળુઓના અલ્પાહારની વ્યવસ્થા કરાવી.

સૌ નાસ્તા-પાણીથી પરવાર્યા એટલે બસ દ્વારા સંતો-ભક્તો મહાકાલેશ્વરનાં દર્શન માટે નીકળ્યા. સ્વામીશ્રી પણ મોટર દ્વારા સંઘની સાથે જ રહેતા. જ્યોતિર્લિંગનાં દર્શન-પૂજન બાદ સૌ ક્ષિપ્રા તીરે આવ્યા. અહીં રામઘાટ પર સ્વામીશ્રી સહિત સૌએ સ્નાન કર્યું. ક્ષિપ્રાસ્નાન બાદ સ્વામીશ્રીએ સિદ્ધવડ, સાંદીપનિ આશ્રમ, ભર્તૃહરિ ગુફા, હરસિદ્ધ માતા મંદિર, મંગલનાથ મંદિર વગેરે સ્થાનોમાં દર્શન કરીને બપોરે ત્રણ વાગ્યે ભોજન કર્યું.

ત્યારબાદ ગઢડા મધ્ય પ્રકરણના ૨૯મા વચનામૃત પર નિરૂપણ કરતાં તેઓએ જણાવ્યું કે 'વ્યવહારના માર્ગમાં કોઈને થાક લાગતો નથી. હોંશે હોંશે સૌ કરતા રહે છે. યાત્રામાં પણ થાક લાગે તો કોઈએ પાછા પડવું નહીં. કથા-વાર્તામાં આળસ રાખવી નહીં અને સ્નાન-દર્શનમાં ઉત્સાહ રાખવો. કષ્ટ થાય

તેની વિસાત ન ગણવી. તીર્થોમાં તપ કરી લેવું.'

સ્વામીશ્રીના આવા આશીર્વાદ પાણી પહેલાં પાળ બાંધતા જતા, કારણ કે યાત્રા એટલે શ્રદ્ધાની કસોટીની એરણ. યાત્રામાં આરામ-ભોજનનાં સમય-પત્રક ખોરવાય. તેનો ઠેલ દર્શન-કથાને લાગ્યા વિના ન રહે. પણ મનમાં મોળપ અડ્ડો જમાવે તે પહેલાં તો સ્વામીશ્રી બળના બોલ કહી તેને વિખેરી નાંખતા.

નિશ્ચિત સમયે યાત્રા આગળ ચાલી. કૃષ્ણ અને સુદામા, રાજા ભોજ અને કવિ કાલિદાસ, વિક્રમાદિત્ય અને ભર્તૃહરિના પદચાપને સંઘરીને બેઠેલી અવંતિકા નગરી દૂર દૂર સરવા લાગી અને બ્રાહ્મમુહૂર્તના પ્રથમ પ્રહરમાં સાડા ત્રણ વાગ્યે ભોપાલ સ્ટેશન આવ્યું.

અહીં દોઢ કલાકનો વિરામ હતો. તે દરમ્યાન સૌ સ્નાન-પૂજાથી પરવારી ગયા. કલાક સુધી તો પ્લૅટફૉર્મ પર વૃંદપૂજાનું અનેરું દૃશ્ય ખડું થઈ ગયું !

## સેવા થશે તો સ્વભાવ બદલાશે

તા. ૨૭/૧૧નું પ્રભાત ફૂટે તે પહેલાં તો સુમધુર સૂરમાં સ્વામીશ્રીનું મંગલાચરણ સંભળાયું. આ કર્ણપ્રિય સ્વર સંભળાતાં જ સૌ એક-કાન થઈ ગયા. કૃષ્ણની વાંસળી વાગે અને ગાયો ચરવા-ફરવાનું છોડી, કાન સરવા કરી વાંસળીના સૂરો જે તરફથી રેલાતા હોય તે તરફ પોતાની ડોક મરડીને ઊભી રહી જતી, તેમ સ્વામીશ્રીની વાણીની વાંસળી રેલાતાં સૌ યાત્રિકો પણ અન્ય તમામ કાર્યો પડતાં મૂકીને અધરામૃત ઝીલવા તત્પર થઈ જતા.

સ્વામીશ્રીએ ગઢડા પ્રથમ પ્રકરણના ચોત્રીસમા વચનામૃતના આધારે કથારસ રેલાવતાં કહ્યું કે – 'સૌએ ધર્મ-નિયમ સાચવવા. ફાટી દૃષ્ટિ ન રાખવી. દરેક સ્થળે મહિમા રાખીને દર્શન કરવાં. પ્રગટના મહિમામાં છકી ન જવું. ભગવાનના ભક્તો આવ્યા છે. તેમની સેવા થશે તો સ્વભાવ બદલાશે. માટે નિશાન ઉપર તાન રાખવું. લોકો લાખો રૂપિયાના વેપાર કરે છે તે વિશ્વાસના જોર ઉપર કરે છે. આપણે પણ ધર્મકાર્યમાં મોટાપુરુષોનો ભરોસો કરવો અને એમની આજ્ઞા માનવી. તો ફળ જરૂર મળે અને સ્વભાવ બદલાઈ જાય.'

આમ, સવારના પહોરમાં સ્વામીશ્રીએ યાત્રાળુઓને પરાવાણીનો પ્રસાદ વહેંચી દીધો. તે મમળાવતાં સૌ સાડા દસ વાગ્યે બીના સ્ટેશને આવી પહોંચ્યા.

અહીં સાંજ સુધીનું રોકાણ હતું. જો કે, આસપાસ જોવાલાયક કંઈ હતું

નહીં. તેથી ભોજનની તૈયારી થાય તે પહેલાંના ફાજલ સમયમાં સ્વામીશ્રીએ પ્લૅટફોર્મ પર સભા ભરી. *'તારી એક એક પળ જાય લાખની...'* આ સિદ્ધાંત તેઓ જેટલો સમજેલા તેટલું તો કદાચ પંક્તિઓ લખનાર પણ નહીં સમજ્યો હોય! એક પળનો વેડફાટ સ્વામીશ્રીના જીવનમાં ન મળે. તેથી વાનગીનો થાળ તૈયાર થાય ત્યાં સુધી તેઓએ 'વાતો'નો થાળ સૌ આગળ ધરી દીધો. તેમાં રહેલી વાની પીરસતાં સ્વામીશ્રીએ કહ્યું: 'હેત તો સત્પુરુષમાં કરવું. આડા-અવળા થઈ જવાય તો સુખ ક્યાંથી આવે? જીવમાં જગત ભરાઈ જાય તેમ ન કરવું. આડું-અવળું જોયું તો જીવમાં પેસી જશે. પછી એને ઉખેડવા મથો અને એનું કલંક ધોતાં રહો એમાં કેટલી શક્તિ વેડફાઈ જાય! માટે નીચી દૃષ્ટિ રાખવી, નિર્માની રહેવું અને કોઈનો દોષ લેવો નહીં.'

આમ, કથાની ઇતિશ્રી થઈ ત્યાં ભોજન પણ તૈયાર થઈ ગયું. ગ્રાસે ગ્રાસે સ્મૃતિઓ વાગોળતાં સૌ તૃપ્ત થયા. ભોજન માટે જે વ્યવસ્થા પાથરવામાં આવેલી તે સંકેલાઈ જતાં જ ટ્રેન ઊપડી.

## સરકતા ઘરમાં વસતું વિરાટ કુટુંબ

કથા અને દર્શન સિવાયની યાત્રિકોની પળો પરસ્પરનો પરિચય કેળવવામાં અને ગમતાંનો ગુલાલ કરવામાં વીતતી. અહીં પરસ્પર કોઈ સગાં નહોતાં પરંતુ પરસ્પર સૌ વહાલાં તો હતાં જ. સંબંધનો મહિમા લોહીના સંબંધને ચઢી જાય એવો પ્રગાઢ હતો. તેથી આઠસો વ્યક્તિઓનું એક વિરાટ કુટુંબ સોળ ડબ્બાના ઘરમાં રહેતું હોય અને તે ઘર આખું પાટા પર સરકતું હોય તેવો માહોલ યાત્રામાં જામેલો રહેતો. પરસ્પર એકબીજાની સગવડ સાચવવામાં સૌ તત્પર રહેતા; તેથી સૌની સગવડ સચવાઈ જતી. પરસ્પર એકબીજાને ટેકો દેવા સૌ તૈયાર રહેતા; તેથી સૌને ટેકો મળી રહેતો. પરસ્પર એકબીજાને આગળ કરવા સૌ પ્રયત્નશીલ બનતા; તેથી સૌ આગળ રહેતા.

આવા સૌહાર્દસભર વાતાવરણમાં ટ્રેને ગ્વાલિયર વટાવ્યું ત્યારે સંધ્યા આરતીનું ટાણું થતાં આરતીના સૂરો ડબ્બે-ડબ્બે ગૂંજવા લાગ્યા. દિવેટ, દિવેલ, દિવાસળી વગેરે ઉપકરણના અભાવમાં સૌએ કાયાના કોડિયામાં સ્નેહ-સમજણનાં દિવેટ-દિવેલથી તૈયાર થયેલ અંતર્દીપને મહિમાની ચિનગારી લગાડીને ભક્તિનો દીવો પ્રગટાવી દીધો. તેથી આનંદ-ઉત્સાહનાં ઝાલર-ઘંટડી તો આપમેળે ગૂંજવા લાગ્યાં. આવી ભાવસભર આરતી વિરમી અને સૌએ

પરસ્પર પાયલાગણ કર્યાં ત્યાં જ સ્વામીશ્રીએ ગઢડા પ્રથમ પ્રકરણના છોંતેરમા વચનામૃત પર કથા ઉપાડી: 'મહારાજ કહે છે કે હરિભક્ત હોય પણ સ્વભાવ ન મૂકે તો તેની સાથે ન બને. શ્રદ્ધાપૂર્વક સાધુ-સંતોનો સમાગમ રાખી પોતાના સ્વભાવ બદલી નાંખવા. સારા ગુણ હોય તે જોઈને શીખી લેવા. ભક્તિને કપટરહિત કરી લેવી. ભગવાન તો બધું જાણે છે. માટે કપટ કરશો તોપણ એનાથી છાનું રહેશે નહીં. નિર્માનીપણે સેવા કરશે તેના ઉપર ભગવાન સહેજે હેત રાખશે. *'જેના નિરમાની ભગવાન, તેના જનને કેમ જોઈએ માન...'*

આમ, સ્વામીશ્રીએ સંધ્યા ટાણે 'ઘરસભા' પણ કરી લીધી !

## ભજન-ભોજનનાં સમતોલ પલ્લાં

તા. ૨૮/૧૧ની વહેલી સવારે આગ્રાના પ્લૅટફૉર્મ પર સ્વામીશ્રીએ પૂજા કરી. આજના દિવસમાં ફત્તેહપુર સિક્રી, લાલ કિલ્લો, દયાળબાગ, મોતી મસ્જિદ, અકબરનો મહેલ, તાજમહેલ વગેરે ઘણાં સ્થળોએ ફરવાનું હતું. તે માટે ૧૭ બસ અને ત્રણ મોટરો તૈયાર રાખવામાં આવેલી. બધે ફરીને સૌ આવ્યા એટલે સ્વામીશ્રીએ સભા ભરી જણાવ્યું કે 'લોકો કાર્યમાં મોહ પામે છે પણ કારણ સામે કોઈ જોતું નથી. માટે આપણે તો જોવા જેવા ભગવાન અને સંત છે. આપણને તો બહુ મોટી પ્રાપ્તિ થઈ છે. તેના સામું દૃષ્ટિ રાખવી. તેમને રાજી કરવા અને તે કહે તેમ કરવું.'

સ્વામીશ્રીએ એક જ દિવસમાં સાંખ્ય અને યોગ, બંનેના પાઠ ભણાવી દીધા. પ્રથમ બધું બતાવીને યોગ કરાવ્યો પણ અંતે असङ्गशस्त्रेण दृढेन छित्वा ...[૫૨] સાંખ્યના શસ્ત્રથી બધું કાપીને સૌને પ્રાપ્તિમાં જોડી દીધા.[૫૩]

આગ્રા કેન્ટોનમેન્ટ સ્ટેશન પર યાત્રિકોના વાળુની વ્યવસ્થા કરવામાં આવેલી. તેથી આરતી વગેરે આહ્નિકથી પરવારીને સૌ જમ્યા.

ભોજનના ગ્રાસ બાદ વળી ભજનનો તાસ શરૂ થયો. સ્વામીશ્રીએ

---

૫૨. શ્રીમદ્ભગવદ્ગીતા – ૧૫/૩.

૫૩. આ યાત્રામાં સ્વામીશ્રીને બેસવા માટે એક વિશિષ્ટ પ્રકારના પાલખા જેવું લાકડાનું ચોરસ આસન બનાવેલું. તેની બંને બાજુ કાંઠા પણ મૂકેલા. આ આસન ટ્રેનની બારીના સળિયા ઉપર સાંકળથી બાંધી દેવાતું. સ્વામીશ્રી તેમાં બિરાજી કથા કરતા. તેથી દૂર બેઠેલા સૌને પણ દર્શનનો લાભ મળતો. ટ્રેન ઊપડે ત્યારે બે ડબ્બા વચ્ચે આ આસન રખાતું.

ગઢડા મધ્ય પ્રકરણના ૩૭મા વચનામૃત પર કથા કરતાં કહ્યું: 'જ્ઞાન કરીએ પણ વર્તનમાં ફેર ન પડે ત્યારે ખરું. બહુ સારો તરવૈયો હોય પણ અણીને સમયે ભૂલી જાય એટલે થઈ રહ્યું. જ્ઞાની હશે તે પણ પોતાની પ્રકૃતિ મુજબ આચરણ કરશે અને એ બદલાવાનો ખપ નહીં રાખે તો એ જ્ઞાન શા લેખાનું ?'

આમ, યાત્રા દરમ્યાન સ્વામીશ્રી ભજન અને ભોજનના બેય પલ્લાં સમતોલ રાખતા.

## LEADER EATS LAST (છેલ્લે જમે તે નેતા)

આગ્રાથી ઊપડેલી ટ્રેન સવારે હરિદ્વાર પહોંચવાની હતી; પરંતુ તા. ૨૯/૧૧ની સવાર પડી ત્યારે સંજોગોવશાત્ હજી તો દિલ્હી જ આવેલું. તેથી સહરાનપુર આવ્યું ત્યાં સુધીમાં સૌને અલ્પાહાર પહોંચાડી દેવામાં આવ્યો.

મંથર ગતિએ ચાલતી ટ્રેન લક્સર પહોંચી ત્યારે બપોરના ત્રણ વાગ્યા હતા. અહીં એન્જિન અને ચાલક બદલાવાના હતા. તેમાં થોડો સમય જાય તેમ હોવાથી 'परमहरिवार्ताव्यसनी' – કથાવાર્તાના પરમ વ્યસની સ્વામીશ્રી પ્લૅટફૉર્મ પર ખુરશી મુકાવી બિરાજ્યા અને તરત સભા શરૂ કરી દીધી. પાંચ મિનિટ ધૂન ગવરાવીને કથાલાભ આપતાં કહ્યું: 'યાત્રામાં નીકળ્યા છીએ તે વહેલું-મોડું થાય. આપણે અકળાવું નહીં. જે તપ કરવું પડે તે મહારાજની ઇચ્છાથી થાય છે એમ સમજવું. એમની ધૂન કરવી કે વિઘ્ન ટળી જાય. પહેલાં યાત્રિકો કેવાં કેવાં કષ્ટ વેઠતા ? આજે તો સૂતાં સૂતાં જાત્રા થાય છે. ઘણું સુગમ છે...'

સ્વામીશ્રીએ પ્રાસંગિક પરિસ્થિતિ અનુસાર કથા કરીને સૌનાં મનમાં શાંતિ કરી દીધી. કાર્યક્રમમાં વિલંબ થયો હોવાને કારણે સ્વાભાવિક રીતે ઉકળાટ થાય; પરંતુ સ્વામીશ્રી તણખો ઝરે ત્યાં જ પાણી રેડી દેતા, જેથી આગ પ્રસરવા ન પામે. પ્રશ્નને વકરવા ન દેવો એ તેઓની પદ્ધતિ હતી, પ્રકૃતિ હતી.

સ્વામીશ્રી કથા કરી રહેલા તે વખતે જ ઊપડવાની વ્યવસ્થા થઈ ગઈ. તેથી સભા વિરમી અને ટ્રેન ચાલી. સાંજે સાત વાગ્યે હરિદ્વાર આવ્યું. હજી રસોઈ તૈયાર કરવાની બાકી હતી. તેથી જરૂરના માણસોને તે સેવામાં જોડી સ્વામીશ્રીએ પ્લૅટફૉર્મ પર જ સભા શરૂ કરાવી. પ્રથમ વડીલ સંતો-ભક્તો પાસે કથા કરાવ્યા બાદ પોતે પણ વરસ્યા. રસોઈ તૈયાર થતાં ત્રણેક કલાક વીત્યા હશે. ત્યાં સુધી સ્વામીશ્રીએ સભાનું સુકાન સંભાળી રાખ્યું. છેલ્લે સૌને દાળ,

ભાત, રોટલી, શાકનું ગરમાગરમ ભોજન જમાડ્યું. સૌ યાત્રિકો જમી રહ્યા પછી તેઓ જમવા માટે બિરાજ્યા ત્યારે મધરાતનો ચંદ્ર ઉદય પામી રહેલો! યાત્રિકો ભોજનની તૃપ્તિના ઓડકાર ખાઈ રહેલા ત્યારે રાત્રિના સાડા અગિયાર વાગ્યે સ્વામીશ્રીએ પ્રથમ કોળિયો મોંમાં મૂક્યો!

સગવડોના ભાણે હંમેશા છેલ્લે જ બેસવું એ તેઓની જીવનશૈલી હતી. LEADER EATS LAST. છેલ્લે જમે તે નેતા. આ સિદ્ધાંતનું સ્વામીશ્રી મૂર્તિમાન સ્વરૂપ હતા.

## બીજાના ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ

હરિદ્વાર એ હિમાલયનું દ્વાર કહેવાય. આ દ્વાર તા. ૩૦/૧૧ના રોજ જરા વધારે ખુલ્લું રહી ગયું હશે. તેથી હિમાલયની ઠંડી અહીં પ્રબળ વેગે ધૂસી આવેલી. એટલે સ્વામીશ્રી ટ્રેનમાં જ પ્રાતઃપૂજાથી પરવાર્યા. તે પછી કોઠારી સ્વામીના પ્રેમાગ્રહથી માથે ટોપી ધારણ કરી, શાલમાં ગોટમોટ થઈ પ્લૅટફૉર્મ પર બિરાજ્યા ત્યારે સવારના સુકુમાર સૂર્યને પણ તેઓની ભગવી આભાનો રંગ લાગી ગયો. એ રતૂમડા સૂર્યનાં કોમળ કિરણોથી સ્વામીશ્રીનું મુખારવિંદ 'प्रात:सूर्यमयूखसेवित' બની ઊઠ્યું! એ મુખકમળમાંથી વહેતી અમૃતધારાનું સૌ રસપાન કરવા લાગ્યા.

આ કથા દરમ્યાન જ સ્વામીશ્રીનાં દર્શને આવેલા મહામંડલેશ્વર શ્રીવેદવ્યાસે નમન કરીને પોતાના આશ્રમ 'ઋષિકુળ'માં પધારવા વિનંતી કરી. તેઓનો ભાવ જોઈ સ્વામીશ્રી ત્યાં પધાર્યા. ગંગાના ઘાટ પર જ એ આશ્રમ હતો, છતાં આશ્રમનાં સૌ સ્થાનોમાં તે ગંગાને લાવી શકાય તેમ નહોતું. તેથી *'પ્રસરત જેહિ પદપ્રસંગ, પુન્ય ભરિત સરિત ગંગ'*ના ન્યાયે, આ મહામંડલેશ્વર સ્વામીશ્રીનાં ચરણ તે તે સ્થાનોમાં લઈ ગયા અને ગંગા પધાર્યાનો સંતોષ અનુભવ્યો.

અહીં બાજુમાંથી જ વહેતી ગંગા નદીની નહેર બનાવી સુંદર ઘાટ બાંધવામાં આવેલો. ત્યાં સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવ્યું અને આશ્રમના સરસ્વતી મંદિરમાં યોજાયેલી સભામાં આશીર્વાદ પાઠવી વિદાય લીધી. વિદાય લેતી વખતે આશ્રમને દક્ષિણા આપવાનું સૌજન્ય ચૂક્યા નહીં.

સ્વામીશ્રી કોઈ પણ ધર્મ કે સંપ્રદાયના મઠ, મંદિર, આશ્રમમાં જતા ત્યારે સાથે આવેલા હરિભક્તો પાસે તે સ્થાનમાં આર્થિક સેવા અવશ્ય

કરાવતા. કોઈ ઠેકાણે કંઈક ચીજ-વસ્તુની જરૂરિયાત હોય તો તે પણ પૂરી કરતા. કોઈ સાધુ-સંત કે જોગી-જતિ પોતાના મંદિરે મહેમાન થઈને આવ્યા હોય તો તેઓને પણ સ્વામીશ્રી દક્ષિણા અપાવવાનું ભૂલતા નહીં. 'બીજાના ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ છે' – એ તેઓનું જીવનસૂત્ર આવા પ્રસંગે આબાદ જોવા મળતું.

ઋષિકુળથી પુનઃ સ્ટેશન પર પધારેલા સ્વામીશ્રીએ ઠાકોરજી જમાડ્યા. આજે લાડુની રસોઈ હતી. તેથી *'ચલે લડુ પીરસન કાજ, સંતમેં શ્રી સ્વામી...'* પંક્તિઓ સાકાર કરતાં સ્વયં સ્વામીશ્રી પીરસવા પધાર્યા. તેથી સૌ માટે આજનું ભોજન અમૃતપાન સમું બની રહ્યું.

ભોજન બાદ સંતો-ભક્તો સાથે સ્વામીશ્રી યાત્રાના રૂપમાં ધૂન બોલાવતાં પ્રસિદ્ધ સ્થાન 'હર કી પૈડી' પધાર્યા. અહીં બ્રહ્મકુંડ પાસે ગંગાનું વિધિપૂર્વક પૂજન કરીને પ્રથમ ઠાકોરજીને સ્નાન કરાવ્યું. ત્યારબાદ સર્વે સંતો-ભક્તોને યાદ કરતાં કરતાં સ્વામીશ્રીએ પણ ગંગાસ્નાન કર્યું. તેઓના સર્વાંગ સ્પર્શથી ગંગાનાં નીર આનંદની છોળ્યો ઉછાળવાં લાગ્યાં! એ ઊછળતા જલરાશિનાં બુંદ બુંદ સ્વામીશ્રી પાસે તેઓના જેવી નિર્મળતા, શીતળતા અને પવિત્રતાની યાચના કરતાં ચરણોમાં ચૂર ચૂર થઈ જતાં હતાં.

ગંગાસ્નાન બાદ સ્વામીશ્રી કનખલમાં દક્ષ પ્રજાપતિની યજ્ઞશાળા અને સપ્તર્ષિ આશ્રમનાં દર્શન કરીને લક્ષ્મણઝૂલા પધાર્યા. આ સ્થળે યોગીજી મહારાજે સ્નાન કરેલું, તે સ્મૃતિ સાથે સ્વામીશ્રીએ પણ સ્નાન કર્યું.

ત્યાંથી શિવાનંદ આશ્રમમાં વરિષ્ઠ સંત કૃષ્ણાનંદજી સાથે થોડી પળો વિમર્શ કરીને, સ્ટેશને આવેલા તેઓએ સૌ યાત્રિકો સાથે ખીચડી-કઢીનું સાત્ત્વિક ભોજન કરીને રાત્રે સાડા દસ વાગ્યે હરિદ્વારથી વિદાય લીધી.

## એકાદશીનો અલૌકિક જ્ઞાનયજ્ઞ

તા. ૧/૧૨ની સવારે ભાખરા-નાંગલ બંધ પહોંચી જવાશે તેવી ધારણા હતી; પણ આ આખો દિવસ મુસાફરીમાં જ વિતાવવો પડ્યો. છતાં આ મુસાફરીમાં સ્વામીશ્રીએ અલૌકિક સ્મૃતિ આપી દીધી. આજે ઉત્પત્તિ એકાદશીનો દિવસ હતો. તેથી સ્વામીશ્રીએ પણ એકાદશીની ઉત્પત્તિ વર્ણવતું આખ્યાન ગઢડા મધ્ય પ્રકરણના આઠમા વચનામૃતના આધારે શરૂ કર્યું. આ વચનામૃત સમજાવવામાં તેઓ એવા ગુલતાન થઈ ગયા કે એ નિર્જળા

ઉપવાસમાં તેઓએ સળંગ પાંચ કલાક સુધી કથા ચલાવી ! કથા-વાર્તા પ્રત્યે તેઓની પરમ-ચરમ આસક્તિનું આ દર્શન હતું.

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં ભગવાનમાં આસક્તિવાળાનાં લક્ષણો બતાવતાં કહ્યું છે કે '...પોતે માર્ગે ચાલીને અતિશય થાકી રહ્યો હોય ને બેઠું થવાની પણ શરીરમાં શક્તિ ન રહી હોય અને તેવા સમામાં કાંઈક ભગવાનની વાર્તાનો પ્રસંગ નીસરે તો જાણીએ એકે ગાઉ પણ ચાલ્યો નથી, એવો સાવધાન થઈને તે વાર્તાને કરવા-સાંભળવામાં અતિશય તત્પર થઈ જાય. અથવા ગમે તેવા રોગાદિકે કરીને પીડાને પામ્યો હોય અથવા ગમે તેવું અપમાન થયું હોય ને તેવામાં જો એ ભગવાનની વાર્તા સાંભળે તો તત્કાળ સર્વ દુઃખ થકી રહિત થઈ જાય. અને વળી ગમે તેવી રાજ્યસમૃદ્ધિને પામીને અવરાઈ ગયો એવો જણાતો હોય અને જે ઘડીએ ભગવાનની વાર્તા સાંભળે તો તે ઘડીએ જાણીએ એને કોઈનો સંગ જ નથી થયો એવો થકો તે ભગવાનની વાર્તા સાંભળવામાં સાવધાન થઈ જાય.' એવી જાતનાં જેને વિષે લક્ષણ હોય તેને એ ભગવાનને વિષે દૃઢ આસક્તિ થઈ જાણવી.'[૫૪]

ઉપરોક્ત ત્રણ લક્ષણોમાં સ્વામીશ્રીનું જીવન જોઈને ચોથું લક્ષણ આમ પણ ઉમેરી શકાય કે 'નિર્જળા ઉપવાસમાં પાણીનું એક ટીપું પણ મોંમાં મૂક્યું ન હોય, તેવા સમયે પણ ભગવાનની વાર્તા કરવાનો પ્રસંગ નીસરે, તો જાણીએ ઉપવાસ કર્યો જ નથી એટલી સ્ફૂર્તિથી કલાકોના કલાકો કથાવાર્તા કરતો રહે પણ કથામાં વિરામ ન પામે, તેને ભગવાનને વિષે દૃઢ આસક્તિ થઈ જાણવી...'

આ 'મેરેથોન' કથાવાર્તા બાદ સ્વામીશ્રી દરેક ડબ્બામાં પધરામણી કરવા નીકળ્યા. જે ડબ્બામાં તેઓ પધારે તે ડબ્બામાં બેઠેલા હરિભક્તો સ્વામીશ્રી જાણે પોતાને ઘેર પધાર્યા હોય તે રીતે જ તેઓને વધાવી પૂજન-આરતી કરતા અને ભેટ ધરતા. શ્રીજીમહારાજે કહ્યું છે કે 'જેમ યજ્ઞ કરનારને યજ્ઞનારાયણ દર્શન આપે છે,' તેમ આજે એકાદશીનો જ્ઞાનયજ્ઞ કરનાર સૌ ભક્તોને દ્વારે જાણે સાક્ષાત્ 'નારાયણસ્વરૂપ' પ્રગટ થઈ ગયા !

સાંજે નાંગલ ડેમ પાસે ટ્રેન પહોંચી. અહીંથી ગાડી બદલીને સૌ ભાખરા બંધ ગયા. ત્યાં સ્થાનિક નિષ્ણાતો પાસેથી બંધની બધી વિગતો જાણી. ત્યારબાદ કાર્યવાહકો સ્વામીશ્રીને છેક ઉપરના ભાગમાં લઈ ગયા. ત્યાંથી

---

૫૪. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૯.

ગોવિંદસાગર સરોવર હિલોળતું દેખાતું હતું. અહીં સરોવરનું પાણી અને સૌનું સુખ અખૂટ રહે તેવા સંકલ્પો સાથે સ્વામીશ્રીએ પ્રાસાદિક પુષ્પો જળરાશિમાં પધરાવ્યાં. સ્થાનિક પ્રબંધકને સત્સંગ સંબંધી વાતો કરીને આશીર્વાદ આપ્યા.

આમ, ગંગાની સાથે ગોવિંદસાગરને પણ તીર્થત્વ આપીને સ્વામીશ્રી સંઘ સહિત સ્ટેશન પર પધાર્યા. ત્યાં જ સૌ હરિભક્તોને ફરાળી ભોજન કરાવીને ગાડીએ દિલ્હી ભણી જવા માટે પૈડું ફેરવ્યું.

## આપણું મંદિર મૂર્તિમાન કરી લેવું

ગાડી તેના મિજાજ મુજબ ચાલતી હતી. જ્યાં સવારે પહોંચવાનું હોય ત્યાં પહોંચતાં સાંજ પડી જતી. છતાં જો હમસફર મનગમતા હોય તો માઇલોની મુસાફરી કે કલાકોનો વિલંબ પણ કઠતો નથી. તે રીતે અહીં સમય-પત્રક ખોરવાતાં છતાં કોઈના મનનો લય ખોરવાતો નહીં, કારણ કે સ્વામીશ્રીનો સંગાથ પ્રવાસને આહ્‌લાદક જ રાખતો. યંત્ર તેના સ્વભાવ અનુસાર ચાલતું, પણ તંત્ર સ્વામીશ્રીના પ્રભાવ હેઠળ ચાલતું.

આ રીતે તા. ૨/૧૨ની બપોરે ત્રણ વાગ્યે યાત્રા દિલ્હી પહોંચી.

પાટનગરમાં આ પધરામણીના અવસરે સ્થાનિક હરિભક્તોએ સાંજે પાંચ વાગ્યે રફી રોડ પર આવેલા માવલંકર હૉલમાં જાહેર-સભાનું આયોજન કરેલું. ચમકનો પર્વત જેમ આખા પરગણાના લોઢાને ખેંચે તેમ સ્વામીશ્રીએ પણ આજે દિલ્હીવાસીઓને ખેંચેલા. તેથી લગભગ હજારની સંખ્યામાં મુમુક્ષુઓ દોડી આવેલા. સભાગૃહની ક્ષમતા બહારની આ જનસંખ્યા હોવાથી કેટલાય લોકોએ બહાર ઊભાં ઊભાં દર્શન-આશીર્વાદનો લાભ લીધો પણ કોઈ પાછું ફર્યું નહીં.

આ સભામાં સ્વામીશ્રીએ હિંદીમાં આશીર્વાદનું અમૃત ઢોળતાં જણાવ્યું કે – 'મોટા સંતપુરુષો રાજી રહે તેવું આવડે તો બુદ્ધિયોગ થયો એમ જાણવું. આપણે પરોપકારી જીવન જીવવાનું છે. એનો લક્ષ્યાર્થ લેવો, વાચ્યાર્થ નહીં. ભવનાં બંધન છૂટી જાય એવું કરે તે પરોપકારી જીવન જીવ્યો ગણાય. માટે સૌએ પરમાત્મામાં વૃત્તિ જોડવી. આપણું મંદિર મૂર્તિમાન કરી લેવું જોઈશે. જીવનનું મંદિર ક્યારે મૂર્તિમાન બને? ભગવાન સ્વામિનારાયણે બતાવ્યા પ્રમાણે દૂષણો ટળી જાય, સ્વભાવ બદલાઈ જાય અને સત્પુરુષની આજ્ઞામાં રહેવાય તો!'

સ્વામીશ્રીએ આજે 'પરોપકાર'ની અશ્રુતપૂર્વ સમજ આપીને સૌને 'આત્મકલ્યાણ એ મોટો પરોપકાર છે' તે લક્ષ્યાર્થ સમજાવી દીધો. સ્વામીશ્રીનાં આ વક્તૃત્વ અને વ્યક્તિત્વનો દિલ્હીવાસીઓને ઘણો જ ગુણ આવ્યો.

## જડભરતની જાતના જોગી

દિલ્હીના રોકાણ દરમ્યાન એક સંતે હરિભક્ત મારફત સુંદર મુલાયમ ગાલીચો સ્વામીશ્રી માટે ખરીદાવેલો. એ સંતનો શુભ આશય એટલો જ હતો કે 'સ્વામીશ્રી આપણા મંદિરમાં પધારે ત્યારે તેઓના આસન પર આ ગાલીચો પાથરીએ તો શોભા વધે.' ગાલીચાની કિંમત પણ તેઓ મંદિરમાંથી જ ચૂકવી દેવાના હતા.

પરંતુ સ્વામીશ્રીને આ વાતની જાણ થતાં જ તેઓએ પેલા સંતને બોલાવી ઠપકાના સૂરમાં કહ્યું કે 'મારા માટે મોંઘા ગાલીચા શોભે જ નહીં. સાધુ માટે આ શોભારૂપ નથી. તમે હાલ ને હાલ આ ગાલીચો પાછો આપી આવો. મોંઘી વસ્તુ તો ઠાકોરજીને જ શોભે.'

સ્વામીશ્રીની આ વાત જે હરિભક્ત ગાલીચો ખરીદી લાવેલા તેના કાને પહોંચી. તેથી તેઓએ આવીને કહ્યું કે 'બાપા ! આ ગાલીચો બહુ મોંઘો નથી. તેની ૮૦૦/- રૂા.ની જ કિંમત છે. તે સેવા હું કરી દઈશ.'

પણ સ્વામીશ્રી બોલ્યા : 'કોઈ પણ રીતે મારે આ ગાલીચો જોઈએ જ નહીં. શ્રીજીમહારાજની આજ્ઞા લોપાય જ નહીં.'

આ આગ્રહ જોઈ તે ગાલીચો અંતે દુકાનદારને પરત કરવામાં આવ્યો ત્યારે જ સ્વામીશ્રીને શાતા વળી. તેઓની સ્થિતિ સારા-નરસામાં સમભાવની નહીં, પણ સારામાં મૂંઝવણ અને નરસામાં આનંદની હતી.

*'જગત-પદારથ જીવને, રુચે નહીં, જેમ રોગ જી...'* એ જડભરતની જાતના જોગી હતા સ્વામીશ્રી !

## જાળવીશ મારા જનને

તા. ૩/૧૨ના દિવસે દિલ્હી-દર્શનનો કાર્યક્રમ હતો, પરંતુ સ્વામીશ્રીના શરીરમાં કળતર હોવાથી તેઓ ઉતારે જ રોકાયેલા અને સૌ યાત્રાળુઓ દર્શન માટે નીકળેલા. સંતોને સ્વામીશ્રીએ આજ્ઞા કરેલી કે 'દિલ્હીમાં જ્યાં આપણું મંદિર થવાનું છે તે જગ્યા પર જઈ આવજો.' તેથી તેઓ દિલ્હી-દર્શન માટે

ન જતાં પ્રથમ દિલ્હીથી ૬૦ કિ.મી. દૂર વસેલા મોદીનગરમાં લક્ષ્મીનારાયણના મંદિરે દર્શન કરી પાછા વળતાં યમુનાકિનારે મંદિર માટેની જગ્યા પર પધારેલા અને આ ભૂમિ વહેલી તકે સંપાદિત થાય તથા પાટનગરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજે તે માટે ધૂન-પ્રાર્થના કરેલાં.

તા. ૪/૧૨ની રાત્રે દિલ્હીથી વિદાય લેતાં પૂર્વે સ્વામીશ્રી તાવતૂટ્યા શરીરે પણ પધરામણીઓનો લાભ આપી સ્ટેશન પર પધાર્યા. અહીં તેઓને વિદાયમાન આપવા દિલ્હી ઉપરાંત જયપુરના પણ ઘણા ભાવિકો આવી પહોંચેલા. આજે દૂર દેશમાં સ્વામીશ્રીના લાભની ખાણ ખૂલી જતાં સૌ શક્ય એટલું વધુ ખાંપવા તત્પર હતા. તેથી રાત્રે અગિયાર વાગ્યે ટ્રેન ઊપડી ત્યાં સુધી કોઈ સ્ટેશન પરથી ખસ્યું નહીં.

અલબત્ત, આ વખતે ટ્રેનમાં બેસી ગયેલા યાત્રિકોના મનમાંથી પણ સ્વામીશ્રી ખસતા નહોતા, કારણ કે અહીંના યાર્ડમાં સત્સંગીઓની આ સ્પેશિયલ ટ્રેન અને બીજી પણ આવી જ એક ટ્રેન સાથે સાથે ઊભેલી. ત્યાં રાત્રે ત્રાટકેલા તસ્કરો બીજી ટ્રેનને સાફ કરી ગયેલા. પણ આદમીવિહોણી નીલકંઠવર્ણી સ્પેશિયલ ટ્રેન બાજુમાં જ હોવા છતાં ત્યાં 'સબ સલામત' રહેલું! તેથી દરેક યાત્રી મનોમન સ્વામીશ્રીનો આભાર માનતાં તેઓમાં શ્રીજી-મહારાજની જ બાંયધરી અનુભવી રહ્યો કે *'જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ...'*

આવા કૈંક આશ્ચર્યકારી અનુભવોના પાટા પર સરકતી આ ટ્રેનયાત્રા સ્વામીશ્રીનો મહિમા વિશેષ સમજાવતી જતી હતી.

## વ્રજમાં વિચરણ

તા. ૫/૧૨ની સવારે છ વાગ્યે સંઘ મથુરા પહોંચ્યો.

અહીં સ્નાનાદિક વિધિથી પરવારીને સૌ સ્વામીશ્રીનાં દર્શને આવવા લાગ્યા. તેથી સ્વામીશ્રી જ પ્લૅટફૉર્મ પર પધારી ગયા, જેથી સૌ શાંતિથી દર્શન કરી શકે. આ વખતે ઠંડીનું જોર હતું. સ્વામીશ્રીને નાદુરસ્તી હતી. તે જોતાં તેઓ બંધ ડબ્બામાં બેસે એ જ હિતાવહ હતું. પરંતુ હરિભક્તોને તકલીફ ન પડે તે માટે તેઓ શિયાળાની સવારના ઠંડા પહોરે ખુલ્લા પ્લૅટફૉર્મ પર બિરાજ્યા.

પળે પળે પરહિતનો જ વિચાર કરનારા સ્વામીશ્રીએ પોતાના શરીરની સંભાવના ન કરવાનું આજીવન વ્રત લીધેલું!

આ રીત અનુસાર તેઓએ મથુરાથી પંદર બસ અને બે મોટર દ્વારા સંઘ સહિત દર્શન માટે પ્રસ્થાન કર્યું. પ્રથમ કૃષ્ણજન્મ-સ્થાનમાં પધાર્યા. ત્યાંથી વૃંદાવનની વાટ લીધી.

વૃંદાવન એટલે મંદિરોની નગરી. તેમાં ગીતા મંદિર, બિરલા મંદિર થઈને સંપ્રદાય-પ્રસિદ્ધ લક્ષ્મીચંદ શેઠે બનાવેલાં મંદિરનાં દર્શન કર્યાં. ત્યાંથી કાલિય-દમનની લીલા જ્યાં થયેલી તે યમુનાના ધરા પાસે પધાર્યા. જ્યાં રાધિકાની સેવા માટે કૃષ્ણ સ્વયં પધારે છે તે સેવાકુંજમાં પણ ગયા.

અહીં વૃંદાવન, ગોકુળ વગેરેમાં માંકડાઓની ઊછળકૂદ ઘણી હોય છે. હાલતાં-ચાલતાં મુસાફરોની વસ્તુઓ ખૂબ જ ચાલાકીથી આંચકી લેવામાં ચતુર આ પ્રજાતિના ફરજંદ સમું એક માંકડું અચાનક સ્વામીશ્રી પાસે આવી ચડ્યું, પણ તેથી લેશ વિચલિત ન થતાં તેઓએ એ માંકડાને પોતાના હાથમાંથી ચણા ખવડાવીને ધન્ય કર્યું! તે વખતે સૌને નરસૈંયાના મિજાજમાં ગાવાનું મન થઈ આવ્યું કે *'ધન્ય વૃંદાવનવાસી કપિની આ કાયા...'*

કપિનું કલ્યાણ કરી સ્વામીશ્રી રાજા માનસિંહ દ્વારા નિર્મિત મંદિર તથા દક્ષિણ ભારતીય શૈલીથી બંધાયેલાં મંદિરોનાં દર્શન કરીને ગોકુળ આવી પહોંચ્યા.

અહીં નંદરાજાનો મહેલ તથા અન્ય લીલાસ્થાનોનાં દર્શન કરીને સ્વામિનારાયણ મંદિરે પધાર્યા. અત્રે પધરાવેલા શ્રીજીમહારાજનાં તેઓ ભાવ-પૂર્વક દર્શન કરી રહેલા ત્યારે આ મંદિરમાં નિર્માણાધીન પાણીની નવી ટાંકી માટે આર્થિક સેવા આપવાની અરજ મંદિરના કારભારીએ તેઓને કરી. સ્વામીશ્રીએ તત્ક્ષણ જ તે સહયોગ આપીને તેઓને રાજી કર્યા. જીવનભર વહેતી રહેલી તેઓની સખાવતોની સરિતાએ ન જાણે કેટકેટલાંની તરસ છિપાવી હશે!

અહીં જયપુરના હરિભક્તોએ બેન્ડ-વાજાં મંગાવી સ્વામીશ્રીની નગર-યાત્રા યોજેલી. સ્વામિનારાયણ મંદિરેથી તે યમુનાના વિશ્રામઘાટે વિરમી. અત્રે યમુનાજીની આરતી કરીને સ્વામીશ્રીએ સૌને સ્નાન માટે આજ્ઞા આપી. તેઓનું સ્વાસ્થ્ય ઠીક નહોતું, તેથી માત્ર જળની અંજલિ મસ્તક પર ચડાવીને હાલ પૂરતી યમુનાજીની આટલી સેવા અંગીકાર કરી.

અહીંથી વિદાય થતાં પૂર્વે ગોકુળ, મથુરા અને વૃંદાવનની આ યાત્રામાં દરેક સ્થળના મહિમા સાથે દર્શન કરાવનાર ગોર અને તેના પાંચ ભાઈઓને સ્વામીશ્રીએ ચાંદલા કરી આશીર્વાદ આપ્યા. હરિભક્તો પાસેથી દક્ષિણા અપાવીને પણ રાજી કર્યા. ત્યારબાદ બે પધરામણીઓ કરીને સ્ટેશન પર

પધાર્યા અને ઠાકોરજીને થાળ ધર્યો. ભોજન બાદ સભા કરીને સૌનાં હૃદયમાં તીર્થોનો મહિમા દૃઢાવ્યો.

રાત્રિના સાડા નવ વાગ્યાના સુમારે કાનપુર જવા માટે મથુરાથી મંથર ગતિએ ટ્રેન ઊપડી, પરંતુ તે યમુના સેતુ સુધી પહોંચી હશે ત્યાં જ ગાડીચાલકે એન્જિનની મરામત માટે ગાડી ઊભી રાખી. સત્પુરુષના સમાગમમાં રહેવા છતાં હજી યંત્રનો સ્વભાવ બદલાયો નહોતો! જે સ્વભાવથી જ જડ હોય તેને સંત-સંગત શું કરે ?!

## સ્વામીશ્રીનો સ્વધર્મ

તા. ૬/૧૨ની સવારે દસ વાગ્યે કાનપુર પહોંચવાનું હતું; પરંતુ પહોંચતાં થયા સાંજના છ. અહીં હરિભક્તોએ સ્વામીશ્રીને ઉમંગભેર આવકાર્યા. સૌનું સ્વાગત સ્વીકારી સ્વામીશ્રી સ્ટેશનથી પાંચ સંતો સાથે પધરામણીએ જવા તૈયાર થયા.

પૂર્વનિર્ધારિત સમય-પત્રક મુજબ ટ્રેન સવારે આવીને રાત્રે ઉપડવાની હતી. તેથી હરિભક્તોએ શહેરમાં કેટલીક પધરામણીઓ ગોઠવી રાખેલી, પરંતુ ટ્રેન આઠ કલાક મોડી પડતાં હવે સમયની કટોકટી ઊભી થઈ ગયેલી. પાંચેક કલાકમાં આ પધરામણીઓ આટોપવી પડે એમ હતું, જે શહેરની સાંજની ગિરદી જોતાં શક્ય લાગતું નહોતું. વળી, સ્વામીશ્રી જો પધરામણીએ જાય તો તેઓના રાત્રિભોજનનો સમય પણ સચવાય તેમ નહોતો. તેથી સૌએ પધરામણીઓ રદ કરવાનું સૂચન કર્યું, પરંતુ તે વખતે સ્વામીશ્રીએ તો પધરામણીએ જવાનું નક્કી જ રાખ્યું.

ઘસાઈને સુગંધ આપવી એ ચંદનનો સ્વધર્મ. બળીને અજવાળું આપવું એ દીવાનો સ્વધર્મ. પિલાઈને મીઠાશ આપવી એ શેરડીનો સ્વધર્મ. તેમ ભીડો વેઠીને સૌના મનોરથો પૂરા કરવા એ સ્વામીશ્રીનો સ્વધર્મ. પણ પધરામણીએથી સ્ટેશને પાછા ફરતાં ધારણા મુજબ મોડું જ થયું. તેથી સ્વામીશ્રી રાત્રે છેક અગિયાર વાગ્યે પ્લૅટફૉર્મ પર ભોજન કરવા માટે બિરાજ્યા ત્યારે રસોઈ તો સાવ ઠંડીગાર થઈ ગયેલી.

ભોજન બાદ સ્વામીશ્રી ટ્રેનમાં બિરાજતાં મધરાતે ટ્રેન ઊપડી ત્યારે કાનપુરના ભક્તો સ્વામીશ્રીનાં ભાવપૂરમાં તણાઈ ગયેલા. તેઓએ સજળ નયને વિદાય આપી.

## ચાર ટોપલા જમરૂખ રાખી મૂકજો

તા. ૭/૧૨ની સવારે પાંચ વાગ્યે અલાહાબાદ સ્ટેશને ટ્રેનનું આગમન થયેલું. અહીં સ્નાનાદિક ક્રિયાથી પરવારીને સ્વામીશ્રી પ્લૅટફૉર્મ પર પૂજા કરવા માટે બિરાજ્યા. તે વખતે ખીલેલા ફૂલની આસપાસ જેમ ભમરાઓ ભમવા માંડે તેમ સ્વામીશ્રીની ચોપાસ સૌ ભક્તો ગોઠવાઈ જઈ તેઓની મુખમાધુરીનું પાન કરવા લાગ્યા !

એ જ વખતે જમરૂખ ભરેલી ત્રણેક હાથલારીઓ ઠેલતા ફેરિયાઓ ત્યાં આવી ચઢ્યા. તેઓ પાસેથી એક હરિભક્તે જમરૂખ ખરીદીને ઠાકોરજીને ચરણે ધર્યાં. પણ એકને સ્ફુર્યું તે બીજાને સૂઝ્યું ને એમ એક પછી એક સૌ જમરૂખ ખરીદીને પૂજામાં મૂકવા લાગ્યા. ક્ષણ વારમાં તો જમરૂખનો ઢગલો થઈ ગયો ! ફેરિયાઓની ત્રણેય લારીઓ પળમાં ખાલીખમ ! સવારના પહોરમાં જ આટલી કમાણી થતાં તેઓને તો ઉજાણી થઈ ગઈ.

થોડી વારમાં સ્વામીશ્રીની પૂજા પૂર્ણ થતાં તેઓએ સંતોને કહ્યું : 'આ બધા જમરૂખ ટોપલામાં ભરીને આપણા ડબ્બામાં મૂકી દો.' પછી ઉમેર્યું : 'ચાર ટોપલા જમરૂખ રાખી મૂકજો ને બાકીનાં વધે તે તમે બધા જમજો.'

આ સાંભળી સંતોને આશ્ચર્ય થયું કે 'સ્વામીશ્રીએ ચાર ટોપલા જમરૂખ અલાયદાં રાખવાનું શા સારુ કહ્યું હશે ?' પરંતુ તેનો ભેદ બીજા દિવસે ખૂલવાનો હતો.

## મુખ્ય નિશાન છપૈયા તીર્થ

અલાહાબાદમાં પ્રાતઃપૂજાથી પરવારીને સ્વામીશ્રી તથા યાત્રાળુઓ ત્રિવેણી સંગમ જવા નીકળ્યા. તે માટે હરિભક્તોની સોળ હોડીઓ અને સંતોની ચાર હોડીઓ રાખવામાં આવેલી, તેમાં બેસીને સૌ પ્રયાગ પહોંચ્યા.

અહીંનું દૃશ્ય અતિ રમણીય હતું. એક તરફથી આવતાં કાલિંદીનાં શ્યામલ નીર અને બીજી બાજુથી ધસમસતાં ગંગાજીનાં ધવલ નીર એકમેકમાં એકરૂપ થઈ જતાં હતાં. માનવી પણ જાહ્નવી-જમનાની જેમ પરસ્પરની સાથે એકરૂપ થતાં શીખે તો જીવનમાં પ્રયાગની પવિત્રતા પ્રગટવામાં વાર લાગે તેમ નથી – એવો ગુપ્ત સંદેશો આ લોકમાતાઓનું મિલન આપી રહેલો.

આ સ્થાનમાં સ્વામીશ્રી સહિત સૌએ સ્નાન કર્યું. અત્રે અનુપસ્થિત

સંતો-ભક્તો વતી પણ સ્વામીશ્રીએ ડૂબકી લગાવીને તે સૌને 'ઘેર બેઠાં તીરથ'નું પુણ્ય દઈ દીધું.

સ્નાનવિધિ બાદ સૌ પોતપોતાની નૌકાઓમાં બેસીને પરત ફરી રહેલા ત્યારે સ્વામીશ્રીએ *'જોઈ મૂરતિ મનોહર તારી...'* કીર્તન જાતે જ ગાઈને ઝિલાવ્યું. રમ્યઘોષા ગંગા-યમુનાની સાથે સ્વામીશ્રીના કંઠમાંથી વહેતી થયેલી આ અમૃતધારામાં સ્નાન કરનારને પુનઃ એક વાર પ્રયાગના સ્નાનનો આનંદ મળ્યો. ફર્ક એટલો પડ્યો કે આ સ્નાનમાં કપડાં નહીં, પણ કાળજાં ભીંજાયાં!

કીર્તનગાન બાદ સ્વામીશ્રીએ જ વાત ઉપાડી કે ''આ કીર્તન અમે શાસ્ત્રીજી મહારાજ પાસે બોલ્યા ત્યારે શાસ્ત્રીજી મહારાજે છાતીએ હાથ અડાડીને સંકેતથી કહ્યું કે *'આ છબી પર સર્વસ્વ નાંખું વારી...''* એમ કહીને આખો પ્રસંગ સવિસ્તર વર્ણવી સૌને આનંદ કરાવ્યો. આ આનંદનાં મોજાં પર સરતી નૌકા તટ પર આવી ત્યારે ત્યાં લાકડાની પાટો પર બિરાજી સ્વામીશ્રીએ સૌને બોલાવી વાત કરતાં કહ્યું: 'ત્રિવેણીમાં સ્નાન કરીને દેહ શુદ્ધ કર્યો. હવે સંતોનું પૂજન કરવાથી મનની શુદ્ધિ થશે. સૌને ખૂબ શાંતિ થઈ જશે. દેશકાળ સારા થઈ જશે.'

તેઓની અનુવૃત્તિ સમજીને હરિભક્તોએ ધોતિયાં ઓઢાડી પ્રયાગમાં પુણ્યની પેટી ભરી લીધી.

ત્યારબાદ સ્વામીશ્રી એક પધરામણી કરીને સ્ટેશન પર આવ્યા. અહીં ઠાકોરજી જમાડીને સભામાં કહ્યું: 'આપણી તીર્થયાત્રામાં મુખ્ય નિશાન છપૈયા તીર્થ છે. મહારાજ ત્યાં પ્રગટ થયા. આપણે સૌએ કાલે ત્યાં જવાનું છે. ચલાય તેવું ન હોય તો હાથ પકડીને પણ તે યાત્રા કરી લેવી.' આમ કહી સૌને સાબદા કરી દીધા.

## ભક્તિનો ભેદ ખૂલે છે

અલાહાબાદથી રાત્રે આઠ વાગ્યે ટ્રેનનું પ્રસ્થાન નિર્ધારિત હતું; પરંતુ સિગ્નલ ન મળતાં રોકાઈ રહેવું પડ્યું. છેક મધરાતે મુક્તિ મળી અને અગિયાર વાગ્યે મજલ શરૂ થતાં તા. ૮/૧૨ની સવારે આઠ વાગ્યે સૌ અયોધ્યા આવી પહોંચ્યા.

અયોધ્યા ઐતિહાસિક તો ખરી જ, સાથે આધ્યાત્મિક પણ! રામ-ઘનશ્યામની આ રમણભૂમિ, કૈંક શૂરવીરોની તે સમરભૂમિ અને દિવાળીની તો

જન્મભૂમિ! અહીં અમાસની રાતનો પણ અજવાળાં સાથે નાતો જોડાયો. શ્રીજીમહારાજના ગુરુ રામાનંદ સ્વામીનું પણ આ જન્મસ્થાન.

અત્રે સ્વામીશ્રી સ્વામિનારાયણ મંદિરે દર્શને જવા નીકળ્યા ત્યારે તેઓએ પ્રભુસ્વરૂપદાસ સ્વામીને કહ્યું: 'પેલા ચાર ટોપલાં જમરૂખ રાખ્યાં છે તેમાંથી બે ટોપલાં અત્યારે ઠાકોરજી માટે સાથે લઈ લો.' પછી ઉમેર્યું: 'બાકીનાં બે ટોપલાંનાં જમરૂખ કાલે છપૈયા જવાનું છે તો ત્યાંના ઠાકોરજી માટે લઈ જઈશું.'

આ વાત સાંભળતાં જ સૌને ગઈકાલે સ્વામીશ્રીએ કરેલી ભલામણનો ભેદ ખૂલતો દેખાયો. છપૈયા જેવા દૂરના પ્રદેશમાં એ જમાનામાં ફળ-ફળાદિની છત ક્યાંથી હોય? તેથી જ સ્વામીશ્રીએ ઠાકોરજી માટે આ લીલા મેવાની ખેવના કરી હતી! પળેપળ ઠાકોરજીના જ અનુસંધાન સાથે જીવનારા સ્વામીશ્રીની અગાધ ભક્તિમાં સૌ ખોવાઈ ગયા!!

## ચરન પનૈયાં ગ્રહી કર

તા. ૮/૧૨ની સવારે સાત બસ દ્વારા સંતો અને ૩૫૦ હરિભક્તો છપૈયા જવા માટે બભનાનની પાકી સડકે રવાના થઈ ગયા. સૌને શ્રીજી-મહારાજની જન્મભૂમિનાં દર્શનનો ઉત્સાહ હતો.

પરંતુ સિદ્ધિનો માર્ગ કદી સરળ નથી હોતો. તેથી થોડે આગળ ગયા ત્યાં કાચી સડક આવી. તેમાં બસને ચાલવામાં ઘણી તકલીફ પડવા લાગી. એથી આગળ તો રસ્તામાં આવતું નાળું જ તૂટેલું. એટલે બસને ફરજિયાતપણે રોકી દેવી પડી. છપૈયા હજી ચાર માઇલ દૂર હતું. શરીરથી સશક્ત હતા તેઓએ ચાલવા માંડ્યું પણ દરેક તો પગપાળા જઈ શકે એમ નહોતા. તેથી તેઓ વિમાસણમાં પડ્યા. એટલામાં જ ગાઢ ધુમ્મસને ભેદીને સૂર્યકિરણ ફૂટી નીકળે તેમ સ્વામીશ્રી આવી પહોંચ્યા. તેઓને જોતાં જ સૌને વિશ્વાસ આવી ગયો કે 'હવે કંઈક તો રસ્તો નીકળશે.'

સ્વામીશ્રીના વ્યક્તિત્વની આ જ વિશેષતા હતી. તેઓને જોઈ સૌને ધરપત વળતી; આશા બંધાતી; ખુદમાં આત્મવિશ્વાસ વધી જતો. 'विश्वास-यत्याशु सतां हि योगः।'[૫૫] – સંતનો સમાગમ તત્કાળ વિશ્વાસ જન્માવે છે. આ વાત સ્વામીશ્રીના સાંનિધ્યમાં લાખોએ અનુભવી હતી. અહીં અટવાયેલાઓને પણ આ જ અનુભવાયું.

---

૫૫. किरातार्जुनीयम् – ૩/૩૧.

સ્વામીશ્રી મોટરમાંથી ઊતર્યા. તેઓએ તૂટેલું નાળું જોયું અને એ રસ્તે આગળ વધવાના વિકલ્પ પર ચોકડી લગાવી દીધી. પછી આસપાસ નજર ફેરવી. તેમાં બાજુમાંથી પસાર થતી રેલવે લાઇન તેઓની દૃષ્ટિમાં આવી. યોગાનુયોગ એ જ વખતે દૂરથી આવતી ટ્રેન પણ નજરે ચડી. તે છપૈયા તરફ જ જતી હતી. તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું: 'સૌ હાથ ઊંચા કરીને ગાડી ઊભી રાખવા માટે જોરથી અવાજ કરો.'

સૌ આ આદેશને અનુસર્યા. પોતાના હાથમાં રહેલા રૂમાલ વગેરે પણ હલાવવા લાગ્યા. સ્વામીશ્રીએ પણ પોતાનું ગાતરિયું ફરકાવ્યું. પરંતુ ડ્રાઇવર જરા અકોણો નીકળ્યો. તેણે તો સીસોટી વગાડતાં પુરજોશમાં ગાડી ચાલુ જ રાખી. ગરજવાનને ટટળાવવાનો વિકૃત આનંદ ઉઠાવવાની માનવીની ખાસિયત છે. ડ્રાઇવર તેનો શિકાર બની ગયેલો. તેથી તેણે યાત્રાળુઓના આર્તનાદ પર ધ્યાન આપ્યું નહીં. ચાલકના વાદે ચઢેલા ગાર્ડે પણ દાદ ન દીધી. સૌ મોં વકાસતાં સડસડાટ દોડતી ગાડીને જોઈ રહ્યા. સ્વામીશ્રી પણ તે ગાડી તરફ જોઈ રહેલા.

પરંતુ સૌના જોવામાં અને તેઓના જોવામાં ફેર હતો. તેઓની દૃષ્ટિએ જાણે ગાડીને બાંધી દીધી હોય તેમ દોઢેક ફર્લાંગ છેટે જઈને ગાડી ઊભી રહી ગઈ! ગાર્ડને પણ આ ગતિવિધિ સમજાઈ નહીં. તેથી તેણે તો બારીમાંથી ડોકું બહાર કાઢીને લીલી ઝંડી ફરકાવી ચાલકને ગાડી ચલાવવા સૂચના આપી. પરંતુ ગાડી સ્થિર થઈ ગયેલી!

'हौं अपनो भावतो कियो चाहौ, कैसे करि सकौं तुम राखौ पकरि ।
पिंजरा के जनावरलौ, तरफराई उडिबे को कितऊँ करि ॥'

જો ભગવાન લગામ પકડી રાખે તો કોણ મનમાન્યું કરી-ફરી શકે એમ છે? પીંજરાનું પંખી ગમે તેટલી પાંખો ફફડાવે તોય કેવી રીતે ઉડાન ભરી શકે? કંઈક આવો જ ઘાટ આજે અહીં થયેલો.

ગાડી ઊભી રહેતાં સ્વામીશ્રીએ હાકલ કરી કે 'સૌ દોડો. જલદી કરો. દોડશો તો ગાડી રોકશે. બાહશાહની જેમ ચાલશો તો ગાડી ઊભી નહીં રહે.' એમ કહેતાં સ્વામીશ્રી પણ *'ચરણપનૈયાં ગ્રહી કર...'*ની જેમ પોતાનાં પગરખાં હાથમાં લઈને દોડવા લાગ્યા! આ જોઈ પ્રેમપ્રકાશદાસ સ્વામી ગુરુભક્તિ અદા કરવા ગયા કે 'લાવો, સ્વામી! આપનાં પગરખાં હું ઉપાડી લઉં.'

'તમે તમારાં ઉપાડો ને ઝટ કરો.' એમ કહી સ્વામીશ્રીએ સેવાનો મોકો

ન આપ્યો.

આ રીતે દોડતાં સૌ જેવા ટ્રેનમાં ગોઠવાઈ ગયા કે ટ્રેન ઊપડી! સૌને ત્યારે ખબર પડી કે ડ્રાઇવર અને ગાર્ડ – બંનેની અનિચ્છા હોવા છતાં ગાડીના ચક્કાજામ થઈ ગયેલા! સ્વામીશ્રીએ યાત્રિકો પર કરુણા કરીને ટાણું સાચવી લીધેલું.

આ આશ્ચર્ય-ઐશ્વર્યમાં ગરકાવ સંઘનો ચાર માઈલનો રસ્તો પલકારામાં કપાઈ ગયો અને છપૈયા સ્ટેશન આવી ગયું! સૌ 'હાશ' કહેતાં ઊતરી ચાલવા લાગ્યા; પણ સ્વામીશ્રી રોકાયા. તેઓએ ડ્રાઇવર અને ગાર્ડને બોલાવ્યા. તેઓને આશીર્વાદ અને ઇનામ આપ્યાં. પોતાને મસળનાર કે પંપાળનાર, બંનેના હાથને ફૂલ સુગંધીદાર બનાવી દે છે; તેમ સ્વામીશ્રી પણ ભાવે-કુભાવે સેવા કરનાર સૌને બિરદાવી જાણતા.

## વંદું સહજાનંદ ચરણરજ

છપૈયા સ્ટેશને ઊતરતાં જ પગમાં જાણે પવન-પાવડી આવી ગઈ હોય તેમ તેજ રફતારથી સૌ ચાલવા લાગ્યા. સૌનું મન તો ઘનશ્યામના જન્મ-સ્થાનમાં ક્યારનુંય પહોંચી ગયેલું. હવે સૌ શરીર ફંગોળતાં તે તરફ જઈ રહેલા.

રસ્તામાં જ ખાંપા તલાવડી આવી. તેમાં સ્વામીશ્રીએ ઠાકોરજીને સ્નાન કરાવ્યું. ત્યાંથી સૌ જન્મસ્થાને પહોંચ્યા. હિમાલય ચઢનારાને 'એવરેસ્ટ' દેખાય એટલે ઇતિશ્રી મનાય તેમ યાત્રાળુઓને આ ધામ નયનગોચર થતાં યાત્રા પૂર્ણ થયેલી લાગી.

સૌએ ગદ્ગદ હૈયે ઘનશ્યામ મહારાજનાં દર્શન કર્યાં. સ્વામીશ્રીએ અહીં 'સાતસો સાધુ થાય... સંતો વિદ્વાન થઈને સંપ્રદાયનો પ્રચાર કરે... હરિભક્તોના દેશકાળ સારા રહે...' વગેરે સંકલ્પો કરતાં કરતાં ધૂન કરી. પોતાની સાથે લેવરાવેલાં બે ટોપલાં જમરૂખ ઠાકોરજીને ભેટ ધર્યાં. સ્વામીશ્રીની આ સેવાથી શ્રીજીમહારાજ પણ મલકી ઊઠ્યા!

ત્યારબાદ સૌ પ્રાગટ્યના મૂળ સ્થાને આવ્યા ત્યારે તો અંતર અવર્ણનીય આનંદથી ઊભરાઈ ગયું. *'કરી કરુણા રે, સ્વામી સહજાનંદ; પધાર્યા અખંડ સુખ આપવા...'* એ જે ગાતા'તા એ જ આ સ્થાન!... *'લરકન કે સંગ લાલ ધરમસુત, શામ તન શોભિત ધૂરી ભરે...'* જે ધૂળ બાલપ્રભુ પોતાની મુઠ્ઠીમાં ભરતા તે જ આ ધૂળ!... *'ઠમક ઠમક પદ ઘસત ધરની પર, ઘુઘરમંડિત ચરન*

ધરે...' જે ધરતી પર ઘનશ્યામે પોતાનાં ચરણ ઘસ્યાં છે એ જ આ ધરતી !

શ્રીજીમહારાજની બાળલીલાઓમાં સૌનાં મન મુગટમાં મણિ જડાઈ જાય તેમ જોડાઈ ગયાં ! અહીંની પ્રાસાદિક રજ સ્વામીશ્રીએ સૌને આપી ત્યારે યાત્રાળુઓનાં અંતર ગાઈ ઊઠ્યાં: *'વંદું સહજાનંદ ચરણરજ, તીરથ સકલ કે નિવાસી હો...'* સૌએ આ સુવર્ણરજ ડાબલી-પડીકીઓમાં સંઘરી લીધી.

જન્મસ્થાનથી સંઘ છપૈયાનાં પ્રાસાદિક તીર્થોની યાત્રાએ નીકળ્યો. નારાયણ સરોવર, ધર્મ-ભક્તિનાં સ્મૃતિસ્થાનો, કાલિદત્ત મોક્ષનું સ્થાન, મીન સરોવર, ચીભડાંનું ખેતર, જાંબુવૃક્ષ, મોક્ષ પીપળો વગેરે સ્થાનોનાં ભાવપૂર્વક દર્શન કર્યાં. જે તે સ્થળે યોગીજી મહારાજ પધારેલા તેની સ્મૃતિઓ સ્વામીશ્રી કરાવતા રહેતા. *'જે તીર્થયાત્રા કરવા જ જાવું; માહાત્મ્ય તેનું સૂણવા ચહાવું...'* એ યાત્રાનો હેતુ સ્વામીશ્રીના સાંનિધ્યમાં પૂરેપૂરો સરતો.

આમ, યાત્રાળુઓના એક સમૂહની છપૈયા-યાત્રા પૂર્ણ થઈ. આ સંઘ સાંજે બભનાન થઈ અયોધ્યા પહોંચવાનો હતો અને બીજો સંઘ અહીં આવવાનો હતો. તેથી સ્વામીશ્રી અને કેટલાક સંતો છપૈયામાં રોકાયા. અન્ય સૌ વિદાય થયા.

છપૈયામાં સ્વામીશ્રીએ રાત્રે મંદિરમાં સભા કરી સ્થાનિક મહંત પાસેથી શ્રીજીમહારાજનાં બાલચરિત્રોનું શ્રવણ કર્યું. શ્રીહરિની મૂર્તિને અખંડ દેખવા છતાં શ્રીજીમહારાજનાં ચરિત્રોને સ્વામીશ્રી જે અપાર શ્રદ્ધાથી સાંભળતા અને માણતા તે નવાઈ ઉપજાવે તેવું હતું.

જે પ્રદેશની સીમાઓ મપાઈ ગઈ હોય તે પ્રદેશ અજાણ્યો નથી રહેતો; તેમ જે વિગતો જોઈ લીધી હોય તેમાં કાયમ રસ નથી પડતો. પરંતુ સ્વામીશ્રીની ભક્તિમાં કદી કશું જૂનું થતું જ નહીં. *'શ્રીઘનશ્યામ છબીલે કી છબી, નિત નિત નઈ રે નઈ...'*ની સ્થિતિ તેઓને સદાને માટે હતી.

યાત્રાના મુખ્ય સ્થાન છપૈયામાં સૌને સ્વામીશ્રીની સાથે દર્શન કરવાની ઇચ્છા હોય તે સ્વાભાવિક છે. તેથી સ્વામીશ્રી હરિભક્તોના બીજા સમૂહને લાભ આપવા માટે છપૈયામાં જ રોકાઈ ગયા. પણ આ રોકાણ આકસ્મિક થયું હોવાથી પૂજા, પત્તર વગેરે આવશ્યક સામગ્રી તો સાથે લીધી નહોતી. એટલે આ બધી વસ્તુઓ હરિભક્તોનો બીજો સમૂહ પોતાની સાથે લેતો આવે એવી ગોઠવણ કરવામાં આવી.

સ્વામીશ્રી તો તા. ૯/૧૨ના રોજ સવારે સ્નાન, મંગળા આરતીમાં

દર્શન વગેરેથી પરવારી ગયા; પણ હજી નિત્યપૂજા આવી નહોતી. તેથી તેઓ મંદિરના મહંત સાથે જન્મસ્થાન પર રચાયેલા મંદિરે ગયા અને ત્યાં સો પ્રદક્ષિણા ફર્યા. તે વખતે *'વળી હરિમંદિરને ફરતાં, સો સો પ્રદક્ષિણા કરતા...'* પંક્તિ જીવંત થઈ ઊઠી. ત્યારબાદ પૂજા આવી જતાં નારાયણ સરોવરના કિનારે બેસીને સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા કરી.

આ સમયે શાંત, શીતળ અને સુરમ્ય વાતાવરણમાં શ્રીહરિ સાથે તન્મય થઈ ગયેલા તેઓની મૂર્તિ *'આજ કી તો શોભા શ્યામ, બરની(વર્ણવી) ન જાયે...'*ની શોભા ધરી રહી.

પૂજા બાદ છપૈયા આવી પહોંચેલા બાકીના સંઘ સાથે સ્વામીશ્રી દરેક પ્રાસાદિક સ્થાનમાં ફરી વાર પધાર્યા અને સૌને દર્શન કરાવ્યાં. દરેક યાત્રાળુ ખુશ થઈ ગયા.

રાત્રે આઠ વાગ્યે સંપૂર્ણ સંઘ અયોધ્યા સ્ટેશને એકત્રિત થઈ ગયો. અહીં ગાડીના ડબ્બા પર સંતોએ નીલકંઠવર્ણીની ચિત્રપ્રતિમા તૈયાર કરેલી. તે જોઈ સ્વામીશ્રી રાજી થયા અને તેનું પૂજન કરતાં બોલ્યા : 'નીલકંઠવર્ણીએ અહીંથી વિચરણનો પ્રારંભ કરેલો. તેથી તેમની મૂર્તિ અહીં પધરાવી. હવે અહીંથી નીલકંઠવર્ણીની ભારતયાત્રા શરૂ થાય છે એમ માનવું.'

આમ, નીલકંઠના પગલે પગલે યાત્રા શરૂ થઈ. રાત્રે અયોધ્યાથી ઊપડેલી ટ્રેન તા. ૧૦/૧૨ની સવારે છ વાગ્યે કાશી પહોંચી.

## કાશીમાં કલ્યાણયાત્રા

બનારસના સ્ટેશન પર જ સ્નાનવિધિ કરીને સ્વામીશ્રીએ પ્લૅટફૉર્મ પર પૂજા કરી. ત્યારબાદ પંદર બસો દ્વારા સૌ ટાઉનહૉલ પહોંચ્યા.

અહીંથી સ્વામિનારાયણ મંદિર સુધી ભવ્ય નગરયાત્રાનું આયોજન કરવામાં આવેલું. તે માટે હારતોરાથી શણગારેલી બે ઘોડાની બગીમાં સ્વામીશ્રીને બિરાજમાન કરવામાં આવ્યા. બૅન્ડ-વાજાં અને ધૂન-ભજનના ઘોષ સાથે હજાર ઉપરાંત હરિભક્તોનો સંઘ નગરયાત્રાના રૂપમાં મંદિરે પહોંચ્યો.

અત્રે દર્શન-સભા કરીને યાત્રિકો નગર-દર્શન માટે નીકળ્યા અને સ્વામીશ્રી પધરામણીએ. બપોરે સૌ દશાશ્વમેધ ઘાટ પર ભેગા થયા. ત્યાં સ્વામીશ્રી સાથે સંતો-ભક્તોએ ગંગાસ્નાનનો લાભ લીધો. સ્નાન બાદ સંઘ પુનઃ તીર્થસ્થાનોનાં દર્શને નીકળ્યો અને સ્વામીશ્રી પધરામણીએ. તેઓને મન

હરિભક્તનાં ઘર પણ તીર્થરૂપ જ હતાં !

સાંજે પાંચ વાગ્યે સ્વામીશ્રી અને સંઘનું મિલન સ્ટેશન પર થયું. અહીંથી સૌ ગયા તરફ રવાના થવાના હતા અને સ્વામીશ્રી કલકત્તા પધારવાના હતા. તેનો હેતુ જણાવતાં તેઓએ કહ્યું: 'આપણો સંઘ કાશીએ પહોંચ્યો છે. તો હવે યાત્રા હેમખેમ પૂરી થશે. કલકત્તામાં યજ્ઞવિધિનો પ્રારંભ કરાવવાનો છે. માટે અમે જઈએ છીએ.' એમ કહી સ્વામીશ્રી 'કાલકા મેલ' દ્વારા તા. ૧૧/૧૨ની સવારે છ વાગ્યે કલકત્તા પધારી ગયા.[૫૬]

## સોનાર બાંગ્લામાં સોનેરી સવાર

પૂર્વ ભારતનું નાભિકેન્દ્ર એટલે કલકત્તા. ભક્તિનું 'ચૈતન્ય' અને જ્ઞાનનો 'વિવેક-આનંદ' આ નગરીએ ખૂબ માણ્યો. 'ગીત-અંજલિ'થી આ નગરીની રજેરજ ભીંજાઈ. 'વંદે માતરમ્'ના ઘોષથી તેના કણ-કણ ગુંજ્યા. 'પરમહંસ'ના સંતત્વનું પણ તેણે પાન કર્યું.

કાવ્ય, કલા અને ક્રાંતિની ત્રિવેણીમાં તરબોળ આ નગરમાં કલ્યાણનો ચોક પૂરવા, ઉપાસનાનો ધ્વજ રોપવાનો શુભ સંકલ્પ યોગીજી મહારાજે કરેલો. તેને અહીંના મુઠ્ઠીભર સત્સંગીઓએ ઝીલી, ટૂંક સમયમાં જ ભદ્રલોક સમા ભવાનીપુર વિસ્તારમાં ચક્રબેરિયા રોડ પર મંદિર રચી દીધું. યોગીજી મહારાજે વચન આપેલું કે 'અહીં મંદિર કરો અને સ્પેશિયલ ટ્રેન લઈને અમે પ્રતિષ્ઠા કરવા આવીશું.' તે મુજબ સ્વામીશ્રી સંઘ સાથે આવી રહેલા. આ પ્રસંગે મધ ચાટ્યા પછી ગરમ દૂધના અનુપાનની જેમ, પ્રતિષ્ઠા મહોત્સવની સાથે સ્વામીશ્રીની જન્મજયંતી પણ અહીં જ ઊજવાવાની હતી. આ બેવડા લાભને અનુરૂપ મંડળનો ઉત્સાહ પણ બમણો હતો. તેથી સ્વયંસેવકોની સંકડાશ બહુ કઠતી નહોતી. એક-એક હરિભક્ત એક-એક સ્વયંસેવક બની ગયેલો અને એક-એક સ્વયંસેવક દસ-દસ જણનું કામ કરી રહેલો.

ઉત્સવ નિમિત્તે સત્સંગ-સભા 'જામવિલા'ના વિશાળ પ્રાંગણમાં યોજાવાની હતી. ત્યાં પ્રવેશદ્વાર તરીકે સારંગપુર મંદિરના દરવાજાની પ્રતિકૃતિ

---

૫૬. સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલી આ નીલકંઠવર્ણી ટ્રેન-યાત્રાના પૂર્વાર્ધનો બ્રહ્માનંદ માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

સમાન ચાલીસ ફૂટ ઊંચો અને ત્રીસ ફૂટ પહોળો ભવ્ય દ્વાર બંગાળી કલા-કારીગરીથી ભરપૂર શોભી રહેલો. આ ઉપરાંત, પુરુષો માટે ધર્મદ્વાર, મહિલાઓ માટે ભક્તિદ્વાર અને સંતો માટે ગુણાતીત-દ્વારની રચના કરવામાં આવેલી. સભામંડપ, મંચ, સ્વામીશ્રીનું સિંહાસન વગેરેમાં પણ બંગાળી કૌશલ્ય નીતરતું-નીખરતું હતું. યજ્ઞશાળા અને નગરયાત્રાના કલાત્મક રથની શોભા પણ સૌનાં આકર્ષણનું કેન્દ્ર બને તેવા હતા. આમ, સર્વત્ર ઉત્સવિયો માહોલ છવાઈ ગયો હતો.

આ ઉત્સવ અને ઉત્સાહને સાર્થક કરવા માટે સ્વામીશ્રી પધાર્યા ત્યારે સોનાર બાંગ્લામાં જાણે સોનેરી સવાર ઊગી નીકળી. તેના ઉજાશમાં તા. ૧૨/૧૨ના દિવસે પ્રતિષ્ઠા નિમિત્તેનો યજ્ઞ યોજાયો.

તા. ૧૩/૧૨ની બપોરે ત્રણ વાગ્યે મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા નીકળી. મયૂરરથમાં મૂર્તિઓ અને સિંહરથમાં સ્વામીશ્રી તથા મહંત સ્વામી બિરાજ્યા. અઢી કલાક સુધી ચાલેલી આ નગરયાત્રાએ ટ્રામ, બસ વગેરે વાહન-વ્યવહારને થંભાવી દીધો. જનમેદની જગ્યા મળી ત્યાંથી અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીનાં દર્શન કરતી રહી.

આ નગરયાત્રાના દિવસની રાત્રે યોજાયેલી સત્સંગ-સભામાં સ્વામીશ્રીએ આશીર્વાદ પાઠવ્યા કે 'મન એ મોક્ષનું કારણ છે. 'मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः' એ મન ચંચળ છે, તેને સ્થિર કરી લેવું. એ કેમ બને ? જ્ઞાન તો ઘણું છે, ગ્રંથો બહુ લખાયા છે. મોટાં મોટાં પુસ્તકાલયો છે. એમાં જગ્યા નથી અને એનો અભ્યાસ કરનારા હજારો છે. પણ જાણ્યા છતાં વર્તનમાં ફેર પડતા નથી. ઊલટા ગૂંચવાય છે. એ રસ્તે જવાથી મન જિતાતું નથી. લાઈબ્રેરીમાં જઈને ઘોડા ઉપર બેસવાની રીત ન શીખાય. સત્પુરુષનો સમાગમ કરે અને એમની આજ્ઞામાં રહે ત્યારે મન વશમાં રહે છે. મન સ્થિર થઈ જાય તેનું નામ મંદિર.'

સ્વામીશ્રીના મુખેથી આજે મંદિરનું મહત્ત્વ સૂત્રાત્મક રીતે સરી પડ્યું કે 'મન સ્થિર થઈ જાય તેનું નામ મંદિર.' એક આખો ગ્રંથ રચી શકાય એવી સઘનતા આ લાઘવતામાં રહેલી છે.

## પૂર્વમાં ઉપાસનાનો સૂર્યોદય

તા. ૧૪/૧૨ના ઐતિહાસિક દિવસે સવારના આઠ વાગ્યે કલકત્તાના

મંદિરમાં સ્વામીશ્રીના વરદહસ્તે ધામધૂમપૂર્વક પ્રતિષ્ઠા થઈ. પૂર્વમાં ઉપાસનાનો સૂર્યોદય થઈ ગયો !

સ્વામીશ્રીને પણ અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજમાન થયાનો હર્ષ હતો. ખાસ તો યોગીજી મહારાજના સંકલ્પની પરિપૂર્તિનો આનંદ તેઓના મુખારવિંદ પર સમાતો નહોતો. તેથી પ્રતિષ્ઠા બાદ તરત જ તેઓના મુખેથી શબ્દો સરી પડ્યા: 'શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને તેત્રીસ કોટિ દેવતા મૂર્તિમાં બેસી ગયા. યોગીબાપાનો સંકલ્પ પૂરો થયો. અહીં દર્શન-માળા કરશે તેના સંકલ્પ મહારાજ પૂરા કરશે.'

મૂર્તિ સમક્ષ ઊભાં ઊભાં જ સ્વામીશ્રીના મુખમાંથી ભદ્રભાવના સરી રહી !

મંદિર-પ્રતિષ્ઠાના આ નાદ હજી તો શમ્યા નહોતા ત્યાં તા. ૧૪/૧૨ની સાંજે સ્વામીશ્રીના બાવનમા જન્મજયંતી મહોત્સવનો ઘોષ ગાજી ઊઠ્યો. આ અવસરે ૮૦ ફૂટ લાંબા મંચ પર કલાત્મક સિંહાસનમાં બિરાજેલા સ્વામીશ્રીની કીર્તનો, વેદગાન અને વક્તવ્યો દ્વારા સૌએ ભાવવંદના કરી.

સ્વામીશ્રીએ પણ આશીર્વાદનું અમૃતપાન કરાવતાં જણાવ્યું કે –

'આ બધો પ્રતાપ શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજનો છે. એમની આગળ આપણે કંઈ જ હિસાબમાં નથી. જે કાંઈ કાર્યશક્તિ દેખાય છે તે શ્રીજીમહારાજની છે. હું તો તમારા સૌ પાસે આશીર્વાદ માગું છું કે મને સત્સંગની વધુ ને વધુ સેવા કરવાનું બળ મળે. આજે પ્રતિષ્ઠા ઉત્સવ થયો. આનંદ થયો. પરમ પૂજ્ય યોગીબાપા અક્ષરધામમાં બેઠાં થકા આશીર્વાદ આપે છે, પ્રસન્ન થાય છે, દિવ્યદૃષ્ટિથી જુએ છે. જેણે સેવા કરી છે તેને શ્રીજી-મહારાજ ખૂબ સુખ આપશે. ભગવાનને પ્રાર્થના કરીએ કે બંગદેશમાં ધર્મ-ભાવના વધે, બંગદેશનું સર્વપ્રકારે શ્રેય થાય. અંતમાં અહીં આવેલા તમામને અક્ષરધામનું સુખ મળે તેવા આશીર્વાદ છે.'

આ આશીર્વાદ પામીને કલકત્તાવાસીઓને સેવા તથા યાત્રાળુઓને યાત્રા સાર્થક થતી અનુભવાઈ.[૫૭]

---

૫૭. પૂર્વમાં ઉપાસનાના સૂર્યોદય સમા આ મૂર્તિપ્રતિષ્ઠા-ઉત્સવને માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

## હવે તમારી જવાબદારી વધી ગઈ

જન્મજયંતી ઉત્સવની સંકેલણી મહોત્સવ સ્થળે હજી તો શરૂ થઈ હશે ત્યાં જ તા. ૧૪/૧૨ની રાત્રે જયંતીના અન્ય એક ઉત્સવનો ઉદ્‌ઘોષ થયો. અલબત્ત, આ ઉત્સવ અને ઉદ્‌ઘોષ સેવાભાવી યુવકો પૂરતો સીમિત હતો. તેથી તેનું સ્થળ પણ સ્વામીશ્રીના ઉતારાની અગાશી હતું.

અહીં સેવામાં રોકાયેલા યુવાનોને જન્મજયંતીના સમારંભોનો લાભ મળ્યો નહોતો. તેથી તે સૌએ પોતાના માટે એક વિશેષ સભા યોજવાની વિનંતી સ્વામીશ્રીને કરેલી. ઉત્સવની વ્યસ્તતા અને યાત્રાના થાકની વચ્ચે સ્વામીશ્રીએ યુવકોની યોજનાને સંમતિ આપેલી. યુવાનો માટે તેઓના હૃદયનો એક ખૂણો સદા આરક્ષિત જ રહેતો. તેથી કાર્યક્રમોની વણઝાર વચ્ચે પણ તેઓ યુવાનોને વીસરતા નહીં.

સ્વામીશ્રીની 'હા' પડતાં જ યુવકોએ યથાશક્તિ તૈયારીઓ કરી દીધેલી. 'બર્થ ડે કેક'ના આકારમાં બંગાળી વાનગી 'સંદેશ' બનાવી તેની પર બાવન મીણબત્તીઓ પ્રગટાવી હતી.

સ્વામીશ્રી આ સભામાં પધાર્યા એટલે સૌએ તેઓનું ભાવસભર અભિવાદન કર્યું. સ્વામીશ્રી પણ યુવકોએ જે આયોજન ગોઠવેલું તેમાં ભળ્યા અને સૌને રાજી કર્યા. છેલ્લે પ્રેમસભર સંબોધન કરતાં જણાવ્યું કે –

'હવે તમારી જવાબદારી વધી ગઈ. એનો કેફ રાખવો. નવા જમાનાના રંગ-વાળ વધારવા, હિપ્પી જેવા વેશ રાખવા વગેરે કાઢી નાંખવું અને રવિવારની સભા વગેરે પ્રવૃત્તિમાં બીજા ભાઈઓને લઈ આવવા અને આપણું તો ચૂકવું જ નહીં.'

યુવાનોને પલટવા-પલોટવાનો અદ્‌ભુત અભિગમ છે સ્વામીશ્રીના આ શબ્દોમાં! યુવાપેઢીને ઘડવા માટે તેઓએ હાથમાં હથોડો નહોતો લીધો, પણ યુવાનની આંખમાં અસ્મિતાનાં આંજણ આંજી દીધેલા. 'હવે તમારી જવાબદારી વધી ગઈ છે' કહીને તેઓની જવાબદારીનું ભાન કરાવી દીધેલું. તેથી આપોઆપ અને આજીવન આ આખી પેઢી વિલાસ-વિનાશના માર્ગેથી હટી ગયેલી. તે યુવાનોને ભાન થઈ ગયેલું કે –

*'હું પાછો વળ્યો એ ખરું છે પરંતુ, નથી થાકવાથી કર્યો મેં ઉતારો;*
*મને ખબર પડી ગઈ છે કે, બધા જાય છે એ નથી પંથ મારો.'*

## પ્રેમ-નેમનું સંતુલન

તા. ૧૫/૧૨ના દિવસે સુદ નોમની તિથિ હતી. આ તિથિએ સંતો ઉપવાસ કરે. પણ માંડ ચાર દિવસના લાભમાં એક દિવસના આ કોરા કડાકા અહીંના ભક્તોને કેમ પોષાય? તેમાંય ગઈકાલે જ ભગવાન બિરાજ્યા હોય અને ગુરુની જયંતી ઊજવાઈ હોય તેવા આનંદ-મંગલના દિવસોમાં સંતો ઉપવાસ કરે તે સત્સંગીઓને રુચતું નહોતું. તેથી આખા સત્સંગ મંડળે સ્વામીશ્રીને વિનંતી કરી કે 'સંતોને નોમની તિથિએ ભોજનની છૂટ આપો.'

આ પ્રસંગે આસપાસ ઊભેલા સૌ વિચારી રહ્યા કે 'સ્વામીશ્રી શું કરશે?'

ઉપવાસમાંથી મુક્તિ આપવાનો આગ્રહ કરનારા હરિભક્તો મંડળના મોભી સમાન હતા. તાજેતરમાં જ ઊજવાયેલા ઉત્સવમાં તેઓએ સેવા કરવામાં પાછું વાળીને જોયું નહોતું. આવા સંજોગોમાં કોઈપણ વ્યક્તિ તેઓની શેહ-શરમમાં તણાયા વિના રહે નહીં. પરંતુ સ્વામીશ્રીએ તે સૌને સવિનય સમજાવીને પાછા વાળ્યા અને ઉપવાસની ટેક યથાવત્ રાખી.

વ્યક્તિનું ધાર્યું ન થાય છતાં તે રાજી થઈને જાય એ રીતે સમજાવવાની સ્વામીશ્રી પાસે કોઈ ગજબની કળા હતી. શિષ્ટ ભાષા અને શુદ્ધ ભાવથી તેઓ એવી રીતે વાત મૂકી જાણતા કે સામેની વ્યક્તિનો આગ્રહ ઓગળી જાય.

આજના દિવસે લક્ષ્મીનારાયણ મંદિરમાં વૈષ્ણવ સમાજ અને પાટીદાર સમાજ તરફથી સ્વામીશ્રીનો સન્માન સમારંભ પણ યોજવામાં આવેલો. તેમાં હારતોરા અને પ્રાસંગિક પ્રવચનો બાદ સૌ આયોજકો કૃતજ્ઞતાની ભાવનાથી ૨૧,૫૦૧/- રૂા.ની સેવા સ્વામીશ્રીને ધરવા આવ્યા, પણ સ્વામીશ્રીએ તે સેવા ઠાકોરજીનાં ચરણે મુકાવી, સંસ્થા વતી માતબર રકમનું દાન વૈષ્ણવ-પાટીદાર સમાજને કરાવ્યું. ત્યારે 'सद्‌भावार्द्रः फलति न चिरेणोपकारो महत्सु।'[૫૮] – મહાન પુરુષો ઉપકારનું ફળ ચૂકવવામાં કદી વિલંબ કરતા નથી, તે સૌએ જોયું. સ્વામીશ્રીના આ સૌજન્યથી સૌને તેઓ પ્રત્યે વિશેષ ભાવ થયો.

આ સન્માન સમારંભની સાથે આજે સ્વામીશ્રી કલકત્તાથી પણ વિદાય લેવાના હતા. તેથી સાંજે સાત વાગ્યે સત્સંગીઓએ તેઓના વિદાય સમારંભનું આયોજન કરેલું. જો કે, આ તો એક ઔપચારિકતા જ હતી. બાકી સ્વામીશ્રીને વિદાય આપવાનું મન કોને થાય? ગાયથી છૂટવાનું વાછરડાને

૫૮. मेघदूतम् (पूर्वम्) – ૧૭.

કેવી રીતે ગમે? સ્વામીશ્રીનું સાંનિધ્ય એટલે પળે પળે પ્રેરણા! ક્ષણે ક્ષણે શાંતિ!! અને ઘડીએ ઘડીએ ગમ્મત!!! આ ત્રિવેણીમાંથી બહાર નીકળવા કોણ ઇચ્છે? પણ શિષ્ટાચારને વશ થઈ સૌએ વિદાય સમારંભમાં લળી-ઢળીને સ્વામીશ્રીનો આભાર માન્યો.

આ વિદાય સમારંભ બાદ સમયાનુસાર સૌ હાવરા સ્ટેશન પર પહોંચી ગયા. આ સ્ટેશન ગુંડા-ગરદી અને આવારાગીરીથી બદનામ થયેલું મથક. તેથી કોઈ ટ્રેન અહીંના યાર્ડમાં રાખવામાં જ નહોતી આવતી, પરંતુ આ લાંબી સ્પેશિયલ ટ્રેનને બે ભાગમાં વિભાજિત કરીને સ્ટેશનથી પોણો માઇલ દૂર યાર્ડમાં રખાયેલી. સૌને લૂંટફાટનો ફફડાટ હતો, છતાં આ સ્પેશિયલ સંપૂર્ણ સુરક્ષિત રહેલી તે સ્વામીશ્રીનો પ્રતાપ!

ટ્રેન આવી એટલે સૌ પોતપોતાનાં સ્થાને ગોઠવાઈ ગયા. પણ ત્યાં *'નથી જાતી દરબારમાંથી ઘોડી...'* જેવો ઘાટ થયો. સાડા દસ વાગ્યે ઊપડનારી ટ્રેન મધરાત વીત્યા પછી ઊપડી. કલકત્તાના હરિભક્તોની તીવ્ર ઇચ્છા હતી કે 'સ્વામીશ્રી અને સંતોને એક દિવસ વધુ રોકવા.' તે મનોરથ આ રીતે પૂરો થયો. મધરાત થતાં તારીખ બદલાઈ ગયેલી!

## માહાત્મ્ય મધ્યે શુભ હોય જ્ઞાન

કલકત્તાથી નીકળેલી ટ્રેન તા. ૧૬/૧૨ની સાંજે સાડા ચાર વાગ્યે જગન્નાથપુરી આવી. અહીં પ્રાસાદિક સ્થાનોનાં દર્શનનો કાર્યક્રમ આવતીકાલે રાખેલો; પણ આજે સ્વામીશ્રી દરિયાકિનારે અને મંદિરે જઈ પાછા સ્ટેશને આવી ગયેલા.

સ્ટેશન પર વાળુ-પાણી બાદ સભામાં તેઓએ આ તીર્થનો મહિમા વંચાવ્યો. યાત્રા દરમ્યાન તેઓની આ વિશેષતા કાયમ જોવા મળતી કે જે તે તીર્થનાં દર્શને જતાં પહેલાં તેઓ તેના મહિમાનું કથન-પઠન કરાવે; જેથી આધુનિકતાના વાયરા સાથે મનમાં કંઈક નાસ્તિકતા ઘૂસી ગઈ હોય તો તે ખરી પડે અને દર્શનમાં એકાગ્રતા વધે, કારણ કે,

*'માહાત્મ્ય મધ્યે શુભ હોય જ્ઞાન, અનિત્ય ને નિત્ય તણું નિદાન;*
*તે જ્ઞાનથી તો પ્રભુભક્તિ ભાવે, વૈરાગ્ય તો અંતરમાંહી આવે.*
*તો વાસના અંતરમાંથી તૂટે; તેથી જ ભારે ભવબંધ છૂટે.'*[૫૯]

---

૫૯. શ્રીહરિલીલામૃત : ૧/૧૯/૪૯-૫૦.

આવા ઉમદા આશયથી સ્વામીશ્રી મહિમા સહિત દર્શનના આગ્રહી રહેતા. સાથે જે તે સ્થાન સાથે સંકળાયેલી ગુરુસ્મૃતિ પણ વાગોળતા.

આ રીતે તા. ૧૭/૧૨ના દિવસે તેઓ સંઘ સાથે જગન્નાથપુરીનાં પ્રાસાદિક સ્થળોની દર્શનયાત્રામાં નીકળ્યા. પ્રથમ જનકપુરી પધાર્યા. ત્યાંથી ઇન્દ્રદ્યુમ્ન સરોવરે ગયા. શ્રીજીમહારાજના પ્રાસાદિક આ નીરમાં ઠાકોરજીને સ્નાન કરાવીને સૌનાં મસ્તકે જળ ચડાવ્યું.

આગળ ચંદન તળાવ આવ્યું કે જ્યાં શ્રીજીમહારાજ યોગાભ્યાસ કરતા. અત્રે એક ગજરાજ ઊભો હતો. તેને સ્વામીશ્રીએ શ્રીફળનો આહાર કરાવ્યો. કેવો પુણ્યશાળી આત્મા!

આ વખતે સૌને જગન્નાથપુરીના મંદિરમાં છેક નિજમંદિર સુધી જવાનો લાભ મળેલો. અહીં સ્વામીશ્રીએ આરતી પણ ઉતારી.

ત્યારબાદ સમુદ્રસ્નાન કરીને સોનાર મંદિરે પધાર્યા. લંકાવિજય પછી રામચંદ્રજીએ હનુમાનજીને જગન્નાથપુરીમાં રહેવાની આજ્ઞા કરેલી. પરંતુ ઇષ્ટદેવનાં દર્શનની એવી તાલાવેલી હનુમાનજીને લાગી કે તેઓ અયોધ્યા પહોંચી ગયા. ત્યાં રામચંદ્રજીએ તેઓને જોઈને – 'કેમ અહીં આવ્યા?' એમ પૂછતાં, આજ્ઞાભંગના દંડરૂપે બેડી પહેરાવીને પાછા અહીં મોકલી દીધેલા. આ પ્રસંગ પરથી સદ્‌બોધ તારવતાં સ્વામીશ્રીએ કહ્યું કે 'જે કોઈ ભક્ત આજ્ઞા લોપે તેને બેડીનું બંધન આવશે.'

સ્વામીશ્રી પ્રાસંગિક વાત ખૂબીથી મૂકી જાણતા. પ્રસંગને અનુરૂપ સંક્ષિપ્તમાં પણ એવું સચોટ બોલે કે વાત અંતરમાં રમતી થઈ જાય, પ્રસંગે પ્રસંગે સ્ફુર્યા કરે અને જાણપણું આપતી રહે. કલાકોના પ્રવચન પછી જે ન થાય તે સ્વામીશ્રી આમ ચપટીમાં કરી દેતા!

## નિજ જન ટેક ધરેલી તે ન ટાળે

જગન્નાથપુરીથી સ્વામીશ્રી સાક્ષીગોપાલ પધાર્યા. અહીં રાધાકૃષ્ણ મંદિરમાં દર્શન કરીને પ્લેટફોર્મ પરની સભામાં તેઓએ આશીર્વાદ આપ્યા કે – 'આ બધાં તીર્થસ્થાનોમાં ફરીને મહારાજ ગુજરાતમાં આવ્યા. શુદ્ધ ધર્મ સ્થાપ્યો. મંદિરોની બાંધણી કરી. દર્શન દૂરથી થઈ શકે તે માટે મૂર્તિઓ સુંદર કરાવી પ્રતિષ્ઠા કરી. પરોક્ષનો સૌને મહિમા હોય. ધક્કા લાગે, કોઈ સરભરા ન કરે છતાં પોતાનાં અહોભાગ્ય માને!' આ રીતે સ્વામીશ્રીએ વાતવાતમાં

'આપણી કોરનું ઠીક છે' એ મર્મ સમજાવી દીધો.

હવે સિંહાચલમ્ જવાનું હતું. આ સ્થળે સવારે પહોંચવાનું હતું, પરંતુ સવારે અગિયાર વાગ્યે તો ગાડી હજી વૉલ્ટેર સ્ટેશન સુધી જ પહોંચેલી. છતાં ત્યાં દર્શને આવેલા આણંદના વિઠ્ઠલભાઈ પોતાની મોટરમાં સ્વામીશ્રીને સિંહાચલમ્ લઈ ગયા. અત્રે નૃસિંહજીના મંદિરમાં દર્શન બાદ સ્વામીશ્રી સ્ટીમર બનાવવાના કારખાનામાં પધરામણી કરી પુનઃ સ્ટેશને આવ્યા અને ઠાકોરજી જમાડ્યા.

અહીં સભામાં એક નવીન વાત કરતાં તેઓ બોલ્યા કે 'આ વાતો તો માયાને છેદનારી છે. તે માટે જ યાત્રા કરવા નીકળ્યા છીએ. આપણે બધા સ્વભાવ મૂકવા યાત્રામાં નીકળ્યા છીએ. તો તે સામું નિશાન રાખવું. આપણે યાત્રા કરીને કાંઈ મેળવવું છે તેવો વિચાર કરવો. ચાલીસ દિવસની યાત્રા છે. યાત્રિક સમજીને અંતર નિરીક્ષણ કરે અને પોતાના એક-એક દોષ રોજ કાઢતા જાય તો ચાલીસ દિવસમાં એની આખી પ્રકૃતિ બદલાઈ જાય.'

આમ, પ્રકૃતિ-પરિવર્તનનો સરળ ઉપાય (!) ચીંધી સ્વામીશ્રી યાત્રામાં આગળ રાજમુંદ્રી થઈને વિજયવાડા આવ્યા. અહીં હરિભક્તોએ કેટલીક પધરામણીઓ ગોઠવી રાખેલી. રોકાણ અલ્પ સમયનું હોવા છતાં સ્વામીશ્રી આ મનોરથ પૂરો કરવા તૈયાર થયા. પરંતુ સામાન્ય સ્થિતિના આ હરિભક્તો પાસે વાહનની વ્યવસ્થા ન હોવાથી તેઓ સ્ટેશન બહારથી પગરીક્ષા ભાડે કરી આવ્યા. તેની ક્ષમતા બે વ્યક્તિની જ. તેથી સ્વામીશ્રી અને મહંત સ્વામી એક રીક્ષામાં બિરાજ્યા. અન્ય સંતો માટે બીજી રીક્ષા લીધી અને સ્વામીશ્રી પધરામણીએ નીકળી પડ્યા. *'નિજ જન ટેક ધરેલી તે ન ટાળે...'*ની રીતે વર્તતા તેઓએ આમ દસ પધરામણીઓ કરી કૃષ્ણા નદીને સ્નાન દ્વારા પાવન કીધી. ત્યારબાદ તા. ૨૦/૧૨ની બપોરે દોઢ વાગ્યે સૌ ચેન્નાઈના રાયપુરમ્ સ્ટેશને આવી પહોંચ્યા.

અહીં ટ્રેન આવતાં જ હરિભક્તોએ સ્વામીશ્રી અને સંઘનું સ્વાગત કર્યું. અહીંનું મંડળ નાનું પણ ભક્તિભાવ ઘણો; તેથી આટલી વિશાળ સંખ્યામાં આવેલા સંઘની પણ યોગ્ય બરદાસ્ત કરી જાણી. ગુજરાતી સમાજની વાડીમાં સૌને ભોજન કરાવ્યું. સાંજે જૂના સ્વામિનારાયણ મંદિરના ચોકમાં સભા ગોઠવેલી. તેમાં સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદનો લાભ મંડળે લીધો અને મુમુક્ષુઓને અપાવ્યો. આ સભામાં આવેલા પ્રાચ્ય વિદ્યાના પંડિત શ્રી પી.

નાગરાજરાવે સર્વધર્મના અભ્યાસ બાદ પોતે કાઢેલું તારણ રજૂ કરતાં કહ્યું કે 'હિંદુ ધર્મમાં વખતોવખત આચાર્યોએ જે સંશોધનો કર્યાં છે તેમાં શ્રી સહજાનંદજીનું દર્શન(તત્ત્વજ્ઞાન) સૌથી સંપૂર્ણ છે.'

સ્વામીશ્રીએ પણ આશીર્વાદ આપતાં જણાવ્યું કે 'મહારાજે બતાવી દીધું કે કલ્યાણની વાત ભગવાન ને ભગવાનના સંત એ જ છે. શાસ્ત્રોનો નિચોડ આપી દીધો. ચાર વેદ-ઉપનિષદની જરૂર ન પડે. ભેંસ દોહવી નહીં, છાશ નહીં, માખણ નહીં ને સીધું ઘી તૈયાર આપી દીધું. શ્રીજીમહારાજે કાશીમાં જય કર્યો. એમના જેવી બુદ્ધિ જગતમાં કોઈની નહીં. આ વાત, આ સિદ્ધાંત, આ માર્ગ શ્રીજીમહારાજે બતાવ્યો. વચનામૃત વગેરે બીજાં પુસ્તકોમાં આ વાત સમજાવી દીધી છે, પણ સમજેલા પુરુષની પ્રાપ્તિ ન હોય એટલે અકલ્યાણકારી બની જાય. આ વાતને સમજાવનાર સાચા સત્પુરુષ જોઈએ. રાત-દિવસ કુરુક્ષેત્ર ચાલે છે, પણ સાચા સંત મળે તો ટળી જાય.'

## અક્ષરધામનાં પક્ષીઓ

તા. ૨૧/૧૨ના રોજ સંતો-ભક્તો બસ દ્વારા નગરદર્શન માટે નીકળેલા. તે દરમ્યાન સ્વામીશ્રીએ પંદર પધરામણીઓ કરી હરિભક્તોને રાજી કર્યા.

સ્વામીશ્રી વિશ્વભરમાં ઘૂમતા પણ જે તે શહેરનાં જોવાલાયક સ્થળોએ ફરવા જવાની ઈચ્છા તેઓએ ક્યારેય બતાવી નહોતી. મંદિર વગેરે હોય ત્યાં જ તેઓ જતા. ભક્તોનો અતિ આગ્રહ હોય તો પ્રવાસી સ્થળે જાય પણ ત્યાંય સહેલગાહને એવો આધ્યાત્મિક પુટ ચઢાવી દે કે એ પ્રવાસ પણ યાત્રા જ બની જાય. મોટેભાગે તો સ્વામીશ્રી પધરામણી, પત્રલેખન, મુલાકાત, કથાવાર્તા વગેરે સત્સંગલક્ષી કાર્યોમાં જ વ્યસ્ત રહેતા.

ચેન્નાઈથી હવે દક્ષિણ ભારતની યાત્રા માટે દસ ડબ્બાની નાની ગાડીમાં બેસવાનું હતું. પણ સોળ ડબ્બાની ટ્રેનમાંથી દસ ડબ્બાની ટ્રેનમાં બેસવામાં ઘણી સંકડાશ થવાનો સંભવ હતો. તેથી આ ગાડીમાં વધુ ડબ્બા ઉમેરાય તે માટે આયોજકો પ્રયત્નશીલ હતા, પરંતુ વ્યવસ્થાતંત્ર તરફથી સહકારમાં શૂન્ય જ આવતાં સૌએ સ્વામીશ્રીને આ જાણ કરી. ત્યારે તેઓએ પોતાના શિરે આ કાર્ય ન લેતાં કહ્યું : 'આપણે મહારાજને પ્રાર્થના કરીએ. તેઓ મદદ કરશે.'

આમ કહી ધૂન-પ્રાર્થના સાથે સ્વામીશ્રીએ આ મુશ્કેલીના નિવારણ માટે માળા પણ કરી. અને સૌનાં આશ્ચર્ય વચ્ચે તંત્ર તરફથી વધુ ડબ્બાની ફાળવણી

થઈ ગઈ! સ્વામીશ્રીએ સામર્થ્યવાન હોવા છતાં કાર્ય એ રીતે કર્યું કે જીવ ઐશ્વર્યાર્થી ન બને, પરંતુ ભગવાનમાં શ્રદ્ધા ધરાવતો થાય, પ્રાર્થના કરતો થાય.

સ્વામીશ્રીની કૃપાથી માર્ગ મોકળો થતાં સૌ ચેન્નાઈથી નાની ગાડીમાં બેસવા માટે 'બીચ' સ્ટેશને આવી ગયા. ત્યાંથી તા. ૨૨/૧૨ની સવારે ચિંગલપેટ પહોંચ્યા.

અહીંથી પક્ષીતીર્થનો ડુંગરો ચડવાનો હતો. જ્યારે સ્વામીશ્રી અને સંઘ આ સ્થાને જઈ રહેલા ત્યારે કેટલાક યાત્રિકો નીચે ઊતરતા હતા. તેઓએ કહ્યું: 'પક્ષીઓ આવી તેમના થાળ જમી ગયા.' મતલબ કે 'આજનો કાર્યક્રમ પૂરો થઈ ગયો છે. આજે હવે પક્ષીદર્શન નહીં થાય.'

આ સાંભળી સૌ નિરાશ થઈ ગયા કે 'જે જોવા માટે આ દાખડો કરીએ છીએ તે કામ તો બનવાનું નથી.' તેથી અહીંથી જ પાછા વળી જવાની ચણભણ શરૂ થઈ.

પરંતુ તે વખતે સ્વામીશ્રીએ કહ્યું: 'પક્ષીઓ દર્શન કરવાં જરૂર આવશે.'

તેઓના શબ્દોમાં વિશ્વાસનો રણકો હતો. એ વિશ્વાસના સહારે સૌ પુનઃ ડુંગરો ચડવા લાગ્યા. ડુંગરની જે શિલા ઉપર પક્ષીઓને પ્રસાદ ધરાવવામાં આવે છે ત્યાં જઈને સ્વામીશ્રીએ સભા બાદ ધૂન કરાવતાં સંકલ્પો કર્યા કે 'સાતસો સાધુ થાય અને તેઓ વિદ્વાન થઈને દુનિયામાં ડંકો વગાડે, યાત્રિકોને યાત્રાનું ફળ મળે, દરેક હરિભક્ત નિર્વાસનિક થઈ અક્ષરધામના અધિકારી બને અને પક્ષીઓ આ સત્સંગમાં જન્મ ધરે.'

અત્યાર સુધી પક્ષીતીર્થના આ ડુંગરા પર હજારો લોકો આવ્યા હશે, પરંતુ પક્ષીઓનું આવું હિત કરનાર સ્વામીશ્રી પ્રથમ જ હતા. જ્યારે તેઓ આવા સંકલ્પો સાથે ધૂન કરતા ત્યારે સૌને લાગતું કે 'આપણે યાત્રા કરવા નીકળ્યા છીએ અને સ્વામીશ્રી કલ્યાણ કરવા નીકળ્યા છે.'

પક્ષીતીર્થમાં થોડી પળો વીતી પણ પક્ષીઓનો અણસાર દેખાયો નહીં. તેથી કોઈ અધીરિયાની ધીરજ ખૂટતાં તેણે કહ્યું: 'પક્ષીઓ તો ગયાં. હવે નહીં આવે.'

ત્યારે સ્વામીશ્રી યાત્રિકો તરફ નિર્દેશ કરતાં સહજભાવે બોલ્યા: 'અક્ષરધામનાં આ પક્ષીઓ અહીં આટલાં બધાં બેઠાં છે. તે બધાં જ દર્શનીય છે.'

સ્વામીશ્રીના મુખેથી નીકળેલા આ શબ્દોમાં દિવ્યભાવની પરાકાષ્ઠા હતી. 'ભગવાનના ભક્ત છે તે તો કેવળ બ્રહ્મની જ મૂર્તિઓ છે. તેને વિષે તો

મનુષ્યભાવ લાવવો જ નહીં.'[૬૦] – શ્રીજીમહારાજનાં આ વચનો તેઓની વાતોમાં નહીં, પણ વર્તનમાં હતાં.

પરંતુ સ્વામીશ્રી જ્યાં આમ બોલ્યા ત્યાં જ આકાશમાં પક્ષીઓ આવી પહોંચ્યાં અને શિલા પર ઊતર્યાં. આ જોઈ સ્થાનિક રહીશોને ઘણું જ આશ્ચર્ય થયું, કારણ કે અહીં પક્ષીઓ એક વાર જમી લીધા બાદ ક્યારેય પરત ફરતાં નથી – એ તેઓનો જાત-અનુભવ હતો. તેથી તે સૌ આ જ આશ્ચર્યની ચર્ચા કરતા રહ્યા. સૌ સત્સંગીઓ પણ આ જ આશ્ચર્યની ચર્ચા કરી રહેલા. પરંતુ બંનેની ચર્ચામાં ફર્ક એટલો હતો કે 'રહીશો કાર્યની ચર્ચા કરતા હતા જ્યારે સત્સંગીઓ કારણની ચર્ચા કરતા હતા.' રહીશોની વાતોમાં પક્ષીઓ આવ્યાં તે કાર્ય ચર્ચાતું હતું; સત્સંગીઓની ચર્ચાનો વિષય પક્ષીઓને પાછા લાવનાર સ્વામીશ્રી હતા. સ્વામીશ્રીનો વધુ એક સુખદ અનુભવ સૌને થઈ ગયો.

પક્ષીતીર્થથી સૌ ચિંગલપેટ થઈને તા. ૨૨/૧૨ના રોજ કાંચીપુરમ્ પહોંચ્યા. અહીં શિવકાંચી, વિષ્ણુકાંચીનાં દર્શન કરીને સ્વામીશ્રી પરમાચાર્ય ચંદ્રશેખરેન્દ્રજી અને તેઓના શિષ્ય જયેન્દ્રશેખરેન્દ્રજીને મળેલા. બંને ધર્માચાર્યોનું આ મિલન ભાવપૂર્ણ રહ્યું.

સ્વામીશ્રી સમજતા કે 'જ્યારે બે ધર્મગુરુઓ મળે છે ત્યારે તેઓના અનુયાયીઓમાં એકતા વધે છે. તેથી સમાજમાં સંવાદિતા જળવાય છે.' આ હેતુસર તેઓ દરેક ધર્મના મોવડીઓને પ્રેમથી મળતા.

## સૌની સાથે, સૌની જેમ

કાંચીથી કામાક્ષી મંદિરનાં દર્શન કરીને સંઘ પોંડિચેરી તરફ વળેલો. પોંડિચેરી જતાં રસ્તામાં તા. ૨૩/૧૨ની સવારે વિલ્લુપુરમ્ સ્ટેશનના પ્લૅટફૉર્મ પર સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા કરી.

પ્લૅટફૉર્મ પર થતી સ્વામીશ્રીની પ્રાતઃપૂજા મુસાફરો, રેલવે કર્મચારીઓ, ફેરિયાઓ વગેરેમાં આકર્ષણનો વિષય બની રહેતી. જિંદગીમાં ક્યારેય આવું દૃશ્ય તેઓને નિહાળવા મળ્યું ન હોય. તેથી સૌ કુતૂહલવશ આ જોઈ રહેતા. તે દ્વારા તેઓ માટે સ્વામીશ્રી આંખના અતિથિ બનતાં જ તેઓની મોક્ષમાર્ગની મજલ શરૂ થઈ જતી. હજારો જીવોને આમ સત્સંગાભિમુખ કરવા માટે જ સ્વામીશ્રી આવા પ્રસંગો યોજતા. તે વિના *'સબ તીરથ હરિચરને સમજે, કોટિ*

---

૬૦. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૩.

*ગયા અરુ કાશી...*'ની સમજણ ધરાવતા તેઓને તીર્થયાત્રાનું શું પ્રયોજન હોય!

સવારે દસ વાગ્યે ટ્રેન પૉંડિચેરી પહોંચી. અહીં યાત્રિકો સૌ દર્શને નીકળ્યા અને સ્વામીશ્રીએ સ્ટેશનના પ્રતીક્ષાલયમાં પત્રલેખન આરંભ્યું. થોડી વાર પત્રવ્યવહારની સેવા કર્યા બાદ અરવિંદ આશ્રમના કાર્યકરોએ તેઓને મોટરમાં બેસાડીને આશ્રમની વિવિધ પ્રવૃત્તિઓ બતાવી હતી. ત્યારબાદ સ્વામીશ્રી સ્ટેશન પર પધાર્યા અને ત્યાં જ ઠાકોરજી જમાડ્યા.

પ્લૅટફૉર્મ પર બિરાજીને ભોજન અંગીકાર કરતા તેઓનાં દર્શન પણ સૌ માટે અચરજકારી બની રહેતાં. તેઓનું જાહેરજીવન આવા પ્રસંગે વિશેષ સમજાતું. સૌની સાથે, સૌની જેમ, સૌ માટે તેઓ જીવી જતા; સૌથી ન્યારા હતા તો પણ.

## ખજાનાના તળિયે

ભારતની ભૂમિ એક સાંસ્કૃતિક ખજાનો છે. આ ખજાનાની ટોચે હિમાલય છે અને તળિયે કન્યાકુમારી તથા રામેશ્વર છે. વચ્ચે ખાંપતાં ખૂટે નહીં એટલી સમૃદ્ધિ વેરાયેલી પડી છે. આ સમૃદ્ધિનાં રત્નોને વીણતી યાત્રા હવે તળિયા તરફ સરકી રહેલી. સૌ પૉંડિચેરીથી મદુરાઈ જવા નીકળ્યા. રસ્તામાં તા. ૨૪/૧૨ની સવારે કલપત્તીછત્રમ્ સ્ટેશન આવ્યું.

અહીં પ્લૅટફૉર્મ પર સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા કરી. સ્ટેશન નાનું અને આસપાસ પણ નાનાં-નાનાં ડુંગરાઓ. તેથી વાતાવરણ હરિયાળું અને રળિયામણું લાગતું હતું. તેમાં દર્શનનો સવિશેષ આનંદ સૌએ માણ્યો.

અહીંથી યાત્રા આગળ વધી અને બપોરે બાર વાગ્યે સ્વામીશ્રી મદુરાઈ પધાર્યા. પરંતુ દર્શન બંધ થઈ ગયાં હોવાથી પશ્ચિમ ગોપુરમ્ પાસે થોડી વાર બિરાજ્યા. ત્યારબાદ દર્શન ખૂલે ત્યાં સુધીના સમયમાં નજીકમાં આવેલ સુંદરરાજનાં દર્શન કરવા નીકળ્યા.

અહીંની પ્રણાલિકા મુજબ ઉત્તરીય વસ્ત્ર ધારણ કર્યા વિના દર્શને જવાનું હતું. સ્વામીશ્રી પણ એ રીતને અનુસર્યા. તેઓ ગાતરિયું કેડે બાંધી ચાલવા લાગ્યા. તેથી સૌને '*અતિ રે શોભે છે છાતી ઊપડતી, ચાલ જગતથી ન્યારી...*'નાં દર્શન અનાયાસે થઈ ગયાં. સ્વામીશ્રીની આ મનોહર મૂર્તિમાં સૌનાં નેણાં લોભાઈ ગયાં!

સાંજે પુનઃ મદુરાઈ આવીને સ્વામીશ્રીએ પ્રથમ સુવર્ણકમળ-કુંડનું જળ

મસ્તકે ચડાવ્યું. ત્યારબાદ મીનાક્ષી મંદિરમાં દર્શને પધાર્યા.

ત્યાંથી તા. ૨૫/૧૨ની સવારે તિરુનેલવેલી આવી પહોંચ્યા. અત્રેથી કન્યાકુમારી જવા માટે આઠ બસની વ્યવસ્થા શક્ય બનેલી. તેથી તેમાં અડધા યાત્રિકો રવાના થઈ ગયા. સ્વામીશ્રી તિરુનેલવેલીના સ્ટેશન પર નિત્યપૂજા કરવા માટે બિરાજ્યા. પૂજાનું આસન હતું – એન્જિનમાં બળેલા કોલસાની સપાટ ઢગલી !

પૂજાવિધિ બાદ સ્વામીશ્રી મોટર દ્વારા કન્યાકુમારી પધાર્યા.

અહીં અગાઉ આવી ગયેલા હરિભક્તોને સ્વામીશ્રીનાં દર્શન થઈ જતાં ફેરો સુફળ જણાયો. થોડી વારમાં સંઘની આ ટુકડી વિદાય થઈ. તેઓ જે બસમાં ગયા તે જ બસમાં બીજી ટુકડી આવે ત્યાં સુધી સ્વામીશ્રી સમુદ્રકિનારે રાહ જોતાં બેસી રહ્યા. તેઓને મન સમય કરતાં વિશેષ કિંમત સત્સંગીની હતી. પોતાનો સમય બચે અને હરિભક્તોને લાભ ન મળ્યાનો અસંતોષ રહી જાય તે કરતાં, પોતાનો સમય ભલે જાય પણ હરિભક્તોને સંતોષ મળે તેમાં તેઓ વધુ રાજી. તેથી બીજી ટુકડીના હરિભક્તોને પણ પોતાની સાથે યાત્રા કર્યાનો સંતોષ આપવા તેઓએ એ ભક્તોની વાટ જોઈ.

તે દરમ્યાન સ્વામીશ્રીએ હિંદ મહાસાગરની જે શિલા પર વિવેકાનંદ સ્વામીને ભારતના સનાતન ધર્મનો સાર્વત્રિક પુનરુદ્ધાર કરીને તેને વિશ્વમાં પ્રતિષ્ઠિત કરવાની પ્રેરણા સ્ફુરેલી, તે 'વિવેકાંનદ શિલા' પર પધારીને વિવેકાનંદ સ્વામીને અંજલિ આપી. કદાચ તે સમયે પોતાનું સ્વપ્ન સાકાર કરનાર મહાપુરુષની પધરામણીથી વિવેકાનંદ સ્વામીનો આત્મા વધુ પ્રફુલ્લિત થયો હશે.

અહીં કન્યાકુમારીમાં સ્વામીશ્રીએ સમુદ્ર-ત્રિવેણીમાં ઠાકોરજીને સ્નાન કરાવીને સ્વયં પણ સ્નાન કર્યું. ત્યારબાદ છોટે નારાયણ(વનાગુડી), તોતાદ્રિ(નાગનેરી)માં દર્શન કરીને રાત્રે બાર વાગ્યે રામેશ્વર જવા નીકળ્યા.

તા. ૨૬/૧૨ની સવારે માનામદુરાઈ સ્ટેશન આવ્યું. અહીં સ્વામીશ્રીએ પ્લૅટફૉર્મ પર પ્રાતઃપૂજાનો લાભ આપ્યો. ત્યારબાદ રામેશ્વર ભણીની યાત્રા આગળ ધપાવી. આ પ્રવાસમાં પાંબન સ્ટેશન પાસે આવેલા રામેશ્વરના પુલ ઉપર તેઓએ ડબાના દરવાજા આગળ ઊભા રહીને દૃષ્ટિ કરી સૌને સ્મરણીય લાભ આપેલો.

સ્વામીશ્રી રામેશ્વર પહોંચ્યા ત્યારે બપોરના બાર વાગી ચૂકેલા. તેથી

દર્શન થાય તેમ ન હોવાથી ચાલતાં ચાલતાં સમુદ્રસ્નાન માટે નીકળ્યા. ચાલવાની સાથે સ્વામીશ્રીએ ધૂન શરૂ કરાવી. તેઓને મન મૌન કરતાં પણ ભગવાનનું નામ-સ્મરણ થાય તે વધુ મહત્ત્વનું હતું. સમુદ્રસ્નાન વખતે પણ વિવિધ સંકલ્પોની પરિપૂર્તિ માટે ધૂન કરાવતાં રહીને ભજનનો દોર ચાલુ જ રાખ્યો.

સમુદ્રસ્નાન બાદ સીતાજીની અગ્નિપરીક્ષા થયેલી ત્યાં તથા શંકરાચાર્યની બેઠકે સ્વામીશ્રી પધાર્યા. ત્યારબાદ મંદિરે પહોંચ્યા, પરંતુ હજી દર્શન ખૂલવાની વાર હતી. તેથી મંદિરના દરવાજા આગળ બેસીને કથા-વાર્તા કરી. *'શ્વાસોચ્છ્વાસ પ્રભુપદ સમરન, વૃથા ન જાવત કાલા...'* એ તેઓની રીત રહેલી.

કથા બાદ ૨૨ કુંડનું જળ ભેગું કરીને સૌનાં મસ્તકે ચડાવ્યું. ત્યાં જ દર્શન ખૂલ્યાંના સમાચાર આવતાં ઊભા થયા. તે વખતે મંદિરના ગજરાજે સ્વામીશ્રીનું પુષ્પહાર દ્વારા સન્માન કર્યું. રામેશ્વર મંદિરની પરિકમ્મા ઘણી વિશાળ છે. તેથી હરિભક્તોએ શરણાઈ-વાજાંવાળાને બોલાવીને આખી પ્રદક્ષિણામાં સ્વામીશ્રીની શોભાયાત્રા કાઢી અને ત્યારપછી મંદિરમાં દર્શન કરવા લઈ ગયા.

મંદિરમાં પ્રથમ મહાકાય નંદીના દર્શન કરી સ્વામીશ્રી રામેશ્વર મહાદેવજી પાસે પધાર્યા. અહીં સાથે ફરતા આ યાત્રાના આયોજક મહેન્દ્રસિંહ ચૌહાણે લઘુરુદ્રી કરાવી હતી. તેનો હેતુ સ્વામીશ્રીનો લાભ મળે એ જ હતો. તેથી સ્વામીશ્રી આ વિધિ માટે પ્રદક્ષિણામાં બિરાજ્યા. અગિયાર બ્રાહ્મણોએ તેઓના બુલંદ અવાજે રુદ્રીનો ઉદ્‌ઘોષ કર્યો.

સૌને આ સ્મૃતિ આપીને સ્વામીશ્રી દેવસ્થાનની મોટરમાં લક્ષ્મણકુંડ, સીતાકુંડ અને રામકુંડ થઈને રામઝરૂખે પધાર્યા. ત્યાંથી સ્ટેશને પધારીને રાત્રે સાડા દસ વાગ્યે શ્રીરંગક્ષેત્ર જવા માટે પ્રસ્થાન કર્યું.

## કોટિ સૂરજનું તેજ ભર્યું આપમાં

શ્રીરંગક્ષેત્ર જતાં રસ્તામાં તા. ૨૭/૧૨ની સવારે કરાઈકુડી સ્ટેશનના પ્લૅટફૉર્મ પર સ્વામીશ્રીએ નિત્યપૂજા કરી. પૂજા બાદ પ્લૅટફૉર્મની બહાર ઘાસ ઉપર બિરાજીને જ અલ્પાહાર અંગીકાર કર્યો. અહીંથી બપોરે બાર વાગ્યે તિરુચિરાપલ્લી સ્ટેશને પહોંચ્યા.

અત્રે મંદિરમાં દર્શનની વાર હોવાથી આસપાસનાં પ્રાસાદિક સ્થળોનાં દર્શને નીકળ્યા. તેમાં પ્રથમ જંબુકેશ્વર મહાદેવ અને શેષશાયી વિષ્ણુ શ્રીરંગનાથજીનાં દર્શન કરી, કાવેરીના કિનારે આવીને સૌનાં મસ્તકે જળ ચડાવ્યું. સરિત્-સ્નાન બાદ રામાનુજાચાર્યના સમાધિસ્થાનનાં દર્શન કર્યાં.

આ પ્રાસાદિક પરિસરમાં વૈકુંઠદ્વારની ડાબી બાજુએ નીલકંઠવર્ણીના સ્નાનથી પવિત્ર થયેલ ચંદ્રપુષ્કરણી સરોવર છે. તેની આગળ આવેલા તુલસી-ક્યારે નીલકંઠવર્ણી તપમુદ્રામાં બેસતા. તે ક્યારાને સ્વામીશ્રીએ દંડવત, પ્રદક્ષિણા દ્વારા ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યું.

અહીંથી હવે મોટી ગાડીમાં મુસાફરી કરવાની હતી. તેથી સૌ સ્ટેશને વેળાસર આવી ગયા. સામાનની ફેરવણી થઈ ગઈ એટલે રાત્રે સવા બાર વાગ્યે બૅંગ્લોર જવા ઊપડેલી ટ્રેન તા. ૨૮/૧૨ની સવારે સેલમ સ્ટેશને ઊભી રહેલી. સ્વામીશ્રીએ આ સ્ટેશનના પ્લૅટફૉર્મને પણ પોતાની પ્રાતઃપૂજાથી પાવન કર્યું.

અહીં જ્યારે પ્રાતઃપૂજા ચાલી રહેલી ત્યારે જ સૂર્યનારાયણ સ્વામીશ્રીનાં દર્શન કરવા ક્ષિતિજની અટારીએ આવી પહોંચ્યા. શિયાળાની સવારે તેઓના આ આગમનથી સૌ રાજી થયા. જો કે સૂરજદેવ ઝાઝી વાર દર્શન ન કરી શક્યા અને સ્વામીશ્રીની તેજછટા સામે ઝાંખપ અનુભવતા હોય તેમ તેઓએ વાદળોની ઘટામાં પોતાનું મોઢું સંતાડી દીધું! અનંત વર્ષોથી પ્રકાશવા છતાં પોતે એકના અંતરનું અંધારું પણ અળસાવી શક્યા નહોતા; જ્યારે સ્વામીશ્રીનું તેજ અનેકનાં અંતરમાંથી અંધારાં ઉલેચી રહેલું, એ વિચારથી લજ્જિત થઈને સૂર્યદેવ ક્ષણ વારમાં અલોપ થઈ ગયા! પરંતુ જતાં જતાં ગાતા ગયા કે –

*'કોટિ સૂરજનું તેજ ભર્યું આપમાં, અંતરનું તમ ટાળનારા,*
*પ્રમુખસ્વામી! લાગો છો પ્યારા...પ્યારા...'*

## સંતોના સુહૃદ

સેલમથી બૅંગ્લોરના માર્ગે આગળ વધતાં વ્હાઇટ ફિલ્ડ સ્ટેશન આવ્યું. અહીં સ્વામીશ્રી 'ઍલેમ્બિક' કંપનીના કાચના કારખાનામાં પધરામણી કરવા પહોંચેલા.

સ્વામીશ્રીને પધરામણી એવી ગોઠી ગયેલી કે શરૂઆતનાં વર્ષોમાં તેઓનો ભાગ્યે જ કોઈ દિવસ પધરામણી કર્યા વિના આથમ્યો હશે! વાસ્તુ

હોય કે પ્રતિષ્ઠા, ઉત્સવ હોય કે યાત્રા, મરણ હોય કે પરણ, ખાતમુહૂર્ત હોય કે ઉદ્‌ઘાટન – આવા કોઈપણ પ્રસંગે સ્વામીશ્રી જ્યાં જતા ત્યાં પધરામણીઓ ગોઠવાઈ જ જતી અને સ્વામીશ્રી પણ હોંશપૂર્વક તે કરતા. લાખો લોકોને શુભમાર્ગે પ્રેરવા આટલો વ્યક્તિગત સંપર્ક દુનિયામાં ભાગ્યે જ કોઈ મહાપુરુષે કર્યો હશે! સ્વામીશ્રી દૂરથી હાથ હલાવીને જતા રહેનારા મહાન પુરુષ નહીં, પણ ઘેર-ઘેર જઈને હાથ મિલાવનારા મહાન પુરુષ હતા! જગ જીતી જાય એવી તેઓની આ મહાનતાનો કોઈ હરીફ દેખાતો નથી.

'ઍલેમ્બિક'માં પધરામણી પૂર્ણ કરીને સ્વામીશ્રી મોટર દ્વારા બૅંગ્લોર પધાર્યા. અહીંથી તા. ૨૯/૧૨ના રોજ સંઘ મૈસુર ગયો. તે દરમ્યાન સ્વામીશ્રી ટિપટુરના ભક્તોને રાજી કરવા પહોંચી ગયા. ત્યાંથી તેઓએ પુનઃ બૅંગ્લોર જતાં પહેલાં પોતાની સાથે એક-બે સંતો રાખીને બાકીના સૌ સંતોને મૈસુરમાં શ્રીરંગપટ્ટમ્ અને વૃંદાવન ઉદ્યાન જોવા મોકલી આપ્યા.

વૃંદાવન ઉદ્યાનમાં સંધ્યા સમયે ઝળહળી ઊઠતી રોશનીની શોભા નીરખવાલાયક હોય છે. તે જોવામાં કોઈ રહી ન જાય તે માટે સ્વામીશ્રીએ આ તકેદારી લીધેલી. સ્વયં 'જક્તે અનાસક્ત' હોવા છતાં તેઓ સહવાસીઓને લાડ લડાવવામાં પાછું વાળીને જોતા નહીં. પોતાના વિષે સ્વામીશ્રીની આવી લાગણી જોઈ સંતોનાં હૃદય ગદ્‌ગદિત થઈ ગયા!

જ્યારે તે સૌ વૃંદાવન બાગ ગયા ત્યારે આખે રસ્તે સ્વામીશ્રીના આ સ્નેહને જ વાગોળી રહ્યા. પરંતુ જ્યારે મૈસુરથી પાછા ફરતા હતા ત્યારે એ સ્નેહની સાથે સ્વામીશ્રીના સામર્થ્યને પણ વાગોળી રહેલા; કારણ કે સામાન્ય રીતે વૃંદાવન ઉદ્યાનમાં રવિવારે જ રોશની કરવામાં આવતી અને સંતો-ભક્તો જ્યારે ગયા તે દિવસ તો શુક્રવારનો હતો. વળી, આ અરસામાં રાષ્ટ્રીય નેતા સી. રાજગોપાલાચારીનું નિધન થયું હોવાથી શોક પણ હતો. છતાં તા. ૨૯/૧૨ના દિવસે સાંજે સાડા છના સુમારે આખો બાગ રોશનીથી ઝળહળી ઊઠેલો! ઉદ્યાનમાં ફરવા આવેલ પ્રવાસીઓને પણ આ ઝળહળાટ આશ્ચર્યકારી લાગ્યો હતો. પરંતુ આ આશ્ચર્યના અક્ષર તો *'હરિકૃપાથી હરિજન જાણે...'*ની જેમ સંતો-ભક્તો જ ઉકેલી શકે તેમ હતા.

સંતો-ભક્તો માટે આ રીતે દર્શનીય સ્થળોને જોવાની વ્યવસ્થા કરી આપનાર સ્વામીશ્રી તો બૅંગ્લોરની સભામાં લાભ આપીને રાત્રે છેક એક વાગ્યે આરામમાં પધારેલા. બીજા દિવસે પણ તેઓને ભીડાની ભરમાર ચાલુ જ

રહેલી. એ દિવસે તેઓ બૅંગ્લોરમાં પધરામણીઓ કરીને બપોરે અઢી વાગ્યે ભોજન માટે બિરાજેલા. ત્યાંથી સીધા જ સ્ટેશન પર પધાર્યા અને અહીંથી સાડા ચાર વાગ્યે તિરુપતિ બાલાજી જવા વિદાય લીધી.

## શ્રદ્ધાનું સીમારહિત વિશ્વ

તા. ૩૧/૧૨ની સવારે સાત વાગ્યે સંઘ તિરુપતિ પહોંચ્યો. અહીં બાલાજીનાં દર્શન કરી સૌ પુષ્કરણી સરોવર પાસે આવ્યા. આ સરોવરના કિનારે આવેલ પીપળા નીચે નીલકંઠવર્ણી બિરાજેલા. તે પીપળાને સ્વામીશ્રી ભેટ્યા અને દંડવત-પ્રદક્ષિણા પણ કર્યાં.

*'જિયાં જિયાં હરિ રહ્યા રે, જે જે સ્થાનકે પોતે હરિ ગયા રે;*

*તે તો સ્થાનક કલ્યાણકારી રે, જે જે જોયાં તે રાખવાં સંભારી રે.'*[૬૧]નો મહિમા શ્રીજીમહારાજનાં પ્રાસાદિક સ્થાનો, વસ્તુઓ વિષે સ્વામીશ્રીને હતો. તેથી સાક્ષાત્ શ્રીજીમહારાજ જ બિરાજ્યા હોય તે ભાવથી તેઓ આ સ્થાનો અને વસ્તુઓને પણ દંડવત કરતા, તેની પ્રદક્ષિણા ફરતા, રજ-જળ આંખે-માથે ચડાવતા. તેઓની શ્રદ્ધાનું વિશ્વ સીમારહિત હતું.

આ પીપળાની પાસે પધરાવેલ વરાહ ભગવાનનાં દર્શન કરીને સ્વામીશ્રીએ એક વૃક્ષ નીચે સભા ભરી. ત્યાં પ્રાસંગિક કથા-કીર્તન બાદ પધરામણી કરવા નીકળેલા તેઓની નજરે બાલાજીના વડીલબંધુ ગોવિંદરાજ મંદિરનું ભવ્ય ગોપુરમ્ ચઢ્યું. તેથી સ્વામીશ્રી તે સ્થાને દર્શને પહોંચ્યા. ત્યાંથી ત્રણ માઈલ દૂર બાલાજીનાં પત્ની પદ્માવતીનું મંદિર છે. આ વિગત સ્વામીશ્રીની જાણમાં આવતાં ત્યાં પણ દર્શન માટે દોડી ગયા. આમ, યાત્રામાં ખૂણે-ખાંચરે જ્યાં પણ કોઈ દેવસ્થાન હોય ત્યાં તેઓ દર્શન માટે પહોંચી જતા. આવા સંતનાં પગલાં પડવાથી તે તે સ્થાન સજીવન થઈ જતાં.

તિરુપતિની યાત્રા સાથે જ દક્ષિણમાં તીર્થદર્શનનો કાર્યક્રમ પૂર્ણ થતો હતો. તેથી સ્વામીશ્રી સ્ટેશને પધાર્યા. પણ ટ્રેનને ઊપડવાની વાર હોવાથી યાર્ડમાં ઘાસ ઉપર ખુરશી નંખાવીને ઠાકોરજીની આરતી કરી. ત્યારબાદ દોઢ-બે કલાક સુધી કથા-કીર્તનની રમઝટ બોલાવીને એકાદશીનું ઉજવણું કર્યું. રાત્રે અગિયાર વાગ્યે ટ્રેન પંઢરપુર જવા નીકળી.

---

૬૧. પુરુષોત્તમપ્રકાશ: ૨૯/૧૮.



# ગુણાતીત રહી હરિગુણ ગાવત

## સન ૧૯૭૩

### નવા વર્ષે નવું નવું !

સન ૧૯૭૩ના વર્ષનું પ્રથમ પ્રભાત ફૂટ્યું ત્યારે સ્વામીશ્રી કુડાયા સ્ટેશને ઊભી રહેલી સ્પેશિયલ ટ્રેનના ડબ્બામાં નિત્યપૂજા કરી રહેલા. દિવસની શરૂઆત હોય કે વરસની શરૂઆત – સ્વામીશ્રીની જીવનશૈલીમાં કોઈ ફર્ક પડતો નહીં. તેઓની દરેક શરૂઆત ભક્તિથી જ થતી. પરંતુ મનુષ્ય માટે નવી શરૂઆત નવો રોમાંચ આપનારી હોય છે. તેથી હરિભક્તોને તો આજે ખાસ્સો ઉમંગ હતો. એ ઉમંગને ચિરસ્થાયી કરવા માટે સૌ સ્વામીશ્રીનાં દર્શને આવવા લાગ્યા. સ્વામીશ્રી પણ સૌને આશીર્વાદ આપતા જતા હતા.

આ અરસામાં આંધ્રપ્રદેશમાં રાજ્ય-વિભાજનના આંદોલને ઘણું જોર પકડેલું. સરકારની સાન ઠેકાણે લાવવા માટે તોફાની ટોળાં જાહેર વાહન-વ્યવહારનાં સાધનોને પોતાનું નિશાન બનાવતાં હતાં. તેઓના આ અવિચારી પાગલપણાનો ભોગ આ સ્પેશિયલ ટ્રેન પણ બનવાની હતી. પચાસેક આંદોલનકારી યુવાનોએ આ ટ્રેનની કડીઓને છૂટી કરી નાંખેલી. પરંતુ સ્વામીશ્રીની પવિત્રતાના જાદુએ તેઓનું હૃદય-પરિવર્તન કરતાં કોઈ ધાંધલ-ધમાલ કે તોડફોડ કર્યા વિના તેઓ સ્વામીશ્રીને પ્રણામ કરીને ચાલ્યા ગયા !

તે વખતે સૌને લાગ્યું કે આંદોલનની હોળીઓ શમાવવા માટે પોલીસ-દળ, શસ્ત્રો, કાયદાઓ, મોરચા કે વાટાઘાટો કરતાં સ્વામીશ્રી જેવા એક સંત જ પર્યાપ્ત છે!

નવા વર્ષનું પ્રભાત સ્વામીશ્રીનો નવો પ્રભાવ પાથરતું ગયું!

ટ્રેન આગળ ચાલી અને કમલાપુરમ્ સ્ટેશન આવ્યું. અહીં ઠાકોરજી જમાડીને ઝડપથી પ્રયાણ કરી જવાનું હતું, કારણ કે ચળવળકારોએ જારી કરેલા રાજ્યવ્યાપી 'બંધ'ના એલાનની હડફેટે જો ટ્રેન ચડી જાય તો કંઈપણ અવનવું બનવાની ધારણા હતી. પરંતુ તે વખતે સ્વામીશ્રીએ માથે ઝળૂંબી રહેલું આ સંકટ અળસાવવા ધૂન કરી. રસોઈની તજવીજ થાય ત્યાં સુધી કથા-વાર્તા ચાલુ કરાવી. રસોઈ તૈયાર થઈ ગઈ એટલે સૌએ મહાપ્રસાદ લઈ લીધો અને ટ્રેન ઊપડી. 'બંધ' શરૂ થતાં પહેલાં પસાર થઈ જનાર છેલ્લી ટ્રેન આ હતી! ત્યારપછીની ટ્રેનો 'બંધ'ના ખુલ્લા જડબામાં સપડાઈ ગયેલી. નવા વર્ષની પ્રથમ રાત્રિ સ્વામીશ્રીના આ ઐશ્વર્યને અજવાળી રહી.

સૌને લાગ્યું કે 'આ સ્પેશિયલ ટ્રેનની જેમ સ્વામીશ્રી આપણા જીવનની ગાડીને પણ કોઈ 'બંધ'માં ફસાવા દીધા સિવાય સડસડાટ દોડતી રાખશે.' નવા વર્ષે નવો વિશ્વાસ જન્મી ગયો!

## વાત્સલ્યનો અનુપમ દાખલો

કમલાપુરથી સોલાપુર થઈને પંઢરપુર પહોંચવાનું હતું, પણ સોલાપુર સ્ટેશને ટ્રેન ઊભી રહી ત્યારે સત્કાર માટે આવેલા હરિભક્તોએ સ્વામીશ્રીને પધરામણીઓ માટે આગ્રહ કર્યો. પધરામણીઓ બાદ મોટર દ્વારા પંઢરપુર પહોંચાડી દેવાની વાત પણ કરી. તેઓએ વિચારી રાખેલા આ આયોજનથી સ્વામીશ્રી તેઓની મનઃસ્થિતિ સમજી ગયા. તેથી તેઓ ત્યાં જ ઊતરી પડ્યા.

ટ્રેન આગળ વધી અને સ્વામીશ્રી પધરામણી કરવા લાગ્યા! બપોરે બે વાગ્યાથી શરૂ થયેલી એ પધરામણીઓ પૂરી કરીને તેઓ પંઢરપુર જવા નીકળ્યા ત્યારે તા. ૨/૧ની સંધ્યા સ્વામીશ્રીની ભક્તવત્સલતાથી હરખાઈને તેઓ પર ગુલાલ ઉડાડવા લાગી!

પંઢરપુરમાં 'દખ્ખણના દેવ' વિઠોબા બિરાજે છે. નીલકંઠવર્ણી બે મહિના અહીં રોકાયેલા ત્યારે રોજ ચંદ્રભાગાના નિર્મળ નીરમાં ન્હાતા અને વિઠ્ઠલ પ્રભુનાં દર્શન કરતા. આ મૂર્તિને તેઓ બાથ ભરીને ભેટ્યા પણ હતા!

ત્યાં સ્વામીશ્રીએ ભાવપૂર્વક દર્શન કર્યાં. ચંદ્રભાગાનું જળ પણ મસ્તકે ચડાવ્યું. નદીકિનારે મૂળમાંથી જ સંયુક્તરૂપે ઊગેલા આંબલી-પીપળાના વૃક્ષ નીચે નીલકંઠે બે મહિના સુધી આસન કરેલું. સ્વામીશ્રી તે પ્રાસાદિક વૃક્ષોને પણ ભેટ્યા; દર્શન-દંડવત કર્યાં.

આ વૃક્ષની સમીપમાં જ આવેલા સ્વામિનારાયણ મંદિરે દર્શન કરી સૌ વાડીમાં પધાર્યા. અહીં ઠાકોરજી જમાડ્યા બાદ રાત્રે સાડા બાર વાગ્યે સ્વામીશ્રી પંઢરપુર સ્ટેશને આવી ગયા. ત્યાંથી નાની ગાડીમાં બેસીને કથા-વાર્તાનો આનંદ પમાડતાં રાત્રે ત્રણ વાગ્યે કુર્દુવાડી પહોંચ્યા.

અત્રે સૌ યાત્રિકો નાની ટ્રેનમાંથી મોટી ટ્રેનમાં ગોઠવાઈ રહેલા ત્યારે તેજપાલભાઈએ કુર્દુવાડીમાં આવેલી પોતાની દુકાને પધરામણી કરવા સ્વામીશ્રીને વિનંતી કરી. સ્વામીશ્રીએ લેશ પણ ખચકાટ વિના તત્ક્ષણ 'હા' પાડી અને મધરાતે સાડા ત્રણ વાગ્યે તેઓની દુકાને પધરામણી કરવા પધાર્યા! તે વખતે વિશ્વના ઇતિહાસમાં ગુરુના વાત્સલ્યનો એક અનુપમ દાખલો બેસી ગયો!

ખરેખર, એક-એક માનવીની લાગણી-માંગણીને સંતોષવા માટે સ્વામીશ્રીએ વેઠેલો પરિશ્રમ અનન્ય છે.

## ગુણાતીત રીત-પ્રીતનું અનોખું દર્શન

તા. ૩/૧ની બપોરે સ્વામીશ્રી કુર્દુવાડીથી પૂના પધાર્યા.

અત્રે એક હરિભક્તને ઘેર સ્વામીશ્રી તથા સંતોને ઠાકોરજી જમાડવાનું આયોજન કરવામાં આવેલું. યાત્રિકોનું ભોજન સ્ટેશન પર રાખેલું. આ વ્યવસ્થા અનુસાર સ્વામીશ્રી હરિભક્તના ઘેર પ્રસાદ લઈ તરત જ સ્ટેશન પર આવી ગયા. તેઓની આ ઉતાવળ સહેતુક હતી, કારણ કે આજે રાત્રે ટ્રેન મુંબઈ પહોંચવાની હતી. ત્યાં સ્વામીશ્રી રોકાઈ જવાના હતા અને સંઘ આગળ વડોદરા સુધી જવાનો હતો. સ્વામીશ્રી સાથે મહાપ્રસાદ લેવાનો સૌ માટે આજે અંતિમ મોકો હતો. આ તક કોઈ જતી કરવા તૈયાર નહોતું. તેથી હરિભક્તો સ્વામીશ્રી પધારે ત્યારે તેઓના હાથે પ્રસાદી લેવાના કોડ સેવી રહેલા. તેઓની ભૂખલડી ભાંગવા સ્વામીશ્રી વહેલી તકે સ્ટેશન પર પધારી ગયા અને સ્વહસ્તે સૌને પ્રસાદી પીરસી. એટલું જ નહીં, *'પ્રેમીજનને વશ પાતળિયો'* ન્યાયે પોતે પણ હરિભક્તો સાથે ફરી પ્રસાદ ગ્રહણ કરવા બિરાજ્યા! કદાચ તેઓના જીવનનો આવો આ એક જ પ્રસંગ હશે!!

જેમ ગુણાતીતાનંદ સ્વામી ત્રણ હરિભક્તો[૬૨] આવે ત્યારે પોતે સાંજે ન જમતા હોવા છતાં ફરી વાર પત્તર માંડતા, કારણ કે તેઓને સ્વામી પ્રસાદી આપે તે જ જમવાનો નિયમ હતો. જો સ્વામી ન જમે તો તે હરિભક્તો પણ ભૂખ્યા રહે. માટે હરિભક્તોને કાજે ગુણાતીતાનંદ સ્વામી ફરી વાર જમતા. એ જ ગુણાતીત રીત-પ્રીતનું દર્શન કરાવતાં આજે સ્વામીશ્રીએ પણ ફરી વાર પત્તર પલાળ્યું અને સૌને યાત્રાની અંતિમ મીઠી સ્મૃતિ આપી. તે મમળાવતાં સૌ પૂનાથી પ્રસ્થાન કરી રાત્રે બાર વાગ્યે મુંબઈના દાદર સ્ટેશને આવી પહોંચ્યા.[૬૩]

## સન્માનમાં સામેલગીરી

યાત્રાટ્રેનનો દાદર સ્ટેશનમાં પ્રવેશ થતાં જ બુલંદ જયનાદોથી રેલવે-મથક ગાજી રહ્યું. મધરાતે બાર વાગ્યે પણ તે સ્ટેશન હરિભક્તોથી ઊભરાઈ રહેલું. જેઓનાં દર્શનમાત્રથી તીર્થયાત્રાનું ફળ મળી જાય તેવા સ્વામીશ્રીને સૌએ હર્ષભેર વધાવ્યા. સૌનું સ્વાગત સ્વીકારતાં તેઓ મંદિરે પધાર્યા.

અહીં તો સંતોએ અથાગ પુરુષાર્થ કરીને અક્ષર ભુવનની રોનક જ બદલી નાંખેલી. દરવાજાને કલાત્મક રીતે શણગાર્યો હતો. મધરાતે રોશનીથી ઝળહળતા અક્ષર ભુવનના કાંગરે કાંગરા સ્વામીશ્રીના પધારવાથી જાણે પુલકિત થઈ ગયા હોય તેમ જણાતું હતું. મંદિરમાં જવા માટે ઊંચો લાંબો મંચ તૈયાર કરેલો. તેને પુષ્પપાંખડીઓથી આકર્ષક રીતે સજાવેલો. તે એક-એક પાંખડીમાં સંતોએ પ્રાણ પૂર્યા હતા. યુવક મંડળ પણ બેન્ડ-વાજાંનાં સૂરો નહીં, પણ પોતાના અંતરનો આનંદ રેલાવી રહેલું.

આમ ચારે બાજુથી સ્વામીશ્રી પર સ્વાગત વરસી રહેલું, પણ સ્વામીશ્રી દરવાજામાં પ્રવેશતા નહોતા. તેઓ ઊભાં ઊભાં વારે-વારે પાછું વળીને જોતા હતા. સૌને આશ્ચર્ય થતું હતું કે 'સ્વામીશ્રી ચરણ કેમ માંડતા નથી? ભવ્ય સ્વાગતના સમયે તેઓ કોને શોધી રહ્યા છે?'

એટલામાં મહંત સ્વામી સ્ટેશનેથી મંદિરે આવી ગયા. તેઓ આવ્યા

---

૬૨. ગણોદના અભયસિંહ, લોધિકાના અભયસિંહ, ભોજા ભક્ત.

૬૩. સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલી આ નીલકંઠવર્ણી ટ્રેન-યાત્રાના ઉત્તરાર્ધનો પરમાનંદ માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

એટલે તેઓને સાથે રાખીને સ્વામીશ્રીએ પ્રવેશ કર્યો !

સામાન્ય રીતે સન્માનનો લાડવો એકલા જ આરોગી જવાની માનવીય પ્રકૃતિ છે; પણ સ્વામીશ્રી તેમાં હંમેશા અન્યની સામેલગીરી ઇચ્છતા. અપમાન એકલા હાથે અને સન્માન સૌ સાથે ઝીલવાની એમની સ્વાભાવિક પ્રકૃતિ આજની મધરાતે પણ ઝળકી ઊઠી.

## સ્વરૂપદર્શન સ્પેશિયલ ટ્રેન

તીર્થયાત્રાએથી પધારેલા સ્વામીશ્રીને વધાવવા તા. ૪/૧ની સાંજે માટુંગાના કિંગ્સ સર્કલથી તેઓની શાનદાર શોભાયાત્રા યોજવામાં આવેલી. ચાર અશ્વો દ્વારા વહન થતી અલંકૃત બગીમાં બિરાજેલા સ્વામીશ્રી, સંતો, ભક્તો, ભજનમંડળીઓ, ઘોડેસવારો, બૅન્ડ-વાજાં વગેરે સહિતની આ લાંબી નગરયાત્રા મુંબઈવાસીઓ માટે નગરનું નજરાણું બની ગઈ.

તે જ કિંગ જ્યોર્જ સ્કૂલમાં સ્વાગત-સભારૂપે પરિવર્તિત થઈ ત્યારે તેમાં ચૂંટેલા યાત્રાળુઓએ 'સ્પેશિયલ' સ્વાનુભવો વર્ણવ્યા. જેમ જેમ આ અનુભવો કહેવાતા ગયા તેમ તેમ મંચ પર બિરાજમાન સ્વામીશ્રીનાં અવનવાં સ્વરૂપોનું દર્શન સૌને થતું ગયું. કો'કના અનુભવમાંથી સ્વામીશ્રીની વત્સલ-મૂર્તિ ઉપસતી હતી, તો કો'કના અનુભવ સ્વામીશ્રીના અન્ય સંપ્રદાય પર પડેલા પ્રભાવને છતાં કરતા હતા. કો'કનો અનુભવ તીર્થયાત્રામાં જોવા મળેલી સ્વામીશ્રીની અપાર શ્રદ્ધા-ભક્તિને વાગોળતો હતો, તો કો'કનો અનુભવ સ્વામીશ્રીના ઐશ્વર્યને તાદૃશ કરતો હતો. કો'ક સ્વામીશ્રીએ વેઠેલા ભીડા પર ઓવારી ગયેલું, તો કો'ક એ હાડમારીમાં પણ સ્વામીશ્રીના સદા સ્વસ્થ મુખારવિંદની આરતી ઉતારી રહેલું.

યાત્રા એક હતી પણ સ્વામીશ્રી અનેક સ્વરૂપે વિલસી રહેલા. તેથી એક યાત્રિકે તો કહી દીધું કે 'આ સ્પેશિયલ ટ્રેનના સ્વાનુભવથી પરમ પૂજ્ય સ્વામીશ્રીના યથાર્થ સ્વરૂપનું મને દર્શન થયું છે. માટે તેને 'સ્વરૂપદર્શન સ્પેશિયલ ટ્રેન' પણ ગણી શકાય.'

'सन्निकर्षोऽत्र मर्त्यानामनादरकारणम्।' – અતિ નિકટતા અનાદરનું કારણ બને છે. પણ સ્વામીશ્રી પાસે આથી સાવ અલગ જ અનુભવાતું. જેમ જેમ તેઓની નિકટ જઈએ તેમ તેમ તેઓ પ્રત્યે આદર વધતો જ જતો. આ યાત્રા તેની સાક્ષી બની રહી.

## અનંતલોચનમાં લીન યુવાની

મુંબઈથી સ્પેશિયલ ટ્રેનયાત્રા વડોદરા તરફ વિદાય થયેલી અને સ્વામીશ્રી મુંબઈમાં જ રોકાઈ ગયેલા. અહીં યુવકો-બાળકોને તેઓ સાથે સારું ગોઠી ગયેલું.

સામાન્ય રીતે સમાન રુચિ-રહેણીવાળા વચ્ચે મૈત્રી બંધાય છે, પરંતુ જેમ પૃથ્વીલોકની ગણતરી ચંદ્રલોકમાં ખોટી પડે તેમ આ લોકની માન્યતાઓ પરલોકથી પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊણી ઊતરતી. વય-વિચાર-વર્તનમાં ઘણો તફાવત હોવા છતાં પોતાના સખાતુલ્ય સ્વામીશ્રી પાસે યુવાનો મિત્રને મળવા દોડી જાય તેમ દોડી આવતા.

એક વાર આવા જ બે-ત્રણ યુવાનો સમી સાંજે કૉલેજથી છૂટીને સ્વામીશ્રીનો લાભ લેવા આવી ગયેલા. તેઓએ સ્વામીશ્રી સાથે થોડી પળો વિતાવી હશે ત્યાં જ સ્વામીશ્રીને શૌચ-સ્નાન માટે પધારવાનું થતાં તેઓ ઊભા થયા. ગાતરિયું એક કોરે મૂક્યું અને કંઠમાં ઝૂલતી માળા પણ કાઢી. આ વખતે પેલા યુવકો સ્વામીશ્રીની પીઠ પાછળ ઊભા હતા. સ્વામીશ્રીએ પાછું વળીને તેઓ સામે જોયા સિવાય કંઠમાંથી કાઢેલી માળા આપવા પાછળની તરફ હાથ લંબાવ્યો. તે વખતે ત્યાં ઊભેલા નિરન્ન દવેએ હાથ લાંબો કરીને તે માળા લઈ લીધી.

માળા કોઈએ પકડી લીધી એટલે સ્વામીશ્રી તો દેહક્રિયા માટે પધારી ગયા અને યુવકો ઘર ભણી! માળા લેનાર યુવાનને એમ હતું કે 'આ માળા સ્વામીશ્રીએ 'પ્રસાદી' તરીકે મને આપી છે.'

સ્વામીશ્રી શૌચ-સ્નાનથી પરવાર્યા ત્યારે સેવકે તેઓના કંઠમાં માળા ન જોતાં પૂછ્યું: 'માળા ક્યાં?'

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું: 'ન્હાવા જતાં પહેલાં અહીં જ કાઢી હતી! ક્યાં ગઈ હશે?'

પછી તો તે માળાની શોધખોળ શરૂ થઈ. અક્ષર ભુવનનો ખૂણેખૂણો ફંફોસવામાં આવ્યો, પણ માળાનો પત્તો લાગ્યો નહીં. કોઠારી સ્વામીએ તે માળા યાત્રા દરમ્યાન સ્વામીશ્રીને ફેરવવા માટે આપેલી. સ્વામીશ્રીએ તેને ફેરવવાની સાથે સાથે શ્રીજીમહારાજના પ્રત્યેક પ્રાસાદિક સ્થાને અડાડીને પ્રસાદીભૂત પણ કરેલી. એ માળા આમ અચાનક ગાયબ થઈ જવાથી સૌ મૂંઝાયેલા. બીજા

દિવસે પણ માળાનું સંશોધન ચાલુ રહ્યું.

આ દિવસની સાંજે પધરામણીએ નીકળી રહેલા સ્વામીશ્રી મંદિરનાં પગથિયાં ઊતરી રહેલા તે વખતે જ ગઈકાલે માળા લઈ જનાર પેલા યુવાન મંદિરનાં પગથિયાં ચઢી રહેલા. પગથિયે તેઓ અને સ્વામીશ્રી ભેગા થઈ ગયા. તેઓને જોતાં જ સ્વામીશ્રીએ સીધું કહ્યું : 'ગઈકાલે લીધેલી માળા ક્યાં છે ?'

તે માળા યુવકના ખિસ્સામાં જ હતી. તેઓએ તે કાઢીને તરત જ આપી. સ્વામીશ્રી તે માળા લઈ પાછા મંદિરમાં આવ્યા અને સૌને સમાચાર આપ્યા કે 'માળા મળી ગઈ છે.'

સ્વામીશ્રીને માળા મળ્યાનો આનંદ હતો અને જે જે આ વાત સાંભળતા હતા તેઓને પણ આનંદ થતો હતો. તે જોઈ પેલા યુવાન વિચારી રહ્યા કે 'આ માળાનો આટલો આનંદ કેમ છે ?' પછી વિગત જાણવા મળી ત્યારે તેઓને આશ્ચર્ય થયું કે 'સ્વામીશ્રીના હાથમાંથી મેં માળા લીધી ત્યારે તેઓએ પાછું વળીને તો જોયું નહોતું અને મારી સાથે તો બીજા યુવકો પણ ઊભેલા. તેમાંથી મેં જ માળા લીધી છે તે સ્વામીશ્રી કેવી રીતે જાણી ગયા હશે કે જેથી આજે મને જ માળા પાછી આપવાનું કહ્યું ?!'

આમ વિચારતાં તે યુવાન 'अनेकवक्त्रनयनमनेकाद्‌भुतदर्शनः'[૬૪] અનંત-લોચન સ્વામીશ્રીનાં અદ્‌ભુત દર્શનમાં ખોવાઈ જ ગયા. માળા તો મળી પણ સૌને સ્વામીશ્રીની સામર્થી પણ જાણવા મળી.

## એવા એક જ હોય

અક્ષર ભુવનમાં રોજ યોજાતા કથાપ્રસંગમાં ઘણી વાર સંતો-ભક્તો સ્વામીશ્રીને પ્રશ્નો પૂછીને સમાધાન મેળવતા. તદુપરાંત સ્વામીશ્રીના ઓરડામાં પણ વહેલી સવારથી મોડી રાત સુધી વખતોવખત ચાલતી રહેતી જ્ઞાનગોષ્ઠિઓ દ્વારા ભક્તો પોતાની જિજ્ઞાસા સંતોષતા.

આ ક્રમમાં એક સવારે સ્વામીશ્રી જાગ્યા ત્યારે એક હરિભક્તે પૂછ્યું કે 'બાપા ! ખારા જીવને મીઠા કરે એવા વડવાનળ જેવા સંત એટલે કે કલ્યાણકારી સંત સત્સંગમાં કેટલા હોય ?'

'એવા એક જ હોય.' તરત જ સ્વામીશ્રીએ સિદ્ધાંત સ્પષ્ટ કરી આપ્યો.

ખૂબ જ ટૂંકમાં સ્પષ્ટતા કરવી એ તેઓની ખાસિયત હતી. તેઓ જે

---

૬૪. श्रीमद्‌भगवद्‌गीता – ११/१०.

બોલતા તે અનુભવથી બોલતા. તેથી તેઓને વાણીને વાઘા પહેરાવવાની જરૂર પડતી નહીં.

## ભક્તોની કરે રખેવાળી

આ અરસામાં ગુજરાત રાજ્યના આરોગ્ય-ખાતામાં ફરજ બજાવતા મંગળસિંહ ઝાલાનો પત્ર સ્વામીશ્રી પર આવેલો. તેઓ જે નોકરી કરી રહેલા એ જ પ્રકારની નોકરીની જાહેરાત કેન્દ્ર સરકાર દ્વારા બહાર પડેલી. તે માટે 'ઇન્ટરવ્યૂ આપવા જવું કે નહીં?' તે બાબતે એ હરિભક્તે સ્વામીશ્રીને પુછાવ્યું હતું. તેના પ્રત્યુત્તરમાં સ્વામીશ્રીએ લીલી ઝંડી આપતાં એ સત્સંગી ઇન્ટરવ્યૂ આપવા ગયેલા. તેમાં તેઓની પસંદગી થઈ ગઈ, પણ અમદાવાદમાં નોકરી કરવાનો આદેશ મળ્યો. તેથી તેઓને તો લાડવો ગળામાં ભરાઈ ગયા જેવું થયું.

કુટુંબ સાથે જૂનાગઢમાં ઠરીઠામ થયેલા તેઓએ સ્વામીશ્રીને ફરી પૂછ્યું કે 'જૂનાગઢમાં જ ચાલુ નોકરીમાં રહું કે અમદાવાદમાં નવી નોકરીમાં જોડાઉં?'

'અમદાવાદ જાઓ.'

સ્વામીશ્રીનો આ ઉત્તર આવતાં જ મંગળસિંહ જૂનાગઢની કચેરીમાં રાજીનામું આપવા ગયા ત્યારે તેઓના સાથીઓ 'દસ વર્ષની નોકરી મુકાય નહીં. પેન્શનમાં બહુ ખોટ જશે...' વગેરે દલીલો કરતાં આ પગલું ન ભરવા સમજાવવા લાગ્યા. પણ એ હરિભક્ત તો સ્વામીશ્રીની આજ્ઞા મુજબ તરત જ અમદાવાદ આવી ગયા.

બરાબર એ જ વખતે કેન્દ્ર સરકાર સંચાલિત જૂનાગઢની કચેરીમાં પણ આવી જ એક જગ્યા ખાલી જોઈ મંગળસિંહે સ્થાનબદલી માટે અરજી કરી. તે વખતે પણ લોકો કહેવા લાગ્યા: 'આ બદલીનો હુકમ દિલ્હીથી આવે અને તે આવતાં વર્ષો નીકળી જાય.'

પણ આમ બોલનારાઓની જીભ હજી તો સુકાઈ નહીં હોય ત્યાં તો ત્રણ જ મહિનામાં બદલીનો હુકમ આવી ગયો અને મંગળસિંહ રાજ્ય સરકારમાંથી કેન્દ્ર સરકારના કર્મચારી બનીને જૂનાગઢમાં રહેતા કુટુંબ સાથે આવી ગયા!

આ બનાવના થોડા સમયમાં જ સરકારનો પરિપત્ર નીકળ્યો કે 'જે કર્મચારી રાજ્ય સરકારમાંથી કેન્દ્ર સરકારમાં બદલી પામ્યા હોય અને એ બે

નોકરી વચ્ચે એકપણ દિવસની રજા ન પડી હોય તો તે નોકરી સળંગ ગણવી.'

સ્વામીશ્રીની આજ્ઞા વિલંબ વિના પાળવાથી પેલા હરિભક્ત આ પરિપત્રની કલમમાં બરાબર બંધ બેસી ગયા. તેઓએ રાજ્ય સરકારમાં કરેલી દસ વર્ષની નોકરી કેન્દ્ર સરકારની નોકરી ગણાઈ ગઈ ! તેથી તેઓને પેન્શનમાં ખોટ જવાને બદલે લાભ થઈ ગયો !

આ આખો ઘટનાક્રમ જોતાં સૌને થયું: *'પ્રગટ પ્રભુજી આજ કળિ રે કાળમાં, ભક્તોની કરે છે રખવાળી રે... સંતસ્વરૂપે વનમાળી...'*

## પંદર દિવસ ઓછા છે ?

મુંબઈના રોકાણ દરમ્યાન તા. ૧૬/૧ થી ૨૨/૧ના સમયગાળામાં સ્વામીશ્રીએ ઘાટકોપર, ઉરણ, મોરા, પનવેલ, કાંદિવલી, પાર્લા વગેરે મુંબઈનાં વિવિધ પરાંઓમાં પધારીને લાભ આપ્યો. ક્યારેક તેઓ પરાંમાં જઈને રાત્રે દાદર મંદિરે પરત આવી જતા તો ક્યારેક પરાંમાં જ રાત્રિરોકાણ કરતા. તે વખતે દિવસ આખો પધરામણીઓ કરે અને રાત્રે સભા યોજાય. તેમાં સત્સંગીઓ ઉપરાંત ગુણભાવીઓ પણ ઊમટે.

સ્વામીશ્રીની શૈલી સૌને સુવાણ થાય એવી. તેથી એક વાર આવેલા વારંવાર આવતા અને એમ સત્સંગ વધતો. છતાં એક વાર એક અસંતુષ્ટ હરિભક્ત સ્વામીશ્રી સમક્ષ હૈયાવરાળ ઠાલવવા લાગ્યા કે 'યોગીજી મહારાજ તો અહીં બબ્બે - ત્રણ-ત્રણ મહિના રોકાતા. સૌને લાભ આપતા. તમે કશું ધ્યાન રાખતા નથી...'

અણસમજણને લીધે દઝાયેલા-દુણાયેલા જણાતા તે ભક્ત બેફામ બનીને સ્વામીશ્રી પર આગ ઓકી રહેલા. આ વખતે ત્યાં ઉપસ્થિત મહંત સ્વામી તરત બોલ્યા કે 'સ્વામીશ્રીએ અહીં આ પંદર દિવસ લાભ આપ્યો એ ઓછા છે ?'

તેઓની આ મક્કમ વાત સાંભળી પેલા હરિભક્ત ચૂપ થઈ ગયા.

મહંત સ્વામીએ લખ્યું છે કે 'લોકો સ્વામીશ્રી વિષે અવળી વાતો કરે તે ચલાવી લેતો નહીં. કો'ક વાર ઝાપટતોયે ખરો...'[૬૫] આ વાત તેઓએ ઉપરોક્ત પ્રસંગે સાકાર કરી દેખાડી. આમ તો તેઓનો સાધુ-સ્વભાવ; કોઈને ઊંચે સાદે કશું કહે નહીં; પણ સ્વામીશ્રી વિષે અણછાજતી વાત આવે ત્યારે તેઓ ત્યાં જરૂર પડકારો કરતા.

---

૬૫. 'જેવા મેં નીરખ્યા રે...' ભાગ - ૪; પૃ. ૩.

## સત્તાના ચૂરેચૂરા

મુંબઈનાં વિવિધ પરાંઓમાં લાભ આપી રહેલા સ્વામીશ્રીના મનમાં થાણા વિસ્તારમાં જવાનું આયોજન પણ હતું. તે માટે તા. ૨૪/૧નો દિવસ મુકરર થયેલો. થાણાના હરિભક્તોને આ સમાચાર પહોંચી જતાં તેઓમાં આનંદની લહેર ફરી વળી હતી.

પણ જ્યારે આ કાર્યક્રમનું વિગત વાર આયોજન થતું હતું ત્યારે જ વિદેશમાં રહેતા એક હરિભક્ત સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યા. તેઓએ દંડવત કરીને વાત મૂકી કે 'સ્વામી ! મારા ભત્રીજાનાં લગ્ન રાખ્યાં છે. આપે આશીર્વાદ આપવા વડોદરા આવવાનું છે.'

પ્રાર્થના નહીં, વિનંતી નહીં, તેઓ સીધી આજ્ઞા જ કરી રહેલા. તે પણ ગુરુને ! તે જોઈને આસપાસ બેઠેલા ડૉક્ટર સ્વામી, કોઠારી સ્વામી વગેરેને આશ્ચર્ય થયું. પણ સ્વામીશ્રીએ તો તેઓને સહર્ષ પૂછ્યું : 'કઈ તારીખ છે ?'

'૨૪ જાન્યુઆરી.'

'પણ એ દિવસે તો અમારે થાણાનો કાર્યક્રમ ગોઠવાઈ ગયો છે. પહેલાં પણ બે વાર કેન્સલ થયેલો. આ વખતે તો છેક બૅંગ્લોરથી નક્કી થયું છે. બધાને જણાવી દીધું છે. ત્યાં બધા તૈયારી કરતા હોય. માટે આ દિવસે વડોદરા આવવાનું શક્ય થાય એમ લાગતું નથી.'

'ના, બાપા ! એવું ના ચાલે. તમારે આવવું જ પડે. હું વેવાઈને કહીને આવ્યો છું. મારા વચનનું શું ? મારે નીચું જોવાનું થાય.' એ હરિભક્ત પોતાની પ્રતિષ્ઠાનો ભંગ ન થાય તે માટે સ્વામીશ્રીને ઢસડવા લાગ્યા.

તેઓની આ વાત સાંભળી સૌને થયું : 'સ્વામીશ્રીને પૂછ્યા વિના બારોબાર વચન આપી દેવાનું ? તેઓ કાંઈ તમારી એકલાની મિલકત છે ?'

પણ સ્વામીશ્રી વચલો માર્ગ કાઢતાં કહેવા લાગ્યા : 'જુઓ, અમે વસંત પંચમીએ અટલાદરા આવવાના જ છીએ. તે વખતે તમારે ત્યાં આવી જઈશું. આશીર્વાદ પણ આપશું. માટે આ વખતે રહેવા દઈએ.'

પરંતુ આ વાત પેલા હરિભક્તને સદી નહીં. તેઓ છળી ઊઠ્યા અને છેલ્લી કોટીની વાત કરતાં કહેવા લાગ્યા : 'અમે તમને દીકરા આપ્યા છે. પૈસાની સેવા સંસ્થામાં કરી છે. તે શા માટે કરી છે ? તમે કેમ ના આવો ? ગમે તેમ કરીને આવવું પડશે !'

આ સાંભળી સૌ સમસમી ઊઠ્યા. તે હરિભક્તની વાતમાં ગુરુભાવ તો ઠીક, સામાન્ય સભ્યતાનો પણ છાંટો દેખાતો નહોતો. તેથી સંતોએ તે હરિભક્તને પરિસ્થિતિ સમજાવવાની શરૂ કરી, પણ સ્વામીશ્રીએ તેઓને વાર્યા. આવી બેહૂદી વાત સાંભળી તેઓની મુખરેખા લેશ બદલાઈ નહીં. તેઓએ તે હરિભક્તને કહ્યું : 'ભલે, આવશું. બસ !' અને સાથે બેઠેલા સેવકને કહ્યું : 'આ તારીખ નોંધી લો. આપણે જઈ આવીશું.'

સ્વામીશ્રીની આ નમ્રતા-સરળતા જોઈને સૌ સ્તબ્ધ થઈ ગયા ! કીડી કુંજર પર રાજ કરે એવો આ ઘાટ ઘડાયેલો !

આ સમયે સ્વામીશ્રીએ કોઠારી સ્વામીને જણાવ્યું : 'થાણા પત્ર લખી નાંખજો કે આપણને માફ કરે. બીજી વાર જરૂરથી કાર્યક્રમ ગોઠવીશું.'

એકબાજુ નાહકની જોહુકમી ખમવાની અને બીજી બાજુ વગર વાંકે માફી માંગવાની ! તે પણ સર્વસત્તાધીશ થઈને ! આવા માનસિક ત્રાસની પીડા માપવાનાં સાધનો હજી સુધી શોધાયાં નથી; પણ કદાચ જો તેવું સાધન હોત તો આ પ્રસંગે તેનો પારો જરૂર હજારના આંકને વટાવી ગયો હોત ! સ્વામીશ્રીએ કઈ હદ સુધી પોતાના મનને કચડ્યું હતું અને કઈ હદ સુધી સૌનાં મન જાળવ્યાં હતાં તેની અલ્પ ઝાંખી આ પ્રસંગ કરાવે છે. જેણે Powerનો Powder – સત્તાના ચૂરેચૂરા કરી નાંખ્યા હોય તે જ આમ વર્તી શકે !

## પાવકપંથ પર પગલાં

'ગુરુ' બની બેઠેલા પેલા હરિભક્તને આપેલી તા. ૨૪/૧ આવી જતાં સ્વામીશ્રી મુંબઈથી ઊપડતી 'પશ્ચિમ એક્સપ્રેસ' દ્વારા વડોદરા પહોંચ્યા. ત્યાંથી વાસદ થઈને રાત્રે બોચાસણ પધાર્યા. અહીંથી તા. ૨૫/૧ની સવારે ભાદરણમાં લાભ આપી સીસવા આવ્યા. અત્રે એક મકાનનું ખાતમુહૂર્ત કરીને સાડા અગિયાર વાગ્યે વડોદરા જવા નીકળ્યા.

અત્રેથી સાંજે સાડા ચાર વાગ્યે પેલા હરિભક્તે જે ગાડી ભાડે કરી દીધેલી તેમાં બેસી વાપી જવા પ્રસ્થાન કર્યું. પણ એ ગાડી સાત કલાકમાં સાત વાર બગડતાં સ્વામીશ્રીને વડોદરાથી વાપી પહોંચતાં પોણા બાર વાગી ગયા ! છતાં તે વ્યક્તિ વિષે તેઓના મુખમાંથી એક મોળો શબ્દ નીકળ્યો નહીં ! પોતે વેઠેલા શારીરિક-માનસિક ભીડા સંબંધી કોઈ શેખી પણ નહીં ! ભગવાનમાં સદા સ્થિર સ્વામીશ્રી કોઈ પરિસ્થિતિથી ખળભળી ઊઠતા નહીં.

તા. ૨૭/૧નો દિવસ પણ આમ જ પાવકપંથ પર પગલાં મૂકવા જેવો રહ્યો. તે દા'ડે સ્વામીશ્રીના એકેય સમય સચવાયા નહીં. સવારે તેઓ દમણથી પારડી પધાર્યા. અહીં પગ મૂકતાં જ પધરામણીઓએ તેઓનો હાથ પકડી લીધો. તે સ્વામીશ્રીને જ્યાં જ્યાં લઈ ગઈ ત્યાં ત્યાં સ્વામીશ્રી વિચર્યા !

પારડીથી વાઘછીપા આવ્યા, પરંતુ અહીં પણ પધરામણીઓએ કેડો મૂક્યો નહીં. ત્યાંથી ધરમપુરમાં શ્રીજીમહારાજનાં પ્રાસાદિક સ્થાનોનાં દર્શન કર્યાં ત્યાં સુધી પધરામણી છેટે ઊભી રહી, પણ સ્વામીશ્રી જ્યાં વંકાલ પહોંચ્યા ત્યાં પાછી તે હાજર થઈ ગઈ !

સ્વામીશ્રી તેને ન્યાય આપીને બોદલાઈ પહોંચ્યા ત્યારે બપોરના સવા બે વાગેલા. અહીં તો પધરામણીની સાથે નગરયાત્રા પણ હાથ મિલાવીને રાહ જોઈ રહેલી. આખું ગામ નગરયાત્રાની પૂર્વ અને પૂર્ણ તૈયારી સાથે ઊભેલું. સ્વામીશ્રીએ પ્રથમ તેઓને ન્યાય આપ્યો. બપોરે અઢીથી સાડા ત્રણ વાગ્યા સુધી નગરયાત્રા ઘૂમી.

નગરયાત્રા બાદ તેઓ ભોજન કરવા બિરાજ્યા ત્યારે બપોરના સાડા ત્રણ વાગ્યા હતા. છેલ્લા ત્રણ કલાકથી સ્વામીશ્રીની પ્રતીક્ષા કરી રહેલા ભોજનનો ઉત્સાહ પણ અત્યારે સાવ ટાઢો પડી ગયેલો ! પણ સ્વામીશ્રીનો નહીં. તેથી તેઓએ ભોજન માટે બેસતાં પહેલાં આદેશ આપ્યો કે 'સભા ચાલુ રાખજો. હું આવું છું.' નગરયાત્રામાં સૌ 'હો... હો...' કહીને વીખરાઈ જાય તે સ્વામીશ્રીને મુદલ ન ગમે. નગરયાત્રા પછી સભા થવી જ જોઈએ અને તેમાં કથાવાર્તા દ્વારા સૌને સત્સંગનો સંદેશો મળવો જોઈએ – તેવો એમનો આગ્રહ રહેતો. તેથી બપોરે સાડા ત્રણ વાગી ગયેલા તોય તેઓએ ભોજન પહેલાં ભજનનો પ્રબંધ કરી દીધો !

'સાંજે' ચાર વાગ્યે 'બપોર'નું ભોજન ગ્રહણ કરીને સ્વામીશ્રીએ કથાવાર્તા દ્વારા સૌને ઉચ્ચ જીવનના પાઠ શીખવ્યા. લગભગ સવા છ વાગ્યે તેઓ બોદલાઈથી નીકળી કોસંબા ભાગડા આવ્યા.

જ્યારે તેઓ આ ગામમાં પહોંચ્યા ત્યારે સૂરજ ડૂબી ગયેલો અને વીજળી ઊડી ગયેલી, તેથી પેટ્રોમેક્ષના ઉજાશમાં સામૈયું થયું. તે પછી યોજાયેલી સભામાં સ્વામીશ્રીએ આશીર્વાદનું અજવાળું ફેલાવ્યું. વીજળીના સાથ વિના પણ નિશ્ચિત થયેલો કાર્યક્રમ પૂર્ણ કરી તેઓએ 'રાત્રે' દસ વાગ્યે વલસાડ પધારીને 'સાયં' ભોજન અંગીકાર કર્યું !

આમ, આજના સમગ્ર દિવસ દરમ્યાન હરિભક્તોના ઉત્સાહમાં સ્વામીશ્રી ખોવાઈ ગયેલા અને તેઓનો દૈનિક ક્રમ ખોરવાઈ ગયેલો. તેઓના માર્ગમાં મુશ્કેલીઓની સુરંગો સદા બિછાયેલી જ રહેતી. તે ગમે ત્યારે ફૂટતી અને સ્વામીશ્રીની વ્યવસ્થાના ભુક્કા ઊડતા રહેતા.

## રામ અમલ મતવારે

દક્ષિણ ગુજરાતના વિચરણમાં સ્વામીશ્રી વલસાડથી લીલાપોર, ડુંગરી, ઊંટડી, ધરાસણા, બિલિમોરા, કેસલી, કુકેરીને પાવન કરતાં તા. ૩૦/૧ના રોજ દોણજા પહોંચ્યા.

અહીં તેઓ ગામમાં આવેલા જૂના સ્વામિનારાયણ મંદિરે પધાર્યા. ત્યાં દર્શન વખતે સ્વામીશ્રીએ ગામના આગેવાન સત્સંગીઓને આ મંદિર વ્યવસ્થિત કરવા માટે આજ્ઞા કરી. આમ તો આ મંદિર સંસ્થાના તાબાનું નહીં, પણ સ્વામીશ્રીને સંપ્રદાયની સરહદો કદી ક્યાં સ્પર્શેલી? તેઓ માટે આખું વિશ્વ એક અને નેક હતું. તેથી તેઓની સહાયનાં દ્વાર સૌ માટે સદાય ખુલ્લાં જ રહેતાં. આજે એ દ્વારમાં આ મંદિર પણ પ્રવેશી ગયું.

દોણજાથી સ્વામીશ્રી વાંસદાના રાજમહેલમાં પધરામણી અને ભગતજી મહારાજે ઝવેરભાઈ દીવાનને જ્યાં બ્રહ્માનંદ કરાવેલો તે 'કૃષ્ણ નિવાસ'માં દર્શન કરીને વઘાઈ પહોંચ્યા. અહીં તેઓ સભા બાદ રાત્રે અગિયાર વાગ્યે આરામગૃહમાં પહોંચ્યા ત્યારે આજે એકાદશીના નિર્જળા ઉપવાસમાં તેઓએ છ ગામ ખેડી નાંખેલાં! નગરયાત્રાઓ, સભાઓ અને પધરામણીઓના ત્રિભેટે આખો દિવસ અથડાતો રહેલો. અન્ન-જળ લીધા વિના આજે સ્વામીશ્રીએ વેઠેલો આ પાર વિનાનો પરિશ્રમ જોઈ સેવકોએ આરામ કરવા કહ્યું. ત્યારે તેઓએ *'પ્રથમ શ્રીહરિને રે, ચરણે શીશ નમાવું...'* ગાતાં ચેષ્ટાગાન શરૂ કર્યું.

*'રામ અમલ મતવારે...'* સ્વામીશ્રીને શ્રીજીમહારાજનાં લીલાચરિત્રોનાં ચિંતવનમાં જ આરામ હતો.

## માળીની માવજત

તા. ૩૧/૧ની સવારે ઉપવાસનાં પારણાં કર્યાં બાદ સ્વામીશ્રી ઉનાઈના ગરમ પાણીના કુંડમાં ઠાકોરજીને સ્નાન કરાવી અમલસાડ પધાર્યા. તે વખતે સૂર્ય માથે આવી ગયો હોવાથી ભોજનનાં વાસણો ખખડવા જોઈતા'તાં પણ

અહીં નગરયાત્રાનાં વાજાં ગગડ્યાં!! નગરયાત્રા બાદ સભામાં આશીર્વાદ આપી સ્વામીશ્રી ભોજન કરવા માટે બિરાજ્યા.

આ ભોજન પછી તેઓએ કથા યોજી. વિચરણમાં પણ સ્વામીશ્રી બપોરની કથા બાબતે ખૂબ ખટકો રાખતા. સામાન્ય રીતે આ મધ્યાહ્ન કથામાં એક ટૂંકું વચનામૃત વાંચીને તેના આધારે પંદર-પચીસ મિનિટ સુધી કથા કરવાની પરંપરા સંપ્રદાયમાં પ્રચલિત છે; અથવા તો તેટલી સમયાવધિ દરમ્યાન કો'ક ચરિત્ર-ગ્રંથનું વાંચન કરવાની પ્રણાલી. પરંતુ આજની આ સભામાં એક બાળકને પ્રવચન કરવાનો ઉત્સાહ ઊપડેલો. બાળ કાર્યકરે આ વાત સ્વામીશ્રીને જણાવી ત્યારે તેઓ ખૂબ પ્રેમથી બાળકનું પ્રવચન સાંભળવા બેઠા ! કળીમાંથી ફૂલને ખીલવવા માટે આ માળીએ શું શું નહોતું કર્યું !!

પ્રવચન બાદ સ્વામીશ્રીએ તે બાળકને આશીર્વાદ આપ્યા. પણ તેઓએ જોયું કે ત્યાં બીજા પણ કેટલાક બાળકો બેઠેલા છે. તેથી સ્વામીશ્રીએ બધા બાળકોને એકત્રિત કર્યા. સૌને આશીર્વાદ આપ્યા. વર્તમાન ધરાવીને કંઠીઓ પહેરાવી અને નિત્યપૂજા કરવા માટે મૂર્તિ-માળા પણ આપ્યા.

બાળમાનસમાં સંસ્કારનાં બીજ વાવવામાં તેઓ કદી વિલંબ ન કરતા. સમાજનું ભવિષ્ય ઉજ્જવળ કરવા માટે બારસ પર્વણીની એ બપોરે સ્વામીશ્રીએ કરેલો આ પુરુષાર્થ કોઈ છાપાંવાળાની નજરે ચઢ્યો નહોતો, કારણ કે અહીં નક્કર કાર્ય થતું હોવા છતાં કોઈ સરઘસ નહોતું, કોઈ સંઘર્ષ નહોતો, કોઈ સનસનાટી નહોતી; કારણ કે સ્વામીશ્રીને પ્રસિદ્ધિમાં નહીં, પણ પરિણામમાં રસ હતો. તેથી તેઓ શાંતિથી કામ કરતા અને શોર મચાવવાનું સફળતાને સોંપી દેતા ! અખબારોની નજરથી ઓઝલ રહીને તેઓએ કરેલાં આવાં કૈંક કાર્યોની નોંધ લેતાં આજે આંકડાશાસ્ત્રીઓ થાકતા નથી !

## ગુરુ કરીએ તો જ્ઞાની કરીએ

અમલસાડથી સ્વામીશ્રી ઇંટારવા, મોટી ચોવીસી, નવસારી થઈને સુરત પધાર્યા ત્યારે અહીં તા. ૨/૨ની બપોરે ત્રણ વાગ્યે શહેરના રેલવે સ્ટેશન પાસે આવેલી આયુર્વેદ હૉસ્પિટલ આગળથી ભવ્ય શોભાયાત્રાનો પ્રારંભ થયો. ત્રણ કલાક સુધી ચાલેલી આ નગરયાત્રા દરમ્યાન સુશોભિત 'અક્ષરયાન'માં બિરાજી સ્વામીશ્રીએ દર્શન આપ્યા.

આમ, સુરતને સર કરીને તા. ૩/૨ની બપોરે ઉકાઈ પધારેલા

સ્વામીશ્રીને અહીંના ઇજનેરોએ ઉકાઈ સરોવરમાં નૌકાવિહાર કરાવ્યો. તે વખતે સ્વામીશ્રીએ ધૂન કરેલી કે 'બંધનું બાકી કામકાજ વહેલી તકે પૂર્ણ થાય, નર્મદા બંધનું કામ શરૂ થાય, બંધની કાર્યવાહીમાં જે કોઈ અવસાન પામ્યા તે સર્વની સદ્‌ગતિ થાય...' જળવિહારમાં નૌકાની સાથે તેઓની કલ્યાણભાવના પણ સરતી રહી. સમાજ-કલ્યાણ અને આત્યંતિક કલ્યાણ – બંનેનું જતન કરી જાણનારા તેઓ ખરેખરા ગુણાતીત ગુરુ હતા.

ઉકાઈથી સાંકરી પધારેલા સ્વામીશ્રી તા. ૫/૨ની સવારે કથા કરી રહેલા ત્યારે એક મુમુક્ષુ યુવાન પણ શ્રોતાવર્ગમાં બેઠેલો. તેના મનમાં કેટલીક જિજ્ઞાસાઓ સળવળતી હતી. તેનું સમાધાન કરતાં સ્વામીશ્રીએ તે યુવકને અદ્‌ભુત વિવેક-ચતુષ્ટય સંભળાવ્યું, જે આ મુજબ હતું:

- મુમુક્ષુ સાધકે ગુરુને કયાં લક્ષણોથી ઓળખવા?

  'જે ગુરુમાં નિર્માન, નિર્લોભ, નિઃસ્વાદ, નિસ્નેહ અને નિષ્કામ – આ પાંચ વ્રતોનું સંપૂર્ણ પાલન હોય અને ભગવાનની ભક્તિમાં જે રત રહેતા હોય તે સાચા ગુરુ કહેવાય.'
- પરંતુ એવા ગુરુને ઓળખવા માટે તેમની પાસે રહેવું પડે, સમય લાગે. તો પહેલી દૃષ્ટિએ કયાં લક્ષણથી ગુરુને ઓળખવા?

  'જેમનાં દર્શનથી અંતરમાં શાંતિ થાય તો જાણવું કે ગુરુ સાચા છે. બાકી સમાગમ તો કરવો જ રહ્યો અને તેને માટે સમય પણ કાઢવો જ પડે. પહેલી દૃષ્ટિએ કદાચ ગુરુમાં એવું વ્યક્તિત્વ, વાચાળતા ન જણાય છતાં સમાગમ કરવાથી તેમના ગુણો સંપૂર્ણપણે ઓળખાય. એવી જ રીતે કોઈ ઉપરની દૃષ્ટિએ ખૂબ જ વાચાળ અને પ્રતિભાશાળી દેખાતા હોય છતાં સમાગમ કરવાથી તેમનામાં ગુણો ન પણ દેખાય. માટે સમાગમ તો કરવો જ રહ્યો.'
- જે ગુરુ હાલ ન હોય, છતાં મનુષ્યદેહધારી લોકોને જ્ઞાન આપ્યું હોય અને તેમનાં પ્રવચનો, તત્ત્વજ્ઞાન વગેરેની નોંધો હોય તે વાંચીને તે ગુરુમાં જોડાઈએ તો કલ્યાણ થાય કે નહીં?

  'કલ્યાણ તો પ્રત્યક્ષ ગુરુના સમાગમથી જ થાય; કારણ કે તે ગુરુ સંશય હરે, અજ્ઞાન કાઢે અને દોષ ટાળે. બાકી આગળ થઈ ગયેલા ગુરુનું જ્ઞાન વાંચીને તેમનામાં જોડાય તો સંસ્કાર થાય પણ મોક્ષ તો ન જ થાય. ગીતા, ભાગવત અને આપણાં બીજાં શાસ્ત્રો પણ એવી

વિભૂતિઓએ જ લખેલાં છે. છતાં તે વાંચીને મુમુક્ષુનું અજ્ઞાન ટળ્યું છે? માટે પ્રત્યક્ષ ગુરુ હોય તો જ કલ્યાણ થાય.'

- ભારતમાં ઘણા દેવો છે, ઘણા ધર્મો છે અને ઘણા અવતારો થઈ ગયા અને તે બધા અંદર-અંદર ઝગડે છે અને ધર્મમાં ભાગલા પડી ગયા હોય એવું દેખાય છે. તો પછી આ નવો ધર્મ અને નવા અવતારની શી જરૂર?

  'ધર્મ સનાતન છે અને અવતારો બધા એક ભગવાનના જ થયા છે. ઝગડા બધા અજ્ઞાનના છે. સાચા ગુરુને સમદૃષ્ટિ હોય છે. અમારા ગુરુ યોગીજી મહારાજ દરેક મંદિરમાં જતા, દરેકને સન્માનતા. એમને તો *'જ્યાં જુઓ ત્યાં રામજી, બીજું ન ભાસે રે...'* એવું હતું. માટે એવી સમજણ, બુદ્ધિવાળા હોય તેવા ગુરુને જ અનુસરવું.'

સ્વામીશ્રીના મુખેથી નીકળેલી આ ગુરુ-મીમાંસા અનેકના સંશયોને વાઢનારી છે.

## પીડ પરાઈ જાણે

તા. ૫/૨ની સાંજે સ્વામીશ્રી સાંકરીથી રાયમ, બારડોલી, વાવ, કઠોર, વેલંજા, આંબોલી, કીમ, મુળદ, કોસંબા, ભરૂચ થઈને અટલાદરા પધાર્યા.

અત્રે તા. ૮/૨ના રોજ શાસ્ત્રીજી મહારાજનો ૧૦૮મો જન્મોત્સવ ધામધૂમથી સંપન્ન થયો. તે સભામાં ગુજરાતમાં પ્રવર્તી રહેલા દુષ્કાળને લક્ષમાં રાખીને સ્વામીશ્રીએ દુષ્કાળ રાહત ફંડમાં ૧૦૮ મણ અનાજ અર્પણ કર્યું.

દુષ્કાળને કારણે આ સમૈયામાં ઉપસ્થિત રહેનાર સૌ માટે જમણવારની વ્યવસ્થા ન રાખવાનું આયોજન અગાઉ વિચારવામાં આવેલું. તે અંગેની જાહેરાતો પણ કરી દેવામાં આવેલી. પરંતુ કરુણામય સ્વામીશ્રીને લાગ્યું કે 'સમૈયામાં દૂર-દૂરનાં ગામોમાંથી આવનારા ભક્તો પાછા ઘેર જઈને ક્યારે જમશે?' તેથી તેઓએ સૌની આંતરડી ઠારવા ઊંધિયાના મહાપ્રસાદની વ્યવસ્થા કરાવી.

પારકી પીડાને પોતીકી પીડા કરતાંયે વધુ તીવ્રતાથી અનુભવતા સ્વામીશ્રીના મનમાં આવા સૂક્ષ્મ વિચારો ઊઠતા જ રહેતા અને તે મુજબ તેઓ બંદોબસ્ત કરાવતા. તેઓનું સાંનિધ્ય એવું હતું કે ત્યાં કોઈ ભૂખ્યું-દુઃખ્યું રહે જ નહીં.

આવા સહવાસથી અડાસ, સારસાને ધન્ય કરતાં સ્વામીશ્રી નીણમ પધાર્યા. અહીં તા. ૧૫/૨ના રોજ નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી, તેઓ તેગવા, નાહિયેર, કેલોદ થઈને સમની પહોંચ્યા. અત્રે તા. ૧૭/૨ની સવારે તેઓના વરદહસ્તે નવી પોસ્ટ ઑફિસનું ઉદ્‌ઘાટન થયું! ત્યારબાદ માતર(મિયાંગામ), ગુતાલ, ઉત્તરસંડા થઈને સ્વામીશ્રી રાત્રે પોણા બાર વાગ્યે નડિયાદ પધાર્યા.

## કલ્પવૃક્ષનું રે રૂડું ઝાડવું

તા. ૧૮/૨ની સવારે નડિયાદથી અમદાવાદ જવા નીકળેલા સ્વામીશ્રીનાં ત્રણ પ્રયોજન હતાં: પ્રથમ તો એક હરિભક્તના જમાઈનું ધામગમન થતાં તેઓના દીકરાઓને આશ્વાસન આપવું, કારણ કે કુટુંબીઓની એ માંગ હતી. બીજું, એક હરિભક્તના ઘેર યોજાયેલા લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા, કારણ કે જાનૈયાઓને એ કોડ હતા. ત્રીજું, એક નવનિર્મિત કૉલોનીમાં ઘરોઘર પધરામણીઓ કરવી, કારણ કે હરિભક્તોની એવી ઇચ્છા હતી.

ચાર કલાકમાં આ ત્રણેય કાર્યો પૂર્ણ કરીને સ્વામીશ્રી બપોરે એક વાગ્યે પુનઃ નડિયાદ પધારી ગયા, કારણ કે અહીં 'મારા નવા મકાનમાં સ્વામીશ્રી ઠાકોરજી જમાડે પછી જ હું રહેવા જઉં' એવો એક હરિભક્તનો મનોરથ હતો.

આ મનોરથ પૂરો કરીને સ્વામીશ્રી ભોજન બાદ આરામ કરવાને બદલે મિશનરી હૉસ્પિટલમાં બે બીમાર હરિભક્તોની ખબર-અંતર પૂછવા પધાર્યા, કારણ કે તે બંને સ્વામીશ્રીને ઝંખી રહેલા. તેઓને હૂંફ આપીને સ્વામીશ્રી નડિયાદ અને આજુબાજુનાં ગામોનાં સત્સંગ મંડળોએ યોજેલા સ્નેહ-સંમેલનમાં પધાર્યા. તેમાં સ્વામીશ્રીના હસ્તે જ યુવકોને ઇનામોનું વિતરણ થાય એવી આયોજકોની મનષા હતી.

તે પૂરી કરીને સ્વામીશ્રી જઈ પહોંચ્યા નડિયાદના શાક-માર્કેટમાં, કારણ કે અહીં તેઓની પધરામણીઓ ગોઠવવામાં આવેલી. શહેરના શાક-માર્કેટમાં સાંજના સમયે તો પગ કચરાય તેટલી ગિરદી હોય. તેમાં સ્ત્રીનો સ્પર્શ થઈ જતાં ઉપવાસ પડવાની પૂરેપૂરી શક્યતા. પણ ત્યાં પધારીને સૌના ભાવ પૂરા કરી સ્વામીશ્રી રાત્રે વસો પધાર્યા ત્યારે સૌ ગાઈ રહેલા:

*'કલ્પવૃક્ષનું રે રૂડું ઝાડવું...*
*એની છાંયડીમાં બેસીને જેવું ચિંતવો, તે મળે એમાં કાંઈ નહીં ફેરફાર રે...'*

સ્વામીશ્રીની જીવનશૈલીનું આ પંક્તિઓમાં તાદૃશ દર્શન છે, પણ ફર્ક એટલો કે પોતાના મનોરથો સિદ્ધ કરવા મનુષ્યે કલ્પવૃક્ષ નીચે જવું પડે, જ્યારે અહીં મનુષ્યો ઘેર બેઠાં જે જે સંકલ્પો કરતા તે પૂરા કરવા કલ્પવૃક્ષ ત્યાં ત્યાં પહોંચતું! કલ્પવૃક્ષની કેવી કરુણા!!

આવા કલ્પવૃક્ષ સમા સ્વામીશ્રીની છાયામાં તા. ૧૯/૨ના રોજ વસો અને તા. ૨૩/૨ની સવારે નાર મુકામે નૂતન મંદિરોના ખાતવિધિ થયા. ત્યારબાદ સ્વામીશ્રી 'ગુજરાત મેલ'માં બેસીને તા. ૨૪/૨ની સવારે મુંબઈ પહોંચ્યા.

અહીં સવારથી સાંજ સુધીનું જ રોકાણ હતું, તેથી કોઈ વિશેષ કાર્યક્રમો યોજેલા નહીં. પરંતુ સ્વામીશ્રીનું આગમન જ સૌ માટે વિશેષ બની રહેતું. તેથી ઘણા હરિભક્તો દર્શન માટે દોડી આવેલા. દીવો પ્રગટવો જોઈએ. તેમાં કૂદી પડવા પતંગિયાંઓને ધસી આવતાં કેટલી વાર?

આવા જ આકર્ષણનો અનુભવ કલકત્તાવાસીઓને પણ થયો. મુંબઈથી હવાઈમાર્ગે કલકત્તા પધારેલા સ્વામીશ્રીનું અહીં પણ એક દિવસનું ટૂંકું રોકાણ જ હતું. તોય એ એક ઘૂંટડો અમૃતનો હતો ને! તેથી મોડી રાત્રે પણ મોટી સંખ્યામાં ભાવિકો ઊમટી પડેલા!

કલકત્તાથી 'રાંચી એક્સપ્રેસ' દ્વારા સ્વામીશ્રી તા. ૨૭/૨ની સવારે રાંચી પધાર્યા. અહીં દિવસ દરમ્યાન ભક્તોના મનોરથો પૂરા કરી તેઓ રાત્રે જમશેદપુર પહોંચ્યા. અત્રે તા. ૨૮/૨ની સાંજે સ્વામીશ્રીએ 'ટાટા' કંપનીના વિરાટ ઉદ્યોગ-સંકુલમાં પધરામણી કરેલી. ત્યાં મુખ્ય અભિયંતા તેઓને દરેક ઠેકાણે લઈ ગયા અને આખું કારખાનું પ્રસાદીભૂત કરાવ્યું. સ્વામીશ્રીએ પણ સઘળે પુષ્પો વેરતાં વેરતાં, માલિકથી મજૂર સુધીના સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી.

## મારા જનમોજનમનાં પુણ્ય ફળ્યાં

સ્વામીશ્રી સાથેના આ વિચરણમાં કલકત્તાના યુવાન અતુલ અજમેરા પણ સામેલ થયેલા. તેઓને ગાવાનો શોખ ભારે. તેથી આ વિચરણમાં તેઓ સ્વામીશ્રી સમક્ષ ભજન ગાવાની ઝંખના સેવી રહેલા. તા. ૧/૩ની સવારે આ 'ચાન્સ' મળે એમ હતું, કારણ કે આ દિવસે મુસાફરી આગળ ધપવાની હોવાથી સહપ્રવાસી સંતો સામાનની સંકેલણીનાં કાર્યોમાં વ્યસ્ત હતા. પણ કો'ક કારણસર આજેય ભજન લલકારવાનો મેળ પડ્યો નહીં. મનની મનમાં

રહી જવાથી તે યુવાન ઉદાસ થઈ ગયા.

થોડી વારમાં પ્રાતઃપૂજા પૂરી થઈ. સૌ વીખરાયા. તે વખતે સ્વામીશ્રીએ પેલા યુવાનને પોતાની પાસે બોલાવ્યા અને 'મારી સાથે અંદર આવ' કહેતાં તેઓ તેને ઓરડામાં લઈ ગયા. ત્યાં એક બારી હતી. તેનો સળિયો પકડી સ્વામીશ્રી ઊભા રહી ગયા અને કહ્યું : 'કીર્તન ગા.'

સ્વામીશ્રીના મુખે આ શબ્દો સાંભળી તે યુવાન તો આભા જ બની ગયા ! તેઓએ આનંદમાં આવીને શરૂ કર્યું : *'મને સંત મળ્યા, ભગવંત મળ્યા; મારા જનમોજનમનાં પુણ્ય ફળ્યાં...'*

પણ આ કાંઈ પ્રાતઃપૂજા હતી ? તેથી તે યુવક કીર્તનનું મુખડું અને એક કડી ગાઈને અટક્યા. ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા : 'આખું કીર્તન ગાઈ લે.' આમ કહી તેઓએ ઊભાં ઊભાં તે યુવાનના કંઠે આખું કીર્તન સાંભળીને તેઓની અભિલાષા પૂરી કરી. તે વખતે અતુલ પાસે સ્વામીશ્રીએ આપેલા આ અતુલનીય સુખને મૂલવવા કોઈ જ શબ્દો નહોતા. તેઓનું હૈયું વારંવાર એક જ પંક્તિ ગાઈ રહ્યું : *'મારા જનમોજનમનાં પુણ્ય ફળ્યાં... મને સંત મળ્યા, ભગવંત મળ્યા.'*

એક સાથે અનેકને આવો અનુભવ કરાવતાં સ્વામીશ્રી તા. ૧/૩ની સવારે જમશેદપુરથી બોકારો, ચાસ અને ધનબાદને પાવન કરતાં કુમારધુબી પધાર્યા. અત્રે ગિરીશભાઈએ સ્વામીશ્રીની બધી જ વ્યવસ્થા સાચવી અને ઘણા મોટા ઑફિસરોને પણ સ્વામીશ્રીનો યોગ કરાવ્યો.

આ અરસામાં સંસ્થાકીય સામયિક 'પ્રકાશ' દ્વારા સ્વામીશ્રી સત્સંગની વૃદ્ધિ માટે સમયનો ભોગ આપવાની હાકલ સત્સંગીઓને ઘણી વાર કરી ચૂકેલા. તેઓની આ રુચિમાં ભળી અનેક હરિભક્તો પોતાના પરિચિતોને વિવિધ નિમિત્તે સત્સંગના વર્તુળમાં લાવતા રહેતા. આવા હજારો હરિભક્તોનાં નામ-ઠામ ઇતિહાસની પાદટીપમાં પણ કદાચ નહીં લખાય, પરંતુ સત્સંગના વિકાસમાં તેઓનું યોગદાન ન ભુલાય તેવું છે.

## નિર્મળ અને નિખાલસ

કુમારધુબીમાં ભારત મેકનેલી એન્જિ. કંપનીના સંકુલમાં યોજાયેલી રાત્રિસભામાં ગુજરાતીઓ ઉપરાંત ઘણા પરભાષીઓ લાભ લેવા બેઠેલા. તેથી હિંદીમાં પ્રવચન કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

"જબ ભગવાન ભજને કે વાસ્તે જાતે હૈ, ત્યારે વચમાં માયા આડી આતી હૈ. શ્રીજી મહારાજ કે સંત ગોવિંદ સ્વામી થે. વે જબ સાધુ બનવા આતે થે તબ રસ્તામાં એક રાજાકી બાની મલી. ગોવિંદ સ્વામી કું કહા, 'યે જો ઘરેણાં, પૈસા ઔર મૈં તુમારી, ચલો...'

પર ગોવિંદ સ્વામીને સોચા કે 'ભગવાન ભજને કે વાસ્તે જબ જાતે હૈ તો માયા આડી આતી હૈ.' એટલે વસ્ત્ર નીચે રખકે બોલે, 'યહાં બેઠો. મૈં અબી ખત્રે(શૌચ) જાકે આતા હૂં..." આમ ને આમ દિવ્ય હિંદીમાં સ્વામીશ્રીએ પ્રવચન પૂરું કર્યું.

તે પછી રાત્રે જ્યારે સૌ ઉતારે આવ્યા ત્યારે ઘનશ્યામચરણદાસ સ્વામીએ આ હિંદી વક્તવ્યની સ્મૃતિ કરાવી રમૂજમાં કહ્યું: 'બાપા ! હિન્દીમાં 'ખતરા'નો અર્થ 'ડેન્જર' (ભયાનક) થાય. શૌચના અર્થમાં એ ન વપરાય.'

'ભ'ઈ ! અમને તો જેવું આવડે તેવું બોલીએ.' સ્વામીશ્રી નરી નિખાલસતાથી બોલ્યા.

કોઈ પોતાની ઊણપ ચીંધે તે માનવીને મુદ્દલ ગમતું નથી. તેમાંય બે-પાંચની હાજરીમાં આવી વાત થાય ત્યારે તો કારી ઘા વાગ્યા જેવી વેદના ઊપડે. પણ સ્વામીશ્રી એટલા નિર્મળ અને નિખાલસ હતા કે વયમાં નાના અને અનુભવમાં કાચા શિષ્યો પણ આવો હળવો વિનોદ તેઓ સાથે કરી શકતા.

બીજે દિવસે પણ રાત્રિસભા અને હિંદી પ્રવચન થયાં. ત્યારપછી સૌ ઉતારે આવ્યા ત્યારે ઘનશ્યામચરણદાસ સ્વામી તરફથી કોઈ 'કોમેન્ટ' આવી નહીં. તેથી આરામમાં જતી વખતે સ્વામીશ્રી ઠાવકાઈભરી હળવાશથી બોલ્યા: 'હાશ ! આજ અમને શાંતિ થઈ. અમારા મનમાં એમ કે આજે પણ ઘનશ્યામ ભૂલ કાઢશે...'

આ સાંભળતાં જ છોભીલા પડી ગયેલા ઘનશ્યામ સ્વામીએ કહ્યું: 'બાપા ! મારી ભૂલ થઈ ગઈ. હવે ક્યારેય આપની ભૂલ નહીં કાઢું.'

તે વખતે સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા. પછી તો ઘણી રમૂજ ચાલી અને 'હાસ્યેન સમાપયેત્' મુજબ દિવસ પૂરો થયો.

આમ, સ્વામીશ્રીનું વિચરણ ધરખમ રહેતું, પણ ભારેખમ નહીં. તેઓ સૌ સાથે એટલી નિખાલસતાથી હળી-ભળી જતા કે પતંગિયું ફૂલ પર બેસતાં ફૂલને જેટલો ભાર અનુભવાય તેટલો પણ સ્વામીશ્રીનો ભાર કોઈને ન અનુભવાય.

## શિશુ-સિદ્ધનું સખ્ય

કુમારધુબીથી બર્દવાન, કલકત્તા, મુંબઈ, દહાણુ, બોરડી, ઉમરગામ, સંજાણ, ખતલવાડાને પાવન કરતાં, સ્વામીશ્રી તા. ૧૨/૩ના રોજ સેલવાસમાં મંદિરનું ખાતમુહૂર્ત કરી, આમલીને લાભ આપતાં મોટી તંબાડી જવા નીકળ્યા.

તેઓને ગામોગામ અને ઘરોઘર ઘૂમતા જોઈને આ ગામના બારેક વર્ષના આદિવાસી બાળક રામુ પટેલને કોડ જાગ્યા હતા કે 'સ્વામીબાપાને મારે ઘેર લઈ જવા.'

પણ તેના ઝૂંપડા સુધી ગાડી પણ જઈ શકે એમ નહોતી. છતાં 'मनोरथानामगतिर्न विद्यते।'[૬૬] – મનોરથોને કોઈ બાંધી શકતું નથી. તેથી રામુ તો જઈ પહોંચેલો સ્વામીશ્રી પાસે અને કહેલું કે 'સ્વામી ! મારે ઘેર આવો.'

તેણે આવી ટૂંકી ને ટચ આમંત્રણ-પત્રિકા દેતાં સ્વામીશ્રીએ પણ વચન આપ્યું : 'સારું. તારે ત્યાં આવીશું.'

ત્યારે સૌએ જણાવ્યું : 'સ્વામી ! આના ગામ સુધી ગાડી જાય એમ નથી.'

'ભલે, પણ આપણે જવું છે.' સ્વામીશ્રીનો નિર્ણય અફર રહેલો અને આજે તેઓ એ બાળકને રાજી કરવા નીકળી પડેલા.

વાઘછીપા સુધી ગાડી આવી પણ આગળ તો હવે ગાડાનીયે ગતિ ન થાય તેવી નાનકડી કેડી હતી. તેથી સ્વામીશ્રી ગાડીમાંથી ઊતરીને પેલા બાળકની પાછળ પાછળ ચાલવા લાગ્યા.

થોડે આગળ ગયા ત્યાં વચ્ચે નદી આવી. તેને ચાલતાં ચાલતાં જ પાર કરવાની હતી. તેથી ધોતિયું ઊંચે ચઢાવી, પગરખાં કાઢી સ્વામીશ્રીએ પાણી ડહોળતાં નદી ઓળંગી.

સામે કિનારે પહોંચતાં એક ગાડાવાળો દેખાયો. દલપત એનું નામ. તેને વિનંતી કરવામાં આવી : 'આ સ્વામીને ગાડામાં બેસાડશો ?' તેના હૈયામાં રામ વસેલા. તેણે 'હા' પાડી એટલે તેના ગાડામાંય હવે રામ વસ્યા ! પણ પરાળ ઉપર.

ઉબડ-ખાબડ રસ્તે મુસાફરી આગળ વધી. સ્વામીશ્રીએ રામુને પોતાની પાસે જ બેસાડેલો. તેને કહેલું : 'તું મને કહેતો જજે કે આ કયું ગામ આવ્યું ? આ શું આવ્યું ?' તે મુજબ રામુ આવડે એવી વાત કરતો જાય અને સ્વામીશ્રી

---

૬૬. कुमारसम्भवम् – ૫/૬૪.

રસપૂર્વક સાંભળતા જાય.

એમ કરતાં કુલ આઠ કિલોમીટરનો પંથ કપાયો અને બાળકનું ઝૂંપડું આવી ગયું. તેણે આંગળી ચીંધતાં પોતાની તે પ્યારી કુટિયા સ્વામીશ્રીને બતાવી !

તે જોઈ સ્વામીશ્રીએ કહ્યું : 'ચાલો ત્યારે. અંદર જવું છે ને ?!' એમ પ્રેમપૂર્વક કહેતાં તેઓ નીચા વળીને તે આદિવાસી બાળકના ઝૂંપડામાં પધાર્યા. રામુ પાસે જ ઠાકોરજીનું પૂજન કરાવ્યું. આરતી ઉતરાવી. તેના કપાળમાં ચાંદલો કરીને આશીર્વાદ આપ્યા. રામુએ પણ સ્વામીશ્રીને ચાંદલો કર્યો. પછી તે ગોબાયેલી તાસકમાં પ્રસાદ લઈ આવ્યો. સુદામાએ કૃષ્ણને તાંદુલ ધરેલાં તેમ તેણે તે ઠાકોરજીને ધરાવ્યા. પણ રામુ આજે જાણે આકાશમાં ઊડી રહેલો. તેનો આનંદ જોઈ સ્વામીશ્રી પણ હરખાતા હતા.

જે પધરામણીમાં જવાથી પ્રસિદ્ધિના કોઈ પવાડા-સિંધુડા ગવાવાના નહોતા; જે પધરામણીમાં જવાથી ફદિયું-દનિયું મળવાનું નહોતું; જે પધરામણીમાં જવાથી લોકમતે તો સમયની નરી બરબાદી જ હતી; છતાં આ પધરામણી કરવા પાછળ સ્વામીશ્રીની કઈ ભાવના હશે ?! ગહન સંશોધનને માંગી લે એવો આ કોયડો છે ! સમાજના છેવાડે-પછવાડે જીવતા બાળકના એક અરમાનને આટલો આદર આપનાર મહાપુરુષો સમાજે કેટલા વાંચ્યા-સાંભળ્યા છે ? વિદુરની ઝૂંપડીએ પધારેલા કૃષ્ણ કે શબરીની ઝૂંપડીએ પધારેલા રામ જેવી ઘટનાઓ તો સ્વામીશ્રીનો રોજિંદો ક્રમ હતી !

સ્વામીશ્રી કૂબામાંથી પધરામણી કરીને બહાર પધાર્યા ત્યારે તેઓની નજર સામે આવેલા હનુમાનજીના મંદિર પર ગઈ. આ મંદિર બસો વર્ષ પુરાણું હતું, પણ તેમાં પધરાવેલ હનુમાનજી પર સિંદૂરના થર એવા અને એટલા જામેલા કે મૂર્તિ સાવ ગંદી થઈ ગઈ હતી. તેથી સ્વામીશ્રી ત્યાં ગયા અને મૂર્તિને સ્વચ્છ કરવાની પ્રેરણા આપી. સ્વામીશ્રીની પધરામણી પેલા 'રામજી'ની સાથે આ હનુમાનજીને પણ ફળી ! પછી તો સ્વામીશ્રીએ તે જ મંદિરમાં ગામવાસીઓને ભેગા કરીને એક કલાક સુધી વ્યસનમુક્તિ અને ભક્તિની પ્રેરણાઓ આપી.

લોકસંપર્ક માટે સ્વામીશ્રીએ પસંદ કરેલાં આવાં અબુધ અને અંતરિયાળ ગામો એ તેઓના અંતરમાં કયા વર્ગ-વર્ણનું કલ્યાણ કરવાની ભાવના હતી તેનું દર્શન કરાવે છે. ભક્તોના ભાવને વશ સ્વામીશ્રીને કોઈ ગામ દૂર નહોતું, કોઈ શેરી અજાણી નહોતી અને કોઈ ઘર સામાન્ય નહોતું.

## રાખે સહુ પર એ સરખી પ્રીતિ

મોટી તંબાડીથી ચલા, વાપી, બારડોલી, આફવાને લાભ આપતાં સ્વામીશ્રી તા. ૧૫/૩ની સવારે અંકલેશ્વર પહોંચ્યા. આજે એકાદશી હોવાથી ભોજન-પાણી બંધ હતાં, પરંતુ સ્વામીશ્રીનો ઉત્સાહ અકબંધ હતો. તેથી તેઓ અહીં નગરયાત્રા અને સભાનો લાભ આપીને બોરભાઠામાં કેટલીક પધરામણીઓ કરતાં પધાર્યા ખરચી-ભીલવાડા ગામે.

અત્રે સ્વામીશ્રીના ઉતારાનું સ્થળ હતું – સહકારી ગોડાઉન ! અનંતને સુખિયા કરવાની તેઓની ધગશ આગળ ઠામ-ઠેકાણાંનો કોઈ મેળ રહેતો નહીં. તેથી જ્યાં અનાજની ગૂણો ખડકાય ત્યાં તેઓનાં પોટલાં મુકાયાં.

ગોડાઉનમાં સામાન મૂકીને સ્વામીશ્રી નીકળી પડ્યા પધરામણીઓ કરવા. આ ગામમાં પટેલોને દાડિયાની જરૂર અને આદિવાસીઓને ફદિયાંની. તેથી એકબીજાથી દૂર ને દૂર રહેવા મથતી આ બે જ્ઞાતિઓનું સહ-અસ્તિત્વ ટકેલું. પરંતુ સ્વામીશ્રીએ બંનેને લક્ષમાં લીધા. તેઓ પટેલોનાં ઘેર અને આદિવાસીઓનાં ઝૂંપડે ગયા. તે વખતે ઊંચ-નીચનાં બેય પલ્લાંને સમતોલ રાખનારા સંત આ ગામે પહેલી વાર જોયા !

સ્વામીશ્રી પચાસ ઝૂંપડાંઓમાં ફર્યા. એકેએક ઝૂંપડું દારૂમાં ડૂબેલું હતું. તેથી ઉપવાસમાં અનુભવાતા સમી સાંજના તીવ્ર કંઠશોષની પીડામાં પણ તેઓએ દરેકને દારૂ ન પીવાની વાતો સંભળાવી વ્યસનમુક્ત કર્યા.

છેલ્લે સૌ આદિવાસી રહીશોની સભામાં કહ્યું કે –

''વિષય, વ્યસન ને વહેમ, આ ત્રણ પ્રભુ ભજવા દે કેમ ? અમો તમારા ગામમાં આવ્યા અને તમારી બધાની વાત જાણી દુઃખ થાય છે. તમો બધા આવા પ્રેમી, ભજનમાં રસિયા અને આવું વ્યસન તમને શોભે ? આ તો 'સ્વામી ! અમારે ખેતી કરવાની, મહેનત કરવાની, માટે જોઈએ. એના વિના ના ચાલે.' અરે, ભ'ઈ ! એવું કાંઈ નથી. આખી દુનિયામાં કેટલાય વ્યસન વગર જીવે છે. ધર્મસંકટ આવી પડે તોય ગુરુવચનમાં કે આવા સંતના વચનમાં ફેરફાર ન થવો જોઈએ, ત્યારે તમો સાચા કહેવાઓ.

એમ ને એમ વિના મહેનતે આવા સંત કે ભગવાનનો જોગ થવો એ જ દુર્લભ છે. એ તમને સહેજે મળ્યા છે. આ તો બીડી મુકાવીએ, પીવાનું મુકાવીએ ત્યારે કહે, 'સ્વામી ! આમ થાય છે. ગોળો ચઢે, ફલાણું થાય, ઢીકણું

થાય.' એ બધાં બહાનાં બતાવે. બીડી આપણને વળગી છે? ના. બીડીને તમે વળગ્યા છો. બે વેઢાની બીડીનું જોર કેટલું? આવી ત્રણ મણની કાયાને ગમે ત્યાંથી ઉપાડે. આવી નિર્જીવ છે તોય ખિસ્સામાં પડી પડી ઊંચી-નીચી થાય.

અરે, ભલા! એમ શું કામ પૈસા વેડફી નાખવા? તમે તો એક કે બે પ્યાલી ચઢાવતા હશો. ૨૫-૫૦ બીડી પીતાં હશો. પણ અમારા જોગીબાપાના વખતમાં આફ્રિકામાં હજારોએ, પાણીની જગ્યાએ દારૂ પીનારાઓએ એક વચને જ ત્યાગ કરી દીધો છે. રોજની ૧૦૦-૧૦૦ સિગારેટવાળા હતા. તેમણે બધાયે ત્યાગ કર્યો. તો તમારું શું? માટે આજથી તમો બધા એક દૃઢ મનમાં નિશ્ચય કરો કે આ વ્યસનો તો આપણા ગામમાં ન જ જોઈએ. પછી આવાં ઝૂંપડાં નહીં રહે. મોટા મહેલ, બંગલાઓ થઈ જશે. મહેનત તો કરો છો. પૈસા કમાવાની શક્તિ છે પણ તેને વાપરવાનો રસ્તો, લાઇન ખોટી છે.

હવેથી અમો કહીએ તેમ કરજો. તો ભગવાન તમારું સારું કરશે. અને આ સ્વામિનારાયણના આશ્રિત થાવ. તો બધાં જ તમારાં વ્યસન એમના બળે નીકળી જશે. અમો આવ્યા છીએ તો આટલું કરજો. તમારા ગામનું નામ ખરચી, જેમ અમારું બદલપુર આખા ચરોતરમાં જાણીતું થઈ ગયું, તેમ થઈ જશે! લોકો 'વાહ વાહ' કરશે. અને અમો તમને ઉપદેશ આપીએ છીએ પણ લોકો તમારો ઉપદેશ લેવા, ગ્રહણ કરવા આવશે. અમારા બદલપુરમાં એવું જ હતું, પણ શાસ્ત્રીજી મહારાજના પ્રતાપે બધા નિર્વ્યસની, મહેનતુ થયા કે તેની વાત ન પૂછો. ધર્માદો કરે એટલી બચત કરે છે. આખા સંપ્રદાયના અધિવેશનમાં પહેલો નંબર લઈ ગયા. અત્યારે આજુબાજુનાં ૨૫ ગામોમાં ત્યાંના હરિભક્તો, યુવકો તમારા જેવા છે તે ઉપદેશ કરવા જાય છે. એ બધું થયું એમ આ બધું થઈ જશે. જાઓ, એવા આશીર્વાદ છે. સુખિયા થઈ જશો.'

સમાજમાં છેલ્લી પાયરીએ ઊભેલી વ્યક્તિ માટે પણ સ્વામીશ્રીને અપાર આદર અને અહોભાવ હતા. તેઓને કદી કોઈ નકામો-નમાલો લાગ્યો જ નહોતો. આવા આગવા અભિગમથી સ્વામીશ્રીએ આજે દૂબળાને પણ ઊજળા કરી મૂક્યા.

આદિવાસીઓનાં અંતરમાં અજવાળાં પાથરતી આ સભાનું સમાપન સ્વામીશ્રીએ કર્યું, ત્યારે આજના આખા દિવસમાં પાણીનું એક ટીપુંય મોંમાં મૂક્યા સિવાય આખેઆખી એક કોમને ઉગારવા તેઓએ કરેલો પ્રચંડ પુરુષાર્થ જોઈને આકાશમાં લાખ-લાખ તારલાઓ તેઓની આરતી ઉતારવા હાજર

થઈ ગયેલા! સભા પૂરી કરીને રાત્રિના બાર વાગ્યે સ્વામીશ્રી તો આરામમાં પધારી ગયા પણ પેલા તારલાઓ આ અધમોદ્ધારકની આરતી આખી રાત ઉતારતા રહ્યા!

## શિશુ-સન્માન એકસમાન

ખરચીથી સ્વામીશ્રી કંડારી, વડોદરા, બાજવા, નડિયાદ થઈને તા. ૧૬/૩ની રાત્રે સાડા અગિયાર વાગ્યે દાવડા પહોંચ્યા. અહીં નગરયાત્રા પૂરી થતાં જ લગભગ સવા બાર વાગી ચૂક્યા. ત્યારપછી તો સભા શરૂ થઈ. તેમાં શાંતિથી કથારસ રેલાવી રાત્રે એક વાગ્યે સ્વામીશ્રી આરામમાં પધાર્યા.

આમ, દિવસ-રાતના ભેદ ભૂંસી વિચરતાં તેઓ બીજે દિવસે દાવડામાં એકધારી ૭૫ પધરામણીઓ કરી, નડિયાદ, રઘવાણજ, ખેડા, રઢુ થઈને રાત્રે સારંગપુર પધારી ગયા.

અહીં પ્રાગજી ભક્ત જયંતી અને ફૂલદોલોત્સવ ધામધૂમથી ઊજવી, સ્વામીશ્રી તા. ૨૨/૩ના રોજ પાળિયાદ પધાર્યા. અત્રે સંપ્રદાયના ગાઢ અનુરાગી ઉનડ બાપુ દિવંગત થયા હતા. તેઓના ચિરંજીવી અમરા બાપુને તમામ રીતે સાથ-સહકાર નિભાવવાની બાંયધરી આપી, સ્વામીશ્રી તરઘરા થઈને સારંગપુર આવી પહોંચ્યા. અહીંથી તેઓ તા. ૨૩/૩ના રોજ ઝમરાળા થઈને સાંજે રોહીશાળા પહોંચ્યા.

અત્રે ઉત્સાહી ભક્તોએ શણગારેલા ટ્રેક્ટરમાં સ્વામીશ્રીને પધરાવી ઢોલ-ત્રાંસા ગગડાવતાં ભવ્ય નગરયાત્રા કાઢી. આખા ગામમાં ફરીને સ્વામીશ્રી મંદિરમાં આવ્યા. હવે કાર્યક્રમમાં રાત્રિસભા હતી. તેથી સૌ ભક્તો વાળુ-પાણીથી પરવારવા પોતપોતાના ઘેર ગયા. મંદિરમાં સ્વામીશ્રી, સંતો અને થોડા ભક્તો રહ્યા.

આ વચગાળાના સમયમાં નિત્યક્રમથી પરવારીને સ્વામીશ્રી પોતાનું કામકાજ કરવા બેઠેલા. તે જ વખતે પાંચ-દસ બાળકો રમતાં રમતાં ત્યાં આવી પહોંચ્યા અને સ્વામીશ્રીની આસપાસ ગોઠવાઈ ગયાં. તેઓને જોઈ સ્વામીશ્રી પણ પોતાનું કાર્ય અટકાવી તે બાળકોને પ્રેરણાદાયી વાતો કરવા લાગ્યા. જાણે કોઈ નગરયાત્રા નીકળી જ નથી અને કોઈ સન્માન થયું જ નથી એવી સહજતાથી તેઓ બાળસભાના બાગમાં ખીલેલા. નગરયાત્રામાં નિમિલિત રહેલાં તેઓનાં નયનો અત્યારે પૂરેપૂરાં પ્રફુલ્લિત થઈ ગયેલાં. આ રીતે લગભગ

અડધો કલાક સુધી તેઓએ બાળકોને પીયૂષપાન કરાવ્યું. પ્રાચીન ગુરુકુળના કોઈ પીઢ ઋષિ આશ્રમના ઋષિકુમારોને ઉપનિષદ-વિદ્યા ભણાવી રહ્યા હોય તેવી આ ગોઠડી જોનારને લાગ્યું કે 'સ્વામીશ્રીને શિશુ – સન્માન એકસમાન છે. અરે ! સન્માનથીયે અધિક આ શિશુઓ છે.'

## ભોગ તને ભાવે નહીં રે

તા. ૨૪/૩ની સવારે રોહીશાળામાં ૬૦ પધરામણીઓ કરી સ્વામીશ્રી લાઠીદડ, સારંગપુરને લાભ આપતાં નાવડા પધાર્યા. અહીં તેઓ તા. ૨૫/૩ના રોજ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી લીંબડી પહોંચ્યા.

અત્રે તા. ૨૬/૩ના દિવસે મંદિરનું ખાતમુહૂર્ત કરી, વલ્લભીપુર, રામપુર, ઉમરાળા, ચોગઠ, ભાવનગર, જીંથરી, પાલિતાણા, નવાગામ(ખડેલી), નાની વાવડી, ઢસા, ગઢડા, બોડકી, ગુંદાળા, આંબરડી અને નાના રાજકોટને પાવન કરતાં તા. ૧/૪ના રોજ ગોંડલ પધાર્યા.

અહીં રાત્રે પોણા બાર વાગ્યે તેઓની નગરયાત્રાનાં ઢોલ ઢબૂકી ઊઠ્યાં ! સ્વામીશ્રીની પાછળ-પાછળ ઢસડાઈ આવતાં સન્માનને પણ હવે રાત-દા'ડાનો કોઈ મેળ રહ્યો નહોતો ! સ્વામીશ્રીના સંગે તે પણ ભીડો વેઠતું થઈ ગયેલું !!

સ્વામીશ્રીનો આ ભીડો જોઈને જ આ અરસામાં સંસ્થાના મોવડીઓ વિચરણમાં અનુકૂળ આવે એવી એક ગાડી વસાવવાની વિચારણા કરી રહેલા. સ્વામીશ્રીના પવનવેગી વિચરણમાં પોતાના વાહન વિના ઘણી મુશ્કેલીઓ ઊભી થતી. અહીંથી તહીં જવા માટે હરિભક્તોની ગાડીઓ મંગાવવામાં ઘણી વાર કાર્યક્રમો ખોરંભે ચડી જતા. ક્યારેક વાહન સમયસર આવે નહીં. ક્યારેક ચાલક ચકોર ન હોય. ક્યારેક વાહન ખોટકાઈને સડક પર ખોડાઈ જાય. વાહનના કદ પણ સામાન અને સહપ્રવાસીઓને સમાવી શકે તેવાં મોટાં ન હોય. છતાંય આવી તકલીફોમાં સ્વામીશ્રીએ ન તો વિચરણનો વેગ મંદ પાડેલો કે ન તો વાહનની માંગ મૂકેલી.

પણ સંતો-ભક્તો હવે સત્સંગની મૂડી સમા તેઓને સાચવવા તત્પર બનેલા. તેથી સ્વામીશ્રી આગળ ગાડી વસાવવાનો પ્રસ્તાવ મૂકાયેલો. પરંતુ તેને સ્વામીશ્રીએ વાયરો સૂકાં પાંદડાંને ઉડાડી મૂકે તેમ ઉડાડી દીધેલો !

સુવિધા અને સન્માનને કદી સ્વામીશ્રીના જીવનમાં સહેલાઈથી પ્રવેશ

મળ્યો નહોતો. તેથી એમ ને એમ ઘણો સમય વીતી ગયો. આ વીતતા દા'ડામાં સ્વામીશ્રીનું વિચરણ વધુ તેજ થવા માંડ્યું. તેથી વાહન વસાવવાના વિચારે પુનઃ વેગ પકડ્યો અને આ સમયે ફાર્ગો ગાડી લેવામાં આવી. પ્રમુખપદે સ્થપાયાના ત્રેવીસમા વર્ષે અને ગુરુપદે બિરાજ્યાના ત્રીજા વર્ષે સ્વામીશ્રી માટે વાહન આવ્યું !

## ઝીલતાં રહેવું, ખીલતાં રહેવું

નવી આવેલી ગાડીમાં સ્વામીશ્રી ગોંડલથી રાજકોટ, તાજપુર, પાટી, સરવાઈ, ભાંભણ વગેરે ગામોને લાભ આપતાં તા. ૧૦/૪ના રોજ સારંગપુર પધાર્યા. અત્રે દર્શન પૂરતું કલાકેક રોકાઈને તેઓએ અમદાવાદ જવા વિદાય લીધી. પ્રવાસીઓમાં ડૉક્ટર સ્વામી અને સેવકોની સાથે એક વડીલ હરિભક્ત પણ હતા. પરંતુ હજી તો હનુમાનજી મંદિરના ઝાંપે પણ ગાડી નહીં પહોંચી હોય ત્યાં તો સાથે મુસાફરી કરી રહેલા પેલા હરિભક્ત સ્વામીશ્રીને સંબોધીને કહેવા લાગ્યા : 'યોગીબાપા ધામમાં ગયા પછી બધું ખાતું બગડી ગયું છે. કોઈ હરિભક્તનું ધ્યાન રાખતું નથી. મહેમાનને સાચવતું નથી. બધા લાહરિયા ભેગા થયા છે...'

આ સાંભળી સેવકો સમસમી રહ્યા, પણ સ્વામીશ્રીની શાંતિમાં આ ઉકળાટથી કોઈ ખલેલ પહોંચી નહીં. તેઓ તો શાંતિથી માળા ફેરવતાં બેઠા હતા. પેલા હરિભક્તે બોલવામાં વચ્ચે પોરો ખાધો ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'તમે કહ્યું એમ જો યોગીબાપા પછી વ્યવહાર બગડી ગયો હોય અને હરિભક્તોનું ધ્યાન ન રખાતું હોય તો તે અમારી ભૂલ થઈ ગઈ. હવે અમે સુધારીશું.'

માનવીય બુદ્ધિમાં ન બેસે એવી નમ્રતાના ધણી સ્વામીશ્રી હતા. સ્વ-બચાવ માટે પણ વળતો હુમલો કરવાનું તેઓ જાણતા ન હતા. જે માથે આવે તે ઝીલતાં રહેવું અને ખીલતાં રહેવું – આ જ રહેલી તેઓની જીવનીશૈલી. તેથી સારંગપુરથી નીકળેલા સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા ત્યારે અહીં કોઈ તેઓનું મુખારવિંદ જોઈને કળી ન શક્યું કે તેઓ અપનાનનો મૂઢ માર ખાતાં ખાતાં આપણા સુધી પહોંચ્યા છે !

અમદાવાદમાં તા. ૧૨/૪ના રોજ મણિનગરના યુવક મંડળનો વાર્ષિક દિન આવતો હતો. સૌ યુવકોએ સ્વામીશ્રીને આ પ્રસંગની સભામાં પધારવા આમંત્રણ આપેલું. તે સ્વીકારીને તેઓ એ યુવક સભામાં જઈ પહોંચ્યા !

યુવા-ઉત્કર્ષની કોઈ પણ પ્રવૃત્તિમાં સ્વામીશ્રીએ કદી મોળું વાટ્યું નહોતું. વીસમી સદીના ઉત્તરાર્ધની એ યુવા પેઢી દેવોનેય અદેખાઈ આવે એટલી સદનસીબ હતી !

વાર્ષિક દિનની આ સભામાં યુવાનોની પ્રસ્તુતિ રસપૂર્વક નિહાળ્યા બાદ સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે –

“એક ગામ હતું. તેમાં એક વણિક વેપાર કરે. તેની દુકાન ગામની વચ્ચે ચોકમાં હતી. તે ચોકમાં એક સરસ સાંઢ આવીને બેસે. સાંઢનાં શિંગડાં મજાનાં ગોળ હતાં. આ વણિક દરરોજ સાંઢનાં શિંગડાં જોઈને મનમાં વિચાર કરે: ‘માળુ, આ સાંઢનાં શિંગડાં સરસ છે. તેના ઉપર બેસવાની મજા આવે એવું છે.’

એમ કરતાં છ મહિના નીકળી ગયા અને તેનો સાંઢનાં શિંગડાં પર બેસવાનો વિચાર મૂર્તિમાન થયો અને તે પોતે સાંઢ પાસે જઈને ધીમેથી ગોળ શિંગડાંમાં બે પગ ભરાવીને બેઠો. સાંઢ તો ભડક્યો અને ઊભો થયો ને બજારમાં દોટ મૂકી.

વાણિયાનો જીવ અધ્ધર થઈ ગયો. તેણે તો બૂમાબૂમ કરી મૂકી. ગામ લોકોએ આ જોઈને સાંઢને પકડીને ઊભો રાખ્યો અને પછી વાણિયાના પગ તેનાં શિંગડાંમાં ભરાઈ ગયેલા તે માંડ માંડ કાઢ્યા. વાણિયો પણ મનમાં પશ્ચાત્તાપ કરવા લાગ્યો. પછી ગામલોકોએ તે વાણિયાને કહ્યું કે ‘તમે સાંઢનાં શિંગડાંમાં પગ ભરાવતાં વિચાર ન કર્યો ?’ તો વાણિયો કહે: ‘છ મહિના સુધી વિચાર કર્યો, પછી બેઠો.’ પણ આવા અવળા વિચાર કરે તે વિચારો શું કામમાં આવે ? ગુરુએ આપેલો વિચાર શ્રેષ્ઠ છે.”

આમ, યુવાપેઢીને રુચે તેવા દૃષ્ટાંત સાથે ઉપયોગી બોધ આપી સ્વામીશ્રીએ વિદાય લીધી.

## સત્કરમ કરે ઔર ચૂપ રહે

અમદાવાદથી સ્વામીશ્રી સુજાણપુર પધાર્યા. અહીં સત્સંગીઓ આંગળીના વેઢે ગણાય એટલા જ; પણ તેઓએ *‘ઉત્સાહ જેના ઉરમાં ન માય, તેના થકી શું ન કરી શકાય...’* પંક્તિઓ મુજબ વરસ-દા’ડામાં તો મંદિર તૈયાર કરી દીધેલું. તેમાં મૂર્તિપ્રતિષ્ઠા કરવા પધારેલા સ્વામીશ્રી અને પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની એકસાથે જ ભવ્ય નગરયાત્રા યોજાઈ ગઈ. આખા ગામે

ભગવાનના અર્ચાસ્વરૂપ અને પ્રગટ સ્વરૂપને અક્ષત-પુષ્પોથી પોંખ્યા, જયનાદોથી વધાવ્યા અને પ્રેમપૂર્વક પધરાવ્યા. તા. ૧૫/૪ના રોજ સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા મૂર્તિપ્રતિષ્ઠા પણ અનેરા હર્ષોલ્લાસ સાથે થઈ.

પ્રતિષ્ઠા બાદ સ્વામીશ્રી સિદ્ધપુર, ઊંઝા, અડાલજને લાભ આપતાં મહીજડા પધાર્યા. અત્રે કાર્યક્રમ હતો – પાણી માટે બોરનું ખાતમુહૂર્ત! ગઈકાલે જે વરદહસ્તે મંદિરની મૂર્તિમાં પ્રાણ પૂરેલા તે જ હાથે આજે કો'ક ખેતરના ખૂણે કોદાળી વડે ભોં ખોદાઈ! ખરેખર, સ્વામીશ્રીની પ્રતિભાનો પનો કોઈની પકડમાં આવે તેવો નહોતો.

મહીજડાથી માતર, ત્રાજ થઈને બોચાસણ પધારેલા સ્વામીશ્રી અહીં સ્નાનાદિક નિત્યકર્મથી પરવારીને રાત્રે સાડા નવથી સાડા બાર વાગ્યા સુધી સંસ્થાકીય મીટિંગમાં બિરાજ્યા. દિવસનાં ચાર-પાંચ ગામ ઘૂમી વળવાના થાક પછી મોડી રાત્રે, સળંગ ત્રણ-ત્રણ કલાક સુધી નિર્ણયાત્મક મીટિંગમાં ટટ્ટાર થઈને બેસનારા સ્વામીશ્રીની કાર્યક્ષમતા કેટલી અમાપ હશે!

બોચાસણના આ નિવાસ દરમ્યાન તા. ૧૮/૪ના રોજ ધર્મજ ગામના મંદિરનો ખાતવિધિ કરી[૬૭] સ્વામીશ્રી એક વાર બોચાસણમાં રહેતા વૃદ્ધ સંતોનાં દર્શન કરવા તેઓના ઉતારે પહોંચેલા. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના સમયના સંતોનો તેઓને ખૂબ મહિમા. આ વડીલ સંતોની દરેક જરૂરિયાતનું સ્વામીશ્રી ખંતપૂર્વક ધ્યાન રાખતા. તેઓની સેવા, નિષ્ઠા અને સદ્‌ગુણી જીવનમાંથી પ્રેરણા લેવાની વાતો તેઓ નવદીક્ષિતોને કરતા રહેતા. આ રીત મુજબ આજે તેઓએ એ વૃદ્ધ સંતો સાથે બેસીને દરેકના ખબર-અંતર પૂછ્યા. તેઓની આ દયા-માયા જોઈને આ વડીલ સંતો ગળગળા થઈ ગયા.

સંતોની દેખભાળ લઈ સ્વામીશ્રી પાછા ફરી રહેલા ત્યારે વચમાં હરિભક્તોના સ્નાન માટેનો બાથરૂમ આવ્યો. ત્યાંથી પસાર થતાં જ સ્વામીશ્રીને બદબૂ અનુભવાઈ. તેથી તેઓ અટક્યા. સાથે ચાલનાર સૌને 'તમે આગળ જાઓ, હું આવું છું;' કહીને અગ્રેસર કરી દીધા. પોતે પેલા બાથરૂમમાં ગયા

૬૭. સ્વામીશ્રીના વરદહસ્તે થયેલા ધર્મજ ગામના મંદિરના આ ખાતમુહૂર્તને નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

અને બારણું વાસ્યું. સૌને થયું કે 'સ્વામીશ્રી લઘુશંકા કરવા ગયા.' પણ ત્યાં તેઓએ ગંધાતા બાથરૂમની સફાઈ આદરી. ઘસી ઘસીને તેને સ્વચ્છ કરી નાંખ્યું.

વ્યાસપીઠના વક્તાનું, મંદિરોના નિર્માતાનું, સંસ્થાના પ્રમુખનું, હજારોના ગુરુનું આ સ્વરૂપ-દર્શન કોઈને ન થાય તેની તકેદારી તેઓએ અગાઉથી લઈ રાખેલી. તેથી બાથરૂમનો બગદો સાફ કરતા તેઓની એ દુર્લભ ઝાંખી તો દુનિયાને ન જડી, પણ બાથરૂમને ચોખ્ખુંચમ કરીને તેઓ બહાર પધાર્યા ત્યારના તેઓના દીદાર સેવાની સાક્ષી પૂરી રહેલા.

માનવીમાત્રને પોતાની સિદ્ધિઓ અને સદ્‌ગુણોનો ઊહાપોહ મચાવવાનું ગમે છે, પરંતુ સદ્‌ગુણ સાથે જોડાઈ ગયેલા આ દુર્ગુણથી સ્વામીશ્રી મુક્ત હતા. કશીયે 'હો હા' વિનાનું સદ્‌ગુણી જીવન એ તેઓનો મોટો સદ્‌ગુણ હતો. 'સત્‌કરમ કરે ઔર ચૂપ રહે'ની જાગીરના તેઓ માલિક હતા.

## શ્રીજીમહારાજનો 'પાવર'

બોચાસણથી ભાદરણ પધારેલા સ્વામીશ્રી અહીંના ત્રણ દિવસના મુકામમાં એક સાંજે શૌચવિધિ બાદ સ્નાન કરી રહેલા. તેવામાં અચાનક વીજપ્રવાહ ચાલ્યો જતાં બલ્બ બંધ થઈ ગયો. દસ-પંદર સેકન્ડ સુધી અંધારું છવાયેલું રહ્યું. ત્યારબાદ વીજળી આવતાં પાછું અજવાળું ફેલાયું. તે વખતે સ્વામીશ્રીએ પોતાના તરફ અંગુલિનિર્દેશ કરતાં સામે ઊભેલા બાળક રાજેશ પોંડાને કહ્યું: 'આ ધુવારણ(પાવર સ્ટેશન)નો પાવર નથી કે આવે ને જાય. આ તો શ્રીજીમહારાજનો 'પાવર' છે. ચોવીસ કલાક પ્રકાશ પ્રકાશ જ રહ્યા કરે.'

તેઓના આ શબ્દો સાંભળનારના અંતરમાં પણ પ્રકાશ... પ્રકાશ... થઈ ગયો. તેમાં સ્વામીશ્રીની 'પાવરફુલ' છબી દર્શાઈ રહી.

## રૂડું કોણ વ્હાતું ?

ભાદરણથી સ્વામીશ્રી તા. ૩૦/૪ની સાંજે રાસ પહોંચ્યા. આ સમયે તેઓ સાથે લાભ લેવા ફરતા ત્રીસ-ચાલીસ યુવકો પણ સ્વામીશ્રી પધારે તે પહેલાં અહીં આવી ગયેલા. તેઓને જોતાં જ સ્વામીશ્રીએ પૂછ્યું: 'ક્યારે આવ્યા ?'

'બપોરે.'

આ ઉત્તર સાંભળી સ્વામીશ્રીને ખેદ થયો. તેઓએ આ યુવકોને અહીં

લઈ આવનાર વાહનના ચાલકને સૂચના આપેલી કે 'તું ઉતાવળ કરતો નહીં. બપોરે નીકળતો નહીં. સાંજે જ નીકળજે.'

આ આદેશનું ઉલ્લંઘન થતાં યુવકોને બપોરે તડકામાં મુસાફરી કરવી પડી તેનું દર્દ સ્વામીશ્રી અનુભવી રહ્યા. તેઓએ માફી માંગતા હોય તેવા વેદનાભર્યા શબ્દો પણ યુવકો સમક્ષ ઉચ્ચાર્યા.

ચૈત્ર-વૈશાખના ધોમધખતા તાપને માથે લઈને ગામોનાં ગામો ખૂંદી વળનાર સ્વામીશ્રી, યુવકોનાં મસ્તકે દસ-બાર કિલોમીટર સુધી પડેલો તાપ સહન કરી શક્યા નહીં! તેઓની આ લાગણી જોઈ યુવાનો પીગળી ગયા. તેઓ *'ચિતે રાખી ચિંતા રૂડું કોણ ચ્હાતું; મહાહેતવાળી દયાળુ જ મા ! તું...'*નું દર્શન સ્વામીશ્રીમાં કરી રહ્યા.

## ગુણાતીત રહી હરિગુણ ગાવત

રાસમાં રાબેતા મુજબ નગરયાત્રા, સ્વાગત-સભા, આરતીના કાર્યક્રમ બાદ રાત્રે નવ વાગ્યે જાહેર-સભા શરૂ થઈ. તેમાં ધૂન-કીર્તન અને એક પ્રાસંગિક પ્રવચન બાદ બદલપુર મંડળનો સાંસ્કૃતિક કાર્યક્રમ પૂરો થતાં સુધીમાં તો સાડા દસ વાગી ગયા. તે વખતે સ્વામીશ્રીએ સાથે ફરતા એક પાર્ષદને કહ્યું : 'તમે ભજન ગાઓ.'

'પણ, બાપા ! મોડું થયું છે. ને હજુ ડૉક્ટર સ્વામીનું પ્રવચન બાકી છે.' પેલા પાર્ષદે સમયની કટોકટી જણાવી.

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'તો વાંધો નહીં. થોડી વાત કરો.' તેઓએ માધ્યમ બદલ્યું, પણ મુદ્દો છોડ્યો નહીં.

સ્વામીશ્રીની આજ્ઞાથી તે પાર્ષદે પ્રવચન કરતાં અગિયારનો ટકોરો પડી ગયો. આ વખતે જેની ચિંતા સ્વામીશ્રી કરી રહેલા તે પેલા લાભ લેવા આવેલા યુવકો તો સભાની આગળ જ ચત્તાપાટ થઈને સૂઈ ગયેલા! સભામાંથી પણ માણસો ઊઠવા લાગેલા. છતાં આ તમામ ગતિવિધિઓથી નિર્લેપ સ્વામીશ્રીએ કહ્યું : 'હવે ડૉક્ટર સ્વામીને માઈક આપો.'

ડૉક્ટર સ્વામીનું પ્રવચન પૂરું થયું ત્યારે સાડા અગિયાર વાગી ચૂકેલા. તે વખતે સ્વામીશ્રીને આશીર્વાદ આપવાનો વારો આવ્યો. તેથી માઈક ગોઠવનાર સેવકે કહ્યું : 'મોડું થયું છે તો દસેક મિનિટ આશીર્વાદ આપી દો.'

'ભલે' કહેતાં સ્વામીશ્રીએ *'માણસનો અવતાર મોંઘો નહીં મળે...'* એ

કીર્તનની કડીઓ ગાતાં વાત ઉપાડી. તેવામાં અચાનક વીજળી ગુલ થઈ ગઈ. તેથી સેવકોને થયું: 'હાશ! હવે પ્રવચન પૂરું થશે.' પણ તે સમયે સ્વામીશ્રીએ તો ધૂન ઉપાડી. દસેક મિનિટ બાદ વીજળી આવતાં સ્વામીશ્રીએ કીર્તનનું નિરૂપણ પુનઃ આગળ ચલાવ્યું અને રાત્રે પોણા એક વાગ્યે એ સભા વિરમી!

શ્રોતાઓની સંખ્યા, તેઓના પ્રતિભાવ, સભાના વાતાવરણ, સુવિધા, સમય વગેરે તમામ પરિબળો આજે એવાં હતાં કે માનવીની ધીરજનો ખોડો નીકળી ગયા વિના ન રહે. લૌકિક એષણા તો ઠીક પણ જગત-ઉદ્ધારના ઓરતાની સાત્ત્વિકતા ધરાવતા વક્તાનો પણ 'મૂડ આઉટ' થઈ જાય એવી પરિસ્થિતિમાં, સ્વામીશ્રીએ આજે જે અલમસ્તાઈથી કથાપ્રવાહ વહેવડાવ્યો તે જોઈ *'ગુણાતીત રહી હરિગુણ ગાવત... સાધુ સોઈ નાવ સંસાર મેં...'*ની તેઓની સ્થિતિ અધરાતે પણ છતી થઈ રહી.

આ સભા બાદ સ્વામીશ્રી રાત્રે એક વાગ્યે અંબાલાલભાઈના ઘેર ઉતારે આવ્યા ત્યારે સેવકોએ કહ્યું: 'બાપા! હવે આપ આરામ કરો.'

'ના, ચેષ્ટા બોલી લઈએ.' સ્વામીશ્રીની ભક્તિને રાત્રે એક વાગ્યે પણ ઝોકું નહોતું આવ્યું.

તે વખતે 'ચેષ્ટા અમે બોલી લઈશું' એમ કહી સેવકોએ ફરી વાર પોઢી જવા વિનંતી કરી. ત્યારે 'ભલે, તમે બોલો. પછી હું પણ બોલી લઈશ' કહી સ્વામીશ્રીએ એવો મર્મ કર્યો કે વિનંતીનો દોર ત્યાં જ કપાઈ ગયો. સ્વામીશ્રી સાથે સૌએ ચેષ્ટાગાન કર્યું અને દોઢ વાગ્યે 'મહારાજ પોઢો... સ્વામી પોઢો...' બોલતાં સ્વામીશ્રી નિદ્રાધીન થયા!

## ક્ષુલ્લક બને અમૂલક

ગઈકાલે રાત્રે આરામમાં જવામાં મોડું થયું હોવા છતાં બીજે દિવસે સવારે સ્વામીશ્રી સમયસર પરવારી ગયેલા અને બપોર થતાં સુધીમાં તો ૬૫ પધરામણીઓ કરી દીધી. થાક, ઊંઘ વગેરે તો જાણે એમના જીવનકોશમાં જ નહીં! સાંજે હજી બીજાં ત્રણ ગામોમાં કાર્યક્રમ ગોઠવાઈ ચૂકેલો, છતાં તેઓએ ચારથી પોણા પાંચ વાગ્યા સુધી ગામના યુવકોને એકત્રિત કરી સત્સંગલક્ષી પ્રેરણાઓ આપી. અતિ વ્યસ્તતામાં પણ વ્હાલનું વહેણ યુવકો તરફ વહેવડાવી તેઓ રાસથી ઝારોળા, વહેરા, કાવિઠા, ઢૂંઢાકૂવા, બોરિયા થઈને તા. ૨/૫ની સાંજે નાપાડ આવી પહોંચ્યા.

અહીં યોજાયેલી નગરયાત્રા વખતે ગરમી, ગિરદી અને ઘોંઘાટની ત્રિવેણી રચાઈ રહી. સ્વામીશ્રીના ટ્રેક્ટરની આગળ જ કિશોરો-યુવકો ગેલમાં આવીને નાચી રહેલા. તેથી ઊડતી ધૂળ સીધી સ્વામીશ્રી પર બેસતી હતી. ગામના ઊબડ-ખાબડ રસ્તા પર ટ્રેક્ટરની ટ્રોલી પળવાર પણ સ્થિર થઈને બેસવા દે તેમ નહોતી. વૈશાખના તાપની તીવ્રતા સાંજે પણ મંદ પડી નહોતી. આમ, સર્વ રીતે પહોંચી રહેલી હાલાકીમાં પણ સ્વામીશ્રી સ્વસ્થતાથી માળા ફેરવ્યે જતા બેઠેલા.

નગરયાત્રા મંદિરે વિરમી ત્યારે પણ જગ્યા નાની અને સમુદાય મોટો; તેને કારણે વ્યક્તિગત દર્શન વખતે પડાપડી થઈ રહી. માંડ માંડ દર્શનાર્થીઓની એક હરોળ ગોઠવાતાં સૌ ક્રમબદ્ધ દર્શને આવવા લાગ્યા. તે વખતે સ્વામીશ્રી સાથે વિચરણમાં જોડાયેલો એક યુવાન હાથમાં બેગ લઈને તેઓ પાસે પહોંચ્યો અને કહ્યું : 'બાપા ! આ બેગને આશીર્વાદ આપો કે તે ન તૂટે !'

કેવી ક્ષુલ્લક માંગણી ! પણ આવી બાલિશ મતિથી સ્વામીશ્રી ન તો ખિન્ન થયા કે ન તો અકળાયા. ચારે બાજુ મચી રહેલી ધમાલમાં પણ તે બેગ પર પ્રેમથી હાથ થપથપાવતાં આશીર્વાદ આપ્યા કે 'જાઓ, બેગ નહીં તૂટે.' બેગની સાથે તે યુવકની પીઠ પર પણ આશીર્વાદનો ધબ્બો મારવાનું ન ચૂક્યા.

ચીલઝડપે ચાલતું વિચરણ એ સ્વામીશ્રીની વિશેષતા ! પણ તેમાં કોઈના આશા-અરમાન કચરાઈ ન મરે તે એથીયે અદકેરી વિશેષતા !! તેઓના સંગે ક્ષુલ્લક પણ અમૂલક બની જતું !

## પંચામૃતનો પ્રસાદ

ઉનાળો તેનાં તીખા તેવર બતાવતો પૂરબહારમાં ખીલેલો. તેની સામે સ્વામીશ્રીનું વિચરણ પણ એવું જ સદાબહાર ચાલી રહેલું. ગામડાંઓમાં મોટે ભાગે પતરાંનાં છાપરાંવાળાં મકાનો હોય. વળી, વીજળીના ધાંધિયા એટલે પંખા વગેરે સાધનો ઘણી વાર 'શૉ-કેસ પીસ' (show–case piece) જેવાં બની રહે. વૈશાખી વાયરાના રવાડે ચડીને ઊડતી ધૂળ આંખો ભરે.

પરંતુ તેને તાબે ન થતાં સ્વામીશ્રી ગામડે-ગામડે ઘૂમી રહેલા. છતાં સાથે ફરતા યુવાનોનો તેઓ ખૂબ ખ્યાલ રાખતા. એક ગામથી બીજે ગામ જવાનું હોય ત્યારે ક્યારેક તો સ્વયં સ્વામીશ્રી ટ્રેક્ટરમાં સામાન ગોઠવવાનું માર્ગદર્શન આપવા વાહન પાસે આવી ઊભા રહે. વજનદાર સામાન નીચે

ગોઠવાવે. તે પર હલકો અને બરડ સામાન મુકાવી, ઉપર મોદિયું ઢંકાવવા સુધીની દરકાર રાખે. યુવકોના મનની સાથે તેઓના સામાનનેય ગોબો ન પડવા દે.

ગામમાં પોતે પધરામણીઓ કરવા નીકળે ત્યારે યુવકોને કહે: 'તમે ત્યાં છાંયડે બેસો. તાપ બહુ છે. અમે પધરામણીએ જઈ આવીએ. તમને તાપ લાગશે.'

સ્વામીશ્રીની આ લાગણીથી યુવકો ભીનાં ભીનાં થઈ જતા. તેઓને કહેવાનું મન થઈ આવતું કે 'બાપા ! આપના સ્નેહની શીતળ છાંયડીમાં સૂરજ તો શું, સંસારના તાપ પણ દઝાડી શકે તેમ નથી.'

આ અરસામાં સ્વામીશ્રીની આવી લાગણીનું એક મોજું પત્ર દ્વારા ઊછળતું વિદ્યાનગર પહોંચેલું. અહીં વિભાગીય શિબિરમાં ઉપસ્થિત કાર્યકરોને તેઓએ તા. ૬/૫ના રોજ પત્ર દ્વારા આશીર્વાદ પાઠવતાં જણાવેલું કે –

*'શુદ્ધ વર્તન એ સત્સંગ પ્રચાર માટે અનિવાર્ય અંગ છે... સત્પુરુષમાં હેત, આત્મબુદ્ધિ અને પ્રીતિ કરવી અને તેમની આજ્ઞા પ્રમાણે સેવા-ભક્તિ કરવી... દરેક મંડળમાં સંપ, સુહૃદભાવ અને એકતા સ્થપાય તેવો પ્રયત્ન કરવો. હરિભક્તોને ગમે તે કારણસર મતભેદ થાય તો તે દૂર કરવા ખાસ પ્રયત્ન કરવો; નહીં તો મંડળનો વિકાસ અટકી જશે... નિઃસ્વાર્થભાવથી કાર્ય કરવું એ પણ ખૂબ જ અગત્યનું છે. જરા પણ સ્વાર્થ આવે તો લોકોને વિશ્વાસ ઊઠી જાય... આ કાર્યમાં ધીરજની જરૂર છે. સત્સંગનો માર્ગ નેવાંનાં પાણી મોભે ચઢાવવાનો છે. એટલે પ્રયત્ન કરવા છતાં પરિણામ ન જણાય તો પણ જરાય ધીરજ ન ગુમાવવી. આપણા પ્રયત્નોનું ફળ જરૂર મળશે જ. માટે ક્યારેય નાહિંમત બની પ્રયત્ન મૂકવો નહીં...'*

સ્વામીશ્રીએ આ પત્રની લીટીએ-લીટીએ સત્સંગ-પ્રવૃત્તિનું પંચામૃત પીરસતાં હોય તેમ કલમ વહાવી છે. આ પંચામૃતનો પ્રસાદ આરોગનાર કાર્યકર ઊંચે ચઢ્યા વિના રહે તેમ નથી – સત્સંગમાં અને સંસારમાં પણ.

## લેખું ન આવે લેખતાં

ચરોતરમાં વિચરતાં સ્વામીશ્રી નાપાડ બાદ પાડગોલ, કરોલી, થલેડી વગેરેને પાવન કરતાં માતર પહોંચેલા. અહીં એક લગ્નપ્રસંગે આશીર્વાદ

આપી તેઓ તા. ૬/૫ની સાંજે વિદાય લઈ રહેલા. તેની નિશાનીરૂપે માથે પાઘ પણ ધારણ કરી દીધેલી. ત્યાં જ બીજે માળે આવેલી તેઓના ઉતારાની સાંકડી ઓરડીમાં લગભગ દસેક જેટલા ભક્તોએ ચારે બાજુથી તેઓને દંડવત કરતાં પગ પકડી લીધા. સ્વામીશ્રીને આ ચેષ્ટાનો કંઈ ખ્યાલ ન આવતાં તેઓ હરિભક્તો ઊભા થાય તેની રાહ જોઈ રહ્યા. પણ હરિભક્તો આડા પડ્યા તે પડ્યા; ઊભા જ નહોતા થતા.

અંતે થોડી વાર બાદ તેઓ દંડવતની મુદ્રામાં પડ્યાં પડ્યાં જ બોલ્યા : 'બાપા ! ગામમાં બીજો એક લગ્નપ્રસંગ આવે છે. તેમાં આપે પધારવાનું છે.'

આમ કહી તેઓ જે તારીખ જણાવી રહેલા તે દિવસે તો આ ગામથી ખાસ્સે દૂર સ્વામીશ્રીનો કાર્યક્રમ ગોઠવાઈ ગયેલો. તેથી સ્વામીશ્રીએ જણાવ્યું : 'તમે કહો છો એ દા'ડે તો અમે ઘણા દૂર છીએ. ત્યાં પણ બધો પ્રોગ્રામ હરિભક્તોએ ઘડી રાખ્યો છે. માટે...'

'ના, બાપા ! આપ પાછા આવવાનું વચન આપો તો જ અમે આપના પગ છોડીશું.'

તેઓનો આવો તકાદો સાંભળ્યો ત્યારે આસપાસ ઊભેલાને લાગ્યું કે 'આ લોકો પગે નહીં પણ માથે પડ્યા છે.'

તદ્દન વિચિત્ર રીતે તેઓ સ્વામીશ્રીને આગ્રહ કરી રહેલા. છતાં સ્વામીશ્રીએ કોઈ અણગમો કે અકળામણ બતાવ્યા વિના તે સૌને રાજી કરવાનું વચન આપ્યું. સરળતા, ઉદારતા અને નમ્રતાની વ્યાખ્યાઓ વામણી પુરવાર થાય એટલી ઊંચાઈએ પહોંચેલા હતા સ્વામીશ્રી.

*'આપણા રે અપરાધનો, પાર ન આવે પેખતાં;*

*તેમ મોટપ જોતાં મહારાજની, કાંઈ લેખું ન આવે લેખતાં...'* આ પંક્તિઓનો આબાદ મેળ તેઓના જીવનમાં મળતો હતો.

## યુવકોની 'પાર્લામેન્ટ'માં સંબોધન

ચરોતરમાં સ્વામીશ્રી ત્રાજ, છીપડી, કઠલાલ, મંજીપુરા, કમળા, ડભોઉ, દાવલપુરા વગેરે ગામોમાં વિચરતાં, તા. ૧૨/૫ના રોજ વિદ્યાનગર પહોંચ્યા. અહીં યોજાયેલી કાર્યકર શિબિરનું ઉદ્‌ઘાટન મહંત સ્વામીના હસ્તે થઈ ચૂકેલું. આ ઉદ્‌ઘાટન-સત્રમાં તેઓએ મુદ્દો સમજાવતાં કહેલું :

'અમે યોગીજી મહારાજ સાથે ફરતા ત્યારે તેઓ સંપ, સુહૃદભાવ અને

એકતા પર ખૂબ વાતો કરતા. એકબીજાનો મહિમા સમજાવતા. પ્રમુખસ્વામીનું પણ જીવન આ પ્રમાણે જ છે. પૂજ્ય (યોગી)બાપાની રીતથી જરા પણ ફેર નહીં. જાણે બાપા ગયા હોય એમ લાગતું જ નથી. સદા પ્રગટ જ છે. આપણે તો શું પણ બહારના કહે છે. બાપા જેવું જ અપાર સુખ તેઓ આપણને આપે છે. પ્રમુખસ્વામી મોક્ષના દાતા છે. શાસ્ત્રીજી મહારાજ અને પ્રમુખસ્વામીમાં એક રોમમાત્રનો ફેર નથી. માટે એમની આજ્ઞામાં રહી એમને રાજી કરીશું તો જ સુખી થઈશું. એમને ઓશિયાળા ન કરવા. એમને 'ચાંદે ચાંદ' એ મુદ્દો છે.'

સત્સંગની દિશા સાંધી આપતાં આ પ્રવચનથી સૌ કાર્યકરો ઘણા રાજી થયા. તેમાં સ્વામીશ્રી આવી પહોંચતાં આયોજનમાં પ્રાણ પુરાયો.

તા. ૧૩/૫ની સવારે નવ વાગ્યે તેઓ શિબિરમાં પધાર્યા ત્યારે કાર્યકરો હરોળબંધ બેસી ગયેલા. આ બેઠક-વ્યવસ્થા અને કાર્યવાહી કરવાની પદ્ધતિ જોઈને સ્વામીશ્રી રાજી થતાં બોલી ઊઠ્યા: 'આ તો યુવકોની 'પાર્લામેન્ટ' ભરાઈ હોય એવો સુંદર દેખાવ અને તૈયારીઓ લાગે છે.'

વિગત નાની હતી પણ સ્વામીશ્રીએ તેને બિરદાવી જાણી. તેઓનો આ સહજ સ્વભાવ જ કે 'શુભ અને સવળું જોવું.'

આ દૃષ્ટિથી યુવકોના વિવિધ કાર્યક્રમો નિહાળ્યા બાદ યુવકોની 'પાર્લામેન્ટ'ને સંબોધતાં તેઓએ જણાવ્યું કે –

'અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન મુક્તિને માટે છે. એમાં શંકા લાવવાનું કારણ નથી. શાસ્ત્રીજી મહારાજે જે કાર્ય કર્યું છે તે ગમે તે કહે તો પણ બદલાય નહીં. કાંઈ પણ જાણ્યા કે સમજ્યા વગર ખોટું તૂત ઊભું ના કરવું. સાંભળેલી વાતમાં ખેંચાઈ ના જવું. ગમે તે માણસ ગમે તે વાત કરે, મોટા સંત હોય કે મોટા હરિભક્ત હોય તો પણ દોરવાઈ ના જવું. બીજાને ભારરૂપ થઈને કાર્ય ન કરવું. કાર્યકરો બીજા પાસેથી અપેક્ષા ન રાખે. કાર્યકરો નાનાં છોકરાં જેવા લાગે છે પણ તેમનું કાર્ય કેવડું મોટું છે! આપણા દ્વારા કદી પણ કુસેવા ન થાય એ જાળવવું. વિક્ષેપ, વિઘ્ન ઊભું કરવું એ કુસેવા છે. નિરીક્ષકો ભીડો વેઠે છે તો મહારાજ તેનું ફળ તેમને આપશે.'

## ભાવના અને ખેવના

વિદ્યાનગરથી સ્વામીશ્રી તા. ૧૫/૫ની રાત્રે પોણા બે વાગ્યે ભાવનગર પધાર્યા. આટલી મધરાતે પણ તેઓના સ્વાગતમાં સૌ જાગતાં બેઠા હતા!

રાત્રે બે વાગ્યે સ્વાગત-સભા યોજાઈ ! સ્વામીશ્રીની ભાવના અને ખેવનાનો એ સુભગ સમન્વય હતો.

અહીં પાંચ દિવસનો લાભ આપી તેઓ તળાજા થઈને તા. ૨૦/૫ની રાત્રે મહુવા રોકાયા. અત્રે તા. ૨૧/૫ની સવારે કથારસ રેલાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'ભગતજી મહારાજના પ્રસાદીના સ્થાનમાં એક રાત રહેવાનું મલ્યું. જેનાં બહુ મોટાં ભાગ્ય હોય તેને અહીં રહેવાનું, દર્શનનું, સમાગમનું સુખ મળે. આજે બધાં પ્રસાદી-સ્થાનોમાં દર્શન કરીશું.'

આમ, અલ્પાહાર પહેલાં જ તેઓએ મહિમાનો મેવો પીરસી દીધો. તેઓને મન પ્રાસાદિક સ્થાનો એ ભૂગોળનો ભાગ નહીં પણ ભગવાનનો જ ભાગ હતા.

મહુવાથી ભાદરોડ, કસાર થઈને ધરાઈ ગામે પધારેલા સ્વામીશ્રી, નગરયાત્રા અને રાત્રિસભા બાદ રાત્રે સવા બાર વાગ્યે ગામની નિશાળમાં રખાયેલા ઉતારે પોઢ્યા !

અહીં તા. ૨૨/૫ની સવારે 'શિક્ષાપત્રી' પારાયણનો લાભ આપીને તેઓ ભાદરા(મહુવા)માં એક હરિભક્તના ખેતરમાં બેસાડેલી નવી 'મોટર'નું ઉદ્‌ઘાટન કરવા પહોંચ્યા. તેઓ એટલા સરળ અને સુલભ હતા કે આવાં કાર્યો માટે પણ સૌ તેઓનો ઉપયોગ કરી લેતા. અત્રે તેઓએ ન કેવળ 'મોટરનું' ઉદ્‌ઘાટન કર્યું, પરંતુ તે 'મોટર' દ્વારા નીકળેલા પ્રથમ જળપ્રવાહમાં સૌની વિનંતી સ્વીકારીને સ્નાન પણ કર્યું ! સ્વામીશ્રીના અંતરમાં મહિમાનો મહાસાગર એવો ઊછળ્યા કરતો કે તેમાં ભીડાની પીડા તો છેક તળિયે ડૂબી જતી.

## દેહ નહિ સત્ય માને

ભાદરાથી સ્વામીશ્રી રાજુલા, ભટવદર, બારપટોળી, આંબરડી, બાઢડા, સાવરકુંડલા, ધારી, માંગળાપાળ, અમરેલી, ઘોઘાવદર થઈને ગોંડલ પધાર્યા.

અહીં તા. ૨૯/૫ના રોજ યોગી જયંતી ઊજવી, જેતપુર, જૂનાગઢ, વેરાવળ, ભાલકા તીર્થને લાભ આપતાં તા. ૩/૬ના દિવસે સોમનાથ પહોંચ્યા.

અત્રે પ્રભાસક્ષેત્રમાં દિવંગત ઉનડ બાપુના અસ્થિ-વિસર્જનનો કાર્યક્રમ ગોઠવાયેલો. તે માટે સવારના દસેક વાગ્યાના સમયે સ્વામીશ્રી અને અમરા બાપુ અસ્થિની થાળી સંયુક્ત રીતે પોતાના હાથમાં રાખીને ધીરે ધીરે સમુદ્રમાં આગળ વધી રહેલા. લગભગ સાથળ સુધી પાણી આવ્યું હશે તે વખતે અચાનક

જ સ્વામીશ્રી ચાલતાં ચાલતાં ક્ષણ વાર હલબલી ગયા. છતાં તેઓએ એ હલબલાટ પછી પણ ધીમે ધીમે આગળ વધવાનું ચાલુ રાખ્યું. જળની સપાટી કેડ સુધી આવી ત્યારે લગભગ પચીસેક મિનિટ સુધી અસ્થિ-વિસર્જનનો વિધિ ચાલ્યો.

ત્યારબાદ સ્વામીશ્રી સ્નાન કરીને, શારદાપીઠમાં યોજાયેલી શ્રદ્ધાંજલિ સભામાં ભાવાંજલિ આપી, સાસણ, વેરાવળ, કોડીનાર થઈને તા. ૪/૬ની બપોરે ઊના આવી પહોંચ્યા.

અહીં ભોજન બાદ તેઓ સૂતા ત્યારે સંતો તેઓનાં ચરણ ચાંપવા લાગ્યા. તે વખતે ઓરડામાં અંધારું હતું. પણ સ્વામીશ્રીનો જમણો પગ દાબી રહેલા યજ્ઞેશ્વરદાસ સ્વામીએ નોંધ્યું કે 'પગ દાબતાં સ્વામીશ્રીની પાની પર ચોક્કસ જગ્યાએ તેઓનો હાથ અડે છે ત્યારે તરત જ સ્વામીશ્રી પોતાનો પગ સહેજ ખેંચી લે છે.' આવું ત્રણ-ચાર વખત બન્યું એટલે તે સંતે પાનીમાં શું છે તે જોવા માટે બેટરીનું અજવાળું કરતાં જ તેઓ ચોંકી ઊઠ્યા!

સ્વામીશ્રીની પાનીમાં લગભગ પોણા ઇંચથી સહેજ મોટો અને સારો એવો ઊંડો, ઊભી લીટીના આકારનો ખુલ્લો જખમ તતડી રહેલો! ગઈકાલે અસ્થિ-વિસર્જન માટે સમુદ્રમાં જઈ રહેલા તેઓને અણિયાળા ખડકની ધાર પાનીમાં પેસી ગઈ હતી, તેનો આ ઘા પડેલો. સ્વામીશ્રી સમુદ્રમાં ચાલતાં ચાલતાં ક્ષણભર હલબલી ગયેલા તેનો તાળો અઠ્ઠાવીસ કલાક બાદ આજે મળતો હતો. પણ સંતોને એ તાળો તો જિંદગીભર હાથ ન લાગ્યો કે આ ઘા દરિયાના ખારા પાણીમાં પચીસેક મિનિટ સુધી ખુલ્લો રહ્યો હશે ત્યારે સ્વામીશ્રીએ કેટલી વેદના અનુભવી હશે?! એટલું જ નહીં, સમુદ્રમાંથી બહાર આવ્યા બાદ શ્રદ્ધાંજલિ સભામાં કે સાસણની પધરામણીમાં કે વેરાવળની રાત્રિસભામાં કે અત્યાર સુધી સ્વામીશ્રી આ જખમની વેદનાનો ઉલ્લેખ કરતા નથી કે એ દર્દથી સિસકારો સુધ્ધાં કરતા નથી! અસહ્ય વેદના વચ્ચે મનની સમતુલા જાળવી, પ્રસંગોની ગરિમા સાચવતા સ્વામીશ્રીને જોઈ સંતોનાં હૈયાં ગાઈ રહ્યાં: *'આતમરૂપ સમજ કે અપનો, દેહ નહિ સત્ય માને... સોઈ સંત સયાને...'*

## પરાભક્તિનાં પ્રબળ પૂર

ઊનાથી સ્વામીશ્રી ગુપ્તપ્રયાગ અને દેલવાડા જઈને રાત્રે પુનઃ ઊનાની

બ્રહ્મસમાજ વાડીમાં યોજાયેલી રાત્રિસભામાં આવી ગયા. અહીં પેલા ઘાનું શૂળ ધીરે ધીરે આખા શરીરને કચરી રહ્યું હોય તેમ તેઓના અંગોઅંગમાં કળતર થઈ રહેલું; છતાં તેઓ ગોઠવાયેલા કોઈ કાર્યક્રમોને ધક્કો લાગવા દેતા નહોતા. સહેજ શરદી-સળેખમ કે છીંક-ઉધરસ થતાં જ કાર્યક્રમોનો વીંટો વાળીને તૈયારી પાછળ ખર્ચાયેલા લાખો રૂપિયાનો ધુમાડો કરી નાંખનારા 'મહાનુભાવો' કરતાં સ્વામીશ્રી કેટલા મહાન હતા!

ઊનામાં રાત્રે બારેક વાગ્યે સભા પૂર્ણ કરી તાવ તૂટતા શરીરે સ્વામીશ્રી ઉતારે પહોંચ્યા ત્યારે તેઓએ સંતોને પૂછ્યું : 'ચેષ્ટા બોલ્યા ?'

સૌને આ આહ્નિક બાકી હતું. તેથી સ્વામીશ્રી અસ્વસ્થ તબિયતમાં પણ ચેષ્ટા બોલવા બેઠા. તેઓની માંદગી સૌ કળી શકતા હતા પણ કોઈ કહી શકતું નહોતું કે 'બાપા! આરામ કરો.' સૌને ગળા સુધી ખાતરી હતી કે 'સ્વામીશ્રીની પર્વતપ્રાય દૃઢતા આગળ આ સૂચન તો તણખલાંની જેમ ઊડી જવાનું છે.'

માંદગીમાંયે સ્વામીશ્રી પ્રબળ ઇચ્છાશક્તિથી ચેષ્ટા ગાવા લાગ્યા. પણ ચેષ્ટાગાન *'પોઢે પ્રભુ સકલ મુનિ કે શ્યામ...'*ના પદ સુધી પહોંચ્યું ત્યાં જ તેઓ જે પથારી પર બેસી ચેષ્ટા બોલી રહેલા તે પર જ ઢળી પડ્યા! તેઓનું શરીર તેઓની ભક્તિના વેગને ઝીલી શક્યું નહીં. સૌ સંતો માટે આ દર્શન હૃદયદ્રાવક હતું. સંતોના એ દ્રવેલાં હૈયાં સ્વામીશ્રીની પરાભક્તિના પૂરમાં ક્યાંય સુધી તણાતાં જ રહ્યાં!

## વગડાની વિકટ વાટે

સ્વામીશ્રીના શરીરમાં કસર હતી છતાં તેઓ તા. ૫/૬ની સવારે સમયસર પરવારી ઊંટવાડા ગામે પધાર્યા. આ ગામમાં હરિભક્તોએ જાતે પરિશ્રમ કરીને મંદિર બાંધેલું. તેમાં સ્વામીશ્રીના વરદહસ્તે પ્રતિષ્ઠાવિધિ થયો. પ્રતિષ્ઠા બાદ સ્વામીશ્રી ધોકડવા, તુલસીશ્યામ થઈને જૂનાગઢ જવા નીકળ્યા.

એ રસ્તો ગીરના જંગલમાંથી પસાર થતો હતો. તેમાં થોડે આગળ ગયા ત્યાં નાનો બંધ આવ્યો. અહીંથી બે રસ્તા ફંટાતા હતા, પણ બેય માર્ગ અજાણ્યા. તેથી ડ્રાઈવર દામજીએ પૂછ્યું : 'કયા રસ્તે ગાડી લઉં?'

'ડાબી બાજુ લઈ લો.' સ્વામીશ્રી થોડુંક વિચારીને બોલ્યા. પરંતુ ગાડી-ચાલકને સમજવામાં ફેર થતાં તેણે તો ગાડી સીધી જ હંકારી મૂકી.

આશ્ચર્ય એ કે સ્વામીશ્રીએ પણ ચાલકને વાર્યા નહીં અને ગાડી સડસડાટ રસ્તો કાપવા લાગી.

ધીરે ધીરે રાત જામવા લાગતાં કાચા રસ્તાની આસપાસ ઊગેલી ઝાડીઓ રસ્તાને વધુ સાંકડો અને અંધારિયો કરવા માંડી. કઈ બાજુ ગતિ થઈ રહી છે તેનાં કોઈ સગડ મળતાં નહોતાં. થોડી વારમાં તો ગાઢ અંધારું છવાઈ ગયું. ગાડીની ઝબકતી બત્તીના શેરડા સિવાય આસપાસ ક્યાંય ઉજાશ રહ્યો નહીં. તેથી જંગલની નિર્જનતા વધુ ભેંકાર લાગવા માંડી.

એટલામાં જ અચાનક ગાડીની બાજુમાં ગાડીની જ ગતિએ દોડતો સિંહ સૌની નજરે ચઢ્યો. પોતાની તગતગતી બે આંખો સાથે કેશવાળી ઝુલાવતો તે ગાડીની સમાંતરે રસ્તો કાપી રહેલો. આ જોઈ ડ્રાઇવરે ગાડી ધીરી પાડી. તેથી સિંહ પણ ધીમો પડ્યો. થોડી વારે ગાડી થોભાવી દેવામાં આવી. તેથી સિંહ પણ અટકી ગયો. ગાડીના કાચ બંધ હતા છતાં સંતોનાં હૈયે ફફડાટ હતો: 'આ ડાલામથ્થાની થપાટ આગળ કાચ કેટલી ઝીંક ઝીલી શકે ?'

પણ ત્યાં તો સૌનાં આશ્ચર્ય વચ્ચે સ્વામીશ્રીએ પોતા તરફની બારીનો કાચ નીચે ઉતાર્યો ! તેઓ અને સિંહ વચ્ચે કોઈ ખાસ અંતર રહ્યું નહીં. વીસેક ફૂટ દૂરથી જ સિંહ ધગધગતા દેવતા જેવી પોતાની બે આંખોથી સ્વામીશ્રી સામે ટગર ટગર જોઈ રહેલો અને સ્વામીશ્રી સિંહ સામે ! એકાદ મિનિટ આ તારામૈત્રક ચાલ્યું. પછી સિંહ પૂંછડું ઉલાળતો, ધીમું ધીમું ગરજતો ઝાડીમાં અલોપ થઈ ગયો.

ગાડી આગળ ચાલી, પણ અનિશ્ચિતતાની દિશામાં ! થોડી થોડી વારે ગોળાકારે વળતો રસ્તો ક્યાં જઈ રહ્યો છે તેનો ઉચાટ સૌનાં અંતરમાં હતો. રાત્રે આઠ વાગ્યે જૂનાગઢની જાહેર-સભામાં પહોંચવાનું હતું, પણ આઠ તો અહીં જંગલમાં જ વાગી ચૂકેલા અને આ ઘનઘોર વન હજી કેટલો સમય લૂંટી લેશે તે નક્કી નહોતું. ત્યાં જ પાટિયું આવ્યું, પણ તે વિસાવદરની દિશા બતાવતું હતું. તેથી સ્વામીશ્રીએ ગાડી પાછી વાળવાની સૂચના આપી.

પાછી વાળેલી ગાડી સ્વામીશ્રીએ જ્યાંથી ડાબી બાજુ વળવાની સૂચના આપી હતી ત્યાં આવી પહોંચી. હવે સ્વામીચીંધ્યા માર્ગે પ્રયાણ શરૂ થયું. 'જાણે પેલા એક સિંહને દર્શન આપીને તેનું કલ્યાણ કરવાના ઇરાદાથી જ સ્વામીશ્રીએ ગાડીને સીધી જતાં રોકી નહીં હોય કે શું ?!' આ વિચાર સંતોનાં મનમાં ઘોળાઈ રહ્યો. *'અકળ કળા કાંઈ કળ્યામાં ના'વે...'*નો અનુભવ સૌ કરી રહ્યા.

ભારોભાર લદાયેલી ગાડી વધુ ભારેખમ બની દોડી રહેલી. પણ ચોમાસું બેસી ગયું હોવાને કારણે ઉપરવાસથી તણાઈને આવેલાં સૂકાં પાંદડાં, ડાળીઓ વગેરેને કારણે રસ્તો જ દેખાતો નહોતો. કીચડ આવે ત્યારે ગાડી ફંગોળાઈ જાય. એક પછી એક આવતી આવી અણધારી પરિસ્થિતિમાંથી પાર ઊતરવા ડ્રાઇવર તેની ખાસિયત મુજબ ખમીસ કાઢીને સાબદો થઈ ગયેલો. સ્વામીશ્રી પણ પોતાની બેઠકનો ટેકો છોડીને સાવધાનીથી ટટ્ટાર બેઠાં બેઠાં અણીના સમયે માર્ગદર્શન આપ્યે જતા હતા.

તેવામાં એક ઢોળાવ શરૂ થયો અને ગાડી સરકતાં સરકતાં ફગવા માંડી. આ જોઈ સ્વામીશ્રી તરત બોલ્યા : 'દામાજી ! થર્ડ(ગીઅર)માં નાંખો.' ડ્રાઇવરે તેમ કરતાં જ ગાડી કાબૂમાં આવી ગઈ. સૌને હાશ થઈ ! કટોકટીની પળે સ્વામીશ્રીનાં નાનાં-શાં સૂચન પણ કેટલાં કારગત નીવડે છે તેનો વધુ એક અનુભવ થયો.

સ્વામીશ્રીના કહ્યા મુજબ કરવાથી ગાડી હેમખેમ ઢાળ તો ઊતરી ગઈ, પણ તે ઢોળાવ ઊતરતાં પાણીથી ભરપૂર વોકળું પાર કરવાનું આવ્યું. આ વોકળાના ઊંડાણનો ક્યાસ કાઢવા બે સેવકો હાથમાં સોટી લઈને ધીરે ધીરે આગળ ચાલ્યા. ખાસ વાંધાજનક ન જણાતાં ગાડી પાણીમાં ઉતારી વોકળું ઓળંગ્યું. એક પછી એક આવા ત્રણ વોકળા પાર કરી ગાડી આગળ ગઈ ત્યાં વન્ય અધિકારીની છાવણી આવી. તેને રસ્તા અંગે પૂછપરછ કરતાં ખ્યાલ આવ્યો કે તેને જૂનાગઢ જ જવું હતું. અને સંતોને ભોમિયાની જરૂર હતી. તેથી 'परस्परं भावयन्तः'ની ભાવનાથી મુસાફરી આગળ ચાલી.

જંગલના રસ્તે રાત્રે બંધ કરવામાં આવતી ફાટકો અધિકારીની હાજરીથી ઊઘડતી જતી હતી, પરંતુ આ વગડામાં અટવાતાં રાત્રે અગિયાર વાગતાં સૌની ભૂખ પણ ઊઘડી ગયેલી. ગાડીમાં તપાસ કરી તો સીંગ-દાળિયાય હાથ લાગ્યા નહીં ! સ્વામીશ્રીએ તો ગાડીમાં બેઠા ત્યારથી પાણી પણ પીધું નહોતું. તેઓની આ પરિસ્થિતિ સેવકોનું હૈયું કોરી રહેલી. પણ તેઓ નિઃસહાય હતા.

રાત્રે લગભગ દોઢેક વાગ્યે જંગલનો છેડો આવ્યો હોય તેમ જણાયું. પણ તે જ વખતે કસોટીનો છેલ્લો અધ્યાય ઊઘડ્યો હોય તેમ રસ્તે આવેલા મોટા ખાબોચિયામાં ગાડી પાણી તથા કાદવ ઉછાળતી ફસાવા લાગી. જેમ જોર થતું જાય તેમ તે વધુ ખૂંપતી જાય. ગાડીમાં બેઠેલા સૌ કછોટા વાળીને

નીચે ઊતર્યા. સ્વામીશ્રી પણ ધક્કો મારવા નીચે ઊતરવા તત્પર થયા, પરંતુ સૌએ વાર્યા તેથી ગાડીમાં બેસી રહ્યા. તોય ઘડીક આ બારીએ તો ઘડીક સામેની બારીએ આવીને સંતોને દોરવણી આપતા જાય. પણ ગાડી આગળ ખસવાનું નામ લેતી નહોતી.

તેવામાં જ પેટ્રોલ પૂરું થઈ રહ્યું! સૌના મોતિયા મરી ગયા. પરંતુ સ્વામીશ્રીએ સ્વસ્થતાથી કહ્યું: 'પેટ્રોલ ક્યાં મળશે તે આ અધિકારીને પૂછો.'

તેણે કહ્યું: 'પાંચ-સાત કિલોમીટર દૂર સતાધારની જગ્યા છે. ત્યાંથી પેટ્રોલ મળી જશે.'

તેથી સ્વામીશ્રી, ડૉક્ટર સ્વામી ગાડીમાં રોકાયા અને બાકીના સંતો પેલા અધિકારી સાથે બેટરીના અજવાળે 'કેરબા' લઈને પેટ્રોલ લેવા નીકળ્યા. આ પગપાળા યાત્રામાં વચ્ચે સર્પ સાથે પણ મુલાકાત થઈ ગઈ! પણ બધું હેમખેમ પાર પડ્યું.

પેટ્રોલ પૂરીને ગાડી આગળ વધી અને જ્યાં રાત્રે આઠ વાગ્યે પહોંચવાનું હતું ત્યાં પરોઢિયે સાડા ચાર વાગ્યે સ્વામીશ્રી પહોંચ્યા! જૂનાગઢ પહોંચીને પણ કલાકેકનો આરામ કરી તેઓ બીજા દિવસના કાર્યક્રમમાં એટલી સહજતાથી પરોવાઈ ગયા કે તેઓ આખી રાત ઉજાગરો અને અથડામણ વેઠીને આવ્યા છે તેનો અણસાર સુધ્ધાં કોઈને ન આવે ! બે દિવસ પહેલાં જ પગમાં પડેલો ઘા, શરીરમાં થતું કળતર અને હાડમારીભરી મુસાફરીના ત્રિભેટે સ્વામીશ્રી ઊભા હતા; છતાં તેઓ હતા – સંપૂર્ણ સ્થિર, સ્વસ્થ અને સમતોલ !

## બંને સત્ય છે, કોઈ મિથ્યા નથી

જૂનાગઢથી ગોંડલ થઈને સ્વામીશ્રી તા. ૧૮/૬ના રોજ રાજકોટ પધાર્યા.

અત્રે મહિલા વિભાગમાંથી લખાયેલો પત્ર લઈને એક યુવક તેઓને આપવા આવ્યો. પત્ર આપીને તે પાછો વળી રહેલો ત્યાં જ સ્વામીશ્રીએ તેને રોકતાં કહ્યું: 'તું જ વાંચ, મંઈ શું લખ્યું છે?'

સ્વામીશ્રીની આજ્ઞા થતાં યુવકે પત્ર ફોડ્યો. તેમાં પ્રશ્ન પુછાયેલો કે "વચનામૃત સારંગપુર પ્રકરણના દસમાં શ્રીજીમહારાજ કહે છે કે 'બાહ્ય-દૃષ્ટિવાળાની સમજણે ભગવાનનું ધામ અતિ દૂર છે અને આત્મદૃષ્ટિવાળાની સમજણે તો તે ધામ અણુમાત્ર છેટે નથી. અને બાહ્યદૃષ્ટિવાળાની સમજણ મિથ્યા છે અને આત્મદૃષ્ટિવાળાની સમજણ સત્ય છે.' વળી, ગુણાતીતાનંદ

સ્વામીએ પણ તેઓની વાતોમાં કહ્યું છે કે 'પોતાને અક્ષર મનાય તો જવા-આવવાનું ક્યાં રહ્યું ?' આ ઉપરથી એમ લાગે છે કે પ્રેમાનંદ સ્વામીએ ઓરડાનાં પદોમાં વર્ણવેલું અને નિષ્કુળાનંદ સ્વામીએ 'ચોસઠ પદી'માં વર્ણવેલું ચૈતન્ય ભૂમિકાવાળું અક્ષરધામ તથા વચનામૃત અને લીલાચરિત્રોના ગ્રંથોમાં અક્ષરધામની જે વાતો છે તે મિથ્યા થઈ જાય છે ને અક્ષરધામ એ માત્ર સમજણમાં એક સંકલ્પના(concept) તરીકે રહે છે.''

પ્રશ્ન ઘણો પેચીદો હતો. પરંતુ હજી તો પ્રશ્ન પૂરો થયો નથી કે સ્વામીશ્રીએ ઉત્તર શરૂ કર્યો : 'બંને વાત સત્ય છે. કોઈ મિથ્યા નથી. મહારાજનો અભિપ્રાય એ છે કે અષ્ટાવરણ પાર ભગવાનનું ધામ છે તો ખરું જ. પણ તેને સત્ય કહે તો આ પ્રત્યક્ષ જે મળ્યા છે, દેખાય છે, તેમાં વૃત્તિ સ્થિર થાય નહીં અને ઉપર આકાશમાં જે દેખાતું નથી તેમાં જ પ્રતીતિ રહ્યા કરે. અંતે ઉભયભ્રષ્ટ થાય. તે માટે આ અર્થમાં મહારાજે ધામને મિથ્યા કહ્યું છે, પણ મૃગજળની જેમ અક્ષરધામનું અસ્તિત્વ જ નથી કે કેવળ ભ્રમ જ છે એમ નથી. અને છતી દેહે જે શુદ્ધ થયો, મુક્ત બન્યો તે ભલે આ માયાના લોકમાં હોય, પણ તેની દૃષ્ટિ ફરી ગઈ છે ને તેને સમ્યક્ જ્ઞાન થઈ ગયું છે એટલે એને અક્ષરધામના સુખ સિવાય કંઈ જ ન રહે. પછી ધામ અણુમાત્ર છેટે ન જ લાગે ને ! માટે બ્રાહ્મીસ્થિતિની અનુભૂતિ છે તે પણ સત્ય છે.'

સ્વામીશ્રીએ તત્ક્ષણ જ સચોટ સ્પષ્ટતા કરી આપી. તત્ત્વજ્ઞાનની આંટીઘૂંટીઓ પોતાના અનુભવજ્ઞાનથી ગામડિયાને પણ હસ્તામલકવત્ થઈ જાય તે રીતે તેઓ ઉકેલી આપતા.

## બધે પ્રમુખસ્વામી, પ્રમુખસ્વામી જ

રાજકોટના રોકાણ દરમ્યાન તા. ૨૦/૬ના રોજ મહંત સ્વામીએ શબ્દે શબ્દે સ્વામીશ્રીના સ્વરૂપનો ઉઘાડ કરતો એક પ્રેરક પત્ર લખ્યો હતો. તેમાં તેઓએ જણાવેલું કે –

*'પરમ પૂજ્ય પ્રમુખસ્વામીને જોતાં યોગીબાપા ખૂબ જ યાદ આવે છે. યોગીબાપા આ પ્રમુખસ્વામીમાં ગરી ન ગયા હોય તેવું લાગે છે. યુવકો, સંતો, હરિભક્તોની ખબર રાખે કે 'ક્યાં છે ? શું કરે છે ?' મંદિરમાંય કટ કટ, વ્યાવહારિક ઉકેલ ચપટીમાં લાવી દે. લેશમાત્ર વસ્તુ જાણ બહાર નહીં અને કોઈને ઘટે તે રીતે બોલે, ટોકે અને હેત પણ કરે.*

*'શાસ્ત્રીજી મહારાજ કેવા હશે?' એમ થતું. પણ હવે (પ્રમુખ)સ્વામીમાં ઝાંખી થાય છે. કથા-વાર્તા બહુ જ હૃદયસ્પર્શી કરે છે.*

*શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની જેમ પ્રમુખસ્વામી પણ અલમસ્ત જાતિ છે. કોઈની પરવાહ નહીં. શાસ્ત્રીજી મહારાજ કહી દેતા. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી બોલતા નથી એટલું જ. પણ ખૂબ જ સ્વતંત્ર છે. બધું હસ્તામલકવત્ જાણી લે છે.*

*મહારાજ અને સ્વામી સાક્ષાત્ સ્વામીશ્રીમાં કાર્ય કરી રહ્યા છે. મહારાજનું કાર્ય છે તે મહારાજ જ કરી રહ્યા છે. ગોરધનભાઈ કોઠારી જ્યારે બોલ્યા કે 'શ્રીજી કરે તે ખરું.' ત્યારે શાસ્ત્રીજી મહારાજ બોલ્યા: 'શ્રીજીએ જ કર્યું છે.' તેમ આ સત્સંગમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ દ્વારા મહારાજ જ કાર્ય કરી રહ્યા છે. બીજાં તો માંગેલ ઘરેણાં છે.*

*આપણે બધા નિમિત્ત થઈએ તેમાં આપણને લાભ છે. બાકી મારો-તમારો વધાર્યો સત્સંગ વધતો નથી. આ પણ એક મારે અનુભવ છે. આપણે એક રીતે તો નિશ્ચિંત છીએ જ કે કસર રાખવી હશે તોય નહીં રહેવા દે. સ્વામીની કોરનું તો જોરદાર ચાલે છે ત્યારે જ બીજાનું ઠીક ચાલે. સ્વામી બધાને ખૂબ બળ આપે છે. આનંદ, ગમ્મત સાથે જ્ઞાન પીરસી દે છે. પરમ પૂજ્ય સ્વામીશ્રી દેખરેખ રાખે છે ત્યારે યોગીબાપા યાદ આવી જાય છે.*

*આજે તો દેશ-પરદેશ અને જ્યાં જઈએ ત્યાં બધે પ્રમુખસ્વામી, પ્રમુખસ્વામી જ બધા કરી રહ્યા છે. બીજા ગમે તે ભાવથી પણ જાણે છે અને બોલે છે, 'માળુ... આ તો ભારે કરી. પરમુખે તો જોગી જેવું જ ચલાવ્યું.' ભગવાન રાખે તો બધું આવી જાય. પ્રમુખસ્વામીએ એક મહારાજ સિવાય કાંઈ રાખ્યું નથી.'*

ગુરુગુણની ગરબીને અદ્‌ભુત રીતે ગૂંથતો આ પત્ર મહંત સ્વામીની ગુરુભક્તિ દર્શાવતા દર્પણ જેવો છે.

## દ્વાર તો આ રહ્યું

રાજકોટથી ભાદરા જવા નીકળેલા સ્વામીશ્રીનું એક રાત્રિનું રોકાણ પડધરી ગામે ભૂદેવ ભક્ત ભગવાનજીભાઈને ઘેર હતું. તે ગામમાં કેટલીક પધરામણીઓ કરીને સ્વામીશ્રી આ ઘર તરફ જઈ રહેલા. થોડી વારે મકાન તો

આવી ગયું પણ તે ઘરનું પ્રવેશદ્વાર શોધી રહેલો યુવક રાજેન્દ્ર આ શોધખોળ દરમ્યાન મોટેથી બોલતો હતો કે 'દ્વાર ક્યાં છે ?'

તે યુવાન આમ જ્યાં બોલી રહેલો ત્યારે સ્વામીશ્રી બાજુમાં જ ઊભા હતા. તેઓએ આ સાંભળીને મરક મરક હસતાં મર્મ કર્યો કે 'દ્વાર તો આ રહ્યું અને આ દ્વાર શોધે છે !'

'દ્વાર' શબ્દનો સુપેરે શ્લેષ કરીને સ્વામીશ્રીએ 'મોક્ષના દ્વારરૂપ સંત સામે જ છે' એ રહસ્ય સમજાવી દીધું.

આ સાંભળતાં તે યુવાન સ્વામીશ્રી સામે જોઈને હસી પડ્યો. તેના પ્રતિભાવરૂપે સ્વામીશ્રીએ પણ ઊછળતા હાસ્ય સાથે એ યુવાનના હાથમાં મિત્રની જેમ તાળી આપી અને તેને પાસે ખેંચીને મળ્યા.[૬૮] જાણે જ્ઞાનને હેતમાં સમાવી લીધું !

મોક્ષનું દ્વાર આટલું મોકળું અને રોકડું થયેલું દુનિયાએ કદી જાણ્યું નહોતું, જેટલું તેને સ્વામીશ્રીના સાંનિધ્યમાં જાણવા મળ્યું !

## સહજ સ્વભાવિક પ્રકૃતિ

તા. ૨૩/૬ની સવારે સ્વામીશ્રી પડધરીથી મોવૈયા, ગોલિટા, ડાંગરા, છલા જોધપુર, લિયારા, જાયવા થઈને ભાદરા પધાર્યા ત્યારે તે એક દિવસના વિચરણમાં થયેલું આઠમું ગામ હતું ! આ આખા દિવસમાં તેઓ પચાસેક પધરામણીઓ પણ કરી ચૂકેલા. આટલો પરિશ્રમ વેઠ્યો હોવા છતાં તેઓએ ભાદરામાં રાત્રે અગિયાર વાગ્યા સુધી કથા-વાર્તાનો લાભ આપ્યો. થાકને તેઓ ગણકારતા નહીં અને કથાને તેઓ અવગણતા નહીં. આ હતી તેઓની સહજ સ્વાભાવિક પ્રકૃતિ.

આ પ્રકૃતિ મુજબ વિચરતા સ્વામીશ્રી ભાદરાથી જોડિયા, મજોઠ, ધ્રોળ, લતીપુર, જસાપર, ભેંસદડ, બાણુગાર, જામનગર વગેરેને પાવન કરતાં તા. ૩૦/૬ના દિવસે પોરબંદર જઈ રહેલા. આ મુસાફરીમાં ગ્રહણનો સમય આવતાં તેઓએ રસ્તામાં બિલેશ્વર મહાદેવે રોકાઈને ભજન-કીર્તન કર્યાં અને ગ્રહણમુક્તિ બાદ ત્યાં જ સ્નાન-પૂજા કરીને પોરબંદર પહોંચ્યા.

અહીંથી તા. ૧/૭ની સવારે રાણાવાવને લાભ આપી તેઓ કુતિયાણા, ભાયાવદર, ધોરાજી થઈને ગોંડલ પધારી ગયા. અત્રે તા. ૮/૭ના રોજ સત્સંગ

---

૬૮. આ યુવાન સમય જતાં સ્વામીશ્રી પાસેથી દીક્ષા લઈ સાધુ શ્વેતવૈકુંઠદાસ બન્યા.

શિક્ષણ પરીક્ષા નિમિત્તે બધા જ વર્ગોમાં ફરીને સૌને સ્વહસ્તે પ્રશ્નપત્રો વહેંચ્યા !

સત્સંગની એક-એક પ્રવૃત્તિને વિકસાવવા માટે સ્વામીશ્રીએ લીધેલો રસ અનન્ય છે. તેઓ માત્ર આદેશ કે આયોજન જ નહોતા આપતા, પણ કાર્યના અમલીકરણ માટે રીતસર હોમાઈ જતા. તળિયાથી લઈને ટોચ સુધીની પ્રક્રિયામાં જાતે ભળતા. આજે કૃષિથી લઈને કલ્યાણ સુધીની બી.એ.પી.એસ.ની પ્રત્યેક પ્રવૃત્તિના હર્યા-ભર્યા ફાલના મૂળમાં સ્વામીશ્રીનો આવો પરિશ્રમ સિંચાયેલો છે.

આવા શ્રમશીલ સ્વામીશ્રીએ તા. ૧૧/૭ના રોજ દેવપોઢી એકાદશી હોવાથી અક્ષર દેરીમાં ચાતુર્માસના વિશેષ નિયમો ધારણ કર્યા. સિદ્ધ હોવા છતાં તેઓ સાધકની શૈલીથી જ જીવતા. તેથી ધર્મ-નિયમ, વ્રત-તપ, સેવા-ભક્તિ વગેરેમાં ક્યારેય પોતાને અપવાદરૂપ માનતા નહીં. અરે ! બીજા કરતાં પોતે વિશેષ વર્તતા. આ પણ તેઓની સહજ સ્વાભાવિક પ્રકૃતિ.

નિયમ-ધારણવિધિ બાદ ગુરુકુળમાં યોજાયેલી ધો. ૧ થી ૭ સુધીના વિદ્યાર્થીઓની ખાસ સભામાં લાભ આપી સ્વામીશ્રી મંદિરના સભામંડપમાં પધાર્યા. અહીં ઘઉં સાફ કરી રહેલા સંતો અને યુવકો સાથે બેસી તેઓ પણ સેવા કરવા લાગ્યા. આજે એકાદશી નિમિત્તે આરામની હડતાલ હોવાથી બપોરે એક વાગ્યાથી સાંજે ચાર વાગ્યા સુધી તેઓએ ઘઉં સાફ કરવાની આ સેવા કરી. મહાન હોવા છતાં નાની વ્યક્તિઓ સાથે અને નાની ક્રિયાઓમાં સહજતાથી ભળી જવાની પણ તેઓની સહજ સ્વાભાવિક પ્રકૃતિ.

## જગથી જુદેરી એની જાત રે

તા. ૧૨/૭ની સવારે ગોંડલથી વિદાય લઈ રાજકોટ, ગઢડાને પાવન કરતાં સ્વામીશ્રી સારંગપુર પહોંચ્યા.

અહીંથી તેઓ તા. ૧૪/૭ની સવારે સવા નવ વાગ્યે બોચાસણ જવા માટે નીકળ્યા, પણ રસ્તામાં ધંધુકા, રઢુ, શાંતિપુરા, ખેડા, હરિયાળા, ડભાણ, નડિયાદ, ઉત્તરસંડા થઈને રાત્રે સાડા દસ વાગ્યે બોચાસણ પહોંચ્યા ત્યારે એ દિવસના તેર કલાકમાં આઠ ગામો પાવન થઈ ગયેલાં ! ક્યાંક બીમાર હરિભક્તની ખબર-અંતર પૂછવા તો ક્યાંક સ્વજનના અક્ષરવાસ નિમિત્તે આશ્વાસન આપવા; ક્યાંક સત્સંગીના વિદેશગમન નિમિત્તે આશીર્વાદ આપવા તો ક્યાંક પધરામણી કરવા; ક્યાંક કેવળ દર્શનદાન દેવા તો ક્યાંક બાળ-

મંડળની સભામાં લાભ આપવાના નિમિત્તે સ્વામીશ્રી પધારેલા. માર્ગમાં વહેતી સરિતામાંથી સૌ જળ ભરતાં રહે તેમ એક સ્થાનેથી બીજે સ્થાને જતા તેઓનો લાભ વચમાં આવતાં ગામ લેતાં રહેતાં.

આમ, આખા દિવસના શ્રમિત હોવા છતાં તેઓએ આ દિવસે પણ રાત્રે સાડા બાર વાગ્યા સુધી કથા-વાર્તા કરી સૌને રાજી કર્યા. જે લોકોમાં ભાગ્યે જ જોવા મળે તે સ્વામીશ્રીમાં રોજેરોજ દેખાતું! તેઓને જોતાં જ ગાવાનું મન થઈ આવતું કે *'જગથી જુદેરી એની જાત રે... સ્વામીની જોડ જગે નહીં મળે રે લોલ.'*

આવા સ્વામીશ્રીના આશીર્વાદથી બોચાસણમાં તા. ૧૫/૭, ગુરુ-પૂર્ણિમાના દિવસે મહિલાઓના મુખપત્ર 'પ્રેમવતી'નો પ્રારંભ થયો. સ્વામીશ્રીની વિશેષતા હતી: 'મર્યાદામાં રહીને સૌને ખીલવવાં.' તેઓની આ ખાસિયતમાંથી જ આજે જન્મ થયો હતો – 'પ્રેમવતી' મુખપત્રનો. સ્વામીશ્રીએ તેના પ્રથમ અંકનું પૂજન કરી આશીર્વાદ આપ્યા.

આ ગુરુપૂનમની સભામાં મહંત સ્વામીએ મનનીય વાત ઉચ્ચારી કે – 'પરમ પૂજ્ય પ્રમુખસ્વામી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની જગ્યાએ છે એમ નહીં પરંતુ યોગીજી મહારાજનું સ્વરૂપ છે અને શ્રીજી તેમાં અખંડ બિરાજે છે એમ સમજવું.'

આવા યોગીસ્વરૂપ સ્વામીશ્રીને જ્યારે ગુરુપૂનમની સભામાં આશીર્વાદ આપવાનો સમય થયો ત્યારે વરસાદે વરસવાનું શરૂ કર્યું. છતાં સૌ ચોકમાં પલળતાં પલળતાં ઊભા રહ્યા, પણ સ્વામીશ્રીની અમૃતધારાનું આચમન છોડ્યું નહીં. સ્વામીશ્રીએ તે સૌને આશીર્વર્ષાથી ભીંજવતાં કહ્યું કે 'ભગવાનનું સુખ આપે તે ગુરુ. એવા ગુરુને મન અર્પણ કરી દેવું. બીજે ફાંફાં મારીશું તો આ અવસર ચૂકી જવાશે. આપણે સાતસો સાધુ કરવા છે. તે થશે એટલે શ્રીજી-મહારાજનો સંકલ્પ – કરોડો મનવારો ભરવાનો પૂરો થશે. આ મોટામાં મોટી સેવા છે. તેમાં વળી પરીક્ષા પ્રવૃત્તિથી તો ખરો હોલા ઉપાડ થયો છે. આ 'પ્રેમવતી' ત્રિમાસિક પણ સર્વોપરી ચાલશે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનો મહિમા સૌને સર્વોપરી સમજાશે. દરેકના હૃદયમાં 'પ્રેમવતી' ભક્તિ ઉત્પન્ન કરશે.'

આ આશીર્વાદ બાદ સ્વામીશ્રી અઢી કલાક સુધી વ્યક્તિગત દર્શનનો લાભ આપવા બિરાજ્યા. તેથી તેઓને સવારે શણગાર આરતીથી બપોરના

ત્રણ વાગ્યા સુધી સતત સાત કલાક એક જ આસને બેસવાનું થયું ! સભાજીત તેઓ આજે આસનજીત પણ પુરવાર થઈ રહ્યા.

## કોહિનૂર કોડી બને છે

બોચાસણથી સ્વામીશ્રી આણંદ, વિદ્યાનગર થઈને તા. ૧૯/૭ની સાંજે સાડા છ વાગ્યે ઠાસરા પધાર્યા. અહીં માત્ર બે દિવસના ટૂંકા રોકાણમાં તેઓએ પાંચ જાહેર-સભાઓમાં લાભ આપી ગામમાં અક્ષર-પુરુષોત્તમનો જયજયકાર કરી દીધો. તેની સાથે તેઓ નજીકમાં જ આવેલા પુરાતન ગલતેશ્વર મહાદેવનાં દર્શને પણ જઈ આવ્યા. અહીં વહેતી નદીમાં ઠાકોરજીને સ્નાન કરાવીને સ્વામીશ્રીએ ભૂખંડ પર એક તીર્થનો ઉમેરો કર્યો.

આમ, પગલે પગલે તીર્થ પ્રગટાવતાં તેઓ ઠાસરાથી ડાકોર, ઉમરેઠ, ઓડ થઈને સારસા પધાર્યા. અહીં આણંદના એક હરિભક્ત પોતે ખરીદેલી નવી લૉરી(ટ્રક)નું પૂજન કરાવવા આવ્યા. સ્વામીશ્રી તેનું વિધિવત્ પૂજન કરી રહ્યા ત્યારે એ હરિભક્તે મનોરથ ઉચ્ચાર્યો કે 'બાપા ! આપ તેમાં બિરાજીને પ્રસાદીની કરો.'

સ્વામીશ્રીનું વ્યક્તિત્વ એવું આકર્ષક અને અનુકૂળ હતું કે આંગળી આપતાં પોંચો પકડવાનો લોભ કોઈ જતો ન કરી શકે ! આ હરિભક્તે એમ જ કર્યું. છતાં સ્વામીશ્રી ભક્તની આ વિનંતીને વશ થઈ લૉરીમાં બેસી ગામમાં આવેલા મંદિરે દર્શન કરવા પધાર્યા !

જેનાં પૂજન માટે અઢી-અઢી કલાક સુધી લોકો પગે પાણી ઉતારતાં ઊભા રહે એ સ્વામીશ્રીને ટ્રકમાં પધરાવીને ફેરવવાનો ઓરતો કોઈ હરિભક્ત સેવે અને સ્વામીશ્રી એ અરમાન પૂરાં કરે એ બુદ્ધિમાં ન બેસે એવું આશ્ચર્ય કહેવાય. જેને નીરખવા માટે પણ પાઉન્ડ્સની ફી ચૂકવવી પડે એ કોહિનૂર હીરો રસ્તે રખડતો ભિખારી ખરીદી શકે એવી કોડી જેટલો સોંઘો થાય એ આશ્ચર્ય નહીં તો બીજું શું ?! પણ આ આશ્ચર્યનો ભાવ સાવ શમી જાય એટલા પ્રમાણમાં આવાં આશ્ચર્ય સ્વામીશ્રીના જીવનમાં સર્જાતાં રહેતાં.

## શુકનિયાળ સ્વામીશ્રી

સારસાથી નીકળેલા સ્વામીશ્રી તા. ૨૪/૭ની સાંજે કરચેલિયા પધાર્યા. અહીં રાત્રે આઠ વાગ્યાથી સાડા અગિયાર સુધી જાહેર-સભા યોજવામાં

આવેલી. તેમાં હજાર ઉપરાંત મુમુક્ષુઓ શાંતિથી બેસીને લાભ લઈ રહેલા. પણ અચાનક વરસાદ શરૂ થયો! છતાં પ્રત્યેક શ્રોતાએ લેશ પણ અવાજ કર્યા સિવાય મકાનોની ઓસરીમાં ઊભાં ઊભાં સ્વામીશ્રીની કથા સાંભળવાનો લાભ લીધો. કોઈ આઘું-પાછું થયું નહીં!

સ્વામીશ્રીના સ્વરૂપ અને શબ્દોની મોહિની જ એવી રહેતી કે સૌ પરિસ્થિતિનું ભાન ભૂલી જતા. સ્વામીશ્રીને અધર પર વાંસળી મૂકવાની પણ જરૂર પડતી નહીં. અન્યથા સ્વામીશ્રીનાં પ્રવચનોમાં તો નરી વર્તવાની જ વાત હોય! તેમાં લાલચોની મધલાળ ટપકતી ન હોય; ક્ષુલ્લક અને ક્ષણિક ગલગલિયાં કરાવી જાય તેવા ટુચકા-ટિપ્પણની ભરમાર ન હોય; રાગ-રાગિણીઓના તાન-પલટા ન હોય. આકર્ષણનો એકેય અક્ષર તેઓની સીધી-સાદી વાણીમાં ન દેખાય; તોય તેનું રસપાન કરવા લોકો ભરતાપમાં કે વરસતા વરસાદમાં પણ ચસકતા નહીં! આજે કરચેલિયાને આ અનુભવ મળી ગયો.

સ્વામીશ્રીનો બીજો પણ એક સુખદ અનુભવ આ ગામને થયો. અહીં ગામવાસીઓની ઇચ્છા ગામમાં મંદિર કરવાની હતી, પણ અમુક બાબતે મડાગાંઠ ગંઠાઈ જતાં, છેલ્લાં ૩૫-૪૦ વર્ષથી એ પ્રશ્ન વણઊકલ્યો પડેલો. આ વખતે સ્વામીશ્રીના સાંનિધ્યમાં સૌનાં મન એવાં પલટાયાં કે ચાર દસકાથી ગૂંચાયેલો મામલો સરળતાથી ઊકલી ગયો!! મંદિરનો માર્ગ મોકળો થતાં સૌને સ્વામીશ્રી શુકનિયાળ લાગ્યા.

આવા શુકનવંતા સ્વામીશ્રી કરચેલિયાથી નવસારી, મોટી ચોવીસી, વલસાડ, દમણ, વાપી, વલવાડા, ભિલાડ અને દહાણુ થઈને મુંબઈ જવા નીકળ્યા હતા. તેમાં દહાણુ સુધી તો ચડ-ઊતર જ થતી રહી, કારણ કે વચ્ચે આવતા દરેક નગરમાં પાંચ-દસ પધરામણીઓ ગોઠવાયેલી. પરંતુ દહાણુથી મુંબઈ સુધી બેરોકટોક પંથ કાપવાનો હતો. તે દરમ્યાન સ્વામીશ્રીએ ચાલુ મોટરે ૧૨૫ ઉપરાંત પત્રોમાં હસ્તાક્ષર કરી દીધા. તે વખતે રસ્તાઓ સમથળ નહોતા. વળી, ઊતરતી સાંજ અને ચઢતી રાતના સમયગાળાનો એ પ્રવાસ હોવાથી ગાડીની અંદર ઝગતી બત્તીના અજવાળે જ કામ કરવાનું હતું. સાથે ધારણાં-પારણાંનો નિર્જળા ઉપવાસ હતો. છતાં સડક પર મોટર સરકતી રહી અને કાગળ પર સ્વામીશ્રીની કલમ.

સ્વામીશ્રીને હંમેશા કલાકો કરતાં કામ ઝાઝાં રહેલાં. પરંતુ તેઓ સમય ઊભો કરવામાં મહારત હતા. ભોજન, ભ્રમણ, સભા, મુસાફરી જેવી ક્રિયાઓના

સમય કે સ્વાસ્થ્ય-પરીક્ષણ, રેલવે પ્લૅટફૉર્મ, ઍરપૉર્ટ પરના પ્રતીક્ષા-સમયનો તેઓ ખૂબીથી ઉપયોગ કરી લેતા. પોતાને મળીને ઓરડામાંથી એક વ્યક્તિ બહાર નીકળે અને બીજી વ્યક્તિ મળવા પ્રવેશે તે બે ક્રિયા વચ્ચેના સમયનો ઉપયોગ કરવાનું આયોજન પણ તેઓ પાસે રહેતું. તેને કારણે સમય અને કામકાજ વચ્ચેનું સંતુલન તેઓ આબાદ જાળવી જાણતા અને નિશ્ચિત સમયમાં જ ધાર્યાં નિશાન પાર પાડતા.

પૃથ્વી પર જ્યાં સુધી સમય રહેશે ત્યાં સુધી તેને વાપરવાની કળા સૌ સ્વામીશ્રીમાંથી શીખતા રહેશે.

## અરબી સમુદ્રને કાંઠે મહાસુખનાં મોજાં

તા. ૨૬/૭ની રાત્રે સ્વામીશ્રી મુંબઈ પધાર્યા ત્યારથી સતત બાવીસ દિવસ સુધી અરબી સમુદ્રના કાંઠે વસેલી આ અલબેલી નગરીમાં *'સહજાનંદ સિંધુ રે, આજ મારે ઊલટ્યાં...'*નો અનુભવ મુંબઈગરા કરી રહ્યા. દાદર મંદિર ઉપરાંત સ્વામીશ્રીએ માટુંગાની પોદ્દાર કૉલેજ અને અમૂલખ અમીચંદ હાઈસ્કૂલ, કપોળવાડી, કાંદિવલીના ગીતાભુવન, અંધેરીની ચિનાઈ કૉલેજ, બોરીવલીના ધરમશી ભાટિયા હૉલ, મલાડની એન. એલ. સ્કૂલ, મઝગાંવના ગીતા સ્વાધ્યાય કેન્દ્રમાં યોજાયેલી જાહેર-સભાઓમાં પધારીને મહેરના મેઘ વરસાવ્યા. આ દરેક સ્થળે તેઓનાં દર્શન-આશીર્વાદ પામવા સભાગૃહો છલકાઈ ગયાં.

કથામૃતની આ હેલીમાં તેઓ મોક્ષમાર્ગનું સચોટ નિદર્શન કરતા. તેમાં એક વાર ગઢડા અંત્ય પ્રકરણના ૩૫મા વચનામૃત પર નિરૂપણ કરતાં તેઓએ જણાવેલું કે –

"હીરાનું પારખું ઝવેરી જ કરી શકે. બાકી તો ચિંતામણિ ને પથરા સરખાં જ લાગે. રામપરા ગામની અંદર લાલ ધૂળ નીકળે છે. તેથી ત્યાંના લોકોનાં ભગવાં કપડાં હોય છે. તેથી એ બધા સાધુ ન કહેવાય. બનાવટી સંતની જાળમાં લોકો ફસાય છે. મહાત્મા સમજી તેની પાસે જાય અને અંતે ખુવાર થાય.

એક જંગલમાં સિંહ રહેતો હતો. તેને કંઈ ખાવાનું ન મળ્યું તેથી ભૂખ્યો થયો. પછી શિકારની શોધમાં ફરતાં ફરતાં એક ઝાડ પર દૂરથી વાંદરાને જોયો. સિંહે મનમાં વિચાર્યું કે આમ તો આ વાંદરાનો શિકાર થશે નહીં. તેથી તેણે

મનમાં યુક્તિ ગોઠવી. પોતે મહાત્મા બની ગયો. જમીન પર ફૂંક મારીને ધીમે ધીમે પગલું મૂકે.

વાંદરાએ ઝાડ પર બેઠાં બેઠાં આ જોયું. તે વિચાર કરવા લાગ્યો કે 'આ સિંહ જેવું હિંસક પ્રાણી અને એ આ પ્રમાણે ફૂંક મારીને જમીન પર પગલાં ભરે!' તેને બહુ નવાઈ લાગી. અનેક પ્રકારના વિચારો તેના અંતઃકરણમાં ચાલવા લાગ્યા. તે આ પ્રમાણે વિચાર કરે છે ત્યાં તો સિંહ તેની નજીક આવી ગયો. વાંદરાએ તેને પૂછ્યું કે 'તમે તો વનના રાજા કહેવાઓ અને તમે આ પ્રમાણે જમીન પર ફૂંક મારીને પગલાં ભરો છો તેનું કારણ શું છે?'

સિંહે જવાબ આપ્યો કે 'સાંભળો, હું જાત્રાએ ગયો હતો. ત્યાંનાં પવિત્ર સ્થાનોનાં દર્શન કર્યાં, ત્યાંનું વાતાવરણ જોયું, બધા લોકો કંઈક ને કંઈક નિયમ લેતા હતા. મેં પણ ત્યાં વિચાર કર્યો કે હું પણ કંઈક નિયમ લઉં. પછી એક મોટા મહાત્મા હતા તેની પાસે મેં વર્તમાન ધરાવ્યાં અને નિયમ લીધો કે કોઈ પણ પ્રાણીમાત્રની હિંસા ન કરવી. કીડી જેવા જીવની પણ હિંસા ન કરવી. તેથી કીડી-મકોડી ન મરી જાય તેટલા માટે હું આમ ચાલું છું.'

આ સાંભળી વાંદરાએ વિચાર કર્યો કે 'આવા હિંસક પ્રાણીમાં પણ આ પ્રમાણે ફેરફાર થઈ ગયો? તે જરૂર મહાત્મા બની ગયા! હવે હું જો તેને પગે લાગું તો મારા જીવનું કલ્યાણ થાય.' આમ તેને સિંહની વાતમાં વિશ્વાસ આવી ગયો.

પછી વાંદરો ઝાડ પરથી નીચે ઊતરી સિંહ પાસે આવ્યો. સિંહને તો ગમે તેમ કરીને વાંદરાને પકડવો હતો તેથી તેણે આ ઢોંગ ધારણ કર્યો હતો. વાંદરો પાસે આવ્યો અને વાંદરાની બોચી પકડી. પણ વાંદરો બુદ્ધિશાળી હતો. વાંદરો આ પ્રમાણે પકડાયો તો પણ હસવા લાગ્યો. આથી સિંહે વિચાર કર્યો: 'આને મરવાનો સમય આવ્યો છે છતાં પણ તે કેમ હસે છે?' તેથી સિંહે તેને પૂછ્યું કે 'તું શા માટે હસે છે?' ત્યારે વાંદરાએ કહ્યું: 'તું મને છૂટો મૂકે તો હું મારા આનંદનું વર્ણન કરી શકું.' સિંહે આ રહસ્ય જાણવા વાંદરાને છૂટો કર્યો. ત્યારે જેમ બંદૂકમાંથી ગોળી છૂટે તેમ વાંદરો છૂટતાંની સાથે જ છલાંગ મારીને ઝાડ પર ચડી ગયો અને રડવા લાગ્યો. તે જોઈ સિંહે રડવાનું કારણ પૂછ્યું ત્યારે વાંદરાએ વાત કરી: 'મારા જેવા હજારો વિશ્વાસીનો તું ઘાણ કાઢી નાંખીશ એનું મને રડવું આવે છે.' એમ કહીને પછી વાંદરો તો ચાલ્યો ગયો.

એમ જગતમાં આવા કેટલાય મહાત્માઓ હોય છે. દુકાનોમાં બહારથી

કાચનાં ઘણાં ડેકોરેશન કરેલાં હોય પણ અંદર જઈએ ત્યારે ખ્યાલ આવે કે શું માલ છે, શું ભાવ છે ને કેવો માલ મળે છે! તેમાં સોનું લેવા જઈએ ને પછી તેને બદલે પિત્તળ લઈ આવીએ તો રડવાનું જ થાય. એમ આપણે દીવો હાથમાં લઈને કૂવામાં પડીએ તો પછી આપણા જેવા મૂર્ખ કોણ કહેવાય? તેવી રીતે શ્રીજીમહારાજે આપણને દીવા જેવી ચોખ્ખી વાત બતાવી છે, સાચા સંત ઓળખાવ્યા છે. માટે ખોટા રસ્તા પર ભરમાવું નહીં.''

સ્વામીશ્રી આવી દૃષ્ટાંતસભર વાતોથી સૌને દૃષ્ટિ આપી દેતા. તેથી મુમુક્ષુ ક્યાંય અટવાતો-અથડાતો નહીં.

## બોલત બ્રહ્મખુમારે

આ અરસામાં સ્વામીશ્રીને ધારણાં-પારણાંનું વ્રત ચાલુ હતું. મહિનાના આ વ્રતમાં પંદર દિવસ પૂરા થયેલા. પણ સંતોને થયું કે 'આ ઉંમરે અને આ ભીડામાં સ્વામીશ્રી વ્રત કરે તે ઠીક નહીં.' તેથી તા. ૭/૮ના રોજ અક્ષર ભુવનના બીજા માળે આવેલી સંતોની રૂમમાં સ્વામીશ્રી બિરાજેલા ત્યારે તેઓને આ વ્રત મુકાવવા સૌએ ખૂબ આગ્રહ કર્યો.

શરૂઆતમાં તો સ્વામીશ્રીએ મચક આપી નહીં, પણ અંતે સંતો ન કચવાય તે હેતુથી તેઓએ નમતું જોખ્યું. છતાં એકટાણાં તો ચાલુ જ રાખ્યાં! તોય ધારણાં-પારણાંનું વ્રત ન કરી શકવાનો ખેદ મનમાં પૂરેપૂરો રહી ગયો હશે, તેથી તા. ૮/૮ની સવારની કથામાં તેઓએ કારિયાણીના દસમા વચનામૃત પર નિરૂપણ કરતાં તપના ઈશકની ખૂબ વાતો કરી કહ્યું પણ ખરું કે 'આ વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે કે જેને તપનો ઈશક હોય તેને વચમાં ગમે તેટલા અંતરાય આવે તો પણ પાછો હઠે નહીં. પણ સંતોએ અમારો ઈશક મોળો પાડી દીધો!'

કોઈ અલ્પ કરે તેને ઘણું માની લેતા સ્વામીશ્રી, પોતે ઘણું કરતા તોય તેઓને તે અતિ અલ્પ જ લાગતું! તેથી તપ, વ્રત, સેવા, ભક્તિ વગેરેમાં આવતી રુકાવટ તેઓને ખૂબ ખટકતી.

તે ખટક આજની કથામાં વ્યક્ત કર્યા બાદ, બોરીવલી વિસ્તારમાં પધરામણીઓ કરવા નીકળેલા સ્વામીશ્રીને અહીં ત્રણ-ચાર માળનાં મકાનોમાં ચડ-ઊતર ઘણી થઈ. તેથી પધરામણીમાં સાથે આવેલ અઢારેક વર્ષના યુવાન નિરન્ન દવે તો હાંફવા માંડ્યા. તેઓએ પોતાની સ્થિતિ-પરિસ્થિતિથી

સ્વામીશ્રીને તોળતાં કહ્યું: 'આપને ધારણાં-પારણાં વ્રત ચાલુ હોત તો શું થાત? કારણ કે, આજે ઉપવાસનો દિવસ આવ્યો હોત!'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'ધારણાં-પારણાંમાં આવી તો કૈંક પધરામણીઓ કરી નાંખી!'

તેઓના આ શબ્દોમાં કોઈ દર્પ કે ગર્વ નહોતો પણ ખુમારી ઝળકતી હતી. તે વખતે સૌને *'દેહાતીત નિરંતર ડોલત, બોલત બ્રહ્મખુમારે...'*માં પડઘાતી સાધુની અલમસ્તાઈ યાદ આવી ગઈ.

## નિરમાની જ્ઞાની અતિ નીકે

મુંબઈના રોકાણ દરમ્યાન એક વાર સ્વામીશ્રી પ્રાતઃપૂજામાં પધારતાં પૂર્વે ઠાકોરજીનાં દર્શન કરવા અક્ષર ભુવનના નીચેના હૉલમાં પહોંચ્યા. તે સમયે અહીં મહંત સ્વામી અને કોઠારી સ્વામી નિત્યપૂજા કરી રહેલા. તે જોઈને સ્વામીશ્રી તેઓ પાસે ગયા અને નીચા નમી પગે લાગ્યા!

એટલું જ નહીં, ત્યાં અંટોલીના પ્રવીણ[૬૯] નામના યુવક પણ પૂજા કરી રહેલા. તેઓનેય સ્વામીશ્રી ચરણસ્પર્શ કરીને પગે લાગ્યા! કોઈ તેઓને આમ કરતાં વારે-નિવારે તે પહેલાં તો દુનિયામાં દુર્લભ દાખલા જેવું એક દૃશ્ય બ્રાહ્મમુહૂર્તમાં જ સર્જાઈ ગયું!

'स्नेहातुरस्त्वथ भयातुर आमयावी यद्वत्क्षुधातुरजनश्च विहाय मानम् ।
दैन्यं भजेयुरिह सत्सु तथा चरन्तं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥'

– સ્નેહાતુર, ભયાતુર, રોગાતુર અને ક્ષુધાતુર મનુષ્ય જે રીતે માન તજીને ફરે છે તે રીતે જ નિર્માની થઈને સંતોમાં વિચરતા શ્રીજીમહારાજના શરણે હું જાઉં છું. શ્રીજીમહારાજ વિષેનો પરમહંસોનો આ અનુભવ આજે સ્વામીશ્રીમાં સાકાર થતો જોઈ સૌ તેઓને નમી પડ્યા.

## વેદનાને વલૂરી નાંખી

તા. ૧૩/૮ના રોજ નાળિયેરી પૂર્ણિમા નિમિત્તે જુહૂના દરિયાકિનારે સ્નાનનો કાર્યક્રમ ગોઠવવામાં આવેલો. તે માટે સંતો-હરિભક્તો મોટર અને બસમાં સાગરકિનારે આવી પહોંચ્યા. અહીં સ્વામીશ્રીએ પ્રથમ ઠાકોરજીને

---

૬૯. સમય જતાં તેઓએ સ્વામીશ્રીના હસ્તે દીક્ષા લઈ સાધુ અક્ષરચરણદાસ નામ ધારણ કર્યું.

સ્નાન કરાવ્યું. ત્યારબાદ સંતો-ભક્તોનાં મસ્તકે જળ ચડાવી સૌને સમુદ્રસ્નાનનું સંભારણું આપી દીધું.

છેલ્લે સ્વયં સ્વામીશ્રી જ્યારે સાગરનાં જળમાં પ્રવેશ્યા ત્યારે સૌ તેઓને સ્નાન કરાવવા પડાપડી કરવા લાગ્યા. તે દરમ્યાન કોઈકનો તીક્ષ્ણ નખ સ્વામીશ્રીના વાંસામાં ઊંડો લિસોટો પાડી ગયો ! પણ ઊછળતા ઉત્સાહમાં અને ખળકતાં જળમાં આ વાત કોઈની નજરે ચઢી નહીં. સ્વામીશ્રીએ પણ આ વિષે કાંઈ જણાવ્યું નહીં. દરિયાનું ખારું પાણી પંદર-વીસ મિનિટ સુધી પેલા ઘાને ચચરાવતું રહ્યું, પરંતુ તે સહન કરીને સ્વામીશ્રીએ રંગમાં ભંગ પડવા ન દીધો અને સૌને સુખદ સ્મૃતિઓથી તરબતર કરી મૂક્યા.

સ્નાનવિધિનો આ કાર્યક્રમ પૂરો થયા બાદ સ્વામીશ્રી દરિયાની બહાર પધાર્યા ત્યારે ઘાની વિગત પ્રકાશમાં આવી. તેથી સૌને ખૂબ જ દુઃખ થયું. પણ સ્વામીશ્રી તો જાણે કંઈ બન્યું જ નથી તે રીતે આગળના કાર્યક્રમ માટે નીકળી ગયા !

એ ઘાને રુઝ આવતાં ખાસ્સા પંદર-વીસ દિવસ થયેલા, પણ તેની વેદના સંબંધી ઊંહકારો સ્વામીશ્રીએ કદી કર્યો નહોતો !! માનવી ખંજવાળને જે સહજતાથી વલૂરી નાંખે તે જ રીતે તેઓ વેદનાને વલૂરી નાંખતા.

## તર્કનો પનો ટૂંકો પડે છે

મુંબઈ આવ્યા પૂર્વે સ્વામીશ્રી કરચેલિયા પધાર્યા ત્યારે છગનભાઈના ઘેર તેઓનો ઉતારો હતો. આ ભક્તના ઘરની ભીંત પર પંચમૂર્તિ – શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ પધરાવવામાં આવેલ. અહીં તા. ૧૩/૮ના રોજ આશ્ચર્ય એ થયું કે બપોરે બે વાગ્યાથી આ મૂર્તિમાંથી અમીઝરણાં વહેતાં થયાં હોય તેમ પાણી ઝરવા લાગ્યું !

થોડી વારમાં તો ગામના ખૂણેખૂણે આ વાત ઘૂમી વળી અને લોકોનાં ટોળેટોળાં કૌતુક જોવાં ઊમટવાં લાગ્યાં. કો'ક પોતાની અંજલિમાં જળ ઝીલે તો કો'ક પાત્રમાં ભરતું જાય. સાંજ સુધીમાં તો આસપાસનાં ગામોમાંથી પણ સૌ વાહનો ભાડે કરીને ઠલવાવા લાગ્યા.

ઘઉં ભેગા કાંકરા આવે તેમ આ મુમુક્ષુઓ સાથે કહેવાતો બૌદ્ધિક વર્ગ પણ આવ્યો. તેનો ઇરાદો આ 'તરકટ'ને તોડી પાડવાનો હતો. પણ અહીં ક્યાં

કોઈ જાદુ કે બનાવટ હતાં? અહીં ભોળા ભક્તોને ભરમાવીને પોતાના રોટલા શેકવાની વાત ક્યાં હતી? જે હતું તે નક્કર હતું. નજરે દેખાતાંનો ઇનકાર થઈ શકે તેમ નહોતો. તેથી તપાસણી-ચકાસણીના અંતે આસ્તિક-નાસ્તિક સૌએ ઘૂંટણિયે પડી માથાં ટેકવ્યાં.

આખા પંથકમાં સ્વામીશ્રીનો જયજયકાર થઈ ગયો! ઘણા દિવસો સુધી આ ચમત્કાર ચાલુ રહ્યો.[૭૦]

## તનસુખ ત્યાગવા તાન જી

સ્વામીશ્રીના સાંનિધ્યમાં વિદાય હંમેશા ભારેખમ બની રહેતી. તેઓના જતાં શરીરનું કોઈ અંગ છૂટું પડતું હોય તેવી પીડા સૌ અનુભવતા. તા. ૧૭/૮ની બપોરે મુંબઈના સેન્ટ્રલ સ્ટેશને આવું જ વાતાવરણ સર્જાયેલું!

આજે વિદાય લઈ રહેલા સ્વામીશ્રીની પાછળ ભક્તપ્રવાહ પણ ઢસડાઈને અહીં આવી પહોંચેલો. સ્વામીશ્રી 'ફ્લાઈંગ રાણી' ટ્રેનમાં ચઢ્યા તોય વિરહાતુર ભક્તો ખસ્યા નહીં. તેથી સ્વામીશ્રી ડબ્બાના દરવાજે ઊભા રહી સૌ પર અમીદૃષ્ટિ વરસાવતા રહ્યા. થોડી વારે સૌ ભક્તહૃદયોનો ભુક્કો કરતી ટ્રેન સરકી. વિયોગમાં દિગ્મૂઢ ભક્તસમાજ, એ અગ્નિરથ ટપકું બનીને ક્ષિતિજમાં ઓગળી ગયો ત્યાં સુધી તેને નીરખી રહ્યા.

સ્વામીશ્રીએ મુંબઈથી સુરત સુધીની એ આખી મુસાફરી પત્રલેખનમાં ગાળી. સુરતના સ્ટેશને સૌનો સત્કાર ઝીલતાં તેઓ ઉતારે પધાર્યા.

સૌરાષ્ટ્રથી વ્યવસાય અર્થે સુરતમાં સ્થાયી થયેલા ભક્તોએ અહીંની નવી વિઠ્ઠલ વાડીમાં પારાયણનું આયોજન ગોઠવેલું. પરંતુ પારાયણના પ્રથમ દિવસથી

---

૭૦. પણ આશ્ચર્ય એ બન્યું કે થોડા સમય બાદ જ્યારે સ્વામીશ્રી કરચેલિયા પધારેલા ત્યારે સૌએ તેઓને આ મૂર્તિ બતાવતાં કહેલું: 'બાપા! આપની આ મૂર્તિમાંથી પાણી ઝરતું હતું અને સેંકડો લોકો તેનાં દર્શને આવેલા.'

તે વખતે સ્વામીશ્રી પધરામણીઓ કરીને આવ્યા હોવાથી પરસેવે રેબઝેબ હતા. તેથી તેઓએ પોતાના ભાલમાંથી પરસેવો નિતારતાં કહેલું: 'એ પાણી નહીં પણ આ પાણી કામમાં આવશે.'

તેઓને મન પરચા કરતાં પુરુષાર્થની મહત્તા હતી. તેથી તેઓના સાંનિધ્યમાં પરચા-ચમત્કારને કદી ઊંચું આસન મળ્યું જ નહોતું. પધરામણીમાં પડેલાં પ્રસ્વેદજળથી આદિવાસીઓ વ્યસન-દૂષણ છોડી શ્રીહરિના આશ્રિત બન્યા તે જ તેઓને મન મોટો ચમત્કાર હતો.

જ આ વાડી સાંકડી પડી રહી. સુરત ઉપરાંત દક્ષિણ ગુજરાતનાં મુખ્ય મુખ્ય સત્સંગ મથકોમાંથી પણ ભક્તો તાપીતટે વહેતી જ્ઞાનગંગામાં ડૂબકી મારવા આવતા રહ્યા.

તે સૌને બ્રહ્મરસમાં તરબોળ કરતાં સ્વામીશ્રી, તા. ૨૦/૮ની સાંજે છ વાગ્યે સુરતથી વિદાય લઈ ભરૂચ પહોંચ્યા. અહીં તેઓએ રાત્રિભોજનમાં ફક્ત ઉકાળો જ અંગીકાર કર્યો, આવતીકાલે જન્માષ્ટમીનો નિર્જળા ઉપવાસ ઝળૂંબતો હોવા છતાં! સામાન્યતયા ઉપવાસનો પડકાર ઝીલવા મનુષ્ય આગલા દિવસે ઠીક ઠીક પ્રમાણમાં પેટમાં દાબો દે. પરંતુ સ્વામીશ્રીની તો પ્રકૃતિ જ ન્યારી. તેઓ શરીરને જેમ બને તેમ વધુ રગડવામાં માનતા.

અટલાદરામાં પણ તા. ૨૧/૮ની સવારે સાડા આઠથી અગિયાર વાગ્યા સુધી તેઓએ ગઢડા અંત્ય પ્રકરણના ૩૯મા વચનામૃત પર કથા કરી. ઉપવાસના દિવસે ઓછામાં ઓછો કંઠશોષ પડે તે રીતે વર્તવાની માનવીય પ્રકૃતિ રહે. પરંતુ સ્વામીશ્રીની પદ્ધતિ તો જાણી જાણીને દેહનું દમન કરવાની. તેથી ઉપવાસમાં સતત અઢી કલાક કથા ચલાવી. કથા બાદ તેઓએ આખી બપોર પધરામણીમાં પસાર કરી!

'દેહને ખાસડાં જેવું કરી નાંખવું... પરપોલા જેવું ન રાખવું... સૂંઢેલ બળદની જેમ દેહ પાસેથી કામ લેવું...' આમ જે તેઓ વારંવાર બોલતા તે તેઓની બોલી નહોતી, પણ શૈલી હતી.

## આગવો અભિગમ

જન્માષ્ટમીના દિવસે અટલાદરામાં સવારથી જ કથાની કડકડાટી બોલવા લાગેલી. સ્વામીશ્રી પધરામણીએ પધાર્યા બાદ પણ બપોર સુધી કથા ચાલેલી.

ત્યારબાદ કલાકેકના વિરામ પછી કથા પુનઃ શરૂ કરવાની હતી. પણ વિરામના સમયે મંદિરની નજીકમાં જ આવેલા પોતાના ઘેર ગયેલા માઈકરૂમ સંભાળનાર યુવક કિરીટ દેસાઈ પાછા ફરવામાં કો'ક કારણસર મોડા પડતાં વડીલ હરિભક્તો ધૂંવાપૂંવા થતા હતા. જેવા તેઓ આવ્યા કે સૌએ તેઓની પર તડી બોલાવી: 'ક્યારનો ક્યાં ગયો હતો? ખબર નથી પડતી? સભાનો ટાઇમ થઈ ગયો છે ને...!'

વડીલોના આ ઠપકાથી તે યુવાન છોભીલો પડી ગયો.

પણ ત્યાં જ સ્વામીશ્રી આવી પહોંચ્યા. તેઓ ક્ષણ વારમાં પરિસ્થિતિ

પામી જઈ વડીલોને કહેવા લાગ્યા: 'એ બિચારો સવારનો સેવામાં છે. તમે બધા આઘા-પાછા જઈ આવ્યા તો તે પણ થોડો આરામ કરી લે ને !'

સ્વામીશ્રીની આ દલીલથી ઉકળાટ કાઢતાં સૌ ટાઢા પડી ગયા. તેથી પેલા યુવકને પણ હાશ થઈ ગઈ. તેઓએ પુનઃ ઉત્સાહથી સેવા સંભાળી લીધી.

વ્યક્તિની શક્તિને ખીલવવાનો સ્વામીશ્રી પાસે આવો આગવો અભિગમ હતો. તેઓ વ્યક્તિની ભૂલો પ્રત્યે ગાફેલ બિલકુલ નહીં, પણ ઉદાર જરૂર રહી શકતા. તેથી તેઓ સાથે કાર્ય કરનાર વ્યક્તિને ગજબની હૂંફ મળતી. તે હૂંફ જ કાર્યશક્તિને અનેકગણી વધારી દેતી અને સામાન્ય જણાતી વ્યક્તિ પણ ગજા ઉપરાંતની સેવા કરી ધાર્યા બહારનું પરિણામ લાવી દેખાડતી !

## પૈસાનો વરસાદ થાય છે

તા. ૨૧/૮ની રાત્રે નવથી બાર વાગ્યા સુધી જન્માષ્ટમીનો ઉત્સવ ધામધૂમથી ઊજવાયો. આ ઉત્સવ-સભામાં બિરાજેલા સ્વામીશ્રીએ સત્સંગ-આકાશમાં સિતારો બની ચમકી રહે તેવો એક પત્ર સમગ્ર સત્સંગીઓ પ્રત્યે લખતાં જણાવ્યું કે –

*'નિઃસ્વાર્થ ભાવથી, કેવળ મહારાજ અને સ્વામીનો રાજીપો મળે તે માટે સેવા કરવી; સત્સંગ મારે માટે શું કરશે તેવો વિચાર ન કરવો, પણ સત્સંગ માટે હું શું કરી શકું તેમ હંમેશા વિચારવું. તો આગળ વધી જવાશે. અંદરોઅંદર સંપ-એકતા વધે તે રીતે વર્તવું અને દરેકમાંથી ગુણ લેતાં શીખવું.'*

આમ, ખૂબ ટૂંકમાં પ્રગતિનાં પગથિયાં ગોઠવી આપતાં સ્વામીશ્રી તા. ૨૨/૮ની સાંજે જંબુસર પધાર્યા.

તેઓ આવતાં જ બૅન્ડ-વાજાંના ઘોષ સાથે નગરયાત્રા શરૂ થઈ. પણ આ નગરયાત્રા અડધે પહોંચી હશે ત્યાં વરસાદ શરૂ થયો ! આ વર્ષે સમગ્ર જંબુસર તાલુકો વરસાદથી વંચિત હોવાથી જનતા ચાતકનજરે વર્ષાની રાહ જોતી હતી. સ્વામીશ્રીની સાથે વરસાદે પણ પધરામણી કરતાં સૌ વિશેષ ઉત્સાહમાં આવી ગયા અને પલળતાં પલળતાં નગરયાત્રા પૂરી કરી.

બીજે દિવસે તા. ૨૩/૮ના રોજ ગામના ઢોળાવ ફળિયામાં સ્વામીશ્રી મંદિરના ખાતમુહૂર્ત માટે પધાર્યા. આ ખાતવિધિ બાદ મંદિરની ભૂમિ પર જ સભા યોજાયેલી. પણ તે સભામાં ધોધમાર વરસાદ ત્રાટક્યો. વરસાદી ધારાઓ

એવી પ્રચંડ હતી કે સભામાંથી સૌ ઊભા થઈ જાય તેવી શક્યતા સર્જાઈ ગઈ. પણ તે વખતે સ્વામીશ્રી બોલ્યા: 'પૈસાનો વરસાદ થાય છે.'

સ્વામીશ્રીના આ ચાર શબ્દોએ જાદુ ચલાવ્યો હોય તેમ સૌ વરસતા વરસાદમાં બેસી રહ્યા. મંદિર-નિર્માણ માટે આર્થિક સેવાઓ પણ નોંધાવી. આમ, એક યાદગાર ખાતવિધિ સંપન્ન થયો. સાંજે સ્વામીશ્રી વિદાય લઈ રહેલા ત્યારે આભ તો વરસતું હતું પણ સૌની આંખોય આ તારણહારને 'આવજો... પધારજો...' કહેતાં ઝરમર ઝરમર વરસી રહી!

## શું ગાવું, પાર ન પાવું

જંબુસરથી વડોદરા પધારેલા સ્વામીશ્રી તા. ૨૪/૮ની સવારે નંદેસરી, અડાસ, બોચાસણ, ધર્મજ, માતર વગેરે ગામોને પાવન કરતાં ખેડા પહોંચ્યા.

અહીં રહેતા ડૉ. હરીશભાઈ ત્રિવેદીના ઘેર તેઓ આ રસ્તે આવતાં-જતાં અચૂક પધારતા. આ વખતે પણ રાબેતાની રૂએ સ્વામીશ્રીએ ડ્રાઈવરને સૂચના આપી કે 'સાહેબના ઘેર ગાડી લઈ લો.'

તે મુજબ ગાડી ઘરની નજીક આવીને ઊભી રહી. પણ ડ્રાઈવરે બંધ બારી-બારણાં જોઈને કહ્યું: 'બાપા! ડૉક્ટર ઘેર નથી લાગતા!' છતાં સ્વામીશ્રી 'જવું છે' કહેતાં ગાડીમાંથી ઊતર્યા.

બંગલો થોડો ઊંચાઈ પર હતો. તેથી તેઓ આઠ-દસ પગથિયાં ચઢીને ઉપર પહોંચ્યા. ત્યાં દ્વાર પર લટકતા તાળાને સ્વામીશ્રીએ હાથ લગાડ્યો અને જાણે ડૉક્ટર પ્રત્યક્ષ ઉપસ્થિત હોય તેમ આશીર્વાદ આપતાં બોલ્યા: 'જય સ્વામિનારાયણ...!'

પાક ઊગ્યો છે કે નહીં તે જોયા સિવાય વરસાદ વરસતો જ રહે છે; તેમ સ્વામીશ્રીના મમતામેઘને પણ કોઈ તાળાં-નકૂચાં નહોતા. તે તો બારે માસ મંડાયેલો જ રહેતો; કોઈ ઝીલનારું હોય કે ન હોય![૭૧]

ખેડાથી સ્વામીશ્રી સોખડા, ધરોડા, બાવળા થઈને ગોંડલ પધાર્યા ત્યારે તેઓએ એક દિવસમાં પગ તળે કરેલું તે દસમું ગામ હતું! તોય ગોંડલ પહોંચીને રાત્રે કથા-વાર્તા કરી તેઓ બાર વાગ્યે આરામમાં પધાર્યા!!

૭૧. આ પ્રસંગ બન્યાના બે દિવસ પછી સ્વામીશ્રી અમદાવાદ પહોંચ્યા ત્યારે ત્યાં હરીશભાઈને જોતાં જ તેઓએ કહેલું: 'ડૉક્ટર! તમારે ત્યાં જઈ આવ્યા ને તાળે હાથ અડાડી આવ્યા.' આ સાંભળતાં જ એ તબીબનાં હૈયાબંધ છૂટી ગયેલાં.

એકાદશીનો નિર્જળા ઉપવાસ હોવા છતાં !!!

તે વખતે સૌ અવઢવમાં પડી ગયા કે 'સ્વામીશ્રીનું શું બિરદાવશું? પાણીનું ટીપુંય મોંમાં મૂક્યા સિવાય ૧૦-૧૦ ગામો ખૂંદવાની કાર્યક્ષમતા? કે આટલા શ્રમ-શોષ પછી પણ મોડી રાત સુધી કથા કરવાની આસક્તિ? કે હરિભક્તો પર સતત વરસતો મમતામેઘ?'

સ્વામીશ્રીને નીરખનારો કાયમ આમ ત્રિભેટે જ અટવાતો રહેતો, કારણ કે તે જે બાજુ નજર કરે તે બાજુ સ્વામીશ્રી સીમા વળોટી ગયેલા જ દેખાતા હોય! અંતે તે ગાઈ ઊઠતો: *'નમું કર જોડી, બુદ્ધિ છે થોડી; શું ગાવું, પાર ન પાવું મારા રાજ...'*

આ જ અનુભવ આગામી દિવસે પણ થઈ રહ્યો, જ્યારે સ્વામીશ્રી પ્રાતઃકર્મથી પરવારીને મંદિરના સંતનિવાસમાં પધાર્યા. અહીં તા. ૨૫/૮ના રોજ તેઓના વરદહસ્તે 'શ્રી અક્ષર વાચનાલય'નું ઉદ્‌ઘાટન રાખવામાં આવેલું. આ ગ્રંથાલય એટલે બે-એક મેજ અને ચાર-પાંચ ખુરશીઓ ધરાવતા એક નાનકડા ઓરડાનાં થોડાં કબાટોમાં મુકાયેલાં કેટલાંક પુસ્તકો! ઉદ્‌ઘાટનની આ ઘટનાને સંતોનો ભક્તિભાવ ગણો તોય તેમાંથી ઊભરતી સ્વામીશ્રીની સરળતા-સુલભતા ખરેખર ધ્યાનાકર્ષક છે. દુનિયાનાં દફતરોમાં જેનાં કાર્યોની નોંધ લેવાતી હોય તેવા કેટલા મહાપુરુષોએ આટલી નાની-નાની બાબતોમાં રસ લીધો હશે!

પણ વાત અહીં ક્યાં પૂરી થાય છે? સ્વામીશ્રી ગોંડલથી રાજકોટ પધાર્યા ત્યારે અત્રે એક હરિભક્ત ખેતીવાડીમાં ઉપયોગી જંતુનાશક દવાઓ અને ખાતરની દુકાન શરૂ કરવાના હતા. એ દુકાનનું 'શટર' સ્વામીશ્રીના હાથે ઊંચું થાય તેવી તેઓની ઇચ્છા હતી. સ્વામીશ્રીએ તે સંકલ્પ પણ પૂરો કર્યો!

શહેરના લત્તાના મુખપત્રમાં પણ જેની નોંધ ન લેવાય તેવા નાના કદનાં કામ માટે સૌ સ્વામીશ્રીને નોંતરતા અને તેઓ ત્યાં હોંશે હોંશે જતા. સૂર્ય આગિયો બન્યો એ કલ્પના પણ અનુચિત લાગે તેટલા નાનાં બનીને સૌ વચ્ચે વિચરી ગયા છે સ્વામીશ્રી!

## પ્રેમનાં પાસાં

રાજકોટથી નીકળેલા સ્વામીશ્રી વિચરણ કરતાં કરતાં તા. ૨૬/૮ની સાંજે અમદાવાદ પધાર્યા. અહીં આવવાનો હેતુ તેઓએ સ્વાગત-સભામાં જ

જણાવી દીધો કે 'શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના વખતથી શ્રાવણ માસની કથા અહીં અમદાવાદમાં ચાલતી આવે છે. તો આ વખતે પણ શ્રાવણ મહિનો ખાલી જવો ન જોઈએ – એ હેતુથી અહીં આવી ગયા.'

આ હેતુ પૂરેપૂરો સિદ્ધ કરતાં સ્વામીશ્રી નવ દિવસ સુધી અમદાવાદમાં ખૂબ વરસ્યા.

ત્યારબાદ અહીંથી ગઢડા પધારેલા તેઓનો લાભ લેવા રમેશ નામના એક યુવાન ગઢડા સ્ટેશને ઊતર્યા. પણ અહીં પગ મૂકતાં જ તીવ્ર જ્વરે તેઓના શરીરને ભરડો લઈ લીધો. તેઓ જેમ તેમ કરીને મંદિરે પહોંચ્યા, પણ અહીં કોઈ પરિચિત ન હોવાથી જરૂરિયાતની દવા કે વસ્તુ માટે પણ અટવાતા હતા. તેવામાં ઊલટી થતાં વિટંબણા વધી. પરંતુ ડૉક્ટર સ્વામીને આ જાણ થતાં તેઓએ જરૂરી દવાઓ આપી.

આ ઔષધ લઈને તે યુવાન ઓરડામાંથી બહાર જ નીકળ્યા ત્યાં ઠાકોરજીનાં દર્શને જઈ રહેલા સ્વામીશ્રી સાથે તેઓનો ભેટો થઈ ગયો. એ યુવાનને જોતાં સ્વામીશ્રીએ પ્રેમથી પૂછ્યું : 'તાવ આવી ગયો ?'

'હા, બાપા !'

તે યુવકે જવાબ તો આપી દીધો, પણ તેઓને આશ્ચર્ય થયું કે 'મારી માંદગીની વિગત સ્વામીશ્રી કેવી રીતે જાણી ગયા ?!'

આ આશ્ચર્યના અંકોડા ખૂલે તે પહેલાં તો સ્વામીશ્રીએ તેઓને પોતાની સાથે લીધા અને ચાલતાં ચાલતાં જ કહેવા લાગ્યા : 'હવે આરામ કરવાનો. બહાર ક્યાંય જવું નહીં.'

ઠાકોરજીનાં દર્શન બાદ સ્વામીશ્રી અલ્પાહાર માટે બિરાજ્યા ત્યારે એ યુવાનને પોતાની પાસે બોલાવી પોતાની વાટકીનો ઉકાળો તેને ધરી દીધો. તે યુવક આ પ્રસાદી લઈને હરિભક્તો બેઠા હતા તે તરફ જવા લાગ્યા. ત્યાં જ સ્વામીશ્રીએ કહ્યું : 'ત્યાં નહીં. અહીં નજીક બેસીને જ પી લો.' એમ કહી સ્વામીશ્રીએ તેઓને પોતાની પાસે બેસાડીને જ દૂધ પાયું.

યુવક ઉકાળો પી રહ્યો એટલે સ્વામીશ્રી બોલ્યા : 'હવે સૂઈ જાઓ.'

પણ સ્વામીશ્રીનો પ્રેમ-પ્રસાદ પામી આ યુવાનની તો ઊંઘ ઊડી ગયેલી ! તે ઓરડામાં આડા પડ્યા, છતાં મન તો સ્વામીશ્રીની સ્મૃતિમાં જ રમી રહેલું. દોઢેક કલાક સુધી તે આમ જ પડી રહ્યા.

ત્યાં સાડા દસના સુમારે બે-ચાર યુવકો સાથે સ્વામીશ્રી ત્યાં આવી

પહોંચ્યા ! તેઓ તે યુવકની પથારી પાસે નીચે જ બેસી ગયા. આ જોઈ રમેશ બેઠા થવા ગયા, પણ સ્વામીશ્રીએ કહ્યું : 'સૂઈ રહે. વાંધો નહીં.' એમ કહેતાં હળવે હાથે તેઓનું માથું દાબતા જાય અને બળના બોલ કહેતા જાય. સ્વામીશ્રીની આ સંભાળે તે યુવાનને મા પણ ભુલાવી દીધી !

બીજે દિવસે આ યુવક જ્યારે સ્નાન કરવા ગયા ત્યારે સ્વામીશ્રી પણ ત્યાં જ હતા. તેઓએ તેને રોકતાં કહ્યું : 'હમણાં નાહીશ નહીં. બધે ઠંડું પાણી આવતું હશે ! હું નાહી લઉં પછી અહીં જ ગરમ પાણીએ નાહી લેજે.'

સ્વામીશ્રીના આ હેતથી પેલા યુવાનને પોતાની વેદના વરદાન જેવી લાગવા માંડી.

આમ, સતત ત્રણ દિવસ સુધી સ્વામીશ્રીના વહાલની વર્ષા વરસી રહી. એ પ્રેમલધારાએ આ યુવાનના તમામ સાંસારિક રંગો ધોઈ-ધમારી નાંખ્યા અને તેઓ સ્વામીશ્રીના હસ્તે દીક્ષિત થઈ ગયા ![૭૨]

હનુમાનજીને વિદાય આપતાં રામચંદ્રજીના મુખમાં શબ્દો મુકાયા છે કે –

'एकैकस्य उपकारस्य प्राणान् दास्यामि ते कपे ।
शेषस्य इह उपकाराणां भवाम ऋणिनो वयम् ॥'[૭૩]

– તમારા એક-એક ઉપકારનું ઋણ ચૂકવવામાં પ્રાણ ન્યોછાવર કરવા પડે એમ છે. તોય બાકીના ઉપકારોના તો અમે કાયમ ઋણી જ રહીશું.

સ્વામીશ્રી માટે પણ સૌનો આ જ અનુભવ હતો. તેઓના પ્રેમનાં પાસાં એ રીતે પથરાતાં કે જિંદગીની કિંમત ચૂકવતાંય બાજી જીતી શકાતી નહીં.

## યોગીબાપા આખા મારી પાસે છે

ગઢડાથી સ્વામીશ્રી સારંગપુર પધાર્યા. અહીં તા. ૮/૯ના રોજ ત્રણેક હજાર હરિભક્તોની ઉપસ્થિતિમાં જળઝીલણી એકાદશીનો ઉત્સવ ઉમંગભેર ઊજવાયો.

ત્યારબાદ તા. ૧૦/૯ના રોજ સુદ તેરસની તિથિ હોવાથી સ્વામીશ્રી ક્ષૌરકર્મ કરવા બિરાજેલા. તે વખતે સેવામાં રહેલા પ્રગટ ભગતે સ્વામીશ્રીના થોડા પ્રસાદીભૂત કેશ પોતાની પાસે રાખી દીધા. જો કે સ્વામીશ્રીની ચકોર

---

૭૨. તેઓનું નામ સાધુ પુરુષોત્તમચરણદાસ રાખવામાં આવ્યું.

૭૩. उत्तरकाण्डम् (रामायणम्) – ૪૦/૨૩.

નજરથી આ વિગત અજાણી રહી નહીં. તેથી સ્નાન કરતી વખતે તેઓએ આકળા થઈને કહ્યું: 'એ(કેશ) નાંખી દે જાજરાંમાં! ખબડદાર કોઈને આપ્યા છે તો! એવી વેવલાઈની જરૂર નથી. સમજ્યો?'

તેઓનો આદેશ આમ છૂટી ગયો. તેથી પ્રગટ ભગતે કાંઈ પણ બોલ્યા વિના કેશ ફેંકી દીધા. પણ પાછા આવીને ધીરેથી કહ્યું: 'નાંખી આવ્યો બસ! મારી પાસે તો યોગીબાપાની શિખાના કેશ છે!'

'ઓહોહો! યોગીજી મહારાજની શિખાના કેશ તો કરોડ રૂપિયાના!'

ગુરુના સંબંધને પામેલી કોડી પણ સ્વામીશ્રીને મન કરોડની કિંમતની રહેતી. તેથી તેઓના મુખમાંથી આમ અહોભાવ ઊછળી આવ્યો.

પણ આ સાંભળી પ્રગટ ભગતે સામું તીર તાકતાં કહ્યું: 'હું તમને તે કેશ આપું તો તમે મને કરોડ રૂપિયા આપશો?'

'મારે એનું શું કામ છે? યોગીબાપા આખા મારી પાસે છે.' લાખોનો અનુભવ સ્વામીશ્રીના મુખેથી આમ અનાયાસે સરી પડ્યો.

## પ્રાસંગિક પ્રસ્તુતિની કમાલ

સ્વામીશ્રીની એક આગવી ખાસિયત હતી – પ્રસંગને પરખીને પ્રસ્તુત થવાની કળા! સ્થળ-કાળ, પાત્ર-પ્રસંગ કે ગુણ-ઘટનાને પોતાની વાતમાં આબાદ વણી લઈને તેઓ એવી તે ચોટદૂક રજૂઆત કરતા કે શ્રોતાના મોંમાંથી 'વાહ...' નીકળી જાય અને એ ટચૂકડો બોધ જીવનભરનું ભાથું બની રહે.

તા. ૧૪/૯ના રોજ સારંગપુરમાં સ્વામીશ્રીની આ કળાનો સૌને અનુભવ થયો.

આ દિવસે અહીં જમ્યા બાદ યુવકો ઊટકાયેલાં વાસણો વ્યવસ્થિત ગોઠવતા હતા. યુવાનીમાં કંઈક આગવું કરી દેખાડવાનો ઉમંગ હોય છે. તેથી યુવકો વાસણોની ગોઠવણીમાં પણ નોખી ભાત ઊપસે એ રીતે થાળી, વાટકી, પ્યાલા વગેરે વિભાગ વાર મૂકી રહેલાં. પણ ત્યાં જ અજાણતાં એક યુવકનો હાથ ભટકાતાં બધી ગોઠવણી ભોંયભેગી થઈ ગઈ!

બરાબર આ જ સમયે સ્વામીશ્રી ત્યાં પધાર્યા. તેઓએ આ જોઈ કહ્યું: 'આખી જિંદગી સત્સંગ કર્યો હોય પણ કુસંગનો સંગ થોડો લાગી જાય તો સત્સંગ ટળી જાય.'

ફક્ત એક જ વાક્ય, પણ યુવકોને કાયમની શીખ મળી ગઈ. એક જ

ટાંકો પણ કાયમનો સાંધો !

## ચરણચિહ્ન ઘસાઈ ગયાં

સારંગપુરમાં તા. ૧૬/૯ના રોજ શાસ્ત્રીજી મહારાજનું સ્મૃતિપર્વ ઊજવીને સ્વામીશ્રી લીંબડી પધાર્યા.

અહીં એક બપોરે તેઓ આરામ માટે સૂતા ત્યારે વીજળી નહોતી. તેથી હરિભક્ત દેવજીભાઈ સ્વામીશ્રીને પંખો નાંખવા પાસે બેઠેલા. સ્વામીશ્રીને હજી નિદ્રા આવી નહોતી. આ સમયે પેલા હરિભક્ત સ્વામીશ્રીનાં ચરણોમાં નમી નમીને જોવા લાગ્યા. ભગવાન સ્વામિનારાયણનાં ચરણોમાં સોળ ચિહ્નો[૭૪] હતાં તેવાં ચિહ્નો સ્વામીશ્રીનાં ચરણોમાં છે કે નહીં – તેનો તાળો મેળવવા તેઓ મથી રહેલા.

તેઓની આ ચેષ્ટા જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું: 'શું કરે છે?'

'સોળ ચિહ્ન શોધું છું.'

'એ તો પધરામણીઓ કરી કરીને ઘસાઈ ગયાં છે. માટે છાનોમાનો પંખો નાંખવા માંડ.'

સ્વામીશ્રીના આ વાક્યમાં પોતાની વિડંબના હતી અને વાસ્તવિકતા પણ !

લોકોની ભાગ્યરેખાઓ બદલવા તેઓએ પોતાનાં ચરણચિહ્નો ઘસાઈ-ભૂંસાઈ જાય તે હદે વિચરણ કરેલું; આ વાસ્તવિકતા. અને ભગવાનની સાથે આપણો મેળ ક્યાં ખાય? 'માટે છાનોમાનો પંખો નાંખવા માંડ', આ વિડંબના. બંને સ્વામીશ્રી માટે અહોભાવ ઉપજાવે તેવાં છે.

## મૂંગું ચાલકબળ

લીંબડીના રોકાણ દરમ્યાન સ્વામીશ્રી રોજેરોજ આસપાસનાં ગામોમાં વિચરણ માટે નીકળી પડતા. તે અંતર્ગત રામરાજપર, નાની ટીંબલા, ભલગામડા, ભેંસજાળ, ચૂડા વગેરે ગામો ફરીને એક વાર તેઓ પુનઃ લીંબડી પધારી સ્નાનવિધિ કરી રહેલા. સ્નાન કરવામાં તેઓને બહુ તાલમેલ નહીં.

---

૭૪. જમણા ચરણમાં અષ્ટકોણ, ઊર્ધ્વરેખા, સ્વસ્તિક, જંબુ, જવ, વજ્ર, અંકુશ, કેતુ અને પદ્મ એમ નવ ચિહ્નો અને ડાબા ચરણમાં ત્રિકોણ, કળશ, ગોપદ, ધનુષ, મીન, અર્ધચંદ્ર અને વ્યોમ એમ સાત ચિહ્ન.

આમ તો જીવનની દરેક ક્રિયામાં તેઓનું ધ્યાન-તાન જરૂરિયાત પર જ રહેતું. તેથી તેઓ દ્વારા સમય કે સંસાધનોનો એક ટકા જેટલોય વેડફાટ થતો નહીં.

પોતાની આ રીત મુજબ સ્વામીશ્રી આજે સ્નાનવિધિ કરીને ઊભા થવા ગયા ત્યાં જ સ્નાન કરાવી રહેલા યુવકે કહ્યું: 'બાપા! વધારે સ્નાન કરો ને! આ ગામડાં ફરવામાં થાક લાગ્યો હશે તે...'

'એમાં થાક શાનો મારા ભ'ઈ! આ તો શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના પ્રસાદીનાં ગામડાં! તેનાં ઘેર ઘેર પધરામણી. હૃષિકેશ, હરદ્વારની જાત્રાની જેમ આ પ્રગટની યાત્રા. તેમાં સર્વે તીર્થ આવી ગયાં.' સ્વામીશ્રીના મુખેથી મહિમાની ધારા વહી છૂટી.

તેઓ જીવનના છેલ્લા શ્વાસ સુધી અણથક રહ્યા તેનું કારણ તેઓનું આવું મૂંગું ચાલકબળ હતું. તેઓના વિચરણથી લોકો સુધરતા, મંડળો સ્થપાતાં, મંદિરો બંધાતાં, સત્સંગ વિસ્તરતો, સંસ્કૃતિ ફેલાતી... આવું ઘણું બધું તેઓના પગલે પગલે થતું; પણ તોય તેઓની નજર તો ભગવાન અને ગુરુ સામે જ રહેતી. તેથી તેઓના જીવનમાં નિરાશા-નિસાસાની એક ક્ષણ આવી નહોતી. અન્યથા લોકસુધારણાના ઉમદા આશય સાથે ઝંપલાવનારાના પણ અરણ્યરુદન અને આપઘાતના કિસ્સાઓ ઇતિહાસમાં ક્યાં ખૂટે એમ છે?

જેણે હૈયાવરાળ કાઢ્યા વિના જીવવું હોય તેણે સ્વામીશ્રીનું ચરિત્ર વાંચ્યા-વિચાર્યા વિના નહીં ચાલે.

## ઝાકળનાં ટીપાં અને વરસાદનું બુંદ

લીંબડીથી સ્વામીશ્રી નવાગામ પધાર્યા.

અહીં તા. ૨૧/૯ના રોજ તેઓએ દંતધાવન પૂરું કર્યું ત્યારે સાથે ફરતા યુવાન રાજેન્દ્રે તેઓનું પ્રસાદીભૂત દાતણ લેવાની ઇચ્છા વ્યક્ત કરી. પણ તે વખતે સ્વામીશ્રીએ કહ્યું: 'આપણે લાકડાંને શું કરવા છે? સત્પુરુષમાં આત્મ-બુદ્ધિ કરીએ તો જ સત્સંગનું સુખ આવે. તે વિના ગમે તેટલી પ્રસાદીની વસ્તુઓ ભેગી કરીએ પણ શાંતિ ન થાય. એવું હેત (સત્પુરુષ સાથે) કરવું તો (સત્સંગમાં) રહેવાય.'

પછી એક વ્યક્તિ તરફ અંગૂલિનિર્દેશ કરીને બોલ્યા: 'આણે યોગી-બાપાની શિખા ને વાળ બધું રાખ્યું છે પણ શું કામ આવે છે? એના કરતાં અમે બાપાને આખા રાખ્યા છે તો આનંદ આવે છે.'

આમ, પ્રાતઃકાળમાં જ સ્વામીશ્રીએ સુખની સંહિતા સંભળાવી દીધી.

સંતના સંબંધને પામેલી જડ વસ્તુ પણ સુખકારી અને ગુણકારી; એમાં બેમત નહીં. છતાં તે ચીજો અને સત્પુરુષમાં ઝાકળનાં ટીપાં અને વરસાદનાં બુંદ જેટલો તફાવત તો ખરો જ. જેમ ઝાકળનાં ટીપાંથી ઘડો ન ભરાય અને તરસ ન છીપે, તેમ સંતસંબંધે દિવ્ય બનેલી વસ્તુઓથી શાંતિ ન થાય – એ મુદ્દો સ્વામીશ્રી વારંવાર સમજાવતા અને સત્પુરુષને જ જીવનના કેન્દ્ર તરીકે રાખવાનું ઉપદેશતા.

## કલ્પનાતીત

તા. ૨૧/૯ના રોજ સ્વામીશ્રી નવાગામથી જોબાળા જવા નીકળેલા; પણ ભરપૂર વરસાદને કારણે કીચડ ઘણો થઈ જતાં ગાડી ગતિ કરી શકે એમ રહ્યું નહીં. તેથી સ્વામીશ્રી ભૃગુપુર ગામે રોકાઈ ગયા.

પણ તેઓ રહ્યા સત્ત્વશીલ બીજ; જ્યાં રોપાય ત્યાં ઊગી નીકળે! તેથી ભૃગુપુરમાં પધરામણીઓ કરીને સૌના સંકલ્પો પૂર્ણ કર્યા. ત્યારબાદ સાંજે મોજીદડ પધાર્યા.

અહીં આરતી, વાળુથી પરવારીને સ્વામીશ્રીએ જ્યાં રાત્રિકથાનું મંગલાચરણ કર્યું ત્યાં જ શણગારેલાં ટ્રેક્ટર અને ટ્રોલી લઈને જોબાળાના હરિભક્તો આવી પહોંચ્યા. તેઓએ સ્વામીશ્રીને પોતાને ગામ પધારવા વિનંતી કરી. સવારે બાકી રહી ગયેલો કાર્યક્રમ તેઓ મોડી રાત્રે પૂરો કરવા માંગતા હતા!

ભક્તાધીન સ્વામીશ્રીએ તેઓની આ વિનંતી સ્વીકારી રાત્રે દસેક વાગ્યાના સુમારે પોતાનાં પોટલાં ઉપાડ્યાં. કાદવ-કીચડવાળા રસ્તે દોઢ કલાકની દડમજલ બાદ સાડા અગિયાર વાગ્યે જોબાળા આવ્યું.

અહીં ઢોલ-ત્રાંસાં સહિત મધરાતે નગરયાત્રાનાં મંડાણ થયાં. યાત્રાના વિરામ સાથે સભાનો પ્રારંભ થયો. સભા બાદ સ્વામીશ્રી પોણા એક વાગ્યે નિદ્રાધીન થયા! લોઢાં-લાકડાંનો દેહ બંધાયો હોય એની પેઠે સ્વામીશ્રીએ માનવશરીર પાસેથી કામ લીધેલું.

આ રીતે જોબાળામાં ભક્તોના ભાવ પૂરી તેઓ કરમડ, મોજીદડ થઈને તા. ૨૬/૯ના રોજ અચારડા પહોંચ્યા.

તે સમયે આ વિસ્તારનાં ગામોમાં શૌચ માટે વન-વગડે અને

સ્નાનવિધિ માટે ગામના સાર્વજનિક તળાવે જવાનું રહેતું. તળાવમાં એક બાજુ ઢોર-ઢાંખર પાણી પીતાં હોય તો બીજી બાજુ કપડાં ધોવાતાં હોય. આવાં પાણીમાં સ્વામીશ્રી ન્હાતા ! પીવા માટે પણ આ જ પાણી ઉપયોગમાં લેવાતું. તેને ઘડામાં ફટકડી નાંખીને આખી રાત નિતારવામાં આવતું. સવાર સુધીમાં બધો બગદો નીચે ઠરી ગયો હોય એટલે તે પાણી ગાળીને વપરાતું.

પરંતુ આ વખતે અચારડામાં કેવળ સ્વામીશ્રી માટે દેશી ઢબનું એક પાયખાનું ઉતારે જ બનાવવામાં આવ્યું હતું.

બપોરે આરામ બાદ સ્વામીશ્રી શૌચ જવા માટે તૈયાર થયા ત્યારે વરસાદ સારો એવો વરસી રહેલો. તેથી એક યુવક રમેશ હાથમાં છત્રી ઝાલી તેઓને વાડામાં તૈયાર કરાયેલા શૌચાલય સુધી લઈ ગયો. સ્વામીશ્રી પાયખાનામાં પ્રવેશ્યા ત્યારે તે યુવક શૌચ બાદ સ્વામીશ્રીને છત્રી ધરી પાછા ઉતારે લઈ આવવા બહાર ઊભો રહ્યો. પણ પરત ફરતી વખતે છત્રીની જરૂર જ ન પડી; માથે છત-છાપરાં વિનાના એ શૌચાલયમાંથી સ્વામીશ્રી બહાર નીકળ્યા ત્યારે સંપૂર્ણપણે ભીંજાઈ ગયેલા ! છતાં આવી વિચિત્ર વ્યવસ્થા સંબંધી એક હરફ ઉચ્ચાર્યા વિના તેઓએ સ્નાનવિધિ પતાવી વરસતા વરસાદમાં પચીસ પધરામણીઓ કરી.

કોઈપણ રાવ-ફરિયાદ વિનાનું તેઓનું જીવન હજીયે કલ્પનાતીત જ લાગે છે !

## તળાવની પાળે પથારી

અચારડાથી ખાંડિયા થઈ સ્વામીશ્રી તા. ૨૬/૯ની સાંજે ચચાણા પધાર્યા.

અહીં રાત્રિસભા બાદ તેઓ ચેષ્ટાગાન કરીને પડખાઢાળ થયા, પરંતુ ભાદરવાનો બફારો બટાટા શેકી નાંખે તેવો હતો. રાત્રિના પ્રહરમાં પણ ગરમી આંખ મળવા દે તેમ નહોતી. પંખો તો હતો જ નહીં; તેથી મચ્છરોનો ત્રાસ પણ ઊંઘને વેરણ કરતો હતો.

લગભગ બે વાગ્યા સુધી સ્વામીશ્રી આમ-તેમ પડખાં જ ઘસતાં રહ્યા. છેવટે તેઓએ બહાર ચોકમાં પથારી નાંખવાનો વિચાર કર્યો. પણ કોઈને પવાલું પાણીનીયે તકલીફ ન આપનાર તેઓ જાતે જ ગાદલું ઉપાડી ચોકમાં જઈને સૂતા. અહીં પણ પવન સાવ જ પડી ગયેલો. તેથી મછરાંની કનડગત તો રહી જ. એટલામાં સેવક જાગી ગયા અને પૂછ્યું : ‘કેમ આમ ?’

ત્યારે સ્વામીશ્રીએ મચ્છર અને ઘામનું કારણ જણાવી કહ્યું: 'ચાલો, તળાવની પાળે જઈને સૂઈએ.' એમ કહેતાં ગાદલું લઈને પહોંચ્યા તળાવ કિનારે.

અહીં થોડી ઠંડક હતી અને પવનની લહેરખીઓ પણ. તેથી લગભગ અઢી વાગ્યે સ્વામીશ્રીની આંખ મીંચાઈ. છતાં બીજે દિવસે સવારે તો તેઓ સમયસર પરવારીને પધરામણીઓ કરવા નીકળી પડ્યા. ગામવાસીઓને અણસાર સુધ્ધાં ન આવ્યો કે રાત્રે સ્વામીશ્રીએ તળાવની પાળે શયન કરેલું!

તેઓની વિદાય બાદ જેમ જેમ સૌને આ જાણ થતી ગઈ તેમ તેમ લોકોનાં હૈયેથી હાયનિસાસો નીકળતો ગયો. એ ઊના નિઃશ્વાસની વરાળ વાતાવરણમાં વિસ્મયનાં વલયો વિસ્તારતાં ચિતરતી રહી કે – *'એમ સહુને બહુ સુગમ, થયા પોતે તે પૂરણ બ્રહ્મ...'*

## હરિભક્તો રાજી થાય તેમ કરવાનું

તા. ૨૭/૯ના રોજ ચચાણામાં પધરામણીઓ કરીને સ્વામીશ્રી બોરણાને લાભ આપતાં ભોયકા પધાર્યા, ત્યારે તેઓની પિંડીના સહેજ ઉપરના ભાગમાં થયેલું મૂઢિયું ગૂમડું સણકા વાગ્યા કરે એ હદે પાકી ગયેલું. તેથી તા. ૨૮/૯ની સવારે શૌચવિધિ બાદ સ્વામીશ્રીએ આ ગૂમડાંની રસી કાઢી નાંખવા માટે ડૉક્ટર સ્વામીને વાત કરી. તેઓએ છેકછાક કરી ગૂમડાંને દબાવી-દબાવીને પરુ કાઢી નાંખ્યું. તેને લીધે ત્યાં સહેજ ખાડો પડી ગયો. વિશેષ સડો-બગાડ ન થાય એટલે તે વખતે ઉપલબ્ધ ત્રણેક ટીકડીઓનો પાઉડર તે ખાડામાં ભરીને પાટો બાંધી દેવાયો.

પણ શસ્ત્રક્રિયાનો દુઃખાવો સ્વામીશ્રીને ઘણો થતો હશે. તેથી સ્નાનવિધિ બાદ તેઓએ સેવકોને કહ્યું: 'ગૂમડું બહુ દુઃખે છે. માટે આજે પધરામણીએ ન જઈએ.'

ત્યારે 'ભલે' કહેતાં સેવકોએ – 'તેઓ આ બાબતે હરિભક્તોને વાકેફ કરી દેશે' તેમ જણાવ્યું.

સ્નાન બાદ સ્વામીશ્રી વસ્ત્રપરિધાન કરીને પ્રાતઃપૂજા માટે બિરાજ્યા. દુઃખાવો અસહ્ય હતો, પણ મુખ પરની શાંતિ-સ્થિરતા અખંડિત હતી! તેથી જ હરિભક્તો ભૂલા પડ્યા અને સવારે થયેલી વાઢકાપથી અજાણ તેઓએ પૂજા બાદ સ્વામીશ્રીને દૈનિક કાર્યક્રમ જણાવતાં કહી દીધું: 'બાપા! આજે પચાસેક પધરામણીઓ અને શાળામાં જાહેર-સભા ગોઠવી છે.'

સ્વામીશ્રીના સેવકો સ્વાસ્થ્યની તકલીફ અંગે હરિભક્તોને જણાવે તે પહેલાં તો ભક્તો તરફથી પ્રસ્તાવ મુકાઈ ગયો! તે વખતે સ્વામીશ્રીએ પોતાની પ્રતિકૂળતાનો લેશ પણ ઉલ્લેખ કર્યા વગર તેને વધાવી લીધો અને ઉકાળા-પાણી બાદ ૬૦ પધરામણીઓ તથા શાળાકીય સભામાં લાભ આપી સૌને રાજી કર્યા.

પણ જ્યારે હરિભક્તોએ તેઓની પરિસ્થિતિ જાણી ત્યારે સૌને ખૂબ દિલગીરી થઈ આવી. તેઓએ માફી માંગતાં કહ્યું: 'બાપા! આવું હોય તો અમને કહેવું જોઈએ ને! અમે પધરામણી ન કરાવત.'

'આપણે તો હરિભક્તો રાજી થાય તેમ કરવાનું.'

આટલું કહેતાં સ્વામીશ્રી સાંજે પાંચ વાગ્યે પાંદરી જવા નીકળી ગયા.

તેઓની આ વિદાય બાદ હરિભક્તો પધરામણીઓનો હિસાબ કરવા બેઠા પણ તેમાં સ્વામીશ્રીના હેતનો હિસાબ તેઓ ન માંડી શક્યા! હૃદિયાના રોજમેળમાં તેઓ એટલા જ અક્ષરો પાડી શક્યા કે *'માતા પિતા સુત નારી બંધુ રે, સ્વામીનો સ્નેહ સૌથી વેંત વધુ રે...'*

## વરસાદી વિચરણની વાતો

આ વર્ષે વરસાદ આખા ઝાલાવાડને ધમરોળતો વરસી રહેલો. તેથી ઠેર ઠેર નદી-નાળાં છલકાયેલાં અને રસ્તાઓ તૂટેલા.

ભોયકાથી પાંદરીના રસ્તાની પણ આવી જ અવદશા થઈ હોવાથી સ્વામીશ્રી ટ્રેક્ટરની ટ્રોલીમાં નીકળ્યા. પણ ટ્રેક્ટરના ટાયરનેય કાદવ-કળણે પોતાના જડબામાં જકડી લીધું. એક નાળા પાસે વાહન ફસાયું. સૌ નીચે ઊતર્યા અને ટાયર આગળ પથરા મૂકી તેને ધક્કે-મુક્કે આગળ ઠેલવાનો પ્રયત્ન કરવા લાગ્યા, પરંતુ ટ્રેક્ટર તસુભાર હલવાનું નામ લેતું નહોતું.

છેવટે હાથી ખૂંત્યો તે હાથીથી નીકળશે એ ન્યાયે, બીજું ટ્રેક્ટર મંગાવીને તાણિયા બાંધી ટ્રેક્ટર કાઢવાનો યત્ન કર્યો; પણ ડૂબતો જણ બચાવકારને ડુબાડતો જાય તેમ બીજું ટ્રેક્ટર પણ ગારામાં ગરક થઈ ગયું. તેને કાઢવા ત્રીજું ટ્રેક્ટર લાવ્યા; પણ એય 'महाजनो येन गतः स पन्थाः'ની જેમ આગલા ટ્રેક્ટરની પેઠે ફસાયું. છેવટે ચોથા ટ્રેક્ટરે મેળ પડ્યો. ત્યાં સુધી બે-ત્રણ કલાક જેટલો સમય સ્વામીશ્રી ટ્રોલીમાં બેઠાં બેઠાં ઠેલાં ખાતાં રહ્યાં!

અંતે મોડી રાત્રે બોરણા, લીંબડીના માર્ગેથી પાંદરી પહોંચ્યા.

અહીં 'દેર આયે પર દુરસ્ત આયે'ની રીતે સ્વામીશ્રી આવતાં ભક્તો રાજી થયા. સ્વામીશ્રીએ પણ રાત્રિના એ નીરવ પ્રહરમાં શાસ્ત્રીજી મહારાજના સમયના વરસાદી વિચરણની વાતો કરીને સૌને ખૂબ આનંદ કરાવ્યો.

તેઓની એક વિશેષતા આ પણ કે હદ પારની હાડમારીઓ વેઠવા છતાં સ્વામીશ્રીએ ક્યારેય તેનાં રોદણાં રડ્યાં નહોતાં. પોતાની મુશ્કેલીઓને તેઓ ગુરુસ્મૃતિના રસાયણમાં ઓગાળીને આનંદનો રંગ નિપજાવી જાણતા. આજે પણ તેઓએ એમ જ કર્યું.

આ રાત્રિસભા બાદ સ્વામીશ્રી આરામમાં જઈ રહેલા ત્યારે પગમાં થયેલા ગૂમડાની શસ્ત્રક્રિયાના સંદર્ભમાં અનુપમ ભગતે કહ્યું: 'આજે પગનો સોજો ઊતરી ગયેલો લાગે છે. પણ દાણો નીકળ્યો નથી.'

આ સાંભળી સ્વામીશ્રી મર્મમાં બોલ્યા: 'એવું છે. દાણો હોય તો પાછું ફૂટે.' આટલું કહી સામે બેઠેલા યુવકોને કહ્યું: 'આપણામાં માન, સ્વાદનો દાણો રહી જાય તો બધું પાછું ફૂટે. માટે લોયા(પ્રકરણના) ૧૭(મા વચનામૃત) પ્રમાણે સમજીએ તો માન ન આવે.'

માંદગીમાંથી પણ મનનીય બોધ તારવતાં સ્વામીશ્રી પોઢ્યા. કેટલી સ્વસ્થતા!

## પ્રેમની પરાકાષ્ઠા

પાંદરીથી સ્વામીશ્રી તા. ૩૦/૯ની સાંજે મેમકા પહોંચ્યા. અહીં તેઓએ પૂર્વે કરેલા પારાયણના પડઘા હજી ગૂંજી રહેલા. તેથી સૌએ શાનદાર સ્વાગત કર્યું.

નગરયાત્રા બાદ ગામમાં જાહેર-સભા યોજેલી, પરંતુ ગૂમડાની પીડાને કારણે સ્વામીશ્રીને આ સભામાં ન પધારવા સૌએ વિનંતી કરી. 'આવતીકાલે મંદિરના ખાતમુહૂર્તની સભામાં સૌને લાભ મળવાનો જ છે' તે વજૂદ પણ જણાવ્યું. પરંતુ સ્વામીશ્રીએ આ સૂચન નકારતાં કહ્યું: 'આજે રવિવાર છે. યોગીજી મહારાજની આજ્ઞા પ્રમાણે રવિસભા તો કરવી પડે ને!'

સ્વામીશ્રીની આ દુર્ભેદ્ય દલીલે સૌને ચૂપ કરી દીધા. કોઈ કાંઈ બોલી શક્યું નહીં અને રાત્રે નવ વાગ્યે સભામાં પધારી ગયેલા સ્વામીશ્રી પિંડીમાં થયેલી પાટાપીંડી વચ્ચે સતત ત્રણ કલાક સુધી પલાંઠી વાળીને સભામાં બિરાજ્યા!

તા. ૧/૧૦ના રોજ મેમકાના મંદિરનું ખાતમુહૂર્ત કરી તેઓ ખારવા જવા નીકળ્યા, પણ કાદવમાં ગાડી ખૂંપી જતાં રાત્રે વઢવાણમાં જ રોકાઈ જવું પડ્યું. ત્યારબાદ બીજે દિવસે સવારે સવા સાત વાગ્યે ટ્રેન દ્વારા બલદાણા સ્ટેશને ઊતરી ટ્રેક્ટરમાં બેસી ખારવા પહોંચ્યા.

અહીંના રોકાણ દરમ્યાન માળોદના હરિભક્તો પોતાને ગામ પધારવાનું આમંત્રણ આપવા સ્વામીશ્રી પાસે આવ્યા. તે સ્વીકારી તેઓ ખારવાથી માળોદ જવા નીકળ્યા. પણ આ સમયમાં ત્રીસેક ઇંચ જેટલો વરસાદ ત્રાટકી ચૂકેલો. તેથી મોટા ભાગનાં ગામડાંનાં તળાવો તૂટી ગયેલાં. રસ્તાઓમાં પણ ઠેર ઠેર એ રીતે ભૂવા પડેલા કે જાણે ફરી તેની મરામત જ ન થઈ શકે.

આવા રસ્તે સ્વામીશ્રી ટ્રેક્ટરની ટ્રોલીમાં બેસીને જઈ રહેલા. ટ્રેક્ટર બળદગાડાંની ગતિએ આગળ ધપતું હતું અને પાછળ ટ્રોલીમાં બેઠેલા સ્વામીશ્રી પીચોટી ખસી જાય એ રીતે ઊછળતા હતા. ખડતલ ખેડૂત પણ ટ્રેક્ટરમાં બેસવા રાજી ન થાય તેવી વિકટ પરિસ્થિતિમાં સ્વામીશ્રી બપોરે સવા ત્રણ વાગ્યે માળોદ પહોંચ્યા. અહીં તેઓને બળદગાડામાં બેસાડીને નગરયાત્રા કાઢવામાં આવી.

આ નગરયાત્રા દરમ્યાન જ રામપરાના હરિભક્તોએ વિનંતી કરી કે 'બાપા ! અમારે ગામ પધારો.'

કદી 'ના' ન પાડવાનું શીખેલા સ્વામીશ્રીએ તેઓની ભાવનાને પણ આદર આપ્યો અને ટ્રેક્ટરમાં જ રામપરા જવા નીકળ્યા.

માળોદથી રામપરાના વીસેક કિલોમીટરના માર્ગે રસ્તાની વિકટતામાં તો કોઈ ફર્ક નહોતો; પણ વરસાદની વિકટતા લટકાંમાં ઉમેરાયેલી. આ પ્રવાસમાં વચ્ચે વચ્ચે વરસાદનાં ફોરાં વરસી જતાં હતાં.

તે રસ્તે ખોલડિયાદ આવ્યું. અહીં આધારાનંદ સ્વામીના ઘરની જગ્યાએ કાષ્ઠ-કોતરણીથી યુક્ત કલાત્મક મંદિર રચવામાં આવેલું. તેથી ત્યાં દર્શને જવાની ઇચ્છા સ્વામીશ્રીએ વ્યક્ત કરી. સાથે સાથે તળાવના આરે પ્રાસાદિક ચરણારવિંદ પધરાવ્યાં છે તે સ્થાન પણ દર્શનમાં તારવ્યું નહીં. હજી તો રામપુરા પહોંચવાનું હતું, ત્યાંથી રાત્રિના અંધારે માળોદ સુધીનો ઉબડ-ખાબડ પંથ કાપવાનો હતો, તોય દર્શનનાં સ્થાનોમાં સ્વામીશ્રીએ ગાળિયો કાઢ્યો નહીં ! પ્રાસાદિક સ્થળોનાં દર્શનની તેઓની આ ઉત્કંઠા તેઓના કણકણમાં રમી રહેલા શ્રીજીમહારાજના મહિમાને સૂચવતી હતી.

ખોલડિયાદમાં જ્યાં તળાવકિનારે ચરણારવિંદ પધરાવ્યાં છે ત્યાંથી ટ્રેક્ટરમાં બેસવા માટે તળાવની ઊંચી પાળ ચઢવી પડે તેમ હતું. તેથી સ્વામીશ્રીને તકલીફ ન થાય તે હેતુથી હરિભક્તોએ બીજો રસ્તો સૂચવ્યો. પરંતુ સ્વામીશ્રી 'ચઢી જવાશે' કહેતાં બાજુમાં ચાલતા હરિભક્તના ખભે જમણો હાથ મૂકી ઢોળાવ ચડી ગયા અને ટ્રેક્ટરમાં બેસી રામપરા પહોંચ્યા.

અહીં નગરયાત્રા, પધરામણીઓ અને સભાની ત્રિવેણીમાં ગામને ઝબકોળી સ્વામીશ્રી પાછા માળોદ જવા નીકળ્યા. હવે તો અંધારું પૂરેપૂરું છવાઈ ગયેલું. તેથી રસ્તા પર પડેલા ખાડા કેટલા ઊંડા છે તે પણ કળી શકાતું નહીં. તેને કારણે અણધારી અનેક પછડાટો ખાતું અને સ્વામીશ્રીને પછાડતું ટ્રેક્ટર આગળ વધી રહેલું. આવી પરિસ્થિતિમાં સ્વામીશ્રીએ ચેષ્ટાગાન શરૂ કર્યું. રાત્રે દસ વાગ્યે તેઓ માળોદ આવ્યા ત્યારે આખા દિવસમાં ૫૫ કિલોમીટરની મુસાફરી ટ્રેક્ટર દ્વારા થઈ ચૂકેલી.

શરીરના સાંધેસાંધા તૂટી જાય એવો એ પ્રવાસ ખેડ્યા બાદ સ્વામીશ્રીએ માળોદ પહોંચતાં જ સભામાં જવાની વાત કરી. ત્યારે સૌએ કહ્યું: 'બાપા! આપને હજી જમવાનું બાકી છે તો પહેલાં આપ જમી લો.'

'ના. પહેલાં સભામાં જઈ આવીએ. એટલે હરિભક્તોને મોડું ન થાય.'

આખો દિવસ હરિભક્તોને રાજી કરવા માટે જ તેઓએ અહીંથી તહીંના હડિયાદોટા કરેલા. છતાં હજુ તેઓને આ બાબતે સંતોષ નહોતો થયો. તેથી પહેલાં સભામાં પધારીને હરિભક્તોને લાભ આપ્યો. ત્યારબાદ ભોજન કર્યું રાત્રે સાડા અગિયાર વાગ્યે અને સૂતા સાડા બાર વાગ્યે!

આજના દિવસના આ આખાય ઘટનાક્રમમાં કોઈને અગવડ અને સહનશીલતાની પરાકાષ્ઠા દેખાય, પણ હકીકતે એ હતી ભક્તો પ્રત્યેના સ્વામીશ્રીના પ્રેમની પરાકાષ્ઠા! આ પ્રેમમાં સ્વામીશ્રીને સઘળું સહ્ય હતું; સઘળું ક્ષમ્ય હતું.

## દરિયાવ દિલ ને હેતાળ હૈયું

માળોદમાં સ્વામીશ્રીની પધરામણી વખતે કોઈનું પણ ઘર એવું નહોતું કે જ્યાં સ્વામીશ્રીની સગવડ સચવાઈ શકે. તેથી જૂના સ્વામિનારાયણ મંદિરે ઉતારો રાખવામાં આવેલો. પણ કઠણાઈ એ હતી કે આ મંદિરમાં પણ સંડાસ-બાથરૂમની કોઈ વ્યવસ્થા નહોતી. તેથી કામચલાઉ રીતે મંદિરના વંડામાં ખાડો

ખોદી બે પથ્થર મૂકીને આડશ કરી દીધેલી. આ જ સ્વામીશ્રીનું શૌચાલય! હરિભક્તોને આ માટે રંજ જરૂર હતો પણ તેઓ આથી વધુ કશું કરી શકે એમ પણ નહોતા.

આવી પરિસ્થિતિમાં અલમસ્ત આનંદથી પરવારી સ્વામીશ્રી તા. ૩/૧૦ની સવારે પધરામણીએ નીકળ્યા. લગભગ દરેક ઘેર પધરામણીઓ થઈ. ગામ સાવ સામાન્ય સ્થિતિનું હોવાથી પધરામણીની ભેટરૂપે કોઈ બે રૂપિયા મૂકે તો કો'ક પાંચ! ચારેક મુમુક્ષુ એવા સદ્ધર નીકળેલા કે તેઓએ ૨૫-૨૫ રૂપિયાની ભેટ મૂકેલી. તોય આખા ગામમાં પધરામણીઓ કર્યા પછી ભેટનો સરવાળો થયેલો ૪૫૦ રૂપિયા!

આ પધરામણીઓ પૂરી કરીને સ્વામીશ્રી મંદિરે પરત ફર્યા ત્યારે ત્યાં સ્વામિનારાયણ સંપ્રદાયની વઢવાણ શાખાના બે પાર્ષદો મળ્યા. તેઓ આ જ મંદિરમાં રહેતા અને બની આવે તેવી સેવા કરતા. સ્વામીશ્રીએ પધરામણીની રકમમાંથી એ બંને પાર્ષદોને ૫૦-૫૦ રૂપિયા ધોતિયાં માટે ભેટ અપાવ્યા. સ્વામીશ્રીની આ સખાવતથી બંને પાર્ષદો ગદ્‌ગદિત થઈ ગયા. હરિભક્તો તો સ્વામીશ્રીના દરિયાવ દિલ અને હેતાળ હૈયા પર ઓવારી જ ગયા.

## મહારથીઓને પણ અલભ્ય સેવા

માળોદથી સ્વામીશ્રી વાગડ, નાગનેશ, રાણપુર થઈને તા. ૫/૧૦ની રાત્રે ગોંડલ પધાર્યા. અહીં ગુણાતીત જન્મોત્સવ અને દિવાળી-અન્નકૂટના ઉત્સવો હજારો મુમુક્ષુઓની હાજરીમાં ઊજવાયા.

જો કે આ બેય સમૈયામાં સમયનો 'રેકોર્ડ' સ્વામીશ્રીએ તોડી નાંખેલો. શરદ પૂનમની સભા શરૂ થયેલી રાત્રે પોણા નવ વાગ્યે અને વિરમી રાત્રે દોઢ વાગ્યે! સ્વામીશ્રી નિદ્રાધીન થયા રાત્રે બે વાગ્યે! એ જ રીતે અન્નકૂટના દિવસે સ્વામીશ્રીએ ભોજન લીધેલું છેક સાંજે પોણા પાંચ વાગ્યે! સૌનું નવું વર્ષ સુખકારી કરવા માટે તેઓએ પોતાની આહુતિ આ રીતે આપી.

સેવાની જેમ કથા-વાર્તામાં પણ તેઓએ આ રોકાણ દરમ્યાન સમયની પાળો તોડતાં અમૃતધારાઓ વહેવડાવી હતી. તા. ૮/૧૦ અને તા. ૨૪/૧૦ના રોજ અનુક્રમે ગઢડા મધ્ય પ્રકરણના દસમા અને ચોથા વચનામૃતના આધારે સતત અઢી-અઢી કલાક સુધી સ્વામીશ્રીએ કથા-વાર્તા કરી હતી! સમૈયાઓની સેવામાં પણ તેઓનો કથાવાર્તાનો ઈશક મોળો પડતો નહીં.

કથાના આ પ્રસંગોમાં જ એક વાર યુવકોને સેવાધર્મનો મહિમા સમજાવતાં તેઓએ જણાવેલું કે 'યુવકોનો ધર્મ સેવા છે. મોટા મોટા મહારથીઓને પણ અલભ્ય એવી મહાન સેવા યુવકોને મળી છે. દેહની સેવા સૌ કરે છે, પણ ભગવાન અને સંતની સેવા, હરિભક્તોની સેવા મળી એમાં આનંદ માનવો. ૫૦૦ પરમહંસો મહારાજની આજ્ઞામાં ભળી ગયા તો સત્સંગની કેવી સેવા કરી! યુવકોએ સંઘનિષ્ઠા રાખી બાપાનું કાર્ય છે એમ સમજીને પ્રવૃત્તિ કરવી.'

## બાળકો માટે ભીખ માંગીશ

ગોંડલમાં સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન ગુરુકુળના કાર્યવાહકોની એક મીટિંગ સ્વામીશ્રી સાથે યોજાયેલી. તેમાં ગૃહપતિ અને અન્ય કાર્યકર્તાઓ પોતાની મૂંઝવણ રજૂ કરતાં બોલવા લાગ્યા: 'બાપા! આ ટાણે મોંઘવારી ખૂબ છે. તેમાં આટલી ઓછી ફીમાં ક્યાંથી પોષાય? આપણે વાર્ષિક ફી સો રૂપિયા વધારીએ. બીજી સંસ્થાઓમાં ફી ખૂબ ઊંચી હોય છે.'

ગોફણમાંથી પથરા છૂટે તેમ એક પછી એક સૂચનો છૂટી ગયાં.

સ્વામીશ્રીએ એ બધું જ શાંતિથી સાંભળી પોતાનો મત વ્યક્ત કરતાં પહેલાં સૌને પૂછ્યું: 'આ (ગુરુકુળનાં) બાળકો કોનાં છે?

'યોગીબાપાનાં. શ્રીજીમહારાજનાં.'

'તો એમની ચિંતા સ્વામિનારાયણ ભગવાનને નથી? એમની ચિંતા યોગીબાપા નહીં કરે? શા માટે બધો ભાર લઈને ફરો છો?' એમ કહીને સ્વામીશ્રી એ તમામ બાળકોનો ભાર પોતાના ખભા પર ઊઠાવતાં બોલ્યા:

'હું ગુજરાત(ચરોતર)માં જઉં એટલે ઘઉં, ચોખા, દાળ જે જોઈએ તે લખજો. રોજ ત્રણ ગામમાં હું ભીખ માંગતો હોઈશ તો આ બાળકો માટે ચાર ગામમાં માંગીશ. પણ બાળકોને સારી રીતે રાખવાં. ભગવાન બધાંનું સારું કરશે. ચિંતા ન કરવી.'

સ્વામીશ્રીની આ વાતથી કાર્યવાહકોએ છ મહિનાથી વિચારી રાખેલા ઠરાવો પર માત્ર બાર મિનિટમાં જ પૂર્ણવિરામ મુકાઈ ગયું! તેઓનો પ્રશ્ન હલ થઈ ગયો છતાં તેઓ ત્યાંથી ખસી ન શક્યા. ટમટમતા સિતારા ઝળહળતા સૂર્ય બને તે માટે સ્વામીશ્રીએ દાખવેલી ભીખવાની તત્પરતામાં સૌ ખોવાઈ ગયા!

## પર્યટનનો 'પીરિયડ'

તા. ૩૧/૧૦ના રોજ સૌભાગ્ય પંચમીથી સ્વામીશ્રી પુનઃ સૌને લાભ આપવા માટે ગોંડલથી નીકળી પડ્યા.[૭૫]

આ વિચરણમાં તેઓ ગોંડલથી રાજકોટ થઈને તા. ૧/૧૧ના રોજ આટકોટ પધાર્યા ત્યારે બપોરનો આરામ થઈ શકે તેવી વ્યવસ્થાવાળું ઘર ન મળતાં તેઓને સહકારી મંડળીની કચેરીમાં આરામ કરાવવામાં આવેલો. નવા વર્ષે તેઓની ભીડાભક્તિનું ખાતું આમ ખૂલી ગયું! આ રોજમેળમાં જમા ખાતે ઘણું નોંધાવાનું હતું અને ઉધારીના નામે તો મોટું મીંડું જ મુકાવાનું હતું.

આટકોટથી ઢસા, દામનગર, નાની વાવડી, ગારિયાધાર, સાખપુર, દામનગર, લીમડામાં પધરામણીઓ કરતાં સ્વામીશ્રી, તા. ૨/૧૧ની રાત્રે સાડા અગિયાર વાગ્યે ગઢડા પહોંચ્યા.

અહીં તા. ૩/૧૧ના દિવસે એક આધ્યાત્મિક પર્યટન જેવો કાર્યક્રમ ગોઠવાઈ ગયો. દિવાળીની રજાઓના હિસાબે સ્વામીશ્રી સાથે ઘણા યુવકો ફરતા હતા. તે સૌને લઈને પ્રથમ લક્ષ્મીવાડીએ અને જૂના સ્વામિનારાયણ મંદિરે પધારેલા સ્વામીશ્રી એક-એક સ્થાન સાથે સંલગ્ન ઇતિહાસ અને લીલાચરિત્રો સૌને સંભળાવતા ગયા. વર્ણન આબેહૂબ, રજૂઆત રસપ્રચૂર અને બોધ સચોટ – આ રહેતી તેઓની કથનશૈલીની વિશેષતા. તેથી સાંભળનારને સ્વાદ જુદો જ આવતો. પિતા જેમ પુત્રોને વારસાઈ-વસિયત બતાવવા નીકળ્યો હોય તેમ સ્વામીશ્રીએ સૌ યુવાનોને સંપ્રદાયનાં ગૌરવરૂપ સ્થાનો બતાવ્યાં. પોતાના વારસાનું ભાન કરાવ્યું.

પછી નીકળ્યા ઘેલા સોમનાથ જવા. આ તીર્થ પણ શ્રીજીનું પ્રાસાદિક. શ્રીજીમહારાજે અહીં સ્નાન કરેલું. તે સ્મૃતિ સાથે સ્વામીશ્રી ન્હાયા અને સૌ યુવકોને પણ નવરાવ્યા; પાણી અને પ્રેમથી. ન્હાતાં-ન્હાતાં યુવકો પર જળની અંજલિઓ પધરાવી સૌને સ્નેહભીના કરી મૂક્યા.

'स्नानम्' બાદ પર્યટનમાં 'अशनम्'નો પીરિયડ આવ્યો. સ્વામીશ્રી જમ્યા અને સૌને ખાંતે પીરસીને જમાડ્યા. વાનગી સાથે વહાલ ભળતાં સૌને જુદી જ મીઠાશ અનુભવાઈ.

આમ, ઘેલા સોમનાથમાં સૌને પ્રેમઘેલા કરી સ્વામીશ્રી શ્રીજીમહારાજના

---

૭૫. વિ.સં. ૨૦૩૦ના વિચરણનો પ્રારંભ થયો.

વધુ એક પ્રાસાદિક સ્થાન સહસ્રધરે પધાર્યા.

તે વખતે સંધ્યા ઢળી રહેલી. આકાશના 'કેનવાસ' પર 'ચતુર ચિતારો' પોતાની પીંછી વડે અવનવા રંગના લિસોટા પાડી રહ્યો હતો. તેમાં પરસ્પર કોઈ રંગમેળ કે રેખામેળ નહોતો. છતાં એ રંગાવલિ મનહર ભાસતી હતી. આવી સુરમ્ય સંધ્યા સ્વામીશ્રીના સંગે સુદિવ્ય બની. તેને સૌ સહસ્રધરાનાં જળમાં ઝબકોળીને રંગભીની કરવાના 'મૂડ'માં હતા. પણ સ્વામીશ્રીએ પ્રથમ તેને ભક્તિભીની કરી. તેઓએ ઠાકોરજી મંગાવ્યા. તેઓને સ્નાન કરાવ્યું. એ પ્રાસાદિક જળ સૌ પર છાંટ્યું; અને પછી *'સખા સંગ શ્રીજી'*ની જેમ યુવકો સાથે પોતે ન્હાયા.

લાલ-ગુલાબી સંધ્યા હવે કાળું ઓઢણું ઓઢવાની તૈયારી કરી રહેલી. તે વખતે સ્વામીશ્રીએ આરતી પ્રગટાવવા સૂચના આપી. 'છેવટે આધ્યાત્મિકતા' એ સ્વામીશ્રીની કાર્યકળા હતી. ઉન્મત્ત ગંગામાં યુવાનો સ્નાન ભલે કરે; પણ તેથી તેઓ ઉન્મત્ત ન થઈ જવા જોઈએ. તેથી પર્યટનનું પૂર્ણવિરામ તેઓ આધ્યાત્મિકતાથી લાવ્યા. આછાં અંધારાં, આછાં અજવાળાંના એ સંગવકાળમાં આરતી ઉતારતાં સ્વામીશ્રીની છબી આહ્‌લાદક બની રહી. તેમાંય હાથમાં ફરતી આરતી આવર્તન ટાણે જ્યારે સ્વામીશ્રીના મુખ સુધી ઊંચે આવતી ત્યારે એ જ્યોતમાં ઝળહળ થતું સ્વામીશ્રીનું મુખારવિંદ પૃથ્વી પર ચંદ્રનો આભાસ કરાવતું રહ્યું! સૌએ આ દિવ્યદર્શનને કાળજાંની કોટડીમાં કેદ કરી દીધું.

આરતી બાદ પોતાનાં મંજુલ સ્વરે સૌને 'જય સ્વામિનારાયણ' પાઠવી સ્વામીશ્રી રાત્રે ગઢડા પધાર્યા ત્યારે આ એક દિવસમાં આખા યુગનો આનંદ આપી દીધો હોય તેમ સૌ યુવકો ઝૂમી રહેલા. સૌની સાથે સૌના જેવા થઈ સૌને પોતાના જેવા બનાવી મૂકવાની સ્વામીશ્રીની અજબ કળા આજે ખરેખરી ખીલી ઊઠેલી.

## ડાહ્યો ડા'પણમાં દુઃખ પામે

તા. ૪/૧૧ની સવારે સ્વામીશ્રી ગઢપુરની કાંધમાં વસેલા ઉગામેડી ગામમાં મંદિરનું ખાતમુહૂર્ત કરી નિંગાળા, કેરિયા, પાટી, તાજપુરને લાભ આપતાં રાત્રે દસ વાગ્યે સારંગપુર પહોંચ્યા. એક-એક દિવસમાં પાંચ-છ ગામો અને એટલા જ સમારંભો, પ્રસંગોને તેઓ ખૂબ જ સરળતા અને સહજતાથી પાર પાડતા.

તે રીત મુજબ સારંગપુરથી વિદાય લઈ તેઓ દેવપ્રબોધિની એકાદશીનો ઉત્સવ અમદાવાદમાં ઊજવી, વસો, પલાણા, ડભાણ થઈને બોચાસણ આવી પહોંચ્યા.

અત્રે વડીલો પોતાની શક્તિ તથા અનુભવનો વિનિયોગ મંદિર-વ્યવસ્થા અને સત્સંગવૃદ્ધિ માટે કરે તે હેતુથી એક વર્ધક શિબિર તા. ૧૧/૧૧ના રોજ યોજાયેલી. તેમાં હાજર રહેલા સો હરિભક્તોએ સંસ્થાની સેવામાં સમયદાન કરવાની બાંયધરી આપી.

આજે બી.એ.પી.એસ.નાં વિવિધ સંકુલોમાં સેંકડો ભક્તો પોતાની સૂઝ-શક્તિ દ્વારા માનદ સેવાઓ આપી રહ્યા છે. આ પરિણામ સ્વામીશ્રીની આવી દૂરંદેશી દૃષ્ટિનું છે. તંત્ર ઊભું કરનારા તેઓ તંત્ર ચલાવી પણ જાણતા.

બોચાસણની વર્ધક શિબિર બાદ, સ્વામીશ્રી તા. ૧૪/૧૧ના રોજ વાલવોડમાં મંદિરનો ખાતવિધિ કરી પીપલગ પધાર્યા. અહીં તેઓના વરદહસ્તે મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા થઈ.

ત્યારબાદ ડુમરાલ, ઉત્તરસંડા વગેરે ગામોમાં વિચરતાં તેઓ તા. ૨૦/૧૧ની બપોરે બાર વાગ્યે ભુજની ભાગોળે જઈ પહોંચ્યા. અહીંથી સ્વામીશ્રી ૮૦ સંતો અને ૨૦૦ ભક્તોનો સંઘ લઈ કચ્છની પંચતીર્થીએ નીકળવાના હતા. આ પંચતીર્થીમાં સામેલ થવા માટે તેઓએ સારંગપુરમાં રહેતા અમુક સંતો પર પત્ર લખેલો. આ પત્રમાં તેઓએ 'કયા રસ્તેથી કેવી રીતે ભુજ આવવું' તેની ઝીણામાં ઝીણી વિગતો જણાવતાં બે વાર લખેલું કે 'મોરબી થઈ માળિયાના રસ્તે ભુજ આવજો.'

સ્વામીશ્રીના આ આદેશ અનુસાર સૌ નીકળેલા, પણ મનમાં થયું કે 'બોટાદથી નવલખી બંદર જતાં રેલવેના ડબ્બામાં બેસી ત્યાંથી વહાણ દ્વારા ભુજ પહોંચી જવાશે.' આ રસ્તો ટૂંકો પડતો હતો. તેથી સૌ તે રસ્તે જ સિધાવ્યા. પરંતુ નવલખી બંદરે પહોંચ્યા ત્યારે જાણ થઈ કે 'ભુજની ફેરી તો છ મહિનાથી બંધ થઈ ગઈ છે.'

પછી તો ટ્રેનમાં મોરબી પરત ફર્યા અને આખો દિવસ ટપણાતાં-ટપણાતાં સ્વામીશ્રીએ કહેલું તે રીતે માળિયા થઈ ભુજ આવવું પડ્યું !!

તેઓ પહોંચ્યા ત્યારે સ્વામીશ્રી રાહ જ જોઈ રહેલા. સંતોએ તેઓને સઘળી બીના કહી સંભળાવી. તે વખતે સ્વામીશ્રી બોલ્યા : 'એટલા માટે જ અમે પત્રમાં બધી વિગત લખી હતી ! પણ તમે અવળા ગયા તો રખડવું પડ્યું.'

એમ કહીને સિદ્ધાંત ઉચ્ચાર્યો કે 'આમ જ સત્પુરુષના ચીંધેલા રસ્તે જીવ ન ચાલે ત્યાં સુધી ભવસાગરમાં રખડ્યા જ કરે.'

પ્રાસંગિક વાતમાં પણ સ્વામીશ્રીએ ભવપાર ઉતરવાની દીવાદાંડી રોપી દીધી !

## ભુજમાં ભક્તિની ભરતી

પંચતીર્થીના પ્રારંભે ભુજમાં ભવ્ય પારાયણ યોજાયેલું. તા. ૨૨/૧૧ની સવારે તેની પૂર્ણાહુતિ કરી એ જ દિવસની સાંજે સ્વામીશ્રી શ્રીજીમહારાજના પ્રાસાદિક જણસારીના મંદિરે પધાર્યા. અહીં દર્શન બાદ જ્ઞાતિની વાડીમાં જ ગોઠવેલી સભામાં તેઓએ અક્ષર-પુરુષોત્તમ જ્ઞાનનો ટંકાર કરતાં જણાવ્યું કે–

'શાસ્ત્રીજી મહારાજે મધ્ય મંદિરમાં મૂર્તિઓ પધરાવી દીધી તે સર્વોપરી જ્ઞાન. ગણપતિની સાથે ઉંદરને પધરાવે, શંકર સાથે પોઠિયાને પધરાવે, હનુમાન સાથે વાનરસેનાને પધરાવે, તેનો વાંધો નહીં. તેને પગે લાગે, પણ આ ભગવાનના ભક્ત તરીકે, આદર્શ સેવક તરીકે, ધામ તરીકે ગુણાતીતાનંદ સ્વામીને પધરાવે તો વાંધો ! આપણે ગુણાતીતરૂપ બનવાનું છે, તે માટે શાસ્ત્રીજી મહારાજે મૂર્તિઓ પધરાવી તે વાત સમજી રાખી હોય તો આપણને કંઈ વાંધો ન આવે. આપણી આ ઉપાસના છે.'

તા. ૨૩/૧૧નો સમગ્ર દિવસ ભુજનાં પ્રાસાદિક સ્થાનોમાં દર્શન માટે ફાળવાયો હતો. તે માટે સવારે પગપાળા જ દર્શનયાત્રા શરૂ થઈ. તે અંતર્ગત હમીરસર તળાવ, રૂગનાથ મંદિર, રૂગનાથજીનો આરો, રામવાડી, સુંદરજી સુથારનાં ઘર, અક્ષર ઓરડી, ગંગાજળિયો કૂવો, હીરજી સુથારનું ઘર, ભોઈવાડાનો આરો, સૂરજબાઈનું ઘર, મલ્લની વાડી, મલ્લનો અખાડો, રોકડિયાનાં ઘર, શ્રીજીમહારાજ સંતાયેલા તે ઘર, લાધીમાની ઓરડી, શિવરામ મહેતાનાં ઘર, લક્ષ્મીનારાયણ મંદિર વગેરે દરેક સ્થાનોમાં જઈ સ્વામીશ્રીએ ભાવપૂર્વક દર્શન કર્યાં.

સાંજે સૌપ્રથમ સંઘ આવ્યો એ પ્રાસાદિક સ્થાને કે જ્યાં માત્ર પત્ર દ્વારા પરમહંસો બની ગયેલા ભક્તોને શ્રીજીમહારાજે દંડવત કરેલા. અહીંથી નકલંક મહાદેવ, દેશળ તળાવ, સલાટનો વાડો, કલ્યાણેશ્વર મહાદેવ, સેલર વાવ, ખાખચોક, પરદાપીઠ હનુમાન, રામકુંડ, સ્વામિનારાયણની વાડી વગેરે સ્થાનોમાં દર્શન સાથે કચ્છ પ્રદેશ જળ-ફળથી સમૃદ્ધ બને તેવી ધૂન પણ

સ્વામીશ્રીએ કરી.

તા. ૨૪/૧૧ના રોજ બળદિયા, કેરા, નારણપુર, દહીંસરા, રવાપર, ગઢશીશા, દેવપુર પાવન થયાં.

તા. ૨૫/૧૧ના દિવસે સ્વામીશ્રી લખતર થઈ નારાયણ સરોવર તીર્થમાં પધાર્યા. અહીં ત્રિકમજી મંદિર, કોટેશ્વર મહાદેવમાં દર્શન બાદ સમુદ્ર-સ્નાન કર્યું. ત્યાર પછી કાળા તળાવ અને તેરામાં શ્રીજીમહારાજનાં પ્રાસાદિક સ્થળોનાં દર્શન કરીને રાત્રે બાર વાગ્યે ભુજ આવી ગયા.

અહીંથી તા. ૨૬/૧૧ની સાંજે માધાપરને પાવન કરી, તા. ૨૭/૧૧ની સવારે મીરઝાપુર પધાર્યા.

અત્રે નારાયણ તલાવડીનાં દર્શન કરી માનકૂવા પહોંચ્યા. આ ગામમાં રતનબાઈએ શ્રીજીમહારાજને પોંખેલા. આંટુકદાર આદાભાઈનું પણ આ વતન. શ્રીજીમહારાજ માટે 'ભીખ' કરનાર મૂળજી-કૃષ્ણજીનાં પણ ઘર અહીં. આ અને તે ઉપરાંતનાં અન્ય પ્રાસાદિક સ્થાનોમાં સ્વામીશ્રી પહોંચ્યા. શ્રીજીની અગણિત સ્મૃતિઓ આ પ્રદેશની પૂંજી બનીને બેઠી છે. સ્વામીશ્રી યાત્રા દરમ્યાન સમયે સમયે તે ખજાનામાંથી સ્મૃતિરત્નો કાઢતા રહેતા અને યાત્રિકોને તેનો પ્રકાશ આપતા જતા.

માનકૂવાથી ભારાસર, સામતરા થઈને પોણા ત્રણ વાગ્યે ભુજ આવીને સ્વામીશ્રીએ ભોજન કર્યું. ભોજન બાદ સાંજે ચાર વાગ્યે તેઓએ 'બપોર'ની કથા શરૂ કરાવી! તેઓના દૈનિક ક્રમમાં વખતે ભોજન કપાતું, પણ ભજનની તો બાદબાકી કદી થતી નહીં. શ્રીજીમહારાજે પ્રવર્તાવેલી મધ્યાહ્ન કથાની રીતિ-નીતિ તેઓ વિચરણની તડામારીમાં પણ અક્ષુણ્ણ રાખતા. સંપ્રદાયના કોટ-કિલ્લા સમાન પ્રાણવાન પ્રણાલીઓનો એકેય કાંગરો-કાંકરો ખરવા દીધા સિવાય તેઓ વિકાસની હરણફાળ ભરતા રહેલા.

મધ્યાહ્ન કથા 'સાંજે' વિરમી ત્યાં તો નીકળવાનો સમય થઈ જતાં સ્વામીશ્રી સુખપુરમાં સભા અને પધરામણીઓનું સુખ આપી રાત્રે સાડા બાર વાગ્યે ભુજ આવી સૂતેલા.

યાત્રાના અંતિમ દિવસ તા. ૨૮/૧૧ના રોજ તેઓએ મેઘપુર, માંડવી, અંજાર, આદિપુર અને ગાંધીધામને પાવન કર્યાં.

આમ, નવ દિવસની કચ્છની પંચતીર્થી પર પૂર્ણવિરામ મુકાયું ત્યારે કાયમ 'नवं नवं' નવું ને નવું રહે એવું સુખ આપીને સ્વામીશ્રીએ આ યાત્રામાં

સૌને તુષ્ટ-પુષ્ટ કરી દીધેલા. એ સંસ્મરણો વાગોળતાં સૌ વીખરાયા.

## ખોળે મુમુક્ષુઓને સંત કેરા વેશમાં

તા. ૨૯/૧૧ના રોજ ગાંધીધામથી કંડલા પધારેલા સ્વામીશ્રીએ અહીં બંદરના ખૂણેખૂણાને પોતાની નજર હેઠળ લાવતાં ખાસ્સો સમય ગાળેલો. તે વખતે કોને કલ્પના હશે કે ભવિષ્યમાં સંસ્કૃતિનાં શિખરો સમાં 'અક્ષરધામ' અને 'મેડ ઇન ઇન્ડિયા, એસેમ્બલ્ડ ઇન ફોરેન' તરીકે ઓળખાનારાં મંદિરોની સેવા આપીને તેઓ આ સ્થળને અમર કરવાના છે! પણ આજે તેઓએ આ સ્થાનને દૃષ્ટિમાં લઈ લીધું ખરું!

બંદરની રજેરજને પાવન કરતાં તેઓ બપોરે ત્રણ વાગ્યે ઠાકોરજી જમાડી, મોરબી, ધુંટી, રાજકોટ થઈ તા. ૩૦/૧૧ની સાંજે સાત વાગ્યે ભાવનગર પધાર્યા.

અહીં સાત નવયુવાનોને તેઓનાં માતા-પિતાએ સ્વામીશ્રીનાં ચરણે સંતદીક્ષા માટે અર્પણ કર્યા.

યોગીજી મહારાજના સાતસો સાધુ કરવાના સંકલ્પને સાકાર કરવા માટે સ્વામીશ્રી કૃતનિશ્ચયી હતા. તેથી તેઓ કિશોરો, યુવકોને પત્ર, પ્રવચન કે રૂબરૂ વાતો દ્વારા ત્યાગાશ્રમના પંથે પ્રયાણ કરવાની પ્રેરણા આપતા રહેતા. સત્સંગી વાલીઓને પણ પોતાના પુત્રોને આ માર્ગે વાળવાની હાકલ કરતા રહેતા.

સ્વામીશ્રીના આ પ્રયત્નથી સત્સંગી યુવાનોમાં ભગવો ભેખ ધારણ કરવાની વૃત્તિ જાગેલી. તે પરિશ્રમના પરિપાકરૂપે આજે સાત યુવાનો સ્વામીશ્રીની ઝોળીમાં આવી ગયા. સ્વામીશ્રીએ તેઓના વાલીઓને આશીર્વાદ આપ્યા. નગરવાસીઓએ બૅન્ડ-વાજાંના ઘોષ સાથે ભવ્ય શોભાયાત્રા કાઢી યુવાનોને વિદાય આપી. સમગ્ર વાતાવરણ ભાવવિભોર બની રહ્યું.

## આવા માંગનારા નહીં મળે

ભાવનગરથી ગોંડલ થઈને રાજકોટ પધારેલા સ્વામીશ્રીએ અહીં પણ મંદિરે યોજાયેલી સભામાં યુવાનો તથા વાલીઓને યોગીજી મહારાજની સાધુ બનવાની અનુવૃત્તિમાં ભળી મહાન સેવા કરી લેવા અનુરોધ કર્યો હતો.

તેઓના આ આશીર્વાદ બાદ ક્રમશઃ દર્શને આવી રહેલા હરિભક્તોમાં જૂનાગઢના એક સત્સંગી આવ્યા. તેઓના પુત્રને દીક્ષા લેવાની તીવ્ર અભીપ્સા

હતી પણ આ પિતા આડખીલીરૂપ બનેલા. સ્વામીશ્રી આ વિગતથી વાકેફ હતા. તેથી તેઓએ તે હરિભક્તનો હાથ પકડીને કહ્યું: 'દીકરાને રજા આપી દો.'

'બાપા! એ હજુ નાનો છે. ભણાવીને મોકલીશ.'

આમ, 'मौनं कालविलम्बश्च ...' મુજબ વાતને ઠેલવારૂપ નકારનો પ્રકાર અપનાવી તે હરિભક્ત આગળ સરકવા લાગ્યા. છતાં દયાળુ સ્વામીશ્રીએ તેઓને સમજાવતાં કહ્યું: 'અહીં ભણશે... આગળ વધશે...' પણ પેલા હરિભક્ત નન્નો જ ભણતા રહ્યા.

તે વખતે સ્વામીશ્રી એકદમ કેફમાં આવી ટટ્ટાર થઈ બોલ્યા: 'પછી આવા પુરુષ માંગનારા નહીં મળે. સમજી જાવ.'

સ્વામીશ્રીએ સમજાવટનો છેલ્લો પાસો ફેંકી દીધો!

પરંતુ પેલા હરિભક્તની બુદ્ધિને એ દા'ડે ખરેખરું ઝોકું આવી ગયેલું. તેનાં ઘેન સ્વામીશ્રીની ટકોરથી ન ઉતર્યાં. છતાં સ્વામીશ્રીએ લેશ ઉપેક્ષા દાખવ્યા સિવાય એમને આશીર્વાદ આપી જવા દીધા.[૭૬]

એક જીવને ઉગારવા માટે સ્વામીશ્રીએ આ પ્રસંગે જે શ્રદ્ધા દાખવી અને તે દરમ્યાન તેઓના મુખે પોતાના સ્વરૂપનો જે ઘટસ્ફોટ થઈ ગયો તે સૌ માટે સ્મરણીય બની રહ્યાં.

આ પ્રસંગ બાદ રાજકોટના યુવાન બંકીમ ટાંકને[૭૭] સાધુ બનાવવા પોતાની સાથે લઈ અમદાવાદ તરફ ગતિ કરી રહેલા સ્વામીશ્રી માર્ગમાં લીંબડી પધાર્યા. અહીંથી એક યુવાનને દીક્ષા લેવા સાથે આવવાનું હતું. તેના માટે સ્વામીશ્રીએ એ યુવકના ઘર આગળ જઈને ગાડી થોભાવી.

પણ અહીં ઘાટ જુદો ઘડાઈ ચૂકેલો! યુવાનના પિતા દીક્ષા માટે અનુમતિ આપતા હતા પણ માતા સખત વિરોધ નોંધાવી રહેલી.

તેથી સ્વામીશ્રીએ તે હરિભક્તને કહ્યું: 'તમે એમને સમજાવો.'

'બાપા! એ માને એમ નથી.' હરિભક્તે તળિયે બેસતાં કહ્યું.

ત્યારે 'શું ન માને? સમજાવો. દીકરો ક્યાં ખોટે માર્ગે જાય છે?' કહી સ્વામીશ્રી એક પછી એક દલીલો રજૂ કરતા રહ્યા. રાત્રિના અંધકારમાં સ્ટ્રીટ

---

૭૬. આગળ જતાં એ યુવાન ખોટી સોબતના રવાડે ચઢી પિતાના કષ્ટનું કારણ બનેલો. આ આઘાતથી ઘાયલ એ બાપ જિંદગીભર વલોપાત કરતા રહેલા કે 'બાપાએ માંગ્યો ત્યારે ન આપ્યો અને સાવ હાથથી ગયો.'

૭૭. તેઓનું દીક્ષિત નામ સાધુ જ્ઞાનેશ્વરદાસ રાખવામાં આવ્યું.

લાઈટનાં ઝાંખાં અજવાળે ઊભાં ઊભાં આ વાટાઘાટો ચાલી રહેલી. પરંતુ પેલા હરિભક્ત 'પત્નીને પોતે સમજાવી શકે એમ નથી' એ વાતનું જ પુનરાવર્તન કરતાં રહ્યા. તેથી સ્વામીશ્રી પ્રથમ શાંતિથી પણ પછી તો સાગ્રહ તેઓને સમજાવવા લાગ્યા. છતાં સ્વામીશ્રીના શબ્દો વેરાન ભૂમિ પર પડતાં સૂર્યકિરણો જેવાં નિરર્થક બની રહ્યાં. તે હરિભક્ત પત્નીને સમજાવવા બાબતે નાદારી જ નોંધાવતા રહ્યા.

અંતે સ્વામીશ્રી જાણે કશું જ બન્યું નથી તે રીતે ફાર્ગો ગાડીમાં બિરાજ્યા અને તા. ૧/૧૨ની એ રાત્રે ગાડીએ અમદાવાદની દિશા પકડી.

ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે 'કોઈ સત્પુરુષ છે તેને આ લોકના સુખમાં તો પ્રીતિ જ નથી અને પરલોક જે ભગવાનનું ધામ તથા ભગવાનની મૂર્તિ તેને વિષે વાસના છે. અને જે તેનો સંગ કરે તેનું પણ એવી જ જાતનું હિત કરે જે, 'આ મારો સંગી છે તેને સંસારની વાસના તૂટી જાય ને ભગવાનને વિષે પ્રીતિ થાય તો ઘણું સારું છે...'[૭૮]

આ રીતે વર્તતા સ્વામીશ્રીએ યુવાનોને સાધુ બનાવવા માટે ઘેર ઘેર જઈને ટહેલ નાંખેલી.

## કર્ણાવતીમાં કલ્યાણનો કળશ

તા. ૨/૧૨ની સવારે અમદાવાદ કંઈક જુદું જ હતું. અહીં મંદિરના કળશ-સ્થાપન મહોત્સવ નિમિત્તે રચાયેલી ઉત્સવોની પચરંગી રંગોળીમાં પ્રથમ શોભા નીખરી ઊઠેલી વિશ્વશાંતિ મહાયાગની. આ હરિયાગમાં જાણે યજ્ઞનારાયણના કંઠમાં ૧૦૮ મૌક્તિકોની માળા આરોપિત થઈ હોય તેમ દેશ-વિદેશના ૧૦૮ યજમાનો આહુતિ આપવા માટે બેઠેલા. ૮૦ ભૂદેવોના બુલંદ ઘોષથી યજ્ઞશાળા ગાજી રહેલી. હુતદ્રવ્યોની સોડમથી વાતાવરણ મઘમઘી રહેલું. સ્વામીશ્રીએ આવીને યજ્ઞનો વિધિસર પ્રારંભ કરી આપ્યો.

ત્યારબાદ સૌ પર આશીર્વાદનું અમૃત વરસાવતાં કહ્યું: 'મંદિરના કળશ ચડે તે મૂર્તિપ્રતિષ્ઠા જેવો જ ઉત્સવ સમજવો. જેને જેને આ કળશનાં દર્શન થશે તેનું કલ્યાણ થશે. ચૈતન્ય મહાપ્રભુ જગન્નાથપુરીનાં દર્શને આવતા. યાત્રામાં જ્યાંથી એમને કળશનાં દર્શન થતાં ત્યાંથી એ ભક્તિભાવથી વિહ્વળ બની જતા. અહીં અમારા ગુરુજી ગિરજાશંકર શાસ્ત્રી આવ્યા છે અને કળશના

---

૭૮. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૭.

પૂજનનો વિધિ કરાવે છે. એમની પાસે અભ્યાસ કરવા શાસ્ત્રીજી મહારાજે મને મોકલેલો. આપ એવો યજ્ઞ કરો કે જગતમાં અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન થઈ જાય અને શાંતિ થઈ જાય.'

આશીર્વાદ બાદ સ્વામીશ્રીએ સૌ પુરુષ યજમાનોને ભાલમાં ચાંદલો કરીને તથા હાથે નાડાછડી બાંધીને અલભ્ય સ્મૃતિ આપી.

યજ્ઞશાળામાંથી તેઓ મંદિરની સમીપે આવેલ એમ. આર. હૉસ્ટેલના પટાંગણમાં પધાર્યા. અહીં સભામંડપની શોભા ઇન્દ્રપુરીને લજ્જિત કરે એવી રચવામાં આવી હતી. તેમાં કલાત્મક સભામંચના ઊંચા સિંહાસન પર બિરાજી સ્વામીશ્રીએ પ્રાસંગિક આશીર્વાદ આપ્યાં કે 'પળે પળે માણસો રાડ નાખે છે કે સંકટો ઝાઝાં આવે છે અને માણસ હવે પહેલાંના જેવો પ્રામાણિક નથી રહ્યો, કપટ બહુ વધ્યું છે, ભ્રષ્ટાચાર ખૂબ ચાલે છે, અનીતિ વધી છે, જીવન મુશ્કેલ બન્યું છે. એમ આફતોની વાત બધા કરે છે પણ ઉપાય કોને કરવા છે? એ માટે ધર્મ તરફ વળવું જોઈએ, ભગવાનને માનવા જોઈએ, સત્સંગમાં ભળવું જોઈએ. પછી જુઓ કે કેવા સુખિયા થવાય છે!'

સમસ્યાથી મૂંઝાવા કરતાં સમાધાન પર કેન્દ્રિત થવાનો આ બોધ આપીને સ્વામીશ્રી આજની સાંજે રેલવે સ્ટેશન પાસે આવેલા મણિલાલ મેન્શનથી શરૂ થયેલી શાનદાર શોભાયાત્રામાં બિરાજ્યા. રિલીફ રોડ, ઘીકાંટા રોડ, દિલ્હી દરવાજા, શાહીબાગ રોડ વગેરે જે જે સ્થળેથી આ નગરયાત્રા પસાર થવાની હતી તે આખો ગમનપથ ધજા-પતાકા, આકર્ષક કમાનો, કાગળનાં ફૂલથી ઝૂલતાં તોરણો વગેરે દ્વારા શણગાર્યો હતો. તે રસ્તે ઠેર ઠેર વડોદરા ફ્લાઈંગ ક્લબના પીળા વિમાનમાંથી પુષ્પવૃષ્ટિ વરસી રહી. છત-છાપરાં અને અગાશી-અટારીએ ભેગો થયેલો માનવમહેરામણ પણ પુષ્પ-પાંખડીઓ વેરી આ સંતસમ્રાટને વધાવી રહ્યો. પોલીસ બૅન્ડ, જીઆ બૅન્ડ તથા સત્સંગ મંડળોનાં બૅન્ડ ગલી-ગગનને ગજવી રહ્યાં. ઊંટ પર વાગતાં નિશાન-ડંકા અને વિવિધ ભજનમંડળીઓની રમઝટ વાતાવરણને ઉત્સવિયું કરી રહી, તો કળશધારી મહિલાઓએ માહોલને માંગલિક બનાવી મૂક્યો.

આમ, આખું અમદાવાદ હિલોળે ચડેલું ત્યારે સ્થિર હતા એકમાત્ર સ્વામીશ્રી! છાતી ગજગજ ફૂલે એવું આ સન્માન તેઓનાં નિમીલિત નયનોને ઊંચાં કરી શક્યું નહીં, તેઓનાં કરકમળમાં ફરતી માળાને થંભાવી શક્યું નહીં, તેઓની વૃત્તિને મહારાજની મૂર્તિમાંથી ચલિત કરી શક્યું નહીં.

એક માઈલ લાંબી આ નગરયાત્રા મંદિરના સમીપવર્તી હાજીપુરા ગાર્ડન પાસે પહોંચી ત્યારે આતશબાજી ગરજી ઊઠી. મહોત્સવનો આ પહેલો દિવસ બીજા દિવસની ઉત્કંઠા વધારનારો બની રહ્યો.

## માથા સાટે વર્યા મેં માવ

તા. ૩/૧૨ના દિવસે સુવર્ણ-કળશ સ્થાપન, દીક્ષા સમારોહ અને જન્મજયંતીની ત્રિવેણી રચાઈ ગયેલી. આ પ્રયાગમાં સ્નાન કરવા વહેલી સવારથી સૌ આવી પહોંચેલા. સ્વામીશ્રીએ બ્રાહ્મમુહૂર્તમાં સાડા ચાર વાગ્યે જાગીને પ્રાત:પૂજા બાદ સુવર્ણ-કળશોની આરતી ઉતારી ત્યારે તેઓની દિવ્ય પ્રભા, કળશોની ભવ્ય શોભા અને આરતીની રમ્ય આભા એકબીજાને ઝીલમિલાવતી રહી.

આરતી બાદ યજ્ઞશાળામાં પધારેલા સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં શરૂ થયો – દીક્ષા સમારોહ. ભારતીય સંસ્કૃતિની શોભારૂપ સાધુસમાજમાં યોગીજી મહારાજે ક્રાંતિ આણેલી સુશિક્ષિત નવયુવાનોને ભગવાં પહેરાવીને! સન ૧૯૬૧માં ગઢડાના મંદિર પર કળશ ચઢ્યા ત્યારે યોગીજી મહારાજે એકાવન શિક્ષિતને દીક્ષિત કરેલા. ગુરુનું પગલે પગલું દબાવીને ચાલનારા સ્વામીશ્રી પણ આજે ઇતિહાસમાં સંઘરાયેલી એ ચિરંજીવ ક્ષણોને જીવંત કરી રહેલા.

તેઓએ કર્ણાવતીમાં કળશ ચઢે ત્યારે ત્રેપનને દીક્ષા આપવાનું નિશ્ચિત કરેલું. તે માટે સ્વામીશ્રી ઘણી વાર પોતાની સાથે ફરતા યુવાનોને કહેતા: 'કેટલા યુવાનો સાધુ થશે? લિસ્ટ બનાવો.' યુવકો મોટી આશા સાથે નામ ટપકાવતા જાય; પણ યાદી ૩૦-૩૫ના આંકડે અટકી જતી! સૌને થતું: '૫૩ની જગ્યાએ ૩૫ દીક્ષા લે તોય ભયો ભયો.' અલબત્ત, તેઓ આ યાદી સ્વામીશ્રીને બતાવે ત્યારે સ્વામીશ્રી તો 'થઈ જશે' એમ જ બોલતા.

...અને બન્યું પણ તેઓએ કહ્યું તેમ જ! ક્યાં-ક્યાંથી નવા નવા સિતારા ચમકવા લાગ્યા અને આજે શિખાવર્જિત મુંડન કરાવીને પાર્ષદી દીક્ષા લેવા ગોઠવાઈ ગયેલા ૫૬ યુવાનો તથા ભાગવતી દીક્ષા લેવા તત્પર ત્રણ પાર્ષદોની ધડકન ગાઈ રહેલી:

*'વા'લા લાગો છો વિશ્વઆધાર રે, સગપણ તમ સાથે;*
*મેં તો સર્વે મેલ્યો છે સંસાર રે, સગપણ તમ સાથે...'*

સ્વામીશ્રી પણ તે યુવાનોને ગુરુમંત્ર આપી ભગવાનના ખોળે મૂકતા

ગયા. માયાના માથે પગ મૂકનાર આ નવદીક્ષિતોને હજારો હરિભક્તોની તાળીઓનો નાદ વધાવતો રહ્યો.

આ દીક્ષાવિધિમાં ઘણો સમય વીત્યો હોવાથી સ્વામીશ્રી યજ્ઞશાળામાંથી સીધા જ જયંતી મહોત્સવની સભામાં પધારી ગયા – સવારના ઉકાળા-પાણી ઠેલીને !! તેઓ સુવિધા સાચવવા કરતાં સમય સાચવવાના હિમાયતી હતા.

## સૌ આશીર્વાદ આપજો

સવારે સાડા નવ વાગ્યે મહોત્સવ સ્થળ તરીકે કેન્દ્રિય વિદ્યાલયના મેદાનમાં ખડાં થયેલા 'શ્રીજી નગર'માં જન્મોત્સવની સભાનો પ્રારંભ થઈ ચૂકેલો. તેમાં ઉપસ્થિત અનેક નામાંકિત મહાનુભાવોના વાણી-વિચારોનો પ્રવાહ સ્વામીશ્રીનાં ચરણ પખાળતો વહી રહ્યો.

તેમાંના એક દુલા કાગે આ અવસરે રચેલી બાવન દુહાની 'પ્રમુખ-બાવની'માં પોતાનું હૈયું નીચોવતાં ગાયું કે –

*'સાજા તાજા શ્રીજીમય, અક્ષરધારી ઈશ;*
*પ્રમુખસ્વામી જીવો સદા, વરસ એકસો વીશ...'*

સાથે જણાવ્યું કે 'દીવાની પાછળ મશાલ જેવા આ પુરુષ છે.'

આ પ્રસંગે બોચાસણ મંદિરથી આવેલ ૫૩ પ્રકારનાં ગુલાબોથી ગૂંથેલો ભવ્ય હાર ડૉક્ટર સ્વામીએ સ્વામીશ્રીને પહેરાવ્યો. ગોંડલથી મોકલેલ ૫૩ પ્રકારની મીઠાઈઓ ગોઠવેલી કલાત્મક કાષ્ઠપેટી બાલમુકુંદ સ્વામીએ અર્પણ કરી. નૈરોબીથી આવેલા ૫૩ પ્રકારના હાર-ઉપહારથી પણ સ્વામીશ્રીને સત્કારવામાં આવ્યા. ઠેર ઠેરથી આવેલા તાર-સંદેશામાંથી ચૂંટેલાનું વાંચન થયું. સ્મરણિકાઓ, સ્તોત્ર-સંગ્રહો અને શ્રીજીમહારાજના સંક્ષિપ્ત જીવનચરિત્રના ઉર્દૂ ભાષાંતર પણ ઉદ્ઘાટિત થયાં.

આવા ભવ્ય જયંતી સમારોહના સમાપનમાં સ્વામીશ્રીએ જણાવ્યું કે – 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની કૃપાને લઈને આ થઈ રહ્યું છે. આટલા મોટા ભક્ત-સમુદાયનાં દર્શન કરતાં આનંદ થઈ ગયો. મારા મનથી આજના દિવસે આ મોટામાં મોટો લાભ છે. આ દેહે કરીને સ્વામી રાજી થાય એવો નિરધાર કર્યો છે, તો સૌ આશીર્વાદ આપજો કે આપણાં કામ બરોબર થાય. જગતના ડાહ્યા પુરુષો જે કાર્ય નથી કરી શકતા તે સંતો કરી શકે છે. આજે ૫૬ યુવાનોએ પ્રેમથી દીક્ષા લીધી. જેમણે દીકરા આપ્યા છે તેને ખોટ

જશે નહીં. કોઈએ ફિકર કરવાની નથી.'

આ આશીર્વાદ બાદ સ્વામીશ્રી ભવ્ય સિંહાસન પરથી ઊતરીને મંચની ધારે આસન નંખાવી બિરાજમાન થયા. સભામાં ઉપસ્થિત નાનામાં નાનો અને છેલ્લામાં છેલ્લો મુમુક્ષુ તેઓને ન મળ્યો ત્યાં સુધી તેઓ ત્યાં બેઠા રહ્યા.

આ ભક્તમિલન પૂરું કરીને જમવા બિરાજેલા સ્વામીશ્રીએ બપોરે સાડા ત્રણ વાગ્યે પહેલો કોળિયો મોંમાં મૂક્યો હતો! સવારના સાડા ચાર વાગ્યાથી જાગી ગયેલા તેઓએ અત્યાર સુધી પાણીનું ટીપું પણ મોંમાં મૂક્યા વિના, દીક્ષા સમારોહ અને જયંતી મહોત્સવ સંપન્ન કર્યા! લોકકલ્યાણ અને સમાજસેવા માટે તેઓએ દાખવેલાં તપ, ત્યાગ અને તિતિક્ષાની કોઈ અવધિ જ નહોતી!

ભોજન બાદ સ્વામીશ્રી 'ગીતામંદિર'માં પધરામણી કરી, રાત્રે દસ વાગ્યે નવગુજરાત કૉમર્સ કૉલેજના સભાગૃહમાં પહોંચ્યા. અહીં આ ઉત્સવમાં જુદા જુદા ૨૨ સેવાવિભાગોમાં સેવા કરનાર ૧,૫૦૦ યુવકો અને ૪૦૦ યુવતીઓને આશીર્વાદ આપી સ્વામીશ્રી આરામમાં પધાર્યા ત્યારે રાત્રિના સાડા બાર વાગી ચૂકેલા! સવારે સાડા ચાર વાગ્યાથી શરૂ થયેલો તેઓની જન્મ-જયંતીનો દિવસ આ રીતે પૂર્ણ થયો! સૌથી વધુ સન્માન તેઓનું તો સૌથી વધુ ભીડો પણ તેઓને જ![૭૯]

## લાખગણું, કરોડગણું વધી જશે

સ્વામીશ્રીની જન્મજયંતીના સમૈયે ઊમટેલી હજારોની મેદનીમાં પાટી ગામના એક યુવાન મોહન સગાં-વહાલાંની શેહ-શરમે આવી ગયેલા. સાથે શહેરની શેરીઓમાં માહાલવાની ભાવના પણ તેઓના અંતરમાં ખરી; પરંતુ અહીં સ્વામીશ્રી, નગરયાત્રા અને દીક્ષા સમારોહ જોતાં જ તેઓના અંતરતાર રણઝણી ઊઠ્યા. તેમાંથી એક જ સૂર વારે વારે ઊઠવા લાગ્યો: 'આપણે પણ સાધુ જ થઈ જવું છે.'

જો કે ગામડાના રિવાજ મુજબ બાળલગ્ન કરી ચૂકેલા તેઓનો આ

---

૭૯. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના ૫૩મા જન્મજયંતી મહોત્સવની ઝલક માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

સંકલ્પ તાત્કાલિક તો પૂરો થાય એમ નહોતો. પરંતુ તે બંધન તોડવાનું કામ કાલને સોંપી આજે તેઓએ નિત્યપૂજા લઈને, પૂજા કર્યા વિના પાણી ન પીવા માટે જીભ તો કચરી જ દીધી! એથીયે વિશેષ, નાટક-સિનેમા અને બજારુ ખાણી-પીણી પણ તત્ક્ષણ તજી દીધાં. તેઓની જાણ બહાર સમૈયાનો જાદુ તેઓ પર ફરી વળ્યો. આ સમૈયાથી એ મોહનને સ્વામીશ્રીની મોહિની એવી લાગી ગઈ કે શહેર જોવા આવેલા તેઓએ આગળ જતાં શહેર તો શું, આખેઆખો સંસાર છોડી દીધો અને સ્વામીશ્રીની સંતપંગતમાં બેસી ગયા![૮૦]

સ્વામીશ્રી અને તેઓના સમૈયા જનમાનસમાં કેવાં આંદોલનો જગાવી જતા તેનો આ તો એક જ નમૂનો ગણવો રહ્યો.

આવા સત્ત્વશીલ ઉત્સવ બાદ સ્વામીશ્રી તા. ૪/૧૨ની સવારે સોલાની ભાગવત વિદ્યાપીઠમાં પગલાં કરી બપોરે સાડા ત્રણ વાગ્યે મંદિરે પધાર્યા. અહીં મંદિરના હૉલમાં તેઓ બિરાજ્યા ત્યારે સામે બેઠેલા સંતોની સંખ્યા સો ઉપરાંતની હતી. તે સૌને દર્શનનું સુખ આપવાના હેતુસર સ્વામીશ્રીએ ગાદલાં પર ટેકા માટે મૂકેલા તકિયા પર બેસી નવદીક્ષિત પાર્ષદોને હિતોપદેશ આપતાં જણાવ્યું: 'આપણે એવું કરવું કે આપણું જોઈને બીજા રાજી થાય. આપણે આથી હજી ઘણું ઘણું કરવાનું બાકી છે. એ કરીને જ જંપીશું. આપણે એક રુચિ ને એક વિચાર રાખવો. કોઈ આગળ આવે તો રાજી થવું પણ તેનું ખોટું દેખાય એવો વિચાર પણ ન કરવો. આપણો પાયો કથા-વાર્તા છે. એ દૃઢ બનાવી લેવો. કોઈનો વાદ ન લેવો. એકમેકને રાજી રાખીને રહેવું. તમે સૌ શ્રદ્ધા રાખજો કે આથી લાખગણું, કરોડગણું વધી જશે.'

પોતાના સરળ શબ્દોમાં સ્વામીશ્રીએ સાધુતાનાં સીમાચિહ્ન રોપી આપ્યાં.

તે પછી નવદીક્ષિતોને વિવિધ મંદિરોમાં સેવાકાર્ય અંગે જવા આજ્ઞા કરી. તેમાંથી ૨૨ પાર્ષદોને સારંગપુરમાં સંત સ્વામીની દોરવણી હેઠળ રહેવા આદેશ આપ્યો. આજે વિશ્વમાં નોખી ભાત ઉપસાવતા સારંગપુર સ્થિત 'સંત તાલીમ કેન્દ્ર'ના શુભારંભની એ ધન્ય ક્ષણ!

## આજ એકાદશી અમર થઈ

અમદાવાદમાં સંપ્રદાય અને સમાજના વિકાસનું યુગકાર્ય કરીને

---

૮૦. તેઓનું દીક્ષિત નામ સાધુ સર્વમંગલદાસ રાખવામાં આવ્યું.

સ્વામીશ્રી વિદ્યાનગર, બાકરોલ, આણંદને લાભ આપતાં વાસદ પહોંચ્યા.

અહીં તા. ૬/૧૨ની સવારે સાડા આઠ વાગ્યે તેઓ પ્રાતઃપૂજાથી પરવાર્યા ત્યારે એકાદશીનો નિર્જળા ઉપવાસ હોવાથી અલ્પાહારને તો અવકાશ જ નહોતો. તેથી રોજની જેમ પધરામણીઓની ઇચ્છા ધરાવનારની યાદી તૈયાર થઈ. તેમાં કુલ પંદર પધરામણીની નોંધ થતાં ચાર સંતોને સાથે લઈ સ્વામીશ્રી નીકળ્યા.

'પંદરની પચીસ પધરામણી થશે' એવી ગણતરી તો સૌને હતી; પરંતુ આજે તો જાણે આખું ગામ ઘેલું થયું હોય તેમ પધરામણીની સંખ્યામાં આઠ ગણો ધરખમ વધારો થઈ ગયો! બપોરે પોણા ત્રણ વાગ્યે પધરામણીઓ વિરમી ત્યાં સુધી તાપ, થાક અને ઉપવાસ – ત્રણેય માર્યા ફર્યાં અને સ્વામીશ્રીએ સળંગ ૧૨૨ પધરામણીઓ કરી દીધી!!

આ ભીડો જોઈ સાથે ફરતા ડૉક્ટર સ્વામી બોલી ઊઠ્યા: 'એકાદશીના નિર્જળા ઉપવાસમાં આટલી બધી પધરામણીઓ પહેલી વાર થઈ!'

તેથી જ્યારે ઉતારે આવ્યા ત્યારે સૌ થાક્યા હતા, છતાં ઉપવાસના દિવસે બપોરે ન સૂવાની ટેકને જાળવી જાણનારા સ્વામીશ્રી થાક પછી આરામને બદલે કામ કરવા બેઠા. તેઓ પત્રો વાંચતા જાય અને પ્રત્યુત્તર પાઠવતા જાય. પરંતુ આ પત્રવ્યવહારમાં માલૂમ પડ્યું કે 'સ્વામીશ્રીના શરીરમાં ૧૦૨ ડિગ્રી તાવ ધખી રહ્યો છે!' આથી ચોંકી ઊઠતાં ડૉક્ટર સ્વામીએ પૂછ્યું: 'હમણાં તાવ ચડ્યો?'

'ના. સવારથી જ કસર જેવું હતું!'

ગઈકાલે રાત્રે સખત ઠંડીમાં રાત્રે બાર વાગ્યા સુધી ખુલ્લા મેદાનમાં સભા યોજાયેલી, તે વખતે સ્વામીશ્રીના હાડમાં ગરી ગયેલી ટાઢ આજે પરચો પૂરી રહેલી! છતાં તેઓ અણનમ રહીને કામ કર્યે જતા હતા. કષ્ટને કોઠું આપવાનું તેઓના સ્વભાવમાં જ નહીં!

પણ હવે સંતો કામ કરવા દે? સૌએ આરામ કરવા વિનંતી કરી. પરંતુ તે માટે સ્વામીશ્રીનું મન માનતું નહોતું. છતાં પાંચથી સાડા પાંચ વાગ્યા સુધી પરાણે આરામ કરાવ્યો.

સાડા પાંચ વાગ્યે જાગીને સ્વામીશ્રી નિશ્ચિત કાર્યક્રમ મુજબ આગળ વધવા તૈયાર થઈ ગયા! સૌએ કાર્યક્રમ મુલત્વી રાખવાની વિનંતી કરી પણ તે પર્વત સાથે ટકરાતા પવનની જેમ ચૂર ચૂર થઈ ગઈ અને સ્વામીશ્રી તાવતૂટ્યા

શરીરે ઓડ, ભરોડા થઈને સાંજે સાત વાગ્યે સુંદલપુરા આવી પહોંચ્યા.

તાવ હજીયે તેઓના શરીરને વીંખી-પીંખી રહેલો. છતાં દાંત કકળાવતી ઠંડીમાં તેઓએ રાત્રે નવ વાગ્યે સભામાં પધારી સૌને રાજી કર્યા. સભા બાદ ચેષ્ટાગાન કરીને રાત્રે બાર વાગ્યે સ્વામીશ્રી આરામમાં પધાર્યા ત્યારે તેઓનાં શરીર, ઉપવાસ અને સાથી સંતો – બધાયનો કસ નીકળી ચૂકેલો.

પાંચ હજાર વર્ષ પહેલાં આજની એકાદશીએ[૮૧] ભગવદ્‌ગીતા ઉદ્‌બોધીને કૃષ્ણે તેને ઐતિહાસિક બનાવી હતી. એ જ એકાદશીને સ્વામીશ્રીએ આજે પોતાની ભીડાભક્તિથી અમર કરી મૂકી !

## સભાની 'સિક્સર'

સુંદલપુરાથી સ્વામીશ્રી ખાનકૂવા થઈને વિરોલ પધાર્યા.

અહીં પહોંચતાં અંધારું ઘણું થઈ ગયેલું. વળી, વીજળી પણ વેરણ થયેલી. છતાં હરિભક્તોએ ગોઠવી રાખેલી પધરામણીઓ સ્વામીશ્રીએ પેટ્રોમેક્ષના અજવાળે કરી સૌને રાજી કર્યા.

આમ, Excuse(બહાનું) નહીં, પણ Execution(અમલ)ની વાતને જ મુખ્ય રાખનારા સ્વામીશ્રી વિરોલથી મહેળાવ પહોંચ્યા. અહીં તા. ૮/૧૨ના રોજ બાઈઓના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરીને સાંજે વલાસણ પધાર્યા. અત્રે આફ્રિકાના ગુલુ શહેરમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની આરતી ઉતારી, અટલાદરા આવેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૧૦/૧૨ની સવારે ચંદ્રગ્રહણનો સમૈયો ઊજવાયો.

ગ્રહણમુક્તિ બાદ સ્નાન-પૂજાથી પરવારી અગિયાર વાગ્યે અટલાદરાથી નીકળેલા સ્વામીશ્રીએ વડોદરામાં ૬૦ પધરામણીઓ કરીને બદલપુર થઈ રાત્રે ધુવારણમાં સભા ભરી. આ સભા એવી લાંબી ચાલી કે રાત્રે એક વાગ્યે સ્વામીશ્રીને સૂવાનો મેળ પડ્યો !

અહીંથી તેઓ તા. ૧૧/૧૨ના રોજ ખડોધી પધાર્યા. અત્રે ભરબપોરે મંદિરનું ખાતમુહૂર્ત કરી, કડી, કલોલ, રકનપુર, નરસિંહપુરા, ઉમરેઠ, ડાકોર, રામનગર, દેવનગર, લક્ષ્મણપુરા, લસુન્દ્રા, શંકરપુરા, ઠાસરા થઈને ગોધરા પહોંચ્યા.

તા. ૧૭/૧૨ના દિવસે અહીંના 'કૃષ્ણ ભુવન' હોલમાં જાહેર-સભા

---

૮૧. માગશર સુદ એકાદશી.

દ્વારા પંચમહાલના મુખ્ય મથક સમા આ નગરમાં સત્સંગ-વિકાસને વેગ આપી, સ્વામીશ્રી વાઘજીપુર, શહેરા થઈને તા. ૧૯/૧૨ના રોજ લુણાવાડા પધાર્યા. અહીં ભક્તોએ અક્ષર-પુરુષોત્તમ મહારાજની પટમૂર્તિઓ સહિત કલાત્મક સિંહાસન તૈયાર રાખેલું. તેમાં સ્વામીશ્રીએ વિધિસર પૂજન કરીને પ્રતિષ્ઠા-આરતી કર્યાં.

તે દ્વારા પંચમહાલમાં અક્ષર-પુરુષોત્તમ મંદિરોના શ્રીગણેશ કરતાં તેઓ દીવડા કૉલોનીમાં દીવડા પ્રગટાવી, કડાણા, સંતરામપુર, મેત્રાલ, સંતરોડ, સાલિયા, પીપલોદ, પંચેલા, દાહોદ વગેરે ગામોમાં વિચર્યા.

તા. ૨૪/૧૨ની સવારે દાહોદથી વિદાય લઈ સ્વામીશ્રી હાથીધરા પધાર્યા. અત્રે એક કલાક સુધી કથા-વાર્તાનો લાભ આપી, દેવગઢબારિયા પહોંચેલા તેઓએ અહીં બપોરથી રાત સુધીના રોકાણ દરમ્યાન, રણછોડજી મંદિર, સર રણજિતસિંહ હાઈસ્કૂલ, એમ. સી. મોદી હાઈસ્કૂલ વગેરે સ્થળે પાંચ સભાઓ કરી.

આમ, આ એક જ દિવસમાં છ સભાઓ કરીને સ્વામીશ્રીએ સભાની 'સિક્સર' લગાવી દીધી !

## ક્યારે જમ્યા હશે ?

તા. ૨૫/૧૨ની સાંજે દેવગઢબારિયાથી ઘોઘંબા પધારેલા સ્વામીશ્રીને અહીં શણગારેલી લૉરીમાં બિરાજમાન કરી, ઢોલ, નગારાં, ભૂંગળ, મશાલો સાથે આખા ગામમાં નગરયાત્રા કાઢવામાં આવી. વચ્ચે વચ્ચે કેટલાય મુમુક્ષુઓ ઠાકોરજી અને સ્વામીશ્રીની આરતી પણ ઉતારતા જતા. આમ, ભોળું પણ ભાતીગળ સ્વાગત થતું રહ્યું.

વન-પવન અને પર્વત-પર્જન્યના ખોળે ઉછરતા આ ગ્રામીણ જનોની ભોળપનો ભુક્કો હજી આધુનિકતાએ કર્યો નહોતો. તેથી આ પ્રદેશમાં સ્વાગત ક્યારેક અણઘડ લાગે પણ ઔપચારિક નહીં. તેમાંથી આત્મીયતા ભારોભાર નીતરતી દેખાય. સ્વાગત-સામગ્રી સામાન્ય હોય પણ અંતરની અમીરાત અસામાન્ય ! સગવડ ઓછી-આછી પણ સરભરા કરવામાં અછો અછો થઈ જાય ! સ્વામીશ્રી પણ હતા ભાવભૂખ્યા. તેથી સ્વાગતના આચાર-ઉપચાર ન જોતાં 'પ્રેમ-પદારથ' સ્વીકારતા રહેતા.

આ રીતે ૬૦ પધરામણીઓ દ્વારા ઘોઘંબાને ઘેલું કરી, તેઓ તા.

૨૬/૧૨ની બપોરે સાડા બાર વાગ્યે કણબીપાલ્લી પધાર્યા. અહીં આવતાંવેંત સ્વાગત-સભા કરી. ત્યારબાદ વીસ પધરામણીઓ કરીને બપોરે ત્રણ વાગ્યે તો રાજગઢની માધ્યમિક શાળામાં સભા માટે પહોંચી ગયા !

સાડા બાર વાગ્યાથી ત્રણ વાગ્યા સુધીના અઢી કલાકમાં એક સભા, વીસ પધરામણીઓ અને એક ગામથી બીજા ગામ સુધીની મુસાફરી કરી દેનાર સ્વામીશ્રી આજની બપોરે ક્યારે જમ્યા હશે ? અને કેટલું જમ્યા હશે ? એક સભાનો ઓછામાં ઓછો અડધો કલાક ગણો, એક પધરામણીની પાંચ મિનિટ લેખે વીસ પધરામણીઓની સો મિનિટ ગણો અને એક ગામથી બીજા ગામ પહોંચવાની પંદર મિનિટ ગણો તોય સરવાળો થઈ જાય ૧૪૫ મિનિટ. એટલે ભોજન માટે બચી માત્ર પાંચ જ મિનિટ ને !

ખરેખર, સ્વામીશ્રીના વિચરણની તાસીર અને તસવીર યથાર્થરૂપમાં કોઈથી ઝિલાય તેવી નથી.

## રહે વે અલમસ્ત ફકીરી મેં

રાજગઢમાં સત્સંગની સરવાણી વહાવી ટીંબી તરફ આવી રહેલા સ્વામીશ્રીએ આ રસ્તે પાવાગઢને દૃષ્ટિ દ્વારા ધન્ય કર્યો. ત્યારબાદ ટીંબીના પાટિયા પાસે એક કારખાનાનું ઉદ્‌ઘાટન કરી તેઓ હાલોલ પધાર્યા.

અહીં હરિભક્ત પ્રભુદાસભાઈનો ઉત્સાહ એટલો ઉછળી રહેલો કે તેઓએ હાલોલમાં કોઈ સત્સંગી નહીં તોય નગરયાત્રા માટે ઘોડાગાડી રાખેલી. સ્વાગતમાં બૅન્ડ-વાજાં બોલાવેલાં. સ્વામીશ્રી પધાર્યા ત્યારે તેઓને ઘોડાગાડીમાં બેસાડી નગરયાત્રા શરૂ કરી. પણ એ શોભાયાત્રામાં હરિભક્તો હતા – એક આંગળીના વેઢે ગણાય એટલા ફક્ત ત્રણ જ ! એક તો યજમાન પ્રભુદાસ પોતે. બીજા ઈશ્વરભાઈ છીંકણીવાળા અને ત્રીજા કિરીટ પટેલ. ઘોડાગાડીમાં પણ ત્રણ જણ ! એક સ્વામીશ્રી, બીજા ડૉક્ટર સ્વામી અને ત્રીજા નારાયણ ભગત. તેની પાછળ કાર્ગો ગાડીમાં ત્રણ સેવકો. અને સૌથી આગળ બૅન્ડની સૂરાવલિઓ !! ધામધૂમ નહીં પણ ધજાગરો થતો લાગે તેવી આ નગરયાત્રામાં સ્વામીશ્રી તદ્દન ક્ષોભરહિત થઈને બિરાજેલા. થોડા દિવસો પહેલાં અમદાવાદના રાજમાર્ગો પર નીકળેલી ભવ્ય નગરયાત્રામાં હજારોની જનમેદનીનું અભિવાદન ઝીલતાં તેઓનું જે મુખારવિંદ હતું, તેવું જ આજે પણ જોવા મળ્યું !!

શ્રીજીમહારાજે કહ્યું છે કે 'એવો જે જ્ઞાની હોય તે રાજ્યમાં રહ્યો હોય ને હજારો મનુષ્ય પોતાની આજ્ઞામાં રહેતા હોય ને સમૃદ્ધિએ યુક્ત હોય તેણે કરીને પોતાને કાંઈ એમ ન માને જે, 'હું બહુ મોટો થઈ ગયો.' અને તે રાજ્યનો નાશ થઈ જાય ને હાથમાં મૃત્તિકાનું પાત્ર લઈને ઘરોઘર માગી ખાય તેણે કરીને એમ ન માને જે, 'હું હવે તો ગરીબ થઈ ગયો.' કેમ જે, તે તો પોતાના કેફમાં મહા અલમસ્ત રહે...'[૮૨]

જ્ઞાનની આ અલમસ્તાઈ આજે સ્વામીશ્રીના મુખારવિંદ પર ઝળકી રહેલી.

નગરયાત્રા પછીની સભા પણ એવી જ 'અદ્‌ભુત' રહી. પ્રભુદાસે પોતાના ઘરઆંગણાંમાં મંડપ બાંધેલો. તેમાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે થોડા ઘણા માણસો એકઠા થયેલા. તે સૌને સ્વામીશ્રીએ આશીર્વાદ આપવાની શરૂઆત કરી. પણ પ્રભુદાસભાઈ કોઈને કોઈ વ્યક્તિને ચાલુ કથાએ કંઠી પહેરાવવા લાવે. તેથી સ્વામીશ્રી પ્રવચન અટકાવીને તે કામ કરે. વળી પાછું પ્રવચન ચાલુ કરે. આમ, ચાલુ કથામાં કેટલાય કંઠી પહેરી ગયા! પણ સ્વામીશ્રી પૂરેપૂરા સ્થિર-ધીર રહી કથા કરતા રહ્યા.

આવી 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવી કથા કરીને સ્વામીશ્રી વિદાય થયા ત્યારે ગાડીમાં સૌ સંતોએ આજની નગરયાત્રા અને સભાને સંભારીને ખૂબ વિનોદ કર્યો. સ્વામીશ્રીએ પણ સૌની સાથે ભળી જઈને આનંદ કરાવ્યો. આમ તો પ્રતિષ્ઠિત વ્યક્તિના મોભા-મલાજાને ધક્કો પહોંચે તેવી આ નગરયાત્રા ને સભા કહેવાય; પરંતુ તેની ગ્લાનિ-હાનિ તો દરકિનાર, સ્વામીશ્રીએ તો તેને રમૂજનો વિષય બનાવી હાસ્યની છોળ્યો ઉડાડી!! અહંના સંપૂર્ણ વિસર્જન વિના આ શક્ય નથી.

આ રીતે હાલોલથી ચંદ્રપુરા, ખાખરિયા, બ્રાહ્મણિયાપરા, આધિયાપરા, કંબોલા, કોઠિયાપરા, સમલાયા, દેવપુરા, મોટી મોતીપુરા, સાવલી, વેજપુર, તુલસીગામ થઈને સ્વામીશ્રી રાજનગર પધાર્યા. આ ગામ તેઓના શૈશવનું સ્મૃતિસ્થાન!

અહીં આવતાં જ સૌનાં મન પર એકાદશીના ઉપવાસની ટેક જાળવી રાખનાર નમ્ર છતાં દૃઢ શાંતિલાલની છબી ઊપસી આવી.

સૌ તે સંભારતા રહ્યા અને સ્વામીશ્રી રાજનગરથી ઠાસરા, ડાકોર

---

૮૨. વચનામૃત લોયા પ્રકરણ ૧૦.

થઈને તા. ૨૯/૧૨ની રાત્રે બાર વાગ્યે આણંદ આવી પહોંચ્યા.

અહીં તા. ૩૦ અને ૩૧ના માત્ર બે જ દિવસમાં સ્વામીશ્રીએ ૩૨૦ પધરામણીઓ કરીને સન ૧૯૭૩ના વર્ષને 'ભવ્ય વિદાયમાન' આપ્યું!



# નવખંડ ધરતીમાં

## સન ૧૯૭૪

### સાર્વજનિક સંત

સન ૧૯૭૪ના પ્રથમ જ સપ્તાહમાં સ્વામીશ્રીએ ૪૩૦ ઉપરાંત પધરામણીઓ કરી આ વર્ષની પોતાની રીત સ્પષ્ટ કરી દીધી. ગત વર્ષને જેવી 'ભવ્ય વિદાય', એવું જ નવા વર્ષનું 'શાનદાર સ્વાગત'! વિદાય અને સ્વાગતમાં તેઓની રીત એક જ રહી. ચંદ્રની કળા વર્ષમાં બાર વાર વધે ને ઘટે પણ સૂર્ય તો એકધારો જ પ્રકાશતો રહે. તેમ દુન્યવી જીવોને નવા-જૂનાની આવન-જાવનથી ઉત્સાહમાં ચડ-ઊતર થયા કરે. સ્વામીશ્રી જેવા પરલોકના પુરુષને તો શું નવું ને શું જૂનું?! તેઓની તો સદા એક રહેણી-કહેણી, સૂર્યની જેમ!

આ રીતે પ્રકાશતા તેઓ તા. ૧/૧ના રોજ આણંદથી વિદાય લઈ વરતાલ, સંજાયા, કોસીન્દ્રા, લાલપુરા, પીપળી, કિંખલોડ, ઝીલોડ વગેરે ગામોમાં પગલાં પાડતાં તા. ૫/૧ની સાંજે પલાણા પધાર્યા.

અત્રે તેઓની પધરામણી થતાં જ ગામના બસ-સ્ટેન્ડથી શોભાયાત્રાનો પ્રારંભ થયો. તેના માર્ગમાં વચ્ચે મસ્જિદ આવી. અહીં મુસ્લિમ બિરાદરોએ સ્વામીશ્રી સમક્ષ 'અમારી મસ્જિદમાં આપ હુજૂરનાં પાક કદમો લાવો' એમ અરજ ગુજારી. સ્વામીશ્રીએ તેઓની આરત સ્વીકારી મસ્જિદમાં પગલાં

પાડ્યાં. તેઓની આ રહેમથી ખુદાના બંદાઓની ઈબાદત કામિયાબ થઈ. સ્વામીશ્રીએ કરેલી ઔપચારિક વાતોમાં તેઓને જુમ્માની વાઅજ સાંભળ્યાનો અનુભવ થયો. સૌની ખૈરિયત ચાહતી દુઆ સ્વામીશ્રીએ આપી ત્યારે તો એ ઈન્સાનોને જન્નત નજદીક આવી ગયેલું અનુભવાયું.

જેમ જલ, પવન કે આકાશ પર કોઈ રાષ્ટ્રિયતા આરોપી ન શકાય તેમ સ્વામીશ્રી પણ સૃષ્ટિનાં પોષક તત્ત્વોની જેમ સાર્વજનિક હતા. તેઓ દરેક ધર્મ કે સંપ્રદાયના ભેરુ થઈને રહ્યા પણ કોઈમાં ભરાઈ ન રહ્યા, આ તેઓની વિશેષતા.

## યજ્ઞપુરુષ સ્મૃતિમંદિરનું ખાતમુહૂર્ત

પલાણાથી ભાદરા થઈને ગોંડલ પહોંચેલા સ્વામીશ્રી તા. ૧૧/૧ના દિવસે ગુરુકુળના પાંચમા વાર્ષિકોત્સવમાં સવારે નવ વાગ્યે સભાપ્રારંભથી જ પધારી ગયેલા. તેઓ સમક્ષ વિદ્યાર્થીઓ દ્વારા એક પછી એક રજૂઆતો થવા લાગી. ભજનો ગવાયાં. વિવિધ ભાષાઓમાં સંવાદો પ્રસ્તુત થયાં. પ્રવચનોમાં ગુરુકુળની પ્રવૃત્તિ, પ્રગતિ અને પરિણામ રજૂ થતાં રહ્યાં. વચ્ચે વચ્ચે હળવા કાર્યક્રમોએ પણ ગમ્મત-ગુલાલ ઉડાડ્યો. આ દરેકમાં સ્વામીશ્રી ક્યારેક ટાપશી પૂરીને તો ક્યારેક હાસ્ય વેરીને, ક્યારેક તાળી પાડીને તો ક્યારેક કરનું લટકું કરીને સૌને પ્રોત્સાહિત કરતા રહ્યા. અંતે દરેકને વ્યક્તિગત આશીર્વાદ આપી તેઓ મંદિરે આવી ભોજન કરવા બેઠા ત્યારે સમય થયેલો બપોરે પોણા બે વાગ્યાનો ! દસ-પંદર વર્ષના કિશોરો-બાળકો માટે આજે સ્વામીશ્રી એકધારા પોણા પાંચ કલાક સુધી બેઠા હતા !

ત્રેપન વર્ષના કોઈ પ્રગલ્ભ વ્યક્તિત્વે સરેરાશ બાર વર્ષના બાળકો સાથે આવી અને આટલી પળો વિતાવ્યાના દાખલા દુનિયામાં કેટલા મળશે ?!

આમ, પોતાના પ્રત્યેક દિવસે કંઈક વિસ્મય પમાડતાં સ્વામીશ્રી ગોંડલથી રામોદ, આટકોટ, ઢસા, ગઢડા, નિંગાળા, તાજપુર થઈને સારંગપુર પધાર્યા. અહીં મકરસંક્રાંતિની પુણ્યપર્વણીએ તેઓના વરદહસ્તે શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિમંદિરનો ખાતવિધિ થયો.[૮૩]

---

૮૩. સ્વામીશ્રીના વરદહસ્તે થયેલા યજ્ઞપુરુષ સ્મૃતિમંદિરના ખાતવિધિમાં સામેલ થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

આ નિમિત્તે થયેલી સ્વામીશ્રીની પધરામણીથી અહીં રહેતા પાર્ષદોને તો લાભનું આભ ઊઘડી ગયું. વિદેશયાત્રાને કારણે આગામી આઠ-નવ મહિનાના વિયોગ પહેલાં સ્વામીશ્રી દર્શન આપવા આવી પહોંચતાં સૌ ભંભલી ભરી લેવા એક પળ પણ સ્વામીશ્રીથી વિખૂટા પડતા નહીં. સ્વામીશ્રી પણ જાણે પાર્ષદ-પરિષદ ભરીને બેઠા હોય તેમ સૌની વચ્ચે બિરાજતા અને તેઓની રજૂઆતો સાંભળતા. સંસ્કૃત અધ્યયનના વર્ગમાં જઈને પણ પાર્ષદોને પ્રેરણાપાઠ ભણાવતા. દેવદરબારમાં આવતાં જ આ નવદીક્ષિતોનું દૈવત ખીલવા માંડેલું. તેથી તેઓએ અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, બંગાળી, તામિલ, મરાઠી, ગુજરાતી, સ્વાહિલી વગેરે ભાષાઓમાં વક્તવ્યો આપી સ્વામીશ્રીને રાજી કર્યા.[૮૪]

## कोटि कर्म के पुण्य जब...

પાર્ષદોનાં પ્રેમ-પ્રસ્તુતિ સ્વીકારી સારંગપુરથી લીંબડી પહોંચેલા સ્વામીશ્રીએ અહીં તા. ૧૭/૧ ના દિવસે નવનિર્મિત મંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ પધરાવી હજારોની મોક્ષમજલ માટે સીધી સડક સ્થાપી દીધી.

ત્યારબાદ તેઓ વિચરણ કરતાં કરતાં નડિયાદ પધાર્યા. અત્રે તા. ૧૯/૧ના રોજ કૉલેજ રોડ પર નિર્માણ પામનાર મંદિરનું ખાતમુહૂર્ત સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા થયું. આ પ્રસંગે ત્રણ હજાર હરિભક્તોને એકાદશીનું ફરાળ કરાવનાર સ્વામીશ્રી ઉપવાસને કારણે મોંમાં પાણીનું ટીપુંય મૂક્યા સિવાય આગામી કાર્યક્રમ માટે ચાલી નીકળ્યા! તેઓની આવી તપશ્ચર્યાના બળે જ ઠેર ઠેર મંદિરો ઊભાં થઈ રહેલાં.

નડિયાદથી કરોલી અને સાંકરદામાં પધરામણીઓ કરતાં સ્વામીશ્રી સોખડા પધાર્યા. અહીંના ગામવાસીઓની ઇચ્છા હતી કે 'પ્રમુખસ્વામીના હાથે પાણીની ટાંકીનું ખાતમુહૂર્ત કરાવવું.' તેની સાથે એક હરિભક્તના મકાન અને અન્ય એકની ખળીના ખાતવિધિ પણ સ્વામીશ્રીએ તા. ૨૦/૧ના રોજ કર્યા.

વિશ્વમાં સર્વાધિક ધર્મસ્થાનોને પોતાના હાથે ખુલ્લાં મૂકવાનો વિક્રમ સર્જનાર સ્વામીશ્રીએ કૂવા-કૂબા, ટાંકી-ટાવર, ખળી-ફળી, કચેરી-કારખાનાં

---

૮૪. સારંગપુરમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની અલૌકિક દિનચર્યાને માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

વગેરેનાં પણ જે ઉદ્ઘાટનો કર્યાં છે તેના વિક્રમનેય કોઈ આંબી શકે એમ નથી. તેઓની જેમ યોગક્ષેમનું વહન કરનારો બીજો સાધુ પકવવા ધરિત્રીએ ઘણું તપવું પડશે, કારણ કે 'कोटि कर्म के पुण्य जब उदय होत एक संत ।'

## કામ કામને શીખવે

સોખડાથી સ્વામીશ્રી મીરસાપુરા, પાલેજ, ભરૂચ, સુરત થઈને મુંબઈ પધારી ગયા. અહીંથી તેઓ હવે પોતાની સાથે ૧૪ સંતો-ભક્તોને લઈ નવખંડ ધરતીમાં ધર્મયાત્રા નિમિત્તે જઈ રહેલા. તે પૂર્વેનો તા. ૨૪/૧નો દિવસ ભરચક રહ્યો.

આ દિવસે સવારે મુંબઈ મંદિરના સિંહાસનમાં ભગતજી મહારાજ અને સ્વામીશ્રીની મૂર્તિઓ પ્રતિષ્ઠિત થઈ. સ્વામીશ્રીએ પ્રતિષ્ઠાનો સઘળો વિધિ સંપન્ન કર્યો છતાં પોતાની મૂર્તિ પર ચાંદલો ન કર્યો. તે માટે વડીલ હરિભક્તોએ આગ્રહભરી વિનંતી કરી, પણ તૃણથીયે નમ્ર સ્વામીશ્રી સિદ્ધાંત-સુરક્ષાની બાબતમાં ખડક જેવા અડગ બની રહેતા, તેથી ભક્તોની કારી ફાવી નહીં.

પ્રતિષ્ઠા બાદ પોદાર કૉલેજમાં યોજાયેલા વિદાય સમારંભમાં જતાં પૂર્વે તેઓએ મંદિરના હૉલના ખૂણામાં પડેલા એક ગાદલા પર બિરાજી ત્યાગવલ્લભદાસ સ્વામીને જણાવ્યું: 'અમે જઈએ છીએ. આ બધા (દાદર મંદિરમાં રહેતા) સંતોની સંભાળ રાખજો.'

ત્યારે ત્યાગવલ્લભદાસ સ્વામીએ કહ્યું: 'બાપા! હું તો કડછો હલાવું. રસોઈ કરી જાણું. આ સેવાનો મને અનુભવ નથી. છતાં આપની આજ્ઞા છે એટલે કરીશ.'

તે વખતે સ્વામીશ્રી બોલ્યા: 'હું વ્યવહારમાં કંઈ જાણતો નહોતો. સીધો નિશાળમાંથી આવેલો. પણ કામ કામને શીખવે તેમ વ્યવહાર કરતા થઈ ગયા.'

આમ, હૂંફ આપી વિદાય થયેલા સ્વામીશ્રી વ્યક્તિમાં વિશ્વાસ પ્રગટાવી તેને ખીલવી જાણતા. આવડતની અધૂરપ કે અનુભવની ઊણપ તેઓ કદી કઠવા દેતા નહીં. બી.એ.પી.એસ.ના તમામ સાધુ-સંસારીઓનો આ અનુભવ છે.

## સાધુતાસભર સૌજન્ય

તા. ૨૪/૧ની સાંજે પોદાર કૉલેજના સભાગૃહમાં ચાલી રહેલા સ્વામીશ્રીના વિદાય સમારંભ માટે, ગુજરાતમાં ચાલતાં રોટી-રમખાણોને

અવગણીને સેંકડો ભક્તો મુંબઈ સુધી દોડી આવેલા. ગુરુપદે બિરાજ્યા બાદ પહેલી વાર સ્વામીશ્રીનો આટલો લાંબો વિરહ વેઠવાનો હોવાથી દેશવાસી ભક્તોનાં મન વ્યગ્ર હતાં. સૌનાં હૈયાં '*હવે ફરી ક્યારે મળશો નાથ...*'ની ભાવના વહાવી રહેલાં.

આજની આ ભાવપ્રચૂર વિદાય-સભામાં પ્રખર વક્તા પૂજ્ય શ્રી ચિન્મયાનંદજી પણ ઉપસ્થિત રહેવાના હતા. તેના અનુસંધાનમાં સ્વામીશ્રીએ પહેલેથી જ આયોજકોને સૂચના આપેલી કે 'બંને આસન (સ્વામીશ્રી અને અતિથિને બેસવાનું) એકસરખાં જ કરવાનાં છે તે ધ્યાન રાખજો.'

જ્યારે પણ કોઈ સંત-મહાત્મા સભામાં આવવાના હોય ત્યારે તેઓની આ કાયમી ભલામણ રહેતી. સરતચૂકથી વ્યવસ્થાપકો આ બાબતે બેખબર રહેતા ત્યારે સ્વામીશ્રી પોતાના આસન પર ખસી જઈને આગંતુક મહાત્માને પોતાની સાથે જ બેસાડી દેતા. ક્યારેક તો પોતાનાં આસન તેઓને સોંપી દેતા. સરસાઈના હકદાર હોવા છતાં સૌ સાથે જ આસન માંડતાં સ્વામીશ્રીનું આ સૌજન્ય ભલભલાનાં કાળજાં વીંધી નાંખતું.

આજની સભામાં પણ એ સુજનતાની સુગંધ પ્રસરી રહેલી. તેથી અભિભૂત પૂજ્ય ચિન્મયાનંદ સ્વામીએ જણાવ્યું કે – 'આપણે ત્યાં સાધુઓ અને સંસ્કારો વધારે છે એટલે તેની નિકાસ કરીએ છીએ એવું નથી, પરંતુ પરદેશમાં વસતા આપણા હિંદુઓને આપણો ધર્મ, આપણી પ્રણાલિકા શીખવવા પૂજ્ય સ્વામીશ્રી જઈ રહ્યા છે. તે સાથે બીજા હજારોનું કલ્યાણ કરશે.'

આ વિદાય-સભા બાદ મંદિરે પધારેલા સ્વામીશ્રી આવતીકાલે સવારે પાંચ વાગ્યે જાગવાનું હોવા છતાં રાત્રે અઢી વાગ્યા સુધી કાર્યરત રહેલા!

## एषा ब्राह्मी स्थितिः (આ છે બ્રાહ્મીસ્થિતિ)

તા. ૨૫/૧/'૭૪, મહા સુદ બીજની તવારીખ કાળના લલાટ પર શાશ્વતીનું તિલક કરવા અવની પર અવતરેલી. ગુરુપદે બિરાજ્યા બાદ સ્વામીશ્રી આજે પ્રથમ વાર પરદેશ-પ્રવાસ ખેડી રહેલા. તે માટે સવારે સાડા આઠ વાગ્યે તેઓ મંદિરેથી વિદાય લઈ ૯:૧૦ વાગ્યે સાંતાક્રુઝ ઍરપૉર્ટ પર પહોંચ્યા ત્યારે જાણે મંદિર સ્વામીશ્રીની સાથે જ અહીં આવી ગયું હોય તેમ હજારો ભક્તોની ભીડ જામી હતી. બધી નદીઓ સમુદ્રમાં સમાય એમ સૌની ઇન્દ્રિયો સ્વામીશ્રીમાં લય પામી ગયેલી.

અહીં પ્રાસંગિક સભા કરી પચીસ મિનિટ બાદ સ્વામીશ્રી 'એર ઇન્ડિયા'ની 'મહારાજા લાઉન્જ'માં જવા ઊભા થયા. ખાસ મહાનુભાવોના એ પ્રતીક્ષાલયમાં પંદરેક મિનિટ બિરાજી સ્વામીશ્રી મોટરકાર દ્વારા વિમાન સુધી પહોંચ્યા. તે વખતે 'ગૌરીશંકર' વિમાન પોતાના બંને બાહુ પ્રસારીને તેઓને ભેટવા આતુર હતું. સન ૧૯૭૦માં આ જ વિમાન યોગીજી મહારાજને લઈને ઊપડેલું. આજે ફરી વાર સત્પુરુષના સાંનિધ્યનું સદ્‌ભાગ્ય સાંપડતાં તે ઊભાં ઊભાં પણ ઘણો કલશોર મચાવી રહેલું.

વિમાનના પ્રથમ વર્ગમાં ડાબી બાજુ પહેલી બારી પાસેની બેઠક પર સ્વામીશ્રી બિરાજતાં જ વિમાનનાં દ્વાર ભીડાયાં. તેથી એરપોર્ટની અગાશીમાંથી સ્વામીશ્રીને નીરખી રહેલા સંતો-ભક્તોનાં હૈયાં પણ ભીંસાયાં. ૧૦:૧૦ વાગ્યે ગમનપથ તરફ ગતિ શરૂ કરી વિમાને થોડી વારમાં તો ઝડપ વધારી. સડસડાટ દોડવા માંડેલા એ વિમાનની ગતિએ જ પેલા દર્શનાર્થી સંતો-ભક્તોનાં હૈયાં ધડકવાં લાગ્યાં. ૧૦:૧૫ વાગ્યે વિમાન ધરતી પરથી અધ્ધર થયું ત્યારે તો એ સંતો-ભક્તોના શ્વાસ અધ્ધર થઈ ગયા. વિમાન આકાશમાં અલોપ થયું ત્યાં સુધી સૌ મોં વકાસતાં તેને જોઈ રહ્યા.

સ્થાનિક સમય મુજબ બપોરે ૧:૨૨ વાગ્યે આ વિમાન નૈરોબીના ઍરપોર્ટ પર ઊતરતાં જ હવાઈ મથક પર એકત્રિત થયેલા ભક્તોએ જયનાદ કરી મૂક્યા. સહપ્રવાસી સંતો-ભક્તો પણ 'હરિભક્તો મળશે અને સુખ આવશે' એ વિચારથી પ્રસન્ન હતા.

પરંતુ થોડી વારમાં જ આ આનંદનું ઓસરવું શરૂ થઈ ગયું !

વિમાન ઊતર્યાના ટૂંક સમયમાં જ ઍરપોર્ટ ઑથોરિટીનો એક અધિકારી ટપ... ટપ... કરતો વિમાનની સીડી ચઢ્યો. તેના હાથમાં રહેલાં કાગળિયાંનો આદેશ સંભળાવતાં તેણે કહ્યું: 'પ્રમુખસ્વામી મહારાજને ઍરપોર્ટ પર ઊતરવાની પરવાનગી નથી. અન્ય સહપ્રવાસી ઊતરી શકશે.'

આ ફરમાન સાંભળતાં જ સૌના હોશકોશ ઊડી ગયા, સ્થિર રહ્યા એક સ્વામીશ્રી ! આ સમાચાર મળતાં પહેલાં તેઓ માળા ફેરવી રહેલા. સમાચાર સાંભળ્યા પછી પણ તેઓ એ જ સ્થિતિમાં હતા.

તેઓએ ન તો આ આદેશની તપાસ કરવા કોઈ તજવીજ કરી કે ન તો આ અપમાનથી અકળાઈને કોઈ ગાજવીજ કરી. પોતાના ધાર્યા મુજબ જ બધાં પાસાં પોબારાં પડતાં હોય તે વખતે મનુષ્યને જેવી હિંમત-ધરપત હોય

તેવી જ સ્વામીશ્રીને અત્યારે હતી. તેઓ સ્વસ્થતાથી એટલું જ બોલ્યા : 'અહીં સંતો રોકાય અને અમે પાછા જઈએ.'

સ્વામીશ્રીને એમ પણ નહોતું કે 'મારા દ્વારા જ કાર્ય થાય.' તેઓને તો સત્સંગ વિકસે તેમાં જ રસ. પછી ભલે ને તે કાર્ય કોઈના પણ હાથે થાય! તે વખતે જશ માટે ઝઘડતા વેંતિયા 'મહાપુરુષો'થી સ્વામીશ્રીનું કદ ખાસ્સું મોટું જણાયું.

પરંતુ સંતોએ કહ્યું: 'સ્વામી! વર વિનાની જાન ન શોભે.' છતાં સ્વામીશ્રીએ તો 'અમે કહીએ છીએ ને!' એમ જણાવી કયા છ સંતો અને ત્રણ હરિભક્તો આફ્રિકા રોકાય તે પણ નક્કી કરી દીધું.

પરંતુ એટલામાં જ પડ્યા પર પાટું વાગ્યું. સ્વામીશ્રી સહિત કોઈ નહીં ઊતરી શકે તેવું ફરમાન આવ્યું. કસ્ટમમાં ગયેલો સામાન પણ પાછો મોકલી દેવાયો. સ્વાગત સમિતિના છ-સાત સભ્યો પણ વિમાનની નજીક ફરકી ન શક્યા. સ્વાગત માટે ઊભેલા ભક્તોના હાર કરમાઈ ગયા, ચહેરા ચીમળાઈ ગયા, અંતર ઊઝરડાઈ ગયાં. પાંચેક ભક્તો તો આ આઘાતથી બેભાન થઈને ઢળી પડ્યા. સ્વામીશ્રી પાસે આવવામાં સફળ થયેલા શ્રી વિનયકાંત તથા શ્રી ભોજાણીએ આંખમાં આંસુ સાથે પ્રાર્થના વહાવી કે 'ભૂલ થઈ હોય તો માફ કરજો.' પછીના શબ્દો તો આંસુના પ્રવાહમાં જ ડૂબી ગયા.

કોઈને સમજાતું નહોતું કે શું ઘટનાચક્ર ચાલી રહ્યું છે! સંતોએ 'ઍર ઇન્ડિયા'ના અધિકારી દ્વારા ટેલિફોન કરાવી જોયો, પણ કોઈ કારી ફાવી નહીં. કંઈક ગેરસમજને કારણે પડેલી મડાગાંઠ ખૂલી નહીં અને સાંજે સવા ચાર વાગ્યે વિમાન ભારત પરત ફરવા માટે સજ્જ થઈ ગયું.

વળતી ખેપના પ્રવાસીઓ ગોઠવાઈ ગયા. વિમાન આગળથી નિસરણી હટી જતાં તે રન-વે પર દોડવા લાગ્યું અને થોડી વારમાં તો આકાશમાં ઓગળી ગયું. તે વખતે પણ સ્વામીશ્રીનાં કરકમળમાં માળા ફરેલી. તેઓ ભજન કરતાં કરતાં ઊતર્યા હતા અને ભજન કરતાં કરતાં જ ઊડ્યા; પરિસ્થિતિથી પરેશાન થયા વિના, વિપત્તિથી વિચલિત થયા વિના, અપમાનથી અકળાયા વિના!!

હવે કોઈને પૂછવાનું રહ્યું નહોતું કે 'किं तद् ब्रह्म?' એ બ્રહ્મ કેવું છે? હવે તો સ્વામીશ્રી સામે આંગળી ચીંધીને બાળક-બૂઢા સૌ નિધડકપણે કહી શકે એમ હતા : 'एषा ब्राह्मी स्थितिः ...' – આ છે બ્રાહ્મીસ્થિતિ! 'ગીતા'ના શ્લોક

આ લોકમાં સ્વામીશ્રી દ્વારા ફરી રહેલા.

## અપમાનયાત્રા કે આનંદયાત્રા ?

વિમાનમાં વળતી મુસાફરી સૌ સંતો-ભક્તો માટે અસહ્ય હતી. ભગ્નહૃદય થયેલા તેઓમાંથી કો'ક શૂન્યમનસ્ક થઈને બારીની બહાર આકાશ સામે તાકી રહેલું; કો'ક બેઠકને માથું ટેકવતાં આંખોને ઊંચી કરી અગોચરમાં કંઈક ફંફોસી રહેલું; કો'ક આંખો મીંચી ભીતરમાં ઊંડું ઊતરી ગયેલું; કો'કને દેશમાં 'મોઢું શું બતાવશું ?'ની ચિંતા કોરી રહેલી; તો કો'ક 'શું જવાબ દેશું ?'ની ગોઠવણી કરી રહેલું.

પરંતુ અચાનક પરિસ્થિતિ પલટાવા લાગી. સહપ્રવાસીઓને અનુભવાઈ રહેલી આ અપમાનયાત્રા આનંદયાત્રામાં બદલાવા લાગી. એક પછી એક એવી ઘટનાઓ આકાર પકડવા માંડી કે સૌના મુરઝાયેલા ચહેરા મલકાવા લાગ્યા. વેદનાથી વલોવાતાં સંતોએ જ્યારે સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! આ શું થયું ?'

ત્યારે તેઓ પૂરા વિશ્વાસથી બોલ્યા : 'મહારાજની ઇચ્છા આમ હશે. વધારે તકલીફ પડવાની હશે તે ટૂંકમાં પતાવ્યું. આપણને તો કાંઈ થડકો નથી, પરંતુ બિચારા હરિભક્તો નિરાશ થઈ જશે.'

સદા ભક્તોની ચિંતામાં અને ભગવાનના ચિંતવનમાં ડૂબેલા રહેતા સ્વામીશ્રીને અપમાનનો બિલકુલ રંજ નહોતો. તેઓ હસતાં હસતાં બોલ્યા : 'ધક્કળ જાત્રા થઈ.'

એટલામાં પાંચ વાગ્યે એડીસ અબાબા મથકે વિમાન ઊતર્યું. અહીંથી પણ ટેલેક્સ કરીને નૈરોબીની પરિસ્થિતિ જાણવાનો પ્રયત્ન સંતોએ કર્યો, પણ પરિણામમાં કોઈ જવાબ ન મળ્યો. પોણા છ વાગ્યે વિમાને એડીસ અબાબાથી મુંબઈ તરફ પ્રયાણ આરંભ્યું. તે વખતે કોઠારી સ્વામીએ આશીર્વાદ લખી આપવા માટે સ્વામીશ્રીને પોતાની ડાયરી ધરી. ત્યારે સ્વામીશ્રીની સ્થિતપ્રજ્ઞતાનો દસ્તાવેજ થતો હોય તેમ તેઓની કલમમાંથી શબ્દો નીકળ્યા :





*'મહારાજ-બાપાની મરજી હોય તેમ થાય, માટે રાજી રહેવું. તેઓ જેમ રાખે તેમ રહેવું. કોઈ પ્રકારનું દુઃખ માનવું નહિ. અક્ષરરૂપ થઈ મહારાજની ભક્તી કરવી એટલે કોઈ દુઃખ ન થાય.'*

આ ચાર વાક્યો જિંદગીના ઝંઝાવાતોમાં જિગર અને ઝિંદાદિલીથી પાર ઊતરવા માટે ચાર વેદ સમાન છે.

સ્વામીશ્રીને મુસાફરીમાં આરામ કરવા માટે જમણી બાજુની છેલ્લી હરોળની બે બેઠકમાં આસન બનાવી સંતોએ પોઢી જવા વિનંતી કરી. ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'આરતી કરી લઈએ.'

આવા વિપરીત સંજોગોમાં પણ સ્વામીશ્રીની ભક્તિ લેશ લડથડી નહોતી. તેઓ ભાવપૂર્વક આરતી-અષ્ટક બોલ્યા. અષ્ટક વખતે વિમાનમાં બે હરોળ વચ્ચેના 'પેસેજ'માં દંડવત કરવાનું પણ ચૂક્યા નહીં. તે વખતે સૌને સ્વામીશ્રીની ભક્તિ ૩૫,૦૦૦ ફૂટ ઊંચે ઊડતા વિમાન કરતાંય ઊંચી જણાઈ.

આરતી-અષ્ટક બાદ પોઢવા જઈ રહેલા સ્વામીશ્રી બોલ્યા : 'રયા ગઢવી ! ક્યાં જઈ આવ્યા ? તો ઘેરના ઘેર. તેના જેવું થયું !'

તેઓના આ વાક્યનો મર્મ ન પકડાતાં સૌએ પૂછ્યું : 'બાપા ! આનો અર્થ શું ?'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : ''રયો ગઢવી ઘરનું અનાજ બચાવવા માટે પંદર દિવસ બહારગામ ફર્યો. પછી ઘેર આવ્યો ત્યારે એક સાથે પંદર મહેમાન આવી પડ્યા. ત્યારે કોઈએ પૂછ્યું : 'ક્યાં જઈ આવ્યા ?' તો કહે : 'ઘેરના ઘેર.' ઘેર જમ્યા જેવું જ થયું.'' એમ સૌને ખૂબ ગમ્મત કરાવતાં લીલો ધાબળો ઓઢી પોઢી ગયા.

રાત્રે એક વાગ્યે સ્વામીશ્રી જાગ્યા. સવા વાગ્યે વિમાને મુંબઈમાં ઉતરાણ કર્યું. અહીં પાસપોર્ટ વગેરેની વિધિ માટે કલાક સુધી આરક્ષિત કક્ષમાં

બિરાજી પોણા ત્રણ વાગ્યે તેઓ મંદિરે પહોંચ્યા.

અત્રે વીંટળાઈ વળેલા સૌ સંતોને વાતો દ્વારા આનંદ પમાડી, રાત્રે સાડા ત્રણ વાગ્યે આરામમાં જતાં પહેલાં સ્વામીશ્રીએ ભંડારી સંતને સૂચના આપી કે 'ઠાકોરજી આખા દિવસના ભૂખ્યા છે. તેઓને થાળ જમાડી પોઢાડજો.'

આમ, ભગવાનની સેવામાં જ નિમગ્ન સ્વામીશ્રી પોઢ્યા ત્યારે એ એક દિવસના પંદર કલાકમાં તેઓ ભૌગોલિક રીતે ૧૦,૦૨૦ કિ.મી.ની મુસાફરી કરી ચૂકેલા; પણ આધ્યાત્મિક રીતે તો કોઈ દુન્યવી જીવ પહોંચી ન શકે એટલા આગળ નીકળી ગયેલા!

## બ્રહ્મ હોય પરબ્રહ્મ ઉપાસત

તા. ૨૬/૧ની સવારે નિત્ય-નિયમ પ્રમાણે જ સ્વામીશ્રી જાગ્યા. આગલા દિવસની સતત મુસાફરી, રાત્રિનો ઉજાગરો, મરણતોલ ઘા સમું અપમાન છતાં તેઓના દૈનિક કાર્યક્રમમાં અને મુખારવિંદ પરની સ્ફૂર્તિમાં કોઈ ફર્ક નહોતો. સવારે મંદિરે આવેલા હરિભક્તો તો સ્વામીશ્રીને પ્રાતઃપૂજા કરતા જોઈને આંખો જ ચોળવા લાગ્યા! આ સ્વપ્ન કે સત્ય?!

પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રી મંદિરમાં દર્શને ગયા ત્યારે અહીં સિંહાસનમાં પધરાવેલા હરિકૃષ્ણ મહારાજને તેઓ દંડવત કરવા લાગ્યા. એક, બે, પાંચ, દસ... લેખું રહ્યું નહીં. દંડવત કરતાં બોલતા જાય : 'મહારાજ! અપરાધ થઈ ગયો છે તો માફ કરજો!'

પાસે ઊભેલા સંતના કાને આ શબ્દો અથડાયા. એટલે તેઓએ પૂછ્યું : 'સ્વામી! શો અપરાધ થયો છે?'

ત્યારે ગમગીની સાથે સ્વામીશ્રી બોલ્યા : 'કાલે પ્લેનમાં પાછા આવતાં ઠાકોરજીને બપોરે ફળનો મેવો કે પાણી કે રાત્રિનો થાળ ધરાવ્યો નહીં, તે અપરાધ તો ખરો ને!'

'પણ આપણે ક્યાં આવું જાણતા હતા?' તે સંતે તર્કના ત્રાજવે ખામી સરભર કરવા પ્રયત્ન કર્યો.

પરંતુ સ્વામીશ્રીએ પ્રેમના પલ્લેથી જોખતાં કહ્યું: 'તેથી શું થયું? ઠાકોરજીની સેવામાં તો ખામી ગણાય જ.' અને એમણે દંડવત ચાલુ જ રાખ્યા!

માનવીની માયિક બુદ્ધિમાં ન બેસે એવી સ્વામીશ્રીની પરાભક્તિ હતી. તેઓના પ્રત્યેક દંડવતે સૌનાં મનમાં પંક્તિઓ ઘુમરાઈ રહી: *'બ્રહ્મ હોય*

*પરબ્રહ્મ ઉપાસત, બહત ન વિષય વિકાર મેં; સાધુ સોઈ નાવ સંસાર મેં...'*

## ચકલી સારુ બ્રહ્માંડ બોળ્યું ?!

ગઈકાલે સ્વામીશ્રીને નૈરોબી તરફ વિદાય આપીને સંતો જ્યારે પરત ફરેલા ત્યારે મંદિરના ઝાંપે એક મેટાડોર આવીને ઊભી રહેલી. તેમાં છેલ્લાં ડચકાં ખાઈ રહેલા બાર્શીના હરિભક્ત લક્ષ્મીદાસભાઈને સુવડાવવામાં આવેલા. મરણપથારીએ પડેલા તેઓએ મનોરથ સેવેલો કે 'સ્વામીબાપાનાં દર્શન કરવાં.'

પિતાની આ અંતિમ ઇચ્છા પૂરી કરવા પિતૃભક્ત પુત્રો પિતાને તાબડતોબ મુંબઈ લઈ આવેલા, પણ ગણતરીમાં એક દિવસનો ફેર પડી જતાં સ્વામીશ્રી પરદેશ સિધાવી ગયેલા. તે જાણી પિતા-પુત્રોને હતાશા ફરી વળેલી. હવે આઠ મહિનાના સુદીર્ઘ પ્રવાસ બાદ સ્વામીશ્રી ભારત પધારે ત્યાં સુધી પિતાના પ્રાણ પંડમાં પુરાઈ રહે તેવી કોઈ જ શક્યતા નહોતી. તેથી પિતાની અંતિમ ઇચ્છા પૂરી ન કરી શકવાની ગ્લાનિ પુત્રોના હાડોહાડમાં ફરી વળેલી. તેમાંથી આર્તનાદ નીકળેલો કે 'બાપા ! વહેલા દર્શન દેજો.'

જાણે આ પ્રાર્થનાનો પ્રતિસાદ આપતો હોય તેવો ઘટનાક્રમ બની ચૂકેલો. સ્વામીશ્રી પાછા પધારી ગયાના સમાચાર જ્યારે આ પિતા-પુત્રોને મળ્યા ત્યારે તેઓની આંખો છલકાઈ ઊઠી ! તેઓને 'ચકલી સારુ બ્રહ્માંડ બોળ્યા'ની પુરાણ-કથાનું પુનરાવર્તન થતું લાગ્યું ! તા. ૨૬/૧ની પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ મરણાસન્ન લક્ષ્મીદાસભાઈ પાસે જઈ તેઓ સુખપૂર્વક ધામમાં જાય તેવી ધૂન કરેલી. તેના પ્રતાપે થોડા જ દિવસોમાં એ હરિભક્ત અક્ષરવાસી થઈ ગયેલા.

આમ, એક જીવને શુક્લ ગતિ આપી તા. ૨૬/૧ની સવારે અલ્પાહાર માટે બિરાજેલા સ્વામીશ્રીને ચોવીસ કલાકે મોંમાં કોળિયો મૂક્યા જેવું થયું.

## આવા સંત નથી જગમાંય

ઉકાળા-પાણી બાદ યોજાયેલી સભામાં સ્વામીશ્રી બ્રહ્માનંદ રેલાવવા માંડેલા. અપમાનના પ્રસંગે પણ તેઓના ચહેરા પર છવાયેલો આ આનંદ જોઈ કોઈકે પૂછ્યું : 'શેનો આનંદ ?'

ત્યારે મુક્ત હાસ્ય વેરતાં સ્વામીશ્રી બોલ્યા : 'આ દર્શન તમારાં બધાંનાં થાય એનો આનંદ. બીજો આપણે શું આનંદ ? ભગવાન મળ્યા, શાસ્ત્રીજી

મહારાજ મળ્યા, યોગી મહારાજ મળ્યા એનો આનંદ છે.'

આ જ આનંદમાં શબ્દોને ઝબકોળતાં સ્વામીશ્રીએ વધુમાં કહ્યું: 'ભગવાન, મોટાપુરુષની ઇચ્છા હોય એમ થાય છે. આમાંય (પાછા ફરવું પડ્યું તેમાંય) એમની ઇચ્છા હશે એમ થયું હશે! હઉના(સૌના) હિતને માટે, હઉના સારા માટે થતું હશે! (આ) ભગવાનનું કર્તવ્ય છે...'

આમ જણાવી તેઓએ 'હરે...' કહી ગઢડા પ્રથમ પ્રકરણનું ૭૪મું વચનામૃત વાંચવાનો આદેશ આપ્યો. તેમાં પુરાણી જ્યાં 'સમજણ આપત્કાળે કળાય છે' એમ મથાળું બોલ્યા ત્યાં જ સ્વામીશ્રીએ 'આવી પાછી સમજણ' એ એવા લહેકાથી ઉચ્ચાર્યું કે સભામાં હાસ્યનું મોજું પ્રસરી ગયું.

તેની પર જ સવાર થઈને સ્વામીશ્રી મર્મ સમજાવવા માંડ્યા કે ''આપત્કાળે સમજણ રહે એ મોટી વાત છે. અમથી આપણે વાતો તો બહુ જ કરીએ, ફડાકા ને ધડાકા મારીએ...''

આટલું બોલતાં તો સ્વામીશ્રીના મુખમાં વળી પાછું હાસ્ય ઊભરાઈ રહ્યું. વર્ષોથી જેની ધાંખના સેવી હોય તે વસ્તુ હાથ લાગી જતાં, માનવી જેવો ગલ ગલ થઈ જાય એવી અનુભૂતિ તેઓ અપમાનના સમયે પણ માણી રહ્યા હોય એમ આગળ બોલ્યા: ''હવે એ સમજણ મહારાજના સ્વરૂપની સમજણ. બીજી શું? એ ગમે તેવું ચરિત્ર કરે તોય દિવ્ય છે, આનંદ છે, આપણા સુખને માટે છે, સારા માટે છે, મહારાજ જે કરતા હોય એ સારું જ કરતા હોય અને સારું થતું જ હોય. આપણને આ લોકની દૃષ્ટિએ લાગે કે 'શું મોઢું બતાવશું?' પણ હારું(સારું) છે મોઢું. મોઢું કંઈ આપણું બગડી ગયું છે?''

આ વાક્યો પણ સ્વામીશ્રીના મુખેથી જાણે કોઈ મોજના 'મૂડ'માં હોય એવી હળવાશથી નીકળ્યાં. તેથી સભા પુનઃ હાસ્યના હિલોળા લેવા માંડી.

તે ઉછાળને વધુ ઊંચે ચઢાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'મોઢું આપણું છે તે સારું છે. બીજાને જેવું દેખાતું હોય એવું દેખાશે. આપણે તો હારું(સારું) દેખાય છે...'

આ સમયે કો'ક શ્રોતાજન બોલ્યા: 'આપણને બીજાની ફિકર બહુ લાગે છે...'

ત્યારે એ ફિકરનો પણ ફાકો મારતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'બીજાની ફિકર આપણે બહુ. પણ આપણી ફિકર આપણે કરવાની. બીજાની થવાની હશે એ થશે! એને તો હારું હોય તોય નરસું છે ને નરસું હોય તોય એને કંઈ છે?'

પોતાની મસ્તીમાં મહાલતા ગજરાજને ભસતાં કૂતરાંની ચિંતા ન હોય. કંઈક એવી જ બ્રહ્મમસ્તીમાં સ્વામીશ્રી જ્યારે આમ બોલ્યા ત્યારે વળી કો'ક ચિંતા વ્યક્ત કરવા ગયું કે 'બીજા શું સમજશે ?'

પરંતુ સ્વામીશ્રીની જીવનનૌકા કદી લોકાભિપ્રાયોના સુસવાટાથી દિશા ચૂકતી નહીં. તેથી આવા વિચારના વંટોળ વિખેરતાં તેઓએ કહ્યું :

"બીજા હમજશે, નહીં હમજે તો આપણે તો હમજવું. બીજાની વાત જાવા દેવી. બીજાને ક્યાં હમજાવવું છે આપણે ! આપણે તો આપણું હમજીને પાકું કરવું છે. આપણે ભક્તિ કરવી એ કાંઈ લોકને દેખાડવા - રાજી કરવા માટે છે ? ભગવાનને રાજી કરવા માટે આપણી ભક્તિ છે, સેવા છે, કાર્ય છે. પછી એમાં ગમે તેવું થાય તો એની ઇચ્છાની વાત છે.

(ભગવાનને) કર્તા ને હર્તા બેઉ હમજવું. કર્તા હમજાય, હર્તા ન હમજાય. હારું થાય તો તો હઉને હારું લાગે પણ આવું થાય ત્યારે કહેશે – 'એ કેમ કર્યું ? એવું શું કરવા કર્યું ?' (પણ) બેઉ બાજુની હમજણ રાખવાની છે ને ! આપણે તો ભક્તિ એને રાજી કરવા માટે કરતા'તા. આપણે ક્યાં કોઈ અહં કરવા માટે કે આપણી મોટપ કરવા માટે કરવાનું હતું ? એટલે એમની ઇચ્છા એમ થઈ જાય એમાં પછી આપણને દુઃખ શેનું ? આપણે બધી વાતે આનંદ થવો જોઈએ. એમાં જે થાય તે સારું જ થવાનું. *જ્ઞાનીનો ગમો, જેમ મારે એમ હમો(સમો).* મહારાજનું કર્તવ્ય સમજીને રાજી રહેવાનું. એમાં આનંદ રહે, સુખ રહે. આપણને ત્યાં ગયા પછી ઉપાધિ થવાની હોય એના કરતાં હાજા હમા (સાજા સમા) આવી ગયા પાછા, એ શું ખોટું થયું ?"

આટલું કહેતાં સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા. જે સમયે વક્તવ્યના શબ્દે શબ્દે વિષાદ ટપકે તે સમયે સ્વામીશ્રીના અક્ષરે અક્ષરે અમૃત ઝરી રહેલું.

એ અમૃતધારા આગળ આમ રેલાઈ રહી :

"હાજા હમા અહીંયાં આવીને બેઠા છીએ (તે) આનંદ છે, લો. ઘડી - બે ઘડી કોઈને કહેવું હશે તો કહી દેશે. (એમાં) આપણું લઈ જવાના શું ? આપણે હારું. મહિમા વધારશે. લોકો જોવા આવશે કે 'અહોહો ! કેવા મહાત્મા ગ્યા'તા ને એમનેમ પાછા આવ્યા !!..."

સ્વામીશ્રીએ આ ગમ્મત-ગુલાલની ફાંટ તો એવી ફેંકી કે સૌ રમૂજના રંગથી રસબસ થઈ ગયા. તેમાં સૌનાં અંતરનો રંજ ક્યાંય ધોવાઈ ગયો. તેથી સ્વામીશ્રીના શબ્દે શબ્દે સભાગૃહ તાળીઓના ગગડાટથી ગાજી રહ્યો.

આવા મોજ-મસ્તીના માહોલમાં સ્વામીશ્રી આગળ બોલ્યા:

"સામાન્ય મહાત્માને તો વાંધો નથી, પણ આ કંઈક મોટા મહાત્મા હોય ત્યારે જ પાછળ પાડ્યા હોય ને! સામાન્યને તો કોઈ કહેતું નથી. એટલે મહિમા વધશે ઊલટો, એમાં ખોટું શું થવાનું આપણે? એ રીતે વાતેય કરશે. એમાં બધું હારું જ થવાનું. માટે આપણે તો બેફિકર જ રહેવું. આનંદ માણો(માણવો). જે બોલે એને બોલવા દો. આપણે ક્યાં એનું હાંભળવું છે? આપણે તો મહારાજને હાંભળવા ને મહારાજને હંભારવા ને રાજી રહેવું..."

માનવી સાકરનો કટકો ચૂસતાં-ચાવતાં જે આનંદ લે તેથીયે અધિક આનંદ સ્વામીશ્રી પોતાના અપમાનમાંથી ઉઠાવી રહેલા. તેમાં અપમાનજનક ગતિવિધિથી ઝાંખપ અનુભવતા વિદેશયાત્રાના એક સહપ્રવાસીને સામેલ કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'નારાયણ ભગત! સુખિયા રહેવું આપણે તો. બેફિકર રહીને હૂઈ(સૂઈ) જવું. જય સ્વામિનારાયણ...'

આમ, સૌને આનંદના પૂરમાં ખેંચતાં સ્વામીશ્રીએ વધુમાં કહ્યું: 'આપણે લોક રીઝવવા ભક્તિ નથી ને! આપણે તો ભગવાન રીઝવવાની ભક્તિ છે. એટલે આપણે કોઈનું જોવાની વસ્તુ નહીં. આપણે આપણું જોઈને મહારાજ રાજી કેમ થાય એ હામી દૃષ્ટિ રાખવાની! આપણો એ જ ધ્યેય છે ને! બીજો ધ્યેય હોય તો મનમાં આઘું-પાછું થાય, પાછું પડી જાય (જવાય)...'

સ્વામીશ્રી આમ નિશાન દૃઢાવતા હતા ત્યાં એક શ્રોતા બોલ્યા: 'આ પ્રસંગ ન બન્યો હોત તો આ વચનામૃત સમજાત નહીં...'

આ ઉદ્‌ગારને પણ આનંદોત્સવનું નિમિત્ત બનાવતાં સ્વામીશ્રીએ વળી વાત ઉપાડી કે 'હં... અમથું તો હઉ(સૌ) જ્ઞાનની વાત કરીએ પણ જ્યારે રેલો નીચે આવે ત્યારે ખબર પડે...'

તેઓની આ પ્રાસંગિક પ્રસ્તુતિથી સમગ્ર સભા ગમ્મતમાં ગરકાવ થઈ ગઈ. તેને વધુ ગરક કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ પ્રેક્ટિકલ થયું આપણે! 'એપ્લાય' થયો ધ્યેય. પોતાનો જાત-અનુભવ થયો એ વસ્તુ થઈ ચોક્કસ...'

આ શબ્દોથી વધુ એક વાર હાસ્યનો લોઢ ઉછળ્યો. તે જ વખતે આ પ્રવાસના સહયાત્રી ડૉક્ટર સ્વામી પ્રવેશ્યા. સૌ સાથે તેઓને પણ હાસ્યરસમાં ડુબાડતાં સ્વામીશ્રીએ આવકાર આપ્યો કે 'ડૉક્ટર સ્વામી! આવો. નૈરોબીનો આનંદ થાય છે.'

આટલું બોલતાં તો તેઓ બેહદ હસવા લાગ્યા. તે જોઈ સભાસદો પણ

હસતાં હસતાં બેવડ વળી ગયા.

તે પછી અપમાનની ઠેકડી ઉડાડતાં હોય તેમ સ્વામીશ્રી બોલ્યા : 'હઉ દુખિયા આનંદ કરે ને હઉ સુખિયા આનંદ કરે. અમે બધા ભેગા, એટલે હઉ (એક)-બીજાને મળીએ કે આવો ! પધારો ! બેહો !...'

આટલું કહેતાં તો સ્વામીશ્રીના મુખમાં ફરી વળેલા હાસ્યના પૂરમાંથી શબ્દોને બહાર નીકળવું અઘરું પડવા લાગ્યું. છતાં એ હાસ્યપ્રવાહને તરીને કેટલાક શબ્દો હોઠના કિનારે આવી પહોંચ્યા કે 'જેને રામબાણ વાગ્યાં હોય એ જાણે મારા ભ'ઈ ! જેને વીતી એને વીતી. આ તો આપણે આનંદ કરી લેવો. બીજું શું ?'

સ્વામીશ્રીએ આજે જાણે અપમાનની રીતસર ઠાઠડી કાઢી હતી. તેઓની વાતોના આ અસ્ખલિત પ્રવાહમાં સૌને તેઓની ગુણાતીત સ્થિતિ તરતી-નીતરતી દેખાઈ રહી. છોંતેરાના મેહની જેમ વરસેલી અપમાનની ઝડીઓ પછી ગુણાતીતાનંદ સ્વામીએ લેશ પણ ઝાંખપ અનુભવ્યા સિવાય પોતાના બ્રહ્મ-પડછંદાથી વરતાલનો સભામંડપ ગજવેલો. એ જ અનુભવ આજે પણ સૌને થઈ રહ્યો.

આ આશીર્વાદ બાદ ઈશ્વરચરણદાસ સ્વામીએ ગુલાબનો હાર પહેરાવ્યો ત્યારે સ્વામીશ્રીએ 'ડંકો મારીને આવ્યા તેનો હાર' કહીને બ્રહ્માનંદની વધુ એક છાલક ઉડાડી દીધી. તેથી ભીંજાયેલા સૌ ગાઈ ઊઠ્યા : '*આવા સંત નથી જગમાંય, એનાં દર્શન કહો કેમ થાય...*'[૮૫]

## લોભ લહરનો લેશ ન લાગે

મુંબઈમાં આવ્યા બાદ સ્વામીશ્રીએ ઇચ્છા વ્યક્ત કરેલી કે 'ત્યાં(આફ્રિકામાં) જે (વિચરણ) કરવાનું હતું તે અહીં ચાલુ કરી દઈએ.'

તેઓના આ શબ્દો ભયંકર અપમાન વખતે પણ તેઓની સ્વસ્થતા સૂચવતા હતા. સ્વામીશ્રીને લોકાભિપ્રાયનો બિલકુલ ડર નહોતો.

છતાં સૌની વિનંતીથી મુંબઈમાં રોકાયેલા સ્વામીશ્રી તા. ૨૮/૧ના

---

૮૫. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આ બ્રાહ્મીસ્થિતિનાં દર્શન પામવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

રોજ શાસ્ત્રીજી મહારાજની જયંતી ઊજવી પૂના પધાર્યા. અહીં કાંતિભાઈ દવેના ઘેર પધરામણી વખતે તેઓએ અચાનક કહ્યું: 'કાતર લાવો.'

આ આદેશ અનુસાર સેવકોએ તેઓને કાતર લાવી આપી, ત્યારે સ્વામીશ્રીએ પોતાના કંઠમાં ઝૂલતી માળાનું લાંબું ફૂમકું કાપીને એકદમ નાનું બનાવી દીધું. તે વખતે હળવો બળાપો કાઢતાં સેવકને ઉદ્દેશીને બોલ્યા પણ ખરા કે 'આને ઘણી વાર કહ્યું પણ માનતો નથી ને મોટું કરે છે.'

વૈભવી મહેલાતોમાં વિચરવા છતાં સ્વામીશ્રીએ પોતાની સાદગીને સડો લાગવા દીધો નહોતો.

## સાચી બાત કહી છોડાવત

પૂનાથી પુનઃ મુંબઈ પધારેલા સ્વામીશ્રીએ તા. ૩૧/૧ની સવારે કારિયાણી પ્રકરણનું સાતમું વચનામૃત સમજાવતાં કહ્યું કે –

''ગૃહસ્થાશ્રમી પ્રવૃત્તિમાર્ગવાળા. તેને પરણાવવું-પસ્તાવું એમ અનંત વિટંબણા. તેની ગણતરી નહીં. તો પણ થાય કે સવાદ લઈ લઈએ. લક્કડશી લાડુ જેવું. જો ખાયેગા વો ભી પસ્તાયેગા; નહીં ખાયેગા વો ભી પસ્તાયેગા. કારણ કે તેને એમ રહ્યા કરે કે 'માળુ ! લાડુ કેવો હશે ?' પણ ખાય ત્યારે ખબર પડે. મસાણના લાડુમાં એલચીનો હા[૮૬] હોય નહીં – એમ સંસારમાં સુખ હોય નહીં. એક કાર્ય પૂરું થાય ત્યાં બીજું ઊભું થાય. ભરવાડ સો ઢોરને બેસાડીને બેસવા ગયો પણ બેસવાનો વારો જ ન આયો. માટે મહારાજ મૂકી દેવાની વાત કરે છે. પૂર્વનાં મા-બાપ જેમ ભૂલી ગયા તેમ આ પણ આપણાં નથી. આય મૂકવાનાં છે. એમ સમજાય તો ઉપાધિ ન રહે. પર્વતભાઈને આવી સમજણ હતી તો દીકરો ધામમાં ગયો તોય ચાલી નીકળ્યા. 'રસ્તામાં નાઈ લઈશ' એમ કહ્યું. પોતાપણું મનાય તો દુઃખ થાય. પોતાના પાંચ રૂપિયા જાય તો દુઃખ થાય પણ બીજાને લાખો-કરોડોનું નુકસાન થાય તોય ધક્કો ન લાગે. પણ 'આપણા નથી' એમ સમજે તો દુઃખ ન થાય. મમતા મુકાઈ જાય તો દુઃખ ન થાય. ભગવાનને વિષે દૃઢ પ્રીતિ ને સાધુ સમાગમ રાખે તો મમતા તૂટે. તેમની તૂટી છે તો આપણી પણ તોડાવે. ખોટું ખોટું કહેતાં એક દિવસ ખોટું થઈ જાય. મમતા નીકળી જાય તો જીવ સુખિયો થઈ જાય.''

*'સાચી બાત કહી છોડાવત, કાલ કર્મ કે પાશ સે...'*ની જેમ સ્વામીશ્રીએ

---

૮૬. મૂળ શબ્દ 'સા' એટલે કે સુગંધ.

આજે સંશયભેદક વાતો કરીને સૌની મમત્વગ્રંથિ ઓગાળી નાંખી.

## ...તે મારા સંતની દાસી

સ્વામીશ્રીને 'ગરબડગોટો, પરભુ મોટો' એવું ગમતું નહીં. નક્કર છાપ ઊપસે તેવાં જ પગલાં મૂકવામાં તેઓ માનતા. તેથી મંદિર બાંધવામાં તેઓ જેટલા ઉત્સાહિત રહેતા તેથી સવાઈ કાળજી મંદિરના સંચાલનમાં પણ રાખતા.

આ હેતુસર મુંબઈના રોકાણ દરમ્યાન તેઓએ મંદિરના સુવ્યવસ્થિત સંચાલન માટે વિવિધ સેવા-વિભાગોમાં જુદા જુદા સંતો-કાર્યકરોની નિયુક્તિ કરી. તે સંદર્ભમાં થઈ રહેલા હળવા વાર્તાલાપમાં દાક્તરી વિદ્યાશાખાના અભ્યાસી કિરણને ઉદ્દેશીને સંતો-યુવકોએ તે યુવાનની અમેરિકા જવાની તીવ્ર ઇચ્છા અંગે વાત કરી. તે સાંભળી સ્વામીશ્રીએ એ યુવકને પૂછ્યું: 'અમેરિકા કેમ જવું છે? લક્ષ્મીજી જોઈએ છે?'

આ પ્રશ્નનો કંઈ જવાબ હજી તો પેલો યુવાન આપે તે પહેલાં જ સ્વામીશ્રી પોતાના ડાબા પગની પાની બતાવતાં બોલ્યા: 'લે, જોઈએ તેટલી લક્ષ્મી અહીં પડી છે. લઈ લે.'

સ્વામીશ્રીનું આ વિધાન સાંભળી સૌ અવાક્ થઈ ગયા. સૌને તેઓમાં *'લક્ષ્મીજી અર્ધાંગના મારી, તે મારા સંતની દાસી રે...'* પંક્તિ સાકાર થઈ રહેલી જણાઈ.

## આજ્ઞાથી લઈ વાંચીએ તો ફાયદો

લક્ષ્મીજીની લાયમાં મુમુક્ષુ નારાયણને વીસરી ન જાય તે માટે સ્વામીશ્રી કથા-વાર્તા દરમ્યાન ભગવાનમાં જોડાવાની રોચક અને હૃદયભેદક વાતો કરતા. તે અનુસાર રાત્રિસભામાં તેઓએ કથાનું સુકાન સંભાળતાં કહ્યું:

'સંપ્રદાયના ગ્રંથોથી પુષ્ટિ થાય. આંબાને પોષણ મળે તો કેરી થાય. મહારાજના ગ્રંથો વાંચીએ તો સુખ થાય, ભક્તિ વધે. શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરી કે 'તમે લીલાચરિત્રોના ગ્રંથ લખો.'

આટલું કહી, 'લખી રાખવા માટે આજ્ઞા કરી ને! વાંચવા નહીં, કેમ?' આમ વ્યંગ કર્યા પછી સ્વામીશ્રી બોલ્યા: 'પુસ્તકો ઘણાં લઈએ પણ શું ફાયદો? આજ્ઞાથી લઈ વાંચીએ તો ફાયદો. સત્પુરુષ થકી ભગવાનમાં પ્રીતિ થાય.

એક છોકરો બીડી બહુ પીએ. ગામના બધા ગુરુ ગણે એવા બાવાજી

પાસે તે છોકરાને બાપ બીડી છોડાવવા લઈ ગયો. તે જ વખતે બાવાએ ચલમની ફૂંક મારી. છોકરો બાપને કહે: 'બાપા! બીડી છોડી દઉં.' પણ તેણે બીડી છોડી બાવાજીની જેમ ચલમ શરૂ કરી. બાપે બાવાને તગેડી મૂક્યો. કેમ કે, પૈસાને બદલે પાંચ રૂપિયાની ઉઠાડી. માટે મહારાજ દયા કરી ગુણાતીત સત્પુરુષ સાથે લાવ્યા.

બધા રોજ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય માંગે છે, પણ કોઈ સંકલ્પ ન થાય તે નિર્વિકલ્પ ગણે. તો લોયાના ૧૨મા વચનામૃતમાં કહ્યું તેનું શું? મહારાજે વચનામૃતમાં વાત કરી તે સમજ્યા વિના એક હરિભગત લંબકરણનો અવતાર માંગ્યા કરે. કો'કે કહ્યું: 'લંબકરણ એટલે તો ગધેડો કહેવાય.' ત્યારે ખબર પડી. એમ બધા નિર્વિકલ્પ નિશ્ચય માંગ્યા કરે પણ પૂછો તો રાણું ધબ(તદ્દન અંધારું)! પણ શાસ્ત્રીજી મહારાજ એવા પુરુષ પાક્યા. માથું હાથમાં લઈને ફરે. તેનાથી આ કામ થાય.'

સ્વામીશ્રીના વાણીપ્રવાહમાં રસ, રમૂજ અને સંદેશની ત્રિવેણી રહેતી. આજે તેમાં ઝબકોળાનારા સહુ ધન્યતા અનુભવી રહ્યા.

## બુઝાયેલી જ્યોતમાંથી જ્ઞાનનો પ્રકાશ

મુંબઈમાં ફેબ્રુઆરીની ત્રીજી તારીખ ત્રેવડી ભીંસ લઈને આવી પહોંચેલી. એક, આજે રવિવાર હોવાથી સ્વામીશ્રીને બાળ, યુવા અને વડીલ એમ ત્રણેય સભામાં આશીર્વાદ આપવા જવાનું હતું. બીજું, રજાનો દિવસ હોવાથી મુલાકાતીઓનો ધસારો પણ ઘણો રહેવાનો હતો. ત્રીજું, એકાદશી હોવાથી સ્વામીશ્રી મોંમાં પાણીનું ટીપું પણ મૂકવાના નહોતા. છતાં કુશળ મહારથી બધે મોરચે ખેલી જાણે, તેમ સ્વામીશ્રીએ પ્રથમ બાળસભામાં પધારી બાળકોને ખૂબ આનંદ કરાવ્યો. તેઓના હાથે મીઠી-મધુરી પરસાદી મેળવનાર એ ભૂલકાંઓને અંદાજ પણ ન આવ્યો કે સ્વામીબાપા સ્વયં ભૂખ્યા રહી આપણને જમાડી રહ્યા છે!

યુવક સભામાં આશીર્વાદ બાદ આરતી પ્રગટાવવામાં આવી. સાંકળી જેવી ત્રણ ઊભી વાટમાં ઝળહળ જ્યોત ઝગમગવા લાગી; પણ ચાલુ આરતીએ બે વાટ ઓલાઈ ગઈ અને એક જ પ્રજ્વલિત બચી. આરતી અટકાવીને જ્યોત પ્રગટાવવી એ સૌને અવિવેક જેવું લાગ્યું. તેથી એક જ દીવેટ વડે સ્વામીશ્રીએ આરતી પૂરી કરી. યુવકોને આ બેકાળજી બદલ સ્વામીશ્રી દ્વારા ઠપકાની

દહેશત હતી પણ તે ખોટી પડી. સ્વામીશ્રીએ આરતી ઉતાર્યા બાદ એ બુઝાયેલી જ્યોતમાંથી જ્ઞાનનો પ્રકાશ રેલાવતાં કહ્યું: 'બે બુઝાઈ ગઈ ને એક જ બચી તે આપણા સૌની દૃષ્ટિ એક જ મહારાજમાં હોવી જોઈએ એમ સૂચવે છે.'

બુઝાયેલી જ્યોતમાંથી પણ યુવાહૈયાંમાં જ્ઞાનના દીવા પ્રગટાવી નિજ-નિવાસમાં પધારેલા સ્વામીશ્રી, ઉપવાસને લીધે આરામ પર ચોકડી મારી આખી બપોર હરિભક્તોને મળતા રહ્યા.

સાંજે વડીલ સભામાં લાભ આપી મીટિંગોના ક્રમમાં પરોવાયા. તેમાં રાત્રિના સાડા અગિયાર થઈ ગયા. છતાં સ્વામીશ્રીએ સંતો સાથે જ્ઞાનગોષ્ઠીની ઇચ્છા વ્યક્ત કરી. થાક, શ્રમ અને ઉપવાસના ત્રિભેટે તેઓ હજી અણનમ હતા, પરંતુ સંતોએ નિર્જળા ઉપવાસને કારણે તેઓને આરામમાં પધારવા વિનંતી કરતાં સ્વામીશ્રી નિદ્રાધીન થયા.

## ભક્તિના એમાં ભરિયા છે ભંડાર

તા. ૬/૨ની સવારે પધરામણીઓ કરવા નીકળેલા સ્વામીશ્રી મંદિરે પરત ફર્યા ત્યારે બરાબર બાર વાગ્યાનો સમય થયેલો. તે વખતે ઠાકોરજી સમક્ષ થાળ ધરાવાઈ રહેલો. આ જોતાં જ સ્વામીશ્રી ઠાકોરજી તરફ વળ્યા. સિંહાસન આગળ કરેલી નાનકડી જાળીમાં પ્રવેશી તેઓ સાવ નીચે જ બેસી ગયા અને ભાવપૂર્વક થાળ ગાવા લાગ્યા. ભક્તિના ભંડાર હોવા છતાં ભક્તિની ભૂખ તેઓમાં કાયમ જોવા મળતી.

'થાળ-ગાન બાદ સ્વામીશ્રી ભોજન કરવા બિરાજશે' તેવી સૌની ગણતરી હતી. પરંતુ તેઓ 'સ્નાન કરી આવીએ' કહેતાં શૌચ-સ્નાન માટે પધાર્યા. ત્યારે સૌને થયું: 'સ્વામીશ્રી પોતાની દેહક્રિયા દબાવીને થાળ ગાવા બેસી રહેલા કે શું ?!' સૌને તેઓનો ભક્તિભંડાર અખૂટ જણાયો.

સ્નાન બાદ ભોજન, આરામ કરીને સાંજે પુનઃ પધરામણીઓ માટે નીકળી પડેલા સ્વામીશ્રી સવા નવ વાગ્યે મંદિરે પરત ફર્યા.

તે વખતે મોટરમાંથી ઊતર્યા બાદ તેઓ રસ્તા પર જ દરવાજા પાસે ઊભા રહી હર્ષદભાઈ દવે સાથે બાજુના મકાન સંબંધી વિમર્શ કરવા લાગ્યા. આ સમયે એક હરિભક્તે અચાનક આવીને સ્વામીશ્રીનો ચરણસ્પર્શ કર્યો. જેવા તેઓ અડ્યા કે ત્યાં જ સ્વામીશ્રી ફડકી ઊઠ્યા. 'ફૂટપાથ પર ઊભા રહી પોતે વાત કરી રહ્યા છે ત્યારે કોઈ મહિલા તો આવીને અડી નથી ગઈ ને !'

આ ધાસ્તી તેઓના ફફડાટનું કારણ હતી. છેવટે હરિભક્તને જોયા એટલે તેઓને હાશ થઈ.

પરંતુ સ્વામીશ્રીનો એ થડકાટ જેણે જોયો તેને *'ડરતા રહે જન દિન રાતજી, રખે કોય વચન લોપી થાય વાતજી...'* પંક્તિ યાદ આવી ગઈ.

## બાવન અક્ષર બાહેરો રે

તા. ૮/૨ની રાત્રિકથા બાદ સંતો સાથે ગોષ્ઠિ કરી રહેલા સ્વામીશ્રીએ એક સંતને 'રામ' શબ્દના સંસ્કૃત વ્યાકરણની દૃષ્ટિએ રૂપ પૂછ્યા. એ સંતે યોગ્ય ઉત્તર આપ્યો એટલે, 'કેટલા સ્વર અને કેટલા વ્યંજન ?' એ પ્રશ્ન પૂછ્યો. પછી પોતે જ બોલ્યા કે 'સ્વર, વ્યંજન બંને કુલ પ૨(બાવન) છે. એટલે લોકમાં વાત કરે કે 'આ તો પ૨(બાવન)થી પર વ્યક્તિ છે. એટલે કે તેને શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી.'

સ્વામીશ્રીએ આ જે સ્પષ્ટતા કરી તેનું દર્શન બીજે જ દિવસે તેઓમાં થયું – જ્યારે તેઓ બોરીવલીમાં ચાલતી બાળસભામાં પધાર્યા. આ કાર્યક્રમ માટે સાંજે ચાર વાગ્યે દાદર મંદિરેથી નીકળેલા તેઓ બોરીવલીમાં ૮-૧૦ પધરામણીઓ કરીને બાળસભામાં પહોંચ્યા ત્યારે ત્યાં ઉપસ્થિત ૬૦ બાળકો ખુશખુશાલ થઈ ગયા. મંડળનો પ્રાસંગિક પરિચય સંચાલકે આપ્યા બાદ, વિવિધ રજૂઆતો કરતા આ રાઈના દાણાઓ તડ્... તડ્... ફૂટવા લાગ્યા. સ્વામીશ્રી એ તડતડાટને તાળીઓના ગડગડાટથી વધાવતા રહ્યા. સ્વામીશ્રી તથા મહંત સ્વામીના સાંનિધ્યમાં બેઠેલા એ બાળકો સૂર્ય-ચંદ્રની ઉપસ્થિતિમાં ટમટમતા તારલાઓ જેવા શોભી રહેલા ! આકાશમાં જે નજારો કદીયે જોવા ન મળે તે આજે અવની પર દેખાઈ રહેલો !

સભાના અંતે સ્વામીશ્રીએ બાળસુલભ શૈલીમાં સૌને આશીર્વાદ આપ્યા તે વખતે આ આખીયે બાળસભા નીરખનાર સંતોને સ્વામીશ્રીનું વ્યક્તિત્વ બાવનથી પરનું જણાઈ રહ્યું ! બાકી ક્યાં મેરુમણિ સમા સ્વામીશ્રી અને ક્યાં રજકણ સમા આ બાળકો !

## એવું ન બોલવું

તા. ૧૦/૨ના રોજ સ્વામીશ્રીએ પુનઃ એક વાર સભાની 'સિક્સર' લગાવી દીધી. બેહદ કથાવાર્તા અને અનહદ પ્રવૃત્તિને એકસાથે બાથમાં

ભીડનારા તેઓ કોઈ રીતે બુદ્ધિની બાથમાં ભરી શકાય એમ નથી.

આજની છઠ્ઠી અને છેલ્લી સભા સંતોની હતી. તેમાં સ્વામીશ્રીએ સ્વરૂપનિષ્ઠા સંબંધી વાતો પર ભાર મૂક્યો. તેના અનુસંધાનમાં એક સંતે પૂછ્યું : 'સ્વામી! જેમાં નિષ્ઠા રાખવાની છે તે સ્વરૂપ કયું સમજવું?'

'યોગીબાપા.'

'પણ અમે યોગીબાપાને ક્યાં જોયા છે? અને યોગીબાપા તો ધામમાં ગયા.'

'એવું ન બોલવું. બાપા ક્યાં ધામમાં ગયા છે?!' એમ કહી સ્વામીશ્રીએ 'તેઓ દ્વારા યોગીજી મહારાજ પ્રગટ જ છે' તે મુદ્દો સમજાવી દીધો.

## અમે સનાતન બ્રહ્મ

હરિભક્તોની વિનંતીથી મુંબઈમાં રોકાયેલા સ્વામીશ્રી કથાવાર્તાના બારે મેઘ ખાંગા કર્યા હોય તેમ રાત-દિવસ વરસ્યે જ જતા હતા. બીજાને શરશય્યા સમું થઈ પડે તેવું અપમાન તેઓએ સુખશય્યાની જેમ સરળતાથી ઝીલી લીધેલું અને પચાવી પણ દીધેલું. જે પરિસ્થિતિમાં ખાવું-પીવું હરામ થઈ જાય તેમાં સ્વામીશ્રી કથાવાર્તાનો સોપો પડવા દેતા નહોતા. તેઓની શુદ્ધ બ્રાહ્મીસ્થિતિનો આ પણ એક પુરાવો હતો.

આ બ્રાહ્મીસ્થિતિની અલમસ્તાઈથી તા. ૧૧/૨ના રોજ ગઢડા અંત્ય પ્રકરણના ૩૫મા વચનામૃત પર કથામૃત રેલાવતાં તેઓએ જણાવ્યું :

''ભગવાન અને સંત આગળ સરળ રહીએ, તે કહે તેમ કરી નાંખીએ તો સુખ મળે. સાપ બધે વાંકો ચાલે પણ દરમાં સીધો થઈ જાય. ત્યાં વાંકો ચાલે તો છોલાય ને કીડીઓ વળગી પડે. તેમ બીજે વાંકા-ચૂંકા ચાલીએ તો ચાલે પણ જેની પાસે મોક્ષ લેવો છે તેની આગળ સીધા ચાલવું. સરળતા રાખી કામ કરવું. જે સેવા સોંપે તે કરીને રાજી કરવા. હજારો સંત આગળ સરળ કેમ થવું? પણ એક સત્પુરુષની આગળ સરળ વર્તે તો બધાની આગળ વર્તાય. અંગ પાડી દીધું હોય તો બધે થવાય. સરળતા હોય તો ભજનનું સુખ આવે. 'આ મૂકી દો, આ કરો' તો તેમ કરે, જો મોક્ષનો ખપ હોય તો! સરળ વર્તવાનો સ્વભાવ છે તેને દુઃખ ન આવે.''

આમ, સરળતાની અદ્‌ભુત મીમાંસા દ્વારા કલ્યાણનો નિર્વિઘ્ન માર્ગ ચીંધી સ્વામીશ્રી પધરામણીએ નીકળ્યા. ત્યાંથી પાછા વળતાં બપોરે દોઢ વાગી

ગયો. ત્યારબાદ ઠાકોરજી જમાડીને તેઓ આરામમાં જવાની તૈયારીમાં હતા ત્યાં જ અમદાવાદથી ફોન આવ્યો. તેમાં વાર્તાલાપ દરમ્યાન ફોનના સામે છેડે આવેલા એક સંતે જ્યાં વાત શરૂ કરી ત્યાં જ સ્વામીશ્રીએ સાહજિકપણે પૂછ્યું:

'કોણ છો?'

'સનાતન બ્રહ્મ.'

તે સંતનું નામ હતું: સનાતન સ્વામી; પરંતુ સ્વામીશ્રી સહિત સૌ તેઓને આ રીતે બોલાવતા, તેથી તેઓએ પોતાનો પરિચય આપતાં આમ કહ્યું.

તે સાંભળી સ્વામીશ્રી બોલ્યા: 'અમે પણ સનાતન બ્રહ્મ છીએ.'

તેઓની આ ગમ્મતમાં જ્ઞાન હતું. આનંદની સાથે ઓળખ પણ હતી.

સંતો સાથે આવો વિનોદ કરતાં સ્વામીશ્રી આજની સાંજે પોણા છ વાગ્યે સંતોના સંસ્કૃત વર્ગમાં પધાર્યા. તેમાં પાણિનિરચિત અષ્ટાધ્યાયીનાં સંધિસૂત્રો '**इको यणचि**' વગેરે સમજાવતાં તેઓએ વાત કરી કે 'સ્વર વિનાનો વ્યંજન ખોડો ગણાય. જ્યારે સ્વર ભળે ત્યારે પૂર્ણ થાય. તેમ આપણે પણ ખોડા જ હતા, પરંતુ સ્વર સમાન શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ મળ્યા તો આપણે ભક્તિ, સત્સંગ કરી શકીએ છીએ.' એમ કહી ઉમેર્યું: 'સંધિ એટલે જોડવું. આપણે એકબીજા સાથે હળી-મળીને રહેવું, પરસ્પર સેવા કરવી, તો સુખ થાય. તે સંધિ થઈ ગણાય.' સ્વામીશ્રીએ અભ્યાસમાં અધ્યાત્મનો સાંધો જોડી આપ્યો.

## 'વક્રકુંડ'ની વ્યુત્પત્તિ

તા. ૧૨/૨ના રોજ રાત્રિસભામાં બિરાજેલા સ્વામીશ્રી તકિયા પર હાથ ટેકવીને માળા ફેરવતાં એકાગ્રતાથી કથાશ્રવણ કરી રહેલા. તે વખતે 'હરિલીલામૃત'ના આધારે ચાલતા કથાક્રમમાં 'વક્રકુંડ'ની વાત આવી. તે સાંભળી એક હરિભક્તે કુતૂહલ વ્યક્ત કર્યું કે 'બાપા! વક્રકુંડ એટલે શું?'

ત્યારે સ્વામીશ્રીએ વાત ઉપાડતાં કહ્યું:

''મહારાજના વખતમાં સંતો ગામડે ફરવા જાય. તે વખતે પંડિતો 'સ્વામિનારાયણ ધર્મ ખોટો છે, વૈદિક નથી' એમ બતાવવા ગામોગામ ચર્ચા ગોઠવે. અત્યારે તો ચર્ચા બહુ રહી નથી. પણ પહેલાં મત-સ્થાપન કરવા ચર્ચાઓ ગોઠવાય. વડોદરા, જામનગર વગેરેમાં રાજ્ય તરફથી પંડિતો રખાતા.

એક વાર આવા પંડિતો ભેગા થયા ને સંતોને કહ્યું: 'ચર્ચામાં આવવાનું

છે.' પણ બધા સંતો ભણેલા નહીં. છતાં સ્વામિનારાયણના સંતો પાછા પડે નહીં. માગ કરી લે. એટલે સંતોએ પંડિતોને 'અમે ચર્ચામાં આવીશું' એમ કહી દીધું. પછી ખાસડા-જોડા ભેગા કર્યા ને તેનું પોટલું બનાવ્યું. તેને પુસ્તકના ઘાટરૂપે બાંધ્યું. તેની પર લાલ લૂગડું વીંટાળ્યું ને ઉપર નામ લખ્યું : 'વક્રકુંડ.'

એમ ઠઠારો કરીને સભામાં ગયા. પંડિતો પણ આવ્યા. બધા માટે ગાદી-તકિયા ગોઠવેલા. તેમાં સંતોએ બધાને દેખાય એમ આગળ જ પેલું પોટલું મૂક્યું. પંડિતો જોવા લાગ્યા કે 'આ કયું શાસ્ત્ર છે ?' નામ વાંચ્યું : 'વક્રકુંડ.' અને અંદરોઅંદર ચર્ચા કરવા લાગ્યા કે 'તમે આ ભણ્યા છો ?' બધા કહે : 'અમે તો ન્યાય, વેદાંત, વ્યાકરણ ભણેલા છીએ પણ આ શું તે નથી જાણતા.'

એટલે નક્કી કર્યું : 'આ ચર્ચા બંધ કરી દો, કારણ કે વક્રકુંડનો પ્રશ્ન પૂછે ને ન આવડે તો આબરૂ જાય.' હો હા કરતાં બધા ઊભા થઈ ગયા. તેમ દિગ્વિજય કર્યો. પછી સંતો 'વક્રકુંડ' લઈ ચાલ્યા ને બીજે ગામ જઈ બેઠા. તે વખતે કો'ક બોલ્યું : 'આ પોટલું પંડિતોએ છોડાવ્યું હોત તો ?' ત્યારે મંડળ-ધારીએ કહ્યું : 'છોડાવ્યું હોત તો જોડે જોડે બ્રાહ્મણને પાછા પાડત. જોડા લઈ મંડત. જીત તો કરત. આમ નહીં તો આમ.'' એમ કહી સ્વામીશ્રીએ સભાને ગમ્મતમાં ગરકાવ કરી દીધી.

હાસ્યરસ સ્વામીશ્રીની આસપાસ કાયમ ઘુમરાતો રહેતો. ગુણે ધીર ગંભીર હોવા છતાં તેઓ વર્તન-વ્યવહારમાં ખૂબ હળવા હતા. તેઓનું વ્યક્તિત્વ વજનદાર. તેનો ભાર જરૂર પડે, પણ ભાર લાગે નહીં. કથા કરતી વખતે વાતને રમૂજનો વળ એવો ચડાવતાં કે સાંભળનારા હસતાં હસતાં બેવડ વળી જાય. પોતે પણ ડાબા હાથ પર જમણો હાથ ફેરવતાં હુલસતા જાય. ઉદર ઊછળે. દાડમ સમી દંતપંક્તિ નીખરે. મુખકમળ ગુલાબી બને અને ખળખળતા હાસ્યનો નિનાદ મન ભરે. જેમણે તેઓની સભાઓનો સ્વાદ ચાખ્યો હશે તેના મનમાં હાસ્યની લાલિમાથી લીંપાયેલી સ્વામીશ્રીની છબી જરૂર અંકિત થઈ ગઈ હશે !

## 'હું કોણ છું ?' તે ઓળખે છે ?

તા. ૧૭/૨ના દિવસે એકાદશી હતી. તેથી તપનું વચનામૃત – કારિયાણી પ્રકરણનું દસમું વંચાવી તે પર જ વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'ભગવાન તપથી રાજી થાય છે તો ભલે તપ થતું. દેહ પાસેથી જેટલું

કામ લઈએ એટલું સારું. સાંઢેલ બળદ એકબીજાને આપે. જે દા'ડે વારો હોય તે દા'ડે ખેડૂત સવારે વહેલો ઊઠે ને સાંજે વધારે ખેંચે. બીજો બીજે દિવસે ખેંચે. તેમ આ દેહ સાંઢેલ બળદિયું છે. જેટલું કામ લઈએ તેટલું કામનું. ભગવાન રાજી થતા હોય તો તેમ કરીને રાજી કરી લેવા. ભગવાનને રાજી કરવા છે તેને વ્રત, ઉપવાસ કઠણ પડતા નથી.

શ્રદ્ધા, ઉત્સાહથી કરે તો ફળ પ્રાપ્ત થાય. માથે આવી પડ્યું, કરવું પડશે તે વેઠ ગણાય. કસ્તૂરી વગેરે દવા કરીશું તોપણ દેહ પડવાનો તો છે જ. ભલે કષ્ટ પડે. અપચો, અજીર્ણ થયું તો ભલે થાય. નાના-મોટા બધાને અક્ષરધામમાં જવું છે. માટે બધાએ તપ કરવું. દેહ તો પડવાનું છે. તપ કરતાં પડે તો વાંધો નથી. તપમાં પણ ભગવાનને વિષે ભક્તિનો ભાવ રાખવો.'

સ્વામીશ્રીની આવી સાદી-સરળ વાતો સૌમાં સોંસરી ઊતરી જતી, કારણ કે તે શબ્દોને આચરણની ધાર રહેતી. તેઓ સ્વયં એકાદશીના ઉપવાસ કડે-ધડે કરતા. વર્ષે મહિનો-દા'ડો ધારણાં-પારણાંનું વ્રત ખેંચતા. તાવ, થાક, શ્રમ આમાં ફર્ક પાડી શકતા નહીં.

આજે એકાદશીનો ઉપવાસ હોવાથી ભોજનની પળોજણ નહોતી. તેથી સ્વામીશ્રીએ આજના દિવસને 'સાફસૂફી દિન' જાહેર કરી બપોર આખી મંદિરની સ્વચ્છતાનું આયોજન સંતોને સોંપેલું. તે મુજબ સૌ સેવા કરી રહેલા ત્યારે સ્વામીશ્રી પણ દરેક જગ્યાએ નિરીક્ષણ કરવા પધાર્યા.

આ ક્રમમાં તેઓ બહાર ચોગાનમાં ઊભા હતા ત્યારે એક છોકરો તેઓ પાસે આવ્યો અને તેઓનું ગાતરિયું પકડી કહ્યું: 'તમને બોલાવે છે.'

હકીકતમાં તે બાળક ભાળ કાઢવામાં ભૂલો પડેલો.

પણ તેની આ વાત સાંભળી સ્વામીશ્રીએ ગમ્મત કરતાં તેને જ પૂછ્યું: 'હું કોણ છું તે તું ઓળખે છે?'

*'સુરનર મુનિ તણી ચાંચ ખૂંચે નહીં, ચૌદ લોકમાં જે અગમ સહુને...'* જેવો પ્રશ્ન સ્વામીશ્રી બાળકને પૂછી રહ્યા. તેથી તે બાળક બિચારો શું બોલે? તે તો નિર્દોષભાવે સ્વામીશ્રી સમક્ષ તાકી રહ્યો. પણ આ વાર્તાલાપ સાંભળનારના અંતરમાં આનંદનું લખલખું પસાર થઈ ગયું.

## અમારે હાથ જોવાનું ન હોય

તા. ૨૨/૨ની સવારે સ્વામીશ્રીની પ્રાતઃપૂજા દરમ્યાન સંતો સવાદ

કીર્તન-ભક્તિ રેલાવી રહેલા. અક્ષર ભુવનનો હૉલ ખીચોખીચ ભરાઈ ગયેલો. થોડી વારમાં પૂજા પૂર્ણ થતાં જેની સૌ આતુરતાપૂર્વક રાહ જોઈ રહેલા તે સ્મૃતિદાન શરૂ થયું. સ્વામીશ્રી એક પછી એક ગુલાબનાં પુષ્પો લઈ સંતો-ભક્તો પર ઉછાળવા લાગ્યા. આ ક્રમમાં તેઓએ આજે ૩૭ હરિભક્તો અને ૨૯ સંતો પર ગુલાબનાં પુષ્પો ફેંકી સૌને અનેરી સ્મૃતિ આપી. ભક્તોને રાજી કરવાની તેઓની શ્રદ્ધા અપાર હતી.

આ જ શ્રદ્ધાથી સ્વામીશ્રીએ પૂજા બાદ સતત સિત્તેર મિનિટ સુધી સૌને કથા-લાભ આપ્યો. ત્યારપછી મુલાકાતો, પત્રલેખન અને પધરામણી પણ તેઓની આવી જ શ્રદ્ધાના પુરાવારૂપ બની રહ્યા.

આ દિવસની સાંજે જ્યારે સ્વામીશ્રી પત્રલેખન કરી રહેલા ત્યારે ભાવનગરના એક મુમુક્ષુ તેઓને મળવા આવી ચડ્યા. જ્યોતિષશાસ્ત્રનો શોખ ધરાવનાર આ આગંતુકને સત્પુરુષની હસ્તરેખાઓ જોવા-જાણવાની ઇંતેજારી હતી. તેથી તેઓએ સ્વામીશ્રીને હાથ બતાવવા કહ્યું ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'અમારે તો મોટાપુરુષ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ મળ્યા એટલે હાથ જોવાનું ન હોય.'

*'હમારે યેહી કરમ રેખ, ટરત નહીં ટારે...'*ની ભાવના સ્વામીશ્રીના આ શબ્દોમાં રમી રહી.

પરંતુ તે મુમુક્ષુએ અભ્યાસ માટે હાથ જોવા વિનંતી કરી ત્યારે જમણો હાથ સ્વામીશ્રીએ લાંબો કર્યો. જ્યોતિષી તે જોવા લાગ્યા. તે જોતાં જોતાં તેઓએ સ્વામીશ્રીનો જન્મદિવસ પૂછ્યો ત્યારે સંતોએ કહ્યું : 'માગશર સુદ આઠમ, સં. ૧૯૭૮.'

'હં... ૧૯૭૮ બરાબર છે.' સ્વામીશ્રી પણ સાઈદી પૂરતાં બોલ્યા.

અંતે ભવિષ્ય ભાખી આપનાર એ જ્યોતિષી પોતાનું કારખાનું સારું ચાલે તેના આશીર્વાદરૂપે સ્વામીશ્રીની હસ્તરેખાની છાપ પોતાના મસ્તક પર લઈ વિદાય થયા.

## મોટામાં મોટી સેવા

તા. ૨૨/૨ની રાત્રે પારાયણનો પૂજનવિધિ શરૂ થાય તે પહેલાં સ્વામીશ્રી સભાખંડમાં ઢોલિયા પર આવીને બિરાજી ગયેલા. તેથી પૂજન-વિધિનો પ્રારંભ કરવા એક સંત તૈયાર થઈ ગયા. પરંતુ યજમાન તરીકે કુર્લાના

અંબાલાલભાઈ હજી આવ્યા નહોતા. જો કે, તેઓના સંબંધીઓ ઉપસ્થિત હતા. છતાં સ્વામીશ્રીએ પેલા સંતને રોકતાં કહ્યું: 'ઊભા રહો. ઘડીક ખમો. અંબાલાલભાઈને આવવા દો.' એમ કહેતાં સ્વામીશ્રી યજમાન ભક્તની રાહ જોતાં પંદર મિનિટ સુધી બેઠા. યજમાન હરિભક્તે આવીને આ વિગત જાણી ત્યારે તેઓ ગદ્‌ગદ થતાં સ્વામીશ્રીનાં ચરણોમાં સાષ્ટાંગ પ્રણિપાત સાથે નમી પડ્યા.

સ્વામીશ્રી ઘણી વાર કહેતા કે 'દરેક હરિભક્તનું મન સચવાવું જોઈએ. મન સાચવ્યા છે ત્યારે આટલો સત્સંગ વધ્યો છે. યોગીજી મહારાજે બધાને કેવા સાચવ્યા છે ! હરિભક્તોને સાચવવા એ મોટી સેવા છે.'

આ સેવા કરવામાં કુશળ તેઓનો પરિચય આજે સૌને થઈ ગયો.

સેવાલક્ષી આવું જ ઉપયોગી માર્ગદર્શન આપતાં આજની રાત્રે સ્વામીશ્રીએ જણાવ્યું કે 'ક્રિયા સાધારણ હોય પણ તેમાં ગુણ-અવગુણ આવી જાય. જે વસ્તુ જ્યાંથી લીધી હોય ત્યાં મૂકવી. જે જોઈએ તે પૂછીને અને જોઈએ તેટલું લેવું. દુનિયાના છેડે જઈએ તો પણ મન દુઃખાય નહીં કે 'લ્યો, પડી રહ્યું.' સરળતા રાખી હોય તો સારું. મોક્ષમાં તકેદારી રાખવી. નિયમ-ધર્મમાં તકેદારી રાખવી. વાત સામાન્ય હોય પણ ધ્યાન ન રાખીએ તો પરિણામ ખરાબ આવે. સાંધો સહેજ ફરે તો ગાડી ઊંધે પાટે ચડી જાય. પછી એવી રીતે બોલવા-ચાલવાનું જીવન બની જાય. પછી કોઈ કહે તો આંચકો લાગે. પણ આપણને સુધારવા મહારાજ કહે છે તેમ માનવું. વાત કહેવા જેવી કહેવી. અશાંતિ થાય તેવું થવા દેવું નહીં. પોતાની ક્રિયામાં સાવધાન રહેવું. આપણી ક્રિયા જોઈ ગુણ આવે તે મોટામાં મોટી સેવા છે.'

આમ વાત ચાલતી હતી તે દરમ્યાન જ પરદેશથી ફોન આવતાં સ્વામીશ્રી ઊભા થયા. તે વખતે ઑફિસમાં જ ફોનની વ્યવસ્થા હતી. તેથી દૂર દેશથી ફોન આવે તો સ્વામીશ્રીને જે કામ કરતાં હોય તે પડતાં મૂકીને ઑફિસમાં જવું પડતું. છતાં પણ તેઓએ પોતા માટે અલાયદી સગવડ ઊભી કરવાનો આગ્રહ કદી સેવ્યો નહોતો. જે સમયે જે વ્યવસ્થા હોય તેમાં ભળી જઈને કામ કરી લેવું – એ તેઓની સાહજિક પ્રકૃતિ હતી.

## પહેલાં તો ધૂળમાં આળોટતા

તા. ૨૫/૨થી શરૂ થતા પાર્લા મંડળના પારાયણ પ્રસંગે, પૂજન-આરતી

બાદ પુરાણી 'વચનામૃત' ઉઘાડી વાંચવા જતા હતા તે વખતે જ સ્વામીશ્રીએ તેઓને કહ્યું: 'વિષયખંડનનાં, નિયમનાં જુદાં જુદાં વચનામૃત વાંચવાં. સ્વરૂપ (મહિમા) અંગેનાં વચનામૃત વધારે ન વાંચવા.' આમ કહી તેઓએ ધર્મ-નિયમ અને વિષયખંડનનાં વચનામૃત પર વિશેષ રુચિ જણાવી.

માપ બહારનું પાટલૂન પહેરનારો ગબડ્યા વિના રહે નહીં, તેમ પાત્રતા વિના મહિમા સમજનારો પણ બગડ્યા વિના રહે નહીં. આવી સૂક્ષ્મ સમજ ગુણાતીત સત્પુરુષ સિવાય બીજે ક્યાં જોવા મળે?

પારાયણ બાદ આજની સાંજે સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજની આરતી ઉતારીને દંડવત કરવા નીચા નમ્યા. તે જ વખતે એક સંતે ત્યાં બિછાવેલા ગાલીચા પર રજાઈ પાથરી. પરંતુ તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'આની શી જરૂર? પહેલાં તો ધૂળમાં આળોટતા હતા ને અત્યારે તો આ લાદી ને તે ઉપર ગાલીચો તો છે.'

આવશ્યકની પણ ઉપેક્ષા સેવનારા તેઓને અધિક તો કેવી રીતે પોસાય? 'ત્વચાને એક ઓછું પાથરી દેવું' – આ સિદ્ધાંત હતો સ્વામીશ્રીનો. સંસ્થામાં વધતી ચાલેલી સમૃદ્ધિ વચ્ચે પણ તેઓ તો ત્યાગી-તપસ્વી જ રહેલા.

## ધારાપુરીમાં અમૃતધારા

તા. ૨૭ અને ૨૮ ફેબ્રુઆરીના રોજ સ્વામીશ્રીએ ઉરણ-મોરાનો કાર્યક્રમ ગોઠવેલો. તેના પ્રથમ ચરણરૂપે ધારાપુરી (એલિફન્ટા ગુફા) જવાનું હતું. તે માટે સ્વામીશ્રી પાલવા બંદરેથી હોડીમાં બિરાજ્યા. તેમાં એલ્યુમિનિયમની આરામ ખુરશી પર બેસીને તેઓ દર્શન આપી રહેલા. બાજુમાં રજાઈનો વીંટો વાળેલા આસન પર મહંત સ્વામી બેઠેલા. આખી હોડી ચિક્કાર ભરાઈ ગયેલી.

સૌ બેસી ગયા એટલે જયનાદ સાથે સામુદ્રી સફર શરૂ થઈ. સંતોએ ધૂન બાદ કીર્તન ઉપાડ્યાં ત્યારે સ્વામીશ્રી પણ તાલબદ્ધ મંજીરા વગાડવા લાગ્યા. ભજન-કીર્તન પછી દૂરબીનથી આસપાસ દૃષ્ટિ કરી. મુસાફરી દરમ્યાન સૌને અલ્પાહાર પીરસાયો. તે વખતે સ્વામીશ્રી પણ કાગળમાં સેવ-મમરા, ખારાં કાજુ અને કેળું લઈ આરોગવા લાગ્યા. સૌ પ્રસાદ સાથે આ દર્શનનું સુખ પણ મમળાવી રહ્યા. સ્વામીશ્રી નાસ્તો કરી પરવાર્યા ત્યારે એક સંતે આશીર્વાદ લખી આપવા માટે તેઓ સમક્ષ ડાયરી ધરી. તે વખતે દરિયાનાં મોજાં પર હાલક-ડોલક થતી એ નૈયામાં પણ સ્વામીશ્રીએ ચાર પાનાં ભરીને આશીર્વાદ

લખી દીધા.

થોડી વારમાં ધારાપુરી આવી પહોંચતાં સૌ ઊતર્યા. અહીં પગથિયાં ચડી દરવાજામાં દાખલ થતાં જ આવતાં વટવૃક્ષના છાંયે સ્વામીશ્રી ખુરશી પર બિરાજ્યા. તે વૃક્ષની ડાળીએ એક વાનર અહીંથી તહીં કૂદાકૂદ કરી રહેલો. તેની આ અફડાતફડી જોઈ સ્વામીશ્રીએ તેના પર દૃષ્ટિ કરતાં કપિની ચંચળતા સાર્થક થઈ ગઈ! થોડા સમયમાં ટિકિટો આવી જતાં સ્વામીશ્રી અંદર પ્રવેશ્યા, પણ ગુફામાં ગિરદી હોવાથી એક આમ્રવૃક્ષની ઘટા નીચે આસન જમાવ્યું.

તે જ સમયે લંડન-નિવાસી એક અંગ્રેજ આતુરતાપૂર્વક સ્વામીશ્રી પાસે ધસી આવ્યો. તે ઈસ્લીંગ્ટનના આપણા મંદિરનો પાડોશી હતો. આ વાત જાણી સ્વામીશ્રી પણ રાજી થયા અને તે તથા તેના બે મિત્રો સાથે હસ્તધૂનન કર્યું. ઔપચારિક વાતચીત બાદ સ્વામીશ્રીએ ત્રણેયને પ્રસાદ આપ્યો, તે તેઓ ત્યાં જ પડીકું તોડીને ખાવા લાગ્યા. આંતરરાષ્ટ્રીય સ્વાદ ધરાવતી સ્વામિનારાયણની લાડુડી આ અંગ્રેજોની દાઢે પણ વળગી અને વિશિષ્ટ લહેકા સાથે 'very good... very good...' કરતાં તેઓ સ્વામીશ્રી સાથે હાથ મિલાવી ચાલી નીકળ્યા.

એટલામાં જ ગુફાદર્શનની સાનુકૂળતા થતાં સ્વામીશ્રી અંદર પધાર્યા. અહીં જોવાલાયક નિરીક્ષણ કરી તેઓ ગુફાના ડાબા ભાગે ખૂણા તરફ ખુરશીમાં બિરાજ્યા. સંતોએ સ્વામીશ્રી સાથે સમૂહછબિ લીધી. ત્યારબાદ ઠાકોરજીને પ્રેમપૂર્વક થાળ ધરાવ્યો. થાળ પછી સો ઉપરાંત સંતો-ભક્તોની લાંબી પંગત થયેલી, તેમાં સ્વામીશ્રીએ જાતે પીરસીને સૌને જમાડ્યા.

આમ, દર્શન-પ્રસાદીનાં સુખથી સૌને ધરવી તેઓએ વાતોની વાનગી પીરસવી શરૂ કરી. ગઢડા અંત્ય પ્રકરણના ૩૮મા વચનામૃત પર અમૃતધારા રેલાવતાં જણાવ્યું: 'સર્વોપરી ભગવાન નયનગોચર વર્તે છે. આંખની સામે તે નયનગોચર. માયામાં આવે માટે મિથ્યા નથી. આપણા જેવા દેખાય તો પણ દિવ્ય છે. બધા આકાર નાશ પામે પણ ભગવાનનો આકાર નાશ ન પામે. આ સ્વરૂપ ને એ સ્વરૂપમાં ભેદ, જુદાપણું નથી. બેય એક જ વસ્તુ છે.'[૮૭]

---

૮૭. ધારાપુરીમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે વહાવેલી આ અમૃતધારાનું રસપાન કરવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

## મૂર્તિમાં આરામ

કથા બાદ ગુફાના જમણા ભાગની પહેલી ઓરડીમાં આરામ માટે સૂતેલા સ્વામીશ્રી એકાદ કલાકના વિરામ બાદ જાગ્યા. તે વખતે એક સંતે પૂછ્યું: 'બાપા ! ઊંઘ આવી હતી ?'

'મૂર્તિ ધારી ઊંઘી ગયા'તા.' નિદ્રા-નિરાંતનું કારણ ટૂંકમાં જણાવતાં સ્વામીશ્રી બોલ્યા.

શ્રીજીમહારાજે કહ્યું છે કે 'વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં લીન થઈ જાય એ જ ધ્યાન કરનારા યોગીને નિદ્રા કહી છે; પણ સુષુપ્તિમાં લીન થવું એવી એ યોગીને નિદ્રા હોય નહીં.'[૮૮]

આ રીતે સ્વામીશ્રી નિદ્રાધીન નહીં, પણ યોગનિદ્રાધીન થતા. તે પ્રમાણે આજે કલાક વિતાવી મુખપ્રક્ષાલન બાદ તેઓ નીચે પધાર્યા ત્યારે ખડગપુરમાં ભણતા કેટલાક કૉલેજિયન યુવાનો સ્વામીશ્રીને મળ્યા. પુત્રને જોઈને પિતા પીગળે તેમ યુવાનોને જોતાં જ સ્વામીશ્રી પીગળતા. તેથી અહીં પણ તેઓએ થોડી મિનિટો આ યુવાનો સાથે ગાળી. સ્વામીશ્રીનાં વિવેક-સૌજન્ય એવાં હતાં કે અપરિચિત આગંતુક પણ ઘડીકમાં ઘેલો થઈ જાય. આ યુવાનોની પણ આવી જ સ્થિતિ સર્જાઈ રહી.

તે સૌને પ્રેમ, પ્રેરણા અને પ્રસાદ આપી સ્વામીશ્રીએ વિદાય લીધી ત્યારે એ છેલબટાઉ યુવાની પણ આ ભગવાંધારીને મુગ્ધ નજરે નિહાળી રહી.

ધારાપુરીથી હોડીમાર્ગે સ્વામીશ્રી મોરા બંદરે પહોંચ્યા. અત્રે હોડીમાંથી ઊતરતાં પૂર્વે તેઓએ ઠાકોરજીને સમુદ્રસ્નાન કરાવ્યું અને પ્રાસાદિક જળ સૌ પર છાંટી સ્મૃતિનું વધુ એક છોગું ઉમેરી આપ્યું.

મોરામાં આઈત્યા સોમાના ઘેર પધારેલા સ્વામીશ્રી માટે પુષ્પમુકુટ તૈયાર કરવામાં આવેલો. તેઓની મૂર્તિ જ એવી કામણગારી હતી કે તેને વધાવવાના કરોડ કોડ જાગે. તે મુજબ સૌ તૈયારી પણ કરે. પરંતુ આ પ્રેમ પાળ ન ઓળંગે તેની પૂરતી તકેદારી સ્વામીશ્રી કાયમ રાખે. તેથી આજે પણ પેલો મુકુટ તેઓની નજરથી ઓઝલ તો ન જ રહી શક્યો. પૂજન વખતે જેવો તે પાછળથી પહેરાવવાનો પ્રયત્ન થયો કે સ્વામીશ્રીએ હાથ વાળી મુકુટને મસ્તક પર ન જ ઠરવા દીધો અને એ મુકુટ યજમાનના યુવાન પુત્રને જ પહેરાવી

---

૮૮. વચનામૃત વરતાલ પ્રકરણ ૮.

દીધો. પોતાને પહેરાવાયેલો મોટો હાર પણ તેના ગળામાં આરોપી દીધો.

પોતા તરફ આવતી સન્માનની સરવાણી હોય કે સરિતા, સ્વામીશ્રી તેને હંમેશા બીજા તરફ વાળી દેતા.

## સોળના સમુદાયમાં સત્સંગ-સભા

મોરાથી ઉરણ પધારેલા સ્વામીશ્રીની સત્સંગ-સભા ડાહ્યાભાઈ, વજુભાઈ વગેરે સ્થાનિક ભક્તોએ ગોઠવી હતી. રાત્રે સાડા નવ વાગ્યે તેનો પ્રારંભ થયો. શરૂઆતના કલાક દરમ્યાન સંતોએ કથા-કીર્તન કર્યાં. લગભગ સાડા દસ વાગ્યાની આસપાસ સ્વામીશ્રીને આશીર્વાદ આપવાનો વારો આવ્યો ત્યારે સામે વીસ ભાવિકો બેઠા હતા. ઘરની ગોષ્ઠિ જેવી એ સભા હતી. છતાં સ્વામીશ્રીએ પોણો કલાક સુધી કથાપ્રવાહ વહેવડાવ્યો.

બીજે દિવસે તા. ૨૮/૨ના રોજ તો વીસથીયે ઓછી સંખ્યાના શ્રોતા-વર્ગમાં તેઓએ ત્રણ કલાક સુધી પ્રાતઃકથા કરી. તેથીયે ઓછી ૧૬ની સંખ્યાના સમુદાય સમક્ષ તેઓએ ગઢડા મધ્ય પ્રકરણના ચૌદમા વચનામૃતના આધારે બપોરની કથા પણ કરી. પાંખી સંખ્યા સ્વામીશ્રીના ઉત્સાહને કદી પીંખી શકતી નહીં.

એકમાત્ર શ્રીજીમહારાજને રાજી કરવાના તાન સાથે મંડેલા તેઓ આજની સાંજે છ વાગ્યે મોરા બંદરથી પાલવા બંદરે જવા માટે હોડીમાં બિરાજ્યા ત્યારે ચાલીસ મિનિટની એ દરિયાઈ સફરમાં ઢળતી સંધ્યા, ડૂબતો સૂર્ય, ઊછળતાં મોજાં, સરકતાં નીર એમ ઘણું બધું જોવાનું હતું. પણ સ્વામીશ્રીએ તે કશું ન જોતાં એક જ સામે નજર માંડેલી રાખી. તે હતા – હરિભક્તોના પત્રો. તેઓને મન સૃષ્ટિનાં સૌંદર્ય કરતાં હરિભક્તોનાં દુઃખ-દર્દ વધુ મહત્ત્વનાં હતા. હોડી પાણી પર સરકતી રહી અને સ્વામીશ્રીની આંખો ભક્તોના પત્રો પર. તેઓએ લખેલા પત્રોની સંખ્યા જેમ વિક્રમસર્જક છે તેમ તેઓએ ક્યાં ક્યાં પત્રો વાંચ્યા-લખ્યા છે તે સ્થળોનો હિસાબ પણ એટલો જ 'રેકોર્ડ બ્રેકિંગ' છે.

## રકમ મામૂલી, સ્મૃતિ અણમૂલી

તા. ૪/૩ના રોજ મુંબઈમાં પધરામણીઓનો કાર્યક્રમ પૂર્ણ કરી મંદિરે પધારેલા સ્વામીશ્રી અહીં ઉતારામાં જતાં પૂર્વે મંદિરની ઓફિસમાં પહોંચ્યા.

અત્રે તેઓ મહેતાજીની ખુરશી પર બેસી રસીદ બુક જોવા લાગ્યા. તે વખતે સંતોની પ્રેરણાથી તક ઝડપીને હરિભક્ત મંગળભાઈએ પોતાના વતી ભેટ લખવા સ્વામીશ્રીને વિનંતી કરી. તેઓની વાત સાંભળી સ્વામીશ્રીએ ૧૧ રૂપિયાની ભેટ લખી, ત્યારે એ હરિભક્તે 'વચ્ચે મીંડું ઉમેરો' એમ કહી ૧૦૧ રૂપિયાની ભેટ લખાવી. સ્વામીશ્રીએ તેઓને ૨૩૨૭ નંબરની પહોંચ ફાડી આપીને તેની પાછળ આશીર્વાદ પણ લખી આપ્યા.

સ્વામીશ્રીની આમ અચાનક વરસેલી કૃપા જોઈને ભેટ નોંધાવવા માટે હરિભક્તોની હરોળ ઊભી થઈ ગઈ. એક પછી એક સૌ સેવા નોંધાવવા પડાપડી કરવા લાગ્યા. દરેક હરિભક્તનો સેવા માટે એક જ સૂર રહેતો: 'બાપા! આપ કહો એટલા લખાવીએ.' પણ સ્વામીશ્રી 'તમારી ઇચ્છા હોય એમ' કહી હરિભક્તો પર વાત છોડતા. તે વખતે હરિભક્તોએ મનમાં તો અમુક સેવા ધારી રાખી હોય પણ સ્વામીશ્રીની મરજી સાચવવા જણાવે નહીં. છેવટે સ્વામીશ્રીને જ પહોંચ પર આંકડો માંડવાનો થતો. પણ ખૂબી એ રહી કે સ્વામીશ્રીએ તે વખતે સવા રૂપિયાથી લઈને પાંચ, અગિયાર, એકસો એક રૂપિયા સુધીની કુલ ૪૪ પહોંચો બનાવી, પરંતુ હરિભક્તોએ મનમાં જે ધારી રાખ્યું હોય તેમ જ તેઓએ પહોંચમાં આંકડો પાડેલો.

તે દા'ડે ૧૧:૫૫ થી ૧૨:૩૫ વાગ્યા સુધીનો સમય સ્વામીશ્રીની આ લીલાને માણતો ધન્ય થઈ રહ્યો. અનંત કોટિ બ્રહ્માંડનો હિસાબ જેની ગણતરીમાં નહીં એ સ્વામીશ્રીએ આજે મામૂલી રકમોનો હિસાબ માંડી સૌને અણમૂલી સ્મૃતિ આપી દીધી !

## યુવા-ઉપનિષદ

તા. ૪/૩ની સાંજે સ્વામીશ્રી નિત્યક્રમથી પરવારીને ધોતિયું ધારણ કરી રહેલા ત્યારે મલાડના હરિભક્ત વલ્લભભાઈ બે મોટાં પપૈયાં લઈને આવી પહોંચ્યા. તેઓને ખ્યાલ હતો કે 'સ્વામીશ્રીને પપૈયાં પર ખાસ રુચિ નથી.' છતાં ઠાકોરજીને ભેટ ધરવા માટે લઈ આવેલાં આ ફળો અત્યારે સ્વામીશ્રી સમક્ષ ધરતાં તેઓ બોલ્યા: 'બાપા! આ પપૈયાંએ શું ગુનો કર્યો?'

'ગુનો કંઈ નહીં. ઠાકોરજી તો જમે જ છે ને! અમે નાના હતા ત્યારે તો પપૈયાંના ઝાડ પર ચઢીને તે પાડતા. કાચું-પાકું પણ ખાઈ જતા. પણ એક વાર પપૈયું ખાધા પછી ઊલટી થઈ હતી ત્યારથી બંધ કર્યું. થાળીમાં પડ્યું

હોય તો વાંધો ન આવે.' સ્વામીશ્રીએ પોતાનો અભિપ્રાય આમ જણાવ્યો.

ત્યારબાદ તેઓ મંદિરની અગાશીમાં યોજાયેલી યુવાસભામાં પધાર્યા. અહીં તેઓ અને યુવાનો વચ્ચે રસપ્રદ વાર્તાલાપ થયેલો. જેમ કે –

- સાધુ થઈને સેવા કરવી શ્રેષ્ઠ કે યુવકમાં રહીને?
  'મોટાપુરુષની મરજી પ્રમાણે સેવા કરવી તે શ્રેષ્ઠ. મનધાર્યું નથી કરવાનું.'
- જીવનમાં રહેવાય નહીં, સહેવાય નહીં એવી મૂંઝવણ આવે ત્યારે શું કરવું?
  'સંત સમાગમ કરવો તો શાંતિ થાય. (ગુણાતીત) સંત મુશ્કેલીમાં નિકાલ કરી આપે.'
- સત્સંગ કરાવવા માટે યુવકોએ શું ધ્યાન રાખવું જોઈએ?
  'વર્તન હોવું જોઈએ. નિષ્ઠાવાળો નિષ્ઠા કરાવે. સત્સંગના નિયમો, જ્ઞાન પોતાના જીવનમાં હોય તો બીજાને આપી શકે.'
- આપ બોલાવો, પ્રસાદી આપો ત્યારે સારું લાગે. પણ પરીક્ષામાં પાસ ન થઈએ ત્યારે આપને હેત રહે છે?
  'સત્પુરુષને હેત ઘટતું નથી. દરેકનું સારું થાય તેમ તે કરે છે. બેનું નામ લેવાય, પચાસનું ન લેવાય. પણ દરેક ઉપર હેત છે, વિષમતા નથી. વિશેષ-ઓછો ભાવ નથી. પ્રસંગોપાત્ત કોઈને બોલાવ્યા હોય તેથી બીજા ઉપર હેત નથી એમ નહીં. કાર્ય-પ્રસંગે એવું દેખાય પણ સત્પુરુષને તેવું નથી.'
- જેને સત્પુરુષ નથી મળ્યા એવા બુદ્ધુ (ડફોળ) જેવા પાસ થઈ જાય છે ને ઘણી વાર અમને આશીર્વાદ ફળતા નથી. એમ કેમ?
  'ભગવાન આપણું કામ નથી કરતા તેથી ભગવાન કે સંત મટી જાય છે? તે જીવનું કલ્યાણ નક્કી કરશે, તેમાં ફેરફાર નથી. આ લોકનું કોઈ વાર થાય, ન થાય. મહારાજ બીજાના રોગ કાઢતા પણ મુક્તાનંદ સ્વામીનો રોગ કાયમ રાખ્યો. તેમને આપણું સારું કરવું એ જ તાન છે. સત્સંગ જીવના કલ્યાણ માટે કર્યો હોય તો આ લોકના પ્રશ્ન ન રહે. આશીર્વાદ ન ફળે છતાં ભાવફેર ન થાય.'
- સત્પુરુષ તો અંતર્યામી છે. તેની આગળ ભૂલો કબૂલીને નિષ્કપટ થવાની શી જરૂર?

'સત્પુરુષ અંતર્યામી છે છતાં શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ કહેતા કે 'અંતર્યામીને સાત વાર કહેવું.' અંતર્યામી સમજીએ છતાં અંતરાય રહી જાય. મુખોમુખ વાત થતાં અંતરાય રહેતો નથી. પછી અંતરમાં આનંદ થાય.'

- સત્સંગની સેવા કરતાં કડવાશ આવી જાય છે તો...
  'માનની ઇચ્છા હોય તો કડવાશ આવે. ભગવાન અને સંતને રાજી કરવા હોય તો કડવાશની વાત જ નથી. રાજી કરવા હોય તેને પ્રશ્ન જ નથી.'
- આપ અને સંતો ધન-સ્ત્રીના ત્યાગી છો. તો સ્ત્રીઓનું કલ્યાણ કેવી રીતે થાય?
  'શ્રીજીમહારાજે કહ્યું છે કે 'બહેનો જો અમને અંતર્યામી સમજી ભજન કરશે તો તેનું કલ્યાણ કરનાર અમે છીએ.' ત્યાગીઓએ, પુરુષોએ મહિલાઓના કલ્યાણનો આગ્રહ રાખવો નહીં. તેમાં અનિષ્ટ થાય છે. બ્રાહ્મીસ્થિતિ થઈ હોય તો પણ નહીં. સ્ત્રીનું કલ્યાણ ભગવાનના હાથમાં છે. આપણે કલ્યાણ કરવા જઈએ તો આપણું બગડી જાય.'

આમ, સ્વામીશ્રીએ યુવામાનસની જિજ્ઞાસાઓને પૂર્ણ સંતોષ આપ્યો.

આ પ્રશ્નોત્તરી બાદ યુવકો સાથે જ તેઓનો અલ્પાહાર ગોઠવાયેલો. તે માટે સૌ યુવકો પોતાના ઘેરથી ચોખ્ખી વાનગીઓ બનાવીને લાવેલા. લગભગ ૭૦ જેટલી વાનગીઓનો સુંદર અન્નકૂટ રચાઈ ગયો. સૌએ સ્વામીશ્રીને આ સેવા અંગીકાર કરવા કહ્યું, ત્યારે તેઓ બોલ્યા : 'આરતીનો સમય થયો છે માટે પહેલાં આરતી કરી લઈએ.' એમ કહી સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના સિંહાસન પાસે પધાર્યા અને આરતી-અષ્ટકનું આહ્નિક પૂર્ણ કર્યું.

તેઓ સૌ સાથે ભળતા પણ ભગવાનથી અળગા થઈને નહીં, તે સૌએ આ પ્રસંગે જોયું.

આરતી બાદ પુનઃ યુવાસભામાં આવીને સ્વામીશ્રીએ સૌ યુવકોને ખોબો ભરી-ભરીને ખજૂર તથા ધાણીના ફગવા પ્રસાદરૂપે આપ્યા. ત્યારબાદ ભોજન-સામગ્રી પણ સૌને સારા પ્રમાણમાં પીરસી.

શહેરના વિલાસ વચ્ચે સ્વામીશ્રી વનનો વૈરાગ્ય પ્રગટાવી શકતા તેનો નમૂનો બની રહી આ જ્ઞાનગોષ્ઠિ. સ્વામીશ્રીની શક્તિનું તેમાં દર્શન હતું.

અન્યથા નાટારંગનાં નગારાંની ધણેણાટી વચ્ચે યુવાહૃદયમાં આવી જિજ્ઞાસાઓ જાગે ક્યાંથી? 'પાર્ટી કલ્ચર'ના જમેલામાં અન્નકૂટ કરવાનો વિચાર આવે ક્યાંથી? પણ સ્વામીશ્રીના સંગે આખેઆખી એક પેઢી ઊંચકાઈ રહેલી.

## એવું ન લખવું

તા. ૫/૩ના રોજ સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શને પધારેલા ત્યારે એકાદશીને અનુરૂપ આછી શોભા સંતોએ કરેલી. સ્વામીશ્રી તે જોઈ રહેલા ત્યારે એક સંતે સ્વરચિત શ્લોકનું ગાન શરૂ કર્યું. તેમાં તેઓએ સ્વામીશ્રીનું નામ ગૂંથેલું. પણ તે સાંભળી સ્વામીશ્રી તરત જ બોલ્યા: 'એવું ન લખવું. મહારાજનું નામ લખવું. તેથી સમાસ થાય.'

આ હતી તેઓની અહંશૂન્યતા અને પરાભક્તિ! નામ અને માનથી તો તેઓ સદા દૂર જ ભાગતા.

દર્શન બાદ સ્વામીશ્રી સીધા પારાયણમાં પધાર્યા. સૌ તેઓના મુખે કથામૃત પીવા આતુર હતા. સામે બેઠેલા પુરાણી 'વચનામૃત'ના ગ્રંથમાંથી કોઈ એક વચનામૃત વાંચવા માટે પાનાં ફંફોસી રહેલા ત્યાં જ સ્વામીશ્રી બોલ્યા: 'છેલ્લાનું (ગઢડા અંત્ય પ્રકરણનું) ૩૯મું કાઢો.'

તેઓના આ ઉદ્‌ગારો સાંભળી સામે બેઠેલા હર્ષદભાઈ હરખાઈ ઊઠ્યા. તેઓ આજે મનોમન સંકલ્પ જ કરી રહેલા કે 'સ્વામીશ્રી અંત્ય પ્રકરણના ૩૯મા વચનામૃત પર કથા કરે.' અને સ્વામીશ્રીએ તત્ક્ષણ તે સંકલ્પ પૂરો કરેલો.

આ કથા બાદ સ્વામીશ્રી સંગીત ગૅલેરીમાં નીચે પાથરેલી ગાદી પર પલાંઠી વાળીને સાડા દસ વાગ્યે કામકાજ માટે બિરાજ્યા તે છેક બપોરે સાડા ત્રણ વાગ્યે એ પલાંઠી છૂટેલી. ઉપવાસના દિવસે તેઓની કર્મઠતાની ધાર વધુ તીક્ષ્ણ થતી અનુભવાતી.

તેથી જ સાંજે ઠાકોરજીના ઉત્થાન પછી તેઓ મંદિરનું નિરીક્ષણ કરવા નીકળેલા. તે ક્રમમાં પુસ્તકોના સ્ટોર-રૂમમાં પધાર્યા. અહીં એક ગુજરાતી ટાઇપ-રાઇટર પડેલું. સંતોની વિનંતીથી તે યંત્ર દ્વારા સ્વામીશ્રીએ 'નારાયણસ્વરૂપદાસ' નામ ટાઇપ કરી, કાગળ પર જ નહીં, સૌનાં કાળજાંમાં પણ અમીટ સ્મૃતિ છાપી આપી.

## આ રમકડું ક્યાંથી મૂક્યું ?

તા. ૬/૩ની સવારે સ્વામીશ્રી નિત્યક્રમથી પરવારીને મંદિરમાં દર્શન કરવા આવ્યા ત્યારે ત્યાં કો'ક હરિભક્તે સ્વામીશ્રીની મૂર્તિ પ્રસાદીની કરાવવાના આશયથી સિંહાસનમાં મૂકેલી. પરંતુ તે જોતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'આ રમકડું ક્યાંથી મૂક્યું ? ઉઠાવી લો.' એમ કહી તે મૂર્તિ કઢાવી લીધી.

તેઓએ પોતાની મૂર્તિ માટે 'આ રમકડું ક્યાંથી મૂક્યું ?' એવો જે ટીકાત્મક ભાષાપ્રયોગ કર્યો તે જોઈ સૌ ચકિત જ થઈ ગયા !

જેમ મુશ્કેલીમાં પ્રાર્થના કરવી નથી પડતી, તે આપોઆપ થઈ જાય છે; તેમ અંતર અહંશૂન્ય હોય ત્યારે આવા શબ્દો શોધવા નથી પડતા, તે આપમેળે ફૂટી નીકળે છે !

એ શબ્દોનો પ્રવાહ દંડવત કરતાં કરતાં પણ સ્વામીશ્રી વહાવતા રહ્યા : 'આ વેવલાવેડા કહેવાય. મહિમા સમજવો તેની કોણ ના પાડે છે ? પણ આવું ન કરવું.'

આ રીતે દર્શન બાદ પ્રાતઃપૂજા, પારણાંથી પરવારી સભામાં જવા નીકળેલા સ્વામીશ્રીએ જોયું કે 'સંતો પૂરણપોળી બનાવી રહ્યા છે.' તેથી તેઓ તે બાજુ વળ્યા. સેવા એ તેઓનો મનપસંદ વિષય. તેથી તે જ્યાં દેખાય ત્યાં તેઓ ધસી જાય. તે મુજબ આજે રસોડામાં પહોંચી સ્વામીશ્રીએ સૌની સાથે બેસી આઠ-દસ પૂરણપોળી વણી કાઢી. ક્યાંયથી પૂરણ બહાર ન આવે તે રીતે, હળવા હાથે સુંદર ગોળાકાર પૂરણપોળીઓ તેઓએ કરી દીધી ત્યારે સૌ આશ્ચર્ય પામ્યા. જે કામ દસકામાં એક વાર માંડ કરવાનું આવે તેને પણ રોજિંદા કામમાં હોય તેવી ચીવટ, ચોકસાઈ અને ત્વરાથી સ્વામીશ્રી કરી દેખાડતા.

આમ, સૌને વિશિષ્ટ સ્મૃતિદાન કરીને તેઓ કથામૃત પીરસવા પધાર્યા.

સ્વામીશ્રીને મોટે ભાગે શીઘ્ર વક્તૃત્વની જેમ જ કથા કરવાની આવતી, કારણ કે ગ્રંથ વાંચનાર પુરાણી જે વચનામૃત વાંચે તે પર તેઓને કથા કરવાની થાય. છતાં તેઓ પોણો કલાક – કલાક સુધી અસ્ખલિતપણે કથા-પ્રવાહ વહેવડાવ્યા કરતા. આ વખતના મુંબઈના રોકાણમાં જ તેઓએ ચાલીસથી વધુ વચનામૃતોનું નિરૂપણ કરેલું. તે દરેકના વિષયવસ્તુ જુદા જુદા, પણ તોય તે દરેકની તલાવગાહી સ્પષ્ટતા સ્વામીશ્રીએ કરેલી. તે સમયે તેઓમાં કોઈ નિષ્ણાત શાસ્ત્રજ્ઞની ઝાંખી સૌને થઈ રહી.

સામાન્યતયા વક્તા વિષય પ્રત્યે સભાન (subject–concious) હોય છે. જે વિષય પર પોતે ખૂલીને બોલી શકે તેમ ન હોય તે વિષે બોલવાનું એ પસંદ નથી કરતો, કારણ કે તે પ્રતિષ્ઠા પ્રત્યે પણ સભાન (image concious) હોય છે. પરંતુ સ્વામીશ્રી પોતાને બોલવાના વિષયની પસંદગી અન્ય પર છોડતા અને તે વિષયને પણ અગાઉથી જાણી લેવાની કોઈ દરકાર ન ધરાવતા. જેમ જેમ વંચાતું જાય તેમ તેમ તે વિષે *'વણવિચારે પણ વાતું રે, આવે એના અંતરથી...'*ની જેમ તેઓની વાણી ઊઘડતી જતી અને સૌનાં અંતરદ્વાર ઉઘાડતી જતી. દુનિયામાં ભાગ્યે જ કોઈ ધર્મગુરુએ આવી રીતે વ્યાખ્યાનો આપ્યાં હશે !

## અક્ષર અનંત કળાએ ખેલે

મુંબઈમાં ચાલીસ દિવસના રોકાણ બાદ તા. ૬/૩ની બપોરે અઢી વાગ્યે સ્વામીશ્રીએ અટલાદરા જવા વિદાય લીધી. આ મુસાફરી માટે મોટી સુવિધાસજ્જ ગાડી સેવામાં આવેલી. તેમાં સ્વામીશ્રીને બેસવા માટે સાનુકૂળ આસન બનાવેલું. મુસાફરી થોડી આગળ વધ્યા બાદ તે આસન પર આરામ કરવા તેઓને વિનંતી કરવામાં આવી. પણ 'ચાલુ મોટરમાં નહીં ફાવે' એમ કહી તેઓ બેઠેલા જ રહ્યા.

સ્વામીશ્રીએ મોટરમાર્ગે હજારો કિલોમીટરનો પ્રવાસ ખેડેલો, પરંતુ વિશેષતા એ કે મુસાફરીમાં કદી તેઓ સૂતેલા નહીં. થાક, માંદગી, ઉજાગરા વગેરે હોય તોય ભરબપોરે કે મધરાતના આરામના સમયે થતી મુસાફરીમાં પણ તેઓની આંખ મીંચાઈ હોય તે દૃશ્ય દુર્લભ રહેલું.

તે અનુસાર આજે સ્વામીશ્રીને આમ બેઠેલા જોઈ સહપ્રવાસી સંતોએ પ્રશ્નોત્તરી શરૂ કરી. તેમાં પૂછ્યું કે 'અક્ષર અનંત કળાએ ખેલે એમ જે કહ્યું છે તે કેવી રીતે ખેલે ?'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'અક્ષરબ્રહ્મ એવા સમર્થ છે કે બીજા અનેક દ્વારા પોતાનું કલ્યાણ કરવાનું કાર્ય કરાવે છે. એટલે કે અનેક દ્વારા જીવોને કલ્યાણને માર્ગે ચડાવે છે. પણ જીવનું કલ્યાણ તો અક્ષર દ્વારા જ થાય છે. ભગવાન એકમાં રહી જીવનાં કલ્યાણ કરે. ગુણાતીત પુરુષ ગુણાતીત પુરુષને ઓળખાવે છે. જેમ શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજને ઓળખાવ્યા હતા.'

આ ખુલાસો આપ્યા બાદ સ્વામીશ્રીએ સંપ્રદાયના ઇતિહાસનો ચોપડો

ખોલી નાંખ્યો હોય તેમ, પુરાણા કાળની અશ્રુતપૂર્વ વાતો કરી સૌને ખૂબ આનંદ પમાડ્યો. કરોળિયાનાં જાળાંની જેમ એકબીજા સાથે ગૂંથાયેલા ઘટના-ક્રમોના એક-એક તારને છૂટો પાડી તેઓ એ રીતે વર્ણવવા લાગ્યા કે સૌ ઇતિહાસને જીવંત અનુભવી રહ્યા. વર્ષો પહેલાંના પ્રસંગોમાં પણ નામ-ઠામ કે ક્રમ-અનુક્રમમાં બારનું ચોથ થયા વિના સ્વામીશ્રીની વાતો અનવરત વહેતી રહી.

રસ્તામાં સમય થતાં તેઓ ગોડી, આરતી, અષ્ટક બોલ્યા. મીટિંગ હોય કે મુલાકાત, મંદિર હોય કે મુસાફરી, માંદગી હોય કે મહોત્સવ – સ્વામીશ્રીના આહ્નિકનો ક્રમ કદી તૂટતો નહીં. કોઈપણ સ્થળે અને કોઈપણ સંજોગોમાં તેઓ વનના એકાંતમાં હોય એટલી તલ્લીતનાથી ભજન-ભક્તિમાં જોડાઈ જતા. તે વખતે *'શ્યામ ચરન અહોનિશ અનુરાગી, લાગી સહજ સમાધિ...'*ની તેઓની સ્થિતિ વિશેષ પરખાતી.

આહ્નિક બાદ સેવકે ઠાકોરજીને સુખડી ધરાવી સ્વામીશ્રીને આપી. ત્યારે તેઓએ તે ગ્રહણ ન કરતાં ટકોર કરી કે 'થાળ આખો બોલો. શી ઉતાવળ છે ?'

ભક્તિમાં થતી ઉતાવળ સ્વામીશ્રીને હંમેશા કઠતી. થાળ, આરતી, પૂજા, પૂજનવિધિ વગેરે ક્રિયાઓ શાંતિથી અને ભક્તિથી કરવાના તેઓ આગ્રહી. તેમાં જે ઉતાવળ કરે તેને તેઓનો પુણ્યપ્રકોપ વહોરવાનો વારો આવ્યા વિના ન રહે.

આજે પણ તેઓના સૂચનથી સેવકો આખો થાળ બોલ્યા. તે પછી સુખડી, બાફેલી ખારી મગફળી અને સંચળવાળા ચણાનો પ્રસાદ સ્વામીશ્રીએ આરોગ્યો. આ જ રહ્યું તેઓનું સાંજનું ભોજન ! તે જમી રાત્રે સાડા બાર વાગ્યે તેઓ અટલાદરા પહોંચ્યા ત્યારે અહીં મધરાતે પણ ઘણા હરિભક્તો દર્શન માટે એકત્રિત થયેલા. તે સૌને પાંચ મિનિટ આશીર્વાદ પાઠવી એક વાગ્યે આરામમાં પધાર્યા.

## પ્રસાદી પાયખાનામાં

તા. ૭/૩ની સવારે સ્વામીશ્રીનું ક્ષૌરકર્મ ચાલી રહેલું. તે વખતે અટલાદરા મંદિરની ઇતિહાસપોથી ઉઘાડતાં સ્વામીશ્રીએ વાત કરી કે 'આ મંદિર છે ત્યાં પહેલાં હરિજનનાં ઘર હતાં અને આજુબાજુ ઉકરડા હતા. તે

જમીન મથુરકાકાએ મહેનત કરી લઈ આપેલી. તેઓનાં ઘરનાં કાશીબા ખરેખરાં ભક્તિભાવવાળા હતાં. તેઓના સંકલ્પે આ મંદિર થયું. બીજા એક મોતીભાઈ ખાસ હરિભક્ત હતા. તેમણે પણ આ મંદિર બાંધવામાં મદદ કરેલી. મંદિરના બાંધકામ વખતે શાસ્ત્રીજી મહારાજ અને સંતો ગામના મંદિરમાં રહેતા. પછી જૂના સંપ્રદાયના સંતોની ઉપાધિથી આ મંદિર પાછળના બીજા મકાનમાં રહ્યા હતા. શાસ્ત્રીજી મહારાજ દરેક મંદિરની શરૂઆતમાં પોતે ઊભા રહે ને પછી બીજાને કામ સોંપી દેતા.'

આમ, સ્વામીશ્રીએ સૌને ઇતિહાસમાં ડોકિયું કરાવ્યું. તે દરમ્યાન મુંડનવિધિ પણ પૂરો થયો. તેમાં છેલ્લે સ્વામીશ્રીની શિખા લાંબી હતી તે થોડી કાપીને વાળ ભેગી નાંખવામાં આવી. તે જોઈ શ્રીહરિદાસ સ્વામીએ લાંબો હાથ કરીને તે શિખાના કેશ લઈ લીધા. પણ તેઓની આ ક્રિયા સ્વામીશ્રીની ચકોર નજરથી અજાણી ન રહી. તેથી તેઓ તરત જ બોલ્યા: 'પાછા મૂકી દો. હું કહું છું.' એમ કહી તે કેશ પાછા મુકાવી દીધા અને પોતે જ જે વસ્ત્ર પર કેશ વેરાયેલા તે લૂગડું લઈ શૌચાલયમાં ગયા. ત્યાં બધા વાળ ખંખેરી નાંખ્યા.

શ્રીજીમહારાજની પ્રાસાદિક વસ્તુઓને જાળવવા સ્વામીશ્રીએ વિશાળ અને આધુનિક 'પ્રસાદી મંડપમ્' બંધાવેલા, પરંતુ પોતાની પ્રાસાદિક વસ્તુઓને તેઓ પાયખાનામાં પધરાવીને સંતોષ માનતા. જાતની આટલી અવગણના-અવહેલના તો કોઈ ભિખારીએ પણ નહીં કરી હોય!

## સાક્ષાત્ શાસ્ત્રીજી મહારાજ

અટલાદરાથી તા. ૭/૩ના રોજ બોચાસણ પધારેલા સ્વામીશ્રી મંદિરમાં દર્શન કરીને સભામંડપમાં લાભ આપી વયોવૃદ્ધ સંતોનાં દર્શન માટે નીકળેલા. તે ક્રમમાં ઘનશ્યામ સ્વામીના આસને આવ્યા. આ સંતના મંડળમાં સ્વામીશ્રી પોતાની કિશોર અવસ્થામાં વિચરેલા. તેથી બંનેની ઉંમરમાં ખાસ્સો તફાવત. છતાં આજે એ વડીલ સંતે ઊલટભેર વાત કરી કે 'આ પ્રમુખસ્વામી દ્વારા સાક્ષાત્ શાસ્ત્રીજી મહારાજ સત્સંગમાં વિચરણ કરે છે. માટે ઓળખી લેજો.'

સત્તા નહીં પણ સાધુતાની રૂએ સ્વામીશ્રીએ સૌનાં હૃદયમાં આવું આગવું સ્થાન જમાવેલું. તેથી જ તે આજે પણ અકબંધ રહ્યું છે.

સૌનો આવો પ્રેમ મેળવી સ્વામીશ્રી બોચાસણથી આજની સાંજે જ સારંગપુર જવા નીકળી રહેલા. તે વખતે એક હરિભક્ત નવી લૉરી(ટ્રક) લઈને

પૂજન કરાવવા માટે આવી પહોંચ્યા. સ્વામીશ્રીએ તેને ચાંદલા કર્યા. પુષ્પો પધરાવ્યાં. ત્યાં જ તે હરિભક્તે ઇચ્છા વ્યક્ત કરી: 'બાપા! આપ બેસીને લૉરી પ્રસાદીની કરો.' ઉતાવળ હોવા છતાં સ્વામીશ્રી તે ટ્રકમાં ડ્રાઇવરની બેઠક પર બિરાજ્યા અને ભક્તનો ભાવ પૂરો કરી સારંગપુર જવા નીકળ્યા.

ભક્તની નાનામાં નાની ઇચ્છાને પણ પૂર્ણ કરવી તેને સ્વામીશ્રીએ પોતાનું કર્તવ્ય માનેલું. ફૂલની અકેક પાંખડી કે કમોદના અકેક કણને ખીલવી-પકવી દેનારા તેઓ અનોખા માળી હતા.

## રસ્તાની વાતો

બોચાસણથી સારંગપુર જતાં રસ્તામાં જે જે ગામો આવતાં ગયાં તેને સ્વામીશ્રી સ્મૃતિસાંકળથી ગૂંથતા ગયા. લીંબાસી આવ્યું ત્યારે રસ્તા તરફની શાળા ચીંધતાં તેઓએ કહ્યું: 'યોગીજી મહારાજે અહીં પારાયણ કરેલું.'

આગળ જતાં વૌઠા આવ્યું. તેનો પણ મહિમા સમજાવતાં કહ્યું: 'અહીં સાત નદીઓ ભેગી થાય છે. સાબરમતીમાં ચાર નદીઓ ભળે છે અને વાત્રકમાં ત્રણ નદીઓ. તે બે નદીઓ અહીં ભેગી થાય એટલે સાત નદીઓનો સંગમ ગણાય છે.'

વૌઠા વટાવ્યું ત્યાં સીંજીવાડા આવ્યું. તેના અનુસંધાનમાં બોલ્યા: 'મહારાજ ગઢપુરથી વડતાલ આવતાં સીંજીવાડા રોકાયેલા તે વાત કીર્તનમાં લખેલ છે.'[૮૯]

આમ, સતત પ્રવાસમય સ્વામીશ્રી સતત સ્મૃતિમય પણ રહેતા. જેમ ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢથી વંથળીના માર્ગે ચઢ્યા કે તરત જ બોલ્યા હતા: 'જ્યારે જ્યારે આ માર્ગે ચાલીએ છીએ ત્યારે ત્યારે ભગવાન સાંભરી આવે છે; કેમ જે, મોટા મોટા સાધુ ને મહારાજ બહુ ચાલ્યા છે...'[૯૦] તે જ રીતે સ્વામીશ્રી પણ મુસાફરીમાં ભગવન્મય-ગુરુમય બનીને વિચરતા.

આ અરસામાં હોળીનો તહેવાર સામો આવતો હોવાથી ઠેર ઠેર ગામના નાકે છોકરાઓ ફાળો ઉઘરાવવા ઊભા રહેલા. વાહનોની ગતિ નાથવા અને

---

૮૯. *'મનવેગે ગાંફ જઈ રહ્યા રાત, સીંજીવાડે સ્વામી ગયા પરભાત; હાં હાં કરતાં વડતાલમાં ગઈ વાત... વાલમજી વે'લા વળજો ગઢપુર.'*

– સદ્. પ્રેમાનંદ સ્વામી

૯૦. સ્વામીની વાતો: ૩/૭૦.

મુસાફરો પાસેથી રકમ મેળવવા તેઓ માર્ગમાં પથરા-ઝાંખરાં નાંખતાં. કદાચ કો'ક લોંઠકો ચાલક આ વિઘ્નોને ન ગાંઠે ને વાહન પુરપાટ રાખે તો તેને થોભાવવા લાકડી, પથરા પણ હથિયારરૂપે હાથવગા રાખતા.

આજે આ ટપોરીઓ સાથે સ્વામીશ્રીને ભેટો થઈ ગયો. સ્વામીશ્રીની ગાડી ધીમી પડે એટલે તરત તેઓ દોડી આવી આસપાસ એકત્રિત થઈ જાય. સાથેના સંતો પોતાની 'ફક્કડ ગિરધારી'ની સ્થિતિ સમજાવે, પણ 'ટોળામાં બુદ્ધિ ન હોય' – એ ઉક્તિને સાચી ઠેરવતી એ ટોળકી ન સમજે. તેથી થોડી થોડી પ્રસાદી તેઓને અપાવતાં સ્વામીશ્રી રાત્રે સાડા નવ વાગ્યે સારંગપુર પધાર્યા. અહીં દર્શન બાદ તેઓ સભામાં બિરાજ્યા ત્યારે રસ્તામાં થયેલી હેરાનગતિની વાતો કરીને સૌને ખૂબ રમૂજ કરાવી.

મુશ્કેલીઓને પણ મોજ-મજાનો વિષય બનાવી આનંદ માણતા સ્વામીશ્રીને કોઈ પજવી શકે એમ નહોતું.

## ઈશક સવા શેર જોઈએ

તા. ૮/૩ તથા ૯/૩ના રોજ મંદિરના રંગમંડપમાં ઊજવાયેલા પ્રાગજી ભક્ત જયંતી અને ફૂલદોલના ઉત્સવોમાં સ્વામીશ્રીએ સૌને અક્ષરધામના સુખનો અનુભવ કરાવ્યો હતો.

આ સુખ કાયમ જળવાય તે માટે તેઓએ કથામૃત વરસાવતાં પણ કહ્યું કે – "શરીરને શ્રમ આપવો. સેવામાં વળગી પડવું. આળસ-પ્રમાદ ન રાખવાં. લોકમાં દેહ માટે શ્રમ કરે છે. આપણે ભગવાન અને સંત માટે શ્રમ કરવો. તરી ન જવું. બહાનું ન કાઢવું. સાત સમેલિયા થવું. સર્વગુણે સંપન્ન. બધામાં નિષ્ણાત. સેવા કરે તો મેવા મળે. શ્રમ કરે છતાં સરળ. 'આ કરો' તો તે કરવું. સેવામાં સરળતા જોઈએ. જરૂર પડે તેમાં ભળી જવું. એકલવાયું ન ખેંચાય. બળદ એકલવાયું ખેંચે તેને બળ પડે; પગ રોંટા પડે; ચાલવાનું સુખ ન આવે. બીજાને ખેંચાવું પડે. સૌ સાથે અનુકૂળ થવું. 'આ જ કરીશ' એમ નહીં. આપણા ગુરુએ તેવું કર્યું નથી. સેવામાં હઠાગ્રહ નહીં. પ્રસન્નચિત્તથી સેવા કરવી. 'આવી પડી' એમ નહીં. કચવાતા મને નહીં. કચવાતા મને કરે તેનું ફળ નહીં. ઉત્સાહથી કરે તે ભક્તિ થઈ ગઈ. મંડ્યા રહેવું રાત-દિવસ; તો ધીરે ધીરે અંગ વૃદ્ધિ પામે. અંગ પલટાઈ જાય તે ખબર ન પડે. હિંમતે મર્દા તો મદદે ખુદા. હિંમત હારે તો કામ ન થાય. સ્વામીએ હિંમતની વાત કરી કે

'વરતાલ સુધી સડક કરીએ.' તે બધે સડક થઈ ગઈ. ભગવાનના બળે થવાનું છે. જગતના કાર્યમાં આદું ખાઈ મંડ્યા છે. પાછા પડતા નથી. તો ભગવાન ભજવામાં કેમ પાછા પડવું? ઈશકવાળો શું ન કરે? ઈશક સવા શેર જોઈએ. અક્ષર-પુરુષોત્તમ જ્ઞાન પ્રવર્તાવવું છે. વિઘ્ન આવ્યાં તોય શાસ્ત્રીજી મહારાજે કાર્ય કર્યું છે. તેમનું કાર્ય આગળ ધપાવવું છે.''

## જ્યાં જુએ ત્યાં રામજી

તા. ૧૨/૩ની સવારે સ્વામીશ્રીને જાગવામાં અડધા કલાક જેટલું મોડું થઈ ગયેલું. તેઓ જાગ્રત થયા ત્યારે સામે સેવા કરવા સજ્જ થઈને ઊભેલા જગદીશ ભગતે મજાકમાં પૂછ્યું: 'સ્વામી! આજે મોડું થયું તે બ્રહ્માંડમાં ફરવા ગયા હતા કે શું?'

'હા' કહેતાં સ્વામીશ્રીએ પણ ગમ્મતનો દોર આગળ સરકાવ્યો.

ત્યારે તે ભગતે પૂછ્યું: 'બ્રહ્માંડમાં શું જોયું?'

'ભગવાન.'

*'જ્યાં જુએ ત્યાં રામજી, બીજું ન ભાસે રે...'* એ સિદ્ધદશાની વાત સ્વામીશ્રીના મુખેથી સરી પડી.

આમ, સર્વત્ર ભગવાનને જ જોતાં તેઓ સારંગપુરથી ગઢડા પધાર્યા.

અહીં લક્ષ્મીવાડીએ દર્શન કરતી વખતે તેઓએ શ્રીજીમહારાજને પહેરાવેલા ગુલાબના હારની પાંખડીઓ બ્રહ્મચારી પાસે માંગી. તે મળી એટલે સ્વામીશ્રીએ કહ્યું: 'આ પ્રસાદીની પાંખડીઓ હરિકૃષ્ણ મહારાજની પેટીમાં રાખી દેજો.'

ત્યારબાદ ચાર પ્રદક્ષિણા ફરીને ઉત્તર તરફની પ્રદક્ષિણામાં બિરાજ્યા અને ઠંડું પાણી ગ્રહણ કરતાં બોલ્યા: 'શાસ્ત્રીજી મહારાજના સમાધિસ્થાન પર આવું નાજુક, સુંદર, એક શિખરવાળું મંદિર કરવાનું હતું. તેને બદલે વાત-વાતમાં મોટું થઈ ગયું. બધાનાં મન મોટાં ને!' એમ કહી ઊઠેલા સ્વામીશ્રી અહીંથી ગુંદાળા જવા નીકળ્યા ત્યારે રસ્તામાં વાત કરી કે 'શ્રીજીમહારાજના સમાધિસ્થાન પર નિત્યાનંદ સ્વામીએ એક શિખરનું મંદિર તૈયાર કરી રાખેલું. પણ તેમાં વર્ષો સુધી મૂર્તિ પધરાવી ન હતી. શ્રીજીમહારાજના ધામમાં ગયા બાદ ૬૩ વર્ષે સં. ૧૯૪૯માં મૂર્તિઓ પધરાવી. મૂર્તિઓ ન પધરાવાય એવા વિરોધને લીધે એટલાં વર્ષ થયાં.'

સ્વામીશ્રી પાસે સાંપ્રદાયિક ઇતિહાસનો ખજાનો હતો. તેમાંથી એક પછી એક રત્નો વીણી-વીણીને તેઓ સૌને બતાવતા ત્યારે આ રત્નનો ઝળહળાટ અસ્મિતાથી અંતરને ભરી દેતો. ક્યારેક સંપ્રદાયને સમજવાની એક નવી દિશા ખૂલી જતી.

આ અનુભવ કરાવતાં સ્વામીશ્રી આજે ગુંદાળામાં શ્રીજીમહારાજે બાંધેલ માણકી ઘોડીના પ્રાસાદિક ખીલાનાં દર્શન કરી ઘોઘાસમડી પધાર્યા. અહીં તેઓએ જીવરાજભાઈના ઘેર ૧૨'x૧૫'ના ઓરડામાં નવ સંતો સાથે બપોરનો આરામ કર્યો!

## દેહાભિમાનીને જ્યાં જાય ત્યાં દુઃખ

ઘોઘાસમડીથી ગોંડલ પધારેલા સ્વામીશ્રીના વરદહસ્તે તા. ૧૪/૩ના રોજ ધામ-ધામી-મુક્તના ખંડમાં સુવર્ણ સિંહાસનનું ઉદ્‌ઘાટન થયું. ત્યારબાદ અલ્પાહાર કરીને યુવાસભામાં પધારેલા સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવતાં જણાવ્યું કે 'પાંદડે-પાંદડે ભજન કરાવવા માટે યોગીજી મહારાજે યુવક મંડળો કર્યાં છે. એક રુચિથી, ખેંચતાણ વિના આ સંકલ્પ પૂર્ણ કરવો.'

યુવાશક્તિ પર સ્વામીશ્રીને અપ્રતિમ વિશ્વાસ હતો. પાંદડે-પાંદડે ભજન કરાવવાના ગુણાતીતાનંદ સ્વામીના સંકલ્પની પરિપૂર્તિ માટે તેઓએ આ પેઢી પર ભરપૂર ભરોસો મૂકેલો.

યુવાસભામાંથી વડીલ સભામાં પધારેલા સ્વામીશ્રીએ અહીં ગઢડા અંત્ય પ્રકરણના ૩૮મા વચનામૃત પર કથારસ રેલાવતાં કહ્યું કે –

'ભગવાન સદા સાકાર છે. મનુષ્ય જેવા દ્વિભુજ છે. સત્ય છે. તે નાશ પામતા નથી. આપણો આકાર જન્મે, નાશ પામે તેમ ભગવાનને નથી. અક્ષરધામમાં છે તેવા જ પૃથ્વી પર અનંત જીવનાં કલ્યાણ કરવા આવે છે. તેઓ જતા નથી. છે, છે ને છે જ. માણસ વ્યવસ્થા કરતો જાય તો ભગવાન કલ્યાણ કરવા આવ્યા છે તે ન કરે? દેહાભિમાનીને જ્યાં જાય ત્યાં દુઃખ. અભિમાન હોય તો સેવા થાય નહીં. 'બોલાવ્યા, ચલાવ્યા નહીં' એમ ફેર પડી જાય. પણ અહીં જાનમાં આવ્યા છીએ? 'જાઓ, તમારી છોકરી નહીં લઈએ' એમ કહીએ છીએ? ત્રણ દા'ડા આવ્યા તો અગવડ-સગવડ ચલાવી લેવી. અગવડ થશે એટલે સમૈયે ન આવે. પણ વ્યાવહારિક કામમાં અગવડ નથી હોતી? ત્યાં ચલાવી લઈએ છીએ. તેમ મોટો લાભ સત્સંગનો જણાય તો વાંધો

ન આવે. જગતની મોટપ હોય ત્યાં દોડીએ. ગવર્નરની સભામાં ગયા તેનો પોરસ રહે. મોટો માણસ છે, ન બોલાવ્યા તો વાંધો નહીં. અનંત કોટિ બ્રહ્માંડના રાજા શ્રીજીમહારાજ છે. તેની પાસે જઈએ તે ન બોલાવે તેમાં શું? એમ સમજાય તો અભિમાન ન રહે. મૃત્યુલોક, ગુજરાત, રાજકોટ બ્રહ્માંડના નકશામાં જ ન આવે. એમ સમજાય તો વાંધો ન આવે.'

આમ, પ્રાપ્તિ અને તેને સાચવવાની રીતિ – બંને સ્વામીશ્રીએ સમજાવી દીધાં.

## એક દાણો પણ બગડવા દેવો નહીં

ગોંડલમાં સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન હરિભક્તો રોજેરોજ વિવિધ શાકભાજી ઠાકોરજી અને સ્વામીશ્રી માટે લાવતા. સંતો તેમાંથી સ-રસ શાક બનાવી ઠાકોરજીને ધરતા અને સ્વામીશ્રીને પણ જમાડતા.

એક વાર આ રીતે ભોજન અંગીકાર કરી રહેલા સ્વામીશ્રીએ સંતોને કહ્યું: 'આપણે ચાર-પાંચ શાક ન બનાવવાં. સાદું કરવું. અત્યારે દુષ્કાળને લીધે લોકોને ખાવા મળતું ન હોય ત્યારે આપણે આવો ઠઠારો ન શોભે. આપણે તો પેટ ભરવા જમવાનું છે. તો જે મળે તેનાથી ચલાવી લેવું. ઝાઝા સવાદ શું કામના?'

સ્વામીશ્રી સમાજની સાથે એકરસ થઈને જીવનારા હતા. તેથી તેઓ આજે બીજાનું દુ:ખ જોઈ પોતાનાં સુખ-સુવિધા પર કાપ મૂકી રહ્યા.

પરંતુ સંતોએ કહ્યું: 'સ્વામી! હરિભક્તો શાક લાવે તે ન કરીએ તો બગડી જાય.'

આ દલીલનું સમાધાન કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'ઠાકોરજી માટે કરવું અને પછી હરિભક્તોને પ્રેમથી જમાડી દેવા. આપણને તો સાદું જ આપવું. એક દાણો પણ બગડવા દેવો નહીં.'

સ્વામીશ્રીની કરકસર ઠાકોરજીને કદી કસણીમાં લેતી નહીં. અન્યથા ઘણી વાર વ્યક્તિને કરકસરનો કાંટો એવો ચઢી જાય છે કે તેને ભગવાન માટે જે કરવું ઘટે તેમાં પણ ખોટો બગાડ થતો લાગે. સમાજ-સેવાનું ભૂર એવું ચડી જાય કે પ્રભુસેવા ધતિંગ લાગવા માંડે; પરંતુ સ્વામીશ્રી જેનું જેટલું મહત્ત્વ હોય તેને યથાર્થ જાણતા અને ભગવાનને કદી ગૌણ થવા દેતા નહીં.

## થોડું કરવું પણ સારું કરવું

ગોંડલમાં તા. ૧૪/૩ની સાંજ સ્વામીશ્રીના સર્વતોમુખી નેતૃત્વની સાક્ષી બની રહી. આ સાંજે ચાર વાગ્યે તેઓ જાગ્રત થઈને પ્રથમ તો શાસ્ત્રીજી મહારાજના પ્રાસાદિક ઓરડે ભીંત પાસે રજાઈ પર બિરાજ્યા અને મૂર્તિ સામે એકદૃષ્ટ નીરખતાં ધ્યાન કર્યું. ત્યારપછી કોઠાર, દવાખાનાં વગેરે માટે બંધાતા નવા ઓરડાઓનું નિરીક્ષણ કરતાં કરતાં જરૂરી સૂચનો આપતા ગયા. ત્યાંથી યોગીજી મહારાજના સ્મૃતિસ્થાને જઈને દર્શન-દંડવત કર્યાં. તે પછી અત્રે પાણી પીવા માટેના નળ રાખવાની જગ્યા જોઈ. તેના ઉપરના ભાગમાં પ્લાસ્ટર હતું, તેને બદલે પથ્થરનું જ બાંધકામ કરવા આદેશ આપ્યો.

અહીંથી સંડાસનું બાંધકામ નજરતળે કરીને ગૌશાળામાં પધાર્યા. ત્યાં નવા ખરીદેલા બે બળદના મસ્તકે આશીર્વાદનો હાથ મૂક્યો. ભગવાનની સેવામાં જે આવે તે સ્વામીશ્રીની પ્રસન્નતાનો અધિકારી બને! ત્યારપછી ગાયો-ભેંસોનું નિરીક્ષણ કરીને ભરવાડને રહેવાનો ઓરડો પણ જોયો! તાજેતરમાં અહીં છાણ નાંખવા માટે તૈયાર થયેલા હોજનું નિરીક્ષણ કરીને પાણી માટે બનાવેલો બોર તપાસ્યો. ત્યાંથી નવી ધર્મશાળા પાસે નંખાયેલી પાણીની નવી પાઈપલાઈનનું બાંધકામ જોઈને અક્ષરઘાટ પર પધાર્યા. અત્રે સૌને માથે જળ ચઢાવી અક્ષર દેરીમાં પધારી સવાસો પ્રદક્ષિણા ફર્યા અને આરતી ઉતારી.

આમ, ભરવાડના ઓરડાથી માંડીને ભગવાનના ગર્ભગૃહ સુધીની બારીક દેખરેખ રાખતાં સ્વામીશ્રી ધ્યાન, આરતી, પ્રદક્ષિણા જેવી ભક્તિ ભૂલતા નહીં.

તેઓની આ કોમળતા અને કુશળતા પર વારી જતાં એક દિવસ એક વિખ્યાત વિવેચક બોલેલા: 'આદરણીય પ્રમુખસ્વામીજીને જ્યારે જ્યારે મળવાનું બને ત્યારે સંતની વ્યાખ્યા મનોમન સ્ફુરે છે. સંત કોને કહેવાય? જવાબમાં ત્રણ બાબતો જડી છે. જેની પાસે નાનામાં નાના કામ માટે સમય હોય, જેના હૃદયમાં નાનામાં નાના માણસ માટે નિરપવાદ કરુણા હોય, જેનું પ્રત્યેક કર્મ પ્રભુપ્રીત્યર્થે થતું હોય તે સંત કહેવાય. કંઈક આવા ભાવ સાથે આદરણીય પ્રમુખસ્વામી મહારાજને 'સંત' કહેવાનું મન થાય છે.'

સંતની પ્રાચીન કે અર્વાચીન, કોઈપણ વ્યાખ્યામાં બંધ બેસે તેવા

સ્વામીશ્રી હતા.

તેઓ સમક્ષ આજની રાત્રિસભામાં યુવકોએ વિવિધભાષી પ્રવચનો રજૂ કર્યાં. સ્વામીશ્રી પત્રો વાંચતાં-લખતાં વચ્ચે વચ્ચે દૃષ્ટિ કરી તે સૌને પ્રેરણા પિવડાવતા રહ્યા. અંતે યુવકોને આશીર્વર્ષાથી ભીંજવતાં કહ્યું :

'અંતરની ભક્તિથી જ ભગવાન રાજી થાય છે. ઉપરની ભક્તિથી કોઈનું ચાલ્યું નથી. તેમાં આપણે છેતરાવાના, ભગવાન નહીં. થોડું કરવું પણ સારું કરવું. સચોટ કરવું. જ્યાં આવ્યું ત્યાં ભક્તિ કરવી. સારા મહેલમાં કરવી એમ નહીં. ઝાડ નીચે પણ કરવી. રાજ મળે ત્યાં નહીં. ઝૂંપડાંમાં પણ કરવી. સંતોએ ઝાડ નીચે બેસીને સત્સંગ કરાવ્યો. રસ્તામાં કરાવ્યો. સત્સંગ કરાવવો તે ધ્યેય. ભજન જ કરવું છે તેને સ્થાનની મહત્તા નથી. લોકો જાણે તે નહીં. પોતાની બડાઈ વધે તે દૃષ્ટિ નહીં. મોટાપુરુષ રાજી થાય તે જ દૃષ્ટિ રાખવી. ભગવાન રીઝવવા તાન છે તે સુખિયા થઈ ગયા. માટે સાચી ભક્તિ કરવી. સહન કરવું પડે પણ અંતે ભગવાન રાજી થાય. ભક્તિભાવ જોવા ભગવાન દુઃખ મૂકે. ભગવાન સિવાય આશરો ન થાય તો શાંતિ કરી દે.'

સ્વામીશ્રીએ આજે ટૂંકા વાક્યોમાં ઘણું કહી દીધું.

## દયા આણી અતિ આકળા થાય

હવે સ્વામીશ્રી ટૂંક સમયમાં પરદેશના પ્રવાસે પધારવાના હોવાથી ગુરુકુળમાં 'બડા ખાના' નું આયોજન કરવામાં આવેલું. તે અંતર્ગત સ્વામીશ્રી, સંતો અને વડીલ હરિભક્તોએ સાયં ભોજન ગુરુકુળમાં જ લેવાનું હતું. આ નિમિત્તે બનાવેલાં ગુલાબજાંબુ સર્વ વિદ્યાર્થીઓને બપોરના ભોજનમાં જ જમાડી દીધેલાં; જેથી સાંજે સ્વામીશ્રીની વ્યવસ્થામાં પૂરતું ધ્યાન આપી શકાય.

આ કાર્યક્રમ મુજબ સાયંકાળે નિયત સમયે સ્વામીશ્રી ગુરુકુળમાં પધાર્યા ત્યારે કાર્યવાહકો તેઓને જમવાના સ્થાન તરફ દોરવા લાગ્યા. પણ સ્વામીશ્રીએ કહ્યું : 'મુક્તો શું જમે છે તે દર્શન કરી આવીએ.' આટલું કહેતાં ૫૩ વર્ષીય ધર્મગુરુ બાળશિષ્યોનાં 'દર્શન' કરવા તેઓની ભોજનશાળામાં પધાર્યા !

સ્વામીશ્રીને જોઈ બાળકોને તો મેવા-મિષ્ટાન્નની મિજબાની ગોઠવાઈ ગઈ હોય તેટલો આનંદ થઈ ગયો. સૌએ આનંદની કિકિયારીઓથી ભોજનખંડ ગજવી મેલ્યો. જો કાર્યકર્તાઓએ તેઓને રોકી રાખ્યા ન હોત તો તેઓ અધૂરાં

ભાણાં મૂકી સ્વામીશ્રી પાસે દોડી આવત એટલાં એ ઘેલાં ઘેલાં થઈ ગયેલાં.

પણ સ્વામીશ્રી જરા ખિન્ન થઈ ગયા. બાળકોની થાળીઓમાં પૂરી, શાક, કઢી, ખીચડી વગેરે હતું પણ મોં મીઠું કરે તેવું કશું તેઓને દેખાયું નહીં. તેથી એક કાર્યવાહકને પૂછ્યું: 'અમારે મિષ્ટાન્ન ને આ મુક્તોને ફક્ત પૂરી?'

'બાપા! બાળકોને સવારે દઈ દીધું છે.'

'અત્યારેય આપો. આપણે જમીએ ને તેઓ ન જમે તે કેવું લાગે?'

'પણ બાપા! બાળકોને જો ફરી પીરસીશું તો કદાચ ખૂટી જશે.' કાર્યકર્તા તરફથી ભીતિ વ્યક્ત થઈ.

પરંતુ સ્વામીશ્રી આ ભયને તાબે ન થયા. તેઓએ એ 'મુક્તો'ને ફરી મિષ્ટાન્ન પીરસાવ્યું. ગુલાબજાંબુ સાથે સ્વામીશ્રીની મમતા મમળાવવા લાગેલાં એ બાળકો ઘડીભર પોતાની સગી માને પણ ભૂલી ગયાં.

આવા દયાળુ સ્વામીશ્રી ગોંડલથી જાયવા, ભાદરા થઈને તા. ૧૬/૩ની સવારે સવા દસ વાગ્યે રાજકોટ આવી પહોંચ્યા. અહીં પ્રથમ કૃષ્ણજી અદાની દેરીએ દર્શન-દંડવત કરીને જલપાન કર્યું. પછી સૌને મગફળી, સાકરનો પ્રસાદ વહેંચ્યો. સૌને પ્રસાદી જમાડવાનો તેઓને ખૂબ ઉમંગ રહેતો. જમીને નહીં, પણ જમાડીને તૃપ્તિના ઓડકાર ખાનારા તેઓ હતા.

આ રીતે અહીં બિરાજેલા સ્વામીશ્રીની નજર અચાનક થોડે દૂર આવેલી આજી નદીના કિનારે ગઈ. ત્યાં ફરતાં કેટલાંક ગરીબ બાળકોને જોઈ તેઓનું હૈયું દ્રવી ઊઠ્યું. તેઓએ તરત જ જે કાંઈ પ્રસાદ પાસે બચેલો તે તમામ પેલાં બાળકોને બોલાવી વહેંચી દીધો.

તેઓ કોઈનુંય દુઃખ જોઈ શકતા નહીં. *'અન્ન, ધન, વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે; કરુણાદૃષ્ટિ રે, દેખી વાન જ વાળે...'*ની જેમ એ દુઃખ કાપવા તત્પર થઈ જતા.

ગરીબ બાળકોની આંતરડી ઠારીને સ્વામીશ્રી મંદિરે આવી પહોંચ્યા. અત્રે મંદિરના ઉપલા માળે યુવકોએ તૈયાર કરેલા પુસ્તકાલયનું ઉદ્‌ઘાટન કર્યું. આ વિધિ વખતે સ્વામીશ્રીએ દરેક માસિક, પુસ્તકનું પૂજન કરીને પુસ્તકોની આરતી ઉતારી! દુનિયામાં સદ્‌વાંચનની પ્રવૃત્તિને આટલો આદર વિશ્વના કોઈ સાહિત્યપ્રેમીએ નહીં આપ્યો હોય! સ્વામીશ્રીની પ્રત્યેક પ્રવૃત્તિમાં કંઈક વિશેષ ઊંડાણ રહેતું.

## વાત એક રાતની

રાજકોટથી સ્વામીશ્રી બપોરે સાડા ત્રણ વાગ્યે નડિયાદ જવા નીકળ્યા, પરંતુ આ યાત્રાએ કંઈક જુદો જ મિજાજ બતાવવો શરૂ કર્યો. જે ગાડીમાં મુસાફરી થઈ રહેલી તેનું મશીન તાપને લીધે ગરમ થઈ જતું હોવાથી તેની મરામત માટે ગાડી ગૅરેજમાં મોકલેલી, છતાં રસ્તામાં તે ખોટકાઈ. જે ખામી હતી તે દૂર થઈ ત્યાં લીંબડી પાસે ફરી તેણે પોત પ્રકાશ્યું. તેથી સ્વામીશ્રી ગાડીમાંથી ઊતરીને એક ઓટલા પર બેઠા. હરિભક્તો ક્રમશઃ દર્શન કરવા આવવા લાગ્યા. 'ગાડીને ગૅરેજમાંથી આવતાં વાર લાગશે' તેવા સમાચાર આવતાં, સ્વામીશ્રી લીંબડીના મંદિરે જઈ સૌને કથાવાર્તાનો લાભ આપી આવ્યા, છતાં ગાડી હજી સમી-સાજી થઈ નહોતી. તેથી સ્વામીશ્રી ગૅરેજ પાસે આંબલીના ઝાડ નીચે લોખંડની ફૉલ્ડિંગ ખુરશી પર બિરાજ્યા. સામે પંદર-વીસ હરિભક્તો બેઠા હતા. તે વખતે તેઓએ *'હરિગુણ ગાતાં...'* કીર્તનના આધારે કથા ઉપાડી.

તેઓની અમૃતધારાને કોઈ આરા-ઓવારાનાં બંધન નહોતાં. તેથી આજે તેનાં નીર ગૅરેજના ઘાટે ખળકવાં લાગ્યાં. સંખ્યા, સમય, સ્થળ, સંજોગ, સુવિધા વગેરેથી નિરપેક્ષ રહીને સ્વામીશ્રીએ જે કથામૃત વહેવડાવ્યું છે તેના સામે છાબડે કોઈથી બેસાય તેમ નથી.

મોટરની મરામત થઈ ત્યાં સુધી તેઓએ કથા સંભળાવીને સૌના આત્માની માવજત કરી લીધી. છેવટે ડાયનેમો તૈયાર થતાં સ્વામીશ્રી નીકળ્યા. નડિયાદ પહોંચવાના સમયે તો હજી તેઓ લીંબડીમાં હતા!

અહીંથી દોઢેક કલાક સુધી મુસાફરી ઠીકઠાક ચાલી. તે દરમ્યાન સ્વામીશ્રીએ ચેષ્ટાગાનનું આહ્નિક પૂર્ણ કર્યું. પણ પોણા બાર વાગ્યે બાવળા પાસે ગાડી ફરી બગડી. રાત્રિભોજનને તો ગાડીની ખોટકામણે ક્યારનું હડફેટે ચડાવી દીધેલું. હવે તે રાત્રિના આરામને પણ કચડી રહેલી. બાવળામાં ગાડીની મરામત કરવામાં ઘણો સમય વીત્યો. રાત્રે લગભગ એક વાગ્યે મુસાફરી પુનઃ શરૂ થઈ. સવા બે વાગ્યે સ્વામીશ્રી નડિયાદ પહોંચ્યા.

પણ અહીં તો આશ્ચર્ય! મધરાતના આ પ્રહરમાં ત્રણસો જેટલા હરિભક્તો સ્વાગતની રાહ જોઈને બેઠેલા. કેટલાક તો સમી સાંજે છ વાગ્યાના આવી ગયેલા. તેઓને ભોજન પણ બાકી હતું. પરંતુ સ્વામીશ્રીનાં દર્શન થતાં

જ *'નિરખી તમને નાથજી, મારી ભૂખલડી ભાંગે...'* જેવો ઘાટ થઈ રહ્યો. સૌએ સ્વામીશ્રીને ભાવપૂર્વક સત્કાર્યા. સ્વામીશ્રી પણ જમનાદાસ અમીનના બગીચામાં બેઠા. નાનકડી સભા યોજાઈ ગઈ. તેમાં સૌને આશીર્વાદ પાઠવીને તેઓ આરામમાં પધાર્યા ત્યારે ભીડાભક્તિના ભોગી સ્વામીશ્રીને ત્રણ તાળીનું સન્માન આપતી હોય તેમ ઘડિયાળે ત્રણ ટકોરા વગાડ્યા !

ભક્તો માટે સ્વામીશ્રી આવી કૈંક રાતો રગદોળતા રહેલા ! અહીં તો માત્ર એક રાતની જ વાત છે.

## આજે પણ સાથે ને સાથે

રાત્રે ત્રણ વાગ્યે સૂતેલા સ્વામીશ્રી બીજે દિવસે સવારે સાત વાગ્યે તો પ્રાતઃપૂજા માટે બિરાજી ગયેલા ! ભક્તો રાજી થાય તેમાં જ જાણે તેઓને આરામ હતો.

પૂજા બાદ સભા, અલ્પાહાર કરીને સ્વામીશ્રીએ બોચાસણ તરફ પ્રયાણ કર્યું. તે માટે ગાડી આણંદના રસ્તે દોડવા માંડી. તે જોઈ સ્વામીશ્રીએ – 'પીપલગ આગળ હરિભક્તો ઊભા રહેવાના હતા, તો ગાડી આ રસ્તે કેમ લીધી ?' એમ કહી ગાડી પાછી લેવડાવી અને પીપલગ પહોંચ્યા. અહીં ગામની ભાગોળે રસ્તાની બાજુમાં ઝાડ નીચે ખુરશી પર બિરાજ્યા. સૌએ હારતોરા-પૂજન કર્યાં. આમ, સૌને રાજી કરીને તેઓ બોચાસણ પહોંચ્યા.

સ્વામીશ્રી જે રસ્તેથી પસાર થવાના હોય તે રસ્તે હરિભક્તો દર્શન માટે ઊભા રહી જતા. કો'ક હાર લઈને તો કો'ક ઠંડું પાણી-શરબત લઈને ! આ હરિભક્તોના ભાવને સ્વામીશ્રી મારતી મોટરનાં પૈડાં તળે કદી કચડાવા દેતા નહીં.

તે અનુસાર બોચાસણથી તેઓ મહેળાવ થઈને વરતાલ આવ્યા. અહીં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સમક્ષ તેઓ બોલ્યા: 'શાસ્ત્રીજી મહારાજ આ મૂર્તિને પ્રાર્થના કરી નીકળેલા કે 'અખંડ સાથે રહેજો.' તે આજે પણ સાથે ને સાથે ફરે છે.'

*'એવા હરિજનથી ક્ષણ નહીં અળગો...'*ની રીત મુજબ શ્રીજીમહારાજ તેઓ દ્વારા વિચરી રહ્યા છે તે વાત સ્વામીશ્રીએ જણાવી દીધી.

આ રહસ્યસ્ફોટથી સૌને આનંદ પમાડતાં તેઓ વરતાલથી ડભાણ, જેતલપુર થઈને રાત્રે સવા આઠ વાગ્યે અમદાવાદના મંદિરમાં પ્રવેશ્યા ત્યારે

તેઓનો આજનો ક્રમ આવો રહેલો –

નડિયાદમાં મંગળા આરતી, બોચાસણમાં રાજભોગ આરતી, મહેળાવમાં સાંજે ચાર વાગ્યા પછીના ઉત્થાન-દર્શન, ડભાણમાં સંધ્યા આરતી અને અમદાવાદમાં શયન આરતી! સ્વામીશ્રીએ એક દિવસમાં નવ ગામ ખેડી નાંખેલા!

સ્વ-અર્થ સિદ્ધ કરવા માટે તો સૌ ઊડાઊડ અને દોડાદોડ કરે છે, પરંતુ કોઈ જ અપેક્ષા વિના નિઃસ્વાર્થભાવે સ્વામીશ્રીએ કરેલું વિચરણ તેઓને કાયમ માટે અમર અને અજોડ રાખે તેવું છે.

## દીનબંધુ દયાના છો સાગર

અમદાવાદમાં સ્વામીશ્રીનું આગમન અચાનક ગોઠવાયેલું, પણ તે અલૌકિક સાબિત થઈ રહ્યું. તેઓના આ આકસ્મિક આગમનમાં હજાર ઉપરાંત ભક્તો એકત્રિત થઈ ગયા હતા. આ સંખ્યા કરતાંય તેઓએ દર્શન માટે જે સાહસ ખેડેલું તે અનન્ય હતું. તે વખતે અમદાવાદમાં આંદોલનની આગ ભભૂકી ઊઠેલી. તેને કાબૂમાં લેવા કરફ્યુનો કોરડો વીંઝવામાં આવતો હતો. રાત્રિના અગિયાર વાગ્યાથી આ સંચારબંધી લાગુ પડી જતાં આખું શહેર સૂમસામ બની જતું. છતાંય આટલી મોટી સંખ્યામાં ભક્તો રાત્રે આઠ વાગ્યે દર્શન માટે દોડી આવેલા. તેઓને ડર નહોતો કે દર્શન કરીને પાછા વળતાં કરફ્યુનો અમલ શરૂ થઈ ગયો હશે અને આપણે તેમાં પકડાઈને દંડને પાત્ર ઠરીશું તો?! જેમ લોકલાજને નેવે મૂકીને ગોપીઓ દર્શન માટે દોડી જતી, એમ *'બા'રી કાઢી જગતની બીક...'* કરીને આજે સૌ દર્શન માટે ધસી આવેલા. તેમાં સ્વામીશ્રીના આકર્ષણનો પરિચય હતો.

સ્વામીશ્રીએ પણ મંદિરમાં આરતી ઉતાર્યા બાદ સ્નેહ અને શૂરતાના પ્રતીક સમા આ ભક્તો પર આશીર્વાદનું અમૃત છાંટતાં કહ્યું: 'આપણને થાય કે ભગવાન આવ્યા ને દુઃખ કેમ રહે છે? પણ શ્રીરામ વગેરે અવતાર થયા તોય દુઃખ આવ્યાં છે. તે મટવાનું નથી. શાસ્ત્રો શીખવે છે કે 'સંકટોનો સામનો કરવો.' ભગવાન અને મોટાપુરુષ વિઘ્નો સામે ટકી રહેવાનું શીખવે છે. તેઓ બળ, પ્રેરણા આપે છે તો ટકાય છે. દુઃખ ટાળવા કહે, પણ આપણે દુઃખ સહન કરવાં. ભજનનું સુખ લઈ લેવું. ભજન કરી લેવામાં માલ છે. શાંતિથી દર્શન કરીને ઘરભેગા થઈ જજો.'

આમ, સ્વામીશ્રીએ સૌને સહીસલામત ઘેર પહોંચી જવાની ભલામણ કરી પણ તેઓ તો આશીર્વાદ આપીને સીધા જ સુપરિન્ટેન્ડન્ટ એન્જિનિયર લાલજીભાઈ ચૌહાણની ખબર-અંતર પૂછવા માટે સિવિલ હૉસ્પિટલે જવા તૈયાર થઈ ગયા !

પરંતુ ગઈકાલની મુશ્કેલીભરી મુસાફરી, રાત્રિનો ઉજાગરો, આજની આખા દિવસની હાડમારી, કરફ્યુનો અમલ શરૂ થવાની આડે માત્ર દોઢ કલાક જ બાકી અને રાત્રિભોજન લેવાનું પણ બાકી જોતાં સૌએ સ્વામીશ્રીને જણાવ્યું: 'આવતીકાલે સવારે હૉસ્પિટલમાં જવાનું રાખો તો સારું.'

પણ 'ના, હાલ જ જવું છે,' બોલતાં સ્વામીશ્રી નીકળી પડ્યા.

ભગવાનનાં દર્શન કરવામાં અને ભક્તોની સંભાળ લેવામાં તેઓને વિલંબ કદી પરવડતો નહીં. થાક, શ્રમ, ભોજનને હડસેલો મારીને તેઓ બીમાર ભક્તના ખાટલે જઈને બેઠા ત્યારે દર્દી તો સ્વામીશ્રીની આ કરુણાથી અવાક્ જ થઈ ગયા. તેઓને મળીને સ્વામીશ્રી રાત્રે સાડા દસ વાગ્યે મંદિરે આવ્યા અને માત્ર ઉકાળો અંગીકાર કરી આરામમાં પધાર્યા.

## નહીં ઉધારાની એકે વાત રે

તા. ૧૮/૩ના રોજ જૂના સ્વામિનારાયણ મંદિરે પહોંચેલા સ્વામીશ્રીને બ્રહ્મચારીએ કોળી મંડપમાં પધરાવી દર્શન કરાવ્યાં. તેથી પ્રસન્ન થઈ સ્વામીશ્રી બોલ્યા: 'આટલાં વર્ષોમાં પહેલી વાર અંદર આવી દર્શન કર્યાં.'

બ્રહ્મચારીએ ઠાકોરજીના પ્રાસાદિક હાર પહેરાવીને પણ સ્વામીશ્રીને સન્માન્યા. આ હારની પાંખડીઓ સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજની પેટીમાં સાચવી રાખવા કહ્યું.

અમદાવાદથી સાંકરી પધારેલા સ્વામીશ્રીએ રાત્રે સભા બાદ ઉતારે આવ્યા ત્યારે સંતોને પૂછ્યું: 'ચેષ્ટા બોલ્યા ?'

'હા, બાપા ! એ તો પૂરી થઈ ગઈ.'

'પૂરી થઈ કે રોટલી ?' એમ કહી તેઓએ આનંદ કરાવ્યો. પણ સાથે ટકોર કરી કે 'બધાએ ભેગા મળી ચેષ્ટા બોલવી, જેથી સંભળાય.'

ચેષ્ટા ચૂકી ગયાનો રંજ તેઓના આ સૂચનમાં હતો. તે ખેદ ત્યારે જ ટળ્યો જ્યારે પોતે ચેષ્ટા બોલીને રાત્રે બાર વાગ્યે સૂતા. ભક્તિમાં ઉધારી સ્વામીશ્રીને મુદ્દલ પસંદ નહીં.

## સદા સરળ

સ્વામીશ્રીની તૃતીય વિદેશ-ધર્મયાત્રાનો તખ્તો હવે ઘડાઈ ચૂકેલો. તા. ૨૯/૩નો દિવસ પ્રસ્થાન માટે નિશ્ચિત થઈ ગયેલો. તે માટે સ્વામીશ્રી તા. ૨૧/૩ની રાત્રે પોણા બાર વાગ્યે મુંબઈ પધારી ગયા.

અહીં તા. ૨૩/૩ની સવારે પ્રાતઃપૂજા બાદ તેઓ પારાયણ માટે પાટ પર બિરાજેલા. તે વખતે 'વચનામૃત' વાંચનારા પુરાણી નીચે બેઠેલા. તેથી સ્વામીશ્રીએ તેઓને બેસવા માટે ગાદી-રજાઈ મંગાવી. તેને વક્તાના આસનની જેમ વ્યવસ્થિત ગોઠવાવી અને તે પર પુરાણીને બેસાડ્યા બાદ કથા વાંચવાની શરૂઆત કરાવી.

પુસ્તક – પુરાણીનો મલાજો સ્વામીશ્રી ઘણો જાળવતા. જો કોઈએ પુસ્તક ભોંય પર મૂક્યું તો તરત જ તેઓની ટકોર આવી પડે કે 'આમ નીચે પુસ્તક ન મુકાય. ખોળામાં રાખો.' આવી નાની-શી બાબતોમાં પણ તેઓની ઝીણી ચીવટ જોઈને ખ્યાલ આવતો કે તેઓના જીવનમાં કદી યાંત્રિકતા પ્રવેશી નથી. તેઓ ગ્રંથને ભગવાનના સ્વરૂપ તરીકે અને પુરાણીને વ્યાસતુલ્ય જ જોતા.

આવી મહિમાદૃષ્ટિ સાથે તેઓએ તા. ૨૫/૩ થી ૨૭/૩ દરમ્યાન મુંબઈની આસપાસ વસેલાં ગામોમાં વિચરણનો કાર્યક્રમ ગોઠવેલો. તેના પ્રથમ ચરણમાં વિક્રમગઢ પહોંચવાનું હતું. તે માટે સ્વામીશ્રી સવારે પ્રાતઃપૂજા વગેરેથી પરવારીને માથે પાઘ મૂકી ઠાકોરજીનાં દર્શન કરવા પધાર્યા ત્યારે કેટલાક હરિભક્તોએ તેઓ સમક્ષ પ્રસ્તાવ મૂક્યો કે 'બાપા! વચનામૃતની કથા કરીને લાભ આપો.' સ્વામીશ્રી નીકળવાની ઉતાવળમાં હતા છતાં તેઓએ ભક્તોની આ ભાવના સ્વીકારી અને માથેથી પાઘ ઉતારીને કથા કરવા બિરાજ્યા!

ટાણાં-કટાણાં જોયા વિના ભક્તો માંગણી મૂકતા અને સ્વામીશ્રી તે પૂરી કરતા. તેઓ માટે રોજ ગવાતું *'શોભો સાધુગુણે 'સદા સરળ'...'* ચરણ તેઓ રોજ જીવતા હતા.

આવા ગુરુને વિક્રમગઢના ભક્તોએ પ્રેમપૂર્વક વધાવ્યા. તેઓનો સત્કાર ઝીલી ઠાકોરજી જમાડવા બિરાજેલા સ્વામીશ્રીએ એક સંત પાસે પાણી મંગાવ્યું. તે સંતને થયું કે 'સ્વામીશ્રીને જલપાન કરવું છે.' એટલે તેઓ ઠાકોરજીને ધરાવેલું પાણી લઈ આવ્યા. પણ સ્વામીશ્રીને તો હાથ ધોવા હતા. તેથી તેઓએ કહ્યું : 'હાથ ધોવાના છે.'

તેઓના આ વાક્યમાં બીજું પાણી લઈ આવવાનો સંકેત હતો, પણ તે સમજ્યા વિના પેલા સંત તો જે પાણી લાવેલા તે વડે જ હાથ ધોવરાવવા ગયા. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'ઠાકોરજીને ધરાવેલા પાણીથી હાથ ન ધોવરાવવા; પણ બીજા પાણીથી ધોવરાવવા.'

ભક્તિના સ્થૂળ-સૂક્ષ્મ એકેય વિવેકમાં તેઓએ કદી થાપ ખાધી નહોતી.

## રસપ્રદ અને સંદેશપ્રદ

વિક્રમગઢમાં એક દિવસના રોકાણ દરમ્યાન સભાલાભ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

"શાસ્ત્રોમાં વાત છે પણ હાથ ન આવે. સમુદ્રમાં મોતી છે પણ હાથમાં ન આવે. મોટાપુરુષ બતાવે તો ખજાનો હાથ લાગે. શાસ્ત્રની વાત અનુભવી પુરુષો સમજાવે છે.

એક મોટા શેઠ હતા. તેઓના ગયા પછી છોકરાઓએ વેપાર ચાલુ રાખ્યો, પણ ખોટ આવી. નિર્વાહ ચલાવવો મુશ્કેલ થઈ ગયો. તેથી વિચાર્યું કે 'લાવો ચોપડા જોઈએ. ઉઘરાણી બાકી હોય તો કામમાં આવે.' ચોપડા તપાસ્યા તો એવી વાત વાંચવામાં આવી કે 'મહાદેવના શિખરનાં ઈંડાંમાં લાખ રૂપિયા દાટ્યા છે.' તેથી રાત્રે તે શિખર પાડવા ઊપડ્યા, કારણ કે દિવસે તો પડાય નહીં. એટલે રાત્રે પાડ્યું પણ રૂપિયા મળ્યા નહીં. પછી કોઈ ડાહ્યા માણસને પૂછ્યું ત્યારે તેણે કહ્યું: 'બાપ ખોટું ન લખે.' તેણે ચોપડા જોયા. તેમાં અમુક દિવસે અમુક સમયે દાટેલું છે તેની વિગત લખેલી. તે વાંચીને પેલા ડાહ્યા માણસે કહ્યું: 'શિખર જેવું હતું તેવું કરી દો. સમય આવશે ત્યારે બોલાવીશ.' પછી ચોક્કસ સમયે પેલા માણસે બધાને બોલાવ્યા અને શિખરનાં ઈંડાંનો પડછાયો જ્યાં પડ્યો ત્યાં જમીન ખોદાવી તો લાખ રૂપિયા મળ્યા.

તેમ શાસ્ત્રોની વાતો પોતાની મેળે સમજે તો કલ્યાણ ન થાય. સંત મળે તો તે સમજાવે અને કલ્યાણ કરે."

સ્વામીશ્રીની આ રસપ્રદ અને સંદેશપ્રદ વાણી સાંભળી નગરવાસીઓ ખૂબ રાજી થયા. આ નગરમાં મરાઠી ભાઈઓની વસ્તી ઘણી. તેથી રાત્રે બાર વાગ્યે સભા બાદ તેઓની ભજન-મંડળીઓએ અભંગ લલકારવા શરૂ કર્યાં. સ્વામીશ્રી તેઓની ભક્તિ સ્વીકારતાં રાત્રે પોણા બે વાગ્યા સુધી બેસી રહ્યા!

વળતે દિવસે તા. ૨૬/૩ના રોજ ગામના મંદિરનું ભૂમિપૂજન કરી,

તેઓ વિક્રમગઢથી વાડા, ગોરા, વાવેઘર, કુડૂસમાં રોકાણ કરતાં કરતાં વજ્રેશ્વરી-અકલોલીમાં આવેલી મંદિરની જમીન પર પધાર્યા. અહીં ગણેશપુરીમાં આવેલ મુક્તાનંદ બાબાના આશ્રમમાં પણ સર્વ ઠેકાણે વિચર્યા. અત્રે અભિપ્રાય-પોથીમાં અભિપ્રાય વર્ણવીને તેઓ ભીવંડી, કલ્યાણ થઈને રાત્રે પોણા બાર વાગ્યે દાદર મંદિરે આવી પહોંચ્યા.

## નવખંડ ધરતીમાં

તા. ૨૫/૧ થી ૨૯/૩ સુધીનો ૬૪ દિવસનો સમયગાળો – નૈરોબીથી પરત પધાર્યા ત્યારથી પુનઃ નૈરોબી તરફ પ્રસ્થાન કર્યું ત્યાં સુધીનો સમયગાળો સ્વામીશ્રીની અકળ મનુષ્યલીલાનો અધ્યાય બનીને હવે સમાપ્ત થવાની તૈયારીમાં હતો. 'अक्षरात् सम्भवतीह विश्वम्।'[૯૧] – જે અક્ષરબ્રહ્મ દ્વારા વિશ્વની ઉત્પત્તિ થાય છે તેણે આ ૬૪ દિવસ દરમ્યાન તુચ્છ જીવના ઉત્પાતને સહન કરીને પોતાની અતિશય મોટપનું દર્શન કરાવેલું.

આ મોટપથી ખેંચાઈને ઊમટેલા હરિભક્તોથી તા. ૨૯/૩ની સવારે મુંબઈના મંદિરનો એકેએક ખૂણો ભરાઈ ગયેલો. વિદેશયાત્રાએ પધારતાં સ્વામીશ્રીને વળાવવા આવેલા સૌનાં હૈયે ભાવભીની ગમગીની છાઈ રહેલી. *'જીવન જાતાં અંતરે આપણે, ધીરજ કઈ પેરે ધરશું...'*ના વિચારથી સૌ વલોવાઈ રહેલા.

પ્રાતઃપૂજા, અલ્પાહાર બાદ મસ્તકે પાઘ ધારણ કરી ઠાકોરજીનાં દર્શને પધારેલા સ્વામીશ્રી બે હાથ જોડી સૌનું અભિવાદન ઝીલતા રહ્યા. આ સમયે વ્યવસ્થાપકો નીકળવાની ઉતાવળ કરી રહેલા, પરંતુ સ્વામીશ્રી તો કથાકારની પાટ પર બેસી જતાં બોલ્યા: 'કાઢો સતી ને પતંગ અગ્નિમાં બળી જાય છે તે વચનામૃત.'[૯૨]

સૌ ઉતાવળા હતા પણ સ્વામીશ્રી તો જાણે સમય એમના હાથમાં હોય તેમ શાંત-સ્થિર હતા. આવા માહોલમાં પણ તેઓએ વચનામૃતનું નિરૂપણ કર્યું!

તે પછી સૌ સ્વામીશ્રીને અનુસરતાં સાંતાક્રુઝ એરપોર્ટ પર આવી પહોંચ્યા. અહીં અગાઉથી ઘણા હરિભક્તો એકત્રિત થઈ ચૂકેલા. આ બેય માનવપ્રવાહો એકઠા થતાં ભાવપૂરમાં જબરજસ્ત ભરતી ચઢી. સ્વામીશ્રીનાં

---

૯૧. मुण्डकोपनिषद् – ૧/૧/૭.

૯૨. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૦.

નામ-કામથી હવાઈમથક ગુંજવા લાગ્યું. છ મહિનાનાં દર્શન એકસામટાં કરી લેવાં હોય એવી શ્રદ્ધા ભક્તોની આંખમાં ઊભરાઈ આવેલી.

તે સૌની વિદાય લઈ સ્વામીશ્રી વિમાનમાં બિરાજ્યા. 'મકાલુ'[૯૩] નામધારી વિમાન આજે તેઓના સાંનિધ્યથી ધન્ય બન્યું. થોડી વારે તેણે પંખાની ગતિ વધારી અને ગમનપથ પર ગોઠવાઈ ગયું. સ્વામીશ્રીની સેવા મળતાં આનંદની કિકિયારીઓથી ગરજતું તે ૧૦:૨૦ વાગ્યે જમીનથી ઊંચકાયું અને પલવારમાં તો ગગનમાં ગાયબ થઈ ગયું. પ્રાણહર આ 'પંખી'ને સૌ ભકતો શૂન્યમનસ્ક થઈને જોઈ રહ્યા.

## ભજનનું જોર રાખવું

પૂર્વ આફ્રિકાના ભક્તોની પ્રેમદોરીથી નૈરોબી ભણી ખેંચાઈ રહેલા 'મકાલુ'ના ઉડ્ડયનની ગણતરીની મિનિટોમાં જ સ્વામીશ્રી પત્રવાંચનમાં પરોવાઈ ગયા.

કોઠારી સ્વામી તેઓની પાછલી હરોળમાં જ બેઠેલા. તેઓ સામે જોઈને હસતાં હસતાં સ્વામીશ્રીએ કહ્યું: 'માળા ઘમકાવો.'

થોડી વાર બાદ સ્વામીશ્રીએ ફરી પાછળ જોયું ને ત્યાં બેઠેલા હરિપ્રકાશદાસ સ્વામીને પણ કહ્યું: 'માળા ઘમકાવો.'

તેઓએ માળા ફેરવવાની તો શરૂ કરી પણ બોલ્યા: 'હવે તો દેવચકલીનું બરાબર છે.'[૯૪]

'તો પણ માળા ફેરવવી પડે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

તેઓની ભક્તિમાં સોદાબાજી નહોતી. 'ગરજ સરી ને વૈદ્ય વેરી'ની જેમ તેઓ કાર્ય સિદ્ધ થયા પછી ભગવાનને ભૂલતા નહીં. સિદ્ધિ, અસિદ્ધિ કે પ્રસિદ્ધિના અવસરે હંમેશા માળા ફેરવતા રહેતા. તે દ્વારા જીવનની દરેક ક્રિયામાં ભજનનું અનુસંધાન રાખવાનું સૂચવતા.

તેથી ૩૧,૦૦૦ ફૂટ ઉપર ઊડી રહેલા વિમાનમાં તેઓએ કોઠારી સ્વામીની ડાયરીમાં પણ આ જ વિગત લખી કે – *'ભગવાનના ભજનમાં જેવો માલ છે તેવો બીજા કશામાં નથી. તેવું મનાય તો અંતરે સદા સુખ રહે ને કોઈ*

૯૩. હિમાલયના એક શિખરનું નામ.

૯૪. એક બોધકથા પરથી આવેલ આ સાંપ્રદાયિક પરિભાષા છે. તેનો અર્થ 'બધું બરાબર છે' તેમ થાય છે.

*વાતનું દુઃખ મનાય નહીં. તો ભજનનું જોર રાખવું.'*

વિદેશયાત્રાનો આ પ્રથમ બોધ હતો.

## દુઃખ ગયું બહુ દનનું

તા. ૨૯/૩ના રોજ સ્થાનિક સમય મુજબ સવા વાગ્યે સ્વામીશ્રીને લઈ આવનાર વિમાને નૈરોબીના તત્કાલીન એમ્બાકાસી વિમાની મથકનો સ્પર્શ કર્યો ત્યારે ઍરપોર્ટ પર એકત્રિત સેંકડો ભક્તો હર્ષઘેલા બની ગયા. જે દર્શન માટે હૈયાં તલસતાં હતાં તે લાભ આજે સુલભ બન્યો હતો. તેથી સૌનાં અંતરમાં શાંતિનો શેરડો પડી ચૂક્યો.

સૌનું સ્વાગત ઝીલતાં સ્વામીશ્રી મંદિરે પધાર્યા. અહીં અંતરની ઊર્મિઓ બૅન્ડના ધ્વનિ અને ભક્તોની પુષ્પવૃષ્ટિ દ્વારા લાલ જાજમ પર પથરાતી રહી. સ્વામીશ્રી તે પર પગલીઓ પાડતાં ઠાકોરજીના સિંહાસન સુધી પહોંચ્યા. સ્વામીશ્રીના સ્વાગતમાં મૂર્તિઓ જાણે મંદ મંદ સ્મિત વેરી રહી હતી. સ્વામીશ્રી પણ દર્શન કરતાં ભાવવિભોર બની ગયા. નિર્વિઘ્ન મુસાફરીની કૃતજ્ઞતા તેઓનાં નેણમાંથી ઝરી રહી, તે દંડવત-પ્રદક્ષિણા દ્વારા પણ અભિવ્યક્ત થઈ રહી.

સાંજે સ્વાગત-સભા યોજાયેલી જ, છતાં ભક્તોને જોઈને સ્વામીશ્રીનું હૈયું હાથ ન રહ્યું અને તેઓની વાણી વરસી પડી કે 'તમારો ભાવ-પ્રેમ જોઈ આનંદ થયો છે. આપ સૌની માફી માંગવાની કે આપને ખૂબ તપ કરવું પડ્યું (એટલે કે ઘણી રાહ જોવી પડી.) ભગવાન અને સંત રાજી થઈ ગયા. અદ્‌ભુત કાર્ય થયું ! તો રાજી રહેજો.'

થોડું બોલીને પણ ઘણો આનંદ પમાડી સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે સૌના હૈયાં ગાઈ રહેલા: *'દુઃખ ગયું બહુ દનનું રે, આવિયું સુખ અતોલ.'*

આ જ અનુભવ મંદિરના ચોગાનમાં બંધાયેલા સભામંડપમાં સાંજની સ્વાગત-સભા વખતે પણ સૌને થયો. તે વખતે સૌનું અભિવાદન સ્વીકારી સ્વામીશ્રીએ જણાવ્યું કે 'સ્વાગતની વાત કરી પણ અમારે તમારું સ્વાગત કરવાનું છે. આપે જે કર્યું છે તે જેવું તેવું નથી. આપને આનંદ એવો અમને પણ આનંદ છે. શાસ્ત્રીજી મહારાજે અક્ષર-પુરુષોત્તમ, બ્રહ્મ-પરબ્રહ્મનું માયા પરનું જ્ઞાન આપ્યું છે, પણ માયા ખીજી છે તે સુખ લેવા દે તેમ નથી. પણ ભગવાને માયાને ઠોઈ રાખી છે તો આવા દેશકાળમાં પણ સુખ આવે છે.'

આ સુખ લૂંટવા તત્પર ભક્તો વ્યવહાર વિસારીને મંદિરના વાસી બની

ગયેલા. સ્વામીશ્રી પણ ખોયલા દિવસની ખામી ભાંગવી હોય તેમ લાભની લહાણી કરવા માંડેલા.

આ ક્રમમાં તા. ૩૦/૩ના રોજ તેઓ પ્રાતઃપૂજાથી પરવારીને મંદિરમાં દર્શન કરવા પધાર્યા ત્યારે અહીં શાસ્ત્રીજી મહારાજની મૂર્તિને નીરખી પાસે ઊભેલા સંતને કહ્યું: 'શાસ્ત્રીજી મહારાજના હાથમાં આ જે માળા છે તે પ્રતિષ્ઠા વખતે યોગીબાપાએ પોતે આપી હતી. ખૂબ પ્રસાદીની કહેવાય.'

આ સાંભળી સૌ ચકિત થઈ ગયા ! ચાર વર્ષ પહેલાં પ્રતિષ્ઠા-ઉત્સવની વ્યસ્તતામાં જોયેલી માળા સ્વામીશ્રીના અંતરમાં કેવી ચોંટી ગઈ હશે ! ગુરુના સંબંધને પામેલી પ્રત્યેક વસ્તુ તેઓ માટે અતિ મૂલ્યવાન હતી. તેની અમીટ છાપ તેઓના અંતરમાં કોતરાઈ જતી.

આજથી સત્સંગ મંડળ દ્વારા પારાયણનો પણ પ્રારંભ થતાં સ્વામીશ્રીના કથામૃતની હેલી વરસવા માંડી. સાથે સાથે વર્ષાની હેલી પણ મંડાઈ હતી. આ વર્ષે પૂર્વ આફ્રિકામાં વરસાદની ઘણી ખેંચ હતી. પાણીના અભાવે જંગલોમાં પ્રાણીઓ મરી જતાં હતાં અને પાક સુકાતા હતા. પરંતુ સ્વામીશ્રીએ જે દિવસથી નૈરોબીની ધરતી પર પગ મૂક્યો તે જ દિવસથી વરસાદનું વરસવું શરૂ થયેલું !

આમ, તેઓનાં પગલાં સત્સંગથી લઈને સૃષ્ટિ સુધી સૌને ઉપકારક પુરવાર થયેલાં. તેથી જ સૌ ગાઈ રહ્યા: *'દુઃખ ગયું બહુ દનનું રે, આવિયું સુખ અતોલ.'*

## પ્રમુખસ્વામી પાસે જાઓ

તા. ૧/૪ના રોજ આવેલ શ્રીજીમહારાજની ૧૯૪મી જન્મજયંતીના દિવસે સ્વામીશ્રીએ ગઢડા મધ્ય પ્રકરણના નવમા વચનામૃત પર કથા કરતાં જણાવ્યું કે 'ભગવાનના સ્વરૂપમાં આઘુંપાછું ન થવા દેવું. ભગવાન કર્તા, સર્વોપરી, સાકાર, પ્રગટ સમજાય તો સંપૂર્ણ સમજણ. પરોક્ષ માને તો પણ નિરાકાર માન્યા ગણાય. પૈસાની પ્રાપ્તિનો આનંદ આવે તેમ ભગવાનનું સ્વરૂપ મળ્યું છે તેનો આનંદ, કેફ રહે એ પ્રાપ્તિ. કોઈ મરે પછી ગરુડપુરાણ વંચાવે છે. શું ગરુડના ધામમાં જવું છે ? અમોઘાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને રામ જેવા જાણ્યા તો વૈકુંઠમાં ગયા. સ્વરૂપનિષ્ઠા હોય તેને લખચોરાશી, ગર્ભવાસમાં જવાનું નથી. તે ભગવાનના ધામમાં જાય છે. શ્રીજીમહારાજ બેઠા ને પોતે સમજાવે છે તે મૂર્તિમાન વાત.'

સ્વામીશ્રીની આ સરળ વાણી સભામાં બેઠેલા નગીનભાઈ નામના મુમુક્ષુના અંતરને ઢંઢોળી ગઈ. કથા બાદ તેઓ સ્વામીશ્રી પાસે આવ્યા અને પોતાને ઘેર પધારવા વિનંતી કરી. તે સ્વીકારી સ્વામીશ્રી તેઓના ઘેર જઈ પહોંચ્યા. પધરામણીની ઔપચારિક વિધિ બાદ તે યજમાને હાથ જોડીને કહ્યું : ''સ્વામી ! હું માતાજીનો ઉપાસક છું. અમો ધર્મ-નિયમ પાળી માતાજીની ભક્તિ કરતા હતા. પરંતુ એક રાત્રે યોગીજી મહારાજે મને દર્શન આપીને કહ્યું : 'બસો વર્ષથી ક્યાં રખડતા હતા ? મંદિરમાં પ્રમુખસ્વામી પાસે જાઓ.' આપનું નામ પણ મેં સાંભળ્યું નહોતું. પરંતુ ત્યારથી હું મંદિરમાં જતો થયો અને કથા-વાર્તા સાંભળીને મને આ સત્સંગમાં પ્રતીતિ થઈ. આજે આપ સાક્ષાત્ મારે ઘેર પધાર્યા તે મારું મહદ્ ભાગ્ય છે.''

માર્ગ ભૂલેલાને સાચો રસ્તો હાથમાં આવતાં જે હાશ થાય, તે આજે આ મુમુક્ષુ અનુભવી રહેલા. તેઓએ ઘરમંદિરના સિંહાસનમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ તથા ગુરુપરંપરાની મૂર્તિઓ પધરાવી સ્વામીશ્રી પાસે પૂજન કરાવ્યું અને શુદ્ધ ઉપાસનાના માર્ગે પગરણ માંડ્યાં.

પંડિત-પુરાણીઓની જ્ઞાનગહન વાતોથી નિષ્ઠાની જે ઘેડ ન બેસે, તે સ્વામીશ્રીની સીધી-સાદી વાતોથી બેસી જતી. જો કે મા વિના બાપને કોણ ઓળખાવે ? તેમ ગુણાતીત સંત વિના શ્રીજીમહારાજનો યથાર્થ મહિમા કોણ સમજાવી શકે ?

## મન અભિમાન તેનો લેશ ન આણે

પધરામણી બાદ મંદિરે પધારેલા સ્વામીશ્રીએ સવારે સાડા દસ વાગ્યે 'હરિલીલામૃત'ના સાતમા કળશના બત્રીસમા વિશ્રામના આધારે શ્રીજીનાં લીલાચરિત્રોનો રસથાળ પીરસવો શરૂ કરેલો. સતત બે કલાક સુધી તેઓએ પોતાના સુમધુર કંઠે કથા સંભળાવી સૌને શ્રીજીમહારાજની મૂર્તિમાં રમતા કરી દીધા. નિર્જળા ઉપવાસના દિવસે સ્વામીશ્રી જે રીતે કલાકો સુધી કથા-વાર્તા કરવામાં ગુલતાન થઈ જતા તે જોઈ *'અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી...'*ની સ્થિતિ તેઓમાં સહજસિદ્ધ અનુભવાતી.

કથા બાદ તેઓ બપોરે એક વાગ્યાથી પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળની સામાન્ય બેઠક(જનરલ મીટિંગ)માં બિરાજ્યા. તેમાં વહીવટલક્ષી માર્ગદર્શન આપ્યું ત્યારે સૌ છક થઈ ગયા ! હજી અડધો કલાક પહેલાં કથારસ રેલાવી

રહેલા સ્વામીશ્રી મોક્ષમાર્ગના ભોમિયા લાગતા હતા, તો આ મીટિંગમાં તેઓ વ્યવહારમાર્ગના વિશારદ જણાતા હતા.

મોક્ષ અને વ્યવહાર – બંને ક્ષેત્રમાં તેઓની સૂઝના કોઈ સીમાડા શોધ્યા જડે તેમ નહોતા.

ઉપવાસની આખી બપોર મીટિંગ-મુલાકાતનો દોર ચલાવી સ્વામીશ્રી સાંજે સવા પાંચ વાગ્યે પારાયણના પૂર્ણાહુતિ-સત્રમાં પધારી ગયા. પૂજનના આ અવસરે અધ્ધર આકાશમાં ઘનઘોર મેઘ ઝળૂંબી રહેલો. જો તે ત્રાટકે તો રાત્રિની ઉત્સવ-સભા વેરણ-છેરણ થઈ જાય તેમ હોવાથી સૌએ સ્વામીશ્રીને આ વિઘ્ન અળસાવવા વિનંતી કરી. સ્વામીશ્રીએ આ મામલો શ્રીજીમહારાજ પર છોડતાં ધૂન કરાવી.

તેઓની આ અલૌકિક રીત હતી – સમર્થ છતાં સેવક બનીને રહેવાની. જે અક્ષરના પ્રશાસનથી ઋતુઓ, મહિનાઓ, સંવત્સરો થાય છે,[૯૫] તે અક્ષરબ્રહ્મનું સ્વરૂપ હોવા છતાં તેઓ શ્રીજીમહારાજના સદા સેવક બનીને જ રહેલા. *'મહિમા હરિનો સારી પેઠે જાણે, મન અભિમાન તેનો લેશ ન આણે...'* એવા એ સંત હતા.

પારાયણની પૂર્ણાહુતિ બાદ શ્રીજીમહારાજના જન્મોત્સવની મુખ્ય સભા શરૂ થઈ. પરબ્રહ્મના પ્રાગટ્યને અનુરૂપ મંચની સજાવટમાં છપૈયાની કુટિરનું દૃશ્ય ધ્યાનાકર્ષક લાગતું હતું. અગિયાર વાગ્યા સુધી અલૌકિક ઉત્સવ ઊજવાયો. સ્વામીશ્રીએ કરેલી ધૂનના પ્રતાપે વરસાદનું વિઘ્ન નડ્યું નહીં. ઉત્સવ બાદ સ્વામીશ્રી એક મીટિંગ કરીને રાત્રે બાર વાગ્યે આરામમાં પધાર્યા.

## પ્રેમરસનું પાન

તા. ૪/૪ના રોજ બારસ પર્વણી હતી. સ્વામીશ્રી પ્રાતઃપૂજા અને મંદિર-દર્શનના નિત્યક્રમથી પરવારી ગયેલા, પણ પારણાં કરવાનાં બાકી હતાં. તે જ વખતે દેશની સેન્ટ્રલ બૅંકના મુખ્ય એકાઉન્ટન્ટ લોરેન્સ ગીટુ આવી પહોંચ્યા. તેઓ સ્વામીશ્રીને મળીને તરત જ આગળના કાર્યક્રમ માટે નીકળી જવા માંગતા હતા. તેથી કાર્યકરો મૂંઝાયા. અતિથિની મુલાકાતનો સમય સાચવવો કે સ્વામીશ્રીના પારણાંનો સમય? પણ સ્વામીશ્રીએ જ તોડ કાઢી

૯૫. 'एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि !... मासा ऋतवः संवत्सरा इति विधृतास्तिष्ठन्ति...' – बृहदारण्यकोपनिषद् ૩/૮/૯.

આપતાં કહ્યું: 'આપણે પારણાંની શી ઉતાવળ છે? પહેલાં એમને મળી લઈએ.' અને તેઓ પારણાં મુલત્વી રાખી અતિથિને મળ્યા.

સ્વામીશ્રી હંમેશા અન્યને અગ્રિમતા આપતા. આ જ વિશેષતાથી તેઓ અનન્ય બની રહ્યા છે !

પારણાં બાદ પધરામણીઓ કરીને સ્વામીશ્રી બપોરે પાછા મંદિરે આવી ગયા. આજે પ્રસાદમાં રસ-પૂરીનું જમણ હતું. તે સ્વામીશ્રીએ સૌ સંતો-ભક્તોને પિરસાવીને તૃપ્ત કર્યા.

જ્યારે તેઓએ ભોજન ગ્રહણ કરી લીધું ત્યારે જ એક નાનકડો બાળક નીલકંઠ ત્યાં આવી પહોંચ્યો. તેની પર સ્વામીશ્રીની અકારણ કૃપા વરસી રહેલી. શ્રીહરિ જયંતીના દિવસે જ વર્તમાન ધારણ કરાવતી વખતે સ્વામીશ્રીએ પોતાની કંઠી તેના ગળામાં પહેરાવી દીધેલી. આજે પણ તેને જોતાં સ્વામીશ્રીએ પોતાના પાટલા પર જ ડાબી બાજુએ બેસાડ્યો અને ડાબા હાથે તેને પકડી રાખી જમણા હાથે ચમચીમાં રસ લઈ પિવડાવવા લાગ્યા. કુલ પાંચ વાર આ રીતે 'રસ'પાન કરાવ્યું. મોંમાં રસ આવતાં જ તે બાળક ખુશખુશાલ થઈ જતો અને પોતાના હાથ-પગ હલાવી આનંદ વ્યક્ત કરતો. આમ, બાળક પ્રેમરસનો લાભ લૂંટતો રહ્યો અને આ જોનારા સૌ લીલારસને માણતા રહ્યા. વાલીનાં વહાલ પણ વામણાં લાગે તેવી મમતા સ્વામીશ્રી બાળકો પર વરસાવતા.

## જંગલમાં મંગલ

તા. ૬/૪ના રોજ ગોરધનભાઈ ભટ્ટેસાના રૂઈરૂમાં આવેલા 'જ્ઞાનજીવન કૉફી ફાર્મ'માં સમૈયો ગોઠવવામાં આવેલો. પરંતુ તા. ૫/૪ની રાત્રે ખૂબ વરસાદ વરસ્યો. તેથી મંડપ પર બાંધેલાં કપડાં ઝોળાં જેવાં થઈ જતાં યજમાન ભક્ત 'બે-એક કલાકમાં તો સંઘ સાથે સ્વામીશ્રી આવી પહોંચશે. તેઓને ક્યાં બેસાડીશું? ક્યાં જમાડીશું?'ની વિમાસણમાં પડેલા. પરંતુ સવાર પડતાં જ સૂર્યનારાયણ પૂર્ણપણે ઝળહળવા લાગ્યા અને શેષનારાયણ જાણે નીચેથી ફૂંકો મારી રહ્યા હોય તેમ એકાદ કલાકમાં તો ધરતી કોરીકાટ થઈ ગઈ! આકાશ સ્વચ્છ બની ગયું. મંડપમાં ખુરશીઓ ગોઠવાઈ ગઈ. સ્વામીશ્રીનું આસન પણ તૈયાર થઈ ગયું.

આવનારા મહેમાન અને આવકારનારા યજમાનના આશ્ચર્યનો વિષય આ જ વિગત બની રહી કે 'ક્યાં આગલી રાતનો ધોધમાર વરસાદ અને ક્યાં

આજની સવારનો પ્રચંડ તાપ !' સૌ સ્વામીશ્રીની શક્તિને વંદી રહ્યા.

તેઓ પધારતાં રમણીય ફાર્મ સ્મરણીય બની રહ્યું. અહીં વહેતા ઝરામાં શાસ્ત્રીજી મહારાજનાં અસ્થિનું વિસર્જન કરવામાં આવેલું. સ્વામીશ્રીએ આ પ્રાસાદિક સ્થાનમાં ઠાકોરજીને સ્નાન કરાવ્યું. ત્યારબાદ સમગ્ર ફાર્મને પાવન કરી સભામાં વનનો મેવો પીરસતાં જણાવ્યું કે 'અહીં તો જંગલમાં મંગલ થયું. ભગવાન ને સંત મળ્યા તે મોટો લાભ છે. આત્યંતિક કલ્યાણ થાય એ મોટો લાભ !'

આ કથામૃત પીરસ્યા બાદ ભોજનને પણ અમૃતતુલ્ય કરવા માટે રસોડામાં પધારેલા સ્વામીશ્રીએ તાવેથા વડે શાક, ચણા વગેરે વાસણોમાં ભર્યાં. કમંડળ વડે દાળ પણ પ્રસાદીભૂત કરી. લાડુ જોતાં જ બોલી ઊઠ્યા : 'આ તો એક શેર લોટમાં સવા શેર ઘી નાંખી લાડુ બનાવ્યા છે.' એમ સમગ્ર ભોજન પર દૃષ્ટિ કરી સ્વયં જમવા બિરાજ્યા.

ભોજન બાદ પાછા વળતાં માર્ગમાં કચ્છી ગુજરાતી હિંદુ યુનિયનની વાડીમાં સત્સંગ-સભાનો લાભ આપી રાત્રે નવ વાગ્યે મંદિરે આવી પહોંચ્યા.

## સહુ જનને સુખ આપિયું રે

ગઈકાલની જેમ તા. ૭/૪ના દિવસે પણ 'માઉન્ટ કેન્યા સફારી ક્લબ'માં ભક્તિવિહારનો કાર્યક્રમ ગોઠવવામાં આવેલો. પરંતુ ત્યાં જતાં પહેલાં સ્વામીશ્રીએ જાણપણારૂપ દરવાજાનું વચનામૃત વંચાવી વાત કરી કે –

'સત્પુરુષ ભગવાનના ધામનો દરવાજો છે. અવગુણ, મનુષ્યબુદ્ધિ તેને વિષે ન આવે તે જાણપણું રાખવું. આ લોકના પદાર્થે કરીને અવગુણ આવે છે. માન, મોટપ, સ્વાદે કરીને દોષ આવી જાય તો મોક્ષમાર્ગથી પડી ગયો. છેલ્લું પગથિયું ચડ્યા ને ચૂક્યા તો જાય ખાડીમાં. સોયે વર્ષ પૂરાં થઈ જાય. આ છેલ્લો જન્મ. સત્પુરુષ મળ્યા. પણ જો જાણપણું ન રાખે તો જય સ્વામિનારાયણ. હાથ છૂટી ન જાય તે જાણપણું રાખવું પડે. અવગુણ-અભાવ આવે તો છૂટી જાય. માટે મનુષ્યભાવ ન આવે તે જોવું. પોતાની ભક્તિને નિર્વિઘ્ન રાખવી.'

આમ, સવારના પહોરમાં ભક્તિનું ભાથું ભરી સ્વામીશ્રી પ્રસ્થાન માટે પધાર્યા. નીકળતાં પૂર્વે આ વિહારમાં સામેલ ૧૧ ગાડીઓના દરેક ચાલકને માથે તેઓએ સ્વહસ્તે સફારી હેટ(safari hat)[૯૬] પહેરાવી.

---

૯૬. એક વિશિષ્ટ પ્રકારની ટોપી.

તે પછી આસ્ફાલ્ટની સડકો પર સડસડાટ સરકતી ગાડીઓને જ્યારે નાન્યુકી ૩૨ કિ.મી છેટે રહ્યું ત્યાં રસ્તામાં લિકિ(Lici)[૯૭] નદી આવી. સન ૧૯૫૫માં યોગીજી મહારાજે આ નદીનું જળ પીધું હતું. આ વિગત સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'તો તો આપણે એ તીર્થ કરવું જોઈએ.'

ગુરુના સંબંધને પામેલી ભૂમિ સ્વામીશ્રી માટે ભૂગોળનો નહીં પણ ભક્તિનો ભાગ. તે સ્થળ માટે તેઓને *'સ્થાવર-જંગમ જળ-સ્થળ જેહ રે, થયાં હરિ સંબંધે શુદ્ધ તેહ રે...'*ની ભાવના! તેથી તેઓ મોટરમાંથી ઊતરી નદી-કિનારે ગયા. પાણી દૂધ જેવું મીઠું પણ હિમ જેવું ઠંડું હતું. તેમાં ઠાકોરજીને સ્નાન કરાવી સૌનાં મસ્તક પર તે જળ ચડાવ્યું. ૬૫ જેટલા સંતો-ભક્તોનાં શિર પર જળ ચડાવતાં ચડાવતાં સ્વામીશ્રીનો હાથ ઠંડો અને કડક થઈ ગયો, છતાં સૌને લાભ આપવાના તાનમાં તેઓ તનની ઉપાધિ ભૂલી ગયેલા!

કિનારેથી સ્વામીશ્રી નદી પાસે આવેલા વૃક્ષની છાંયે ઘાસ ઉપર બિરાજ્યા. સંતો-ભક્તો પણ આસપાસ ગોઠવાઈ ગયા.

તે વખતે એક યુવકે કહ્યું : 'બાપા! આ દેશના જેવું લીલું હિંદુસ્તાનમાં થાય તેવું કરો.'

યુવકના આ પ્રસ્તાવને વધાવતાં સ્વામીશ્રી તરત જ 'ચાલો, ધૂન કરીએ' એમ કહેતાં એક પછી એક સંકલ્પો કરવા લાગ્યા કે (૧) હિંદુસ્તાન આ દેશ જેવો લીલો થાય, (૨) અમેરિકામાં મૂર્તિપ્રતિષ્ઠાનો ઉત્સવ સર્વોપરી થાય, (૩) ઝાંબિયા, લંડન, અમેરિકાની યાત્રા સફળ થાય, (૪) નર્મદા નદીનો ડેમ બંધાય અને સૌને પાણી મળે, (૫) સૌ સુખી થાય...

ધૂન બાદ સ્વામીશ્રીએ નદીનું જળ મંગાવ્યું અને તે ગળાવી સૌને આચમન કરવા આપવા લાગ્યા. હાથમાં જળ આપતાં 'આ કાંઈ સંકલ્પ કરાવતા નથી, પણ પી જવાનું છે,' એમ બોલતા જાય અને ગમ્મત કરાવતા જાય.

તે વખતે ભાસ્કરભાઈએ આંબળાની સુકવણીનો મુખવાસ સ્વામીશ્રીને આપ્યો. પણ જિંદગીમાં મિષ્ટાન્નથી મુખવાસ સુધીનો એકેય ખાદ્યપદાર્થ તેઓએ વહેંચ્યા વિના આરોગ્યો નહોતો. તેથી પ્રથમ દરેકને વહેંચીને પછી પોતે જમ્યા.

ભગવાન સ્વામિનારાયણે જે સંતમાં ભગવાન અખંડ રહ્યા હોય તેનું એક લક્ષણ જણાવતાં કહ્યું છે કે "...સારું વસ્ત્ર, સારું ભોજન, સારું જળ

---

૯૭. લિકિનો સ્થાનિક ભાષામાં અર્થ 'દૂધ' થાય છે.

તથા જે જે કોઈ સારું પદાર્થ પોતાને પ્રાપ્ત થાય તો મન એમ ઘાટ કરે જે, 'આ પદાર્થ હું ભગવાનના ભક્તને આપું તો ઠીક' અને તે પદાર્થ તેને આપે ને રાજી થાય એવો હોય...''[૯૮] આ દર્શન સ્વામીશ્રીના જીવનમાં કાયમ થતું રહેલું.

તે મુજબ તેઓ જ્યારે સૌને આંબળાની પ્રસાદી વહેંચતા હતા ત્યારે ચાર આફ્રિકન ભાઈઓ આ દૃશ્ય ટગર-ટગર જોઈ રહેલા. જેમ સ્વામીશ્રીની ચકોર નજરથી આ વિગત અછતી ન રહી, તેમ તેઓના ઋજુ હૃદયથી એ આફ્રિકનોના ભાવ પણ અજાણ્યા ન રહ્યા. સ્વામીશ્રીએ એ ચારેય ભાઈઓને આપવા ચાર કેરીઓ લઈને હરિભક્તને મોકલ્યા. જ્યાં તેઓને આ કેરીઓ અપાઈ ત્યાં બીજા પાંચ શ્યામ શિશુઓ પણ દોડી આવ્યા. સ્વામીશ્રીએ તેઓને કેળાં અપાવ્યાં. સ્વામીશ્રીની કરુણાનો આ પ્રસાદ પામીને તે સૌએ 'મુંગુ... મુંગુ...' (ભગવાન... ભગવાન...) કરતાં કિલકારી કરી મૂકી. સ્વામીશ્રીની કરુણાને મૂકીને ભગવાનનું અન્ય સ્વરૂપ કયું હોઈ શકે!

તેઓની આ દિલેરી જોઈને સૌનાં હૈયાં ગાઈ ઊઠ્યાં: *'સહુ જનને સુખ આપિયું રે, દુઃખી રહ્યું નહીં કોઈ...'*

આમ, સમાનતા અને બંધુતાની ફોરમ પ્રસરાવી સ્વામીશ્રી નાન્યુકી[૯૯] આવી પહોંચ્યા. ૬,૩૮૯ ફૂટની ઊંચાઈએ વસેલું આ ગામ વિષુવવૃત્તની રેખા પર જ છે. સૌ અહીં ઊતર્યા અને સ્વામીશ્રી સાથેની આ સ્મૃતિને કચકડે કંડારી લીધી.

અત્રે ભોજન બાદ ગઢડા પ્રથમ પ્રકરણના ૭૬મા વચનામૃત પર વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું કે 'મોટાને સમજાવવું પડે. મોટામાં બધી માથાકૂટ હોય. તેમને ઘેડ બેસી જાય પછી વાંધો નહીં. મોટેરા મોળી વાત કરે તો તેનું પ્રવર્તન થાય. મોટાને સમજાવીએ તો બધું સારું ચાલે.'

સ્વામીશ્રી માણસના માનસના ખરા પારખુ હતા તે તેઓના આ અભિપ્રાય પરથી સમજાય છે.

કથા બાદ તેઓ ત્રણ વાગ્યે 'માઉન્ટ કેન્યા સફારી ક્લબ'માં આવી પહોંચ્યા.

---

૯૮. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૫.

૯૯. નાન્યુકીનો સ્થાનિક ભાષામાં અર્થ 'લોહી' થાય છે. આ ગામનું પાણી પીવાથી શરીરમાં લોહી વધે છે તેવી પ્રચલિત માન્યતા છે.

## મેલ્યા મોક્ષના છોડી વાવટા રે

સ્વામીશ્રીની 'સફારી ક્લબ'માં થયેલી પધરામણીથી સૌથી વધુ ખુશ હતો ક્લબનો વ્યવસ્થાપક – મિ. જેકબ. તેણે સ્વામીશ્રીને આવકારતાં પહેલી જ વાત કરી કે 'અઠવાડિયાથી ખૂબ વરસાદ પડતો હતો. પર્વત વાદળોથી ઢંકાયેલો રહેતો. સૂર્ય દેખાતો નહોતો. પણ આજે વરસાદ પડ્યો નથી, વાદળ નથી. પર્વતનાં બે શિખર – ઊંચું બેટન અને તેથી નીચું લેલીના સ્પષ્ટ દેખાય છે. આ બધું આપના પ્રતાપથી છે.'

સ્વામીશ્રીના આ પ્રતાપથી પ્રભાવિત થયેલો તે સ્વામીશ્રીને ક્લબના ખૂણે ખૂણે લઈ ગયો. અહીં બગીચામાં તેણે હાથીદાંતના સફેદ અને કાળા લંબગોળ ગોળાથી રમાતી **Putting game** બતાવી ગોળાને પ્રસાદીભૂત કરાવ્યા.

અત્રે એક બંગલાની બહાર સાંકળે લટકાવેલ જાળીવાળો ઝૂલો હતો. તેમાં સૌએ સ્વામીશ્રીને બિરાજમાન કરી ઝુલાવ્યા.

આ ક્લબમાં અંગ્રેજોએ પકડેલાં જંગલી પ્રાણીઓ પણ રાખવામાં આવેલાં. ત્યાં પણ ક્લબનો વ્યવસ્થાપક સ્વામીશ્રીને દોરી ગયો. અહીં ચિત્તાના માથા પર સ્વામીશ્રીએ હાથ ફેરવી તેનું કલ્યાણ કર્યું.

લગભગ ૧૭,૦૦૦ ફૂટ ઊંચા માઉન્ટ કેન્યાની પીછવાઈથી શોભતા આ હરિયાળા અને રળિયામણા સ્થાનને જોઈ સ્વામીશ્રીના મુખમાંથી સહજ ઉદ્ગારો સરી પડ્યા કે 'ભગવાનનું ભજન થાય એવું સારું આ સ્થાન છે.' પછી બોલ્યા: 'ભાતભાતનું આ જગત જોઈને વિચાર થાય છે કે તેના બનાવનાર ભગવાન કેવા હશે? નાન્યુકી તીર્થ થઈ ગયું. માઉન્ટ કેન્યાને જે જોશે તેનું કલ્યાણ થશે.'

સ્વામીશ્રીએ જાણે માઉન્ટ પર મોક્ષનો વાવટો ફરકાવી દીધો. સૌને આ સમયે સમજાયું કે 'જક્તે અનાસક્ત' સ્વામીશ્રી શા માટે જગતમાં વિચરી રહ્યા છે!

સફારી ક્લબથી સંઘ રાત્રે સાડા નવ વાગ્યે નૈરોબી મંદિરે આવી પહોંચ્યો. અહીં હરિભક્તોને જોતાં સ્વામીશ્રી સ્નાન, ભોજન કરવાનું એક કોરે મૂકી સીધા સભામાં પધાર્યા. સૌને સંતોષ પમાડીને રાત્રે સાડા દસ વાગ્યે ભોજન અંગીકાર કર્યું.

## ભગવાનની નોકરી

તા. ૯/૪ની સવારે આકાશ અનરાધાર વરસી રહેલું. સાથે પવન પણ વરસાદના ચાળે ચડીને વેગથી ફૂંકાઈ રહેલો. તેથી પ્રાતઃકથા બાદ સૌએ સ્વામીશ્રીને પધરામણીએ ન જવા વિનંતી કરી, પણ પવન અને પર્જન્યને ન ગણકારતાં સ્વામીશ્રી ઝડપથી મોટરમાં બેસી ભક્તોને રાજી કરવા નીકળી પડ્યા.

પધરામણીને સ્વામીશ્રી ભક્ત અને ભગવાન – બંનેની સેવા માનતા. તેઓએ અહીંના રોકાણ દરમ્યાન જ એક સવારે કથા પૂરી કરી કહેલું: 'જેને નોકરી હોય તે નોકરીએ જાઓ, દુકાન હોય તે દુકાને જાઓ. અમે અમારી નોકરીએ(પધરામણીએ) જઈએ છીએ.'

આમ, પધરામણી એ તેઓને મન ભગવાનની નોકરી હતી.

પરંતુ આજે વરસાદને કારણે તેમાં તકલીફ ઘણી પડતી હતી. છતાં *'પરમારથ કે કારણે, ચારે ધરિયા દેહ...'*ની જેમ સ્વામીશ્રીએ મુશ્કેલીઓ વેઠીને સાડા ત્રણ કલાકમાં પધરામણીનો નિશ્ચિત કાર્યક્રમ પૂર્ણ કર્યો ત્યારે તેઓનાં વસ્ત્રો અને સૌનાં અંતર ભીનાં થઈ ચૂકેલાં. પવનના રવાડે ચડેલો વરસાદ સ્વામીશ્રીને થોડું થોડું કરતાં ઘણું ભીંજવી ગયેલો.

સાંજે પણ પધરામણીનો ક્રમ યથાવત્ રહ્યો. આ પધરામણીમાં મુશ્કેલી વધારનારું એક તત્ત્વ ઉમેરાયેલું – જીવડાં. વરસાદને કારણે બત્તીઓ પાસે જીવડાં-જીવાત ખૂબ થતાં. તે બધી રીતે કનડગત કરતાં. છતાં સ્વામીશ્રી ભક્તો દોરી જાય ત્યાં જતા.

ઘેર ઘેર ભક્તોના ભાવ પણ નોખાં-નોખાં હોય! તે ભાવપૂર્તિ કરવાનો ભીડો પણ ઓછો ન હોય. એક જ દાખલો બસ થઈ પડશે! સ્વામીશ્રી કીકુયુમાં પધરામણીએ ગયા ત્યારે એક મુમુક્ષુએ મનોરથ ઉચ્ચાર્યો કે 'સ્વામીબાપા નવા મકાનમાં બાથરૂમમાં જઈ ઉદ્‌ઘાટન કરે.' આ ઈચ્છા પૂરી કરવા સ્વામીશ્રી બાથરૂમમાં પધારેલા!

શ્રીજીમહારાજે કહ્યું છે કે 'અમે આ દેહ રાખીએ છીએ તે પણ સત્સંગીને અર્થે જ રાખીએ છીએ, પણ બીજો કોઈ દેહ રાખ્યાનો અર્થ નથી.'[૧૦૦] આ વચન અનુસાર સ્વામીશ્રીનું જીવન હતું. તેઓએ પોતાની પળેપળ ભક્તોને રાજી કરવા માટે ખર્ચેલી.

---

૧૦૦. વચનામૃત કારિયાણી પ્રકરણ ૬.

## વધારાની મૂર્તિ કાઢી નાંખો

નૈરોબીના મંદિરમાં પૂજારીની સેવા કરતા શાંતુભાઈના અંતરતલમાં મહિમાનાં મોજાં સતત ઊછળ્યાં જ કરતાં. તેથી તેઓ રોજેરોજ કંઈક નવી શોભા ઠાકોરજી આગળ રચે.

આવા ઉત્સાહને વશ થઈ તેઓએ તા. ૯/૪ની સવારે સિંહાસનમાં સ્વામીશ્રીની છબી પણ મૂકેલી. જ્યારે સ્વામીશ્રી પ્રાતઃપૂજા બાદ મંદિરમાં દર્શને આવ્યા ત્યારે તે છબી પર તેઓની નજર પડી. તેથી તરત જ પૂજારીને સૂચના આપી દીધી કે 'સિંહાસનમાંથી આ વધારાની મૂર્તિ કાઢી નાંખો.' પછી ઉમેર્યું: 'સિંહાસનમાં પ્રતિષ્ઠા કરેલી જ મૂર્તિ રાખવી. બીજી રાખવી જ નહીં. બીજી મૂર્તિઓ રાખીએ તો થાળ ધરાવવામાં, સાફસૂફી કરવામાં તકલીફ પડે.'

પોતે બીજા માટે ગમે એટલું કરે તોય તે સ્વામીશ્રીને ઓછું જ લાગતું અને બીજા કોઈ પોતા માટે જરા અમથું કરે તોય તે સ્વામીશ્રીને વધારે પડતું જણાતું. તેથી આજે તેઓએ પોતાની છબી પણ 'વધારાની' કહીને કઢાવી નાંખી. પોતાના નામ કોતરાવવાના કે પોતાની છબીઓ પધરાવવાના મોહથી મુક્ત તેઓનું જીવન, સમાજસેવાને વરેલા સાધુ-સંસારીઓ માટે ઉચ્ચ દાખલા સમું છે.

## ન માને નિજ દેહ જી

તા. ૧૦/૪ના રોજ સ્વામીશ્રી ઉહુરુ પાર્કમાં પધારેલા. અહીં કેન્યાના સ્વાતંત્ર્યદિને રાષ્ટ્રપ્રમુખ જે સ્થાને બેસીને રાષ્ટ્રજોગું સંબોધન કરે છે તે સ્થાન પર જ સ્વામીશ્રીનું આસન તૈયાર કરી સૌએ પૂજન કર્યું. ત્યારબાદ નૌકા-વિહારનો આનંદ પણ માણ્યો. વીસેક મિનિટ આ લાભ આપી સ્વામીશ્રી 'ઇસ્કોન' સંસ્થાના મંદિરે થઈને પરત ફર્યા.

અહીં રાત્રે પોણા અગિયાર વાગ્યે સ્વામીશ્રીના સ્વાસ્થ્યની તપાસ કરી રહેલા ડૉ. કામદારને નાડીના ધબકારા ૭૨ને બદલે ૧૦૦ જણાયા. સ્વામીશ્રીએ વેઠેલા વધુ પડતા શ્રમનું આ પરિણામ હતું. તેથી ડૉક્ટરે આરામ લેવાની સલાહ આપી, હળવા હાસ્ય સાથે ઉમેર્યું કે "જ્યારે યોગીજી મહારાજને મેં અહીં તપાસ્યા ત્યારે કેટલીક સૂચનાઓ આપી હતી. તે સાંભળી તેઓએ કહેલું કે 'તમે કહો તે બધું સાંભળું છું, પણ જેટલું અનુકૂળ હોય તેટલું મગજમાં

ઉપર જાય છે. બીજું બારોબાર નીકળી જાય છે.' તેવું તમે કરશો નહીં.''

આ સાંભળી સ્વામીશ્રીએ હાસ્ય વેર્યું. એ સ્મિતમાં સંકેત હતો: *'એની રીતે રીત આપણી...'*નો.

ડૉક્ટરની વિદાય બાદ તેઓએ ખરેખર યોગીજી મહારાજની રીતે રીત જ કરી બતાવ્યું. આખા દિવસના શ્રમિત હોવા છતાં તેઓ રાત્રે સવા અગિયાર વાગ્યે યુવક મંડળની સભામાં જઈ પહોંચ્યા અને પોણા બાર વાગ્યા સુધી પ્રેરક વાતો કરી. જે વિગત સાંભળીને મનુષ્ય સ્વાસ્થ્ય વિષે સભાન થઈ જાય તે સાંભળીને સ્વામીશ્રી બિલકુલ ચિંતાગ્રસ્ત થતા નહીં.

*'આઠ પોરમાં એક ઘડી, ન માને નિજ દેહજી;*

*તેના સુખ સારુ શું કરે, ઉપાય નર એહજી...'*ની રીત જ તેઓએ જીવનભર જાળવેલી.

તેથી જ્યારે તેઓ રાત્રે બાર વાગ્યે આરામ માટે સૂતા ત્યારે સંતોએ પણ વિનંતી કરી કે 'બાપા! હવે આપે થોડો વહેલો આરામ કરવો; જેથી તકલીફ ન પડે.'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'આપણે તો શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને આપણી પાસે જેટલું કામ કરાવવું હશે તેટલું કરાવશે. ત્યાં સુધી શરીર સારું રાખશે. બાકી આપણે સંભાળીએ ને સારું ન રહે. એ તો મોટા શેઠિયા પાસે ડૉક્ટર અખંડ સેવામાં રહેતો હોય તો પણ તે ઘડીકમાં ઊપડી જાય છે. માટે મહારાજની ઇચ્છા હોય તેમ થાય.'

પણ સંતોએ પ્રેમવશ થઈ કહ્યું: 'શ્રીજીમહારાજ માત્ર ૪૯ વર્ષ જ પૃથ્વી પર રહ્યા. જો વધારે વર્ષ રહ્યા હોત તો આથી વિશેષ ડંકો મારત.'

તેમાં ટાપશી પૂરતાં કો'ક બોલ્યું: 'ગુણાતીતાનંદ સ્વામીનું આયુષ્ય જન્મોત્રીમાં ૫૮ વર્ષ હતું પણ ભક્તોને સુખ આપવા ૨૫ વર્ષ વધાર્યું. તો આપ ધારો તે પ્રમાણે વધારી શકો.'

ત્યારે સ્વામીશ્રીનો ઉત્તર એ જ રહ્યો: 'મહારાજની ઇચ્છા હોય એટલાં વર્ષ રહેવાય. આપણે તો આ દેહે જેટલી શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની સેવા થાય તેટલી કરી લેવી. તેમાં દેહનો વિચાર ન કરવો.'

શરીરને ધૂળથી વિશેષ ન સમજતા સ્વામીશ્રી તેની પળોજણમાં ઝાઝું લક્ષ્ય આપતા નહીં. શરીરને ભગવાનની ઇચ્છાને આધીન માનીને તેઓ તેનો કસ કાઢતા રહેતા.

## સાધુને સાદું સારું

નૈરોબીના રોકાણ પર હવે પૂર્ણવિરામ મૂકાવાની તૈયારી હતી. આ મંડળને ફાળવાયેલા તેર દિવસ તો જાણે વીજળીની ઝડપથી સરી ગયા તેમ સૌને લાગ્યું. સ્વામીશ્રીનો છેલ્લો છેલ્લો લાભ લૂંટી લેવા તા. ૧૧/૪ની રાત્રે લોહાણા મહાજન વાડીમાં સમગ્ર સત્સંગ મંડળને રસોઈ આપવામાં આવેલી. સ્વામીશ્રી પણ અહીં જ ભોજન લેવાના હતા. રસોઈમાં બુંદીના લાડુનું મિષ્ટાન્ન હતું. સ્વામીશ્રીએ ૫૦૦ ઉપરાંત ભક્તોને તે લાડુ પીરસીને અલભ્ય સ્મૃતિ આપી.

સૌને જમાડીને સ્વયં જમવા પધાર્યા, પણ જમવા માટે બેસવા જતાં તેઓ થંભી ગયા. અહીં તેઓ માટે ફોમ(foam)નાં ગાદલાં પર ચાદર બિછાવીને બેસવાની વ્યવસ્થા ગોઠવેલી. તે તેઓને રુચ્યું નહીં. તેથી બોલ્યા : 'આની શી જરૂર છે?'

તેઓએ માત્ર આમ નારાજગી બતાવી એટલું જ નહીં, પણ તે ગાદલું ઉપડાવી સામાન્ય પાતળા આસન પર બિરાજીને ભોજન અંગીકાર કર્યું.

કોઈપણ પ્રકારના ઠઠારાનો સ્વામીશ્રીને આત્યંતિક અભાવ હતો. તેઓ ઘણી વાર કહેતા : 'ધૂળમાં રહેવું ને ધૂપેલના સ્વાદ શું? સાધુને સાદું સારું.'

આજે તેઓએ ફરી એક વાર તે કરી બતાવ્યું.

## સાકર-શેલડીના સ્વાદ સમો સહવાસ

સ્વામીશ્રીએ તા. ૧૨/૪ના રોજ નૈરોબીથી પ્રયાણ કરતાં પૂર્વે ડૉ. જયેન્દ્ર દેવાણીના દવાખાને જઈને ડાબી બાજુની નીચેની દાઢ કઢાવેલી. તે સાથે *'દાડિમ સમ પંક્તિ દંત'*નો વધુ એક દાણો ખર્યો!

આ દાક્તરી વિધિ બાદ મોમ્બાસા જવા નીકળેલા સ્વામીશ્રી માર્ગમાં મકીન્ડુ મુકામે રોકાયા. પૂર્વ આફ્રિકાના સત્સંગની ગંગોત્રી સમું આ સ્થાન. અત્રે સ્ટેશન માસ્તર તરીકે રહેલા હરમાનભાઈએ અહીંથી જ પૂર્વ આફ્રિકામાં સત્સંગ-પ્રચારની શરૂઆત કરેલી. આ સ્થળે આવેલા ગુરુદ્વારામાં યોગીજી મહારાજ અને સ્વામીશ્રીની મૂર્તિઓ પણ રાખવામાં આવી છે.

આ સ્થાનના કાર્યકર્તાઓએ સ્વામીશ્રીને હારતોરા અને શાલ-સન્માનથી સત્કાર્યા. આ અલ્પ સહવાસમાં પણ સ્વામીશ્રીની સાધુતાની ફોરમ

એવી પ્રસરી કે ગુરુદ્વારાના વ્યવસ્થાપકોએ મોમ્બાસાથી નૈરોબીની વળતી ખેપમાં અહીં પ્રસાદ ગ્રહણ કરીને જવાનો પ્રેમાગ્રહ સ્વામીશ્રી સમક્ષ સેવ્યો.

સ્વામીશ્રીનું સાંનિધ્ય એટલે સાકર-શેલડીનો સ્વાદ. એક વાર ચૂસ્યો-ચાખ્યો એટલે જીભ-જીવ બેયમાં ચોંટી જાય. આજે શીખબંધુઓને પણ આ જ સ્થિતિમાં મૂકી સ્વામીશ્રી મકીન્ડુથી આગળ વધ્યા.

માર્ગમાં મ્ટીટોન્ડી(Mtitoandei), વોય(Voi) અને ત્સાવો(Tsavo) પસાર કર્યાં. આ રસ્તે એક સ્થળે લાલ રંગવાળા હાથીઓનાં ટોળાં પર સ્વામીશ્રીની દૃષ્ટિ પડે તે માટે ગાડીચાલકે ગાડી ઊભી રાખી. તે વખતે સ્વામીશ્રીએ આ પ્રજાતિને પણ પોતાની નજરમાં લઈ તેનું કલ્યાણ કર્યું.

## મોમ્બાસામાં મહાસંમેલન

સાંજે પાંચ વાગ્યે સ્વામીશ્રી મોમ્બાસાથી દસ કિલોમીટર દૂર આવી પહોંચ્યા ત્યારે અહીંથી તેઓની ભવ્ય નગરયાત્રા શરૂ થઈ. શણગારેલી ખુલ્લી ગાડીમાં સ્વામીશ્રી બિરાજ્યા. તેની પાછળ ૧૦૭ મોટરો મળીને કુલ ૧૦૮ મોટરોની ભવ્ય મોટરમાળા રસ્તા પર સરકવા લાગી. ગાડીઓની આટલી લાંબી હરોળ જોઈને વટેમાર્ગુઓનું કુતૂહલ સમાતું નહોતું. જયજયકાર કરતી એ સ્વાગત-યાત્રાએ મોમ્બાસામાં દબદબાપૂર્વક પ્રવેશ કર્યો અને 'પટેલ સમાજ'માં સભારૂપે ફેરવાઈ ગઈ.

અહીંના એક કાર્યક્રમરૂપે તા. ૧૩/૪ થી ૧૭/૪ દરમ્યાન યુવકોનું મહાસંમેલન યોજાયેલું. આ સમયે દાઢ પાડવાના નિમિત્તે સ્વામીશ્રીના દાંત સાફ કરેલા. તેથી દાંતને સહેજ પાણી અડે તો પણ કળતું. એટલે તેઓ ભૂંગળી(સ્ટ્રૉ) દ્વારા પાણી પીતા. છતાં દુઃખતી દાઢે અને કળતા દાંતે સંમેલનના પ્રત્યેક સત્રમાં તેઓએ આશીર્વાદનું અમૃત સીંચ્યું. તેમાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

'સત્સંગનું મોટું કાર્ય યુવાનોએ કરવાનું છે. પાકા ઘડે કાંઠા ન ચડે. કાચું હોય ત્યારે જેવો કાંઠો કરવો હોય તેવો થાય. મોટી ઉંમરે ભક્તિ-કીર્તન ન થાય. ઘરડાં ગલકાંનું શાકેય ન થાય. કથા-વાર્તા આપણું જીવન બનવું જોઈએ, તે અત્યારથી જ કરવું. બીજાં સેવાનાં કાર્યો કરતાં આ કાર્ય ઘણું વિશેષ છે. અહીં આત્માનું શ્રેય થાય. પેલામાં અહં વધે.'

સ્વામીશ્રીના આવા અમૃતનો આસ્વાદ પામી યુવાનોની દિશા અને

દશા બંને બદલાતા.

આ સંમેલનમાં કથામૃતની સાથે પ્રોત્સાહનનું પીયૂષ પિવડાવવામાં પણ સ્વામીશ્રીએ કોઈ કસર રાખી નહીં. વિવિધ મંડળના બધા બાળકો, યુવકોને તેઓએ સ્વહસ્તે સ્મૃતિભેટ આપી. યુવકોને અપાયેલી ડાયરીઓમાં હસ્તાક્ષર પાડી આપીને પણ સૌને ન્યાલ કર્યા. વાનગીઓ પીરસીને અમૃતરસની લહાણી કરી, તો યુવકોને હારતોરા કરી સન્માન્યા. રાસ, સંવાદ, કીર્તન, પ્રવચન વગેરે પ્રસ્તુતિઓને તાળીઓ વજાડીને વધાવી. 'આ તો વચનામૃતના પગી થાય એવા છે... યુવકોને ધન્યવાદ છે... રાસ-સંવાદથી આનંદ કરાવ્યો... કીર્તનો સારાં ગાયાં...' જેવાં પ્રશંસાનાં પુષ્પો વેરીને પ્રેરણા-પરિમલ પ્રસરાવ્યો. સ્વામીશ્રીના સાંનિધ્યમાં અડિયલ યુવાનીને અમિયલ બની રહેલી, ખોખલી યુવાનીને ખડતલ બની રહેલી અને બેજવાબદાર યુવાનીને સમજદાર બની રહેલી સૌએ નજરે નિહાળી.

## જોગીને જોયા નારાયણસ્વરૂપમાં

યુવકોના સંમેલન દરમ્યાન તા. ૧૬/૪ના રોજ રવિભાઈ પંડ્યાના પ્રાસાદિક 'અક્ષરધામ' બંગલે કથાવાર્તાનો કાર્યક્રમ યોજાયેલો. આ યજમાનને સ્વામીશ્રીના મુખે 'સત્સંગિજીવન'માંથી શાસ્ત્રીજી મહારાજના પ્રિય ભક્તિ-અધ્યાયની[૧૦૧] કથા સાંભળવાની તીવ્ર અભીપ્સા હોવાથી તેઓએ સ્વામીશ્રીને આમંત્રેલા. સ્વામીશ્રીએ પણ એક જ દિવસનું પારાયણ હોવા છતાં વિસ્તાર-પૂર્વક મહાપૂજાનો વિધિ સંતો પાસે શરૂ કરાવ્યો.

આ મહાપૂજામાં આરતીની ઘડી આવતાં યજમાન અને તેઓના પુત્ર આરતી ઉતારવા લાગ્યા. તે વખતે જ, પોતાના આ બંગલાની રજેરજને પાવન કરી તેને 'અક્ષરધામ' બનાવનાર યોગીની યાદ આવતાં રવિભાઈની આંખોમાંથી અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો. પરંતુ તે જ સમયે તેઓને સ્વામીશ્રીના સ્થાને યોગીજી મહારાજ બેઠેલા જણાયા. તેઓ વિચારી રહ્યા કે 'આ તે ભ્રાંતિ કે નક્કર વાસ્તવિકતા ?!'

આરતી પૂર્ણ થઈ ત્યાં સુધી સ્વરૂપ-અદ્વૈતનું આ દૃશ્ય ચાલી રહ્યું. તેણે યજમાનને નિઃસંશય કરી મૂક્યા. તેઓને 'હીરની દોરી ને તેલનાં ટીપાં'ની જેમ સ્વામીશ્રી વિશે પ્રતીતિ બેસી ગઈ.

---

૧૦૧. પ્રકરણ-૨, અધ્યાય-૫૧.

## વીસરતું નથી વળી વિસારતાં

આ અરસામાં સ્વામીશ્રી તેઓના ભવ્ય ભૂતકાળને કાગળ પર ટપકાવી રહેલા. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ સાથેના તેઓના યાદગાર પ્રસંગો તેઓ રોજ પૂજાના અંતે ડાયરીમાં નોંધતા જતા. ભવિષ્યમાં આ સંકલન સોનમૂલું સાબિત થવાનું હતું.

તા. ૧૭/૪ના રોજ આ ક્રમથી પરવારી સ્વામીશ્રી સાંજે કિલિન્ડીની બંદર પર ગોઠવાયેલા જળવિહારના કાર્યક્રમ માટે પધાર્યા. અઢાર ડૉકના આ ધમધમતા બંદર પર સુરમ્ય દરિયો સહેલાણીઓને આકર્ષતો હતો. તેથી સ્વામીશ્રી પધારતાં પૂર્વે અહીં આવી ગયેલા હરિભક્તો ચારેકોર જોતાં-ફરતાં સૃષ્ટિના સૌંદર્યનું પાન કરી રહેલા. પ્રકૃતિના જીવ પ્રકૃતિના ખોળે જઈને જ બેઠેલા! પરંતુ સ્વામીશ્રી આવતાં જ સૌ તેઓને વીંટળાઈ વળ્યા. પ્રકૃતિના પંજામાંથી જીવને છોડાવવા એ જ તો તેઓનું કામ હતું ને!

સ્વામીશ્રી આવતાંવેંત યોગીજી મહારાજની સ્મૃતિ કરાવતાં બોલ્યા: "'૭૦માં યોગીજી મહારાજ દેશના હરિભક્તોને મૂકવા માટે આ બંદરે પધાર્યા હતા. ખૂબ પવન અને ઠંડી હતાં. હરિભક્તોએ ના પાડી હતી કે 'આવી હવામાં બહાર ન નીકળાય.' પણ 'આપણે બહાર નીકળીશું અને હવા સારી થઈ જશે. હરિભક્તો બધા રાજી થશે.' એમ કહેતાં યોગીજી મહારાજ આવી ગયેલા."

આફ્રિકાના આ પ્રવાસમાં સ્વામીશ્રી જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં યોગીજી મહારાજનાં ચરિત્રોની યાદ કરાવતા રહેતા. તેઓના સંબંધને પામેલાં સ્થળ-જળ, ઝાડ-પ્હાડ, વસ્ત્ર-વાહન વગેરે જોતાં જ તેઓના હૈયામાંથી ગુરુસ્મૃતિની છોળો ઊછળવા માંડતી. જળવિહાર કરીને જ્યારે તેઓ પોર્ટ રીટ્ઝ ઍરપોર્ટ પર પધાર્યા ત્યારે પણ બોલી ઊઠ્યા: 'યોગીજી મહારાજનું પ્લેન અહીં ઊતરેલ અને લૉરીમાં સિંહાસનમાં પધરાવી મંદિરે લઈ ગયા હતા.'

આમ, *'આ સ્થળે એ સ્નાન કરતા, સુંદર શ્યામ સુધીર; ઈયાં આવ્યા હતા અલબેલ, પછી રમાડિયા રંગરેલ...'*ની પ્રેમલક્ષણા ભક્તિ સ્વામીશ્રીમાં અખંડ દર્શાતી.

## કરામતની વાત અને વાતની કરામત

તા. ૧૮/૪ના રોજ આવેલી એકાદશીની સવારે કરામતના

વચનામૃત[૧૦૨] પર આશીર્વર્ષા વરસાવતાં સ્વામીશ્રીએ કહેલું કે –

"સહન કરવું તે મોટી વાત છે. કલ્યાણમાં વિઘ્ન આવતું હોય તો વ્યવહારને પડતો મૂકવો. 'ભગવાનનું સાક્ષાત્ સ્વરૂપ છે' એવું સમજીને જે સંતમાં જોડાયો તે ભક્ત. જ્ઞાન, સમજણથી જેવા છે તેવા સમજવા તે ભક્ત. આ વાત કરામત જેવી છે. તાળું મોટું પણ નાની ચાવી લગાડે તો તરત ઊઘડી જાય. આંગળી કપાય તો સાંધો બાઝે પણ ગળું કપાય ત્યાં શું? દૈહિક ભૂલ ભગવાનને પ્રાર્થના કરીએ તો ટાળે પણ અવગુણ આવે તે મોટી ભૂલ. તે ન થવી જોઈએ."

આમ, સૌને કલ્યાણની કરામત શિખવાડી સ્વામીશ્રી મીટિંગ-મુલાકાત માટે બિરાજ્યા – સતત અઢી કલાક સુધી, એક જ આસને, નિર્જળા ઉપવાસમાં! ત્યારબાદ સતત પોણા પાંચ કલાક સુધી યુવકોને વાતો કરી અને પત્રો વાંચ્યા-લખ્યા. તે પછી રાધા-કૃષ્ણ મંદિર, વિશ્વકર્મા મંદિર, જડેશ્વર મહાદેવ, કચ્છી ભક્તોએ બાંધેલા સ્વામિનારાયણ મંદિર વગેરેનાં દર્શને પધાર્યા.

આજે તેઓની આજ્ઞાથી પચાસ યુવકોએ એકાદશીનો નિર્જળા ઉપવાસ કરેલો. રાત્રે સવા દસ વાગ્યે સભાની સમાપ્તિ બાદ સ્વામીશ્રી આ ઉપવાસી યુવાનો સાથે ગોષ્ઠીરત બન્યા. ઉપવાસમાં પણ તેઓના ઉત્સાહને ગ્રહણ લાગતું નહીં. પરંતુ નિર્જળા ઉપવાસની ફાવટ વિનાના યુવાનો તો રાત્રે ઢીલા ઘેંસ જેવા થઈ ગયેલા. તેથી સ્વામીશ્રીએ વાતનું સુકાન હાસ્યના ઓવારા તરફ વાળતાં કહ્યું: "બધા બાર વાગ્યાની રાહ જોતા હશો કે ક્યારે બાર વાગે? એક જણ બીજે ગામ જતો હતો. રસ્તે ચાલી થાકી ગયો હતો. પછી કોઈ સામે મળ્યું તેને પૂછ્યું કે 'ભ'ઈ! ગામ કેટલે દૂર છે?' તો કહે, 'એક ગાઉ.' ત્યારે આવોયા કહે, 'તમે ઊભા ત્યાંથી કે હું ઊભો ત્યાંથી એક ગાઉ?' એટલો બધો શ્રદ્ધારહિત થઈ ગયેલો."

પોતાની મનઃસ્થિતિ પામીને સ્વામીશ્રીએ કરેલી આ રમૂજથી સૌ યુવકો હાસ્યના હિંડોળે ચડી ગયા. ત્યાં જ બીજો ઠેલ મારતાં સ્વામીશ્રીએ કહ્યું:

"ઉપવાસમાં કોઈ કહે, 'પાણી પી લો... ફરાળ કરી લો...' તો સૌને ગમે. એક વાર એક મુસલમાન માંદો પડ્યો. તેને જોવા માટે બધાં સગાં ભેગાં થયાં. કોઈ કહે, 'કડવું કરિયાતું પીવો.' બીજો કહે, 'મીઠું ન ખાવું.' ત્રીજો આવીને કહે, 'તીખું ન ખાવું.' ત્યારે તેનાં ફોઈ બોલ્યાં, 'દરરોજ થોડો શીરો

---

૧૦૨. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૨.

ખાવો.' ત્યારે પેલો માંદો તરત કહે, 'ફૂફી કહે તે સુનો.' એમ જેમાં રુચિ હોય તેવું કહે એટલે સૌને ગમે."

સ્વામીશ્રીએ આમ એક પછી એક એવી ગમ્મતભરી કથાઓ કહી કે યુવાનોને ઉપવાસનું કષ્ટ કપૂરની જેમ ઓગળી ગયું. અનેક કથા-કહેવતોનો સ્વામીશ્રી પાસે અખૂટ ભંડાર હતો. તેમાંથી પ્રસંગ પારખીને તેઓ એવી રીતે વાત મૂકી જાણતા કે સૌને રસાનુભૂતિ, સહાનુભૂતિ અને સુખાનુભૂતિ એક સાથે સાંપડે. તેઓની વાતમાં આવી કરામત રહેતી.

## મૈં હૂં દાસી ચરણ ઉપાસી

તા. ૧૯/૪ના રોજ બાબુભાઈ દેવાણીના ઘેર પધરામણીએ ગયેલા સ્વામીશ્રીના સ્વાગતમાં યજમાને વિધવિધ તૈયારીઓ કરી રાખેલી. તેમાં બ્રાહ્મણ દ્વારા પૂજનવિધિનો પણ એક કાર્યક્રમ ગોઠવેલો. તે અનુસાર સ્વામીશ્રી પધાર્યા ત્યારે ભૂદેવે કહ્યું: 'આપનાં ચરણ પ્રસારો. તેને પંચામૃતથી પખાળવાં છે.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'આ હરિકૃષ્ણ મહારાજ રહ્યા. તેઓનાં ચરણારવિંદ ધૂઓ અને સૌ પ્રસાદી લેજો. સંતનાં તો દર્શન થાય અને આશીર્વાદ લેવાય.'

સ્વામીશ્રીની આ વાત સાંભળી યજમાન અને ગોર ચકિત થઈ ગયા. અત્યાર સુધી તેઓને આમ કરતાં કોઈ સાધુ-સંન્યાસીએ વાર્યા નહોતા. આજે પહેલી વાર તેઓના કાને સૂરો સંભળાઈ રહેલા કે '*મૈં હૂં દાસી, ચરણ ઉપાસી...*'

સ્વામીશ્રીની આ મોટપ હતી. સૌ તેઓને માનતા, પણ તેઓ તો ભગવાનને જ નમતા રહેલા.

આવા જ ભક્તિભાવથી તેઓ તા. ૨૦/૪ની સાંજે સંઘ સાથે સી. ટી. પટેલના બંગલે પહોંચ્યા. અહીં આંગણામાં પગ મૂકતાં જ સ્વામીશ્રીના મુખમાંથી શબ્દો નીકળી પડ્યા: 'આપણે તો આજે તીર્થ થઈ ગયું. યોગીજી મહારાજ અહીં રહ્યા હતા.' આમ બોલતાં તેઓની મુખાકૃતિ ભાવવિભોર બની ગઈ.

જે હિંડોળાની પાટ પર યોગીજી મહારાજ બિરાજતા તેનાં દર્શન કરીને જ્યાં ગુરુ પૂજા કરવા બેસતા તે સ્થળે તો તેઓ દંડવત કરવા લાગ્યા. જે લીંબતરુ નીચે યોગીજી મહારાજ બેસતાં ઝાડની ડાળ મીઠી થઈ ગયેલી તેનાં પાન પણ સૌને ચખાડ્યાં. ત્યારબાદ યોગીજી મહારાજ જ્યાં સ્નાન કરતા,

જ્યાં બેસીને બપોરે ધ્યાન ધરતા તથા જ્યાં આરામ કરતા તે સ્થાનનાં પણ દર્શન કર્યાં.

*'ધન્ય ઘર ઓસરી આંગણાં રે, જીયાં પગલાં થયાં પ્રભુતણાં રે;*

*જુવે સર્વે સ્થળ એ સંભારી રે, એક એકથી કલ્યાણકારી રે...'*ની મહિમાદૃષ્ટિથી સ્વામીશ્રી બધે ફર્યા. છેલ્લે બોધ પણ આપ્યો કે 'જેમ લીંબડાએ યોગીજી મહારાજના સંબંધે કડવાશ મૂકી, તેમ આપણે સૌએ પણ જો સત્પુરુષનો સાચો સંબંધ કર્યો હોય તો આપણા સ્વભાવની કડવાશ મૂકવી.'

## મોહામોહ મિલે નિજ પ્રીતમ

તા. ૨૧/૪ના રોજ રવિવાર હતો. આ દિવસે પરદેશમાં વસતા સત્સંગીઓ માટે મંદિર જ ઘર બની જાય. જ્યાં જ્યાં બી.એ.પી.એસ.નાં મંદિરો હોય ત્યાં ત્યાં રવિવારે સમૂહ-ભજન અને સમૂહ-ભોજનનાં અનેરાં દૃશ્ય જોવાં મળે. બસો-પાંચસો કે હજાર - બે હજારની સંખ્યા ધરાવતું વિશાળ કુટુંબ ભેગું થયું હોય તેવા ઉષ્મા-ઉલ્લાસ ત્યાં અનુભવાય. તેમાંય સ્વામીશ્રીની ઉપસ્થિતિ હોય એટલે કંસારમાં ઘી. આજે આવો સ્વાદ મોમ્બાસાવાસી માણી રહેલા.

તેમાં સાકર ઘોળતા હોય તેમ સ્વામીશ્રીએ રવિસભામાં કથાપ્રવાહ વહેવડાવ્યો કે "આપણે કૃતાર્થ માનવું. બળ, હિંમત રાખવાં કે જરૂર કલ્યાણ થવાનું છે. સ્વભાવ ટળી જશે. બ્રહ્મરૂપ થઈ જવાશે. એવા પુરુષ મળ્યા છે તે નિર્વાસનિક કરશે. ધીરે ધીરે જીવમાંથી બડવાળ, અજ્ઞાન નીકળી જશે. ભૂત મૂકે નહીં તો આ મૂકશે? કૃતાર્થ માની કાર્ય કરી લેવું. બસો બખતરિયા ભેગા હોય તો બીક શાની લાગે? તેમ આપણી સાથે ભગવાન ને સંત છે. કાગળના લખનાર મળ્યા પછી કાગળનું શું કામ? આકાશમાં બેઠા છે તેની રાહ જુએ પણ કાગળના લખનાર જ આવ્યા છે. 'ત્યાં કેવા હશે? ધામ કેવું હશે?' પણ શ્રીજીમહારાજ પોતાનું અક્ષરધામ લઈ આવ્યા તે સામે બેઠા છે. મળ્યા છે તે જ સાક્ષાત્ અક્ષરધામનું સ્વરૂપ છે. ભગવાનના અખંડ ધારક સંત મળ્યા છે. મહારાજ કહો, ધામ કહો તે મળ્યા છે! આ વસ્તુ સાક્ષાત્ મળી ગઈ છે. પછી ઊંડું ઊંડું શું શોધવાનું?"

પ્રાપ્તિની ખુમારી ચઢાવી સ્વામીશ્રીએ આજે સૌને નિર્ભય, નિઃશંક કરી મૂક્યા.

આ કેફમાં મહાલતાં સૌ તા. ૨૨/૪ના રોજ બમ્બુરી બીચ પહોંચ્યા.

અહીં સમુદ્રસ્નાનનો કાર્યક્રમ બે દિવસ પછી બુધવારે ગોઠવાયેલો. પણ સ્વામીશ્રીએ કહેલું: 'સોમવારે અમાસ છે અને સોમવતી અમાસે સમુદ્રસ્નાનનો મહિમા છે. માટે આ દિવસે કાર્યક્રમ રાખો.'

માનવીય ગણતરીમાં સગવડ સચવાય અને મજા આવે તે મુદ્દો મુખ્ય રહે; પણ સ્વામીશ્રી તિથિ અને તીર્થને ગણતરીમાં લઈને આયોજનો ગોઠવતા. તે દ્વારા તેઓ ખ્યાલ પણ ન આવે તેટલી સહજતાથી સૌમાં પરંપરા અને પ્રણાલીનું પોષણ કરી દેતા.

તે મુજબ આજે સ્વામીશ્રી 'ફોર્ટ જિસસ'થી પાણી પર તરતા 'ન્યાલી બ્રીજ' દ્વારા બમ્બુરી બીચ પધાર્યા. પરંતુ તેઓનો કોઈપણ કાર્યક્રમ કથાવાર્તા વિના તો કેવી રીતે સંપન્ન થાય? તેથી અહીં 'હિંદુ યુનિયન'ની જગ્યામાં બંધાયેલા પતરાંના 'શેડ' નીચે તેઓ સતત એંશી મિનિટ સુધી વરસ્યા અને સૌને મુગ્ધ કરી દીધા.

વાતોના આ મેઘ વરસાવી સ્વામીશ્રીએ ભોજન ગ્રહણ કર્યું અને પુનઃ ત્રીસ મિનિટ કથામૃત પીરસતાં કહ્યું: 'આખો ભારત મૂકીને અહીં આવવાની હિંમત કરી, તો સ્વભાવ ને વ્યસન મૂકવાની હિંમત કેમ થતી નથી? આપણે ચોવીસ કલાક કાંઈ મૂર્તિ સામે જોઈને બેસી રહેવાનું નથી. પણ આજ્ઞા પ્રમાણે વર્તાય તો મૂર્તિ ધારી કહેવાય.'

સ્વામીશ્રીની વાતો એવી તો પ્રાયોગિક અને પ્રાસંગિક, સૂત્રાત્મક અને સકારાત્મક રહેતી કે વર્તવાનું મન થયા વિના ન રહે. અધ્યાત્મના ગહન સિદ્ધાંતોને સાવ સહજતાથી લોકજીવનમાં વણી લેવાની તેઓની કાબેલિયત કેળવવામાં પેઢીઓની પેઢીઓ પસાર થઈ જશે તોય કોઈ પાકશે કે કેમ એ શંકાનો વિષય છે.

## જેટલું સંભારીએ એટલું વધારે સુખ

સ્નાન માટે સમુદ્રમાં પધારેલા સ્વામીશ્રીએ પહેલાં ઠાકોરજીને નવડાવ્યા. તે વખતે સર્વના શુભ માટે ધૂન કરાવી. ધૂન કરતાં કરતાં 'જુઓ, સામે કિનારે મુંબઈ, ભાવનગર, મહુવા એમ આપણાં મંદિરો છે, તેની સ્મૃતિ કરવી;' એમ કહેતાં આનંદ કરાવ્યો. દરિયાલાલ પણ આજે આ સાંનિધ્યથી ગેલમાં આવી ગયેલા. જેમ મનગમતી વ્યક્તિ મળતાં માણસ હરખાઈને તેને ઊંચકી લે, તેમ સમુદ્રે પણ આજે પોતાના તરંગો પર સ્વામીશ્રીને ઊંચકી લીધા. પરંતુ

સ્વામીશ્રીનો ભાર ન જીરવાતો હોય તેમ અધ્ધરથી જ પડતા મૂક્યા. આમ, ત્રણ વાર તેણે સ્વામીશ્રીને ગબડાવ્યા. લગભગ એક કલાક સુધી સ્વામીશ્રીએ સૃષ્ટિ, સાગર અને સત્સંગીઓને પોતાની આ દિવ્ય સ્નાનલીલાનો લાભ આપ્યો.

ત્યારબાદ શુદ્ધ જળથી સ્નાન કરીને પુનઃ સભામાં પધારેલા તેઓ યોગીસ્મૃતિમાં સરી પડતાં બોલવા લાગ્યા: 'યોગીબાપા વખતે થોડે દૂર નાહેલા. આપણે અહીં. જેટલું સંભારીએ એટલું વધારે સુખ આવે. 'પિકનિક' કહે છે તેવું થયું. ઝાંબિયા ગયેલા. 'ઝામ્બેઝી નદી પર 'પિકનિક' જવું છે. ચાલો...' – એમ યોગીજી મહારાજ બોલતા. ઈશ્વર સ્વામી રસોઈ કરે. યોગીબાપા બધાને સગડી ઉપર પાપડ શેકી આપે. આનંદ કર્યો હતો. આખો દિવસ રહ્યા હતા...'

સ્વામીશ્રીની આ ગુરુસ્મૃતિ પછી, આભારદર્શન માટે ઊભા થયેલા સી. ટી. પટેલ સ્વામીશ્રીની આજની જળલીલાનું વર્ણન કરતાં બોલ્યા: '...પરમ પૂજ્ય સ્વામીશ્રી ઢળ્યા...' ત્યારે સ્વામીશ્રીએ 'ઢળ્યા શું? ગબડ્યા. ત્રણ વાર ગબડ્યા.' એમ સુધારો કરાવી આનંદનું મોજું ફેલાવી દીધું. ગરબડને ગમ્મતનો વિષય બનાવી હસતા રહેવાની કળાના તેઓ સ્વામી હતા.

## 'શાંભા'માં સુખની સીમા

બમ્બુરી બીચથી પરત ફરેલા સ્વામીશ્રી તા. ૨૩/૪ના રોજ પધરામણી માટે નીકળવાની તૈયારીમાં હતા. તે સમયે તેઓને શૌચ-સ્નાનની ઇચ્છા થતાં દેહક્રિયા માટે તૈયાર થયા. તે જોઈ કો'કે પૂછ્યું: 'બાપા! અત્યારે કેમ? રોજ તો બાર વાગ્યે શૌચ-સ્નાન માટે પધારો છો અને આજે નવ વાગ્યે કેમ?'

'આપણે કાળનું બંધન શું? બાર વાગ્યે જ જવું એવું શા માટે? અત્યારે પણ જવાય.'

તેઓના આ વિધાનમાં કેવળ ગમ્મત જ નહોતી. તેઓની કાલાતીત અવસ્થાનું દર્શન પણ હતું.

આજે બપોરના ભોજન બાદ સ્વામીશ્રી કથા કરવા પધારતા હતા ત્યારે પણ તેઓને શૌચ-સ્નાન માટે જવાનું થયું. તે વખતે ધોતિયું ધારણ કરતાં તેઓએ વાત કરી કે 'પહેલાં મારી તબિયત ઘણી વાર બગડતી. તાવ આવે, કમળો થાય, ખાવાનું પચે નહીં, ખાવાની ઇચ્છા થાય નહીં. ઘેર હતા ત્યારે એક દિવસે ઝાડા થઈ ગયા હતા. તે આખો દિવસ તળાવને કિનારે પડ્યા રહેલા.

શાસ્ત્રીજી મહારાજ મારા શરીરે વારે વારે હાથ ફેરવતા ને આશીર્વાદ આપ્યા હતા. શાસ્ત્રીજી મહારાજના ધામમાં ગયા પછી મોટી માંદગી આવી નથી.'

આમ, પોતાની શારીરિક સ્વસ્થતાનું શ્રેય શાસ્ત્રીજી મહારાજને આપતાં સ્વામીશ્રી તા. ૨૪/૪ની સાંજે કુરજીભાઈની વાડીએ પધાર્યા. અહીં યોગીજી મહારાજનો પ્રાસાદિક સુંદર હોજ હતો. તેથી સ્વામીશ્રીને મન તે તીર્થરૂપ. તેમાં સ્નાન કરવા તેઓએ ઝંપલાવ્યું. સાથે સંતો-ભક્તો પણ કૂદી પડ્યા. સૌએ સ્વામીશ્રીને સ્નાન કરાવવાનો લાભ લીધો. તે વખતે યજમાને સ્વામીશ્રીને હાથ જોડી વિનંતી કરી કે 'બાપા! પાણીમાં મળો(ભેટો).'

તેઓનો આ મનોરથ સ્વામીશ્રીએ પૂરો કરતાં જ ભક્તોની હારમાળા ખડકાઈ ગઈ. એક પછી એક સૌ સંતો-ભક્તોને સ્વામીશ્રી ભેટતાં *'ભાવે ભેટી રે, ભાવે ભેટી રે; અતિ આનંદ અંગ, મનડું રહ્યું છે મોઈને રે...'*નો બ્રહ્માનંદ છવાઈ રહ્યો. આ લાભ લૂંટવા માટે જે બહાર ઊભા હતા તેઓ પણ વસ્ત્ર સહિત હોજમાં ખાબક્યા અને હરોળમાં જોડાઈ ગયા. તેઓનાં કપડાં સાથે કાળજાં પણ ભીંજાયાં. આમ, સૌને સુખની સીમા દેખાડીને સ્વામીશ્રીએ 'શાંબા'માંથી વિદાય લીધી.

## સર્વે રહે અમારાં વચનમાં

તા. ૨૫/૪ના રોજ મોમ્બાસા મંદિરનો વીસમો પાટોત્સવ સ્વામીશ્રીની નિશ્રામાં ઊજવાઈ રહેલો. તે વખતે સ્વામીશ્રી મૂર્તિપૂજન માટે ઊભા થયા, પણ મૂર્તિઓ ઊંચી હોવાથી તેઓ નાના ટેબલ દ્વારા સિંહાસન પર ચડી ગયા અને દરેક મૂર્તિને પ્રેમથી પૂજી.

આ પાટોત્સવ પ્રસંગે લગભગ આઠસો જેટલા હરિભક્તોનું ભોજન મહિલા મંડળે તૈયાર કરી રાખેલું. માત્ર આજે જ નહીં, પરંતુ સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન રોજેરોજ ૫૦૦ થી ૧૦૦૦ ભક્તોનાં અલ્પાહાર, ભોજન, ઉકાળા-પાણી વગેરેની વ્યવસ્થા મહિલાઓ જ સંભાળતાં. આ સેવાને કારણે તેઓને દર્શન-સમાગમનો લાભ જતો કરવો પડતો. પરંતુ સ્વામીશ્રી રસોડામાં રસોઈ પર દૃષ્ટિ કરવા પધારે ત્યારે તેઓને દર્શનનો લાભ મળી જતાં તેઓ કૃતકૃત્ય થઈ જતાં!

સત્પુરુષનો લાભ લેવામાં દૂર-સમીપનો કોઈ મેળ હોતો નથી. જો ભક્તની વૃત્તિ તેઓમાં હોય તો ગુણાતીત સંત વૃત્તિ દ્વારા સેવીને પણ ભક્તને

બ્રહ્મરૂપ અને પૂર્ણકામ બનાવી દે છે.

આજે પણ સ્વામીશ્રી આ રીતે રસોઈનું નિરીક્ષણ કરી અગાશીમાં પધાર્યા. સંતો તથા આમંત્રિત અતિથિઓની ભોજન-વ્યવસ્થા અહીં હતી. પણ આકાશમાં તોળાઈ રહેલાં કાળાંડિબાંગ વાદળાં જો ફાટે તો ઉત્સવના રંગમાં ભંગ પડે તેમ હતું. સૌએ આ બાબતે સ્વામીશ્રીનું ધ્યાન દોર્યું ત્યારે તેઓ સહેજ હસ્યા અને બોલ્યા : 'ક્યારનો આંટા મારે છે. આજ્ઞાની રાહ જુએ છે.'

સ્વામીશ્રીના સામર્થ્યનો પરિચય આપનારા આ ઉદ્‌ગારો હતા.

*'શશી સૂરજ શેષ સિંધુ, સર્વે રહે અમારાં વચનમાં;*

*વારિ વસુધા વહનિ, મરુત ડરે વળી મનમાં...'* એ પંક્તિઓનો અનુભવ સૌને સ્વામીશ્રીમાં થઈ રહ્યો.

આજે અક્ષય તૃતીયાએ અક્ષરનાં આ અક્ષય સુખ-સામર્થ્યને માણી સૌ છૂટા પડ્યા.

## આ અમારી વિનંતી છે

પાટોત્સવના બીજા દિવસે તા. ૨૬/૪ના રોજ મોમ્બાસાથી વિદાય થતાં પહેલાં સ્વામીશ્રીએ સૌને વિદાય-વચનો સંભળાવતાં કહ્યું કે 'આફ્રિકા મંડળમાં મહિમા જોવામાં આવે છે. ચડતો ને ચડતો રંગ. કામ કરનારા કામ કરી ગયા છે. આપણે તો પંખા નીચે બેસી તૈયારંતૈયારા છે. જે સેવા સોંપવામાં આવે તે કરવી. એકરાગથી કરવું. એક સામી દૃષ્ટિ રાખવી. 'આ દેહ તે હું નહીં' એમ મનાય તો સુખ થઈ જાય. અંતરમાં વિક્ષેપ થાય તેવું ન કરવું. નિરંતર પાછું વળી જોવું. દરેકે પોતે વર્તવું. બીજા ઓછું-વધુ કરે તે ન જોવું. કાર્યકર્તાને અનુકૂળ થવું. કાર્યકર્તાએ દરેકને લાભ થાય તેમ કરવું. આ અમારી વિનંતી છે.'

આમ આશીર્વાદ આપતાં સ્વામીશ્રી વચ્ચે જ મંદિરની નવી વ્યવસ્થાપક કમિટીની જાહેરાત કરવા માંડ્યા. તેમાં કુલ આઠ સભ્યોમાંથી સાતનાં નામ તેઓ મોઢે બોલી ગયાં, પણ એક નામ યાદ આવતું નહોતું. તેથી ધોતિયાની ઓટીમાંથી ચિઠ્ઠી કાઢી અને તેમાંથી વાંચીને તે નામ બોલ્યા. તેઓની આ વિસ્મૃતિની લીલા સૌની સ્મૃતિમાં જડાઈ ગઈ. આ નિખાલસ ચેષ્ટાથી સભા આખી ખડખડાટ હસી પડી.

આ હાસ્ય સાથે રોકાણની સમાપ્તિ કરતાં સ્વામીશ્રી, સાંજે પોણા છ

વાગ્યે મંદિરમાંથી વિદાય લઈ પોર્ટ રીટ્ઝ ઍરપોર્ટ પર પહોંચ્યા. પણ અહીં સમાચાર આવ્યા કે 'વિમાનને આવતાં વિલંબ થશે.' આ ખબરથી લેશ અકળાયા વિના સ્વામીશ્રીએ આરતી-અષ્ટકનું આહ્નિક કર્યું. હવાઈમથકની હરિયાળીમાં જ ઠાકોરજીને દંડવત પણ કર્યા. ત્યારબાદ પ્રાસંગિક વાત કરી કે 'પૈસા હોય તેને સાચવવાની ચિંતા. ન હોય તેને શું? ભગવાન અને સંત મળ્યા પછી સાચવવાનું. કામ, ક્રોધ આવે નહીં. આજ્ઞા પ્રમાણે વર્તાય. મળ્યાને વિષે મનુષ્યભાવ ન આવે. તે મોટો દોષ. શંકા થઈ જાય. પણ સંત એ કલ્યાણકારી, કલ્યાણમૂર્તિ. માયાનો ભાગ-બાગ નથી તે સમજવું એ સાચવ્યું કહેવાય.'

આ રીતે ભજન કરી-કરાવીને પ્રતીક્ષાનો દોઢ કલાક તો તેઓએ પલકારામાં કાઢી નાંખ્યો. આવી પડેલા અણધાર્યા પ્રતીક્ષા-સમયનો સદુપયોગ કરવાનું આયોજન સ્વામીશ્રીને હંમેશા હાથવગું રહેતું. કદાચ તેથી જ તેઓ વર્ષોમાં સદીઓનું કાર્ય કરી ગયા!

સાડા છ વાગ્યે ઊપડનારું વિમાન પોણા નવ વાગ્યે ઊંચકાયું. તે સાથે જ સ્વામીશ્રીનું મન પણ ગુરુસ્મૃતિના પ્રદેશ પર ઊડવા લાગ્યું. તેઓ બોલ્યા:

'યોગીબાપાએ આફ્રિકાના બંગલા, રસ્તા બધું પ્રસાદીનું કર્યું હતું અને આકાશમાર્ગે પ્લેનમાં ઊડી આકાશને પણ પ્રસાદીનું કર્યું હતું. તે આકાશમાર્ગે આજે આપણે જઈ રહ્યા છીએ. યોગીબાપાએ બધાને સુખિયા કરી દીધા. અમે ઝાંઝીબાર આવા નાના પ્લેનમાં ગયા હતા. હરમાનભાઈ સાથે હતા. તે જે કોઈ આવે તેને મહિમાની વાતો કરે. જેમ સી. ટી. પટેલ દરેકને *'હીઝ સુપ્રીમ ડિવાઈન હોલીનેસ'*(His Supreme Divine Holiness) કહે છે તેમ...!' એમ કહેતાં ખૂબ ખડખડાટ હસવા લાગ્યા. રાત્રિના ૧૦:૦૫ વાગ્યે વિમાને જ્યારે નૈરોબીમાં ઉતરાણ કર્યું ત્યારે જ સ્વામીશ્રીનું આ સ્મૃતિસત્ર પૂરું થયું.

સતત સવા કલાક સુધી તેઓએ દિવ્ય પ્રસંગોનું રસપાન કરાવી સૌને ખરેખર આનંદ-આકાશમાં તરતા-રમતા મૂકી દીધા.

## જેહિ કે જેહિ પર સત્ય સનેહુ

તા. ૨૭/૪ના રોજ સ્વામીશ્રી નૈરોબીથી નકુરુ જવા નીકળ્યા.

પ્રાકૃતિક રમણીયતાથી ભરપૂર ૧૫૭ કિ.મી.ના આ માર્ગમાં, લેક નૈવાશા અને લેક એલ્મેન્ટીટાશાનાં સૌંદર્ય, લીલા ગાલીચા પાથર્યા હોય તેવા

ચાના બગીચા, ઢોળાવવાળી સુંદર સડકો, ખુલ્લું ભૂરું આકાશ, હવાની શીતળ લહેરખીઓ, સરોવરોમાં વિહરતી હોડીઓ, આકાશમાં તરતા ફ્લેમિંગો અને ગેંબલ્સ ગુફાનાં ગેબી આકર્ષણ સહેલાણીઓને સ્વર્ગીય સુખની અનુભૂતિ કરાવનારાં છે. તેથી આ પ્રવાસમાં સૌ સહપ્રવાસીઓ નિસર્ગના નજારામાં જ રાચતા રહ્યા. પણ સ્વામીશ્રી પત્રવ્યવહારમાં પરોવાયેલા રહ્યા. તેઓની સૃષ્ટિ કંઈક આગવી જ હતી.

નકુરુમાં સ્વામીશ્રીના રોકાણ દરમ્યાન નેશનલ પાર્કની સફરનું આયોજન સ્થાનિક ભક્તોએ ગોઠવેલું. એકધારી ગુણાતીત વાતો જીવ ઝીલી-જીરવી ન શકે. તેથી સ્વામીશ્રી પણ આવા કાર્યક્રમોમાં ભળતા. તે દ્વારા પર્યટન સ્થાનોમાં આવતાં હજારો પ્રવાસીઓને તેઓનાં દર્શનનો યોગ સાંપડતો અને તેઓનો બેડો ભવપાર ઊતરતો.[૧૦૩]

નેશનલ પાર્કમાં વસેલું નકુરુનું સરોવર દૂરથી લાલ રંગનો આભાસ જન્માવે છે, પરંતુ પાસે જતાં જ ફ્લેમિંગોની લાલ ડોક અને લાલ પીંછાં આ ભ્રમને ભાંગે છે. સરોવરના કિનારે પથરાઈને પડેલાં પક્ષીઓની આ સૃષ્ટિ ઘણી જ મોહક હોય છે.

આ સરોવરની સમીપમાં જ, દરિયાઈ સપાટીથી ૭,૪૬૬ ફૂટ ઊંચે આવેલો, ૧,૪૨૫ ફૂટની ઊંડાઈ અને ૩૫ ચોરસ માઈલનો વિસ્તાર ધરાવતો મેનીનગાઈ જ્વાળામુખી છે. તે સ્વામીશ્રી પધાર્યા ત્યારે તો 'अङ्गं गलितम् ...' જેવો મૃતઃપ્રાય હતો. તેના પેટમાં એકસમયે ધગધગતો લાવા અત્યારે સુકાઈ જતાં, તે પેટનો ઊંડો ખાડો ખાલી કૂવા જેવો દેખાતો હતો. પોતાની ભીષણતા પોતાને જ કેવી ભરખી જાય છે તે અહીં સ્પષ્ટ જોઈ શકાતું હતું. સૃષ્ટિના સમર્થ સંચાલકનું ચક્ર જ્યારે વક્ર થાય છે ત્યારે કાળનો પણ કોળિયો થઈ જાય છે, તે દર્શાવતું આ દૃશ્ય ભલભલા ચમરબંધીની 'ચરબી'ને ઉતારનારું હતું.

નેશનલ પાર્કને નિહાળ્યા બાદ, સ્વામીશ્રી સાંજે ગીતામંદિર હૉલમાં આયોજિત રવિસભામાં લાભ આપી, રાત્રે વાળુ-પાણીથી પરવારી એક હરિભક્તની વ્યાવહારિક મુશ્કેલીના નિવારણ માટે મીટિંગમાં બેઠા. તે વખતે ઓરડાની બહાર કોઠારી સ્વામી દિવસનાં છેલ્લાં દર્શનની રાહ જોઈને બેઠેલા, પરંતુ બારના ટકોરા વાગવા છતાં મીટિંગની પૂર્ણતાના કોઈ સગડ ન મળતાં

---

૧૦૩. *'જેણે જોયા જગનો આધાર રે, તેનો બેડો થયો ભવપાર રે;*
*તે તો પામિયા પરમ પ્રાપતિ રે, કરી અક્ષરધામમાં ગતિ રે.'* – પુરુષોત્તમપ્રકાશ

તેઓ આરામમાં જવાના વિચાર સાથે દંડવત કરવા લાગ્યા. દંડવત કરતાં કરતાં પણ તેઓનું દર્શનાભિલાષી મન તો સ્વામીશ્રીને ઝંખી જ રહેલું.

આમ, તેઓ છઠ્ઠો અને છેલ્લો દંડવત કરવા જ્યાં નીચે ઝૂક્યા ત્યાં જ જાણે તેઓના ભાવના ટકોરા બારણે પડ્યા હોય તેમ ઓરડાનાં બંધ દ્વાર ખૂલ્યાં. તેની વચમાં આવીને ઊભા રહેલા સ્વામીશ્રી બોલ્યા: 'તમે હવે સૂઈ જાવ. આ તો ચાલુ જ રહેશે.'

આ અણધાર્યાં દર્શનથી કોઠારી સ્વામી તો સ્વામીશ્રીનાં ઐશ્વર્ય અને આત્મીયતામાં ખોવાઈ જ ગયા! મધરાતની એ નીરવતા પડઘો પાડી રહી: *'જેહિ કે જેહિ પર સત્ય સનેહુ, સો તેહિ મિલહિ ન કછુ સન્દેહુ...'* – જેને જેના પર સાચો સ્નેહ હોય છે તે તેને મળ્યા વિના રહેતા નથી.

શિષ્યને સુવડાવીને ગુરુ પુનઃ કાર્યમાં વ્યસ્ત થયા. મધરાતની એ મીટિંગ કેટલા વાગ્યે પૂરી થઈ એ નોંધનાર હવે કોઈ રહ્યું નહોતું. હતા ફક્ત બે જણ જ – સ્વામીશ્રી અને પેલા હરિભક્ત. પણ હરિભક્તને આ ભીડો નોંધવાની સૂઝ નહોતી, સ્વામીશ્રીને તે નોંધાય તેવો ઈરાદો નહોતો. સૂર્ય-ચંદ્ર જ જેની સાક્ષીમાં રહ્યા હોય એવી આવી તો કંઈ કેટલીયે સ્વામીશ્રીની તવારીખો વણનોંધાઈ રહી ગઈ હશે!

## આચરણ અને આત્મીયતાનું જોર

સ્વામીશ્રીના નકુરુના રોકાણ દરમ્યાન રાજેન્દ્ર પટેલ નામના યુવાન સેવામાં સક્રિય હતા. વલ્લભવિદ્યાનગરથી મિકેનિકલ એન્જિનિયર થયા બાદ 'મેવાની સુગર મિલ'માં તેઓ ઊંચા પદ અને પગાર સાથે નોકરી કરી રહેલા. ઘરની દુકાન પણ દૂઝણી ગાય જેવી હતી. તેથી સંપત્તિનો સુકાળ હતો.

શિક્ષણ અને સમૃદ્ધિનો સુમેળ જામેલો હોવાથી તેઓના લગ્ન માટે ઘણાં માંગાં આવતાં હતાં. તે બાબતે તેઓએ સ્વામીશ્રીને પત્ર લખેલો ત્યારે તેઓએ ગૃહસ્થાશ્રમના માર્ગે આગળ ધપવાની લીલી ઝંડી ફરકાવેલી. પરંતુ તે વખતે આ યુવાને સ્વામીશ્રીને ખુલાસો કરેલો કે 'યોગીજી મહારાજે મને બ્રહ્મચર્ય પાળવા કહ્યું છે, એટલે લગ્ન તો નથી કરવાં.' તે સાંભળી 'રૂબરૂ મળીશું ત્યારે વાત કરીશું' કહી સ્વામીશ્રીએ વિચારણા પર અલ્પવિરામ મૂકેલું.

આ વાતનો છેડો લાવવા એ યુવાન અહીં એક દિવસ સ્વામીશ્રી પાસે જઈ પહોંચ્યા. તે વખતે સ્વામીશ્રીએ તેઓને પૂછ્યું: 'તમારી શું ઈચ્છા છે?'

'યુ.કે. જઈને ધંધો કરવો છે.'

'પણ અમારી ઇચ્છા બીજી છે.'

'આપની ઇચ્છા શું છે ?'

'તમે સાધુ થશો ?'

તે યુવાને તરત જ 'હા' પાડી અને પોતાનાં કોડ-કારકિર્દીને કચડી તેણે દીક્ષા લઈ લીધી.[૧૦૪] કેટલો ટૂંકો-સાદો વાર્તાલાપ પણ કેવી દીર્ઘકાલીન અસર !

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે 'તરવાર તો ખરી, પણ ક્ષત્રીના હાથમાં હોય ને વાણિયાના હાથમાં હોય; એમ આવાં વચન પણ બ્રહ્મવેત્તાનાં લાગે પણ બીજાનાં લાગે નહીં.'[૧૦૫]

વાર કરનારનાં કાંડાં-બાવડાંનાં બળના આધારે, પ્રહારની તીવ્રતામાં ફર્ક પડી જાય છે, તેમ કક્કા-બારાક્ષરીના શબ્દો સ્વામીશ્રીના મુખમાંથી નીકળતા ત્યારે આચરણ અને આત્મીયતાના જોર સાથે આવતા, તેથી તે કારગત નીવડતા.

## આપણું ગમતું કીધું એણે

નકુરુના રોકાણ દરમ્યાન તા. ૨૯/૪ના રોજ શાંતિભાઈના ઘેર પધારેલા સ્વામીશ્રી અહીં પગલાં મૂકતાં જ બોલ્યા: 'ચાલો, યોગીબાપાના પ્રસાદી-સ્થાનમાં ફરીએ.' આમ કહી તેઓ આ સ્થાનમાં બધે જ ફર્યા. *'જે જે જન જાયગા એ જોશે રે, તે તો અતિ મોટી ખોટ ખોશે રે...'*ના ભાવથી, કઈ જગ્યાએ યોગીજી મહારાજ શું શું કરતા, તે પણ સૌને સમજાવ્યું.

ત્યારપછી તેઓ જઈ પહોંચ્યા નકુરુ ઇન્ડસ્ટ્રીઝના આંગણે. આ ઉદ્યોગના માલિક લાલજીભાઈએ સ્વામીશ્રીની પૂર્વ આફ્રિકાની આ યાત્રા માટે સરકારી પરવાનગીઓ લેવામાં અથાગ પરિશ્રમ ઉઠાવેલો. આજે યોજાયેલી સભામાં પોતાની લાગણી રજૂ કરતાં તેઓ ભાવવિભોર બની ગયા. સ્વામીશ્રીએ પણ તેઓને આશીર્વાદ આપતાં કહ્યું: 'આ મોટું કામ કર્યું તો મહારાજ તેમને અક્ષરધામમાં બેસાડશે.'

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે 'ભગવાન એવા ઉદાર છે જે, જેના

---

૧૦૪. સન ૧૯૭૫માં દીક્ષા લેનાર તેઓનું નામ સાધુ ભક્તવત્સલદાસ રાખવામાં આવ્યું.

૧૦૫. સ્વામીની વાતો: ૬/૨૦૩.

ઉપર રાજી થાય તેને પોતાનું અક્ષરધામ બક્ષિસ આપી દિયે છે.'[૧૦૬] શ્રીજી-મહારાજની એ દયા સ્વામીશ્રી દ્વારા કાયમ વરસતી રહેલી.

સભા બાદ સાંજે સ્વામીશ્રી યજમાનનો સંકલ્પ પૂરો કરવા ફેક્ટરીમાં પુષ્પો છાંટવા નીકળ્યા. અહીં લૂગડાંમાંથી દોરા બનાવી તૈયાર થતાં બ્લેન્કેટ્સ(ધાબળાં)ની નિર્માણ-પ્રક્રિયા નિહાળી તેઓ બોલ્યાઃ 'તાણા-વાણાની જેમ સત્પુરુષમાં આત્મબુદ્ધિ કરવી જોઈએ. અંતર જોડવું જોઈએ, તો જીવનો શિવ થઈ જાય.'

આમ, પ્રાસંગિક ઉપદેશામૃત વહાવી તેઓ એક ક્વૉરી પર પધાર્યા. ત્યાં તેઓએ યજમાનની ઇચ્છાથી માલ ઉપાડવાના બુલડોઝરની સીટ(seat) પર બિરાજીને તે મહાકાય મશીનને પ્રસાદીભૂત કર્યું !

ત્યારબાદ પટેલ સમાજના હૉલમાં પધારેલા તેઓએ સૌની ઇચ્છા જાણી બસો જેટલા હરિભક્તોને લાપસી પીરસી !

આ રીતે સૌના કોડ પૂરા કરતા સ્વામીશ્રીએ તા. ૩૦/૪ની સવારે ચાર દુકાનોમાં કરેલી પધરામણીઓ વિશિષ્ટ બની રહી. આ ચારેય દુકાનો તાળું મારીને બંધ રાખનાર હરિભક્તોની ઇચ્છા હતી કે 'સ્વામીશ્રી જ તાળું ખોલીને દરવાજો ઉઘાડે અને દુકાનમાં પગલાં કરે.' આ સંકલ્પ પૂરો કરતાં સ્વામીશ્રીએ ચારેય દુકાનોનાં તાળાં જાતે જ ખોલ્યાં અને દરવાજો ઉઘાડી અંદર પ્રવેશ કર્યો !

*'સમે સમે એણે સુખ દીધાં, વળી લાડીલાએ લાડ લડાવિયા;*

*આપણું ગમતું કીધું એણે, માન દઈને મન મનાવિયાં...'*નો અનુભવ સ્વામીશ્રીના સહવાસમાં સૌને થતો. ભક્તો કદાચ સંકલ્પ કરવામાં થાક્યા હશે પણ સ્વામીશ્રી તે પૂરા કરવામાં કદી હાર્યા નહોતા.

## સુખિયા રે કરવા સૌને, દેહથી દમે

તા. ૩૦/૪ના રોજ નકુરુથી કેરિચો થઈને કિસુમુ પહોંચેલા સ્વામીશ્રીને ૬૫ મોટરોની ભવ્ય શોભાયાત્રા દ્વારા સૌએ આવકાર્યા.

અહીં રાત્રે ઉકાળા-પાણી બાદ તેઓને નવાં ચશ્માં આપવામાં આવ્યાં. આંખના નંબરમાં ફેર પડતાં તૈયાર થયેલાં આ ચશ્માં જોઈ સ્વામીશ્રી બોલ્યાઃ 'સવારની પૂજામાં ઠાકોરજીને ધરાવી, પ્રસાદી કરીને પછી વાપરીશું.'

નવધા ભક્તિની ચરમસીમારૂપ આત્મનિવેદી ભક્તિ સ્વામીશ્રીમાં સદા

૧૦૬. સ્વામીની વાતોઃ ૪/૫૧.

ઝળહળતી રહેલી.

આ ભક્તિભાવ સાથે તેઓએ કીબૉસ અને મિવાનીને પણ પાવન કર્યાં. કિસુમુમાં પણ રોજ સવાર, બપોર અને રાત્રિના સમયે કથાનો અદ્‌ભુત લાભ આપતા. તેથી કેટલાયના સંકલ્પો વિરામ પામી જતા.

આ ક્રમમાં તા. ૨/૫ના રોજ એકાદશીના નિર્જળા ઉપવાસમાં તેઓએ સતત સવા બે કલાક સુધી ગઢડા પ્રથમ પ્રકરણના અઢારમા વચનામૃતના આધારે સંશયભેદક નિરૂપણ કર્યું. તે સાંભળી નારાયણ ભગત તેઓનાં ચૌદ વર્ષના ત્યાગી-જીવનનું સરવૈયું કાઢતાં બોલી ઊઠ્યા : 'આવું અલૌકિક નિરૂપણ તો આ પ્રથમ વાર જ સાંભળ્યું !'

કોઠારી સ્વામીએ આજે સવારે જ એકલશૃંગી, સૌભરી વગેરે ઋષિઓનાં આખ્યાનો સાંભળવાની જિજ્ઞાસા મનોમન કરેલી. સ્વામીશ્રી કથા દરમ્યાન તેઓએ ઇચ્છેલા બધાં જ આખ્યાનો તેઓ તરફ દૃષ્ટિ કરતાં, સ્મિત વેરતાં એક પછી એક સંભળાવતાં ગયા. આ રીતે સ્વામીશ્રીએ એકેએકને મુગ્ધ-સ્તબ્ધ કરી મૂક્યા.

આ અનુભવ આજે સ્વામીશ્રીને મળેલા મેયર મિ. વૉલ્ટર ઓકાલુને પણ થયો. કીસુમુના ટાઉન હૉલમાં મેયરના 'પાર્લર'માં યોજાયેલી આ મુલાકાતે મેયરના મન પર ઊંડો પ્રભાવ પાથર્યો. વાતચીત દરમ્યાન સ્વામીશ્રીએ વગર કહ્યે તેઓને 'તમે ઝાઝા મતે ચૂંટાશો. તમારાથી સારાં કાર્યો થશે અને પ્રજા સુખી થશે' એમ આશીર્વાદ આપ્યા. મેયરના અંતરમાં આવા આશીર્વાદ લેવાના સંકલ્પ થઈ જ રહેલા, ત્યાં સ્વામીશ્રીએ સામેથી જ તે વાત કરતાં તેઓ ખરેખર અભિભૂત થઈ ગયા.

આ મુલાકાત પૂર્ણ કરીને બાર વાગ્યે ઉતારે પધારેલા સ્વામીશ્રી આજે એકાદશી હોવાથી હરિભક્તો માટે કરવામાં આવેલા ફરાળની વ્યવસ્થા જોવા પહોંચ્યા. અહીં સૌની વચ્ચેથી પસાર થતાં તેઓએ જોયું તો ખુરશી પર બેઠેલા વડીલ હરિભક્તોની સાથે કેટલાક યુવકો પણ ફરાળ કરવા ગોઠવાઈ ગયેલા. સ્વામીશ્રીને આ ન ગમ્યું. જ્યારે શરીર સશક્ત હોય અને સંયમની જરૂર હોય ત્યારે કેવળ મનને વશ થઈને રસાસ્વાદમાં તણાઈ જવું એ તેઓને અસભ્ય અને અયોગ્ય જણાયું. તેથી તેઓએ યુવકોને ત્યાંથી ઉઠાડ્યા અને પોતાના ઓરડામાં બોલાવ્યા. ત્યાં તે સૌને *'વચનમાં રહીને જે તપ કરે રે, તે તો સુખ પામશે સદાય...'* જેવાં વચનો દ્વારા તપનો મહિમા, આવશ્યકતા વગેરે

સમજાવ્યાં. તે વચનોમાં દબાણ કે આગ્રહ નહીં, પણ મમતા અને મક્કમતા હતાં. અણગમો કે અકળામણ નહીં, પરંતુ મહિમા અને સમજાવટ હતાં. તે સાંભળી સૌ યુવાનો આજે જ નહીં, પણ દર એકાદશીએ ઉપવાસ કરવા કટિબદ્ધ થઈ ગયા.

યુવાનોને આમ સાબૂત-મજબૂત કરીને સ્વામીશ્રી બપોરે સવા ત્રણ વાગ્યે કીબીગોરી તથા ચેમેલીનમાં પધરામણીઓ કરી આવ્યા.

## મ્હારું 'પણ'[૧૦૭] મેલ્યું પ્રેમી પાસળે

તા. ૩/પની સવારે પધરામણીઓ બાદ સ્વામીશ્રી વિક્ટોરિયા સરોવરના યાટ ક્લબ(Yacht club)ના કિનારે પધાર્યા. અહીં જેટી(jetty) પર ચાલીને ઠેઠ પાણી સુધી ગયા. તેમાં ઠાકોરજીને સ્નાન કરાવી આખા સરોવરને પ્રસાદીભૂત કરી મૂક્યું. આ સરોવરમાંથી નીકળતો નાઈલનો મહાનદ ખૂણે-ખૂણે આ પ્રાસાદિક જળને પહોંચાડશે, જેથી અસંખ્ય જીવ ઉદ્ધરશે. સ્વામીશ્રીની કલ્યાણ-ભાવનાને કોઈ સીમાડા નહોતા.

આ જ ભાવનાથી તેઓ તા. ૪/પના રોજ ન્ગોરી પણ જઈ આવ્યા.

તે પછીનો તા. પ/પનો દિવસ કિસુમુના રોકાણનો અંતિમ દિવસ હતો. તેથી યજમાન મગનભાઈએ અલ્પાહારમાં અન્નકૂટ કરી મૂકેલો. તે અંગીકાર કરી સ્વામીશ્રી કથાનો રસથાળ પીરસવા બેઠા. સ્વામીશ્રીની વિદાય સાથે જ બહારગામથી આવેલા ભક્તો પણ પોતપોતાના ગામ ભણી સિધાવાના હતા. તે સૌ માટે પણ રસોઈ તૈયાર કરી દેવામાં આવેલી. તેથી કલાકની કથા બાદ ભક્તો ભોજન ભેગા થયા.

ભક્તો માટે રસોઈ તૈયાર કરનાર યજમાનનાં ધર્મપત્નીએ સ્વામીશ્રી માટે પણ શુદ્ધ રસોઈ તૈયાર કરી હતી. પાંદડાંની ચિંતા કરનાર મૂળનું જતન કરવાનું ચૂકે? તેણીનું મન ઝંખી રહેલું કે 'સ્વામીબાપા જમીને મારા ઘરમાંથી વિદાય લે.'

પરંતુ સ્વામીશ્રીને અલ્પાહાર કર્યે હજી તો માંડ દોઢેક કલાક જ થયેલો. વળી, તેઓના બપોરના ભોજનનો રાબેતા મુજબનો ક્રમ તો એક-દોઢ વાગ્યાનો રહેતો. તેથી અત્યારે સાડા દસ વાગ્યે 'તેઓ જમવા બેસે' એમ કહેવડાવવું કેવી રીતે? રસોઈ કરીને તે મહિલા આમ મૂંઝાતાં હતાં.

---

૧૦૭. ટેક, પ્રતિજ્ઞા.

તે વખતે જ સ્વામીશ્રી સોફા પરથી ઊભા થયા. તે જોઈ સૌને થયું કે 'હવે તેઓ પાઘ ધારણ કરી મોટરમાં બેસી હંકારી જશે.' પણ સ્વામીશ્રી બોલ્યા : 'લાવો, થોડું જમી લઈએ.'

સૌ માટે સ્વામીશ્રીનું આ વિધાન વિસ્મયકારી હતું, કારણ કે ભોજનના સમય સિવાય વચ્ચે ખાવા-ચાવવાની ટેવ તેઓમાં ન મળે. પણ તેઓ આજે ભોજન નહીં, ભાવ અંગીકાર કરવા બેઠા છે તેની ગમ તો કોને પડે? *'પ્રેમીનું પણ પાળવાને, મ્હારું પણ મેલ્યું પ્રેમી પાસળે...'* જેવી ઘટના અહીં બની રહી. દૂરથી સ્વામીશ્રીને જમતાં જોઈ પેલા બાઈ હરિભક્તનું હૈયું પુલકિત થઈ ગયું.

જેના માટે પોતાનું વિચરણ છે, એ ભક્તનો ભાવ પૂરો કરી સ્વામીશ્રી નીકળતી વખતે બહાર બગીચામાં પધાર્યા અને સંતોને કહ્યું : 'ચાલો, યોગી-બાપાના પ્રસાદીના આંબાનાં દર્શન કરવાં.'

સન ૧૯૭૦માં યોગીજી મહારાજ આ ઘરના આંગણાંમાં ઊભેલા આંબાને ભેટતાં બોલ્યા હતા : 'ઘણાં વર્ષથી આ આંબો તપ કરતો હતો. આજે તેનું કામ પાકી ગયું.'

સ્વામીશ્રીએ તે આંબાને ચાંદલા કર્યા. ગુરુનું પ્રાસાદિક જે હોય તેને તેઓ ગુરુતુલ્ય જ સમજતા.[૧૦૮]

## My Guruji ! (મારા ગુરુજી !)

ગુરુભક્તિ અદા કરીને કિસુમુના ઍરપોર્ટ પર વિમાન તરફ જઈ રહેલા સ્વામીશ્રીની અગુઆની યુવક મંડળનું બૅન્ડ કરી રહેલું. સ્વામીશ્રીની બંને બાજુ મગનભાઈના બે દીકરા સ્વામીશ્રીના ખભે હાથ મૂકીને ચાલી રહેલા! બે મિત્રો એકબીજાના ખભે હાથ મૂકીને જઈ રહ્યા હોય તેવું એ હૃદયંગમ દૃશ્ય હતું. સ્વામીશ્રી એટલા સોંઘા થઈ ગયેલા કે *'આ સમે જેનો જન્મ છે, તેને આવી ગયું ઘણું ઠેક'*[૧૦૯]નો અનુભવ સૌને થતો રહેતો.

વિમાન મથકેથી Caspair Ltd.નું દસ બેઠકની ક્ષમતાવાળું વિમાન

---

૧૦૮. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના કેન્યા-રોકાણની લીલાઓ માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

૧૦૯. અનુકૂળ.

સ્વામીશ્રીને લઈને ઊડ્યું. પણ વિમાનચાલક મિ. સિમોન્સને પ્રથમ દર્શને જ સ્વામીશ્રીનો એવો નેડો લાગી ગયેલો કે વિમાન ઉડાડ્યા પછી દર્શનાતુર ભક્તોનો ભાવ જોઈ તેણે વિમાનને ઍરપોર્ટની એક પ્રદક્ષિણા કરાવી. તે દરમ્યાન નીચે તરફ આંગળી ચીંધતાં સ્વામીશ્રી બોલ્યા: 'જુઓ, મગનભાઈનું ગૅરેજ.'

ઉપરથી નાનાં ખોખાં જેવા લાગતાં હારબંધ મકાનોમાં પણ સ્વામીશ્રી હરિભક્તના ગૅરેજને ઓળખી ગયેલા. ભક્તો સાથે કેવી અગાધ આત્મીયતા !

ઍરપોર્ટની પ્રદક્ષિણા બાદ જ્યાં હરિભક્તો ઊભા હતા તે બાજુ તો પાયલોટે વિમાન એકદમ નીચું લીધું. તે જોઈ હરિભક્તો હાથ ઊંચા કરતાં ખુશાલી વ્યક્ત કરવા લાગ્યા. સ્વામીશ્રીએ પણ સૌ પર દૃષ્ટિ કરી મ્વાન્ઝા તરફ દિશા સાંધી.

ચાલુ મુસાફરીમાં તેઓ પાયલોટની બાજુની સીટ પર બિરાજી તેની સાથે 'કેટલી સ્પીડ છે? કેટલી ઊંચાઈએ પ્લેન ઊડે છે?' વગેરે વાર્તાલાપ કરવા માંડેલા. તેને સંસ્થાનું અંગ્રેજી સાહિત્ય પણ ભેટ આપ્યું. તેમાં શાસ્ત્રીજી મહારાજની છબી બતાવતાં કહ્યું: 'My Guruji!' (મારા ગુરુજી!). પછી સારંગપુરનું મંદિર દર્શાવતાં બોલ્યા: 'Sarangpur temple.' (સારંગપુર મંદિર).

આવા સાહજિક વાર્તાલાપમાં જ સ્વામીશ્રી તે પરદેશી, પરભાષી અને પરધર્મી પાયલોટના પરમ સ્નેહી થઈ ગયા હોય તેમ, તે વિમાનચાલકે પોતાની કોકપીટ(પાયલોટની કેબિન)માં ઠાકોરજી અને સ્વામીશ્રીની છબી પણ લીધી.

પારકાંને પોતાનાં કરી લે એવા પરિશુદ્ધ પ્રેમનાં સરોવર સ્વામીશ્રીમાં ભરેલાં હતાં. એ સ્નેહજળ થીજ્યાં-થોભ્યાં વિના જીવનભર વહેતાં જ રહેલાં. તે વડે પટાવાળાથી પાયલોટ સુધીનાં સૌ ભીંજાયેલા.

આ હવાઈ મુસાફરીમાં ડાબી બાજુ મુસોમા શહેર દેખાતાં સ્વામીશ્રીએ જૂની યાદ તાજી કરી કે 'અમે મુસોમા ગયા હતા. ત્યાં ન્હાયા હતા.'

વાતાવરણ ચોખ્ખું હોવાને લીધે મુસોમાના ઍરપોર્ટનો ગમનપથ (રન-વે) સ્પષ્ટ દેખાતો હતો. તેને સ્વામીશ્રીની પાછલી હરોળમાં બેઠેલા કોઠારી સ્વામીએ જોયો. તે જોઈને તેઓ ગમનપથનો અંગ્રેજી શબ્દ 'રન-વે' યાદ કરતા હતા, પણ તેઓની સ્મૃતિમાં તે આવતો નહોતો. તે જ વખતે સ્વામીશ્રીએ પાછળ વળીને તેઓ સામે જોયું અને બોલ્યા: 'જુઓ, રન-વે સ્પષ્ટ

દેખાય છે.'

આ સાંભળી કોઠારી સ્વામી ચોંક્યા! મનના વિચારોને પકડી પાડતા સ્વામીશ્રી તેઓને *'કૌતુહળના રે ભરિયા...'* લાગ્યા.

નીચે સરકી રહેલા વિક્ટોરિયા સરોવરનો કિનારો જેમ દેખાતો નહોતો, તેમ સ્વામીશ્રીના ઐશ્વર્યનો ઓવારો પણ તેઓને ન જડ્યો.

બપોરે ૧૨:૩૫ વાગ્યે મ્વાન્ઝા આવી ગયું. સ્વામીશ્રી પ્રત્યે પાયલોટનો પ્રેમ પ્લેનની ગતિએ જ વધી ગયો હોય તેમ તે ઍરપોર્ટના મકાનની સાવ નજીક વિમાનને લઈ આવ્યો. તે જોઈ સ્વામીશ્રી પણ બોલી ઊઠ્યા : 'પાયલોટ સાહેબ સાવ નજીક લાવ્યા. આ સારું. મોટર જેવું.'

## પ્રદેશ નહીં, પુરુષાતનના પુરષ્કર્તા

પૂર્વ આફ્રિકામાં કેન્યા બાદ હવે ટાન્ઝાનિયાનું વિચરણ શરૂ થતું હતું.

હીરા, સોનાને પોતાની ભોંમાં ભંડારીને બેઠેલો ૩,૬૨,૮૨૦ ચોરસ માઈલનો આ દેશ ભૂમિ પર પથરાયેલાં સૃષ્ટિસૌંદર્યથી પણ છલકાતો હતો. તેમાં સત્સંગની સમૃદ્ધિ ઉમેરવા સ્વામીશ્રી પધાર્યા. અત્રે તેઓએ કથા, પધરામણી, મુલાકાતો, પ્રાત:પૂજા, સત્સંગ-સભાઓ વગેરે દ્વારા સૌને પુષ્ટિ આપી.

પધરામણીઓના ક્રમમાં હરિભક્તો સ્વામીશ્રીને તા. ૬/પની સવારે અહીંના વિખ્યાત બિસ્માર્ક રૉક પાસે પણ લઈ ગયા. આ મહાકાય પથ્થર એક અજાયબી સમો છે. તે નાના પથ્થરના પાયા પર ટકેલો હોવા છતાં વાવાઝોડાં વગેરે કુદરતી બળો કે માનવીય બળોથી જરાય હલતો નથી. પણ આજે સ્વામીશ્રીનું દર્શન થતાં તે અંદરથી જરૂર હલી ગયો હશે! સ્વામીશ્રીનું વ્યક્તિત્વ પથ્થરદિલને પણ પિગળાવે એવું ખરું ને!

અહીં એક મુમુક્ષુએ સ્વામીશ્રીને પૂછ્યું કે 'આધ્યાત્મિક દૃષ્ટિએ ભારતમાં રહેવું સારું ને!'

'ગમે ત્યાં રહે પણ પોતાનું બળ હોય તો વાંધો ન આવે. જુઓને, અહીં બધા સત્સંગ કરતા હતા ને! તેઓ લંડન ગયા તો લંડનમાં મંદિર થયું. અમેરિકામાં પણ છોકરાંઓએ ભેગાં થઈ મંદિર કર્યું. માટે જ્યાં જઈએ ત્યાં આપણે બળ રાખવું.'

વીર કૃતનિશ્ચયીને શું સ્વદેશ કે શું વિદેશ? તે તો જે દેશમાં જાય તેને પોતાનો કરી લે છે. આ 'હિતોપદેશ' સ્વામીશ્રીના ઉત્તરમાં હતો.

શ્રીજીમહારાજે પણ કહ્યું છે કે 'શુભ ને અશુભ એવા જે દેશ, કાળ ને ક્રિયા તેના હેતુ તો પુરુષ છે. તે પુરુષ જો અતિશય સમર્થ હોય તો સર્વ પૃથ્વીમાં દેશ, કાળ ને ક્રિયા તે પોતાના સ્વભાવ પ્રમાણે પ્રવર્તાવે ને તેથી ઊતરતો હોય તો એક દેશમાં પ્રવર્તાવે...'[૧૧૦]

સ્વામીશ્રી પણ પ્રદેશ નહીં, પુરુષાતનના પુરસ્કર્તા હતા.

## જમપુરીમાં મેળાપ

મ્વાન્ઝામાં મધુભાઈના ઘેર રખાયેલા સ્વામીશ્રીના ઉતારે તા. ૬/૫ના રોજ એક વૃદ્ધ હરિભક્ત મહીજીભાઈ દર્શન સારુ આવેલા. વાતચીત દરમ્યાન તેઓએ સ્વામીશ્રીને કહ્યું: 'હું તમને વિદ્યાનગર જમપુરીમાં મળ્યો હતો.'

આસપાસ ઊભેલા સૌને આ વાતમાં વૃદ્ધાવસ્થાને વશ કોઈ અસંબદ્ધ પ્રલાપ જેવું લાગ્યું. સ્વામીશ્રી પણ તે બોલનાર સામે જોઈ રહ્યા. પરંતુ તે વખતે નારાયણ ભગતે કહ્યું કે 'બાપા! વિદ્યાનગરમાં ભજવાઈ રહેલા 'જીવતાં જમપુરી' સંવાદ વખતે આ ભાઈ આવેલા અને આપનાં દર્શન કરેલાં, એમ તેઓ કહેવા માંગે છે.'

આ ફોડ પડતાં જ મ્વાન્ઝામાં મોજનું મોજું ફરી વળ્યું.

આ મોજા પર સહેલ કરતાં સ્વામીશ્રી તા. ૭/૫ની સવારે પધરામણીઓ બાદ હિંદુ મંદિરમાં પધાર્યા. આ મંદિરમાં જ રોજ સાયંસભા થતી. સ્વાગત-સભા પણ અહીં જ યોજાયેલી. તેથી આ મંદિર અને મૂર્તિઓનાં દર્શન સ્વામીશ્રી રોજ કરતા; તોય આજે સવારે સમય મળતાં અંદર જઈ તેઓએ અક્ષર-પુરુષોત્તમ મહારાજનાં ચરણારવિંદનો સ્પર્શ કર્યો. તે વખતે હાર પર ગોઠવેલું ફૂલ સિંહાસનના ઓટલા પર પડી ગયેલું. સ્વામીશ્રીએ તે લઈને પાછું હાર પર ધીરે રહીને ગોઠવી દીધું. નાનામાં નાની બાબતમાં પણ તેઓને ચીવટ અને પૂર્ણતા ગમતી.

મંદિરેથી તેઓ ઉતારે પધાર્યા ત્યારે ત્યાં ભોજન, આરામ, કથા વગેરેનો ક્રમ ચાલ્યો. રાત્રે સાડા અગિયાર વાગ્યે સભા પૂરી થતાં સ્વામીશ્રી પોતાના આસન પરથી ઊઠ્યા, પણ ઉતારા તરફ ન જતાં ડૉક્ટર સ્વામી, કોઠારી સ્વામી બેઠા હતા તે તરફ આવ્યા અને તેઓને પગે લાગ્યા. તેઓની આ અણધારી ચેષ્ટા જોઈ સૌને આશ્ચર્ય થયું. પણ તે ભાવ શમાવતાં સ્વામીશ્રી બોલ્યા:

---

૧૧૦. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૯.

'ઉપવાસીને પગે લાગીએ તો ફળ મળે ને !'

આ બંને સંતોએ કરેલા તપને જોઈને સ્વામીશ્રીના અંતરમાં મહિમાની ઊર્મિઓ ઊઠી ગઈ. અનેક કાર્યક્રમોના ખડકલામાં, 'કોણ જમ્યું ને કોને ઉપવાસ છે' તેવી સૂક્ષ્મ નોંધ પણ તેઓ લઈ જાણતા.

## વીર નહીં, મહાવીરની દિશા

તા. ૮/૫ના રોજ એક ઘેર પધરામણીએ ગયેલા સ્વામીશ્રી પાસે યજમાનનો નાનકડો દીકરો કમલેશ દોડી આવ્યો. તેના હાથમાં રમકડાંની પિસ્તોલ હતી. તે જોઈ સ્વામીશ્રીએ બાળકને કહ્યું: 'આ પિસ્તોલથી માયા સાથે લડાઈ કરજે એટલે ભગવાન ભજવામાં વિઘ્ન ન થાય.'

તેઓએ એક જ વાક્યમાં બાળકના કુમળા માનસને વીર નહીં, મહાવીર બનવા તરફ વાળી દીધું. સ્વામીશ્રી શક્તિઓને કુંઠિત ન કરતાં યોગ્ય માર્ગે વહેવડાવી જાણતા.

પધરામણીઓનો આ ક્રમ પૂર્ણ કરી સ્વામીશ્રી સાંજે દોઢસોના સંઘ સાથે સનાને ટાપુ પર પધાર્યા.

આ ટાપુ પર પ્રાણીઓને નિકટથી નિહાળવાની ગોઠવણ કરવામાં આવી છે. ત્યાં ચિમ્પાન્ઝી, વાંદરા, સિંહ, હાથી, અજગર વગેરેને સ્વામીશ્રીનાં દર્શન થયાં. પશુબુદ્ધિ તો આ સંતનો મહિમા શું સમજે? છતાં સૂર્યને ન સમજનાર પણ પ્રકાશ તો પામે જ છે. તેમ સ્વામીશ્રીના યોગે *'કીટ પતંગ પરજંત પ્રાણી રે, તાર્યાં અગણિત લિયો જાણી રે...'*ની જેમ આ પશુ-પ્રજાતિઓનું પણ રૂડું થઈ રહ્યું. ક્યાંક-ક્યાંક સ્વામીશ્રીએ આ મૂંગા-અબોલ જીવોને પ્રસાદી પણ જમાડી. હાથીને તલસાંકળી અને પૉપકૉર્ન ખવડાવ્યાં ત્યારે તે પ્રેમથી ઓહિયાં કરી ગયો. એક હરણને પ્રસાદીની ધાણી ખાવા આપી પણ તેણે તે ન ખાતાં ઝિબ્રા આવી તે જમી ગયું! *'જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું, તેહને તે સમે તે જ પહોંચે.'*

આ વિહારમાં સાંજ પડી જતાં હવે અંધારું નમતું હતું. ઠંડીનો વાયરો ફૂંકાતો હતો. સ્વામીશ્રી બાંકડા પર ફેરીની રાહ જોતાં બેઠા હતા. ઢળતા સૂર્યના પ્રકાશથી ટેકરા ઉપર આવેલાં મકાનો સોનરંગી જણાતાં હતાં. વાતાવરણ પણ સ્વામીશ્રીને નિહાળી જાણે હરખાઈ રહેલું. તે વખતે સ્વામીશ્રીની નજર સામે ખડકેલા પથ્થરો પર પડતાં તેઓનું મન મ્વાન્ઝાથી મકરાણા પહોંચી ગયું. તેઓ

કહેવા લાગ્યા : 'મકરાણામાં પણ આવી જ રીતે આરસ ખડકાયેલા પડ્યા હોય. જાણે કોઈકે ગોઠવી દીધાં ન હોય! *જ્યાં જુએ ત્યાં પથરા, બીજું ન ભાસે રે...* એમ કહેવાય.'

આમ વિનોદ કરતા હતા ત્યાં બોટ આવી જતાં સ્વામીશ્રી તેમાં બિરાજ્યા. ચાલુ જલયાત્રામાં જ ઠાકોરજીને ડૂબકીઓ ખવરાવી સ્નાન કરાવ્યું અને જળચર જીવોનાં મુક્તિદ્વાર પણ ખોલી નાંખ્યાં.

## ચૈતન્યરૂપ આપકું સમજત

તા. ૧૦/૫ની સાંજે અહીંના હિંદુ મંદિરમાં સ્વામીશ્રી દ્વારા આરતી કરાવવાનો ઉપક્રમ રાખેલો. તેથી જ્યારે સ્વામીશ્રી પધાર્યા ત્યારે આરતીની જ્યોત ઝળહળી ઊઠી અને સ્વામીશ્રી અક્ષર-પુરુષોત્તમ મહારાજ, લક્ષ્મી-નારાયણ દેવ, રામ-લક્ષ્મણ-જાનકી, મહાદેવજી, વિશ્વકર્મા, માતાજીની આરતી ઉતારતા ગયા. દરેક દેવ-અવતારની અલગ-અલગ આરતી બોલાતી હોવાથી ચાલીસ મિનિટ સુધી આ આરતી ચાલી, પરંતુ હાથ અને પગ બંને થાકી જાય એવી આ સુદીર્ઘ આરતી દરમ્યાન સ્વામીશ્રીની મુખરેખા લેશ વંકાઈ નહોતી! તે જોઈને સૌનાં હૈયે કબૂલાત થઈ ગઈ કે '*ચૈતન્યરૂપ આપ કું સમજત, ભક્તિ સદા મન ભાવે...*'ની રીતે રહેનારા આ સંત છે.

આરતી બાદ સભામાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'ગાળ્યા વિનાનું પાણી પીવું એ દારૂના સેવન જેવું છે.'

આમ, વેધક વાક્યો દ્વારા સૌમાં ધર્મ-નિયમની દૃઢતા સીંચતા તેઓ તા. ૧૧/૫ના રોજ ન્યગેઝી હિલ જવા મોટરમાં બેસવા ગયા ત્યારે તેઓએ બેઠક પર સુંદર ગાલીચો બિછાવેલો જોયો. તે જોઈ મરક મરક હસતાં બોલ્યા : 'દેશમાં તો ધૂળ ફાકતા'તા અને અહીં મોટો ઠઠારો કરે છે.'

તેઓના આ વિનોદભર્યા વિધાનમાં સાદગીભર્યા જીવનનો પડઘો પડતો હતો. તેઓને ઠાઠ-માઠ બિલકુલ ગમતા નહીં. તેઓ લોકો માટે આવેલા. તેથી લોકો જેવા થઈને જ રહેવાનું પસંદ કરતા.

આ રીતે આજે સ્વામીશ્રી ચાલીસેક ભક્તો સાથે ન્યગેઝી હિલ પહોંચ્યા. અહીં રસકસથી પુષ્ટ થયેલી ધરતીની વનરાઈ તેના મદઝરતા યૌવનને આ સંતની આગળ લીલા પાલવ નીચે ઢાંકતી હોય તેમ પથરાયેલી. છતાં પવનના પ્રેમમાં પાગલ બની તે આ સંતની આસપાસ રાસડા લેતી ઘૂમતી હોય તેમ

લહેરાઈ રહેલી.

આવા રમ્ય-સૌમ્ય સ્થળે સ્વામીશ્રી મોટા ઊભા પથ્થર પાસે બનાવેલી બેઠક પર ઉત્તરીય વસ્ત્ર ઉતારીને બિરાજમાન થયા. આ દુર્લભ દર્શનથી સૌ –

*'જોઈ નાભિને નયણાં ભરી રે, વળી પેટ જોયું પ્રેમે કરી રે;*
*છાતી હૈયું જોયું જેણે હેરી રે, પામ્યા પ્રાપ્તિ તે ધામ કેરી રે...'*નાં સુખને માણી રહ્યા.

સ્વામીશ્રીની બાજુમાં જ પડેલા પથ્થર પર આસન કરીને ઠાકોરજીને પધરાવેલા. તેઓને કેળાંનો થાળ ધરાવીને સ્વામીશ્રીએ દરેક ભક્તને એક-એક મોટું કેળું પ્રસાદીરૂપે આપ્યું. પોતે પણ એક કેળું લઈ આરોગવા લાગ્યા. પરંતુ કેળાને બટકું ભરીને ખાવાને બદલે સ્વામીશ્રી હાથ વડે ટુકડો કરી કરીને જમ્યા ! નખજમણા તેઓની આ મંગળકારી મનુષ્યલીલા સૌના હૈયે કોતરાઈ ગઈ.

તે વખતે જ સંતોએ *'જોઈ મૂરતિ મનોહર તારી રે...'* એ પ્રાસંગિક કીર્તન ઉપાડ્યું. તે સાંભળી સ્વામીશ્રી ગુરુસ્મૃતિમાં સરી જતાં બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજ આ કીર્તન ઘણી વાર બોલતા. સારંગપુરમાં ઠાકોરજી પાસે આ કીર્તન તેઓ બોલ્યા ત્યારે રાધારમણને સમાધિ થઈ ગઈ હતી. શ્રીજી-મહારાજે તેમને પ્રસાદીમાં રૂમાલ આપ્યો હતો. શ્રીજીમહારાજે ખંભાતના પ્રભુદાસ બારોટને દર્શન દઈ કહ્યું હતું કે 'અમારે શાસ્ત્રીજી મહારાજ દ્વારા સમાધિ પ્રકરણ શરૂ કરવું છે.' તે ત્યારથી સમાધિ પ્રકરણ શરૂ થયું. શાસ્ત્રીજી મહારાજ દ્વારા મહારાજે ઘણું ઐશ્વર્ય બતાવ્યું.' એમ વાત કર્યા પછી ઉમેર્યું : 'યોગીબાપાએ હૉસ્પિટલમાં છેલ્લે આ કીર્તન સાંભળ્યું હતું.'

આમ, કીર્તન સાથે જોડાયેલો ઈતિહાસ સ્વામીશ્રીએ તાદૃશ કરી દીધો.

તેઓ દુનિયાના એક-એક શબ્દ અને સ્થળ સાથે ગુરુસ્મૃતિના અંકોડા ભિડાવીને બેઠા હોય તેમ જણાતું. તેથી જ તે શબ્દ કે સ્થળ કાને-આંખે ચઢતાં જ તેઓના મુખેથી ગુરુચરિત્રની ગંગા વહી નીકળતી.

કીર્તનગાન બાદ નારાયણ ભગતે સચરાચર સૃષ્ટિ ભગવાનમય છે તે વર્ણવતો મંત્ર 'ज्योतींषि विष्णुर्भुवनानि विष्णुः...' તેઓના મધુર કંઠે ગાયો. તે સાંભળી સૌ વિષ્ણુની વ્યાપકતા નિહાળવા ચારેકોર જોવા લાગ્યા, પણ તેમાં વિષ્ણુની વ્યતિરેકતા વીસરાતી લાગી. તેથી સ્વામીશ્રી બોલ્યા : 'કાર્યમાં મોહ પામીએ છીએ, પણ તેના બનાવનારમાં નહીં.' આ સાંભળતાં જ સૌની વૃત્તિ સ્વામીશ્રીમાં જોડાઈ ગઈ.

## આજ સદાવ્રત મોટું રે

'कस्यात्यन्तं सुखमुपनतम् ...' સુખ કાયમ કોઈના બારણે ટકોરા મારતું રહ્યું નથી. સુખ-દુઃખ, સંયોગ-વિયોગ ચક્રનેમિક્રમની જેમ ચાલ્યા જ કરે છે.

મ્વાન્ઝા મંડળ તા. ૧૨/૫ના રોજ આ ચક્ર-ક્રમમાં પિલાઈ રહેલું. આઠ દિવસના સુખ-સંયોગ બાદ સ્વામીશ્રી આજે વિદાય લેવાના હોવાથી સૌનાં મલકાતાં મુખ મ્લાન બની ગયેલાં.

આ વિરહ-વેદનાની ઝાળ શમાવવા સ્વામીશ્રી વિદાય-સભા બાદ સૌને પીરસવા પધાર્યા. અહીં શીરાને એક ટેબલ પર મૂકવામાં આવેલો. ત્યાં સ્વામીશ્રી ચમચા વડે પીરસવા ઊભા રહ્યા. સૌ ભક્તો હાથમાં થાળી લઈને ક્રમશઃ આવવા લાગ્યા. દરેકની થાળીમાં શીરાનો એક-એક ચમચો સ્વામીશ્રી પીરસતા જતા. તેથી *'આજ સદાવ્રત મોટું રે, બાંધ્યું છે તારવા જીવ કોટ્યું રે...'* જેવું દૃશ્ય ખડું થઈ ગયું. મોક્ષ અને મિષ્ટાન્ન – બંનેનું આ સદાવ્રત ઘણી વાર સુધી ચાલતું રહ્યું. સૌને જમાડીને સ્વામીશ્રીએ બપોરે બાર વાગ્યે વિદાય લીધી.

મ્વાન્ઝાથી દારેસલામ જતાં તેઓ પ્લેનમાંથી નીચે પથરાયેલી જમીન જોઈ બોલ્યા : 'આ બધી અણખેડી જમીન પડી છે.' આ વખતે તેઓનો ઇશારો સત્સંગની ખેતી કરવા તરફ પણ હશે કે શું ?

આ પ્રવાસમાં ડોડોમા મુકામે અડધો કલાક રોકાણ કરી પુનઃ ઊડેલા સ્વામીશ્રી, વિમાનમાં પણ ઘડિયાળના સેકન્ડ કાંટાની જેમ સતત કાર્યરત રહ્યા. મુસાફરીમાં પણ તેઓની 'ગતિશીલ કચેરી'(mobile office) ધમધમતી રહેતી. પત્ર-પુસ્તકનાં વાંચન તેઓ પ્રવાસમાં કરતા.

તે મુજબ આજે સત્સંગ પરીક્ષા શ્રેણીના પુસ્તક 'સહજાનંદ ચરિત્ર'નો પાઠ કરી રહેલા. તેમાં *'સ્વામી શ્રી સાત સહજાનંદજી...'* એવું લખાણ જોઈ પૂછ્યું : 'આ સાત શું ?'

સર્વજ્ઞ હોવા છતાં તેઓને અજ્ઞાન પ્રદર્શિત કરવામાં કોઈ ક્ષોભ નડતો નહીં. 'युक्तियुक्तं प्रगृह्णीयाद् बालादपि विचक्षणः ।' – બાળક પાસેથી પણ જે યોગ્ય હોય તે ગ્રહણ કરવું. આ તેઓની વિચારધારા હતી. તેથી વયમાં નાની અને અનુભવમાં ઊણી વ્યક્તિને પણ તેઓ નિઃસંકોચ પૂછી શકતા.

આજે પણ તેઓએ આ રીતે જ પૂછ્યું ત્યારે સંતોએ કહ્યું : 'શ્રી પછી

સાત એટલે સાત વાર 'શ્રી' જાણવું.'

આમ ખુલાસો મેળવી સ્વામીશ્રી પુનઃ વાંચનમાં પરોવાયા. તેમાં વિગત આવી કે 'પંચાળામાં કાઠીના છોકરાનું ફૂલેકું નીકળેલું.' તે વાંચીને તેઓએ સ્પષ્ટતા કરતાં કહ્યું : 'પંચાળામાં કાઠી રહેતા નથી. ગરાસિયા જ રહે છે.'

સ્વામીશ્રીની નજર પુસ્તકનાં પાનાં પર પાણીના રેલાની જેમ ફરતી, છતાંય તે એક-એક શબ્દને ચૂસતી જતી. એક વાર તેઓની નજર હેઠળથી પુસ્તક પસાર થયા પછી ભાગ્યે જ તેમાં કોઈ હકીકતદોષ બચવા પામતો. ગામોગામનાં ભૂગોળ-ઇતિહાસ, વાસ-વેશ, કુળ-કથા, રીત-રિવાજ વગેરેનું જ્ઞાન તેઓને હસ્તામલકવત્! તેથી સરતચૂકને ફટ્ કરતી ઝાલતા.

## સોયે ટચના સદાય

ડોડોમાથી દારેસલામની દોઢેક કલાકની મુસાફરી સ્વામીશ્રીએ વાંચનમાં જ વિતાવી. અંતે ૪:૪૫ વાગ્યે દારેસલામના ઍરપોર્ટ પર ઊતરી આગમનની ઔપચારિક વિધિ પૂર્ણ કરીને સ્વામીશ્રી સહિત સૌ સરસામાન સાથે ગાડીઓમાં ગોઠવાઈ ગયા. હવે પ્રસ્થાનની તૈયારી જ હતી, ત્યાં કેટલાક સુરક્ષાકર્મીઓ રોકાવાનો ઈશારો કરતાં ધસી આવ્યા.

સૌ આ આકસ્મિકની અટકળ કરવા લાગ્યા, ત્યાં જ કારણ જાણવા મળ્યું કે કો'ક વિઘ્નસંતોષીએ સરકારી તંત્રમાં 'પ્રમુખસ્વામી અને સંતો ગેરકાયદેસર મત્તા લઈને જાય છે' એવી ખોટી ફરિયાદ કરેલી. તેથી આ તંત્ર દોડતું થઈ ગયેલું.

ગાડીમાં ગોઠવાયેલો બધો સામાન પાછો કસ્ટમ હાઉસમાં લઈ જવાયો. અહીં ત્રણ અધિકારીઓ દ્વારા એક-એક વસ્ત્ર, પૂજા, પત્તર, થેલો, મૂર્તિઓ વગેરેનું પરીક્ષણ થયું. સ્વામીશ્રીના ધાબળા-ઓશીકાને પણ ઝીણવટથી તપાસ્યા.

આ વિધિ દરમ્યાન સ્વામીશ્રી તો બહાર ગાડીમાં *'નિપટ નિઃશંક મગન હોઈ બિચરત...'*ની જેમ શાંતિથી બિરાજેલા. સત્યના પ્રયોગો નહીં પણ સત્યના પાયા પર જ જીવન ઊભું હોય ત્યારે કોનો ડર!

તપાસણીમાં સમય જાય એમ હતું. તેથી સૌએ સ્વામીશ્રીને ઉતારે પહોંચી જવા વિનંતી કરી; પણ તેઓ 'સાથે જ જઈશું' એમ કહેતાં ત્યાં જ રોકાયા. અધવચ્ચેથી સંગાથ છોડી આગળ નીકળી જવાની તેઓની પ્રકૃતિ નહીં. સમ-વિષમ દરેક પ્રસંગે તેઓ સૌની સાથે જ રહેતા અને સૌને સાથે

લઈને જ અંતિમ રેખા સુધી પહોંચતા. તેથી તેઓ ગાડીમાં શાંતિથી બેસી રહ્યા.

સરકારી તપાસ ઘણી સઘન રીતે થઈ, પરંતુ સ્વામીશ્રી કે સંતોની ઝોળીમાંથી કોડી જેટલું દ્રવ્ય પણ હાથ ન લાગ્યું !! તે જોઈ અધિકારીઓ પણ બોલી ઊઠ્યા: 'તમારી પાસે હીરા તો નથી પરંતુ સામાન્ય મુસાફર પાસે હોય એટલા ૭૫ શિલિંગ પણ નથી. આવું અમે પહેલી વાર જોઈ રહ્યા છીએ !'

જગતના ચોકમાં સ્વામીશ્રીની નિષ્કલંક સાધુતાનો આજે ડંકો વાગી ગયો. તે સાંભળી સૌ ગાઈ ઊઠ્યા –

*'સોના જેવા શુદ્ધ સંતો, અગ્નિમાંહે ઓરાય જી;*
*કસોટી ટાણે ઓછા ન ઊતરે, સોયે ટચના સદાય...'*

શાંતિનું સ્વર્ગ[૧૧૧] આવા સંતની ચરણરજથી નાચી ઊઠ્યું, કારણ કે દેવ-મનુષ્યમાં ન સંભવે એવી સંતસંપદા તેને ઘેર બેઠાં જોવા મળી.

દારેસલામમાં સ્વામીશ્રી તથા સંતોનો ઉતારો જૂના સ્વામિનારાયણ મંદિરે જ રાખવામાં આવેલો. આ જ સ્થળે સન ૧૯૫૯માં યોગીજી મહારાજ રોકાયેલા. તે વખતે જે બાથરૂમમાં તેઓએ યુવકોનાં કપડાં ધોઈ નાંખેલાં, તે જ સ્થળે સ્વામીશ્રી સ્નાન કરતા. ત્યાં ન્હાતાં-ન્હાતાં યોગીજી મહારાજની આ સ્મૃતિ તેઓએ સૌને કરાવી.

સ્મૃતિઓનું આ ભાથું વધુ સમૃદ્ધ કરવા સૌએ દરિયા-દર્શનનો કાર્યક્રમ પણ યોજેલો. આ ક્રમમાં તા. ૧૬/૫ના રોજ ભક્તો સ્વામીશ્રીને દરિયાકાંઠે લઈ આવ્યા. અહીં દરિયો જોઈ ઠાકોરજીને સ્નાન કરાવવાનો ઉમળકો સ્વામીશ્રીના હૈયે જાગી ગયો. તેથી તેઓ પ્રેમપૂર્વક ઠાકોરજીને નવડાવવા લાગ્યા. ત્યાં જ સ્વામીશ્રીના મુખચંદ્રને જોઈ દરિયાના હૈયે હિલોળો આવ્યો અને તેણે સ્વામીશ્રીનાં ચરણ જ નહીં પણ શરીરનેય પખાળી-પલાળી નાંખ્યું. ઉદધિના આ ઉમળકાની કોઈને કલ્પના નહોતી. વળી, સાથે અન્ય કોરાં વસ્ત્રો લીધાં નહોતાં. તેથી સ્વામીશ્રીએ સ્નાન બાદ ભીનું વસ્ત્ર ઓઢી લીધું. એ જ અવસ્થામાં સાત પધરામણીઓ કરી તેઓ મંદિરે પરત ફર્યા !

## સો ગુરુ ઘેર ઘેર નહીં

તા. ૧૭/૫ના રોજ દારેસલામના નિર્માણાધીન મંદિરનું ભૂમિપૂજન

---

૧૧૧. 'દાર-એ-સલામ' એ અરેબિક શબ્દનો અર્થ 'Haven of peace' – 'શાંતિનું સ્થાન' એવો થાય છે.

સ્વામીશ્રીના હસ્તે થયું. આ પ્રસંગે યોજાયેલા યજ્ઞની ભસ્મથી સૌને ચાંદલા કરી સ્વામીશ્રીએ વિશિષ્ટ સ્મૃતિ આપી.[૧૧૨]

આ દિવસની રાત્રિસભામાં કીર્તનભક્તિનો રંગ એવો જામ્યો કે સ્વામીશ્રીને આશીર્વાદ આપવાનો વારો આવ્યો ત્યારે સમય થયેલો રાત્રિના ૧૧:૨૫ વાગ્યાનો! તોય તેઓએ વીસ મિનિટ સુધી વાતરૂપી કીર્તન જોડી આપ્યું. ત્યારબાદ વારાફરતી આવેલા યુવકો-હરિભક્તો સાથે મીટિંગ-મુલાકાતથી પરવારી સૂતા ત્યારે તો અઢી વાગી ચૂકેલા!

છતાં બીજે દિવસે સમયસર પરવારી, તા. ૧૮/૫ની બપોરે ૧૨:૧૦ વાગ્યે સ્વામીશ્રીએ દારેસલામની ધરતી છોડી ત્યારે હરિભક્તો પાંખ ફફડાવતા એ પ્લેનને ઊંચી દૃષ્ટિએ જોઈ જ રહ્યા. સ્વામીશ્રી પણ જાણે અધ્ધર આકાશથી આશીર્વાદ આપતાં એ જ સૂચન કરી રહેલા કે 'સદા ઊંચી દૃષ્ટિ જ રાખજો.'

વિમાની મુસાફરી શરૂ થઈ એટલે સ્વામીશ્રીએ *'સમે ભોજન, સમે શયન, સમે પોઢાડી ચાંપિયે પાય...'* મુજબ ઠાકોરજીને પોઢાડવાની સૂચના આપી. તે વખતે સંતોએ સ્વામીશ્રીને પણ આરામ કરવા વિનંતી કરી, કારણ કે ગઈ રાત્રે તેઓ છેક અઢી વાગ્યે સૂતેલા અને સવારે તો વેળાસર જાગી ગયેલા. પરંતુ આજે એકાદશી હોવાથી સ્વામીશ્રી બપોરે આરામ શાના કરે! તેઓએ સતત સવા બે કલાક સુધી પ્લેનમાં પત્રવ્યવહાર ચલાવ્યો. સૌને આશીર્વાદના ધબ્બા આપતા રહેતા સ્વામીશ્રી પાસેથી ઊંઘ, આરામને તો કાયમ હડસેલાં જ ખાવા મળેલાં.

સ્થાનિક સમય મુજબ બપોરે દોઢ વાગ્યે તેઓ લુસાકા આવી પહોંચ્યા. અત્રે પાસપોર્ટની વિધિ પતે નહીં ત્યાં સુધી સ્વામીશ્રીએ કસ્ટમ હૉલમાં બિરાજી પુનઃ પોણા બે કલાક સુધી પત્રવાંચનનું કાર્ય ચાલુ રાખ્યું. દુનિયાભરમાં વિચરવા છતાં 'તેઓ ભલા અને તેઓની સેવા ભલી,' – આ જ રહેતી તેઓની જીવનશૈલી.

વિધિ આટોપાઈ એટલે સવા ત્રણ વાગ્યે સ્વામીશ્રી એરપોર્ટની બહાર પધાર્યા. તે સાથે જ તેઓનો મધ્ય આફ્રિકાનો પ્રવાસ શરૂ થયો.

---

૧૧૨. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ખેડેલા ટાન્ઝાનિયા દેશના પ્રવાસને નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

ઝાંબિયાની રાજધાનીના આ શહેરમાં એકાદ કલાક રોકાઈને ઍન્ડોલા(Ndola) જવા નીકળેલા સ્વામીશ્રી મોટરમાર્ગે ૩૨૦ કિ.મી.નું અંતર કાપી રાત્રે આઠ વાગ્યે બાના મકુપા પહોંચ્યા. અહીંથી નગરયાત્રાના સ્વરૂપે રાત્રે સાડા આઠ વાગ્યે ઍન્ડોલા પધાર્યા.

અહીં રાવજીભાઈના ઘેર યોગી જયંતીનો ઉત્સવ દર વર્ષે ઊજવાતો. તેના આગલા દિવસે પણ સભા થાય. તેમાં રાત્રે બાર વાગ્યા સુધી ધૂન-કીર્તનની રમઝટ બોલે.

આજે એ જ દિવસ હોવાથી સ્વામીશ્રી તે સભામાં પધાર્યા. પણ ત્યાં જતાંવેંત તેઓની ચકોર નજરે નોંધી લીધું કે 'સભામાં પાથરેલું પાથરણું સળંગ છે.' તેથી સ્વામીશ્રીએ પાથરણું અલગ કરવાની સૂચના આપી. આ વ્યવસ્થા થાય ત્યાં સુધી પાંચેક મિનિટ ઊભાં ઊભાં તેઓએ હરિભક્તોને પ્રેમપૂર્વક નિયમ-ધર્મની સમજણ આપી.

દેશ-પરદેશમાં વિચરવા છતાં તેઓએ શ્રીજીમહારાજની જીભ લેશ કચરાવા દીધી નહોતી. ધર્મને ધારીને તેઓએ ધર્મને ફેલાવ્યો એ જ તેઓની વિશેષતા! આવા ગુરુનાં દર્શન કરતાં સૌ ગાઈ ઊઠતા: *'ગગા સો ગુરુ ઘેર ઘેર નહીં...'*

## રમે નિરંતર રામ મેં

રાત્રે સવા દસ વાગ્યા સુધી સભામાં ધર્મલાભ આપી સ્વામીશ્રી વલ્લભભાઈના ઘેર ઉતારે પહોંચી ચેષ્ટાગાન કરીને આરામમાં જવાની તૈયારીમાં જ હતા ત્યાં બે ભક્તોએ આવીને તેઓને એકાદશીના ભજનમાં પધારવા વિનંતી કરી! ત્યારે ગઈ રાત્રિનો ઉજાગરો, આજનો નિર્જળા ઉપવાસ અને સવારથી રાત સુધીમાં કરેલી ૨૧૦૦ કિ.મી.ની મુસાફરીનો થાક હોવા છતાં, સ્વામીશ્રી પથારીવશ ન થતાં પ્રેમવશ થઈને પુનઃ સભામાં પધાર્યા!

પોણા બાર વાગ્યે આ કીર્તનભક્તિ વિરમતાં, સૌ 'આજે સૌને જય સ્વામિનારાયણ, કાલે વહેલા આવજો...' કહી વિખરાયા.

સ્વામીશ્રી ઉતારે પધારી સૂવા માટે પલંગ પર બિરાજ્યા તે વખતે પુરાતન પણ ચિરંતન સ્મૃતિ કરતાં બોલ્યા:

''૫૯-'૬૦માં યોગીબાપા સાથે આવેલા ત્યારે હું સેવામાં હતો. વહેલા ઊઠી ઠાકોરજીની સેવા, આરતી, થાળ કરતો. આગળની મોટી રૂમમાં સૌ સૂતા.

વિનુ ભગત[૧૧૩], અરુણભાઈ[૧૧૪] યોગીબાપાને નવડાવવાની સેવા કરતા. પૂજા પાથરવી, પત્તર ધોવું એવી સેવાનો મને લાભ મળ્યો હતો. લિવિંગ્સ્ટનમાં અરુણભાઈ પેન્ટ, ટાઈ પહેરી શહેરમાં જવા તૈયાર થાય ત્યાં યોગીબાપા બોલાવે ને પૂછે – 'ચોકો કર્યો ? રસોઈ બહાર આપી દીધી ?' તે કપડાં પહેરી તૈયાર થયા હોય ને તપેલીઓ વગેરે ઉઠાવી આપી આવે... ઈશ્વરચરણ સ્વામીએ ઘણું કામ ઉપાડ્યું છે. બધે પહોંચી વળે છે. યુવક અધિવેશન, ઈનામની રકમ ઊભી કરવાની, સારંગપુર સ્મારક(યજ્ઞપુરુષ સ્મૃતિમંદિર)નું જોવાનું, યોગી સ્મૃતિ(મંદિર)માં જોવાનું, મૂર્તિ તૈયાર કરાવવાની વગેરે બધાં કામ માટે દોડાદોડ કરે છે...'

આમ, ગુરુ-શિષ્યને સંભારતાં સ્વામીશ્રી રાત્રે સવા બાર વાગ્યે આરામમાં પધાર્યા ત્યારે મોંમાં પાણીનું ટીપુંય મૂક્યા વિના ગઈ રાતથી આજ રાત સુધી તેઓએ વેઠેલો પરિશ્રમ જોઈને સૌની આંખો તરલ બની ગઈ હતી. પણ સ્વામીશ્રીને તો કોઈ થાક દેખાતો નહોતો. તેઓના અંતરમાં તો આનંદ હતો – શ્રીજીમહારાજનો મહિમા પ્રવર્તાવવાનો અને ગુરુને રાજી કરવાનો. આ આનંદની કોઈ ભાષા નહોતી. તેની કોઈ ઊર્મિ નહોતી, કારણ કે ત્રણ ગુણના કોઈ ભાવમાંથી તે પ્રગટતો નહોતો. તે તો ઊઠતો હતો અંતરમાં જ્યાં ભગવાન બિરાજતા હતા ત્યાંથી.

તેઓનાં આ દર્શનથી સૌને અનુભવાઈ રહ્યું :

*'દેહ, ઈન્દ્રી, મન, પ્રાન, સત્ય સુપને નહીં ભાસે;*
*ક્રિયા બચનમેં બાસ, એક ઉર હરિ પ્રકાશે;*
*મન સકલ શોક સંશે સમે, રમે નિરંતર રામ મેં;*
*જન મુકુંદ 'ઐસે' સદ્‌ગુરુ વિના, કો પહોંચાવે ધામ મેં.'*

## શાસ્ત્રીજી મહારાજે બધું શિખવાડ્યું છે

તા. ૧૯/૫ના રોજ યોગી જયંતી નિમિત્તે સ્વામીશ્રીની પ્રાતઃપૂજાથી જ યોગીનો રંગ સૌને લાગી ગયો હોય તેમ સમગ્ર વાતાવરણ યોગીમય બની ગયેલું. ઉત્સવ-સભામાં આ રંગત ચરમસીમાએ પહોંચી. તેને કાયમ માટે સ્મૃતિમાં રાખવા ફિલ્મ લેવાનું આયોજન કરી રહેલા કેમેરામેને કેમેરો

૧૧૩. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ.
૧૧૪. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી.

સ્વામીશ્રી સામે ગોઠવવાની શરૂઆત કરી, પણ તે જોઈ સ્વામીશ્રીએ તરત જ પોતાના ડાબા હાથે ઇશારો કરી ઠાકોરજી દર્શાવ્યા અને પ્રથમ તેઓની ફિલ્મ લેવા જણાવ્યું.

ભગવાને ભલે કહ્યું હોય કે 'अनुव्रजाम्यहं नित्यं पूयेयेत्यङ्घ्रिरेणुभिः ।'[૧૧૫] – આવા સંતની ચરણરજથી પવિત્ર થવા માટે હું તેઓની પાછળ ફરું છું; પણ સ્વામીશ્રીએ કદી ભગવાનને પાછળ રહેવા દીધા નહોતા.

સવારની જેમ રાત્રે પણ યોગી જયંતીનો સમૈયો ભક્તિભાવપૂર્વક ઊજવાયો. અહીં છેલ્લા સાત દિવસથી સતત વર્ષાની હેલી જામેલી. સૌ ચિંતાતુર હતા કે 'મંડપો તો બાંધ્યા છે પણ વરસાદ ખમૈયા નહીં કરે તો?' પરંતુ સ્વામીશ્રીનાં પગલાં થતાંવેંત બે દિવસથી ટીપુંય વરસ્યું નહોતું! તેથી સૌને ભજન-ભોજનનું ખૂબ સુખ આવ્યું.

આ ઉત્સવ-સભા બાદ ઉતારે પધારી રહેલા સ્વામીશ્રીને હરિભક્તો માટે પાથરેલાં પાથરણાં પરથી ચાલીને જવાનું હતું. તે ઘણું લાંબું હતું. તેથી તેઓ બોલ્યા: 'આ લોકોએ ધ્યાન રાખવું જોઈએ. કોઈ છોકરી ચડી આવે તો?!'

ધર્મ-નિયમનો અલ્પ સરખોય લોપ ન થાય તેનો ફડકો સ્વામીશ્રીને હરહંમેશ રહેતો. સ્વયં ગુણાતીત હોવા છતાં તેઓએ 'निस्त्रैगुण्ये पथि विचरतां को विधिः को निषेधः?' – ગુણાતીતના માર્ગે વિચરતાને શું વિધિ-નિષેધ? જેવું કદી થવા દીધું નહોતું. તેઓની ક્રિયાઓ સૌને સમાસ થાય એવી જ રહેતી.

તે દ્વારા સૌનાં દિલ જીતતાં સ્વામીશ્રીને તા. ૨૦/૫ના રોજ હરિભક્તો શહેર પર દૃષ્ટિ કરાવવા લઈ ગયા. ત્યાંથી ઉતારે આવેલા સ્વામીશ્રી રસોડામાં નજર કરવા ગયા ત્યારે રામચરણદાસ સ્વામી માલપૂડા બનાવતા હતા. તે જોઈ સ્વામીશ્રી પણ તેઓ સાથે મદદમાં જોડાઈ ગયા અને ૧૫-૨૦ માલપૂડા ઉતાર્યા. માલપૂડા સુંદર બનતાં સંતોએ પૂછ્યું: 'આપ આ ક્યારે શીખ્યા હતા?'

'શાસ્ત્રીજી મહારાજે બધું શિખવાડ્યું છે. એમના પંજામાં આવી ગયા એટલે એમણે કોઈ કળા શીખવવાની બાકી રાખી નથી.'

સ્વામીશ્રીએ યશકળશ તરત જ ગુરુચરણે ધરી દીધો.

ગાયનાં અણીદાર શિંગડાંની ટોચ પર સરસવનો દાણો જેટલી ઘડી ટકે, એટલી વાર પણ તેઓ સન્માનને પોતાના શિરે ટકવા દેતા નહીં.

---

૧૧૫. श्रीमद्भागवतपुराणम् – ૧૧/૧૪/૧૬.

## સો વાતની એક વાત છે

તા. ૨૧/૫ની સાંજે એન્ડોલાથી ૩૫ કિ.મી. દૂર આવેલ લુઆન્શિયામાં ધમધમતી તાંબાની ખાણો સ્વામીશ્રીને બતાવવાનું આયોજન એક મુમુક્ષુ પરાગભાઈએ ગોઠવેલું.

૪,૨૫૦ ફૂટની ઊંચાઈએ વસેલું અને 'ગાર્ડન ઑફ ધ કૉપર બેલ્ટ' તરીકે ઓળખાતું આ શહેર દુનિયાનું ૩૫% ટકા તાંબું પૂરું પાડતું. તે માટે છ થી સાત હજાર ફૂટ ઊંડી ખાણોમાં 'બ્લાસ્ટીંગ'થી પથ્થરો તોડવામાં આવતા. તે પથ્થરોને ઓગાળીને તાંબું કાઢવામાં આવતું. આ ખાણોમાં માલની હેરફેર માટે નાનકડી ટ્રેનો પણ ચાલે.

આ ખાણ જોવા માટે નિયમ મુજબ એક સાથે છ વ્યક્તિઓને જ પરવાનગી આપવામાં આવતી, પરંતુ પેલા ગુણાનુરાગીએ પોતાની વગ વાપરીને બાર સંતોની એકસાથે વ્યવસ્થા ગોઠવેલી. તેઓને આજે રજા હતી છતાં દોડધામ મચાવીને આ બધી જ સાનુકૂળતા કરેલી.

તેઓ પ્રવેશ પૂર્વે ખાસ પ્રકારનો પહેરવેશ(ડ્રેસ), ટોપો(હેટ), પટ્ટો, ટૉર્ચ વગેરે લેવા માટે સૌને એક ઓરડામાં લઈ ગયા. ખાણ જોવા માટે તે પહેરવાનું ફરજિયાત હતું. પરંતુ આ સાંભળી સ્વામીશ્રી ઊભા રહી ગયા. શ્રીજીમહારાજે ઉપદેશેલા વણસીવ્યાં વસ્ત્ર પહેરવાના આદેશથી વિપરીત આ બધું કરવામાં સ્વામીશ્રીનું મન કેમ માને ?

તેઓની આ ભાવના પેલા વ્યવસ્થાપક પામી ગયા. તેથી તેઓએ કહ્યું : 'આપ ડ્રેસ નહીં પહેરો તો ચાલશે. પણ ટોપો તો પહેરવો પડે.'

તે માટે પણ સ્વામીશ્રીએ નામરજી બતાવતાં કહ્યું: 'અમારે બદલે યુવકોને લઈ જાઓ.' એમ કહીને આયોજકને જણાવ્યું: 'અમે નિયમને કારણે જઈ શકતા નથી. તમારી સેવા લખાઈ ગઈ.'

...અને એ ખાણમાં જવા આડે પથ્થર મુકાઈ ગયો.

સ્વામીશ્રીનો એક જ સિદ્ધાંત હતો: *'સો વાતની એક વાત છે, નવ કરવો આજ્ઞાલોપ...'* નિયમને નેવે મૂકીને તેઓએ કશું જ કર્યું નહોતું.

## શાંતિદૂતને શાંતિદાતાની અંજલિ

વિશ્વમાં શાંતિ સ્થાપવા માટે કાર્યરત 'યુનો'(UN)ના પ્રથમ મહામંત્રી

દાગ હેમરશિલ્ડ સન ૧૯૬૧માં બનેલી એક વિમાની દુર્ઘટનામાં નિધન પામેલા. તેઓના આકસ્મિક અવસાનની જગ્યાએ દાગનું સ્મારક રચવામાં આવ્યું છે. ઍન્ડોલાની નજીકમાં આવેલા તે સ્થળે જવાની ઇચ્છા વ્યક્ત કરતાં તા. ૨૨/પની સવારે સ્વામીશ્રી બોલેલા: 'જગતમાં શાંતિ સ્થાપવાનું કાર્ય કરનાર તેઓની સેવાને આપણે અંજલિ આપવી જોઈએ. આપણે મહારાજને પ્રાર્થના કરીએ કે તેઓના આત્માને શાંતિ મળે. અંદરોઅંદરના ક્લેશ, ઝઘડા વગેરેથી જગતમાં માનવતા પરવારી ગઈ છે. તેને જીવતી રાખવાનો પ્રયત્ન કરનાર આ મંત્રી માટે આપણે પ્રાર્થના કરવી જોઈએ.'

તેઓનાં આ વચનોમાં માનવજીવનનાં મૂલ્યોની કદર હતી. તેના વિકાસની ભાવના હતી. તેના હ્રાસ-નાશ માટે પ્રવર્તી રહેલી જંગાલિયત પ્રત્યે અણગમો હતો. આ ભાવના સાથે સ્વામીશ્રી હેમરશિલ્ડની સમાધિએ ગયા. ત્યાં ઠાકોરજીનાં પ્રાસાદિક પુષ્પો પધરાવી ધૂન કરાવી કે 'શાંતિચાહક હતા. સારું કામ કર્યું હતું. માટે સત્સંગમાં જન્મ લે.'

આમ, દાગનો દાખડો સુફળ કર્યો. સૌને સ્વામીશ્રીની વિશાળ કલ્યાણ-ભાવનાનાં દર્શન થયાં.

## નેતાની નીતિ અને જનેતાનું જતન

સ્વામીશ્રી જ્યાં જ્યાં પધારતા ત્યાં ત્યાં સત્સંગ-વિકાસના ભાગરૂપે બાળ-યુવા-પ્રવૃત્તિને પણ પોષણ આપતા. અત્રે ઍન્ડોલામાં પણ જ્યારે તેઓએ જાણ્યું કે 'જયંતીભાઈએ બાળ-પ્રવૃત્તિ શરૂ કરી છે,' તો સભામાં સમસ્ત શ્રોતાઓને સંબોધતાં કહેલું કે 'દરેકે પોતાના બાળકોને બાળમંડળમાં મોકલવા. તે માટે 'કાચા'(ક્વાચા)[૧૧૬] આપવા નહીં પડે ને બાળકો પાકા થશે.'

આમ, 'કાચા'નો શ્લેષ કરીને તેઓએ બાળકોને બાળસભામાં મોકલવા અંગે હાસ્યભરી હાકલ લગાવી દીધી.

અહીં આ બાળ સંચાલકના નાના ભાઈને 'આફ્રિકાની આબોહવા' સદી ગયેલી. તેથી તેઓ વાળ વધારવાની ફૅશનના ભામે ચડી ગયેલા. સ્વામીશ્રીની આ અણગમતી વાત. આપણી આગવી ઓળખને નામશેષ કરી નાંખે તેવી રહેણી-કહેણી સામે તેઓનો સ્વર તેજ-તીખો થતો. તેથી પેલા ભાઈને તેઓએ વાળ લાંબા રાખવા વિષે ટકોર કરી. તેઓ સાનમાં સમજી

૧૧૬. સ્થાનિક ચલણી નાણું. તે વખતે ૧ ક્વાચા = ૧૧ રૂપિયા થતા હતા.

ગયા અને તરત જ વાળ માપસરના કરાવી દીધા.

સ્વામીશ્રીએ પોતાના ભાઈને વાળ ટૂંકા કરાવવાની શીખ આપી તેનું ધાર્યું પરિણામ મળતાં, પોરસાઈ ઊઠેલા બાળ સંચાલકે સ્વામીશ્રીને કહ્યું: 'બાપા! આ યશવંત વાળ ઓછા કરાવે તેમ કહો.'

યશવંત એ યજમાન વલ્લભભાઈનો દીકરો. તેઓને પણ વાળનો વળગાડ વળગેલો. તે સંદર્ભમાં સ્વામીશ્રીને જ્યારે આમ કહેવામાં આવ્યું ત્યારે તેઓ બોલ્યા: 'સંતો ભેગો રહે છે એટલે થઈ જશે.'

સ્વામીશ્રીએ અહીં સીધી આજ્ઞા ન કરી, કારણ કે તેઓ કલાકાર હતા, કઠિયારા નહીં. કઠિયારાને ડાળી કાપવાની હોય છે, તેથી તે આડેધડ કુહાડી ઝીંકે. જ્યારે કલાકારની અદા અનોખી. તે તો એક લસરકો મારવામાં કલાક સુધી વિચાર કરે. પણ પછી પીંછી એવી ફેરવે કે સૌની 'આહ... વાહ...' મેળવે. તે જ રીતે સ્વામીશ્રી પણ સામે જેવું પાત્ર તે રીતે વાણી પ્રયોજતા.[૧૧૭]

'श्लक्ष्णेन वचसा कांश्चित्कांश्चित्परुषया गिरा। कांश्चिदाभ्यामुपायाभ्यां स विनिन्ये विनायकः॥'[૧૧૮]ની જેમ, કો'કને કોમળ વચનોથી તો કો'કને કઠોર વચનોથી, તો કો'કને આ બંને પ્રકારનાં વચનોથી તેઓએ ઘડ્યા હતા. સ્વામીશ્રી પાસે નેતાની નીતિ અને જનેતાનું જતન, બંને હતાં.

## કરુણાની પરાકાષ્ઠા

એન્ડોલાથી સ્વામીશ્રી ચિંગોલા, કીટવે થઈને મુફલીરા જવા નીકળ્યા. રસ્તામાં કલુલુશીમાં લાભ આપી આગળ નીકળ્યા ત્યાં ભૂલા પડ્યા. તેથી કફુએ નદી પાસે રોકાયા. અહીં પાણીનું વહેણ જોરદાર હતું. તે જોઈ ઠાકોરજીને સ્નાન કરાવવાનો વિચાર સ્વામીશ્રીને આવ્યો અને તેઓ પહોંચ્યા નદી પાસે.

જ્યારે પણ કંઈ સારું મળે ત્યારે તેઓને હંમેશા ભગવાનની યાદ આવતી અને તે સારાનો વિનિયોગ ભગવાન માટે કરીને સંતોષ પામતા. આવી ક્રિયાઓ તેઓના ભક્તિભાવથી સભર હૃદયના પુરાવારૂપ બની રહેતી.

---

૧૧૭. સ્વામીશ્રીની આ રીતથી સમય જતાં યશવંતભાઈ સત્સંગ-રંગે એવા રંગાયા કે તેઓ તથા તેઓના સ્નેહી-સંબંધીઓએ મળીને સન ૧૯૯૮માં અમેરિકામાં આવેલી તેઓની ૨૭ એકરમાં વિસ્તરેલી મિલકત ઠાકોરજીનાં ચરણે સમર્પિત કરેલી.

૧૧૮. सौन्दरनन्दम् — ૧૩/૩.

ઠાકોરજીના સ્નાનથી પવિત્ર થયેલ આ તીર્થમાં સ્વામીશ્રીએ જનહિતના સંકલ્પો સાથે ધૂન કરાવી. ભારતમાં પ્રવર્તમાન રેલવે હડતાલથી લોકોને પડતી હાડમારીના સમાચાર તેઓને મળેલા. તેથી તે હડતાલ વહેલી તકે પૂરી થાય તે પ્રાર્થના કરી. ત્યારબાદ આવી નાનકડી નદીમાં પણ ભરપૂર પાણી જોઈને રાજકોટ, ગોંડલ, સૌરાષ્ટ્રના ભાગોમાં આટલું જ પાણી થાય અને લોકોને સુખ-શાંતિ થાય તેવી ધૂન કરી.

જેઓની નજરમાં જગત જ નહોતું તેવા સ્વામીશ્રી જગતના જીવોનું દુઃખ જોઈને દ્રવી ઊઠતા. તેઓની કરુણાની આ પરાકાષ્ઠા હતી.

આવા કરુણાળા સ્વામીશ્રી તા. ૨૬/૫ની સાંજે ચાર વાગ્યે મુફલીરામાં ઠાકોરજીનું ધ્યાન ધરીને બેઠેલા. તે સમયે તેઓએ સામે ગોઠવાયેલા બાળકોને પ્રસાદ વહેંચ્યો. તે બાળકોમાં એકની પાસે 'વ્યૂ માસ્ટર' હતું, તે તેણે સ્વામીશ્રીને આપતાં કહ્યું : 'બાપા ! આ જુઓ.'

સ્વામીશ્રી તે યંત્ર પોતાની આંખે અડાડતાં બોલ્યા : 'ઓહો ! આ તો બહુ સરસ છે. આ તું રોજ જોઈશ તો તેમાં તને ભગવાન દેખાશે.'

એમ કહી તે યંત્ર બાળકને પરત કર્યું. પણ આટલા અમથા વાર્તાલાપમાં તેઓએ બાળકની આંખમાં ભગવાન આંજી દીધા. પછી ચાર બાળકોને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી. તે વખતે આસપાસમાં જળ ન દેખાતાં હાથમાં પુષ્પની પાંખડી રખાવીને વર્તમાનધારણ-વિધિ કરાવ્યો.

તેઓની આ ગોષ્ઠીમાં એવું હેત હતું કે તે જોનારા સૌ હળવા થઈ ગયા. સૌને થયું કે સંતાનોના ઉછેર માટે કોઈ પુસ્તક વાંચવાની જરૂર નથી. જરૂર છે બસ, સ્વામીશ્રી સામે જોયા કરવાની.

## ભક્તિ શિશતણું સાટું

ગઈકાલે બાળકો સાથે બિરાજેલા સ્વામીશ્રી તા. ૨૭/૫ના રોજ ઍન્ડોલાની સિટી કાઉન્સિલમાં મેયરશ્રી લેનાર્ડ હન્ટબેલે શેમોયને મળ્યા. સ્વામીશ્રીએ તેઓને શહેર-વિકાસના આશીર્વાદ આપ્યા અને નગરપતિએ પણ સ્વામીશ્રીને મંદિર-નિર્માણ માટે સાનુકૂળતા કરી આપવાનું વચન આપ્યું.

આ મુલાકાત બાદ સ્વામીશ્રી ઉતારે પધાર્યા. આ વખતે તેઓએ જ્યાં નિવાસ કરેલો તે ઘર યોગીજી મહારાજનું પ્રાસાદિક. તેથી તેની પ્રદક્ષિણા કરીને વિદાય થયેલા સ્વામીશ્રી, રસ્તામાં કાબ્વે(બ્રોકન હીલ)ને પાવન કરી

સાંજે લુસાકા આવી પહોંચ્યા. ઍન્ડોલાના હરિભક્તો છેક અહીં સુધી – ત્રણસો કિલોમીટર દૂર સુધી તેઓને વળાવવા આવેલા. ભાગોળ તો શું, ભૂગોળ બદલાઈ જાય તોય કોઈને સ્વામીશ્રીનો સહવાસ છોડવો ગમતો નહીં. અહીંથી પણ આ ભક્તોને પાછા વળવાનું તો મન થતું જ નહોતું.

*'ઘેર જાતાં ચરણ ન ચાલે, આઘા જઈને પાછાં વળે;*
*પગલાં જોઈને પિયુજીનાં, વારંવાર તિયાં ટળવળે...'*ની સ્થિતિ સ્વામીશ્રી જ્યાં જતા ત્યાં સર્જાતી.

છેવટે સ્વામીશ્રી આ સંઘને ઉતારાના ઝાંપા સુધી વળાવવા પધાર્યા. તે વખતે સૌનાં જ્ઞાનબંધ છૂટી ગયાં અને હેતનો પ્રવાહ અશ્રુવાટે વહી રહ્યો. તેણે સ્વામીશ્રીને પણ પલાળી દીધા. આ ભાવવિભોર દૃશ્ય જોઈ સંધ્યા પણ ઢળી પડી !

'નદીનું મૂળ અને ઋષિનું કુળ શોધવાનો પ્રયત્ન ન કરવો' એમ કહેવાયું છે; પણ ડેવિડ લિવિંગ્સ્ટન નામનો અંગ્રેજ પાદરી વર્ષો પહેલાં નાઈલ નદીનું મૂળ શોધવા નીકળી પડેલો. આ ખાખાંખોળાં કરતાં તેણે જગપ્રસિદ્ધ 'વિક્ટોરિયા ફૉલ્સ' શોધી કાઢ્યો. પોણા બે માઈલમાં વિસ્તરેલા અને ૬૦૦ ફૂટની ઊંચાઈએથી ખાબકતા ઝાંબેઝી નદીના આ ધોધ પાસે વસેલું ગામ લિવિંગ્સ્ટનના નામે જ ઓળખાય છે. તેને પાવન કરવા માટે નીકળેલા સ્વામીશ્રી તા. ૨૮/૫ની બપોરે રસ્તામાં ચોમાને લાભ આપતાં સાંજે છ વાગ્યે લિવિંગ્સ્ટન પધારી ગયા.

અહીં ધનસુખભાઈના બંગલે યોજાયેલી સભાનો પ્રારંભ થયો ત્યારે ફક્ત ૧૦-૧૨ મુમુક્ષુઓ જ સામે બેઠેલા. છતાં સ્વામીશ્રીએ *'હરિગુણ ગાતાં...'* એ ચોસર પર કેફથી વાત ઉપાડી કે 'ભગવાનના ભક્ત ગમે તેવા દેશકાળ આવે પણ ભગવાનનું ભજન મૂકે જ નહીં. ભગવાનના ભક્તને શિર સાટે બધું રાખવું. ધર્મ મૂકીને ધન ભેળું કરવું નહીં. *'ભક્તિ શિશતણું સાટું, આગળ વસમી છે વાટ્યું...'* દાદાખાચરને ઉપાધિ આવી છતાં ભગવાન સ્વામિનારાયણને ન મૂક્યા. તેમની દૃઢતા મોળી ન પડી. સોનું જેમ અગ્નિમાંથી પાર થાય છે તો તેની કિંમત અંકાય છે. તેમ જે બધાં કષ્ટોમાંથી પાર પડે તેની કિંમત અંકાય. તેને ભગવાનના અક્ષરધામનું સુખ વધુ મળે. ભગવાન સુખ કરવા માટે દુઃખ આપે છે. ભગવાનનું ભજન જો ન થાય તો શોક કરવો. મોટાપુરુષ આપણા સ્વભાવ લેવા અને ભગવાન આપવા પધાર્યા છે.'

સભામાં સ્વામીશ્રી પિસ્તાલીસ મિનિટ સુધી વરસ્યા. શ્રોતાઓની સંખ્યા તેઓના કથાના કેફ, સભાના સમય કે મુખારવિંદના હાવભાવ પર કદીયે ફરક પાડી શકી નહોતી.

## કરતા પ્રીત હેતે પળે પળે

લિવિંગ્સ્ટનમાં સ્વામીશ્રી અને સંતોના નિવાસ-સ્થળે એક જ બાથરૂમ અને શૌચાલય હતાં. તેથી સૌ સંતો વહેલા જાગી પરવારી જાય પછી સ્વામીશ્રી નિત્યકર્મ માટે પધારતા. સંજોગોવશાત્ સંતોને તૈયાર થવામાં વિલંબ થાય તો સ્વામીશ્રી બાથરૂમ ખાલી ન થાય ત્યાં સુધી, સ્નાન કરાવવાનો લાભ લેવા આવેલ યુવકોને કથાવાર્તા કરતા. સ્નાનવિધિનો માર્ગ મોકળો થાય પછી દેહક્રિયા માટે પધારતા. આમ, ગુરુ-શિષ્યના ભેદ ભૂંસાઈ જાય એવી સરળતા-સહજતાથી તેઓ રહેતા.

આ રીતે તા. ૨૯/૫ની સવારે પ્રાતઃપૂજાથી પરવારીને તેઓ સાવ સાદા બ્લેન્કેટ પર બેસીને પત્રલેખન કરી રહેલા. લખવા માટે ટેબલ-ખુરશી તો તેઓએ કદી વાપર્યાં જ નહોતાં. નીચે બેસીને કે સોફા પર પોતાના ખોળામાં પેડ મૂકી સ્વામીશ્રીએ જીવન દરમ્યાન પાંચ લાખથી વધુ પત્રો લખી નાંખેલા ! સેવાનાં અનેક નૂતન ક્ષેત્રો ખોલવાની સાથે તેઓ સેવા કરવાની રીતની પણ અનેક દિશાઓ ખોલી ગયા છે.

એ જ રીતે આજે પણ સ્વામીશ્રી ધાબળા પર બેસી પત્રવ્યવહારમાં ગળાડૂબ થઈ ગયેલા. તે વખતે યજમાનને ઉમળકો આવી જતાં તેઓએ ફૂલની ગૂંથેલી ચાદર ચુપકીદીથી આવીને સ્વામીશ્રીને ઓઢાડી દીધી. આથી સ્વામીશ્રી ચમક્યા અને હજી ફોટોગ્રાફર ફોટો ઝડપવા ચાંપ દબાવે તે પહેલાં તો તેઓએ તે ચાદર ખેસવી દીધી. પછી તે ચાદર લઈને પોતે ઊભા થયા અને બાજુના ઓરડામાં પત્રલેખન કરી રહેલા હરિપ્રકાશદાસ સ્વામીને ઓઢાડી દીધી.

સ્વામીશ્રીની આ પ્રીત જોઈ તે સંત તો ગદ્ગદ થઈ ગયા. સૌએ તે ચાદર સ્વામીશ્રીને ફરી ઓઢાડી ફોટા લેવા પ્રયત્ન કર્યો, પણ સ્વામીશ્રીએ મચક ન આપતાં સૌના સંકલ્પ ખોટા થઈ ગયા. તેથી સ્વામીશ્રીની એ છબી તો હાથ ન લાગી, પરંતુ સ્નેહ અને નમ્રતાભરી તેઓની મૂર્તિ સૌનાં હૈયે બિરાજી ગઈ.

## પરોપકારીમાં પ્રથમ

તા. ૨૯/પની સવારે સાડા નવ વાગ્યે સ્વામીશ્રી યોગીજી મહારાજનાં પ્રાસાદિક સ્થાનોનાં દર્શન માટે સંતો સાથે નીકળેલા. તે ક્રમમાં પ્રથમ અંબાલાલભાઈના ઘેર પધાર્યા અને જાણે ચૌદ વર્ષ પાછળ ચાલ્યા ગયા હોય એમ તત્કાલીન સ્મૃતિઓમાં સરી પડ્યા: 'અહીં યોગીબાપા પોઢતા. અહીં સભા ભરતા. અહીં જ જમતા. આ ઓસરીમાં બેસતા. આ બાથરૂમમાં સ્નાન કરતા. ન્હાવાનું ટબ આ દિશામાં હતું. સામે મેદાનમાં સંડાસ હતું. અહીં જી. કે. સ્વામી સાથે બેસી પત્રો લખતા...' એમ એક-એક સ્થાન બતાવતા ગયા અને સૌની આંખો આગળ યોગીબાપાને રમતા મૂકી દીધા. વાતો કરતાં કરતાં દરેક સ્થળે દંડવત કરતા જાય.

અહીંથી તેઓ ઝાંબેઝી નદીના કિનારે પધાર્યા. આ નદીની સમાંતર સ્વામીશ્રીની સ્મૃતિગંગા પણ વહેતી જ રહી: 'અહીં યોગીજી મહારાજ 'પિકનિક' કરવા પધારેલા. અહીં સગડી પર પાપડ શેકીને સૌને સુખ આપેલ. અહીં ઈશ્વર સ્વામી ને હું છેક નીચે પાણી પાસે ઊતરેલા. સામે કિનારે વિક્ટોરિયા ફૉલ્સ નામનું ગામ છે. ત્યાં ડેવિડ લિવિંગ્સ્ટનનું પૂતળું છે. યોગીજી મહારાજે તેનું કલ્યાણ થાય તેવો સંકલ્પ કર્યો હતો...'

એક તરફ સામે પડતા ધોધની ઝણ્ય કપડાં ભીનાં કરી રહેલી તો અહીં સ્વામીશ્રીનો સ્મૃતિધોધ સૌનાં કાળજાં ભીંજવી રહ્યો.

સૌને આવું અનેરું સ્મૃતિદાન આપી, તેઓએ પ્રથમ વિશ્વયુદ્ધમાં માર્યા ગયેલા સૈનિકોની સ્મૃતિ માટે જ્યાં ખાંભી બનાવવામાં આવેલી, ત્યાં જઈને તે સૌના કલ્યાણ માટે પ્રાર્થના કરી 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન કરાવી.

સ્વામીશ્રીની કરુણાને વાદળ, નદી કે સરોવર એમ કોઈ સાથે સરખાવી શકાય તેમ નહોતી. કારણ કે વાદળ, નદી, સરોવર ભલે ભેદભાવથી રહિત, પણ વાદળ જ્યાં વરસે ત્યાં જ પૃથ્વી પલળે, નદી-સરોવર પણ કિનારે આવે તેની જ તૃષા છિપાવે. જ્યારે સ્વામીશ્રીની કરુણા તો સમગ્ર વિશ્વ પર વરસતી. જે હયાત ન હોય તેના માટે પણ વરસતી.

## વનમાં વનમાળી

ગઈકાલે સ્વામીશ્રીએ આપેલા સુખના મેવા હજી તો સૌ પચાવે તે

પહેલાં જ બીજે દિવસે, તા. ૩૦/૫ના રોજ સુખનો બીજો રસથાળ સામે આવી ગયેલો. યોગીજી મહારાજે ઝાંબેઝી નદીના કિનારે સૌને જમાડ્યા હતા. તેવો લહાવો લેવા સૌએ આ દિવસે વન-મહોત્સવનું આયોજન કરેલું.

તે માટે શ્રીજીમહારાજની એ અંતર્ધાન-તિથિએ સ્વામીશ્રી ૬૦ હરિભક્તો સાથે વનરાજી વચ્ચે બિરાજેલા. ત્યાં પ્રેમથી ઠાકોરજીને થાળ ધરાવ્યો. તે વખતે બોલ્યા: 'ચૌદ વર્ષે હરિકૃષ્ણ મહારાજ ફરી અહીં થાળ જમે છે.'

ત્યારબાદ એક ઝાડ નીચે જમવા બેસતાં જ તેઓએ આ આયોજનમાં સહકાર આપનાર સી.આઈ.ડી. અધિકારીઓને સંભારતાં કહ્યું: 'તેઓને પણ સૌ સાથે જમવા બેસાડો.'

*'આપણા ભેગાં સૌનાં ભાણાં માંડીએ...'*ની રીત હતી સ્વામીશ્રીની. તેથી આજે હરિભક્તોની સાથે સી.આઈ.ડી.ના પાંચ આફ્રિકન અધિકારીઓ પણ જમવા બેઠા. એ સંત્રીઓને સ્વામીશ્રીની આ લાગણી પ્રસન્ન કરી ગઈ. ખીચડી, છાશ, પાપડ, મેથીપાક અને બરફી ચૂરમાનું પંચામૃત સૌ આરોગતા હતા. તે વખતે સ્વામીશ્રીને ઉમંગ આવી જતાં તેઓએ ઊભા થઈ સૌને મેથીપાક પીરસીને મીઠી સ્મૃતિ આપી.

ત્યારબાદ કથાવાર્તાનો મેવો જમાડતાં નૈમિષારણ્ય ક્ષેત્રના વચનામૃત[૧૧૯] પર વાત કરી કે 'યોગીબાપા અહીં આવી ગયા તેથી આ તીરથ કહેવાય. તમારે ઘેર આવેલા તે તીરથ. આ સી.આઈ.ડી.વાળા પ્રસાદ જમ્યા તે સંસ્કાર થયા. એમ કરતાં ધામમાં જશે. તેની આ સેવા થઈ ગઈ.'

આમ, આજે સ્વામીશ્રી એવું અલૌકિક સુખ આપી રહેલા કે કોઈને શ્રીજીમહારાજ અંતર્ધાન થઈ ગયા છે તેવું ન લાગ્યું. સૌનું અંતર એમ જ ગાઈ રહ્યું કે *'પ્રમુખસ્વામીમાં પ્રગટ રહ્યા છે પુરુષોત્તમ મહારાજ...'*

## બે કારણ !

તા. ૩૧/૫ના રોજ લિવિંગ્સ્ટનના રોકાણનો અંતિમ દિવસ હતો. આજે અહીંથી આશરે ૫૦૦ કિ.મી.નું અંતર કાપીને લુસાકા પરત ફરવાનું હતું. તેથી સંકેલણીની તડામારી જાગ્યા ત્યારથી હતી. સવારે સ્વામીશ્રીની પ્રાતઃપૂજા પૂરી થયા પછી છેલ્લા ચરણસ્પર્શ માટે પણ ધસારો થયો.

આ ભીડમાં યોગેશ નામનો એક નાનો બાળક આવી ચડ્યો. તેના

---

૧૧૯. વચનામૃત સારંગપુર પ્રકરણ ૭.

હાથમાં તાજેતરમાં પ્રકાશિત થયેલી નિત્યવિધિની પુસ્તિકા હતી. તેણે પોતાના નાનકડા હાથે તે પુસ્તિકા સ્વામીશ્રી સમક્ષ ધરી. તે બાળક નિઃશબ્દ હતો પણ સ્વામીશ્રીએ તેનું હૃદય વાંચી લીધું. તેથી તેઓએ એ પુસ્તિકા હાથમાં લીધી. તેને ખોલી અને તેમાં લખેલું લખાણ બાળકને બોધ થાય તેવા લહેકામાં ધીરે ધીરે સમજાવતા ગયા. આ રીતે નિત્યપૂજા કેવી રીતે કરવી તેની વિસ્તૃત સમજૂતી સ્વામીશ્રીએ તે બાળકને આપી. નીકળવાની ઉતાવળમાં પણ તેઓએ બાળહૃદયને ઠોકર ન લાગવા દીધી.

આમ, એક બાળપુષ્પને ખીલવીને તેઓએ વિદાય લીધી તે વખતે એક આગેવાન હરિભક્તની ખાસ ઇચ્છા હતી કે 'સ્વામીશ્રી વિક્ટોરિયા ફૉલ્સ પર ફરી પધારે.' પણ 'મોડું થયું છે' કહી સ્વામીશ્રીએ ત્યાં જવાનું ટાળ્યું!

એક બાળકને અધ્યાત્મના પાઠ ભણાવવા સમય કાઢી શકનાર સ્વામીશ્રીને દુનિયાની અજાયબી જોવા માટે સમય નહોતો! તેનાં બે કારણ હોઈ શકે – એક તો તેઓને મન જીવતા-જાગતા અસ્તિત્વથી અન્ય કોઈ મોટી અજાયબી નહીં હોય; અથવા તો બીજું, એક જીવને ભગવાનના માર્ગે ચઢાવવાથી અન્ય કોઈ કામ મોટું નહીં હોય.

આ કામ માટે લિવિંગ્સ્ટનથી લુસાકા જતાં સ્વામીશ્રીને માર્ગમાં આઠ અડચણ આવી. અહીં થોડા સમય પહેલાં જ થયેલી લૂંટનો ભેદ ઉકેલવા માટે પોલીસ દ્વારા ઠેર ઠેર ચોકીઓ ઊભી કરવામાં આવેલી. એકેએક મોટરની ઝીણવટપૂર્વક તપાસ થતી હતી. તે ક્રમમાં સ્વામીશ્રીની ગાડીને પણ રોકવામાં આવતી. પણ 'ઇન્ડિયા'થી 'પ્રીસ્ટ'(Priest) આવ્યા છે તેમ ખબર પડતાં સુરક્ષા-કર્મીઓ પગે લાગી, આશીર્વાદ મેળવી મોટરને કોઈ વિશેષ તપાસ કર્યા વગર જવા દેતા હતા.

આમ, 'અષ્ટાવરણ' પાર કરીને સ્વામીશ્રી લુસાકા આવી પહોંચ્યા.

## પરોણાગતની 'ફી'!

લુસાકામાં અંબાલાલભાઈ પટેલના ઘેર રોકાયેલા સ્વામીશ્રીનાં દર્શને ઝાંબિયાના રાષ્ટ્રપ્રમુખના અંગત સલાહકાર શ્રી મૂળશંકર વ્યાસ આવેલા. જ્યોતિષ-વિદ્યાના બળથી રાષ્ટ્રપ્રમુખના સલાહકાર સુધીની પાયરીએ પહોંચેલા આ રાજનીતિજ્ઞ આ દેશના પ્રધાન મંડળમાં એકમાત્ર પરદેશી વ્યક્તિ તરીકે વિશિષ્ટ હતા. ૪,૦૦૦ કીર્તનોના રચયિતા તેઓ તે સમયે 'આંદોલનો'

(Vibrations) વિષયક પુસ્તક લખી રહેલા. તેમાંનું એક આંદોલન જ તેઓને સ્વામીશ્રી સુધી ખેંચી લાવેલું.

તેનો ઉલ્લેખ કરતાં તેઓએ વાત કરી કે 'મેં એક જ વખત યોગીજી મહારાજનાં દર્શન કર્યાં છે. તેમની બાળક જેવી નિર્દોષ પ્રકૃતિ હતી. તેમના હાસ્યનાં આંદોલનો પ્રબળ હતાં. તેમના હાસ્યમાં પણ તેજસ્વિતા હતી. બીજા તેવું હસી શકે નહીં. મને દાદર(મુંબઈ)માં આવેલા મંદિરમાં તેમનો ફક્ત દસ મિનિટનો જ યોગ થયો હતો. છતાં તેમના વ્યક્તિત્વથી હું ઘણો જ પ્રભાવિત થયો હતો.'

યોગીજી મહારાજના નિર્મળ હાસ્યની મોહિનીમાં ખોવાયેલા તેઓએ જ્યારે જાણ્યું કે 'યોગીજી મહારાજના અનુગામી પ્રમુખસ્વામી મહારાજ પધાર્યા છે.' ત્યારે તેઓ આજે સ્વામીશ્રીને મળવા દોડી આવેલા. અહીં સ્વામીશ્રીની સાધુતાનાં આંદોલનો પણ તેઓને એવાં જ સ્પર્શ્યાં અને તેઓ બોલ્યા : 'મારા ઘેર પધારો.'

તેઓનો ભાવ સ્વીકારી સ્વામીશ્રીએ સાંજે તેઓના ઘરને પાવન કર્યું. સ્વામીશ્રીનું યથોચિત સન્માન કરી તેઓએ બે કલાક સુધી સત્સંગનો લાભ માણ્યો.

તા. ૧/૬ની રાત્રે રામભાઈ દાંડીકરના ફાર્મમાં પણ આવી જ અનુભૂતિ સૌ કરી રહ્યા. આજે અહીં સ્વામીશ્રીના સાંનિધ્યમાં અનાયાસે ફૂલદોલોત્સવ ઊજવાઈ રહેલો. તેમાં સૌએ સ્વામીશ્રીને ઝુલામાં બિરાજમાન કરીને પુષ્પ-સેરોથી ગૂંથેલી ભગવી ચાદર ઓઢાડી. તે વખતે સન્માનને વહેંચવામાં જ માલ માનનારા સ્વામીશ્રીએ ડૉક્ટર સ્વામી તથા કોઠારી સ્વામીને વારાફરતી બોલાવીને ઝૂલામાં પોતાની પાસે બેસાડ્યા અને *'સખા સંગ શ્યામ બિરાજે'*ની અલૌકિક સ્મૃતિ આપી.

તા. ૩/૬ની સાંજે પણ પધરામણીએ નીકળેલા સ્વામીશ્રી ઠાકોરજીની આરતી કરીને હરિભક્ત નવીનભાઈના પ્રાંગણમાં થોડી વાર સુધી વિહરી પાછા બંગલા તરફ જતા હતા. તે વખતે તેઓએ સગડી પર બાજરીના રોટલા તૈયાર થતા જોયા. તેથી તે તરફ વળ્યા અને એક રોટલો શેકી સૌને સ્મૃતિ આપેલી.

રોટલાને ઘાટ આપી તેઓ બંગલામાં યજમાન અને તેઓના દીકરાઓનો ઘાટ ઘડવા બેઠા. મિલન એ તેઓની આગવી ખાસિયત હતી. તેઓ જ્યાં જ્યાં નિવાસ કરે ત્યાં ત્યાં તે ઘરમાં રહેતા સૌ સાથે ઘરોબો કરી લેતા. તે માટે દરેક

પુરુષ પરિવારજન સાથે બેસતા. તેના કામકાજમાં રસ લેતા. એ રીતે હેત કરીને અંતે સત્સંગ દૃઢાવતા. તેઓ વિદાય લે ત્યારે એ ઘરમાં સમૂળી ક્રાંતિ આવી જતી; જેવી આજે આ ઘરમાં આવી.

વાતચીતમાં સ્વામીશ્રીએ જાણ્યું કે 'યજમાન પ્રસંગોપાત્ત અભક્ષ્ય આરોગે છે.' તેથી સ્વામીશ્રીએ હવેથી તેમ ન કરવા આજ્ઞા કરી. સ્વામીશ્રીના સ્નેહનો કોઈ ઇન્કાર ન કરી શક્યા અને તે દુર્ગુણને કાયમ માટે અલવિદા આપી દીધી. સ્વામીશ્રીએ જાણે પરોણાગતની 'ફી' વસૂલ કરી!

જ્યાં રોકાણ હોય ત્યાં જ નહીં પણ પધરામણીમાં પણ તેઓનો આ કાર્યક્રમ રહેતો. તેઓ જે ઘેર જાય ત્યાં સૌને કંઠી પહેરાવી ભગવાનનો આશરો કરાવે. ત્યારબાદ મનની વૃત્તિ સારી રહે તે માટે ભગવાનની મૂર્તિ આપે અને રોજ સવારે દર્શન કરી માળા ફેરવવાની આજ્ઞા કરે. પછી પૂછે : 'કોઈ વ્યસન છે?' જો હોય તો તેઓની ઉપદેશગંગા વહેવા લાગે. તેમાં સામેનાનું વ્યસન ધોવાઈ જ જાય. તેના હાથમાં જળ આપીને વ્યસનમુક્ત રહેવા સંકલ્પ કરાવે. જે કરવું તે પાકા પાયે – આ તેઓનો સિદ્ધાંત. તેથી કેવળ મૌખિક વાત નહીં પણ પ્રતિજ્ઞાબદ્ધ કરે.

વળી, પૂછે: 'કાંઈ ખાઓ છો?' જો જવાબ મળે: 'થોડું થોડું' કે 'ક્યારેક ક્યારેક'; તો ત્યાં પ્રેમનો પાતાળધરો ફૂટી નીકળે. સ્વામીશ્રી તેને વાત કરે : 'જે કોઈ માંસાહાર નથી કરતા તે પણ જીવે છે, બળિયા છે. તો તમે નહીં જીવો? બળ નહીં મળે? ઘી-દૂધ વગેરે પૌષ્ટિક ખોરાક ખાઓ ને!'

સ્વામીશ્રીની સમજાવટમાં છટા ન હોય, છતાં ચોટ તો લાગે જ, કારણ કે તેમાં હેત હોય. હિતનો હેતુ હોય. તોય કોઈ નાદારી નોંધાવે કે 'મારે વેપાર, મીટિંગ, દોડધામ રહે. તેથી આવું ખાવાની જરૂર પડે.' ત્યારે સ્વામીશ્રી પાસે જવાબ હોય કે 'ઘણા મોટા માણસો આખી દુનિયામાં ફરે છે તોય આવું કશું લેતાં નથી. તેને પણ જો ચાલે છે તો તમારે ના ચાલે?'

આમ, જેવો દેશ-પ્રદેશ તે મુજબ દૃષ્ટાંત-પ્રસંગ જોડી સ્વામીશ્રી સમજાવે. 'કાઢે બલ્લા ને આપે અલ્લા' મુજબ દૂષણો છોડાવી ભગવાનમય કરે. આવી તેઓની એક-એક પધરામણીથી સૌનાં જીવન સન્માર્ગે વળતાં.

લાખોના લેખે તેઓએ કરેલી આવી પધરામણીઓથી સમાજને જે લાભ થયો છે તેની કિંમત દુનિયાની સંપત્તિનો ઢગલો કરીએ તોય ચૂકવી શકાય તેમ નથી.

## સૂત્રમાં શાસ્ત્ર

તા. ૪/૬ની સાંજે 'ટેલિવિઝન ઝાંબિયા'ના સ્ટુડિયોમાં 'Tonight'(આજે રાત્રે) કાર્યક્રમ અંતર્ગત સ્વામીશ્રીની પ્રશ્નોત્તરી(Interview) ગોઠવાઈ હતી. તે માટે સમયસર સ્ટુડિયો પર પહોંચી ગયેલા સ્વામીશ્રીની પ્રશ્નોત્તરીનું જીવંત પ્રસારણ ૭:૧૦ વાગ્યે શરૂ થયું. તેમાં સ્વામીશ્રીએ 'હિંદુ ધર્મ તથા ખ્રિસ્તી ધર્મમાં શું તફાવત છે?', 'હિંદુમાં ખોરાકની અછતને લીધે તમે ગાયનું માંસ શા માટે નથી ખાતા?', 'હિંદ પુણ્યભૂમિ હોવા છતાં કંગાળ કેમ છે?' વગેરે પ્રશ્નોના સચોટ ઉત્તરો આપ્યા હતા. તેમની વાણીમાં ભારતીય ધર્મના ગૌરવની ઝલક હતી, અહિંસા એ પરમ ધર્મ છે – તેનો રણકાર હતો. આ કાર્યક્રમ દ્વારા ઝાંબિયાના ઘેર ઘેર તેઓ પહોંચી ગયા. તેઓનાં દર્શનથી હજારોના સંસ્કાર ઉદય થયા.

ત્યારબાદ આ જ દિવસની રાત્રે હિંદુ હૉલમાં યોજાયેલી જાહેર-સભામાં ધર્મલાભ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'પૈસા હોય પણ જ્યાં વાપરવાના હોય ત્યાં ન વપરાય તે લોભ.'

તેઓએ જાણે એક આખું શાસ્ત્ર સૂત્રમાં સમજાવી દીધું! તેઓની વાણી ટૂંકી, સચોટ અને મુદ્દાસર રહેતી. છતાં મૌલિક અને અર્થગંભીર. જો વિવરણ કરવા બેસો તો પાનાંઓનાં પાનાં ભરાય એટલું તેઓ એક વાક્યમાં કહી દેતા; પણ એટલી સરળ ભાષામાં કે તેઓનું એક પણ વાક્ય સમજવા કોઈની સાથે મસલત કરવી ન પડે. તેથી સ્વામીશ્રીની વાણી સાંભળી સૌ પ્રફુલ્લિત અને સંશયરહિત થઈ જતા.

મધ્ય આફ્રિકાના આ પ્રવાસમાં તેઓના મુખેથી આવાં ઘણાં મૂલ્યવાન મોતીઓ સરી પડેલાં. જેમ કે –

'ગમે તે રીતે પણ જીવનું રૂડું કરવું છે તે સત્પુરુષની અલૌકિક સમજણ...'

'જે મૂળ અજ્ઞાન કાઢે, આપણું અસલ સ્વરૂપ જે આત્મા, અક્ષર ઓળખાવે તે જ સાચા ગુરુ છે...'

'સત્પુરુષ એ જ્ઞાનનું મૂળ છે, પ્રતીક છે. તેમની પાસે જેટલું સુખ છે તેટલું તેમનાથી દૂર રહેવામાં નથી જ...'

'મોટાપુરુષ એટલે જગતના મોટા નહીં પણ જેમણે સર્વનો ત્યાગ કરી

એક ભગવાન જ રાખ્યા છે તે મોટાપુરુષ...'

'સહન કરવું તે ધર્મ છે...'

## સ્નેહ એનો હું શું કહું !

તા. ૪/૬ની રાત્રે ભારતીય સમય અનુસાર ૨:૦૯ થી ૫:૨૫ વાગ્યા સુધી ચંદ્રગ્રહણ થવાનું હતું. અલગ દેશને કારણે ઊભા થતા સમય-તફાવત (time difference) મુજબ આફ્રિકામાં રાત્રે સાડા ત્રણ વાગ્યાથી ગ્રહણનો સ્પર્શ થતો હતો. છતાં સ્વામીશ્રી તો રાત્રે ૨:૦૫ વાગ્યાથી ગ્રહણની સભા માટે ગોઠવાઈ ગયા! નાના નિયમ પાળવામાં પણ તેઓનો ઉત્સાહ અમાપ અને તકેદારી સૂક્ષ્મ રહેતાં.

આ સભામાં તેઓએ 'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે...' પદ પર ત્રણ કલાક સુધી નિરૂપણ કરીને હદ વાળી દીધી. સવા ત્રણ કલાક જેટલી લાંબી સભા, મધ્યરાત્રિનો સમય અને વાતાવરણમાં શીત લહર – છતાં આ આખા કાર્યક્રમમાં તેઓએ કોઈની આંખ મીંચાવા દીધી નહીં. ગ્રહણમુક્તિ બાદ તેઓની કથા પૂરી થઈ ત્યારે સૌના મુખેથી એક જ ઉદ્‌ગાર સરી પડ્યો: 'આખી રાત પલકારાની જેમ કેવી રીતે પસાર થઈ ગઈ!'

'कालः पिबति तद्रसम्।' – કાળ રસને ખાઈ જાય છે. પણ એ કાળનેય ચાવી જાય એવો રસ આજની કથામાં સ્વામીશ્રીએ મૂકી દીધેલો.

એ રસપ્રવાહમાં ઊડતાં મધુબિંદુઓ કંઈક આવાં હતાં :

'રોજ કથામાં બેસવું. વચનામૃત-સ્વામીની વાતો દરરોજ વાંચવાં. ચેષ્ટા બોલીને જ સૂવું. શબ્દ લાગે તો દુ:ખ થાય, ઉદાસીનતા આવે, એ બધી કાચપ કહેવાય. ભગવાનની આજ્ઞાથી થોડું કરીએ તોય સુખ આવે. ભગવાન અને સંતને મૂકીને ક્રિયારૂપ ન થવું. સેવા અને કથાવાર્તાનું અંગ હોય તો ક્યાંય વાંધો ન આવે. ઠરાવમાં દુ:ખ ને નિર્વાહમાં સુખ છે. સાધુતાના માર્ગમાં ઠરાવ ન હોય. સાધુતાની ડિગ્રી પ્રાપ્ત થાય તેમાં બધી ડિગ્રી આવી ગઈ. ભગવાન અને સંતને રાજી કર્યા તે જ સાચું જીવન! શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને આધારે આપણને સુખ મળ્યું છે. નહીં તો ટકાના ત્રણ શેરમાં ખપતાં હોત. માટે મનનું ધાર્યું મૂકી દે તો ઘાટ ટળે.'

સવારે સાડા પાંચ વાગ્યે ગ્રહણની આ સભા સમાપ્ત થઈ. હવે સ્નાન, પૂજા માટે ઊભા જ થવાનું હતું, પરંતુ સ્વામીશ્રી પોતાના બાથરૂમમાં કોઠારી

સ્વામીને સ્નાન કરવા મોકલી છેક સવા છ વાગ્યા સુધી સભાના આસન પર જ બેસી રહ્યા. કોઠારી સ્વામીએ ગઈકાલે આખા દિવસનો ઉપવાસ કરેલો. તેઓ સ્નાન કરીને વહેલા પરવારે તો પારણાં વહેલાં કરી શકે તેવી સ્વામીશ્રીની ગણતરી હતી. પોતાનાં સુખ-સુવિધા શિષ્યોને સોંપીને રાજી થનારા આ ગુરુ માટે સૌનો એક જ અનુભવ રહેતો કે *'સ્નેહ એનો હું શું કહું...'*

## ખોટા માટે શું ખોટું કરવું?

તા. ૫/૬ના રોજ હિંદુ હૉલમાં યોજાયેલી આફ્રિકાના રોકાણની અંતિમ જાહેર-સભામાં આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: 'આપણું જીવન ધર્મ છે. ધર્મ મૂકે તેટલી અશાંતિ. નિયમ વગરનું જીવન નકામું છે. સિકંદર બાદશાહને મૃત્યુ આવ્યું ત્યારે અમલદારો, લશ્કર, સત્તા, સમૃદ્ધિ, લક્ષ્મી, ડૉક્ટર કોઈ સહાય કરી શક્યાં નહીં. દેહ તો નાશ પામવાનું છે. ખોટા માટે શું ખોટું કરવું? રાવણ શક્તિશાળી હતો તોય તેના મનસૂબા પૂરા ન થયા. ભગવાનની ઇચ્છા વિરુદ્ધના સંકલ્પ પૂરા ન થાય. તેની પાછળ જીવન બરબાદ ન કરવું. એવું જીવન જીવવું કે જેથી ભગવાન રાજી થાય. ભગવાનમાં શ્રદ્ધા રાખી નિયમ પાળીશું તો લાભ થશે. તે રસ્તે ચાલવું તે આપણું કામ છે.'

આમ, છેલ્લી શીખમાં ધર્મનો મર્મ સમજાવી, ૭૧ દિવસ સુધી આફ્રિકાને ધન્ય કરી, સ્વામીશ્રીએ તા. ૭/૬ની સાંજે ૭:૫૦ વાગ્યે ઍરપોર્ટ જવા વિદાય લીધી.

હવાઈ મથકે ઠંડીની તીવ્રતા ઘણી હતી. તેથી સહયાત્રી શ્રીહરિદાસ સ્વામી શરીર પર ઓઢેલું ગાતરિયું ગાંઠ મારીને બાંધવા લાગ્યા, પરંતુ તેમાં જોઈએ એવી બરકત નહોતી આવતી. સ્વામીશ્રીએ આ જોયું એટલે 'એમ ન બંધાય' કહેતાં ઊભા થયા અને તે સંતને ચુસ્તપણે ગાતરિયું બાંધી આપ્યું. માતાને બાળકની ચિંતા રહે એથી વધુ સંભાળ સ્વામીશ્રી સંતો-ભક્તોની રાખતા.

## નથી લાગતું એ એને સારું રે

સ્વામીશ્રીને લુસાકાથી લંડન જવા માટે 'ઇકોનોમી ક્લાસ'માં મુસાફરી કરવાની ઇચ્છા હતી. પણ ઝાંબિયા તથા લંડનના ભક્તોને ઓરતા હતા – ગુરુહરિને 'ફર્સ્ટ ક્લાસ'માં પ્રવાસ કરાવવાના. તેથી તેઓએ તે મુજબ જ ટિકિટની વ્યવસ્થા કરેલી. સ્વામીશ્રીને આ રુચ્યું તો નહોતું, પરંતુ ઍરપોર્ટ પર

આવ્યા ત્યારે ખબર પડી કે 'એક આકસ્મિક રાજકીય કટોકટીને કારણે કેટલાક રાજદ્વારી નેતાઓ માટે આખો ફર્સ્ટ ક્લાસ આરક્ષિત કરી દેવામાં આવ્યો છે.'

છેલ્લી ક્ષણે બનેલા આ ઘટનાક્રમથી વિમાની વ્યવસ્થાપકો પણ વ્યથિત હતા. તેઓએ સ્વામીશ્રી સમક્ષ દિલગીરી વ્યક્ત કરી. પરંતુ *'માન મોટ્યપ ને મારું તારું રે, નથી લાગતું એ એને સારું રે...'*ની રીતે રહેતા સ્વામીશ્રી તો સુવિધા હડસેલાતાં રાજી જ હતા. તેઓએ સસ્મિત જણાવ્યું : 'શ્રીજીમહારાજની ઇચ્છા એવી જ હતી.'

લંડનના અગ્રણીઓનો મનોરથ હતો કે 'સ્વામીશ્રી રવિવારે સવારે લંડનમાં પદાર્પણ કરે, જેથી રવિવારે વિશેષ સંખ્યામાં ભવ્ય સ્વાગત કરી શકાય.' તે માટે ખ્યાતનામ અખબારોના ખબરપત્રીઓ, વિશ્વપ્રસિદ્ધ સમાચાર સંસ્થા બી.બી.સી.ના પત્રકારો, દૂરદર્શનના સંવાદદાતાઓ વગેરેનો સંપર્ક કરી તેઓને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા આમંત્રિત કરાયેલા. પરંતુ તા. ૮/૬, શનિવારની સવારે આવવાનું ગોઠવાતાં આ આયોજન પર પણ પાણી ફરી વળ્યું.

નૈરોબીના હરિભક્તોની મહેચ્છા હતી કે 'સ્વામીશ્રી નૈરોબીથી વિદાય લે, જેથી ભવ્ય રીતે વિદાયમાન આપી શકાય.' તેઓની આ વાત પણ સાકાર ન થઈ, કારણ કે સ્વામીશ્રીને લુસાકાથી જ લંડન જવાનું ગોઠવાયું.

આમ, દરેક ઠેકાણે ગોઠવાયેલી સન્માનની ગતિવિધિઓને વાટી દઈને સ્વામીશ્રીએ વિદાય લીધી.

તેઓને લઈ વિમાન રાત્રે ૯:૩૮ વાગ્યે ઝાંબિયાની ધરતી પરથી ઊડ્યું તે સાથે જ વિદાય આપવા આવેલા હરિભક્તોના હોશકોશ પણ ઊડી ગયા. 'વેવિંગ બે'(પ્રતીક્ષા-કક્ષ)માંથી વિદાયની આ ઘડીને જોઈ રહેલા તે ભક્તો *'જળ વિના જેમ અકળાય મીન, સ્વાંત વિના જેમ ચાતક દીન...'* જેવી વેદના અનુભવી રહ્યા.[૧૨૦]

## ચાંદ-સિતારાની વચ્ચે

સ્વામીશ્રીને લઈને ઉપડેલા વિમાને થોડી જ વારમાં તો ૩૩,૦૦૦

---

૧૨૦. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ઝાંબિયામાં કરેલા દિવ્ય વિચરણની ઝલક માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

ફૂટની ઊંચાઈ પ્રાપ્ત કરી લીધી. સત્પુરુષના યોગમાં ઊર્ધ્વગતિ સાધવામાં કેટલી વાર ?! ૯૩૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે હવા ચીરીને આગળ ધસતું એ હવાઈયાન એક પછી એક ગામો-નગરો વટાવી રહેલું. વિમાનમાં બેઠેલા સ્વામીશ્રી પણ એક પછી એક પત્રો ઉકેલી રહેલા. સતત બે કલાક સુધી પત્ર-વ્યવહારની સેવા કરી તેઓ ૧૧:૫૫ વાગ્યે ચાંદ-સિતારાની વચ્ચે આરામમાં પધાર્યા. ધરતી પર વિચરતાં સ્વામીશ્રી રોજ કથાવાર્તા, સેવા-ભક્તિ કરીને રાત્રે બાર વાગ્યે જ પોઢવા પધારતા. અવની પરનો આ ક્રમ તેઓએ આકાશમાં પણ જાળવી રાખ્યો. પ્લેનની સીટ પર બે હાથે અદબ વાળી, ચરણ લંબાવી સૂતેલી એ મૂર્તિ દર્શનીય હતી.

વહેલી સવારે ૪:૧૦ વાગ્યે સ્વામીશ્રી જાગ્યા ત્યારે વિમાન ભૂમધ્ય સમુદ્ર પરથી ઊડી રહેલું. થોડી વારમાં જ પૂર્વમાં અજવાળું ફેલાયું. સ્મિતભરી ઉષાએ લાલ ઓઢણું ઓઢીને આ યોગીને આકર્ષવા પ્રયત્ન કર્યો, પરંતુ તે શક્ય ન બન્યું, કારણ કે તેઓની દૃષ્ટિ પશ્ચિમ તરફ હતી. પશ્ચિમના અંધારામાં સૂતેલાને તેઓ અજવાળું આપવા જઈ રહેલા.

૪:૩૫ વાગ્યે વિમાન સાયપ્રસના નિકોસિયા ઍરપોર્ટ પર ઊતર્યું. અહીં ચાલીસ મિનિટના વિરામ દરમ્યાન સ્વામીશ્રીએ વિમાની મથકની વી.આઈ.પી. લાઉંજમાં વિશ્રામ લીધો.

૫:૧૦ વાગ્યે વિમાને પુનઃ ગતિ સાંધી. ત્રણેક કલાક બાદ આલ્પ્સની પર્વતમાળા દેખાવા લાગી. લુગેરિઅન સમુદ્રથી લઈને રૂહોનની ખીણમાંથી પસાર થતી અને સ્વીટ્ઝરલેન્ડ વટાવી હંગેરીના મેદાન સુધી વિસ્તરેલી આ પર્વતમાળા, ધોળો સાડલો પહેરીને સૂતેલી વિધવા સ્ત્રીની જેમ હરહંમેશ બરફથી આચ્છાદિત જ રહે છે. પ્રભુના પાદસ્પર્શથી વંચિત રહી જનારને લીલી ઓઢણી ઓઢવાનું સૌભાગ્ય ક્યાંથી? પરંતુ રસ્તામાં પડેલી શિલાને રામચંદ્રજીએ પોતાના પાદસ્પર્શથી પુનર્જીવિત કરી હતી, તેમ આ હિમશિલાના ઢગલાને હરિકૃષ્ણ મહારાજની દૃષ્ટિ કરાવીને પવિત્ર કરતાં સ્વામીશ્રી બોલ્યા: 'આ વખતે હરિકૃષ્ણ મહારાજ અમેરિકા ખંડ નવો કરશે. ને ફરી વાર ઑસ્ટ્રેલિયા ખંડ કરશે.'

તેઓના શ્રીમુખે જ તેઓનું આગામી આયોજન સરી પડ્યું! આ આયોજન મુજબ અગ્રેસર થતાં સ્વામીશ્રીએ જીનીવા અને ડૉવરની ખાડી વટાવીને લંડનના સમય મુજબ તા. ૮/૬ની સવારે ૯:૨૦ વાગ્યે હીથ્રો ઍરપોર્ટ

પર ઉતરાણ કર્યું ત્યારે તેઓ બાર કલાક અને સત્તાવીસ મિનિટની હવાઈ મુસાફરી કરી ચૂકેલા.

## મહારાજ-સ્વામી સાથે છે

એરપોર્ટ પર વિમાનની પાસે આવીને જ ઊભેલી 'રોલ્સ રોયસ' ગાડીમાં બિરાજીને સ્વામીશ્રી બી.બી.સી.ના ખાસ કક્ષમાં પધાર્યા. અહીં ટેલિવિઝન અને બી.બી.સી.ના ઘણા ખબરપત્રીઓ આવી ગયેલા. તેઓને પશ્ચિમના જલદ અર્થવાદના વાતાવરણમાં પૂર્વના સૌમ્ય અધ્યાત્મવાદને લઈને પધારેલા સ્વામીશ્રી વિશિષ્ટ લાગી રહ્યા.

લંડનના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીનો નિવાસ ફીંચલીમાં આવેલા વિશાળ બંગલા 'ફૉરવેઝ'માં રાખેલો. ત્યાં જવા માટે સૌ નીકળ્યા પણ જેવાં ગાડીનાં પૈડાં ફર્યાં કે સ્વામીશ્રી બોલ્યા : 'પહેલાં મંદિરે લઈ લો.'

તેઓને તો મૂર્તિમાં જ આરામ હતો. તેથી ઉતારે જઈને આરામ કરતાં પહેલાં મંદિરે જઈને દર્શન કરવા પર પહેલી પસંદગી ઉતારી. મંદિરે દર્શન-દંડવત કરતાં તેઓ ભાવવિભોર થઈ ગયા.

ત્યારબાદ ઉપસ્થિત ભક્તોને અમૃતધારાનું આચમન કરાવતાં કહ્યું કે 'એક દિવસ વહેલા આવી ગયા. મહારાજ-સ્વામી સાથે છે એટલે તકલીફ ન પડી. સત્સંગ કરો છો તો આવ્યા. યુગાન્ડા ગયું તો લંડન તાજું થઈ ગયું.[૧૨૧] યોગીબાપાએ આગળ આવીને બધા માટે આ વ્યવસ્થા કરી દીધી. પહેલાં તો 'કોણ આવશે ?' એમ થતું હતું. પણ હવે સમૂહ વધી ગયો. સૌને સુખ આવે તેવું કરવું છે.' આમ, થોડામાં ઘણો આનંદ આપી ઉતારે પધાર્યા.

સાંજે આ જ મંદિરે યોજાયેલી સ્વાગત-સભામાં હારતોરા બાદ આશીર્વાદ રેલાવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'આટલો મોટો સમૂહ જોઈ આનંદ થાય છે. હવે તો આ હૉલ નાનો પડશે. મંદિર ન હોત તો સત્સંગ ન ટકત. લાભ ન થાત. અહીં તમે સૌ આવ્યા છો, આ દેશના નાગરિક બન્યા છો, પણ ધનના લોભે ધર્મનો નાશ ન થવા દેવો. આપણું વર્તન તે જ આપણી ઉપાસનાનો, આપણા ઇષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણનો પ્રચાર છે. આપણી મોટપ પૈસા, સત્તાથી નથી. આજ્ઞા, ઉપાસનાથી છે. બધે ચોખા ન મૂકવા. ભગવાનનો

---

૧૨૧. યુગાન્ડામાંથી ધૂની મિજાજના શાસકે એશિયનોને હાથે-પગે કાઢી મૂક્યા. તેમાંના ઘણા લંડન આવી વસેલા.

નિશ્ચય, આજ્ઞા બરાબર હશે તો દુનિયાના ગમે તે છેડે જાઓ પણ કાંઈ નહીં થાય. બીજાને સત્સંગ કરાવવો તે મોટી સેવા છે. દુનિયાના માણસને આ કેમ સમજાય? મકાન પૂરાં પાડવાં, કૉલેજ કરવી વગેરે કરવાનું છે, પણ મુખ્ય આશય જીવને જન્મ-મરણ વળગ્યું છે તે છોડાવવાનું છે. ભગવાનમાં જોડવા તે સિદ્ધાંત છે. મૂળ વસ્તુ આ છે. ઉતાવળા થઈ દોડીને વહેલા આવ્યા છીએ. તેમાં આઘુંપાછું થયું હોય તો માફ કરજો. પ્રોગ્રામમાં ફેરફાર થયો તેમાં અમારો વાંક છે. તો રાજી રહેજો.'

માખણ જેવું મુલાયમ હૃદય ધરાવતા સ્વામીશ્રી પોતાનાથી બીજાને લેશ પણ તકલીફ પડે તે સાંખી શકતા નહીં. તેથી તેઓ સ્વાગત-સભામાં જ ક્ષમા-યાચના કરી રહ્યા!

## ત્રિકાળજ્ઞાની

સ્વામીશ્રી હતા શ્રીફળ સમાન. શ્રીફળની ઉપલી કાચલી કડક હોય, પરંતુ માંહી તો મીઠું ને મૃદુ હોય. તેમ સ્વામીશ્રીની પ્રકૃતિ ધીર-ગંભીર; પ્રયોજન વિના ઊભવું, બેસવું, બોલવું, હસવું તેઓના જીવનમાં નહીં. વળી, કામકાજમાં નિપુણ અને બુદ્ધિ બીજા કરતાં દોઢ ડગલું આગળ ચાલતી હોય. તેથી તેઓ પાસે ટકોરાબંધ કામ જ ચાલે. ફોસલાવી-પટાવી કોઈ તેઓ પાસેથી કામ કાઢી જાય એ વાતમાં માલ નહીં. સાથે એવા જ શિસ્તપ્રેમી. ધારાધોરણને કદી ઉવેખવાની વાત નહીં. આવી જીવનશૈલીથી તેઓ કડક પ્રકૃતિના જણાતા, પણ હતા કુસુમ સમા કોમળ.

જો કે, તેની પરિચય વિના કેવી રીતે ગમ પડે? તેથી સાંભળેલી વાતોના આધારે સ્વામીશ્રી વિષે જાતજાતની અટકળો કરતો શૈલેષ નામનો એક યુવાન આજની સ્વાગત-સભામાં દર્શનાર્થીઓની હરોળમાં ઊભો હતો. તેના અંતરમાં કુતૂહલ અને દ્વિધાઓ હતી કે 'સ્વામીશ્રી ખૂબ કડક છે. સહેજ પણ ભૂલ ચલાવી લેતા નથી. તો તેઓ યોગીબાપાની જેમ મને ધબ્બો મારશે કે કેમ? એમના જેવું હેત કરશે કે નહીં? મને બોલાવશે કે નહીં?' આવા વિચારો કરતો કરતો તે સ્વામીશ્રી પાસે સરકી રહેલો.

થોડી વારમાં જ તે જ્યારે સ્વામીશ્રી સમક્ષ આવી ગયો ત્યારે તેની પીઠ પર પ્રેમપૂર્વક ધબ્બો આપતાં સ્વામીશ્રીએ પૂછ્યું: 'આપણું પેલું કેમ છે સાધુ થવાનું? આપણે સાધુ જ થવાનું છે ને?!'

'હા, સ્વામી !' કહેતો એ યુવાન આગળ તો નીકળી ગયો, પણ થોડે દૂર જઈ ઊભાં ઊભાં વિચારે ચડી ગયો કે 'જે વાત યોગીજી મહારાજ અને હું જ જાણતા હતા તે આ વાત સ્વામીશ્રીએ ક્યાંથી જાણી ?'

તેઓ વિષેની તેની તમામ અટકળો ઓગળી ગઈ. તેને પ્રતીતિ બેસી ગઈ કે 'યોગીજી મહારાજ ક્યાંય ગયા નથી !'[૧૨૨]

## અક્ષરધામની સભા

તા. ૯/૬ની સવારે આઠ વાગ્યે લીંબુનું માત્ર અઢી વાટકી શરબત પીને પારણાં કરનારા સ્વામીશ્રીએ ત્યારપછી મંદિરે પધારી સતત પોણા બે કલાક સુધી કથાવાર્તાનો લાભ આપ્યો. લીંબુરસથી નહીં પણ હરિરસથી ઉપવાસનો ખાંગો વાળ્યો !

આજે રવિવારની સાંજે મુખ્ય સ્વાગત-સભાનું આયોજન વિશાળ એલેક્ઝાન્ડ્રા પેલેસમાં કરવામાં આવેલું. તેમાં સ્થાનિક ઉપરાંત આસ્ટન, લેસ્ટર, માંચેસ્ટર, પ્રેસ્ટન, બર્મિંગહામ, લફબરો, વેલિંગબરો, લીવરપુલ, બોલ્ટન વગેરે મંડળોના ૪,૦૦૦ હરિભક્તો સ્વામીશ્રીને સત્કારવા આતુરતાથી બેસી ગયેલા. સાંજે પાંચ વાગ્યે સભા-સ્થળે સ્વામીશ્રીનું આગમન થતાં જ જબ્બર જયઘોષ થયો અને 'રોયલ ઍરફોર્સ'નું બૅન્ડ સૂરાવલીઓ વહાવવા લાગ્યું. ટ્રમ્પેટ, ડ્રમ, સાઈડ ડ્રમ, ઝાંઝ વગેરે વગાડતાં ૨૪ યુવાન બૅન્ડધારીઓ સ્વામીશ્રીને મંચ તરફ દોરવા લાગ્યા. આજુબાજુ ઊભેલા યુવાનો પુષ્પવૃષ્ટિ કરતા રહ્યા.

પાંચ ફૂટ ઊંચો મંચ આવતાં સ્વામીશ્રી તે પર પધારી કલાત્મક આસને બિરાજ્યા. આ ધન્ય ક્ષણને સૌએ જયનાદોથી વધાવી લીધી. સ્વામીશ્રીની આસપાસ સંતો તથા મહાનુભાવોએ સ્થાન ગ્રહણ કર્યાં. વીસ મિનિટ સુધી બૅન્ડના 'માર્ચિંગ'થી હૉલ ગુંજતો રહ્યો. ત્યારબાદ સત્કારવિધિ શરૂ થયો. મહેમાનો અને સત્સંગીઓએ દોઢ કલાક સુધી ક્રમશઃ આવીને હારતોરા કર્યા.

તે પછી સભા શરૂ થઈ. તેમાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'આ હૉલમાં ઘણી સભા થઈ હશે ! પણ આજે તે પવિત્ર થઈ ગયો. આ અક્ષરધામની સભા થઈ એટલે આપણને અક્ષરનું સુખ આવે છે.'

સ્વામીશ્રીના આ શબ્દોને સૌ અનુભવી રહેલા. જો તેમ ન હોય તો

---

૧૨૨. સમય જતાં તે યુવાને સ્વામીશ્રી પાસેથી સંતદીક્ષા લઈ સાધુ નંદકિશોરદાસ નામ ધારણ કર્યું.

ઇન્દ્રિયો-અંતઃકરણને ન રુચે તેવી વિષયખંડનની, બ્રહ્મરૂપ થવાની, આ લોકમાંથી ઉદાસ થવાની, પરબ્રહ્મમાં જોડાવાની વાતો સાંભળવા વિદેશના વિલાસી વાતાવરણમાં રવિવારની સાંજે આટલી મેદની ઊમટે ખરી ?

તા. ૧૦/૬ની સવારે પણ સ્વામીશ્રી પ્રાતઃપૂજા માટે બિરાજ્યા ત્યારે બંગલાનો હૉલ ખીચોખીચ ભરાઈ ગયેલો. મર્યાદા મુજબ મહિલાઓ બહાર ઊભાં ઊભાં કાચમાંથી દર્શન કરી રહેલાં. થોડો થોડો વરસાદ વરસતો હતો. તેથી કો'કના હાથમાં છત્રી હતી તો કો'કના શરીર પર રેઈનકોટ. જેઓની પાસે આમાંનું કશું નહોતું તે પલળતાં હતાં. ટાઢને કારણે ધ્રૂજતાં પણ હતાં. છતાં શ્રદ્ધા અને મહિમાની હૂંફથી કોઈ ડગતાં નહોતાં.

કૃષ્ણની પાછળ પાગલ ગોપીઓનું ચિત્રણ કરતાં લખાયું છે :

*'ખાન-પાનની ખબર ભૂલી, વળી વસ્ત્ર પે'રવાં વીસરી;*
*આભૂષણ અંગે ધરે અવળાં, એમ સૂધ ભૂલી સ્નેહે કરી...'*

આ વર્ણન લંડનમાં વહેલી સવારે સાકાર બને એ કલ્પના કોને આવે ? પરંતુ ગુણાતીત સત્પુરુષનો આ જ ચમત્કાર છે. ભગવાન વિષેના દિવ્ય પ્રેમની વાતો જેટલી અગાઉના યુગોમાં સત્ય હતી, એટલી જ કળિયુગમાં પણ તેઓએ સત્ય ઠેરવેલી.

આજના વિચારકો ભલે કહે કે 'યુગના પલટાતા ભાવો સાથે આધ્યાત્મિક મૂલ્યોના વિચારો પણ બદલાવા જોઈએ. તો જ માનવજાતિ સાથે તે સુસંગત થાય.' પરંતુ તેઓ ભૂલી જાય છે કે 'આત્મા અને તેને જેમાં જોડવાનો છે તે પરમાત્માને યુગના ભાવ-પ્રભાવ નડતા નથી.' શ્રદ્ધા, ભક્તિ, ધર્મ વગેરે તત્ત્વ દેશ-કાળથી અબાધિત છે તે આજની સવાર સમજાવતી ગઈ.

## ઈંગ્લેન્ડમાં ઇન્ડિયા

લંડનના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ સનાતન હિંદુ મંદિર, દક્ષિણ લંડનના સ્ટેન્લી હૉલ, પૂર્વ લંડનના લેટન એસેમ્બ્લી હૉલ, બ્રેન્ટના કૉપલેન્ડ સ્કૂલ હૉલ વગેરેને પણ પોતાના શબ્દ-સાંનિધ્યનો લાભ આપ્યો હતો. રથયાત્રા, દેવશયની એકાદશી, ગુરુપૂર્ણિમા, મંદિર પાટોત્સવ જેવા ઉત્સવોની સભાઓ પણ શોભાવેલી. આ સત્સંગ-સભાઓમાં તેઓએ સમજણની સરિતા વહેવડાવી દીધેલી. તેમાં ઊઠતા તરંગો આવા હતા :

'આપણે નક્કી કરી રાખવું કે લંડનમાં કરોડ માણસ છે પણ યોગીજી

મહારાજ વિના કોઈનો સંગ રાખવો નથી.

...શ્રીજીમહારાજને ધાર્યા છે તો સમાસ થાય છે.

...આપણે રાજા થવાની કે પ્રધાન થવાની ઇચ્છા થાય છે, પરંતુ ભક્ત થવાની ઇચ્છા થતી નથી.

...મહારાજની આજ્ઞા મુજબ વર્તવું. ભલે લાખો ખેંચાતા હોય પણ જે ભગવાનની મર્યાદા નથી સાચવતા તો તેમનું સૌના ભેગું હાલરડું ગવાશે.

...અનંત જન્મનો ભીડો આવા પ્રસંગ(સત્સંગ-સભા)થી જાય છે.

...આપણી સંસ્કૃતિ બીજાને આપવાની વાત તો બાજુએ રહી પણ આપણે તેને જાળવી રાખીએ તો પણ ઘણું છે.

ભગવાન સિવાયનો માર્ગ તે કુમાર્ગ. આ દર્શન, સમાગમ એ જ જ્ઞાનયજ્ઞ છે. પ્રત્યક્ષ ભગવાન શ્રીજીમહારાજનું સ્વરૂપ યોગીજી મહારાજ મળ્યા તે પરમપદ...

કોઈકમાં એક ગુણ હોય તોપણ અહોહો થાય! સર્વગુણ-સંપન્ન મોટાપુરુષ મળવા દુર્લભ છે. મુડદાં બેઠા કરે તેમાં વિશેષતા નથી; પરંતુ જીવનો મોક્ષ કરવો, જન્મ-મરણથી મુક્ત કરી તેને ભગવાનને માર્ગે ચડાવવો તે વિશેષતા છે...

ભગવાન સિવાય બીજી વાત ન બોલવી તે મૌન...

ધર્મ રાખીશું તો અર્થ મળશે. ચંદ્ર સુધી પહોંચવાની શ્રદ્ધા છે તો ધર્મ પાળવાની શ્રદ્ધા કેમ ન રાખવી? ધર્મને છોડવાનો વિચાર તે અવળો વિચાર છે...

સત્સંગ દૃઢ થાય તે જ સાચું જીવન છે. આજ્ઞા પળે તે પણ સાધુ થયા બરોબર છે...

કલ્યાણનો માર્ગ એટલે સત્પુરુષ. ગુરુપૂજન એટલે શું? તેમના ગુણ પ્રાપ્ત કરવા, તેમણે જે કાર્ય સોંપ્યું છે તે એક રુચિથી આપણે કરીએ, તેમની આજ્ઞા પ્રમાણે વર્તીએ તે ગુરુપૂજન...'

આમ, પરાવિદ્યાના પ્રાધ્યાપક બનીને સ્વામીશ્રી સૌને કલ્યાણનો કક્કો શીખવાડતા. કોઈ અહંકાર કે આડંબર વિના વહેતા તેઓના શબ્દોએ સૌને ઘણું ઘેલું લગાડ્યું. તેઓની સભાઓમાં દિન-પ્રતિદિન વધતી મુમુક્ષુઓની સંખ્યા તેનું પ્રમાણ નહોતી, પણ તે સભામાં આવનાર જીવનશુદ્ધિ અને સત્સંગ-વૃદ્ધિ માટે પ્રતિજ્ઞાબદ્ધ થતા તેમાં જ સ્વામીશ્રીની પરાવાણીનો મહિમા હતો.

એક મહિના સુધી તેઓએ કથાવાર્તાનો આવો અખાડો જમાવી

ઈંગ્લેન્ડમાં ઇન્ડિયા ખડું કરી દીધું.

## સદા રહે મૂર્તિમાંઈ

તા. ૧૫/૬નો આખો દિવસ એક સ્મૃતિયાત્રા જેવો બની રહ્યો. આજે સ્વામીશ્રીએ સહપ્રવાસી સંતોને યોગીજી મહારાજનાં પ્રાસાદિક સ્થાનોનાં દર્શન કરાવતા હોય તેમ પધરામણીઓ કરી. સવારે વેમ્બલી વિસ્તારમાં વિચરતાં તેઓએ બ્રેન્ટ હૉલ બતાવી કહ્યું : 'અહીં યોગીજી મહારાજની જયંતી ઉજવેલી.'

થોડે આગળ જતાં મેથોડિસ્ટ ચર્ચ આવ્યું. અહીં '૭૦માં રોજ સત્સંગ-સભાઓ થતી. તેથી તેનાં દર્શન માટે સ્વામીશ્રી કંપાઉન્ડમાં પધાર્યા. પણ 'હૉલ બંધ છે' – તેવા ખબર મળ્યા. તોય તે હૉલની એક બાજુ કાચ હતા ત્યાં પધાર્યા અને આંગળી ચીંધતાં કહેવા લાગ્યા: 'પેલા સ્ટેજ ઉપર યોગીબાપા બિરાજતા અને સામે હરિભક્તો બેસતા. દરરોજ બ્રહ્માનંદ થતો.'

મેનોર સ્ટ્રીટ આવતાં સ્વામીશ્રીએ ચિત્તરંજનભાઈનું ઘર બતાવતાં કહ્યું : 'આ અમારી પ્રસાદીનું ઘર. અમે દોઢ મહિનો આ મેડા ઉપર રહેલા. આ બાજુ હું ને મહંત સ્વામી સૂતા. બાજુની રૂમમાં ત્યાગવલ્લભ સ્વામી, નારાયણ ભગત ને બીજા સંતો સૂતા'તા.'

એ જ દિવસે સાંજે અરવિંદભાઈના મકાન 'અક્ષર હિલ'(ડૉલિસ હિલ)માં પધાર્યા. અહીં તો સ્વામીશ્રી જાણે યોગીજી મહારાજમાં ખોવાઈ જ ગયા હોય તેમ ખૂણેખૂણો ચીંધતાં કહેવા લાગ્યા: 'અહીં યોગીજી મહારાજ પૂજા કરતા ને ઘણા હરિભક્તો ભેગા થતા. પૂજા બાદ ત્યાં જ ઉકાળા-પાણી કરવા બિરાજતા ને હરિભક્તોને પણ ત્યાં બેસાડતા... પાછળની ડાબી બાજુની રૂમમાં નાસ્તા, સીધું-સામાન રહેતા... પાછળ બગીચામાં કો'ક વાર પધારતા. જમણી બાજુની રૂમમાં યોગીબાપા માટે રાતોરાત ચોકડી બનાવી હતી. નીચે કૅબિનમાં સંડાસનું સ્ટેન્ડ ગોઠવ્યું હતું... મેડા ઉપર અહીં બપોરની કથા કરતા. પેપરો(છાપાં)ના રિપોર્ટરો સાથે પ્રશ્નોત્તર અહીં થતા. પાછળની રૂમમાં યોગીજી મહારાજ પોઢતા...'

આમ, એક-એક સ્થાનની સ્મૃતિ સ્વામીશ્રી કરાવતા ગયા. સાથે સાથે દરેક સ્થળને તીર્થરૂપ જાણી *'કોટી પરણામ સાષ્ટાંગ અવિધારજો'*ના ભાવથી દંડવત કરતા ગયા.

દેશ-વિદેશમાં વિચરવા છતાં સ્વામીશ્રીની સ્થિતિ *'સદા રહે*

*મૂર્તિમાંઈ...*'ની જ જોવા મળતી. આજે તેનો વધુ એક અનુભવ સહયાત્રીઓને થયો.

## દૂરથી રળિયામણા, સમીપથી સોહામણા

લંડનમાં લગભગ એક મહિનાના રોકાણ દરમ્યાન ૨૯૩ પધરામણીઓ કરનાર સ્વામીશ્રીને અહીં દૂર દૂર પથરાયેલાં હરિભક્તોનાં ઘર કાતિલ ઠંડીમાં ઘૂમવાના થતા. તેય સત્સંગીઓના અનુકૂળ સમયે. હરિભક્ત નોકરિયાત હોય કે દુકાનદાર હોય, તે તેના કામકાજના કલાકોને જાળવીને પધારવાનો સમય આપે. છતાં તેની શરતે સ્વામીશ્રી જતા.

આ ક્રમમાં તા. ૧૮/૬ની સવારે પધરામણીએ નીકળેલા સ્વામીશ્રીએ બપોરે બાર વાગ્યે બે સંતોને કહ્યું: 'તમે ઠાકોરજીને લઈને થાળ ધરાવવા ઉતારે પહોંચો. અમે પધરામણી પૂરી કરીને આવીએ છીએ.'

આમ સૂચના આપી તેઓ એક ઘેર પધરામણીએ જવા નીકળ્યા. તેઓની આગળ યજમાનની ગાડી રસ્તો બતાવતી જઈ રહેલી. પણ ઘર નજીક આવતાં તેની ગતિ વધી ગઈ અને પાછળ આવતી સ્વામીશ્રીની ગાડીને સાથે રાખ્યા વિના તે આગળ ઊપડી ગઈ. તેથી સ્વામીશ્રીની ગાડી અટવાઈ પડી. યજમાનનું ઘર શોધવા ઘણા ચક્કર લગાવ્યા પણ રસ્તો હાથ ન લાગ્યો. A to Z નિર્દેશિકા(directory)માં નકશા જોઈ સરનામું શોધવાનો પ્રયત્ન પણ પરિણામ શૂન્ય જ લાવ્યો. આમ, એક કલાક સુધી સ્વામીશ્રી ઘરની સઘન શોધખોળ કરતા રહ્યા. અંતે બપોરે બે વાગ્યે નિશ્ચિત ઘેર પહોંચ્યા. એક-એક મુમુક્ષુનું કલ્યાણ કરવા માટે આ હતી તેઓની શ્રદ્ધા !

તે હરિભક્તના ઘેર પહોંચ્યા પછી પણ સ્વામીશ્રીએ લેશ બળાપો કાઢ્યો નહીં; બલ્કે પ્રેમથી પૂજન-આરતી કર્યાં, આશીર્વાદ આપ્યા અને આખા ઘરમાં ફરી પુષ્પો વેર્યાં.

અહીંથી તેઓ ઈશ્વરભાઈ પૂજારીના ઘેર પધરામણી માટે પહોંચ્યા, પણ આગળની પધરામણીમાં થયેલા વિલંબને કારણે મોડું થતાં, આ હરિભક્ત 'હવે સ્વામીશ્રી નહીં પધારે' એમ વિચારી ઘરને તાળું મારી બહાર ફરવા નીકળી જતાં, સ્વામીશ્રીને ડેલીએ હાથ અડાડવા જેવું થઈને ઊભું રહ્યું. ધરમધક્કો પડવા છતાંય તેઓએ સમતુલા ગુમાવી નહીં અને ઉતારે આવી જમવા બેઠા ત્યારે સવા ત્રણ વાગી ચૂકેલા ! તે વખતે સૌને મર્મ પકડાયો કે

'સ્વામીશ્રીએ શા માટે ઠાકોરજીને વહેલા ઉતારે મોકલી આપેલા?' તેઓએ ભક્ત અને ભગવાન – બંનેની દરકાર કરી જાણી.

સ્વામીશ્રીના વિચરણની દેખીતી તવારીખ અધધધ કરી મૂકે એવી છે, પણ તેની પાછળ છુપાયેલી તેઓની આવી ગુણિયલ પ્રતિભા તો સૌને આખેઆખા ઓગાળી નાંખે તેવી છે. તેઓના જીવનમાં 'ડુંગરા દૂરથી રળિયામણા' જેવું નહોતું. દૂરથી રળિયામણા લાગતા સ્વામીશ્રી સમીપે જતાં તો અધિક સોહામણા જણાતા.

## મહિમા અતિ ભારી

સ્વામીશ્રીના લંડનમાં ૨૮ દિવસના રોકાણ દરમ્યાન નવ જાહેર-સભાઓ થયેલી. સાંજે મંદિરના હૉલમાં સૌને સત્સંગ-સભાનો લાભ મળતો. આ સભા બાદ સ્વયં સ્વામીશ્રી સિંહાસન સમક્ષ પધારી આરતી ઉતારતા. આ સમયે રોજ એક દૃશ્ય અવશ્ય જોવા મળતું. જ્યારે સ્વામીશ્રી આરતી કરે ત્યારે સિંહાસનમાં વચ્ચેના ભાગમાં પધરાવેલી પોતાની મૂર્તિ અચૂક ખસેડાવી લે. ભક્તોનો મત *'સંતમાં રહ્યા છે શ્રીહરિ...'*નો. તેથી તેઓ સ્વામીશ્રીની મૂર્તિ સિંહાસનમાં પધરાવતા. પણ સ્વામીશ્રીનો પોતા વિષેનો આ અભિપ્રાય: *'સદા તવ શાસન, તવ દાસન કો દાસ...'* તેથી પોતાની મૂર્તિ-છબી સિંહાસનમાં ટકવા જ ન દે. કદાચ પૂજારી મૂર્તિ ખસેડવાનું ભૂલી ગયા હોય તો ચાલુ આરતીએ પણ ઈશારો કરીને તે મૂર્તિ ખસેડાવી દેતા.

તેઓની આ ચેષ્ટા જોઈને ભગવાન અને ભક્તો મરક મરક હસતા. એ વિચારથી કે 'અહીં સિંહાસનમાંથી તમારી મૂર્તિ ખસેડાવો છો, પણ તમારી આ ક્રિયા જ તમને લોકોના હૃદય-સિંહાસને પધરાવી દે છે. ત્યાંથી તમારી મૂર્તિને કેવી રીતે ખસેડી શકશો?'

આ વિચારને સાકાર કરતો અનુભવ સૌને તા. ૨૧/૬ના રોજ થયો. આ દિવસે પૂર્વ લંડનના લેટન એસેમ્બ્લી હૉલમાં યોજાયેલી જાહેર-સભામાં, શિવપ્રસાદ ત્રિવેદી *'જય જય જગદીશ ઈશ, મહિમા અતિ ભારી...'* કીર્તન લલકારવા જતા હતા. પરંતુ તે ગાતાં પહેલાં તેઓએ સ્વાનુભવ વર્ણવતાં કહ્યું કે "યોગીજી મહારાજ કહેતા – 'પ્રમુખસ્વામી મારું સર્વસ્વ છે.' પણ તેમાં મને શંકા રહેતી. યોગીજી મહારાજે ઉમરેઠમાં મારા ઘેર પધારવાનું મને વચન આપ્યું હતું, પરંતુ તેઓ ધામમાં પધારી જતાં મારો આ મનોરથ અધૂરો

રહી ગયેલો. પછી તો હું પણ પાંચ હજાર માઈલ દૂર અહીં આવી ગયેલો. અત્રે એક દિવસ મને સંકલ્પ થયો કે 'પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ મારે ઘેર પધારે તો જાણું કે યોગીજી મહારાજ તેઓને પોતાનું સર્વસ્વ કહેતા તે સાચું.' અને આ સંકલ્પ કર્યાના અઠવાડિયામાં જ મારાં બહેન, સાળા વગેરેનો પત્ર આવ્યો કે 'પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ઉમરેઠમાં આપણા ઘેર પધરામણી કરી છે.' આ વિગત વાંચી મને અત્યંત આનંદ થયો. મારી શંકા દૂર થઈ. મને અંતરમાં નિશ્ચય થયો કે યોગીજી મહારાજે પ્રમુખસ્વામી મહારાજને પોતાનું સર્વસ્વ કહેલ તે સર્વથા સત્ય છે.''

આમ, પોતાની કેફિયત રજૂ કરી તેઓએ સ્વામીશ્રી સામે જોતાં જોતાં પ્રતીતિકર સૂર રેલાવ્યા કે *'જય જય જગદીશ ઈશ, મહિમા અતિ ભારી...'*

## आषाढस्य प्रथमदिवसे

તા. ૨૧/૬નો દિવસ લંડનવાસીઓ માટે વર્ષના ૩૬૫ દા'ડામાં અનોખો દિવસ ગણાય છે. આ દિવસે અહીં સૂરજદાદો 'ઓવર-ટાઈમ' કામ કરે છે. આજે દિવસના ૧૮ કલાક પોતાની કચેરી ખુલ્લી રાખીને તેઓ ઈંગ્લેન્ડ પર પ્રકાશના શેરડા છોડતા રહે છે, પરંતુ આવા કર્મઠ સૂર્યને શરમાવું પડે એમ સ્વામીશ્રીની કલ્યાણની કચેરી આજે ધમધમતી રહી. આ દિવસે સવારે ૫:૩૫ વાગ્યે જાગ્યા બાદ આખો દિવસ ચાલેલાં કથા-વાર્તા, પધરામણી, મુલાકાત, જાહેર-સભા વગેરેના ક્રમથી પરવારી સ્વામીશ્રી રાત્રે અગિયાર વાગ્યે કાર્યકરોની મીટિંગમાં બેઠા. તે મીટિંગ સતત સાડા ત્રણ કલાક સુધી ચાલતાં રાત્રે અઢી વાગ્યે સ્વામીશ્રી આરામમાં પધાર્યા !

તેઓની દિનચર્યાએ આજે સૂર્ય પર પણ સરસાઈ સ્થાપી દીધી ! સૂર્ય વરસના વચલા દા'ડે 'ઓવર-ટાઈમ' કામ કરે તોય એના ઉદયની લોકો રાહ જુએ; તો વરસ આખું પૃથ્વીવાસીઓ માટે 'ઓવર-ટાઈમ' કામ કરનારા સ્વામીશ્રીની સૌ વને-પત્તને વાટ જુએ તેમાં શું આશ્ચર્ય ?!

આજે વળી આષાઢ માસનો પ્રથમ દિવસ હતો. ધૂળ-ધુમાડા અને પાણી-પવનના ગોટા જેવાં[૧૨૩] વાદળ દ્વારા 'आषाढस्य प्रथमदिवसे ...' સંદેશો મોકલાવીને કવિ કાલિદાસે આજના દિવસને સાહિત્ય-જગતમાં અમર કર્યો છે. એ જ દિવસે પોતાની કર્મઠતાનો આ દાખલો બેસાડી સ્વામીશ્રીએ

---

૧૨૩. 'धूमज्योतिःसलिलमरुतां सन्निपातः क्व मेघः ...' – मेघदूतम्

આષાઢના પ્રથમ દિવસ પર શાશ્વતીનો વધુ એક સિક્કો મારી આપ્યો.

## સ્વામી મારા રહ્યા સઘળે

તા. ૨૩/૬ના રોજ એક્ટન એસેમ્બ્લી હૉલમાં જવા નીકળેલા સ્વામીશ્રીએ ઉતારેથી નીકળતી વખતે પોતાની સાથે નેઇલ-કટર લઈ રસ્તામાં નખ કાપી દીધેલા. સમયના આયોજનની કેવી સૂક્ષ્મ સૂઝ !

'Time usage is also a talent. God gives some people the ability to manage time. The rest of us have to learn how.' – 'સમયનો સદુપયોગ કરી જાણવો એ પણ એક કળા છે. સમયના આયોજનની સૂઝ ભગવાન જૂજ લોકોને આપે છે. બીજાએ તો (તેઓમાંથી) શીખવાનું હોય છે.' દુનિયા જેઓમાંથી જિંદગીભર શીખી શકે એવી સમય-સૂઝના સ્વામી હતા સ્વામીશ્રી.

તેઓ જ્યારે સભા-સ્થળે પહોંચ્યા ત્યારે નખ કપાઈ ચૂકેલા. ગાડીમાંથી ઊતરી સ્વામીશ્રી તો હૉલમાં પ્રવેશી ગયા પણ ગાડીચાલક ગાડી બંધ કરે તે પહેલાં રાજેન્દ્ર નામના યુવાને તેઓ પાસે ધસી જતાં કહ્યું: 'સ્વામીબાપાએ ગાડીમાં નખ કાપ્યા છે, તો એકાદ નખ અંદર પડી ગયો હોય તો જુઓ ને !' પરંતુ પ્રાસાદિક નખ-કેશ કોઈના હાથમાં ન જાય તેની પૂર્ણ તકેદારી રાખનારા સ્વામીશ્રીએ આજે પણ ગોથું ખાધું નહોતું. ગાડી આખી ફંફોસી પણ કશું વળ્યું-મળ્યું નહીં. તેથી તે યુવાન સભામાં મંચના ખૂણે આવી ગોઠવાઈ ગયો.

સભામાં કીર્તન-ભક્તિ સમાપ્ત થતાં સ્વામીશ્રીના આશીર્વાદ શરૂ થયા, પણ તે વખતે માઇક વારેવારે નમી જતાં માઇકના સ્ટેન્ડને પકડી રાખવા વ્યવસ્થાપક દ્વારા પેલા રાજેન્દ્રને જ સ્વામીશ્રીની નજીક બેસાડવામાં આવ્યો. તે વખતે એ યુવાને નોંધ્યું કે 'સ્વામીશ્રીએ નખ તો કાપ્યા જ છે. વળી, છેક મૂળમાંથી નખ કાપ્યા છે.'

તેથી આશીર્વાદ પૂરા થયા ત્યારે તેણે પૂછ્યું: 'બાપા ! આટલા ઊંડા નખ કાપો તે બળે નહીં ?'

'આપણે જાતે કાપીએ એટલે કાંઈ ન થાય.' સ્વામીશ્રીએ કહ્યું. પછી ઉમેર્યું: 'આપણે નખ-કેશમાં(પ્રસાદીની વસ્તુઓમાં) માલ ન માનવો. આજ્ઞા પાળી લેવી. સાધુ થઈ જવું.' એમ કહેતાં તેઓ ચાલી નીકળ્યા.

*'સ્વામી મારા રહ્યા સઘળે, સર્વે સાક્ષીરૂપે સદાયે...'* એ વાત તો આ

યુવાને કથામાં સાંભળેલી, પણ આજે એનો તાળો મળી ગયો ! તે નક્કી ન કરી શક્યો કે મનના સંકલ્પોને જાણી જનાર અંતર્યામી સ્વામીશ્રી પર વારી જવું કે મનાવા-પૂજાવાની મહત્ત્વાકાંક્ષાથી દૂર અહંશૂન્ય સ્વામીશ્રી પર ઓવારી જવું ? છેવટે તેણે *'છે વરવા જેવા એક વનમાળી...'* જાણી સ્વામીશ્રી સાથે જ સગપણ કરી લીધું.[૧૨૪]

ચાલતાં ચાલતાં બોલાયેલા સ્વામીશ્રીના બે શબ્દોમાં સંસાર છોડાવી દેવાની તાકાત રહેતી. તેઓની અમાપ શક્તિનો તાગ કાઢવો ખરેખર દુષ્કર છે.

## ભલી ભક્તિ પ્રભુ તણી કરે

અનિશ્ચિતતા માટે કુખ્યાત 'બ્રિટિશ વેધર'નો અનુભવ તા. ૨૬/૬ના રોજ સ્વામીશ્રીને થયો. એ દિવસે અચાનક આવી ચડેલા મેઘરાજાએ રસ્તા પર ચક્કાજામની સ્થિતિ સર્જી દીધેલી. તેથી સ્વામીશ્રી પહેલી પધરામણીના સ્થળે જ દોઢ કલાકે પહોંચ્યા. ત્યારપછી ચાલુ વરસાદમાં જ ભીંજાતાં ભીંજાતાં બીજી બાર પધરામણીઓ કરી. આ વરસાદ વળી વાયરાનો હાથ ઝાલીને આવેલો. તેથી ભીનું ગાતરિયું વીંધીને શરીર સુધી પહોંચતો ઠંડો પવન વધારે ટાઢનો અનુભવ કરાવતો હતો. છતાં સ્વામીશ્રીની ભક્તવત્સલતાએ એ કડકડતી ઠંડીમાં બધી પધરામણીઓ પૂરી કરીને આજે પવન અને પર્જન્યને પણ પરાસ્ત કરી દીધા.

આવા જ વાત્સલ્યભાવથી તેઓ તા. ૨૮/૬ના રોજ વિનોદભાઈ પટેલના ઘેર પધાર્યા. આ યજમાને ઠાકોરજીને ધરાવવા ગુલાબનો નાનો હાર બનાવેલો. જેવા ઠાકોરજી સ્વામીશ્રીની બાજુમાં પધરાવવામાં આવ્યા કે તરત જ તે હરિભક્ત પેલો હાર અર્પણ કરવા લઈ આવ્યા. પણ સ્વામીશ્રીએ જોયું કે 'એ હાર ભીનો છે.' તેથી તેઓએ તરત જ તે હારને પોતાના હાથમાં લઈ લીધો અને હરિભક્ત સાથે વાતે વળગ્યા.

વાતચીત દરમ્યાન પોતાના ગાતરિયામાં તેઓએ હારને હળવે હાથે દબાવતાં દબાવતાં બધું જ પાણી નિતારી દીધું. પછી તે હાર હરિભક્તને આપતાં કહ્યું : 'હવે ઠાકોરજીને પહેરાવો.'

સ્વામીશ્રી ઠાકોરજીની આવી સૂક્ષ્મ સંભાળ લેતા ત્યારે અનુભવાતું કે અનંત પ્રવૃત્તિઓથી વીંટળાયેલા હોવા છતાં તેઓ પ્રવૃત્તિમાં નહીં, પણ

---

૧૨૪. તેઓનું દીક્ષિત નામ સાધુ જ્ઞાનયજ્ઞદાસ રાખવામાં આવ્યું.

પરમાત્મામાં જ રસબસ છે.

## અવર્ણનીય છતાં અનુસરણીય

તા. ૨૯/૬ના રોજ 'બ્રિટીશ એન્ડ ફોરેઈન બાઈબલ સોસાયટી'ની મુલાકાતે પધારેલા સ્વામીશ્રીને ત્યાંના વ્યવસ્થાપકોએ આવકારીને દરેક કાર્યવાહીની સમજૂતી આપી હતી. સંસ્થાના ડાઈરેક્ટર શ્રી નેવિલ ક્રાયરે તો સ્વામીશ્રી પ્રત્યે આદર વ્યક્ત કરતાં કહ્યું : 'આપની આ મુલાકાતની ઐતિહાસિક સ્મૃતિ સૌને રહેશે.'

ત્યારે સ્વામીશ્રીએ પણ પ્રતિભાવ આપતાં જણાવ્યું કે 'અમને પણ અહીં આવીને ખૂબ આનંદ થયો. અત્યારે સૌને ધર્મની ખૂબ જ જરૂર છે. મૂળ પુરુષોના શબ્દ પ્રમાણે જીવન બને તેવી ઇચ્છા હંમેશા રાખવી.'

સંક્ષેપમાં સુંદર સદ્‌ઉપદેશ આપી સ્વામીશ્રીએ વિદાય લીધી.

આ મુલાકાત પછીનો તા. ૩૦/૬નો દિવસ દેવપોઢી એકાદશીનો હતો. તેથી યુવકોએ પ્રાતઃપૂજામાં મીણબત્તીઓની ઝળહળ જ્યોતિ અને ફળોની કલાત્મક ગોઠવણી દ્વારા ઉત્સવને અનુરૂપ સુશોભન કરેલું. આ શોભાને સાર્થક કરી સ્વામીશ્રીએ આજથી શરૂ થતા ચાતુર્માસ નિમિત્તે પ્રાસંગિક કથાવાર્તામાં યુવકો, મોટેરા હરિભક્તો વગેરે સૌને નિર્જળા ઉપવાસ કરવાની હાકલ મારી.

કથા પછી તેઓ ૧૦:૧૦ વાગ્યે પધરામણીએ નીકળ્યા. આજે ઉપવાસને કારણે ભોજન અને આરામ – બંનેમાં રજા હોવાથી તેઓએ સતત પોણા આઠ કલાક સુધી પધરામણીઓ કરી ! વચ્ચે સમય થતાં ઠાકોરજીને થાળ અને આરામ માટે મોકલી આપવાનું પણ ચૂક્યા નહીં.

શ્રીજીમહારાજે કહ્યું છે કે 'જે ત્યાગી ભક્ત હોય તેને તો... તપે કરીને જ ભગવાનને રાજી કરવા અને ...ભગવાનને પ્રેમલક્ષણા ભક્તિએ કરીને ભજવા એ અમારો સિદ્ધાંત છે.'[૧૨૫]

સ્વામીશ્રીના જીવનમાં આ સિદ્ધાંત ચરિતાર્થ થયો હતો. શરીરના ભાવથી મુક્ત અને ભક્તિભાવથી યુક્ત તેઓ અવર્ણનીય છતાં અનુસરણીય હતા.

## પશ્ચિમમાં સૂર્યોદય

તા. ૬/૭નો દિવસ સ્વામીશ્રીની વિદેશયાત્રાનો ૧૦૦મો દિવસ હતો.

---

૧૨૫. વચનામૃત કારિયાણી પ્રકરણ ૧૦.

આ ઐતિહાસિક દિને તેઓ એક નવું સીમાચિહ્ન સર કરવા પ્રસ્થાન કરી રહેલા.

શાસ્ત્રીજી મહારાજે પોતાના સંકલ્પ અને આશીર્વાદથી આફ્રિકા ખંડને અજવાળેલો. યોગીજી મહારાજે યુરોપ ખંડને સત્સંગના રંગે રંગેલો અને સ્વામીશ્રી હવે વિરાટ સ્વરૂપના ત્રીજા પગલાંની જેમ અમેરિકા ખંડમાં ડંકો મારવા જઈ રહેલા. આર્થિક આણ અને રાજકીય રમતોથી આખા વિશ્વમાં પ્રભાવી રહેલા આ દેશ પર હવે ગુણાતીત સંતની સાધુતાનો પ્રભાવ પથરાવાનો પ્રારંભ થવાનો હતો.

સરકતા સમયે વધુ ને વધુ મહાન સાબિત થનારું પગલું સ્વામીશ્રીએ જે દિવસે ભર્યું તે દિવસનો પ્રારંભ રાબેતા મુજબ જ થયો. દુનિયાના ચોક ગજવે એવાં કાર્યોનો આરંભ, શેરી પણ ખળભળે નહીં એવી શાંતિથી કરવાની સ્વામીશ્રીની રીત હતી. તે મુજબ જ આજે તેઓએ સ્નાન-પૂજાથી પરવારીને કથામૃત પીરસ્યા બાદ મંદિરે જવા વિદાય લીધી.

લંડનની ધરતી પર આવતાંવેંત તેઓ ઉતારે ન જતાં મંદિરે ગયેલા. વિદાય વખતે પણ મંદિરે જવાની તેઓની ઇચ્છા હતી. તેઓના જીવનમાં પ્રારંભ અને પૂર્ણાહુતિ સમયે ઠાકોરજી અગ્રસ્થાને ન બિરાજ્યા હોય તેવું ક્યારેય બન્યું નહોતું. આજે પણ એ ક્રમ જળવાઈ રહ્યો.

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ – આ ચાર ગુણયુક્ત સંતના સાંનિધ્યથી ધન્ય અને ધમધમતો બનેલો 'ફોરવેઝ' બંગલો સ્વામીશ્રીની વિદાય સાથે જ સૂમસામ બની ગયો ! જીવનમાંથી સત્પુરુષની બાદબાકી થઈ જાય તો સઘળી શોભા સેકન્ડમાં શૂન્ય થઈ જાય છે – તે દર્શાવતો તે ક્યાંય સુધી સ્તબ્ધ થઈને ઊભો રહ્યો. સ્વામીશ્રી ફરી અહીં આવવાના છે તેની ખબર જો તેને ન હોત તો તે જરૂર ઢગલો થઈને ભાંગી પડ્યો હોત !

સ્વામીશ્રીએ ૯:૫૫ વાગ્યે મંદિરમાં પધારી ઠાકોરજીનાં દર્શન કર્યાં. અહીં તેઓ ઠાકોરજીનાં દર્શનમાં જેટલા તલ્લીન થઈ ગયા એટલી જ તલ્લીનતાથી ભક્તો તેઓનાં દર્શન કરી રહ્યા. અઠ્ઠાવીસ દિવસના રોકાણમાં તો એક-એક હરિભક્તનાં ઘર અને હૃદયમાં સ્વામીશ્રી પધરામણી કરી ચૂકેલા. તે બદલ સૌની આંખો કૃતજ્ઞતાથી છલકાઈ રહી.

દર્શન બાદ સ્વામીશ્રીને જાણ થઈ કે 'હજી નીકળવાને થોડી વાર છે.' એટલે તરત બોલ્યા : 'તો લાવો, થોડી કથા કરી લઈએ.'

ફાજલ સમયનો ઉપયોગ માનવી કઈ પ્રવૃત્તિમાં કરે છે, તે પરથી તેની વૃત્તિનો ખ્યાલ મળી રહે છે. સ્વામીશ્રીએ પચીસ મિનિટ સુધી કથા કરીને સૌને વિદાયનું ભાથું બાંધી આપ્યું. ત્યારબાદ ઍરપોર્ટ જવા નીકળ્યા.[૧૨૬]

મોટર અને મોટર-સાઇકલ લઈને પોલીસ એસ્કોર્ટ સ્વામીશ્રીને છેક વિમાન સુધી હંકારી ગયો. આજે 'એમ્પરર રાજેન્દ્ર ચોલા' જમ્બો બોઈંગ વિમાનને સ્વામીશ્રીની સેવા સાંપડી રહેલી. તેથી તેના આનંદમાં તે ઊભું ઊભું પણ ઘણું ગરજી રહેલું. ૩૭૦ મુસાફરોની ક્ષમતા ધરાવતા આ હવાઈયાનમાં પ્રવેશતાં નીચે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'બહુ ઊંચું. બે માળ જેટલું જણાય છે.'

આવું આ વિમાન બપોરે ૧:૩૭ વાગ્યે ગગનગામી બનતાં સ્વામીશ્રી પત્ર-વ્યવહારમાં પરોવાઈ જવા માંગતા હતા, પરંતુ ગઈકાલે રાત્રે અઢી વાગ્યે સૂવાનો મેળ પડેલો. તેથી સૌએ અત્યારે આરામ કરવા માટે વિનંતી કરતાં સ્વામીશ્રી પોઢી ગયા. ૩૩,૦૦૦ ફૂટની ઊંચાઈએ ૮૩૨ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઊડી રહેલું એ વિમાન, જ્યારે અમેરિકાની ભૂમિ પર પ્રવેશ્યું ત્યારે હરિકૃષ્ણ મહારાજને પોતાના ખોળામાં ધારણ કરી સ્વામીશ્રી ઠાકોરજીની પ્રથમ દૃષ્ટિ આ દેશ પર કરાવી રહ્યા. સ્થાનિક સમય મુજબ બપોરે ૩:૦૬ વાગ્યે તેઓ ન્યૂયોર્ક શહેરમાં પ્રવેશી ગયા.

પરંતુ JFK ઍરપોર્ટ વ્યસ્ત હોવાથી વિમાન ૩:૨૮ વાગ્યે અમેરિકામાં ઊતર્યું ત્યારે આ દેશની ભૂમિ પુલકિત થઈ ઊઠી. બધા મુસાફરો ઊતરી ગયા બાદ વિમાની સત્તાવાળાઓએ સ્વામીશ્રીને આખા વિમાનમાં ફેરવીને જમ્બોને પ્રસાદીભૂત કરાવ્યું. સ્વામીશ્રીએ પાયલોટની બેઠક પર ઠાકોરજીને પધરાવ્યા. ત્યારબાદ ચાલકો-પરિચારકોને આશીર્વાદ આપ્યા. તે વખતે અમેરિકાના સત્સંગ મંડળ વતી ડૉ. કે. સી. પટેલ, ઘનશ્યામભાઈ વગેરે હરિભક્તો સ્વામીશ્રીને આવકારવા વિમાનમાં આવી પહોંચ્યા. તે સૌનું અભિવાદન સ્વીકારી સ્વામીશ્રી વિમાનમાંથી બહાર પધાર્યા તે સાથે જ પશ્ચિમમાં સૂર્યોદયનો આભાસ કરાવતી તેઓની ભગવી આભા આ દેશમાં પ્રસરવા લાગી!

સ્વામીશ્રી વિમાનમાંથી ઊતરીને વી.આઈ.પી. લાઉન્જમાં આવી

---

૧૨૬. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે લંડનમાં કરેલી લાભની લહાણને માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

બિરાજ્યા ત્યારે સૌ ભક્તો દર્શન માટે આવવા લાગ્યા. તેમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ હતા. તેઓને દંડવત કરતાં જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'દંડવત ભૂલ્યા નથી. દેશમાં જેવા હતા તેવા ને તેવા જ છે.' અમેરિકા પર તેઓની પહેલી પ્રસન્નતા આમ વરસી પડી.

લગભગ એકાદ કલાક જેટલો સમય પ્રતીક્ષા-કક્ષમાં બિરાજી સ્વામીશ્રી સાંજે પાંચ વાગ્યે એરપોર્ટથી બહાર પધારી ૧૯ કિ.મી. દૂર આવેલા મંદિરની જગ્યા પર પહોંચ્યા.

## અમેરિકામાં પ્રથમ અમૃતધારા

હડસન નદીના કિનારે ૩૬૫ ચોરસ માઈલના વિસ્તારમાં પથરાયેલું તત્કાલીન ન્યૂયોર્ક પાંચ બરો(borough) – પરાંમાં વહેંચાયેલું હતું. તેમાંની એક ક્વીન્સ કાઉન્ટી. તેનો ફ્લશીંગ વિસ્તાર. તેમાં આવેલી બાવની સ્ટ્રીટ(Bowne street)માં લગભગ વીસ હજાર ચોરસ ફૂટની જગ્યા મંદિર માટે ખરીદી લઈને અહીંના વિદ્યાર્થીઓએ યોગીજી મહારાજનું વચન અધ્ધર ઝીલી લીધેલું. આ જગ્યામાં પ્રવેશ કરતાં બે બાજુએ એક-એક મકાન અને પાછળ વિશાળ જગ્યા મંદિર માટે ખુલ્લી હતી. તેમાં ડાબી બાજુના મકાનના બેઝમેન્ટમાં યુવકોએ રાત-દિવસ મહેનત કરીને સુંદર હૉલ તૈયાર કરેલો. આ હૉલની મરામત માટેનો અંદાજિત ખર્ચ ૧૦,૦૦૦ ડૉલર આકારવામાં આવેલો, પરંતુ યુવકોએ સેવા કરીને માત્ર ૨,૦૦૦ ડૉલરના ખર્ચમાં જ કામ પૂરું કરેલું.

આમ, સેવાની સુવાસથી મઘમઘતા આ હૉલમાં સ્વામીશ્રીએ તા. ૬/૭ની સાંજે ૬:૩૦ વાગ્યે અમેરિકાની ધરતી પર પ્રથમ પ્રવચન કરતાં ઉચ્ચાર્યું કે –

"...અમેરિકા મંડળની પણ જય. યોગીબાપાના સંકલ્પના પ્રતાપે કાર્ય થાય છે. બહુ દાખડો તમે બધાએ કર્યો. હવે મહારાજ-સ્વામી બેસશે એટલે કાર્ય ઊપડશે. શાસ્ત્રીજી મહારાજ કહેતા : 'ભગવાન બેસાડી દેવા. પછી તે કાર્ય પૂરું કરશે.' તમે યોગીબાપાનું વચન અધ્ધર ઝીલ્યું. ભણનાર શું કરી શકે ? પણ લાખ ડૉલર ભેગા કર્યા. યોગીબાપાના થાપા(ધબ્બા) ખાઈને આવ્યા છો એટલે ગજા ઉપરાંત સેવા કરી. તો સ્વામી-મહારાજ રાજી થશે. અક્ષરધામનું સુખ મળશે. બધે વિદ્યાનગર જ દેખાય છે.[૧૨૭] તમે યોગીબાપાના કાર્યમાં જબરજસ્ત

---

૧૨૭. વિદ્યાનગરના છાત્રાલયમાં ભણીને આવેલા યુવાનોની અધિક સંખ્યા જોઈને.

ભોગ આપ્યો. પછી તો લાખો ડૉલર આપનાર મળશે. પણ તમારી પાયામાં સેવા થઈ ગઈ. ભગવાનને કામ કરવામાં વાર લાગે ? એકને કહે ને કામ થઈ જાય. પણ આપણને સેવા કરવાનો મોકો આપ્યો છે. અહીં દેશ જેવું લાગે છે. રજોગુણ જેવું લાગે નહીં. તે જોઈ આનંદ થાય છે...''

આમ, સ્વામીશ્રીએ અમેરિકામાં અમૃતધારા વહેવડાવવાનું શરૂ કરી દીધું.

આ આશીર્વાદ બાદ સૌ દર્શન કરીને વિખરાયા ત્યારે ૭:૦૦ વાગ્યાનો સમય થઈ ચૂકેલો. સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે ઈંગ્લેન્ડના સમય અનુસાર રાત્રિના બાર વાગી ચૂકેલા. તેથી સૌની આંખો ઘેરાતી હતી, પરંતુ તે વખતે સ્વામીશ્રી પત્રવાંચન-લેખન કરવા બિરાજ્યા !

તેઓની સાથે કદમ મિલાવવાની ત્રેવડ કોઈમાં નહોતી. તેથી સહ-પ્રવાસીઓ તો એક પછી એક નિદ્રાધીન થયા. ફક્ત સ્વામીશ્રી લગભગ દોઢેક કલાક સુધી કામકાજ કરતા રહ્યા અને રાત્રે નવ વાગ્યે આરામમાં પધાર્યા ત્યારે તેઓની શરીર-ઘડિયાળ(body clock) મુજબ તો રાત્રિના બે વાગી ચૂકેલા.

પધરામણીના પ્રથમ દિવસે જ અમેરિકાને સ્વામીશ્રીની કર્મઠતાનો પરિચય મળી ગયો. જો કે આ પરિચય તો પાશેરામાં પહેલી પૂણી જેવો જ બની રહેનારો હતો. આગળ તો હજી તેઓની અપરિમિત કાર્યશક્તિના ઘણા ચમત્કાર આ દેશને જોવા મળવાના હતા.

## પ્રીત પૂરવની જાગી

અમેરિકામાં સ્વામીશ્રીની પ્રથમ પ્રાતઃપૂજાના દર્શન કરીને તા. ૭/૭ અમર થઈ ગઈ. પૂજા બાદ પારણાં કરીને સ્વામીશ્રીએ સવા કલાક સુધી કથામૃત પીરસ્યું. તે પછી 'ધ હિંદુ ટેમ્પલ સોસાયટી ઑફ નોર્થ અમેરિકા'ના આમંત્રણથી તેઓના ગણેશ મંદિરમાં પધારી ગણેશપૂજામાં ભાગ લીધો.

આજની સાંજે પબ્લિક સ્કૂલમાં યોજાયેલા સત્કાર સમારંભમાં ઉપસ્થિત સ્ટેટ એસેમ્બ્લીના સભ્ય લિયોનાર્ડ સ્ટેવિસ્કીએ જણાવ્યું કે 'આ દેશમાં તમે ભારતીય મોડા આવ્યા છો, છતાં તમે તમારી સંસ્કૃતિથી અમેરિકાને સમૃદ્ધ બનાવો. પરમ પૂજ્ય સ્વામીશ્રીના આગમનથી તમને સૌને પ્રેરણા મળશે.'

અમેરિકાની ધરતી પર સ્વામીશ્રીના આશીર્વાદ પામનાર પ્રથમ અમેરિકન તરીકે આ રાજનેતા પોતાને ભાગ્યશાળી સમજી રહ્યા. સ્વામીશ્રીએ પણ સત્કારમાં ઉપસ્થિત ભાવિકોને આશીર્વાદ આપતાં જણાવ્યું કે 'હું આત્મા

છું, આપણા ભગવાન છે તેમ જાણવું. અક્ષર ને પુરુષોત્તમની ઉપાસના કરવાની છે, તો પરમાત્માનું સુખ પ્રાપ્ત થાય.'

આ સ્વાગત-સભા બાદ તા. ૮/૭થી શરૂ થઈ રહેલ પારાયણ માટે સ્વામીશ્રી હૉલમાં પધાર્યા ત્યારે તેઓને બેસવા માટે સોફા પર ગાલીચો પાથરેલો હતો. તે જોઈ તેઓ બોલ્યા : 'ગાદી પાથરો તો સારું.' તેઓને સોફાનું સન્માન ગમ્યું નહીં. ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા છે કે 'ધરતી જેવું તો સુખ જ નહીં...'[૧૨૮] સ્વામીશ્રીની પણ આ જ રીત. ગુણાતીત રીતમાં આસનથી મોટપની વાત આવતી જ નથી ને! છતાં સૌની વિનંતી સ્વીકારી ન છૂટકે સ્વામીશ્રી સોફા પર બિરાજ્યા.

ત્યારબાદ સ્વામીશ્રીએ પૂજન માટે કંકુ, નાડાછડી, જળ વગેરે સામગ્રી પણ મંગાવી અને પારાયણનો વિધિસર પ્રારંભ કરાવ્યો. તેમાં જ્યારે આરતીની ઘડી આવી ત્યારે ઠાકોરજી લઈને એક સંત આવ્યા. તે જોઈ સ્વામીશ્રી તરત સોફા પરથી ઊભા થઈ ગયા અને ઠાકોરજીને તે સોફા પર પધરાવી પોતે બાજુમાં પડેલી સાદી ખુરશી પર બેસી ગયા. છેવટે યુવકો બીજો સોફો લઈ આવ્યા અને તેની પર સ્વામીશ્રીને બેસાડ્યા. આમ, અમેરિકાનું આ પ્રથમ પારાયણ પળે પળે સ્વામીશ્રીના સદ્‌ગુણોની ઝાંખી કરાવતું રહ્યું.

પારાયણના પ્રથમ દિવસની સમાપ્તિ બાદ રાત્રે સવા નવ વાગ્યે ન્યૂજર્સી તરફ પધરામણીએ જવા નીકળેલા સ્વામીશ્રી હરિભાઈના ઘેર પહોંચ્યા. તેઓ અમેરિકન મહિલાના મકાનમાં ભાડુઆત તરીકે રહેતા હતા. જ્યારે સ્વામીશ્રી ત્યાં પધાર્યા ત્યારે ઘરમાલિક અમેરિકન બાઈને દૂરથી દર્શન કરતાં જ *'પ્રીત પૂરવની જાગી ગુરુજી મારા...'* જેવું થઈ રહ્યું. કોઈ જ સીધા પરિચય વિના તેને સ્વામીશ્રી પ્રત્યે એવો ભાવ જાગ્યો કે તેણીએ હરિભક્તને કહેવડાવ્યું : 'તમારા ગુરુને મારા બંગલામાં બધે ફેરવો અને મારું ઘર પવિત્ર કરો.'

તે વખતે તે મહિલાએ કાચબાની પ્રતિકૃતિ ધરાવતું પાંચ ડૉલરનું કાચનું રમકડું પણ ભેટમાં મોકલાવ્યું. આગળ જતાં જેની કોઈ ગણતરી ન થઈ શકે એટલી સોગાદો અમેરિકાને આપનાર સ્વામીશ્રીને અમેરિકા તરફથી મળેલો આ પ્રથમ ઉપહાર હતો! તે આપીને વિદેશી મહિલા કૃતકૃત્ય બની રહી.

ન્યૂજર્સીની પધરામણીઓ પૂરી કરીને સ્વામીશ્રી રાત્રે દોઢ વાગ્યે ન્યૂયોર્ક પરત ફર્યા! દિવસ-રાત એક કરતાં તેઓ અમેરિકાને ધમરોળવા માંડેલા.

---

૧૨૮. સ્વામીની વાતો : ૬/૧૨૬.

## અદૃશ્ય આધારશિલાઓ

તા. ૯/૭ની સવારે સ્વામીશ્રી અલ્પાહાર કરી રહેલા. ભોજન બાબતે તેઓની પ્રકૃતિ વહેંચીને જમવાની. તેથી તેઓએ અહીંના સક્રિય કાર્યકર કુંજકુમાર શાહને પણ પોતાની સાથે જ ઉકાળા-પાણી કરવા બોલાવ્યા. તે વખતે આ કાર્યકરે જણાવ્યું: 'હું એકટાણું જમું છું.'

આ સાંભળી સ્વામીશ્રીએ તેઓને ફળ-ફળાદિ આપતાં એકટાણું જમવાનું કારણ પૂછ્યું. ત્યારે તેઓ બોલ્યા: 'મંદિરની પ્રવૃત્તિ શરૂ કરી ત્યારથી નિયમ લીધો છે કે જ્યાં સુધી મંદિર તૈયાર ન થાય ત્યાં સુધી એક જ સમય જમવું.'

તેઓની આ વાત જાણી સ્વામીશ્રી રાજી થતાં બોલ્યા: 'આમ ટેક લીધી હોય તો જ કાર્ય થાય.'

સ્વામીશ્રીના સમયમાં સરેરાશ દર પંદર-વીસ દિવસે તૈયાર થઈ રહેલાં એક મંદિરને જોઈને સૌ આશ્ચર્યચકિત થઈ જતા કે 'બી.એ.પી.એસ.માં આમ પલકારામાં મંદિરો શી રીતે ઊભાં થાય છે?' પણ સૌના આ આશ્ચર્યનો એક જવાબ ઉપરોક્ત પ્રસંગમાં છે.

આબાલવૃદ્ધ બાઈ-ભાઈનાં વ્રત-તપ અને સેવા-ભક્તિની અવિચળ ટેકથી આ મંદિરો ઊંચાં થતાં. તે સૌ ભક્તો બની રહેતાં મંદિરની અદૃશ્ય આધારશિલાઓ.

આજે પણ જ્યાં જ્યાં બી.એ.પી.એસ. મંદિરો તૈયાર થઈ રહ્યાં છે ત્યાં ત્યાં આવા ટેકીલા ભક્તો સેંકડોની સંખ્યામાં મળી આવશે; જેમાંથી કો'કે વિશેષ માળા, દંડવત, પ્રદક્ષિણા, પદયાત્રા કરવાની ટેક રાખી હોય, તો કો'કે મનગમતી વાનગીઓના ત્યાગનું તપ આદર્યું હોય; કો'કે મંદિરના પાયામાં શારીરિક શ્રમ રેડવાનું 'પણ' લીધું હોય, તો કો'કે અમુક-તમુક ઉપવાસ કરવાની પ્રતિજ્ઞાઓ લીધી હોય. બી.એ.પી.એસ.નાં મંદિરો પૈસા કે પથ્થરથીયે વિશેષ તો ભક્તોના પ્રેમ અને પરિશ્રમથી બનેલાં છે. તેથી જ તેની આવરદા ઘણી લાંબી છે. પૈસા-પથ્થર તો ખૂટે-ખવાય; પણ પ્રેમ-પરિશ્રમનાં મૂલ્યો તો કાલાતીત હોય છે.

## મંદિર-નિર્માણના મહાયજ્ઞનો આરંભ

તા. ૯/૭ની બપોરે જમીને સ્વામીશ્રી ન્યૂયોર્કની વિશ્વપ્રસિદ્ધ મેનહટન

કાઉન્ટીમાં પધરામણીએ ગયેલા. વૈશ્વિક નાણાંબજારના નાભિકેન્દ્ર સમા આ વિસ્તારમાં ૬,૦૦૦ની બેઠક-ક્ષમતા ધરાવતું રેડિયો સિટી થિયેટર, અમેરિકાનું જૂનું મોટામાં મોટું ચર્ચ, ન્યૂયોર્ક પબ્લિક લાઈબ્રેરી, 'આકાશના દેવળ' (Cathedral of the sky) તરીકે ઓળખાતું ૧૦૨ માળનું એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ, મેડિસન સ્કવેઅર ગાર્ડન, રોકફેલર સેન્ટર, ૬૦ માળનું ચેઈઝ મેનહટન, બાવન માળનું યુનિયન કાર્બાઈડનું સંકુલ, ૪૮ માળનું ટાઈમ એન્ડ લાઈફ સામયિકનું મકાન, ૫૩ માળની નેશનલ સિટી બેંકની ઈમારત, ૪૨ માળના સોકોની મોબિલ અને ઍક્વિટેબલ લાઈફનાં સદનો વગેરે પર હરિભક્તોએ સ્વામીશ્રીની દૃષ્ટિ કરાવી.

જેના એક એક રોમમાં બ્રહ્માંડો અણુવત્ બનીને સમાઈ ગયાં હોય તેને એક પ્રદેશની સૃષ્ટિ શા લેખામાં? છતાં શ્રીજીમહારાજે કહ્યું છે કે 'જેમ કાખના મુવાળા છે તેમાં સારો કયો ને નરસો કયો? તે તો સારો-નરસો સહુ એક પાડમાં છે. તેમ માયિક પદાર્થ પણ સર્વે સરખાં છે અને કાંઈક સારું-નરસું જે કહીએ છીએ જે, આ સારું ભોજન છે, આ સારું વસ્ત્ર છે, આ સારું ઘરેણું છે, આ સારું ઘર છે, આ સારું ઘોડું છે, આ સારાં પુષ્પ છે તે ભક્તને સારું લાગે તે સારુ કહીએ છીએ...'[૧૨૯] શ્રીજીમહારાજની આ પ્રકૃતિ સ્વામીશ્રીએ પણ ધારણ કરેલી. તેથી ભક્તોને પોતાનામાં હેત કરાવી તેઓનું કલ્યાણ કરવા માટે સ્વામીશ્રી આવી બાબતોમાં કંઈક રસ દાખવતા.

પધરામણીઓ બાદ આજની સાંજે મંદિરની જગ્યાના ખુલ્લા મેદાનમાં પારાયણનું આયોજન કરવામાં આવેલું. ચોગાનમાં ભારતીય પદ્ધતિથી યોજાયેલો આ કથાપ્રસંગ જોઈ આસપાસના સ્થાનિક રહીશોને ઘણું કુતૂહલ થતું હતું. તેઓ પણ ખુરશીઓ નાંખી દૂર દૂર બેસી ગયેલા.

આ પારાયણમાં પૂર્ણાહુતિના આશીર્વાદ પાઠવતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'મંદિર થતાં પહેલાં અહીં પારાયણ થયું. મંદિર સરસ થશે. જીવને જન્મ-મરણનો ભય છે, તેથી રહિત કરવો તે મોટી સેવા છે. અન્નદાનથી ૨-૫ દિવસ, ૨-૫ મહિનાની ભૂખ જાય પણ કાયમની નહીં. વસ્ત્રદાન, વિદ્યાદાનથી પણ આત્માનો લાભ થતો નથી. જે દાનથી જન્મ-મરણનો ભય રહેતો નથી તે મોટામાં મોટું દાન છે. મંદિર કરવાનો આ મોટો યજ્ઞ છે.'

આમ, અમેરિકામાં સ્વામીશ્રીએ આરંભેલા મંદિર-નિર્માણના મહાયજ્ઞમાં

---

૧૨૯. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૭.

હુતદ્રવ્યો બનીને હોમાઈ જવા હરિભક્તો તત્પર હતા. જો કે તેમાં પ્રથમ આહુતિ પોતાની જ આપવી હોય તેમ સ્વામીશ્રી સત્સંગવૃદ્ધિ માટે પરિશ્રમ ઉઠાવી રહેલા. ગઈકાલે પધરામણીએથી પાછા આવીને દોઢ વાગ્યે સૂતેલા સ્વામીશ્રીની આજ પણ કાલ કરતાં કાંઈ જુદી નહોતી રહી. પારાયણની પૂર્ણાહુતિ બાદ ભોજન કરીને પધરામણીએ નીકળી પડેલા તેઓ તેમાંથી પરવારીને રાત્રે સાડા બાર વાગ્યે સૂવા પામેલા.

તા. ૧૦/૭ની સવારે ૯:૫૦ વાગ્યે હોબોકેન પધારેલા સ્વામીશ્રીએ શહેરમાં પધરામણીઓ કરી રાત્રે આઠ વાગ્યે શ્રીભગુભાઈના ઘેર ઉતારે આવી આરતી-અષ્ટકનું આહ્નિક કર્યું. ત્યારબાદ ભોંય પર પાથરેલા ધાબળા પર જ બિરાજી *'સત્સંગ કીજીએ... સમજવું સાનમાં... ઓળખવું અંતરે...'* પદો પર નિરૂપણ કરવા લાગ્યા. સામે માંડ દસ-પંદર ભક્તો બેઠા હતા. તોય દોઢ કલાક સુધી કથાપ્રવાહ વહેવડાવી સૌને તૃપ્ત કરી દીધા. કથા કરવામાં તેઓ એટલા બધા લયલીન થઈ ગયા કે રાત્રિભોજન પણ વીસરાઈ ગયું! છેક પોણા દસ વાગ્યે તેઓ ઉકાળા-પાણી કરવા બિરાજ્યા. આવા હતા એ *'રામ અમલમાં રાતામાતા'* સંત.

## એક નહીં, હજારો દિવસ

હોબોકેનમાં બીજા દિવસે પણ કથા, પધરામણીનો ક્રમ અતૂટ રહ્યો. આ દિવસે પધરામણીઓ બાદ સાંજે પ્રેસ્બીટેરિયન ચર્ચમાં યોજાયેલી સભામાં ધર્મલાભ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'ભગવાન ભજવાનું કામ તત્કાળ કરવું. બીજામાં વિચાર કરવો. આપણે જાણીએ દીકરો મોટો થયો પણ આવરદામાં ઓછો થાય છે. માટે ટાઈમ નકામો ન જાય તેમ કરવું. ૨૪ કલાકમાં એક કલાક ભગવાન માટે રાખવો.'

આશીર્વાદ બાદ ઉકાળા-પાણી કરીને મોન્ટવિલેમાં પધરામણીએ નીકળેલા સ્વામીશ્રીએ રાત્રે પોણા એક વાગ્યે પાછા આવીને આરામ કર્યો.

આ જ રીતે તા. ૧૨/૭ના રોજ હોબોકેનથી નેવાર્ક પધારેલા સ્વામીશ્રી રોઝલે, લિન્ડન, એલિઝાબેથ, યુનિયન, પ્લેઈનફિલ્ડ, પિસ્કેટ્વે, એડિસન વગેરે પરાં વિસ્તારોમાં પધરામણીઓ કરીને રાત્રે સવા એક વાગ્યે આરામમાં પધાર્યા.

આમ, સત્સંગની પુષ્ટિ માટે તેઓ અપાર કષ્ટ વેઠીને ઘૂમતા રહેતા.

'આપણને આ દેહ સેવા માટે જ મળ્યો છે તો તેને બેસારી રાખવો કે

સુવરાવી રાખવો તેથી આ હેતુ સરતો નથી. આ દેહ તો સાધન છે. સાધનનો ઉપયોગ બરાબર કરી લેવો.'

પોતાના આ કથન મુજબ જ વર્તતા સ્વામીશ્રી તા. ૧૩/૭ની સવારે પ્રાતઃપૂજા કરવા પ્રેસ્બીટેરિયન ચર્ચમાં પધાર્યા. ચર્ચમાં પૂજા કરવાનો તેઓના જીવનનો આ પ્રથમ પ્રસંગ હતો. પૂજા બાદ અલ્પાહાર પણ તેઓએ આ ચર્ચમાં જ કર્યો. ચર્ચનો હૉલ વિશાળ હોવાથી તેઓએ હરિભક્તોને પણ પોતાની સાથે જ ઉકાળા-પાણી માટે બેસાડી દીધા.

પરદેશમાં ઘર સાંકડાં; તેથી સ્વામીશ્રીને રસોડાંમાં કે સંતો માંડ સમાય તેવા ઓરડામાં બેસી ભોજન લેવાનું થતું. તેને કારણે તેઓ પોતાની સાથે હરિભક્તોને જમવા બેસાડી શકતા નહીં. આ બાબત *'ભલી ભક્તનકી ભીડ'*માં માનનારા તેઓને ડંખતી. જમતી વખતે એકલા આરોગવું તેઓને ફાવે જ નહીં. વળી, કેવળ સાથે જમવા બેસાડવા એમ નહીં. સૌની રસ-રુચિ મુજબ પીરસાવે પણ ખરા. 'सह नौ भुनक्तु'ની વૈદિક પ્રાર્થના તેઓમાં જેટલી સાકાર થયેલી જોવા મળી એટલી ભાગ્યે જ બીજા કોઈમાં જોવા મળે. સમૂહ ભોજન એ તેઓના જાહેર જીવનનું દર્શનીય પાસું હતું. આજે તેનો મેળ પડતાં તેઓ પ્રસન્ન હતા.

અલ્પાહાર બાદ કથા કરીને પધરામણીએ નીકળેલા સ્વામીશ્રીની પદરજથી આજે ઈરવીંગ્ટન, ઑરેન્જ, ઈસ્ટ ઑરેન્જ વગેરે ગામો પાવન થયાં. પણ આ પધરામણીઓ પૂરી કરીને બપોરે ચર્ચમાં પરત ફરેલા સ્વામીશ્રી ભોજનના આસન પર બેઠા ત્યારે ત્રણના ટકોરા પડ્યા! એક જબરા ખેડુની જેમ તેઓ અમેરિકાને ખેડવા માંડેલા. સવારે સૌ સાથે જમતાં સ્વામીશ્રી બપોરે એકલા જ જમી રહેલા, કારણ કે પોતાને આવવામાં મોડું થવાનું હોવાથી તેઓએ હરિભક્તોને સમયસર જમાડી દેવાની સૂચના આપી દીધેલી.

પોતાના સમય-સગવડ બાબતે તદ્દન બેદરકાર રહીને તેઓ અન્યના સમય-સગવડ સાચવી જાણતા. આ તકેદારી તેઓની કરુણાની નીપજ હતી. અહંકાર વિનાના વર્તનનું તે ફળ હતું.

ભોજન બાદ ઉતારે જઈ રહેલા સ્વામીશ્રી રસ્તામાં બોલ્યા: 'હરે, બપોરની કથા કરો.' એમ કહી ચાલુ મોટરમાં ભોજન પછીનું કથામૃત પીધું-પીવરાવ્યું. ઉતારે પધારી માંડ કલાક આરામ કર્યો - ન કર્યો ત્યાં પુનઃ પધરામણી શરૂ કરતાં સ્વામીશ્રી એલિઝાબેથ, બૅલેવીલે, વૉલિંગ્ટન વગેરે

ગામોમાં જઈ પહોંચ્યા.

વિદેશમાં તેઓની પધરામણીની રીત – 'પહેલાં હેત કરાવતાં શીખવું, પછી પોતાનો સિદ્ધાંત કહેવો,' મુજબ રહેતી. અહીં જે કોઈ મુમુક્ષુ યોગમાં આવે તેની બધી વિગત પૂછીને, સ્વામીશ્રી કોઈ ને કોઈ રીતે કાકા, મામા, માસા, સસરા, ગામ-ઠામની ઓળખાણ કાઢે. તેથી મુમુક્ષુને તેઓમાં હેત થતું. ત્યારબાદ તેને વ્યસન મૂકવાની, વર્તમાન ધરાવવાની વાત કરે. તેથી આનાકાની કર્યા વિના સૌ તેઓની આજ્ઞાને સ્વીકારી લેતા. આમ, અભિગમમાં આધુનિક અને આત્મીયતામાં આધ્યાત્મિક રહી સ્વામીશ્રી જીવને શ્રેયના માર્ગે ચડાવી દેતા.

આ રીતે આજની પધરામણીઓ બાદ પુનઃ ચર્ચમાં પધારેલા સ્વામીશ્રી સભા બાદ જમતાં પહેલાં જમાડવા પહોંચી ગયા. હૉલમાં ભક્તોની પંગત બેસી ગઈ હતી. તે દરેકને તેઓએ ઝૂકી ઝૂકીને અમૃતપાક પીરસ્યો. આ અણધારી અમૃતવર્ષાથી સૌ ભક્તો ઝૂમી ઊઠ્યા.

આમ, સૌને રાજી કરી પોતે જમ્યા ત્યારે રાત્રિના સાડા દસ વાગી ચૂકેલા. છતાં અહીં તેઓનો દિવસ પૂરો થતો નહોતો. આખા દિવસના થાક પછી લોકો જે સમયે આરામ કે મનોરંજન શોધે તે સમયે સ્વામીશ્રીએ પધરામણીનું કામ હાથ પર ધર્યું ! દોઢ કલાક પધરામણીઓ કરીને રાત્રે સવા બાર વાગ્યે તેઓ નિદ્રાધીન થયા.

આવા એક નહીં, એકસાથે હજારો દિવસ સ્વામીશ્રી જીવેલા – પૂર્ણ સ્ફૂર્તિ સાથે, પૂર્ણ સંતોષ સાથે, પૂર્ણ શાંતિ સાથે. 'પ્રવાસી ગતસૌખ્યશ્ચ ...' – નિત્ય પ્રવાસીને સુખ ન હોય – આ લોકોક્તિ તેઓએ નિતાંત ખોટી ઠેરવેલી.

## ભાગ્ય તણો નહીં પાર

તા. ૧૪/૭નો દિવસ સત્સંગ શિક્ષણ પરીક્ષાનો હતો. સ્વામીશ્રીએ શરૂ કરેલી જ્ઞાનવૃદ્ધિની આ કવાયત દેશની જેમ પરદેશમાં પણ વેગ પકડી રહેલી. સૌને આ ભક્તિનું ફળ આપવું હોય તેમ સ્વામીશ્રી આજે પરીક્ષા કેન્દ્ર 'સ્ટીવન્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી'ના હૉલમાં પધાર્યા. અત્રે ન્યૂયોર્ક અને હોબોકેન મંડળના ૨૫ પરીક્ષાર્થીઓ હાજર હતા. એ પરીક્ષાર્થીઓના ખંડમાં સ્વામીશ્રીએ દીપ-પ્રાગટ્ય દ્વારા જ્ઞાનનો પ્રકાશ સૌમાં રેલાય તેવી ભાવના વ્યક્ત કરી.

ત્યારબાદ પ્રશ્નપત્રોનું પેકેટ જાતે જ ખોલ્યું. તેમાંથી પ્રશ્નપત્રોનું પરબીડિયું કાતર વડે કાપીને પ્રશ્નપત્રો બહાર કાઢ્યાં. દરેક પરીક્ષાર્થી પાસે જઈને તેઓને પરીક્ષા અનુસાર પ્રશ્નપત્રો પણ જાતે જ વહેંચ્યાં. પરીક્ષામંત્રી દ્વારા મોકલાવાયેલ પરીક્ષાલક્ષી સૂચનાપત્ર પણ વંચાવ્યું. આમ, પરીક્ષા ઉદ્‌ઘાટનનો અણચિંતવ્યો અને અપૂર્વ પ્રસંગ યોજાઈ ગયો.

સત્સંગની પ્રત્યેક પ્રવૃત્તિની પુષ્ટી પાછળ રહેલો સ્વામીશ્રીનો પરિશ્રમ *'એવાં સુખ નથી દીધાં એણે, જે વિસાર્યાં પણ વીસરે...'*ની જેમ અમીટ છાપ છોડનારો હતો.

સત્સંગ પરીક્ષાને ગતિ આપી તેઓ કીઆર્ની, નોર્થ બર્ગન વગેરે ગામોમાં પધરામણીઓ કરીને બપોરે બે વાગ્યે ભોજન માટે બિરાજ્યા. ત્યારબાદ સાંજે 'ઇન્ડિયન સ્ટુડન્ટ્સ એસોસિયેશન'ના ઉપક્રમે યોજાયેલી વિદ્યાર્થી-સભામાં લાભ આપતાં તેઓએ જણાવ્યું કે 'શેકેલા ચણા ખાવામાં સારા લાગે પણ વાવે તો ઊગે નહીં અને કાચા ચણા ખાવામાં સારા ન લાગે પણ વાવે તો ઊગે ખરા! તેવી આ વાત છે. ભગવાનનો અનુભવ કરવો હોય તો સંત પાસે જવું. અમેરિકામાં નોકરી, ધંધો કરવો પણ સંસ્કાર, સંસ્કૃતિ, સંત અને ભગવાનને ન ભૂલવા.'

ટૂંકમાં મુદ્દો સમજાવી સ્વામીશ્રી સૌ યુવાનોને વ્યક્તિગત મળ્યા. ત્યારબાદ તેઓ સભા-સ્થળ સ્ટીવન્સ ઇન્સ્ટિટ્યૂટથી ઉતારે ચાલતાં ચાલતાં જ પધાર્યા. અત્રે રાત્રે નવ વાગ્યે ઠાકોરજીની આરતી કરી અષ્ટક બોલ્યા. દંડવત પણ કર્યા.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે 'કેટલાક મોટા મોટાને તો પ્રવૃત્તિમાં ન ભળવું; કેમ જે, પૂર્વે ઋષિ પ્રવૃત્તિમાં ભળ્યા તે આહ્‌નિક ભૂલી ગયાં હતાં. પછી વળી કોઈક વૃદ્ધ પાસેથી શીખ્યા...'[૧૩૦]

પરંતુ સ્વામીશ્રી નોખા ઋષિ હતા. અસંખ્ય પ્રવૃત્તિ વચ્ચે પણ આરતી, અષ્ટક, કથા, ચેષ્ટા વગેરેનાં આહ્‌નિક તેઓએ કડેધડે જાળવેલાં. સત્‌યુગમાં સાંપડે નહીં એવા તેઓ કળિયુગમાં જીવી ગયા! તેથી જ તેઓને મળેલા સૌ અનુભવી રહેતા: *'આ સમામાં જેનો અવતાર રે, તેનાં ભાગ્ય તણો નહીં પાર રે...'*

આવો જ અનુભવ આજે લોંગ બ્રાન્ચ મનમાઉથ કાઉન્ટીમાં રહેતા ડૉ.

---

૧૩૦. સ્વામીની વાતો: ૨/૧૬.

જે. સી. પટેલ પણ કરી રહ્યા. તેઓ સ્વામીશ્રી જ્યાં રોકાયેલા તે હોબોકેનથી ૯૬ કિ.મી.ના અંતરે રહેતા હતા. છતાં મનમાં તીવ્ર સંકલ્પ ઊપડેલો કે 'સ્વામીશ્રી આપણા ઘેર પધારે.'

તે એકનો ભાવ પૂરો કરવા સ્વામીશ્રી આરતી-અષ્ટકનાં આહ્નિક બાદ કેવળ ઉકાળો ગ્રહણ કરીને રાત્રે ૯:૪૫ વાગ્યે નીકળ્યા. પોણા બે કલાકે પેલા ડૉક્ટરના ઘેર પહોંચ્યા. હજી વળતાં પોણા બે કલાકની મુસાફરી કરવાની હતી. છતાં તેઓ પૂરો એક કલાક આ ઘેર રોકાયા.

દેહનાં સુખ-સુવિધા સાચવવાં માટે તેઓ કદી કોઈ કામમાં ઉતાવળ કરતા નહીં. તે ભક્તને સંપૂર્ણ સંતોષ આપી સાડા બાર વાગ્યે પાછા આવવા નીકળ્યા. રસ્તામાં ચાલક એક નિકાસમાર્ગ(exit) ચૂક્યો એટલે ૨૪ કિ.મી.નો અમથો આંટો ઉમેરાતાં સ્વામીશ્રી રાત્રે સવા બે વાગ્યે ઉતારે પહોંચ્યા.

એક ભક્તને રાજી કરવા માટે મધરાતને માથે લઈને સાડા ચાર કલાકની ખેપ આમ પૂરી થઈ. પણ આ વાત આવા એક ભક્તની ક્યાં છે? આવા હજારો ભક્તો સ્વામીશ્રી જેવા ગુરુને પામી પોતાનાં ભાગ્યની અવધિને માણી રહેલા.

## ચાંદ-સૂરજની સંગાથ

માળામાં ૧૦૮ મણકા પછી મેરનો મણકો આવે છે. સૂર્ય પણ જેને ઓળંગી શકતો નથી એવા સર્વોચ્ચતાના પ્રતીક સમા સુમેરુ પર્વતનું સૂચન આ મેરનો મણકો કરે છે. માળા ફેરવતી વખતે તેને ન ઓળંગાય એવી પ્રણાલી છે. સ્વામીશ્રીના આ વિદેશ-પ્રવાસમાં ૧૦૮ દિવસ પછી આવેલો ૧૦૯મો દિવસ – તા. ૧૫/૭ પણ જાણે સુમેરુ સમાન જ ઊગ્યો. આ દિવસે સ્વામીશ્રીએ એવું અનુલ્લંઘનીય ચરિત્ર કરી બતાવ્યું કે તેથી અધિક કરી દેખાડવાની કોઈ કલ્પના પણ ન કરી શકે.

આજની સવારે અલ્પાહાર બાદ તરત જ પેન્સિલ્વેનિયા તરફ ગતિ કરવાની હતી. તે માટે સ્વામીશ્રી તો તૈયાર હતા, પરંતુ હજી ગાડીઓ આવી નહોતી. તેથી તેઓ ધાબળા પર બિરાજી પત્રલેખન કરવા માંડ્યા.

અતિ નિયમિત અને વ્યવસ્થિત વ્યક્તિઓ નિશ્ચિત કાર્યક્રમમાં થતા વિલંબને સાંખી શકતી નથી. તે વખતે અકળાતાં-અમળાતાં તેઓ બળાપો કાઢતા ફરે છે. પણ સ્વામીશ્રી જન-સમૂહથી જુદા હતા. તેઓ એક નહીં તો

બીજા કામમાં પરોવાઈને વિલંબને લેખે લગાડી જાણતા. રોષ-દોષ કાઢવામાં સમય વેડફવાને બદલે કંઈક ઉપયોગી કરી લેતા.

તે મુજબ ગાડીઓ ન આવી ત્યાં સુધી તેઓએ પત્રવ્યવહાર ચલાવ્યો. અડધા કલાકમાં વાહન-યોગનો મેળ પડતાં મુસાફરી શરૂ કરી.

૧૨૮ કિ.મી.નું અંતર કાપીને સ્વામીશ્રી ફિલાડેલ્ફિયામાં સુરેન્દ્રભાઈના ઘેર બપોરે સાડા બાર વાગ્યે પધાર્યા. પણ અહીં સૌથી પહેલાં પહોંચનાર તેઓ જ હતા. રસોઈની તૈયારી માટે અગાઉથી આવનાર ગાડી શહેરમાં અટવાયેલી. તે સિવાયની સંતોની બીજી બે ગાડીઓ પણ સરનામામાં માહિતી-ફેરને કારણે ખોરંભે ચડેલી. એટલે સ્વામીશ્રી જઈ પહોંચ્યા ત્યારે કોઈ જ વ્યવસ્થા નહોતી. છતાં લેશ પણ સમતુલા ગુમાવ્યા વિના તેઓએ પધરામણીનો પૂજન-વિધિ કરાવ્યો.

એટલામાં રસોઇયા સંતો-સેવકોની ગાડી આવી પહોંચી. તેઓ આવીને દાળ-ભાત વગેરેની તજવીજમાં પડ્યા ત્યારે સ્વામીશ્રી 'સમય જોઈને કામ કરો. અત્યારે હવે પૂરી, ચણા, બટાટાનું શાક, શીરો એવું કરી દો.' એમ કહેતાં મોડા પડેલાને મદદરૂપ થવા લાગ્યા. ગૂંચવાયેલા મામલાને થાળે પાડવાની તેઓ પાસે હથોટી હતી. તેને કારણે એકાદ કલાકમાં જ રસોઈ તૈયાર થઈ જતાં ઠાકોરજીને થાળ ધરાવી પોઢાડી દીધા. ત્યારબાદ પોતે જમ્યા.

અટવાયેલી ગાડીઓ ધીરે ધીરે આવવા લાગી. તેમાં આવેલા સંતો-ભક્તો જમવા બેસતા ગયા પણ જમતાં જમતાં જ્યારે જાણતા ગયા કે 'સ્વામીશ્રીની સમયસૂઝ અને કાર્યસૂઝના કારણે સમયસર આ રસોઈ જમી રહ્યા છીએ' ત્યારે તેઓ વાનગીના સ્વાદની સાથે સાથે સ્વામીશ્રીની કુનેહ-કાળજીને પણ મમળાવતા રહ્યા.

મોડા પડવાને કારણે ઊભી થયેલી આટલી તડામારીમાં પણ ભોજન પછીની કથા કરવાનું આહ્નિક સ્વામીશ્રી ચૂક્યા નહીં. ભક્તિમાં કાપ મૂકીને સમયને સરભર કરવાનું તેઓ શીખ્યા જ નહોતા.

બપોરની કટોકટીને આમ ઉકેલીને સ્વામીશ્રી સાંજે ૪:૪૫ વાગ્યે પધરામણી માટે નીકળ્યા. નવ પધરામણીઓ કરીને ચંદુભાઈના ઘેર નવ વાગ્યે ઠાકોરજી જમાડવા પહોંચવાનું હતું, પણ પહોંચતાં વાગી ગયા અગિયાર અને ભોજનથી પરવાર્યા ત્યારે સમય થયેલો રાત્રિના પોણા બાર વાગ્યાનો! હજી ઘણી પધરામણીઓ બાકી હતી. તેથી સૌએ આવતીકાલ પર મુલત્વી રાખવા

જણાવ્યું. પણ 'હરિભક્તોએ તૈયારીઓ કરી રાખી હોય... દિવસે એમને નોકરીમાં રજા મૂકવી પડે...' જેવાં કારણો ધરી સ્વામીશ્રી આગળની પધરામણીઓ માટે નીકળી પડ્યા. અન્યને સાચવવા તેઓ પોતાનાં ટાણાં-ભાણાંને હંમેશા કચડતાં જ રહેતા.

...અને રાત્રે પોણા બાર વાગ્યે પધરામણીનું ચક્ર પુનઃ ફરવા લાગ્યું. ટ્રીવોઝ, પેન્સૌકેન, ચેરી હીલ, કેમડેનમાં પધરામણીઓ કરતાં સ્વામીશ્રી રાત્રે પોણા વાગ્યે દીનુભાઈ રાઠોડના ઘેર પહોંચ્યા.

અહીં તેઓ સોફા પર બિરાજ્યા. સોફા આગળ મૂકેલા ટેબલ પર ફ્રેમમાં જડેલી સ્વામીશ્રીની છબી યજમાને પૂજન માટે ગોઠવી રાખેલી. તેની સાથે વિચરણમાં રાખવામાં આવતી પધરામણીની મૂર્તિ પધરાવાઈ. પૂજન-આરતી થયાં. પ્રસાદ ધરાવાયો. હવે ઊભા જ થવાનું હતું. તેથી સાથેના સંતે પધરામણીની મૂર્તિ લઈ લેતાં ટેબલ પર એકલી સ્વામીશ્રીની મૂર્તિ રહી.

એટલામાં જ યજમાન દૂધ લઈ આવ્યા અને સ્વામીશ્રીના હાથમાં જ તે પ્યાલો આપ્યો. તે તેઓએ આગળ ટેબલ પર રહેલી મૂર્તિને ધરાવવા બેઠાં બેઠાં જ ધર્યો. પધરામણીની મૂર્તિ ઉપાડી લેવાઈ છે – તેનો સ્વામીશ્રીને ખ્યાલ રહ્યો નહોતો. તેથી તેઓ જે મૂર્તિને દુગ્ધપાન કરાવી રહેલા તે તો પોતાની જ હતી. સૌ મધરાતની આ મનુષ્યલીલા જોઈને મરક મરક હસી રહ્યા.

પણ વાતાવરણને સૂંઘવામાં અતિ વિચક્ષણ સ્વામીશ્રી આ વિગત તરત જ પામી ગયા. તેથી હસી પડ્યા અને આનંદ કરાવતાં બોલ્યા: 'લ્યો, આ તો પોતે પોતાનું મહાતમ ગાય... જેવું થયું.'

આમ, મધરાતે એક ચમકતી સ્મૃતિ આપીને સ્વામીશ્રી રાત્રે અઢી વાગ્યે મેગ્નોલિયામાં સુમનભાઈ મોદીના ઘેર પહોંચ્યા અને રાત્રે સાડા ત્રણ વાગ્યે ડેલરામમાં ભૂપેન્દ્રભાઈના ઘેર પધરામણી કરીને ૩:૫૦ વાગ્યે ઉતારે પધાર્યા ત્યારે ગઈકાલે સાંજે પોણા પાંચ વાગ્યાથી શરૂ થયેલું પધરામણીનું ચક્ર અગિયાર કલાક બાદ વિરમ્યું !

ચાંદ-સૂરજની સંગાથમાં ચાલેલો તેઓનો આજનો દૈનિક ક્રમ પણ સ્વામીશ્રીને ચાંદ-સૂરજની સંગાથમાં બેસાડી દે એવો જ રહ્યો ! બલ્કે, એથીયે વિશેષ. ચાંદ-સૂરજને તો પાળી બદલાય, સ્વામીશ્રીને તો રાતપાળી અને દિવસ-પાળી – બેય કરવાની થઈ !

## મનશુદ્ધિનો સાબુ

ગઈકાલે રાત્રે ચાર વાગ્યે પોઢેલા સ્વામીશ્રી બે-એક કલાકની રાત્રિ-નિદ્રા(!) લઈને જાગ્યા ત્યારે બીજા દિવસે એકાદશીનો ઉપવાસ આવી પહોંચ્યો. આ દિવસે પણ તેઓએ મોંમાં પાણીનું ટીપું મૂક્યા વિના સવારથી બપોરના દોઢ વાગ્યા સુધી પધરામણીઓ ચલાવી. ત્યારબાદ રાત્રિસભામાં એકાદશીના આશીર્વાદ આપતાં જણાવ્યું કે 'દેહને સાબુ લગાડવાથી દેહશુદ્ધિ થાય. પણ મનમાં છળ-પ્રપંચ રહી જાય તેનું શું? સત્સંગ એ મનને શુદ્ધ કરવાનો સાબુ છે.'

સભા બાદ તેઓ હરિભક્તો સાથે વાર્તાલાપ કરી રહેલા તે વખતે રાત્રિના બાર વાગી ચૂકેલા. તેથી ગઈકાલનો ઉજાગરો, આજનો ઉપવાસ અને મધરાતનો પહોર જોઈ સંતોએ સ્વામીશ્રીને આરામ કરવા વિનંતી કરી. ત્યારે તેઓ બોલ્યા : 'કેમ વહેલું? હજી તો અગિયાર વાગ્યા છે.'

તેઓને ઘડિયાળમાં બારને બદલે અગિયાર વાગ્યા છે તેમ જણાયેલું. પરંતુ સંતોએ 'બાર વાગ્યા છે' તેવો ખુલાસો કર્યો ત્યારે 'ઓહો! બાર વાગી ગયા!' કહેતાં આરામ માટે ઊભા થયા. આમ, સખત પરિશ્રમ પછી એકાદશીનું બાર વાગ્યા સુધીનું જાગરણ પણ તેઓએ પૂરું કર્યું.

અહીંથી તા. ૧૭/૭ના રોજ સ્વામીશ્રી વૉશિંગ્ટન જતાં ડેલાવર રાજ્યના બૅર ગામમાં જઈ પહોંચ્યા.

અત્રે આફ્રિકાના સત્સંગની પાયાની ઈંટ સમાન એક હરિભક્તના દીકરાના જીવનમાં 'चन्दनोऽनलसन्दग्धो न भस्म सुरभि क्वचित्।' – ચંદનના કાષ્ઠની ભસ્મ સુગંધિત નથી હોતી, એ વ્યાપ્તિ સાકાર થયેલી. પિતાના સત્સંગનો વારસો તે ગુમાવતો ગયેલો. તે જાણી સ્વામીશ્રીને ઘણી વ્યથા થયેલી, કારણ કે 'આ સંસારને વિષે જે સત્પુરુષ હોય તેને તો કોઈકનું મન ભગવાનના માર્ગમાંથી પાછું પડે ત્યારે ખરખરો થાય છે. કાં જે, થોડાક કાળ જીવવું ને એનો પરલોક બગડશે. માટે એને મોટી હાણ થાય છે...'[૧૩૧] તેથી સ્વામીશ્રીએ તેની મૉટેલમાં બેસીને તે યુવાનને સત્સંગ જાળવી રાખવા ખૂબ મમતાપૂર્વક વાતો કરી.

કૂદકે ને ભૂસકે વધતા સત્સંગની સાથે તેઓ એક-એકનું આવું જતન

---

૧૩૧. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૬.

કરી જાણતા.

આ રીતે બૅરથી નીકળેલા સ્વામીશ્રી મૅરીલેન્ડ રાજ્યની ૨.૨૪ કિ.મી. લાંબી બાલ્ટીમોર હાર્બર ટનલ પાર કરીને અમેરિકાની રાજધાની વૉશિંગ્ટનમાં જઈ પહોંચ્યા. અહીં તેઓને ભક્તોએ સમાચાર આપ્યા કે 'ભારતીય રાજદૂત શ્રી ત્રિલોકનાથ કૌલ સાથે એક વાગ્યે મુલાકાત ગોઠવી છે.'

સમય ઓછો બચેલો. તેથી સ્વામીશ્રી તરત જ રાજદૂતાવાસ જવા નીકળ્યા, પણ લાંબું અંતર અને ગીચ ટ્રાફિકને કારણે દોઢ વાગ્યે પહોંચાયું. તેથી રાજદૂત તો અન્ય કાર્ય માટે નીકળી ગયેલા. પણ જતાં જતાં અધિકારીઓને સૂચના આપેલી કે 'સ્વામીશ્રીનું યથોચિત સ્વાગત કરવું.' તેથી સ્વામીશ્રી પધારતાં સૌએ મીઠો આવકાર આપ્યો.

તે ઝીલી સ્વામીશ્રી વ્હાઈટ હાઉસ, વૉશિંગ્ટન સ્મારક, કેપિટલ હિલ પર દૃષ્ટિ કરતાં કરતાં કેપિટલ હિલના આગળના ભાગનાં પગથિયાં પાસે આવેલી લૉનમાં ગાડીની રાહ જોતાં બિરાજ્યા. ગાડી આવતાં તેમાં બેસીને ઉતારે પધારી બપોરે ચાર વાગ્યે ઠાકોરજી જમાડ્યા! ભોજન પછી 'સાંજે' પોણા પાંચ વાગ્યે 'બપોર'ની કથા પણ કરી!!

## ગુરુ છતાં સ્વયંસેવક

કથા બાદ સ્વામીશ્રી તો નામ પૂરતો આરામ લઈ વેળાસર જાગ્રત થઈ ગયા. પરંતુ સ્વામીશ્રીની તેજ રફતાર સાથે કદમ મિલાવી રહેલા સાથી સંતોને તો નિદ્રાનું ઘારણ ખરેખરું વળી ગયેલું. તેથી સ્વામીશ્રી જાગ્યા ત્યારે પણ તેઓ ઘસઘસાટ સૂતા હતા. સ્વામીશ્રીને શૌચ-સ્નાન માટે જવું હતું. છતાં તેઓએ કોઈ સેવકોને જગાડ્યા નહીં. જરૂરી તમામ વ્યવસ્થાઓ જાતે જ કરી અને પરવારી ગયા. ત્યારબાદ સાંજે સભા-પધરામણીઓ હોવાથી થોડી વારે બધાને હેતથી જગાડ્યા. સૌ આંખો ચોળતાં ઊભા થયા ત્યારે ખ્યાલ આવ્યો કે 'આજે તો ગુરુ સ્વયંસેવક બની ગયા છે!'

સંતો સેવામાં ચૂક પડવાને કારણે દિલગીર હતા. પણ ગુરુ હોવા છતાં સરળ, સહજ અને સેવક બનીને જ વર્તતા સ્વામીશ્રીને તો કોઈ ધોખો નહોતો.

જાગેલા સંતો પરવારી ગયા બાદ સ્વામીશ્રી લેન્ડ મનોર રિક્રીએશન સેન્ટરમાં પધાર્યા. અહીં માત્ર ૫૦ મુમુક્ષુઓની સભામાં લાભ આપીને ૩૫ કિ.મી. દૂર ઑલ્ની તથા ગ્લેનબર્નીમાં પધરામણીઓ કરી. ત્યાંથી રાત્રે દોઢ

વાગ્યે ઉતારે પાછા ફર્યા.

સૂર્યના ઉદય-અસ્તને નિશ્ચિત ગણિત હોય છે; પરંતુ સ્વામીશ્રીના વિચરણમાં સમયનું કોઈ ગણિત રહેતું નહીં. તેઓનું તો એક જ ગણિત હતું – હરિભક્તોને રાજી કરવાના વ્યવસાયમાં, લોકકલ્યાણના ઉદ્યમમાં કોઈ ખોટ આવવી જોઈએ નહીં.

## વિશિષ્ટ આદેશ

ગઈકાલે ભારતીય રાજદૂત સાથે શક્ય ન બનેલી મુલાકાત તા. ૧૮/૭ના રોજ યોજાયેલી. તે માટે સવારે ૮:૧૦ વાગ્યે સ્વામીશ્રી જ્યારે તેઓના ઘેર પહોંચ્યા ત્યારે એલચીએ સ્વામીશ્રીને આવકારતાં કહ્યું: 'મારે આપને મળવાની ઇચ્છા હતી તો અત્યારે મળાયું.' આમ, આદર અભિવ્યક્ત કરીને તેઓએ 'આપની પાસે જ બેસું' કહેતાં સ્વામીશ્રીની ફૂકમાં જ સ્થાન ગ્રહણ કર્યું.

ત્યારબાદ ઔપચારિક વાર્તાલાપમાં તેઓએ પૂછ્યું: 'ભારતના સંતો શું કરે છે?'

'બધા પોતપોતાની રીતે સારું કાર્ય કરે છે.' સ્વામીશ્રીએ જણાવ્યું.

'પરંતુ કેટલાક બરાબર કરતા નથી.' રાજદૂતે થોડો અસંતોષ વ્યક્ત કર્યો.

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું: 'જેમ રાજકારણમાં અંદરોઅંદર ફાંટાઓ હોય છે તેમ ધર્મમાં પણ હોય. મનુષ્યનો સ્વભાવ એકદમ તો બદલાઈ જતો નથી. છતાં બધા સારું જ કામ કરતા હોય છે.'

સ્વામીશ્રીની દૃષ્ટિ જ 'भद्रं पश्येमाक्षभिर्यजत्राः ...'[૧૩૨]ની ! તેઓએ આ દૃષ્ટિકોણથી જ વાત કરી.

છેવટે શ્રી ત્રિલોકનાથે પૂછ્યું: 'વિશિષ્ટ આદેશ શું છે?'

'અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ કરવી તે છે.' સ્વામીશ્રીએ શ્રીજી-સિદ્ધાંત જણાવી દીધો.

તેઓના આ સંક્ષિપ્ત પણ સચોટ ખુલાસાઓથી રાજદૂત રાજી થયા.

**Short words are the best and the old words when short are best of all.** 'ટૂંકો ઉપદેશ શ્રેષ્ઠ હોય છે અને શાસ્ત્રોક્ત વાતો સંક્ષેપમાં આવે ત્યારે તો તે સૌથી શ્રેષ્ઠ હોય છે' – આ અનુભવ આજે ભારતીય

---

૧૩૨. અમે આંખથી હંમેશા સારું જ જોઈએ...

એલચી કરી રહ્યા.[૧૩૩]

## પરચો થશે પણ મનાશે નહીં

તા. ૧૮/૭ના રોજ વૉશિંગ્ટનથી સિનસિનાટી સુધીનું ૮૮૦ કિ.મી.નું અંતર કાપવાનું હતું. તે માટે સવારે સાડા આઠ વાગ્યે નીકળી જવાનું સ્વામીશ્રીએ વિચારેલું. પરંતુ રાજદ્વારી મુલાકાતને કારણે સાડા દસ વાગ્યે નીકળવાનું થતાં સેવક બોલ્યા: 'હવે રાત્રે ૧૧ વાગ્યે પહોંચાશે.'

'સવા દસ પહેલાં પહોંચી જઈશું.' જાણે રસ્તો માપતા હોય તેમ સ્વામીશ્રીએ ખાતરીપૂર્વક ઉચ્ચાર્યું.

તે સાંભળી સેવક કહે: '...તો તો પરચો થયો કહેવાશે.'

ત્યારે 'પરચો થશે તો પણ તમને આખી જિંદગી મનાશે નહીં' એમ કહી સ્વામીશ્રીએ પણ ગમ્મત કરી.

આવી હળવાશ સાથે મુસાફરી શરૂ થઈ. આજે આખો દિવસ પ્રવાસ જ હતો. તેથી ભોજનની સામગ્રી સૌ સૌની ગાડીઓમાં મૂકી દેવાયેલી. જેને જ્યાં અનુકૂળ સ્થાન મળે ત્યાં ભોજન કરી આગળ વધવાનું હતું.

સ્વામીશ્રીની મોટરે એકધારું ૪૬૦ કિ.મી.નું અંતર કાપ્યું ત્યારે ઠાકોરજીને જળ-થાળ ધરાવવા 'રેસ્ટ ઍરિયા'માં વાહન ઊભું રાખવામાં આવ્યું. પૂરી, બટાટાની સૂકી ભાજી, ગાંઠિયા અને મગસનો થાળ સ્વામીશ્રીએ ઠાકોરજીને અર્પણ કર્યો. ત્યારબાદ પોતે પ્રસાદ લઈ ડ્રાઇવરને આરામ મળી રહે તે હેતુથી સ્વામીશ્રીએ પણ વનમાં જ એક કલાક વિશ્રામ કર્યો. ઘાસ ઉપર પાથરી દેવામાં આવેલી 'સ્લીપિંગ બેગ' પર ખુલ્લા આકાશ નીચે તેઓ પોણા ચારથી પોણા પાંચ વાગ્યા સુધી નિદ્રાધીન થયા. તે વખતે સૂર્યદેવ અને વાયુદેવે સેવાનો સારો લાભ લઈ લીધો.

સાંજે મુસાફરી પુનઃ આગળ ધપી. પણ રસ્તામાં ન્યૂ સ્ટેન્ટનનો નિકાસ-માર્ગ(Exit) ચૂકી જવાતાં ૫૬ કિ.મી.નો ધક્કો થયો. છતાં પરચો થયો! સ્વામીશ્રી પોણા દસ વાગ્યે તો સિનસિનાટીમાં ઉતારે જઈને બેઠેલા.

---

૧૩૩. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના અમેરિકા-વિચરણની સ્મૃતિને નયનગોચર કરવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

તેઓ સવારે જે બોલેલા તે મુજબ જ બનેલું! સૌને લાગ્યું : 'સ્વામીશ્રીથી કોઈ માર્ગ અજાણ્યો નથી; તે અમેરિકાનો હોય કે અક્ષરધામનો.'

## અમારે તમારું કાંઈ નથી જોઈતું

સિનસિનાટીમાં રોકાણ તો માત્ર ત્રણ જ દિવસનું હતું. છતાં આ શહેર અને તેના જૂજ સત્સંગીઓએ સંપ્રદાયના ઇતિહાસમાં એકથી વધુ દીપસ્તંભ ખોડી દીધા.

પ્રથમ તો તા. ૧૯/૭ના રોજ શહેરના સીટી હૉલમાં સ્વામીશ્રી 'ફ્રી ટુ ધ સીટી ઑફ સિનસિનાટી' સ્વીકારવા પધાર્યા. તેઓને ઉપમેયરશ્રી વિલિયમ ચેનોલ્ટે આવકારી બીજે માળે આવેલો કાઉન્સીલનો વિશાળ હૉલ બતાવ્યો અને મેયરની ઊંચી ખુરશી પર સ્વામીશ્રીને વિરાજમાન કર્યા. ઉપમેયર બાજુમાં બેઠા અને 'શહેરની ચાવી' અર્પણ કરતાં કહ્યું : 'આ પ્રકારનું બહુમાન અમે બહુ જ થોડા માણસોનું કરીએ છીએ. અમને આપ આપના ક્ષેત્રમાં અતિ મહાન લાગ્યા. તેથી આ શહેરના વિશેષ અધિકારો આપતી આ ચાવી આપને અર્પણ કરીએ છીએ.' મેયરશ્રી થિયોડોર બેરીએ પણ સ્વામીશ્રીને મળી આનંદ વ્યક્ત કર્યો.

આમ, અમેરિકામાં સ્વામીશ્રીને આ રીતે સન્માનવાની પ્રથમ તક ઝડપીને સિનસિનાટીએ પોતાનું નામ ઇતિહાસમાં અંકિત કરી દીધું. તેણે સ્વામીશ્રી માટે પોતાનાં દ્વાર ખોલ્યાં અને સ્વામીશ્રીએ પણ પોતાના સંબંધે આ શહેર માટે મુક્તિનાં દ્વાર ખોલી નાંખ્યાં. આવનારો સમય કહેશે કે 'કોણે આપ્યું અને કોણે મેળવ્યું ?'

આ સન્માન સ્વીકારીને સ્વામીશ્રી ટેલિવિઝન સ્ટુડિયોમાં જવા વિદાય થયા. અહીંથી Noon Report(મધ્યાહ્ન સમાચાર) કાર્યક્રમ અંતર્ગત બપોરે ૧૨:૪૩ થી ૧૨:૫૨ સુધી સ્વામીશ્રીનો સૌપ્રથમ રંગીન ટેલિવિઝન ઇન્ટરવ્યૂ પ્રસારિત કરીને પણ સિનસિનાટીએ હજારોના ધન્યવાદ મેળવી લીધા.

ટેલિવિઝન સ્ટુડિયોથી સ્વામીશ્રી સીધા જ ૧૦૮ વર્ષ પુરાણા સિનેગૉગને પાવન કરી 'કાઉન્સિલ ઑફ ક્રિશ્ચિયન કોમ્યુનીઅન'માં પધાર્યા. અત્રે ખ્રિસ્તી ધર્મની જુદી જુદી શાખાઓના પ્રતિનિધિઓને મળી સ્વામીશ્રીએ ઉતારે પધારી બપોરે સાડા ત્રણ વાગ્યે ભોજન ગ્રહણ કર્યું.

આ શહેરમાં તેઓનો આજે પ્રથમ જ દિવસ ગણી શકાય તેમ હતું.

છતાં રાજકીય, સામાજિક અને ધાર્મિક સંસ્થાનોએ માત્ર અડધા દિવસમાં જ તેઓના સન્માન-સાંનિધ્યનો લાભ લેવા જે ઉત્સુકતા દાખવી તે સ્વામીશ્રીની સાર્વજનિક પ્રતિભાનું દર્શન કરાવનારી બાબત બની રહી.

રાત્રે 'લેક શોર ડ્રાઇવ એપાર્ટમેન્ટ પાર્ટી હૉલ'માં યોજાયેલી જાહેર-સભામાં પણ આ જ અનુભવ સૌને થયો. તેમાં ખાસ્સી સંખ્યામાં મુમુક્ષુઓ લાભ લેવા દોડી આવેલા.

આમ, પ્રથમ પગલે અને પરિચયે જ સૌના પ્યારા બની રહેતા સ્વામીશ્રીએ તા. ૨૦/૭ની સવારે સાડા દસ વાગ્યે સિનસિનાટીથી વિદાય લઈ ઇન્ડિયાના રાજ્યમાં પ્રવેશ કર્યો ત્યારે અમેરિકાનો વધુ એક પ્રદેશ તેઓની સાધુતાની સુવાસથી મહેંકી ઊઠ્યો.

અહીં હેમન્ડમાં એકાદ કલાકના રોકાણ દરમ્યાન મંદિરની સેવા માટે બળભરી હાકલ કરતાં સ્વામીશ્રી બોલી ઊઠ્યા: 'અમારે તમારું કાંઈ નથી જોઈતું. સત્સંગ રાખજો. અમારે ક્યાં છોકરાં પરણાવવાં છે? મંદિર માટે માંગીએ છીએ. તે તમારા બધા માટે છે...'

સ્વામીશ્રીની આ વાત સવા સો ટકા સાચી હતી. પોતાના અંગત વપરાશ માટે તેઓએ એક દોકડાનો પદાર્થ પણ દુનિયામાં કોઈની પાસે માંગ્યો હોય તેવો દાખલો નોંધાયો નથી. અપરિગ્રહનું એવરેસ્ટ હતા તેઓ. છતાં 'सहस्रगुणमुत्स्रष्टुमादत्ते हि रसं रविः ...'[૧૩૪] – હજાર ગણું આપવા માટે સૂર્ય પૃથ્વીનાં નીર શોષે છે, તેમ તેઓ સેવા માંગતા.

## સરોવરમાં સંતવર

હેમન્ડથી નીકળેલા સ્વામીશ્રી રાત્રે નવ વાગ્યે શિકાગો પધારી ગયા. મિશિગન સરોવરના ખૂણે અને શિકાગો નદીના મુખ પર વસેલા આ શહેરમાં તેઓને વધાવવા કેટલાક યુવાનો તો ૮૦૦, ૧૧૦૦ અને ૨૪૦૦ કિ.મી.ના અંતર કાપીને આવેલા! અમેરિકાની યુવાની આ ભગવાંધારી સંત પાછળ આવી રીતે ઘેલી થયેલી તે વિશ્વના ભવિષ્ય માટે શુભ નિશાની હતી. આ શિકાગો અને સમસ્ત અમેરિકાને વિવેકાનંદ સ્વામીએ પ્રવચનો કરીને ડોલાવેલું. આજે સ્વામીશ્રી પોતાના પ્રેમ અને પરિશુદ્ધ વર્તનથી તેને ડોલાવી રહેલા.

અત્રે તા. ૨૧/૭ના રોજ કિશોર-કિશોરી મંદિર તથા 'બહાઈ હાઉસ

---

૧૩૪. रघुवंशम् – ૧/૧૮.

ઑફ વર્શિપ'ની મુલાકાત બાદ સાંજે રીવર પાર્ક હૉલમાં યોજાયેલી સભામાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'માયા પરનું જે સુખ છે તે જ સાચું સુખ છે. સેવક બનવું તેના જેવું બીજું સુખ નથી.'

આ સુખમાં અખંડ ગરકાવ સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૨૩/૭ના રોજ મિશિગન સરોવરમાં નૌકાવિહારની ગોઠવણ કરવામાં આવેલી. તે મુજબ દરિયાની જેમ હિલોળા લેતાં ૩૫૦ માઈલ લાંબા અને ૧૧૮ માઈલ પહોળા આ સરોવરની સપાટી પર સાંજે સાત વાગ્યે ૮૫ સંતો-ભક્તોને લઈને નૌકા સરકવા લાગી. સ્વામીશ્રીને તો કોઈપણ ક્રિયામાં ભગવાનનો સંબંધ છૂટવો ન જોઈએ એ જ તાન. તેથી હોડીમાં કીર્તનભક્તિ શરૂ કરાવી. પોતે પણ હાથમાં મંજીરાં લઈને પ્રેમપૂર્વક વગાડવા લાગ્યા.

તેઓ કાયમ કોઈ વાજિંત્ર વગાડતા નહીં, પરંતુ પ્રસંગોપાત્ત જ્યારે વગાડે ત્યારે પણ કદી તાલ ચૂકતા નહીં. બાળપણમાં ઊભા ભજનમાં ખંજરી, કરતાલ વગેરે તેઓ વગાડતા તેના સંસ્કાર છેવટ સુધી એવા જ રહેલા.

હોડી થોડી આગળ વધી એટલે તેને ધીમી પાડી સ્વામીશ્રીએ પ્રાસાદિક પુષ્પો સરોવરમાં પધરાવ્યાં. ત્યારબાદ એક બાલદીમાં પાણી ભરીને હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવ્યું અને તે પ્રસાદીજળ પોતે મસ્તકે ચડાવ્યું. સૌ પર પણ છાંટ્યું. પછી સઘળું પ્રસાદીજળ સરોવરમાં ઠાલવીને *'તે તો થયાં સરવે તીરથ રે, જેમાં ના'યા શ્રીહરિ સમરથ રે...'* મુજબ આખા સરોવરને પવિત્ર કરી દીધું.

ભજનની સાથે સૌને ભોજનનો આનંદ પણ સ્વામીશ્રીએ પમાડ્યો. સેવ, ચેવડો, ગાંઠિયા, શરબત વગેરે ઠાકોરજીને ધરાવી સૌને વહેંચાવ્યા. તેઓએ પણ સૌની સાથે આ અલ્પાહાર અંગીકાર કર્યો. તેથી એક કલાક સુધી સરોવર-વિહારને માણતાં રહેલાં સૌનાં હૈયાં પણ સરોવરની જેમ હિલોળા લેવા માંડ્યાં.

સરોવરની સહેલ પછી સૌ સ્વામીશ્રીને ૧,૪૫૪ ફૂટ ઊંચા સીઅર્સ ટાવર પર લઈ ગયા. અહીં ચોતરફ રાખેલી કાચની મોટી મોટી બારીઓમાંથી સ્વામીશ્રીએ સમગ્ર શહેર પર ઠાકોરજીની દૃષ્ટિ કરાવી તેના સૂતેલા સંસ્કાર જગાડ્યા. પછી બકિંગહામ ફાઉન્ટેનને પાવન કરી ઉતારે આવી પહોંચ્યા.[૧૩૫]

---

૧૩૫. સ્વામીશ્રીના આ સરોવર-વિહાર તથા અમેરિકાના વિચરણના વિશેષ ચરિત્રોને માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

## ભારતનાં શાન-સન્માન વધે છે

તા. ૨૪/૭ના દિવસે સ્વામીશ્રી ઑક પાર્ક, એલમર્સ્ટ, ગ્લેન એલન વગેરે સ્થળોએ પધરામણી કરીને ઉતારા તરફ આવી રહેલા. તે વખતે સપાટ સડક અને સુયોગ્ય ગાડીને કારણે ચાલકને ચાનક ચડેલી. તેથી વેગપૂર્વક ગાડી હંકારી રહેલા તેણે એક વળાંકે ગાડી વાળી ત્યાં જ સામેથી ૯૬ કિ.મી.ની ગતિએ મોટર આવી રહેલી દેખાઈ. બેય ગાડીઓ વચ્ચે અંતર ઓછું બચેલું અને જે બચેલું તે ઝડપથી કપાઈ રહેલું. તે વખતે ચાલકે સમયસૂચકતા વાપરી ગાડીને બાજુના રસ્તા પર લઈ લીધી. પણ ત્યાં ઘાટ ‘આગળ આગ ને પાછળ વાઘ’ જેવો થઈ રહ્યો. ગાડીની ટકરામણ ટાળવા જે બાજુના રસ્તા પર મોટર લેવાયેલી તે રસ્તે બીજી એક ગાડી પુરપાટ ધસતી આગળ આવી રહેલી. તે જોતાં જ ગાડીચાલકને પરસેવો છૂટી ગયો. પણ તે વખતે મૂળ રસ્તા પરની ગાડી પસાર થઈ જતાં તેણે ગાડી પાછી તે રસ્તા પર લાવી દીધી અને એક હોનારત સર્જાતાં બચી ગઈ.

શ્રીજીમહારાજે આજે સ્વામીશ્રીની જ નહીં, પણ સમગ્ર સત્સંગની રક્ષા કરી દીધી.

આવા સદા સુરક્ષિત સ્વામીશ્રી તા. ૨૫/૭ના રોજ શિકાગોથી વિદાય લઈ એલ્બર્ટ, એન આર્બર, ડેટ્રોઇટ, વિન્ડસરને પાર કરતાં ક્લીવલેન્ડ પહોંચ્યા ત્યારે સમય થયેલો રાત્રિના સવા ત્રણ વાગ્યાનો! અત્રે ભક્તો સાથે પ્રાસંગિક વાર્તાલાપ કરી તેઓ રાત્રે સાડા ત્રણ વાગ્યે આરામમાં પધાર્યા ત્યારે ગઈકાલે સવારે સાડા પાંચ વાગ્યાથી આરંભાયેલો દૈનિક ક્રમ એકધારો બાવીસ કલાક બાદ અત્યારે પૂરો થઈ રહેલો!

વિચરણ એ સ્વામીશ્રીનો કાયમી ક્રમ હતો. છતાં રોજ એમાં કંઈક ને કંઈક નવું જાણવા-માણવા મળતું. વર્ષો સુધી રોજના હિસાબે નવાં-નવાં રત્નો આપતી ખાણ જરૂર સમૃદ્ધ હોય. તેમ સ્વામીશ્રીની ગુણખાણ પણ એવી જ સધ્ધર-સમૃદ્ધ હતી કે દુનિયા રોજ કંઈક નવું પામતી રહેલી. આજે એ નવીનતા નીરખવાનો લાભ ક્લીવલેન્ડને મળ્યો.

અહીં તા. ૨૬/૭ની સવારે સ્વામીશ્રી સિટી હૉલમાં પધાર્યા. અત્રે દસ-બાર લાખની જનસંખ્યા ધરાવતા આ શહેરના મેયરશ્રી રાલ્ફ પર્ક તેઓને મળવા આતુર હતા. સ્વામીશ્રી પધારતાં જ તેઓએ હસ્તધૂનન કરી ભાવવિભોર

થતાં જણાવ્યું કે 'ભારતીય સંસ્કારો ઉચ્ચ ધાર્મિક જીવનની પ્રેરણા આપે છે. તેથી અમને ભારત માટે માન છે. ભારતીય સંસ્કૃતિ પચરંગી પથ્થરમાં જડેલા એક રત્ન સમાન છે. આપના સન્માનના પ્રતીકરૂપે આજે આપને 'કી ટુ ધ સિટી ઑફ ક્લીવલેન્ડ' આપતાં મને હર્ષ થાય છે.' એમ કહી તેઓએ સ્વામીશ્રીને પ્રતીકરૂપ ચાવી અર્પણ કરી.

આ સન્માન ઠાકોરજીનાં ચરણોમાં મૂકતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'આપે જે સન્માન કર્યું છે તે ભગવાનનું સન્માન કર્યું છે. સાધુને તો સન્માન હોય નહીં. ભારતીયજનો પ્રત્યે આપને સદ્‌ભાવ છે તેથી અમને આનંદ થાય છે.'

અહીંથી પોતાની કચેરીમાં સ્વામીશ્રીને પધરાવતાં નગરપતિએ વાત કરી કે 'અમેરિકામાં જે ભારતીયો આવે છે તે તેમના સંસ્કાર જો જાળવશે તો અમેરિકાની પ્રગતિમાં તેમણે મોટો ફાળો આપ્યો ગણાશે.' આમ આદર પ્રગટ કરી તેઓએ સ્વામીશ્રી પાસે સેનેટની ચૂંટણીમાં વિજયી થવાના આશીર્વાદ માંગ્યા. સ્વામીશ્રીએ તેઓને ઠાકોરજીનાં ચરણોમાં પડેલું પ્રાસાદિક ગુલાબ આપ્યું, જેને મેયરે કાગળમાં વીંટીને પોતાના ખિસ્સામાં મૂકી દીધું.

આમ, અમેરિકાની રાજદ્વારી કચેરીમાં ભારતનાં શાન-સન્માન વધારીને સ્વામીશ્રીએ આજની સાંજે એન્ડ્રુ સ્મિથ લેક્ચર હૉલમાં ધર્મલાભ આપ્યો.[૧૩૬]

## અજાયબીના ઓવારે અજાયબી

*'બહુ દેશ, બહુ ગામ ઘર રે, કર્યાં સ્પરશી પવિત્ર સુંદર રે;*
*સ્પર્શી જાગ્યે[૧૩૭] ત્યાગે કોઈ તન રે, જાય બ્રહ્મમો'લે તેહ જન રે;*
*તેહ સારુ વિચરે વસુધાય રે, બીજો અર્થ નથી એને કાંય રે...'*

આવા ઉમદા હેતુ સાથે વિચરતા સ્વામીશ્રી પગલે પગલે કલ્યાણનાં કમાડ ઉઘાડતાં જતા હતા. હવે આ પગલાંથી પૃથ્વીના ગોળાનો વધુ એક દેશ પાવન થવા થનગની રહેલો.

તે માટે સ્વામીશ્રી તા. ૨૭/૭ના રોજ ક્લીવલેન્ડથી વિદાય લઈ

---

૧૩૬. ક્લીવલેન્ડમાં વહેલી પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની કલ્યાણ-ગંગામાં ડૂબકી મારવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

૧૩૭. જગ્યાએ.

મેન્ટોર, ઓહાયો, પેન્સિલ્વેનિયા, બફેલો વગેરેને વીંધતાં નાયગ્રા ફૉલ્સ પાસે આવી પહોંચ્યા. એરી(Erie) સરોવરમાંથી નીકળતી નાયગ્રા નદી ઉત્તરમાં ઓન્ટેરિયો તરફ વહે છે. તેથી કેનેડા અને અમેરિકા જુદા પડે છે. અમેરિકાની હદમાં આવતો તેનો ૧,૦૦૦ ફૂટ પહોળો ભાગ નદીની જમણી બાજુએથી ૧૬૭ ફૂટની ઊંચાઈએથી વહે છે. સૌ ભક્તોની વિનંતીથી આ ધોધ પાસે ગયેલા સ્વામીશ્રીએ પુષ્કળ પ્રમાણમાં વહી જતું પાણી જોઈ સંકલ્પ કર્યો કે 'આવું પાણી દેશમાં પણ વહે ને ખૂબ વરસાદ બધે પડે ને સુખ-શાંતિ થાય...' આ સંકલ્પની પરિપૂર્તિ માટે ધૂન-પ્રાર્થના પણ કર્યાં.

ધૂન-પ્રાર્થના એ જાણે સ્વામીશ્રીનાં બે ફેફસાં હતાં. તે તેઓના જીવનમાં અવિરત ચાલતાં રહેલાં. ધૂન-પ્રાર્થના કરતાં કરતાં જ તેઓએ કેનેડા દેશમાં પદાર્પણ કર્યું.

અહીં પ્રવેશતાં જ ઍન્ડ્રુઝ યુનાઈટેડ ચર્ચ હૉલમાં યોજાયેલી જાહેર-સભામાં ભગવાનજી માંડવિયા, નરસિંહભાઈ, ઘનશ્યામભાઈ, પ્રફુલ્લભાઈ વગેરેએ સ્વામીશ્રીને આવકાર્યા. તે સ્વાગત ઝીલી કેનેડા દેશ પર સૌપ્રથમ આશીર્વર્ષા વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'ઘણા વખતથી કેનેડાની વાતો થતી હતી તે આજે આવી ગયા. આ દેશમાં ડૉલર કમાવા આવ્યા છો પણ એ ધ્યાન રાખવું કે ભગવાન ભજવા આ દેહ આપ્યો છે. તે કામ કરી લેવું. દેહરૂપી પતરાવળામાં લાડવા ખાવારૂપી ભગવાનનું ભજન કરીને પતરાવળું ફેંકી દેવું.'

આ સભા બાદ સૌ સ્વામીશ્રીને કેનેડાની હદમાં ૧૮૬ ફૂટની ઊંચાઈએથી ૨,૬૦૦ ફૂટ પહોળા વિસ્તારમાં ખાબકતા નાયગ્રા ધોધ પાસે લઈ ગયા. અત્રે કઠેડાની પાળી ઉપર ઊભા રહી સ્વામીશ્રીએ જે સંકલ્પ અમેરિકાની સીમામાં પડતાં ધોધ પાસે કરેલા, તે જ સંકલ્પની પરિપૂર્તિ માટે અહીં પણ ધૂન-પ્રાર્થના કર્યાં. હરહંમેશ જીવ-પ્રાણીમાત્રનું હિત ચિંતવતા તેઓને ધોધ કરતાં ધૂનમાં વધુ રસ જણાતો હતો.

વર્ષોથી પડતા-પછડાતા નાયગ્રા માટે પણ આ દૃશ્ય નવું હતું. અહીં તેણે અત્યાર સુધી કિકિયારીઓ કરતાં, ચિચિયારીઓ પાડતાં, નાચતાં-કૂદતાં, કૅમેરાની ચાંપો ખટાખટ દબાવતાં... એમ પ્રકૃતિનાં સૌંદર્યનું પાન કરીને પ્રકૃતિવશ ફરતાં કરોડો લોકો જોઈ નાંખેલા. પણ પ્રકૃતિથી પ્રભાવિત થયા વિના કેવળ પરમાત્માને વશ વિભૂતિનું પ્રતિબિંબ પહેલી વાર નાયગ્રા ઝીલી

રહેલો. તેથી આ અજાયબીને પણ અજાયબી લાગી રહી!

સ્વામીશ્રીએ પણ તેની મીઠપ અને વિશાળતાને અંજલિ આપતાં કહ્યું: 'આપણે મીઠાં પાણીના દરિયાનું સાંભળેલ, શાસ્ત્રમાં લખેલ પણ જોયું તો આજે જ.'

ત્યારબાદ સૌની વિનંતી સ્વીકારી તેઓએ આંખો પર દૂરબીન માંડ્યું અને ધોધને સમીપમાં લીધો. તેમાં તેઓએ જોયું હશે કે 'આ જળપ્રપાત સ્વચ્છ છે પણ પવિત્ર નથી.' તેથી નાયગ્રાના જળની સ્વચ્છતાને પવિત્રતાનો સંબંધ કરાવવા માટે સ્વામીશ્રીએ ઠાકોરજીનાં પ્રસાદીપુષ્પો તેમાં પધરાવ્યાં. પણ તે પુષ્પો પાણીને સ્પર્શે તે પહેલાં તો પવન તેને ક્યાંય ફંગોળી દેતો હતો. તેથી સ્વામીશ્રીએ પુષ્પોને કાગળમાં વીંટી મોટો ડૂચો બનાવ્યો. પછી પાળી ઉપર એક પગ કઠેડાની બહાર કાઢીને જોરપૂર્વક તેને પાણીમાં પધરાવ્યાં. ત્યારબાદ તે પુષ્પો પાણીમાં પડ્યાં કે નહીં તે પણ ઉત્કંઠ થઈને જોયું. નિશાન બરાબર વીંધાયેલું. તેથી તેઓને સંતોષ થયો. જડ પ્રવાહને પણ પવિત્ર કરવા માટે આટલો પરિશ્રમ ઉઠાવનાર સ્વામીશ્રી જીવને તો શીદ છોડે?

જાણે આ વિપુલ જળરાશિને પવિત્ર કરવા માટે જ તેઓ અહીં પધાર્યા હોય, તેમ પુષ્પો પધરાવ્યાં બાદ સ્વામીશ્રીએ કહ્યું: 'ચાલો, હવે જઈએ.' ત્યારે સૌએ રાત્રિના અંધકારમાં ધોધ પર ફેંકવામાં આવતાં રંગબેરંગી પ્રકાશના શેરડાથી ઊભી થતી અભિનવ અને આકર્ષક સૃષ્ટિ જોઈને જવા સ્વામીશ્રીને વિનંતી કરી. તેઓએ આ વાત સ્વીકારી, પણ હજી એ કાર્યક્રમને વાર હતી એટલે તરત બોલ્યા: 'ચાલો, ભજન-કીર્તન કરીએ.' એમ પ્રતીક્ષા-સમયના સદુપયોગનું આયોજન આપી દીધું અને નાયગ્રાના કિનારે કીર્તનની કકડાટી બોલવા માંડી. અજાયબીના ઓવારે અજાયબી સમાન વધુ એક દૃશ્ય સર્જાઈ રહ્યું.

ભજન-કીર્તન માટે સ્વામીશ્રી ઘાસના મેદાનમાં બેસવાની તૈયારી કરી રહેલા ત્યારે એક હરિભક્તે સમયસૂચકતા વાપરીને પોતાનો હાથરૂમાલ બેસવા માટે પાથરી દીધો. પણ સ્વામીશ્રીએ તેથી અધિક ત્વરાથી તે રૂમાલ પર ઠાકોરજીને પધરાવી દીધા. પુરબહાર ખીલેલી પ્રકૃતિમાં પણ, તેઓ પરમાત્મામાં જ રમમાણ છે તેનું આ દર્શન સૌને અજાયબી સમાન જ લાગ્યું. સૌએ તેને ચિરંતન કરવા કેમેરાને કામે લગાડી દીધો.

કીર્તન-ભક્તિમાં નિમગ્ન સ્વામીશ્રીએ થોડી વારે *'હરિગુણ ગાતાં...'*

૫૬ ૫૨ વાત ઉપાડી કે "લાખો માણસ અહીં જોવા આવે છે પણ આ ધોધના બનાવનાર ભગવાન છે. જ્ઞાન થાય તેને એ સમજાય ને આનંદ આવે. શ્રીજી-મહારાજે મૂળજી બ્રહ્મચારીને પૂછ્યું કે 'આ પાંદડું કોણ હલાવે છે?' બ્રહ્મચારી કહે: 'પવન.' ત્યારે શ્રીજીમહારાજે પૂછ્યું: 'પવનને કોણ હલાવે છે?' ત્યારે બ્રહ્મચારી બોલ્યા: 'ભગવાન.' તેમ ભગવાનને જ જે સર્વકર્તા માને તેને જગતના કોઈ પદાર્થમાં આશ્ચર્ય થાય નહીં. કારણ, તે ભગવાનનું જ કાર્ય છે. ભગવાનને જોવા થકી જે આનંદ થાય તે બીજાથી ન થાય... ન્યૂયોર્કમાં મંદિર થયું. હવે કેનેડા જાગ્યું છે. સંતો વારાફરતી અહીં આવશે. આ દેશમાં સો (સંતો) ફરશે. આ વાત સમજાય તેમ નથી. પણ મહારાજ-સ્વામીનું જ્ઞાન બધે પ્રવર્તશે. આ કેનેડાનું ધાર્યું હતું? પણ આવી ગયા. તેમ જાપાન પણ જઈશું. જાપાનમાં પણ જાગશે. ગાયો લીલું જોઈને ચરવા જાય તેમ ભક્તો જોઈને સંતો ત્યાં જાય છે. સ્વામી કહેતા: 'બધા દેશોમાં મહારાજ-સ્વામીનો મહિમા ગાવો છે.' કંઠી, માળા વગેરેના ૬૫ ડૉલર કસ્ટમવાળાએ લીધા.[૧૩૮] પરચો થયો. ભલે, તેનું સારું થશે. આપણે ભગવાન ભજી લેવા."

અત્યાર સુધી અહીં આવનાર સૌ ધોધમાં જ ગુલતાન થઈ જતા હતા. પરંતુ પાણીની સામે વહેતો વાણીનો ધોધ નાયગ્રાએ પહેલી વાર જોયો. એ ધોધમાં પોતાના જેવો ઘમંડ છલકાવતો ઘુઘવાટ નહોતો, પોતાના જેવી ભયાનકતા નહોતી, બરબાદી નોંતરે તેવી વિનાશકતા નહોતી. તે ધોધ શાંત, સૌમ્ય અને સુખકારી હતો. છતાં તે ધોધની તાકાત નાયગ્રાને પોતાની તાકાત કરતાં વધુ અનુભવાઈ. અજાયબીને પણ આ અજાયબી લાગી રહી.

એટલામાં જ વિવિધરંગી પ્રકાશની ધારાઓ નાયગ્રાને નવરાવવા લાગી. તેથી નયનરમ્ય દૃશ્ય સર્જાઈ રહ્યું. ધોધના પછડાવાથી ઊડતાં જલ-કણોથી બંધાતાં વાદળો બહુરંગી તેજલીસોટા પડતાં રંગીન જણાવાં લાગ્યાં. ધોધ પણ રંગબેરંગી શોભા ધારણ કરી ચમકી રહ્યો. આ નીરખનારાં સૌનાં મન પણ રંગાઈ રહ્યાં. સમયમર્યાદા પૂરી થતાં ઇન્દ્રજાળ સમી આ શોભા સમેટાઈ ગઈ અને સૌ વિદાય થવા લાગ્યા.

આજે શનિવારે સહેલાણીઓની માત્રા વધુ હોવાથી મોટરો ઘણી

---

૧૩૮. સંતોની ગાડી જ્યારે અમેરિકાથી કેનેડામાં પ્રવેશી રહેલી ત્યારે કંઠી, માળા, ધાર્મિક પુસ્તકો, ચોપાનિયાં વગેરેનાં ખોખાં ખોલાવીને કસ્ટમ અધિકારીએ ૧૦% લેખે જકાત(ડ્યૂટી) લગાવી ૬૫ ડૉલરની વસૂલી કરી હતી.

આવેલી. તેમાંય સ્વામીશ્રીની મોટરનું પાર્કિંગ થોડે દૂર થયેલું. તેથી મોટર આવતાં લગભગ પોણો કલાક જેટલો સમય વીતી ગયો. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'રંગ જોવા રહ્યા તેમાં આપણને રંગ લાગી ગયો. (એટલે કે આપણે મોડું થયું.)' આટલો વ્યંગ કરી નાયગ્રા-દર્શનની અનુભૂતિ વર્ણવતાં તેઓના મુખેથી શબ્દો સરી પડ્યા: 'આપણને તો જોવા કરતાં ભજનમાં વધુ આનંદ આવ્યો. *વિષયાનંદી જક્ત હૈ, ભજનાનંદી કો'ક.*' એમ કહેતાં તેઓ ગાડીમાં બિરાજ્યા ત્યારે જડ અજાયબી સમો નાયગ્રા જીવંત અજાયબી સમા સ્વામીશ્રીને જતાં જોઈ જ રહ્યો.

સાડા દસ વાગ્યે અહીંથી નીકળેલા સ્વામીશ્રી બાર વાગ્યે ગલ્ફમાં અલ્પ રોકાણ કરીને રાત્રે બે વાગ્યે કિચનરમાં જઈને પોઢ્યા. ગઈકાલે સવારે સાડા પાંચ વાગ્યાથી શરૂ થયેલો તેઓનો દિવસ રાત્રે બે વાગ્યે વિરમ્યો! સાત ઘોડાવાળા રથમાં ઘૂમતો સૂર્ય પણ જ્યારે થાકીને સૂઈ જતો ત્યારે પણ સ્વામીશ્રીનાં રથચક્ર તો ફરતાં જ રહેતાં.

## ટોરોન્ટોમાં મંદિરની આગાહી

ભગીરથના રથના ચીલે ચીલે ગંગા વહી હતી તેમ સ્વામીશ્રીના પગલે પગલે વહેતી કલ્યાણની ગંગા તા. ૨૮/૭ની સવારે ૧૧:૨૫ વાગ્યે ટોરોન્ટોમાં પ્રવેશેલી. ઓન્ટેરીઓ સરોવરની ઉત્તરે ચાલીસ ચોરસ માઈલમાં પથરાયેલું આ શહેર કેનેડાનું 'ગ્રોથ એન્જિન'(growth engine).

અહીં ધીરુભાઈ બ્રહ્મક્ષત્રિયને ઘેર યોજાયેલી તેઓનાં ૫૦ ઉપરાંત સંબંધીઓની સભામાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા: 'રવિસભા અહીં થાય છે તો સૌએ લાભ લેવો. સ્વામિનારાયણ સંપ્રદાય સનાતન હિંદુ ધર્મ છે. મંદિર ન્યૂયોર્કમાં થયું. અહીં ભવિષ્યમાં થશે. ભગવાન દયાળુ છે. સૌને સુખિયા કરે.'

આગમનના આ પ્રથમ દિવસની સાંજે વિલોડેઈલના નોર્થ મિન્સ્ટર યુનાઈટેડ ચર્ચમાં આયોજિત જાહેર-સભામાં પણ સત્સંગનું નિશાન રોપી આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'પર્વત ઉપર ચઢવા માણસ દોડી જાય. કારણ? માન મળે. ચંદ્ર પર જવા તૈયાર. પણ બે કલાક અહીં ન બેસાય. સિનેમામાં પાંચ કલાક બેસે. આમ આઠ કલાક મહેનત કરે, પણ એક કલાક માળા ફેરવવાનું કહીએ તો ન થાય. મા-બાપ સંતાનોને કેનેડા, વિલાયત મોકલે પણ

મંદિરમાં ન મોકલે. ભગવાનના માર્ગમાં રસ લઈ કાર્ય કરવું. કરોડોને રાજી કરે પણ એક યોગીબાપાને રાજી ન કરે.'

સ્વામીશ્રીની આજની વાતોમાં વેધકતા હતી. તેથી વીંધાયેલા કેટલાય નવા યુવાનોએ તેઓના વરદહસ્તે કંઠીઓ ધારણ કરી.

સભા બાદ સ્વામીશ્રી પધરામણીઓ માટે નીકળી પડ્યા. તેઓના જીવનમાં વ્યક્તિગત અને સામૂહિક ધોરણે ભગવાન ભજાવવાનું કામ હંમેશા ચાલતું જ રહેતું. તેથી સવા આઠ વાગ્યાથી શરૂ થયેલી આ પધરામણીઓનો દોર રાતના દોઢ વાગ્યા સુધી અવિરામ ચાલ્યો!

ઘેર ઘેર જઈ સંસ્કૃતિની અસ્મિતા, ધર્મની દૃઢતા અને સત્સંગની રીતિ-નીતિ દૃઢાવતા સ્વામીશ્રી સૌને વિશિષ્ટ લાગતા. તેઓ અતિ સાંકડી જગ્યાઓમાં સૂતા, બેસતા, જમતા. તેઓને સમારંભોમાં બેસવાના આસનની ઊંચાઈ કે ગાદીની જાડાઈમાં કોઈ રસ નહોતો. જે ગાડી આંગણે આવીને ઊભી રહી હોય તેમાં તેઓ પ્રેમથી હંકારી જતા. ભોજનના સ્વાદ કે સમય સાથે તેઓને રતિભાર નિસ્બત નહોતી. પધરામણીની ભેટ સામે તો તે નજર સુધ્ધાં કરતા નહીં. આવા પરગજુ સંત આ દેશે હજી સુધી જોયા નહોતા.

તા. ૨૯/૭ના રોજ પણ સ્વામીશ્રીએ સવારે નવથી દોઢ વાગ્યા સુધી અને સાંજે પાંચથી સાડા બાર વાગ્યા સુધી – દિવસના બાર કલાક પધરામણીઓ ચલાવેલી, એકાદશીનો નિર્જળા ઉપવાસ હોવા છતાં! તપની રુચિ કેટલી તીવ્ર હોય, લોકકલ્યાણની ભાવના કેટલી પ્રબળ હોય, દેહાતીત સ્થિતિ કેટલી દૃઢ હોય અને કાર્યક્ષમતા કેટલી પ્રચંડ હોય ત્યારે મોંમાં પાણીનું ટીપુંય મૂક્યા સિવાય આમ વિચરી શકાય!!

પોતાના આવા સદ્‌ગુણી જીવનથી કેનેડાને નેડો લગાડી, તા. ૩૦/૭ની બપોરે એક વાગ્યે સ્વામીશ્રી વિદાય થયા ત્યારે સૌ ભક્તોની આંખો સજળ હતી.

## મૂઠી ઊંચેરા મહાત્મા

ટોરોન્ટોથી નીકળેલા સ્વામીશ્રી રાત્રે સવા બાર વાગ્યે વેબ્સ્ટર પહોંચ્યા. અહીંથી તા. ૩૧/૭ના રોજ રોચેસ્ટરના સીટી હૉલમાં પધારેલા તેઓને મેયરશ્રી થૉમસ રાયને 'કી ટુ ધ સીટી' આપીને સન્માન્યા. સ્વામીશ્રીને સત્કારતી વખતે 'ફૂલોની નગરી'ના આ પ્રથમ નાગરિકનું મુખ પ્રફુલ્લિત બની

ગયું. આ સન્માન-વિધિનું દૂરદર્શન પર પ્રસારણ કરવા માટે ટી.વી. કંપનીના ખબરપત્રીઓ પણ પોતાનાં આધુનિકતમ સાધનોથી આ પ્રસંગને કચકડે મઢી રહ્યા. મેયરે સ્વામીશ્રીના અષ્ટાંગ બ્રહ્મચર્ય સંબંધી ધર્મ-નિયમની તમામ મર્યાદાઓ જાળવીને વ્યવસ્થા કરેલી. તેથી રાજી થઈને આશીર્વાદ આપતાં સ્વામીશ્રી પણ બોલી ઊઠ્યા : 'આપે અમારી ધર્મમર્યાદા સાચવી તેથી આનંદ થયો. ધાર્મિક પ્રથાને સમજો છો ને આવકારો છો તે ઘણી આનંદની વાત છે. આપ દેશ માટે સારું કાર્ય કરી શકો તેવા અમારા શુભ આશીર્વાદ છે.'

મહાનુભાવ સાથે મુલાકાત કરતાંય ધર્મ-નિયમ સચવાય તેનો આનંદ સ્વામીશ્રીને વિશેષ રહેતો. તેઓ દેશ-પરદેશમાં ફર્યા, અનેક માંધાતાઓને મળ્યા પણ સાધુની અષ્ટાંગ બ્રહ્મચર્યની મર્યાદામાં ફાંકું સરખુંય પડવા દીધા સિવાય. આ વિશેષતા જ તેઓને મૂઠી ઊંચેરા મહાત્મા પુરવાર કરતી. ભારતનો પરિચય તેઓ પ્રવચનથી નહીં, પણ વર્તનથી આપતા.

રોચેસ્ટરના મેયરનું સન્માન સ્વીકારીને નીકળેલા સ્વામીશ્રી રાત્રે ૮:૪૦ વાગ્યે ન્યૂયોર્ક આવી પહોંચ્યા ત્યારે તેઓ ૨૨ દિવસમાં ૬,૪૦૦ કિ.મી.ની મુસાફરી મોટરમાર્ગે ખેડી, ૧૧ રાજ્યો અને ૭૦ નગરોને પાવન કરી ચૂકેલા.

આંકડાનું આ ગણિત એટલો તાળો-સરવાળો જરૂર મેળવી આપે છે કે આ દિવસોમાં સ્વામીશ્રી પગ વાળીને બેઠા જ નહીં હોય!! એક દિવસમાં સરેરાશ ત્રણથી ચાર ગામો-નગરો ઘૂમવાનાં, દસ-વીસ પધરામણીઓ કરવાની અને ત્રણસો કિલોમીટરના પ્રવાસ ખેડવાના; તેય સતત ત્રણ અઠવાડિયાં સુધી! આ ભીડો મજબૂત બાંધાનાં હાડકાંનેય કચરી નાંખે એવો ગણાય. આત્મા-પરમાત્માનાં બળે કામ લેવાતું હોય તો જ આમ વિચરી શકાય.[૧૩૯]

## અમેરિકામાં આવી બિરાજ્યા

ન્યૂયોર્કમાં સ્વામીશ્રીની પધરામણી થતાં જ મંદિર-પ્રતિષ્ઠાની પૂર્વ-તૈયારીઓમાં પ્રાણ ફૂંકાઈ ગયો. ચંદુભાઈ પટેલના ઘેર ઊતરેલા સ્વામીશ્રી

૧૩૯. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના કેનેડા-વિચરણને માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

મોટે ભાગે નિર્માણાધીન મંદિરના પ્રાંગણમાં જ રોકાતા અને તૈયારીઓમાં માર્ગદર્શન આપતા રહેતા. તેમાંથી નવરાશ મળે ત્યારે મંદિરવાળા મકાનની પાછળના ભાગમાં આવેલા 'મેપલ' વૃક્ષ નીચે બિરાજી પત્રવાંચન-લેખન કરતા.

અહીં એક તરફ, મકાનના બેઝમેન્ટમાં તૈયાર થયેલો હૉલ ઠાકોરજીને પધરાવવા નૂતન સ્વાંગ સજી રહેલો, તો બીજી તરફ યજ્ઞની તૈયારીઓ ચાલી રહેલી. મૂર્તિઓના સિંહાસન અને નગરયાત્રાના મયૂરરથ વગેરેની રચના પણ પુરજોશમાં થઈ રહેલી, તો સભા, રસોડું, વાહન-વ્યવસ્થા વગેરે વિભાગો પણ ધમધમી રહેલા. આ ઉત્સવમાં લાભ લેવા ઠેઠ આફ્રિકા અને લંડનથી હરિભક્તો આવી પહોંચેલા તો અમેરિકાનાં વિવિધ રાજ્યોમાંથી પણ પાંચ-છ હજાર કિલોમીટરના અંતર કાપી ભક્તો આવવા માંડેલા. આમ, એક અભૂતપૂર્વ ભારતીય ઉત્સવના સાક્ષી બનવા સૌ થનગની રહેલા.

પરંતુ સડસડાટ વહેતી નદીમાંથી કોઈ નિનાદ નથી ઊઠતો. જ્યારે તે નદીના માર્ગમાં વચ્ચે પથરા આવે છે ત્યારે જ સરિતાનું સંગીત જન્મે છે. તેમ સત્પુરુષ સૌની નિષ્ઠા-ભક્તિના રણકારને વિશેષ ગુંજાવવા, સમયે સમયે કસોટીના પથ્થર પણ મૂકતા જાય છે. તે મુજબ સ્વામીશ્રીએ પ્રતિષ્ઠાના ગણતરીના કલાકો પહેલાં જ એક વિઘ્નને રમતું મૂક્યું.

પ્રતિષ્ઠાના પૂર્વ દિને તા. ૨/૮ની સાંજે મેઘરાજાની સવારી આવી પહોંચી. તેથી પૂર્વતૈયારીઓનો માહોલ ખોરવાવા લાગ્યો. મંદિરના પ્રાંગણમાં બાંધેલા ૧૦૦'x૪૦'ના વિશાળ તંબુમાં પાણી ભરાવા લાગ્યા. યુવકો પાવડા વડે પાળ બાંધીને પાણીના પ્રવેશને અટકાવવા મથામણ કરી રહ્યા પણ વરસાદે માઝા મૂકેલી. તેથી સૌએ સંકટ સમયની સાંકળ સમા સ્વામીશ્રી સમક્ષ ધા નાંખી. તે સાંભળી સ્વામીશ્રીએ 'ચાલો, મહારાજને પ્રાર્થના કરીએ...' કહેતાં ધૂન શરૂ કરી. પણ ધૂનના ગડગડાટ સામે વાદળોએ પણ ગરજવાનું જોર વધાર્યું. સ્વામીશ્રી જેમ જેમ ધૂન કરતા જાય તેમ તેમ વરસાદ વધતો જાય!

તેઓની આ મનુષ્ય-લીલામાં સૌ અટવાયા. તેથી 'કાલે પ્રતિષ્ઠા કેવી રીતે થશે?'ની ચિંતામાં ડૂબ્યા. પણ સ્વામીશ્રી કહે: 'મહારાજ કરે તે સારું કરે. આવતીકાલે પડવાનો હશે તેને બદલે આજે વરસાવી દીધો. મહેમાન આવે તે રાત રોકાઈને ચાલ્યા જાય. તેમ કાલે સવારે વરસાદ ચાલ્યો જશે.'

વરસાદમાં કોઈ કામ થઈ શકે તેમ ન હોવાથી સૌ સ્વામીશ્રીના વચનમાં વિશ્વાસ રાખી સૂઈ ગયા. સવારે જાગીને જોયું તો વાદળાં વીખરાઈ

ગયેલાં. ઉઘાડ નીકળી ચૂકેલો.

સૌ તૈયારીમાં મંડી પડ્યા. સૂર્યદેવ પણ સૌની મદદમાં આવી ગયા. સમયસર યજ્ઞની સામગ્રીઓ ગોઠવાઈ ગઈ અને તા. ૩/૮/'૭૪, વિ.સં. ૨૦૩૦, શ્રાવણ સુદ પૂનમ, શનિવારના રોજ વૈદિક મંત્રોથી અમેરિકાનું આકાશ ગૂંજવા લાગ્યું. ૪૮ યજમાનો વિધિને અનુસરવા લાગ્યા. આજે રક્ષાબંધનનો પવિત્ર દિવસ હોવાથી સ્વામીશ્રીએ દરેક યજમાનના જમણા હાથે રાખડી બાંધીને સૌને ચિરંતન સ્મૃતિ પણ આપી. કેટલી અપાર શ્રદ્ધા!

યજ્ઞવિધિ બાદ સવારે સાડા દસ વાગ્યે નગરયાત્રાનો પ્રારંભ થયો. ધ્વજધારી યુવાનો, સ્કૂલ-બૅન્ડ, સ્વામીશ્રીની ગાડી, ઠાકોરજીનો મયૂરાકાર રથ, કીર્તનની રમઝટ બોલાવતા સંતો-ભક્તો, રાસરમણ કરતું યુવાવૃંદ, ભારતીય પરિવેશમાં સજ્જ કળશધારી મહિલાઓ – એમ શોભાયાત્રા રાજમાર્ગો પર ઘૂમવા લાગી. સ્થાનિક પ્રજા માટે આ બધું જ નવીન હતું. તેથી બારી-બારણાં ભીડાવીને જ રહેવા ટેવાયેલા તેઓ પણ, બંધ દ્વાર ખોલી કુતૂહલવશ નગર-યાત્રાનો નજારો માણવાં કઠેડે આવી ગયા. રાહદારીઓ થંભી જતા હતા. દૂરદર્શનના કર્મચારીઓ ખભે કેમેરો અને હાથમાં ટેપરેકોર્ડર લઈને આમતેમ ઘૂમતા હતા. સવા કલાક સુધી એક અલૌકિક વાતાવરણ જામી ગયું.

બપોરે સવા ત્રણ વાગ્યાના શુભ મુહૂર્તમાં પ્રતિષ્ઠાવિધિનો પ્રારંભ થયો. જેમ જેમ વિધિ આગળ વધતો ગયો તેમ તેમ સૌનો રોમાંચ પણ આસમાનને અડવા ઊંચો ને ઊંચો ચડી રહ્યો. અમેરિકા ખંડમાં પહેલી વાર અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજમાન થવાની ક્ષણોને આંખોમાં ભરવા સૌ આતુર હતા. સ્વામીશ્રીએ મૂર્તિઓનું નેત્રમંજન કર્યું. આદર્શ-નિવેદન કરી મુખદર્શન કરાવ્યું. મૂર્તિઓના વક્ષઃસ્થળ પર પોતાના બે હાથ સ્થાપી પ્રાણાહ્વાન કર્યું અને ૪:૧૦ વાગ્યે આરતીની ઝળહળ જ્યોત પ્રગટી ગઈ. *'આ અવસર કરુણાનિધિ કરુણા બહુ કીધી...'* પંક્તિઓ પૂરી થતાં આરતી વિરમી ત્યાં તો અક્ષર-પુરુષોત્તમ મહારાજના બુલંદ જયનાદો ઉપસ્થિત ૧,૬૦૦ની મેદનીના મુખે ગાજી રહ્યા. તે વખતે સૌની આંખોમાં ઊભરાતા ભાવ પણ વાંચી શકાય તેમ નહોતા ત્યારે અંતરના ભાવ ઉકેલવાની તો વાત જ શું કરવી?

'પ્રમુખસ્વામી પ્રતિષ્ઠા કરવા આવશે' એ યોગીવાણી આજે સ્વામીશ્રીએ સાકાર કરી દેખાડી હતી. તેઓની ગુરુભક્તિનાં છોગાંમાં વધુ એક કલગી ઉમેરાઈ ગઈ. આ સાથે જ અમેરિકામાં શુદ્ધ ઉપાસનાનું ગૌમુખ ખૂલી ગયું.

અહીંથી શરૂ થયેલી આ ગંગોત્રી ધીરે ધીરે જ્યારે આ આખા ખંડને આવરી લેશે ત્યારે આજે અલ્પ ગણાતી આ ઘટનાનું કદ ઘણું મોટું જણાશે.

## ગુરુનો સંકલ્પ સિદ્ધ થયાનો આનંદ

પ્રતિષ્ઠાવિધિ સંપન્ન કરીને સ્વામીશ્રી યજ્ઞકુંડની ઈશાન દિશામાં ખાતવિધિ માટે પધાર્યા. આજે તો બેઝમેન્ટના હૉલમાં મૂર્તિઓ પધરાવાયેલી, પણ ભવિષ્યમાં ખુલ્લી જગ્યામાં મોટું મંદિર કરવાના શ્રીગણેશ પણ તેઓએ આ વિધિ દ્વારા કરી દીધા. હાથમાં જાતે ત્રિકમ લઈને ભૂમિખનન કર્યું. રજતપાત્રમાં પંચધાતુ મૂકી તેને ગર્તમાં પધરાવી. તે પર શિલા ઢાંકી અને ખાતમુહૂર્તની નોંધ જણાવતી પિત્તળની તકતીનું પણ પૂજન કર્યું.

ખાતવિધિ પૂર્ણ કરીને સ્વામીશ્રી યજ્ઞની પૂર્ણાહુતિનું શ્રીફળ હોમવા પધાર્યા. તે વખતે જ ભારતના મૂર્ધન્ય સંન્યાસી સ્વામી ચિન્મયાનંદજી આવી પહોંચ્યા. સ્વામીશ્રીના હસ્તે મૂર્તિપ્રતિષ્ઠાનો લાભ માણવા ખાસ બે દિવસનો સમય કાઢી તેઓ ટોરોન્ટોથી અત્રે ઉપસ્થિત રહેલા. સ્વામીશ્રીનું કાર્ય સંસારીથી સંન્યાસી સુધીના સૌને અહોભાવ ઉપજાવનારું હતું.

પાંચ વાગ્યે યજ્ઞની પૂર્ણાહુતિ થતાં જ મંગલસૂચક વૃષ્ટિ શરૂ થઈ. 'यज्ञाद् भवति पर्जन्यः ...' – યજ્ઞ દ્વારા વર્ષા થાય છે. આ ગીતાવચન આજે સાકાર થઈ રહ્યું. સ્વામીશ્રી જેવા પવિત્ર સંતના હસ્તે ઠાકોરજી બિરાજી ગયાનો આ પુરાવો હતો.

યજ્ઞની પૂર્ણાહુતિ સાથે જ પ્રતિષ્ઠા-સભાનો પ્રારંભ થયો. મંદિરના વિશ્વકર્મા સ્વામીશ્રી માટે યુવકોએ ખાસ સુશોભિત આસન બનાવ્યું હતું, પરંતુ સ્વામીશ્રીનો તો સિદ્ધાંત *'ચરણ સરોજ રી સેવા દીજો, રખજો ચરણારી રે પાસ...'* તેથી તેઓએ પોતા માટે તૈયાર કરાયેલા કલાત્મક સિંહાસન પર ઠાકોરજીને પધરાવ્યા અને પોતે સાદા સોફા પર બિરાજ્યા. તે જોઈ ચિન્મયાનંદ સ્વામીના મુખેથી પણ 'વાહ...' ઉદ્ગાર સરી પડ્યો.

પરાભક્તિ એ કેવળ હાથમાં કરતાલ લઈને નાચવા-કૂદવાની વાત નથી કે નથી એ માત્ર ચંદન, પુષ્પ, ધૂપ, દીપથી પૂજનનો વિષય. પરમાત્માના કર્તા-પણાનું પ્રતિપળ અનુસંધાન રાખીને સદા દાસભાવે વર્તવામાં ભક્તિનું સાચું સૌંદર્ય ખીલે છે. આજે તેનું દર્શન સ્વામીશ્રીમાં કરીને ચિન્મયાનંદ સ્વામી હરખાઈ ઊઠ્યા.

તેઓએ વક્તવ્યમાં જ જણાવ્યું કે 'મનુષ્યના પ્રયત્નથી જ કાર્ય થાય છે એમ નથી, પરંતુ યોગીજી મહારાજ જેવા દિવ્ય પુરુષના સંકલ્પથી જ આ કાર્ય થયું છે. દૂધનું સુખ તો ગાયનાં આંચળમાંથી જ આવે, તેમ આધ્યાત્મિક પ્રગતિ તો જેની પાસે ભગવાન હોય એવા પુરુષના સંબંધથી જ સાધી શકાય.'

આ અવસરે સ્વામીશ્રીએ આશીર્વચન ઉચ્ચારતાં વિનમ્રતાપૂર્વક કહ્યું કે 'યોગીજી મહારાજનો સંકલ્પ સિદ્ધ થયો તેથી આનંદ થાય છે.'

તેઓ પોતાના કાર્યનો સંપૂર્ણ યશ ગુરુનાં ચરણે ધરીને સંતોષ પામ્યા.[૧૪૦]

## બધા સભ્ય, સેક્રેટરી ને પ્રમુખ!

પ્રતિષ્ઠાના બીજા દિવસની સવારે સ્વામીશ્રીએ કાર્યકરોને માર્ગદર્શન આપતાં જણાવ્યું કે –

'અધિકાર હોય કે ન હોય, સેવા કરવાની છે. બધા સભ્ય, સેક્રેટરી ને પ્રમુખ છે. કહેવા-સાંભળવાનું થાય તો મન-દુઃખ ન લગાડવું. સંસ્થાના કાર્ય માટે કહેવું પડ્યું હોય. કાર્યકર્તાની ભૂલ પણ થઈ જાય. પણ પ્રામાણિક છે કે નહીં તે જોવાનું છે. સારામાં સારું કાર્ય જોઈ યોગીજી મહારાજ રાજી થતા હશે. સ્વભાવ, દોષ, પ્રકૃતિ હોય તે મૂકી દેવાં. કોઈના પણ દ્વારા સ્વામી, મહારાજનો મહિમા વધે છે ને! તો આપણે રાજી રહેવું. સત્સંગમાં હોદ્દા, પૈસાથી મોટપ નથી. આજ્ઞાની(આજ્ઞા પાળવાની) મોટપ મેળવવાની છે.'

આ અરસામાં સ્વામીશ્રીએ કરેલા મંદિર-નિર્માણના કાર્યથી સ્થાનિક ગુજરાતી સમાજ ગૌરવ અને આશ્ચર્યની લાગણી અનુભવી રહેલો. ભારતથી વરસે-દા'ડે કૈંક ધર્મોપદેશકો અમેરિકામાં આવતા-જતા રહેતા. પરંતુ આકર્ષણ, આયોજન, સમર્પિત અને સંગઠિત સમાજ, પવિત્ર જીવન, શુદ્ધ ભાવના વગેરેનું જે દર્શન સ્વામીશ્રી પાસે થયેલું તેવું અત્યાર સુધી ક્યાંય નજરે ન ચડતાં, ગુજરાતી સમાજે ગીતામંદિર આશ્રમમાં તા. ૪/૮ની સાંજે સ્વામીશ્રીનો સન્માન સમારંભ યોજેલો.

તેમાં મંદિરના મહંતશ્રી જગદીશ્વરાનંદજી અત્યંત ભાવવિભોર બનીને

---

૧૪૦. અમેરિકામાં નિર્મિત પ્રથમ મંદિરનો આ ઐતિહાસિક પ્રતિષ્ઠા-ઉત્સવ માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

બોલી ઊઠ્યા કે 'દુનિયાના માણસો, વૈજ્ઞાનિકો જે ન કરી શકે તે આ સંત કરે છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામીને ધન્યવાદ છે કે સૌનું જીવન શુદ્ધ કરી રહ્યા છે. આ સંત ભારતથી આવ્યા છે. તેનો લાભ ન લીધો તો દસ લાખ ડૉલર ખોયા સમજવા. તેઓ પાસે હું આશીર્વાદ માંગું છું.'

## હાર્વર્ડ યુનિવર્સિટી પાવન બને છે

ગુજરાતી સમાજનું સન્માન સ્વીકારી તા. ૫/૮ની સવારે પધરામણીઓ માટે ન્યૂયોર્કથી નીકળેલા સ્વામીશ્રી મેનહટન, ન્યૂજર્સી, આઇવરી હિલ વગેરે વિસ્તારોમાં ઘરોઘર ઘૂમતાં સાંજે પોણા પાંચ વાગ્યે જમવા ભેગા થયેલા! જો કે તેઓને તો આ સમયે પણ ક્યાં જમવું હતું? તેઓ તો પધરામણીના છેલ્લા ઘેરથી સીધા જ ૧૬૦ કિ.મી. દૂર આવેલા પગેપ્સીમાં પધરામણી કરીને જ જમવાનો ઇરાદો સેવતા હતા!! ખરેખર, સ્વામીશ્રીના ઉત્સાહ અને પરિશ્રમને કોઈ અલ્પવિરામ કે પૂર્ણવિરામ નહોતા.

ભોજન બાદ સ્વામીશ્રી મંદિરમાં ચાલતા પારાયણમાં પધાર્યા. મુંબઈનિવાસી મંગુભાઈના અક્ષરવાસ નિમિત્તે યોજાયેલા આ પારાયણની પૂર્ણાહુતિના પ્રસંગે સ્વામીશ્રીએ આશીર્વાદ રેલાવ્યા કે 'ભગવાનની કથા કલ્પવૃક્ષ છે. મંદિર કરવાનો આશય સંસ્કાર થાય, જીવનો મોક્ષ થાય, આપણી સંસ્કૃતિ ન ભુલાય અને બળ મળે તે છે.' આટલું કહી અગોચરને પ્રત્યક્ષ જોતાં હોય તેમ બોલ્યા: 'મંગુભાઈ અમેરિકા આવવાના હતા તે આ દેહે ન આવ્યા તો દિવ્ય દેહે આવી ગયા. તેઓના નિમિત્તેનું પારાયણ અહીં અમેરિકામાં થયું ને દિવ્ય દેહે આ કથા તેઓએ સાંભળી.'

આ પારાયણ બાદ સ્વામીશ્રી તા. ૬/૮ના રોજ ન્યૂયોર્કથી નૉરવૉક થઈને બોસ્ટન પધાર્યા. વહાણવટા દ્વારા દુનિયાનાં ૩૦૦ બંદરો સાથે સંકળાયેલા આ શહેરમાં તેઓ જ્યારે બપોરે સવા બે વાગ્યે પહોંચ્યા ત્યારે તેઓ સમક્ષ બે વિકલ્પ હતા – પહેલાં પધરામણી કરવી કે ભોજન કરવું? તેઓએ ભોજન ઠેલીને પધરામણી પસંદ કરી. રાહ જોતાં હરિભક્તોને સંતોષ આપી બપોરે ત્રણ વાગ્યે ભોજન કરવા બિરાજ્યા.

ભોજન બાદ અલ્પ આરામ કરીને સાંજે 'નાઇટ ઑફ કોલંબસ હૉલ'માં સૌને દિશાદર્શન કરાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'ઑફિસમાં, ઘરમાં કે બહાર હોઈએ પણ આત્મા માટે શું કરીએ છીએ તે વિચારવું. પૈસા, ઉદર-

પોષણ માટે માન મૂકી દઈએ છીએ, તો જેને લીધે દેહ હાલે-ચાલે છે તે આત્મા માટે માન મૂકી દેવું જોઈએ. આ સંસાર દુઃખનો દરિયો છે. સાચો મિત્ર ધર્મ છે, જે સાથે આવે છે.'

જેમ ઊંઘતાંને ચૂંટિયો ખણતાં તે સફાળો જાગી જાય તેમ સ્વામીશ્રીની વાણી મોહનિદ્રામાં સૂતેલાંને ટકોરા દેતી જગાડી જતી. તેઓની આજની વાત સાંભળી ઘણાએ કંઠી ધારી ભગવાનનું શરણું લીધું.

સભા બાદ ઉપસ્થિત સૌ મહાપ્રસાદ આરોગી રહેલા અને સ્વામીશ્રી ઊપડ્યા પધરામણીએ. તેથી પરવારી તેઓ ભોજન કરવા બિરાજ્યા ત્યારે સમય થયેલો રાત્રિના સવા અગિયાર વાગ્યાનો! પોતાના કાર્યક્રમમાં અનિશ્ચિતતાને જ નિશ્ચિત કરી રાખી સ્વામીશ્રી ભક્તો માટે વિચરી રહેલા.

આવા વિચરણમાં તા. ૭/૮ની સવારે ૧૦:૧૦ વાગ્યે વિશ્વની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓ પૈકીની એક હાર્વર્ડ યુનિવર્સિટીનું સંકુલ તેઓની ચરણરજથી પાવન થયું. સ્વામીશ્રી માટે અતિ સદ્ભાવ ધરાવતા અહીંના વિશ્વધર્મ વિભાગના મુખ્ય કાર્યવાહક જડાવલાલ મહેતા દ્વારા 'ડિવિનિટી સ્કૂલ'માં આયોજિત આ કાર્યક્રમમાં સ્વામીશ્રીએ આશીર્વાદ પાઠવી સૌને પ્રેરણા સિંચી.

## વે'લા વળજો વા'લા મારા

હાર્વર્ડથી નીકળેલા સ્વામીશ્રીએ બપોરે બે વાગ્યે વુસ્ટરમાં ભોજન કરીને પગેપ્સીમાં પધરામણી કરી. ત્યાંથી રાત્રે સવા વાગ્યે ન્યૂયોર્ક પરત ફર્યા ત્યારે માત્ર ૪૦ કલાકમાં તેઓ પધરામણીઓ અને સભાઓ સાથે ૯૭૬ કિ.મી.ની મુસાફરી કરી ચૂકેલા! તેઓની રફતાર દિવસો વીતે તેમ તેજ થતી જતી હતી.

એ જ ગતિને જાળવતાં તેઓ તા. ૯/૮ના રોજ પણ ન્યૂયોર્કથી ૨૦૮ કિ.મી. દૂર સ્ક્રેન્ટન મુકામે સભા અને પધરામણીઓ માટે ગયા.

અહીં 'યુનિવર્સિટી ઑફ સ્ક્રેન્ટન'માં યોજાયેલી વિદ્યાર્થી-સભાને સંબોધતાં તેઓએ જણાવ્યું કે 'જેના થકી અર્થ પ્રાપ્ત થાય છે તે ધર્મ છે. તે હશે તો અર્થ આવશે. ખાડો હશે તો પાણી આવશે. પાણીને આમંત્રણ નહીં આપવું પડે. નિક્સન ગયા, લાલસાથી. ધન પાછળ દોટ હતી. ધર્મનો પાયો મજબૂત હશે તો વાંધો નહીં આવે. અમે કૉલેજ આગળથી નીકળીએ તો છોકરાઓ કહે, 'મફતનું ખાવા સાધુ થયા છે.' તે વિદ્યાર્થીઓને યોગીજી મહારાજે સાધુ

બનાવીને દૈવી સંપત્તિ પ્રેરી. સંસ્કૃતિ સચવાઈ રહે તે માટે મંદિર કર્યું છે. અહીં પણ એક સેન્ટર(સત્સંગ કેન્દ્ર) થાય. દર રવિવારે ભેગા થવું. મોટાપુરુષની આજ્ઞાથી કરીએ તેનું ફળ મોટું પ્રાપ્ત થાય. કૉલેજની આજુબાજુ રહેતા વિદ્યાર્થીઓ છે તો આ કાર્યનો આરંભ કરો. બધા ભેગા થાવ એ જ મારી વિનંતી છે.'

સંસ્કાર અને સંસ્કૃતિનું ધોવાણ કરનારા આધુનિકતાના મોજાને ખાળવા સ્વામીશ્રી જ્યાં જતા ત્યાં મંદિર અને મંડળ કરવાની પ્રેરણા આપતા. ખાસ કરીને યુવાપેઢી કે જેને આ ધસમસતાં મોજાંની માઠી અસર વિશેષ પહોંચવાની હતી તેને તેઓ સાવધ કરી દેતા. તેઓના આ પરિશ્રમને કારણે વીસમી સદીના ઉત્તરાર્ધના અમેરિકામાં રહેતી એક આખેઆખી ભારતીય પેઢી હેમખેમ પાર ઊતરી ગયેલી.

સ્ક્રેન્ટનથી વિલ્કેસ્બરી થઈ સ્વામીશ્રી રાત્રે અઢી વાગ્યે ન્યૂયોર્ક પહોંચ્યા !

અહીં તા. ૧૧/૮ના રોજ સ્વામીશ્રીનો વિદાય દિન હોવાથી અમેરિકાના પ્રત્યેક ભક્તના હોઠ-હૈયેથી શબ્દો ફૂટી રહેલા : *'વે'લા વળજો વા'લા મારા...'*

આ દિવસ રવિવારનો હતો. વળી, જન્માષ્ટમી પણ હતી. તેથી બપોરે દોઢથી સાંજે પોણા છ વાગ્યા સુધી જન્માષ્ટમીની ઉત્સવ-સભા અને સ્વામીશ્રીની વિદાય-સભા સાથે જ ગોઠવાયેલી. આ સભાના મધ્ય ભાગમાં બપોરે ત્રણ વાગ્યે સ્વામીશ્રીએ શ્રીકૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે ૫૪ દીવેટની આરતી ઉતારી ભગવાનના પ્રાગટ્યને વધાવ્યું. વિદાયના હારતોરા અને પ્રવચનો બાદ આશીર્વાદ આપતાં તેઓએ જણાવ્યું કે –

'આપણે બાળ, યુવક, વડીલ મંડળની પ્રવૃત્તિ એક જ છે. એક જ સ્વાર્થ છે કે આપણે જીવનું કલ્યાણ કરીએ. શ્રીજીમહારાજે જેતલપુરના યજ્ઞ માટે મણથી મંડાણ કર્યું તે ૫૦૦ ઠર્યું (૫૦૦ મણ સુધી પહોંચ્યું). તેમ અહીં આપણે મંદિર માટે ૮૫ હજાર ડૉલરની વાત કરતા'તા તે ૧૮૫ હજાર થયું. બધું ભગવાન કરે છે. પૈસા તો યોગીજી મહારાજના બળ-પ્રતાપે હજારો મળશે. ભગવાન બરકત આપે છે. જોતજોતાંમાં મંદિર પણ સર્વોપરી થઈ જશે. વાંધો આવવાનો નથી.

જ્યાં સત્સંગ મંડળ ચાલે છે ત્યાં પાંચ, દસ કે બે પણ ભેગા થજો. વ્યારામાં એક જ જણ સભા કરતા તો અત્યારે ૧૦૦ થાય છે. જ્યાં હોય ત્યાં ભેગા થઈ કરીશું તો વધશે. દૂર દૂર રહેતા હોય તો ઘરમાં પુસ્તકમાંથી કથા

કરવી. લક્ષ્મી પાછળ દોટ મૂકીશું તો ભગવાન દૂર જશે. આપણી રહેણી-કહેણીથી હિંદુ ધર્મની છાપ પાડવી. તેની ખુમારી હોવી જોઈએ. હિંદુ ધર્મમાં કેટલી તાકાત છે તે બતાવવું. ભેળસેળ ન થતાં તાકાત બતાવીએ. ભલે થોડાં પણ વિરાટ કાર્ય થઈ શકશે. એકરાગ, એકરુચિ થઈ કાર્ય કરજો. સત્સંગ મંડળમાં એકબીજા સાથે સારું રાખી કાર્ય કરવું.'

સૌમાં આમ ધર્મની અસ્મિતા જગાવી સ્વામીશ્રી મંદિરમાં બિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારવા પધાર્યા.

અહીં તેઓની જમણી તરફ ઊભા રહી કોઈ તસવીરકાર તસવીરો લેવા ગયો ત્યારે સ્વામીશ્રીએ તરત જ તેને અટકાવ્યો. કયા કારણસર તેઓએ તેને રોક્યો તે એ વખતે તો કોઈને ન સમજાયું. પણ પછીથી ખ્યાલ આવ્યો કે 'તે છબીકાર જ્યાંથી ફોટો ખેંચવા જઈ રહેલો ત્યાંથી ફોટો લેતાં, સ્વામીશ્રીની ડાબી તરફ પડદા પાછળ ઊભાં રહીને દર્શન કરી રહેલ મહિલાઓનો ફોટો પણ સ્વામીશ્રીની સાથે પડી જાય એમ હતું.'

ફોટામાં પણ ધર્મ-નિયમ ખોટા ન થઈ જાય તેનું જાણપણું સ્વામીશ્રીએ રાખેલું ! આવા પવિત્ર સંતની વિદાયવેળાએ સૌનાં હૈયાં કેમ ન ગાય કે *'વે'લા વળજો વા'લા મારા...'*

આરતી બાદ સૌને મળીને ૭:૪૫ વાગ્યે મંદિરેથી વિદાય લઈ સ્વામીશ્રી JFK ઍરપોર્ટની VIP લાઉંજમાં પધાર્યા. પણ તેઓએ જોયું કે 'બધા હરિભક્તો આ લાઉંજમાં અંદર આવી શકે તેમ નથી.' તેથી તેઓ લાઉંજની બહાર પરસાળમાં આવી ગયા. તેઓને સગવડની વચ્ચે નહીં, પણ સત્સંગીઓની વચ્ચે રહેવું પસંદ હતું. આ કરુણાથી સૌ ભક્તો ગદ્‌ગદ થઈ ગયા. બધાએ ફરી વાર એક-એક આવીને દર્શન કર્યાં, આશીર્વાદ લીધા. કેટલાકે તો સ્વામીશ્રી સાથે તસવીરો પણ ખેંચાવી. આવા દયાળુ-માયાળુ સ્વામીશ્રીની વિદાયવેળાએ સૌનાં હૈયાં કેમ ન ગાય કે *'વે'લા વળજો વા'લા મારા...'*

...અંતે વસંત પછી પાનખરનો પવન ફૂંકાય તેમ સ્વામીશ્રીને પ્લેનમાં જવાનું તેડું આવી ગયું. તેથી તેઓ ઊભા થયા. તે સાથે જ સૌનાં હૈયાં પણ ઊંચાં થઈ ગયાં. એકસામટો માત, તાત અને ભ્રાતનો વિયોગ વેઠવાનો આવે ત્યારે માનવી જે અસહાયતા અનુભવે તે આજે ભક્તો અનુભવી રહ્યા. તેઓની એ અસહાયતા આંખમાંથી અશ્રુરૂપે વહેવા લાગી.

વિમાનમાં ડાબી બાજુની બીજી હરોળમાં સ્વામીશ્રી જેવા બારી પાસે

બિરાજ્યા કે તરત જ પત્રલેખનમાં પરોવાઈ ગયા. વખત વેડફવાનું તેઓ પાસે ન મળે. જ્યાં જતાં, જે જોતાં મનુષ્ય અમથેઅમથોય આંખો ફેરવ્યા-ઠેરવ્યા કરે, ત્યાં પણ સ્વામીશ્રીને પોતાના કામ સિવાય કંઈ દેખાતું નહીં. તેઓને ઉદ્યમ વિના એમનેમ બેઠેલા જોવા એ વાત ગગનકુસુમવત્. તેથી તેઓએ વિમાનની અંદર કે બારીની બહાર દૃષ્ટિ કર્યા સિવાય સીધી પત્રો પર જ નજર માંડી દીધી. તે જોઈ સી. એમ. પટેલે કહ્યું: 'આપે પ્લેન ઊપડતું હોય, ઊતરતું હોય ત્યારે પત્રો ન લખવા. બધે દૃષ્ટિ કરવી, જેથી સૌને સંસ્કાર થાય.' આ ગમ્મતનો પણ પત્ર પરથી નજર હટાવ્યા સિવાય હળવા હાસ્ય સાથે જ સ્વામીશ્રીએ ઉત્તર આપી દીધો.

## મંદિર આવો માણીગર માવા

રાત્રિના દસ વાગ્યે અમેરિકાના આકાશમાં તરતું થયેલું વિમાન તા. ૧૨/૮ની સવારે દસ વાગ્યે સ્વામીશ્રીને લઈને લંડનના હીથ્રો ઍરપોર્ટ પર ઊતર્યું ત્યારે અહીં વિદાયના શિવરંજનીની જગ્યાએ સ્વાગતના ભૂપાલી, યમન ગવાઈ રહેલા. સ્વામીશ્રીને ગઈકાલનો નિર્જળા ઉપવાસ હતો અને ઍરપોર્ટની બહાર નીકળ્યા ત્યારે આજના દિવસના પણ સાડા અગિયાર વાગી ચૂકેલા. હજી પારણાં કરવાનાં બાકી હતાં. છતાં તેઓએ ગાડી 'ફોરવેઝ'ના ઉતારે ન લેવડાવતાં મંદિરે લેવડાવી.

અહીં ૧૨:૪૫ વાગ્યે મંદિરે પધારતાં જ તેઓ જાણે મૂર્તિમાં ખોવાઈ ગયા. અનિમેષ નયને સ્વામીશ્રી ઠાકોરજીનાં અને ભક્તો સ્વામીશ્રીનાં દર્શન કરી રહ્યા. સ્વામીશ્રી અને ભક્તોની આંખોમાં એકસરખા જ ભાવ હતા. એક હરિમાં એકાકાર હતા, બીજા ગુરુહરિમાં.

ભગવાનનાં દર્શન કરી સ્વામીશ્રી સભામાં આશીર્વાદ પાઠવી, દરેકને વ્યક્તિગત મળ્યા બાદ ઉતારે પહોંચ્યા ત્યારે બપોરનો દોઢ વાગી ચૂકેલો. સ્નાન, પૂજાથી પરવારીને તેઓએ બપોરે પોણા ત્રણ વાગ્યે જન્માષ્ટમીના ઉપવાસનાં પારણાં કર્યાં!

ઠાકોરજી જમાડ્યા બાદ પણ આરામને હરામ કરતાં તેઓ સાડા પાંચ વાગ્યે તો લંડનથી ૧૧૨ કિ.મી. દૂર આવેલા વેલિંગબરો જવા નીકળી ગયા. દોઢ દિવસનો ઉપવાસ, આખી રાત્રિની મુસાફરી અને જેટ લૅગની અસર વગેરે અનેક સબળ પરિબળ આરામ કરવાના પક્ષમાં હતાં, પરંતુ સ્વામીશ્રી

સેવા-ભક્તિ કરવાના પક્ષમાં હતા. એ પલ્લું ભારે નીવડ્યું.

## વેલિંગબરોમાં ફૂલી-ફાલી સત્સંગવેલી

નેન(Nene) નદીના કિનારે વસેલું વેલીંગબરો તા. ૧૨/૮ની સાંજે સ્વામીશ્રીના આગમનથી ધન્ય થયું. અહીં ટેકનિકલ કૉલેજના હૉલમાં યોજાયેલી સ્વાગત-સભામાં સ્વામીશ્રીને આવકારવા માટે ઉપમેયર, ખ્રિસ્તી ધર્મોપદેશકો, મુસ્લિમ બિરાદરો સહિત સેંકડો મુમુક્ષુઓ ઉપસ્થિત હતા. સૌએ ભાવોર્મિઓ વહાવી સ્વામીશ્રીને વધાવ્યા. આ સ્વાગત-સભાને અખબારી અને ટી.વી. પ્રસાર માધ્યમોએ ખૂબ ચમકાવી હતી. તે દ્વારા પણ ઘણાને સ્વામીશ્રીનો યોગ થયો.

જો કે સ્વામીશ્રીને તો છાપાં-ટી.વી. દ્વારા ઘેર ઘેર પહોંચવાને બદલે પધરામણીઓ દ્વારા ઘેર-ઘેર પહોંચવામાં રસ હતો, કારણ કે તે વડે જ જીવનું આમૂલચૂલ રૂપાંતર થાય છે. તેથી સ્વામીશ્રીએ અત્રે બે દિવસના રોકાણમાં પચાસ ઉપરાંત પધરામણીઓ કરી સૌને શુદ્ધિ-વૃદ્ધિના માર્ગે વાળ્યા. સાથે સાથે મંડળના કાર્યકર્તાઓની નિમણૂક અને મંદિર માટેની લખણી કરીને મંદિર-મંડળની પ્રવૃત્તિને પણ વેગ આપ્યો. ટેકનીકલ કૉલેજ સાથે વિક્ટોરિયા યુનાઈટેડ રિફૉર્મ ચર્ચ હૉલમાં યોજાયેલી જાહેર-સભાઓમાં મર્મસ્પર્શી માર્ગદર્શન દ્વારા કેટલાયના સુષુપ્ત સંસ્કારો જાગ્રત કર્યા. તેને કારણે બે દિવસમાં લગભગ સો જેટલા મુમુક્ષુઓ સત્સંગ સ્વીકારી અધ્યાત્મ-માર્ગના યાત્રી બન્યા.

તા. ૧૪/૮ના રોજ તો એકાદશીનો નિર્જળા ઉપવાસ પણ સ્વામીશ્રીના વેગને મંદ પાડી શક્યો નહીં. આ દિવસે સવારે પોણા નવથી બપોરે પોણા બે વાગ્યા સુધી તેઓએ એકધારી પધરામણીઓ કરી. ત્યારબાદ બપોરિયું પત્ર-વ્યવહારમાં વિતાવીને સાંજે પાંચ વાગ્યે લેસ્ટર જવા નીકળ્યા ત્યારે વેલિંગબરોમાં સત્સંગની વેલી વિશેષ ફૂલી-ફાલી ગયેલી.

વ્રત-તપમાં લેશ પણ બાંધછોડ કર્યા સિવાય અને તે તપશ્ચર્યાની પરિશ્રમ પર લગીરેય વિપરીત અસર લાગવા દીધા સિવાય સ્વામીશ્રી વિચરતા. તેઓ કઠોર તપ કરવા છતાં પલાંઠી વાળીને બેસી નહોતા ગયા અને સત્સંગ માટે અવિરત ઘૂમવા છતાં વ્રત-તપને તડકે મૂક્યાં નહોતાં. તેઓની આ જીવનશૈલીની આવરદા બ્રહ્માંડની આવરદા કરતાં એક સેકન્ડેય ઓછી નહીં થાય.

## સમર્થ છતાં સરળ

વેલિંગબરોથી છપ્પન કિ.મી.ના અંતરે આવેલા લેસ્ટરમાં તા. ૧૪/૮ થી ૧૮/૮ દરમ્યાન સ્વામીશ્રીના સાંનિધ્યમાં જાણે સત્સંગની વસંત ખીલી ગઈ. પ્રથમ તો તેઓ પધારતાં જ વાતાવરણ સંપૂર્ણ સાનુકૂળ થઈ ગયું.

તેઓ લેસ્ટર પધાર્યા ત્યારે હવામાન ઘણું ઠંડું હતું. તેથી સાહજિકપણે સ્વામીશ્રી બોલેલા કે 'અમેરિકામાં વાતાવરણ સારું હતું. એટલે આપણને અને સૌ ભક્તોને સુખ આવ્યું. અહીં વરસાદ પડે છે ને વાતાવરણ ઠંડું થઈ જાય છે. પણ આ વરસાદ દેશમાં મોકલો.'

તેઓના મુખેથી જ્યાં આમ શબ્દો નીકળ્યા ત્યાં તો થોડી જ વારમાં સૂર્યદેવ તડકો લઈને હાજર થઈ ગયા! તે જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'હં.. આવું રાખો.'

તેઓના આ શબ્દો દેવતાઓ માટે જાણે આદેશ હોય તેમ ત્યારપછીના ચાર દિવસ વાતાવરણ એવું જ રહ્યું.

'मद्भयाद् वाति वातोऽयं सूर्यस्तपति मद्भयात् ।
वर्षतीन्द्रो दहत्यग्निर्मृत्युश्चरति मद्भयात् ॥'[૧૪૧] – મારા ભયથી પવન વહે છે, સૂર્ય તપે છે, ઇન્દ્ર વરસે છે, અગ્નિ બાળે છે અને કાળ ફરે છે. આ સામર્થ્યના સ્વામી આપણા આંગણે પધાર્યા છે તેવો અનુભવ સૌને થયો.

આમ, પ્રથમ પગલે જ પરચો પૂરતાં સ્વામીશ્રી સ્વાગતસભામાં પધાર્યા ત્યારે ઊંચા મંચ પર બનાવવામાં આવેલા કલાત્મક આસન પર તેઓ બિરાજ્યા. અહીં ઠાકોરજીની આરતી થઈ. એ આરતી પછીના દંડવત સ્વામીશ્રીએ પોતે જે આસન પર બિરાજેલા તે પર જ કરીને એક વિશિષ્ટ સ્મૃતિ આપી. અલમસ્તને કોની અદબ!

અહીં સ્વામીશ્રી અને સંતોનો ઉતારો જે ડાહ્યાભાઈના મકાનમાં હતો તેમાં બાથરૂમની વ્યવસ્થા ઘરના બે-ચાર સભ્યોની સંખ્યા મુજબ હતી. જ્યારે અત્યારે તેમાં બાર સંતો ઊતરેલા. તેથી ઘણી વાર એવું બનતું કે સ્વામીશ્રી સવારે જાગી ગયા હોય પણ બાથરૂમ ખાલી ન હોવાથી તેઓને રાહ જોતાં બેસી રહેવું પડતું. છતાં તેઓ લેશ પણ કચવાટ વિના આ પ્રતીક્ષા-સમયમાં પોતાને સ્નાન કરાવવા એકત્રિત થયેલા યુવકોને પ્રેરણાત્મક વાતો કરતા.

---

૧૪૧. श्रीमद्भागवतपुराणम् – ૩/૨૫/૪૨.

પોતાના મોભા મુજબ પોતાની મર્યાદા જળવાય, સગવડ સચવાય, તેવી કોઈ અપેક્ષા તેઓને રહેતી નહીં. તેઓ જેમ સામર્થ્યના સ્વામી હતા તેમ સરળતાના પણ સ્વામી હતા.

તા. ૧૫/૮ના રોજ તો વળી બારસની તિથિ હતી. આ દિવસની સવારે વહેલા સ્નાન કરી, પૂજા-પાઠથી પરવારી પારણાં કરવાની લાય લાગી હોય. તેમાંય ઉપવાસના દિવસે પાર વિનાનો પરિશ્રમ કર્યો હોય ત્યારે તો કંઠશોષ એવી તીવ્રતાએ પહોંચ્યો હોય કે અલ્પ વિલંબ પણ કલ્પ જેવો લાગે! પરંતુ સ્વામીશ્રીને આવી બારસની સવારે જ બાથરૂમ ખાલી થાય તેની રાહ જોતાં બેસી રહેવાનું થયું. તો પણ કોઈ વ્યગ્રતા કે લોલુપતા તેઓના ચહેરા પર ડોકાઈ નહોતી. તેઓ સરળ તો હતા પણ ભૂખ-તરસની ઊર્મિઓથી પણ રહિત હતા તેવું આવા પ્રસંગે અનુભવાતું.

## મિડલેન્ડમાં મંદિરોનાં મંડાણ

મંદિરો એટલે પૃથ્વીના કાગળ પર સ્વામીશ્રીના હસ્તાક્ષર. આ મંદિરો દ્વારા તેઓએ ઉપાસના, ઉત્કર્ષ અને ઉલ્લાસની ત્રિવેણી રચી છે. મંદિરોમાં પધરાવેલી મૂર્તિઓ દ્વારા ઉપાસના, મંદિરોની છત્રછાયામાં થતી સેવાઓ દ્વારા ઉત્કર્ષ અને મંદિરોમાં ઉજવાતા ઉત્સવો દ્વારા ઉલ્લાસ. આમ, આત્મા, સમાજ અને સંસ્કૃતિ – ત્રણેયનું જતન કરતાં મંદિરો ગામોગામ સર્જીને સ્વામીશ્રીએ પૃથ્વી પર કદી ફેડી ન શકાય એવું ઋણ ચઢાવ્યું છે.

લેસ્ટરના રોકાણ દરમ્યાન તેઓએ અહીં પણ આવી મંદિર-નિર્માણની પ્રક્રિયા હાથ ધરેલી. તે માટે યોગ્ય જમીનોનાં નિરીક્ષણની સાથે સાથે તેઓ દરેક પધરામણીમાં મંદિરની સેવા અંગે સૌને પ્રેરણા આપતા. તે વખતે કેટલાક સ્વામીશ્રીને પૂછતા: 'આપ મંદિરની સેવા માટે આટલો આગ્રહ કેમ રાખો છો?'

ત્યારે તેઓ જણાવતાં: 'તમે સત્સંગમાં આવતા નથી ત્યારે જ અમારે આટલી ખેંચતાણ કરવી પડે ને! સત્સંગમાં જો આવો તો મહારાજની રુચિ સમજાય. પણ આ તો બંને વાતે ખોટ. સત્સંગમાં ન આવો તો તે અને સેવા ન કરો તે.' એમ પ્રેમથી સમજાવી સૌને સેવાની પ્રેરણા આપતા.

મંદિરોનાં નિર્માણ પાછળ માત્ર નાણાં, મા'ણા અને પાણાનો જ પુરુષાર્થ નહીં, પરંતુ લોકોની આવી કટાયેલી માનસિકતા ગાળવા માટે પણ સ્વામીશ્રી

ઘણું મથ્યા હતા.

## મોહનવરને હાથે મોજ મળી રે

લેસ્ટરમાં પૂરા ત્રણ દિવસના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ ૭૫થી વધુ પધરામણીઓ કરી. પરદેશની પધરામણીઓમાં તેઓ મુખ્યત્વે આહાર-વિહારની શુદ્ધિ પર ભાર મૂકતા. કેટલાયને *'પશુ મિટાયે મનુષ્ય મોહે કીન્હો...'* ગાઈ શકે તેવો બનાવતા.

આવી એક વ્યક્તિ સાથે સ્વામીશ્રીને આ પધરામણીઓ દરમ્યાન ભેટો થઈ ગયેલો. નામ તો હતું એમનું ઈશ્વર; પણ થઈ ગયા'તા પ્યાલીને પરવશ. ચાર વર્ષના હતા ત્યારથી ઢીંચવાનું શીખી ગયેલા તેઓ સ્વામીશ્રીને મળ્યા ત્યારે પંચાવને પહોંચેલા. રોજ દારૂ ગટગટાવતા તેઓને સ્વામીશ્રીએ જરા કડકાઈથી આ બદી છોડવા સમજાવ્યું. તેઓના દીકરાને પણ કહ્યું: 'તમારે ન પીએ તેનું ધ્યાન રાખવું. આ તો જન્મ્યા પછી વળગ્યું છે. માટે પ્રયત્ન કરીએ તો છૂટી જાય. જન્મ્યા પહેલાં તો દારૂ નો'તા પીતા ને !'

જ્યાં સ્વામીશ્રીએ આમ દલીલ કરી ત્યાં એ નબીરો બોલ્યો: 'મારા પિતા ને તેમના પિતા પણ પીતા હતા.'

આવી બોદી વાત સાંભળી સ્વામીશ્રીએ મૂળ સોતી ડાળને પણ ખંખેરી. બાપ સાથે બેટાને પણ ઠમઠોર્યો.

આમ, પધરામણીમાં એક અંતિમે આવા 'નંગ' રહેતા, તો બીજે છેડે ભક્તમાળમાં પરોવાય એવા મણકા પણ મળી આવતા.

પધરામણીના આ ક્રમમાં સ્વામીશ્રી એક ભક્તના ઘેર પગલાં પાડવાના હતા. ઘર આંગણે આવેલા આ સપરમા અવસરે એ હરિભક્તે એવું 'પણ' લીધેલું કે 'સ્વામીબાપા પધારે પછી જ મોંમાં કણ મૂકવો.' પરંતુ સોની સોનાને કસે તેમ ભગવાન ભક્તને કસણીમાં લે તે મુજબ, આ ભક્તના ઘેર સ્વામીશ્રીની પધરામણીનો મેળ છેક રાત્રે પોણા બાર વાગ્યે પડ્યો ! છતાં ત્યાં સુધી તે ભક્ત ભૂખ્યા રહેલા. સ્વામીશ્રી તેઓની આવી ટેકથી ઘણા રાજી થયા. તેઓએ ઉતારે આવી સ્વહસ્તે તે ભક્ત માટે પ્રસાદી મોકલી આપી. તે જોઈ એ હરિભક્તની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. સ્વામીશ્રીનો પ્રેમ અને પ્રસાદ આરોગતાં તેઓનું મન ગાઈ રહ્યું: *'મોહનવરને હાથે મુજને મોજ મળી રે...'*

આમ, સ્વામીશ્રીનો કૃપા-પ્રસાદ ખાતાં ખાતાં સમય ક્યાં સરકી ગયો

તેનો કોઈને ખ્યાલ ન રહ્યો અને લેસ્ટર ખાતે છેલ્લી સભા આવી પહોંચી. આ સભા વેઝલી હૉલમાં જાહેર-સભારૂપે યોજેલી. તેમાં ઉપસ્થિત સૌને સ્વામીશ્રીએ આશીર્વાદનું અમૃત પિવરાવતાં કહ્યું: 'આપણે પરદેશમાં વસ્યા છીએ ત્યાં સંગઠનભાવ હશે તો સારી રીતે રહેવાશે. વિઘ્ન કરવાથી તો અપયશ પ્રાપ્ત થશે. સહકાર આપીશું તો આપણી ઉન્નતિ છે. દરેકનું સારું ઇચ્છીશું તો આપણું સારું થશે.'

સભા બાદ સ્વામીશ્રી છ પધરામણીઓ કરી ઉતારે પધાર્યા. અહીં ભોજન કરીને મીટિંગમાં બિરાજ્યા. આ મેરેથોન મીટિંગ રાત્રે ૧:૫૦ વાગ્યા સુધી ચાલી. તે પછી સ્વામીશ્રી બે વાગ્યે આરામમાં પધાર્યા. સૌ સૂતા હોય ત્યારે સૌની ચિંતા કરતાં સ્વામીશ્રી જાગતા રહેતા!

## 'અધિક'માં અધિક

લેસ્ટરના રોકાણ દરમ્યાન તા. ૧૮/૮થી અધિક માસનો પ્રારંભ થઈ રહેલો. તે નિમિત્તે સ્વામીશ્રીએ અધિક તપ-વ્રત માટે એકટાણાં કરવાનું નક્કી કર્યું. આ બાબતે સંતો તથા ભક્તોએ તેઓને વિનંતી કરી કે 'આપને વિચરણનો ભીડો ઘણો રહે છે. કથાવાર્તા-પધરામણી પણ ધમધોકાર ચાલતી રહે છે. તેથી આપ જમવાનું રાખો તો સારું.'

પણ 'મહારાજ-સ્વામી ચલાવશે બધું' એમ ટૂંકો ઉત્તર વાળી સ્વામીશ્રીએ પોતાનો નિર્ણય અફર રાખ્યો.

આમ, 'અધિક'માં અધિક કરતાં તેઓએ આજે લેસ્ટરથી બ્રેડફર્ડના આર્કેડિયન સિનેમા હૉલમાં સભા કરી બપોરે એક વાગ્યે પધરામણીઓનો પ્રારંભ કર્યો. એકટાણાંમાં ભોજન લેવાનું તેઓએ સાંજ પર છોડેલું. તેથી જમ્યા વિના સ્વામીશ્રીએ ૪૦ કિલોમીટરના વિસ્તારમાં વીસ પધરામણીઓ કરવામાં આખી બપોર કાઢી. 'અધિક'માં અધિક કરી દીધું.

બ્રેડફર્ડથી તેઓ પ્રેસ્ટન જવા નીકળ્યા. પરંતુ ફૂલ પહોંચે તે પહેલાં તેની સુગંધ પહોંચી જાય છે તે મુજબ, સ્વામીશ્રી પધાર્યા તે પૂર્વે તેઓની સાધુતાની સુવાસ અહીં પ્રસરી ગયેલી. તેઓને આવકારવા મેયરશ્રી કાઉન હૉલ સહિત કાઉન્સિલર, સાંસદ, ખ્રિસ્તી ધર્મગુરુ એમ ઘણા મહાનુભાવો પ્રતીક્ષામાં હતા. મેયરે તો પોતાની ગાડી જ સ્વામીશ્રીને લઈ આવવા માટે મોકલી આપેલી. ૨,૧૪૦ બેઠકોની ક્ષમતા ધરાવતો શહેરનો પ્રતિષ્ઠિત ગિલ્ડ હૉલ પણ તેના

વ્યવસ્થાપકોએ ૧૭૫ પાઉન્ડને બદલે ૭૫ પાઉન્ડના શુલ્ક સાથે વાપરવા આપેલો. અહીં કિંમત સો પાઉન્ડની નહોતી, પણ સ્વામીશ્રીનાં દર્શન વિના પણ તેઓ વિષે પ્રગટેલા આદરની હતી.

સ્વામીશ્રી પધાર્યા ત્યારે સૌએ આ માનવંતા મહેમાનને પ્રેમથી આવકાર્યા. હારતોરા અને ફળફળાદિ અર્પણ કર્યાં. પ્રશસ્તિવચનો ગાયાં. સૌને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ પણ કહ્યું : ''વાતો ઘણી સાંભળી પણ જીવનમાં ઊતરે તેટલો લાભ. ન ઊતરી તો કામની નહીં. 'તમારી વાત તમને સોંપી. કંઈ લઈ જતા નથી.' એવું ન કરવું. 'તુમ બકતા હૈ, હમ સુનતા હૈ'માં શું લાભ? વૈજ્ઞાનિકો વસ્તુમાં ઊંડા ઊતરી 'રિસર્ચ' કરીને આગળ વધ્યા છે. 'ઍપલ' નીચે પડ્યું તો 'કેમ નીચે પડ્યું?' તે વિચાર કર્યો, તો 'ગ્રેવિટેશન'નો નિયમ શોધ્યો.. આત્યંતિક કલ્યાણનો વિચાર તે સવળો વિચાર છે. તેમાં આપણું ભલું અને દરેકનું ભલું થાય છે. મૃત્યુલોકમાં જન્મ-મરણ ચાલવાનું જ છે. ચમત્કારની મહત્તા નથી. મોક્ષ કરવો તે મોટી વાત છે. દેશ જેટલો ધર્મથી દૂર તેટલો દુઃખી થવાનો.''

આજની આ સભાનો પ્રભાવ બીજા દિવસે રૉપર હૉલમાં યોજાયેલી સભામાં પણ જોવા મળ્યો.

આ સભા બાદ સ્વામીશ્રીને જે મોટરમાં જવાનું હતું તે સરતચૂકથી અંદરની બાજુ ઊભી રખાયેલી. ઘણી ગાડીઓ હટે પછી તે નીકળે તેમ હોવાથી આયોજકો મૂંઝાતા હતા. એટલામાં તો સ્વામીશ્રી આવી પહોંચ્યા. તેઓએ વિગત જાણી મુશ્કેલી હળવી કરતાં કહ્યું : 'ભલે મોટર ન આવે. આપણે સંતો ભેગા જતા રહીએ.'

પરંતુ સંતો માટે તો ૧૦-૧૨ વ્યક્તિ ગોઠવાઈ શકે તેવી મોટી વાન હતી. પ્રવાસની વર્ધી માટે તે વપરાતી. આવી સામાન્ય ગાડીમાં સ્વામીશ્રીને કેવી રીતે બેસાડવા? પણ સ્વામીશ્રી સૌ સાથે એ વાહનમાં પ્રેમથી બિરાજીને ઉતારે આવી પહોંચ્યા. ગઈકાલે મેયરની મોટરમાં બેસીને પધારેલા તેઓના મુખ અને આજે વાનમાં બેસીને આવેલા તેઓના મુખમાં કોઈ ફર્ક નહોતો! તેઓની આ સરળતા અને સ્થિતપ્રજ્ઞતા તેઓ માટે 'અધિક'માં અધિક આદર ઉપજાવતી ગઈ.

પ્રેસ્ટનમાં જ રોકાઈને સ્વામીશ્રીએ બ્લેક બર્ન, વિગન, બોલ્ટન વગેરેને પાવન કર્યાં. આ રોકાણમાં જ તેઓએ પ્રેસ્ટનમાં પણ શાળાનું એક મકાન

ખરીદવાનો નિર્ણય આપીને મંદિર-નિર્માણનાં ચક્ર ગતિમાન કરી દીધાં. તેઓની દીર્ઘદૃષ્ટિ હવે દરેક સ્થળે સત્સંગ-વિકાસના 'પ્લેટફોર્મ' તૈયાર કરવા માંડેલી. આ જ હેતુસર તા. ૨૧/૮ના રોજ સ્વામીશ્રી બ્લેકપુલ, લીવરપુલ અને સેંટ હેલેન્સ થઈ રાત્રે બાર વાગ્યે આસ્ટન આવી પહોંચ્યા.

અહીં તા. ૨૧/૮ થી તા. ૨૫/૮ સુધીના પાંચ દિવસ દરમ્યાન પારાયણ, પધરામણીઓ દ્વારા સ્વામીશ્રીએ ખૂબ લાભ આપ્યો. ઑલ્ડહેમ, માંચેસ્ટર વગેરે કેન્દ્રોમાં જઈને પણ તેઓ વરસ્યા. આ સત્સંગ-વર્ષાનો લાભ સતત મળતો રહે તે માટે આસ્ટનમાં પણ મંદિર-નિર્માણની કાર્યવાહી આરંભી, સ્વામીશ્રી બર્મિંગહામ પધાર્યા.

અહીં ગીતાભવન મંદિરમાં જાહેર-સભા હોવાથી અગ્રણી સત્સંગીઓની ઇચ્છા હતી કે 'સ્વામીબાપા હિંદીમાં બોલે તો સારું.'

સ્વામીશ્રી સમક્ષ કોઈની આશાવેલ કદી કરમાય નહીં. તેથી તેઓએ હરિભક્તોની આ અભિલાષા અનુસાર હિંદી ભાષામાં આશીર્વાદનો આરંભ કરતાં કહ્યું : 'हमारा अभ्यास हिन्दी बोलने का नहीं है तो गलती हो तो क्षमा करना...'

તેઓના આ પ્રથમ વાક્યથી જ શ્રોતાઓ ઘાયલ થઈ ગયા! માફી માંગી શકે એવી નમ્રતા, ભૂલ સ્વીકારી શકે એવી નિખાલસતા અને અજ્ઞાન કબૂલી શકે એવી નિર્દંભતાથી સ્વામીશ્રી બોલતા હતા. આ જ તેઓના શબ્દોની શક્તિ હતી. તે અનુભવી અધિક પૂજ્યભાવથી સૌનાં મસ્તક સ્વામીશ્રીનાં ચરણોમાં ઝૂકી પડ્યાં. સૌને આનંદ થઈ ગયો. એ આનંદની અભિવ્યક્તિ સૌએ આશીર્વાદ બાદ આરતી થઈ ત્યારે ઘંટ, ઝાલર, શંખ અને તાળીઓના જોર-શોરથી નાદ ગજવીને કરી.

## પરોપકારીઓને પણ પાઠ

તા. ૨૬/૮ના રોજ વિદેશયાત્રાનો ૧૫૧મો દિવસ હતો. તે દિવસે સવારે સ્વામીશ્રીએ મુંબઈ રહેતા મહંત સ્વામી, ત્યાગવલ્લભદાસ સ્વામી વગેરે સંતો સાથે ફોન પર વાત કરીને યાત્રાનો સવિસ્તર અહેવાલ આપ્યો. વાત કરનાર પ્રત્યેક સંતની આગવી વિશેષતાઓને સંભારી સ્વામીશ્રી સ્મૃતિ આપતા ગયા. જેણે જેણે સ્વામીશ્રી સાથે ફોન પર વાત કરી હશે તે સૌને આ અનુભવ હશે કે ફોનમાં વાત કરનારનાં નામ-ઉપનામ, કામ-ગામ કે ખૂબી-

હૉબીને નિમિત્ત બનાવી સ્વામીશ્રી કંઈક રમૂજ કરતા. વાતનો વિષય ગંભીર હોય તોપણ આવી ગમ્મતને તેમાં અવકાશ રહેતો. તે દ્વારા તેઓ દૂર રહીને પણ નિકટતાનો અનુભવ કરાવતા.

દૂર બેઠેલાને આમ ફોન દ્વારા સામીપ્યનું સુખ આપી, સ્વામીશ્રી નજીક રહેલાને પધરામણીનો પ્રસાદ આપવા નીકળી પડ્યા. તે ક્રમમાં બ્રોમવીચમાં આવેલા રાધા-કૃષ્ણ મંદિરમાં પધરામણી કરી બિલ્સ્ટોન, વેડનસબરી, વુલ્વર-હેમ્પ્ટનને લાભ આપતાં તેઓ માર્ગમાં આવતાં શ્રીકૃષ્ણ મંદિરમાં પણ ગયા. તેઓની શ્રદ્ધાને કોઈ વાડા-સીમાડા નહોતા. 'वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः।'[૧૪૨] મુજબ બધું ભગવાનમય જ જોતા એવા એ દુર્લભ મહાત્મા હતા.

આમ, આખો દિવસ વિચરણ કરીને સ્વામીશ્રી રાત્રે શંકરલાલ પારેખના બંગલે ચેષ્ટાગાન કરી રહેલા. તે વખતે સામે બેઠેલા કોઠારી સ્વામીને સંકલ્પ થયો કે 'સવારે મુંબઈના સંતોને ફોન તો કર્યો પણ કાગળ લખવાના બાકી રહી ગયા.'

બરાબર એ જ વખતે જાણે તેઓના મનને વાંચતાં હોય એમ સ્વામીશ્રીએ તેઓને બોલાવ્યા અને કહ્યું: 'સંતોને કાગળ લખો.'

વિદ્યુતશક્તિ આપણાથી અજાણી નથી હોતી, પણ જ્યારે તે આપણને અડે ત્યારે ઝાટકો લાગે છે. તેમ સ્વામીશ્રીની અંતર્યામી શક્તિથી આજે કોઠારી સ્વામી પુનઃ ચમકી ઊઠ્યા. તેઓએ તરત જ કાગળો લખવાનું શરૂ કરી દીધું.

આ પત્રોમાં સ્વામીશ્રી પણ થોડી પ્રેરક વાતો લખીને હસ્તાક્ષર કરવાના હતા. પરંતુ ચેષ્ટાગાન પૂરું થયું ત્યારે જ રાત્રિના સાડા અગિયાર વાગી જતાં સૌને સૂવાનો સમય થઈ ગયો. તેથી સ્વામીશ્રી કોઈને ખલેલ ન પહોંચે તે માટે, ઊઠીને જ્યાં કોઈ સૂવાનું નહોતું તેવી એક નાનકડી ઓરડીમાં જઈને બેઠા.

પોતાનું કામ કરતી વખતે બીજાનો વિચાર કેટલો રહે છે તેના આધારે કામ કરનારની માણસાઈનું માપ નીકળે છે. સ્વામીશ્રી આવી માણસાઈનો મેરુ હતા. તેઓમાંથી અધ્યાત્મ નહીં તો આવી માણસાઈ પણ જો દુનિયા શીખે તોય એના ઘણા પ્રશ્નો ઊકલી જાય એમ છે.

નાની ઓરડીમાં જઈને 'લાવો, બધામાં સહી કરી દઈએ' એમ બોલતાં સ્વામીશ્રી, એક-એક પત્રમાં હીરાકણી વેરતા જતા હોય તે રીતે શબ્દો પાથરતા

---

૧૪૨. श्रीमद्भगवद्गीता – ૭/૧૯.

ગયા. આમ, સતત પોણા બે કલાક સુધી સર્વ સંતો પ્રત્યે પત્ર-પ્રેમ પાઠવીને તેઓ સવા એક વાગ્યે આરામમાં પધાર્યા. એ પત્રો સંતો પાસે પહોંચ્યા હશે ત્યારે પોતાને સુખ-સ્મૃતિ આપવા સ્વામીશ્રીએ વેઠેલો આ ભીડો તેઓની નજરમાં નહીં આવ્યો હોય.

બૅન્ડ-બ્યૂગલ બજાવ્યાં વિના બીજા માટે ઘસાઈ છૂટવાની સ્વામીશ્રીની પ્રકૃતિ પરોપકારીઓને પણ પાઠ શિખવાડે એવી હતી. વાદળ વરસે છે અને ગરજે પણ છે. નદી વહે છે અને ઘૂઘવે પણ છે. ગાય દૂધ દે છે અને ભાંભરે પણ છે. જ્યારે સ્વામીશ્રી કોઈ ગડગડાટ વિના વરસી જનારા હતા. કોઈ ઘુઘવાટ વિના વહી જનારા હતા. કશા કોલાહલ વિના દઈ જનારા હતા. આજે જેઓના કબાટમાં સ્વામીશ્રીના પત્રો છે તે લોકો એ પત્રો સ્વામીશ્રીએ કયા સંજોગોમાં લખ્યા હશે તેનો જો વિચાર કરે, તો એ પત્ર તેમાં લખ્યા ઉપરાંતનું પણ ઘણું વધારે કહી આપશે.

## કોમળતા અને કર્મઠતા

તા. ૨૭/૮ની સવારે સ્વામીશ્રી અલ્પાહાર કરી રહેલા ત્યારે એક હરિભક્ત રવજીભાઈ દૂર ઊભા રહી દર્શન કરતા હતા. સ્વામીશ્રીની નજર તેઓ પર પડતાં તેઓએ એક સંત પાસે થાળી મંગાવી. તેમાં જાતે જ બધી વાનગીઓ મૂકી તે હરિભક્તને જમવા માટે મોકલાવી. આ કોઈ માનવીય વિવેક નહોતો પણ સ્વામીશ્રીનું હૃદય જ એટલું ઋજુ હતું કે અન્યને જમાડ્યા વિના જમવામાંયે તેઓને અજુગતું લાગતું.

આજે સવારે અલ્પાહાર બાદ હરિભક્તોએ સોળ કિલોમીટરના અંતરે આવેલા અર્લ્સવુડ લૅક અને તેના બગીચાને સ્વામીશ્રીના સાંનિધ્યથી પાવન કરવાનો વિચાર કરેલો. તે અનુસાર સૌ ત્યાં પહોંચ્યા, પરંતુ અહીં આજે ગિરદી ઘણી હતી. તેમ છતાં હરિભક્તોએ સ્વામીશ્રી અને સંતોની ચારેકોર કવચ(કૉર્ડન) રચીને ઊભા રહેવાની ગોઠવણ કરવા માંડી. પણ આસપાસ બાઈ-ભાઈ ભેગાં ઘૂમતાં હોય તેમાં સરોવરનું સૌંદર્ય માણવા ઊભા રહેવું એ પણ સ્વામીશ્રીને મર્યાદાભંગ સમાન જ લાગ્યું. તેથી તેઓએ ગાડીમાંથી જ નીચે ઊતરવાની નામરજી બતાવી અને ગાડી પાછી લેવડાવી દીધી.

તેઓનું હૃદય જ એટલું ધર્મમય હતું કે ભગવાનના અલ્પ વચનમાં ફેર પડે તે પણ તેઓને મહત્ વચનમાં ફેર પડ્યા જેવું વસમું લાગતું. ધર્મ-

નિયમથી બહારનું વિશ્વ એટલે તેઓને મન વિષ્ટા. સરોવરના કિનારે પગલુંય મૂક્યા વિના તેઓએ સદીઓ સુધી માર્ગદર્શન આપતી રહે એવી એક અમીટ છાપ અંકિત કરી દીધી.

સરોવરના કાર્યક્રમ પર પાણી ફરી વળતાં સૌ ઉતારે આવી ગયા.

અહીં ભોજન કરીને સ્વામીશ્રી મકાનની સામે આવેલા લીલાછમ મેદાનમાં ઘટાદાર વૃક્ષોની વચ્ચે આવેલી ખુલ્લી જગ્યામાં કથા માટે બિરાજ્યા. સામે સંતો-ભક્તો બેસીને નિરાંતે દર્શનનો લાભ લઈ રહેલા. પણ અધ્ધર આકાશમાં સૂરજ અને વાદળે દર્શનના વારા પાડી દીધા હોય એમ તેઓ વારાફરતી આવતાં રહેતાં. તેથી તડકી-છાંયડીની લીલા ચાલ્યા કરતી. તેમાં સ્વામીશ્રીએ 'આપણે બગીચામાં જવાના હતા તે આ બગીચો. અહીં કથા-વાર્તાનું સુખ આવે.' એમ કહી વરતાલ પ્રકરણના સોળમા વચનામૃતનું નિરૂપણ શરૂ કર્યું.

ઋષિયુગનું આ દૃશ્ય મેદાનમાં દૂર રમતા નાનાં અંગ્રેજ બાળકો માટે કુતૂહલનો વિષય બની રહ્યું. તે સૌ રમવું છોડી આ તરફ જ ટગર-ટગર જોવાં લાગ્યાં. સ્વામીશ્રીએ પણ આ નવ ટાબરિયાંઓને લક્ષમાં લીધા.

સત્તર મિનિટ કથા કર્યા બાદ તેઓએ એ અંગ્રેજ શિશુઓને પોતાની સમીપે બોલાવ્યા. આટલા સમય સુધી આ ચંચળ માયા ત્યાં સ્થિર થઈને ઊભી રહી એ પણ સ્વામીશ્રીની મૂર્તિનો જ પ્રતાપ ને! તે બાળકો સ્વામીશ્રી પાસે આવ્યાં એટલે તેઓએ સૌ સાથે હાથ મિલાવ્યા. જેની જેવી રીતભાત તે મુજબ સ્વામીશ્રી વર્તતા. તેથી સૌને તેઓમાં હેત થઈ જતું. સ્વામીશ્રીની આજુબાજુ તે બાળકો ગોઠવાઈ ગયાં. એક બાળક તો બે હાથ જોડી સ્વામીશ્રી પાસે જ ઊભો રહ્યો. તેને આશીર્વાદ આપીને રાજી કર્યો. સ્વામીશ્રી સાથે જે રીતે આ બાળમંડળી હળી ગઈ તે જોતાં સૌને એ પૂર્વના મુમુક્ષુ જ લાગ્યા! સ્વામીશ્રીનું હૃદય જ એટલું કોમળ હતું કે અપરિચિતને પણ અજાણ્યું ન લાગે.

આમ, આજે આખા દિવસને સ્વામીશ્રીના હૃદયની ઋજુતા-કોમળતાનો પરિચય મળતો રહ્યો.

પણ રાત્રિને અનુભવ કંઈક જુદો જ થયો. આજે રાત્રે સ્વામીશ્રી સવા અગિયાર વાગ્યે પત્રવાંચન કરવા બિરાજેલા. હજી તો તેઓએ કામની શરૂઆત જ કરી હશે ત્યાં લંડનથી ફોન આવ્યો. તે પોણો કલાક સુધી ચાલતાં રાત્રિના બાર વાગી ગયા. હવે તો આરામનો સમય થઈ ગયેલો. પરંતુ

સ્વામીશ્રી સમય સામે નહીં, સેવા સામે જોઈને જીવનારા. સેવા પૂરી થયે એમને સંતોષ થાય, સમય પૂરો થયે નહીં. તેથી તેઓએ જે પત્ર હાથમાં લીધેલો તે વાંચવો શરૂ કર્યો. બનવાજોગ એ પત્ર ૧૮ પાનાંનો હતો. છતાં અડધો કલાક સુધી તેને નિરાંતે વાંચી તેનો જવાબ તૈયાર કરીને જ સ્વામીશ્રી આરામમાં પધાર્યા.

અન્ય પ્રત્યે કોમળ તેઓ જાત પાસે કઠોરતાથી કામ લેતા. તેઓની કોમળતા અને કર્મઠતાને વંદન કરતાં આજનાં રાત્રિ-દિવસે વિદાય લીધી.

## ભાષા-ભૂષાની માવજત

'અધિક'માં અધિક કરવાની સ્વામીશ્રીની પ્રકૃતિ તા. ૨૮/૮ના રોજ પુરબહારમાં ખીલેલી. આ દિવસે એકાદશીના નિર્જળા ઉપવાસમાં તેઓએ ૨૨૪ કિ.મી.ની મુસાફરીમાં કૉવેન્ટ્રી, નનીટન, યુફીંગ્ટન, પીટરબરો અને લેસ્ટરને પાવન કર્યાં. દરેક સ્થળે ૫-૧૦ પધરામણીઓ તો ખરી જ. વચમાં પીટરબરૉના સેન્ટ જોહ્ન્સ હૉલમાં સભા પણ કરી. તેમાં સંસ્કૃતિની અસ્મિતા દૃઢાવતાં કહ્યું :

'જે ભગવાનને પામેલા છે તેની પાસેથી ભગવાનની પ્રાપ્તિ થાય છે. વ્યવસાય કરીએ પણ આપણો હિંદુ ધર્મ ભૂલવો ન જોઈએ. અમેરિકામાં અમને મેયરે કહ્યું કે 'ભારતીય સંસ્કૃતિ મોઝેકમાં હીરાની જેમ ચમકે છે.' તે લોકો એવું માને છે ને આપણે ભૂલી જઈએ છીએ. આપણી સંસ્કૃતિ તેમને આપવાની છે. અંગ્રેજોએ ભારતમાં ૧૫૦ વર્ષ રાજ્ય કર્યું તોય પોતાનો પહેરવેશ છોડ્યો નહીં. આપણે તો પાંચ વર્ષમાં ફેર પડી જાય. સંસ્કૃતિ પર નિર્ભર રહેવાનું છે. ઘરમાં છોકરાંને ગુજરાતી શીખવીએ. આપણે ભૂલી જઈશું તો કાંઈ રહેશે નહીં. આપણામાં આ લોકોએ ઘુસાડ્યું. આપણે આપી ન શકીએ તો સાચવવું તો ખરું.'

આમ, સ્વામીશ્રી ભાષા-ભૂષાને જાળવી રાખવાં સૌને જાગ્રત કરતા. માતૃભાષામાં માત્ર કક્કો-બારાક્ષરી જ નથી હોતાં, પણ સંસ્કૃતિનાં મૂલ્યો રસબસ થયેલાં હોય છે. તે ભાષા ધોવાય એટલે સંસ્કૃતિ પણ ખોવાય. માટે જ સ્વામીશ્રી માતૃભાષા પર ભાર મૂકતા. આજે વિદેશમાં જ જન્મેલા-ઊછરેલા ૧૦૦ બાળકો-કિશોરો જો ગુજરાતી ભજનો અને સંસ્કૃત શ્લોકો ગાતાં સંભળાય તો એ ૧૦૦માંથી ૯૦ બાળકો-કિશોરો બી.એ.પી.એસ.ના હશે તેમ

નિ:સંકોચપણે કહી શકાય એમ છે. ગરવી ગુર્જરી - ગીર્વાણ ગિરાને પરદેશમાં જીવંત રાખવામાં સ્વામીશ્રીનું યોગદાન મણમાં આઠ પાંચ શેરી જેટલું તો ખરું જ.

## સેવા એ જ સેજ

લેસ્ટરથી તા. ૨૯/૮ના રોજ નૉટીંગહામ પધારેલા સ્વામીશ્રીના સાંનિધ્યમાં કો-ઑપરેટિવ એજ્યુકેશનલ સેન્ટરમાં સભા યોજાયેલી. ત્યાં સો મુમુક્ષુઓની હાજરીમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા કે '...પી. ડી. પટેલે કહ્યું તેમ અહીં સત્સંગ ઓછો છે પણ સૌ ભાવિક છે તો નાનું છે એ મોટું થશે. વડનું બી નાનું છે પણ મોટું થાય છે. માટે આપણો પ્રયત્ન જોઈએ. મોડું થાય પણ થાય છે જરૂર...'[૧૪૩] એમ ખૂબ ઉત્સાહની વાતો સ્વામીશ્રીએ કરી.

તેઓ હંમેશા હકારાત્મક વિચારધારાના જ પુરસ્કર્તા રહેલા. આ જ ઉત્સાહથી તેઓ તા. ૩૦/૮ના રોજ લફબરોના ફીયરોન હૉલમાં સત્સંગ-લાભ આપી, મેલ્ટન મોલરેમાં પધરામણી કરતાં રાત્રે સાડા બાર વાગ્યે લેસ્ટર પધાર્યા. અહીં તેઓએ તા. ૩૧/૮ના રોજ એડવર્ડ વુડ હૉલમાં દર્શન-આશીર્વાદ આપ્યાં.

અમેરિકાથી લંડન પધાર્યાના ગણતરીના કલાકોમાં જ સ્વામીશ્રી મિડલેન્ડ્ઝસનાં નગરો ખેડવા નીકળી પડેલા. ત્રણ અઠવાડિયાંના આ કાર્યક્રમમાં તેઓ ૩૭ શહેરોમાં ૫૦ ઉપરાંત સત્સંગ-સભાઓ અને ૪૦૦થી વધુ પધરામણીઓ દ્વારા સત્સંગની હરિયાળી ફેલાવી હવે લંડન પરત આવી રહેલા.[૧૪૪]

તે ક્રમમાં તા. ૧/૯ના રોજ દીનશેંગરમાં પધરામણી કરી, તેઓ સાંજે વેમ્બલીના બ્રેન્ટ ટાઉન હૉલમાં પહોંચ્યા.

અહીં સ્વામીશ્રી પધારતાં જ સૌનાં મુખકમળ ખીલી ઊઠ્યાં. પ્રચંડ

---

૧૪૩. તેઓની આ વાણી સમય જતાં સાર્થક થઈ. નૉટીંગહામમાં મંદિર નિર્માણ પામ્યું અને ઘણી સંખ્યામાં મુમુક્ષુઓ લાભ લેતા થયા.

૧૪૪. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના મિડલેન્ડ્ઝસના વિચરણની ઝાંખી મેળવવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

જયનાદોથી સૌએ તેઓને વધાવ્યા. બહાર વરસાદ વરસતો હોવા છતાં સ્વામીશ્રીના અમૃતમેઘને ઝીલવા આખો હૉલ ખીચોખીચ ભરાઈ ગયેલો. તે સૌને આશીર્વર્ષાથી ભીંજવતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'અહીં આવતાં યોગીબાપા યાદ આવ્યા. અહીં તેમની જન્મજયંતીનો ભવ્ય ઉત્સવ ઊજવ્યો હતો. તે પ્રસાદી-સ્થાનમાં આવ્યા છીએ એટલે આનંદ છે. અહીં ભેગા થઈ ચાલ્યા જવાની વાત નથી. જીવનું રૂડું થાય તે માટે ભેગા કરીએ છીએ. 'ભેગા થઈ સમય, અનાજ, પૈસાનો વ્યય કરે છે' એ દૃષ્ટિથી કો'ક જુએ, પણ જીવનું પરમ કલ્યાણ થાય છે તે મહત્ત્વની વસ્તુ છે. સહેલાઈથી મોક્ષ થાય છે.'

સૌને આમ સહેલાઈથી મોક્ષ આપવા રાત-દિવસ એક કરીને વિચરેલા સ્વામીશ્રીને આરામ મળી રહે તે હેતુસર, લંડનમાં તા. ૨/૯ની સવારે પધરામણીઓ ગોઠવી નહોતી. સવારે પ્રાતઃપૂજા બાદ જ્યારે સ્વામીશ્રીને આ જાણ કરવામાં આવી ત્યારે તેઓ બોલ્યા : 'ચાલો, કથા કરીએ.' એમ કહી સતત ૬૫ મિનિટ સુધી વચનામૃતનું નિરૂપણ કર્યું પણ આરામ તો ન જ કર્યો.

વ્યક્તિનું નાક દબાવવામાં આવે ત્યારે તે મોં વડે હવા લેવા માંડે છે, પણ શ્વાસ લીધા વિના રહી શકતો નથી. તેમ સ્વામીશ્રીને પણ સેવા-ભક્તિ શ્વાસતુલ્ય. તેની એક બારી બંધ કરો તો બીજી તરત ખૂલી જતી. કથા બાદ તેઓએ વળી ત્રણ પધરામણીઓ તો કરી જ. આરામની કેદમાં સપડાય તો એ સ્વામીશ્રી નહીં !

તા. ૮/૯ના રોજ પણ સ્વામીશ્રી બપોરે જમીને પરવાર્યા ત્યારે ૩:૧૦ વાગી ચૂકેલા. ચાર વાગ્યે તો પધરામણી માટે નીકળી જવાનું હતું. તેથી સૌને ધારણા હતી કે વચગાળાનો પોણો કલાક સ્વામીશ્રી આરામ કરી લેશે. પણ તેઓએ તો ભોજન પછી બપોરની કથા આરંભી અને આરામનો સમય ભજનમાં વિતાવી ચાર વાગ્યે પ્રસ્થાન કરી ગયા. આ સેવા-ભક્તિથી પરવારી તેઓ રાત્રે છેક સવા વાગ્યે આરામમાં પધારેલા.

ખરેખર, સ્વામીશ્રી માટે સેવા એ જ સેજ હતી. તેના પર તેઓ કથાની ચાદર ઓઢી આરામ કરતા.

## આ ધૂન નહીં, બીજી ગાવ

લંડનના રોકાણ દરમ્યાન એક સાંજે મંદિરમાં યોજાયેલી સત્સંગ-સભામાં સ્વામીશ્રીએ ભારતમાં વરસાદ સારો થાય અને લંડનમાં પ્રતિષ્ઠા-ઉત્સવ

નિર્વિઘ્ને થાય તે માટે ધૂન કરવા આદેશ આપ્યો. તેને અનુસરતાં સંતોએ *'સ્વામિનારાયણ બોલ મનવા...'* એ ધૂન ઉપાડી. પણ આ ધૂનમાં છેલ્લે *'પ્રમુખસ્વામી બોલ મનવા...'* એમ ગાવામાં આવતું. તેથી તે ઉપાડ સાંભળતાં જ સ્વામીશ્રી બોલ્યા : 'આ ધૂન નહીં, બીજી ગાવ.'

તેઓને પોતાની પ્રશસ્તિ અંગારાતુલ્ય લાગતી. માન-સન્માનની ધૂન જેના મન પર કદી સવાર ન થઈ હોય તે જ પોતાના નામની ધૂન બંધ કરાવી શકે.

## નથી આપ અરથે ઉદ્યમ રે

તા. ૧૦/૯ના રોજ 'ચર્ચ ઑફ ઈંગ્લેન્ડ'ના વડા આર્ક બિશપ ઑફ કેન્ટરબરી ડૉ. રામસે સાથે મુલાકાત યોજાયેલી હોવાથી સ્વામીશ્રી સાંજે સાડા પાંચ વાગ્યે લેમ્બેથ પૅલેસના પ્રાંગણમાં પહોંચ્યા. અહીં ડૉ. રામસેએ પોતાના સચિવો સાથે નીચે આવીને સ્વામીશ્રીને સત્કાર્યા. સતત બે મિનિટ સુધી તેઓએ સ્વામીશ્રીનો હાથ પોતાના હાથમાં લઈ હસ્તધૂનન કર્યે રાખ્યું. સ્વામીશ્રીના બ્રહ્મચર્ય અને ભક્તિનો ભાવ તેઓને સ્પર્શી ગયો.

મુલાકાત વખતે પણ તેઓએ પોતાની સામે જ સ્વામીશ્રીને બેસાર્યા. સ્વામીશ્રીએ તેઓને 'કેવળ તત્ત્વજ્ઞાન શીખવાથી જગતમાં પ્રવર્તતી અધાર્મિકતાની કે નાસ્તિકવાદની ભાવના દૂર થતી નથી, પરંતુ માનવીમાત્રને ધર્મ પ્રત્યે અભિમુખ કરવા માટે સાચા ધર્મી પુરુષની આવશ્યકતા છે. ભગવાનમાં શ્રદ્ધાવાળા જ લોકોમાં ભગવાન પ્રત્યે એ પ્રકારની શ્રદ્ધા ઉત્પન્ન કરાવી શકે...' વગેરે વાતો કરી.

આ અરસામાં, અહીં અન્ય ધર્મની પ્રવૃત્તિઓ માટે ચર્ચ ન વેચવાનું વલણ પ્રવર્ત્યું હતું. તે સંબંધી પણ પોતાના વિચાર રજૂ કરતાં સ્વામીશ્રીએ આર્ક બિશપને કહ્યું : 'તમે ચર્ચને બાર, બિંગો કે સિનેમાગૃહો માટે વેચો જ છો, ત્યારે ધાર્મિક પ્રવૃત્તિ તો તેથી સારી અને તમારા કાર્યને અનુરૂપ ગણાય. યુગાન્ડાથી આવેલાને તમે વસ્ત્ર, ભોજન, આવાસ અને રોજગારની વ્યવસ્થા કરી આપી તો ધાર્મિક ભૂખ સંતોષવા તેઓને ખાલી ચર્ચ આપવા જોઈએ.'

સ્વામીશ્રીની સૌમ્ય મુખમુદ્રા અને એક પછી એક વાતને ન્યાયપુરઃસર રજૂ કરવાની શૈલીથી ડૉ. રામસે મુગ્ધ બની ગયા.

તેઓએ પ્રતિભાવમાં જણાવ્યું : 'હું પણ એમ જ માનું છું. હું તેવા મતવાળાને વાત કરીશ.'

આમ, સ્વામીશ્રીના શુભાશયમાંથી નીકળેલી આ વાતો સમય જતાં અંગ્રેજોના અભિગમમાં પરિવર્તન લાવનારી બની રહી. તેથી આવનારાં વર્ષોમાં ચર્ચને સ્થાને ઘણાં હિંદુ ધર્મસ્થાનોએ આકાર પકડ્યો. તેનું શ્રેય સ્વામીશ્રીને આપવું ઘટે.

તેઓના આચાર અને વિચારનો આજે ડૉ. રામસે પર ઘણો પ્રભાવ પડ્યો. તેથી તેઓ વિદાય વખતે સ્વામીશ્રીને છેક ગાડી સુધી વળાવવા આવ્યા. સ્વામીશ્રીની આ ઐતિહાસિક મુલાકાતની નોંધ 'ડેઈલી ટેલિગ્રાફ' સહિત ઘણાં નામાંકિત અખબારોએ ચમકાવી હતી.[૧૪૫]

આ મુલાકાત બાદ આવેલા તા. ૧૨/૯ના દિવસે એકાદશીનો ઉપવાસ હોવાથી આહારબંધી હતી. તેથી પ્રાતઃપૂજા બાદ એ જ આસન પર સ્વામીશ્રીએ સોનાના દોરાનું વચનામૃત[૧૪૬] વંચાવી જ્ઞાનવાર્તા કરી કે –

"પોતાના માટે કરે તે ભગવાનના સંબંધ વિનાનો. ભગવાનને રાજી કરવા કરે તે ભગવાનના સંબંધવાળો. ફળની આશા નહીં તે ભગવાનના સંબંધવાળો. ભગવાનને રાજી કરવા માટેનો ધર્મ તે ભક્તિ થઈ. આવો ધર્મ અને ભક્તિ એક જ છે. દાદાખાચરને મહારાજ પરણાવવા ગયા તે વરોઠી[૧૪૭] આપવાની થઈ. એ દિવસે એકાદશી હતી. પણ મહારાજે કહ્યું: 'જમી લો.' તે સૌએ પ્રસાદ લઈ લીધો. તેમને રાજી કરવા આજ્ઞા પાળી લીધી તે ભક્તિ. બહારની દૃષ્ટિએ જમાડીએ, સમૈયા કરીએ તે પ્રવૃત્તિ જણાય પણ તે નિવૃત્તિ છે. ખૂણામાં બેઠો હોય તે પ્રવૃત્તિ છે.

'અક્ષરધામના મુક્તો સભામાં બેઠા છે' તેમ સમજવું. દિવ્યભાવ લાવી આપણું કરવાનું છે. જ્ઞાન નહીં હોય તો ઢીલો પડ્યા વિના નહીં રહે. મનમાં ઝાંખો પડતો જાય. બોલાવે, ચલાવે ત્યાં સુધી તો કહે તેમ કરે, પણ સત્સંગમાં અપમાન થાય, દેહે દુઃખી થાય તો જય સ્વામિનારાયણ. પાણીમાં માખી બૂડે તેમ થઈ જાય. મહારાજ કહે, 'અમે ત્યાગ કરતા નથી.' દરિયાભાઈ કહેતા

---

૧૪૫. સ્વામીશ્રીની આ વિશિષ્ટ મુલાકાત તથા લંડન-રોકાણની વિરલ સ્મૃતિઓ માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

૧૪૬. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૧.

૧૪૭. વરપક્ષ તરફથી અપાતી રસોઈ.

નથી કે 'મડદાભાઈ જાઓ.' પણ પોતે જ ટકે નહીં. માટે આત્મસત્તારૂપે રહીને સત્સંગ કરવો..."

આમ, સતત પોણો કલાક કથારસ રેલાવી સ્વામીશ્રીએ સૌને તરબોળ કરી દીધા.

પણ સ્વામીશ્રી કેવળ વક્તવ્યવાળા નહીં, કર્તવ્યવાળા સંત. તેથી જે ઉચ્ચર્યા તે આચરી પણ બતાવ્યું. આ દિવસે સવારે ૯:૧૫ વાગ્યે તેઓ પધરામણીઓ કરવા નીકળ્યા તે રાત્રે અગિયાર વાગ્યે ઉતારે પધાર્યા! એકાદશી હોવાથી જળ-કણ મોંમાં મૂક્યા વિના, બપોરનો આરામ કર્યા સિવાય સતત તેર કલાક સુધી ઘરોઘર ઘૂમતા રહી સૌને સત્સંગની દૃઢતા કરાવી! ઉતારે આવીને પણ રાત્રિના ૧૨:૫૦ વાગ્યા સુધી કાર્યરત રહ્યા. આત્મસત્તારૂપે વર્ત્યા વિના ઉપવાસમાં આટલો ભીડો કેવી રીતે વેઠી શકાય?!

આ દિવસે જ્યારે સ્વામીશ્રી પધરામણી કરવા નીકળેલા ત્યારે એક ઘેર તો યજમાન ઊંઘી જ ગયેલા. તેથી સ્વામીશ્રીને પાછા વળવું પડેલું. જીવની કેવી જડતા! લક્ષ્મી નહીં, સાક્ષાત્ 'નારાયણસ્વરૂપ' ચાંદલો કરવા આવ્યા તોય ઘોરતો રહ્યો! સ્વામીશ્રીની પણ કેવી સમતા! આ પછી બીજું ઘર શોધવામાં પણ તેઓને ઘણું ફરવું પડેલું, છતાં તેઓ કંટાળ્યા નહોતા. '*હાનિ વૃદ્ધિ ને સમ વિષમ રે, નથી આપ અરથે ઉદ્યમ રે...*'ની જેમ પૂરેપૂરી પરમાર્થની ભાવના હોય તો જ આવા પ્રસંગોમાં ધીરજ રહે.

## જે વચનથી વિપત્તિ વિરમે

આ અરસામાં ઇઝલિંગ્ટનના મંદિરમાં નૂતન મૂર્તિઓની પ્રતિષ્ઠાનાં પડઘમ વાગવા માંડેલાં. પરંતુ જગ્યાનો પ્રશ્ન વિકરાળ બનીને સૌને પજવી રહેલો. પરદેશીઓના પરધર્મ માટેના પૂર્વગ્રહયુક્ત માનસ, જરાયે કોલાહલ સહન ન કરી શકવાની અસહિષ્ણુતા, કેટલાક લઘર-વઘર ભારતીયો દ્વારા જ ઊભી થયેલી અણઘડપણાની છાપ વગેરે કારણોસર યજ્ઞ અને ભોજન સમારંભ માટે ભૂમિ સંપાદન અંગેની કોઈ કારી ફાવતી નહોતી.

તે વખતે સ્વામીશ્રીએ મંદિરની બાજુની ખુલ્લી જમીન અંગે પ્રયત્ન કરવા પ્રફુલ્લભાઈને કહ્યું. ત્યારે તેઓએ તરત જ જણાવ્યું કે 'સ્વામી! એ જમીન ઇઝલિંગ્ટન કાઉન્ટીની છે. તે આપણને નહીં જ મળે. આ પહેલાં પણ આપણે મથામણ કરી છે. પરંતુ તેઓએ ચોખ્ખી 'ના' જ પાડી છે.'

છતાં સ્વામીશ્રીએ કહ્યું : 'પ્રયત્ન કરો. થઈ જશે. મહારાજ ભળશે.'

જ્યાંથી જાકારો મળેલો ત્યાં આવકારો મળવાની કોઈ શક્યતા નહોતી. પરંતુ સ્વામીશ્રીની આજ્ઞા થતાં પુનઃ પ્રયત્ન શરૂ થયો અને માત્ર ટેલિફોન પર જ વાત કરવાથી 'ભલે, વાપરજો' એમ સંમતિ મળી ગઈ!

એ જ રીતે ભોજનશાળા માટે મંદિરની બાજુમાં એકલેસબર્ન જુનિયર સ્કૂલનું પ્રાંગણ લેવા સૌએ ઘણી દોડધામ કરેલી. પરંતુ 'શનિ-રવિના દિવસોમાં કોઈને મકાન-મેદાન વાપરવા ન આપવું' એવો ધારો આ શાળાનો હતો. છતાં સ્વામીશ્રીએ 'જાઓ, કર્તા મહારાજ છે. ભક્તોને જમાડવા છે તે મહારાજ મદદ કરશે.' એમ કહી સૌને મોકલેલા. પ્રસંગને આડે ફક્ત એક જ દિવસ બાકી હતો. કેળવણી ખાતાના કેટલાય અમલદારો પાસેથી અટવાતો-અટવાતો પરવાનગીનો તુમાર એ એક દિવસમાં મળવો અશક્ય જ હતો, પરંતુ તે કાર્ય પણ સહેલાઈથી ઊકલી ગયેલું.

આ પ્રસંગો દ્વારા, આપણા કાર્યમાં સત્પુરુષની આજ્ઞાનું રસાયણ ભળતાં કેવા રંગ નીખરી ઊઠે છે તે સ્વામીશ્રીએ સમજાવી દીધું. 'સાધન સર્વે શૂન્ય છે અને સત્પુરુષ એકડો છે' તે રહસ્ય સૌને હાથ લાગી ગયું.

## આવા પુરુષ નહીં મળે

સ્વામીશ્રીના વચનથી યજ્ઞ માટે જમીન તો મળી ગઈ, પરંતુ યજ્ઞના બે દિવસ પહેલાં જ તૂટી પડેલા મુશળધાર વરસાદે પૂર્વતૈયારીઓ પર પાણી ફેરવી દીધું અને યજ્ઞભૂમિને કાદવથી ખદબદ કરી મૂકી. બાંધવા માટે જે તંબુ લાવેલા તે પણ પાછો મોકલી દેવો પડ્યો. છેવટે સ્વામીશ્રીના ઉતારા પાછળ બાંધેલા તંબુમાં જ યજ્ઞ કરવો પડ્યો. કોઈને આ કોયડો સમજાયો નહીં કે 'યજ્ઞ માટે જે જમીન મળતી નહોતી તે સ્વામીશ્રીએ અપાવી અને ત્યાં યજ્ઞ શા માટે કરવા ન દીધો ?!' પણ સૂર્યનો અભિપ્રાય ઘાસમાં ભમતી કંસારી શું જાણવાની ?!

...અંતે તા. ૧૪/૯નું પ્રભાત યજ્ઞના મંત્રોથી ગૂંજવા લાગ્યું. ગઈકાલે આખો દિવસ સૂર્ય તપ્યો હતો. આજે પણ ઉઘાડ નીકળેલો. તેથી યજ્ઞનું આયોજન નિર્વિઘ્ન રહ્યું. તે જોઈ સ્વામીશ્રી પણ બોલી ઊઠ્યા : 'યજ્ઞનારાયણનાં દર્શન કરવા સૂર્યનારાયણ પણ આવ્યા.' બરાબર સવા નવ વાગ્યે ભૂદેવે યજ્ઞનો સંકલ્પ કરાવ્યો કે '...विश्वशान्तिनिमित्ते यज्ञाख्यं कर्म अहं करिष्ये ...' – વિશ્વ-

શાંતિ માટે આ યજ્ઞ કરું છું. પરંતુ તે સાંભળી સ્વામીશ્રીએ ઉમેર્યું કે 'ગુજરાત પર વરુણ દેવતા પ્રસન્ન થાય ને વરસાદ પડે તે માટે પણ આ યજ્ઞ.'

ગુજરાતની સુખાકારી માટે તેઓ હરહંમેશ પ્રાર્થનારત રહેલા એ ગુજરાતનું સદ્‌ભાગ્ય હતું. ગુજરાત કહી શકે એમ હતું કે 'આવા પુરુષ નહીં મળે.'

આ અવસરે ઉપસ્થિત ભાગવત રસજ્ઞ કૃષ્ણશંકર શાસ્ત્રીજીએ આવી જ લાગણી સૌ સમક્ષ રેલાવતાં કહ્યું કે 'તમને પાઉન્ડ, મોટર મળશે. લાખના અબજ મળશે. પણ તમારો હાથ પકડી તમને ભગવાનને સોંપે ને ભગવાન ન તરછોડે એવા પ્રમુખસ્વામી મહારાજ જેવા પુરુષ નહીં મળે. આ પુરુષના પગ પકડી છોડી ન દેશો. તેમને માન, ધન જોઈતું નથી.'

આ મહિમામઢ્યા શબ્દો બાદ સ્વામીશ્રીએ આશીર્વાદ વરસાવ્યા કે 'જેમ ન્યાસથી દેહશુદ્ધિ થયા બાદ યજ્ઞના અધિકારી થયા. તેમ ભગવાનના ધામમાં જવું છે તો બ્રહ્મરૂપ થવું પડે. દેશમાં વરસાદ સારો પડે તે સંકલ્પ કરી યજ્ઞ કર્યો છે. સમૂહમાં પ્રાર્થના કરી છે. બહુ તાંતણ બળિયા. હજારોનો અવાજ સાંભળી ભગવાન સુખ આપશે. ભારતમાં શાંતિ થાય તે સંકલ્પ કર્યો છે...'

આમ, સર્વજીવ-હિતાવહ ભાવનાઓ સાથે યજ્ઞનો આરંભ સ્વામીશ્રીએ કરાવી દીધો. તેઓના આ આશીર્વાદનું ધ્વનિમુદ્રણ વિશ્વવિખ્યાત સમાચાર સંસ્થા B.B.C.એ પ્રસારિત કરેલું.

યજ્ઞમાંથી વિદાય લેતાં પૂર્વે સ્વામીશ્રીએ દરેક યજમાનના કાંડે નાડાછડી બાંધી અને તેઓની જોડ માટે એક-એક નાડાછડી પણ આપતા ગયા. જોડ ન હોય તેને સોપારીને બાંધવા જણાવતા. આમ, સૌની દરકાર રાખતા સ્વામીશ્રી અનેરો લાભ આપી વિદાય થયા ત્યારે સવાસો યજમાનના કાંડે નાડાછડી બાંધનારા સ્વામીશ્રીને જોઈને સૌ કહી રહ્યા: 'આવા પુરુષ નહીં મળે.'

## પર-ઉપકારે પળપળમાં રે..

યજ્ઞવિધિના દિવસે સાંજે સ્વામીશ્રી થેમ્સગંગાના તીરે આવેલા. અત્રે જે વૃક્ષને યોગીજી મહારાજ ભેટેલા તે વૃક્ષને સ્વામીશ્રીએ પણ બાથમાં લીધું અને તેની પર ફૂલ ચડાવ્યાં.

આમ, *'જે જે વૃક્ષે બેઠા દીઠા નાથ રે, ત્યાં ત્યાં સંભારવા સખા સાથ રે;*

*એહ સંભારતાં અહોનિશ રે, થાય બ્રહ્મમો'લે પરવેશ રે...'* અનુસાર, ઠેર ઠેર મોક્ષનાં મથકો ઊભા કરતાં સ્વામીશ્રી આજે સાયંસભામાં બિરાજેલા ત્યારે ઉદ્‌ઘોષકે જાહેરાત કરી કે 'બાપા ! બે દિવસ તડકો રાખો. પછી ભલે વરસાદ વરસે ને બટાટા બગડે.'

આ સાંભળી સ્વામીશ્રી બોલ્યા : 'આપણે એવું ન કહેવાય. તેના બટાટા બગડે તે સારું નહીં. ભલે તડકો પડે.'

*'પર-ઉપકારે પળપળમાં રે, ઉપજે ઇચ્છા અંતરથી...'*ની જીવનશૈલી ધરાવતા સ્વામીશ્રી કોઈનુંય અહિત કલ્પી શકતા નહીં.

## ઘેરે ચાલી આવ્યા બ્રહ્મમો'લવાસી રે

યજ્ઞ બાદ પ્રતિષ્ઠા નિમિત્તે સ્વામીશ્રીના સાંનિધ્યમાં તા. ૧૫/૯ના રોજ હાઇડ પાર્કથી શરૂ થયેલી નગરયાત્રામાં રૉયલ ઍરફોર્સનું બૅન્ડ સૂરાવલીઓ રેલાવી રહેલું. તેની પાછળ ધૂન-ભજન કરતા ભક્તો, રાસમંડળમાં ઘૂમતા યુવાનો, મયૂરરથ અને હંસરથમાં બિરાજમાન મૂર્તિઓ, બગીમાં બિરાજમાન સ્વામીશ્રી, કળશધારી મહિલાઓ વગેરે સાથે ૪,૦૦૦ હરિભક્તોનો સમુદાય સવા કિલોમીટર લાંબી નગરયાત્રામાં જોડાઈ ગયેલો. ઑક્સફર્ડ સર્કસ, પીકાડેલી સર્કસ, ટ્રફાલ્ગર સ્ક્વેઅર વગેરે વિસ્તારોને પાવન કરતી આ શોભાયાત્રા દોઢ કલાક સુધી લંડનના રાજમાર્ગો પર સરકતી રહી. *'કરું છાયા કર દોઈ'*ની જેમ વાદળો પણ નગરયાત્રા સાથે જ સરકતાં રહ્યાં. તેથી ગરમી નડી નહીં. ફૂંકાતો પવન પણ મંદ પડી ગયેલો. તેથી ઠંડી પણ કનડી નહીં. આમ, અવતારી પધારતાં દેવો પણ સાનુકૂળ થઈ સેવા કરી ગયા.

આ નગરયાત્રા બાદ બપોરે બે વાગ્યે સ્વામીશ્રીના વરદહસ્તે પ્રતિષ્ઠા-વિધિનો પ્રારંભ થયો. તેઓ લાંબી દાંડીવાળું ફૂલ હાથમાં લઈને મૂર્તિઓનાં અંગોનો સ્પર્શ કરાવતાં ન્યાસવિધિ કરવા લાગ્યા. ત્યારબાદ ઠાકોરજીને મુખ-દર્શન કરાવી ચંદનના ચાંદલા કરવા સિંહાસન પર ચડ્યા. અહીં એક મૂર્તિને ચાંદલો કરી બીજી મૂર્તિ પાસે જતાં સિંહાસનની કમાન સ્વામીશ્રીના મસ્તકમાં ડાબી બાજુ અથડાઈ. તે જોઈ સૌનાં મોંમાંથી સિસકારો નીકળી ગયો. પણ સ્વામીશ્રીના મુખ પર આ ટકરામણથી કોઈ પ્રતિક્રિયા જણાઈ નહીં. શું ભટકાયું તે જોવાની પણ દરકાર કર્યા સિવાય તેઓ *'જડ ચૈતનકું જાની જથારથ, રહત જગત સેં ન્યારા...'*ની નિર્લેપતાથી પ્રતિષ્ઠાવિધિમાં પરોવાયેલા

રહ્યા.[૧૪૮]

પ્રતિષ્ઠા બાદ સભામાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'ભગવાન ભક્ત પાછળ આવે છે. ભક્તિ ભગવાનને ખેંચે છે. આફ્રિકાના ભક્તો અહીં આવ્યા તો મૂર્તિ ક્યાં ક્યાં ફરીને અહીં આવી.[૧૪૯] ભગવાન ભક્ત પાછળ જઈ રક્ષા કરે છે. માટે ભગવાનમાં શ્રદ્ધા રાખી કાર્ય કરજો.'

આમ, ન્યૂયોર્ક બાદ વિશ્વના અન્ય એક આંતરરાષ્ટ્રીય શહેરમાં અક્ષર-પુરુષોત્તમના ડંકા વાગી ગયા.

પ્રતિષ્ઠા માટે અપાર ભીડો વેઠનાર સ્વામીશ્રીને પ્રતિષ્ઠા બાદ પણ ભીડા-ભક્તિ ચાલુ જ રહી. તેઓ છેક ચાર વાગ્યે ઠાકોરજી જમાડવા બિરાજેલા. તે વખતે કો'ક બોલ્યું: 'નગરયાત્રા સર્વોપરી થઈ. પણ બગી સારી નહોતી.'

'સાધુને તો આવું જ શોભે.' સ્વામીશ્રીએ કહ્યું.

તેઓને સારું એટલું ખારું થઈ ગયેલું. તેથી હંમેશા નરસામાં જ આનંદ આવતો.[૧૫૦]

## મહિમા વધ્યો સમુદ્ર કો

તા. ૧૬/૯ના રોજ સોમવતી અમાસના દિવસે પુરુષોત્તમ માસ પૂર્ણ થતો હોવાથી સ્વામીશ્રીની ઈચ્છા હતી કે 'ઠાકોરજીને સમુદ્રસ્નાન કરાવવું.' તે માટે ઈંગ્લેન્ડના રાજા ચાર્લ્સ બીજાના સીધા વંશજ લૉર્ડ મોન્ટેગ્યુના સંસ્કાર જોર કરી રહેલા. લંડનથી ૧૨૮ કિ.મી. દૂર વૉરન બીચ નામનો દરિયાકિનારો આ ધનકુબેરની અંગત માલિકીનો હતો. અહીં તેઓની ૮,૬૦૦ એકર જમીનમાંથી બ્યુલી નદી પણ વહેતી હતી. દુનિયામાં ખાનગી માલિકીની નદી ધરાવનાર આ એક જ નબીરા હતા. તેઓએ પોતાના દરિયાકિનારે સ્વામીશ્રીને પધારવા સંમતિ આપતાં સાડા પાંચસો ભક્તોના સંઘ સાથે સ્વામીશ્રી ત્યાં

૧૪૮. અહીં સ્વામીશ્રીની મૂર્તિનું પૂજન ડૉક્ટર સ્વામીએ કરેલું. જ્યાં જ્યાં પ્રતિષ્ઠા થાય ત્યાં સ્વામીશ્રી પોતાની મૂર્તિ-છબી સામું જોવાની પણ દરકાર લેતા નહીં. તેથી અન્ય વરિષ્ઠ સંતો દ્વારા જ તે મૂર્તિનો સઘળો વિધિ સંપન્ન થતો.

૧૪૯. ટરોરો શહેરમાં પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓ અહીં બિરાજમાન થયેલી તે સંદર્ભમાં.

૧૫૦. ઇઝલિંગ્ટન મંદિરમાં યોજાયેલા આ પ્રતિષ્ઠા-મહોત્સવનાં દર્શન કરવાં બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

જઈ પહોંચ્યા.

સૌપ્રથમ દરિયાકિનારે વિધિપુરઃસર ઠાકોરજીનું પૂજન થયું. આ વિધિ દરમ્યાન મોન્ટેગ્યુ પણ જોડા કાઢીને રેતીમાં જ સ્વામીશ્રી સાથે ગોઠવાઈ ગયા. તેઓએ ઠાકોરજીનાં પંચામૃત સ્નાન સહિતનો બધો જ વિધિ કર્યો. છેવટે પોતાનું લગ્નજીવન સુખી થાય તેવા આશીર્વાદ માંગ્યા. સ્વામીશ્રીએ તે આશિષ તો પાઠવ્યા પણ ઠાકોરજીની મૂર્તિ દર્શાવી 'આ તમારું કલ્યાણ કરશે' એવા આશીર્વાદ 'બૉનસ'માં આપ્યા.

વિધિ પૂર્ણ કરીને સ્વામીશ્રી દરિયામાં પધાર્યા. વાતાવરણ ખૂબ સાનુકૂળ હતું. મોન્ટેગ્યુના કહેવા પ્રમાણે તો – 'એક અઠવાડિયાથી વરસાદ વરસતો હતો. અંધારું પણ રહેતું હતું. પણ સ્વામીશ્રીના પ્રતાપથી આજે હવામાન સુંદર છે.' – જેવી પરિસ્થિતિ હતી.

પરંતુ દરિયાનું પાણી જાણે ઓગળેલો બરફ જ ઊછળતો હોય એવું ઠંડું હતું. ઘણાનાં તો આંગળાં બહેર મારી ગયાં. તે સળવળે એવાં થતાં કલાક વીતી ગયો. આવા ઠંડાં પાણીમાં સ્વામીશ્રી સર્યા. તેમાં વળી ભક્તો નવડાવવાનો લાભ લેવા આતુર હતા. તે સૌ ઠંડા પાણીની અંજલિઓ ભરી ભરી સ્વામીશ્રી પર પધરાવવા લાગ્યા. હરિભક્તો તો ખોબો જળ સ્વામીશ્રીને ચઢાવી, 'બહુ ઠંડું... બહુ ઠંડું...' કરતાં દરિયાની બહાર દોડી જતા. પણ ગરમીથી વ્યાકુળ વ્યક્તિ પોતાના શિરે જલધારા ઝીલે એવી સાહજિકતાથી સ્વામીશ્રી ઠંડાગાર પાણીમાં ઊભા રહ્યા. તે વખતે તેઓની ષડૂર્મિરહિત સ્થિતિનો વધુ એક દસ્તાવેજ થયો. સ્વામીશ્રીની આ સ્નાનલીલાને ઝીલવા માટે B.B.C., ઇન્ડિપેન્ડન્ટ નેશનલ ટી.વી. જેવી ખ્યાતનામ સમાચાર સંસ્થાઓ સાધનો અને કર્મચારીઓ સાથે ઊતરી પડેલી.

સમુદ્રસ્નાન બાદ સ્વામીશ્રી સ્વચ્છ જળથી સ્નાન કરવા વૉરન હાઉસમાં આવ્યા. અહીં મોન્ટેગ્યુએ પોતાનો બાથરૂમ જાતે જ સ્વચ્છ કરીને તેમાં સ્વામીશ્રીને પધરાવ્યા-નવરાવ્યા. સ્નાનવિધિ બાદ સ્વામીશ્રીએ ટૂંકી સભા કરી. તેમાં જાતે જ મંજીરાં રણઝણાવતાં 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન ઝિલાવી. સાગર-સંગીત સાથે સ્વામીશ્રીનો મંજુલ સૂર ભળતાં સૌ ઝૂમી ઊઠ્યા.

ત્યારબાદ આશીર્વાદનું અમૃત ઢોળતાં જણાવ્યું: 'સમૈયો સારો ઊજવાયો. યુરોપની ધરતી પર સમુદ્રસ્નાન રહી જતું હતું. આફ્રિકામાં બમ્બુરી(બીચ)માં કરેલું. ગોળમટાં ખાઈ ગ્યા'તા. સી. ટી. (પટેલ) ઝાલવા

આવ્યા તેય ગબડેલા. અહીં સારું થયું. (મોન્ટેગ્યુ) સાહેબ બહુ ભાવિક છે. જીવ સંસ્કારી છે. બીજે જન્મે પણ મહારાજ ધામમાં લઈ જાય. આ લાભ મળ્યો છે તે સંભારવું.'

આશીર્વાદ બાદ સ્વામીશ્રી લૉર્ડ મોન્ટેગ્યુની વિનંતીથી તેઓના 'પૅલેસ'માં પણ પધાર્યા. અહીં યજમાને પોતાનું અંગત દેવળ, પાદરીઓને રહેવાનો બંગલો, પુરાણાં વસ્ત્રો, વાસણો, ચિત્રો, ગાડીઓ વગેરે બતાવ્યું. સ્વામીશ્રીને પુરાતન ગાડીમાં બેસાડીને તસવીરો પણ ખેંચી. પૂર્વસંસ્કારના જોરે આ માલેતુજારને સ્વામીશ્રીમાં ખરેખરો માલ મનાઈ ગયો હોય તેમ તે ખૂણે ખૂણે સ્વામીશ્રીને લઈ જતા હતા. ઉત્સાહથી વિગતો-વિશેષતાઓ સમજાવતા હતા. સ્વામીશ્રીને પણ તેઓને મુક્તિના માર્ગે દોરવા હતા. તેથી રસ બતાવતા જતા હતા. દુનિયાના નામાંકિત મહાનુભાવોના હસ્તાક્ષરવાળી 'અતિથિ-પોથી'(visitor's book)માં મોન્ટેગ્યુએ સ્વામીશ્રીના હસ્તાક્ષર પણ લખાવ્યા. છેક સુધી વળાવવા આવ્યા.

આમ, સ્વામીશ્રીનો સંકલ્પ હતો તેથી સમુદ્રસ્નાનનો અદ્ભુત ઉત્સવ થઈ ગયો. દરિયો તો આ લાભથી કૃતાર્થ થઈને હજીયે ઊછળ્યા જ કરતો હતો અને એક પછી એક તરંગમાળાઓ સ્વામીશ્રીને અર્પણ કરવા મોકલતો હતો. પરંતુ સન્માનથી દૂર રહેવામાં જ સુખ માનનારા સ્વામીશ્રીએ એ માળાઓ પર દૂરથી જ દૃષ્ટિ કરીને વિદાય લઈ લીધી.[૧૫૧]

## ભગવાન આજે આવ્યા છે

મોન્ટેગ્યુ પૅલેસથી સ્વામીશ્રી સાઉથમ્પ્ટન કાઉન્સિલની આર્ટ ગૅલેરીમાં પધાર્યા. અહીં વૈદિક સોસાયટી ઑફ સાઉથમ્પ્ટન દ્વારા યોજાયેલી તેઓની જાહેર-સભા મુમુક્ષુઓથી ચિક્કાર હતી. સ્વામીશ્રીના સ્વાગતમાં સ્થાનિક હોદ્દેદારો, ખ્રિસ્તી પાદરીઓ તથા સત્સંગીઓ વગેરેએ હારતોરા અને પ્રવચનો કર્યાં. ગાંઠ મારીને પહેરેલું ગાતરિયું, માથે ભગવી પાઘ, કંઠમાં માળા સાથે સ્વામીશ્રી સભામાં શોભી રહેલા. કોઈ બાહ્ય આટાટોપ(make up) વિના પણ

---

૧૫૧. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આ સમુદ્રસ્નાનને નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

તેઓની મનમોહક મૂર્તિ પ્રસાધનોને પણ ટપી જાય એવો પ્રભાવ પાથરતી રહેતી. તેથી અભિભૂત થયેલા વૈદિક સોસાયટીના પ્રમુખ જે. પી. ચોપરાએ ભાવોર્મિઓ વ્યક્ત કરી કે 'ભગવાન કોઈ સ્વરૂપે આવે છે તે આજે આવ્યા છે. આપણે ૮૪ લાખ જન્મોમાં આમતેમ ફર્યા. પણ હવે આ જન્મે પૂરું કરો.'

સ્વામીશ્રીના પ્રથમ યોગમાં જ આ અજાણ્યા ભાવિક ભાવવિભોર બની ગયા. સ્વામીશ્રી જ્યાં જ્યાં જતા ત્યાં આવો ભરોસો સૌને બેસી જતો. આ દિવ્યતા જ તેઓનો પરિચય હતી.

## સામશ્રાવણીનું વેદગાન

તા. ૧૭/૯ના રોજ સામશ્રાવણીની તિથિ હોવાથી સ્વામીશ્રીએ યજ્ઞોપવીત પરિવર્તન બાદ જીવનું પરિવર્તન કરવા આદરેલી કથામાં સારંગપુર પ્રકરણનું તેરમું વચનામૃત ખોલ્યું. તેના ઉદ્‌બોધનની તિથિ ભાદરવા સુદ બીજ હતી અને આજે પણ એ જ તિથિ. આ યોગાનુયોગથી સૌ હરખાઈ ઊઠ્યા. એ હરખને ઊંચો ચઢાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

"જીવનો સત્સંગ થયો હોય તે પાછો ન પડે. ભગવાન ને સંત મનુષ્ય-ચરિત્ર કરે. આજે વૅધર (આબોહવા) સારી છે. પણ જોઈએ ત્યારે ન હોય. સલવામણ કરે. અત્યારે બધા વળગ્યા છે કે 'ગુજરાતમાં સુકાળ કરો.' પણ એ તો મહારાજની ઇચ્છા હોય તો થાય. પરચાથી કરાવેલો સત્સંગ રહે નહીં. હમણાં ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા થઈ. તે કાચ તૂટે એટલે જ બેઠા એવું નહીં.

આપણને થાય કે 'કામ ન થાય ત્યારે ભક્તો દુઃખી થાય છે તેનું શું?' તો દેહનું દુઃખ છે. આત્માનું નથી. દેહ પડી જશે તો આત્મા અક્ષરધામમાં જશે. તેથી બીજું શું થવાનું છે? પ્રાર્થના કરવાની. પણ 'કેમ પ્રાર્થના ન સાંભળી?' તે આગ્રહ નહીં. કલ્યાણમાં કોઈ ફેરફાર નથી. ચમત્કાર બતાવે કે ન બતાવે. માટે શાસ્ત્રો અને સત્પુરુષ બેયની જરૂર છે. શાસ્ત્રના શબ્દો સમજવા, ભગવાનના નિશ્ચય માટે સંતની જરૂર. એવા સંત યોગીજી મહારાજ હતા. તેઓ પાસે વર્ષો રહીએ તો પણ કંટાળો ન આવે. ભગવાન રાખ્યા છે તો આકર્ષણ છે. દર્શનથી પણ સમાસ થાય. જેવો નિશ્ચય કર્યો તેટલું કલ્યાણ થાય છે."

આમ, સામશ્રાવણીએ સામવેદનું ગાન કરતા હોય તેમ સ્વામીશ્રીએ નિશ્ચયની વાતો દૃઢાવી. શ્રીજીમહારાજે નિશ્ચયની વાતને કાળજું તૂટ્યા જેવી કહી છે. પણ સ્વામીશ્રી હેત-પ્રીતથી એવી રીતે વાત મૂકતા કે જીવમાં

જડબેસલાખ ચોંટી જાય. આ રીતે જ તેઓએ લાખોના જીવનમાં અક્ષર-પુરુષોત્તમની દૃઢ નિષ્ઠા કરાવી દીધેલી.

કથા બાદ તેઓએ આજે મિલ્ટન કીન્સ, લેટન બઝીર્ડ, લ્યૂટનને પાવન કર્યાં.

## વહાલ અને વૈરાગ્યનો દરિયો

તા. ૧૯/૯ના રોજ એક વર્ષના બાળક યોગેશને લઈને તેના પિતા સ્વામીશ્રી પાસે આવેલા. આજે આ શિશુ બીજા વર્ષમાં પ્રવેશી રહેલું. તે જાણી સ્વામીશ્રીએ તેની પાસે ઠાકોરજીનું પૂજન કરાવ્યું. પણ એક વર્ષનું બાળક તો પૂજનવિધિમાં શું જાણે? તેથી સ્વામીશ્રીએ જ તેના જમણા હાથની તર્જની આંગળી હળવેથી પકડી તેને કંકુની ડબ્બીમાં ડબોળી. પછી તે દ્વારા ઠાકોરજીને ચાંદલો કરાવ્યો. પોતાના ભાલમાં પણ તે આંગળી પકડીને ચાંદલો કરાવ્યો. ત્યારબાદ સ્વહસ્તે તે બાળકના કપાળમાં ચાંદલો કરી તેને જન્મદિવસના આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રીની આ એક-એક ક્રિયાથી બાળક કરતાંય જોનારા સૌ ખૂબ આનંદિત થઈ રહ્યા. સિંહ સસલાં સાથે રમી રહ્યો હોય એવો એ નજારો હતો.

બાળકના જન્મદિન નિમિત્તે બનાવેલી કેકમાં એક મીણબત્તી રોપવામાં આવેલી. તેને પણ બાળકને સાથે રાખી સ્વામીશ્રીએ પ્રગટાવી. પછી પોતે જ બાળક વતી ફૂંક મારીને તે મીણબત્તીને બુઝાવી પણ ખરી. ત્યારબાદ કેકને કાપીને એક નાનકડો ટુકડો લઈ બાળકના મોંમાં મૂક્યો. એ મીઠપને મમળાવતો આ નસીબદાર બાળક ખુશ થઈને સ્વામીશ્રીના હાથમાં જ હુલસતો-હુલસતો કિલકારી કરવા લાગ્યો. એનો આનંદ જોઈ સ્વામીશ્રી પણ મલક્યા અને આ નીરખનારા તો તાળીઓ જ પાડી ઊઠ્યા.

*'ચૌદ ભુવન લગી કાળચવિના'* જાણનારા સ્વામીશ્રી એક વર્ષના નાદાન બાળકમાં પણ આટલો રસ લઈ શકતા. તેઓમાં વહાલ અને વૈરાગ્ય – બંનેનો દરિયો ઊભરાતો હતો.

આ રીતે વિચરતાં તેઓએ તા. ૨૦/૯ના રોજ નૌકા દ્વારા થેમ્સ નદી પાર કરીને સાઉથ ઍન્ડ ઓન સી(Sowth end on sea)ના સિવિક સેન્ટરમાં તથા તા. ૨૧/૯ના દિવસે અકેસિયા હૉલમાં સત્સંગલાભ આપ્યો.

## વિદ્યાખાણ પુરાણ જાણ સર્વે

લંડનના રોકાણ દરમ્યાન વેલ્સના નિવાસી યુવાન શ્રી એલન ડેવિસ એક દિવસે સ્વામીશ્રીને મળવા ઇઝલિંગ્ટનના મંદિરે આવેલા. ગુજરાતી સન્નારી સાથે સંસાર માંડવાને કારણે તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયથી થોડા-ઘણા અંશે પરિચિત હશે. જો કે, તેઓનાં ધર્મપત્ની સ્વામિનારાયણ મતાનુયાયી ન હોવાથી આ અંગ્રેજ આગંતુક એલનને પણ સ્વામીશ્રી વિશે કોઈ વિશેષ આસ્તિકભાવ કે આદરભાવ નહીં, છતાં કંઈક જિજ્ઞાસુવૃત્તિથી તેઓ સ્વામીશ્રી પાસે આવી ચડેલા. સ્વામીશ્રીને પૂછવા માટે તેઓએ દસ પ્રશ્નોની યાદી પણ તૈયાર કરેલી.

પરંતુ સ્વામીશ્રી પાસે આવી તે ચબરખી કાઢવા તેઓએ ખીસ્સાંમાં હાથ નાંખ્યો તો એ ચિઠ્ઠી જ હાથ આવી નહીં. તેથી પરેશાની અનુભવતાં તેઓએ કોટ-પાટલૂનનાં બધાં ગજવાં ફંફોસી નાંખ્યાં; તોય કાગળિયું ન મળ્યું ! છેવટે જે એક-બે પ્રશ્નો યાદ હતા તે તેઓએ સ્વામીશ્રીને પૂછ્યા. સ્વામીશ્રીએ તેનું તો સંતોષકારક સમાધાન આપ્યું જ, પણ તે પછીયે આપમેળે ઘણાં બોધવચનો એલનને સંભળાવ્યાં.

તેથી સંતોષ અનુભવતા આ અંગ્રેજ ઓરડાની બહાર નીકળ્યા. પોતાનાં પગરખાં પહેરી ગાડી પાસે પહોંચ્યા. અહીં જેવો તેઓએ દરવાજો ખોલ્યો કે ત્યાં જ પોતાની બેઠક પર પ્રશ્નો લખેલી ચિઠ્ઠી જોઈ. સરતચૂકથી તે ખીસ્સામાંથી સરકી સીટ પર જ રહી ગયેલી ! એલન તે ચિઠ્ઠી ઉપાડી પોતે લખેલા પ્રશ્નો પર નજર ફેરવવા માંડ્યા. તે વખતે તેઓના આશ્ચર્યનો પાર ન રહ્યો ! સ્વામીશ્રીએ તેઓના તમામ સવાલોના જવાબ પ્રશ્ન પૂછ્યા સિવાય પણ તેઓએ લખેલા ક્રમ અનુસાર જ આપી દીધેલા !

*'વિદ્યાખાણ પુરાણ જાણ સર્વે'* સમા સ્વામીશ્રીનો આ અજબ અનુભવ પામી એ અંગ્રેજને સ્વામીશ્રી વિશે ઘણું જ આકર્ષણ થયું. સમય જતાં તો તેઓ તિલક-ચાંદલાધારી સત્સંગીની હરોળમાં આવી ગયા.

## યુરોપમાં પ્રથમ બાળ-યુવક અધિવેશન

બાળ-યુવા સંસ્કાર-પ્રવૃત્તિ એ કોઈપણ મહાત્મા-ધર્માત્મા માટે કસોટીની એરણ લેખાય. આ મોરચે તે કેટલું કાઠું કાઢી શકે છે તેના આધારે તેનું સત્

પરખાય. મહત્ત્વાકાંક્ષાઓના મિનારા પર ચઢીને દૂર દૂરનું તાકતી રહેતી યુવાનીની નજરમાં ધર્મ, અધ્યાત્મ, મંદિર, સંયમ વગેરે આવતું જ નથી. તેને વાસ્તવિકતાના ધરાતલ પર ઉતારીને, ભીતરથી ઢંઢોળીને ભગવાન બાજુ વાળવી એ જેના ભીતરમાં ભગવાન ભર્યા હોય તેથી જ થાય.

મહાત્માનો આ મહિમા તા. ૨૧, ૨૨ સપ્ટેમ્બર દરમ્યાન વિલાયતની ભૂમિએ બરાબર જાણ્યો. આ બે દિવસ દરમ્યાન સ્ટ્રેટફર્ડના ટાઉન હૉલ અને સેન્ટ પેન્ક્રાસ એસેમ્બ્લી હૉલમાં યોજાયેલા અધિવેશનને તા. ૨૧/૯ની સાંજે છ વાગ્યે સ્વામીશ્રીએ દીપપ્રાગટ્ય દ્વારા ખુલ્લું મૂક્યું. ત્યારબાદ વક્તૃત્વ અને કીર્તનગાન સંબંધી વિવિધ રજૂઆતો તેઓએ સતત પોણા ત્રણ કલાક સુધી બિરાજીને માણી.

અંતે સૌ પર આશીર્વાદ વરસાવતાં તેઓએ જણાવ્યું કે "યોગીબાપા જેવા પુરુષ ન મળ્યા હોત તો યુવાનો કયા માર્ગે હોત? યુવાનોને સત્સંગ છે તો મા-બાપને શાંતિ છે. સત્સંગમાં બાળકો-યુવકો જાય તે આગ્રહ રાખવો. નહીં તો સિનેમા-નાટકમાં લપટાઈ જશે. 'અહીં આવશે તો સાધુ થઈ જશે' એવી બીક રાખવાની જરૂર નથી. યુવાનો વધે તે માટે પ્રયત્ન કરવાનો છે. આગ્રહ રાખી કરશો તો થશે. 'યુવાનો આવતા નથી' તેવો વિચાર ન કરવો. આપણે તો મોટાપુરુષના વચને કરવાનું છે. આવડે - ન આવડે, ફાવે - ન ફાવે; જેટલું-જેવું આવડે તેવું કરવું. કાલાવાલા પ્રભુને વા'લા..."

તા. ૨૨/૯ના રોજ યોજાયેલા આ અધિવેશનના બીજા તબક્કામાં રાસ-સંવાદ વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો અને ઇનામ-વિતરણ સમારંભ મુખ્ય આકર્ષણરૂપે હતા. તેમાં યુવકોની રજૂઆત બાદ સ્વામીશ્રીએ પોતાના સ્થાનેથી ઊભા થઈને, તાળીઓ વગાડીને યુવકોને બિરદાવ્યા. ખરેખર, કાલાવાલા પ્રભુને વા'લા થઈ ગયા.

આ સભામાં સતત પાંચ કલાક બિરાજેલા સ્વામીશ્રીએ સૌ પર કૃપાશિષ વરસાવતાં જણાવ્યું કે "યુવકોને ધન્યવાદ. યુવકો આપણા હાથ-પગ છે. તેઓની મહેનત ખૂબ છે. બધાને ઇનામ મળ્યાં છે. રહી ગયા તેમ ન માનવું. બીજાએ ક્ષોભ ન પામવો. 'બીજી વખતે ભાગ ન લેવો' એવું નહીં. ઇનામ મળે કે ન મળે પણ ભાગ લેવો. યોગીજી મહારાજ તરફથી ઇનામ મળી જ ગયું છે. વચનામૃત, સ્વામીની વાતોમાં સૌ ઊંડા ઊતરે તે અધિવેશનનો હેતુ છે. બહારનાં ઇનામની જરૂર નથી. યોગીબાપાનો રાજીપો તે ઇનામ છે.

આ અક્ષરધામનું ભાથું છે.''

આમ, યુવાનોને લાભ આપી સ્વામીશ્રી રાત્રે છેક સવા અગિયાર વાગ્યે જમવા બિરાજ્યા! તેઓના આ પરિશ્રમનો પારસમણિ જ લોઢા જેવા યુવાનોની કાયાપલટ કરી તેઓને સુવર્ણ સમાન બનાવતો હતો. સ્વામીશ્રી જેવું પરિણામ ઇચ્છનારે તેઓના જેવો પરિશ્રમ પણ કરવો પડશે. કેવળ ગાદી-તકિયે બેસી યુવાહૃદયને ખેડી શકાતાં નથી.[૧૫૨]

## સગા સૌના શીતળતા અપાર

તા. ૨૩/૯ના રોજ સ્વામીશ્રીની મુલાકાત યહૂદી ધર્મના વડા રબાઈ ડૉ. ઈમેન્યુઅલ જેકોબોવીટ્સ સાથે યોજાયેલી. ટેવિસ્ટૉક સ્ક્વેઅરમાં આવેલા એલ્ડર હાઉસમાં થયેલું આ મિલન ભાવસભર રહ્યું. લગભગ એક કલાક સુધી પરસ્પર વાર્તાલાપ ચાલ્યો.

ત્યારબાદ સ્વામીશ્રી વિદાય લઈને અહીંના બગીચામાં ઊભેલા ગાંધીજીના સ્ટેચ્યૂ પાસે પધાર્યા. અત્રે હરિભક્તોએ તેઓને ઊંચા કર્યા એટલે સ્વામીશ્રીએ એ કાંસ્યપ્રતિમાને હાર અર્પણ કરી અંજલિ આપી. યોગાનુયોગ એ દિવસ રેંટિયા બારસનો હતો!

અહીંથી ક્રોલીની જોર્ડન કાઉન્ટી પ્રાઈમરી સ્કૂલના હૉલમાં સભા પહેલાં અને પછી વીસેક પધરામણીઓ બાદ રાત્રે સવા અગિયાર વાગ્યે સ્વામીશ્રીએ ભોજન કર્યું. ત્યાંથી ઉતારે આવી રાત્રે દોઢ વાગ્યે આરામમાં પધાર્યા.

આમ, નક્ષત્રમાળાની જેમ સતત ઘૂમતા સ્વામીશ્રી તા. ૨૫/૯ના રોજ પધરામણીઓ કરતાં કરતાં ચંદુભાઈ પટેલના ઘેર ઠાકોરજી જમાડવા પહોંચ્યા ત્યારે સમય થયો હતો બપોરના પોણા ચાર વાગ્યાનો! સ્વામીશ્રીનું સઘળું ઘડિયાળના કાંટોકાંટ ચાલતું; સિવાય કે તેઓનાં ભોજન અને આરામ. આ બે કાર્યક્રમ તેઓ સમય અનુસાર નહીં, પણ સેવાના આધારે ગોઠવતા.

તે અનુસાર ભોજન કરીને બપોરની કથા કર્યા બાદ સ્વામીશ્રી ચંદુભાઈના વૃદ્ધ પડોશી સ્ટ્રીન્જરને ત્યાં પહોંચ્યા.

---

૧૫૨. પરમ પૂજ્ય સ્વામીશ્રીના સાંનિધ્યમાં થયેલા યુરોપના આ પ્રથમ અધિવેશનની ઝલક પામવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

આ અંગ્રેજની સ્થિતિ *'જૈસે બૂઢે બેલકું, ખેડુ ન દેવત ખાન...'* જેવી હતી. માંદગીમાં રિબાતા આ જરા-જર્જરિત બાપની દરકાર લેવાની ફુરસત દીકરાઓને નહોતી. માંડ માંડ તેઓ પોતાનો દૈનિક ક્રમ આટોપતા હતા. આ વિગતો જાણીને સ્વામીશ્રી દ્રવી ઊઠ્યા. પણ કેવળ ખરખરો કરીને બેસી રહેવું તે તેઓની પ્રકૃતિમાં નહીં. કોઈનું પણ દુઃખ અને ઋણ ફેડવાં તેઓ શક્ય એટલું વધુ કરતા.

તેથી તેઓએ ચંદુભાઈને ભલામણ કરી કે 'આ વૃદ્ધને કોઈ સહારો નથી; તો તમારે સાજે-માંદે તેનું ધ્યાન રાખવું.'

સ્વામીશ્રીનો આ સ્નેહ અને સહાય જોઈ એ અંગ્રેજની આંખો ભીની થઈ ગઈ.[૧૫૩]

એક અપરિચિત વૃદ્ધને જીવનપર્યંતનો ટેકો આપીને સ્વામીશ્રી નીકળ્યા ત્યારે તેઓ માટે લખાયેલી પંક્તિ – *'સૂકાં વેરાન એવા જીવતરના રણમાં, વરસે પીયૂષ રસધાર; ડગમગતા ઘડપણને પાંખો ફૂટી ને નવી આશાનો થયો ઝબકાર...'* સાર્થક થઈ રહી.

અહીંથી સ્વામીશ્રી સ્વિન્ડનમાં પધરામણીઓ કરી રાત્રે બાર વાગ્યે ઉતારે આવી આરામમાં પધાર્યા.

## વસંત સમા સંત

આ અરસામાં હર્ષદભાઈ દવે દ્વારા લખાયેલા 'Life and Philosophy of Shree Swaminarayan' પુસ્તકનું પ્રકાશન વિશ્વવિખ્યાત સંસ્થા મે. જ્યોર્જ ઍલન ઍન્ડ અનવીન દ્વારા તા. ૨૬/૯ના રોજ થયેલું. તે નિમિત્તે ટેવિસ્ટોક બેન્ક્વેટિંગ હૉલમાં બપોરે સાડા બાર વાગ્યે પુસ્તકનો ઉદ્‌ઘાટન સમારંભ અનેક નામી અંગ્રેજ લેખકોની ઉપસ્થિતિમાં યોજાયેલો. ત્યારબાદ સાંજે મંદિરના હૉલમાં પણ સ્વામીશ્રીના વરદહસ્તે આ પુસ્તકનું વિમોચન થયું.

આ પ્રસંગે લેખકે વિનીતભાવે જણાવ્યું કે 'સ્વામિનારાયણ યુનિવર્સિટી થાય અને સંપ્રદાયનો પ્રચાર થાય એવી ભાવના અંતરમાં રહે છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ આપણા મોક્ષના દાતા છે. તો તેમના

---

૧૫૩. સ્વામીશ્રીની આજ્ઞાથી ચંદુભાઈએ આ અંગ્રેજની સ્વજનતુલ્ય સંભાળ રાખેલી. દસ વર્ષ બાદ સ્વામીશ્રી ઈંગ્લેન્ડ પધારેલા ત્યારે આભાર માનવા આવેલા આ અંગ્રેજે સ્વામીશ્રી સમક્ષ ચંદુભાઈનાં સેવા-સૌજન્ય વખાણેલાં.

માટે આપણે આપણી ચામડીના જોડા સિવડાવીએ તો પણ તે ઓછું છે.'

આ અવસરે સ્વામીશ્રીએ પણ આશીર્વાદ આપ્યા કે 'પ્રચાર માટે હર્ષદભાઈના સંકલ્પ છે તો મહારાજ પૂરા કરે.'

પુસ્તક-ઉદ્‌ઘાટનના આ સમારંભ બાદ સ્વામીશ્રી હરિભક્તના ઘેર ઠાકોરજી જમાડી રાત્રે સવા બાર વાગ્યે ઉતારે પધાર્યા. અહીં તેઓએ આરામને ઠેલીને મધરાતે મીટિંગ શરૂ કરી. તેનો મુદ્દો હતો: 'દેશમાં પ્રવર્તતી દુષ્કાળની પરિસ્થિતિ માટે કેવી રીતે રાહતકાર્ય કરવું?' તે માટે તેઓ સતત સવા કલાક વિચારણા કરતા રહ્યા અને રાત્રે દોઢ વાગ્યે આરામમાં પધાર્યા!

દુકાળના દુઃખને ફેડવા સરકારી તંત્રના કોઈ અમલદાર કે કોઈ સખાવતી સાધુ-શેઠિયાએ તળ ભારતમાં પણ આટલી મોડી રાત સુધી કદાચ મથામણ નહીં કરી હોય, એ સ્વામીશ્રી દૂર બેઠા કરતા રહ્યા. તેઓની આ સમાજસેવાની નોંધો સરકારી ગેઝેટોમાં કે અખબારી કાગળો પર જોવા-વાંચવા નહીં મળે પણ તે મળશે જન-જનના હૃદયમાં. કેમ કે 'शान्ता महान्तो निवसन्ति सन्तो वसन्तवल् लोकहितं चरन्तः।' શાંત અને મહાન સંતો વસંતની જેમ લોકહિત માટે વિચરતાં હોય છે.

વસંતના આગમનની જાહેરાત કદી છાપાંમાં વાંચી? તેનો અનુભવ તો પંખીઓના કલરવમાં, પુષ્પોના સ્મિતમાં અને મનુષ્યના હૃદયમાં પ્રવર્તતી તાજગીથી જ મળે. તેમ વસંતવત્ લોકહિતમાં પરોવાયેલા સ્વામીશ્રીની પ્રકૃતિ પણ કોઈ પ્રચાર-પ્રપંચ વિના સેવા કરવાની રહેલી. તેઓનાં કાર્યોની સુગંધ માણવા જન-જનનાં હૈયાં તપાસવાં પડે.

તા. ૨૭/૯ના રોજ પણ સ્વામીશ્રીની આવી શાંત કરુણાગંગા વહેતી રહી. જળઝીલણી એકાદશીના આ દિવસે નિર્જળા ઉપવાસમાં સવારે સવા કલાક સુધી કથાલાભ આપીને વિચરણ કરવા નીકળી પડેલા સ્વામીશ્રી સવારના ૧૦:૧૦ વાગ્યાથી રાત્રિના ૧:૨૦ વાગ્યા સુધી સતત કાર્યરત રહ્યા. તે દરમ્યાન તેઓ ૧૦૪ વર્ષ જૂના સિનેગોગમાં પણ પધાર્યા અને યહૂદી રબાઈ સાથે વિગત વાર ધર્મચર્ચા કરી. આ ઉપરાંત, પધરામણીઓ, સાયં સત્સંગ-સભા, મીટિંગો-મુલાકાતો વગેરે અવિરામ ચાલ્યા.

ત્યારબાદ તેઓએ દુષ્કાળ-રાહતની કાર્યવાહી હાથ પર ધરતાં રાત્રે ૧:૨૦ વાગ્યાથી ૨:૦૦ વાગ્યા સુધી ફોન જોડી ભારતમાં રાહત કાર્ય અંગેની દોરવણી આપી. તે પછી તેઓ આરામમાં પધાર્યા!

અનાજનો કણ કે પાણીનું ટીપું મોંમાં મૂક્યા વિના, બીજાને અન્ન-જળ મળે તેની તજવીજ આટલી મોડી રાત્રે કરતા રહેલા સ્વામીશ્રીએ, સમાજ સુખ-ચેનથી સૂઈ શકે તે માટે પોતાની ઊંઘ હરામ કરી દીધેલી!

ગંગોત્રીના કમ્મરપૂર બર્ફીલા પ્રવાહમાં કલાકોની ગણતરી રાખ્યા વિના ઊભા રહી મહિમ્ન અને સ્તોત્રોના પાઠ કરનારા સાધુ-સંન્યાસીઓ વંદનીય ખરા. બરફના દસ-દસ ફૂટના થર જામી જાય તોય બદરી-કેદારથી સ્થાનાંતર કર્યા વિના ત્યાં જ રહેનારા દિગંબરી મૌની અવધૂતો પણ પૂજ્ય ખરા. ડાબા કરની હથેળીમાં જ બિલાં-બોરાં કે કોદરા-નાગલી ખાઈને દિ' આખો ભેંકાર પહાડોની કંદરાઓમાં જીવનારા જોગી-જતિઓ પણ પ્રણામના હકદાર ખરા. પણ સંસ્કૃતિએ પરમ વંદનીય, પરમ પૂજ્ય અને પ્રણામના પરમ હકદાર ગણ્યા હોય તો *'મન મેં રામ, હાથ મેં કામ'* ધરાવનારા મહાત્માઓને. મોઢે શાસ્ત્ર અને માથે સૂંડલો લઈને સંસાર-સમાજને નરવો રાખવા, પ્રતિપળ પ્રયત્નશીલ સંતો જ સંસાર-સમાજની ધરોહર છે. સ્વામીશ્રી આ કક્ષાના સંત હતા. તેઓમાં હિમાલયના સિદ્ધયોગીની નિર્લેપતા અને સમાજસેવારત સાધુની સભાનતા – બંને જોવા મળતા.

## પરદેશમાં પ્રયાગની પવિત્રતા

તા. ૨૮/૯ના રોજ ડી. સી. પટેલના ઘેર પધારેલા સ્વામીશ્રીએ અહીં સાંજે ચાર વાગ્યે શૌચ-સ્નાન માટે જવા જનોઈ કાન પર ચડાવી દીધેલી. ધોતિયું કાઢી કટકો પણ ધારણ કરી દીધેલો. પણ તે જ વખતે કંઈક યાદ આવતાં તેઓ પલંગ પર બેસી ગયા અને પત્ર લખવા માંડ્યા. કાન પર જનોઈ ચઢાવેલી સ્થિતિમાં જ તેઓએ છ પાનાંનો પત્ર લખ્યો. તે પછી બીજો પણ એક પત્ર લખી શૌચ માટે પધાર્યા.

કાર્યમાં વિલંબ તેઓને કદી પરવડતો નહીં. દેહક્રિયા કરતાં પણ આગળનું સ્થાન તેઓએ સેવાકાર્યને આપેલું.

આ રીતે પરવારીને સ્વામીશ્રી આપણા મંદિરે યોજાયેલા 'રામચરિત-માનસ'ની ચતુઃશતાબ્દીના વિશિષ્ટ કાર્યક્રમમાં પધાર્યા. આ અવસરે ઉત્સવ-સમિતિ વતી પંડિત વિષ્ણુનારાયણે વક્તવ્યની શરૂઆત કરતાં જણાવ્યું કે 'तुलसीदास संत के रूप में यहाँ बैठे है। क्या यह प्रयाग नहीं बना है?'

આમ કહીને તેઓ જ્યાં ક્ષણભર અટક્યા ત્યાં જ સ્વામીશ્રી બોલી

ઊઠ્યા : 'बन गया है।' તેઓની આ ટાપશીથી વક્તા-શ્રોતા સૌ હરખાઈ ઊઠ્યા, કારણ કે તેમાંથી સંદેશ નીતરતો હતો કે 'मुद मंगलमय संतसमाजु, जो जग जंगम तीरथराजु।'

આજની સમગ્ર સભા હિંદી ભાષામાં ચાલી રહી હોવાથી સ્વામીશ્રીએ પણ એ પદ્ધતિ અનુસાર આશીર્વાદ આપવા શરૂ કર્યા કે 'हिन्दी में नहीं आता है। गडबड-सडबड होता है। तूटी-फूटी चलेगी। गुजराती आ जायेगा।...'

તેઓની આ શરૂઆતથી જ સૌ આનંદિત થઈ ગયા. ત્યારબાદ રામાયણના આધારે પિતા-પુત્ર, પતિ-પત્ની, ભાઈ-ભાઈના સંબંધો વિષે સ્વામીશ્રીએ હૃદયસ્પર્શી માર્ગદર્શન આપ્યું.[૧૫૪]

## દેવ-અદેવ રહે છે ડરતા રે

તા. ૨૯/૯ના દિવસે સ્વામીશ્રીએ જળઝીલણી ઉત્સવ નિમિત્તે થેમ્સ નદીના જળમાં લગભગ પોણા બે કલાક સુધી નૌકાવિહાર કરી, ઊમટેલા ૧,૨૦૦ હરિભક્તોને આનંદમાં તરતા કરી મૂક્યા.

વિહાર કરતાં કરતાં બૉટ સવા બાર વાગ્યે પીટરશામ મીડોના સમીપવર્તી રીચમન્ડ પાર્કના લૅન્ડીંગ સ્ટેજ પાસે આવી પહોંચી. અહીંથી થોડું ચાલીને સ્વામીશ્રી પગથિયાં પાસે પધાર્યા. અત્રે ઠાકોરજીની પાંચ આરતીનો વિધિ કર્યો. ત્યારબાદ બાલદીમાં ભરેલાં જળમાં ઠાકોરજીને સ્નાન કરાવ્યું અને ગણેશજીને જળસમાધિ આપી. 'ગુજરાતમાં વરસાદ પડે તથા ત્યાં અને અહીં સૌ સુખી થાય' તેવા સંકલ્પ સાથે ધૂન પણ કરી.

અહીં સુંદર અને વિશાળ ઉદ્યાન હોવાથી વનભોજનનું આયોજન કરવામાં આવેલું. ભક્તો ઘેરથી પાથેય(ભાથું) લઈને આવેલા. સ્વામીશ્રીએ સૌની સામગ્રી ઠાકોરજીને ધરાવી. મોટો અન્નકૂટ રચાઈ ગયો. ત્યારબાદ સૌને પ્રસાદી વહેંચી પોતે પણ જમ્યા. જળ-સ્થળના નૈસર્ગિક વાતાવરણમાં અને સ્વામીશ્રીના સંગમાં સૌ ઉત્સવના રંગમાં રસબસ થઈ બ્રહ્મકિલ્લોલ કરતાં છૂટા પડ્યા.

---

૧૫૪. લંડનમાં સ્વામીશ્રીની નિશ્રામાં યોજાયેલી વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓની ઝાંખી મેળવવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

પરંતુ હરિભક્તો ઉત્સવ-સ્થળ છોડીને જ્યાં પોતપોતાના માર્ગે સિધાવ્યા ત્યાં જ તેઓને સ્વામીશ્રીના સામર્થ્યનો પરિચય થવા લાગ્યો, કારણ કે રસ્તે જતાં તેઓએ જોયું કે શહેરમાં સર્વત્ર વરસાદ વરસેલો છે. કેવળ જ્યાં ઉત્સવ ઉજવાયો તે જ જગ્યાએ વરસાદ નહોતો વરસ્યો. ઉત્સવ-સ્થળે તો વરસાદની જગ્યાએ સાનુકૂળ તડકો હતો! સૌને ગઈકાલે સ્વામીશ્રીએ ઠાકોરજી સમક્ષ હાથ જોડી કરેલી પ્રાર્થનાના શબ્દો 'કાલ માટે પણ પ્રાર્થના છે – વરસાદ ન પડે ને સૂર્યનારાયણ તપે તે માટે...' એ યાદ આવી ગયા. સ્વામીશ્રીને શ્રીજી-મહારાજ વશ છે – તેની પ્રતીતિ વધુ દૃઢ થઈ. તેઓની આજ્ઞામાં '*શશી-સૂરજ રહે છે ફરતા રે... દેવ-અદેવ રહે છે ડરતા રે...*'નો પણ વધુ એક દાખલો જડ્યો.[૧૫૫]

## કોઈ પાછો પડે તેવું કરવું નહીં

છેલ્લા ૨૮ દિવસથી લંડનના આંગણે બ્રહ્માનંદની છોળ્યો ઊછળતી રહેલી. સ્વામીશ્રીનું ભોજન હોય કે ભજન; સ્નાન હોય કે શયન; પ્રવચન હોય કે પધરામણી; દરેકમાં '*સુખ સુખ જિયાં સુખ ઘણું, તે તો મુખે કહેતાં ન કહેવાય રે...*'નો અનુભવ સૌ કરી રહેલા.

પરંતુ અઠ્ઠાવીસ જેવો ઓગણત્રીસમો દિવસ રહ્યો નહીં, કારણ કે આ દિવસ સ્વામીશ્રીની વિદાય-સભાને માથે લઈને ઊગ્યો. અત્યાર સુધીની પ્રત્યેક સભા લયલીન કરે તેવી હતી પણ આજની સભા ગમગીન હતી.

એક્ટન હૉલની એ સભામાં સાંજે સ્વામીશ્રી પધાર્યા ત્યારે હજી તેઓને બેસવાનું સિંહાસન આવ્યું નહોતું. તેથી તાત્કાલિક બ્લેન્કેટ પાથરીને કામચલાઉ આસન જેવું કરી દેવામાં આવ્યું. હકડેઠઠ વિદાય-સભામાં આવી ગરબડ થઈ છતાં ક્ષોભ કે ક્રોધની એક લકીર સ્વામીશ્રીના મુખ પર ઊપસી નહીં! કારણ કે પોતાની વાત હતી ને! અંતે થોડી વારમાં સિંહાસન આવી જતાં તેને મંચ મધ્યે ગોઠવવામાં આવ્યું અને તે પર સ્વામીશ્રી બિરાજમાન થયા. ગુરુહરિની આ સરળતા, નમ્રતા જોઈ વિદાયનું વાતાવરણ વધુ ઘૂંટાયું.

---

૧૫૫. પરમ પૂજ્ય સ્વામીશ્રીના સાંનિધ્યમાં લંડનમાં ઊજવાયેલા આ જળઝીલણી ઉત્સવમાં સામેલ થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

સૌની આ વિરહવેદના ટાળતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

"ભગવાનની નિષ્ઠા તેટલી મોટપ વધવાની. આજ્ઞા-ઉપાસના દૃઢ તેટલી મોટપ વધવાની. આવી સભા, પ્રેમ બીજે દેખાતો નથી, કારણ કે એવા પુરુષ મળ્યા નથી. તમારો ભીડો જોઈ મહારાજ રાજી થશે. યુવક મંડળ, બાળ મંડળ, નાના-મોટા કોઈએ પાછી પાની કરી નથી. સ્વામી કહેતા: 'જંગલને લીધે સિંહ ને સિંહ ને લીધે જંગલ શોભે. પીંછાંથી મોર શોભે ને મોરથી પીંછાં.'

આપણે શું કરી શકીએ ? પણ સંતો-ભક્તોનો સાથ છે તો થાય છે. સૌ ભગવાનનું સુખ લેવા આવ્યા છે. કોઈ પાછો પડે તેવું કરવું નહીં. પ્રાપ્તિ ગાફલાઈમાં આઘી-પાછી ન થાય તે જોવાનું છે. રસોઈ કરે તે દાઝે. તેમ કામ કરનારને વિઘ્ન હોય છે. પણ આપણે કામ પાછળનો આશય જોવાનો છે. માટે રાજી રહેજો. આપણે સાથે ને ભેગા છીએ. અમારા તરફથી તમને તકલીફ પડી છે. અમને તકલીફ પડી નથી. અમારે તો તૈયારંતૈયારા. માટે સૌ સત્સંગ કરજો. રવિસભામાં જજો. બે-પાંચ જણાએ ભેગા થઈને પણ સત્સંગ કરવો. નહીં તો જીવન ખલાસ થશે. દેહ ભગવાન રાખનાર છે. ડૉક્ટર ઝાલીને ઊભા હોય તોય જવાનો. ભગવાન ઉપર જીવન મૂકવાનું છે."

આશીર્વાદ બાદ સૌ ભક્તોને સ્વામીશ્રી વ્યક્તિગત મળ્યા. સ્વામીશ્રી અને સત્સંગીઓ, બંનેની આંખોમાં એકબીજા માટે કૃતજ્ઞતા છલકાતી હતી. બંનેએ એકબીજા માટે ઘણું કરેલું, છતાં બંનેને 'કાંઈ જ કર્યું નથી' એમ જણાતું હતું. બંનેને એકબીજાથી છૂટા પડવું ગમતું નહોતું; છતાં બંનેને આગળ વધ્યા વિના ચાલે એમ નહોતું. *'પ્રીતની રીત છે જો ન્યારીરી, બીજા ન જાણે લગારીરી...'*[૧૫૬]

## લાગ્યો સંસારીડો આગ જી

તા. ૩૦/૯ના રોજ સ્વામીશ્રી સાંજની સભા માટે મંદિરે પધાર્યા. અહીં સભા બાદ ઠાકોરજી સમક્ષ જ પડેલી પંગતમાં તેઓ ૧૮૦ હરિભક્તોને મોહનથાળનાં ચકતાં પીરસીને સિંહાસનની આગળ મધ્ય ભાગમાં જમવા બિરાજ્યા. તેથી સૌ જમતાં જમતાં *'જમતાં જોયા છે...'*નો લાભ મેળવી ધન્ય થઈ રહ્યા. હજી તો સ્વામીશ્રીએ પીરસેલા આ ભોજનનો સ્વાદ સૌ વાગોળતા

---

૧૫૬. આ વિદાય-સભા બાદ સંજોગોવશાત્ સ્વામીશ્રીનું રોકાણ લંબાતાં લંડનને લટકાંનો લાભ મળી ગયેલો.

હતા ત્યાં જ બીજા દિવસે તા. ૧/૧૦ની સવારે સ્વામીશ્રી કથામૃતનો કળશ પિવડાવવા આવી પહોંચ્યા.

આ કથામાં પોતાના પુત્રોને વૈરાગ્યની ભગવી ચૂંદડી ઓઢાડનાર માતા મદાલસાની વાતમાં સભા મગ્ન બની ગયેલી. એ જ કથાનો તંતુ આગળ વધારતાં સ્વામીશ્રી પણ બોલ્યા:

"દીકરો વિલાયત છે એમ માની બેસી રહે છે, તેમ સાધુ થયો હોય તો માનવું કે વિલાયત ગયો છે. નાનપણથી જ હાલરડાં ગાવાં પડે. ભણાવી-ગણાવી સાધુ થવા કહે તે કાંઈ માને? નાનપણથી જ એવો ઉપદેશ તે થઈ ગયા. ધર્મના સંસ્કાર માટે મા-બાપે પ્રયત્ન કરવો જોઈએ. આ તો બેબી સીટર(ભાડૂતી પાલક)ને સોંપી દે તે રાત્રે આવી સૂઈ જાય ને સવારે હાલવા માંડે. અમે 'સ્કૂલમાં માંસ ખાય છે?' એમ પૂછીએ તો બાપ કહે, 'અહીં તો ચાલે છે.' નાનપણથી આંગળી દોરી મંદિરમાં લઈ ગયા હોય તો મોટો થાય ત્યારે સાધુ થવા આવે. પરણાવે ત્યારે રાંડશે એવો વિચાર થાય છે? તેમ અહીં પણ 'પાછો આવશે તો?' તેવો વિચાર ન કરવો. સંસ્કાર હોય તો પાછો જ ન પડે. લાખો પાઉન્ડની દુકાન કરે ને દેવાળું પણ ફૂંકે. પણ ભગવાનના દરબારમાં સોંપે તે કાંઈ ન થાય. જીવતાંને જોવાના છે. મરેલાને શું જોવા? આ ઈશ્વરભાઈ કોઠારીએ રાજીપો લઈ લીધો. સંસ્કારી, સેવાભાવી છોકરો આપી દીધો.[૧૫૭] સંત સ્વામીની સેવા કરે છે. ભગવાનના દરબારમાં આવતાં વિચાર કરે. જુગારી, વ્યભિચારી, દારૂ પીએ તે ખોટું દેખાતું નથી. ત્યાગી થવા જાય ત્યારે આવા વિચાર કરે. સમજ્યા તેટલા બાવા થયા. બીજા શું સમજે? હાલરડાં બધા ગાજો નિરાંતે..."

સ્વામીશ્રીની આજની વાતોમાં સંસાર છોડાવવાનો સૂર મુખ્યપણે વહેતો રહ્યો. વિષયમાં જોડે એવા તો ઘણા મળે પણ તોડે એવા તો એક ગુણાતીત સંત જ હોય, કારણ કે 'વિષય દુઃખરૂપ છે' એવું કહેતાં કોઈની જીભ ઊપડે નહીં. જેને વિષય વિષવત્ થઈ ગયા હોય તે જ આમ બોલી શકે અને તેની જ વાતોની અસર પણ થાય. તેથી આ વખતના સ્વામીશ્રીના પ્રવાસમાં તેઓની આવી વૈરાગ્યપ્રચૂર વાણીથી ઘણાને *'લાગ્યો સંસારીડો આગ જી...'* જેવું થઈ ગયેલું. નવ મહિનાના આ વિદેશ-પ્રવાસની ફળશ્રુતિરૂપે, નવ વિદેશી યુવાનો સાધુદીક્ષા લેવા માટે સ્વામીશ્રી પાસે આવી પહોંચેલા.

---

૧૫૭. સાધુ નિર્માનજીવનદાસ.

## ONLY FOR YUVAK (ફક્ત યુવકો માટે)

બ્રાહ્મમુહૂર્તમાં જ સાંખ્યનો સદ્‌બોધ આપી પધરામણીએ નીકળેલા સ્વામીશ્રીની મુલાકાત આજે સસેક્સ યુનિવર્સિટીના ડીન(મુખ્ય કાર્યવાહક) ડેવિડ પોકોક સાથે થયેલી. વરતાલ, બોચાસણ, દાદર(મુંબઈ) વગેરે મંદિરોનાં દર્શન પામેલા આ અંગ્રેજ, સાંભળવું ગમે એવું ગુજરાતી બોલતા હતા. તેઓએ સ્વામીશ્રી પાસેથી પોતાના કેળવણીક્ષેત્ર સંબંધી માર્ગદર્શન મેળવ્યું.

આ મુલાકાત પછી સાયંસભામાં પધારેલા સ્વામીશ્રીના આશીર્વાદ બાદ 'આજે રાત્રે યુવક મંડળનું સ્નેહમિલન સ્વામીશ્રીના ઉતારે રાખવામાં આવ્યું છે. તેમાં માત્ર યુવકોએ જ આવવાનું છે' તે જાહેરાત ડૉક્ટર સ્વામીએ કરી ત્યારે સ્વામીશ્રીએ તેમાં સંમતિનો સૂર પુરાવતાં ઉચ્ચાર્યું : 'Only for Yuvak.'

તેઓનાં આ અંગ્રેજી ઉદ્‌ગારોને સૌએ હર્ષોલ્લાસથી વધાવી લીધાં.

સૌને આ સુખદ સંભારણું આપી સ્વામીશ્રી 'ફક્ત યુવકો માટે જ' ઉતારે આવી પહોંચ્યા ત્યારે તેઓએ જે ઉચ્ચારેલું તે આચરી બતાવતાં યુવાનોને અઢળક સુખ આપ્યું.

પ્રથમ તો સૌ યુવાનો માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવેલી. તેથી પંગતમાં બેસી ગયેલા ૧૨૫થી વધુ યુવકો પાસે જઈ જઈને સ્વામીશ્રીએ દરેકને ૪-૪ ગુલાબજાંબુ પીરસ્યાં. સ્નેહમિલનના આ પ્રથમ સ્વાદમાં સૌએ માની મમતા મમળાવી.

ઉતારાના બીજા માળે હૉલમાં સભાનું આયોજન કરેલું. અલ્પાહાર બાદ સ્વામીશ્રી જેવા ત્યાં પધાર્યા કે અધ્ધર બાંધી રાખેલા ફુગ્ગા ફૂટ્યા અને તેઓ પુષ્પવર્ષાથી નાહી રહ્યા. સ્વામીશ્રીને આમ આવકારી સૌએ સ્નેહમિલનના બીજા સ્વાદમાં મિત્રની મજા માણી. સ્વામીશ્રી આસન પર બિરાજ્યા ત્યારે પણ પુષ્પવૃષ્ટિ થઈ રહી. ધીરે ધીરે વાતાવરણ એકદમ પ્રેમપ્રચૂર થઈ રહેલું.

મુખ્ય કાર્યકરોએ સ્વામીશ્રીને હારતોરા અને પૂજનથી વધાવ્યા બાદ સૌ તેઓનાં ચરણોમાં ભાવોર્મિઓ વહાવવા લાગ્યા. યુવકો જે રજૂ કરે તેમાં સ્વામીશ્રી ક્યારેક રમૂજસભર તો ક્યારેક પ્રેરણાસભર પૂર્તિ કરી સૌને આનંદ પમાડતા. યુવક જિતેન્દ્રે રજૂઆતની શરૂઆતમાં કહ્યું કે 'આમ તો હું પાત્ર નથી...' ત્યાં જ સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'ખરેખરું પાત્ર છો. રાજાના કુંવર જેવા છો. શોભે છે...' સૌ આ સાંભળી ખુશખુશાલ થઈ ગયા.

સ્વામીશ્રી એક-એક યુવાનને રાજકુંવરની જેમ જોતા જ નહીં, સાચવતા પણ ખરા. ત્યારે જ તો તે યુવાનોના મહારાજા બનીને રહેલા ને!

આ સ્નેહમિલનનો એક હેતુ સાધુદીક્ષા લેવા તૈયાર થયેલા યુવાનોને બિરદાવવાનો પણ હતો. તેથી તે સંબંધી પ્રેરણા આપતાં ડૉક્ટર સ્વામીનો વાક્પ્રવાહ જોશભેર વહી રહેલો. તે સાંભળી માર્મિક હસતાં સ્વામીશ્રી બોલ્યા: 'હંઅઅ... યોગીજી મહારાજની ઝાંખી થઈ...'

આમ, વાતે વાતે સૌને સ્વામીશ્રી સ્મૃતિદાન કરતા રહ્યા. સ્નેહમિલનના આ ત્રીજા સ્વાદમાં સૌએ સુહૃદનો સ્નેહ ચાખ્યો.

અંતે સૌ પર આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'ખરો યશ યુવકો લઈ ગયા છે. તે તો હાથ-પગ કહેવાય. આપણો ધર્મ સેવા કરવી. યુવકોને સેવા સાથે આત્મા-પરમાત્માનું જ્ઞાન સમજાય તો બળ મળે. બળ આપ્યું છે તે સાચવી રાખવું. સંગઠનભાવ રહે તે કરવું. આપણા એક જ ગુરુ, એક જ ઈષ્ટદેવ છે. યુવકો વધારવા તે દરેકનું કામ છે. કેમ નથી આવતા? તે તપાસ કરવી. યુવકો લાવવા તે મોટી સેવા છે. એકમના થઈ આવવું. ઘરમાં મા-બાપને શાંતિ થાય, રાજી રહે તેમ કરવું.'

સ્નેહમિલનના આ ચોથા સ્વાદમાં સૌએ અક્ષરનું અમૃત પીધું. સૌ યુવકોને એમ જ લાગ્યું કે 'સ્વામીબાપા આ સ્નેહમિલનમાં નહીં, પણ આ પૃથ્વી પર Only for Yuvak (ફક્ત યુવકો માટે જ) પધાર્યા છે!'

આમ, યુવકોને પોતાના સ્નેહ-મિલનથી ઘેલા કરીને પોતાનાં સેવાકાર્યોમાં પરોવાયેલા સ્વામીશ્રી છેક રાત્રે બે વાગ્યે આરામમાં પધાર્યા. સ્વામીશ્રીનો પ્રેમ પામીને નિરાંતે સૂઈ ગયેલા પેલા યુવાનોને સ્વામીશ્રીના આ પરિશ્રમની જાણ થઈ હશે ખરી?![૧૫૮]

## સ્વતંત્ર વિભૂતિ

મંદિરે યોજાતી રોજની સાયંસભામાં છેલ્લા કેટલાક દિવસોથી સ્વામીશ્રીના વિદેશ-વિચરણની ફિલ્મ બતાવવામાં આવતી. તે દરમ્યાન હૉલમાં

---

૧૫૮. લંડનમાં સ્વામીશ્રીએ યુવાનો પર વરસાવેલી આ અમૃત-હેલીથી ભીંજાવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

અંધારું રહેતું. એક સ્વામીશ્રી પર નાની-શી બત્તી ઝગતી રહેતી. તેના અજવાળે તેઓ પત્રલેખન કરતા. તા. ૨/૧૦ના રોજ ચાલી રહેલી આવી સભામાં સ્વામીશ્રીના લંડનના પ્રથમ પ્રવાસની ફિલ્મ દર્શાવાઈ. તેમાં છેલ્લે તેઓ અમેરિકા જવા વિમાનમાં વિદાય થયા ત્યાં સુધીનું દૃશ્ય આવ્યું.

તેના આધારે જ આશીર્વાદનો પ્રારંભ કરતાં સ્વામીશ્રીએ કહ્યું: 'ભગવાનના ધામમાં પણ આમ પ્લેનમાં બેસીને જવાનું. પાયલોટ આવશે મહારાજ-સ્વામી. આપણા સંપ્રદાયની વિશિષ્ટતા જ એ છે. મહારાજ વિમાનમાં આવે. બધાંને દર્શન થાય. નિષ્કુળાનંદ સ્વામીએ ઘણા દાખલા લખ્યા છે. ભગવાનને મળવાની વસ્તુ તે સમૈયો. ભગવાનને પામવા માટે સમૈયા છે. સમૈયામાં સ્મૃતિ થાય. દોષ મૂકવા ને ધર્મ, જ્ઞાન લઈ જવા. ભગવાનની પ્રાપ્તિ, હેત થાય માટે મહારાજે સમૈયા ગોઠવ્યા છે. તેની સ્મૃતિ થાય તો મોક્ષને પામે...'

આજે આમ સ્વામીશ્રીએ છેડેલા મોક્ષના વિષય સંબંધી જિજ્ઞાસા રજૂ કરતાં તા. ૪/૧૦ની બપોરે હરિભક્ત રમણભાઈએ સ્વામીશ્રીને પૂછ્યું કે 'વચનામૃતમાં[૧૫૯] એવું કહ્યું છે કે ભરતખંડને વિષે મનુષ્યદેહ આવે છે ત્યારે ભગવાન કે ભગવાનના સંત જરૂર વિચરતા હોય છે. તેની જો ઓળખાણ થાય તો કલ્યાણ થાય. આ પ્રમાણે ભરતખંડમાં જન્મે એનું જ આત્યંતિક કલ્યાણ થાય?'

ત્યારે સ્વામીશ્રીએ જણાવ્યું કે 'ભરતખંડમાં ભગવાન ને સંત પ્રગટ થાય છે. તે સંતનો જેને યોગ થાય તેનું આત્યંતિક કલ્યાણ થાય છે. યોગીજી મહારાજનો પરદેશમાં પણ જેને સંબંધ થયો તેનું કલ્યાણ છે.'

આમ, શાસ્ત્રનાં હાર્દ સમજાવતાં સ્વામીશ્રીએ તા. ૫/૧૦ના રોજ શાસ્ત્રીજી મહારાજનું સ્મૃતિપર્વ લંડનમાં ધામધૂમપૂર્વક ઊજવ્યું. આ પર્વની સભા માટે તેઓ સાંજે મંદિરમાં દંડવત કરીને આસન ઉપર બિરાજવા જતા હતા ત્યારે જ સિંહાસનના કઠેડા પાસે રહેલા દીવાને લીધે સ્વામીશ્રીએ બાંધેલા ગાતરિયાનો પાછળનો જમણી તરફનો છેડો સળગ્યો. સ્વામીશ્રીને તો તેનો કોઈ ખ્યાલ નહોતો. પણ સામે બેઠેલા હરિભક્તોએ આ જોયું કે તરત કો'કે ઊભા થઈને હાથથી અગ્નિ ઓલવી નાંખ્યો. પરંતુ તે પહેલાં એ છેડાનો વેંત જેટલો ભાગ બળી ગયો હતો. યજ્ઞપુરુષ સ્મૃતિપર્વે અગ્નિદેવ સ્મૃતિ લઈ ગયા અને દઈ પણ ગયા!

---

૧૫૯. વરતાલ પ્રકરણ ૧૯.

આ સભા બાદ સ્વામીશ્રીના ઉતારે ઈંગ્લેન્ડનાં તમામ સત્સંગકેન્દ્રોના કાર્યકરોની મીટિંગ યોજાયેલી. તેમાં રાત્રે દસ વાગ્યાથી બે વાગ્યા સુધી બિરાજી સ્વામીશ્રીએ નીતિવિષયક નિર્ણયો આપ્યા! આજે શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વે સવારના છ વાગ્યાથી રાત્રિના બે વાગ્યા સુધી સળંગ વીસ કલાક સેવારત રહીને તેઓએ ગુરુચરણે ખરેખરું ભક્તિઅર્ઘ્ય અર્પણ કરી દીધું!

તા. ૬/૧૦ની બપોરે પણ તેઓ પધરામણીથી પરવારીને અઢી વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી મીટિંગમાં બિરાજ્યા.

આમ, રાત-દિવસના આરામને વાટતાં સ્વામીશ્રી ઉપાસનાનો ઝંડો લઈને ઘૂમી રહેલા. 'स्वतन्त्रः स निजाधीनं शयनं जागृतिर्यदा।' – જેને સૂવું અને જાગવું પોતાના વશમાં છે તેને સ્વતંત્ર વિભૂતિ કહેવાઈ છે. સ્વામીશ્રીમાં આવું વિભૂતિમત્ત્વ દેખાતું.

## શુભ સમાચાર આવ્યા

છેલ્લા કેટલાય દિવસોથી સ્વામીશ્રી ગુજરાતમાં પ્રવર્તિત દુષ્કાળ અંગે વ્યથિત હતા. આ દુઃખ હળવું થાય તે માટે સ્વયં પૂજામાં માળા-પ્રાર્થના કરતા. દરેક શુભ પ્રસંગે આ મુશ્કેલીના નિવારણ માટે ધૂન કરતા-કરાવતા. રાતોની રાતો જાગીને રાહત કાર્યની દોરવણી આપતા રહેલા. સૌને મદદની હાકલ કરતાં લંડનમાં તેઓએ કહેલું: 'દુષ્કાળની વાત થઈ છે તો સર્વે નોંધાવજો. ઓછામાં ઓછા ૫,૦૦૦ પાઉન્ડની સેવા થવી જોઈએ.'

આમ, પ્રાર્થના અને પુરુષાર્થનાં હલેસાંથી દુષ્કાળની વૈતરણી પાર કરવા સ્વામીશ્રી મંડેલા. આખરે તેઓની કરુણા વાદળો દ્વારા વરસવા લાગી. ગુજરાતમાં છ દિવસ વરસાદ થયો તેના સમાચાર તા. ૭/૧૦ની સાયંસભામાં ડૉક્ટર સ્વામીએ વાંચી બતાવ્યા ત્યારે સ્વામીશ્રીને ઘણી જ હાશ થયેલી અને આશીર્વાદમાં બોલેલા: '...શુભ સમાચાર આવ્યા. વરસાદ વધારે થાય તેવો સંકલ્પ કરીએ. પાણીની મુશ્કેલી ઓછી થઈ છે. કોઈ જગ્યાએ પાણીની તકલીફ ન પડે. મહારાજ બધાની રક્ષા કરે. પારાયણમાં સંકલ્પ કરવો. બીજી મુશ્કેલી તો ભોગવી લઈશું પણ પાણીની મુશ્કેલી ન આવે. માટે કરો બધા ધૂન...'

સ્વામીશ્રી પળેપળ સમાજ માટે જીવનારા સંત હતા. તેથી સમાજનું સંકટ ટળે અને પ્રજા સુખી થાય એ જ તેઓને મન 'શુભ સમાચાર' હતા. એટલે જ આજે પણ તેઓ રાત્રે દોઢ વાગ્યા સુધી સેવારત રહ્યા.

## સહુ જનને સુખ દેવા રે

સ્વામીશ્રીના સાંનિધ્યમાં શ્રાદ્ધપક્ષનો અનેરો લાભ લંડનવાસીઓને મળી રહેલો. આ ક્રમમાં તા. ૯/૧૦ના રોજ ભક્તિમાતાના શ્રાદ્ધના દિવસે સ્વામીશ્રીએ રસોડામાં પધારી કમંડળથી દૂધપાક હલાવીને તથા બે કડાયામાં ભજિયાં તળીને સૌને રાજી કર્યા. *'સહુ જનને સુખ દેવા રે, પ્રભુ પ્રગટ્યા આ સમે એવા રે...'*ની રીત તેઓએ રાખેલી. તેથી સુખ અને સ્મૃતિ આપવામાં તેઓ કોઈ ક્રિયા કે જગ્યા બાકી રાખતા નહીં.

રસોડામાંથી સભામંડપમાં પધારી ખટરસથી નોખા કથારસમાં સૌને ઝબકોળતાં તેઓએ જણાવ્યું કે 'ભગવાન ને સંત પરોપકારી છે. નહીં તો આપણે દુઃખી થાત. જીવનું રૂડું થાય તે મહાન પરોપકાર છે. જન્મ-મરણ મોટામાં મોટું કષ્ટ છે. તેમાંથી ઉગારવા તે મોટો પરોપકાર છે. સ્વામિનારાયણ સંપ્રદાય ઉજળો કહેવાયો. બીજામાં એવું જોવા ન મળે. સંતોનો સૌમ્ય વેશ. બિહામણું ન લાગે. જટા, આડાં તિલક તે બધું જોઈ છોકરું રડવા લાગે. તે ગભરાઈ જાય. કથા-વાર્તા નહીં, વિવેક નહીં. ભગવાને આપણને પોતાના માન્યા છે. રામાનંદ સ્વામી પાસે માંગ્યું કે 'ભક્તને દેહે કરીને દુઃખ ન પડે ને ધામમાં બેસાડવા.' યોગીજી મહારાજ અહીં શા માટે આવ્યા? દેશમાં ભૂખે મરતા હતા? તમારા માટે આવ્યા. કોઈ ઇચ્છા, સ્વાર્થ નહોતો. ભગવાનને જેમ આપણા તરફ દયાદૃષ્ટિ છે તેમ આપણે ભગવાન તરફ દૃષ્ટિ રાખી ભગવાનને રાજી કરી લેવા...'

આ આશીર્વાદ બાદ સ્વામીશ્રી જગ વડે સૌને દૂધપાક પીરસવા પધાર્યા. આજે તેઓને શરદી, ઉધરસને કારણે શારીરિક કળતર હોવા છતાં ભક્તોને લાડ લડાવવામાં કોઈ મણા રાખી નહીં. એથીયે વિશેષ તો આવી નાદુરસ્તીમાં તેઓએ સેવા કરવામાં પણ કોઈ કસર છોડી નહીં. રાત્રે સાડા દસ વાગ્યે ઉતારે પધારેલા સ્વામીશ્રી સતત પાંચ કલાક સુધી વિવિધ મીટિંગોમાં વ્યસ્ત રહ્યા અને વહેલી સવારે પોણા ચાર વાગ્યે આરામમાં પધાર્યા!

તેઓનો એક-એક દિવસ વીતેલા દિવસ કરતાં અધિક ચડિયાતો સાબિત થઈને પસાર થતો હતો.

વળતે દિવસે તા. ૧૦/૧૦ના રોજ શ્રીજીમહારાજના સ્મૃતિપર્વ નિમિત્તે પણ સ્વામીશ્રીએ બુંદીના બે-બે લાડુ સૌને આપીને *'પ્રેમે પિરસતાં પોતે નાથ રે,*

*લઈ લાડવા જલેબી હાથ રે...*'નો શ્રીજીમહારાજનો અનુભવ ભક્તોને તાદૃશ કરાવી દીધો. ભગવાન પ્રગટ હતા એટલે તેઓનું સુખ પણ પ્રગટ જ હતું.

## અમારે તો બધું સરખું છે

તા. ૧૧/૧૦ની સવારે યોગીજી મહારાજના સ્મૃતિપર્વે વચનામૃતનું પાન કરાવતાં સ્વામીશ્રીએ કહ્યું:

''મોટાપુરુષ ને ભગવાન આપણા માટે જીવન જીવે છે. *જબ તક શ્વાસા, તબ તક આશા.* શરીરમાં આત્મા છે ત્યાં સુધી સૌ પૂછે. 'તમે રહો ને તમારે બદલે હું જાઉં' એમ કોઈ કહે નહીં. કથાવાર્તા સાંભળીએ ત્યારે થાય કે 'ભગવાન ભજી લેવા.' પણ મોટરમાં ગવર્નર(સ્ટીઅરીંગ વ્હીલ) પકડે એટલે ભૂલી જાય. સ્મશાનમાં વાત કરે કે 'કાંઈ ન લઈ ગયા. સત્સંગ કરી લેવો.' પણ ઘેર જઈ લશ્કરી ચા ચડાવે એટલે જાણે 'મરવાનો નથી' એમ થઈ જાય! જ્યારે મૃત્યુ આવીને ઊભું રહે ત્યારે વિચાર પાછો વળે છે.

એક ડોશી ચાર્યનો ભારો ભરીને આવતા'તા. રોજ માથે ચડાવીને આમ લાવવું પડે તે કંટાળેલા. એટલે ચોતરા પર ભારો મૂક્યો ને વિસામો ખાતાં બોલ્યા: 'આ કરતાં તો મોત આવે તો સારું.' જ્યાં ડોશી આમ બોલ્યા ત્યાં જ જમ આવી પહોંચ્યા. તેને જોઈને ડોશીએ પૂછ્યું: 'કેમ આવ્યા?' જમડાએ કહ્યું: 'તમે સંભાર્યા એટલે.' તે સાંભળી ડોશી તરત બોલ્યા: 'એ તો આ ભારો માથે ચડાવનાર કોઈ નથી એટલે યાદ કર્યા.' એમ ફેરવી તોળ્યું.

'બંગલો સારો છે, રસોઈ સારી છે...' એમ કહે તે તો ભક્તને સારું લગાડવા; બાકી અમારે તો બધું સરખું છે. 'ધેંસ ખાધી' એમ કહે તો ભક્તને હેત ન થાય. માટે એવું કહીએ છીએ. બાપા કહેતા: 'સરસ ગુલાબ લાવ્યાં.' તો તેને પ્રેમ વછૂટે. યુવાનીમાં કથાવાર્તાના શબ્દો બરાબર લેવા. નહીં તો જીવ ક્યાંય ફગી જશે. પડવાનું શીખી લીધું હોય તો પડે તો પણ વાગે નહીં. પટ્ટો ખેલતાં શીખ્યો હોય તેને કોઈની લાઠી વાગે નહીં. માટે આ પાકું કરી લેવું...''

આજે કથળેલા સ્વાસ્થ્યે પણ સ્વામીશ્રી પચાસ મિનિટ સુધી અનરાધાર વરસ્યા. ત્યારબાદ મુલાકાત, પધરામણી પણ રાબેતા મુજબ જ ચલાવ્યા. બપોર આખી મીટિંગોમાં ગાળી અને સાંજની સભામાં યોગીજી મહારાજના સ્મૃતિપર્વ નિમિત્તે 'યોગીજી મહારાજ દયાળુ મૂર્તિ. ગમે તેટલું ભેગું રહે તોપણ અભાવ ન આવે. વાણી તો જાણે સાંભળ્યા જ કરીએ. ચાલ્યા જવાની ઇચ્છા જ

ન થાય.' એમ યોગીજી મહારાજનો અપરંપાર મહિમા રેલાવી સૌને યોગીમય કરી દીધા.

આ સભામાં યોગીજી મહારાજની જેમ જ આર્ષવાણી ઉચ્ચારતાં સ્વામીશ્રી બોલ્યા: 'ભગવાનની ઇચ્છાથી આટલી જગા મળી છે. ભગવાનના પ્રતાપથી આગળ મોટી જગા મળી જશે. કામ સર્વોપરી થઈ જશે. શાસ્ત્રીજી મહારાજ અને પાંચ સંતો હતા પણ ભેગા મળી કાર્ય ઉપાડ્યું તો લાખોનાં મંદિર થઈ ગયાં, તેમ અહીં લંડનમાં પણ થઈ જશે...'

ત્યારબાદ યોગીજી મહારાજની રીતે રીત વર્તતાં આજના અને આવતીકાલના કાર્યક્રમની પણ જાહેરાત પોતે જ કરતાં જણાવ્યું: 'સૌએ ભોજન લેવાનું છે. યોગીબાપાનું શ્રાદ્ધ છે. કાલે બપોરે બે વાગ્યે સભા છે. જવાનું છે. અહીંથી સાડા ત્રણ વાગ્યે નીકળવું પડશે. સિક્યુરિટી તપાસ માટે બોલાવે છે.' એમ કહી સ્વામીશ્રીએ હસતાં હસતાં ગાતરિયું ખંખેર્યું અને લાંબો હાથ કરી માળા ફેરવી બતાવતાં 'મિલકતમાં કાંઈ નથી' એમ નિદર્શન કરી બતાવ્યું.

તેઓની આ ચેષ્ટા જોઈ સૌ સભાસદો તાળીઓ પાડતાં ખડખડાટ હસી પડ્યા. *'હસતું મુખ રાખીને સૌને હસવતાં...'* યોગીજી મહારાજની સ્મૃતિ સૌને તાજી થઈ ગઈ.

## તોરી મોરી પ્રીત ન તૂટે રે

'यदेवोपनतं दुःखात्सुखं तद्रसवत्तरम्।' – દુઃખ પછી આવેલું સુખ વધારે મીઠું લાગે છે, તેમ વિયોગ પછીનો સંયોગ વધારે આનંદદાયી બની રહે છે. લંડનવાસી ભક્તો છેલ્લાં બે અઠવાડિયાંથી આ અનુભવ કરી રહેલા. બે સપ્તાહ પૂર્વેના રવિવારે સ્વામીશ્રીની વિદાય-સભા યોજાઈ જ ગયેલી. પણ *'વૈષ્ણવ બાંધે મેં ન છૂટે રે...'*ની જેમ સ્વામીશ્રીનું રોકાણ લંબાઈ ગયું. તેથી સૌ હર્ષઘેલા બની ગયેલા. સૌ માટે જાણે 'અધિક' માસ તો હવે આવ્યો હતો. પણ હવે આ 'અધિક'નીયે અવધિ આવી ગયેલી. લંડનમાં બેય તબક્કાના મળીને કુલ ૯૦ દિવસના રોકાણ પર તા. ૧૨/૧૦ના રોજ પૂર્ણવિરામ મૂકાવાનું હતું. આ ૯૦ દિવસમાં સ્વામીશ્રીએ ઈંગ્લેન્ડનાં ૯૦ નગરોને પાવન કર્યાં હતાં! ૯૫૦ ઉપરાંત પધરામણીઓ કરી હતી!! અને ૮,૦૦૦ કિ.મી.નો પ્રવાસ ખેડ્યો હતો!!!

ગુરુ હોવા છતાં તેઓ સેવક થઈને વિચરેલા. ભક્તોએ જ્યાં બેસાડ્યા

ત્યાં તેઓ બેઠા. જ્યાં લઈ ગયા ત્યાં ગયા. જ્યાં સુવડાવ્યા ત્યાં સૂતા. જે કહ્યું તે કર્યું. પોતાની કોઈ જ પસંદગી વિના ભક્તો રાજી રહે તેમ કરતાં રહેવું એ નાની-સૂની સાધના નથી. ગંગોત્રીના ગ્લેશિયરમાં કે ગિરનારની ગુફામાં જઈને રહેવું સહેલું; યાત્રાઓ કરીને પગ છોલી નાંખવા કે પેટ-પીઠ એક થઈ જાય તેવાં તપ કરવાં પણ સહેલાં, કારણ કે એ આપણી પસંદગીનું ખરું ને! પણ ગંગોત્રી-ગિરનારમાંથી બહાર નીકળીને જાતને અન્યને હવાલે કરી મહિનો-દા'ડો વિચરવાની તપશ્ચર્યા તો કરે એ જાણે!

આવાં તપથી સૌમાં સત્સંગના સદ્‌ગુણો સીંચી સ્વામીશ્રી હવે દક્ષિણ આફ્રિકા તરફ ગતિ કરી રહેલા. પ્રસ્થાનના આજના દિવસે એકાદશી હોવાથી ખાવા-પીવા બાબતે નિરાંત હતી. તેથી પ્રાતઃપૂજા બાદ સીધી કથા જ શરૂ કરી દેતાં સ્વામીશ્રીએ વાત કરી કે – 'પૈસા સાચવી બેઠા પણ કલ્યાણ ખોયું તો પૈસા શા કામના? કાઠિયાવાડમાં દરબાર ચા પીવા ગયા. ગાડીની ટિકિટ લીધેલી. સીટી વાગી ને ગાડી ઊપડી. કો'કે ચેતવ્યા કે 'બાપુ! ગાડી ઊપડી.' ત્યારે બાપુ 'અરે, મુદ્દો ટિકિટ તો મારી પાસે છે. જાય કેમ?' એમ કહેતાં ઊભા રહ્યા ને ગાડી જતી રહી. હવે ટિકિટ શું કામની? માટે મોક્ષના મુદ્દા સામે નજર રાખવી. મહિમા સમજાય તો ટપંટપા થાય? બોલવું-ચાલવું થાય પણ આંટી ન પડે તે સૌએ સમજવાનું છે. મહારાજે સંતનો મહિમા કહ્યો પણ કયા સંત? આ બેઠા તે ન સમજે.'

આમ, વિદાયટાણે મુદ્દો હાથમાં મૂકી સ્વામીશ્રી ઊભા થયા. 'ફોરવેઝ'ના દરવાજા હવે બંધ થવાના હતા. તેથી સૌ ભક્તોનાં હૈયાબંધ ખૂલવાં લાગ્યાં. એ હૈયાંમાંથી સ્રવતી લાગણી ધીરે ધીરે આંખોમાંથી બહાર આવવાની શરૂઆત થઈ ગઈ. રોજ તાજી સલામની જેમ બુલંદ સ્વરે જયનાદ ગુંજાવતા ભક્તો આજે જયનાદ શરૂ તો કરતા પણ ગળે ડૂમો ભરાઈ જતાં અધવચ્ચે જ ફસડાઈ પડતા. સ્વામીશ્રીની વિદાય એવી હૃદયદ્રાવક રહેતી કે કાંગરાની હારોહાર મોભ પણ ખરવા લાગે.

દોઢ વાગ્યે તેઓ ઉતારેથી નીકળી બે વાગ્યે મંદિરે પધાર્યા. અહીં દર્શન-દંડવત કરતી વખતે સ્વયં ગળગળા થઈ ગયા. તેથી સમગ્ર મંદિર ચેતનવંતું બનીને જાણે રડવા લાગ્યું. જેણે કાયમ શુદ્ધ હવા જ ફેફસાંમાં ભરી હોય તે લગીર અશુદ્ધિમાં પણ ગૂંગળાઈ જાય, તેમ ૯૦-૯૦ દિવસ સુધી સ્વામીશ્રીનો નર્યો પ્રેમ જ ચાખ્યા કર્યો હોય તે હૈયાંને આ વિદાય કેમ ન

અકળાવે ! પરંતુ સૌ નિઃસહાય હતા. બસ, એક જ સૂર વાતાવરણને ભરી રહેલો: *'તોરી મોરી પ્રીત ન તૂટે રે...'*

પોણા ચાર વાગ્યે સ્વામીશ્રીએ મંદિરની બહાર પધારી સૌ ભક્તો પર અમીદૃષ્ટિ કરી. પણ તે અમીવર્ષા ભક્તોનાં હૈયે લાગેલી વિરહઝાળને ન બુઝાવી શકી. સ્વામીશ્રી મોટરમાં બિરાજ્યા અને ગાડીનાં ચાર ચક્ર ફર્યાં. મોટરમાં જ બેસી સ્વામીશ્રીએ મંદિરની એક પ્રદક્ષિણા ફરી સૌને રાજી કરવા પ્રયત્ન કર્યો. પણ ફાટેલું આભ થીંગડું માર્યે સંધાય નહીં. તેમ સૌની વિરહ-વેદના તો યથાવત્ જ રહી.

મંદિરેથી નીકળેલા સ્વામીશ્રીની મોટર સીધી જ સાઉથ આફ્રિકન ઍરવેઝના વિમાન પાસે આવીને ઊભી રહી. હવે પ્લેનમાં ચઢવાનું જ હતું પણ એક કારણસર સ્વામીશ્રી પગથિયાં પર પગ મૂકતાં અટકી ગયા.

## મેરો હી ધ્યાન રટન મુખ મેરો

વિમાનમાં ચઢવા જતી વખતે જ સ્વામીશ્રીને ખ્યાલ આવ્યો કે 'ઠાકોરજીને પાણી ધરાવવા માટેનો જગ સામાન સાથે જતો રહ્યો છે.' આ જાણતાં જ તેઓ વ્યાકુળ થઈ ગયા. સેવકને ઠપકો આપતાં કહ્યું: 'ઠાકોરજી માટેની કોઈપણ વસ્તુ હાથમાં જ રાખવી. ગમે ત્યાં ન મૂકવી.' એટલું જ નહીં, સ્વામીશ્રીએ તાબડતોબ તે જગ લઈ આવવા આગ્રહ સેવ્યો. તેથી તાત્કાલિક એક મોટર દોડાવવામાં આવી અને તે વસ્તુ મંગાવી લેવાઈ ત્યારે સ્વામીશ્રીને નિરાંત થઈ.

તેઓ દેશ-પરદેશમાં વિચરતા પણ તેઓનું મન તો *'મેરો હી ધ્યાન રટન મુખ મેરો, સો તજી અન્ય ન જાવે...'*ની જેમ ભગવાનમાં જ ખોવાયેલું રહેતું. આજે એકાદશી હોવાથી પોતાને તો જલપાન કરવાનું જ નહોતું, પણ ઠાકોરજીના જળ માટે તેઓએ આવો આગ્રહ સેવ્યો.

અંતે સ્વામીશ્રી 'લીબોમ્બો'(Lebombo) નામના જમ્બો વિમાનમાં પ્રવેશ્યા. હવે તેઓ સહિત છ સંતો જ આગળના વિચરણ માટે જઈ રહેલા. અન્ય ૬ સંતો લંડનથી ભારત પરત ફરેલા. સાંજે ૬:૪૨ વાગ્યે સ્વામીશ્રીને લઈને ઉડાન ભરેલું વિમાન થોડી જ વારમાં તો ૧૧,૬૦૦ મીટરની ઊંચાઈએ તરવા લાગ્યું. ૪,૪૨૯ કિ.મી.નું અંતર કાપી તે રાત્રે બાર વાગ્યે ઈલ્હા-દો-સાલ ઍરપોર્ટ પર ઊતર્યું. એટલાન્ટિક સમુદ્રમાં આવેલો સાઉથ આફ્રિકાનો આ ટાપુ

વિમાનોમાં બળતણ ભરવા માટે વપરાય છે. અહીં એક કલાકના રોકાણ બાદ પુનઃ પ્લેન ઊપડ્યું અને આઠ કલાકનો પ્રવાસ કાપી દક્ષિણ આફ્રિકાના સમય મુજબ સવારે ૧૦:૦૨ વાગ્યે જોહેનીસબર્ગના જેન સ્મટ્સ ઍરપોર્ટ પર સ્થિર થયું. દક્ષિણ આફ્રિકાના ભક્તોનો ભાવ જાણે સ્વામીશ્રીને ખેંચતો હોય તેમ વિમાન ૩૫ મિનિટ વહેલું આવી ગયેલું.

આ નવા દેશમાં પધારતાં જ સ્વામીશ્રીને યોગીજી મહારાજ યાદ આવી ગયા. તેથી તેઓ બોલી ઊઠ્યા: 'યોગીજી મહારાજનો સંકલ્પ હતો તે આજે સિદ્ધ થયો. '૬૦(સન ૧૯૬૦)માં આવેલા ત્યારે રહોડેશિયામાં લિમ્પોપો નદી આગળ No man's landમાં[૧૬૦] સાઉથ આફ્રિકાના હરિભક્તો ભેગા થયા હતા.'

આમ, યોગીજી મહારાજના સ્મરણ સાથે સ્વામીશ્રીએ તા. ૧૩/૧૦થી નવો દેશ ખેડવાનું શરૂ કર્યું.

## નામ-કામનો જાદુ

દક્ષિણ આફ્રિકામાં સ્વામીશ્રીના આગમનને વધાવવા માટે ભક્તો-ભાવિકો હારતોરા લઈને હવાઈ મથકના અતિથિકક્ષમાં તૈયાર હતા. તે સૌનો પ્રેમભાવ સ્વીકારી સ્વામીશ્રીએ લેનેસિયામાં આવેલા નરેન્દ્રભાઈ ભટ્ટના મકાનમાં સ્નાન, પૂજા વગેરેથી પરવારીને સાંજે ચાર વાગ્યે ઠાકોરજી જમાડ્યા ત્યારે ૪૦ કલાકના નિર્જળા ઉપવાસ પછી તેઓ પારણાં કરી રહેલા!

ભોજન બાદ જોહેનિસબર્ગમાં આવેલ ટ્રાન્સવાલ હિંદુ સમાજના ઉપક્રમે યોજાયેલી સ્વાગત-સભામાં પધારી તેઓએ સમગ્ર હિંદુ વર્ગનો આદરભાવ સ્વીકાર્યો. તે પછી તરત જ લેનેસિયામાં રામકૃષ્ણ વેદાંત સોસાયટી તથા સ્વામિનારાયણ સત્સંગ મંડળે યોજેલ સ્વાગત-સભામાં તેઓ બિરાજ્યા. આ ઉપરાંત સ્પ્રીંગ્સમાં આવેલ નહેરુ ભવન, પ્રીટોરીઆના સિવિક હૉલ તથા બિનોનીમાં હિંદુ મહાસભાના હૉલમાં પણ સ્વામીશ્રીની જાહેર-સભાઓ યોજાયેલી.

સૂર્ય ઊગે ત્યારે તેનો પ્રકાશ જ તેની જાહેરાત કરે છે. તેમ સન્તઃ સ્વતઃ પ્રકાશન્તે। – સંતો પોતાના વર્તનથી જ સૌને આકર્ષતા રહે છે. આ અનુભવ

---

૧૬૦. બે દેશની સરહદ પર વસેલો ભૂભાગ, જે બેમાંથી એકેય દેશની માલિકીનો નથી ગણાતો.

દક્ષિણ આફ્રિકાના દરેક શહેરમાં થતો રહ્યો. જહો'બર્ગ, લેનેસિયા, પ્રીટોરિયા, બિનોની જેવા શહેરોમાં ધર્મપ્રેમી જનતા અને યુનિયન પાટીદાર સોસાયટી, હિંદુ સેવા સમાજ વગેરે સંસ્થાઓએ સ્વામીશ્રીનો લાભ લેવા રીતસર પડાપડી કરી મૂકી. તે જોઈ સ્વામીશ્રી બોલી ઊઠ્યા: 'અમે ધાર્યું હતું કે આ દેશ સાધન-સંપન્ન અને સમૃદ્ધ છે એટલે લોકોમાં ધાર્મિક ભાવના ઓછી હશે. પણ અમેરિકા અને ઈંગ્લેન્ડની સરખામણીમાં અહીંના લોકોમાં ધાર્મિક ભાવના વિશેષ છે.'

અહીં શરૂઆતમાં સ્વામીશ્રીનાં નામ-કામથી આકર્ષાઈને આવતા મુમુક્ષુઓ તેઓની સરળ વાણી, શુદ્ધ વર્તન અને સુજનતાસભર વ્યવહારથી તેઓને ગુરુ તરીકે સ્વીકારી લેતા. આમ, રંગભેદની નીતિથી ખરડાયેલા આ દેશને સ્વામીશ્રી પોતાની સાધુતાના રંગે રંગી રહ્યા. કોઈ ભેદભાવ વિના તેઓએ તા. ૧૫/૧૦ના રોજ શહેરમાં આવેલ સેન્ટ મેરીઝ કેથેડ્રલમાં પધારી ત્યાંના ડીન(dean) સાથે પણ સંવાદ સાધ્યો.

સ્વામીશ્રીની સભાઓ અને પધરામણીઓ માટે લોકોનો ધસારો જોતાં આ દેશમાં રોકાણની ફક્ત ત્રણ જ અઠવાડિયાંની મંજૂરીમાં દરેક કાર્યક્રમને પહોંચી વળવું અશક્ય જણાતું હતું. તેથી હરિભક્તોએ રોકાણની મુદત લંબાવવા માટે પ્રયત્નો કર્યા, પરંતુ સરકારે તેનો ઇન્કાર કરતાં સૌ મૂંઝાયા. સ્વામીશ્રીને વાત કરી ત્યારે તેઓએ જણાવ્યું: 'તમારા સૌની ઇચ્છા હશે તો મહારાજ મદદ કરશે. ફરી અરજી કરો.'

સ્વામીશ્રીના વચને પુનઃ પ્રયત્ન થતાં વધુ ચાર સપ્તાહ માટે લીલી ઝંડી ફરકી ગઈ!

રોકાણ લંબાતાં સભાઓ સાથે પધરામણીઓમાં પણ જબ્બર ઉછાળો આવ્યો. સ્વામીશ્રીએ પણ તેને પહોંચી વળવા કમર કસી હોય તેમ રાત-દિવસ જોયા વિના સૌને રાજી કરતા.

આ ક્રમમાં તા. ૧૭/૧૦ના રોજ તો તેઓએ જર્મીસ્ટનમાં રાત્રે બાર વાગ્યે અને બેલગ્રેવીઆમાં રાત્રે સાડા બાર વાગ્યે પધરામણીઓ કરી. પધરામણીઓ દરમ્યાન જ જો'બર્ગના ૬૬૦ ફૂટ ઊંચા કાર્લટન ટાવરના ૫૦મા માળેથી સમગ્ર શહેર પર દૃષ્ટિ કરીને સ્વામીશ્રીએ શહેરવાસીઓનાં સંસ્કાર-બીજને કોળાવ્યાં.

## અ-માઈક સભામાં અમાયિક સંત

તા. ૧૮/૧૦ના રોજ વીસેક જેટલી પધરામણીઓ કરીને સ્વામીશ્રી સાંજે રૂડીપોર્ટની આઝાદ વીલે સ્કૂલમાં જાહેર-સભા માટે પધારેલા, પરંતુ જ્યાં સભા ગોઠવવામાં આવેલી તે હૉલ અ-માઇક હતો. ત્યાં લાઉડ-સ્પીકરની કોઈ વ્યવસ્થા જ નહોતી. છતાં તેથી લેશપણ વિચલિત થયા વિના ઉપસ્થિત ત્રણસો મુમુક્ષુઓને ધર્મલાભ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'જે કરવાનું છે તે આપણા હાથની વાત છે. પણ આપણે તે ધારતા નથી. બધા વિચાર સાથે આત્માનો વિચાર કરવાનો છે. તે વિના બધું વ્યર્થ થાય છે. રાવણનું દેવતાઓ પર પ્રભુત્વ હતું. અત્યારે તો બૈરાં-છોકરાં પર પણ પ્રભુત્વ રહ્યું નથી. છોકરાં બાપને કહી દે: 'Non–sense.' બાપે પૈસા ખર્ચી તેને ભણાવ્યો હોય. બુદ્ધિ બધી તેમાં વપરાઈ ગઈ એટલે Non–sense – બુદ્ધિ વગરના જ થયા ને![૧૬૧] પણ રાવણ જેવાનાય મનસૂબા પૂરા થયા નથી, તો આપણામાં શું સામર્થી છે? માટે જાગ્યા ત્યાંથી સવાર. ભગવાનની ભક્તિ કરી મોક્ષ સાધી લેવો.'

માઇક વિના પણ સ્વામીશ્રીએ અસ્ખલિત પ્રવાહમાં વાતો કરી સૌને આનંદ પમાડ્યો. તેઓનો ઉત્સાહ વ્યવસ્થાનો ઓશિયાળો નહોતો. તેઓ ગમે તેવી અગવડમાં પણ સેવા કરવા કટિબદ્ધ હતા.

તેથી જ તેઓ તા. ૨૦/૧૦ની સવારે શિવમંદિરે યોજાયેલી બાળસભામાં પણ પધાર્યા. અહીંના પરેશ ભટ્ટ લેનેસિયાના સુબ્રહ્મણ્યમ્ મંદિરમાં દર રવિવારે રામકૃષ્ણ ચિલ્ડ્રન્સ ક્લબના નેજા હેઠળ બાળસભા યોજતા. તેઓએ સ્વામીશ્રીને વિનંતી કરેલી કે 'આપ આ બાળસભામાં પધારશો?'

'જરૂર. બાળકો તો ભગવાનનું સ્વરૂપ કહેવાય. અમે આવીશું.' આમ કહેતાં સ્વામીશ્રીએ તુરત જ આ પ્રસ્તાવ વધાવી લીધેલો.

તે અનુસાર સ્વામીશ્રી પધારેલા એ બાળસભા અભૂતપૂર્વ બની રહી. તેમાં વિદ્વાન વાચસ્પતિ વક્તા નારાયણ ભગતે ધૂન ઝિલાવી, ડૉક્ટર સ્વામીએ પ્રવચન કર્યું, સ્વામીશ્રીએ આશીર્વાદ પાઠવ્યા અને કોઠારી સ્વામીએ બાળ-સભાનો અહેવાલ તૈયાર કર્યો! આ દરેક રજૂઆત પછી બાળકોએ એક-એક કીર્તન ગાયું. ત્યારબાદ સ્વામીશ્રીએ આરતી ઉતારીને એકેએક બાળકને બે-બે પીપરમીંટ અને દ્રાક્ષનો પ્રસાદ વહેંચ્યો. આજની બાળસભામાં બેઠેલાં

---

૧૬૧. આ વિધાન વ્યંગસૂચક અર્થમાં સમજવું.

ભૂલકાંઓને ખ્યાલ પણ નહીં હોય કે તેઓ એક સ્વર્ણિમ ઇતિહાસનો ભાગ બની ગયાં છે.

જોહેનિસબર્ગની આસપાસ દોઢસો માઇલના વિસ્તારમાં સોનાની ખાણો પથરાયેલી છે, પરંતુ તે તરફ નજર સુધ્ધાં કરવા ન જનાર સ્વામીશ્રીએ પાંચ-પંદર બાળકોની આ સભા માટે દિગ્ગજ સંતો સાથે એક કલાક ગાળ્યો. તેઓને મન બાળકો જ સુવર્ણની ખાણ સમાન હતા!

## કરે ભક્તિ હરિની ભાવે ભરી

બાળસભા બાદ સ્વામીશ્રી લેનેસિયાની મધ્યમાં જ નિર્માણાધીન રામેશ્વર મંદિરના ભૂમિપૂજન માટે પધાર્યા. અહીં ઊંચા મંચની મધ્યમાં સ્વામીશ્રીને બેસવા સારુ ગાલીચો પાથરીને સોફો મૂકેલો. સોફાની બંને બાજુ સંતો માટે ગાદલાં પાથરેલાં.

સ્વામીશ્રીએ મંચ પર પદાર્પણ કરતાં જ સૌએ જયનાદ કરી તેઓને વધાવ્યા. પરંતુ સ્વામીશ્રીનું ધ્યાન આ વધામણી તરફ નહોતું. તેઓ જોઈ રહેલા કે 'મંચ પર ઠાકોરજીનું આસન ક્યાં છે?' સાંપ્રદાયિક પ્રણાલીથી અજાણ આ મુમુક્ષુઓ તે તૈયાર કરવાનું વીસરી ગયેલા. છતાં સ્વામીશ્રીની ભક્તિભરપૂર બુદ્ધિએ તરત તોડ કાઢી લીધો. તેઓએ ઠાકોરજીને પોતા માટે તૈયાર કરેલા સોફા પર પધરાવ્યા અને સ્વયં નીચે ગાદલાં પર સૌ સંતો સાથે જ બેસી ગયા! લેનેસિયાની જનતા માટે આ દૃશ્ય નવીન હતું.

તેથી વેદોક્તવિધિપૂર્વક ભૂમિપૂજન કર્યા બાદ સ્વામીશ્રી જગ્યા પરથી વિદાય થયા પણ સૌનાં મનમાં કાયમ માટે જગ્યા જમાવતા ગયા!!

## કોમળ દિલડાં ઠરતાં રે

'અજંપે રાત લાંબી ને કોશ લાંબો શ્રમિતને...' મુજબ અજંપાની ઘડીઓ ઝટ જતી નથી અને આનંદના દિવસો ફટ ફટ પસાર થઈ જાય છે. આ અનુભવ તા. ૨૨/૧૦ના રોજ જો'બર્ગના ભાવિકો કરી રહ્યા. 'સ્વામીબાપા પધારશે ને આનંદ આવશે'ના વિચારોમાં મહાલતા સૌનાં મનમાં આજે સ્વામીશ્રીનો વિદાય સમારંભ આવી જતાં *'નિરધન થાશું નાથ જાતાં, પછી ઓશિયાળાં રે'શું અંગે...'*ના વિચારો શરૂ થઈ ગયેલા. વિદાય-સભા માટે લેનેસિયાનો રામકૃષ્ણ હૉલ પ્રારંભથી જ ચિક્કાર થઈ ગયેલો. ક્યાંય તલપૂર

જગ્યા બચી નહોતી.

આ પ્રસંગે ભાવોર્મિ વહાવનારામાં એક હતા ઉમિયાશંકર જોખાકર. તેઓ પોતે જ અહીં 'ગુરુજી'ના ઉપનામથી ઓળખાતા. જો'બર્ગની જનતાની ભાવિકતાના ચોકિયાત જેવા તેઓ અત્રે આવનાર દરેક સાધુ-સંતનો નિકટથી પરિચય સાધતા. તે વખતે તેઓને શુદ્ધ વર્તન બાબતે રતિભાર પણ અક્ષમ્ય દેખાય તો તરકટ ખુલ્લું પાડવામાં લેશ ખચકાતા નહીં. પણ તેઓ આજે બોલ્યા: 'રાત્રે બે વાગ્યે જાગ્યા બાદ જે કાંઈ પ્રેરણા થઈ તે લખ્યું છે. હું કોઈ મોટો કવિ નથી પણ હૃદયના ભાવ ટૂંકમાં લખ્યા છે.' આમ કહી તેઓ સ્વરચિત કાવ્ય સંભળાવવા લાગ્યા ત્યારે ઘણાંની લાગણીઓ આંખોના કિનારા તોડીને છલકાવા લાગી. 'સ્વામીજી આપણું ભોજન લેવા નથી આવ્યા, આપણા હાર પહેરવા નથી આવ્યા. પણ આપણને સુખ આપવા આવ્યા છે.' એટલું બોલતાં તો આ 'ગુરુજી' ગળગળા થઈ ગયા. તે વખતે સૌને વિસ્મય થયું કે 'ડાળી તો વળે, પણ આ થડ શાથી વળ્યું ?!'

વિદાયની આ ગમગીનીને ટોચે પહોંચાડી ૧૪ બાળકોએ. સ્વામીશ્રી સહિત ૬ સંતો સમક્ષ આવીને આ બાળકો ઊભા રહી ગયા. તેઓના હાથમાં કંકાવટી અને હાર હતા. પ્રથમ તે સૌએ મધુર કંઠે લલકાર્યું:

*'કુમકુમ તિલક ભાલે કરીએ, માળા કંઠે ધરતા રે;*
*શીશ નમાવી વંદન કરતાં, કોમળ દિલડાં ઠરતાં રે...'* આમ ગાઈને બાળકોએ એકસાથે સ્વામીશ્રી સહિત સંતોના ભાલમાં કુમકુમનો ચાંદલો કર્યો. તે પછી એકસાથે જ સ્વામીશ્રી સહિત સૌને હાર પહેરાવ્યા અને નીચે બેસી એકસાથે નમસ્કાર કર્યા. બાળકોના હૃદયની નિર્દોષતા, તેઓના કંઠની કોમળતા અને તેઓની ક્રિયામાં છલકાતી ભાવુકતાએ વિદાયના રંગને ઘૂંટી ઘૂંટીને ખાસ્સો ઘેરો બનાવી દીધો.

તેથી સ્વામીશ્રીના આશીર્વાદ બાદ સભા સમાપ્ત થતી હતી છતાં કોઈથી ઊઠી શકાયું નહીં. સ્વામીશ્રી સભામાંથી વિદાય થયા ત્યાં સુધી સૌ અનિમિષ નયને તેઓને આંખોમાં ભરતા રહ્યા.

## અવળો-સવળો વિચાર

તા. ૨૪/૧૦ના રોજ ડર્બન તરફ વિદાય લેતાં પૂર્વે સ્વામીશ્રી લેનેસિયાથી ચાર માઇલ દૂર આવેલા ટોલ્સ્ટોય ફાર્મમાં પધાર્યા. અત્રે ગાંધીજી

જે ઓરડામાં રહેતા તેને મકાનના પાછળના ભાગમાં જઈ બહારથી જોયો અને મકાનના આગળના ભાગમાં ઊભા રહી 'અહીં જે કોઈ આવે તે દરેકને સંસ્કાર થાય અને કલ્યાણ થાય' એમ ધૂન કરાવી.[૧૬૨]

ત્યારબાદ સાઉથ આફ્રિકન ઍરલાઇન્સના વિમાન દ્વારા સાંજે ૫:૦૫ વાગ્યે ડર્બનના લુઈસ બોથા ઍરપોર્ટ પર આવી પહોંચ્યા.

અત્રે સૌનું સ્વાગત સ્વીકારી ભારત હૉલમાં પધાર્યા. અહીં સુરત હિંદુ એસોસિયેશન તથા કાઠિયાવાડ હિંદુ સેવા સમાજ દ્વારા યોજાયેલી સ્વાગત-સભામાં આશીર્વાદ પાઠવી આર્ય ભજન સેવા મંડળના લક્ષ્મીનારાયણ મંદિરની મુલાકાત લઈ સ્વામીશ્રી ઉતારે પધાર્યા.

આજે સુદ નોમની તિથિ હોવાથી સાથેના સૌ સંતોને ઉપવાસ હતો. તેઓની ભેગેભેગા સ્વામીશ્રીએ પણ નિર્જળા ઉપવાસ ખેંચી કાઢેલો. તપ, વ્રત, ભક્તિ, સેવા વગેરેમાં તો 'ઓછામાં ઓછું કેટલું કરવાથી ચાલશે?' એમ નહીં, પણ 'વધુમાં વધુ કેટલું કરી શકું?' એ જ તેઓનું વલણ રહેતું.

તા. ૨૫/૧૦ના રોજ ઉપવાસનાં પારણાં બાદ સ્વામીશ્રીને ૮૦ કિ.મી. દૂર આવેલી નાતાલની રાજધાની પીટરમેરીટ્ઝબર્ગ જવાનું હતું. અહીંના લૉટસ હૉલમાં ગુજરાતી વૈદિક સોસાયટી, વેદધર્મ સભા, રામકૃષ્ણ વિવેકાનંદ આશ્રમ અને ડિવાઈન લાઇફ સોસાયટીના ઉપક્રમે તેઓની જાહેર સ્વાગત-સભા યોજાયેલી. ત્યાં સેંકડો મુમુક્ષુઓ આતુરતાથી વાટ જોઈ રહેલા. જ્યાં આંગળીના વેઢે ગણાય એટલા જ સત્સંગીઓ હોય ત્યાં પણ સ્વામીશ્રીની સભામાં મોટી સંખ્યામાં ઊમટતા ભાવિકોને જોઈ સૌને ખૂબ આશ્ચર્ય થતું.

ડર્બનનું સપ્તાહ મંદિર હોય કે ઈસ્પિન્ગોનો સી હેવન હૉલ, ગાંધી હૉલ હોય કે ભારત હૉલ, વિષ્ણુ મંદિર હોય કે લક્ષ્મીનારાયણ મંદિર, વેદધર્મનો સભાખંડ હોય કે દિવ્ય જીવન સંઘનો સભાગૃહ – ડર્બનના ૧૭ દિવસના રોકાણ દરમ્યાન સ્વામીશ્રી જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં આયોજકોથી માંડીને આગંતુક સુધીના સૌ તેઓની પ્રતિભામાં આમ જ ખેંચાતા રહ્યા. તેઓના સાંનિધ્યમાં કેટલાકે સંસ્કૃતિની સૌરભ શ્વાસોમાં ભરી તો કેટલાકે સત્સંગની

---

૧૬૨. દક્ષિણ આફ્રિકામાં સ્વામીશ્રીના પ્રારંભિક દિવસોની વિરલ સ્મૃતિઓ માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કૅન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

દિશા પકડી; કેટલાકે વ્યસનોને તિલાંજલિ આપી જીવન આબાદ કર્યું, તો કેટલાકે સેવાના શપથ લીધા. હિંદુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર કરી રહેલા વિવિધ ધાર્મિક-સામાજિક સંગઠનોને પ્રાણવાયુ મળ્યો તો સત્સંગ મંડળને વેગ પ્રાપ્ત થયો. આમ, ચારેકોર ચેતના ફરી વળી.

પીટરમેરીટ્ઝબર્ગની સ્વાગત-સભામાં એ ચેતનાને વિશેષ ઢંઢોળતાં હોય તેમ સ્વામીશ્રીએ જણાવ્યું કે "દરેકે સવળા વિચાર કરવા. 'હું ભગવાનનો ભક્ત, આત્મા, દાસ છું' તે સવળો વિચાર છે. મનુષ્ય દેહ મળ્યો છે તે 'ભગવાન ભજવા, સત્સંગ કરવા મળ્યો છે' તેમ સવળો વિચાર કરવો. વિષયસુખ કેમ પ્રાપ્ત થાય તે અવળો વિચાર છે. બાપ-દાદાની મૂડી સાચવીએ છીએ તેમ આધ્યાત્મિક મૂડી ભારતમાંથી મળી છે તે સાચવવી.'

## આજ વાધી આનંદ કેરી વેલડી રે

તા. ૨૬/૧૦ની સવારે ૮:૦૦ વાગ્યે સ્વામીશ્રી પ્રાતઃપૂજાથી પરવારીને રોજનીશીમાં પુરાણા પ્રસંગોની સ્મૃતિ ટપકાવી રહેલા. તે વખતે ફૂલ પર પતંગિયું આવી બેસે તેમ તેઓની આસપાસ વિજય, દેવેશ, કેતન વગેરે ચાર-પાંચ બાળકો આવીને ગોઠવાઈ ગયા. તેઓ ઘડીક ડાયરીનાં પાનાં પર પાણીના રેલાની જેમ ફરી રહેલી સ્વામીશ્રીની કલમને જોતા, તો ઘડીક ગાતરિયાની ગાંઠ મારીને ઉપર શાલ ઓઢી બેઠેલા સ્વામીશ્રીને નીરખતા. આમ કરતાં તેઓ અંદરોઅંદર ગપસપ પણ કરી લેતા. થોડી થોડી વારે ડાબા-જમણા ઢીંચણ ઊંચાં-નીચાં કરતું, આળસ મરડીને પાછું વળી જોઈ લેતું, પૂજા પછી મળેલા પ્રસાદના ફાકડા મારતું એ બાળપણ ચંચળ હતું, પણ આજે ગતિશીલ રહ્યું નહોતું. જેમ ભગવાને બાંધેલી અદૃશ્ય પાળને કારણે દરિયો ઊછળ્યા કરે પણ વહી ન શકે, તેમ સ્વામીશ્રીના સ્નેહની અદૃશ્ય સાંકળથી બંધાયેલા આ બાળકો બેઠાં બેઠાં હતપત થતા હતા પણ ઊભા થઈ શકતા નહોતા.

...પરંતુ થોડી વારમાં જ તેઓને પલાંઠી વાળીને બેસી રહેવાની તપશ્ચર્યાનું ફળ મળ્યું. સ્વામીશ્રીએ થોડાં પાનાં લખીને કલમ પર ઢાંકણું ચઢાવ્યું, ડાયરી બંધ કરી બાજુમાં મૂકી અને આગળની બાજુ સહેજ નમી બાળગોઠડી માંડી. દરેક બાળકને નામ-ઠામ પૂછ્યાં. તેનાં ભણતર-ગણતરમાં ઊંડા ઊતર્યા. દેવવંદન અને માતા-પિતાને પાયલાગણ લગીની પૂછપરછ કરી. ગળામાં હાથ ફેરવી – કંઠી છે કે નહીં? તે પણ જોયું. તે સૌ ચાળા કરે છે કે

માળા એય હળવી શૈલીમાં જાણ્યું. સોબત-મો'બતમાં ન લેવાઈ જવાનો પણ સદ્બોધ આપ્યો. આજે એકાદશી હોવાથી તે દા'ડે અનાજ ન ખાવાનો સંસ્કાર પણ બાળ-હૃદયમાં ધરબ્યો. આમ, પંદર મિનિટમાં તો બાળકોને સર્વાંગી વિકાસના તમામ પાઠ તાજા કરાવી દીધા. પોતાના પ્રેમના પાશથી ચંચળ શૈશવને અંકુશમાં લઈ સ્વામીશ્રીએ આજની પાશાંકુશા એકાદશી સાર્થક કરી! તે વખતે ખુશખુશાલ થતાં બાળકોનાં હૈયાં પોકારી રહ્યાં :

*'આજ વાધી આનંદ કેરી વેલડી રે, થઈ રસિયા સંગાથે રંગ રેલડી રે;*
*ભલે આવી અનુપમ એકાદશી રે...'*

## રાખ્યું બ્રહ્મચર્ય અષ્ટ-અંગ

તા. ૨૬/૧૦ની બપોરે ત્રણ વાગ્યે ડર્બનથી ૧૫ કિ.મી. દૂર આવેલા અવોકાના રામકૃષ્ણ સેન્ટરમાં સ્વામીશ્રી પધાર્યા હતા. અહીંના મઠાધિપતિશ્રી શિવપાદાનંદજીએ તેઓનાં સન્માન-સ્વાગતમાં ખાસ સભા ગોઠવી હતી. તેઓ છેલ્લા એક અઠવાડિયાથી આ સભાની જાહેરાત કરતા હોવાથી ઘણા મુમુક્ષુઓ આવીને ગોઠવાઈ ગયેલા. કેટલાક અંગ્રેજો પણ સ્થાન લઈને બેસી ગયેલા, પરંતુ બેઠક-વ્યવસ્થામાં બાઈ-ભાઈ સંબંધી મર્યાદા જળવાઈ નહોતી. તેથી યોગ્ય ગોઠવણી ન થઈ ત્યાં સુધી સ્વામીશ્રી હૉલમાં ન પ્રવેશ્યા. આ જોઈ સૌમાં તેઓનાં દર્શનની ઉત્કંઠા ઓર વધી ગઈ. તેઓનાં દર્શન થતાં જ સૌ કૃતાર્થ થઈ રહ્યાં.

સ્વામીશ્રી મંચ પર બિરાજ્યા. મઠાધિપતિએ તેઓનો સત્કાર કર્યો. ધૂન-ગાનથી સભા શરૂ થઈ. ધૂન બાદ ઉદ્ઘોષકે કરેલી આગામી કાર્યક્રમની જાહેરાતમાં 'હવેની રજૂઆત મહિલાઓ દ્વારા થશે' તેમ જણાવાયું. તે સાંભળતાં જ સ્વામીશ્રી જાણે વીંછી ડંખ્યો હોય તેમ પોતાના સ્થાન પરથી ઊભા થઈ ગયા અને હૉલની બહાર આવેલા બેઠકખંડમાં પહોંચી ગયા. તેથી સૌને નવાઈ ઊપજી. પરંતુ જ્યારે સૌને સ્વામીશ્રીના બ્રહ્મચર્ય સંબંધી નિયમની જાણ કરવામાં આવી ત્યારે શ્રોતાવર્ગ રાજી થયો. એ વાતની ખબર ત્યારે પડી કે જ્યારે સ્વામીશ્રીને મળવા મઠાધિપતિ સહિત કેટલાય ભાવિક પુરુષો મિલનકક્ષમાં દોડી આવ્યા.

ધર્મ-નિયમથી બહારનું કોઈપણ સન્માન સ્વામીશ્રીને અસ્વીકાર્ય હતું. ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે 'જે ત્યાગી હોય તે જ્યારે દેશ-પરદેશમાં

જાય ને ત્યાં કનક-કામિનીનો યોગ થાય તોય પણ તેમાં ફેર પડે નહીં અને પોતાના જે જે નિયમ હોય તે સર્વે દૃઢ કરીને રાખે તે સર્વે ત્યાગીમાં મોટેરો કહેવાય.'[૧૬૩] આજે આ મોટપનું દર્શન સ્વામીશ્રીમાં નિહાળી સૌ ધન્ય થઈ ગયાં.

આજની સ્વાગત-સભામાં ભલે તેઓને એકપણ હાર ન પહેરાવાયો, છતાં હારતોરાથી અધિક સન્માન મેળવીને સ્વામીશ્રી વિદાય થયા.

તેઓના આવા વર્તનનો પડઘો પાડતાં આ શહેર જાણે સ્વામીશ્રી પાછળ ઘેલું બન્યું. સ્વામીશ્રી સમક્ષ પધરામણી અને સભાઓ માટે એટલી વિનંતી આવતી રહી કે તા. ૨૭/૧૦ના રોજ તો ત્રણ જાહેર-સભા યોજવી પડી. એક, સવારે દસ વાગ્યે ચેટ્સવર્થના વિષ્ણુ મંદિરમાં; બીજી, બપોરે ત્રણ વાગ્યે લક્ષ્મીનારાયણ મંદિરમાં અને ત્રીજી, સાંજે સાત વાગ્યે દિવ્ય જીવન સંઘમાં. સાથે પધરામણીઓ તો ખરી જ. તા. ૨૮/૧૦ના દિવસે પણ ઈસ્પિન્ગોના સી હેવન હૉલ અને ડર્બનના ગાંધી હૉલમાં બે સભાઓ તથા પંદર પધરામણીઓ ગોઠવવી પડી.

અહીં પધરામણીમાં ઘરની સંખ્યા વધુ, સંતોની સંખ્યા ઓછી અને ઘર-ઘર વચ્ચે ખાસ્સાં અંતર. તેથી સમયનાં ચોકઠાં મુજબ કામ કરવામાં ઢીલાશ તો ન જ પોસાય પણ પધરામણીની વિધિમાંય ઝડપ રાખવી પડે. એટલે સ્વામીશ્રી પોતે જ દેશ-કાળ જાણીને પ્રસાદ ધરાવવો, આરતી પ્રગટાવવી, કંઠી પહેરાવવી વગેરે ક્રિયામાં મંડી પડતા. તેઓની આ નિર્માનિતા અને સરળતા ખૂબ જ હૃદયસ્પર્શી રહેતી. તેથી અભિભૂત થયેલા એક સ્થાનિક અગ્રણી તો વિદાય-સભામાં બોલ્યા કે 'પરમ પૂજ્ય સ્વામીશ્રીની નિર્માનિતા અને શુદ્ધ વર્તન અને અખંડ કથા કરવાની શ્રદ્ધાથી સૌ ખૂબ રાજી થયા છે.'

## મારે ઉમંગ અંગ ન માય રે

પ્રતિવર્ષ ગોંડલમાં હજારો ભક્તોની મેદનીમાં ઊજવાતો શરદ પૂર્ણિમાનો ઉત્સવ સ્વામીશ્રી તા. ૩૦/૧૦ના રોજ ડર્બનમાં ઊજવી રહ્યા હોવાથી આકાશમાં ખીલેલા પૂનમના ચાંદની જેમ ડર્બનવાસીઓનો ભાગ્યચંદ્ર પણ સોળે કળાએ ખીલી ઊઠેલો. અહીં ભલે અક્ષર જન્મોત્સવની ભવ્યતામાં ન્યૂનતા જણાતી હોય પણ દિવ્યતા તો એવી ને એવી જ હતી. તેનો પ્રથમ અનુભવ થઈ ગયો – ડૉક્ટર સ્વામી અને કોઠારી સ્વામીને !

---

૧૬૩. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૧.

આજે સ્વામીશ્રી પાસે 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા'માં છાપવા અંગે નૂતન વર્ષના આશીર્વાદ લખાવવાના હતા. તેથી કોઠારી સ્વામીએ ડૉક્ટર સ્વામીને પૂછ્યું : 'આશીર્વાદમાં શું લખાવશું ?'

'સ્વામીશ્રી જે લખે તે.' ડૉક્ટર સ્વામીના મનમાં અમુક મુદ્દાઓ તો રમતા હતા, પણ પછી માંડવાળ કરીને તેઓએ આમ જવાબ આપ્યો.

કોઠારી સ્વામીના મનમાં સ્વામીશ્રી આશીર્વાદરૂપે અમુક વિગત લખે તે વાત હતી. પરંતુ તેઓએ ડૉક્ટર સ્વામીનો પ્રતિભાવ જાણી 'સ્વામીશ્રી જે લખે તે' વિચારે મન વાળી દીધું, પણ સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા બાદ જે આશીર્વાદ લખી આપ્યા તેમાં આ બંને સંતોનાં મનમાં રહેલી વાત તેઓએ લખી દીધેલી. એકપણ બાકી રહી ગઈ નહોતી! તેથી એ બંને સંતો *'મારે ઉમંગ અંગ ન માય રે, સ્વામી મળવાથી...'*નો અનુભવ કરી રહ્યા.

સંતોની આ પ્રભાતની અનુભૂતિ સાંજે સંસારીની પણ બની રહી. આ સમયે ભારત હૉલમાં ધામધૂમથી ઉત્સવ-સભા ચાલી રહેલી. તેમાં કીર્તન, પ્રવચન અને એક પછી એક આરતીનાં અર્ઘ્ય દ્વારા સૌ અક્ષરબ્રહ્મને વધાવી રહેલા. બાળકો, યુવકો, હરિભક્તો, સંતો – એમ વારાફરતી સૌ આરતી ઉતારવાનો લાભ લેતા હતા.

તે ક્રમમાં રાત્રે ૧૦:૫૦ વાગ્યે સ્વામીશ્રી પણ છેલ્લી આરતી ઉતારવા માટે મૂર્તિ સમક્ષ પધાર્યા. વાજિંત્રોના નાદ સાથે *'જય સદ્‌ગુરુ સ્વામી...'* શબ્દો ગુંજવા લાગ્યા. સ્વામીશ્રીના હાથમાં ઘૂમતી આરતી સાથે સૌનાં તન-મન પણ ડોલી રહ્યાં, પરંતુ સ્વામીશ્રીની પાછળ છેક ભીંતે અઢેલીને ઊભેલા રમણલાલ જોષીનું મન ખિન્ન-ભિન્ન થઈ ગયેલું. ચોથી આરતી ઉતારવા માટે જાહેર થયેલા ૧૫ મોટેરા હરિભક્તોનાં નામની જાહેરાતમાં તેઓનું નામ ન આવતાં આ મુમુક્ષુનું દિલ તૂટી ગયેલું. ચારે બાજુ આરતીનો પ્રકાશ રેલાઈ રહેલો પણ આ ભૂદેવ ઘોર અંધકારમાં ડૂબી ગયેલા.

પરંતુ અડધી આરતી પૂરી થઈ ત્યાં તે ચમક્યા. સ્વામીશ્રી ચાલુ આરતીએ પાછું વળીને જોતાં તેઓને બોલાવી રહેલા. પહેલાં તો તેઓ માની જ ન શક્યા કે 'સ્વામીશ્રીનો ઇશારો મારા તરફ છે.' પણ આજુબાજુ બેઠેલાએ તેઓને ઢંઢોળ્યા એટલે તેઓ સભા વીંધતાં સ્વામીશ્રી પાસે જઈ પહોંચ્યા.

તેઓ આવ્યા કે તરત જ સ્વામીશ્રીએ 'લ્યો, અમારી ભેગા આરતી ઉતારો,' કહી તેઓને આરતી આપી. આ જોતાં જ રમણલાલનું રોમ-રોમ

ધ્રૂજી ગયું. સ્વામીશ્રીની દિવ્યતામાં તેઓનું મન રમણ કરવા લાગ્યું. આ બાજુ પંક્તિઓ ગુંજી રહેલી: *'આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી...'*

સ્વામીશ્રીએ પોતાના અંતર્યામીપણાનું ઐશ્વર્ય પ્રસિદ્ધિ રળવા નહીં, પણ એક જીવ ભગવાનના માર્ગેથી પડી ન જાય તે માટે આજે વાપરી જાણ્યું.

આરતી બાદ સૌને તેઓના સ્થાને જ દૂધ-પૌંઆનો પ્રસાદ વહેંચાયો. સ્વામીશ્રીએ પણ સભાસન પર બિરાજીને સૌ સાથે તે પ્રસાદ અંગીકાર કર્યો!

આમ, બ્રહ્મકિલ્લોલ સાથે ઉત્સવ પૂરો કરીને તેઓ આરામમાં પધાર્યા ત્યારે હજી પણ વાતાવરણમાં શબ્દો પડઘાતા હતા: *'મારે ઉમંગ અંગ ન માય રે, સ્વામી મળવાથી...'*

આ જ અનુભવ તા. ૩૧/૧૦ના રોજ ડર્બનથી અનુક્રમે ૨૯ કિ.મી. અને ૭૮ કિ.મી. દૂર આવેલા વેરુલમ અને સ્ટેન્જરના ભાવિકો કરી રહ્યા.

એ દિવસે સ્વામીશ્રી પધરામણીઓ કરતાં કરતાં આટલે દૂર સુધી પહોંચી ગયેલા. વેરુલમના ગોપાલલાલ મંદિરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવેલી અક્ષર-પુરુષોત્તમ મહારાજની પટપ્રતિમાનાં દર્શને પણ તેઓ પધારેલા. ત્યાંથી સ્ટેન્જરમાં પધરામણીઓ કરીને અહીંના વેદધર્મ સભાહૉલમાં આયોજિત સભામાં લાભ આપેલો.

## નથી પ્રભુ મૂર્તિ પાષાણ રે

ડર્બનમાં કાર્યરત વિક્ટોરિયા સ્ટ્રીટ મહિલા મંડળમાં નિયમિતપણે બાળસભા યોજતી સભા-સંચાલક મહિલાઓને ઇચ્છા થયેલી કે 'સૌ બાળકોને સ્વામીશ્રીના આશીર્વાદ મળે.' આ જાણ સ્વામીશ્રીને હરિભક્તો દ્વારા કરવામાં આવી ત્યારે તેઓ તા. ૧/૧૧ની સવારે એ બાળસભામાં જઈ પહોંચ્યા. પ્રેમ-નેમ(નિયમ)નું સુંદર સંતુલન જાળવી સ્વામીશ્રી સૌને પોષણ આપતા.

આ જ હેતુસર તા. ૨/૧૧ની સાંજે તેઓ લા મર્સી દરિયાકિનારે પધાર્યા. તેઓ અહીં પહોંચ્યા ત્યારે ઓટ શરૂ થઈ ગઈ હતી અને કિનારે પાણીનું ખેંચાણ વધારે હતું. વળી, કિનારો ઢાળવાળો હતો. તેથી સ્વામીશ્રીનો હાથ સંતોએ પકડી રાખ્યો. તે રીતે પ્રથમ તેઓએ ઠાકોરજીને સ્નાન કરાવ્યું. ત્યારબાદ દેશ-પરદેશના સંતો-ભક્તોને યાદ કરી પોતાના શિરે જળ ચઢાવ્યું. પવન જોરદાર ફૂંકાતો હતો અને પાણી સાથે ધૂળ પણ ઘણી આવતી હતી. છતાં શ્રદ્ધાપૂર્વક સ્વામીશ્રી સૌને યાદ કરી સ્નાન કરતા રહ્યા. તેઓને મજા મોજાંની

નહોતી પણ સ્મૃતિની હતી.

દરિયાસ્નાન બાદ સ્વામીશ્રી સ્વચ્છ જળથી સ્નાન કરી ભારત હૉલની સભામાં યોજાયેલા કીર્તનભક્તિના કાર્યક્રમમાં પધાર્યા. અત્રે *'ભજનની રાત જેવી બીજી કોઈ રાત નથી'*ની જેમ ભજનોની રમઝટ બોલી રહી. સ્થાનિક ભજનિકોએ તેઓના સૂરીલા કંઠે કીર્તનો ગાઈ સૌને સૂરસમાધિમાં મૂકી દીધા.

ત્યારબાદ ત્રણ મિનિટના આશીર્વાદ આપી અહીંથી રાત્રે અગિયાર વાગ્યે નીકળેલા સ્વામીશ્રી ચેષ્ટાગાન કરતાં ઉતારે પાછા ફરી રહેલા. આ આહ્નિક પૂરું થતાં જ તેઓએ દેવચરણદાસ સ્વામીને અચાનક પૂછ્યું: 'ઠાકોરજીને દરિયાસ્નાન પછી સ્વચ્છ પાણીથી નવડાવ્યા હતા?'

'ના.'

'તો ઉતારે જઈ ઠાકોરજીને જગાડજો અને ચોખ્ખા પાણીથી સ્નાન કરાવી પોઢાડજો. ભૂલ થઈ છે તો પાંચ દંડવત કરી લેજો.'

સ્વામીશ્રીના આ શબ્દોમાં દુઃખ હતું. દરિયાના પાણીથી ચીકણા થયેલા શરીર સાથે સૂવાનું ઠાકોરજીને કેવી રીતે ફાવે? હરિકૃષ્ણ મહારાજને કનડતી આ તકલીફ જાણે તેઓ પોતે અનુભવી રહ્યા હોય એ રીતે તેઓનું આ સૂચન આવેલું. ભગવાન સાથે અખંડ એકતા અને મૂર્તિ વિષે પાષાણ-પિત્તળનો નહીં પણ પ્રત્યક્ષપણાનો ભાવ હોય તો જ આવું સૂઝે!

## સત્યના પ્રયોગોની ભૂમિ પર સત્યસ્વરૂપ

તા. ૩/૧૧ની સાંજે સ્વામીશ્રી ફિનિક્સમાં આવેલા ગાંધી આશ્રમમાં પધાર્યા. આ આશ્રમમાં રહેતા ગાંધીજીના સ્વ. પુત્ર મણિલાલ ગાંધીના ધર્મપત્નીમાં કિશોરલાલ મશરૂવાલાની ભત્રીજી હોવાને નાતે સ્વામિનારાયણીય સંસ્કારો ભારોભાર ઊતરેલા. તેઓની દૃઢ ઇચ્છા હતી કે 'સ્વામીશ્રી આશ્રમમાં પધરામણી કરે.' તેઓનો મનોરથ પૂરો કરવા સ્વામીશ્રી સત્યના પ્રયોગોની આ ભૂમિ પર સત્યસ્વરૂપ પરમાત્મા સાથે જઈ પહોંચ્યા.

અહીં ગાંધીજી રહેતા તે સમયના રસોડું, બેઠકરૂમ વગેરે જોયા બાદ તેઓ ઓસરીમાં બિરાજ્યા. ત્યાં યજમાન મહિલાના બંને જમાઈઓનું પૂજન સ્વીકાર્યા બાદ યોજાયેલી નાનકડી સભામાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'ગાંધીજીએ અહીં રહીને સત્યના પ્રયોગો કર્યા. સત્યાગ્રહની શરૂઆત અહીંથી કરી. પરંતુ તેઓને કોઈ સમજી ન શક્યા. ધર્મની ઉપેક્ષા અને સંતની ઉપેક્ષા એ જ દુઃખનું

કારણ છે. તેઓના જીવનમાં સાદાઈ હતી. અનેક પ્રવૃત્તિ હતી છતાં પ્રાર્થના કદી તેઓ ચૂક્યા નથી. ભગવાનની પ્રાર્થના એ મોટી વસ્તુ છે.'

સભા બાદ એ જ ઓસરીમાં સ્વામીશ્રીએ ઠાકોરજી જમાડ્યા. ભોજન કરીને યજમાન મહિલાના દૌહિત્રોને વર્તમાન ધરાવી સંગ્રહાલય જોયું. ત્યારબાદ અતિથિઓની અભિપ્રાયપોથીમાં હસ્તાક્ષર કરીને વિદાય લઈ ભારત હૉલમાં સભા માટે આવી પહોંચ્યા.

અત્રે તા. ૩/૧૧થી નારાયણ ભગતના મુખે શ્રીમદ્‌ભાગવતના પારાયણનો પ્રારંભ થઈ રહેલો. સ્વામીશ્રી પધાર્યા ત્યારે તેઓએ જોયું કે 'અહીં પોતાને બેસવા માટે ગાલીચાયુક્ત સોફો તૈયાર કરવામાં આવ્યો છે.' તેથી તે હટાવી લેવાનો આદેશ આપતાં બોલ્યા: 'પારાયણ વાંચનાર વક્તા કરતાં શ્રોતાઓનું આસન નીચું હોવું જોઈએ.' એમ કહી સૌ સંતો સાથે જ ગાદલાં પર બેસી કથા-શ્રવણ કરવાનું ગોઠવાવ્યું.

સ્વામીશ્રી પોતાને એક આગવા ગુરુ તરીકે નહીં પણ એક અદના શ્રોતા તરીકે જ જોતા. પોતાના શિષ્ય કરતાંય નીચા આસને બેસનારા તેઓ દુનિયાના એકમાત્ર ગુરુ હશે.

## સ્નેહ કરવામાં ચતુર શામળિયો

સ્વામીશ્રીના સાંનિધ્યમાં પારાયણના પાંચ દિવસ જોતજોતાંમાં વીતી ગયા. આ દિવસો દરમ્યાન તેઓ નાતાલ રજપૂત એસોસિયેશનના સભ્યોની ઇચ્છા જોઈ રાધાકૃષ્ણ મંદિરની ખાતવિધિ માટે પણ પધારેલા. આ વિધિ તેઓએ વરસતા વરસાદમાં બાવળના ઝાડ નીચે બેસીને કરેલો!

આમ, સૌના સંકલ્પો પૂરતાં સ્વામીશ્રીના નિવાસસ્થાને તા. ૫/૧૧ના રોજ એક ભાવિક આવી ગયેલા. તે વર્ષોથી ગુરુની શોધમાં હતા. પણ ડર્બનમાં સ્વામીશ્રીનો મહિમા સાંભળ્યો, કથાવાર્તા સાંભળી અને દર્શન કર્યાં, આટલા-માત્રથી હૈયે કબૂલાત થઈ ગઈ કે *'પ્રગટ હરિ મુજને મળ્યા.'* તેઓ સ્વામીશ્રીને ગુરુ બનાવવા ઇચ્છતા હતા. આ જ આશયથી, સ્વામીશ્રીની થોડે દૂર ઊભા રહેલા તેઓને સ્વામીશ્રીએ સામેથી બોલાવ્યા અને હાથમાં જળ આપી વર્તમાન ધરાવ્યાં; કંઠી પહેરાવી. તેથી તેઓના આનંદની સીમા ન રહી. તેઓએ ગદ્‌ગદભાવે પ્રાર્થના કરી કે 'શુદ્ધ કરજો.'

ત્યારે સ્વામીશ્રીએ શુદ્ધિની પ્રક્રિયા જણાવતાં કહ્યું: 'જેમ કપડું મેલું હોય

તેને બાફવું પડે, ધોકા મારવા પડે; પછી શુદ્ધ થાય. તેમ દેહે કરીને તપ, ભીડો સહન કરે તો શુદ્ધ થવાય.'

નિશાળિયો નવો હતો પણ સ્વામીશ્રીએ જરૂરી પાઠ તો ભણાવી જ દીધો. આમ, સેંકડો મુમુક્ષુઓને લાભ આપી, ૧૫ દિવસમાં ૧૪૮ ઘરને પાવન કરી, કથામૃતની હેલી વરસાવી, સ્વામીશ્રી તા. ૯/૧૧ના રોજ ડર્બનથી વિદાય થયા.

મોટરમાર્ગે જો'બર્ગ સુધીનો પંથ કાપવાનો હતો. તે મુસાફરીમાં વચ્ચે આવેલા લેડી સ્મિથ નગરના વિષ્ણુ મંદિરમાં દર્શન કરી સ્વામીશ્રી રમણભાઈ રીધાને ઘેર પધાર્યા. અત્રે બપોરે સવા ત્રણ વાગ્યે ઠાકોરજી જમાડ્યા બાદ બપોરની કથા ચાલી રહેલી. તે વખતે સાહજિક વાત નીકળી કે 'યજમાનના દીકરાને દીવાસળીનાં ખોખાં (match box) ભેગાં કરવાનો શોખ છે.' તે દીકરો સામે જ બેઠો હતો. તેણે શૉ-કેસમાં એકત્રિત કરી રાખેલાં વિવિધ ખોખાં સ્વામીશ્રીને બતાવ્યાં. તે જોઈ સ્વામીશ્રીએ સંતોને કહ્યું : 'આપણી પાસે લંડન અને કેનેડાનાં ખોખાં છે તે લાવો.'

આ વાત સાંભળી સંતોને આશ્ચર્ય થયું કે 'સ્વામીશ્રીને આ જાણ કેવી રીતે થઈ?' આરતી કરવા દીવાસળીની પેટી તો સંતો પોતાની સાથે રાખતા. સ્વામીશ્રીને કોઈ દિવસ દીવો પેટાવવાનો વારો આવ્યો જ નહોતો. તેથી 'કયા દેશની દીવાસળીનાં ખોખાં સાથે છે' એ વિગત તો તેઓની જાણમાં કેવી રીતે આવે ? રોજ દીવો પેટાવનારને પણ આ વિગતની જાણ નહોતી ને !

પરંતુ સ્વામીશ્રીની ચકોર નજર ભલભલી ચોક્કસ વ્યક્તિને પણ બાઘો ઠેરવે એવી હતી. તેઓએ કહ્યું તે મુજબ કેનેડા અને લંડનની દીવાસળીનાં ખોખાં સંતો લાવ્યાં. તે પેલા કિશોરને આપતાં સ્વામીશ્રી બોલ્યા : 'લ્યો, આ નવું છે. તમારા શૉ-કેસમાં ગોઠવો.'

સ્વામીશ્રીની આ ભેટથી તે કિશોર રાજી થઈ ગયો. પોતાના સંગ્રહાલયને સમૃદ્ધ કરી આપનાર સ્વામીશ્રીમાં તેને હેત થયું. ભગવાન ભજવા અને ભજાવવામાં જ રસ ધરાવનાર સ્વામીશ્રી એક કિશોરના સાવ ક્ષુલ્લક શોખમાં રસ લઈ તેના જીવનમાં પ્રવેશી ગયા. તેઓ પહેલાં વહાલ કરતા, પછી વૈરાગ્ય દૃઢાવતા. પહેલાં સમજતા, પછી સમજાવતા.[૧૬૪]

---

૧૬૪. પરમ પૂજ્ય સ્વામીશ્રીના ડર્બન-રોકાણની સ્મૃતિઓનો રસથાળ માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

## દક્ષિણમાં દિવાળીના દીવા

લેડી સ્મિથથી ન્યૂ કેસલને લાભ આપતાં સ્વામીશ્રી તા. ૧૦/૧૧ની સાંજે પાંચ વાગ્યે લેનેસિયા પહોંચ્યા. અહીં ચાર દિવસ પછી દિવાળી આવી રહેલી. જેની સૌ કાગડોળે રાહ જોતાં હોય તે પર્વ અનાયાસે આ મંડળના ખોળે આવીને પડેલું. તેનો યથાર્થ લાભ લેવા હરિભક્તોએ પણ ભેટ બાંધેલી અને તા. ૧૧/૧૧, ધનતેરસથી રામકૃષ્ણ હૉલમાં 'હરિલીલામૃત'નું સપ્ત-દિવસીય પારાયણ યોજેલું. ડર્બનની જેમ અહીં પણ સ્વામીશ્રીએ વક્તા કરતાં પોતાનું આસન નીચું રખાવ્યું! પોતાની મહત્તા ન વધે તેનું સ્વામીશ્રીએ જેટલું ધ્યાન રાખ્યું હશે, તેટલું કદાચ કોઈએ નહીં રાખ્યું હોય! પણ આ જ વિશેષતાએ તેઓને *'નીચા નીચા જો કોઈ ચાલે, સબ સે ઊંચા હોઈ...'*ની પેઠે સૌથી ઊંચે મૂકી દીધા છે.

આવા સર્વોચ્ચ સ્વામીશ્રીના નિવાસસ્થાનનું મકાન તા. ૧૩/૧૧ના રોજ દિવાળી નિમિત્તે *'અજવાળ્યાં તમ સારુ ઓરડિયા, મેં તો જાળીડે જાળીડે નંગ જડિયા...'*ની શોભા ધારણ કરી રહેલું. આ દિવસે ઠાકોરજીના થાળમાં જલેબી જોઈ સ્વામીશ્રી બોલ્યા: 'આજે ગોંડલમાં મહારાજને જલેબી ધરાવી હશે. દશેરાએ પણ જલેબી ધરાવે...' એમ સ્મૃતિ કરી. આજની રાત્રે નવી પેઢીએ પોતાની શક્તિ-મતિ અનુસાર આતશબાજીનું આયોજન ગોઠવેલું. સ્વામીશ્રીને ફટાકડામાં તો નહીં, પણ ફૂટડા યુવાનોમાં રસ. તેથી તેઓને રાજી કરવા થોડો સમય પ્રાંગણમાં આવી આતશબાજી નિહાળી.

તા. ૧૪/૧૧ના[૧૬૫] રોજ થયેલો નવા વર્ષનો પ્રથમ સૂર્યોદય જો'બર્ગના હરિભક્તો માટે સાચે જ સુવર્ણરસ રેડી રહ્યો, કારણ કે આ પ્રભાતે તે સૌના ભાલમાં સ્વામીશ્રીએ કરેલો ચાંદલો હતો, સૌના હાથમાં સ્વામીશ્રીએ આપેલું પુષ્પ હતું અને સૌનાં હૈયે સ્વામીશ્રીએ આપેલા આશીર્વાદ હતા. હરિભક્તોની જેમ સંતોના ભાલમાં પણ ચાંદલા કરી સ્વામીશ્રીએ આજે સૌને નવા વર્ષના આશિષ પાઠવ્યા. મહંત સ્વામીને યાદ કરી કોઠારી સ્વામીના ભાગ્યપ્રદેશ પર ચાંદલો ચોડ્યો. સંતોએ પણ ઠાકોરજી અને સ્વામીશ્રીનું પૂજન કરી આરતીથી વધાવ્યા. આમ, અનેરા હર્ષોલ્લાસ સાથે નૂતન વર્ષનો મંગલ પ્રારંભ થઈ ગયો.

આ સમયે સવારે ૯:૦૦ વાગ્યે સ્વામીશ્રી સિવિક સેન્ટરમાં પધાર્યા.

---

૧૬૫. વિ.સં. ૨૦૩૧નો પ્રારંભ થયો.

અહીં જો'બર્ગના મેયરશ્રી એચ. એફ. ડેવિસે તેઓને પ્રેમપૂર્વક આવકાર્યા. ધાર્મિક વૃત્તિના આ નગરપતિએ સરભરા માટે ફળફળાદિ તૈયાર રાખેલાં. પણ સ્વામીશ્રીએ જણાવ્યું: 'આજે ઠાકોરજીને અન્નકૂટ ધરાવવાનો છે. તે ધરાવી, આરતી કરીને પછી જ અમે અન્ન, ફળ ગ્રહણ કરીશું.'

આ વાત સાંભળી મેયરનું મુખ મલકી ઊઠ્યું. તેઓને સ્વામીશ્રી પ્રત્યે વિશેષ આદર થયો. તેઓએ લાકડાં પર કોતરેલું સોનેરી રંગનું Coat of Arms – સ્મૃતિપ્રતીક સ્વામીશ્રીને અર્પણ કરતાં કહ્યું: 'હું આપને સોનું આપી શકતો નથી પણ સોનેરી રંગનું આપું છું.' સાથે સાથે જો'બર્ગનો ઇતિહાસ વર્ણવતું પુસ્તક પણ ભેટરૂપે ધર્યું. સ્વામીશ્રીએ તેનો સાભાર સ્વીકાર કરી મેયરને અન્નકૂટનાં દર્શન માટે આવવાનું આમંત્રણ પાઠવ્યું.[૧૬૬]

## भक्तिसम्पोषकाय नमः

નૂતન વર્ષ નિમિત્તે જો'બર્ગમાં આવેલા લક્ષ્મીનારાયણ મંદિરમાં સત્સંગ મંડળ તરફથી અન્નકૂટોત્સવનું આયોજન કરવામાં આવેલું. આ અવસરે હરિભક્તો દ્વારા આવેલી ૧૪૫ વાનગીઓને સાત પગથિયાંનાં સ્ટેન્ડ પર લાલ કપડું પાથરીને સંતોએ કલાત્મક રીતે ગોઠવી. વાનગીઓની ચારે બાજુ ફળોની સરહદ બાંધી કાચના પ્યાલામાં રંગીન પાણી ભરી દીવડા પણ પ્રગટાવ્યા. અહીંના ભાવિકો પ્રથમ જ વાર આવું ભવ્ય અને ભક્તિભર્યું દૃશ્ય જોઈ આશ્ચર્યમુગ્ધ બની ગયા. લક્ષ્મીનારાયણ દેવ પણ પ્રતિષ્ઠિત થયા બાદ પહેલી જ વાર આવો અન્નકૂટ માણી રહેલા!

ઠાકોરજીની યંત્રવત્ પૂજા-આરતીમાં જ ભક્તિની ઇતિશ્રી માનતા ભક્તોને આવા ઉત્સવની કોઈ ગમ જ નહોતી. સ્વામીશ્રીના સંગે આજે સૌને ભક્તિની રીત અને સંસ્કૃતિની પ્રણાલીઓ શીખવા મળી. શ્રીજીમહારાજ કહે છે કે 'શુક-સનકાદિક જેવા જે મોટાપુરુષ તેની જે સેવા ને પ્રસંગ તેમાંથી માહાત્મ્યે સહ વર્તમાન એવી જે ભક્તિ તે જીવના હૃદયમાં ઉદય થાય છે.'[૧૬૭]

અન્નકૂટની ગોઠવણી બાદ ૧:૨૦ વાગ્યે સ્વામીશ્રી થાળગાન કરવા બિરાજ્યા. મોડું થયું હોવા છતાં તેઓએ છ થાળ ગાઈ ઠાકોરજીને પ્રેમપૂર્વક

---

૧૬૬. સ્વામીશ્રીનું આમંત્રણ સ્વીકારી મેયરશ્રી સાંજે અન્નકૂટ-દર્શન માટે આવેલા. તેઓએ આ લાભ અપાવવા બદલ સ્વામીશ્રીનો ખૂબ આભાર માન્યો હતો.

૧૬૭. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૫.

જમાડ્યા. ત્યારબાદ ઉતારે પધારી તેઓ સવા ત્રણ વાગ્યે ભોજન કરવા બિરાજ્યા.

આજે નવા વર્ષને યાદગાર બનાવવા સૌએ સ્વામીશ્રીના ૫૩મા વર્ષને લક્ષમાં રાખીને ૫૩ દીવાની આરતી દ્વારા તેઓને વધાવવાનું આયોજન સાયંસભામાં ગોઠવેલું. પરંતુ સ્વામીશ્રીએ આ આરતી શરૂ થતાં પહેલાં જ ઠાકોરજીને પોતાના હાથમાં ગ્રહણ કરી લીધા અને સન્માનનો પ્રવાહ ઠાકોરજી તરફ વાળી દીધો! સૌ તેઓની આ સમયસૂચકતા અને દાસત્વભક્તિને નમી પડ્યા.

આરતી બાદ પારાયણ શરૂ થયું. તે વખતે સ્વામીશ્રીએ ચાલુ કથામાં જ સંતોને અન્નકૂટ ઉતારી હરિભક્તો માટે પ્રસાદનાં પડીકાં તૈયાર કરવા અને આજુબાજુનાં સત્સંગકેન્દ્રો માટે બૉક્સ ભરવા આજ્ઞા કરી.

પ્રસાદી વહેંચવામાં તેઓને અનેરો આનંદ આવતો. સાધુ થયા બાદ વર્ષો સુધી દરેક અન્નકૂટે પ્રસાદનાં પડીકાં તેઓ જાતે જ તૈયાર કરતા-કરાવતા. 'હરિભક્તોના ઘેર-ઘેર ઠાકોરજીનો પ્રસાદ પહોંચે, તે જમીને સૌ રાજી થાય, તેઓનું રૂડું થાય...' વગેરે કૈંક વિચારો સાથે તેઓ મહિમાપૂર્વક આ સેવા કરતા. આખું વર્ષ ઠાકોરજીની સેવા કરતા ભક્તોને સેવાનો આ મેવો પહોંચાડવો તેને તેઓ પોતાની ફરજ સમજતા. અહીં દૂર દેશમાં પણ તે ફરજને સ્વામીશ્રી ચૂક્યા નહીં.

ઉપસ્થિત સૌ ભાવિકો પ્રસાદની આ વ્યવસ્થાથી ઘણા રાજી થયા. આજના દિવસે અન્નકૂટ નિમિત્તે આવેલી તમામ ભેટ પણ સ્વામીશ્રીએ લક્ષ્મીનારાયણ મંદિરમાં જ અપાવી દીધી. તે જોઈ મંદિરના વ્યવસ્થાપકો ખૂબ ગળગળા થઈ ગયા. ભક્તિ અને નિઃસ્પૃહિતાથી સભર સ્વામીશ્રી માટે તેઓની ભીની આંખો ઘણું બધું કહી રહી.

## આતશબાજીની અનેરી સ્મૃતિ

પારાયણ બાદ સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે ચીમનભાઈ તથા તેઓના દીકરા અનિલે આતશબાજીની બધી જ તૈયારીઓ કરી રાખેલી. તે નિહાળવા માટે યોગ્ય જગ્યાએ સોફો પણ મૂકવામાં આવ્યો હતો. તે પર સ્વામીશ્રી બિરાજતાં જ અનિલ એક પછી એક જાતજાતનાં ફટાકડાં ફોડવા લાગ્યો. ઘડીકમાં તે ચકરડીને ચકરાવો મરાવતો તો ઘડીકમાં હવાઈને ગગનગામી

કરતો. ક્યારેક તારામંડળની તડતડ તો ક્યારેક ફટાકડાની ફટફટ. ક્યારેક કોઠીમાંથી વછૂટતો પ્રકાશનો ફુવારો તો ક્યારેક ફૂલઝરમાંથી ઝરતો પ્રકાશનો ધોધ. આમ, તરેહ-તરેહની રજૂઆત તેણે સ્વામીશ્રી સમક્ષ કરી. દરેક વખતે સ્વામીશ્રી કંઈક ને કંઈક સ્મૃતિ આ યુવાનને આપતા રહ્યા.

અંતે કાર્યક્રમ પૂરો કરીને જ્યારે એ આશીર્વાદ લેવા આવ્યો ત્યારે સ્વામીશ્રીએ તે યુવકને કહ્યું: 'તેં આ આતશબાજી કરી તેની સ્મૃતિમાં હવે દરરોજ બે માળા ફેરવવાનો નિયમ લે.'

આવો ફટાકડો ફૂટશે તેની કલ્પના એ યુવાનને નહોતી. તેથી તે હવાઈ ગયેલા ફટાકડા જેવા બોદા અવાજે બોલ્યો: 'બાપા! એ નહીં ફાવે.'

'ના શું ફાવે? પ્રયત્ન કરો તો ફાવી જશે.' સ્વામીશ્રીએ તેને સચેત કરતાં કહ્યું અને આતશબાજીની અનેરી સ્મૃતિ આપતાં માળા ફેરવવા નિયમબદ્ધ કર્યો.

તેઓ દરેકના આયોજનમાં રસ લેતા, પણ પછી સૌને હળવેથી પોતાનું આયોજન – ભજન કરવું અને કરાવવું – તેમાં ભેળવી દેતા.

## સરળચિત્ત

દક્ષિણ આફ્રિકાથી સ્વામીશ્રી હવે દક્ષિણ રહોડેશિયા તરફ પધારવાના હતા. આ વિચરણનો હેતુ જણાવતાં તેઓએ લખ્યું:

*'...રહોડેશિયામાં જે પૂજ્ય યોગીબાપાએ પધારી પાવન કરેલ છે તે પ્રદેશમાં જઈશું ને તે પવિત્ર ભૂમિનાં દર્શન થશે અને બેટ બ્રીજ, લિમ્પોપો નદી વચ્ચે જ્યાં બિરાજી, આ તરફથી આવેલ ચારસો ઉપરાંત હરિભક્તોએ દર્શન, કથા-વાર્તાનો લાભ લીધો હતો તે પવિત્ર નદીનાં દર્શન થશે. શિવજીએ જેમ વાત કરેલ કે જંગલમાં એક જગ્યાએ દંડવત્-પ્રણામ કરી તેઓએ તે સ્થાનનો મહિમા પાર્વતીજીને કહેલ કે અત્રે હજારો વરસ પહેલાં નારદજીનાં દર્શન થયેલ તે તીર્થ છે. તેમ યોગીબાપાનું પ્રસાદીસ્થાન રોડેશિયા સાઉથ આફ્રિકાની બોર્ડર લિમ્પોપો નદી છે...'*

આમ, મહિમા અને ભક્તિનાં ચક્રો પર જ સ્વામીશ્રીના વિચરણનો રથ ફરતો રહેતો. દુનિયા જાણવા-માણવાના કોઈ લૌકિક હેતુને તેમાં અવકાશ નહોતો. આવા શુદ્ધ-શુભ ઇરાદા સાથે તેઓએ દક્ષિણ આફ્રિકાથી પોતાનું

વિચરણ આગળ આરંભ્યું.

જો'બર્ગથી દક્ષિણ રૂહોડેશિયા મોટરમાર્ગે જ જવાનું હતું. આ ક્રમમાં તા. ૧૮/૧૧ની સવારે નીકળેલા સ્વામીશ્રી પ્રિટોરિયાના લૉડિયમ ખાતે પધાર્યા. લિમ્પોપો નદીની એપીઝ શાખાના કાંઠે વસેલા આ નાનકડા નગરના ભાગ્યમાં લાભ પાંચમનો ચાંદલો લખાયેલો. અત્રે હરિભક્તોએ શહેરના સિવિક સેન્ટરમાં સભા ભરી મુમુક્ષુઓને સ્વામીશ્રીનો લાભ અપાવ્યો.

સ્વામીશ્રીએ પણ તા. ૧૯/૧૧ના રોજ લાભ પાંચમનું મુહૂર્ત કરી આપતા હોય તેમ સાત દુકાનોમાં પધરામણી કરી હરિભક્તોના શુભ-લાભનાં ખાતાં ખોલી આપ્યાં.

આ પધરામણીઓ બાદ તેઓ ગુણવંતભાઈના ઘેર ઉતારે પધાર્યા. અત્રે બપોરે શૌચ બાદ સ્નાન કરવા માટે સ્વામીશ્રી બાથરૂમમાં પહોંચ્યા, પણ ત્યાં નળમાં પાણી આવતું બંધ થઈ ગયેલું. તેથી વ્યવસ્થાપક બેબાકળા થઈ ગયા. તેઓ તાબડતોબ બીજેથી પાણી લઈ આવવાની પેરવીમાં પડ્યા. તે વખતે સ્વામીશ્રી બહાર વરસતો વરસાદ જોઈ મકાનના પ્રાંગણમાં આવી નેવાંના ધોધ નીચે ઊભા રહી ગયા અને સ્નાન કરી લીધું!

જ્યાં ત્યાં, જેવું તેવું, જેમ તેમ ચલાવી લેવાની માત્ર વાત નહીં, પણ સીધું વર્તન જ! પોતા માટે કોઈને મુશ્કેલીમાં મૂકવામાં સ્વામીશ્રી રતિ રાજી નહીં. તેઓની આ સરળતા સૌને ભીંજવી ગઈ.

## બંને દેશમાં એક-એક પગ

પ્રિટોરિયાથી બપોરે ૨:૪૫ વાગ્યે નીકળેલા સ્વામીશ્રી ૮:૪૫ વાગ્યે લુઈસ ટ્રીચાર્ડના ઝાઉટપેન્સબર્ગમાં પધાર્યા. વરસાદ અને વાહનોની ગતિ-મર્યાદાના કાયદાને કારણે સ્વામીશ્રીને અહીં આવવામાં મોડું થયું હતું. તેથી ભોજન ન લેતાં સીધા જ હિંદુ સેવા સમાજના હૉલમાં યોજાયેલી સભામાં પહોંચી ગયા. અહીં સૌને કથારસ રેલાવી તૃપ્ત કર્યા બાદ સ્વામીશ્રી રાત્રે સવા અગિયાર વાગ્યે ઠાકોરજી જમાડવા બિરાજ્યા. અન્યનું ટાણું સાચવવા તેઓએ આજે પોતાનું ભાણું ઠેલી દીધું.

તા. ૨૦/૧૧ના રોજ આ ગામમાં ચાલતાં ચાલતાં છ પધરામણીઓ કરીને લુઈસ ટ્રીચાર્ડથી નીકળેલા સ્વામીશ્રી રસ્તામાં વિલીઝપૂર્ટ, મસેક્વાપૂર્ટને પાર કરતાં સાઉથ આફ્રિકા અને સાઉથ રૂહોડેશિયા વચ્ચે આવેલ 'નો મેન્સ

લેન્ડ'(No man's land) પર આવી પહોંચ્યા. આ જગ્યામાંથી વહેતી લિમ્પોપો નદી પર બાંધેલા બાઇટબ્રીજની મધ્યમાં ગાડીઓ ઊભી રખાવી તેઓ નીચે ઊતર્યા. અહીં તેઓએ સન ૧૯૬૦માં યોગીજી મહારાજે જ્યાં સમૈયો કરેલો અને જે સ્થળે સ્નાન કરેલું તે સ્થાન બતાવી દંડવત કર્યા. ત્યારપછી સ્વામીશ્રી બ્રીજના વચ્ચેના ભાગમાં સહેજ તિરાડ હતી તેની બંને બાજુ એક-એક પગ રાખી ગમ્મત કરતાં બોલ્યા : 'એક પગ આ બાજુ દક્ષિણ આફ્રિકામાં અને એક પગ આ બાજુ દક્ષિણ ર્‌હોડેશિયામાં.'

આમ, એકસ્વરૂપે બે દેશમાં દર્શન(!) આપીને સૌને આનંદ કરાવ્યો.

અહીંથી તેઓ દક્ષિણ ર્‌હોડેશિયાની ઈમિગ્રેશન ઑફિસમાં પધાર્યા. અત્રે દરેક પ્રવાસીએ જાતે અંગ્રેજીમાં ફોર્મ ભરવાનાં હતાં. જો કોઈ બીજો ફોર્મ ભરે તો ચાર ડૉલરની ફી ચૂકવવી પડે. પણ ઠાકોરજીની મિલકત આમ વેડફાય તે સ્વામીશ્રીને કેવી રીતે પરવડે? તેથી તેઓએ જાતે જ પોતાનું ફોર્મ અંગ્રેજીમાં ભર્યું ![૧૬૮]

## પરાવાણીના પ્રકાશમાં પીગળતા પૂર્વગ્રહ

સેસીલ જ્હોન ર્‌હોડ્ઝના નામથી ઓળખાતો ર્‌હોડેશિયા દેશ ઉત્તર અને દક્ષિણ એમ બે ભાગમાં વહેંચાયેલો છે. સન ૧૯૫૩માં બંને દેશનું જોડાણ થઈ 'સેન્ટ્રલ આફ્રિકન ફેડરેશન' એવું નવું નામ મળેલું. પણ આ સાંધો બરાબર બાઝ્યો નહીં અને દસ વર્ષમાં જ બેય દેશના છૂટાછેડા થઈ ગયા. એ બે ફાડિયામાંથી એક દક્ષિણ ર્‌હોડેશિયા પર સ્વામીશ્રીનાં પગલાં પડ્યાં ત્યારે તા. ૨૦/૧૧ની સાંજના ૬:૦૦ વાગેલા. આ દેશના સીમાંત પ્રદેશમાં વસેલા બાઇટબ્રીજ ગામમાં પગલાં કરી સ્વામીશ્રીએ ગ્વાન્ડા પહોંચી રાત્રે ૧૧:૦૦ વાગ્યે મનુભાઈના ઘેર ભોજન અંગીકાર કર્યું. અહીં તેઓ જમીને વહેલા ઊભા થઈ ગયેલા, પણ ડૉક્ટર સ્વામી, કોઠારી સ્વામી અને નારાયણ ભગત હજી જમી રહેલા. તેથી સ્વામીશ્રીએ આ ત્રણેય સંતોને પૂરી તથા મગ પીરસીને હેત ઠાલવ્યું.

---

૧૬૮. સ્વામીશ્રીએ દક્ષિણ આફ્રિકામાં ઊજવેલ દિવાળી-અન્નકૂટ ઉત્સવ તથા અન્ય પ્રસંગોને માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

આ ગામમાં કોઈ સત્સંગી નહોતું. છતાં સ્વામીશ્રી તા. ૨૧/૧૧ની સવારે ત્રણેક પધરામણીઓ કરી આવ્યા. જેમ કુશળ સૅલ્સમેન દિગંબરીને પણ કાપડના તાકા વેચી આવે તેમ સ્વામીશ્રી અજાણ્યાને પણ સત્સંગ પ્રત્યે અભિરુચિ કરાવી દેવામાં પ્રવીણ હતા. તેથી ગુણભાવીઓને પણ યોગમાં લીધા. કંઠીઓ પહેરાવી. અત્રે બપોરે ૧ થી ૨ વાગ્યા દરમ્યાન દુકાનો બંધ રહે. તેથી તે સમય દરમ્યાન આઠ-દસ ભાવિકો દર્શને આવેલા. તેઓને સત્સંગની વાતો કરી સ્વામીશ્રીએ બપોરની કથાનો પોતાનો નિયમ પણ સાચવ્યો. ત્યારબાદ વિદાય લઈ બુલવાયો શહેરમાં આવી ગયા.

આ નગરમાં સન ૧૯૬૦માં યોગીજી મહારાજ પધાર્યા ત્યારે સ્ત્રી-પુરુષ મર્યાદા બાબતે અસંતોષ પ્રવર્તતાં સભા રદ કરવી પડેલી. પણ આ વખતે ચિત્ર સાવ જ બદલાઈ ગયું. અત્રે હિંદુ સોસાયટી તરફથી આયોજિત સભાની સમાપ્તિ બાદ સંગઠનના પ્રમુખે જ સ્વામીશ્રીને વાત કરી કે – 'આપની વાતો સાંભળી અમને આ સંપ્રદાયમાં સ્ત્રી-પુરુષ મર્યાદાના નિયમો વિષે જે પૂર્વગ્રહ હતો તે નીકળી ગયો છે. જીવમાં આ વાતોથી પ્રકાશ થાય છે. અમે આપને વધુ રોકાવા પ્રાર્થના કરીએ છીએ.'

સ્વામીશ્રીની વાણી 'अञ्जनशलाकेयमन्तस्तिमिरहारिणी' – અંતરનાં અંધારાંને દૂર કરે તેવી અંજનશલાકા સમાન હતી.

## એકાંતિક મળે તો ભજનનું સુખ આવે

બુલવાયોથી સાત માઈલ દૂર આવેલા 'આશ્રમ'માં સ્વામીશ્રીનો ઉતારો હતો. ઉમગુઝા નદીના કિનારે ઊભેલા આ શાંત એકાંત સ્થળમાં વન હતું, પણ વનની ભયાનકતા નહોતી. પવન હતો પણ સુસવાટા નહોતા. જળ હતું પણ જળનો મળ નહોતો. નીરવતા હતી પણ નિર્જીવતા નહોતી. અહીં મયૂરના ટહુકાર, વાયુના સંગે ડોલીને મધુર સૂર પ્રસરાવતી વનરાજી અને ખળખળ વહેતી નદીનો કલરવ જોઈ સંતોને મન થઈ આવ્યું કે 'આપણે પણ સાધના માટે આવો સુંદર આશ્રમ હોય તો બહુ સારું.'

પરંતુ સ્વામીશ્રીએ એ 'આશ્રમ'માં બેસીને તા. ૨૨/૧૧ની સવારે લખી આપ્યું કે 'અત્રે આશ્રમમાં ઉતારો અને આ સ્થાન ભજન-સ્મરણ કરવા તેમ જ ધ્યાન કરવા માટેનું એકાંત સ્થાન છે. એકાંતિક પુરુષ મળે તો ભજનનું સુખ આવે.'

સ્થાનનું સૌંદર્ય નહીં, પણ સત્પુરુષનું સાંનિધ્ય જ ભજનમાં ઉપકારક છે તે મુદ્દો સ્વામીશ્રીએ સમજાવી દીધો. મહિમા એકાંતનો નથી, સંતનો છે.

આ 'આશ્રમ'માં સવારે પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ હરિયાળીમાં વિહાર કરી સ્થાનને સ્મરણીય બનાવ્યું. નદીકિનારે પધારી ઠાકોરજીને સ્નાન પણ કરાવ્યું અને સંકલ્પ કર્યો કે 'જળમાં રહેતાં જંતુઓ અને જે કોઈ આ પાણીનો ઉપયોગ કરે તે સૌને સંસ્કાર થાય.'

આમ, સ્વામીશ્રીની કલ્યાણની ગંગા તો અવિરત વહેતી જ રહેતી.

આ જ ભાવનાથી તેઓ અહીંથી ૪૪ કિ.મી. દૂર આવેલ રૂહોડ્ઝ ગ્રેવ- આ દેશના શોધક રૂહોડ્ઝની કબરના સ્થાને પધાર્યા. સ્વામીશ્રીએ કબર પર પ્રાસાદિક પુષ્પ ચડાવી શુભ સંકલ્પ કર્યો કે 'રૂહોડ્ઝ જ્યાં હોય ત્યાંથી સત્સંગમાં જન્મ લે અને તેનું કલ્યાણ થાય.' આ સ્થાનમાં યોગીજી મહારાજ પધારેલા તેની સ્મૃતિ પણ સૌને કરાવી. ત્યારબાદ યોગીજી મહારાજનાં પ્રાસાદિક ઘરોમાં પધારીને તે તે સ્થળમાં યોગીજી મહારાજે આપેલા લાભની વાત કરી.

આમ, *'ફરે કરે પાવન પૃથિવી'*ની જેમ સઘળે ઘૂમી, બપોરે સાડા ત્રણ વાગ્યે ઠાકોરજી જમાડી સ્વામીશ્રીએ ગટુમા જવા વિદાય લીધી.

## રહે પરવતપ્રાયજી

તા. ૨૩/૧૧ના રોજ સ્વામીશ્રી ગટુમામાં બાબુભાઈના ઘેર પ્રાતઃપૂજાથી પરવાર્યા ત્યારે તેઓને સંતોએ અલ્પાહાર માટે પધારવા કહ્યું, પણ સ્વામીશ્રીએ જણાવ્યું: 'આજે બધા સંતો ઉપવાસ કરે છે. એટલે મારે પણ તેઓ સાથે ઉપવાસ કરવો છે.'

એ દિવસે સુદ નોમની તિથિ હતી. તેથી સૌ સંતોએ નિયમ મુજબ ઉપવાસ કરેલો. પણ સ્વામીશ્રીને ઉપવાસનું કોઈ નિમિત્ત નહોતું. તેથી સંતોએ વિનવ્યા કે 'પરમ દિવસે એકાદશી આવે જ છે. માટે આજે આપ જમી લો.' પણ સ્વામીશ્રીએ તે વિનંતી સાંભળી – ન સાંભળી કરી.

યજમાન હરિભક્તે પણ ભાવનાત્મક પાસો ફેંકી જોયો કે 'બાપા! આપ અમારે ત્યાં ક્યારે આવો? તેમાંય ન જમો તો અમને દુઃખ થાય.'

પરંતુ સ્વામીશ્રીએ 'તમારે ત્યાં ગઈકાલે સાંજે જમ્યા છીએ, પાછા આવીને જમવાનું જ છે,' કહી તેઓને પણ શાંત કર્યા અને નિર્જળા ઉપવાસ કરી લીધો.

*'વિકળ ન થાય વિષયસુખમાં, રહે પરવતપ્રાય જી...'* મુજબ સ્વામીશ્રી પોતાના જીવનમાં તપ-વ્રતનો આગ્રહ રાખતા. બહાનાં તો દૂરની વાત, વાજબી કારણો પણ તેઓનાં તપ-વ્રતમાં કોઈ છેદ પાડી શક્યાં નહોતાં.

હવે અલ્પાહાર કરવાનો ન રહેતાં સ્વામીશ્રીએ સમયનો સદુપયોગ કરતાં સ્વયં વચનામૃત વાંચીને સામે બેઠેલા ત્રણ ભક્તોને ઉદ્દેશી કથા કરી. ત્યારબાદ ઘરના એક નાનકડા કબાટમાં રાખેલાં પુસ્તકોમાંથી કેટલાંક પુસ્તકો કાઢીને જોયાં. તેમાંથી મહાભારતના પુસ્તકનું થોડો સમય વાંચન કર્યું. તે વાંચન બાદ ઘરના બગીચામાં વાવેલાં શાકભાજી પર દૃષ્ટિ કરવા પધાર્યા. વચમાં એક અંગ્રેજ મુમુક્ષુ ફરતો ફરતો આવી ચઢ્યો. તેને પણ આશીર્વાદ આપી ધન્ય કર્યો.

આ રીતે કથા, વાંચન, મુલાકાત વગેરેમાં સમય વિતાવી સાંજે ૪:૪૦ વાગ્યે સૉલ્સબરી જવા નીકળ્યા.

## શ્રેષ્ઠ મિત્ર

દક્ષિણ ર્‌હોડેશિયાનાં નાડી-પ્રાણ સમાન સૉલ્સબરીમાં તા. ૨૪/૧૧ની સવારે હિંદુ મંદિરમાં યોજાયેલી જાહેર-સભામાં સ્વામીશ્રીએ જણાવ્યું કે – 'સમાની ગમ તે સમાગમ. નહીં તો ધમાધમ. સમયને ઓળખી લે તો કામ થાય. હાથ-પગ ચાલે છે ત્યારે સંસારનું કાર્ય થાય છે, તેમ ભજન પણ ત્યારે જ થાય છે. નાણું મળે પણ ટાણું ન મળે. રૂપરામ ઠાકરને સમય ન સચવાયો તેથી મનમાં દુઃખ રહી ગયું. સંસાર એક જંગલ છે. તેમાં આંટા માર્યા રાખીએ. પણ ભોમિયો બહાર કાઢે, તેમ ભગવાન ને સંત સાચો માર્ગ બતાવનાર છે.'

સ્વામીશ્રીની આ વાતોનો જેણે સ્વાદ ચાખ્યો તેઓને હવે સ્વામીશ્રીને પોતાના ઘેર પધરાવવાનો લોભ જાગ્યો. સ્વામીશ્રીના સાંનિધ્યનો કિનારો જ એવો હતો કે કોઈ કાંઠે બેસી ન શકે. એક વાર પગ બોળે એટલે એ તણાવા જ માંડે. સૉલ્સબરીમાં પણ આ સ્થિતિ થઈ. તેથી સભા બાદ ભોજન, આરામ કરીને સ્વામીશ્રીએ પધરામણીઓ દ્વારા સૌને રાજી કર્યા.

સાંજે સત્સંગ-સભાનું કોઈ આયોજન નહોતું, છતાં પણ કાંતિભાઈના ઘેર રખાયેલા સ્વામીશ્રીના ઉતારે ઘણા ભાવિકો લાભ લેવા દોડી આવ્યા. તેથી સ્વામીશ્રીએ તુરત જ સભા ગોઠવાવી દીધી. ભૂખ્યાને ભોજન દેવું એ તો એમનો ધર્મ. એટલે સમાગમની ભૂખ ધરાવનાર આ મોક્ષભાગી ફાવી ગયા.

સ્વામીશ્રીએ પણ તે મુજબ જ કથાનો મેવો પીરસતાં કહ્યું: 'ભક્તને તો ભગવાન રાજી થાય તે જ મોટપ છે. લાખો માને, પૂજે તે નહીં. ભગવાન સ્વામિનારાયણનો મોટો પ્રતાપ. નાની ઉંમરમાં લાખોએ ભગવાન માન્યા ને ભજ્યા. આપણને ઘરમાં પાંચ જણા માનતા નથી. તીર્થ કરવાથી સંસ્કાર થાય પણ કલ્યાણ તો ભગવાન ને સંત જ કરે. ભક્તોનાં ઘર-બાર બગડ્યાં નથી. અનન્યભાવથી આશરો કરે તેના યોગક્ષેમનું વહન ભગવાન કરે છે.'

રાત્રે સાડા દસ વાગ્યે આ સભા પૂરી કર્યા બાદ સ્વામીશ્રી યજમાનના દીકરાઓના ઓરડામાં પધાર્યા. તે બંનેને તેઓ ઊભાં ઊભાં જ ભગવાનમાં નિષ્ઠા અને તપ કરવાની વાતો કરી આનંદ પમાડવા લાગ્યા. તેઓનું નિશાન તો આ બંને યુવાનોને આવતીકાલની પ્રબોધિની એકાદશીનો ઉપવાસ કરાવવાનું હતું. તેથી કડવી ગોળી પિવડાવતાં પહેલાં તેઓ મધનું પાન કરાવી રહ્યા.

દરેકની જે કક્ષા હોય ત્યાં ઊતરી આવીને તેની સાથે ઓતપ્રોત થવાની કળા તો સ્વામીશ્રીને ક્યાં શીખવાની હતી! એટલે તે બંને પરદેશી યુવાનો સાથે વયભેદ, ભાષાભેદ અને સ્થિતિભેદ હોવા છતાં, તેઓએ એવી આત્મીયતાપૂર્વક વાતો માંડી કે નાના પુત્રે નિર્જળા ઉપવાસ અને મોટા દીકરાએ ફળાહાર લઈને ઉપવાસ કરવાનું કબૂલ્યું. માત્ર પાંચ જ મિનિટના વાર્તાલાપમાં પોતાનો હેતુ સિદ્ધ કરી સ્વામીશ્રી આરામમાં પધાર્યા.

The best friend is the one who brings out the best in me. 'આપણામાં સારપ્ય ભરી દે એ શ્રેષ્ઠ મિત્ર.' સ્વામીશ્રી યુવાનોના આવા મિત્ર હતા. જેમ બીબાંમાં રસ રેડાય તેમ તેઓએ યુવાનોમાં સંયમ-સદાચારની સારપ્ય ભરી હતી.

## શાકદાન દે હટરી બેઠે

તા. ૨૫/૧૧ના રોજ યોગીજી મહારાજના પ્રાસાદિક ઘેર દર્શન કરી હિંદુ મંદિરમાં સભા માટે પધારેલા સ્વામીશ્રીએ અહીં એકત્રિત થયેલા ભાવિકોને એકાદશીનો મર્મ સમજાવતાં કહ્યું: 'અગિયારસને દિવસે અગિયાર રસને મૂકવા જોઈએ. તેનો ત્યાગ કરીએ ત્યારે ભગવાનનું સુખ આવે. કાં સેંથો કા ટાલ. બે વસ્તુ સાથે રહે નહીં. રવિ ને રજની ભેગાં ન રહે. જ્યાં રામ ત્યાં ન કામ. જ્યાં કામ ત્યાં નહીં રામ. પહેલાં ભોગ નહોતા તો રોગ ન હતા. અત્યારે

તો ઊઠે ત્યારે ચા દેવીની ઉપાસના. પછી બજારમાં વઘાર્યાં-ધુંગાર્યાં ખાય. તેથી શક્તિ ક્ષીણ થઈ ગઈ. ભગવાન સંબંધી વિચાર થાય તે શુદ્ધ આહાર. ભગવાનના નિયમોમાં ખોટ તેટલું દુઃખ આવે. નિયમ ઉલ્લંઘ્યો તો સીતા જેવાં ભક્તને પણ દુઃખ થયું. માટે નિયમ-ધર્મનું આચરણ કરીશું તેટલું સુખ થશે.'

સભા બાદ સ્વામીશ્રી ચિત્તરંજનભાઈના ઘેર શાકોત્સવ કરવા પધાર્યા. તેઓએ વિવિધ શાક અને ફળો કલાત્મક દૃષ્ટિથી ગોઠવી હાટડી તૈયાર કરેલી. સ્વામીશ્રી ત્યાં બિરાજ્યા અને રાત્રે સવા આઠથી સાડા દસ વાગ્યા સુધી કથા-કીર્તન કરી ઉત્સવ કર્યો. તેમાં આશીર્વાદ આપતાં જણાવ્યું કે 'હનુમાને સેવા કરી પણ સામે ચોપડા ન રાખ્યા. ભક્ત સામે બદલાની ઇચ્છા ન રાખે. ભગવાન આપણો ત્યાગ ન કરે એવી ભક્તિ કરવી. ભગવાનની મર્યાદા ન પાળીએ તો ભગવાન છોડી દેવાના છે. હવે એક કીર્તન ગાઈ લો. કાલે અમારું ગાડું ઊપડવાનું. ચૌદ વર્ષે ભેગું થયું છે. પછી ક્યારે ભેગું થાય? કીર્તન પછી આરતી કરીને સમાપ્તિ કરીશું.'

જેમ બને તેમ વધુ ભક્તિ થાય અને ભક્તોને વધુ લાભ મળે તેવું તાન સ્વામીશ્રીને રહેતું. તેથી રાત્રિના સાડા દસનો સમય થયેલો તોય એક કીર્તન ગાવાનો આદેશ આપ્યો. ત્યારબાદ આરતી કરી સૌને શાકની પ્રસાદી વહેંચી. તેમાં ભજન ગાનાર આવ્યા એટલે 'તમે ભજન કરો છો માટે બીજી વાર' એમ કહી બે શાક આપ્યાં. 'ભગવદ્‌ભક્તિને કરતાં દેખીને મનમાં બહુ રાજીપો થાય છે...'[૧૬૯] એ જેમ શ્રીજીમહારાજની પ્રકૃતિ હતી તેમ સ્વામીશ્રીની પણ.

ઉત્સવ ઊજવીને તેઓ ઉતારે આવ્યા ત્યારે સ્થાનિક ભક્તોએ વધુ દિવસ રોકાવા ખૂબ આગ્રહ કર્યો. પણ અડોઅડ કાર્યક્રમો ગોઠવાયેલા હોવાથી આ બાબતે કશું થઈ શકે તેમ નહોતું. છતાં સ્વામીશ્રીએ ઘટતું કરવાની ખાતરી તો આપી જ.

## લાવો, શાક ફોલી આપીએ

તા. ૨૬/૧૧ના રોજ સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા અને પારણાંથી પરવારીને હરિભક્તોને અડધો કલાક કથા સંભળાવી. કથાશ્રવણ બાદ હરિભક્તો વ્યવસાય માટે નીકળ્યા અને સ્વામીશ્રી રસોડામાં પધાર્યા. અહીં રસોઈની તૈયારી કરતા સંતો પાસે આવીને કહ્યું: 'લાવો, શાક ફોલી આપીએ.'

---

૧૬૯. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૦.

આ ઉદ્‌ગારો સાંભળી સંતો ચકિત થઈ ગયા. ચોવીસ કલાક પણ ટૂંકા પડે એટલી પ્રવૃત્તિ લઈને ફરતા હોવા છતાં, સ્વામીશ્રી પોતાના કામની સાથે બીજાના કામને પણ જોઈ શકતા, પોતાના ભીડાની સાથે બીજાના ભીડાને પણ સમજી શકતા, બીજાની પરિસ્થિતિને પણ પામી-માપી શકતા. કેટલા સરળ, સમજુ, સહૃદયી અને સેવાભાવી હતા તેઓ !

પરંતુ સંતોએ 'શાક તૈયાર કરનારા બીજા ઘણા છે' કહી સ્વામીશ્રીને વાર્યા એટલે તેઓ પોતાના ઓરડામાં જઈ કામકાજમાં પરોવાયા.

૧૧:૩૦ વાગ્યે હિંદુ સોસાયટી સંચાલિત ગુજરાતી શાળામાં પધારી શિક્ષકો અને વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા. ત્યારબાદ ૧:૩૦ વાગ્યે ઠાકોરજી જમાડી વિદાય લીધી.

રસ્તામાં નોર્ટન મુકામે પધરામણી કરી સાંજે સવા સાત વાગ્યે ગટુમામાં વીરેન્દ્રભાઈના ઘેર આવી પહોંચ્યા. અહીંથી તેઓ ૭૩ કિ.મી. દૂર વસેલા ક્વેક્વેની સમીપવર્તી મેરિટ્સ બ્રધર્સ કૉલેજમાં સભાલાભ આપવા પધાર્યા. ત્યાં વિદ્યાર્થીઓને સંસ્કારની દીક્ષા આપી ક્વેક્વેના ચર્ચ હૉલમાં સભા કરી રાત્રે પાછા ગટુમા આવી ગયા.

અહીં આવતાંવેંત રાત્રે બાર વાગ્યે સ્વામીશ્રીએ શૌચ-સ્નાન માટે તૈયારી કરી. તે જોઈ સંતોને નવાઈ લાગી. તેથી સ્વામીશ્રીને પૂછ્યું : 'તબિયત તો સારી છે ને ?'

'હા.'

'તો અત્યારે શૌચ-સ્નાન કેમ ?'

'ક્યારનું કરવું હતું; પણ માગ(વચગાળાનો સમય) મળવો જોઈએ ને !'

સ્વામીશ્રીએ આમ ઘટસ્ફોટ કર્યો ત્યારે સૌને ખ્યાલ આવ્યો કે તેઓએ શૌચની દેહક્રિયા દાબીને ૭૩ કિ.મી. દૂરનો ક્વેક્વેનો કાર્યક્રમ સંપન્ન કર્યો છે ! સવારે શાક ફોલી આપવાની તત્પરતા જોઈને સ્વામીશ્રી વિષે સંતોને જેવા મનોભાવ અને અહોભાવ જાગેલા, તેવા જ ભાવ અત્યારે પણ જાગી ગયા. કેટલા સાનુકૂળ અને સહનશીલ હતા સ્વામીશ્રી !

## પરઠ્યું હતું તે વેણે પળિયા

તા. ૨૮/૧૧ના રોજ તિથિ અનુસાર તો કાર્તિક સુદ ચૌદશ હતી, પણ ગટુમાના હરિભક્તોએ આજે કાર્તિકી પૂર્ણિમાની વિશેષ સભાનું આયોજન

કે. ડી. કેવાડા સેન્ટરમાં ગોઠવી દીધેલું. સ્વામીશ્રી જેવા 'અતિથિ' આવ્યા હોય ત્યારે તિથિ શું જોવી?! ઉત્સવ-સભા નિમિત્તે આખા સભાગૃહને સુંદર રીતે સજાવવામાં આવેલો. સ્વામીશ્રીના આસનની ગોઠવણી પણ કલાસૂઝ વાપરીને કરી હતી.

ગટુમામાં છેલ્લા બે દિવસથી વરસાદ વરસતો હતો છતાં આ લહાવો લૂંટવા સૉલ્સબરી અને ક્વેક્વેથી પણ ઘણા ભક્તો-ભાવિકો આવી ગયેલા. બહારગામથી આવનારા આ ભક્તો માટે ભોજનની વ્યવસ્થા સ્થાનિક મંડળે કરી હતી. હરિભક્તો આમ પરસ્પર એકબીજાની સેવા-સરભરા કરતા ત્યારે સત્સંગનો મહિમા અને મહિમાનો સત્સંગ, બંનેનું એકસાથે દર્શન થતું. આમ, એકદમ ઉલ્લાસભર્યા માહોલમાં સૌએ દેવદિવાળીનો ઉત્સવ મનાવ્યો.

ચાર દિવસ પહેલાં સ્વામીશ્રીએ સૉલ્સબરીમાં શાકોત્સવ કર્યો ત્યારે ત્યાંના ભક્તોએ તેઓને વધુ રોકાવા માટે આગ્રહ કરેલો, પરંતુ તે વખતે તો સાનુકૂળ સંજોગો નહોતા એટલે સ્વામીશ્રીને બીજે દિવસે વિદાય લેવી પડેલી. છતાં તેઓએ 'અનુકૂળતા કરવાની' બાંયધરી તો આપેલી જ. કોઈનીયે લાગણીને ઠેસ પહોંચાડવી એ પણ તેઓને મન એક પ્રકારની સૂક્ષ્મ હિંસા જ હતી. તેથી પોતાની આ પ્રકૃતિ મુજબ તેઓએ બે દિવસ માટે સૉલ્સબરીનો કાર્યક્રમ પુનઃ ગોઠવી દીધો.

તેઓનો સિદ્ધાંત હતો – વચન આપ્યું તો નિભાવી જાણવું. બોલે ત્યારે ગજના ગજ, પણ ફાડે એક તસુયે નહીં – એવી ચાલાકી સ્વામીશ્રી પાસે ન મળે. તેઓ લાખો સત્સંગીઓના અને એટલી જ કે એથીયે વધુ સંખ્યામાં બિનસત્સંગીઓના વિશ્વાસપાત્ર બની શક્યા તે આ એક ગુણને કારણે.

જો કે, આ એક વચન પાળી બતાવવા સ્વામીશ્રી ઘણું ઘસાયા. આ અરસામાં છેલ્લા ૧૦-૧૨ દિવસથી તેઓની જીભ ઉપર જમણી બાજુ ખૂણામાં અંદરના ભાગ તરફ ઘસારો આવેલો. સામાન્ય માંદગીમાં દેકારો બોલાવી દેવાનું તો તેઓના સ્વભાવમાં જ નહીં. તેથી શરૂઆતમાં તો આ તકલીફ તેઓ વેઠતા રહેલા, પરંતુ બળતરા અસહ્ય થઈ ત્યારે તેઓએ ડૉક્ટર સ્વામીને બતાવ્યું. તપાસ કરી ડૉક્ટર સ્વામીએ મધ અને કાથાનું મિશ્રણ કરીને ચમચીમાં આપ્યું, જે સ્વામીશ્રીએ ૪-૫ વાર જીભના અસરગ્રસ્ત ભાગ પર ઘસીને પાણીના કોગળા કરી નાંખ્યા. આવી પરિસ્થિતિમાં તેઓ તા. ૨૯/૧૧ના રોજ પાછા સૉલ્સબરી આવી ગયા. અત્રે કાર્તિકી પૂર્ણિમાનો ઉત્સવ કરી રાત્રે સાડા

બાર વાગ્યે આરામમાં પધાર્યા.

તા. ૩૦/૧૧ની સવારે યુનિવર્સિટી તથા ગુજરાતી શાળાઓમાં પધરામણીઓ કરી, ભોજન બાદ સ્વામીશ્રી સીધા જ હિંદુ મંદિરમાં આયોજિત સભામાં પહોંચ્યા. આજે સાંજે બુલવાયો પહોંચવું પડે એમ હોવાથી અને સૉલ્સબરીમાં સૌને હજી સભાના લાભનો લોભ હોવાથી આ સભાનો સમય બપોરે બે વાગ્યાથી ચાર વાગ્યા સુધીનો રાખવામાં આવેલો. બંને પક્ષનું સંતુલન જાળવવા બપોરના આરામને કચડીને સ્વામીશ્રીએ સૉલ્સબરીને સાચવ્યું અને ચાર વાગ્યે સભા પૂરી કરી, વિમાન દ્વારા સાંજે ૬:૦૦ વાગ્યે બુલવાયો ઊતરીને સીધા જ હિંદુ હૉલમાં આયોજિત સભામાં પહોંચી ગયા. આ સભા રાત્રે ૧૦:૧૦ વાગ્યે સમાપ્ત થઈ. ત્યારબાદ સ્વામીશ્રીએ ભોજન લીધું.

આમ, એક વેણ પાળવા તેઓએ સવા પાંચસો કિ.મી.ની દોડાદોડ કરી મૂકી. આ હતા પ્રમુખસ્વામી મહારાજ! Manage Agreements, not People. મૅનેજમૅન્ટનું આ સૂત્ર તેઓની વિદાય થતાં જરૂર ઓરમાયું બની ગયું હશે!

## અજોડ દર્શન

બુલવાયોમાં રાબેતા મુજબની સાયંસભા તથા પધરામણીના લાભ સાથે સ્વામીશ્રી તા. ૧/૧૨ના રોજ ૫૦ કિ.મી. દૂર ન્યમાદ્લોવુમાં ૫૦૦ એકરના વિશાળ ફાર્મમાં પણ પધાર્યા. અહીં યજમાન દુર્લભભાઈ દ્વારા ટ્રેક્ટરના ટ્રેલરમાં ચારે બાજુ ખોખાં ગોઠવીને, તેની ઉપર પૂંઠાં મૂકી સ્વામીશ્રીનું આસન તૈયાર કરવામાં આવેલું. એ ટ્રેલરમાં બેસી સ્વામીશ્રીએ સમગ્ર ફાર્મમાં અમીદૃષ્ટિ અને પુષ્પવૃષ્ટિ કરી. ગઈકાલે તેઓ પ્લેનમાં હતા અને આજે ટ્રેક્ટરની ટ્રોલીમાં! ભક્તોને રાજી કરવા અગવડ-સગવડ એક કરીને સ્વામીશ્રી વિચરતા.

તેઓનો આમ લાભ લેવામાં બે દિવસ તો ચપટીમાં વીતી ગયા. હવે તા. ૨/૧૨ની બપોરે બે વાગ્યે બુલવાયોથી ઊપડતા વિમાનમાં સ્વામીશ્રી વિદાય લેવાના હતા. તે માટે એક વાગ્યે ઍરપોર્ટ પર પહોંચી જવું જરૂરી હતું. પરંતુ આ દિવસે બાર વાગ્યે સ્વામીશ્રી એક વ્યક્તિની રાહ જોઈને બેઠેલા. તેઓની તેજ રફતાર સાથે ગતિ મિલાવવામાં મજબૂત માનવીના મિજાગરા પણ ઢીલા થઈ જાય તો જોડા તો કેટલી ઝીંક ઝીલી શકે? પધરામણીઓનો માર ખાઈ ખાઈને સ્વામીશ્રીના જોડાના સાંધેસાંધા છૂટા થઈ ગયેલા. તેની

મરામત કરાવી લાવવાનું કામ સ્વામીશ્રીએ તેઓનો ઉતારો જ્યાં હતો એ 'આશ્રમ'ના વ્યવસ્થાપક બાલુભાઈને ચીંધેલું.

આ કામ સોંપાયું ત્યારે એ મુરબ્બીને ખૂબ આશ્ચર્ય થયેલું. તેઓ વિચારી રહેલા કે 'હજારો વીઘાની જમીનના માલિકો જેના શિષ્યો છે, મોટા ઉદ્યોગગૃહો ધરાવનાર જેના આશ્રિત છે, આધુનિક સુવિધાસજ્જ મોટરો ચલાવનારા જેની પાછળ ઘેલા છે એ સ્વામીશ્રી જૂના જોડા સંધાવવાની પળોજણ છોડીને નવા જોડા શા સારુ નહીં લેતા હોય?!' ઘડીભર તો તેઓને જ મન થઈ આવેલું કે 'હું જ સ્વામીશ્રી માટે નવા જોડા લાવી દઉં.' પણ તેઓ આ હિંમત કરી શક્યા નહોતા, કારણ કે કામ સોંપતી વખતે જ સ્વામીશ્રીએ તાકીદ કરેલી: 'આને જ સંધાવીને પાછા લઈ આવજો.'

આજે બાર વાગ્યા ઉપર થોડી મિનિટે એ બાલુભાઈ જોડા સંધાવીને લઈ આવ્યા. સ્વામીશ્રીએ તે પહેરીને કામની ચકાસણી કરી જોઈ. કામ બરાબર થયું હોવાથી આશીર્વાદ આપ્યા. એક વિશ્વવ્યાપી સંસ્થાના પ્રમુખનું આ દર્શન સૌ માટે અજોડ બની રહ્યું. તેમાં સાદગીની સીમા હતી, વૈરાગ્યની અવધિ હતી અને નિર્દંભતાની પરાકાષ્ઠા હતી.

## આપણ શું એણે અતિશય હેત કર્યું જી

બુલવાયોથી સ્વામીશ્રી તા. ૨/૧૨ની બપોરે ત્રણ વાગ્યે જોહેનિસબર્ગ આવી ગયેલા. અહીંથી આવતીકાલે સવારે મોરેશિયસ તરફ પ્રયાણ કરવાનું હોવાથી માત્ર પંદરેક કલાકનું જ રોકાણ જો'બર્ગમાં હતું. આમ, સ્વામીશ્રી પાસે સમય ઓછો હતો. પણ ભક્તોના સંકલ્પો ઝાઝા હતા. અત્રે એકને ઇચ્છા હતી પોતાને ઘેર સ્વામીશ્રીને જમાડવાની, તો બીજા માંદગીના બિછાને સૂતાં સૂતાં દર્શન ઝંખી રહેલા. એકને પોતાના ઘરમાં આરસની મૂર્તિઓ સ્વામીશ્રીના વરદહસ્તે પ્રતિષ્ઠિત કરાવવાની હતી, તો એકને બંગલાના નામની તક્તી સ્વામીશ્રી દ્વારા ચોંટાડવી હતી! જુદા જુદા હરિભક્તો, જુદા જુદા સંકલ્પો અને જુદી જુદી દિશાઓ. સામે સ્વામીશ્રી એક. છતાં તેઓ બધે પહોંચી વળ્યા.

છેલ્લે ઉતારે પધાર્યા ત્યારે અહીં તો હરિભક્તો લાભની રાહે બેઠેલા. તેથી તે સૌને કથાવાર્તાનું સુખ આપ્યું. સ્વહસ્તે પ્રસાદનાં પડીકાં પણ વહેંચ્યાં. આજે અહીંનો છેલ્લો દિવસ હતો. તેથી કથા બાદ વિદાયની ઔપચારિકતામાં પણ ખાસ્સો સમય વીત્યો અને સ્વામીશ્રી રાત્રે પોણા વાગ્યે સૂવા પામ્યા.

બીજે દિવસે સવારે પાંચ વાગ્યે જાગી તેઓ પ્રાતઃપૂજામાં પરોવાયા ત્યારે પણ ભક્તોનો મોટો સમુદાય લાભ લેવા આવી ગયેલો. અહીંથી નવ વાગ્યે ઊપડતા વિમાનમાં બેસવા માટે સ્વામીશ્રીને સાત વાગ્યે તો ઉતારેથી પ્રસ્થાન કરી જવું પડે તેમ હતું, છતાં તેઓ સૌ ભક્તોને શાંતિથી મળ્યા.

તે વખતે મકાનમાલિક નરેન્દ્રભાઈ 'અક્ષર ભવન' લખેલ બંગલાના નામની તકતી લઈ આવ્યા. સ્વામીશ્રીએ તેનું પૂજન કર્યું અને તે તકતી લઈને જ ઘરના દરવાજા આગળ ગયા. અહીં દરવાજા અને ગૅરેજ વચ્ચેની દીવાલ પર લાકડાની ફ્રેમ ચોંટાડેલી. તે ફ્રેમ પર આ તકતી જડવાની હતી. તેથી સ્વામીશ્રી ખુરશી પર ચડ્યા અને લાકડાંની ફ્રેમ પર તકતીને બરાબર ગોઠવી બે સ્ક્રૂ લગાવી જડી દીધી. તે વખતે ખુરશી પર ઊભા રહીને સ્ક્રૂ 'ટાઈટ' કરી, તકતી ચોંટાડતી સ્વામીશ્રીની મૂર્તિ પણ સૌનાં હૈયે જડાઈ ગઈ!

દક્ષિણ આફ્રિકાના વિચરણનું આ અંતિમ કામ કરીને તેઓ ઍરપોર્ટ જવા રવાના થયા ત્યારે સૌનાં હૈયાં લાગણી વહાવી રહેલાં કે *'આપણ શું એણે અતિશય હેત કર્યું જી, એનું આપણ થકી શું સર્યું જી...'*

નિઃસ્વાર્થભાવે હેતનાં અમી છલકાવતાં સ્વામીશ્રી દક્ષિણ આફ્રિકામાં વિચરેલા. તેથી તેઓને વળાવવા ઍરપોર્ટ પર પણ મોટી સંખ્યામાં ભાવિકો ઊમટી પડેલા. તેઓમાં પુષ્પહાર અને પુષ્પગુચ્છ તો કો'કના હાથમાં હતા, પરંતુ આંસુ તો સૌની આંખમાં હતાં. નેતા-અભિનેતા, રમતવીર-સમરવીર કે ધનપતિ-ઉદ્યોગપતિ વગેરેને આવકારવા થોકબંધ ઊમટેલાનાં દૃશ્યો ઘણાંની યાદદાસ્તમાં હશે, પરંતુ આ જ લોકોની વિદાયનાં દૃશ્યો સાંભરણમાં છે?! તે સમયે કેટલાંની આંખો તમે ભીની થયેલી જોઈ છે? સ્વામીશ્રી સમાજના આગેવાનો કરતાં જુદા અને ઊંચા હતા, એ તેઓનું સ્વાગત જ નહીં, વિદાય પણ કહી આપતી.[૧૭૦]

## 'છોટા ભારત'નાં ભાગ્ય મોટાં

તા. ૩/૧૨ની સવારે બરાબર ૯:૦૦ વાગ્યે સાઉથ આફ્રિકન ઍરવેઝનું

---

૧૭૦. સ્વામીશ્રીના રહોડેશિયાના વિચરણ તથા જોહેનિસબર્ગના લાભને નીરખવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

'ડર્બન' વિમાન મડાગાસ્કર, રિ-યુનિયન વગેરે ટાપુઓ વટાવતાં સ્વામીશ્રીને મોરેશિયસના સમય પ્રમાણે સાંજે ૪:૦૭ વાગ્યે પ્લેઝાન્સ ઍરપોર્ટ પર લઈ આવ્યું. અહીં પ્લેનનાં પૈડાં જેવાં જમીનને અડ્યાં કે સ્વામીશ્રી તેઓની કાયમી રીત મુજબ બોલી ઊઠ્યા : 'સહજાનંદ સ્વામી મહારાજ કી જય.'

શ્રીજીમહારાજનો જયજયકાર કરવા માટે તેઓ અહીં પધાર્યા છે એ સંકેત આ જયનાદમાં હતો.

સ્વામીશ્રીનું વિમાન ઍરપોર્ટ પર સ્થિર થયું ત્યારે તેની બાજુમાં જ ઍર ઇન્ડિયાનું 'મકાલુ' વિમાન ઊભેલું દેખાયું. તે જોઈ સ્વામીશ્રી બોલ્યા : 'જય મકાલુ. દર્શન થયાં.' આ જ 'મકાલુ' તા. ૨૯/૩ના રોજ તેઓને મુંબઈથી નૈરોબી લઈ આવેલું. વિદેશયાત્રાના પ્રારંભમાં નિમિત્ત બનનાર વિમાનની પણ 'જય' કેમ ન હોય? *'સ્પર્શી વસ્તુ એ મંગળકારી રે...'*

મોરેશિયસમાં સ્વામીશ્રીના આગમનને વધાવવા સરકારના યુવા તથા રમત-ગમત વિભાગના મંત્રીશ્રી સહિત અનેક ધાર્મિક-સામાજિક સંગઠનોના પદાધિકારીઓ ઉપસ્થિત હતા. અહીંનાં વૃત્તપત્રો 'ધ નેશન' અને 'ઍડવાન્સ'માં સ્વામીશ્રીના વિગત વાર સમાચાર છપાયા હતા. તેથી નવા-સવા દેશમાં પણ ઘણા ભાવિકો સ્વામીશ્રીને વધાવવા આવી પહોંચેલા. ૨૨૫ જેટલાં હિંદુ મંદિરો ધરાવતા હિંદ મહાસાગરના આ ૪૦ માઇલ લાંબા અને ૩૦ માઇલ પહોળા ટાપુ પર સાડા આઠ લાખની વસ્તીમાંથી ચાર લાખની સંખ્યા તો ભારતીયોની જ. તેથી નામ એનું ભલે હૉલેન્ડના રાજા મોરિયા વાન નસાઉ (Mauria Van Nassau) પરથી મોરેશિયસ પડ્યું હોય, પરંતુ ઓળખાતો હતો 'છોટા ભારત' તરીકે જ. આ 'છોટા ભારત'નાં આજે ભાગ્ય મોટાં થઈ ગયાં.

અહીં સ્વામીશ્રીની વ્યવસ્થા સાચવવા માટે કેન્યાના મગનભાઈ હીંડોચાએ તેઓનો બંગલો, ડ્રાઇવર સહિત ત્રણ ગાડીઓ અને તેઓની કંપનીના મૅનેજરને સેવામાં મૂકી દીધા હતા.

## પ્રવૃત્તિ ગુરુની, વૃત્તિ સેવકની

તા. ૪/૧૨ની સવારે પ્રાત:પૂજા પછી અલ્પાહાર બાદ થોડો સમય પત્ર-વ્યવહારની સેવા કરી સ્વામીશ્રી રસોડામાં દૃષ્ટિ કરવા પધાર્યા. આ ચેષ્ટા પાછળ રસોઈકામમાં કંઈક મદદરૂપ થવાનો જ ઇરાદો હતો અને તેઓએ

સેવા શોધી પણ લીધી. રસોડામાંથી ફણસીની સીંગો લઈ તેઓ બેઠકરૂમમાં આવ્યા અને ત્યાં બેસી તે સીંગો ફોલવા લાગ્યા. આ જ રીતે તેઓએ બીજે દિવસે પણ બેઠકરૂમમાં ડાઈનિંગ ટેબલ પાસે બિરાજીને ચોળીની સીંગોનાં ડીંટિયાં તોડ્યા હતા.

સેવામાં આમ હાથ લંબાવી સ્વામીશ્રી પુનઃ પોતાના કામકાજમાં વ્યસ્ત થયા. લગભગ સાડા અગિયાર વાગ્યાની આસપાસ તેઓને શૌચ-સ્નાન માટે જવાનું થયું. જ્યારે જ્યારે દેહક્રિયા માટે જવાનું થતું ત્યારે સેવક સંતો શૌચ બાદ હસ્તપ્રક્ષાલન માટે ધૂળ મૂકવી, સ્નાન માટે બાલદી-પાણી તૈયાર કરવાં, સ્નાન બાદ વસ્ત્ર ધોઈ દેવાં વગેરે સેવાઓ કરતા. સ્વામીશ્રીની આવી સગવડો સાચવવી એ સંતો માટે ફરજ કરતાંય વિશેષ તો ભક્તિ હતી. તેથી આ સમયે જે સેવામાં હોય તે અચૂક હાજર થઈ જતા.

પરંતુ આજે તો સ્વામીશ્રીએ કોઈનેય ખ્યાલ ન આવે તેમ શૌચ-સ્નાન કરી લીધું. બધી સેવાઓ જાતે જ કરી દીધી. પણ છેલ્લે જ્યારે ધોવા માટે વસ્ત્ર છબછબાવ્યું ત્યારે અવાજ થતાં સંતોને ખ્યાલ આવ્યો કે 'સ્વામીશ્રીએ તો સ્વયં જ બધી સેવા કરી લીધી છે!'

તે જોઈ 'અમને જાણ કરવી જોઈએ ને!' એમ સેવકોએ જણાવ્યું. ત્યારે સ્વામીશ્રી બોલ્યા: 'સૌ પોતપોતાના કામમાં હતા એટલે થયું – 'ક્યાં હેરાન કરવા?' ને આટલું તો જાતે કરવામાં શું વાંધો?'

પ્રવૃત્તિ ગુરુની પણ વૃત્તિ સેવકની! આ હતા પ્રમુખસ્વામી મહારાજ.

## વડાપ્રધાન સાથે પ્રથમ મુલાકાત

તા. ૪/૧૨ની બપોરે સ્વામીશ્રીની મુલાકાત દેશના વડાપ્રધાનશ્રી ડૉ. શિવસાગર રામગુલામ સાથે યોજાયેલી. કોઈપણ દેશના સત્તાધારી વડાપ્રધાન સાથેની સ્વામીશ્રીની આ પ્રથમ મુલાકાત હતી. તે માટે એક મુત્સદ્દી રાજનીતિજ્ઞની છાપ ધરાવનાર આ વડાપ્રધાને સ્ત્રી-સાધુ મર્યાદા સંપૂર્ણ જળવાય તેવો બંદોબસ્ત કરી દીધેલો, જે ઘણો સૂચક હતો. તેને અનુસરતાં સ્વામીશ્રી પોર્ટ લુઈમાં આવેલા ગવર્નમેન્ટ હાઉસમાં પહોંચ્યા.

અહીં વડાપ્રધાને ઊભા થઈને પોતાના કાર્યાલયમાં સ્વામીશ્રીને સત્કાર્યા. થોડી વાર ક્ષેમકુશળ સંબંધી ઔપચારિક વાર્તાલાપ ચાલ્યો તે દરમ્યાન વડાપ્રધાને આદરભાવ વ્યક્ત કરતાં કહ્યું કે 'પરદેશમાં ભારતીયો

ભારતીય-ભાવ આપના જેવા સંતોના વિચરણથી ભૂલશે નહીં. તે વિના તો તેઓ પણ પરદેશીઓ જ થઈ જશે.'

વડાપ્રધાનના આ અભિપ્રાયમાં સ્વામીશ્રીના કાર્યનો પડઘો હતો. સ્વામીશ્રી તેઓને સ્વહસ્તાક્ષરવાળાં પુસ્તકોની ભેટ આપી વિદાય થયા.

આ મુલાકાત બાદ સ્થાનિક કાર્યકરો તા. ૫/૧૨ના રોજ સ્વામીશ્રીને ગંગા તળાવ, એલેક્ઝાન્ડ્રા ફોલ્સ, લીમેર નદી, બ્લેક રિવરની ખીણ, ઊંચા ડુંગરા પર સ્થિત મૃત જ્વાળામુખી વગેરે દેશનાં પ્રસિદ્ધ મંદિરો અને સ્થળોએ લઈ ગયા. તે વખતે ગંગા તળાવ અને લીમેર નદીને સ્વામીશ્રીએ ઠાકોરજીનાં સ્નાન અને સ્પર્શથી પાવન કરી કેટલાંયના ઉદ્ધારનો માર્ગ ખોલી દીધો. દેશ-દર્શનના આ કાર્યક્રમ બાદ, આજની સાંજે વિષ્ણુક્ષેત્ર મંદિરના હૉલમાં યોજાયેલી સ્વાગત-સભામાં પધારીને સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા.

## વાણી અને વિદ્યાની બલિહારી

ગઈકાલે વડાપ્રધાન સાથે થયેલી સ્વામીશ્રીની મુલાકાતથી તેઓ વિષે પ્રજામાં ઘણું આકર્ષણ ઊભું થયેલું. તેથી તા. ૬/૧૨નો દિવસ ઘણા અગ્રણી નેતાઓની સાથે મુલાકાતમાં જ વીત્યો.

તે ક્રમમાં સવારે દસ વાગ્યે ભારતીય ઉચ્ચાયોગના સંકુલમાં સ્વામીશ્રી ભારતીય હાઈકમિશનર ડૉ. ખુરાનાને મળ્યા. તેઓએ સ્વામીશ્રીના જીવન અને સંપ્રદાયના કાર્યમાં ઘણો જ રસ લીધો. સ્વામીશ્રીએ આપેલાં પુસ્તકો પણ 'હું નિરાંતે વાંચીશ જ' કહી પોતાના માથે ચડાવ્યાં.

અહીંથી સ્વામીશ્રી તમિલનદ હિંદુ કલ્ચર ટેમ્પલમાં પધાર્યા. અત્રે આવતાં જ દક્ષિણ ભારતમાં આવી ગયાનો અહેસાસ થયો. કપૂરની સુવાસ, નાળિયેરનો પ્રસાદ વગેરે દ્રવિડ પ્રદેશનો ભાસ કરાવતા હતા. અત્રે ભાવથી દર્શન કરીને સ્વામીશ્રીએ હરિભક્તો પાસે આર્થિક અનુદાન પણ કરાવ્યું. 'ભગવાનનાં દર્શને જવું ત્યારે ખાલી હાથે ન જવું' એ શ્રીજીવચન તેઓ યથાર્થ પાળતા. એક અકિંચન સાધુ હોવાથી તેઓના હાથમાં તો કશું ન રહેતું, પણ તેઓનું હૈયું ભક્તિથી છલોછલ હોવાથી ઠાકોરજી માટે કંઈક ભેટ તો ગૃહસ્થ પાસે મુકાવતા જ.

આજે બપોરે ત્રણ વાગ્યે મોરેશિયસ બ્રૉડકાસ્ટિંગ કોર્પોરેશન તરફથી સ્વામીશ્રી અને ડૉક્ટર સ્વામીનો ઇન્ટરવ્યૂ લેવાનાર હતો. પરંતુ ત્યાં પધારતાં

પૂર્વે તેઓ મગનભાઈ હીંડોચાની રબરનાં હાથ-મોજાં બનાવતી ફેક્ટરી પર પગલાં કરી આવ્યા. આ ગુણાનુરાગી સ્વયં જ આફ્રિકાથી અહીં લાભ લેવા આવવાના હતા, પરંતુ સંજોગોવશાત્ તેઓ ઉપસ્થિત રહી શક્યા નહોતા. છતાં સ્વામીશ્રી તો તેઓના સંકુલમાં પધરામણી કરી આવ્યા. ફૂલ ખીલ્યું છે કે નહીં તે જોયા સિવાય સૂર્ય તો સવાર પડે એટલે પ્રકાશ વેરવા જ લાગે; તેમ સ્વામીશ્રી પણ સૌથી નિરપેક્ષ રહીને પોતાની ફરજ બજાવતા રહેતા. પોતાની ગેરહાજરીમાં પણ સ્વામીશ્રીએ કરેલી આ પધરામણીના સમાચાર યજમાને કેન્યામાં જાણ્યા ત્યારે તેઓના મોં પર આનંદની ઝાંય ફરી વળેલી.

અહીંથી સ્વામીશ્રી પધરામણીઓ કરતાં કરતાં આકાશવાણીના મથકે આવી પહોંચ્યા. ત્યાં આકાશવાણીના કર્મચારીઓ સ્વામીશ્રીના શબ્દ અને સંદેશને આખા દેશમાં પ્રસરાવવા સાધન-સામગ્રી સજ્જ કરીને બેઠા હતા. ભગવાન સ્વામિનારાયણના જીવન, તત્ત્વજ્ઞાન, સાંપ્રત વિચરણ વગેરે સંબંધી પ્રશ્નો તેઓએ પૂછ્યા. તેના સંતોષકારક સમાધાન સ્વામીશ્રી તથા ડૉક્ટર સ્વામીએ હિંદી ભાષામાં આપ્યા. સ્વામીશ્રીના મુદ્દાસર જવાબો અને ડૉક્ટર સ્વામીની સુસ્પષ્ટ માહિતીથી સૌ રાજી થયા.

આજની સાયંસભા કાર્ત્ર બોર્ન્સના હરિહર મંદિરમાં ગોઠવાયેલી. આ સભામાં દેશના નાણાંપ્રધાન, સંરક્ષણપ્રધાન તથા ઍડવોકેટ જનરલ સહિત અનેક નામી પ્રતિભાઓ ઉપસ્થિત હતી. તે સૌએ રીતસર ચરણસ્પર્શ કરીને સ્વામીશ્રીને આવકાર્યા. સ્વામીશ્રીને તો કોઈપણ દેશ હોય, કોઈપણ વ્યક્તિ હોય કે કોઈપણ ભાષા હોય; એક વાત તો આવે જ. એ વાત આજે પણ પોતાના આશીર્વાદમાં ઉચ્ચારતાં તેઓએ કહ્યું: ''मैं और मेरा' वही अज्ञान है। 'मैंने किया, मेरा है' उससे दुःख होता है। 'मैं आत्मा हूँ और परमात्मा का दास हूँ' तो सब झगड़ा मिट जाएगा। अपना स्वरूप ब्रह्म, अक्षर है। ऐसे ज्ञान से मोक्ष होता है, शांति मिलती है। संत मिले तो यह ज्ञान होता है।''

સનાતન સંદેશ સ્વામીશ્રીએ સંક્ષેપમાં જણાવી દીધો.

આમ, આજે આખો દિવસ કાર્યક્રમથી ભરચક રહ્યો. ઘણા પરદેશી મહાનુભાવો સ્વામીશ્રીના યોગમાં આવ્યા. સૌને અનુભવ થયો કે 'को विदेशः सुविद्यानां कः परः प्रियवादिनाम्।' – જે વિદ્વાન છે તેને શું વિદેશ? અને જે પ્રિયભાષી છે તેને કોણ પારકું? સ્વામીશ્રીની વાણી અને વિદ્યા વિદેશને પણ સ્વદેશ, અને પારકાંને પણ પોતાના કરી મૂકે તેવી હતી.

## સાગર અને સત્સંગના તીરે

સ્વામીશ્રીનો તા. ૭/૧૨નો દિવસ સાગર અને સત્સંગના તીરે પસાર થયો. ૭૨૦ ચોરસ માઈલના મોરેશિયસની ચારેબાજુ પરવાળાના ટાપુ (coral reef) છે. તેથી દરિયાનાં મોજાં કિનારે આવતાં નથી અને પાણી શાંત તથા એકદમ સ્વચ્છ ભૂરા રંગનું રહે છે. એટલે જ આ નાનકડો ટાપુ દુનિયાભરના સહેલાણીઓને આકર્ષતો રહ્યો છે. તેમાં પણ નવેમ્બરથી માર્ચ દરમ્યાન વહેતી ઉનાળુ હવા વાતાવરણને વધુ આહ્‌લાદક બનાવે છે. અત્યારે એ જ સમય-ગાળો હોવાથી કાર્યકર્તાઓ સ્વામીશ્રીને દેશના દરિયે પણ લઈ ગયા.

તે ક્રમમાં સૌપ્રથમ સ્વામીશ્રી પશ્ચિમ દિશામાં આવેલ ફ્લીક એન ફ્લીક(Flic en Flic) દરિયાકિનારે પધાર્યા. અહીંનાં નીરવ અને નિર્મળ જળમાં ઠાકોરજીને સ્નાન કરાવ્યું. સૌના શિરે પણ જલધારા કરી. પછી સૌ દક્ષિણ ભાગમાં આવેલા ટેમરીન (Tamrin) બીચ પર આવ્યા.

અત્રે એક વૃક્ષનાં ભાગ્ય ખૂલી ગયાં. તેની નીચે ઊભા રહી સ્વામીશ્રીએ ચારેકોર દૃષ્ટિ કરી. જ્યાં સુધી એ દૃષ્ટિ પહોંચી ત્યાં સુધીની સૃષ્ટિ સનાથ થઈ રહી.

પછી લ મૉર્ન (Le Morne) કિનારાને પાવન કરી સ્વામીશ્રી દ ગ્રી ગ્રી (De Gris Gris) કિનારે જઈ પહોંચ્યા. આ સ્થાનમાં એક બાંધેલી છત્રી પાસે રહીને અપાર અને અગાધ દરિયા પર તેઓએ નજર ફેરવી. કોઈને પણ ડૂબકી મારવાનું મન થઈ જાય એવું સ્વચ્છ-શાંત જળ હતું. સૌને ગળા સુધી ખાતરી હતી કે 'સ્વામીશ્રી આ દરિયામાં સ્નાન કરશે જ;' પરંતુ *'જાતિ, વરણ ને રૂપે ન રીઝે'*ની રીત મુજબ ચાલનારા ભગવાન અને સંતની કૃપા, ભાગ્ય અને ભક્તિના આધારે વરસતી હોય છે. તેથી સ્નાનના લાભથી આજે તો આ દરિયો વંચિત જ રહી ગયો. પણ આજે સંતના સંબંધથી થયેલા સંસ્કાર આગળ જતાં તેને આ લાભ અપાવે તો નવાઈ નહીં !

આમ, સવારથી બપોર સુધી સાગરના કિનારે વિહરનારા સ્વામીશ્રી સાંજથી રાત સુધી સત્સંગ-ગંગાના ઘાટે ઘૂમતા રહ્યા. આજે પ્રથમ સાયંસભા સાંજે સાડા ચાર વાગ્યે બોં બસાં(Beau Bassin)માં આવેલા 'શિવાનંદ યોગાશ્રમ'માં યોજાયેલી. અત્રે સત્સંગનો લાભ આપી સ્વામીશ્રી અંબેલાલ દેસાઈના ઘેર પધાર્યા. અહીં ૧૫-૨૦ કચ્છી-ગુજરાતી ભાઈઓ એકત્રિત થયેલા.

તે સૌને સત્સંગ પ્રત્યે સદ્ભાવ કરાવી કંઠીઓ પહેરાવી અને મૂર્તિઓ આપી.

સ્વામીશ્રી સૌને આમ ભગવાનનો આશરો કરાવી રહેલા ત્યારે જ એક મુમુક્ષુએ તેઓને પૂછ્યું : 'આપ જ્યોતિષશાસ્ત્ર જાણો છો ?'

'અમે તો ભગવાન ભજવાનું જ્યોતિષ જાણીએ છીએ.' સ્વામીશ્રીએ માર્મિક ઉત્તર આપી દીધો.

પેલા મુમુક્ષુ માટે આવો જવાબ અનપેક્ષિત હતો, પણ સૌ સમજી ગયા કે સ્વામીશ્રી ભવોભવ સુધારવાનું શાસ્ત્ર જાણે છે.

અહીં અલ્પાહાર કરીને સ્વામીશ્રી ૩૫ કિ.મી. દૂર આવેલા લાલ માટી (Lall Mati) મુકામે રચાયેલા 'સ્વરાજ્ય ભુવન'માં આવી પહોંચ્યા. ભારતને સ્વતંત્રતા મળી ત્યારે જે સ્થળે સ્વાતંત્ર્ય ઉત્સવની પ્રથમ સભા ભરાયેલી તે જ આ જગ્યા. અહીં આયોજિત સત્સંગ-સભામાં સ્વામીશ્રીના સંસર્ગથી ખૂબ જ પ્રભાવિત થયેલા દેશના ઍડવોકેટ જનરલ શ્રીદુર્ગેશ રામસેવક 'Homge to His Divine Holiness Shree Pramukh Swami'[૧૭૧] – પરમ પૂજ્યશ્રી પ્રમુખસ્વામીને આદરાંજલિ – નામના અંગ્રેજી કાવ્યની રચના કરીને લાવ્યા હતા. સભામાં આ કાવ્ય વાંચી સંભળાવતાં તેઓ ભાવવિભોર થઈ ગયા. કાવ્ય સાંભળનાર સૌની પણ આ જ સ્થિતિ થઈ. 'मैत्री स्याद् दर्शनात् सताम्।'[૧૭૨] – સંતનાં તો દર્શનમાત્રથી જ મૈત્રીની ગાંઠ બંધાઈ જાય છે. આ અનુભવ આજની સભાનો હતો.

## તેહ સારુ નથી ધર્યો દેહ

મોરેશિયસમાં સત્સંગ-સભાઓનો સિલસિલો તા. ૮/૧૨ના રોજ પણ ચાલતો રહ્યો. આ દિવસે સવારે નવ વાગ્યે સ્વામીશ્રી વિષ્ણુક્ષેત્ર મંદિરમાં, સાંજે છ વાગ્યે રોઝ બીલ(Rose Belle)ના નર્મદેશ્વર શિવાલયમાં તથા રાત્રે સાડા આઠ વાગ્યે કોંગોમા(Congomah)માં આવેલા સેવા-શિબિરના કૈલાસનાથ

---

૧૭૧. આ કાવ્યનો અર્થ આ મુજબ હતો : 'ભગવાનનો સંદેશ શાંતિ અર્પે છે. તે સંદેશ લઈને આપ દેશોદેશમાં વિચરો છો.આપ મહાન પ્રકાશ છો. અમારા જેવા સાધારણ મનુષ્ય પર આપ દયા કરો અને પ્રકાશને માર્ગે દોરો. ભગવાનને શરણે લઈ જાઓ... આપને પ્રણામ. આપ કે જેમના દ્વારા ભગવાન સ્વયં આજે પ્રગટ છે !'

૧૭૨. पञ्चतन्त्रम् – ૧/૩૭.

મંદિરમાં લાભ આપવા પધાર્યા. તે તે મંદિરોના વ્યવસ્થાપકોએ સ્વામીશ્રીને સત્કારી ધન્યતા અનુભવી.

આજની આ ત્રણ સભાઓ પૂરી થઈ ત્યારે રાત્રિના સાડા દસ વાગી ચૂકેલા. હજી ૪૨ કિ.મી.નું અંતર કાપી ઉતારે પહોંચી જમવાનું હતું. વળી, આવતીકાલે એકાદશીના કોરા કડાકા હોવાથી આજે રાત્રે બાર વાગ્યા પહેલાં જમી લેવું જરૂરી હતું. તેથી સંતોએ ગાડીચાલકને ગતિ તેજ કરવાની સૂચના આપી. પરંતુ સ્વામીશ્રીએ જાણે બ્રેક મારતાં હોય તેમ કહ્યું: 'આપણે જગદીશ શર્માના ઘેર પધરામણી કરી આવીએ.'

અહીંની સનાતન બ્રાહ્મણધર્મીય મહાસભાના આ સચિવે સ્વામીશ્રીના કાર્યક્રમમાં ખૂબ જહેમત ઉઠાવેલી. એક સત્સંગીની જેમ જ સ્વામીશ્રીની સાથે ને સાથે રહેલા. આ સેવાનું ફળ રોકાણના છેલ્લા દિવસે સ્વામીશ્રી આપવા માંગતા હતા. તેઓને પોતાના ભોજનની પરવા નહોતી પણ એક ભાવિકની દરકાર હતી. તેથી તેઓ જગદીશ શર્માના ઘેર પધાર્યા. આ અણધારી કૃપાવર્ષાથી ભૂદેવ ભીંજાઈ ગયા. તેઓ ઝટપટ ઘરમાં જઈ જળ અને થાળી લઈ આવ્યા. સોફા પર બેઠેલા સ્વામીશ્રી સમક્ષ ઢીંચણભેર બેસી બોલ્યા: 'આપનાં ચરણ ધોવાં છે.'

'આ મૂર્તિનાં ચરણ ધૂઓ. અમારા નહીં.' સ્વામીશ્રીએ ઠાકોરજી સમક્ષ નિર્દેશ કરતાં કહ્યું.

જગદીશ શર્મા માટે આ અનુભવ નવો હતો. ભારતમાંથી સદીઓ પહેલાં અહીં આવી ગયેલા ભારતીયોમાં મંદિરો અને શાસ્ત્રપઠનને કારણે ધાર્મિક જીવન જીવવાની ભાવના દેખાતી હતી. તેથી ભોળા અને સરળ તેઓ હિંદમાંથી આવતા દરેક સંતને આવકારતા, તેઓની ચરણધૂલિ મસ્તકે ચડાવતા, ચરણામૃતનું પાન કરતા અને તે દ્વારા મા ભોમના સાંનિધ્યનો અનુભવ કરતા. એ જ ક્રમ આજે આ ભાવિક અનુસરી રહેલા, પરંતુ તેમાં કંઈક વિશેષ અનુભવી રહ્યા. આજ સુધી સૌએ ચરણ ધરેલાં. સ્વામીશ્રી પહેલા મળ્યા જે ચરણ પાછા ખેંચી રહેલા.

શર્માજીએ ઠાકોરજીનું પૂજન કર્યું. તે પછી તેઓ ભેટ ધરવા ગયા, ત્યારે પણ સ્વામીશ્રી બોલ્યા : 'આપ તો બ્રાહ્મણ છો ને વળી અમારી ખૂબ સેવા-વ્યવસ્થા કરી છે. માટે તમારી ભેટ ન લેવાય. તમો આ ભેટ પ્રસાદીરૂપે પાછી રાખો.'

એક ઘડી પહેલાં જ સ્વામીશ્રીના નિરાભિમાનીપણાથી ઘાયલ થયેલા સચિવ સ્વામીશ્રીના આ નિર્લોભીપણાથી તો ઘેલા જ થઈ ગયા. તેઓને લાગ્યું કે આ સ્વામીશ્રીએ *'કામ, દ્રવ્ય ને માન છે જેહ, તેહ સારુ નથી ધર્યો દેહ.'*

મોરેશિયસની આ છેલ્લી પધરામણી કરી સ્વામીશ્રી રાત્રે ૧૧:૫૦ વાગ્યે ભોજન કરવા બિરાજ્યા.

## તીર્થોદકમાં તીર્થોત્તમ

મોરેશિયસમાં તે સમયે વિશ્વનો પાંચમા નંબરનો ગણાતો બગીચો 'ધ રોયલ બોટાનિકલ ગાર્ડન એટ પોમ્પ્લેમાઉસ્યૂએસ' (The Royal Botanical Garden at Pomplemoussues) હતો. ૮૦૦ એકરમાં વિસ્તરેલા આ બાગમાં એશિયામાંથી લવાયેલા જુદા જુદા પ્રકારના છોડ રોપવામાં આવેલા. સન ૧૭૭૦થી અસ્તિત્વમાં આવેલું આ ઉદ્યાન તા. ૯/૧૨ની સવારે સ્વામીશ્રીના સાંનિધ્યથી પાવન થયું. સ્વામીશ્રીએ મોટરમાં બેસી તેના કેટલાક ભાગો પર દૃષ્ટિ કરી.

અહીં પાણીના તળાવમાં મોટાં ટાટ જેવાં ગોળ પાંદડાં હતાં. આ નવીન સર્જન જોતાં જ તે પર ઠાકોરજીને બિરાજમાન કરવા સ્વામીશ્રીએ જણાવ્યું. ભગવાનને નિત નવા લાડ લડાવવા તેઓનું હૈયું હંમેશા થનગનતું રહેતું. ઠાકોરજી પત્રાસન પર આરૂઢ થયા એટલે તેની ફિલ્મ પણ સ્વામીશ્રીએ લેવડાવી.

અહીંથી ત્રિયોલેમાં આવેલા મહેશ્વરનાથ મંદિરમાં દર્શન કરી દરિયાકિનારે પહોંચ્યા. આજે સોમવાર હતો અને વળી એકાદશી પણ હોવાથી સ્વામીશ્રીએ સમુદ્રસ્નાનનો સંકલ્પ કરેલો. તે માટે મર્યાદા જળવાય એવા સાનુકૂળ કિનારાની શોધ કરતાં કરતાં મોટરમાં જ ઘણો વિહાર થઈ ગયો. તેમાં મોંસ્વાઝી કિનારા તરફ જતાં તો સ્વામીશ્રીની મોટર ધૂળમાં ફસાઈ ગઈ. આજે તેઓ વિદાય લેવાના હતા તે જાણે આ ધરતીને ગમ્યું નહીં હોય. એટલે તેણે મોટરનાં પૈડાં જકડી લીધાં! ગાડીચાલકે ઘણો પ્રયત્ન કર્યો પણ ભૂમિની પકડ જોરદાર રહી. છેવટે ગાડીમાં બેઠેલા સૌ ધક્કો મારવા માંડ્યા, છતાં તે ટસની મસ ન થઈ. ધરતીને તરસ હશે સ્વામીશ્રીના પાદસ્પર્શની. તેથી છેલ્લે સ્વામીશ્રી ગાડીમાંથી ઊતર્યા અને તેઓએ પણ ધક્કો લગાવ્યો. ભગવાનનું બળ ભળે અને દેવતાઓ જીતે તેમ અંતે સ્વામીશ્રીના બળે કામ થયું. ગાડી ઊપડી અને મોંસ્વાઝી કિનારે આવીને ઊભી રહી.

અહીં દરિયો સ્વચ્છ હતો. શાંત હતો. વળી, એકાંત હતું. હરિભક્તોની સંખ્યા પણ મર્યાદિત હતી. તેથી સ્નાનની સાનુકૂળતા ઘણી રહી. સ્વામીશ્રીએ ઠાકોરજીને ખૂબ સ્નાન કરાવ્યું. દરેકને મસ્તકે ઠાકોરજી પધરાવીને જળ ચડાવી વિશિષ્ટ લાભ આપ્યો. સૌએ સ્વામીશ્રીને પણ ઘણું નવરાવ્યા. સ્વામીશ્રીએ ડૂબકીઓ મારી, જળ પર ચત્તાં સૂઈ જઈ અલૌકિક દર્શન આપ્યાં. સ્નાન કરતાં કરતાં બોલ્યા: 'આજે એકાદશી તે કાર્તિક સ્નાન થઈ ગયું. વળી, સોમવાર. દરિયાસ્નાનમાં બધાં તીર્થોનું સ્નાન આવી જાય.'

લગભગ અડધો કલાક સુધી આ સ્નાનલીલાનો અપૂર્વ આનંદ આપી સ્વામીશ્રી બહાર પધાર્યા. ત્યારબાદ ઠાકોરજીને મોટરના બોનેટ પર પધરાવીને સૌ હરિભક્તો પાસે પૂજન કરાવડાવ્યું. આમ, દરિયો ભરાય એટલી સ્મૃતિઓ આપી સ્વામીશ્રી ઉતારે પધાર્યા.

## WELCOME AT MID–NIGHT (મધરાતે સ્વાગત)

તા. ૯/૧૨ની રાત્રે સ્વામીશ્રી બિરાજતાં જ એર મોરેશિયસના વિમાને ૩,૧૧૨ કિ.મી.નું અંતર કાપવા સડસડાટ દોડીને આકાશમાં છલાંગ લગાવી. વિમાન ઊડ્યું કે તરત જ સ્વામીશ્રી બોલ્યા: 'ચાલો, આરતી કરી લઈએ.' અને તેઓના ધીમા મધુર સ્વર વિમાનમાં ફરી વળ્યા.

આરતીનું આહ્નિક પૂરું થતાં તેઓએ હાથમાં માળા લીધી. મીંચાયેલાં નેત્રો, મહારાજની મૂર્તિમાં એકાકાર મુખમુદ્રા, મંત્રોચ્ચારનો અહેસાસ કરાવતા સહેજ ફફડતા હોઠ અને જમણા હસ્તમાં ફરતી માળા – સ્વામીશ્રીનાં આ દર્શન અદ્ભુત હતાં.[૧૭૩]

થોડી વારે કોઠારી સ્વામીએ પોતાની ડાયરી આશીર્વાદ લખવા તેઓને આપી, ત્યારે ૩૩,૦૦૦ ફૂટ ઊંચે બિરાજેલા સ્વામીશ્રીએ લખ્યું: 'જીવનમાં સાદાઈ, સાધુતા ને સરળતા ખૂબ જરૂરી. તેથી ખૂબ શાંતિ રહે અને મહારાજ, યોગીબાપા રાજી થાય.'

આકાશમાં આ આશીર્વાદ આલેખી સ્વામીશ્રી નૈરોબીના એમ્બાકાસી

---

૧૭૩. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની મોરેશિયસની મોક્ષપ્રદ લીલાઓને માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

એરપોર્ટ પર ઊતર્યા ત્યારે સ્થાનિક સમય મુજબ રાત્રિના ૧૦:૫૮ વાગ્યા હતા. અહીંથી સુશોભિત મોટરમાં બિરાજી તેઓ મંદિરે પહોંચ્યા ત્યારે સ્વાગતમાં મંદિર અલૌકિક શોભા ધારણ કરીને વિલસી રહેલું. રોશનીનો ઝગમગાટ જાણે તેના સ્મિતને ચમકાવતો હતો. લાલ જાજમના રૂપે તેણે પોતાનું હૃદય જ સ્વામીશ્રીના સ્વાગતમાં પાથરી દીધેલું. બેન્ડ-વાજાંના નિનાદ દ્વારા તેના હૃદયની ધડકન ગુંજી રહેલી. વરસતી પુષ્પવૃષ્ટિથી તે પોતાના રોમરોમમાં વ્યાપેલો આનંદ છાંટી રહેલું. સ્વામીશ્રી પધાર્યા એટલે જયનાદોથી વાતાવરણ ગાજી ઊઠ્યું. મધરાતે પણ વધામણીમાં ઊમટી પડેલા સેંકડો ભક્તો ગાઈ રહેલા: *'મારે ઘેર આવ્યા રે, સુંદરવર શામળિયો...'*

'या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।'[૧૭૪] – જે રાત્રિમાં જગતના જીવ સૂતા હોય તેમાં સંયમી પુરુષ જાગતો રહે છે. આ ગીતાવચન મુજબ સ્વામીશ્રીએ મધરાતે પણ અજવાળાં પાથરી દીધાં. તેઓના સાંનિધ્યમાં રાત્રિના ઘોર અંધકારમાં સર્વત્ર પ્રકાશ પ્રકાશ વર્તાતો હતો. ઠાકોરજી પણ મલકી રહેલા. *'મેરો હી સર્વસ્વ સોઈ'* જેવા આ સંત સર્વત્ર દિગ્વિજય કરીને પધારી રહ્યા છે તેનો આનંદ તેઓના મુખ પર ફરી વળેલો. તેઓને સ્વામીશ્રીએ કૃતજ્ઞતાપૂર્વક દર્શન-દંડવત કર્યાં અને સભામાં પધાર્યા. મધરાતે ૧૨:૩૫ વાગ્યે સ્વાગત-સભાનો પ્રારંભ થયો!

તેમાં સત્કારની ઔપચારિકતા બાદ આનંદપૂર્ણ આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

"બંધૂક કંધેથી ફાટે એવું થયું. અમે, તમે કોઈએ પણ ધાર્યું નહોતું. ભગવાનનું કામ ભગવાન કરે છે. અમૃતની હેલી જેવી વાત થઈ ગઈ છે. હાઈજેકનો જમાનો ચાલે છે. તે ક્યાં સુરતની વાત ને ક્યાં આવી પડ્યા![૧૭૫] ડૉક્ટર સ્વામી કહે છે કે 'અત્યારે તો જે સંકલ્પ કરો તે સિદ્ધ થાય છે.' સૌ રાજી રહેજો. ઉમંગ છે તો સમયની ખબર પડતી નથી. ભગવાનના ભક્તને ભક્તિ કરતાં કલ્પ જાય તોય ખબર ન પડે. ભક્તો ભેગા થાય ને ભક્તિ કરતાં કલ્પો જાય તોય ક્ષણ ગઈ એવું લાગે ને ભક્તિ વિના ક્ષણ જાય તો વર્ષો થઈ ગયાં લાગે. ડંકો વાગી ગયો. *પાડ્યા મહંત ને ગોડવી જો...* મહારાજ-સ્વામીના

---

૧૭૪. श्रीमद्‌भगवद्‌गीता – २/६९.

૧૭૫. આ વખતની જન્મજયંતી સુરતમાં ઉજવાવાની હતી, પણ અહીં ગોઠવાઈ ગયેલી તે સંદર્ભમાં.

પ્રતાપે થાય છે. આ બારાથી આવ્યા[૧૭૬] અને આ બારાથી જઈશું.''

આ આશીર્વાદ પછી પણ હારતોરાનો વિધિ ચાલ્યો. રાત્રિનો દોઢ વાગી ચૂકેલો છતાં કોઈ ખસવાનું નામ લેતા નહોતા; પરંતુ સ્વામીશ્રીને નિર્જળા ઉપવાસ હતો. તેથી પોણા બે વાગ્યે સભાનું સમાપન કરવામાં આવ્યું અને સ્વામીશ્રી આરામમાં પધાર્યા.

## બધા દૃઢતા કરીને આવ્યા છે

ગઈકાલે મુસાફરીનો થાક, ઉપવાસનો શ્રમ અને મધરાતનો ઉજાગરો વેઠવા છતાં તા. ૧૦/૧૨ના રોજ સ્વામીશ્રી સમયસર પરવારી ગયેલા અને જાણે કથારસથી જ પારણાં કરતા હોય તેમ સતત એંશી મિનિટ સુધી ગઢડા મધ્ય પ્રકરણના ૨૮મા વચનામૃત પર વાતો કરતાં જણાવ્યું કે –

'અનંત જન્મથી મનધાર્યું કરતાં આવ્યા છીએ. આ જન્મે ગુરુમુખી થવું તો શાંતિ મળે. ભક્તો આંગણે આવ્યા છે તો સેવા કરજો. 'આવો શેઠ ને નાંખો વખારે' એમ નહીં. ભક્તની સેવા મહિમાથી કરે તે ભક્તિ. અતિ રૂડું થાય તે જીવનું રૂડું થાય એ. ભગવાન સાથે ભક્તની સેવા કરવાની છે. ઘણા કહે છે કે 'મહારાજ સાથે ગુણાતીતની મૂર્તિ ન જોઈએ.' હોય તોય કાઢી નાંખે. મહારાજ સાથે માણકી ઘોડીને પૂજે. લીંબડો કડવો પણ તેને પગે લાગે. પથરો માથું અથડાય તો લોહી નીકળે તોય તેને પગે લાગે. ને સંત તેવા પણ નહીં?! બધા વચનામૃત વાંચે છે પણ દીવા તળે અંધારાં જેવું થાય છે. શાસ્ત્રીજી મહારાજ આવ્યા ને વાત સમજાવી. આપણે બેઠા છીએ તો તે ભગવાનના અક્ષરધામમાં જ આ બેઠા છીએ. ભક્તો બેઠા છે ને મહારાજ વાત કરે છે. અક્ષરધામમાં મહારાજ સમીપે બેઠા છીએ. ભગવાનના ધામમાંથી પડે એટલે સત્સંગમાંથી પડી જાય. આવું અક્ષરધામનું સુખ છે તેમાંથી નીકળી જાય.'

સ્વામીશ્રીના આ કથાપ્રવાહમાં તણાતા સૌ જાણે અક્ષરધામનું સુખ જ અનુભવી રહ્યા !

સ્વામીશ્રીએ જ્યાં કથા પૂર્ણ કરી ત્યાં જ ઉદ્‌ઘોષકે જાહેરાત કરતાં કહ્યું : 'બધા ભક્તો દંડવત કરીને સમજણની દૃઢતા કરે.'

'બધા દૃઢતા કરીને જ આવ્યા છે.' સ્વામીશ્રી તરત બોલી ઊઠ્યા.

---

૧૭૬. ભારતથી નૈરોબી આવેલા અને નૈરોબીથી ભારત જઈશું.

તેઓ સૌને મહિમાની દૃષ્ટિથી જ જોતા. તેઓને મન કોઈ હરિભક્ત સાધારણ નહોતો.

## રાસ રમ્યા સુખદાઈ

તા. ૧૨/૧૨ના રોજ કેન્યાના સ્વાતંત્ર્યદિન – Uhuru day નિમિત્તે સ્વામીશ્રીએ દેશની સુખાકારીના આશીર્વાદ આપી દેશની ભલાઈ અને પ્રગતિ માટે યુવક મંડળ પાસે પાંચ મિનિટ ધૂન કરાવી. સ્વામીશ્રીએ પાઠવેલી આ શુભેચ્છા તેઓની છબી સાથે અખબારોએ પ્રસિદ્ધ કરેલી. આમ, દેશના સ્વાતંત્ર્ય પર્વે રાજનેતાઓની સાથે સાથે આ ધર્મનેતાને પણ પ્રસાર-માધ્યમો ચમકાવતા રહ્યા.

પરંતુ સ્વામીશ્રીનું મુખ્ય કાર્ય તો જીવની મુક્તિનું હતું. તેથી સ્વાતંત્ર્ય-પર્વની પ્રાસંગિક ઉજવણી બાદ તેઓએ તે કામ હાથ પર ધરતાં, લગાતાર સવા બે કલાક સુધી કથા-વાર્તાનો લાભ આપ્યો. છેક બપોરના એક વાગ્યે સ્વામીશ્રીનો વાણીપ્રવાહ થંભ્યો ત્યારે સૌ બ્રહ્મરસથી નાહી રહેલા. ભોજન પણ ભૂલી ગયેલા ! પરંતુ સ્વામીશ્રીએ ભજન બાદ ભોજનનો સ્વાદ પણ સૌને એવો જ પમાડ્યો.

તે માટે તેઓ સભામંડપમાં જ જમવા બિરાજ્યા. સામે ભક્તોની પંગતો પડી ગઈ. દરેકને બુંદીના બબ્બે લાડુ સ્વામીશ્રીએ પીરસ્યા. લાડુ થોડા જ બનાવેલા પણ સ્વામીશ્રીના પ્રતાપે દોઢસો માણસોની રસોઈમાં ત્રણસો ભક્તો ભોજન લઈને તૃપ્ત થયા !

ભોજન બાદ વળી પાછો ભજનના સુખનો ક્રમ આવ્યો. સ્વામીશ્રીએ બપોરે અઢીથી ત્રણ વાગ્યા સુધી કથામૃત પીરસ્યું. હજી તો આ અમૃત રગરગમાં પ્રવર્ત્યું - ન પ્રવર્ત્યું ત્યાં તો સાંજે સવા પાંચ વાગ્યે વળી કથામૃતનો ઘૂંટડો પિવડાવવા સ્વામીશ્રી હાજર થઈ ગયા.

સાંજે સાત વાગ્યે આ કથાનો કાર્યક્રમ પૂરો કરી તેઓએ સૌને ભોજનનો વિરામ આપ્યો. પણ રાત્રે સાડા નવ વાગ્યાથી પુનઃ સભાનો દોર સધાયો.

આ સભામાં યુવક મંડળ સવાદ્ય કીર્તનભક્તિ રજૂ કરી રહેલું. જેમ જેમ ભક્તિનો રંગ જામતો ગયો તેમ તેમ હૈયાંની સાથે યુવકોના પગ પણ હાથમાં ન રહ્યા અને તેઓ દાંડિયા લઈ રાસ રમવા લાગ્યા. આ રાસ રમતાં રાત્રિના અગિયાર વાગ્યાનો સમય થવા આવ્યો. કાર્યક્રમ હવે સમાપનના

કિનારા તરફ ગતિ કરી રહેલો, ત્યાં જ અચાનક ભરતી ચઢી. સૌની વિનંતીથી સ્વામીશ્રી ઊભા થયા અને હાથમાં દાંડિયા લઈને યુવકો સાથે રાસ રમવા લાગ્યા. તે જોઈ યુવકોની સાથે વડીલો અને વૃદ્ધો પણ યુવાન થઈ ગયા. વારાફરતી સૌ સ્વામીશ્રીના દાંડિયા સાથે દાંડિયા ટકરાવતા ગયા અને એ મૂર્તિ હૈયામાં પરોવતા ગયા. રાસરમણ કરતા સ્વામીશ્રીનાં આ પ્રથમ જ દર્શનથી સૌ ઘેલા ઘેલા થઈ ગયા. સૌને એક ચિરંજીવી સ્મૃતિ મળી ગઈ. દેશનો સ્વાતંત્ર્યદિન પણ અમર થઈ ગયો.

## તેથી દુઃખાયે કોણ દિલમાં

તા. ૧૪/૧૨ની સવારે સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા બાદ કોઠારી સ્વામીની ડાયરીમાં બ્રહ્મસૂત્ર લખતાં હોય તેમ અક્ષર પાડ્યા કે 'દરેક કાર્યમાં મહારાજનું કર્તાપણું સમજવું તો કોઈ તરફ દ્વેષ કે અવગુણ ન આવે અને આનંદ રહે.'

આ અરસામાં અહીંના એક હરિભક્તે વ્યવસાયમાં માલ-સામાનની હેરફેર માટે ઉપયોગી થાય તે હેતુસર પિક-અપ વાન ખરીદેલી. તેનું પૂજન કરાવવા આ વાહનને તેઓ મંદિરે લઈ આવેલા. સ્વામીશ્રીએ ઠાકોરજી અને પુષ્પો પધરાવી પૂજનવિધિ કર્યો. પણ પછી તે ભક્તે 'સ્વામીશ્રી વાહનમાં બેસે એટલો જ નહીં, તેમાં બેસીને એક ચક્કર લગાવે,' તેવો મનોરથ વ્યક્ત કર્યો.

આ વાત સાંભળી સૌનાં ભવાં ચડી ગયાં. આ પ્રસ્તાવમાં કો'કને અવિવેક તો કો'કને સ્વામીશ્રીને પડનારો ભીડો જણાયો. પણ સ્વામીશ્રીને તેમાં એક ભકતને રાજી કરવાની તક દેખાઈ. તેથી તેઓ ઠાકોરજી સાથે તે પિક-અપ વાનમાં બિરાજ્યા. પેલા હરિભક્તે મંદિર સામે આવેલા ચોકનું ચક્કર મરાવી વાહન પાછું મંદિરના દરવાજે લાવીને ઊભું રાખ્યું, ત્યારે તે હરિભક્ત જેટલા રાજી હતા તેથી અધિક પ્રસન્ન સ્વામીશ્રી હતા.

આ જ રીતે નકુરુના એક યુવકે ઇચ્છા વ્યક્ત કરેલી કે 'બાપા! મારી બહેનનો વિવાહવિધિ છે. તેમાં આપ બનેવીને આશીર્વાદ આપવા પધારો.'

સ્વામીશ્રીએ કોઈ જ હિચકિચાટ વગર આ વાત વધાવી લીધેલી અને તા. ૧૫/૧૨ના રોજ આવવા-જવાની કુલ ૩૦૦ કિ.મી.ની મુસાફરી કરીને એ યુવાનનો સંકલ્પ પૂરો કર્યો. પોતાના ભરચક કાર્યક્રમમાં એક આખો દિવસ તેઓએ જાણે આ યુવાનને આપી દીધો.

સ્વામીશ્રીથી જીવનભર કોઈનું દિલ દુઃખાયું નહોતું. સૌને તેઓએ

રાજી જ રાખેલા.[૧૭૭]

## અમે તમારી રાહ જ જોતા હતા

આ વખતના રોકાણ દરમ્યાન સ્વામીશ્રી કેન્યાના સંરક્ષણમંત્રીશ્રી જેઈમ્સ ગિચુરુ, ભારતીય હાઈકમિશનર એરમાર્શલશ્રી અર્જુનસિંહ તથા નૈરોબીના ઉપમેયરશ્રી એન્ડ્ર્યુ નગુમ્બાને પણ મળ્યા. ઉપમેયરે તો સ્વામીશ્રીને Coat of Arms સન્માન-પ્રતીક આપીને આવકાર્યા. સૌ મહાનુભાવોએ સ્વામીશ્રી સાથેની મુલાકાતથી ધન્યતા અનુભવી.

આવા મહાનુભાવોના માનનીય સ્વામીશ્રીને તા. ૧૮/૧૨ના રોજ હરિભક્તો દુનિયાની અજાયબી સમા કીકુયુ સરોવર પર લઈ ગયા. અહીં પાણી પર લગભગ દોઢ ફૂટ જાડું જમીનનું પડ છે. તે ભૂમિ પર ઘાસ વગેરે પણ ઊગેલું છે. આ જમીન પર ઢોર ચરે, માણસ ફરે, પણ તે પાણી પર તરે એવી અજબ રચના છે. સૌએ તે જળ-જમીનને સ્વામીશ્રીનાં પગલાંથી પાવન કરવાનો વિચાર કરેલો. તે માટે સ્વામીશ્રીને વૉટરપ્રૂફ પગરખાં પહેરાવીને પદાર્પણ કરાવ્યું. સ્વામીશ્રી તો ધીરે ધીરે પગલાં મૂકતા હતા, પણ સાથે આવેલા યુવકો તો કૂદાકૂદ કરવા લાગ્યા. તેથી હાલક-ડોલક થતી નૌકાની જેમ જમીન ઊંચી-નીચી થવા લાગી. શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે 'પૃથ્વી છાણાની પેઠે પાણીમાં તરે છે...' તે આવું જ કંઈક હશે તેમ સૌ વિચારી રહ્યા. સૌને મજા પડી ગઈ.[૧૭૮]

આ મજાનાં મોજાં સ્વામીશ્રીની ૫૪મી જન્મજયંતીનો દિવસ જેમ જેમ નજીક આવી રહેલો તેમ તેમ વધુ ને વધુ ઊંચે ઊછળતાં જતાં હતાં. આ ઉત્સવમાં સામેલ થવા માટે આફ્રિકાનાં વિવિધ કેન્દ્રોમાંથી હરિભક્તો આવી

૧૭૭. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની નૈરોબીની લીલાઓનો આસ્વાદ માણવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

૧૭૮. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આ ચરિત્રને નયન-ગોચર કરવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

રહેલા. પરદેશથી પણ ઘણા ભક્તો ઊડી આવેલા. આ રીતે જે જે હરિભક્તો આવે તેને પ્રેમપૂર્વક સ્વામીશ્રી મળતા. સભામાં તેઓનું સ્વાગત કરાવતા. પરિચય અપાવતા. આગંતુકને બે શબ્દો બોલવાનું કહેતા. આમ, પરસ્પર એકબીજાનો મહિમા સમજાવી સત્સંગને સંપ-સુહૃદભાવના સૂત્રથી સુગ્રથિત રાખતા. મહેમાન ભક્તોનાં આવાસ-નિવાસની અને ભજન-ભોજનની પણ યોગ્ય વ્યવસ્થા તેઓ ખટકો રાખી કરાવતા. તેઓને હરિભક્તો સચવાય, તેઓને કોઈ મુશ્કેલી ન પડે એ જ જાણે જન્મજયંતી હતી.

આ ક્રમમાં તા. ૨૦/૧૨ના દિવસે ભારતથી એ. પી. પટેલ વગેરે ભક્તો લાભ લેવા આવી પહોંચ્યા. જેવા તેઓ મળ્યા કે તરત સ્વામીશ્રી બોલ્યા: 'અમે તમારી રાહ જ જોતા હતા. સુખરૂપે આવી ગયા ને!'

સ્વામીશ્રીના આ વહાલભર્યા શબ્દો સાંભળી હરિભક્તોની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. *'મહામુનિના ધ્યાનમાં ન આવે'* એ સ્વામીશ્રી આપણી રાહ જુએ!' આ વિચારમાત્ર નહીં, પણ વાસ્તવિકતા નિહાળી તેઓના ગળે ડૂમો ભરાઈ ગયો. સ્વામીશ્રીની ભક્તવત્સલતા વાણીને મૂક અને હૃદયને બોલતાં કરી દે તેવી હતી.

## અમે ઋણી ગુરુજી તમારા છીએ

'उदेति पूर्वं कुसुमं ततः फलं घनोदयः प्राक् तदनन्तरं पयः।
निमित्तनैमित्तिकयोरयं क्रमस्तव प्रसादस्य पुरस्तु सम्पदः ॥'[૧૭૯]

– પહેલાં ફૂલ ખીલે, પછી ફળ બેસે. પહેલાં વાદળ બંધાય, પછી વરસાદ વરસે. નિમિત્ત અને નૈમિત્તિકનો આ જ ક્રમ છે. પરંતુ ગુરુની કૃપા તો આપણા સાધન વિના પણ વરસતી રહે છે. આ અનુભવમાંથી નૈરોબીનું સત્સંગ મંડળ અત્યારે પસાર થઈ રહેલું. કોઈ વિશેષ પુરુષાર્થ વિના તેને સ્વામીશ્રીની ૫૪મી જન્મજયંતી ઊજવવાનો કૃપાલાભ મળ્યો હતો. તેથી બધા ભક્તોનાં અંતરમાં ભાવના ઊછળતી હતી: *'અમે ઋણી ગુરુજી તમારા છીએ...'*

આ ભાવનાનો પડઘો પાડતાં ત્રણ ભવ્ય સમારંભો વીસા ઓસવાલ મહાજન વાડીમાં જન્મજયંતી નિમિત્તે યોજાયેલા. ત્રણ દિવસની સતત મહેનત કરીને યુવક મંડળે આ સમગ્ર વાડીની રોનક ફેરવી દીધેલી. વાડીનો એકે ખૂણો સુશોભન વિનાનો રહ્યો નહોતો. સભામંચની સજાવટમાં પણ

૧૭૯. अभिज्ञानशाकुन्तलम् – ૭/૩૦.

ભક્તિનો નિખાર હતો.

તેની વચ્ચે જન્મજયંતીનો પ્રથમ સમારંભ તા. ૨૧/૧૨ની સાંજે યોજાયો. તેમાં વિશેષરૂપે નૈરોબીમાં કાર્યરત વિવિધ સામાજિક સંસ્થાઓએ સ્વામીશ્રીને બિરદાવ્યા. હારતોરાનો ઢગલો થઈ ગયો. સૌનો સૂર એક જ હતો: *'અમે ઋણી ગુરુજી તમારા છીએ...'*

કો'કે સ્વામીશ્રીએ ફેલાવેલી ધર્મચેતના બદલ તેઓનું ઋણસ્વીકાર કર્યું, તો કો'કે બાળ-યુવાનોમાં સ્વામીશ્રીએ આણેલી આધ્યાત્મિક અભિરુચિ બદલ તેઓનું ઋણ માથે ચડાવ્યું. કો'કે સ્વામીશ્રીએ કરેલા અપાર પુરુષાર્થ બદલ, તો કો'કે સ્વામીશ્રીએ વરસાવેલા અનરાધાર સ્નેહ બદલ સ્વામીશ્રીનો ઉપકાર સ્વીકાર્યો. દરેકની અભિવ્યક્તિમાં સીધો અનુભવ જ નીતરતો હતો. તેથી વાતાવરણ એકદમ ભાવપ્રચૂર બની ગયું.

પરંતુ આ તમામ પ્રશસ્તિઓ જાણે કર્ણપટલ પર અથડાઈ જ ન હોય તેવા સ્થિતપ્રજ્ઞ ભાવથી સ્વામીશ્રીએ જણાવ્યું કે 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની દયાથી આ સેવા કરવાની તક મળી છે. સત્સંગની જાહોજલાલી, ધાર્મિક વાતાવરણ એવા પુરુષોના સંકલ્પથી જ છે. આપણા દરેક કાર્યમાં 'મહારાજ કરે છે' એવો ભાવ હંમેશા રાખવો. ભગવાને આપણને જે આપ્યું છે એની સામે ભગવાનને આપણે કાંઈ આપી શકીએ તેમ નથી.'

સ્વામીશ્રીના આ આશીર્વાદ સાથે જયંતીનો પ્રથમ સમારંભ પૂર્ણ થયો. આ પ્રસ્તાવનામાં જ એવી રસાનુભૂતિ અને સુખાનુભૂતિ થઈ ગઈ કે સૌએ આવતીકાલે જન્મજયંતીના મુખ્ય પ્રકરણનું પાનું ઊઘડવાની પ્રતીક્ષામાં જ રાત્રિ પસાર કરી.

## રહો અવિચળ અનંત કલ્પ સુધી

તા. ૨૨/૧૨, માગશર સુદ આઠમના દિવસે સ્વામીશ્રી અક્ષર વાટિકામાં પ્રાતઃપૂજા કરવા પધાર્યા ત્યારે અહીં મંચ પર ઠેર ઠેર શુભેચ્છાપત્રોની શોભા વર્તાઈ રહેલી. દેશ-પરદેશમાંથી પ્રાણપ્યારા ગુરુહરિનાં ચરણે સ્તોત્રો, સ્તવનો, કાવ્યો, વાક્યો, ચિત્રો વગેરે દ્વારા વહી રહેલો ઊર્મિઓનો પ્રવાહ એક જ સૂર સંભળાવતો હતો: *'રહો અવિચળ અનંત કલ્પ સુધી... Long Live Pramukh Swami...'* ચારે બાજુથી વહેતી અભિનંદનોની આ ગંગા વચ્ચે સ્વામીશ્રીએ તો નદી વચાળે ઊભેલી કોઈ શિલા પર બેસી માળા કરતા હોય

તેવી નિર્લેપતાથી ભજન કર્યું. તેઓની આસપાસથી પ્રેમનાં પૂર વહેતાં રહ્યાં.

પૂજા બાદ વિવિધ ઉપહારોથી સ્વામીશ્રીને વધાવતાં હરિભક્તો ઘેર બનાવેલી કેક પર ૫૪ મીણબત્તી પ્રગટાવીને લઈ આવ્યા. સૌની વિનંતીને માન આપી સ્વામીશ્રીએ એક ફૂંક મારી ૫૪ મીણબત્તીઓ ઓલવી નાંખી. તે જોઈ સૌએ પ્રચંડ જયનાદથી ગગન ગજવી મેલ્યું. જયનાદનો આ ગડગડાટ સાંભળી ઈન્દ્ર પણ દોડી આવ્યો, પરંતુ આ વખતે લાભ લેવામાં મનુષ્યો ફાવી ગયેલા. તેથી તેને સભાગૃહમાં પ્રવેશ મળ્યો નહીં. એટલે બહાર થોડી અશ્રુધારા વહાવી તેણે ચાલતી પકડી. પણ જતાં જતાં પ્રાર્થના કરતો ગયો કે –

'अहो अमीषां किमकारि शोभनं, प्रसन्न एषां स्विदुत स्वयं हरिः।
यैर्जन्म लब्धं नृषु भारताजिरे, मुकुन्दसेवौपयिकं स्पृहा हि नः॥'[૧૮૦]

– અહો! આ મનુષ્યોએ કયું પુણ્યકર્મ કર્યું છે? અથવા ભગવાન સ્વયં એમની ઉપર પ્રસન્ન થયા છે કે શું? અમારે પણ મનુષ્યજન્મની સ્પૃહા છે.

સ્વામીશ્રીએ કેક કાપી સૌને પ્રસાદી વહેંચવા આજ્ઞા કરી ત્યારે સૌએ કહ્યું: 'પહેલાં આપ જમો.'

'ના. હજી ઠાકોરજીનાં દર્શન બાકી છે.' સ્વામીશ્રીએ ખુલાસો કર્યો.

તેઓ સ્નાનાદિકથી પરવારી સીધા જ પ્રાતઃપૂજા માટે અક્ષર વાટિકામાં પધારેલા હોવાથી મંદિરમાં પધરાવેલી મૂર્તિઓનાં દર્શન થયાં નહોતાં. તેથી *'મુખડું જોયા વિના પાણીયે ન પીવું'*ની ટેક રાખનારા સ્વામીશ્રી જમે તો કેવી રીતે?

તેઓની આ ભક્તિ જોઈ સૌ નમી પડ્યા અને બોલી ઊઠ્યા: *'રહો અવિચળ અનંત કલ્પ સુધી...'* કારણ કે, તેઓ વિના આવી પરાભક્તિના પાઠ કોણ ભણાવી શકે એમ હતું!

પૂજા બાદ મંદિરમાં દર્શન-દંડવત કરીને પ્રદક્ષિણા ફરતી વખતે સ્વામીશ્રી બોલ્યા: 'આ શાસ્ત્રીજી મહારાજની આરસની પ્રતિમાની સામેના ભાગમાં યોગીજી મહારાજની આરસની પ્રતિમા તૈયાર કરી પધરાવવી.'

આજે જન્મજયંતીના દિવસે જ્યારે સૌ તેઓનું મહિમાગાન કરી રહેલા ત્યારે સ્વામીશ્રીનું મન તો ગુરુભક્તિમાં જ રાચતું હતું.

પ્રત્યેક જન્મજયંતીએ આશીર્વાદ આપવાને બદલે આશીર્વાદ માંગતા રહેલા સ્વામીશ્રી, ગુરુ પાસેથી તો ઠીક, પણ પોતાના શિષ્યો પાસેથીયે આ જ

---

૧૮૦. श्रीमद्भागवतपुराणम् – ૫/૧૯/૨૧.

અપેક્ષા રાખતા. તેથી આજે બપોરે પોણા ત્રણ વાગ્યે ભોજન લીધા બાદ તેઓએ મુંબઈમાં રહેલા ત્યાગવલ્લભદાસ સ્વામીને ફોનમાં જણાવ્યું કે 'ખાસ સંતોના આશીર્વાદ લેવા ફોન કર્યો હતો, જેથી સેવા બરોબર થઈ શકે.'

*'સદા નમે છે ફળવાન વૃક્ષ, સદા નમે છે કુળવાન દક્ષ...'*ની હકીકત સ્વામીશ્રીમાં કાયમ દેખાતી. જન્મજયંતીનો દિવસ પણ એમાં અપવાદરૂપ નહોતો. આવા ગુરુહરિ માટે સૌ કેમ ન ગાય કે *'રહો અવિચળ અનંત કલ્પ સુધી...'*

જન્મજયંતીની સાંજે ભવ્ય નગરયાત્રાનું આયોજન કરવામાં આવેલું. તે નગરયાત્રાના સમાપન સાથે જ સાંજે સાડા પાંચ વાગ્યાથી જન્મજયંતીનો તૃતીય સમારંભ શરૂ થયો. પ્રિઝન બૅન્ડે રાષ્ટ્રીય ગીતની તર્જ વગાડી કાર્યક્રમની ધારાને વહેતી કરી. ત્યારબાદ સન્માનવાની પરંપરા ચાલી. કો'ક પુષ્પહાર લઈને આવ્યું તો કો'ક માનપત્ર લઈને; કો'ક સ્મૃતિપ્રતીક લઈને તો કો'ક હાથીદાંતમાંથી બનાવેલી સ્વામીશ્રીની પ્રતિમા લઈને; કો'ક કીમતી શાલ લઈને તો કો'ક મીઠાઈ લઈને. સૌના સત્કાર બાદ પ્રશસ્તિ-વચનોનો પ્રવાહ શરૂ થયો. ક્રમશઃ આવીને કેટલાક મહાનુભાવોએ ગુણગાન ગાયાં. આટલામાં જ ચાર કલાક વીતી ગયા. અંતે સૌએ ૫૪ દીવાની આરતીનું અર્ઘ્ય સ્વામીશ્રીને અર્પ્યું ત્યારે દીવાની જ્યોત સાથે સૌનાં અંતરની જ્યોત પણ આરત વહાવી રહેલી : *'રહો અવિચળ અનંત કલ્પ સુધી...'*

જેની સૌ પ્રતીક્ષામાં હતા તેવા આ સમારંભનો ઉપસંહાર કરતાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે 'આ તો બધું ભગવાનનું કર્તવ્ય છે. મોટા-પુરુષના આશીર્વાદથી બધું કરી શકીએ. આપણે તો ફક્ત ટેકા જ આપવાના છે. મોટાપુરુષનાં કાર્ય ભગીરથ હોય છે. મોટાપુરુષની પ્રસન્નતા માટે જ હોય તો સહેજે કાર્યો થાય છે. સુરત મંડળે ઘણો ભોગ આપ્યો છે. તૈયારી કરવા છતાં મમત્વ મૂકવું મુશ્કેલ. કોઈ 'હા' ન પાડે. પણ મોટો દાખલો બેસાડ્યો છે. મનનું મૂકી દીધું અને સરળતા રાખી. આ તો શાસ્ત્રીજી મહારાજે શરૂ કરેલો માર્ગ છે. તો સૌ સાથે રહીને કાર્ય કરીએ. તમારા બધાની દૃષ્ટિ છે તેવી કાયમ રાખજો ને રાજી રહેજો.'

આ ઉત્સવ બાદ સ્વામીશ્રી રાત્રે સાડા અગિયાર વાગ્યે ઠાકોરજી જમાડવા બિરાજ્યા અને રાત્રે સાડા બાર વાગ્યે આરામમાં પધાર્યા. આજે સૌના સંકલ્પ પૂરા કરવા વહેલી સવારથી મોડી રાત સુધી તેઓએ ખૂબ

પરિશ્રમ ઉઠાવ્યો ! આવા ગુરુ માટે સૌનું હૈયું આ જ પ્રાર્થના કરી રહ્યું: '*રહો અવિચળ અનંત કલ્પ સુધી, સુખ આપો સહુને અપાર...*'[૧૮૧]

## મને કહ્યું હોત તો...

તા. ૨૩/૧૨ની સવારે અલ્પાહાર કરવા બિરાજેલા સ્વામીશ્રી સાથે રોજના ક્રમ મુજબ ડૉક્ટર સ્વામી બેઠા હતા. પરંતુ તેઓને તરત જ ખ્યાલ આવી ગયો કે 'આજે સુદ નોમ છે.' તેથી ઉપવાસનો દિવસ જાણી તેઓ ઊભા થઈ ગયા.

સ્વામીશ્રીએ આ જોયું પણ તેઓને થયું કે 'ડૉક્ટર સ્વામી કંઈક કામ અંગે ઊભા થયા હશે.' એટલે તેઓએ અલ્પાહાર શરૂ કર્યો. પરંતુ તે પૂરો થવા આવ્યો ત્યાં સુધી ડૉક્ટર સ્વામી નાસ્તો કરવા આવ્યા નહીં. તેથી સ્વામીશ્રીએ તે બાબતે પૂછ્યું, ત્યારે સંતોએ ઘટસ્ફોટ કર્યો કે 'આજે નોમનો ઉપવાસ છે. માટે તેઓ ઊભા થઈ ગયેલા.'

'મને કહ્યું હોત તો હું પણ ઉપવાસ કરત ને ! બે નોમ થઈ શકી.'[૧૮૨] વસવસો વ્યક્ત કરતાં સ્વામીશ્રી બોલ્યા.

'*તપ કરવું તે સંત આચાર...*' એ લક્ષણ સ્વામીશ્રીમાં અકબંધ હતું. તેઓ કદી તપમાં તૃપ્તિ પામ્યા નહોતા.

## ભગવાનને ધાર્યા છે તેથી મોટપ

તા. ૨૩/૧૨ની સાંજે સ્વામીશ્રીએ જાણે મંદિર-દર્શનયાત્રા ગોઠવી હોય એમ જૂના સ્વામિનારાયણ મંદિર, કચ્છી ભાવિકો દ્વારા સંચાલિત સ્વામિ-નારાયણ મંદિર, કચ્છી ગુજરાતી હિંદુ યુનિયન મંદિર અને ઇસ્કોન મંદિરમાં દર્શને પધાર્યા. દરેક સ્થળે ભાવપૂર્વક દર્શન કર્યાં. તેઓની પ્રવૃત્તિ રસપૂર્વક નિહાળી, વખાણી. પ્રત્યેક મંદિરમાં આર્થિક અનુદાન અપાવ્યા. ત્યારબાદ રાત્રે નવ વાગ્યે મંદિરમાં યોજાયેલી સભામાં આશીર્વાદ આપ્યા કે –

---

૧૮૧. પરમ પૂજ્ય સ્વામીશ્રીના આ ૫૪મા જન્મજયંતી મહોત્સવમાં સામેલ થવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

૧૮૨. આ પરદેશ પ્રવાસમાં તેઓએ સુદ નોમના બે ઉપવાસ કરેલા તે સંદર્ભમાં.

*'વેશે લેશ લેવાય નહીં, શાહુકાર નરેશનું સુખ;*
*બોલી દેશી તો બહુ તેમ જ કરે, પણ દામ હુકમનું રહે દુઃખ.*

વેશ લીધો તેથી રાજા થવાય છે? ભગવાન જેવો થવાને કોઈ સમર્થ નથી. ગમે તેવી સામર્થી આપણામાં આવે તોય ભગવાન તો એક સહજાનંદ સ્વામી જ છે. ભગવાન તે ભગવાન જ છે. આપણી મોટપ ભગવાનને લીધે છે. ભગવાનને ધાર્યા છે તેથી મોટપ છે. ભગવાનને લીધા વિના કોઈ મોટપ હોય નહીં.'

સ્વામીશ્રીના આ શબ્દોમાં ખરા જ્ઞાનીનું જ્ઞાન ઝળકી રહ્યું. શ્રીજી-મહારાજ કહે છે કે '...અને સાચા જ્ઞાની... પોતે અક્ષરસ્વરૂપ છે તોપણ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન તેના દાસ થઈને વર્તે છે... ને નિરંતર ભગવાનની ભક્તિ કર્યા કરે છે. અને શુષ્કવેદાંતી તો કેવળ દેહાભિમાની જીવ છે તો પણ ભગવાનનું ધ્યાન, સ્મરણ કે વંદન કરતા નથી.. ને પરમેશ્વરના સામાવડિયા થઈને બેઠા છે, માટે એ પાકા અજ્ઞાની છે...'[૧૮૩]

જે પોતે જ ભગવાન થઈને મનાવા-પૂજાવા માંડે છે તે જ્ઞાનના શિખરે નહીં પણ અજ્ઞાનના ઉકરડે ચઢેલો છે. ટાપુ જેટલો વિશાળ તેટલો જ લાંબો કિનારો હોય. તેમ ભગવાનના મહિમાનું જ્ઞાન જેટલું વધુ થાય તેટલો જ દાસભાવ વધારે દૃઢ થાય અને તેઓની ભક્તિ કરી શકાય. જે ભક્તિહીન છે તેને જ્ઞાનહીન ગણવા માટે અન્ય કોઈ પુરાવાની જરૂર નથી.

## ટાઢક કરવા આવ્યા છીએ

તા. ૨૪/૧૨ની સાંજે સ્વામીશ્રી ચાર્ટર્ડ પ્લેન દ્વારા મોમ્બાસા પધાર્યા. અહીં હવાઈ મથક પર જ તૈયાર કરવામાં આવેલા મંચ પર ઊભા રહી સ્વામીશ્રીએ હાથમાં મૅગાફોન લઈ પ્રાસંગિક આશીર્વાદ આપ્યા. ત્યારબાદ પચાસ જેટલી ગાડીઓના રસાલા સાથે મંદિરે આવી પહોંચ્યા.

અત્રે આજ રાતથી જ હિંદુ યુનિયનના મહાદેવ મંદિરમાં શ્રીમદ્-ભાગવતના પારાયણનો પ્રારંભ થતો હતો. તેમાં પોતાના આગમનનું પ્રયોજન સમજાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે 'તમારા સૌનો ભાવ હતો તો અહીં ફરી આવવાનું થયું. લોકો મોમ્બાસામાં તડકો ખાવા આવે છે. અમે અહીં તે તડકાની ગરમી ટાળી ટાઢક કરવા આવ્યા છીએ. આપણે એવું ભજન કરવું કે આ લોકમાં ફરી આવવું ન પડે. એક વાર તક ગઈ પછી તે તક ફરી મળતી નથી.'

---

૧૮૩. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૮.

આજે કહ્યા મુજબ સ્વામીશ્રીએ સાચે જ, અહીંના રોકાણ દરમ્યાન સૌનાં અંતર ટાઢા થઈ જાય તેઓ લાભ આપ્યો.

તા. ૨૫/૧૨ના રોજ એકાદશી હતી. તેથી તેઓએ પ્રાતઃપૂજા બાદ કથાના મેવાનો ભરપૂર આહાર કરતાં-કરાવતાં સવારે ૯:૦૫ થી ૧૧:૫૦ – સતત પોણા ત્રણ કલાક સુધી એકાદશીનું વચનામૃત[૧૮૪] નિરૂપ્યું હતું. 'કળિયુગે અન્ન સમા પ્રાણ' એમ કહેવાયું છે. *'પણ મારા પ્રાણ નથી એવા, સહુ જાણે છે સત્-યુગ જેવા'*ની જેમ સ્વામીશ્રી સત્-યુગના પ્રાણ લઈને કળિયુગમાં પધાર્યા હોય તેમ ઉપવાસના દિવસે વિશેષ ખીલતા. તેઓના જીવનમાં ઉપવાસ કોઈ પુષ્ટિવર્ધક પીણાં(ટૉનિક)નો ભાગ ભજવતું હોય તેમ જણાતું.

આજે રાવજીભાઈ પટેલ તરફથી પારાયણનો પ્રારંભ થવાનો હતો, પણ સ્વામીશ્રીની કથા વિરમે તો પારાયણનો પૂજનવિધિ થાય અને તે પછી પારાયણ શરૂ થવા પામે ને! સ્વામીશ્રીએ તો પ્રાતઃકથામાં જ પારાયણને સમેટી લીધેલું. તેથી તેઓની કથા બાદ પારાયણનો સંકલ્પ થયો અને યજમાને પૂજન કરી સ્વામીશ્રીને હાર પહેરાવ્યો. સદ્‌નસીબ યજમાન કે સંકલ્પ પહેલાં ફળ મળી ગયું! આંબે મોર બાઝે તે પહેલાં જ કેરી હાથમાં આવી ગઈ!

ત્રણ કલાકની મેરેથોન કથા બાદ સ્વામીશ્રી પોતાના ઓરડામાં બેઠેલા. તે વખતે આગેવાન ભક્તોએ સ્વામીશ્રીને ફરાળ અંગીકાર કરવા વિનંતી કરી. અજાણ્યા અભ્યાગતને પણ જમાડીને વિદાય કરે એવા ભક્તોને પોતાના આંગણે સ્વામીશ્રી સાવ જ નિર્જળા ઉપવાસ કરે તે કેવી રીતે ગમે? પણ સ્વામીશ્રીએ મૃદુ મક્કમતા સાથે કહ્યું: 'જમાડીને રાજી કરવા છે તે કરતાં વિશેષ રાજી જમ્યા વિના છીએ.'

તેઓનાં વાક્યો ટૂંકા પણ સચોટ નીકળતાં. તેથી સામેવાળાને કાંઈ બોલવાનું જ રહેતું નહીં. સૌએ પોતાનો પ્રેમાગ્રહ પડતો મૂક્યો, ત્યારે રાજી થઈ ગયા હોય તેમ સ્વામીશ્રી બોલ્યા: 'ચાલો, જમીશું તો નહીં, પણ જમાડીશું.' એમ કહી ભોજનશાળામાં પધાર્યા. અહીં સૌ હરિભક્તો પંક્તિબદ્ધ બેસી ગયા. સ્વામીશ્રીએ તે સૌને હાથમાં જગ લઈ કેરીનો રસ પીરસી આકંઠ તૃપ્ત કરી દીધા.

સ્વામીશ્રીનો પ્રેમ જનની ભુલાવી દે તેવો નિઃસ્વાર્થ હતો, તેઓની દૃઢતા પર્વતને ઝુકાવી દે તેવી અડગ હતી અને તેઓનું તપ સૂર્યને શરમાવી દે

---

૧૮૪ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૮.

તેવું દેદીપ્યમાન હતું. આવી ત્રિવેણી ત્રિલોકીમાં મળે એમ નથી.

## શ્રીજીમહારાજ સાચા સગા

એકાદશીની બપોર આખી સ્વામીશ્રીએ હરિભક્તોને મળવામાં વિતાવી. છતાં સાંજે પાંચ વાગ્યે મંદિરમાં દર્શન કરવા પધાર્યા અને સભામંડપમાં બેસી કથા શરૂ કરાવી. તેમાં પ્રાસંગિક વાત કરતાં કહ્યું કે 'જમીન અણખેડી પડી છે. ખેડનાર જોઈએ તો પાક લેવાય. ભગવાન ભજવાની ભૂખ છે. યોગ થાય તો કામ થઈ જાય. ડૉક્ટર સ્વામી જેવા વાતો કરે તો બળ મળે, કારણ કે એમનું વર્તન વાતો કરે છે. જોઈને અંતર ઠરી જાય તેવા ગુણ, સાધુતા છે. કેવળ સ્વામીને રાજી કરવા તાન છે. સાઉથ(આફ્રિકા)માં નારાયણ ભગતની વાતોથી ખૂબ સમાસ થયો. જીવને બળ કથાવાર્તાથી મળે છે. ઘેર પણ પુસ્તકો વાંચવાં. કેટલાક નૉવેલ(નવલકથા) વાંચે. ટીખળ વાંચીને ટીખળ ઘાલવાનાં ને! તેમ કરવામાં જરા સુખમાં મોટું બંધન થાય. પિક્ચરમાં ડાકુઓનું જુએ. તેમાંથી ખરાબ ગ્રહણ થઈ જાય. અનંત જન્મથી ખા ખા ને ઊંઘ ઊંઘ કર્યું છે. અનંત જન્મ મોજશોખ કર્યા છે તોય તૃપ્તિ થઈ નથી, તે પાંચ-પચાસ વર્ષમાં શું થવાની છે? વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવાનું છે. વિચાર કરવા રહીએ તો કાંઈ ન થાય. માટે યોગીબાપાને રાજી કરી લેવા.'

સ્વામીશ્રીની વાતો મુમુક્ષુને નીંભર ઊંઘમાંથી જગાડીને દોડતા કરી મૂકે એવી રહેતી.

આ જ શૈલીથી રાત્રિસભામાં આશીર્વાદ આપતાં તેઓએ જણાવ્યું કે 'થાક ઉતારવા માટે ભગવાનની કથા છે. જન્મ-મરણનો રોગ ટાળવા માટે શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ પુરુષની જરૂર પડે. ભગવાન આપણું રક્ષણ કરે છે, બીજા કોઈ નહીં. ભગવાન સાચી વસ્તુ છે. શ્રીજીમહારાજ સાચા સગા, સાચા રક્ષણ કરનારા છે. ભાગવતની કથામાંથી આ સમજવાનું છે.'

સ્વામીશ્રીએ સંક્ષેપમાં શાસ્ત્રસાર સમજાવી દીધો. જેમ ગોરધનદાસ કોઠારીએ વરતાલમાં ભગતજી મહારાજને કહેલું કે 'તેં તો દૂધમાં ઝામણ નાંખીને માખણનો પિંડો તારવી લીધો છે.' તેમ સ્વામીશ્રી પણ સીધું નવનીત જ શ્રોતાના હાથમાં મૂકી દેતા. તેઓની કથા સૌને માફક આવતી તેનું કારણ પણ આ જ હતું કે તે માપસર અને મુદ્દાસર રહેતી. તેમાં શ્રોતાનાં મનને ગોળ ગોળ ફેરવતું બિનજરૂરી લંબાણ ન હોય. મનને મૂંઝવે એવી દ્વિધાત્મક વાતો

ન હોય. જે હોય તે સારરૂપ હોય, સરળ અને સચોટ હોય. આજની જ નહીં પણ યુગાંતર સુધીની પેઢીઓને અસરકારક વક્તા થવા માટે સ્વામીશ્રીની પ્રવચનશૈલી ઉપકારક બને તેવી છે.

## સાગરકાંઠે સદ્‌ગુણ-સાગર

તા. ૨૬/૧૨ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં સૌને વનવિહારની સ્મૃતિ મળી. તે નિમિત્તે કુરજીભાઈના શાંભા(ફાર્મ)માં પધારેલા સ્વામીશ્રી સ્વચ્છ નવા જળથી ભરેલા તરણહોજમાં ઊતર્યા ત્યારે સૌ યુવકોએ પાણીમાં જ તેઓને પોતાના હાથ પર અધ્ધર ઊંચકી ઘણી ગમ્મત કરી. તે દૃશ્ય જોઈ સમજાતું હતું કે *'મેલી પોતાની મોટ્યપ નાથ, મળી રહ્યા મનુષ્યને સાથ'* એવા સ્વામીશ્રી કેટલા સોંઘા થયા છે!

તેઓની આ જ સોંઘારતને કારણે તા. ૨૭/૧૨ના રોજ સૌને બમ્બુરી બીચ પર સ્વામીશ્રી સાથે સમુદ્રસ્નાનનો લાભ પણ મળ્યો.

આ કાર્યક્રમ માટે સવારે અગિયાર વાગ્યે દરિયાકિનારે બાંધેલા હિંદુ યુનિયનના શેડમાં આવી બિરાજેલા સ્વામીશ્રીએ પ્રથમ સૌને જ્ઞાનગંગામાં સ્નાન કરાવતાં કહ્યું કે 'જીવોનું અજ્ઞાન ટાળી, મૂળ સ્વરૂપ ઓળખાવી, સનાતન જ્ઞાન આપવું તે સંતની મહત્તા છે. વાયર તો ઘણા હોય છે પણ જેમાંથી ઝટકો(શોટ) લાગે તે વાયર સાચો. તેમ ભગવાનનો અનુભવ કરાવે તે ગુરુ સાચા.'

સાગરનાં ઘૂઘવતાં જળની સામે સ્વામીશ્રીની વાણીનાં નીર પણ દોઢ કલાક સુધી એવાં જ ખળકી રહ્યાં. બંનેમાં ફર્ક એટલો હતો કે એક નીર ડુબાડે તેવાં હતાં અને બીજાં નીર તારે તેવાં હતાં!

પોણા બે વાગ્યે કથાની સમાપ્તિ બાદ સૌ દરિયાકાંઠે જ જમવા બેઠા. સ્વામીશ્રીના સંગમાં એક પછી એક આનંદના અધ્યાય ખૂલતા જતા હતા. ભોજન બાદ વળી સ્વામીશ્રીએ કથાવાર્તા કરીને પોણા ત્રણ તો વગાડી જ દીધા. હવે સૌએ તેઓને કલાક આરામ કરીને સમુદ્રસ્નાન માટે ચાર વાગ્યે આવવા જણાવ્યું. પણ સ્વામીશ્રી હજીયે કથારસના તરસ્યા હતા! તેથી તેઓએ 'જવા-આવવામાં સમય થાય. પથારી કરતાં સવાર થાય એવું બને. માટે કોઠારી (સ્વામી), હર્ષદભાઈ વાતો કરે ત્યાં સમય થઈ જશે.' એમ કહી સત્સંગની વાતો કરાવી.

બરાબર સાડા ત્રણ વાગ્યે ભરતી આવવી શરૂ થઈ; દરિયામાં નહીં, પણ દિલમાં, કારણ કે આ સમયે સ્વામીશ્રી કછોટો મારી સમુદ્રસ્નાન માટે પધાર્યા. પહેલાં ઠાકોરજીને જળ ઝિલાવ્યું. ત્યારબાદ સૌનાં શિરે જળ છાંટ્યું. પછી ધીરે ધીરે તરતાં દરિયામાં ઘણે દૂર સુધી ગયા. અનેક પ્રકારની ઢબથી તરીને તરણકળાની કુશળતા બતાવી સૌને આનંદમાં તરબોળ કરી દીધા. તે જોઈ ભક્તોને લાગ્યું કે 'આવા પ્રબળ તરવૈયા જેને મળ્યા તેને ડૂબવાની બીક રાખવાની જરૂર નથી.' લગભગ દોઢ કલાક સુધી આ લીલા ચાલી. સૂર્ય પણ સ્વામીશ્રીના ભગવા રંગે ભગવો થયો ત્યાં સુધી સૌ ન્હાયા.

છેલ્લે ઠાકોરજી અને સ્વામીશ્રીના પૂજનનો લાભ લઈ ભક્તો મંદિરે પરત ફર્યા ત્યારે સાગરકાંઠે સદ્‌ગુણ-સાગર સ્વામીશ્રીની સ્મૃતિ સૌનાં હૈયે અંકાઈ ગયેલી. તેને કોઈ દુઃખ-દરિયાનાં મોજાં ભૂંસી શકે એમ નહોતાં.

## યુવાશિલ્પના ઘડવૈયા

તા. ૨૯/૧૨ની સવારે યુવક મંડળની રવિસભા યોજાયેલી. જેમ ઘરમાં આવવાનું આમંત્રણ આપવાનું ન હોય તેમ સ્વામીશ્રીને યુવકોની રવિસભામાં પધારવાનું કહેવું પડે? સંતાનને જોઈને મા દોડે અને માને જોઈને સંતાન દોટ મૂકે એવો સંબંધ હતો – સ્વામીશ્રી અને યુવાનોનો. એકબીજાને જોઈને કોઈ ધીરજ ધારી શકતું નહીં. તેથી સ્વામીશ્રી પચીસ યુવકોની એ રવિસભામાં જઈ પહોંચ્યા.

અહીં આદર્શ યુવાનનું શિલ્પ ઘડતા હોય તેમ શબ્દોનાં ટાંકણાં મારતાં તેઓએ જણાવ્યું કે –

'યોગીજી મહારાજના આદેશથી યુવક મંડળ ચાલે છે ને યુવકો વધે છે. પાડોશમાં રહેતા, સગાં-મિત્ર સર્વને લાવવા પ્રયત્ન કરવો. તે સંસ્કાર હોય તો આવે પણ આપણી તો સેવા સત્સંગ કરાવવાની થઈ જાય. રવિવારનો દિવસ ભાંગવો નહીં. ટાઇમે પહોંચી જવું. ક્લાસમાં છેલ્લે આવે તો પાસ ક્યાંથી થાય? અભ્યાસમાં પણ સારા નંબરે પાસ થવું. ભક્ત પણ સારા થવું. દંભી નહીં. મંદિરમાં પહેલાં ભગવાનને પગે લાગવું. મૂર્તિઓ આગળ ઊભા થઈ, લાંબા થઈ પાંચ દંડવત કરવા. મંદિરમાં સત્સંગ કરવા, જ્ઞાન મેળવવા આવ્યા તો કૂદવાનું, ગમ્મત કરવાનું ન હોય. માળા લઈ પલાંઠી વાળી સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરવું. શિસ્ત જાળવવી. નવાંને એવું વર્તન જોઈ છાપ

પડી જાય. યુવકોમાં શિસ્ત જોઈએ જ. કોઈનો અનાદર ન થાય તે જોવું. સભામાં વાત થાય જ નહીં. આપણે વાત કરીએ ને બીજાને લાભ લેવા ન દઈએ તે પાપ ગણાય. ઊંઘ આવે તો ઘેર જઈ સૂઈ જવું પણ ડખલ કરવી નહીં. મા-બાપે ઉછેરીને મોટા કર્યા છે તો આપણે તેનું કામ કરવું જોઈએ. 'મારે આ ખાવું છે' તો બિચારી બા બનાવી આપે તો આપણે તે કહે એ પ્રમાણે કરવું.

મોઢામાંથી ખરાબ શબ્દો ન નીકળે. વ્યસન નહીં. ઘેર પાઠ-પૂજા દરેકે કરવાની. દરેકને ભાવ થાય તેવાં વાણી-વર્તન જોઈએ. દરેક સાથે માનથી (માનવાચક શબ્દથી) બોલવું. થોડું બોલવું પણ સારું બોલવું. ભક્તિ કરતાં ધામમાં જવાનું છે. આ જન્મે જ કરી લેવાનું છે.'

વિશ્વમાં વખણાતા યૂનાનના શિલ્પની બરોબરી કરે એવા યુવાનનાં શિલ્પ સ્વામીશ્રીએ તૈયાર કરેલાં. તેની તક્ષણ-પ્રક્રિયા આ ઉપદેશમાં દેખાય છે. તે પ્રક્રિયાના બીજા પાસાનું દર્શન થયું બીજા દિવસે. તા. ૩૦/૧૨ના એ દિવસે લોહાણા મહાજન વાડીમાં યુવક મંડળે વિશિષ્ટ કાર્યક્રમ યોજેલો. વેશભૂષા સહિત રાસ, નૃત્ય, સંવાદ, જાદુકળાના પ્રયોગો, કીર્તન-પ્રવચન વગેરેથી ભરપૂર આ પ્રસ્તુતિ માણતાં સ્વામીશ્રી રાત્રે પોણા નવથી પોણા બાર વાગ્યા સુધી યુવક સભામાં બિરાજ્યા.

સ્વામીશ્રીએ સર્જેલાં યુવાશિલ્પો પરિણામ છે, પણ તેની એક પ્રક્રિયા આ પણ હતી – તેઓ યુવાનો વચ્ચે જઈને બેસતા, તેને બિરદાવતા. આ સ્નેહને કારણે તેઓના સાદા શબ્દોની પણ યુવાનોને ચોટ લાગી જતી.

## પરિષદો નહીં, માત્ર પગલાં જ

તા. ૩૦/૧૨ના રોજ સ્વામીશ્રી શહેરમાં આવેલા કચ્છી ભક્તો દ્વારા સંચાલિત સ્વામિનારાયણ મંદિર, વિશ્વકર્મા મંદિર, રાધા-કૃષ્ણ મંદિરમાં દર્શનાર્થે પધારેલા. જ્યાં પારાયણ યોજાયેલું તે મહાદેવજીના મંદિરમાં પણ જ્યારે તેઓ પધારતા ત્યારે પ્રથમ દર્શન કરતા. શિવલિંગ પર બીલીપત્ર ચઢાવતા. તે પછી જ પારાયણના આસન પર બિરાજતા.

મોમ્બાસાના મંદિરે તા. ૩૦/૧૨ના રોજ ઇસ્કોનના ૬ સંતો સ્વામીશ્રીને મળવા આવેલા. તેઓને મંદિરમાં સંકીર્તન કરવાની ઇચ્છા હતી. સ્વામીશ્રીએ તેમ કરવા સંમતિ આપેલી. એટલું જ નહીં, તેઓના સંકીર્તનને માણવા સ્વયં

પણ બિરાજેલા.

આમ, સર્વધર્મ પ્રત્યે સમાદરથી વર્તતા સ્વામીશ્રીની સહિષ્ણુતા ભારતના આસિસ્ટન્ટ હાઈકમિશનરને એટલી અસર કરી ગઈ કે તેઓ પોતાની ગાડી લઈને સ્વામીશ્રીને લેવા આવેલા અને પોતાના ઘેર પધરામણી માટે લઈ ગયેલા.

સ્વામીશ્રીએ તા. ૩૧/૧૨ના રોજ મોમ્બાસાથી વિદાય લીધી ત્યારે ઈસ્કોનના સંતો પણ તેઓને વિદાયમાન આપવા છેક ઍરપોર્ટ સુધી આવેલા. રોજ જ્યાં પારાયણ યોજાયેલું તે હિંદુ યુનિયન મંદિરના ઉપાધ્યક્ષ તો પૂર્ણાહુતિના દિવસે સ્વામીશ્રીને વિદાય આપતાં રડી પડેલા કે 'હવે આવતી-કાલથી સ્વામીશ્રી અહીં નહીં આવે?' આ સંપ્રદાયેતર સામાજિક શ્રેષ્ઠી છ દિવસમાં જ સ્વામીશ્રીના દીવાના બની ગયેલા.

આમ, સ્વામીશ્રી જ્યાં જતા ત્યાં સૌ એક માનવધર્મના અનુયાયી બનીને પરસ્પર પ્રેમથી જોડાઈ જતા. સ્વામીશ્રીને ધાર્મિક એકતા સ્થાપવા માટે પરિષદો ભરવાની જરૂર પડતી નહીં. તેઓનાં પગલાં જ પૂરતાં થઈ રહેતાં.

## રાષ્ટ્રપ્રમુખ અને ધર્મપ્રમુખનું યાદગાર મિલન

સન ૧૯૭૦માં યોગીજી મહારાજ કેન્યા પધારેલા ત્યારે તેઓએ બે-ત્રણ વખત વાત ઉચ્ચારેલી કે 'આપણે પ્રેસિડેન્ટ સાહેબને મળવું છે.' આ દેશમાં સત્સંગની સાનુકૂળતા કરી આપવા બદલ રાષ્ટ્રના વડાને અભિનંદન અને આશીર્વાદ આપવાની ઇચ્છા તેઓને હતી. પરંતુ તે વખતે રાજકીય ભયનો મોટો-ખોટો 'હાઉ' ઊભો કરીને તે વાત પર પડદો પાડી દેવામાં આવેલો. પણ ગુરુના એકેએક સંકલ્પને પૂરા કરવા માટે જ વિચરતા સ્વામીશ્રીએ તા. ૩૧/૧૨ના રોજ આ સંકલ્પ પણ સિદ્ધ કર્યો. સન ૧૯૭૪ના આ છેલ્લા દિવસે ધ રિપબ્લિક ઑફ કેન્યાના રાષ્ટ્રપ્રમુખશ્રી મઝે(મુરબ્બી) જોમો કેન્યાટા સાથે તેઓની મુલાકાત ગોઠવાઈ ગયેલી.

ભારતના વગદાર રાજપુરુષો તથા અન્ય ધર્મના ધુરંધરોને મળવાની લેશમાત્ર ફુરસત કે દિલચસ્પી ન ધરાવનાર આ કડક મિજાજી શ્રી કેન્યાટાએ સ્વામીશ્રીને મળવાની ઇચ્છા વ્યક્ત કરેલી એ જ સૌને મન એક ચમત્કારિક બાબત હતી!

તે માટે સવારે દસ વાગ્યે સ્વામીશ્રી 'સ્ટેટ હાઉસ'માં પધારી ગયા.

પરંતુ રાષ્ટ્રપ્રમુખશ્રી આજે તેઓના દૈનિક કાર્યક્રમમાં થોડા મોડા ચાલી રહ્યા હોવાથી સ્વામીશ્રી મુલાકાતીઓના કક્ષમાં બિરાજ્યા અને હાથમાં માળા લઈ ફેરવવા લાગ્યા. માળા એ સ્વામીશ્રીની સદાની સંગી રહેલી. ગમે તેવા પ્રતિષ્ઠાભર્યા સમારંભ વખતે તેઓ ઉત્સુક નહોતા થઈ જતા કે પ્રતિષ્ઠાભંગ લાગે તેવા સમયે ઉદાસ નહોતા થતા. આ બેય અંતિમોએ એમના હાથમાં સર... સર... ફરતી માળા તો જોવા મળતી જ. ગુરુપદે બિરાજ્યા બાદ, દુનિયાના સત્તારૂઢ રાષ્ટ્રપ્રમુખ સાથે તેઓની આ પ્રથમ મુલાકાત થવાની હતી. પણ તેના કોઈ ગર્વ કે ગૌરવ તેઓના મુખ પર નહોતા. તેઓ તો નિજાનંદમાં મસ્ત થઈ માળા ફેરવી રહેલા.

એટલામાં જ ત્યાં માહિતી અને પ્રસારણ ખાતાના મંત્રીશ્રી ડી. એમ. મુટેન્ડા આવી પહોંચ્યા. તેઓએ પોતાના 'જોગુ હાઉસ'માં સ્વામીશ્રીને પધરાવેલા. ત્યારથી સંસ્થાના પરિચયમાં. તેઓએ કહ્યું: 'અમારે અત્યારે કેબિનેટની મીટિંગ છે. સાહેબ તમને આજે નહીં જ મળી શકે.'

આ સાંભળી સંતો-ભક્તો નિરાશ થઈ ગયા. સ્વામીશ્રીને આ વાત જણાવી ત્યારે તેઓ લેશ પણ વિચલિત થયા વિના માળા ફેરવતાં બોલ્યા: 'જોઈએ.'

તેઓ નિશ્ચિંત હતા. ગુરુના સંકલ્પને પૂરો કરવાનો તેઓએ જે સંકલ્પ કરેલો તેને પૂરો થતાં કોઈ તાકાત અટકાવી શકે તેમ નહોતી. અને ખરેખર, એમ જ બન્યું. થોડી વારમાં પ્રમુખશ્રીના અંગત સચિવે કાર્યાલયમાં જઈને વાત કરી કે 'સાહેબ! ભારતથી સ્વામીજી પધાર્યા છે!'

તે સાંભળતાં જ શ્રી જોમો કેન્યાટા બહાર આવી ગયા અને સ્વામીશ્રીને હસ્તધૂનન કરીને આવકાર્યા. આ જોઈ મંત્રી મુટેન્ડા આશ્ચર્ય પામી ગયા, કારણ કે કોઈને સામે ચાલીને આમ મળવા આવવું એ 'આ' રાષ્ટ્રપ્રમુખના શિરસ્તા બહારની વાત હતી.

પારસ્પરિક પરિચયવિધિ બાદ શ્રી કેન્યાટાએ કહ્યું: 'આપ ગમે ત્યારે કેન્યામાં આવી શકો છો. સ્વાતંત્ર્યની ચળવળ વખતે હું જેલમાં હતો ત્યારે મેં ગીતાનો અભ્યાસ કર્યો છે.'

રાષ્ટ્રપ્રમુખે જેવી સ્વતંત્રતાની વાત ઉલ્લેખી કે ત્યાં જ ગુરુનું મહિમા-ગાન કરવાની તક ઝડપતાં સ્વામીશ્રીએ કહ્યું: 'અમારા ગુરુ યોગીજી મહારાજે કેન્યાને સ્વતંત્રતા મળે તે માટે સન ૧૯૬૦ની સાલમાં આશીર્વાદ આપેલા.

તે પ્રમાણે આપના દેશને સ્વતંત્રતા મળી.'

આ સાંભળી શ્રી કેન્યાટા ખૂબ રાજી થઈ ગયા. તેઓએ પૂછ્યું: 'આપના ધર્મનો મુખ્ય ગ્રંથ કયો ? ગીતા કે અન્ય કોઈ ?'

'અમારો ધર્મગ્રંથ 'વચનામૃત' છે કે જેમાં ગીતાના તમામ સિદ્ધાંતો આવી જાય છે.' આમ કહીને સ્વામીશ્રીએ તેઓને સાંપ્રદાયિક સાહિત્યની ભેટ આપી. સાથે આશીર્વાદ પણ આપ્યા કે 'અમે પ્રાર્થના કરીએ છીએ. દેશ આબાદ થાય, તમો ખૂબ સેવા કરો, તમારું સ્વાસ્થ્ય સારું રહે.'

આ આશીર્વાદ રાષ્ટ્રપ્રમુખને ઘણા ગમી ગયા. સ્વામીશ્રીએ આ આનંદમાં ઉમેરો કરતા હોય તેમ પ્રાસાદિક હાર તેઓના હાથમાં આપ્યો, કારણ કે અંગત સચિવે પ્રમુખશ્રીને હાર પહેરાવવાની મનાઈ અગાઉથી જ ફરમાવી દીધેલી. પણ સ્વામીશ્રીએ હાથમાં હાર આપતાં, હાર પહેરાવવાની ભારતીય પ્રણાલી સમજાવતાં શ્રી કેન્યાટા જાતે જ હાર પહેરવા લાગ્યા. ત્યારે સ્વામીશ્રીએ તેમના હાથમાંથી હાર લઈને તેઓને પહેરાવી દીધો. પ્રયત્નશીલને મદદ કરવી એ તેઓનો સ્વભાવ ખરો ને ! શ્રી કેન્યાટાએ પણ માથું નીચું કરીને હાર પહેરી લીધો ! આ જોઈ પેલો અંગત સચિવ તો દંગ જ રહી ગયો, કારણ કે આમ હાર પહેરવો એ 'આ' રાષ્ટ્રપ્રમુખના શિષ્ટાચારની બહારની વાત હતી.

સ્વામીશ્રીએ ઠાકોરજીનો સ્પર્શ કરાવી હાર પહેરાવ્યો હોવાથી રાષ્ટ્ર-વડાએ તે તરફ આંગળી ચીંધતાં પૂછ્યું: 'આ શું છે ?'

'ભગવાનની મૂર્તિ.' સ્વામીશ્રીએ કહ્યું.

'જેમ ખ્રિસ્તી લોકો ક્રોસ રાખે છે તેમ ?'

'ના. ખ્રિસ્તીનો ક્રોસ એ ચિહ્ન છે. જ્યારે આ તો સાક્ષાત્ ભગવાન છે.'

'શા માટે આ મૂર્તિ સાથે રાખો છો ?'

'સ્વામીશ્રી દરેક વસ્તુ આ મૂર્તિને ધરાવીને જ ગ્રહણ કરે છે. ભગવાને જ આપેલી સર્વ વસ્તુ છે, જે તેમને અર્પણ કર્યા સિવાય આપણાથી ગ્રહણ ન કરી શકાય તેવી ભાવના છે.' હર્ષદભાઈએ સ્વામીશ્રી વતી જણાવ્યું.

સ્વામીશ્રીની આ ભાવનાથી શ્રી કેન્યાટા પ્રસન્ન થયા. આ મુલાકાત પાંચ મિનિટને બદલે પચીસ મિનિટ સુધી ચાલી. કાળથી સ્વતંત્ર સત્પુરુષના સંગે શ્રી કેન્યાટા પણ કાલાતીત થઈ ગયા. તેઓ સમયભાન ગુમાવી બેઠા. આ પ્રસંગે સ્વામીશ્રીએ દેશની સ્વાસ્થ્ય અને શિક્ષણલક્ષી સુવિધાઓ માટે માતબર

રકમની સખાવત અપાવતાં કહ્યું : 'આ અમારી સંસ્થા તરફથી અલ્પ ભેટ છે.'

'અમારે માટે આ બહુ મોટી ભેટ છે.' શ્રી કેન્યાટા તરત જ બોલ્યા. સ્વામીશ્રીનો મહિમા જાણે આ રાષ્ટ્રપ્રમુખ સમજી ગયા. તેઓએ હાથ મિલાવતાં સ્વામીશ્રીને કહ્યું : 'સ્વામીજી ! ક્વાહીરી. તમારી ભાષામાં તમે 'ક્વાહીરી'ને શું કહો છો ?

'આવજો.'

તેઓએ પણ તરત 'આવજો' કહી સ્વામીશ્રીને વિદાયમાન આપ્યું.[૧૮૫]

## આજ પ્રકટાવ્યો છે પ્રતાપ

રાષ્ટ્રપ્રમુખ સાથેની મુલાકાત બાદ એ જ દિવસે સ્વામીશ્રી મોમ્બાસાથી વિદાય લઈને ચાર્ટર્ડ પ્લેન દ્વારા નૈરોબી આવી પહોંચ્યા. અહીં સન ૧૯૭૫નું ફૂટતું પ્રભાત નૈરોબીવાસી ભક્તો માટે આનંદ અને વિષાદના મિશ્રિત ભાવ લઈને આવેલું. આનંદ હતો – વર્ષના પ્રથમ દિવસે સ્વામીશ્રીનાં દર્શન પામ્યાંનો. વિષાદ હતો – બે દિવસ પછી આવી રહેલી તેઓની વસમી વિદાયનો.

સમયનું લોલક સંયોગથી વિયોગ અને વિયોગથી સંયોગ વચ્ચે માનવીને સતત ફંગોળતું જ રહ્યું છે. આ લીલા કોઈથી સ્થગિત થાય એમ નથી. એક સિક્કાની બે બાજુને કોણ નોખી પાડી શકે ? પેટ અને પીઠ કદી જુદાં થયાં જાણ્યાં ? સંયોગનો આનંદ લેનારે વિયોગની વેદના વેઠવાની તૈયારી રાખવાની છે અને વિરહની ઝાળ સહન કરનારે સંયોગની શીત લહર પામવાની ધીરજ રાખવાની છે. સમય થયે બેય આવી મળશે. આજે આ અનુભવ આફ્રિકા કરી રહેલું.

પરંતુ 'કાલની ચિંતામાં આજ શા સારુ ખોવી ?' એમ વિચારી સૌ તા. ૧/૧/૧૯૭૫ના રોજ સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં મગ્ન થયા. સ્વામીશ્રી પણ વિયોગને હળવો બનાવતાં સૌને સુખ આપવા લાગ્યા.

અંતે તા. ૩/૧નો વિદાય દિન આવી ચૂક્યો. બપોરે એક વાગ્યે

---

૧૮૫. પરમ પૂજ્ય સ્વામીશ્રીની મોમ્બાસાની મોક્ષપ્રદ લીલાઓ નિહાળવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઈલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઇન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...

સ્વામીશ્રીએ મંદિરથી વિદાય લીધી. હરિભક્તોનો સમૂહ તો છેક ઍરપોર્ટ સુધી સ્વામીશ્રીને અનુસર્યો. અંતે લક્ષ્મણરેખા આવી ગઈ કે જ્યાંથી આગળ વધી શકાય એમ નહોતું. જો કે અહીંથી પાછું પણ ક્યાં વળી શકાય એમ હતું? શરીરમાંથી પ્રાણ નીકળે છે તેને કોઈ જોઈ શકતું નથી, પણ આજે સૌ જીવન-પ્રાણને જતાં જોઈ રહ્યા! સૌના ઉરમાંથી એક જ સૂર નીકળતો હતો: *'વાલમજી વહેલા વળજો અમ પુર...'*

આ સૂરથી વીંટળાયેલા સ્વામીશ્રી ઍર ઇન્ડિયાના કામેટ(Kamet) વિમાનમાં બિરાજતાં જ ૩:૫૫ વાગ્યે વિમાને ઉડ્ડયન આરંભ્યું. આફ્રિકાના ભક્તોની લોહચમકતુલ્ય વૃત્તિથી જાણે ખેંચાઈ રહ્યું હોય તેમ તે એક કલાક મોડું ઊપડેલું. આ હવાઈ મુસાફરી દરમ્યાન, ધર્મપ્રવાસની રજેરજ માહિતીને પોતાની રોજનીશીમાં ટપકાવનાર કોઠારી સ્વામીની ડાયરીમાં યાત્રાના છેલ્લા આશીર્વાદ લખતાં સ્વામીશ્રીએ જણાવ્યું:

> *'પ્લેનમાં પાયલોટ અને એન્જિનિયરને ખૂબ જાણપણું રાખવું પડે છે. તેમ આપણે પણ આપણા જીવનમાં ક્ષણે ક્ષણે જાણપણું રાખવાનું છે. જો જાણપણું ન રહે તો જીવન નકામું, એળે જાય છે. એટલે ભગવાન અને સંત સામી દૃષ્ટિ રાખવી(રાખી) જીવન જીવવું.'*

વિદેશયાત્રાનો આ અંતિમ બોધ હતો. તેમાં જીવનયાત્રાની સાર્થકતાનું રહસ્ય હતું.

દોઢ કલાકની મુસાફરી બાદ વિમાન એક કલાક માટે એડીસ અબાબાના ઍરપોર્ટ પર રોકાયું. ૬:૨૫ વાગ્યે પુનઃ તેણે ગતિ આરંભી. છેલ્લા દિવસોના ભરચક કાર્યક્રમોને કારણે સ્વામીશ્રીને ઘણા પત્રો વાંચવા-લખવાના બાકી હતા. પણ તેઓએ સતત પોણા ચાર કલાક સુધી પત્રવાંચન-લેખન કરીને પત્ર-વ્યવહારનો હિસાબ સરભર કરી દીધો.

ત્યારબાદ પોણો કલાક આરામ કર્યો ત્યાં તો મુંબઈના દીવા દેખાવા શરૂ થઈ ગયા. ભારતીય સમય અનુસાર તા. ૪/૧ની વહેલી સવારે ૧:૪૦ વાગ્યે સ્વામીશ્રી મુંબઈ પધાર્યા ત્યારે ૨૮૧ દિવસની આ સુદીર્ઘ વિદેશયાત્રાના ૮૩,૬૨૫ કિ.મી.ના પ્રવાસમાં તેઓએ ૨૭૬ શહેરોને પાવન કરી દીધેલાં. ૧૦૩ ઉત્સવ-સમૈયા, ૧૪૭ જાહેર-સભાઓ, ૮૫૦ સત્સંગ-સભાઓ અને ૨,૪૯૨ પધરામણીઓ દ્વારા હિંદુ ધર્મ, ભારતીય સંસ્કૃતિ, સ્વામિનારાયણીય અસ્મિતા અને વૈશ્વિક મૂલ્યોનું આનખશિખ જતન-સંવર્ધન થઈ ચૂકેલું.

પરંતુ મહાન વિભૂતિઓનાં કાર્યોને આંકડાના અંકોડામાં કેદ કરી શકાતાં નથી. એક બીજમાં કેટલાં વૃક્ષ છે તે વિગત ગણતરીના ગજા બહારની, તેમ સ્વામીશ્રીનાં એક દર્શન, એક શબ્દ, એક પધરામણી કે એક ધબ્બાની અસર પણ બેહિસાબ! તેથી જ અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન માટે તેઓએ ખેડેલી આ વિદેશ-ધર્મયાત્રા દિવસે દિવસે વધુ વિરાટ સાબિત થવાની હતી. એટલે જ તેઓને વધાવતાં સૌ ગાઈ રહ્યા, *'એવો પ્રતાપ અતિ અપાર, તમે પ્રકટાવ્યો છે આ વાર..'*[૧૮૬]

---

૧૮૬. સ્વામીશ્રીની આ ઐતિહાસિક વિદેશયાત્રાના સમાપનની ક્ષણોના સાક્ષી બનવા બાજુના ક્યૂઆર (QR) કોડ પર આપના મોબાઇલ ફોનનો કેમેરો ધરીને સ્કેન કરો અને ઈન્ટરનેટથી આ વિષયની વીડિયોને માણો...



માળા એ જ જેમની જીવનભરની મૂડી રહી હતી એવા
બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એટલે જન્મજાત સાધુતાનું ગૌરીશિખર,
જીવનભર અકિંચન રહી નિરંતરના પરિવ્રાજક ઓલિયા,
પરાભક્તિ અને ગુરુભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ, પરહિતની સદા વહેતી કરુણાગંગા,
બીજાના સુખ માટે જીવનની આહુતિ આપનાર, નિઃસ્વાર્થ ભાવનાની સાક્ષાત્ મૂર્તિ,
સમત્વથી સૌ પર વરસતી સ્નેહની અનરાધાર વર્ષા અને
ભારતીય સંસ્કૃતિના અજોડ જ્યોતિર્ધર.
એમની ફોરમતી પવિત્રતામાં ભગવદ્ગીતાનું ગુણાતીતગાન ગુંજ્યા કરે.
એમના સાંનિધ્યમાં પરમાત્માની સુવાસ સહેજે મઘમઘે.
કોઈ અધિકાર કે કંઈક હોવાનો કોઈ દાવો નહીં,
કોઈ હક્ક કે માલિકીનો ભાવમાત્ર નહીં, 'હું કંઈક છું કે હું કંઈક કરું છું'
– એવા અસ્તિત્વની સભાનતા એમની નજીક પણ ફરકે નહીં.
સદા સરળ. સદા સહજ. દંભ કે કોઈ દોર-દમામનો અંશમાત્ર નહીં.
અજોડ આર્ષદ્રષ્ટા અને અદ્વિતીય સર્જક-લોકસેવક હોવા છતાં
અહંશૂન્યતાની જીવતી જાગતી પરાકાષ્ઠા. સ્વ કે શરીરની કોઈ ખેવના નહીં.
જીવનની પ્રત્યેક ક્ષણ ભગવાન સ્વામિનારાયણને ચરણે જનકલ્યાણ માટે સમર્પિત.
હૃદય ઋજુતાથી અહોરાત્ર ધબકે, છતાં સહનશીલતાનો એથી મોટો કોઈ પર્યાય નહીં.
સૌમ્ય, પ્રિય, હિતકારી વાણી. પ્રેમ અને કરુણા વર્ષાવતી એમની નિર્મળ આંખો.
રોમરોમમાં સદા પ્રફુલ્લિત એમની નમણી કાયા.
આ બધું આજે સાંભરે છે ત્યારે હૃદય ગદ્ગદ થઈ જાય છે.
આ પૃથ્વી અને પૃથ્વી પર વસતા કરોડો લોકો સતત ૯૫ વર્ષ સુધી
તેમના સાંનિધ્યથી ધન્ય થતા રહ્યા.
આવનારી અનેક પેઢીઓને આ ગુણાતીત મહાપુરુષના
દિવ્ય જીવનમાંથી સતત પ્રેરણા મળતી રહે તે માટે
આ ગ્રંથશ્રેણી પ્રકાશિત કરતાં હર્ષ અનુભવાય છે.

PSM Jivan Charitra Part - 2
USD 5.00
1 5 5 0 7

B G 1 9 2 2